ॐ

श्री सिद्ध परमात्माने नमः।
श्री सद्‌गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# કલશામૃત ભાગ – ૮

શ્રી કલશટીકા – સ્યાદ્વાદ અધિકાર અને સાધ્ય-સાધક અધિકાર ઉપરના પરમોપકારી આધ્યાત્મિક સત્પુરુષ પરમ પૂજ્ય કાનજી સ્વામીના સ્વાનુભવ મુદ્રિત પ્રવચનો.

પ્રકાશન
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ – ૩૬૦૦૦૧.
ટેલી નં. — ૨૨૩૧૦૭૩

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૯ | ૨૫૩૫ | ૨૦૬૫ | ૨૦૦૯ |


**પ્રકાશન**

**પર્વાધિરાજ પર્યુષણ પર્વના ઉત્તમક્ષમાધર્મ દિને**
**તા.૨૪-૦૮-૦૯ ભાદરવા સુદ-૫ સોમવાર**

પડતર કિંમત – ૨૨૦/–
વેચાણ કિંમત – ૪૦/–

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ – ૩૬૦૦૦૧.
ટેલી નં. — ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ
**પૂજા ઇમ્પ્રેશન્સ**
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

જેકેટ અને મલ્ટીકલર ફોટા
ડોટ એડ
રાજકોટ
ફોન નં. – (૦૨૮૧) ૬૬૨૬૦૭૩

મુદ્રક
**ચંદ્રકાંત આર. મહેતા**
૨૨૦, લેન્ડ માર્ક, મહાવીરસ્વામી ચોક
એસ્ટ્રોન સીનેમા સામે
રાજકોટ – ૩૬૦૦૦૧.
ફોન નં. – (૦૨૮૧) ૨૪૭૬૧૩૨

# પ્રકાશકીય નિવેદન

વર્તમાન તીર્થના નાયક ચરમ તીર્થંકર શ્રી મહાવીરભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં દ્વિતિય શ્રુતસ્કંધની રચના થઈ. આશરે ૨૦૦૦ વર્ષ પૂર્વે શ્રીમદ્ 'કુંદકુંદઆચાર્ય' થયા, જેમનું સ્થાન જૈન પરંપરામાં સર્વોત્કૃષ્ટ છે. તેઓશ્રીએ સદેહે વિદેહક્ષેત્રની જાત્રા કરી, શ્રી 'સીમંધર' ભગવાનના સાક્ષાત્ દર્શન કરી, તેઓશ્રીની વાણી સાંભળી. ત્યાંથી પાછા આવી વર્તમાનમાં ઉપલબ્ધ શાસ્ત્રોમાંનું સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર શ્રી 'સમયસારજી'ની રચના કરી.

આશરે ૧૦૦૦ વર્ષ પૂર્વે શ્રીમદ્ 'અમૃતચંદ્રઆચાર્ય' નામના પ્રખર આચાર્ય થયા. તેઓશ્રીએ શ્રી 'સમયસારજી' શાસ્ત્રની ટીકા કરી તથા મંદિર પર શોભીત કળશની જેમ ટીકા પર કળશરૂપી શ્લોકોની રચના કરી.

કાળક્રમે જેમ જેમ જીવોનો ક્ષયોપશમ ઘટતો ગયો તેમ આચાર્ય ભગવંતોના ભાવો જીવોને સમજવા કઠીન લાગતા, 'શ્રી રાજમલ્લજી પાંડે'એ 'અમૃતચંદ્રઆચાર્ય'ના કળશો ઉપર સાદી દેશભાષામાં ટીકા કરી. આ ટીકામાં તેઓશ્રીએ શ્લોકના શબ્દોના સીધા અર્થો કરવા કરતાં તેના અનુભવગર્ભિત સારરૂપ ભાવાર્થ સહિત ટીકાની રચના કરી.

શ્રી 'સમયસારજી' શાસ્ત્ર ઉપર ઘણાં આચાર્યો તથા જ્ઞાની પંડિતોએ ટીકા કરી છે. પરંતુ 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ ઉપર પંડિત શ્રી 'રાજમલ્લજી'ની ટીકા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ને એટલી પસંદ પડી ગઈ કે તેઓશ્રીએ તેનો અનુવાદ કરવાની પ્રેરણા આપી તેના ઉપર સાદી ભાષામાં ભાવવાહી પ્રવચનો આપ્યા.

આ પ્રવચનો પૈકી કલશામૃત ભાગ ૧થી૭ આ સંસ્થા તરફથી પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેનો જ ભાગ – ૮ પ્રકાશિત કરતાં સંસ્થા હર્ષનો અનુભવ કરે છે. અગાઉના ૪ ભાગોમાં પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પ્રવચનો સંકલિત કરીને પ્રકાશિત થયા હતા. પાંચમાં, છઠ્ઠા, સાતમા તથા આઠમા ભાગમાં પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કર્યા છે. જેથી મુમુક્ષુઓને પ્રવચનોની ટેપ સાંભળતી વખતે શાસ્ત્ર સાથે રાખી શકાશે.

આ ભાગમાં સ્યાદ્વાદ અધિકારના તથા સાધ્ય-સાધક અધિકારના કળશ ઉપરના

પ્રવચનો પ્રકાશિત કરવામાં આવ્યા છે. બન્ને અધિકારમાં તેનું સ્વરૂપ સારી રીતે સ્પષ્ટ કરી, પોતાનો ત્રિકાળી શુદ્ધાત્મા બતાવવાનો જ આચાર્ય ભગવંતોથી લઈ પૂજ્ય 'ગુરુદેવશ્રી' સુધીના દરેક ધર્માત્માનો આશય હોય છે. તે આશયને સમજી આપણે પણ શુદ્ધાત્મદ્રવ્યની દૃષ્ટિ પ્રગટ કરીએ એ જ ભાવના.

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની સ્વાનુભવમયી વાણી જીવોને પંચમકાળના છેડા સુધી સ્વાનુભવમાં નિમિત્ત થવાની છે. તે પરંપરામાં જ આ પ્રકાશન એક કડી છે. આ પ્રવચનોના અર્થોનો મર્મ જીવો જ્યારે તેનું અધ્યયન કરશે ત્યારે જ ખ્યાલ આવશે. તેથી તે સંબંધી વિશેષ વિસ્તાર ન કરતાં, મુમુક્ષુઓ આનો ઊંડાણથી અભ્યાસ કરે એવી અપેક્ષા રાખીએ છીએ.

આ પ્રવચનોને અક્ષરશઃ ઉતારી તથા તેનું પ્રુફરિડીંગ કરવામાં જે જે સાધર્મી આત્માર્થી ભાઈઓનો સહકાર મળેલ છે તેનો સંસ્થા અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

આ 'કલશામૃત' ભાગ–૮ પેટે આવેલ દાનરાશિની યાદી પાછળના Page પર આપવામાં આવેલ છે. 'કલશામૃત ભાગ–૮' સ્વ. શ્રી દામોદરભાઈ ચત્રભુજભાઈ લાખાણી તથા સ્વ. જયાબેન દામોદરભાઈ લાખાણીના સ્મરણાર્થે, શાંતાબેન બલુભાઈ શાહના સ્મરણાર્થે, હ. બલુભાઈ શાહ તથા હીરાબેન ગોવિંદલાલ કામદારના સ્મરણાર્થે, હ. ભારતીબેન કામદાર, દરેક તરફથી રૂ. ૫૦,૦૦૦/ની દાનરાશિ પ્રાપ્ત થયેલ છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
રાજકોટ

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | કળશ નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૫૯ | ૨૪૭ | ૦૪/૧૨/'૬૫ | ૦૦૨ |
| ૨૬૦ | ૨૪૮ | ૦૫/૧૨/'૬૫ | ૦૧૮ |
| ૨૬૧ | ૨૪૮ | ૦૬/૧૨/'૬૫ | ૦૩૨ |
| ૨૬૨ | ૨૪૮,૨૪૯ | ૭/૧૨/'૬૫ | ૦૪૭ |
| ૨૬૩ | ૨૪૯ | ૮/૧૨/'૬૫ | ૦૬૩ |
| ૨૬૪ | ૨૫૦ | ૯/૧૨/'૬૫ | ૦૭૭ |
| ૨૬૫ | ૨૫૧ | ૧૦/૧૨/'૬૫ | ૦૯૨ |
| ૨૬૬ | ૨૫૧ | ૧૧/૧૨/'૬૫ | ૧૦૭ |
| ૨૬૭ | ૨૫૧,૨૫૨ | ૧૨/૧૨/'૬૫ | ૧૨૧ |
| ૨૪૭ | ૨૫૨ | ૧૫/૦૮/'૬૮ | ૧૩૫ |
| ૨૪૮ | ૨૫૨ | ૧૬/૦૮/'૬૮ | ૧૪૭ |
| ૨૪૯ | ૨૫૨ | ૧૮/૦૮/'૬૮ | ૧૬૧ |
| ૨૫૦ | ૨૫૨ | ૧૯/૦૮/'૬૮ | ૧૭૪ |
| ૨૫૧ | ૨૫૨ | ૨૦/૦૮/'૬૮ | ૧૮૭ |
| ૨૬૯ | ૨૫૨, ૨૫૩ | ૧૪/૧૨/'૬૫ | ૧૯૭ |
| ૨૭૦ | ૨૫૩ | ૧૫/૧૨/'૬૫ | ૨૧૦ |
| ૨૭૧ | ૨૫૩, ૨૫૪ | ૧૬/૧૨/'૬૫ | ૨૨૪ |
| ૨૭૨ | ૨૫૫, ૨૫૬ | ૧૭/૧૨/'૬૫ | ૨૩૯ |
| ૨૭૩ | ૨૫૬ | ૧૮/૧૨/'૬૫ | ૨૫૭ |
| ૨૭૪ | ૨૫૬ | ૧૯/૧૨/'૬૫ | ૨૭૦ |
| ૨૭૫ | ૨૫૭ | ૨૦/૧૨/'૬૫ | ૨૮૫ |
| ૨૭૬ | ૨૫૮ | ૨૧/૧૨/'૬૫ | ૩૦૦ |
| ૨૭૭ | ૨૫૮ | ૨૨/૧૨/'૬૫ | ૩૧૫ |
| ૨૭૮ | ૨૫૯ | ૨૩/૧૨/'૬૫ | ૩૩૧ |
| ૨૭૯ | ૨૫૯, ૨૬૦ | ૨૪/૧૨/'૬૫ | ૩૪૬ |

| કળશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૮૦ | ૨૬૦, ૨૬૧ | ૨૫/૧૨/'૬૫ | ૩૬૧ |
| ૨૮૧ | ૨૬૧, ૨૬૨ | ૨૬/૧૨/'૬૫ | ૩૭૬ |
| ૨૮૨ | ૨૬૨ થી ૨૬૪ | ૨૭/૧૨/'૬૫ | ૩૯૧ |
| સાધ્ય-સાધક અધિકાર | | | |
| ૨૮૩ | ૨૬૪ | ૨૮/૧૨/'૬૫ | ૪૦૭ |
| ૨૮૪ | ૨૬૪, ૨૬૫ | ૨૯/૧૨/'૬૫ | ૪૨૧ |
| ૨૮૫ | ૨૬૫, ૨૬૬ | ૩૦/૧૨/'૬૫ | ૪૩૭ |
| ૨૮૬ | ૨૬૬, ૨૬૭ | ૩૧/૧૨/'૬૫ | ૪૫૦ |
| ૨૮૭ | ૨૬૭ | ૦૧/૦૧/'૬૬ | ૪૬૩ |
| ૨૮૮ | ૨૬૭, ૨૬૮ | ૦૨/૦૧/'૬૬ | ૪૭૬ |
| ૨૮૯ | ૨૬૮, ૨૬૯ | ૦૩/૦૧/'૬૬ | ૪૯૨ |
| ૨૯૦ | ૨૬૯, ૨૭૦ | ૦૪/૦૧/'૬૬ | ૫૦૭ |
| ૨૯૧ | ૨૭૦, ૨૭૧ | ૦૫/૦૧/'૬૬ | ૫૨૪ |
| ૨૯૨ | ૨૭૧, ૨૭૨ | ૦૬/૦૧/'૬૬ | ૫૩૯ |
| ૨૯૩ | ૨૭૩ | ૧૨/૦૧/'૬૬ | ૫૫૪ |
| ૨૯૪ | ૨૭૪, ૨૭૫ | ૧૩/૦૧/'૬૬ | ૫૬૮ |
| ૨૯૫ | ૨૭૫, ૨૭૬ | ૧૪/૦૧/'૬૬ | ૫૮૩ |
| ૨૯૬ | ૨૭૭, ૨૭૮ | ૧૫/૦૧/'૬૬ | ૫૯૭ |
| નાટક સમયસારના પદો | | સ્યાદ્વાદ દ્વાર | ૬૧૩ |
| | | સાધ્ય-સાધક દ્વાર | ૬૨૪ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# જિનજીની વાણી

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર–સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

ॐ

नमः सिद्धेभ्यः

# ‘કલશામૃત’

( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી ‘સમયસાર-કળશ’ ઉપર પ્રવચન )

( ભાગ-૮ )

## ‘સ્યાદ્વાદ અધિકાર’

( અનુષ્ટુપ )

अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।
उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।।१-२४७।।

**ખંડાન્વય સહિત અર્થ :–** ‘भूयः अपि मनाक् चिन्त्यते’ ( भूयः अपि ) ‘જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય’ એમ કહેતું થકું સમયસાર નામનું શાસ્ત્ર સમાપ્ત થયું; તદુપરાન્ત ( मनाक् चिन्त्यते ) કાંઈક થોડોક અર્થ બીજો કહે છે. ભાવાર્થ આમ છે કે ગાથાસૂત્રના કર્તા છે કુંદકુંદાચાર્યદેવ, તેમના દ્વારા કથિત ગાથાસૂત્રનો અર્થ સંપૂર્ણ થયો. સાંપ્રત, ટીકાકર્તા છે અમૃતચંદ્રસૂરિ, તેમણે ટીકા પણ કહી; તદુપરાન્ત અમૃતચંદ્રસૂરિ કાંઈક કહે છે. શું કહે છે? ( वस्तुतत्त्वव्यवस्थितिः ) ( वस्तु ) જીવદ્રવ્યનું ( तत्त्व ) જ્ઞાનમાત્ર સ્વરૂપ ( व्यवस्थितिः ) જે પ્રકારે છે તે પ્રકારે કહે છે. ‘च’ વળી શું કહે છે? ‘उपायोपेयभावः’ ( उपाय ) મોક્ષનું કારણ જે પ્રકારે છે તે પ્રકાર, ( उपेयभावः ) સકળ કર્મનો વિનાશ થતાં જે વસ્તુ નિષ્પન્ન થાય છે તે પ્રકાર કહે છે. કહેવાનું પ્રયોજન શું તે કહે છે- ‘अत्र स्याद्वादशुद्ध्यर्थं’ ( अत्र ) જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં

**( स्याद्वाद ) સ્યાદ્વાદ- એક સત્તામાં અસ્તિ-નાસ્તિ, એક-અનેક, નિત્ય-અનિત્ય ઇત્યાદિ અનેકાન્તપણું ( शुद्धि ) જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં જેવી રીતે ઘટે તેવી રીતે ( अर्थं ) કહેવાનો છે અભિપ્રાય જેમાં, એવા પ્રયોજનસ્વરૂપ કહે છે. ભાવાર્થ આમ છે કે-કોઈ આશંકા કરે છે કે જૈનમત સ્યાદ્વાદમૂલક છે, અહીં તો 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહ્યું, ત્યાં એમ કહેતાં એકાન્તપણું થયું, સ્યાદ્વાદ તો પ્રગટ થયો નહિ. ઉત્તર આમ છે કે 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતાં અનેકાન્તપણું ઘટે છે. જે રીતે ઘટે છે તે રીતે અહીંથી શરૂ કરીને કહે છે, સાવધાન થઈને સાંભળો. ૧–૨૪૭.**

---

**માગશર સુદ ૧૧, શનિવાર તા.૦૪.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૪૭, પ્રવચન - ૨૫૯**

'કળશ-ટીકા' 'સ્યાદ્વાદ અધિકાર' ૧૧ મો અધિકાર પહેલો કળશ.

**( અનુષ્ટુપ )**

**अत्र स्याद्वादशुद्धयर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।**
**उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।।१-२४७।।**

શું કહે છે? સ્યાદ્વાદ એટલે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો, છતાં એમાં સ્યાદ્વાદને વિરોધ આવતો નથી. જ્ઞાનમાત્ર, જ્ઞાનમાત્ર જુઓ એમાં આવશે. '**भूयः अपि मनाक् चिन्त्यते**' વળી, '**જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતું થકું સમયસાર નામનું શાસ્ત્ર સમાપ્ત થયું;...**' જોયું? છેલ્લું કહ્યું હતું ને? જ્ઞાનમાત્ર. 'પરમાત્મ પ્રકાશ' એમાં હતું ને? આવ્યું હતું ને? '**શુદ્ધ જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતો થકો ગ્રંથ સંપૂર્ણ થયો.**' એમ કહ્યું છે આમાં (કળશ–૨૪૬ માં). એ આમાં આપણે છપાણા એમાં નથી. એથી એની સાથે મેળવ્યું. કે, આ આત્મા જ્ઞાનમાત્ર, જ્ઞાનમાત્ર. એ જ્ઞાનમાત્ર કહેતા જ 'સમયસાર'નો ગ્રંથ પૂરો થયો, કહે છે. સમજાણું?

એટલે અહીં કહે છે, જુઓ! '**જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતું થકું...**' એની સાથે મેળવ્યું. ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય છે, બસ! એમાં કર્મ, શરીર નહિ, પુણ્ય-પાપ પણ નહિ એવો જ્ઞાનમાત્ર તેને જ આત્મા કહેવામાં આવે છે. હવે અહીંયાં કહે છે કે, જ્ઞાનમાત્ર (એમ) કહેતા 'સમયસાર' (ગ્રંથ) પૂરો થયો એમાં અનેકાંતપણું ક્યાં આવ્યું? એ તો એક જ ગુણ આવ્યો, એક જ ગુણ આવ્યો. એક ગુણ તો એકાંત થઈ જાય છે. એમાં અનંત ગુણ આવવા જોઈએ અને સ્વપણે છે, પરપણે નથી એવા અનંત ધર્મો આવવા જોઈએ. એને ઠેકાણે તમે

એમ જ કહ્યું, (કે) જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા. એનો તમે દૃષ્ટિ અને અનુભવ કરો, બસ! એ આખું 'સમયસાર' ત્યાં એટલામાં સમાપ્ત થઈ ગયું, એમ કહે છે.

કહે છે, **'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતું થકું સમયસાર નામનું શાસ્ત્ર સમાપ્ત થયું;...'** પેલાની સાથે મેળવ્યું, હોં! આ સંધિ સાથે મેળ ન ખાય. **'तदुपरान्त'** હવે **'मनाक् चिन्त्यते'** **'भूयः'** છે ને? **'भूयः'** એટલે તે ઉપરાંત થોડું **'मनाक् चिन्त्यते'** **'કાંઈક થોડોક અર્થ બીજો કહે છે.'** થોડો અર્થ વળી બીજો પણ કહીએ છીએ.

**'ભાવાર્થ આમ છે કે ગાથાસૂત્રના કર્તા છે 'કુંદકુંદાચાર્યદેવ',...'** મૂળ 'સમયસાર'ની ગાથાના કર્તા 'કુંદકુંદાચાર્યદેવ' ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' પરમાત્મા પાસે આઠ દિવસ ત્યાં રહ્યા હતા. સમજાય છે કાંઈ? એમણે ન્યાંથી આવી અને આ (શાસ્ત્રો) રચ્યા. ભરત ક્ષેત્રમાં ભલે ત્યાં (રચ્યા). શું કહેવાય? 'પોન્નુર હિલ', 'પોન્નુર હિલ'. ત્યાં ધ્યાનમાં હતા, ત્યાંથી ભગવાન પાસે ગયા હતા, આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાં ભગવાનની વાણી સીધી સાંભળી. કેટલાક પ્રશ્નોત્તરમાં શ્રુતકેવળીઓ, મુનિ જોડે હતા એમની પાસે પણ કેટલુંક સમાધાન કર્યું પછી અહીં આવ્યા. અહીંયાં 'પોન્નુર હિલ'માં આ 'સમયસાર' મૂળ શાસ્ત્રના શ્લોકો 'કુંદકુંદાચાર્યે' તાડપત્ર ઉપર રચ્યા. એ બતાવ્યું હતું, આ (સંવત) ૨૦૨૦ ની સાલમાં ગયા હતા ને? બતાવ્યું હતું. તમે હતા? એમ! ત્યાં અત્યારે ચારે કોર તાડપત્ર બહુ છે. બે હજાર વર્ષ પહેલા તાડપત્ર (હતા), અત્યારે પણ તાડપત્ર ઘણા છે. એ તાડપત્રમાં 'કુંદકુંદાચાર્ય' મહારાજે ત્યાં શ્લોકો રચ્યા. થોડાક ત્યાં હશે બીજા આગળ-પાછળ વિહાર કરતા (રચ્યા હશે).

**'થોડોક અર્થ બીજો કહે છે.'** 'કુંદકુંદાચાર્ય' એ ગાથાસૂત્રના કર્તા છે. મૂળ શ્લોકના કર્તા 'કુંદકુંદાચાર્ય' મહારાજ (છે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– 'કુંદકુંદાચાર્યદેવે' ક્યાંય નામ નથી આપ્યું.

ઉત્તર :– મેં કીધું છે ને (એમ આવે છે). હું કહું છું એમાં મેં એટલે 'કુંદકુંદાચાર્ય'. ત્યાં 'પંચાસ્તિકાય' કહ્યું છે ને? મેં પ્રભાવના માટે આ કહ્યું છે. મેં એટલે 'કુંદકુંદાચાર્ય' એમ સમજવું, નામ ભલે ન લે. એ..ઇ..! આવે છે કે નહિ? 'નિયમસાર'માં મારી પ્રભાવના ભાવના અર્થે 'નિયમસાર' મેં રચ્યું છે. ત્યારે કોઈ કર્તા તો હશે કે નહિ? 'નિયમસાર' એ 'કુંદકુંદાચાર્ય'નો ગ્રંથ છે કે, મેં કર્યું એવો શબ્દ એ મહાપુરુષો અંદર નામ નાખે નહિ. સમજાણું કાંઈ? મેં મારી ભાવના માટે આ 'નિયમસાર' કર્યું છે. 'પંચાસ્તિકાય'માં એમ કહ્યું, મેં સંગ્રહ કરીને આ પ્રવચનમાં ભક્તિ માટે કહ્યું છે. એમ છે ને? નામ શેનું નાખે? સમજાણું? ગાથાસૂત્રના કર્તા ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ, આજ પહેલા બે હજાર વર્ષ પહેલા ભરત ક્ષેત્રમાં નગ્ન મુનિ દિગંબર થઈ ગયા. ભગવાન પાસે જઈ ત્યાં રહી આઠ દિ' સાંભળી અહીં આવ્યા એમણે આ શાસ્ત્રો રચ્યા છે.

**'તેમના દ્વારા કથિત ગાથાસૂત્રનો અર્થ સંપૂર્ણ થયો.'** એના કહેલા શાસ્ત્રોના શ્લોક એનો અર્થ પૂરો થયો. એ ગાથાસૂત્રનો અર્થ તો અત્યાર સુધી 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરીને, કળશ કરીને અર્થ પૂરો કર્યો. **'સાંપ્રત,...'** જુઓ! ગ્રંથ ટીકાકર્તા–વર્તમાન આ ટીકાના કર્તા **'છે અમૃતચંદ્રસૂરિ,...'** 'કુંદકુંદાચાર્ય' પછી લગભગ ૧૧૦૦ વર્ષ પછી થયા. આજ પહેલા નવસો વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર સંત ભાવલિંગી છઠ્ઠે, સાતમે ગુણસ્થાને આનંદની ભૂમિકામાં ઝૂલતા વિકલ્પને કાળે એ શાસ્ત્રની રચના પરમાણુથી બની ગઈ, પણ નિમિત્તપણું એનું ગણીને **'ટીકાકર્તા છે...'** ભાષા એમ લીધી ને? (પહેલા) ગાથાસૂત્ર(ના) કર્તા કીધું. જુઓ! કર્તા છે કે નહિ? (એમ કહીને) એ વાંધા ઉઠાવે. કર્તા છે કે નહિ? એ..ઇ..! એમાં લખ્યું છે કે નહિ? 'હિંમત'! કર્તા છે કે નહિ શાસ્ત્રના?

મુમુક્ષુ :– નિમિત્ત તરીકે...

ઉત્તર :– નિમિત્ત તરીકે કહેવાય છે. કારણ કે, એ વખતે એમનું જ્ઞાન ને વિકલ્પ શબ્દોની રચનાના ઉપાદાન કાળમાં આ નિમિત્ત હતું એટલું. એનાથી થયું નથી. નથી છેલ્લો શ્લોક આવતો? મેં રચ્યા નથી, 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), શાસ્ત્રો મેં નથી રચ્યા, શબ્દોથી રચાઈ ગયા છે.

મુમુક્ષુ :– એ તો અહંકાર નથી એટલે...

ઉત્તર :– અહંકાર શું, એનો અર્થ કરી શકતો નથી. કરે કોણ રજકણની પર્યાય? અધ્યવસાય–એકત્વબુદ્ધિ 'હું કરી શકું છું' એ માન્યતા જ મિથ્યાત્વ છે. એ જ અહંકાર છે. અહંકારનો અર્થ હું કરું એવો અહંકાર નહિ, આ ક્રિયા હું કરી શકું છું એ જ અહંકાર છે, એ જ મિથ્યાત્વ છે. વસ્તુમાં ક્યાં (કરી શકે છે)? અનંતા રજકણોનો કોઈ પર્યાય કાળ નહોતો?

મુમુક્ષુ :– એ તો એ જાતનો સંયોગ આવે.

ઉત્તર :– રજકણો પરમાણુ છે એમાં અનંતા ગુણો છે. એનો સ્કંધ થઈને એનો કોઈ ઉત્પાદ પર્યાય કાળ કોઈ વસ્તુનો હતો કે નહિ? એ અક્ષરોપણે ઉત્પન્ન થવું એ જ એ પરમાણુનો–એનો કાળ હતો. સમજાણું કાંઈ? આત્મા એને શું કરે? અનંત પરમાણુ (છે). એક પરમાણુ(માં) પણ અનંત ગુણની આખી મોટી સૃષ્ટિ છે. અનંત ગુણ... ગુણ... ઓહોહો..! લોકોને બેસવું કઠણ છે.

એક આત્મામાં જેટલા ગુણની સંખ્યા અનંતા અનંતી છે એટલા જ ગુણ એક પરમાણુમાં છે. એક ઓછો નહિ, એક વધારે નહિ. ફક્ત એમાં ચૈતન્ય ને આનંદ ને શાંતિ ને ચારિત્ર વગેરે નથી. સમજાય છે કાંઈ? જેવા એક આત્મામાં અનંતા અનંત સંખ્યાએ ગુણ છે એવા જ એટલા જ એક રજકણમાં, હોં! આ તો ઘણા ભેગા થયેલા (પરમાણુઓ) છે. પોઈન્ટ છેલ્લો એક રજકણ લ્યો રજકણ, એમાં એટલા જ ગુણ આત્માના જેટલા (છે) સંખ્યાએ

એટલામાં છે. જાત ભલે જુદી. સમજાણું? પરમાણુ અચેતન છે, જડ છે, રંગ, ગંધ, રસ, સ્પર્શ છે. આત્મામાં જ્ઞાન, આનંદ આદિ છે પણ ગુણની સંખ્યા તો બેય સરખી છે. એવડો એક પરમાણુ છે. આહાહા..!

ઇ કર્તા કીધું ને આ 'હેમંતે' શું કીધું? ક્યાં ગયા બીજા છોકરાઓ છે કે નહિ કોઈ? આમાં જડનો કર્તા કીધો. એ..ઇ..! આ સૂત્રના શબ્દોનો કર્તા છે કે નહિ? એ..ઇ..! 'લહેરચંદ'ના દીકરા! શું છે? રજકણની ક્રિયા આત્મા કરી શકે? કેમ ન કરે? ઇ જડ છે ને જડ? ભિન્ન પદાર્થ છે ને? જુદો પદાર્થ છે. જુદા પદાર્થનો જુદો પદાર્થ કર્તા થઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમ છે? ક્રિયાવતી એમ નહિ. જુદા પદાર્થને જુદો પદાર્થ છે તેને જુદો પદાર્થ તેનું કાંઈ કરી શકે નહિ. કેમકે જુદો પદાર્થ છે તે પોતાના પરિણમનનું કાર્ય સદા નિરંતર કરી રહ્યો છે. નિરંતર કરી રહ્યો એને બીજો કરે શું પણ? અને પોતે પણ પોતાનું નિરંતર અનંતા ગુણનું પરિણમન કરી રહ્યો છે. નવરો થાય ત્યારે એનું કરવા જાય ને, ને પેલો ક્યાં નવરો હતો તે આને ઇચ્છે. આહાહા..! સમજાણું કાંઈ? ફક્ત નિમિત્તથી કહેવામાં આવે છે. આ શબ્દોની રચનાકાળમાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા આ કર્તા કહેવામાં આવે છે. એના અહીં મોટા વાંધા ઉઠે છે જો, લ્યો! આ 'કુંદકુંદાચાર્ય'ની કર્તાની શ્રદ્ધા આવી હશે અથવા આના લખનારની શ્રદ્ધા આવી હશે એમ ને?

મુમુક્ષુ :– આ લખનારનું તો કહે છે.

ઉત્તર :– પણ એણે પહેલી ના પાડી, પોતે ના કહી, કે ત્રણકાળમાં કોઈ દ્રવ્ય કોઈનો કર્તા નથી. લ્યો! સમજાણું કાંઈ?

કહે છે, કે ભગવાન 'કુંદકુંદાચાર્યે' એ નિમિત્તપણું એમાં કહેવામાં આવ્યું. ૪૧૫ આદિ (ગાથાઓ) જે થઈ અને આ 'અમૃતચંદ્રાચાર્ય' તેની ટીકાના કરનાર. એ સંસ્કૃત ટીકા બની અક્ષરોથી બની. શબ્દોની તે વખતે એ જ પર્યાય થવાને કાળે તે બની. એમાં નિમિત્ત 'અમૃતચંદ્રાચાર્ય'નું હતું તેથી (એમ કહે છે કે) **'ટીકાકર્તા છે અમૃતચંદ્રસૂરિ, તેમણે ટીકા પણ કહી;...'** એણે ટીકા કરી.

હવે કહે છે **'તદુપરાન્ત ( તે ઉપરાંત ) અમૃતચંદ્રસૂરિ કાંઈક કહે છે.'** જુઓ! એનો અર્થ આવ્યો **'भूयः अपि'** એનો અર્થ હવે અહીંયાં આવ્યો. **'भूयः अपि'** થોડું ફરીને 'અમૃતચંદ્રાચાર્ય' પણ કહે છે. કહે તો છે, કહેવાય તો ગયું છે પણ એને વધારે થોડું કહેવા માગે છે. **'શું કહે છે?'** **'वस्तुतत्त्वव्यवस्थितिः'** વસ્તુ એટલે જીવદ્રવ્ય–ભગવાનઆત્મા, જીવ વસ્તુ, જીવદ્રવ્ય, પદાર્થ. એનું તત્ત્વ, તત્ત્વ એટલે **'જ્ઞાનમાત્ર સ્વરૂપ...'** લ્યો! આત્મા તો જ્ઞાનમાત્ર સ્વરૂપ છે. એ કોઈનું કરે નહિ ને કોઈથી એમાં કરાય, એ ચીજ એવી નથી. સમજાણું કાંઈ?

જાણનાર કોને કરે? એ અહીંયાં સિદ્ધ નથી કરવું. અહીં તો કહે છે જ્ઞાનમાત્ર વસ્તુ કીધી તો એ તો એક જ ગુણ થઈ ગયો. એમાં અનેકાંતપણું, અનંત ધર્મપણું, અનંત સ્વભાવપણું

ક્યાં આવ્યું? એક જ ગુણ થઈ ગયો–જ્ઞાનમાત્ર. માત્ર કીધો. આત્મા જ્ઞાનમાત્ર. સમજાણું કાંઈ?

કહે છે, **'જ્ઞાનમાત્ર સ્વરૂપ જે પ્રકારે છે તે પ્રકારે કહે છે.'** એક વાત, એ એક વાત (થઈ). **'ચઃ' 'વળી શું કહે છે?' 'उपायोपेयभावः'** બીજો થોડો ભાવ. આમાં બે ભાવ કહેશે. **'उपाय' 'મોક્ષનું કારણ જે પ્રકારે છે તે પ્રકાર,...'** આમાં એ મોક્ષનો ઉપાય કહેશે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનમાત્ર છે તો એમાં અનંતપણું, અનેકપણું કેમ આવ્યું? અને એક જ્ઞાનમાત્રમાં ઉપાય અને ઉપેય. મોક્ષ ને મોક્ષનું કારણ. જ્ઞાનમાત્ર એક કહ્યું એમાં બે કેમ આવ્યા? સમજાણું કાંઈ આમાં? આ બેનો વિસ્તાર આમાં કરશે.

**'उपाय'** એટલે **'મોક્ષનું કારણ જે પ્રકારે છે તે પ્રકાર,...'** કહેશે. અને **'उपेयभावः'** એનું ફળ **'સકળ કર્મનો વિનાશ થતાં જે વસ્તુ નિષ્પન્ન થાય છે...'** સકળ કર્મનો નાશ થવાથી, જુઓ! ભાષા એવી આવી. કર્મનો નાશ થતાં જે વસ્તુ પોતાની નિષ્પન્ન નામ પૂર્ણ પર્યાયને પ્રાપ્ત થાય છે તે પ્રકાર કહે છે. **'उपेय'** – મોક્ષ. ઉપાય એટલે મોક્ષનું કારણ, ઉપેય એટલે મોક્ષ. એક જ્ઞાનમાત્ર વસ્તુમાં અનંતપણું શું આવ્યું? અને એ જ્ઞાનમાત્રમાં – જ્ઞાનમાત્ર ભગવાન, એમાં મોક્ષનું કારણ ને મોક્ષ બે શી રીતે આવ્યું? સમજાણું કાંઈ?

**'કહેવાનું પ્રયોજન શું તે કહે છે'** ઇ બેનું કહેવાનું પ્રયોજન શું છે? **'अत्र स्याद्वादशुद्धयर्थं' 'अत्र' 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં...'** ભગવાન જ્ઞાન છે એવા પદાર્થમાં સ્યાદ્વાદશુદ્ધિ. સ્યાદ્વાદ એક સત્તામાં–એક જ વસ્તુ જ્ઞાનમાં અસ્તિ-નાસ્તિ. જ્ઞાન છે એમ એટલું કીધું. જ્ઞાનમાત્ર જીવ. હવે સ્યાદ્વાદ શું આવ્યું એમાં? એક જ ધર્મ આવ્યો. અનંત કેમ આવ્યા? જ્ઞાનમાત્ર જીવ (કહ્યું) ત્યાં શું આવ્યું?

એક જ જ્ઞાનમાત્ર વસ્તુ અસ્તિપણે છે. છે એમ થયું ને? જ્ઞાનમાત્ર છે, છે. નાસ્તિ–પરથી નથી. જુઓ! એકમાં આ અનેક ધર્મ સમાઈ ગયા. જ્ઞાનમાત્ર કહેતા જ, જ્ઞાનમાત્ર એમ કહેતા જ અનેકાંત સિદ્ધ થઈ ગયું કે જ્ઞાનમાત્ર વસ્તુ ભગવાન અસ્તિ છે અને બીજા અનંત દ્રવ્યો એનાથી નાસ્તિ છે. એ અસ્તિ છે પોતાથી અને પરથી નાસ્તિ છે. એવો અસ્તિ-નાસ્તિ જ્ઞાનમાત્ર કહેતા પણ આ વસ્તુ એમાં સિદ્ધ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા...! 'જ્ઞાન છે' એમ કહેતા જ, 'છે' એમ કહેતા અસ્તિ સિદ્ધ થઈ. 'છે' એમ કહેતા પરથી નથી એમ નાસ્તિ સિદ્ધ થાય છે. 'ભીખાભાઈ'! સમજાય છે કે નહિ? 'હિરાભાઈ'! આ ઝીણું છે, હોં! કાપડની દુકાન જેવું નથી. ઇ નો ઇ દરરોજ વેપાર અને ઇ નો ઇ ધંધો એમાં કાંઈ નવું શીખાય? શીખવું છે? આ તો બહુ ઝીણું છે. આહા..!

જ્ઞાન પ્રભુ! ચૈતન્યસૂર્ય આત્મા, બસ! એમ કહેતા... માત્ર કીધું ને? જ્ઞાનમાત્ર કીધું. પણ માત્ર કહેતા જ્ઞાન છે એમ કીધું ને? જ્ઞાનસ્વરૂપ ભગવાન! છે? હા. એમ 'છે' કહેતા જ પરથી નથી એમ એમાં આવી ગયું. પરથી નથી. પર અનંત કર્મ રજકણો, અનંત આત્માઓપણે એ નથી. એ 'છે' કહેતા અસ્તિ-નાસ્તિ બેય ધર્મ ભેગા આવી ગયા.

સમજાણું કાંઈ?

એ જ્ઞાનમાત્ર આત્મા કહેતા પોતાથી 'છે' એમ આવી ગયું અને કર્મ ને શરીરથી નથી. આવી ગયું કે નહિ? એમાં બે (ધર્મો) આવી ગયા. એક જ્ઞાનમાત્ર કહેતા આવા અનંતગુણ એમાં આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ આમાં?

જુઓ! હવે એકમાં બે ઉતારે છે. એમાં પહેલો બોલ તો અનેકાંતપણું સ્યાદ્વાદ ઉતારે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતા જ એ પોતે છે અને પરપણે નથી. શરીર અને કર્મપણે આત્મા નથી એમ એમાં આવી ગયું

મુમુક્ષુ :– શેમાં?

ઉત્તર :– આ જ્ઞાનમાત્રમાં. આ આંગળી છે, છે. આંગળી માત્ર માંસ ને હાડકાવાળી છે. એમ છે એમ કરતા પોતાથી છે (અને) બીજી આંગળી ને બીજાપણે નથી. એમ એમાં અનેક અંત એટલે અસ્તિ-નાસ્તિના ધર્મો બે સાથે જ આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ચીમનભાઈ'! છે એમ કીધું. છે. આ માણસ અહીં છે, આ માણસ અહીં છે. હવે આ માણસ જ અહીં છે એમ કીધું. ઇ છે એમ કહેતા જ આવી ગયું, કે ઇ માણસ છે અને એ માણસ બીજાપણે ત્યાં નથી, બીજાઓ એમાં નથી. સમજાણું કાંઈ? આ ઝીણી વાતું ઉતારી. આ તો બધા એકાંત લઈ જાય ને એ માટે જરી ઉતાર્યું છે. ઉપાય-ઉપેયમાં એ નો એ આત્મા, જ્ઞાન સ્વરૂપે ભગવાનઆત્મા... અહીં તો કહે છે કે, છે એમ કહેતા જ પરથી નથી એવા બે ધર્મ–બે શક્તિઓ એમાં ભેગી આવી જાય છે. સમજાણું કાંઈ? (એ) અસ્તિ-નાસ્તિ (સિદ્ધ કરી).

**'એક-અનેક,...'** જ્ઞાનમાત્ર એમ કહેતા એકપણે જ્ઞાન છે ને જ્ઞાનમાત્ર કહેતા એમાં અસ્તિ-નાસ્તિ આદિ અનેક ગુણો છે, અનેક ગુણો એટલે એક છે એ જ અનેક છે એમ આવી જાય છે. પહેલું કીધું ને કે, જ્ઞાન છે. એનો અર્થ કે પરથી નથી. બેય આવી ગયા. હવે જ્ઞાન છે એ એક થયું, પણ જ્ઞાન છે એ પરથી નથી એટલે અનેક ગુણ–બે અંદર આવી ગયા. છે પણાનો એક ગુણ અને પરથી નથીનો બીજો ગુણ. એક છે તે જ અનેક છે એમ સિદ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ? બે થઈ ગયા ને? તો અનેક થઈ ગયું કે નહિ? જ્ઞાનમાત્ર, જ્ઞાનમાત્ર એટલે જ્ઞાનમાત્રમાં એક આવ્યું. પહેલું અસ્તિ આવ્યું. છે, ભગવાનઆત્મા છે. છે કહેતા પરથી નથી એ બે ધર્મ આવી ગયા. અનેકાંત થઈ ગયું. હવે છે એમ કહેતા એક જ્ઞાનમાત્ર એમ થયું ને? જ્ઞાનમાત્ર એટલે એક થયું. પણ જ્ઞાનમાત્ર એક કહેતા પરથી નથી એવો બીજો ધર્મ પણ ભેગો થઈ ગયો. એક છે તે જ અનેક છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ એવો છે કે, એ માર્ગ બીજે ક્યાંય ત્રણકાળમાં હોઈ શકે નહિ. એવી વાત આ સમજ્યા વિના એને આ ગડબડ જાતી નથી.

હું મારાથી છું અને હું પરથી પણ છું. (એવી) ભ્રમણા છે. પરથી છું એનો અર્થ થયો

ને આ શરીર સારું હોય, આ બાયડી સારી, છોકરા, પૈસા સારા હોય તો મને ઠીક પડે. એનો અર્થ કે, પરથી મને ઠીક પડે છે. એટલે પરથી પણ હું છું. સમજાણું કે નહિ? 'જેચંદભાઈ'! હું છું અને હું પરથી પણ છું. પરથી એટલે કે આ શરીર, વાણી બધા ઠીક હોય તો મને ઠીક પડે. એનાથી પણ હું છું એ મૂઢ છે. (વસ્તુસ્વરૂપ) એમ નથી, કહે છે, આત્મા આત્માથી છે અને પરથી નથી. એનો આનંદ પણ આત્માથી છે ને પરથી નથી. ત્યારે આ માન્યો કહેવાય ને? આત્માનો આનંદ... તેથી શક્તિઓ ભેગી લીધી છે એમાં. ભાઈ! આમાં શક્તિઓ નાખી છે ને? સ્યાદ્વાદમાં જ શક્તિ નાખી છે. ઉપાય-ઉપેયમાં પછી નાખશે. વસ્તુથી નાખી છે.

જ્ઞાનમાત્ર. જ્ઞાનમાત્ર કહેતા એ જ્ઞાન આનંદવાળું છે, જ્ઞાન સુખરૂપ છે ભેગું, સુખરૂપ છે. જ્ઞાન, જ્ઞાનમાત્ર આત્મા તે આનંદરૂપ છે. એમ એક કહેતા બીજો ધર્મ એમાં આવી જાય છે, એવા અનંતા ગુણો આવી જાય છે. જ્ઞાન વસ્તુ એમ કહેતા એની પ્રભુતા-પ્રભુતા, પરમેશ્વરતા, સામર્થ્યતા એમાં ભેગી આવી જાય છે. સમજાય છે? જ્ઞાનમાત્ર આત્મા કહેતા એનું જીવન–ટકવું ત્રિકાળ ચૈતન્યના સત્તા સ્વભાવથી (ટકવું) એ ગુણ એમાં ભેગો આવી જાય છે. આહા..! સમજાણું આમાં? સુખ એમાં આવી જાય છે. જ્ઞાનમાત્ર. એકલું જ્ઞાન કે જ્ઞાન એકલું એમાં આનંદ છે કે નહિ? કે, આનંદ છે. એકલા જ્ઞાનમાં દુઃખ હોઈ શકે નહિ. એકલા જ્ઞાનને પરનો આશ્રય હોય શકે નહિ અને પરનો આશ્રય નહિ એટલે સ્વનો આશ્રય (છે) એટલે એમાં એ આનંદ ભેગો હોય જ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન! હું જ્ઞાનમાત્ર છું. એમ કહેતા જ હું છું, પરથી નથી એમ બે આવી ગયું. એક કહેતા, 'છે' કહેતા 'નથી' એમ આવી ગયું અને હું એક છું એમ એક કહેતા અસ્તિ-નાસ્તિ અને જ્ઞાનમાં જ્ઞાન છે, એ જ્ઞાન છે એ સુખરૂપ આનંદ સાથે છે. જ્ઞાન રાગમાં જોડાય ત્યારે દુઃખરૂપ થાય ત્યારે જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થાય ત્યારે એમાં જ્ઞાન સાથે આનંદ છે. સમજાણું કાંઈ? અરે! આ શું પણ આવી વાતું? એ વસ્તુની સ્થિતિ–તત્ત્વ વ્યવસ્થિતિ કહે છે આ. આહાહા..! તત્ત્વની વ્યવસ્થા જ એવી છે. જ્ઞાનમાત્ર કહેતા પણ વસ્તુની વ્યવસ્થા જ એવી છે, એમ કીધું ને? જુઓને! પહેલા આવ્યું કે નહિ?

તત્ત્વ વ્યવસ્થા. **'વસ્તુતત્ત્વવ્યવસ્થિતિઃ'. 'જીવદ્રવ્યનું જ્ઞાનમાત્ર સ્વરૂપ જે પ્રકારે છે તે પ્રકારે કહે છે.' 'વ્યવસ્થિતિઃ'** એની વ્યવસ્થા એટલે સ્થિતિ, વસ્તુ જેમ છે તેમ કહે છે. જ્ઞાનમાત્ર એમ જેણે નિર્ણય કર્યો, જ્ઞાનમાત્ર આત્મા એ નિર્ણયમાં હું પોતાથી છું, પરથી નથી એવા બે ગુણો ભેગા આવી ગયા.

બીજું, જ્ઞાનમાત્ર આત્મા છે. એમ જ્ઞાન કહેતા એની સાથે અસ્તિ-નાસ્તિ એવા બીજા બે ગુણો (ભેગા આવી ગયા). એવા અનંતા ગુણો ભેગા આવી જાય છે. સમજાણું કાંઈ? ૪૭ શક્તિ તેથી વર્ણવી છે. આહા..! જ્ઞાન.. જ્ઞાન તે જ્ઞાનમાં રાગ-દ્વેષ ને પર વસ્તુ નથી પણ જ્ઞાન સ્વઆશ્રયવાળું સ્વરૂપ એમાં આનંદ છે કે નહિ? આનંદ હોય જ. જ્ઞાન આનંદથી

ખાલી હોય નહિ. ભગવાન જ્ઞાન તે આનંદથી ખાલી ન હોય. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાન, જ્ઞાન કહેતા ભગવાન પોતાની પ્રભુતા વસ્તુ સ્વયંસિદ્ધ જ્ઞાન છે તો એની પ્રભુતાના સામર્થ્યવાળું ભેગું જ્ઞાન હોય. એના સામર્થ્યમાં અપૂર્ણતા ન હોય. માટે જ્ઞાન કહેતા પ્રભુત્વ નામના સામર્થ્ય સહિત જ્ઞાન ભેગું આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનમાત્ર આત્મા કહેતા, જ્ઞાનમાત્ર આત્મા કહેતા જ્ઞાનનું કાયમપણું રહ્યું અને જ્ઞાન જે પર્યાયથી જાણવામાં આવે એનું ઉત્પાદ-વ્યય સહિતના ગુણવાળું જ જ્ઞાન સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? શી રીતે સમજાય છે આમાં કાંઈ?

જ્ઞાન આત્મા, જ્ઞાન આત્મા. હવે જ્ઞાન આત્મા (કહ્યું) તો જ્ઞાન આત્મા એ ધ્રુવપણું પણ સિદ્ધ થયું જ છે અને જ્ઞાનમાત્ર આત્મા એનું વર્તમાન પરિણમન ને ઉત્પાદ-વ્યય ન હોય તો આ આ આત્મા, આ આ આત્મા એમ કોણે નિર્ણય કર્યો? એટલે જ્ઞાનમાત્ર કહેવામાં કાર્ય ને કારણ બેય ભેગા સિદ્ધ થઈ જાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ થઈ જાય છે. આહાહા..! જ્ઞાન ભગવાનઆત્મા પોતાથી જ્ઞાનની પર્યાયપણે ઊપજે, પરપણે નહિ. અને પોતાની પર્યાય જે ઊપજી એ બીજે ક્ષણે વ્યય થાય અને ધ્રુવપણે રહે. જ્ઞાનમાત્ર કહેતા જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એનો ગુણ સિદ્ધ થઈ જાય છે. ઓહોહો..! સમજાણું કાંઈ? નવરા ક્યાં (છે) પણ એવો વિચાર કરવા માટે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઠીક કહે છે, વાત સાચી. પણ છે એમ કીધું કે 'જમુભાઈ' છે. તો 'જમુભાઈ' છે એ બીજા છ ભાઈઓપણે નથી. ભાઈ! 'જમુભાઈ'ને રોકો, લ્યો! એમ કહે કે નહિ? 'જમુભાઈ'ને રોકો. ત્યારે એનો અર્થ કે, ઇ છે એ બીજાપણે નથી માટે એને રોકવાનું કહે છે.

મુમુક્ષુ :– ઇ બેય સાથે છે ને.

ઉત્તર :– એને તો આમાં પૂછીએ છીએ. સમજાણું કે નહિ? આહાહા..!

એમ ભગવાનઆત્મા આમ ચૈતન્ય જ્ઞાનપ્રકાશ છે, છે એમ કહેતા જ, છે એમ કહેતા જ બીજાથી નથી એમ ભેગું આવી જ જાય છે. છે એમ એક કહેતા પરથી નથી એવો નાસ્તિ ધર્મ પણ ભેગો આવી જાય છે. એકમાં અનેક, એક તે અનેક એમ ભેગું આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય પહેલા કહી દીધું. ઇ હવે આવ્યું.

'**નિત્ય-અનિત્ય...**' છે ને? જ્ઞાન વસ્તુ આત્મા છે. નિત્ય... નિત્ય... નિત્ય છે. તો છે એ જ પલટતી પર્યાય નક્કી કરી દે છે. અવસ્થાએ પલટે છે, શક્તિએ, ધ્રુવે, નિત્યપણે ધ્રુવ રહે છે. છે કહેતા નિત્ય ને અનિત્ય બેય સિદ્ધ થઈ જાય છે. છે એનો નિર્ણય પર્યાયથી થાય છે. પર્યાય પલટતી છે. પલટ્યા વિના આ વસ્તુ છે એમ નિર્ણય કોણ કરે? સમજાણું કાંઈ? એકલી ધ્રુવ જ હોય, ધ્રુવ જ હોય તો આ ધ્રુવ (છે). એ ધ્રુવથી ધ્રુવ નક્કી ન થાય. પરથી ન થાય, પર્યાયથી નક્કી થાય. કહો, સમજાણું આમાં?

જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા છે, ભાઈ! આ તો ભગવાન વીતરાગના અનેકાંતની લહેર છે. ઇ અનેકાંતને ભગવાન અમૃત કહે છે. એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અનેકાંતનું તત્ત્વ લોકોએ (સાંભળ્યું નથી). અનેકાંત જાણે એને અમૃતનો અનુભવ થાય એમ કહે છે. કેમકે હું આત્મા છું તો પરપણે નથી એટલે એને અમૃતનો–શાંતિનો અનુભવ થાય. પરપણે નથી એટલે મારે પરને કારણે કાંઈ નભવાનું નથી. મારું નભવું જ મારાથી છે, મારું નભવું જ મારાથી છે. એમ જ્ઞાન(માં) નિર્ણય કરતા એને આનંદનો, અમૃતનો, અનેકાંતનો નિર્ણય થતાં આનંદનો અનુભવ થાય. સમજાણું કાંઈ? એમ જ્ઞાનમાત્ર છે એ એક છે કહેતા અનેક ભેગું નક્કી આવી ગયું. એટલે એક છે એમાં અનેક ગુણોનો આનંદનો, અનેક ગુણના આનંદનો પર્યાયમાં અનુભવ થયો. આહા..! 'સર્વ ગુણાંશ તે સમકિત.' જુઓ! એ અનેક થઈ ગયું. ભારે ગજબ! જૈન વીતરાગનું તત્ત્વ, વસ્તુની વસ્તુસ્થિતિ એવી છે અને ભગવાનની વાણી એને સિદ્ધ કરે છે. આહા..!

વસ્તુ છે, વસ્તુ છે ઇ એક છે એમ કહો તો એક છે એ જ અનેક છે. કારણ કે એક છે એ તો સામાન્યપણે એક કીધું પણ એક છે (એમ કહેતાં) અસ્તિ-નાસ્તિ આદિ થઈ ગયું. અસ્તિ-નાસ્તિથી અનેક થઈ ગયું. એટલે પરપણે નથી અને સ્વપણે છે એવા અનેક ગુણો એકમાં અનેક સાથે છે. અને નાસ્તિનો નિર્ણય થતાં અનેકપણાનો નિર્ણય થતાં એને આનંદનો અનુભવ, જ્ઞાનનો અનુભવ, આનંદનો અનુભવ, અનેકનો અનુભવ થાય. વસ્તુપણે એક છતાં પર્યાયમાં અનુભવ અનેકનો થાય. સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! તેથી તો કહીએ છીએ થોડો ઝીણો છે. થોડો ઝીણો પણ આ માર્ગ જ આવો છે પણ એણે કોઈ દિ' સર્વજ્ઞ પરમાત્માએ કહેલું તત્ત્વ એવું જ તત્ત્વનું સ્વરૂપ છે. એ સિવાય, સર્વજ્ઞ સિવાય આવું ક્યાંય ત્રણકાળમાં હોઈ શકે નહિ, પણ એમ ને એમ વાડામાં પડ્યા એમ ને એમ પડ્યા ભગવાન કહે (ઇ) સાચું. એમાં શું સાચું પણ? ત્યારે ખોટું શું? સમજાય છે? એ નક્કી થવું જોઈએ કે નહિ?

આ આત્મા જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા એમ ભગવાને કહ્યો તો એને એક કહ્યો તો એને જ અનેક કહ્યો. કેમ? જ્ઞાન અસ્તિ, પરપણે નાસ્તિ. જ્ઞાનમાં સુખ (તો) દુઃખનો અભાવ. સમજાણું કાંઈ? એની પોતાની પ્રભુતા જ્ઞાન છે, સત્ત્વ છે, સ્વથી છે તો એનું સામર્થ્ય પણ સ્વથી છે. એ સ્વથી સામર્થ્યનો પર્યાય ધ્રુવપણે પણ છે, પર્યાયપણે પણ છે. સમજાણું કાંઈ? થોડું ઝીણું છે, ભાઈ! તેથી તો 'અમૃતચંદ્રાચાર્યે' આ કર્યું છે. એકાંતમાં કોઈ મૂંઝાઈ ન જાય, બીજા માણસો (એમ કહે કે) લ્યો! આ તો આત્મા એકાંત (કહે છે). આ જ્ઞાનમય, જ્ઞાનમય કહ્યો તો બીજાઓ પણ જ્ઞાન કહે છે. એમ નહિ. બીજા કહે છે ને આ ભગવાન કહે છે એમાં મોટો ફેર છે. જ્ઞાન એક. એ જ એક અનેકની અપેક્ષા રાખે છે. અસ્તિ-નાસ્તિ, આનંદ, જ્ઞાન, શાંતિ, ચારિત્ર એવા ગુણો ભેગા અનેક છે. વસ્તુ તરીકે એક, ગુણ

તરીકે અનેક. જ્ઞાન વસ્તુ તરીકે એક, વસ્તુ જ્ઞાન તરીકે અને એની સાથે ગુણોની શક્તિઓ અનેક છે. માટે એક છે તે જ અનેક છે. એનું નામ અનેકાંત ને એનું નામ સ્યાદ્વાદ કહેવામાં આવે છે. આહા..!

હું અનેક પદાર્થને લઈને અનેક નહિ. હું એક એ મારે લઈને (એક છું) અને હું અનેક એ મારે લઈને (અનેક છું). હું પરને લઈને અનેક નહિ. આહા..! સમજાણું કાંઈ? મારું હોવાપણું એક ને અનેક. ઇ એકરૂપે ચિદાનંદ સ્વરૂપ છું, તે જ હું આનંદ આદિ અનેકરૂપે હું જ છું. અનેક પરને લઈને અનેક છું અને સ્વને લઈને એક છું એમ નહિ. આહાહા..! કહો, આ છોકરા જાજા ને બાયડી જાજી માટે હું અનેક છું એમ નહિ, કહે છે. ઇ તો નાસ્તિમાં આવી ગયું. એ તારામાં નથી. તો તારું અનેકપણું એટલે શું? કે છે, પરથી નથી. એક છે તે જ અનેક શક્તિવાળું છે. એટલે અનેક ને એક તારામાં જ બધું સમાય જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિત્ય-અનિત્ય...**' લ્યો! જે જ્ઞાનમાત્ર કહ્યું તો એ વસ્તુ ટકી રહી ને? જ્ઞાન જ્ઞાન ટકી રહ્યું ને? જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... અનાદિ. ટકવું પણ નક્કી થઈ ગયું અને એ ટકવું છે એ પરિણમન દ્વારા નક્કી કર્યું (કે) આ ટકનાર (છે). બદલે છે, વિચાર બદલે છે કે નહિ? પહેલા વિચાર નિર્ણય નહોતો કર્યો ત્યારે ગમે તે હોય, હવે જ્યારે નિર્ણય કર્યો આ નિત્ય છે. આ નિત્ય છે એ અનિત્ય થયું. પર્યાય બદલી ગઈ. જે નિત્ય છે એ જ અનિત્ય છે. હું નિત્ય ને જગતના બીજા પદાર્થ મારે માટે અનિત્ય, એમ નહિ. (એમ) અહીં કહે છે. અને હું પર્યાય અનિત્ય ને મારે માટે બીજા નિત્ય, એમ નહિ. પર્યાયે અનિત્ય ને વસ્તુ તરીકે હું જ નિત્ય (છું). આહાહા..! મારું નિત્ય ને અનિત્યપણું બધું મારામાં સમાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પણ કોઈ દિ' ક્યાં એણે વિચાર કર્યો છે. આ બધું બહારમાં હો હા ચોપડીઓ કરવી ને નોવેલ કરવા ને ઢીકણું કરવું ને એમાં વિચાર કરવો એમાં રોકાઈ ગયો. ફાલ્યો-ફુલ્યો પરમાં પણ પોતામાં ફાલ્યો-ફુલ્યો અનંત છે કે નહિ? આહા..! સમજાણું?

કહે છે કે, એક જ્ઞાનમાત્ર વસ્તુનો નિશ્ચય થતા અનેક ગુણનું પરિણમન પણ પર્યાયમાં (ભેગું આવી જાય છે). એકપણે, નિત્યપણે વસ્તુ રહેનાર એ જ વર્તમાનમાં પરિણમનવાળું છે એટલે નિત્ય છે તે ત્રિકાળની અપેક્ષાએ, અનિત્ય છે તે બદલવાની અપેક્ષાએ, એની એ વસ્તુ નિત્ય ને અનિત્ય છે. બિલકુલ નિત્ય–કૂટસ્થ જ છે તો કૂટસ્થનો કઈ દ્વારા, કોના દ્વારા નિર્ણય કર્યો? પર દ્વારા? પર દ્વારા નિર્ણય થાય? આ પોતાની પર્યાય દ્વારા નિર્ણય કર્યો. તો પર્યાય અનિત્ય થઈ ગઈ. સમજાણું કાંઈ?

કહે છે કે, '**એક-અનેક, નિત્ય-અનિત્ય...**' સમજાય છે? એમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ

આદિ ચૌદ બોલ લેશે, હોં! સત્‌પણે છે. જુઓ! અસ્તિ-નાસ્તિ કીધું ને? ઇ ચાર લેશે. આઠ થઈ ગયા, આ બે દસ ને બે બાર થયા. પછી બે રહી ગયા. શું બે રહી ગયા? અસ્તિ-નાસ્તિ તો આવી ગયું. તત્‌-અતત્‌ રહી ગયું. તત્‌-અતત્‌ રહી ગયા, પહેલા બે બોલ રહી ગયા. શું કીધું? અસ્તિ-નાસ્તિના આઠ બોલ આવી ગયા. છે એ પોતાના દ્રવ્યથી છે, ક્ષેત્રથી છે, કાળથી છે ને ભાવથી છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, કાળ, ભાવથી નથી. એમ થઈ ગયા, જુઓ! અને એ અસ્તિ-નાસ્તિ થયું. એક છે તે અનેક થઈ ગયું. ટકતું છે તે પલટતું (છે). બે રહી ગયા–તત્‌ ને અતત્‌. એટલે શું?

આત્મા તત્‌ એટલે તે છે. આત્મા તે જ્ઞાનપણે છે, તે જ્ઞેયપણે નથી. એ જ્ઞાનપણે જ્ઞાન છે, એ જ્ઞેયપણે નથી. એ બીજો બોલ લીધો. આમ પરપણે નથી એ તો સામાન્ય વસ્તુ અસ્તિ-નાસ્તિ કહી. જ્ઞાન જ્ઞાનમાત્ર છે પણ એ જ્ઞાનનું જે થવું એ પરને લઈને નથી. આ જ્ઞેયો ખ્યાલમાં આવે માટે આ જ્ઞાનની દશા થાય છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં ઘટ-પટ છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નથી. જ્ઞાન જ્ઞાનપણે છે એ તત્‌પણે પણ છે અને અતત્‌ એટલે પરપણે–જ્ઞેયપણે નથી એટલું અહીં લેવું છે. જ્ઞેયથી અહીં જ્ઞાન છે એમ નહિ. જ્ઞાન જ્ઞાનપણે છે અને તે જ પોતે અતત્‌પણે, જ્ઞેયપણે નથી. સમજાણું કાંઈ? ઝીણું તો ખરું, ભાઈ! આ તો બોલ તેથી ઝીણો લીધો છે. વસ્તુ, એક-એક ભગવાનઆત્મા એવા છે. સમજાણું કાંઈ?

**'ઇત્યાદિ અનેકાન્તપણું...'** અનેક અંત એટલે ધર્મ. અનેક એટલે ઘણા. ઘણાની સંખ્યા તો અનંતમાં જાય છે. બે થી અનંત સુધીને અનેક કહેવામાં આવે છે. એમ અહીં અનેક એટલે અનંત. સમજાણું કાંઈ? બે થી અનંતને અનેક કહે. એક તે એક અને અનેકમાં બે થી અનંત. એ આ અનેક એટલે અનંતમાં જાય છે. ઇત્યાદિ અનંતપણું, અનંત ગુણપણું, આત્મામાં અનંત ગુણપણું છે. આહાહા..! એની **'જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં...'** **'શુદ્ધિ'** કીધું ને? એવું જે અનેકાંતપણું **'જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં જેવી રીતે ઘટે તેવી રીતે કહેવાનો છે અભિપ્રાય જેમાં, એવા પ્રયોજનસ્વરૂપ કહે છે.'** લ્યો! સમજાણું?

એ જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા એ કહેવાનું જે પ્રયોજન છે, એ કહેવાનો અભિપ્રાય એ એમાં ઘટિત થાય છે. **'શુદ્ધિ'** એટલે સમજાય છે? જ્ઞાનમાત્ર એ રીતે **'શુદ્ધિ'** એટલે શુદ્ધપણું ઘટિત થાય છે. **'स्याद्वाद शुद्धि अर्थं'** ઘણા બોલ લીધા છે નહિ પેલામાં? શુદ્ધતા એટલે જુઓ! આ **'શુદ્ધિ'**નો શબ્દ આવ્યો ને આ? આ આવ્યું ને? **'શુદ્ધિ'** **'જ્ઞાનમાત્ર જીવદ્રવ્યમાં જેવી રીતે ઘટે તેવી રીતે કહેવાનો છે અભિપ્રાય જેમાં,...'** **'શુદ્ધિ'** એટલે શું? શુદ્ધતા, પ્રમાણિકતા, પ્રમાણિકતા. વસ્તુ વસ્તુપણે છે, પરપણે નથી. એક છે, અનેક છે. જ્ઞાન જ્ઞાનપણે છે, જ્ઞેયપણે નથી. નિત્ય છે, અનિત્ય છે. એવી શુદ્ધિ માટે, એ પ્રમાણિકતા, વસ્તુની એ રીતે પ્રમાણિકતા માટે, સત્યતા માટે વસ્તુની એ રીતે, સત્ય છે એ રીતે નિર્દોષતા માટે વસ્તુનું આ રીતે

નિર્દોષ સ્વરૂપ. શુદ્ધિના આટલા અર્થ થાય છે. અને નિર્મળતા. વસ્તુની શુદ્ધિ એટલે જેવો નિર્મળ એનો સ્વભાવ (અર્થાત્) એક-અનેક, નિત્ય-અનિત્ય એ બતાવવા માટે સ્યાદ્વાદ કહે છે અને અદ્વિતીયતા. એ પાંચ બોલ લીધા. અદ્વિતીયતા–અજોડ. શુદ્ધિની એટલે સ્યાદ્વાદની અજોડતા. એ વીતરાગ સિવાય બીજે (ક્યાંય) હોઈ શકે નહિ. લોકોને તત્ત્વ દ્રવ્ય, ગુણ, પર્યાય આ શું? પર એટલે એમાંથી પરનું અભિમાન કોઈ દિ' ખસતું નથી અને પોતામાં પૂર્ણતા નિત્ય-અનિત્યની છે એની એને પ્રતીત આવતી નથી. સમજાણું કાંઈ? જીવદ્રવ્યમાં જે પ્રકારે શુદ્ધિ એટલે પ્રમાણિકતા, સત્યતા, નિર્મળતા, અદ્વિતીયતા ઘટે છે એમ કહેવાનો અભિપ્રાય 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજનો છે. **'એવા પ્રયોજનસ્વરૂપ કહે છે.'**

**'ભાવાર્થ આમ છે કે – કોઈ આશંકા કરે છે કે જૈનમત સ્યાદ્વાદમૂલક છે,...'** ભગવાનનો માર્ગ તો કથંચિત્ આમ, કથંચિત્ આમ (હોય). સર્વથા એક જ, સર્વથા અનેક જ, સર્વથા નિત્ય એમ ન હોય. વીતરાગ ભગવાનનું કથન તો કથંચિત્ છે. એક છે તે અનેક છે, નિત્ય છે તે અનિત્ય છે, એકાંત નિત્ય જ છે, એકાંત અનિત્ય જ છે, એકાંત એક જ છે એમ હોઈ શકે નહિ. **'જૈનમત સ્યાદ્વાદમૂલક છે, અહીં તો 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહ્યું,...'** તમે તો જ્ઞાનમાત્ર જ કહ્યું પણ કથંચિત્ જ્ઞાનમાત્ર અસ્તિ, કથંચિત્ પરથી નાસ્તિ એવું તો તમે કહ્યું નહિ. સમજાણું? પણ એમાં આવી જાય છે, કહે છે. તું એમાં સમજતો નથી.

એ **'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહ્યું, ત્યાં એમ કહેતાં એકાન્તપણું થયું,...'** શંકાવાળો પૂછે છે. **'સ્યાદ્વાદ તો પ્રગટ થયો નહિ.'** આમાં અનેકપણું તો સિદ્ધ થતું નથી. **'ઉત્તર આમ છે કે 'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતાં અનેકાન્તપણું ઘટે છે.'** લ્યો! આ એક ઉત્તર. જ્ઞાન ભગવાન ચૈતન્યસૂર્ય જ્ઞાનમાત્ર છે એમ કહેતા જ અનેક ધર્મો એમાં સિદ્ધ થઈ જાય છે. જ્ઞાન સ્વથી છે, પરથી નથી. જ્ઞાન ટકતું છે, પલટતું છે. જ્ઞાન એક છે તે જ અનેક ગુણવાળું (છે). એમ શુદ્ધિ અનેકાંતની શુદ્ધિ, જ્ઞાનમાત્ર કહેતા અનેક ગુણની સિદ્ધિ એમાં ઘટી જાય છે. (થઈ જાય છે.) સમજાણું કાંઈ? જ્ઞાનમાત્ર કહેતા પરપણે નથી, એમ આવી ગયું કે નહિ? શરીરપણે નથી, કર્મપણે (નથી). જ્ઞાનમાત્ર છે. એના પૈસા કેટલા એનો વિચાર નથી કરતો? ભાઈ! આપણી પાસે તો પાંચ લાખ માત્ર છે. હવે વધારે ડંફાશ કરવી નહિ. એમ વિચાર કરે છે કે નહિ? બીજા કોઈ કરોડપતિ હોય ને પચીસ લાખ લખાવી દે તો એ પોતે લખાવી દેતો હશે પચીસ લાખ? પહેલા એ નામ જોવે. અમારી હારવાળાએ કેટલા આપ્યા છે? એને થોડા આપણે આપીએ. એ પછી નામા જોવે. બરાબર છે? તમારે જોયું છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... ઇ તો ભૂલ થઈ ગઈ હતી એમાં થયું છે ને આ? પેલા બધાના થોડા થોડા લખ્યા ને મોટા ગ્રહસ્થ પાસે ગયા. એનું નામ છેલ્લું લખ્યું. આ બધાએ આટલા ભર્યા છે, મારે આટલાથી વધારે કાંઈ ભરાય નહિ. પણ એલા તું મોટો છો ને? હવે શું પણ

તમે નામ તો છેલ્લું લખ્યું. મોટાના આંકડા પહેલા લખ્યા. 'મલૂકચંદભાઈ'! સમજાણું કે નહિ? ફલાણા શેઠ આ, ફલાણા શેઠ આ, ફલાણા શેઠ પાસે જાવ, ફલાણા શેઠ અઢી હજાર, ત્રણ હજાર, દોઢ હજાર આંકડા.. પછી એનું નામ છેલ્લું આવ્યું. આનું નામ તો આમાં આવ્યું. મોટા મોટા આંકડાવાળા તો ગયા. મારું જે અહીં લખ્યું છે એમાંથી પેલા આંકડાથી ઓછું જ લખાય, વધારે લખાય નહિ. 'ચીમનભાઈ'! આ બધું છે કે નહિ તમારે?

અહીં તો કહે છે, ભગવાને આત્માને જ્ઞાનમાત્ર જ્યાં કહ્યો ત્યાં અનેક આંકડા ઘટી જાય છે એમાં. આહાહા..! સમજાય છે? ભગવાને જ્ઞાન, ચૈતન્યસૂર્ય ભગવાન તો આત્મા છે. એ સિવાય ભેગું કાંઈ નાખીશ નહિ. સમજાય છે? પણ બીજું ન નાખીશ કહેતા એમાં બીજા અનંત ગુણો નથી એમ નહિ.

**'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય' એમ કહેતાં અનેકાન્તપણું ઘટે છે.'** અનંત ગુણો એમાં સિદ્ધ થઈ જાય છે. ઓ..હો..! જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ. લ્યો! એમાં સિદ્ધ થઈ ગયું. એ જ્ઞાન જ પોતાની દશાનો કર્તા. જ્ઞાન પોતે જ્ઞાનમાત્ર છે એટલે પરની આશા કાંઈ છે નહિ. ત્યારે હવે કાંઈ પરિણમે છે, થાય છે ત્યારે કર્તાપણે એમાં જ્ઞાનમાત્ર કહેતા કર્તા સિદ્ધ થઈ જાય છે. એનું કાર્ય એમાં આવે છે. જ્ઞાનમાત્ર આવે છે એમાં બીજું કાંઈ આવતું નથી. જ્ઞાનમાત્રનું કાર્ય પણ એમાં કર્તા, કર્મ ગુણ ન હોય તો કાર્ય આવ્યું ક્યાંથી? (એટલે) કર્મ ગુણ સિદ્ધ થઈ ગયો. કરણ સિદ્ધ થઈ ગયો. કેમ કે પોતે જ્ઞાનમાત્ર છે. બીજાનું સાધન એને કાંઈ છે નહિ. પરના આશ્રયનું કાંઈ સાધન છે નહિ. તો જ્ઞાનમાત્ર કહેતા એમાં સાધનગુણ છે ભેગો (આવી જાય છે). એથી એની પર્યાય સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાત્ર કહેતા એ પોતે પોતાનો આધાર છે એવો ગુણ આમાં સિદ્ધ થઈ ગયો. જ્ઞાનમાત્ર છે એટલે પરનો કાંઈ આધાર છે નહિ. એટલે જ્ઞાનને જ્ઞાનનો આધાર છે એવો એક બીજો જ્ઞાનમાં આધાર નામનો ગુણ સિદ્ધ થઈ ગયો.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– લોકાલોકની ક્યાં વાત છે. ઇ તો આ જાણ્યો એમાં લોકાલોક જાણ્યા, એમ કહે છે. એ તો આવી ગયું નહિ આપણે? ચાર બોલમાં, 'પરમાત્મ પ્રકાશ'માં. આ આત્મા એક જાણ્યો એણે બધું જાણ્યું. હવે શું આવ્યું એ? એ જ્ઞાનમાત્ર છે, આ જાણતા આ બધાપણે હું નથી એવું એનું જ્ઞાન આવી ગયું. જ્ઞાનમાત્ર કહેતા એનો આનંદ આવ્યો જ્ઞાનનો, અનેકપણાના જ્ઞાનનો, આનંદનો ઇ આનંદ આવતા આ આત્મા આનંદમય છે, આનંદ સ્વરૂપ છે અને દુઃખ, રાગ-દ્વેષ ને શરીર આદિ આનંદરૂપ નથી, નથી. માટે મારાથી ભિન્ન, મારાથી ભિન્ન છે એમ આમાં આવી ગયું. સમજાણું કે નહિ?

એમ જ્ઞાનમાત્ર આત્માનું જ્ઞાન શ્રુતમાં થયું એનાથી અનુમાન કરતા એ બધા લોકાલોક જે પર છે એનું સર્વ ભેદનું જ્ઞાન આવી ગયું. અને જ્ઞાનમાત્રનો અનુભવ થતાં જ્ઞાનની પરિપૂર્ણતા

જ્યાં પ્રગટ થઈ (તો) લોકાલોકનું જ્ઞાન એમાં આવી ગયું. સમજાણું કાંઈ? એ તો ચાર બોલ આવ્યા. ઓહોહો..!

એ રીતે **'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય એમ કહેતાં અનેકાન્તપણું ઘટે છે.'** એમાં અનેકાન્ત એટલે અનેક ધર્મ, અનેક શક્તિઓ, અનેક સ્વભાવ, અનેકપણું સિદ્ધ થઈ જાય છે, કહેતા જ સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનપણું રહ્યું એમ કહો. જ્ઞાન જ્ઞાનરૂપે છે એમ કહેતા જે અનંતા બીજા દ્રવ્યો છે એ પણે નથી. તે અનંતાપણે નથી એવા અનંતા ધર્મો જ્ઞાનમાત્ર કહેતા ભેગા આવી ગયા. નહિ તો અનેકને સિદ્ધ, અનંતને સિદ્ધ કરવું (કઈ રીતે?) અનેક એટલે કાંઈ એક નહિ. બે, ત્રણ, ચાર નહિ અનંત એમ કીધું હતું ને હમણાં? એક જ્ઞાનમાત્ર. એમ કહેતા એક જીવથી પણ જુદો એવો એક ધર્મ, બીજા જીવથી જુદો એવો ધર્મ એવા અનંતા જીવની મધ્યમાં રહેલો એ જ્ઞાનમાત્ર અનંતા જીવથી જુદો એટલે અનંતા ધર્મો થઈ ગયા. એવા એક એક પરમાણુથી જુદો, બીજા પરમાણુથી (જુદો), ત્રીજા (પરમાણુથી જુદો) એવા અનંતા ધર્મો જ્ઞાનમાત્ર કહેતા જ અનંત દ્રવ્યને જાણનારું અનંત દ્રવ્યના અભાવવાળું અનંત ગુણ એમાં સિદ્ધ થઈ ગયા. સમજાણું કાંઈ? તેથી કહ્યું હતું ઓલામાં કે, અનેકપણું એટલે અનંત લેવું. બે, ચાર, દસ, સંખ્યાત, અસંખ્યાત ન લેવું. એવડો મોટો ઇ છે. દરકાર કરી છે કે દિ'?

**'જે રીતે ઘટે છે તે રીતે અહીંથી શરૂ કરીને...'** જે પ્રકારે વસ્તુમાં ઘટિત છે, શુદ્ધ છે એ રીતે છે, હોં! **'જે રીતે ઘટે છે તે રીતે અહીંથી શરૂ કરીને કહે છે, સાવધાન થઈને સાંભળો.'** લ્યો! એમ કહ્યું, જુઓ!

**अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।**
**उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।।१-२४७।।**

કહીશું એમ કીધું ને? ત્યારે કો'કને કહે છે ને? એને સાંભળો, એમ કાઢ્યું. કો'કને કહે, સાંભળ! એક જ્ઞાનમાત્ર કહેતા એમાં અનંત ગુણો સિદ્ધ થઈ જાય છે. સાંભળ! સાંભળ એટલે સંભળાવે છે એને એમ કહે છે. સમજાણું કાંઈ? સાવધાન (થઈને) પાછું હોં! એમ ને એમ ધ્યાન બહાર એકેય વાતને કાઢી નાખીશ નહિ. આહાહા..! ચાસણી કરે ત્યારે સાકરમાં કેટલી સાવધાની રાખે? જોયું છે? આડીઅવળી થઈ જાય તો ચાસણી બગડી જાય, બધી સાકર જાય. ચાસણી કરે છે ને? ચાસણી. કડક થઈ જાય, ઓલી થઈ જાય, ખલાસ થઈ જાય, બધું ખલાસ થઈ જાય. એ પાછું પાણી કરે ત્યારે પીવાય એટલું કામ આવે. એમ કહે છે કે, ચાસણીમાં બહુ ધ્યાન રાખે. એમ આત્મભગવાનને અનેક અનંત ગુણોને સિદ્ધ કરતું, જ્ઞાનમાત્ર કહેતા અનંત ગુણ, એમાં અનંતપણું અનેકાન્તપણું સિદ્ધ કરશું. સાવધાની રાખજે, કહે છે. ધ્યાન રાખીને સાંભળજે તો બેસશે, નહિતર નહિ સમજાય. એને માટે બીજા શ્લોકથી શરૂ કરશે, લ્યો! રાખો કાલથી. ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

( શાર્દૂલવિક્રીડિત )

बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्
विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।
यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-
र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।।२-२४८।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે જે જ્ઞાનમાત્ર જીવનું સ્વરૂપ છે તેમાં પણ ચાર પ્રશ્ન વિચારણીય છે. તે પ્રશ્ન ક્યા? એક તો પ્રશ્ન એવો કે જ્ઞાન જ્ઞેયના સહારાનું છે કે પોતાના સહારાનું છે? બીજો પ્રશ્ન એવો કે જ્ઞાન એક છે કે અનેક છે? ત્રીજો પ્રશ્ન એવો કે જ્ઞાન અસ્તિરૂપ છે કે નાસ્તિરૂપ છે? ચોથો પ્રશ્ન એવો કે જ્ઞાન નિત્ય છે કે અનિત્ય છે? તેનો ઉત્તર આમ છે કે જેટલી વસ્તુ છે તે બધી દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે; તેથી જ્ઞાન પણ દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે. તેનું વિવરણ-દ્રવ્યરૂપ કહેતાં નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ; પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન. ભાવાર્થ આમ છે કે જ્ઞેયને જાણવારૂપ પરિણતિ જ્ઞાનનો પર્યાય, તેથી જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં જ્ઞાન જ્ઞેયના સહારાનું છે; ( જ્ઞાનને ) વસ્તુમાત્રથી કહેતાં પોતાના સહારાનું છે. - એક પ્રશ્નનું સમાધાન તો આ પ્રમાણે છે. બીજા પ્રશ્નનું સમાધાન આમ છે કે જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનેક છે; વસ્તુમાત્રથી કહેતાં એક છે. ત્રીજા પ્રશ્નનો ઉત્તર આમ છે કે જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં જ્ઞાન નાસ્તિરૂપ છે; જ્ઞાનને વસ્તુરૂપથી વિચારતાં જ્ઞાન અસ્તિરૂપ છે. ચોથા પ્રશ્નનો ઉત્તર આમ છે કે જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનિત્ય છે; વસ્તુમાત્રથી કહેતાં જ્ઞાન નિત્ય છે. આવા પ્રશ્ન કરવામાં આવતાં આ પ્રમાણે સમાધાન કરવું. સ્યાદ્વાદ આનું નામ છે. વસ્તુનું સ્વરૂપ આવું જ છે, તથા આ પ્રમાણે સાધતાં વસ્તુમાત્ર સધાય છે. જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવો વસ્તુને તે વસ્તુરૂપ છે તથા તે જ વસ્તુ પર્યાયરૂપ છે એમ માનતા નથી, સર્વથા વસ્તુરૂપ માને છે અથવા સર્વથા પર્યાયમાત્ર માને છે, તે જીવો એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ કહેવાય છે; કારણ કે વસ્તુમાત્ર માન્યા વિના પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી; ત્યાં અનેક પ્રકારે સાધન-બાધન છે, અવસર પ્રાપ્ત થયે કહીશું; અથવા પર્યાયરૂપ માન્યા વિના વસ્તુમાત્ર માનતાં વસ્તુમાત્ર પણ સધાતી નથી; ત્યાં પણ અનેક યુક્તિઓ છે, અવસર પ્રાપ્ત થયે કહીશું. તે બાબતમાં કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનને પર્યાયરૂપ માને છે, વસ્તુરૂપ માનતો નથી; એવું માનતો થકો જ્ઞાનને જ્ઞેયના સહારાનું માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે આ પ્રમાણે તો એકાન્તરૂપે જ્ઞાન સધાતું નથી. તેથી જ્ઞાન પોતાના સહારાનું છે; એમ કહે છે :– 'पशोः ज्ञानं सीदति' ( पशोः ) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જેવું માને

છે કે જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે, ત્યાં એવું માનતાં ( ज्ञानं ) જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવની સત્તા ( सीदति ) નષ્ટ થાય છે અર્થાત્ અસ્તિત્વપણું વસ્તુરૂપતાને પામતું નથી. ભાવાર્થ આમ છે કે એકાન્તવાદીના કથનાનુસાર વસ્તુનો અભાવ સધાય છે, વસ્તુપણું સધાતું નથી; કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવ આવું માને છે - કેવું છે જ્ઞાન? 'बाह्यार्थैः परिपीतम्' ( बाह्यार्थैः ) જ્ઞેય વસ્તુઓ દ્વારા ( परिपीतम् ) સર્વ પ્રકારે ગળી જવામાં આવ્યું છે. ભાવાર્થ આમ છે કે - મિથ્યાદૃષ્ટિ જીવ એમ માને છે કે જ્ઞાન વસ્તુ નથી, જ્ઞેયથી છે; તે પણ તે જ ક્ષણે ઊપજે છે, તે જ ક્ષણે વિનશે છે. જેમ કે - ઘટજ્ઞાન ઘટના સદ્‌ભાવમાં છે; પ્રતીતિ એમ થાય છે કે જો ઘટ છે તો ઘટજ્ઞાન છે, જ્યારે ઘટ નહોતો ત્યારે ઘટજ્ઞાન નહોતું, જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ; - કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનવસ્તુને નહિ માનતાં, જ્ઞાનને પર્યાયમાત્ર માનતાં આવું માને છે. વળી જ્ઞાનને કેવું માને છે? 'उज्झितनिजप्रव्यक्तिरिक्तीभवत्' ( उज्झित ) મૂળથી નષ્ટ થઈ ગયું છે ( निजप्रव्यक्ति ) જ્ઞેયના જાણપણામાત્રથી 'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું નામમાત્ર, તે કારણથી ( रिक्तीभवत् ) 'જ્ઞાન' એવા નામથી પણ વિનષ્ટ થઈ ગયું છે - એમ માને છે મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી જીવ. વળી જ્ઞાનને કેવું માને છે ? 'परितः पररूपे एव विश्रान्तं' ( परितः ) મૂળથી માંડીને ( पररूपे ) જ્ઞેયવસ્તુરૂપ નિમિત્તમાં ( एव ) એકાન્તથી ( विश्रान्तं ) વિશ્રાન્ત થઈ ગયું - જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું. ભાવાર્થ આમ છે કે - જેવી રીતે ભીંતમાં ચિતરામણ જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું, જ્યારે ભીંત છે ત્યારે છે, જ્યારે ભીંત હશે નહિ ત્યારે હશે નહિ; આથી પ્રતીતિ એવી ઊપજે છે કે ચિત્રના સર્વસ્વની કર્તા ભીંત છે; તેવી રીતે જ્યારે ઘટ છે ત્યારે ઘટજ્ઞાન છે, જ્યારે ઘટ નહોતો ત્યારે ઘટજ્ઞાન નહોતું, જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ; આથી એવી પ્રતીતિ ઊપજે છે કે જ્ઞાનના સર્વસ્વનું કર્તા જ્ઞેય છે. કોઈ અજ્ઞાની એકાન્તવાદી આવું માને છે, તેથી એવા અજ્ઞાનીના મતમાં 'જ્ઞાન વસ્તુ' એવું પ્રાપ્ત થતું નથી. સ્યાદ્વાદીના મતમાં 'જ્ઞાન વસ્તુ' એવું પ્રાપ્ત થાય છે. 'पुनः स्याद्वादिनः तत् पूर्णं समुन्मज्जति' ( पुनः ) એકાન્તવાદી કહે છે એ રીતે નથી, સ્યાદ્વાદી કહે છે એ રીતે છે; ( स्याद्वादिनः ) એક સત્તાને દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ માને છે એવા જે સમ્યગ્દૃષ્ટિ જીવો તેમના મતમાં ( तत् ) જ્ઞાનવસ્તુ ( पूर्णं ) જેવી જ્ઞેયથી થતી કહી, વિનશતી કહી તેવી નથી, જેવી છે તેવી જ છે, જ્ઞેયથી ભિન્ન સ્વયંસિદ્ધ પોતાથી છે; ( समुन्मज्जति ) એકાન્તવાદીના મતમાં મૂળથી લોપ થઈ ગયું હતું તે જ જ્ઞાન સ્યાદ્વાદીના મતમાં જ્ઞાનવસ્તુરૂપે પ્રગટ થયું. ક્યા કારણથી પ્રગટ થયું? 'दूरोन्मग्नघनस्वभावभरतः' ( दूर ) અનાદિથી ( उन्मग्न ) સ્વયંસિદ્ધ વસ્તુરૂપ પ્રગટ છે એવું ( घन ) અમિટ ( -અટળ ) ( स्वभाव ) જ્ઞાનવસ્તુનું સહજ તેના ( भरतः ) ન્યાય કરતાં, અનુભવ કરતાં 'આમ જ છે' એવા - સત્ત્વપણાના કારણથી. કેવો ન્યાય, કેવો અનુભવ, - એ બંને જે પ્રકારે હોય છે તે કહે છે - 'यत्

तत् स्वरूपतः तत् इति' ( यत् ) જે વસ્તુ ( तत् ) તે વસ્તુ ( स्वरूपतः तत् ) પોતાના સ્વભાવથી વસ્તુ છે ( इति ) એમ અનુભવતાં અનુભવ પણ ઉત્પન્ન થાય છે, યુક્તિ પણ પ્રગટ થાય છે. અનુભવ નિર્વિકલ્પ છે. યુક્તિ એવી કે જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે વિચારતાં પોતાના સ્વરૂપે છે, પર્યાયરૂપે વિચારતાં જ્ઞેયથી છે. જેમ કે - જ્ઞાન વસ્તુ દ્રવ્યરૂપે જ્ઞાનમાત્ર છે, પર્યાયરૂપે ઘટજ્ઞાનમાત્ર છે, તેથી પર્યાયરૂપે જોતાં ઘટજ્ઞાન જે પ્રકારે કહ્યું છે કે 'ઘટના સદ્ભાવમાં છે, ઘટ નહિ હોતાં નથી.' એમ જ છે. દ્રવ્યરૂપે અનુભવતાં 'ઘટજ્ઞાન' એમ ન જોવામાં આવે, 'જ્ઞાન' એમ જોવામાં આવે તો ઘટથી ભિન્ન પોતાના સ્વરૂપમાત્ર સ્વયંસિદ્ધ વસ્તુ છે. આ પ્રકારે અનેકાન્તને સાધતાં વસ્તુસ્વરૂપ સધાય છે. એકાન્તથી જો ઘટ ઘટજ્ઞાનનો કર્તા છે, જ્ઞાન 'વસ્તુ' નથી, તો એમ હોવું જોઈએ કે જે રીતે ઘટની પાસે બેઠેલા પુરુષને ઘટજ્ઞાન થાય છે તેવી જ રીતે જે કોઈ વસ્તુ ઘટની પાસે રાખવામાં આવે તેને ઘટજ્ઞાન થવું જોઈએ; એમ થતાં થાંભલાની પાસે ઘટ હોતાં થાંભલાને ઘટજ્ઞાન થવું જોઈએ; પરંતુ એવું તો જોવામાં આવતું નથી. તે કારણે એવો ભાવ પ્રતીતિમાં આવે છે કે જેમાં જ્ઞાનશક્તિ વિદ્યમાન છે તેને, ઘટની પાસે બેસીને ઘટને જોતાં, વિચારતાં, ઘટજ્ઞાનરૂપ આ જ્ઞાનનો પર્યાય પરિણમે છે. તેથી સ્યાદ્વાદ વસ્તુનો સાધક છે, એકાન્તપણું વસ્તુનું નાશકર્તા છે. ૨-૨૪૮.

---

**માગશર સુદ ૧૨, રવિવાર તા. ૦૫.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૪૮ પ્રવચન - ૨૬૦**

આ 'કળશ-ટીકા'નો 'સ્યાદ્વાદ અધિકાર' છે. 'સમયસાર કળશ' એનો 'સ્યાદ્વાદ અધિકાર'. એનો બીજો શ્લોક, પહેલો શ્લોક કાલે થઈ ગયો.

( શાર્દૂલવિક્રીડિત )

बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्
विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।
यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-
र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।।२-२४८।।

ભાવાર્થ. કીધા પહેલા ભાવાર્થ. એટલે કે એનો ભાવ અર્થ શું છે એમ. '**ભાવાર્થ આમ છે કે જે જ્ઞાનમાત્ર જીવનું સ્વરૂપ છે...**' જીવનું સ્વરૂપ અહીંયાં જ્ઞાનમાત્ર (છે) એ વાત કહી

ગયા અને કાલે અનેકાન્તપણું સિદ્ધ કર્યું. એ જ અનેકાન્તનું જ હજી તો આ બધું ચાલે છે. જ્ઞાનમાત્ર સ્વરૂપ કહેતા એમાં અનંત ગુણો છે, અનેકાન્તપણે અનંત ધર્મો છે. એમાં આ એક વાત તત્-અતત્‌ની વ્યાખ્યા હવે લે છે.

જ્ઞાનમાત્ર જીવ ભગવાન જ્ઞાન સ્વરૂપે (છે) એમાં અનંત ગુણ લેવા. અહીં તો જ્ઞાન પ્રધાનથી આત્માની વાત લીધી છે. જ્ઞાનમાત્ર એટલે આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે. એટલે અનંત ગુણ સ્વરૂપમાં જ્ઞાન પ્રધાનથી વાત છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકાર, શરીર, કર્મ એ કાંઈ આત્મા નથી. સમજાય છે કાંઈ? આત્મા જેને દૃષ્ટિમાં લેવો (છે) એને તો આ જ્ઞાનમાત્ર આત્મા (એ લેવો). એની દૃષ્ટિ કર્યે આત્માને શાંતિ ને આનંદનો અનુભવ થાય. એ માટે આત્માને જ્ઞાનમાત્ર વર્ણવતા એમાં કહે છે કે **'તેમાં પણ ચાર પ્રશ્ન વિચારણીય છે.'** ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એમાં ચાર પ્રકારના પ્રશ્નો વિચારવા લાયક છે. **'તે પ્રશ્ન ક્યા? એક તો પ્રશ્ન એવો કે જ્ઞાન જ્ઞેયના સહારાનું છે કે પોતાના સહારાનું છે?'** આ જ્ઞાન જે છે એ જ્ઞેય એટલે જણાવાયોગ્ય વસ્તુનું છે કે જ્ઞાન જ્ઞાનનું છે? આ તો ભાઈ! જરી યુક્તિથી સિદ્ધ કરવું (છે). વસ્તુનું સ્વરૂપ છે ને એ જ રીતે સર્વજ્ઞે જોયું અને એ રીતે સ્વરૂપ છે. એ રીતે એના ખ્યાલમાં ન આવે તો એને આત્માનો અનુભવ સમ્યગ્દર્શન ન થાય અને સમ્યગ્દર્શન વિના એને ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ?

**'એક તો પ્રશ્ન એવો કે જ્ઞાન જ્ઞેયના સહારાનું છે કે...'** જ્ઞાન સ્વરૂપ આત્મા છે એ જણાવાયોગ્ય વસ્તુને લઈને છે કે પોતાને લઈને છે? સમજાણું કાંઈ? એક પ્રશ્ન એ (છે). એનો ઉત્તર પછી કહેશે.

**'બીજો પ્રશ્ન એવો કે જ્ઞાન એક છે કે અનેક છે?'** જ્ઞાનમાત્ર વસ્તુ કહેતા આત્મા જ્ઞાન એ એક છે કે અનેક છે? વસ્તુ પોતે જ, હોં! પરને લઈને નહિ. આ વસ્તુ પોતે એક છે કે અનેક છે?

**'ત્રીજો પ્રશ્ન એવો કે જ્ઞાન અસ્તિરૂપ છે કે નાસ્તિરૂપ છે?'** જ્ઞાનરૂપ વસ્તુ તે અસ્તિ છે કે નથી–નાસ્તિરૂપ છે?

**'ચોથો પ્રશ્ન એવો કે જ્ઞાન નિત્ય છે કે અનિત્ય છે?'** જીવ વસ્તુ જ્ઞાનમાત્ર ભગવાન એ નિત્ય છે, કાયમી છે કે પલટતું અનિત્ય છે? એવા ચાર પ્રશ્ન એક આત્મા માટે (ઉઠ્યા). જ્ઞાનમાત્ર કહેતા જીવમાત્ર વસ્તુ એના ચાર પ્રશ્ન ઉઠ્યા. સમજાણું?

**'તેનો ઉત્તર આમ છે,...'** એનો ઉત્તર એ પ્રકારે છે કે **'જેટલી વસ્તુ છે તે બધી દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે;...'** જગતમાં જેટલી ચીજો છે–આત્મા હો, પરમાણુ હો, ધર્માસ્તિ હો, અધર્માસ્તિ હો, આકાશ કે કાળ (હો). એ છ દ્રવ્ય જગતમાં ભગવાને જોયા છે અને છે. છે અનાદિથી છે. અણકરાયેલા, અણનાશ પામે એવા. એવી અનાદિથી છ વસ્તુ છે. તો કહે છે કે, **'જેટલી વસ્તુ છે તે બધી દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે;...'** જેટલી જગતમાં વસ્તુઓ

છે તે બધી દ્રવ્યરૂપ છે, ત્રિકાળરૂપ છે અને વર્તમાન પર્યાયરૂપ છે. સમજાણું કાંઈ? પર્યાયરૂપ શું? આ સાંભળ્યું છે 'ભગવાનભાઈ'? આટલા આટલા વર્ષથી પર્યાયરૂપ નહોતું સાંભળ્યું ત્યાં? લ્યો! કહો.

દ્રવ્ય એટલે વસ્તુ. અહીં દ્રવ્ય એટલે પૈસાનું શું કામ છે? પૈસો એક એક પરમાણુ એ દ્રવ્ય છે. પૈસામાં અનંત રજકણો છે એ એક એક રજકણ પણ વસ્તુ તરીકે દ્રવ્ય છે અને એની અવસ્થા તરીકે પર્યાય છે. જેટલી જગતમાં ચીજ છે એ દ્રવ્યરૂપ એટલે કાયમ ટકે એવી પણ છે અને એક સમયની પર્યાય પૂરતી પણ છે. દરેક વસ્તુનું એવું સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? **'તે બધી દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે;...'**

એક જણો કહેતો હતો, જૈન હોં! સાંભળે ને વળી મોટા કહેવાય. આ પર્યાય તો ત્યાં સુધી સિદ્ધ થાય તોય... શું કીધું હતું? પને પડેલી, પર્યાય પાને પડી છે? પાછળ પડી છે, લ્યો! આવા સમજનાર મોટા પાછા ડાઢા રાખે ને હજારો માણસની વાતું કરે, ભાષણ કરે અમે જૈન છીએ. પર્યાય ક્યાં સુધી પાછળ (લાગી) છે? કે, સિદ્ધ થાય તો પર્યાય પાછળ પડી છે? સમજ્યા? પર્યાય પર્યાયનું ત્યાં સુધી પૂછડું વળગ્યું, કહે છે. કહો! ખબર ન મળે. વાડામાં જન્મ્યા. વીતરાગ શું કહે છે એ દ્રવ્યની પણ ખબર ન મળે, એની પર્યાયની ખબર ન મળે ને વાત ભાષણ કરવા છે મોટા ધર્મના! આમ થાય, સજ્જનતા આમ કહેવાય, ધર્મ આમ કહેવાય. હવે પણ તને હજી દ્રવ્ય-પર્યાયની ખબર નથી (તો) ધર્મ ક્યાંથી થાય તને? કહેવાય ક્યાંથી આવી ગયું તારી પાસે? ધર્મ તો પર્યાય છે. ધર્મ એટલે કે પર્યાય છે, ધર્મ એ તો પર્યાય છે. વસ્તુ તો દ્રવ્ય ત્રિકાળ છે. સમજાણું કાંઈ? અધર્મ, ધર્મ, સિદ્ધપદ, મોક્ષમાર્ગ એ તો પર્યાય છે. હજી પર્યાય શું છે, કેમ છે એની ખબર ન મળે અને કહે, ધર્મ કરો! ક્યાંથી ધર્મ કરે? ક્યાંથી?

કહે છે, આ જગતમાં જેટલી વસ્તુઓ છે–અનંત આત્માઓ, એથી અનંતગુણા પરમાણુઓ, અસંખ્ય અરૂપી કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ એવા છ દ્રવ્યો જાતિએ, સંખ્યાએ અનંત વસ્તુ અનાદિની એમ છે. જેટલી વસ્તુ એમ. જેટલી કીધીને? જેટલી એટલે આટલી કીધી એટલી. એક વસ્તુ નથી, છ વસ્તુ છે, જાતિએ છ (છે). સંખ્યાએ અનંત (છે). એ દરેક અનંત વસ્તુ જે છે એ દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ છે. સમજાણું કાંઈ? કહો, 'પ્રવિણભાઈ'! પર્યાયરૂપ ને દ્રવ્યરૂપ ન્યાં કોઈ દિ' ક્યાં આટલા અભ્યાસ કર્યા એમાં આવ્યું હતું ક્યાંય? ભજન કરો ભગવાનનું. રામ... રામ... રામ... રામ... શું પણ રામ? આહા..!

**'તેથી જ્ઞાન પણ દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે.'** જ્ઞાન એટલે આત્મા. અહીં જ્ઞાન પ્રધાનથી વાત છે. જ્ઞાનસ્વરૂપે ભગવાનઆત્મા એ પણ દ્રવ્યરૂપ પણ છે અને પર્યાયરૂપ પણ છે. વસ્તુપણે પણ છે અને અવસ્થાપણે પણ છે. અવસ્થા એક પર્યાયમાત્ર એક સમયનો પર્યાય (અને)

પેલી ત્રિકાળ વસ્તુ. જ્ઞાન આત્મા, જ્ઞાન વસ્તુ એ બેરૂપે છે. દ્રવ્યરૂપ પણ છે, પર્યાયરૂપ પણ છે.

**'તેનું વિવરણ – દ્રવ્યરૂપ કહેતાં...'** વસ્તુરૂપે કહેવાથી. દ્રવ્ય વસ્તુ વસ્તુ. હવે અહીં એક એક જ્ઞાનમાત્ર આત્મામાં ઉતારે છે. પહેલી બધી સામાન્ય વાત કરી ગયા. બધી વસ્તુ દ્રવ્યરૂપ ને પર્યાયરૂપ છે. હવે આત્મા જ્ઞાનમાત્ર કહેવાથી તે જ્ઞાનમાત્ર પણ **'દ્રવ્યરૂપ કહેતાં નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ;...'** ભગવાન વસ્તુ નિર્વિકલ્પ, જેમાં એક સમયનો પર્યાય નહિ. સમજાણું કાંઈ? અભેદ વસ્તુ, અનંત ગુણનો પિંડ અભેદ દ્રવ્યરૂપ. જ્ઞાન, દર્શન, આનંદ અનંતા સ્વભાવ, એનું એકરૂપ–દ્રવ્યરૂપ. એ દ્રવ્યરૂપ તે નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર એટલે જ્ઞાન એકરૂપ અભેદ વસ્તુ તરીકે એને વસ્તુ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાય નહિ. નિર્વિકલ્પ અભેદ વસ્તુ, એકરૂપ વસ્તુ.

મુમુક્ષુ :– નિર્વિકલ્પ વસ્તુ એટલે...

ઉત્તર :– અભેદ, નિર્વિકલ્પ એટલે અભેદ. વિકલ્પ એટલે ભેદ. ભેદ વિનાની વસ્તુ એકરૂપ વસ્તુ. અભેદ એટલે આ બધું થઈને એમ અભેદ નહિ. આ તો એક એક વસ્તુ અભેદ એની વાત ચાલે છે આ.

મુમુક્ષુ :– અભેદ એટલે બધું થઈને અભેદને?

ઉત્તર :– હા. એમ નહિ. અહીં તો, અહીં તો દરેક વસ્તુ દ્રવ્યરૂપ પર્યાયરૂપ (છે) એમ કીધું. અને એ દ્રવ્યરૂપ પોતે છે, નિર્વિકલ્પ છે એમ કહેવું છે અહીં તો. દ્રવ્યરૂપ વસ્તુ છે તે નિર્વિકલ્પ છે એમ કહેવું છે. બધું થઈને અભેદ એમ આમાં ક્યાં આવ્યું? 'શશીભાઈ'! તેથી તો પહેલું કહ્યું હતું કે, **'જેટલી વસ્તુ છે તે દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે;...'** એમ ભગવાનઆત્મા પણ દ્રવ્યરૂપ ને પર્યાયરૂપ (છે). દ્રવ્યરૂપ વસ્તુ, વસ્તુ, વસ્તુ કહેવાથી નિર્વિકલ્પ અભેદ છે. જ્ઞાનમાત્ર પદાર્થ, ચૈતન્ય જ્ઞાયક ભાવમાત્ર પદાર્થ, વસ્તુ ભાવ સ્વભાવમાત્ર પદાર્થ એ દ્રવ્યરૂપ.

**'પર્યાયરૂપ કહેતાં...'** જરીક થોડું ધ્યાન રાખવું પડશે, હોં! અહીં જ્ઞેય બે પ્રકારે કહેશે પછી જ્ઞેય એક પ્રકારે કહેશે. સમજાણું કાંઈ? પછી આવશે, ૨૧૯ માં (પાને) આવશે. સાતમી લીટી. **'જ્ઞાન પર જ્ઞેયના સહારાનું છે...'** ત્યાં એકલું પર લેશે. એક અપેક્ષાથી વાત છે, થોડી કઠણ તો છે. અહીં કહે છે કે, વસ્તુ જે છે, વસ્તુ આત્મા જ્ઞાનમાત્ર (છે). એક સમયની પર્યાય નહિ, અવસ્થા નહિ, અંશ નહિ. અવસ્થા એક સમયની જે પર્યાય છે એ નહિ. વસ્તુ જે છે એ અનંત ગુણનું એકરૂપ, અભેદરૂપ જ્ઞાનરૂપ તે દ્રવ્ય. જ્ઞાન તે એકરૂપ જ્ઞાન તે દ્રવ્ય. હવે આ શું? જ્ઞાન તે દ્રવ્ય? જ્ઞાન તો ગુણ છે. અહીં તો જ્ઞાન એટલે જ આત્મા એમ. એકલી જ્ઞાનરૂપ વસ્તુ, જ્ઞાનરૂપ વસ્તુ, અભેદ વસ્તુ તે દ્રવ્ય. એ જ્ઞાન અભેદરૂપ વસ્તુ તે દ્રવ્ય. આહા..!

આ તો ધર્મને નામે ગડબડ ન થઈ જાય (એ માટે કહે છે). આત્મા વીતરાગ છે, નિર્વિકલ્પ છે ને અભેદ છે ને આનંદનો અનુભવ કરવો ને આ બધું નહિ. એને નામે ગોટો વળ્યો છે મોટો. એવું અત્યારે પણ એના બહાને ચાલે છે. એટલે આચાર્યે આ છેલ્લું સ્પષ્ટ કર્યું છે કે, એ બધી વસ્તુ છે એ દ્રવ્ય-પર્યાયરૂપ છે. કોઈ એમ જ કહે કે પર્યાય નથી તો એ મૂઢ છે. સમજાણું? પર્યાય શું વળી? બદલવું શું... બદલવું શું... બદલવું શું? સિદ્ધમાં પણ બદલવું? ન્યાં સિદ્ધમાંય બદલે? ન્યાંય હખ નથી પર્યાયને? 'શશીભાઈ'! આહાહા..! પણ પર્યાય તો, એ વસ્તુના બે ભાગ છે. એક વસ્તુ તરીકે કાયમની ચીજ અને એક સમયની અવસ્થા. એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..! અને અનુભવ છે એ પર્યાયમાં છે. દ્રવ્યનો અનુભવ ન હોય. દ્રવ્ય તો ત્રિકાળ એક વસ્તુ છે. જો પર્યાય ન હોય તો અનુભવ જ ન હોય. પર્યાય ન હોય તો કાર્ય વિના આ વસ્તુ શું છે એનો નિર્ણય કરનાર કોણ? આહા..! સમજાણું કાંઈ?

**'પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું...'** જાણતું થકું. જરીક ધ્યાન રાખજો. સ્વજ્ઞેય એટલે વસ્તુ, વસ્તુ આખી અને પરજ્ઞેય બધા પાંચ દ્રવ્યો, આત્મા સિવાયના બીજા બધા. એને **'જાણતું થકું...'** એને જાણતું થકું. આત્માની પર્યાયમાં સ્વજ્ઞેય આખું, એને જાણવાની પર્યાય એ પર્યાયરૂપ જે દશા એ કાંઈ દ્રવ્યરૂપ નથી. એ દ્રવ્ય પર્યાયમાં જ્ઞેયરૂપે થયું અને તેથી અહીં જાણકરૂપે પર્યાય થઈ. વસ્તુ ત્રિકાળ દ્રવ્યસ્વરૂપ ભગવાન, એનો એક સમયનો પર્યાય એ સ્વજ્ઞેય આખી ચીજ, એના જાણપણારૂપે પર્યાય પરિણમી પણ પરિણમી (તો) એક પર્યાયમાં આખું દ્રવ્ય આવી નથી જાતું. દ્રવ્યનું – વસ્તુ છે તેનું – સ્વજ્ઞેયનું વર્તમાન પર્યાયમાં જ્ઞાન આવે, વસ્તુ (એક) સમયમાં ન આવે.

પર્યાયમાં જ્ઞાન આખું આવે. દ્રવ્યનું આખું જ્ઞાન પર્યાયમાં આવે. દ્રવ્ય આખી વસ્તુ પર્યાયમાં ન આવે. સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! વસ્તુ છે ને વસ્તુ આખી? પદાર્થ નિર્વિકલ્પ વસ્તુ કીધી ને? નિર્વિકલ્પ વસ્તુ અભેદમાત્ર વસ્તુ. એ ચેતનામાત્ર વસ્તુ એક. અને પર્યાય કહેતાં, એક સમયની અવસ્થા કહેવાથી, એ વસ્તુ જે સ્વજ્ઞેય છે આખું એનું પણ અહીં પર્યાયમાં જ્ઞાન છે અને પરજ્ઞેયનું પણ અહીં પર્યાયમાં જ્ઞાન છે. તો એક સમયના પર્યાયમાં સ્વજ્ઞેય, પરજ્ઞેયનું જ્ઞાનરૂપે પરિણમન છે પણ એ પરિણમન દ્રવ્યરૂપ નથી. કહો, આરે! '...ભાઈ'! શું? એટલે શું? લ્યો! શેઠિયા ...

દ્રવ્ય છે એ સંબંધીનું, પર્યાયમાં જ્ઞાન એ સંબંધીનું હોય. એક પર્યાયમાં દ્રવ્યનું સ્વજ્ઞેય. સ્વજ્ઞેય છે એના જાણપણારૂપ જ્ઞાન પરિણમે પણ એ પર્યાય દ્રવ્યરૂપે ન થાય, દ્રવ્ય તો ત્રિકાળી છે. સમજાણું કાંઈ? હવે એની વસ્તુ એને હજી સમજવાને આટલી વાર લાગે, લ્યો! એ.. 'ભીખાભાઈ'! કેટલા વર્ષથી આ વાત ચાલે છે, નથી ચાલતી? અહીં તો કહે છે... છે જરી (સૂક્ષ્મ). પરની સાથે અત્યારે કાંઈ સંબંધ નથી. પરનું જ્ઞાન કહેશે, એક સમયનો

પર્યાય તે પરનું જ્ઞાન એમ આગળ એક અપેક્ષાથી કહેશે. સમજાણું? પર્યાયને ન માને એ પાંચ દ્રવ્યને નથી માનતો એમ કહેશે. અહીં તો અત્યારે આ પર્યાયમાં આટલો પ્રકાર પહેલો લેવો છે.

વસ્તુ છે. એક સમયમાં દ્રવ્ય વસ્તુ નિર્વિકલ્પ અભેદ (છે) અને અંશ છે, પર્યાય છે એ તો ભેદ છે. એ પર્યાય જે અંશ છે એમાં સ્વજ્ઞેયનું જ્ઞાન પરિણમે પરજ્ઞેયના રૂપે પોતાના પર્યાયધર્મમાં પરિણમન થાય. જુઓ! શું કીધું? **'સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું...'** પર્યાય–અવસ્થા. **'જાણતું થકું...'** પર્યાય–અવસ્થા જાણતું થકું. **'જ્ઞેયની આકૃતિ...'** જ્ઞેય જેવું છે તેવું. તેનો આકાર એટલે તે સ્વરૂપ. તે સ્વરૂપે **'પ્રતિબિંબરૂપ પરિણમે છે...'** જેવું સ્વજ્ઞેય છે આખું, જેવા પરજ્ઞેય છે આખા, એના જાણપણારૂપે એક સમયની પર્યાય એના આકાર એટલે જે સ્વરૂપ એવું છે એના જ્ઞાનપણે પ્રતિબિંબરૂપ જાણે કે જ્ઞાનની પર્યાયમાં આખું સ્વજ્ઞેય પ્રતિબિંબ થઈ ગયું અને પર પણ પ્રતિબિંબ થઈ ગયું. અરીસામાં જેમ પર વસ્તુનું પ્રતિબિંબ દેખાય છે ને? છે તો અરીસાની પર્યાય પણ પર પણ થઈ ગયું ને એ પર્યાયમાં અરીસો આવો છે એવો પણ ખ્યાલમાં આવી જાય. સમજાણું કાંઈ?

આવી ચીજ સર્વજ્ઞ સિવાય, વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. બીજી આત્મા આત્મા ભલે વાતું કરે. આત્મા નિર્દોષ છે ને આત્મા નિર્વિકલ્પ છે, નિર્વિકલ્પનું જ્ઞાન કરો, વિકલ્પ-બિકલ્પ ક્રિયા લપ છોડો. એ બધી વાત (કરે) પણ એ પર્યાય શું? એ છોડવું શું? અને રહેવું શું? છોડવું કઈ દશામાં થાય? સ્થિરતા રહી જાય એ કઈ દશારૂપે હોય? વસ્તુ કઈ રૂપે હોય? એના ભાન વિના એને કોઈ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય નહિ. સમજાણું કાંઈ? 'જમુભાઈ'!

**'પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ...'** એટલે પ્રતિબિંબ. આકૃતિની વ્યાખ્યા. એનું પ્રતિબિંબ એટલે જેવું જ્ઞેય સ્વ છે, જેવું જ્ઞેય પર છે જડ આદિનું, એનું અહીંયાં પર્યાયમાં પ્રતિબિંબરૂપે, પ્રતિબિંબ એટલે એ કાંઈ પડતું નથી પણ એવા ભાવરૂપે પર્યાય પરિણમે છે. સમજાણું કાંઈ? પ્રતિબિંબ એટલે જેવું સામે (જ્ઞેય) છે એવું અહીં પરિણમે છે, એમ. પ્રતિ-બિંબ. સ્વજ્ઞેય ને પરજ્ઞેય જેવું છે પ્રતિ, એવું બિંબ એટલે એ રૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? ભારે વાતું આવી. 'ઇચ્છામી પડિકમણા ઇરીયા વ્હીરીયા તસ્સ મિચ્છામિ દુક્કડમ' લ્યો ! 'ભગવાનભાઈ' આ કંઈ હતું એમાં?

અરે...! વીતરાગ માર્ગ બાપુ! એને દ્રવ્ય વસ્તુ અને એની પર્યાય શું? દ્રવ્યમાં તો અનંત ગુણનું એકરૂપ આવી ગયું. એનો એક સમયનો પર્યાય જાણ્યા વિના શેમાં અનુભવ કરવો અને શેમાંથી અનુભવની પર્યાય આવે છે? અનુભવ પલટી જાય છે તો કંઈ દ્રવ્ય પલટી જાય છે આખું? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :– છૂટકો ક્યાં છે?

ઉત્તર :– છૂટકો (કહો તો) પરાણે કરવું પડે છે એવો એનો અર્થ થાય છે. પણ જેને વસ્તુ સ્વરૂપ છે એવું જાણવું જ જોઈએ એવો જ એનો એ રસ્તો છે એમ. છૂટકો નથી એમ નહિ. આ તો જાણે પરાણે કરવું પડતું હોય એમ થાય છે કે નહિ? પણ ભાઈ! અહીં તો બધું ....

ઇ ક્યાં કોણ કહે છે? આ તો એક વાત છે. ભાઈ! એ તો કરવું જ પડશે ને શું કરે? એમ કરીને જાણે... અહીં તો ભાઈ! તોલ બહુ આકરા છે. આ વસ્તુ એવી (છે), બાપુ! એવી વસ્તુ જ છે, ભાઈ! પદાર્થ જ એવા સ્વભાવે છે, એવો સ્વભાવ છે. એમાં વસ્તુ પોકાર કરે છે એમાં બીજું લાવવું ક્યાંથી?

પોતે પોતાના પર્યાયમાં પોતાનું સ્વજ્ઞેય પરજ્ઞેય એ રૂપે (પરિણમે છે). એટલું અહીંયાં વિશેષ રૂપ પર્યાયનું લીધું છે. સમજ્યા ને? પછી આગળ પરથી લેશે. **'પરિણમે છે જે જ્ઞાન.'** છે ને? સ્વજ્ઞેય અને પરજ્ઞેયને જાણતું થકું. જ્ઞેયની આકૃતિ એટલે પ્રતિબિંબરૂપ એટલે જેવું સામે રૂપ છે એવું જાણવારૂપે **'પરિણમે છે જે જ્ઞાન.'** એટલે પર્યાય. એ પર્યાયની વ્યાખ્યા કરી. **'પર્યાયરૂપ કહેતાં...'** એમ હતું ને? એ પરિણમ્યું એ જ્ઞાન, એમ, પરિણમ્યું એ જ્ઞાન. એ પર્યાયરૂપ થયું. સમજાય છે કાંઈ? એ ન સમજાય એવી ચીજ નથી પણ એણે કોઈ દિ' અભ્યાસ કર્યો (નથી), દરકાર જ કરી નથી.

**'ભાવાર્થ આમ છે કે જ્ઞેયને જાણવારૂપ પરિણતિ જ્ઞાનનો પર્યાય,...'** ટૂંકામાં કહ્યું. ભાવ અર્થ એવો છે કે, **'જ્ઞેયને...'** જ્ઞેય એટલે સ્વ ને પર એવી જાણવા યોગ્ય જે ચીજ એને જાણવારૂપે થતી દશા–પરિણતિ એ જ્ઞાનની પર્યાય. સમજાય છે? એ જ્ઞાનની પર્યાય. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે અંશ, અંશ એટલે હાલત. **'તેથી જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં...'** આ અપેક્ષાએ જ્ઞાનની પર્યાય અવસ્થાથી કહેવા માટે **'કહેતાં જ્ઞાન જ્ઞેયના સહારાનું છે;...'** સહારા એટલે જેમાં–જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનું અંતર નિમિત્ત પડે છે. સમજાણું કાંઈ?

ક્યાંક 'નિમિત્ત' શબ્દ છે. બીજા ભાગમાં... ક્યાંક નિમિત્ત કીધું ક્યાંક હોં! નિમિત્ત છે, ક્યાંક શબ્દ છે. ક્યાં આવ્યો હશે? પેલામાં હોય ને? એમાં ને એમાં છે, એ કળશમાં, જુઓ! છે ને? ભાઈ! હમણાં થોડું મેળવ્યું હતું, હજી ઘણું બાકી છે. રાતે પછી ભાઈને બોલાવ્યા હતા. આ થોડું આટલું કર્યું પણ અંદર તર્ક ઘણા ઉઠ્યા. અમારા પંડિતજી વિના પૂરું પડે એવું નથી. આગળ એક કોર કીધું પર્યાય આમ છે ને એક કોર કીધું પર પાંચ દ્રવ્ય તે પર્યાય છે એમ કીધું છે. એટલે જરીક વિચાર માગે છે. કહો, સમજાણું આમાં? અત્યારે તો આ પ્રમાણે છે એમાં કાંઈ ઓલું નથી, બીજી અપેક્ષા એમાં ચાલે છે. શું કહે છે? સમજાણું?

**'જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં...'** ભગવાનઆત્મા એની જ્ઞાનની પર્યાય–અવસ્થા કહેવાથી તે **'જ્ઞાન જ્ઞેયના સહારાનું છે;...'** એટલે જ્ઞેય એમાં નિમિત્ત પડે છે. એટલે એ જ્ઞેયના સહારાનું

એ અપેક્ષાએ કહેવું. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન વસ્તુ જે છે ત્રિકાળ, એમાં તો કોઈ સહારો નથી, એમાં તો કોઈ નિમિત્ત છે નહિ. વસ્તુ છે એમાં શું? વસ્તુ તરીકે જ્ઞાનમાત્ર નિર્વિકલ્પ ઘન વસ્તુસ્વરૂપ, જે નિશ્ચયનયનો વિષય ધ્રુવ એમાં તો કાંઈ ભેદ નથી, એમાં કોઈ નિમિત્ત છે નહિ. ફક્ત એનો પર્યાય જે છે, જાણવારૂપે પરિણમન છે એમાં આ દ્રવ્ય, આ દ્રવ્ય એવું એમાં આવે છે એટલો એ સહારાનો પર્યાય કહેવામાં આવે છે. એટલે એ અપેક્ષાએ (સહારાનો કહ્યું). સમજાણું? પર્યાયરૂપ જ્ઞાનને કહેવામાં **'જ્ઞાન જ્ઞેયના સહારાનું છે;..'** એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઝીણું છે, ધ્યાન રાખવા જેવું છે, ભાઈ! આ તો વાત એવી છે. આ કાંઈ વાર્તા નથી. આ તો ભગવાનના ઘરની ભગવાનની વાત છે, ભાગવત્ વાત છે. સમજાણું કાંઈ? એણે એ રીતે કોઈ દિ' પરીક્ષા ને એનો નિર્ણય કર્યો નથી. એટલે એને મોંઘુ લાગે આમ. આ..હા! અને સાધારણને (તો એમ લાગે) આવું બધું? પણ આવું બધું નહિ પણ તું એવો છો જ, વળી આવું બધું શું? તું એવો જ છો, હવે છો એ રીતે જાણવો, છો એ રીતે જાણવો એમાં ઓલું શું છે? જ્ઞાનનો સ્વભાવ તો જેવું છે એમ (જાણે). પદાર્થ જેમ છે તેમ જાણવું એનું નામ પદાર્થજ્ઞાન કહેવાય ને? હેં?

જ્ઞાનનો સ્વભાવ શું? પ્રતિભાસ. એટલે જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં જાણવું એનું નામ જ્ઞાન કહેવાય છે. તો જ્ઞાનનો સ્વભાવ જ એવો છે ને વસ્તુ પણ એવી છે. જ્ઞાનમાં એ રીતે જણાય. સમજાણું કાંઈ? કહે છે, જ્ઞાન જ્ઞેયના સહારાનું (છે). જ્ઞાનને પર્યાયથી કહીએ તો આ અપેક્ષા લાગુ પડે છે. સમજાણું?

**'( જ્ઞાનને ) વસ્તુમાત્રથી કહેતાં પોતાના સહારાનું છે.'** એકલો પિંડ ચૈતન્ય દ્રવ્ય–વસ્તુ એમાં તો કોઈનું નિમિત્ત કે અપેક્ષા છે જ નહિ. ભગવાન એકાકાર અખંડાનંદ પ્રભુ! ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... .. એ (પરમ)પારિણામિક સ્વભાવ સ્વરૂપ એકરૂપ, જેમાં પરિણમવું – પર્યાયનું પરિણમવું પણ જેમાં નથી. સમજાણું કાંઈ? વસ્તુ વસ્તુ ધ્રુવ સ્થંભ, વજ્ર સ્થંભ, ધ્રુવનો વજ્ર સ્થંભ, ભગવાન ધ્રુવ દ્રવ્ય. એ વસ્તુ કહેવાથી **'પોતાના સહારાનું છે.'** એ પોતાથી જ છે, એમ ને એમ છે. એમાં કોઈ પરની અપેક્ષાથી પરિણમવું કે આમ થવું કે એવું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :– આમાં સહારાનો અર્થ શું?

ઉત્તર :– પોતે કીધું ને. **'પોતાના સહારાનું...'** એટલે પોતે પોતાથી છે એમ. સહારો પોતે પોતાથી છે. પેલું પરમાં નિમિત્તની અપેક્ષા છે, આમાં કોઈની અપેક્ષા નથી. પોતે જ પોતાથી છે, એમ. સમજાણું કાંઈ? ઓહો..!

**'વસ્તુમાત્રથી કહેતાં પોતાના સહારાનું છે.'** પોતાના સહારાનો અર્થ પોતે પોતાથી છે. ઓલામાં જરી જ્ઞેયની અપેક્ષા આવતી. આમાં કોઈ અપેક્ષા જ નથી. નિરપેક્ષ વસ્તુ અનાદિઅનંત

વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાનમાત્ર નિર્વિકલ્પ ધ્રુવ વસ્તુ (એમાં) કોઈ અપેક્ષા જ નથી. એમ ને એમ પોતાથી પોતે છે. પોતે પોતાથી છે. એ પર્યાય છે એ પોતાથી છે પણ એક અંશમાં સ્વ-પરના જાણવાની અપેક્ષા આવે છે. સમજાણું કાંઈ? ત્યાં એકલો સ્વ નથી રહેતો. આ દ્રવ્ય તો એકલું સ્વ. બિલકુલ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ અનાદિઅનંત. જ્ઞાનમાત્ર ભગવાન વસ્તુ પોતે પોતાનો સહારો એટલે બીજો કોઈ (સહારો) છે નહિ, બીજી કોઈ અપેક્ષા લાગુ પડતી નથી. 'શશીભાઈ'! આ રવિવારે વળી આવું ઝીણું આવ્યું. નહિ? આહાહા..! અરે..! ભગવાન! તું કેવડો છો એની તો વાત ચાલે છે અહીં. હવે ઇ છે એવો એ ન જાણે ને એને ધર્મ થઈ જાય? આહાહા..!

**'એક પ્રશ્નનું સમાધાન તો આ પ્રમાણે છે.'** આ પ્રમાણે છે એટલે આ થયો, એમ. **'વસ્તુમાત્રથી કહેતાં પોતાના સહારાનું છે.'** વસ્તુ વસ્તુ છે. વસ્તુને બીજું શું? ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ચિદાનંદ ભગવાન વસ્તુ એમ ને એમ, પોતે પોતાથી એમ ને એમ છે. પર્યાયમાં જરી સ્વ ને પરના જાણવાની અપેક્ષા આવે છે. કારણ કે, પર્યાયનો એક અંશ એને આખા પરનું ને એમાં આખા દ્રવ્યનું (જ્ઞાન થાય છે). સમજાણું કાંઈ? એવી અપેક્ષા પર્યાયમાં આવી તે અપેક્ષાએ પર સહારાનું (કહ્યું). આગળ હજી બીજો પણ અર્થ કરશે.

**'બીજા પ્રશ્નનું સમાધાન આમ છે કે...'** બીજા પ્રશ્નનો ઉત્તર એવો છે, સમાધાન એમ છે. **'જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનેક છે;...'** ભગવાનઆત્મા વસ્તુ તરીકે એની પર્યાય–અવસ્થા જુઓ તો અવસ્થામાં અનેકપણું છે. સમજાણું કાંઈ? અવસ્થામાં અનેકપણું છે, અનેકપણું. પર્યાયમાં અનંત ગુણનું અનેકપણું છે. પર્યાયમાં, પર્યાયમાં હોં! **'પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનેક છે; વસ્તુમાત્રથી કહેતાં એક છે.'** વસ્તુમાત્ર કહેવાથી જ્ઞાન એક છે, પદાર્થ દ્રવ્યરૂપે. પર્યાય અનેક છે. સમજાણું કાંઈ? આ તો આવું પદાર્થ વિજ્ઞાન ભગવાન સર્વજ્ઞનું કહેલું (છે). લોકો, લોકોના પદાર્થવિજ્ઞાનના બધા પાઠ શીખે, ગપ્પા મારેલા હોય એવા તો (પાઠ) હોય. શીખે ને બધા? શું શીખ્યા તમે આ બધા? આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથથી (કહેલું પદાર્થવિજ્ઞાન છે). એ તો પદાર્થ–વસ્તુ જ આવી છે. વસ્તુ જ એવી છે. પેલામાં તો તર્કથી ને અમુકથી વાત કરેલી હોય છે. આ તો પ્રત્યક્ષ વસ્તુ જ (એવી છે) અને તે પ્રત્યક્ષ એને સિદ્ધ થાય એવી વસ્તુ છે. સમજાણું?

**'બીજા પ્રશ્નનું સમાધાન આમ છે કે જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનેક છે;...'** પર્યાય છે ને અનેક? એક સમયમાં અનેક પર્યાય છે. એ પર્યાય અનેક છે. વસ્તુ તરીકે જુઓ તો એક જ છે. આમ વસ્તુ તરીકેમાં ભેદ ક્યાં છે? **'વસ્તુમાત્રથી કહેતાં એક છે.'** સમજાણું? વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... ભલે અનંત ગુણ અંદર (રહ્યા છે) પણ વસ્તુ તરીકે અભેદ એક જ છે. પર્યાયમાં એક સમયમાં પણ અનેકપણું છે. કેમકે પર્યાય અનેકને જાણે છે ને? અનેકને જાણે તો પર્યાય અનેક છે. વસ્તુ તો એક જ રૂપે છે. એમાં પરનું

જાણવું કે એવું કાંઈ એમાં આવતું જ નથી, વસ્તુમાં કાંઈ આવતું નથી. શું કીધું? લોકાલોકનું જાણવું વસ્તુમાં નથી. પર્યાયમાં આ આટલું જાણ્યું કે આટલા દ્રવ્ય (છે) એ બધું પર્યાયમાં આવે છે. એટલે પર્યાય અનેક છે. સમજાણું કાંઈ? એક પછી એક એમ નહિ, એક સમયમાં પર્યાય અનેક છે. એમ નહિ કે ઘણી પર્યાય અનેક છે ને દ્રવ્ય (એક છે) એમ નહિ. તો તો બીજા સમયનો સહારો લઈને અનેક સિદ્ધ થાય. એમ સિદ્ધ ન થાય. પર્યાય, એક સમયની પર્યાય અનેક છે.

ઇ અનેક જણાય છે એમાં. અનેકને જાણે પર્યાય અનેક છે. દ્રવ્ય કોઈ નહિ, દ્રવ્ય તો દ્રવ્યરૂપ છે. એકરૂપ વસ્તુ છે. સમજાણું કાંઈ?

**'અનેક છે; વસ્તુમાત્રથી કહેતાં એક છે.'** આ એક સમયના બે પ્રકારની વાતું છે, હોં! દ્રવ્ય, દ્રવ્ય તો એક જ છે ને પર્યાય ઘણી થઈ ગઈ માટે (અનેક છે) એમેય નહિ અહીં. વસ્તુમાત્ર દ્રવ્ય-પર્યાયરૂપ છે એમ પહેલા સિદ્ધ કર્યું હતું. એક સમયમાં સિદ્ધ કર્યું હતું ને? એ વસ્તુ તરીકે જ્યાં વસ્તુ છે એ તો એકરૂપ છે અને એનો પર્યાય જે છે અનેકને જાણે છે તો એ પર્યાય અનેક છે. વસ્તુ એક છે, પર્યાય અનેક છે. પર્યાય, એક સમયની પર્યાયને અનેક કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ નથી. આ તો એક જ પર્યાય. ભલે અનંત પર્યાય છે પણ એક જ પર્યાય અનેકરૂપ છે. સમજાણું કાંઈ? અનેકરૂપે છે ને એમાં અનેક અનંતપણું જાણવામાં અસંખ્યપણું આદિ જાણવું આવે છે ને? વસ્તુ તો વસ્તુમાં (છે). વસ્તુમાં ક્યાં છે એ અનેકપણું? એ વસ્તુ તો એકરૂપ છે. કહો, સમજાણું આમાં? એ બે પ્રશ્નના ઉત્તર થયા. આમાં કેટલું ધ્યાન રાખવું પડે? વાર્તા હોય તો બીજે ક્યાંક મગજ જાય તો તો પૂરું થઈ જાય. આમાં તો એક વાત (સાંભળતી વખતે) મગજ આખું ખસે તો આમાં શું કહેવાણું કાંઈ (સમજ) રહે નહિ.

**'ત્રીજા પ્રશ્નનો ઉત્તર આમ છે...'** ત્રીજા પ્રશ્નનો ઉત્તર આ છે કે, **'જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં જ્ઞાન નાસ્તિરૂપ છે;...'** ધ્યાન રાખજો! ભગવાનઆત્મા એનો એક સમયનો પર્યાય એક સમય પૂરતો (છે) એટલે ખરેખર કાયમની અસ્તિ નથી. તેથી એને નાસ્તિ તરીકે કહેવામાં આવે છે. સમજાણું આમાં? ન કાયમ ટકતું એટલે એને નાસ્તિ કીધું છે. આહા..! ભારે ભાઈ! પહેલા કીધું હતું કે, જેટલા દ્રવ્ય છે... આવ્યું હતું ને? એ બધા દ્રવ્ય પર્યાયરૂપ (છે). જેટલી વસ્તુ છે (તે) દ્રવ્યરૂપ ને પર્યાયરૂપ છે. પછી અહીં કીધું કે, એ જ વસ્તુને પર્યાયરૂપથી કહેવાથી જ્ઞાન નાસ્તિરૂપ છે. એટલે કે એક સમયનો પર્યાય છે એ દ્રવ્યમાં નથી અને એક સમયથી વધારે ટકતો નથી માટે એ અપેક્ષાએ તેને નાસ્તિ કહ્યો છે. છે તો એક સમયનો પણ ઉત્પાદ-વ્યય સત્. આહાહા..! સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય સત્ કીધું હતું ને? એ અપેક્ષા જુદી, અત્યારે આ અપેક્ષા પાછી જુદી (છે). આહાહા..!

વીતરાગની સ્યાદ્વાદ શૈલી અલૌકિક વાત, અલૌકિક છે. ત્રણકાળ, ત્રણલોકમાં આ વાત પરમાત્મા સિવાય બીજે હોઈ શકે નહિ. જેને એક સમયમાં ધારાવાહી જ્ઞાનમાં બધું જણાણું. ઓહો..હો..! એવું જ શ્રુતજ્ઞાન કબુલ કરે. એવું જ શ્રુતજ્ઞાન કબુલ કરે એટલી શ્રુતજ્ઞાન પર્યાયમાં તાકાત છે. ભાવશ્રુતમાં, હોં! આહા..! ભાવશ્રુતે દ્રવ્યને જાણ્યું, પરને જાણ્યું પણ એક સમયનો પર્યાય કાંઈ દ્રવ્યરૂપ થઈ ગયો? સમજાય છે કાંઈ? એક સમય જ માત્ર પર્યાય (રહે છે). એક સમય એટલે આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય. એમાં એક સમય. એ જ્ઞાનને પર્યાયરૂપ કહેવાથી જ્ઞાન નાસ્તિ છે. કાયમ એકરૂપે ટકનારું નથી, એક સમયમાત્ર (રહે છે) એ અપેક્ષાએ તેને નાસ્તિ કીધી. કહો, 'શશીભાઈ'! એક કોર ભગવાન એમ કહે કે ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્. દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત્. એ તો હોવાપણાની અપેક્ષાએ (કહ્યું), છે એટલું. અહીં એક સમયનું રહેવાપણું એની વસ્તુમાં નથી. એક જ સમય ટકે એટલે એ અપેક્ષાએ તેને નાસ્તિ કહેવામાં આવી છે. 'શશીભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– એ કાર્ય છે એ અપેક્ષાએ -

ઉત્તર :– કાર્ય જ છે એ તો, પર્યાય તો કાર્ય જ છે.

મુમુક્ષુ :– પર્યાયમાં કાર્ય છે?

ઉત્તર :– એ કાર્ય જ છે, પર્યાય પોતે જ કાર્ય છે.

મુમુક્ષુ :– એકનું કાર્ય બીજી પર્યાયમાં નથી માટે...

ઉત્તર :– ઇ નહિ. અહીં તર્ક-બર્ક ચાલે નહિ. આ તો વાત જ બીજી જાતની છે. લૌકિક તર્ક આમાં કામ ન કરે. આ તો એક સમયમાં બે લેવા છે. પેલો તમે બીજો સમય ભેળવ્યો. શું કીધું? એ બે ત્રણ વાત વચમાં થઈ ગઈ. એક સમયમાં બે બોલની અસ્તિ-નાસ્તિ લેવી છે, ભાઈ! બીજો સમય રહે નહિ (એમ નહિ). આ તો એક સમય છે એને જ નાસ્તિ કીધી છે. ત્રિકાળ નથી, ત્રિકાળ વસ્તુ નથી એ અપેક્ષાએ એને નાસ્તિ કીધી. પર્યાય ત્રિકાળ હોય જ નહિ માટે તો નાસ્તિ કીધી. સમજાણું કાંઈ? બીજો સમય ભેળવીને એમ નહિ. એ પર્યાય એક સમયની (છે) માટે ત્રિકાળ નહિ, માટે નાસ્તિ (કીધી છે). આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ તો છે એમ. ત્રિકાળ નહિ. એ પણ એક સમયનો પર્યાય છે એટલી વાત છે. એ ત્રિકાળ નથી. એક સમયનો, એક સમયનો પર્યાય સત્ છે. સત્ છે એટલે છે એટલી વાત છે ત્યાં. અહીં ત્રિકાળ છે એ વાત નહિ. બહુ આઘુ જાવું પડશે હજી એમ ઉપરટપકે નહિ ચાલે. એણે ન્યાં વળી ગોળા માર્યા હોય ને! ન્યાં 'આંકડિયા'માં. એ આમ છે ને તેમ છે. કો'કનું વાંચી વાંચીને ચોપડીમાં લખ્યું હોય. 'ભીખાભાઈ'! ભાઈ! આ તો માર્ગ... આહાહા..! ગજબ વાત! બાપુ! સત્ સ્વરૂપને સમજવું. એની જે રીતે મર્યાદા

ને સ્થિતિ છે તે રીતે (સમજવું). સમજાય છે કાંઈ? મહાન પ્રયત્ન પુરુષાર્થ માગે છે.

કહે છે, ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એને પર્યાયરૂપથી કહેતા નાસ્તિરૂપ છે. પર્યાય તો એક સમય છે ને? એ અપેક્ષાએ એને નાસ્તિ કીધી. **'જ્ઞાનને વસ્તુરૂપથી વિચારતાં જ્ઞાન અસ્તિરૂપ છે.'** એક અસ્તિત્વ. એકરૂપ રહે એને અસ્તિ કહીએ, એમ કહે છે. પિંડ એમ ને એમ રહે છે. એમ ને એમ ભગવાન ધ્રુવ એમ ને એમ એક... એક... એક..., એમ... એમ... એમ... એ અસ્તિ. સમજાણું કાંઈ? આહા..! ધર્મમાં આ શું કામનું પણ અમારે? આવી બધી વાતું કરી, લ્યો! પણ ધર્મ તે ક્યાં થાય છે? ધર્મની દશા તે ગુણ છે, પર્યાય છે કે દ્રવ્ય છે?

એક જણાને પૂછ્યું કે, આ સામાયિક દ્રવ્ય કહેવાય, ગુણ કહેવાય કે પર્યાય કહેવાય? (તો જવાબ આપ્યો), મારા ગુરુએ શીખવ્યું નથી. લ્યો! પણ મને ભાન નથી એમ કહે ને હવે. એ વાત તો ન્યાંય ક્યાં હતું તેની પાસે? પણ આ તો પાઘડી છોડીને સાધુના વેશ પહેર્યા. પછી કહે, તમે ત્રસ છો કે સ્થાવર? એવો મેં પ્રશ્ન પૂછ્યો. એવું ત્રસ, સ્થાવર મને ગુરુએ શીખવ્યું નથી. ભારે વાત, બાપા! સાધુપણું લઈ લીધું. એક જણાને સામાયિક પૂછ્યું. શ્રાવકને પૂછ્યું. પેલા તો સાધુ નામ ધરાવે. એલા સામાયિક કઈ હશે? સામાયિક દ્રવ્ય હશે, ગુણ કે પર્યાય? સામાયિક દ્રવ્ય, ગુણ, પર્યાય વળી શું હશે? ભાન ન મળે. સામાયિક શું કહેવાય? ક્યાં રહેતી હશે? કેટલા કાળની હશે? ભગવાન જાણે! સામાયિક તો વીતરાગ પર્યાયરૂપ અવસ્થા તે સામાયિક છે. દ્રવ્ય તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહા..!

જ્ઞાનને વસ્તુરૂપથી (કહેતા) વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એટલે દ્રવ્ય.. જ્ઞાયક..જ્ઞાયક.. **'વિચારતાં જ્ઞાન અસ્તિરૂપ છે.'** ત્રણ પ્રશ્નનો ઉત્તર થયો. **'ચોથા પ્રશ્નનો ઉત્તર આમ છે કે જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતાં જ્ઞાન અનિત્ય છે;...'** બદલે છે ને? અનિત્ય છે ને? કાયમ રહેતું નથી, અનિત્ય છે. **'જ્ઞાનને પર્યાયમાત્રથી કહેતા..'** વસ્તુ આત્મા જ્ઞાનરૂપે અનિત્ય છે, પર્યાયરૂપે એક સમયની અવસ્થારૂપે. કહો વળી પર્યાય અનિત્ય?

એક જણાને કીધું કે, પર્યાય અનિત્ય (છે). સાંભળવું નથી, ભાગો! અમે તો એવું સાંભળીને આવ્યા હતા કે મહારાજ કાંઈક આત્માની વાત કરે છે. ૨૦૦૦ની સાલમાં (એક) વેદાંતી બાવો હતો. (એને) એમ કે, આત્માની અધ્યાત્મની વાત કરે છે તો કેવી હશે? રાત્રે ચાલતી હતી તાકડે પર્યાય. પર્યાય? આત્માને અનિત્યપણું? ભાગ, ઉઠ. એટલે (એને) જાણે મહારાજ આત્માની અધ્યાત્મની વાત કરે છે ને એટલે બધી અમારી વેદાંત જેવી વાત છે, ઘણા લોકો એમ માને છે. જૈનમાં વસ્તુ આવી છે ને જૈન વાડાવાળાને ખબર નથી. સમજાણું? અમારે તો કર્મથી થાય, અમે કર્મથી રખડીએ એમ કહે છે. પણ તારી પર્યાયમાં ભૂલ છે એનાથી તું રખડે છો, સાંભળને! કર્મ-બર્મ કોણ રખડાવે તને? સમજાણું કાંઈ?

એ પર્યાયથી જોઈએ તો **'અનિત્ય છે; વસ્તુમાત્રથી કહેતાં જ્ઞાન નિત્ય છે.'** જ્ઞાન સ્વરૂપે

ભગવાન નિત્ય એમ ને એમ છે. વસ્તુથી નિત્ય જ્ઞાનપણું છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... પર્યાય એક સમયનો તે અનિત્ય છે. સમજાય છે કાંઈ? એક સમયનો બીજે સમય રહેતો નથી. એટલે એક સમયના પર્યાયની અપેક્ષાએ તેને અનિત્ય કહેવામાં આવ્યું.

**'આવા પ્રશ્ન કરવામાં આવતાં આ પ્રમાણે સમાધાન કરવું,...'** એમ કીધું ને? આ ચાર પ્રશ્ન કીધા ને? આવા પ્રશ્ન ઉઠે તો **'આવા પ્રશ્ન કરવામાં આવતાં આ પ્રમાણે સમાધાન કરવું, સ્યાદ્વાદ આનું નામ છે.'** લ્યો! સમજાણું કાંઈ? વેદાંતવાળા સાથે, બૌદ્ધ સાથે, ઘણા બધા સાથે (વાતો થઈ છે). અત્યારે (કહે છે ને), 'મહાવીરે' આમ કર્યું હતું, 'મહાવીરે' આમ કહ્યું હતું, એકરૂપ વસ્તુ છે. 'ઇસુ' ને 'મહાવીર' ને બધામાં એકરૂપ વસ્તુ છે. એકરૂપ એટલે શું? સમજાણું? 'ઈસુ' ને 'મહાવીર'નો આત્મા જુદા છે કે એક છે? અને એ આત્મામાં પણ પર્યાય ને દ્રવ્ય બે છે કે એ બધું એક છે?

મુમુક્ષુ :–

ઉત્તર :– ઇ તો આ લગાડી દે છે ને બધું આત્મા એક છે માટે બધું એક છે. ઇ તો ભાઈ પણ એમ કહેતા. પેલા નહોતા? 'રમણ મહર્ષિ'. એનું એક પુસ્તક મેં વાચ્યું હતું (સંવત) ૧૯૯૬ની સાલમાં. એ એમ કહે છે, હું કરું છું એ ગાંધીજી કરે છે અને ગાંધીજી કરે છે એ હું કરું છું. કારણ કે બધા આત્મા એક છે ને. ઠીક! કારણ કે, મૂળ ચીજની જ ખબર ન મળે એટલે પછી ગોટા ઉઠ્યા વિના રહે જ નહિ. કહો, સમજાણું? એમ લખ્યું છે, એનો મોટો લેખ છે. મોટું પુસ્તક છે, પુસ્તક છે ને? ત્યાં 'અમરેલી' (સંવત) ૧૯૯૬ની સાલમાં વાંચ્યું છે. ગપ્પેગપ. વસ્તુને જાણ્યા વિના લોકોને ઓ..હો..! 'રમણ મહર્ષિ', પેલો કે, 'અરવિંદ ઘોષ', પેલો કહે, 'ઈસુ' એવા બધા ઘણા (છે). આ જૈનમાંય ગોટાના પાર ન મળે. જરીક કો'ક કાંઈક દયા માટે જાય તો કહે, 'ઈસુ'નો અવતાર છે. લ્યો! પણ એલા શું તું કહે છો? કાંઈ ખબર ન મળે. એવા ને એવા. માણસને કાંઈ ખબર ન મળે. સમજાણું?

આ ચાર પ્રશ્ન આ રીતે જો ઉઠે તો એનું સમાધાન આ રીતે કરવું એનું નામ સ્યાદ્વાદ કહેવાય છે. અપેક્ષાએ આ વસ્તુને સિદ્ધ કરવાની આ રીત છે. વસ્તુમાં એવું સ્વરૂપ છે. સમજાણું? એ સિવાય એકાંત માને તો એ સ્યાદ્વાદ છે નહિ અને વસ્તુ એવી નથી. **'વસ્તુનું સ્વરૂપ આવું જ છે,...'** જુઓ! છે ને? **'આવા પ્રશ્ન કરવામાં આવતાં આ પ્રમાણે સમાધાન કરવું, સ્યાદ્વાદ આનું નામ છે. વસ્તુનું સ્વરૂપ આવું જ છે, તથા આ પ્રમાણે સાધતાં વસ્તુમાત્ર સધાય છે.'** એમ કીધું પાછું. એ જ પ્રકારે સાધવાથી, સિદ્ધ કરવાથી વસ્તુ જેવી છે તે રીતે સધાય છે. તે રીતે જ વસ્તુ સિદ્ધ થઈ શકે છે એટલે વસ્તુની સાબિતી થાય, બીજી રીતે સાબિતી હોઈ શકે નહિ.

**'જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવો વસ્તુને તે વસ્તુરૂપ છે તથા તે જ વસ્તુ પર્યાયરૂપ છે એમ માનતા નથી,...'** દેખો! સમજાય છે? વસ્તુ વસ્તુરૂપ છે એ જ વસ્તુ પર્યાયરૂપ છે. બે (અંશ

છે)? હા, બે (છે). જે વસ્તુ આત્મા છે એ વસ્તુરૂપ પણ છે, એ જ વસ્તુ પર્યાયરૂપ પણ છે. અવસ્થારૂપ પણ એ જ વસ્તુ છે. એ અવસ્થા કો'કની અને વસ્તુ કો'કની એમ નહિ. સમજાણું કાંઈ? એ પોતે ધ્રુવ છે એ જ પર્યાયરૂપે વર્તમાન અંશરૂપે છે. બે થઈને આખી વસ્તુ છે. 'પ્રવિણભાઈ'!

**'તે જ વસ્તુ પર્યાયરૂપ છે એમ માનતા નથી,...'** અજ્ઞાની એમ માનતા નથી. આ શું વળી? એમ કે બદલે બદલે એ બધું કર્મ, વસ્તુ નહિ. બદલે એ બધી પ્રકૃતિઓનો સ્વભાવ (છે). કહે છે ને પેલા સાંખ્ય? બધું પ્રકૃતિનું, બદલે એ બધું પ્રકૃતિ. આત્મા બદલે બદલે નહિ. એમ નથી. આત્મા પર્યાયે પલટે છે ને વસ્તુ એ ની એ રહે છે. એ વસ્તુ એવી છે, ભાઈ! તારે કામ કરવું છે? તું એમ કહે કે, અમે અધર્મ કરીએ છીએ. હવે મારે ધર્મ કરવો છે, લ્યો! એમાં બધા પ્રશ્ન આવા ઉઠે. સમજાણું? એનો અર્થ થયો કે મારે ધર્મ કરવો છે ને? સારું કરવું છે એમ ને? ત્યારે એનો અર્થ કે, એની દશામાં સારું નથી. દશામાં સારું નથી કે વસ્તુમાં સારું નથી? જો વસ્તુમાં સારું નથી એમ હોય તો પાછું તો અસારું પલટાવવું છે, અસારું કાઢી નાખવું છે. અસારું કાઢીને સારું કરવું છે તો એ તો અવસ્થામાં અસારું કાઢે ને સારું થાય, વસ્તુમાં છે એમાં કાંઈ? સમજાણું કાંઈ? તો વસ્તુ વસ્તુરૂપે નક્કી કર્યા વિના અસારું કાઢવું છે ને સારું થવું છે એ બધું પર્યાયમાં થાય છે. બરાબર છે?

અહીંયાં કીધું હતું ને? જ્ઞાન જ્ઞેયનું કારણ, પર્યાયરૂપ પર્યાય છે એમાં અપેક્ષા છે, વસ્તુમાં અપેક્ષા નથી. પરને જાણવું આદિ જ્ઞાનની પર્યાયમાં છે, વસ્તુમાં એ નથી. આ રીતે વસ્તુને નક્કી કર્યા વિના મારે ધર્મ કરવો એમ ક્યાંથી સિદ્ધ થશે? નિરપેક્ષ વસ્તુ એ છે એનું લક્ષ કર્યા વિના, પર્યાયમાં એના આશ્રય વિના ધર્મની પર્યાય પ્રગટ શી રીતે થશે? સમજાણું કાંઈ? એમ એકરૂપ છે એનો આશ્રય કર્યા વિના પર્યાયમાં અનેકપણાની પર્યાય પ્રગટ શી રીતે થશે? નિત્ય છે એમાં આનો આશ્રય કર્યા વિના અનિત્યની પર્યાય શી રીતે પ્રગટ થશે? સમજાણું કાંઈ? પર્યાય એક સમયની અને ધ્રુવ ત્રિકાળ છે. માટે એ અસ્તિરૂપ છે. એ અસ્તિનો આશ્રય કરવો. એથી એ પર્યાય (ભલે) નાસ્તિ (કહી), ત્રિકાળ નથી રહેતી પણ એવી પર્યાય એને આશ્રયે પ્રગટ થાય છે. એટલે ચારે બોલ (આમ છે). જેને ધર્મ કરવો એને આ રીતે વસ્તુ એમાં આવી જાય છે.

**'સર્વથા વસ્તુરૂપ માને છે અથવા સર્વથા પર્યાયમાત્ર માને છે, તે જીવો એકાન્તવાદી મિથ્યાદષ્ટિ કહેવાય છે;...'** લ્યો! વસ્તુ એકાન્ત સર્વથા એક જ રૂપ છે કે નિત્ય જ છે કે ધ્રુવ જ છે અને એને અનિત્ય કે અનેક નથી એમ માનનારા સર્વથા વસ્તુ વસ્તુરૂપે માને અને સર્વથા પર્યાય પર્યાયરૂપે માને પણ બે સહિત આખી ચીજ માને નહિ એ જીવ એકાન્તવાદી મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે. મોટા ભણેલા હોય મોટા ગમે તેવા મોટા મહંત નામ ધરાવતા હોય પણ પર્યાય ને દ્રવ્ય બે થઈને વસ્તુ એમ ન માને એ એકાંત મિથ્યાદષ્ટિ

અજ્ઞાની છે. એને ધર્મ-બર્મ હોતો નથી. ભલે એ નિર્વિકલ્પ(ની) વાતું કરે અનુભવ આમ ને ઢીકણું આમ ને ફલાણું આમ પણ એને કાંઈ ધર્મ હોતો નથી. ઇ કેમ? એ વાત વિશેષ કહેશે... ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

---

**માગશર સુદ ૧૩, સોમવાર તા.૬.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૪૮ પ્રવચન - ૨૬૧**

આ 'કળશ-ટીકા', 'સ્યાદ્વાદ અધિકાર'. એમાં 'સ્યાદ્વાદ અધિકાર'માં બીજો કળશ છે. અહીંયાં સુધી આવ્યું, જુઓ! ૨૧૮ પાને નીચે આવ્યું. **'સર્વથા વસ્તુરૂપ માને છે...'** નીચેથી ચોથી લીટી. વસ્તુને સર્વથા વસ્તુરૂપ--દ્રવ્યરૂપ માને છે અથવા સર્વથા પર્યાય(રૂપ) માને છે **'તે જીવો એકાન્તવાદી મિથ્યાદષ્ટિ કહેવાય છે;...'** સમજાણું કાંઈ? પદાર્થ છે એ પરના સંબંધ વિના દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. પોતાનો સ્વભાવ દ્રવ્ય એટલે કાયમ ધ્રુવરૂપ રહેવું, પર્યાય એટલે એનું પરિણમન. એ વસ્તુનું દ્રવ્ય-પર્યાયરૂપ (સ્વરૂપ છે). એમાં સર્વથા દ્રવ્યરૂપ માને તો એકાંત મિથ્યાત્વ છે. સર્વથા એક અવસ્થારૂપે માને તોપણ એકાંત મિથ્યાત્વ છે.

**'કારણ કે વસ્તુમાત્ર માન્યા વિના...'** વસ્તુ વસ્તુ સ્વરૂપ છે. દ્રવ્ય તરીકે ત્રિકાળ ધ્રુવ (છે) એને માન્યા વિના **'પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી;...'** સમજાણું આમાં? 'ભીખાભાઈ'! વસ્તુમાત્રને માન્યા વિના પર્યાય એક અંશ માત્રની અવસ્થામાત્ર માનવાથી પર્યાયમાત્ર પણ સધાતી નથી. એ પર્યાય સિદ્ધ નહિ થાય. વસ્તુ આખી છે એને માન્યા વિના એકલો પર્યાય માનવા જાવ તો એ પર્યાય સિદ્ધ નહિ થાય. કોની પર્યાય? કોનો અંશ? વસ્તુને સિદ્ધ કર્યા વિના અંશ જે પર્યાય એ સાબિત નહિ થાય. સમજાણું કાંઈ? એ પર્યાય કો'કને લઈને નહિ, એને પોતાને લઈને (છે). **'ત્યાં અનેક પ્રકારે સાધન-બાધન છે,...'** યુક્તિઓ સિદ્ધ કરવા માટે (પણ છે) અને વિરોધની વૃત્તિઓ પણ છે. **'અવસર પ્રાપ્ત થયે કહીશું;...'** એટલી વાત સંકેલી લીધી.

**'અથવા પર્યાયરૂપ માન્યા વિના વસ્તુમાત્ર માનતાં...'** અવસ્થા ન માને ને એકલી વસ્તુ જ માને (ત્યાં) **'વસ્તુમાત્ર પણ સધાતી નથી;...'** અંશ વિના, અંશી ત્રિકાળ કોણ છે એ પણ સિદ્ધ થઈ શકે નહિ, સાબિત નહિ થઈ શકે. **'ત્યાં પણ અનેક યુક્તિઓ છે, અવસર પ્રાપ્ત થયે કહીશું.'** એટલું ત્યાં કહ્યું.

**'તે બાબતમાં કોઈ મિથ્યાદષ્ટિ જીવ જ્ઞાનને પર્યાયરૂપ માને છે,...'** હવે અહીંથી વાત લેવી છે. 'જ્ઞાન' શબ્દે આત્મા જ્ઞાનસ્વરૂપ ધ્રુવ જ્ઞાન ત્રિકાળ. એ જ્ઞાનને પર્યાયરૂપ માને,

અવસ્થારૂપ માને, **'વસ્તુરૂપ માનતો નથી;...'** વસ્તુ ધ્રુવ છે. ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વજ્ઞાનરૂપ ત્રિકાળ છે એને ન માને. **'એવું માનતો થકો જ્ઞાનને જ્ઞેયના સહારાનું માને છે.'** જ્ઞાનને જ્ઞેયનું અવલંબન નિમિત્ત છે એથી એના સહારાનું, એના અવલંબનનું જ એકલું જ્ઞાન છે એમ માને છે. જ્ઞાનની પર્યાય પરની અપેક્ષા રાખે છે, કે જેવું પર છે એવું અહીં જાણવાની પર્યાય પરિણમે છે. એવું પરિણમવામાં પરની અપેક્ષા છે એટલું ન માનતા એ પરના સહારાનું જ જ્ઞાન માને છે. એ પર્યાય પરથી થઈ છે એમ માને છે.

'परेणजायते पर्यायः' એક શબ્દ આવ્યો હતો. ખબર છે? કહો, સમજાણું? જ્યારે અહીં બહુ સિદ્ધ કરવા માંડ્યું કે, પર્યાય પર્યાયથી છે, પર્યાય પરથી નથી. સામે એવી પણ દલીલ આવી કે, 'परेणजायते पर्यायः' પંડિતો તરફથી, હોં! પરથી થાય તે પર્યાય. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'એવું માનતો થકો જ્ઞાનને જ્ઞેયના સહારાનું માને છે.'** ભગવાનઆત્માની વર્તમાન એક સમયની પર્યાય, જેને જ્ઞેય ભેદે, જ્ઞેયના ભેદે, જ્ઞેયના પ્રકારે જ્ઞાનનું પરિણમવું પર્યાયમાં પોતામાં પોતાથી થાય છે. સમજાણું કાંઈ? વસ્તુમાં એમ નથી, વસ્તુ તો એકરૂપ ધ્રુવ છે. જ્ઞેય એટલે જણાવા યોગ્ય વસ્તુના ભેદે, પ્રકારે, અનેકતાએ જ્ઞાનનો પર્યાય તે રૂપે, જ્ઞેયભેદે ભેદરૂપે પરિણમે એટલી એની મર્યાદા છે. અહીં તો કહે છે કે, એ જ્ઞાનની પર્યાય પરને સહારે ને એવું જ જ્ઞાન અહીં થાય છે માટે એ પર્યાય જ એની છે. એમાં જ હું (પરમાં) ચાલ્યો ગયો છું, એ રૂપે જ હું છું. સમજાણું કાંઈ? પોતાનો પર્યાય પરમાં અર્પી દીધો. પોતે તત્‌રૂપે ન રહ્યો. એ અહીં પ્રશ્ન છે ને? અતત્ છે, પરથી અતત્ છે. એને ઠેકાણે હું પરથી જ તત્ છું. પરથી જ તત્ છું, મારો પર્યાય પરથી જ તત્ છે એમ (માને છે). કર્મ છે તો વિકારની પર્યાય થાય છે ને? પરથી તત્ છે ને પર્યાય? શું વિકાર પર્યાય કાંઈ પોતાના દ્રવ્યમાંથી આવે છે? વિકારી પર્યાય વિકાર છે એ કાંઈ દ્રવ્યમાંથી આવે છે? વિકાર કર્મના નિમિત્તમાં પરિણમે છે એથી તે રૂપે પર્યાય છે એમ માનનારા પર્યાયને વાસ્તવિકપણે માનતા નથી. મારો પર્યાય ભિન્ન છે એને એ માનતા નથી. સમજાણું?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે આ પ્રમાણે તો એકાન્તરૂપે જ્ઞાન સધાતું નથી,...'** એ જ્ઞાન સાધી શકાશે નહિ, જ્ઞાનનું હોવાપણું સિદ્ધ થઈ શકશે નહિ. **'તેથી જ્ઞાન પોતાના સહારાનું છે; એમ કહે છે :–'** એ રીતે જ્ઞાન પોતાના સહારાનું, પોતાના અવલંબનનું, પોતાના આશ્રયનું છે એ વાત સિદ્ધ કરે છે. અહીં સુધી તો બધી વાત અમુક લીધી. હવે શ્લોકનો શબ્દ શરૂ થાય છે. અહીં સુધી તો આખી ન્યાયની વાત સિદ્ધ કરી.

હવે (કહે છે), **'पशोः ज्ञानं सीदति'** અહીંથી વાત ઉપાડી, લ્યો! પછી **'बाह्यार्थैः'** પછી નાખશે. **'पशोः ज्ञानं सीदति'**. **'पशोः'** પશુ, સંસ્કૃતમાં પશુનો અર્થ કર્યો છે. **'पश्यते, बध्यते कर्मे इति पशुः'** અજ્ઞાની. **'पशुः पश्यते, बध्यते इति अज्ञानी'** અજ્ઞાની કર્મથી બંધાય

છે કેમ કે એનો પર્યાય, ભેદ વડે, અનેક ભેદો વડે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમતા એ જ્ઞાનનો પર્યાય જાણે પરમાં ચાલ્યો ગયો એમ માનનાર અજ્ઞાની નવા અજ્ઞાન આદિ કર્મથી બંધાય છે માટે તેને પશુ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

**'पशोः ज्ञानं सीदति' ('पशोः') 'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જેવું માને છે કે જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે,...'** પહેલેથી સિદ્ધ કરી ગયા હતા ઓલામાં. સમજાણું? કે, જ્ઞાન પછી **'પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું...'** પહેલેથી આઠમી લીટી છે ને? જ્ઞાન પર્યાયરૂપ કહેતા સ્વજ્ઞેયને જાણે અને પરજ્ઞેયને જાણે છે. સમજાણું કાંઈ? જ્ઞેય આખી ચીજ સ્વવસ્તુ અને પરવસ્તુ. એનો વર્તમાન પોતાનો એક સમયનો પર્યાય એ સ્વજ્ઞેયને ને પરજ્ઞેયને જાણવારૂપે પર્યાય એક સમયની પરિણમે. સમજાણું કાંઈ?

(આ) 'સ્યાદ્વાદ અધિકાર' છે, ઝીણો છે. એક સમયનો પર્યાય સ્વજ્ઞેય આખું એને જાણવારૂપે પરિણમે અને પરજ્ઞેય આખું એને જાણવારૂપે પરિણમે એક સમયનો પર્યાય, (એ-રીતે પરિણમે) છતાં એ પર્યાય દ્રવ્યરૂપ ન થાય. તેમ પરદ્રવ્યરૂપે ન થાય. સ્વદ્રવ્યરૂપે પણ ન થાય અને પરદ્રવ્યરૂપે પણ ન થાય. સમજાય છે કાંઈ? એ પહેલું કહી ગયા હતા. જુઓ! કહ્યું ને? **'પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન.'** એ પર્યાય છે. દ્રવ્યનો જ્ઞાન પર્યાય, જ્ઞાન ગુણ ત્રિકાળ, એનો એક સમયનો પર્યાય સ્વજ્ઞેય આખા રૂપને જાણવારૂપે પરિણમે, પરજ્ઞેય આખાને જાણવારૂપે પરિણમે ખરો. એનું જેવું સ્વરૂપ સ્વજ્ઞેયનું ને પરનું એમ જાણવાપણે પર્યાય પરિણમે ખરી. એ રીતે પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય, પરજ્ઞેયને જાણતા જ્ઞાન પરિણમે એટલું કહેવામાં આવે. **'તેથી જ્ઞાનને પર્યાયરૂપથી કહેતાં જ્ઞાન જ્ઞેયના સહારાનું છે;...'** એમ કહેવામાં આવે છે એમ પહેલા કહ્યું હતું. એ વાત તો સાચી છે.

અહીં પાછું કહે છે અજ્ઞાની **'पशोः सीदति'** પશુ. જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે એટલું એણે રાખ્યું. સમજાણું કાંઈ? નહિતર જ્ઞાનનો એક સમયનો પર્યાય સ્વજ્ઞેય ને પરજ્ઞેયને જાણવારૂપે પરિણમે એ અપેક્ષાએ, જ્ઞેયનું આલંબન છે એ અપેક્ષાએ પરના સહારાનું છે એમ કહેવામાં આવે છે. એ તો વ્યાજબી છે કહે છે. એ તો પર્યાયનું એમ કહેવું-જાણવું વ્યાજબી છે પણ એ પર્યાયમાં સ્વજ્ઞેય આખો પડ્યો રહ્યો. પર્યાયમાત્ર માને છે એમ લેવું છે ને અહીંયાં? **'જ્ઞાનને પર્યાયરૂપ માને છે,...'** ત્રીજી લીટી. ૨૧૯ (પાને). જ્ઞાનને એકલું પર્યાયરૂપ માને છે. એ પર્યાય પણ કેવો? કે, જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે એમ માને છે. સમજાણું કાંઈ? સ્વજ્ઞેય પડ્યો રહ્યો. કારણ કે સ્વદ્રવ્યને તો માનતો નથી, પર્યાયને માને છે. હવે એ પર્યાયમાં પણ પરના સહારાથી પર્યાયને માને છે. એટલી એની પર્યાય પણ પરમાં ડૂબી ગઈ. સમજાણું કાંઈ?

જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે એમ સાચી વાતમાં સ્વજ્ઞેય પરજ્ઞેયનું જ્ઞાન હતું. સમજાણું

કાંઈ? જ્ઞાનનો એક સમયનો પર્યાય એ પર્યાય કહેવાથી એ સ્વજ્ઞેય આખું અને પરજ્ઞેય એને જાણવારૂપે પર્યાય પરિણમે એવી અપેક્ષાએ જ્ઞાનનો પર્યાય જ્ઞેય–પર સહારાના આલંબનવાળો છે એમ કહેવાય. એ વાત એ રીતે તો વ્યાજબી છે કહે છે. પણ એ જ્ઞાનના પર્યાયને એકલા પરજ્ઞેયના સહારામાં માનવો અને પરજ્ઞેય છે તો જ્ઞાન પર્યાય થઈ છે એમ માનવું એ એકાંત મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? નવરા હોય ઇ આવી વાતું સમજે, નહિ? એ કરતા પૂજા, ભક્તિ, વ્રત કરે એ કેવું? સાવ સહેલું. પૂજા, ભક્તિ, દાન કરે એને રોટલા ઓછા કરવા ને ખાવું.... જાઓ! આહાહા..!

અહીં તો કહે છે કે, વસ્તુ આમ-આમ નજરમાં એને દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... એકરૂપ અને એક સમયનો પર્યાય એ વસ્તુનું સ્વરૂપ (છે). દ્રવ્ય છે એ તો નિર્વિકલ્પ અભેદ એકરૂપ વસ્તુ. પર્યાય જે છે એક સમયનો, એક સમયનો પર્યાય એ પર્યાય તરીકે કેમ કહ્યો? કે એ પર્યાય સ્વજ્ઞેય ને પરજ્ઞેયનું જે સ્વરૂપ છે એવો એ જ્ઞાનનો પર્યાય પરિણમે છે. પરિણમે છે એટલે એને જ્ઞેયના સહારાનો (કહેવામાં આવ્યો). જ્ઞાન પર્યાય છે એ અપેક્ષાએ જ્ઞેય થયું ને પર? એ અપેક્ષાએ જ્ઞેયના સહારાનો પર્યાય કહેવાય. એ તો વસ્તુની સ્થિતિ છે. પણ એ ભગવાન જ્ઞાન વસ્તુ જે ત્રિકાળ છે એનો એક સમયનો પર્યાય જ માનવો, વસ્તુને ન માનવી અને એક સમયનો પર્યાય પણ પરજ્ઞેયના સહારાનો છે એટલું ફેરવ્યું. સમજાણું કાંઈ? એ પર્યાય ફક્ત પરજ્ઞેય છે તો થાય છે. આમ નીચે દાખલો આપશે. ઘટ છે તો ઘટ જ્ઞાન થાય છે, પટ છે તો પટ જ્ઞાન થાય છે. (એવું) પ્રત્યક્ષ છે. પણ ઓલું જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છે તો જ્ઞાનરૂપે પર્યાય પરિણમે છે ત્યારે ઓલું ઘટરૂપે જ્ઞાન થયું એને ઘટરૂપે જ્ઞાન કહેવાય, વ્યવહારે કહેવાય છે. સમજાણું કાંઈ? 'સ્યાદ્વાદ અધિકાર'માં જૈન દર્શન સિવાય આવી વાત ક્યાંય હોતી નથી. એટલે આ વાત સિદ્ધ કરવા માગે છે. સમજાણું?

**'જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે, ત્યાં એવું માનતાં...'** આ બાજુ આપણે ચાલે છે ત્યાં. **'જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવની સત્તા નષ્ટ થાય છે...'** **'સીદતિ'** છેદાય છે. શું કહે છે? ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય. અહીં 'જ્ઞાન' શબ્દે જ્ઞાન પ્રધાન વાત છે. આત્મા ભલે લ્યો પણ જ્ઞાન પ્રધાન વાત છે. એ જ્ઞાન કાયમનું જે ધ્રુવ, દ્રવ્ય એટલે ધ્રુવ, એ ધ્રુવ વસ્તુ જ્ઞાન અને એક સમયનો પર્યાય. એ એક સમયનો પર્યાયમાત્રથી જો માનવો હોય તો એ પર્યાય એવી રીતે મનાય કે, જ્ઞેય સ્વજ્ઞેય ને પરના સહારાનો પર્યાય માનવો એ તો અપેક્ષાએ પરના અવલંબનવાળી પર્યાય કહેવાણી, પણ એકલો જ પર્યાય માનવો અને દ્રવ્ય એટલે ધ્રુવ જ્ઞાન ન માનવું અને એ પર્યાયને એકલા પરજ્ઞેયના સહારાનું માનવું (એમાં જીવની સત્તા નષ્ટ થાય છે). સમજાણું કાંઈ?

**'જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવની સત્તા નષ્ટ થાય છે અર્થાત્ અસ્તિત્વપણું વસ્તુરૂપતાને પામતું નથી.'** એક સમયનો પર્યાય પણ સિદ્ધ થતો નથી અને વસ્તુ પણ સિદ્ધ થતી નથી. સમજાણું

કાંઈ? કારણ કે, પરને લઈને પર્યાય થયો. આત્મા એક વસ્તુ છે ત્રિકાળ જ્ઞાન ધ્રુવ છે એનાથી પર્યાય થયો એમ તો સ્વજ્ઞેયનો પર્યાય થયો એ તો એણે જાણ્યું નહિ. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે એકાન્તવાદીના કથનાનુસાર વસ્તુનો અભાવ સધાય છે, વસ્તુપણું સધાતું નથી;...'** જ્ઞાનરૂપ વસ્તુ એને એક સમયમાત્રનો પર્યાય સાધવા જતાં એ પર્યાય પણ સિદ્ધ થતી નથી. કારણ કે, એ પર્યાય કોની? અને પર્યાય કેમ પરિણમી? કે, પરના સહારાની પર્યાય. પર હતું તો થયું, ઘટ હતું તો જ્ઞાન થયું, પટ હતું તો જ્ઞાન થયું. આ શબ્દ છે તો ત્યાં જ્ઞાન થાય છે. સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ના પાડે છે અહીં. એ અપેક્ષાએ એમ કહેવાય પણ એકલા પર સહારાનું જ્ઞાન (માનો તો) આખો જ્ઞેય (અર્થાત્) જ્ઞાન રહી ગયો. આખો જ્ઞાનરૂપી જ્ઞેય રહી ગયો. એનો પર્યાય આ પર્યાય એકલો માનવા જતા આખો જ્ઞેય ઊડી જાય છે અને એ પર્યાય પર સહારાનો જ માનવામાં આવે તો એ પર્યાય પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? ગુજરાતી સમજતે હો ન?

**'વસ્તુપણું સધાતું નથી;...'** જ્ઞાન ધ્રુવ જ સધાતું નથી ને એનો પર્યાય પણ અંશે જે સ્વતંત્ર છે (તે પણ સધાતી નથી). છે પર્યાય પરના અવલંબનની અપેક્ષાવાળો ને સ્વના અવલંબનની અપેક્ષાવાળો. સ્વ એટલે જ્ઞેય આખું અને પર. એના અવલંબને (છે) પણ એને ઠેકાણે એકલો પર્યાય સિદ્ધ કરવા જાય ત્યાં સ્વજ્ઞેય આવતું નથી અને પરજ્ઞેયના સહારાનો પર્યાય એકલો થઈ ગયો. એટલે પર્યાય કોની એમ સિદ્ધ કાંઈ થતું નથી. સમજાણું કાંઈ?

**'કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવ આવું માને છે - કેવું છે જ્ઞાન?'** હવે આવ્યું. **'बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्'** પશુ લઈને લીધું પહેલું. **'पशोः ज्ञानं सीदति'** એ બીજા બોલનો પહેલો શબ્દ લીધો. બીજી લીટી છે ને? **'पशोः ज्ञानं सीदति'** બીજો શું કહેવાય? (શ્લોકની) બીજી લીટી. **'पशोः ज्ञानं सीदति'** અજ્ઞાનીનું જ્ઞાન **'सीदति'** એટલે નાશ પામી જાય છે. એવો પહેલો અર્થ કર્યો. પર્યાયમાત્ર માનતા, તે પર્યાયને એકલા પરજ્ઞેયના સહારાનું માનતા તે વસ્તુ જ્ઞાનસ્વરૂપ તે **'सीदति'** નામ નાશ થઈ જાય છે.

અજ્ઞાનીનું જ્ઞાન તત્-અતત્‌ને કારણે તત્પણું રહ્યું નહિ. એને અતત્ છે એને જ કારણે આ બધું થયું એમ માનીને જ્ઞાનનો નાશ થઈ જાય છે. કહો, સમજાણું આમાં? આ શબ્દ પડ્યા છે તો આંહીં જ્ઞાન થાય છે, લ્યો! જુઓ! જ્ઞાન તો એવું થાય છે કે નહિ? એવું થવા છતાં, આના સહારાની અપેક્ષા ભલે હો પણ એ જ્ઞાનનો પર્યાય જ્ઞેય, જ્ઞેય આખું જે જ્ઞાન છે એનું પરિણમન પરિણમતા સ્વ ને પરની અપેક્ષા રાખીને એ પરિણમે છે. એને ઠેકાણે એકલી પરની અપેક્ષા રાખીને પર્યાય પરિણમે છે (એમ માનવા જતા) એ એકાંત મિથ્યાત્વમાં વસ્તુ કોઈ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? આ તો બધી લોજીકની વાત છે.

આ રીતે **'એકાન્તવાદીના કથનાનુસાર વસ્તુનો અભાવ સધાય છે, વસ્તુપણું સધાતું નથી; કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવ આવું માને છે - કેવું છે જ્ઞાન?'** **'बाह्यार्थैः परिपीतम्'** **'જ્ઞેય વસ્તુઓ દ્વારા સર્વ પ્રકારે ગળી જવામાં આવ્યું છે.'** શું કીધું? એક સમયનો પર્યાય બાહ્ય પદાર્થ જેવો છે એવો અહીં પરિણમે છે એથી જાણે બાહ્ય અર્થથી જ આ થયેલું છે એમ માનીને એ જ્ઞાનનો પર્યાય બાહ્ય અર્થ પી ગયો. જ્ઞાનનો પર્યાય પરરૂપ થઈ ગયો. સમજાણું કાંઈ? આ શબ્દ પડે છે તો જ્ઞાન થયું. એટલે જ્ઞાનનો પર્યાય શબ્દરૂપ થઈ ગયો. એને લઈને જ્ઞાન થયું કહે છે ને? સમજાણું કે નહિ?

જેનામાં જ્ઞાન શક્તિ આખી ધ્રુવ છે એમાંથી પર્યાય થઈ. એમાં ભલે આ રીતે થાય પણ શક્તિ ધ્રુવ છે એમાંથી આવી છે કે નહિ એ? કે, એ પર્યાય આને લઈને આવી છે? શબ્દને લઈને આવી છે? ઘટને લઈને આવી છે? પટને લઈને આવી છે? સમજાણું કાંઈ? 'જમુભાઈ'! એ વળી પછી. અહીં પર્યાય જે એક સમયનો છે એને જેવા નિમિત્તો સંબંધીનું જ્ઞાન થાય છે એથી એમ જ માને છે કે, આ જ્ઞાનનો પર્યાય આને લઈને થયો. એટલે જ્ઞાનનો પર્યાય દ્રવ્ય પી ગયું. જ્ઞાનનો પર્યાય... આવ્યું ને? **'बाह्यार्थैः'** **'જ્ઞેય વસ્તુઓ દ્વારા...'** **'परिपीतम्'** **'સર્વ પ્રકારે...'** પરિ છે ને? પરિ એટલે સર્વ પ્રકાર. પીતમ્ એટલે ગળી ગયું. બાહ્ય પદાર્થ એનો પર્યાય ગળી ગયો. એક સમયનો પર્યાય (ગળી ગયો).

મને તો આમ ભગવાનના દર્શન થયા માટે એને લઈને આ જ્ઞાનનો પર્યાય થયો, લ્યો! એવો થાય પર્યાય કે બીજો થાય ત્યાં? ત્યાં એ જ્ઞાનના પર્યાયમાં શું આવે? કે, હું ભગવાનને જાણું છું. એવો પર્યાય થાય કે નહિ? એ પર્યાયમાં એનું કારણ થયું કે એને કારણે થયો કે નહિ? પર્યાયમાત્ર માનનાર, ધ્રુવપણામાંથી દ્રવે છે ત્યારે ઓલું ભલે નિમિત્ત છે એવું અહીં જ્ઞાન થાય એમ નથી માનતો. એકલો પર્યાયમાત્ર માનનાર આને લઈને જ્ઞાન થાય (એમ માને છે) એટલે એ પર્યાય પર પી ગયું. સમજાણું કાંઈ? પર્યાયથી ખાલી થઈ ગયો એટલે વસ્તુને પણ માની નહિ અને એની પર્યાય પણ એને સિદ્ધ થાતી નથી. પહેલું કહ્યું હતું ને? પર્યાય પણ એને સિદ્ધ થતી નથી. એમ કીધું ને? **'વસ્તુમાત્ર માન્યા વિના પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી;...'** એને પર્યાય પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? કોની પર્યાય પરને જાણવારૂપે પરિણમી? એ દ્રવ્ય તો માન્યું નહિ, વસ્તુ તો માની નહિ અને પર્યાય પર જેવું છે એવું અહીં ભેદજ્ઞાન થાય. ભેદ એટલે જેવો પ્રકાર એવું. એટલે પરના સહારાનું માનનાર, નથી એને વસ્તુની શ્રદ્ધા, નથી એને પર્યાય એની જે કહેવા માગે એની એ રીતે સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. આવે છે ને ઇ? 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી.'

એ (સંવત) ૧૯૮૬માં એ વાત થઈ હતી. '૮૬માં 'ભાવનગર' એક સાધુ આવ્યા

હતા ને? 'મુનિન્દ્રસાગર' હતા. ભ્રષ્ટ. ૮૬ની (સાલની) વાત છે, ૮૬ની (સાલ). ૩૬ વર્ષ થયા. ૧૪ ને ૨૨ = ૩૬. ત્યારે એમાં આ મુક્યું હતું તે દિ'. એને એમ કે, મુહપત્તિ હતી ને? વેશ આનો હતો ને? એટલે એને એમ થઈ ગયું કે, જુઓ! આ મૂર્તિને ઉથાપે છે. મેં તો એમ કહ્યું કે, ભાઈ! જ્ઞેય છે એ જ્ઞેયને લઈને જ્ઞાન નથી, ભાઈ! આ થાંભલાનો દાખલો ન્યાં આપ્યો હતો. આ તો ૮૬ની (સાલની) વાત છે, ચૈત્ર મહિનાની. સંવત ૧૯૮૬. 'મુનિન્દ્રસાગર' એક ભ્રષ્ટ (સાધુ) નહોતા? ઘણા વર્ષ થઈ ગયા.

મુમુક્ષુ :– એ લોકો ત્રણેય આવ્યા'તા ત્યારે -

ઉત્તર :– એ ત્રણ એ આવ્યા ત્યારે. એ બહાર વ્યાખ્યાન થયું હતું. ઓલા આપણે ગુજરી... શું કહેવાય? દસાશ્રીમાળીનો વંડો, એમાં. એ દસાશ્રીમાળીની ભોજનશાળા. ત્યાં ચાલ્યું હતું અને એમાં 'ભગવાનભાઈ' હતા. 'ભગવાનજી વકીલ' કચ્છી. પછી આમાં કીધું કે, ભાઈ! જ્ઞેય 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી' એ જ્ઞાનના પર્યાયમાં સ્વપર જણાય એ તો શક્તિ આની છે. પરને લઈને એ પર્યાય થાય છે (એમ નથી). આ ભગવાન છે માટે પર્યાય થઈ, આ અરિહંત છે માટે પર્યાય થઈ, આ શબ્દો છે માટે પર્યાય થઈ એ તો જ્ઞેયના બે પ્રકાર છે. સ્વજ્ઞેય અને પર. પણ પર્યાય તો પોતાને લઈને થઈ છે, પરને લઈને થતી નથી. (તો કહે), અરે..! એમ ન હોય. 'ભગવાનજીભાઈ' કચ્છી હતા. તમે સમજો નહિ કે કઈ અપેક્ષાએ વાત ચાલે છે. મૂર્તિની ખબર હતી, શ્રદ્ધા એ વખતે ખબર હતી. શ્રદ્ધા બધી હતી.

અહીં તો આત્માનો જ્ઞાન પર્યાય નિમિત્ત છે માટે અહીં થાય છે, એમ નથી. પાછા શેના મૂર્તિને સ્થાપ્યા? વળી કહે છે ઇ તો. ઇ તો એને કારણે ત્યાં હોય છે પણ પર્યાય જે જ્ઞાનનો થાય એ તો પોતાથી થાય છે ત્યારે ઓલાનું અવલંબન નિમિત્તનું છે એમ કહેવામાં આવે છે. આ તો કહે છે કે, એ જ્ઞાનનો પર્યાય એને લઈને જ થયો. બાહ્ય અર્થ જ્ઞાન પર્યાય પી ગયું. બાહ્ય પદાર્થ જ જ્ઞાનને પી ગયું, જ્ઞાન કાંઈ રહ્યું નહિ. (એમાં) એની પર્યાય પણ સિદ્ધ થઈ નહિ. સમજાણું કાંઈ?

**'જ્ઞાન વસ્તુ નથી, જ્ઞેયથી છે;...'** છે ને? **'જ્ઞાન વસ્તુ નથી...'** એ તો **'જ્ઞેયથી છે;...'** જ્ઞેયથી જ પર્યાય થઈ, એમ. એ પર્યાય જે થઈ એ જ્ઞેયથી જ પર્યાય થઈ. સ્વજ્ઞેય તો આખું માન્યું નથી. પર્યાયમાત્ર માનવું છે, દ્રવ્ય તો માનવું નથી. એટલે પર્યાય એક સમયનો જે છે એ જ્ઞેયથી જ છે એમ અજ્ઞાની માને છે. એથી એનો પર્યાય પણ સિદ્ધ થઈ શકતો નથી. દ્રવ્ય તો માનતો નથી, પર્યાય (પણ) સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? કારણ કે, ભિન્ન ભિન્ન પર્યાય થાય અને ભિન્ન ભિન્ન નિમિત્તો હોય તો આ પર્યાય જેટલો માનનાર આ કોની પર્યાય? એ તો એને રહ્યું નહિ, દ્રવ્ય તો કાંઈ રહ્યું નહિ અને એ પર્યાય પરના સહારાની માની એટલે જ્ઞેયથી માની. એટલે પર્યાય એની સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ?

**'તે પણ તે જ ક્ષણે ઊપજે છે, તે જ ક્ષણે વિનશે છે.'** દેખો! એ જ્ઞાનનો પર્યાય પણ એ ક્ષણે ઉત્પન્ન થાય, એ જ ક્ષણે વિનાશ થાય છે. **'જેમ કે - ઘટજ્ઞાન ઘટના સદ્ભાવમાં છે;...'** જુઓ! ઘડો છે તો અહીં ઘડાનું જ્ઞાન છે. અને ઘડો નહિ હોય તો ઘડાનું જ્ઞાન રહેશે નહિ. **'પ્રતીતિ એમ થાય છે કે જો ઘટ છે તો ઘટજ્ઞાન છે, જ્યારે ઘટ નહોતો ત્યારે ઘટજ્ઞાન નહોતું,...'** જ્ઞેયથી માને છે ને એકલું? ઘટ છે તો ઘટજ્ઞાન છે, ઘટ નથી તો ઘટજ્ઞાન નથી. ત્યાં બીજું જ્ઞાન થઈ ગયું, બીજું પટ આવ્યું તો પટજ્ઞાન થઈ ગયું.

**'જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ;...'** જ્યારે ઘટ નહિ હોય તો ઘટજ્ઞાન નહિ હોય. **'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનવસ્તુને નહિ માનતાં, જ્ઞાનને પર્યાયમાત્ર માનતાં આવું માને છે.'** આવું માને છે એમ કહે છે. શું કીધું? સામે ઘડો છે તો ઘટજ્ઞાન છે એમ અજ્ઞાની માને છે. પટ છે તો પટનું જ્ઞાન છે, ભગવાનની મૂર્તિ છે તો મૂર્તિ સંબંધીનું જ્ઞાન છે. મૂર્તિ નથી તો મૂર્તિ સંબંધીનું જ્ઞાન નથી. ઘડો સામે નથી તો ઘડા સંબંધીનું જ્ઞાન નથી. માટે પર્યાય જ્ઞેયને કારણે થયેલી માને છે. સમજાણું કાંઈ? પણ એમ છે નહિ. ભારે ઝીણું, ભાઈ!

**'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનવસ્તુને નહિ માનતાં, જ્ઞાનને પર્યાયમાત્ર માનતાં આવું માને છે.'** માથે કહ્યું ઇ સમજાય છે? ઘટ છે તો ઘટનું જ્ઞાન, પટ છે તો પટનું જ્ઞાન. જુઓ! આ સ્ત્રી હોય તો સ્ત્રીનું જ્ઞાન, પુરુષ હોય તો પુરુષનું જ્ઞાન (થાય છે). ઘટ હોય ત્યારે પટનું જ્ઞાન થાય છે? પર્યાય પટની થાય છે? માટે ઘટને લઈને જ્ઞાન થયું ને પટને લઈને જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. આહાહા..!

**'વળી જ્ઞાનને કેવું માને છે?'** એક તો આવું માને. હવે બીજી રીતે (કહે છે). **'उज्झितनिजप्रव्यक्तिरिक्तीभवत्'** **'આ મૂળથી નષ્ટ થઈ ગયું છે જ્ઞેયના જાણપણામાત્રથી 'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું, જ્ઞેયના જાણપણામાત્રથી 'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું નામમાત્ર,...'** એ તો નામમાત્ર રહ્યું. **'જ્ઞેયના જાણપણામાત્રથી...'** જ્ઞેયને જાણવામાત્રથી, જ્ઞેયને જાણવામાત્રથી, ઘટને જાણવામાત્રથી. **'જ્ઞાન' એવું પ્રાપ્ત થયેલું નામમાત્ર,...'** **'निजप्रव्यक्ति'** **'તે કારણથી...'** **'रिक्तीभवत्'**. **'જ્ઞાન' એવા નામથી પણ વિનષ્ટ થઈ ગયું છે...'** ત્યાં જ્ઞાનેય રહ્યું નહિ. ઘટનું જ્ઞાન, પટનું જ્ઞાન, એનું જ જ્ઞાન એટલે જ્ઞાન જ્ઞાનની જે પોતાની પ્રગટ અવસ્થા છે એ રહી નહિ. એને લઈને ઇ, ઘટને લઈને જ્ઞાન, પટને લઈને જ્ઞાન ને વસ્તુને લઈને જ્ઞાન. સમજાણું? નામમાત્ર પણ ન રહ્યું એમ કહે છે. જ્ઞાનથી **'रिक्ती'** થઈ ગયો. **'रिक्ती'** એટલે? ખાલી, ખાલી. ખાલી થઈ ગયો. પરને લઈને જ્ઞાન હતું. ઘટ હતું તો ઘટનું જ્ઞાન, પટ હતું તો પટનું જ્ઞાન એમ માને છે. એટલે પોતાની જ્ઞાનની પર્યાયથી તો ખાલી થઈ ગયો. એને લઈને બધું જ્ઞાન ગરી ગયું. સમજાણું કાંઈ? આમાં તો નિમિત્તવાળાને પણ ઊડાડતા લાગે છે. નિમિત્ત છે તો અહીં જ્ઞાન થાય છે તો એને લઈને થયું, એને લઈને થયું તો જ્ઞાન તો પોતાની પર્યાયથી ખાલી થઈ ગયું. જ્ઞાન એમાં જ ગરી ગયું. સમજાણું? **'उज्झित, उज्झित'**

એટલે ખાલી થઈ ગયું, ખલાસ થઈ ગયું, મૂળથી નાશ થયું. **'उज्झित'** છોડી દીધું. જ્ઞાને પોતાનો ભાવ છોડી દીધો ને જ્ઞેયરૂપે થઈ ગયું. એવું નામમાત્ર જ્ઞાન રહ્યું, વસ્તુ તો રહી નહિ.

**'એમ માને છે મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી જીવ. વળી જ્ઞાનને કેવું માને છે?' 'परितः पररूपे एव विश्रान्तं'** લ્યો! હજી તો પરથી અતત્‌થી માને છે ને? છે અતત્, પોતે પરથી અતત્ છે. છતાં પરથી તત્ માને છે. આ બોલ અહીંયાં એમ છે ને? પરથી અતત્ છે, પરથી અતત્ છે. પર્યાય પણ પરથી અતત્ છે. છતાં પરથી જ મારું જ્ઞાન છે, પરથી જ મારી શ્રદ્ધા છે, પરથી જ મારી આ શાંતિ છે એમ માનનારા પોતાની પર્યાયને પણ ખોઈ બેસે છે. ખાલી કરી નાખી. સમજાણું?

**'મૂળથી માંડીને જ્ઞેયવસ્તુરૂપ નિમિત્તમાં એકાન્તથી વિશ્રાન્ત થઈ ગયું...'** એ જ્ઞાનનો પર્યાય નિમિત્તથી થયો, એનાથી થયો માટે ત્યાં વિશ્રાન્ત થઈ ગયું. એ પરમાં ગયું, મૈત્રી નિમિત્ત સાથે ગઈ. 'પ્રવચનસાર'માં પાછળ આવે છે ને? માટે નિમિત્તની મૈત્રી છોડતો નથી, કહે છે. જ્ઞાનની પર્યાય પરને લઈને માની છે અને એને લઈને આ થઈ માટે પરની મૈત્રી છોડતો નથી. આવે છે ને? ભાઈ! 'પ્રવચનસાર' છેલ્લા ભાગમાં. મૈત્રી, મૈત્રી. આને લઈને થયું, આને લઈને થયું. (એમ માને એ) એમાંથી કેમ ખસે? એનાથી લઈને છે ને એનાથી કેમ ખસે? સમજાણું? ન્યાં છેલ્લો છેલ્લો. નયની પાછળ. નયનું પૂરું થઈ ગયા પછી પાછળ છે ને? આ તો નિમિત્ત આવ્યું ને એ ઉપરથી યાદ આવ્યું. જ્ઞેય વસ્તુ નિમિત્ત, અહીં કહ્યું, જુઓ! **'જ્ઞપ્તિવ્યક્તિઓના નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે...'** સમજાણું? શું કીધું? જ્ઞપ્તિવ્યક્તિ (અર્થાત્) જે જાણવાની પર્યાય છે ને એમાં નિમિત્તરૂપ છે જે જ્ઞેયભૂત **'એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...'** દોસ્તી થઈ. કારણ કે, એણે માન્યું કે આને લઈને થાય છે... આને લઈને થાય... આને લઈને થાય. હવે એ કેમ છોડે દોસ્તી? પ્રેમ કેમ છોડે? પ્રેમ– મૈત્રી કીધી ને? **'આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ...'** પોતાની જાણવાની અવસ્થા. હોં! ક્રમે પ્રવર્તતી. એ પરિવર્તન પામે છે એવી જ્ઞપ્તિવ્યક્તિ – જે જાણવાની પ્રગટતા, અવસ્થા એમાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત, નિમિત્તરૂપ હોવાથી જ્ઞેયભૂત વસ્તુ **'એવી બાહ્ય પદાર્થ વ્યક્તિઓ...'** જુઓ! અહીં પણ બાહ્યાર્થ છે. છે ને પહેલું? **'बाह्यार्थैः परिपीतम्'**. એવી બાહ્ય પદાર્થ વ્યક્તિઓ. ઇ યાદ આવી ગયું, એ નિમિત્તથી યાદ આવ્યું.

(બાહ્યપદાર્થવ્યક્તિઓ) **'પ્રત્યે જેને મૈત્રી પ્રવર્તે છે...'** કારણ કે જ્ઞાનનો પર્યાય આનાથી થાય, આનાથી થાય માટે એનો પ્રેમ છોડતો નથી. આમાં ક્યાં મૂર્તિ, મંદિર ક્યાં રહ્યું? રહે છે ક્યાં, સાંભળને! તારો પર્યાય થાય ત્યારે એનું નિમિત્ત છે એટલું જાણવા માટે છે. કાંઈ એનાથી પર્યાય થાય છે? એ બધા નિમિત્ત છે. એ તો થાય, પણ એ ટાણે તે પર્યાય થવાનો છે તેમાં એ નિમિત્ત છે, એમ. ઇ છે માટે એવો પર્યાય થાય છે એમ ક્યાં છે? સમજાણું કાંઈ?

નિમિત્ત હોવાથી મૈત્રી (પ્રવર્તે છે). **'તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે...'** એટલે કે એ પરના નિમિત્તનો પ્રેમ છોડતો નથી અને આત્માનો વિવેક ઢીલો પડી ગયો, શિથિલ એટલે વિપરીત થઈ ગયો. મારો જ્ઞાન પર્યાય, મારી જ્ઞપ્તિની વ્યક્તિ ક્ષણે ક્ષણે મારાથી થાય છે એમાં ભલે નિમિત્ત સામે હોય પણ એને લઈને છે એમ ન માન્યું તો એને લઈને આ છે (એમ માન્યું). સાંભળવા પહેલા મને કેમ એવું જ્ઞાન નહોતું? ને અહીં સાંભળવા આવતા થયું. એટલે એને એમ જ થઈ ગયું કે, આ શબ્દોને લઈને જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? **'અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્ગલિક કર્મને રચનારા રાગ-દ્વેષદ્વૈતરૂપે પરિણમે છે.'** બહિર્મુખ દૃષ્ટિ થઈ ગઈ. એ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે.

આ 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. **'જ્ઞેયવસ્તુરૂપ નિમિત્તમાં...'** પરરૂપે છે ને? પરરૂપે **'એકાન્તથી...' 'एव'** એટલે નિશ્ચયથી, એમ. **'એકાન્તથી...' 'एव'** નિશ્ચય. જ્ઞાનની અવસ્થાનો પર્યાય પરરૂપથી એટલે એકાન્તથી, નિશ્ચયથી **'વિશ્રાન્ત થઈ ગયું.'** પરમાં વિશ્રાન્ત થઈ ગયું. જ્ઞાનની પર્યાયે વિશ્રાન્તી ત્યાં પામી કે, આ છે તો થયું, આ છે તો થયું. એટલે જ્ઞાનનો પર્યાય જ ન્યાં ગયો. અહીં પોતામાં સ્વતંત્ર રહ્યો નહિ. આહા..! સમજાણું કાંઈ?

**'पररूपे एव विश्रान्तं'** અતત્ છે એમાં જ જેનું વિશ્રાન્તીપણું થયું. મારો પર્યાય મારાથી છે એમ રહ્યું નહિ. એ પર્યાય મારો છે, મારા જ્ઞેયથી આ પરિણમ્યું છે. એને ઠેકાણે એના પર્યાયે એમાં વિશ્રામ લીધો, વિસામો લીધો, વિસામો. જેના નિમિત્તથી થયો મારો પર્યાય માટે એનાથી થયો માટે ન્યાં એણે વિસામો લીધો. અહીં આત્મદ્રવ્યમાં વિસામો લેવો એ રહી ગયો. સમજાણું કાંઈ?

એ **'જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું.'** દેખો! એ તો જેવા નિમિત્તના પ્રકાર જ્ઞેયનો ભેદ આવ્યો એવું જ્ઞાન થયું. જેવો પ્રકાર એવું જ્ઞેય. જેવું જ્ઞેય એવું જ્ઞાન, જ્ઞેય એવું જ્ઞાન... જ્ઞેય એવું જ્ઞાન... જ્ઞેય એવું જ્ઞાન. એવી જ્ઞાનની પર્યાય જ્ઞેયમાં વિશ્રામ પામી. આ **'જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું.'** અજ્ઞાનીને તો જ્ઞેયથી જ્ઞાન ઉત્પન્ન થયું ને જ્ઞેયથી નાશ થયું. પણ આત્માના જ્ઞાન સ્વરૂપમાંથી ઉત્પન્ન થયું ને વ્યય થયો તોપણ પોતાના કારણે. પોતાના જ્ઞેયની બીજી જ્ઞાનની પર્યાય આવતા નષ્ટ થઈ ગઈ. એ એમ ન આવતા જ્ઞેયથી ઉત્પન્ન ને જ્ઞેયથી નષ્ટ (થઈ એમ માને છે). આહાહા..! ઝીણું બહુ ભારે ભાઈ! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે - જેવી રીતે ભીંતમાં ચિતરામણ જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું, જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું,...'** ભીંત નહોતી તો ચિત્ર નહોતું, ભીંત હોય ચિત્ર આમ આવ્યું. **'ભીંતમાં ચિતરામણ જ્યારે ભીંત નહોતી ત્યારે નહોતું, જ્યારે ભીંત છે ત્યારે છે ચિતરામણ, જ્યારે ભીંત હશે નહિ ત્યારે હશે નહિ; આથી પ્રતીતિ એવી ઊપજે છે કે ચિત્રના સર્વસ્વની કર્તા ભીંત છે;...'** ચિત્રનું સર્વસ્વ કર્તા ભીંત છે.

**'તેવી રીતે...'** આ તો દૃષ્ટાંત દીધો **'જ્યારે ઘટ છે ત્યારે ઘટજ્ઞાન છે,...'** એમ કહે છે. ઘડો છે તો અહીં જ્ઞાન થાય છે. ઘટ નથી તો ઘટજ્ઞાન અહીંયાં નથી. એટલે જ્ઞેય જ આ જ્ઞાનનો કર્તા થયો. સમજાણું કાંઈ? ચિતરામણનો કર્તા જ ભીંત થઈ ગઈ. ચિતરામણ ચિતરામણથી રહ્યું નહિ. એમ જ્ઞાન જ્ઞેયથી થયું તે જ્ઞેય કર્તા જ્ઞાનનું થઈ ગયું. જ્ઞેય કર્તા– એ પર્યાય નિમિત્ત જે ભેદ છે એ કર્તા એનું આ જ્ઞાન થઈ ગયું, જ્ઞાનની જ્ઞાન પર્યાય રહી નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ માણસને લાગે.

અહીં તો એમ કહે છે, કે વસ્તુ સ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે એનું જે જ્ઞાન થાય છે પર્યાયમાં, ભલે તે સ્વજ્ઞેયપણે તે પર્યાય પરિણમી અને તે કાળે કોઈ વિકલ્પ આદિ છે તેને જાણવારૂપે પરિણમ્યું, વિકલ્પ પર જ્ઞેય છે, એને પણે પરિણમ્યું પણ એ પોતે પર્યાય પોતાથી છે, કંઈ વિકલ્પને લઈને છે, એમ નથી.

જ્ઞાન વસ્તુ જે ત્રિકાળ છે એના પર્યાયપણે જ્ઞાન પરિણમ્યું. એ પર્યાયમાં સ્વજ્ઞેય અને વિકલ્પ પરજ્ઞેય એનો સહારો છે એથી એમ કહેવાય કે પરની અપેક્ષાવાળું જ્ઞાન પણ એથી પર્યાય કાંઈ પરને લઈને થઈ છે એમ નથી. આ કહે છે કે, પેલો જે જ્ઞાન પર્યાયનો વિકલ્પ જેવો છે એવું જ કેમ જ્ઞાન થયું? રાગ જેવો છે એવું જ જ્ઞાન કેમ થયું? દ્વેષ આવ્યો એવું કેમ જ્ઞાન થયું? માટે જ્ઞેયને કારણે જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહા..!

વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે એ પણ પરજ્ઞેય છે અને જ્ઞાનની પર્યાયમાં એ જણાય, બરાબર એવો જ જણાય, એમ જ જણાય. અજ્ઞાનીને એમ થાય છે કે એ પર્યાય જે જ્ઞાનમાં થઈ એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હતો એ જ્ઞેયને કારણે જ્ઞાન (થયું). એ વિકલ્પ એવો નહોતો તો બીજો વિકલ્પ હતો તો એવું જ્ઞાન (થયું), ત્રીજો વિકલ્પ (હતો તો) એવું જ્ઞાન (થયું). એટલે જ્ઞેયનું જ આ જ્ઞાન છે, જ્ઞાનનું જ્ઞાન છે નહિ (એમ માને છે). સમજાણું કાંઈ? કહો, 'ભગવાનભાઈ'! બહુ ઝીણી વાતું. ન્યાં આવું કાંઈ સાંભળવા મળે નહિ તો એનો નિવેડો શી રીતે કરવો? અહીં તો કહે છે કે, દ્રવ્ય તો સ્વતંત્ર અકૃત્રિમ (છે) પણ તારો પર્યાય પણ સ્વતંત્ર... સ્વતંત્ર... સ્વતંત્ર... તે કાળનો પર્યાય સ્વતંત્ર (છે). સમજાણું કાંઈ? આહા..!

આજે મોટું લખાણ આવ્યું છે. આ સર્વજ્ઞને નથી માનતા, નિયત પર્યાય માનતા નથી. અનિયત, તો સર્વજ્ઞને માનતા નથી. કારણ કે, નિયત ને અનિયત પર્યાય થાય છે અને એ સર્વજ્ઞને એ જ પ્રમાણે દેખાય છે. કારણ કે સર્વજ્ઞનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. સર્વજ્ઞનું જ્ઞાન સમ્યક્ છે. પાછું બેય લીધું છે, હોં! શ્રુતજ્ઞાન પણ સમ્યક્ છે માટે બેયમાં સરખુ જણાય એમ કીધું છે. પેલામાં ફેર હતો, ફેર પાડ્યો. આરે.. આરે..! આ એમાં ને એમાં વિરોધ આવ્યો.

એમ કહે છે કે, જેમ શ્રુતજ્ઞાની પણ, સર્વજ્ઞ જ્ઞાનમાં પણ નિયત-અનિયત પર્યાય છે એમ સર્વજ્ઞ જાણે નહિતર સર્વજ્ઞનું સમ્યગ્જ્ઞાન રહેતું નથી અને શ્રુતજ્ઞાની પણ જેવી નિયત-અનિયત પર્યાય થાય એ પ્રમાણે જાણે નહિતર સમ્યગ્જ્ઞાન રહેતું નથી. સમ્યગ્જ્ઞાન છે, જેમ

હોય તેમ જાણે. તો અનિયતને નથી એમ કહેનાર સર્વજ્ઞને માનતા નથી. સમજાણું કાંઈ? પણ સર્વજ્ઞ જાણે છે પર્યાયને, પર્યાયને ખરેખર તો જાણે છે. લ્યો! એ પોતાની પર્યાયને, હોં! એમાં જે પર્યાયો ત્રણકાળની જે પર્યાય છે તેમાં એ નિમિત્ત છે, એકલું એમાં નિમિત્તપણું છે. અને તે જ પર્યાય જે જે સમયે થવાની તે જ પર્યાયનું ત્યાં નિમિત્ત(પણું છે). નિશ્ચયથી જે પર્યાય જ્યાં થવાની છે એ જ પર્યાય તે કાળે વર્તમાન તરીકે નિમિત્ત છે. એ ભૂતમાં ભળી ગઈ તો ભૂત તરીકે પસંદગી થઈ ગઈ. બહુ ઝીણું. સર્વજ્ઞના મોટા વાંધા ઉઠ્યા.

મુમુક્ષુ :– અમે સર્વજ્ઞને માનીએ તેમ તમે સર્વજ્ઞને માનો.

ઉત્તર :– ઇ કહ્યું ને કે, તમે સર્વજ્ઞને ઊડાવો છો, એમ કહે છે. સર્વજ્ઞનું સ્વરૂપ સમ્યગ્જ્ઞાની છે ઇ એટલે નિયત-અનિયત પદાર્થનું શ્રદ્ધાન કે સર્વજ્ઞ ભગવાને કીધું કે, નિયત માનનારા મિથ્યાદૃષ્ટિ છે. ત્યારે સર્વજ્ઞ ભગવાને જ નિયત-અનિયત પર્યાય કીધી અને તમે જ્યારે એ રીતે સર્વજ્ઞને ન માનો તો તમે સર્વજ્ઞને સમજતા નથી. 'વિમલચંદજી'! શું કહ્યું? ભગવાને એમ કેમ કહ્યું કે, એક નિયત માને તે એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે. બાર અંગમાં તો એમ લખ્યું છે. દૃષ્ટિવાદમાં લખ્યું છે, આ ઠેકાણે લખ્યું છે, ફલાણે ઠેકાણે લખ્યું છે કે નિયત માનનારા એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે. તો સર્વજ્ઞ એમ કહે અને વળી સર્વજ્ઞ કહે કે, નિયત જ હોય અને અનિયત ન હોય એમ કેમ કહે સર્વજ્ઞ? પણ એ તો સર્વજ્ઞે જ કીધું છે, ભાઈ! તને ખબર નથી. એકાન્ત નિયત માને એને મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. એમ તો એકાન્ત સ્વભાવ માને એ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે, એકાન્ત પુરુષાર્થ માને એ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. એકાન્ત નિયત એટલે તે સમયે (પાંચ) સમવાય પુરુષાર્થ, સ્વભાવ, કાળ આદિ નથી (એમ માને). ભગવાને એમ પાંચે એક સમયમાં જોયું છે. ભગવાને શું જોયું છે?

મુમુક્ષુ :– ના પાડે છે.

ઉત્તર :– એવો અર્થ થાય છે. ભગવાને જે સમયે નિયત છે એવી જીવની પર્યાય જોઈ, તે સમયે તે જીવનો પુરુષાર્થ ત્યાં વળેલો છે, સ્વભાવ પણ એવો છે, કાળ પણ એ જ છે, ભવિતવ્ય પણ એ જ છે અને સમ્યગ્દર્શન આદિ પર્યાય હોય તો તે સમયે કર્મનો પણ (ઉપશમ કે અભાવ હોય). એમ ભગવાને એક સમયમાં એના પાંચ (સમવાય) જોયા છે. એના પાંચ (સમવાય) જોયા છે એમાં અક્રમ જોયો છે. આહાહા..! એમ જ્ઞાની પણ સમ્યગ્જ્ઞાનમાં એક સમયે પાંચ ભાળે છે. સર્વજ્ઞ જેમ જે રીતે દ્રવ્યનો પર્યાય પાંચ ભાળે છે એમ સમ્યગ્દર્શન પણ એક સમયમાં પાંચ પ્રકારના પર્યાય ભાળે છે. નિયત પણ છે, સ્વભાવ જીવનો છે, પુરુષાર્થ છે, કાળ જ એ છે ને ભાવ પણ એ છે, ભવિતવ્ય. એ વખતે કર્મનો પણ નિમિત્તપણાનો એટલો અભાવ છે. ભગવાને જેવું દીઠુ તેવું અહીં જોવે ત્યારે એને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન કહેવાય. સમજાણું કાંઈ?

ભગવાને આત્મા એવો જોયો કે, એ વસ્તુ જ્ઞાનમૂર્તિ જોયો. પુણ્ય-પાપવાળો આત્મા

જોયો? એ તો આસ્રવતત્ત્વ જોયું. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ ભગવાને જોયું, કર્મ-શરીરને અજીવ તત્ત્વ જોયું, જ્ઞાનમૂર્તિને આત્મતત્ત્વ જોયું. બરાબર છે? શું કહ્યું? ભગવાનઆત્મા..! સાત તત્ત્વ છે ને! કે, નવ તત્ત્વ, લ્યો! નવ પદાર્થ. ભગવાને શું જોયું જ્ઞાનમાં? આ વસ્તુ જોઈ. જ્ઞાન સ્વરૂપ શુદ્ધદ્રવ્ય તે આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ તે આસ્રવ, કર્મ-શરીર તે અજીવ એમ ભગવાને જોયું, ભગવાને એમ જોયું છે. એમ આ જ્યારે જોવે, કે કર્મ તે અજીવ, પુણ્ય-પાપ તે આસ્રવ, હું જ્ઞાયક. એમ જ્યારે જોવે તો એ જોવામાં પાંચેય સમવાય આવી ગયા, ભાઈ! આહાહા..! ભગવાને પણ એ વખતે એમ જોયું હતું, કે આનો પર્યાય રાગરૂપે આસ્રવ છે, જ્ઞાનનો પર્યાય સમ્યક્‌રૂપે પરિણમ્યો છે, વસ્તુ શુદ્ધ છે, અજીવ તત્ત્વ જોડે સંબંધ છે. એમ જે ભગવાને જોયું, એણે જોયો છે કે, આ સમ્યગ્દર્શનનો પુરુષાર્થ આ છે, કાળ પણ આ છે, ભાવ પણ આ છે, કર્મનો અભાવ આ છે. એવું ભગવાને પણ એ જીવનું જોયું. સમ્યગ્દષ્ટિને પણ એ જ રીતે જ્ઞાન આવે અને થાય ત્યારે એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. 'વિમલચંદજી'! સમજાયું કે નહિ? વાત જરી (ઝીણી છે).

વાત ઇ છે કે, સર્વજ્ઞે જોયું એમ કહેનારને આ જ્ઞાન જોનાર આવું છે, એમ અહીં કહે છે. સર્વજ્ઞ એટલે પૂરું જ્ઞાન અને અહીં અધૂરું જ્ઞાન એટલો ફેર છે. પણ સર્વજ્ઞે જોયું, કે આ અજીવ તત્ત્વ, આ પુણ્ય-પાપ તત્ત્વ, આ આત્મતત્ત્વ. હવે એ ત્રણ ભિન્ન છે. હવે આણે જ્યારે ભિન્ન ભાળ્યા, ભિન્ન જોયા કે, આ અજીવ તત્ત્વ, આ આસ્રવ તત્ત્વ, આ સ્વભાવ. ભિન્ન જોયા એટલે પુરુષાર્થ થઈ ગયો. પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, તે કાળે થવાનો તે કાળ આવ્યો, ભવિતવ્ય તે સમ્યગ્દર્શન ભાવ થવાનો હતો તે ભાવ આવ્યો. તે વખતે કર્મના નિમિત્તનો પણ એ પ્રકારે અભાવ (આવ્યો). એ પાંચેય સમવાય એક સમયે ભગવાને જોયા એવા સમ્યગ્જ્ઞાનીએ એ સમયે એવા જ જોયા છે. 'સોમલચંદજી'! ન્યાય સમજાય છે? આહા..! શું થાય પણ? એવી વાત છે જરી. સમજાય છે કે નહિ? 'જુગરાજજી'!

કોઈ કહે ને કે, સર્વજ્ઞ માને એ આપણે માનીએ. પણ એ સર્વજ્ઞ માને છે આ રીતે જ્ઞાનમાં આવ્યું છે. સમજાય છે? સર્વજ્ઞના જ્ઞાનમાં તારો આત્મા આ રીતે આવ્યો છે. જ્યારે મિથ્યાશ્રદ્ધારૂપે થાય છે ત્યારે તો એને સર્વજ્ઞએ જે આત્મા જોયો, જેવો આસ્રવ જોયો કર્મ, એવું તો તું માનતો નથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાને જોયો, કે આ આત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છે, પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવ તત્ત્વ, કર્મ-શરીર અજીવ તત્ત્વ. આમ જોયું. હવે તું જો એમ જ્યાં જોવા જા ત્યારે થઈ ગયું કર્મ ભિન્ન, આસ્રવ ભિન્ન, આ જ્ઞાન ભિન્ન. એટલે પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, કર્મનો અભાવ આવ્યો, આસ્રવમાં અભાવ આવ્યો, કર્મનો અભાવ આવ્યો અને એ પ્રકારે સમ્યગ્જ્ઞાન થતાં જે મિથ્યાત્વ આદિ આવરણનું નિમિત્ત હતું એ વખતે પણ એટલો અભાવ આવ્યો. તો ભગવાને એવું ત્યાં જોયું એવું તને જોવામાં આવ્યું ત્યારે કહેવાય. સમજાણું

કાંઈ? શું થાય પણ? વાત જ એવી છે કે, જ્ઞાનનો સ્વભાવ જ એવો છે, કહે છે.

અહીં પેલો કહે છે કે, એકલી પર્યાય પરને લઈને છે. આખી વસ્તુ રહી ગઈ, આખી વસ્તુ રહી ગઈ. જે જ્ઞાનનો પર્યાય, એકલો ત્રિકાળ દ્રવ્ય છે એનું પરિણમન તે જ્ઞાન છે. સમજાય છે? ત્યારે પેલો કહે કે, એ (જ્ઞાન) પર્યાય રાગ ને નિમિત્તથી થઈ, આનાથી થઈ. એટલે આખી વસ્તુ રહી ગઈ ને એ પર્યાય પણ સિદ્ધ ન થઈ, ભાઈ! ઓલી પર્યાય સિદ્ધ ન થઈ. વસ્તુ તો સિદ્ધ ન થઈ પણ જ્ઞાનનો પર્યાય સાબિત ન થયો. રાગ છે તેથી જ્ઞાન, નિમિત્ત છે માટે જ્ઞાન, આને લઈને (જ્ઞાન થયું). પેલો પર્યાય, હોં! એ પર્યાય તો પરદ્રવ્ય પી ગયું. આહાહા..! જે અતત્પણે છે એને કહે છે કે, એ પરપણે છે, એ પર્યાય પરપણે છે. આહાહા..! સર્વજ્ઞની કથન પદ્ધતિ (અલૌકિક છે). સમજાણું કાંઈ?

જ્ઞાનનો પર્યાય–અવસ્થા એ દ્રવ્યની છે. દ્રવ્ય એટલે જ્ઞાન વસ્તુ કાયમ છે એની છે. એમ જ્યાં ભાન થયું ત્યાં વસ્તુ પણ દૃષ્ટિમાં રહી, પર્યાય પણ થયો, રાગાદિ પર છે એ સંબંધીનું ભલે જ્ઞાન થયું એથી એને સ્વજ્ઞેય, પરજ્ઞેયના સહારાનો પર્યાય અપેક્ષાએ કહેવામાં આવે. સમજાણું કાંઈ? પણ આ એમ ન માનતા એ જ્ઞાન વસ્તુ જે આખી છે, જે જ્ઞાનની પર્યાયનું આખું જ્ઞેય થવું જોઈએ એવી પર્યાયની તાકાત છે. શું કીધું? એ જ્ઞાનના પર્યાયની તાકાત છે કે, સ્વજ્ઞેય પણ જાણે, પરજ્ઞેય (પણ જાણે) એવી એની તાકાત છે. એવી તાકાત એ પર્યાયને માત્ર માનતા છતાં એવી તાકાત માનતો નથી. ભાઈ! શું કહ્યું સમજાણું? જ્ઞાનનો એક સમયનો પર્યાય એવડી તાકાતવાળો છે. અહીં તેથી પહેલું કહ્યું હતું, પહેલું કહ્યું હતું. માથે કહ્યું હતું, **'સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન.'** સમજાણું? ઉપર વચમાં (છે). આ ભાવાર્થની ઉપર, વચમાં ભાવાર્થ છે એના ઉપર છે.

**'પર્યાયરૂપ કહેતાં, પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન.'** ભગવાન જ્ઞાનનો પર્યાય, મહિમાવંત પ્રભુ આત્મા એનો એક સમયનો પર્યાય આ જ્ઞેય, સ્વજ્ઞેય, પરજ્ઞેય બેયને પરિણમાવતો જાણે. એવો પર્યાયનો સ્વતઃ ધર્મ છે. એ પર્યાયને એ રીતે ન માની અને એ પર્યાયને પરના સહારાની માનતા પર્યાય પોતે સિદ્ધ થઈ નહિ. વસ્તુ તો સિદ્ધ થઈ નહિ, પર્યાય સિદ્ધ ન થઈ. સમજાણું કાંઈ? ઝીણું પડે પણ સાંભળવું, હોં! બહુ કંટાળો ન લાવવો. એ તો વાત આવતા આવતા આવી જાય બધી. સમજાણું નહિ કે આમાં?

આ તો સ્યાદ્વાદ શૈલીની અમૃત શૈલી છે. આહાહા..! વસ્તુ એવી છે કે, ભાઈ! તું એમ જ માન કે, પર્યાયમાત્ર વસ્તુ છે. વસ્તુ સ્વજ્ઞેય આખું દ્રવ્ય છે એમ નથી અને તે વર્તમાન પર્યાય પણ એકલા પરજ્ઞેયના સહારાની માત્ર છે તો એ પરજ્ઞેયથી થયેલ છે એમ માનતા તારો પર્યાય પણ રહેતો નથી. તારા લક્ષમાં દ્રવ્ય તો છૂટી ગયું પણ પર્યાય પણ

સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? આ તો ભાઈ માર્ગ એવો છે, ધીરાનું કામ છે. સમજાણું?

ઓહોહો..! આમ ટીકામાં કેટલું ભર્યું છે ને ગૂઢ ભાવ! એ સિદ્ધ કરવા જતા પણ એને સ્વજ્ઞેયની તાકાત એક સમયના પર્યાય જાણવાની છે તો કહે છે કે, પર્યાય માની એકલી પણ દ્રવ્ય તો માન્યું નહિ. તો એ પર્યાય પણ જેટલી તાકાતવાળી છે એવી ન માની અને તે પર્યાય પણ ફક્ત માની પરદ્રવ્યના અવલંબનવાળી. કારણ કે, અહીં તો અવલંબન રહ્યું નહિ, આ તો છે નહિ કાંઈ. સમજાણું? એ **'उज्झितनिजप्रव्यक्ति'** પ્રગટ થયેલી પર્યાય ખાલી થઈ ગઈ, કહે છે. સમજાય છે? **'रिक्ती'** થઈ ગઈ, ખાલી થઈ ગઈ. **'उज्झितनिजप्रव्यक्ति-रिक्तीभवत्'** એમ. સમજાણું કાંઈ? અને પોતે ખાલી થઈને ગયો ક્યાં? **'परितः पररूपे एव विश्रान्तं'** સમજાણું કાંઈ? મૂળથી પર રૂપમાં, **'નિમિત્તમાં એકાન્તથી વિશ્રાંત થઈ ગયું - જ્ઞેયથી ઉત્પન્ન થયું, જ્ઞેયથી નષ્ટ થઈ ગયું.'** આહાહા..! આ એનો પછી આ દાખલો છે આ તો, ચિતરામણનો. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ તો આપણે .. મધ્યમાં છે ને? વિશ્રામનું વાક્ય (છે). આહા..!

પ્રભુ! તારી બલિહારી છે, ભાઈ! એ ચીજની દૃષ્ટિ અને એ ચીજનો પર્યાય... દૃષ્ટિ પણ પર્યાય છે ને! કહે છે કે, ભાઈ! તેં પર્યાય એકલી માની અને આખી વસ્તુ ન માની અને પર્યાયને પર સહારાની માની. ઘટ છે તો ઘટનું જ્ઞાન, પટ છે તો પટનું જ્ઞાન. કારણ કે, જ્ઞાન પણ એવું થાય. એટલે તારું જ્ઞાન એને લઈને થયું. પણ અહીં તો જ્ઞાન શક્તિવાળું તત્ત્વ આખું છે એ પરિણમે છે ને પરિણમે એને પછી જેવું જ્ઞાન એવું ભલે હો. સમજાય છે? પણ પરિણમનારું તો આ આખું દ્રવ્ય છે. દ્રવ્ય માન્યું નહિ, તારી પર્યાય ખાલી થઈ ગઈ. પરજ્ઞેયમાં સમાઈ ગઈ, પર્યાય રહી નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્યારે ઘટ હશે નહિ ત્યારે ઘટજ્ઞાન હશે નહિ; આથી એવી પ્રતીતિ ઊપજે છે કે જ્ઞાનના સર્વસ્વનું કર્તા જ્ઞેય છે.'** દેખો! આવ્યું. જ્ઞાનના સર્વસ્વનું કર્તા કોણ? પેલું જ્ઞેય. એ.. દેવાનુપ્રિયા! ભીંત કર્તા ચિત્રનો, એમ થયું ને? ભીંત હતી તો ચિત્ર છે, ભીંત નથી તો ચિત્ર નથી. એટલે ચિત્રનો કર્તા કોણ થયો? ભીંત, ભીંત. ભીંત કર્તા, એનું એ કાર્ય થયું. એમ જ્ઞેય છે તો જ્ઞાન છે, જ્ઞેય છે તો જ્ઞાન છે, જ્ઞેય ઘટ છે તો જ્ઞાન છે, પટ છે તો પટજ્ઞાન છે. એટલે એ જ્ઞેય કર્તા જ્ઞાનનું થઈ ગયું. સમજાણું કાંઈ? આહાહા..! **'એવી પ્રતીતિ ઊપજે છે કે જ્ઞાનના સર્વસ્વનું કર્તા જ્ઞેય છે.'** દેખો! સર્વસ્વ યા..હોમ. તારી પર્યાય જ્ઞેયને લઈને તેં માની. એ જ્ઞેય જ તારું કર્તા થઈ ગયું ને જ્ઞેય પી ગયું તારી પર્યાયને. સમજાણું કાંઈ? એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. આ વિશેષ વાત કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

## માગશર સુદ ૧૪, મંગળવાર તા.૦૭.૧૨.૧૯૬૫
## કળશ - ૨૪૮ અને ૨૪૯ પ્રવચન - ૨૬૨

(જે) એમ માને છે કે, જ્ઞાનસ્વરૂપ આત્મા જે છે એની વર્તમાન જે પર્યાય (છે તેમાં) જેવું જ્ઞેય છે ને એવું અહીં જ્ઞાન થાય છે. સામે જે જ્ઞેય હોય એવું જ્ઞાન (થાય છે) માટે આ જ્ઞાનનો કર્તા એ જ્ઞેય છે (એમ માને છે). સમજાણું કાંઈ? તત્ સ્વરૂપે–જ્ઞાન જ્ઞાનની પર્યાયપણે (છે). વસ્તુ જ્ઞાયક ત્રિકાળ એનો અનુભવ કરીને જે વર્તમાન જ્ઞાન થાય એ જ્ઞાનનો કર્તા આત્મદ્રવ્ય છે. એ કર્તા–જ્ઞાનની વર્તમાન પર્યાયનો કરનાર જ્ઞેય, વિકલ્પ, રાગ આદિ છે તો જ્ઞાનનો પર્યાય થાય છે એમ નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ પડે. માણસને અભ્યાસ ન મળે.

વસ્તુ છે કે નહિ વસ્તુ? જ્ઞાનસ્વરૂપે ભગવાન પૂર્ણાનંદ (સ્વરૂપ છે). એનું જ્ઞાનનું પરિણમન તો જ્ઞાનપણાની પર્યાયપણે–અવસ્થાપણે થાય. હવે એ અવસ્થામાં ભલે સામે નિમિત્ત ચીજ એવી હોય પણ અજ્ઞાનીને એવી પ્રતીતિ ઉત્પન્ન થાય છે **'કે જ્ઞાનના સર્વસ્વનું કર્તા જ્ઞેય છે.'** છેલ્લી લીટી છે. શબ્દ સામે (છે) એવું જ્ઞાન (થાય), આ લાકડુ સામે (છે) તો (એવું) જ્ઞાન (થાય). સમજાણું? લ્યો, વળી એક જણ તો એમ કહે કે, ભાઈ! આ જ્ઞાન છે એમાં લાકડુ જણાય છે, આમ જુઓ! એ જાત જણાણી તો એ બધી જાત જ જ્ઞાન છે. એ બીજામાં આવશે. પેલા 'મશરુવાળા'. એણે ચોપડી સંશોધન–શોધન કરી હતી ને? ઇ વાંચી હતી. મારી પાસે (સંવત) ૧૯૯૫ માં આવ્યા હતા. દમ ચડતો બિચારાને. બહુ તત્ત્વજ્ઞાની કહેવાતો, વેદાંતમાં બહુ તત્ત્વજ્ઞાની (કહેવાતો). દમ ચડતો. વાતચીત તો થોડી થઈ હતી. હું ઉભો હતો ને ઇ આમા જાતા હતા ને આવ્યા. એની ચોપડીમાં હતું કે, આ જે આમાં જણાય છે, એ લાકડુ છે એમ તમે કહો (છો). (તો એ કહે) એમ નથી. જો જણાય છે, એનું જ્ઞાન થાય છે ને? તો એનું જ્ઞાન થાય છે તો એ વસ્તુ જ જ્ઞાનરૂપ છે. ઇ બીજા શ્લોકમાં આવશે..

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા, એમ કહે છે. જ્ઞાન આમ થાય છે, જે ચીજનું જ્ઞાન થાય છે, એનું થાય છે (કે) આ લાકડુ છે એનું જ્ઞાન થયું ને? જ્ઞાન થયું તો એ જ્ઞાનમય હોય તો એનું જ્ઞાન થાય, એમ (કહે છે). એ બીજા બોલમાં આવશે.

આ બોલમાં તો એમ કહે છે કે, જ્ઞાનનો પર્યાય એનો કર્તા જ એ જ્ઞેય છે, એમ. સમજાણું કાંઈ? કહો 'ભીખાભાઈ'! જેવા શબ્દ પડે એવું જ્ઞાન થાય કે નહિ ત્યાં? એમ કહે છે, લ્યો! સામે આ શબ્દ આવે એવો અહીં ખ્યાલ આવે કે શબ્દ સિવાયનો બીજો ખ્યાલ આવે? ખ્યાલ એવો આવે કે બીજો આવે? એમ. ખ્યાલ એવો આવે કે બીજો આવતો હશે?

મુમુક્ષુ :– જ્ઞાનને કારણે ખ્યાલ આવે.

ઉત્તર :– જ્ઞાનને કારણે આવતો હોય તો સામે જે જણાય છે એવું જ કેમ અહીં જ્ઞાન થાય છે? જ્યારે આ શબ્દ આવ્યો, 'આ શબ્દ' એમ આવ્યું. તો એવું જ ત્યાં જ્ઞાન થાય. 'આત્મા' એમ આવ્યું તો ત્યાં જ્ઞાનપર્યાયમાં એવું જ 'આત્મા' એમ થાય. સમજાણું કાંઈ? પણ એનો અર્થ શો? એ વખતે જ્ઞાનનો પર્યાય પોતે સ્વતંત્ર પોતે કર્તા થઈને પરિણમે છે. અજ્ઞાનીને એવો પર્યાયમાં ભ્રમ પડી જાય છે. જેવું નિમિત્ત હોય એવો જ પ્રકાર અહીંયાં ખ્યાલમાં આવે પણ ખ્યાલ તો યથાર્થ જ્ઞાન હોય એવો જ આવે કે નહિ? જ્ઞાન તે સત્ય છે કે વિપરીતને જાણે ઇ? સામે જેવી ચીજ (હોય એવી) એના ખ્યાલમાં (આવે), એવું જ અહીં જ્ઞાન થાય. એથી એ જ્ઞાનનો કર્તા એ (જ્ઞેય) છે એમ છે નહિ. આહા..! સમજાણું કાંઈ?

એ અજ્ઞાનીને તો **'જ્ઞાનના સર્વસ્વ...'** વસ્તુ તો માની નહિ પણ પર્યાયને પણ (માની નહિ) અહીં તો એમ કહેવું છે. વસ્તુ છે જ્ઞાન ધ્રુવ ધ્રુવ, એ તો માની નહિ. ધ્રુવ સ્વરૂપ છે એ તો અનુભવ નથી, પણ પર્યાયમાં પણ પરને લઈને થાય ને એ જ્ઞાનની દશાનો કર્તા કરનાર, રચનાર એ બધું પર્યાયને જ્ઞેય જ રચે છે. એમ માનનારને બધું જ્ઞેય, જ્ઞાનની પર્યાય જ્ઞેય પી ગઈ. જ્ઞાન પર્યાય ભિન્ન રહી નહિ. જુઓ! આમાં પણ જેવું અંદર ઉપાદાન એમ કહો કે અહીંયાં પર્યાય ઉપાદાનમાં એવી થઈ પણ એવું સામે નિમિત્ત હોય એ પ્રકારે જ્ઞાનમાં થાય છે કે નહિ? એ એમ થાય છે એ પ્રકારે પણ તે નિમિત્તથી થાય છે એમ નથી. સમજાણું?

એમ અજ્ઞાની **'કોઈ અજ્ઞાની એકાન્તવાદી આવું માને છે,'** એમ. પૂર્વે કહ્યું એવું. **'કોઈ અજ્ઞાની એકાન્તવાદી આવું માને છે, તેથી એવા અજ્ઞાનીના મતમાં 'જ્ઞાન વસ્તુ' એવું પ્રાપ્ત થતું નથી.'** ભગવાનઆત્મા જ્ઞાન વસ્તુ છે અને એનો પર્યાય વર્તમાન પોતાથી પરિણમે છે છતાં સામે એવું જ જ્ઞેય છે એવું જ્ઞાન થતાં એમ માને કે, એ (જ્ઞેય વસ્તુ જ્ઞાનની) કર્તા (છે). એને જ્ઞાન વસ્તુ જ રહેતી નથી. વસ્તુ જ એની દૃષ્ટિમાં (રહેતી નથી), એને આત્માનો અનુભવ થતો નથી, એને એકલો જ્ઞેયનો જ અનુભવ થાય છે, એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ? **'અજ્ઞાનીના મતમાં 'જ્ઞાન વસ્તુ' એવું પ્રાપ્ત થતું નથી.'**

**'સ્યાદ્વાદીના મતમાં 'જ્ઞાન વસ્તુ' એવું પ્રાપ્ત થાય છે.'** જ્ઞાન વસ્તુ છે, પર્યાય તે વસ્તુ છે, પર્યાય પર્યાયપણે છે. વસ્તુ પર્યાય એ વખતે એવી જ (થાય છે). કારણ કે, પર્યાયની એક સ્થિતિ નથી. પર્યાયની એક સ્થિતિ નથી એટલે ભિન્ન ભિન્ન પર્યાય, ભિન્ન ભિન્ન પ્રકારના નિમિત્તના સંબંધમાં દેખાય એટલે અજ્ઞાનીને એમ (થાય છે) કે, આ અવસ્થા આમ કેમ થઈ? પણ અવસ્થા એકરૂપ રહે નહિ. અવસ્થા ભિન્ન ભિન્ન થાય અને ભિન્ન ભિન્ન થતાં એને નિમિત્ત ભિન્ન ભિન્ન સામે દેખાય એટલે એને લઈને છે એમ અજ્ઞાની માને છે. સ્યાદ્વાદી એમ માનતો નથી. અવસ્થાનું ભિન્ન ભિન્નપણું તે જ પ્રકારના ઘટને, ઘટને

જાણતું જ્ઞાન ઘટનું જ જ્ઞાન કરે. સમજાણું? પણ એ જ્ઞાન છે એ પોતાથી થયેલું છે, ઘટથી થયેલું નથી.

'पुनः स्याद्वादिनः तत् पूर्ण समुन्मज्जति' જુઓ! 'पुनः'નામ **'એકાન્તવાદી કહે છે એ રીતે નથી, સ્યાદ્વાદી કહે છે એ રીતે છે;...'** 'पुनः' એટલે આમ છે. એટલો જ અહીં તો અર્થ છે. એ તો ફક્ત મેળવણી માટે શબ્દ વાપર્યો છે. **'स्याद्वादिनः'** એટલે કે **'એક સત્તાને દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ માને છે...'** સત્તા એક જ છે. વસ્તુ ધ્રુવ એક છે એવી એક સમયનો પર્યાય પણ સત્તા (છે), એક વસ્તુમાં જ બેય છે. એક સત્તામાં બેય છે. બીજાની સત્તાને લઈને આ છે, એમ નથી. સમજાણું કાંઈ? એક હોવાપણામાં બે છે. એક હોવાપણું દ્રવ્યરૂપે અને એક હોવાપણું વર્તમાન ક્ષણિક અવસ્થારૂપે. એક સત્તામાં બેનું હોવાપણું છે. પર્યાયનું હોવાપણું પરને લઈને ને દ્રવ્યનું હોવાપણું સ્વને લઈને, એમ નથી. સમજાણું કાંઈ?

**'એક સત્તાને...'** એક જ ચીજની (સત્તાને) **'દ્રવ્યરૂપ ને પર્યાયરૂપ માને છે એવા જે સમ્યગ્દષ્ટિ જીવો તેમના મતમાં...'** એમ. **'स्याद्वादिनः'** એટલે સમ્યગ્દષ્ટિ જીવના મતમાં એટલો એનો અર્થ છે. પણ એના અર્થમાં પછી આ બે ખુલાસો કર્યો. **'तत्'** **'જ્ઞાનવસ્તુ'** **'पूर्ण'** **'पूर्ण'** એટલે **'જ્ઞેયથી ભિન્ન સ્વયંસિદ્ધ પોતાથી છે;...'** એટલો અર્થ છે એનો તો. **'पूर्ण'**નો અર્થ આટલો છે પણ એને વિશેષ સ્પષ્ટ કરે છે કે, સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં પોતે જીવ પૂર્ણ છે, પૂર્ણ છે, તત્ છે, તત્ એ પૂર્ણ છે, તત્ એ પૂર્ણ છે. પોતાનો પર્યાય પોતાથી પૂર્ણ છે. સમજાણું કાંઈ? પરથી બિલકુલ નથી.

**'तत्'** **'જ્ઞાનવસ્તુ'** **'पूर्ण'**. એ તો પહેલો ખુલાસો એટલો (કર્યો). અહીં પૂર્ણનો અર્થ અહીં કહેવો છે–**'સ્વયંસિદ્ધ પોતાથી...'** એટલો જ પૂર્ણનો અર્થ છે. પણ **'જેવી જ્ઞેયથી થતી કહી, વિનશતી કહી તેવી નથી,...'** પેલાની સામે જવાબ આપ્યો. **'જેવી છે તેવી જ છે,...'** (એ) અસ્તિ કહી. પેલી નાસ્તિ કરી. **'જ્ઞેયથી થતી કહી, વિનશતી કહી તેવી નથી,...'** નિમિત્ત જેવું (હોય તેવું) જાણે એટલે નિમિત્તથી થઈ અને નિમિત્તમાં હોય તો ન થાય એમ નહિ. **'જેવી છે તેવી જ છે,...'** પોતાનો જ્ઞાન પર્યાય, ગુણ તો ત્રિકાળી વસ્તુ ધ્રુવ, જ્ઞાન પર્યાય જેવી છે એવી પોતાથી જ છે. **'જ્ઞેયથી ભિન્ન સ્વયંસિદ્ધ પોતાથી છે;...'** એ નિમિત્તોના જ્ઞાન કાળે તેવું જ જ્ઞાન નિમિત્તનું થાય છતાં તે નિમિત્તના કાળથી પોતાની જ્ઞાન પર્યાય, જ્ઞેયના કાળથી જ્ઞાન પર્યાયનું ભિન્નપણું છે. સમજાણું?

**'સ્વયંસિદ્ધ પોતાથી છે;...'** ક્ષણે ક્ષણે જે જ્ઞાનનો પર્યાય છે એ પોતાથી જ છે, પરથી નથી. શબ્દથી નહિ, સાંભળવાથી નહિ, દેખવાથી નહિ, વાંચવાથી નહિ, એમ કહે છે. છે પણું છે એમાં વળી આનાથી ને આનાથી ક્યાંથી આવ્યું? વસ્તુ દ્રવ્ય-પર્યાયરૂપ છે. સત્તાના બે ભાગ છે. કાયમનું રહેવાપણું (ને) એક સમયનું રહેવાપણું. એ હોવાપણું આને પોતાનું પોતાને લઈને છે. જોડે આવ્યું એને લઈને હોવાપણું છે નહિ. સમજાણું કાંઈ?

**'સ્વંયસિદ્ધ પોતાથી છે;...'** પોતાથી જ પોતાની પર્યાય છે, પરને લઈને બિલકુલ છે નહિ. લ્યો! અહીં તો પેલા કે, નિમિત્ત અકિંચિત્કર છે એમ કહે છે એ ખોટું કહે છે. આમાં કાંઈ અકિંચિત્કર આવ્યું કે નહિ? ભાઈ! આવ્યું? બીજા શાસ્ત્રમાં કહ્યું હોય એ તો એક જાતની વ્યવહારની વાત કરી હોય. કિંચિત્કર, .... આદિ. સમજાણું આમાં?

ભગવાનઆત્મા જ્ઞાનજ્યોતિનો ડુંગરો, પુંજ, એ જ્ઞાનપણે ઝરે છે. સમયે સમયે જ્ઞાનની પર્યાયપણે ઝરે છે, પરિણમે છે. એ પોતાથી છે. **'સ્વયંસિદ્ધ પોતાથી છે;...'** પર્યાય સ્વયંસિદ્ધ પોતાથી છે, પરને લઈને કિંચિત પણ જ્ઞાનદશા છે નહિ. જ્ઞાનની સાથે શ્રદ્ધા, શાંતિ વગેરે (લઈ લેવા). અહીં તો જ્ઞાન પ્રધાન કથન કરે છે. જ્ઞાનને જ્ઞેય સાથે મેળવવું છે ને? તત્ ને અતત્ છે ને એટલે. સમજાણું?

**'समुन्मज्जति'** હવે જુઓ! એ શબ્દ આવ્યો. એનો અર્થ તો એટલો જ ન્યાં કહેવો છે કે, **'જ્ઞાનવસ્તુરૂપે પ્રગટ થયું.'** **'समुन्मज्जति'**નો અર્થ તો એટલો જ છે. સમ્યક્ પ્રકારે જ્ઞાનવસ્તુ પ્રગટ થઈ. હવે એને સમજાવવા જરીક વાત કરે છે. **'એકાન્તવાદીના મતમાં મૂળથી લોપ થઈ ગયું હતું...'** એટલે? વસ્તુ જે જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનપુંજ પ્રભુ! એની વર્તમાન પર્યાય એને નિમિત્ત(ને) લઈને, નિમિત્ત કર્તા થઈને થઈ હતી ત્યાં જ્ઞાનની પર્યાયનો લોપ થઈ ગયો હતો. નિમિત્ત કર્તા થઈને પર્યાય થઈ હતી ત્યાં એકાન્તવાદીને જ્ઞાન પર્યાયને વસ્તુપણાનો, અસ્તિત્વનો લોપ થઈ ગયો હતો. સમજાણું?

**'તે જ જ્ઞાન સ્યાદ્વાદીના મતમાં જ્ઞાનવસ્તુરૂપે પ્રગટ થયું.'** આટલો અર્થ થયો, મૂળ તો **'समुन्मज्जति'** સમ્યક્ પ્રકારે જ્ઞાનની પર્યાય પ્રગટ ઉછળે છે એટલું કહેવું છે. નિમિત્તને લઈને નહિ, સંયોગને લઈને નહિ. સંયોગ અને નિમિત્તનું જ્ઞાન એ પ્રકારે ત્યાં થાય, પણ પ્રગટે છે **'समुन्मज्जति'** જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતે પુંજ એ વર્તમાન પર્યાયમાં પોતે સમ્યક્ પ્રકારે **'समुन्मज्जति'** ઉછળે, પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? ગાથાએ ગાથાએ આવી વાત છે છતાં કોણ જાણે કહે (છે કે), એ...ય! 'નિમિત્તને અકિંચિત્કર કહે છે, નિયત કહે છે.' સમજ્યા ને? વાત સાચી, વાત તો એ સાચી છે પણ એને એમ કહે, 'આ વિરોધ છે, અનેકાન્ત નથી થતું, નિમિત્ત કાંઈક કરે તો અનેકાન્ત થાય.'

અહીં પણ અનેકાન્ત, આ સ્યાદ્વાદ તો વર્ણવાય છે. આ સ્યાદ્વાદ કહો કે અનેકાન્ત કહો. અનેકાન્ત વસ્તુનું સ્વરૂપ છે, સ્યાદ્વાદ મુખ્ય-ગૌણ કથન છે. સમજાય છે કાંઈ? સ્યાદ્વાદ ને અનેકાન્ત. અનેકાન્ત વસ્તુ અને સ્યાદ્વાદ એનો વાચક એમ નથી. સમજાણું કાંઈ? સ્યાદ્વાદ એ વાચક અને અનેકાન્ત તેનું વાચ્ય, એમ નથી. 'અનેકાન્ત' શબ્દ જે છે અનેકાન્ત પદાર્થનો વાચક છે. કારણ કે, અનેકાન્ત તો વસ્તુ છે. દ્રવ્ય દ્રવ્યપણે છે અને પર્યાય પર્યાયપણે છે. હવે સ્યાદ્વાદ તો મુખ્ય-ગૌણથી કથન કરે છે. વસ્તુ એક સમયમાં અનેકાન્ત છે–દ્રવ્ય અને પર્યાય. સ્યાદ્વાદ એ અનેકાન્ત, 'અનેકાન્ત' શબ્દ જે છે એ અનેકાન્તને બતાવે છે. સ્યાદ્વાદ

મુખ્ય–ગૌણ કરીને કથન કરે છે. સમજાણું કાંઈ?

(અહીંયાં) કહે છે કે, **'સ્યાદ્વાદીના મતમાં...'** એટલે કે અનેકાન્ત માનનારના મતમાં વસ્તુ વસ્તુપણે છે અને એનો પર્યાય **'જ્ઞાનવસ્તુરૂપ પ્રગટ થયો,...'** જ્ઞાનવસ્તુરૂપ પ્રગટ થાય છે. અનુભવમાં જ્ઞાન વસ્તુ પોતે એનો અનુભવ કરતા, સ્વસન્મુખમાં રહેતા જ્ઞાનપણે અનુભવપણે જ્ઞાન પ્રગટ થાય છે, પર પ્રગટ થતું નથી. સમજાણું કાંઈ?

**'ક્યા કારણથી પ્રગટ થયું?' 'दूरोन्मग्नघनस्वभावभरतः'** ઓહોહો..! **'दूर' 'અનાદિથી...'** લ્યો! 'दूर'ની વ્યાખ્યા. અનાદિથી વસ્તુ જ્ઞાનપુંજ પ્રભુ છે. **'उन्मग्न' 'સ્વયંસિદ્ધ વસ્તુરૂપ પ્રગટ છે...'** જુઓ! **'उन्मग्न'**. સ્વયંસિદ્ધ વસ્તુ છે. **'એવું' 'घन' 'घन'** નામ **'અમિટ (-અટળ)...'** જ્ઞાનઘન વસ્તુ છે એ અમિટ છે, મટે નહિ એવું છે. એનો એક પણ ઘન છે એ તો મટે નહિ પણ એનો જે પર્યાય તે ક્ષણે થયો એ પણ મટે નહિ. સમજાણું કાંઈ? તે જ્ઞાયકમૂર્તિનો અનુભવ થતાં એ વસ્તુ અમિટ છે અને તે ક્ષણમાં એનો પર્યાય પણ એ જ પ્રકારનો પ્રગટ થાય છે. એમ કીધું ને? સમજાણું?

**'સ્વયંસિદ્ધ વસ્તુરૂપ પ્રગટ છે એવું અમિટ (–અટળ) જ્ઞાનવસ્તુનું સહજ તેના...'** જ્ઞાનવસ્તુનું સહજપણું તેનો **'ન્યાય કરતાં,...'** બે વસ્તુ લેશે. **'भरतः'** ની વ્યાખ્યા. **'भरतः'** ભગવાનઆત્મા જ્ઞાનરૂપ છે એનો **'भरतः'** ન્યાય કરવાથી, યુક્તિ કરવાથી કે અનુભવ કરવાથી જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા યુક્તિ કરવાથી... સમજાણું? અને **'અનુભવ કરતાં...'** બે વાત લીધી. સમજાણું કાંઈ? **'એ બંને જે પ્રકારે હોય છે તે કહે છે...' 'ન્યાય કરતાં, અનુભવ કરતાં 'આમ જ છે' એવા–સત્ત્વપણાના કારણથી.'** એવું સત્ત્વપણું જે છે. વસ્તુ વસ્તુપણે છે એનો અનુભવ કરવાથી અનુભવમાં આનંદ આવે ને જ્ઞાનનો અનુભવ થાય. યુક્તિ પણ એવી છે કે, એ વર્તમાન પર્યાય પોતે ભલે પરના લક્ષે થાય, પણ છે પોતાથી. એવી યુક્તિ પણ એ વાતને સિદ્ધ કરે છે. કહો, સમજાણું કાંઈ?

હવે કહે છે, **'પોતાના સ્વભાવથી વસ્તુ છે...'** 'यत् तत् स्वरूपतः तत् इति' **'કેવો ન્યાય, કેવો અનુભવ,...'** એમ આવ્યું ને? **'કેવો ન્યાય, કેવો અનુભવ,–એ બંને જે પ્રકારે હોય છે તે કહે છે'** 'यत् तत् स्वरूपतः तत् इति' **'જે વસ્તુ તે વસ્તુ...'** 'स्वरूपतः तत्' **'પોતાના સ્વભાવથી વસ્તુ છે...'** પોતાનો જ્ઞાન સ્વભાવ એનાથી અનુભવ કરવાથી **'स्वतः'** નિર્વિકલ્પ અનુભવ થતાં વસ્તુ પોતાથી જ છે. સમજાણું કાંઈ? ઝીણું છે, તેથી તો ધીમેથી કહેવાય છે.

વસ્તુ છે, અસ્તિ–સત્તા, એનો અનુભવ કરવાથી એ વસ્તુ પોતે અસ્તિ આમ છે આખી, સ્વતઃ છે એમ અનુભવ કરવાથી, અનુભવ નિર્વિકલ્પ છે એ અનુભવ કરવાથી આ વસ્તુ એમ જ છે એમ તે સત્યપણાને પ્રકાશે છે. સમજાણું કાંઈ? વસ્તુ, **'વસ્તુ પોતાના સ્વભાવથી વસ્તુ છે એમ અનુભવતાં અનુભવ પણ ઉત્પન્ન થાય છે,...'** લ્યો! **'યુક્તિ પણ પ્રગટ થાય**

**છે.**' પરની અપેક્ષા, કહે છે ને?

**'અનુભવ નિર્વિકલ્પ છે.'** ભગવાનઆત્મા આ જ્ઞાનપુંજ ધ્રુવ છે એની પર્યાયમાં એનો અનુભવ થતાં એ અનુભવ નિર્વિકલ્પ છે, એમાં કોઈ ભેદ નથી. આ જ્ઞાન વસ્તુ છે, જ્ઞાન પુંજ સત્તા છે એમ એનો અનુભવ કરતા એ અનુભવ નિર્વિકલ્પ છે, અભેદ છે. વસ્તુ જે અખંડ જ્ઞાયક છે એનો અનુભવ પણ અભેદ અખંડ છે. એ અનુભવથી સ્વની સત્તાની સિદ્ધિ થાય છે કે, પર્યાય પણ સ્વસત્તાથી પ્રગટી ને સ્વસત્તા ધ્રુવ ત્રિકાળ છે. એટલે શું કહ્યું ઇ?

પરના લક્ષ વિના સ્વના લક્ષમાં આવતા મહાસત્તા જે ચૈતન્ય ધ્રુવ, એના લક્ષમાં– મહાસત્તાના ધ્રુવમાં આવતા નિર્વિકલ્પ અનુભવ થાય એમાં પરની અપેક્ષા કોઈ રહેતી નથી વ્યવહારે, એમ કહે છે. નિર્વિકલ્પ અનુભવ આ વસ્તુ છે એમ એમાં સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો માર્ગ એવો (છે). આ સ્યાદ્વાદમાર્ગને સિદ્ધ કરે છે ને! બહુ ઝીણી વાત છે.

અનેકાન્તપણું એ વસ્તુનું સ્વરૂપ છે. અનેકાન્ત સિદ્ધ થતાં અમૃતનો અનુભવ થાય એમ કહે છે. સમજાય છે? આ વસ્તુ વસ્તુપણે છે, પર્યાય પર્યાયપણે છે. ઇ પણ આમ પરનું લક્ષ છોડી દઈને આ વસ્તુ, આ વસ્તુ છે એમ જ્યાં અનુભવ કરે તો એમાં પરની અપેક્ષા આવતી નથી. બિલકુલ નિર્વિકલ્પ અનુભવ થઈ ગયો. નિર્વિકલ્પ અનુભવ થયો એનું નામ સત્તાનો સ્વીકાર થયો. આહાહા..! સમજાણું કાંઈ?

આ જ્ઞાન વસ્તુ આખી પૂર્ણ ધ્રુવ, એનો અનુભવ થતાં એને અનુસરીને થતાં આ અનુસરણ છોડ્યું. પર્યાય પણ થઈ, થઈ પર્યાય અનુભવની. સમજાણું કાંઈ? છતાં એ અનુભવ નિર્વિકલ્પ છે. **'અનુભવ પણ ઉત્પન્ન થાય છે, યુક્તિ પણ પ્રગટ થાય છે. યુક્તિ એવી કે જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે વિચારતાં પોતાના સ્વરૂપે છે, પર્યાયરૂપે વિચારતાં જ્ઞેયથી છે.**' જ્ઞેયથી છે એવી યુક્તિ નિમિત્તની અપેક્ષાથી છે એમ વ્યવહારે કહેવાય છે. એમ વ્યવહારે કહેવાય છે. નવી ઉત્પન્ન થઈ ને? વસ્તુ તો વસ્તુ છે પણ નવી ઉત્પન્ન થઈ એથી એમ કહેવાય કે, નિમિત્તથી, જ્ઞેયથી ઉત્પન્ન થઈ. પણ ખરેખર તો પોતાથી ઉત્પન્ન થઈ છે. એ પોતાથી થઈ એને નિમિત્તની અપેક્ષાથી એમ કહેવાય. એવી એક યુક્તિ પણ પર્યાય માટે છે. સમજાણું કાંઈ?

કારણ કે, તે વખતે જ્ઞાનનો પર્યાય (પ્રગટ થાય છે). વસ્તુના અનુભવમાં એ તો પોતે જ એકલો આવી ગયો. હવે જ્યારે એકલો આમ સાધારણ પર્યાય છે ત્યારે જેવું સામે નિમિત્ત છે એવું અહીં જ્ઞાન થાય છે. ત્યારે એમાં યુક્તિથી એમ કહેવાય કે, એ જ્ઞાન જ્ઞેયથી છે. સમજાય છે? **'યુક્તિ એવી કે જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે વિચારતાં પોતાના સ્વરૂપે છે, પર્યાયરૂપે વિચારતાં જ્ઞેયથી છે.**' પણ આ રીતે જ્ઞેય છે, હોં! પર્યાય પરથી થઈ એમ નહિ પણ પર્યાયમાં ભિન્ન ભિન્નતા આવી ને? ભિન્ન ભિન્નતા પર્યાયમાં આવી એટલે જાણે આનાથી છે એમ કહેવામાં આવે છે.

એમ છે નહિ પણ કહેવામાં (એમ આવે છે). વસ્તુ આખી છે એ તો એમ ને એમ છે. એનો આમ અનુભવ થતાં નિર્વિકલ્પ વસ્તુ સત્તામાત્ર થઈ, પણ જ્યાં પર્યાય ઉપર લક્ષ જતાં એ પર્યાયમાં જે જે પ્રકારના સંયોગ (જણાય) તેવું જ્ઞાન થાય એથી એમ કહેવાય કે, જ્ઞેયથી છે. (બાકી) ખરેખર છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

એ ગુરુ પણ આત્મા ને દેવ પણ આત્મા ને બધું આત્મા છે. એ તો આવી ગયું આપણે નથી આવ્યું? 'પરમાત્મ પ્રકાશ'માં (આવી ગયું). તીર્થ ને ગુરુ તે આત્મા છે. અનંત અનંત ગુણનો ધણી ભગવાન એ તીર્થપણે પરિણમ્યો એ પોતે તીર્થ છે. વીતરાગપણે પરિણતિ થવી એ પોતે તીર્થ છે. બાહ્યના તીર્થ તો નિમિત્તમાત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ગયું કે નહિ 'પરમાત્મ પ્રકાશ'માં? આવ્યું હતું? બધું આવ્યું હતું. દેવ પણ તું, ગુરુ પણ તું અને તીર્થ પણ તું. ત્રણેય તું છો. ભાઈ! તારામાં ક્યાં ઊણપ છે કે જેથી પરની અપેક્ષા રહે? એમ અહીં તો કહે છે.

વસ્તુ તો વસ્તુ સ્વયંસિદ્ધ નિર્વિકલ્પ અખંડાનંદ ભગવાન (છે) એને અનુસરીને થતો નિર્વિકલ્પ જ્ઞાન એને તો કોઈ અપેક્ષા છે નહિ. હવે જ્યારે સામાન્ય જે રીતે જ્ઞાન, જ્ઞાન પર્યાયમાં આવ્યું એ પર્યાયને પર્યાય ઉપર લક્ષ કરતા જાણે એવું જ નિમિત્ત હોય એવું જ્ઞાન થાય છે એથી વ્યવહારથી એમ કહેવાય. **'પર્યાયરૂપે વિચારતા જ્ઞેયથી છે.'** એમ આમ કહેવાય છે કર્તા એ નહિ. સમજાણું કાંઈ?

**'જેમ કે – જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે જ્ઞાનમાત્ર છે, પર્યાયરૂપે ઘટજ્ઞાનમાત્ર છે,...'** જુઓ! એક સમયનો પર્યાય એવડો છે ને એ અપેક્ષાએ વાત કરે છે. એક સમયનો પર્યાય આ ઘટને જાણે ઘટજ્ઞાનમાત્ર થયું ને? આખા જ્ઞાનમાત્ર ન રહ્યું. છે તો પોતાથી પણ ઘટજ્ઞાનમાત્ર, પટજ્ઞાનમાત્ર, આ જ્ઞાનમાત્ર, શબ્દજ્ઞાન, જે શબ્દ એ જ્ઞાન, એમ. સમજાણું? **'પર્યાયરૂપે ઘટજ્ઞાનમાત્ર છે,...'** એટલો સમયનો એ પર્યાય એટલા પૂરતું એને પરની અપેક્ષા લાગુ પડે છે. છે તો પોતાથી. અજ્ઞાનીને તો પર્યાય પરથી જ એકલી છે એમ ગરી ગઈ હતી. સમજાણું કાંઈ? વસ્તુને વર્તમાન પર્યાયરૂપે જુઓ તો ઘટજ્ઞાન (માત્ર છે) એટલે એ આખા પૂર્ણ જ્ઞાનરૂપ પર્યાય ન રહી ને? એ ઘટજ્ઞાનમાત્ર, પટજ્ઞાનમાત્ર એ અપેક્ષાએ જ્ઞેયથી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'તેથી પર્યાયરૂપે જોતાં ઘટજ્ઞાન જે પ્રકારે કહ્યું છે કે 'ઘટના સદ્ભાવમાં છે,...'** કારણ કે, એ વખતનો એક સમયનો પર્યાય ઘટ સંબંધીના જ્ઞાનવાળો એટલો એટલામાં છે, એમ. વળી પટ આવ્યું તો પટ સંબંધીનું જ્ઞાન એટલું એટલા કાળમાં છે. સમજાણું કાંઈ? ભારે છે, જરી ઝીણું છે. પહેલા કર્તા (તરીકે) ના પાડી. અહીં તો અપેક્ષા લીધી છે પાછી, ભાઈ! પહેલી ના પાડી ને? જ્ઞેયથી નહિ. અહીં નહિ તો છે પણ પર્યાયમાં ફેર ફેર થાય છે ને? વસ્તુ તો એકરૂપ રહી, પર્યાયમાં ફેર થાય એટલે જેવું જ્ઞેય છે એવું જ્ઞાન થાય એ અપેક્ષાએ

જ્ઞેયથી છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. આમ સ્યાદ્વાદી જ્ઞાન કરે છે. આહાહા..! સમજાય છે? જરી વાત એવી છે.

અહીંયાં તત્‌પણે સિદ્ધ કરવું છે ને? તત્‌પણે સિદ્ધ કરવું છે ને? તત્‌પણે તો પાછું દ્રવ્ય તો ત્રિકાળ છે એનો અનુભવ એમ ને એમ છે પણ આમ સામાન્ય પર્યાય(માં) જ્યારે આમ લક્ષમાં બીજું આવે છે ત્યારે તે જ્ઞેય સંબંધીનું જ જ્ઞાન અહીં વર્તે છે. એક સમયમાં કાંઈ આખા દ્રવ્યનું જ્ઞાન છે? આખું દ્રવ્ય એક પર્યાયમાં આવી જાય છે? એક પર્યાય કાળે એટલો જે જ્ઞેય છે તેનો ખ્યાલ આવે છે એટલે એમ સંબંધી કહેવાય કે, ઘટ સંબંધીનું જ્ઞાન, પટ સંબંધીનું જ્ઞાન. એટલી અપેક્ષા આવતા એ જ્ઞાનનો પર્યાય એટલા જ્ઞેય સંબંધી એનો છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..!

**'તેથી પર્યાયરૂપે જોતાં ઘટજ્ઞાન જે પ્રકારે કહ્યું છે કે 'ઘટના સદ્‌ભાવમાં છે, ઘટ નહિ હોતાં નથી.'** કારણ કે, એ પર્યાય બદલી ગયો. બીજા સમયે (બીજો પર્યાય થાય છે). વસ્તુ બદલતી નથી. વસ્તુ તો એમ ને એમ છે એટલે એને કોઈ અપેક્ષા લાગુ પડતી નથી. અહીં અપેક્ષા આટલી લાગુ પડી. પર્યાય બદલી એટલે વસ્તુ પણ બદલી ને અહીં પર્યાય બદલી. એ અપેક્ષાએ કહેવાય કે ઘટ સંબંધેનું જ્ઞાન, પટ સંબંધીનું જ્ઞાન. પર્યાય સંબંધી જ્ઞાન તો પોતાનું છે. પણ આ અપેક્ષાએ ઘટ સંબંધીનું પોતાનું જ્ઞાન, પટ સંબંધીનું પોતાનું જ્ઞાન, ફલાણા સંબંધીનું પોતાનું જ્ઞાન. જ્ઞાન તો પોતાનો પર્યાય (છે). આવું બધું સમજવું પડતું હશે? ભાઈ! દયા, વ્રત પાળે ને ભક્તિ કરે (એટલે) થઈ જાય ધર્મ. થઈ રહ્યું. આવું સમજવાની માથાકુટ મટી. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! એ તો બધા વિકલ્પો છે.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ! એક સમયમાં એકલો અખંડ આનંદ જ્ઞાનનો ઘન (છે). એનો અનુભવ કરતા જે પર્યાય થઈ એમાં તો કહે છે કે, પરની અપેક્ષા છે જ નહિ. પણ જ્યારે (પર) લક્ષમાં આવતા પર નિમિત્તનું લક્ષ–જ્યાં જ્ઞાન થાય છે ત્યારે ઘટ સંબંધીનું એટલું જ્ઞાન ઘટ સંબંધીનું એટલું જ જ્ઞાન છે, પટ સંબંધીનું એટલું જ્ઞાન (છે). એ અપેક્ષાએ ઘટના સદ્‌ભાવમાં જ્ઞાન ને ઘટના અભાવમાં નહિ. (એમ કહેવાય છે). એટલી અપેક્ષા પર્યાયમાં (આવે છે). ભિન્ન ભિન્ન અવસ્થા છે ને? ભિન્ન ભિન્ન અવસ્થા (છે). અવસ્થાનો એક સમય છે. બીજા સમયે બીજી તરફનું જ્ઞાન છે એ અપેક્ષાએ કહેવામાં આવે છે. આમ તો આખી ચીજનું જ્ઞાન અનુભવમાં આવે ત્યાં તો કાંઈ ભેદ છે નહિ. પણ એ આખી ચીજના અનુભવ સિવાયનો જ્ઞાનપર્યાય તે તે કાળે આમ કામ કરે ત્યારે તે તે પ્રકારે જે છે એવું જ્ઞાન કરે એ અપેક્ષાએ કહેવાય જ્ઞેય સંબંધીનું જ્ઞાન એમ (કહે છે). સમજાણું કાંઈ? આ તો ભાઈ! ધીરજની વાત છે આ તો કાંઈ એકદમ વાત ગોખી જાય એ આ વાત (નથી).

વસ્તુ છે આખી જ્ઞાનનો પુંજ પ્રભુ છે. એકલો જ્ઞાન, જેમાંથી કેવળજ્ઞાન ઝરે એવો

આત્મા (છે). એ આત્માને કહે છે કે, એ વસ્તુ આખી છે એ સત્ છે અને એનો પર્યાય પણ સત્ જ છે. એક સત્તાના જ બે ભાગ છે. સમજાય છે? પણ જ્યારે આખી ચીજનો અનુભવ કરીએ, જોઈએ તો એ છે તો પર્યાય પણ આખી ચીજની અપેક્ષાએ એ પર્યાય નિર્વિકલ્પ છે એમાં કાંઈ અપેક્ષા નથી પણ એકલો સામાન્ય એ સિવાય બીજો પર્યાય થાય, આમાં સાથે આમ, ત્યારે એને જે સંબંધી આવું જ્ઞેય હોય એવું અહીં જ્ઞાન થાય. જ્ઞેયનું જ્ઞાન, જ્ઞેયનું જ્ઞાન. એ અપેક્ષાએ સ્યાદ્વાદીને પરની અપેક્ષાનું એવું જ, એટલું જ, એવું જ જ્ઞાન, એવા જ્ઞેયનું જ આ જ્ઞાન, એવા જ્ઞેયનું આ જ્ઞાન એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? 'કોમલચંદજી'! આમાં થોડી કોમળ બુદ્ધિ જોઈએ, કહે છે. આમાં કઠોર બુદ્ધિ કામ ન આવે. આહાહા..!

**'એમ જ છે.'** એમાં શું, કહે છે, જ્ઞાનપર્યાય એટલો જ છે, એવડો જ છે, એમ (કહે છે). જેવું જ્ઞેય છે એવડું જ જ્ઞાન છે. **'દ્રવ્યરૂપે અનુભવતાં 'ઘટજ્ઞાન' એમ ન જોવામાં આવે,...'** લ્યો! સ્વને આખા દ્રવ્યરૂપે દેખીએ **'જ્ઞાન' એમ જોવામાં આવે તો ઘટથી ભિન્ન પોતાના સ્વરૂપમાત્ર સ્વયંસિદ્ધ વસ્તુ છે.'** ઘટજ્ઞાન સંબંધીનો, એક સંબંધીનો પર્યાય એ અપેક્ષાએ ન દેખીએ (અને) આખી ચીજ સંબંધી દેખીએ તો પોતે વસ્તુ તે વસ્તુ છે. એમાં પરની અપેક્ષા આવતી નથી. એ તો સ્વજ્ઞેયનું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? **'જ્ઞાન' એમ જોવામાં આવે તો ઘટથી ભિન્ન પોતાના સ્વરૂપમાત્ર સ્વયંસિદ્ધ વસ્તુ છે. આ પ્રકારે અનેકાન્તને સાધતાં વસ્તુસ્વરૂપ સધાય છે.'** એ રીતે અનેકાન્તને સાધવાથી વસ્તુ સ્વરૂપ સધાય છે.

**'એકાન્તથી જો ઘટ ઘટજ્ઞાનનો કર્તા છે,...'** સમજાણું? **'એકાન્તથી જો ઘટ ઘટજ્ઞાનનો કર્તા છે, જ્ઞાન 'વસ્તુ' નથી, તો એમ હોવું જોઈએ...'** હવે ન્યાય આપે છે. જો ઘટ એ ઘટજ્ઞાનની પર્યાયનો કર્તા હોય અને અહીં શક્તિરૂપ વસ્તુ–જાણનાર ન હોય. ઘટ ઘટજ્ઞાનની પર્યાયનો કર્તા હોય, **'જ્ઞાન 'વસ્તુ' નથી, તો એમ હોવું જોઈએ કે જે રીતે ઘટની પાસે બેઠેલા પુરુષને...'** ઘડાની પાસે બેઠેલો પુરુષ **'ઘટજ્ઞાન થાય છે...'** એ પુરુષને ઘટનું જ્ઞાન (થાય છે). સમજાણું કાંઈ? ઘટની પાસે બેઠેલો પુરુષ, જે જ્ઞાન સ્વરૂપ પુરુષ છે તો એને ઘટજ્ઞાન થાય છે એમ કહે છે. ઘટ પાસે બેઠેલો જ્ઞાનસ્વરૂપ પુરુષ છે એને ઘટનું જ્ઞાન (થાય છે). કારણ જ્ઞાનસ્વરૂપ પુરુષ છે. પણ થાંભલાને રાખો જોઈ ઘટ પાસે (તો ઘટનું જ્ઞાન થાય છે?) સમજાણું કાંઈ?

**'ઘટની પાસે બેઠેલા પુરુષને ઘટજ્ઞાન થાય છે તેવી જ રીતે જે કોઈ વસ્તુ ઘટની પાસે રાખવામાં આવે તેને ઘટજ્ઞાન થવું જોઈએ;...'** પર્યાયમાં પણ જ્ઞાન જ્ઞાનસ્વરૂપે ભગવાનઆત્મા છે એને ઘટ પાસે બેસતા જ્ઞાન થાય છે. પણ જેનામાં જ્ઞાન સ્વરૂપ જ નથી એને પાસે બેસાડો, ઘટને રાખો. કોને થાશે? એ તો જડ છે. સમજાણું કાંઈ? થાંભલાને રાખો કે થાંભલા પાસે ઘડા ગોઠવો. લાકડામાં ચોરી નથી ગોઠવતા? બાંધે ને થાંભલા? શું કહેવાય ઇ? ચાર

વાંસડા. ચોરી બાંધે છે કે નહિ? ચાર બાજુ ચાર વાસડા ઉભા (રાખે). એને–વાંસડાને કાંઈ થાતું હશે કે નહિ એ ઘડાનું જ્ઞાન? જેનામાં જ્ઞાન હોય એને ઘટજ્ઞાન થાય. પણ જેનામાં જ્ઞાન નથી એને શેનું થાતું હશે? સમજાણું કાંઈ?

**'જેમ ઘટની પાસે બેઠેલા પુરુષને ઘટજ્ઞાન થાય છે તેવી જ રીતે જે કોઈ વસ્તુ ઘટની પાસે રાખવામાં આવે...'** કોઈ પણ વસ્તુ ઘટ પાસે રાખીએ તો **'તેને ઘટજ્ઞાન થવું જોઈએ; એમ થતાં થાંભલાની પાસે ઘટ હોતાં થાંભલાને ઘટજ્ઞાન થવું જોઈએ; પરંતુ એવું તો જોવામાં આવતું નથી.'** શીશપેનને પુસ્તક પાસે બેસાડો. આ લાકડુ છે ને? આનાથી જ્ઞાન થાય તો આને આમ રાખો, લ્યો! આમાં જ્ઞાન સ્વરૂપ જ નથી. પણ જ્ઞાન સ્વરૂપ પાસે આ વસ્તુ આવી. આ વસ્તુ છે તો જ્ઞાન જ્ઞાન કરે છે. એ તો જ્ઞાન કરે છે. જ્ઞાન વસ્તુ છે એ જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે તો સામે આવતા જ્ઞાન, જ્ઞાન કરે. એ તો પોતે જ્ઞાન છે ઇ જ્ઞાન કરે છે. કાંઈ આનાથી જ્ઞાન થાય છે એમ નથી. એનાથી થાતું હોય તો આ શીશપેનને થાવું જોઈએ, લ્યો! સમજાણું કે નહિ? આ આંખો તો બહુ દૂર છે. આમાં પણ જ્ઞાન હોય એને જ્ઞાન થાય. જો આનાથી થાતું હોય તો આને પણ થાવું જોઈએ. (શીશપેનમાં) જ્ઞાન ક્યાં હતું તે આ અક્ષર છે એવું જ્ઞાન આમાં થાય. જ્ઞાન સ્વરૂપ ભગવાન છે તો આમ કરતા એને જ્ઞાન થાય છે. એ તો જ્ઞાનવાળો હોય એને જ્ઞાન થાય છે એનાથી થતું નથી. એનાથી થાતું હોય તો આને થાવું જોઈએ, આંગળીને થાવું જોઈએ, લ્યોને આમ. કહો, સમજાણું કે નહિ?

આંધળા હોય છે ને? આંધળાને એના અક્ષર હોય છે. જન્માંધ હોય છે એના અક્ષરો હોય છે. ગોઠવેલા હોય. પણ જ્ઞાનવાળો છે એને ત્યાં જ્ઞાન થાય છે. જ્ઞાન વિનાનો આત્મા હોય અને આંગળી ફેરવો જોઈએ, ન્યાં આમ આમ ફેરવો તો કોને જ્ઞાન થાય? જ્ઞાન સ્વરૂપે ભગવાનઆત્મા છે. નવ તત્ત્વનું જ્ઞાન કરું છું. એમ શબ્દેશબ્દ બોલાય છે ને? કારણ કે ઉપસેલા અક્ષર હોય ને? એક જીવમાં અનંત ગુણ છે, અનંત ગુણમાં એક એક ગુણની અનંતી શક્તિ છે, એક એક ગુણ ત્રણકાળની પર્યાયવાળો છે. એમ અક્ષરો લખેલા હોય એ પ્રમાણે આત્મા ફટફટ બોલી જાય. આંગળી ફેરવી ત્યાં (ખબર પડી જાય) પણ જ્ઞાન અંદર છે એને લઈને થાય છે. સમજાણું કાંઈ?

**'પરંતુ એવું તો જોવામાં આવતું નથી. તે કારણે એવો ભાવ પ્રતીતિમાં આવે છે કે જેમાં જ્ઞાનશક્તિ વિદ્યમાન છે...'** જેમાં જ્ઞાનસ્વરૂપે ભગવાન જ્ઞાનસ્વરૂપ બિરાજમાન છે. **'તેને, ઘટની પાસે બેસીને ઘટને જોતાં, વિચારતાં,...' 'ઘટને જોતાં, વિચારતાં, ઘટજ્ઞાનરૂપ આ જ્ઞાનનો પર્યાય પરિણમે છે.'** લ્યો! એ પર્યાય એમ પરિણમે છે. પરને લઈને પરિણમતી હોય તો આમ થવું જોઈએ. થાંભલાને પણ જ્ઞાન પરિણમવું જોઈએ. સમજાણું કાંઈ?

**'ઘટજ્ઞાનરૂપ આ જ્ઞાનનો પર્યાય પરિણમે છે.'** જોયું? **'ઘટજ્ઞાનરૂપ, ઘટજ્ઞાનરૂપ આ જ્ઞાનનો**

**પર્યાય પરિણમે છે.'** પણ ઘટજ્ઞાનરૂપ પરિણમે છે. **'તેથી સ્યાદ્વાદ વસ્તુનો સાધક છે, એકાન્તપણું વસ્તુનું નાશકર્તા છે.'** સમજાણું કાંઈ? પર્યાય પરથી અતત્ છે, પર્યાય પોતાથી તત્ છે. ગુણ પણ તત્ છે ને પર્યાય પણ તત્ છે. અતત્ છે–પરથી નથી, વસ્તુ પોતાથી જ છે. એમ આ એક તત્નો બોલ સિદ્ધ કર્યો. વસ્તુ તત્પણે છે, એ પરપણે નથી. સમજાણું કાંઈ? પેલામાં તો બહુ થોડું લખ્યું છે, આમાં તો ત્રણ પાના ભર્યા છે. 'જયચંદજી' પંડિતના થોડા શબ્દાર્થ છે ને? એમાં બહુ થોડું લખ્યું છે.

હવે બીજું. અજ્ઞાની પરને જ પોતાનું સ્વરૂપ માને છે. એ પર બધું પોતે જ્ઞાન જ છે એમ માને છે. બધું જ્ઞાન છે, બધો આત્મા જ છે, મારાથી જુદી જ્ઞેય વસ્તુ નથી.

( શાર્દૂલવિક્રીડિત )

विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्टवा स्वतत्त्वाशया
भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।
यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-
र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।।३-२४९।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદષ્ટિ એવો છે કે જ્ઞાનને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ માનતો નથી; તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે તેમ જ્ઞેય જે પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાળદ્રવ્ય તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી, જ્ઞાનવસ્તુ માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે એવો જ્ઞાનનો સ્વભાવ છે તોપણ જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ નથી. 'पशुः स्वच्छन्दम् आचेष्टते' ( पशुः ) એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ, ( स्वच्छन्दम् ) સ્વેચ્છાચારપણે 'કાંઈક હેયરૂપ, કાંઈક ઉપાદેયરૂપ' એવો ભેદ નહિ કરતો થકો, 'સમસ્ત ત્રૈલોક્ય ઉપાદેય' એવી બુદ્ધિ કરતો થકો ( आचेष्टते) - એવી પ્રતીતિ કરતો થકો - નિઃશંકપણે પ્રવર્તે છે. કોની માફક? 'पशुः इव' તિર્યંચની માફક. કેવો થઈને પ્રવર્તે છે? 'विश्वमयः भूत्वा' 'अहं विश्वम् અર્થાત્ હું વિશ્વ' એમ જાણી પોતે વિશ્વરૂપ થઈને પ્રવર્તે છે. એવો કેમ છે? કારણ કે 'सकलं स्वतत्त्वाशया दृष्टवा' ( सकलं ) સમસ્ત જ્ઞેયવસ્તુને ( स्वतत्त्वाशया ) જ્ઞાનવસ્તુની બુદ્ધિએ ( दृष्टवा ) પ્રગાઢ પ્રતીત કરીને. એવી પ્રગાઢ પ્રતીતિ કેમ થાય છે? કારણ કે 'विश्वं ज्ञानम् इति प्रतर्क्य' ત્રૈલોક્યરૂપ જે કાંઈ છે તે જ્ઞાનવસ્તુરૂપ છે' એમ જાણીને. ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ પર્યાયરૂપે જ્ઞેયાકાર થાય છે; ત્યાં મિથ્યાદષ્ટિ પર્યાયરૂપ ભેદ માનતો નથી, સમસ્ત જ્ઞેયને જ્ઞાનવસ્તુરૂપ માને છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ નથી.

એ જ કહે છે - 'पुनः स्याद्वाददर्शी स्वतत्त्वं स्पृशेत्' ( पुनः ) એકાન્તવાદી જે રીતે કહે છે તે રીતે જ્ઞાનને વસ્તુપણું સિદ્ધ થતું નથી, સ્યાદ્વાદી જે રીતે કહે છે તે રીતે વસ્તુપણું જ્ઞાનને સધાય છે; કારણ કે એકાન્તવાદી એવું માને છે કે સમસ્ત જ્ઞાનવસ્તુ છે, પરંતુ એવું માનતાં લક્ષ્ય-લક્ષણનો અભાવ થાય છે, તેથી લક્ષ્ય-લક્ષણનો અભાવ થતાં વસ્તુની સત્તા સધાતી નથી. સ્યાદ્વાદી એવું માને છે કે 'જ્ઞાનવસ્તુ છે, તેનું લક્ષણ છે સમસ્ત જ્ઞેયનું જાણપણું,' તેથી એમ કહેતાં સ્વભાવ સધાય છે, સ્વ-સ્વભાવ સધાતાં વસ્તુ સધાય છે. આથી જ એમ કહ્યું કે ( स्याद्वाददर्शी स्वतत्त्वं स्पृशेत् ) વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સ્યાદ્વાદદર્શી અર્થાત્ અનેકાન્તવાદી જીવ જ્ઞાનવસ્તુ છે એમ સાધવાને સમર્થ હોય છે. સ્યાદ્વાદી જ્ઞાનવસ્તુને કેવી માને છે? 'विश्वात् भिन्नम्' ( विश्वात् ) સમસ્ત જ્ઞેયથી ( भिन्नम् ) નિરાળી છે. વળી કેવી માને છે? 'अविश्वविश्वघटितं' ( अविश्व ) સમસ્ત જ્ઞેયથી ભિન્નરૂપ, ( विश्व ) પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી ( घटितं ) જેવી છે તેવી અનાદિથી સ્વયંસિદ્ધ નિષ્પન્ન છે - એવી છે જ્ઞાનવસ્તુ. એવું કેમ માને છે? 'यत् तत्' જે જે વસ્તુ છે 'तत् पररूपतः न तत्' તે વસ્તુ પરવસ્તુની અપેક્ષાએ વસ્તુરૂપ નથી. ભાવાર્થ આમ છે કે જેવી રીતે જ્ઞાનવસ્તુ જ્ઞેયરૂપથી નથી, જ્ઞાનરૂપથી છે, તેવી જ રીતે જ્ઞેયવસ્તુ પણ જ્ઞાનવસ્તુથી નથી, જ્ઞેયવસ્તુરૂપ છે. તેથી આવો અર્થ પ્રગટ થયો કે પર્યાય દ્વારા જ્ઞાન વિશ્વરૂપ છે, દ્રવ્ય દ્વારા પોતારૂપ છે. - આવો ભેદ સ્યાદ્વાદી અનુભવે છે. તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે, એકાન્તપણું વસ્તુનું ઘાતક છે. ૩-૨૪૯.

---

विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्टवा स्वतत्त्वाशया
भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।
यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-
र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।।३-२४९।।

અહો! અનેકાન્ત વસ્તુ! વસ્તુપણે છે અને પર્યાયપણે પણ છે. પરપણે નથી એમ અનુભવ કરનારને અનેકાન્ત વસ્તુનો અનુભવનો સ્વાદ આવે ત્યારે એ અનેકાન્ત કહેવાય છે એમ અહીં કહેવું છે. વસ્તુ ત્રિકાળ છે એની અપેક્ષાથી વર્તમાન પરિણતિ થાય છે એમ પરિણતિ કરનારને પોતે પોતાના સ્વરૂપ તરફ જોડાઈ ગયો છે એથી પરિણતિ નિર્મળ અનુભવ થાય એને અનેકાન્ત (કહે છે). સમયમાત્રનો અનુભવ, વસ્તુ ત્રિકાળ. સમયમાત્રનો અનુભવ, વસ્તુ ત્રિકાળ એનું નામ અનેકાન્ત. સમજાણું કાંઈ? વસ્તુ ત્રિકાળ, એનો અનુભવ પર્યાય પોતાથી થઈ, સ્વના આશ્રયથી (થઈ). પોતાથી એટલે સ્વને પક્ષે થઈ. એટલે સત્તા દ્રવ્યરૂપ પણ થઈ,

પર્યાયરૂપ થઈ.

દ્રવ્યનું લક્ષ કરતા દ્રવ્ય કાયમ રહેનારું, પર્યાય ક્ષણિક ઉત્પન્ન થનારી. એવું બે પ્રકારનું તત્ત્વ માનતા એના દ્રવ્ય તરફના આશ્રયે પર્યાયમાં અનુભવ થાય. એ અનેકાન્તનું ફળ છે. સમજાણું કાંઈ? ત્યારે એણે દ્રવ્ય દ્રવ્યરૂપે, પર્યાય પર્યાયરૂપે માની એમ કહેવામાં આવે છે. આમ દ્રવ્ય દ્રવ્યરૂપે ને એકલી પર્યાય (છે) એમ નથી અહીં કહેવું પાછું. એથી અંદર અનુભવ નાખ્યો છે. સમજાણું કાંઈ? દ્રવ્ય દ્રવ્યરૂપે કાયમ છે–તત્, એનો અનુભવ પર્યાયમાં થતાં પર્યાયની દશા ક્ષણિક છે. વસ્તુ આખી એના અનુભવમાં આવતા વસ્તુ આખી રહી ગઈ, પર્યાયનો અનુભવ થયો. એ રીતે અનેકાન્ત તત્ત્વ સામાન્ય એકરૂપ, પર્યાય એક ક્ષણિકરૂપ. (વસ્તુ) ત્રિકાળરૂપ. સામાન્યમાં પર્યાય નહિ અને પર્યાયમાં આખું તત્ત્વ નહિ. એમ અનુભવ થવો એનું નામ અનેકાન્તનું અમૃતનું વેદન કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? છે ને? પાછળ કાંઈક શબ્દ આવે છે ને? અનેકાન્ત કહેતા આમ છે. એમ શ્લોકમાં આવે છે. ક્યાંક આવે છે કે નહિ? પૂરું થયા પછી કહે છે. ભાવાર્થ ઓલામાં હશે, આમાં નહિ હોય. ઓલામાં ભર્યો છે ને ભાવાર્થ? આમાં નહિ હોય. ઓલામાં ભર્યો છે ને મૂળમાં? ૧૪ બોલ પછી થાય છે. ૧૪ બોલ. આમાં ('સમયસાર'માં ૨૬૨ કળશ) છે ને? એમાં એટલો બધો અર્થ નથી. આમાં સાધારણ ભર્યો છે. આમાં તો બહુ થોડો છે. **'આત્મા તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે તો (સ્યાદ્વાદ ઉપદેશ અનુસાર) જ્ઞાનમાત્ર વસ્તુ આપોઆપ અનેક ધર્મવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. એટલે હે પ્રવીણ પુરુષો! તમે જ્ઞાનને તત્ સ્વરૂપ... ઇત્યાદિ અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર કરી પ્રતીતમાં લાવો.'** એ સિવાય બીજું ક્યાંક છે. બીજા શબ્દ છે કાંઈક.

(અહીંયાં આપણે) ત્રીજો શ્લોક. પાધરો ભાવાર્થ, કહેવા પહેલા ભાવાર્થ. એટલે કે આમાં ભાવ અર્થ શું કહેવો છે એમ એનો અર્થ શરૂ કરે છે. **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ એવો છે કે જ્ઞાનને દ્રવ્યરૂપ માને છે,...'** આ વાત જરી ધ્યાન રાખજો! જ્ઞાનને– પદાર્થને વસ્તુરૂપે વસ્તુ તરીકે માને છે. **'પર્યાયરૂપ માનતો નથી;...'** પર્યાયસ્વરૂપે એક સમયનો પર્યાય છે એને માનતા નથી. **'તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે...'** એ રીતે જે પ્રકારે વસ્તુને જ્ઞાનસ્વરૂપે દ્રવ્ય તરીકે માને છે **'તેમ જ્ઞેય જે પુદ્‌ગલ-ધર્મ–અધર્મ-આકાશ-કાળદ્રવ્ય તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી,...'** ભાષા એમ છે કે, પર્યાયરૂપ નથી માનતો. સમજાણું કાંઈ? એ પર્યાયનું, આ જે છ દ્રવ્યનું જ્ઞાન (કહ્યું એમાં) એક જીવ નથી લીધો. અપેક્ષાથી જીવને અહીં નથી લીધો, પાંચનું લેવું છે.

ખરેખર તો એક સમયનો પર્યાય એને એ પાંચનું જ્ઞાન થવાની એક સમયમાં તાકાત છે. જડને જાણવાની એક સમયની પર્યાયની તાકાત છે. એક સમયની એ પર્યાય માનતો નથી એનો અર્થ કે, એ છ દ્રવ્યને માનતો નથી. આમ તો પર્યાયને માનતો (નથી), પણ

એ પર્યાયનું એટલું સામર્થ્ય છે કે, આ જાણું, એટલે એવડા એ પર્યાયને માનતો નથી. સમજાણું કાંઈ? પર્યાયને કબુલ કરતા પર્યાયની જે છ દ્રવ્યને જ્ઞેય તરીકે જાણવાની તાકાત છે એટલી પર્યાય માને તો એ પર્યાય માની કહેવાય છે. દ્રવ્ય તો એટલું નથી, દ્રવ્ય તો આખું અખંડાનંદ એકરૂપ છે. સમજાણું કાંઈ? આ બીજાઓ એમ કહે કે, ભાઈ! છ દ્રવ્ય નથી અને એકલો આત્મા માને તો શું (વાંધો) ? તો એણે આત્મા જાણ્યો કે નહિ? માન્યો કે નહિ? પણ એનો અર્થ એમ નથી.

આત્માના એક ગુણની એક સમયની પર્યાય એ માની જ ત્યારે કહેવાય કે, પર્યાયનું સ્વરૂપ જ છ દ્રવ્ય જ્ઞેય, ભલે અહીં જીવ લીધો નથી એક અપેક્ષાએ એમ લાગે છે, જ્ઞાનસ્વરૂપ છે ને? બધાનું જ્ઞાન, એટલે જ્ઞાનનો પર્યાય એક સમયનો જ્ઞાનનો નિશ્ચય (પર્યાય) જે છે, જીવના જ્ઞાનનો એ પર્યાય બીજા બધાને જાણવાની શક્તિવાળો જ એ પર્યાય છે. એવડો પર્યાય ન માને એણે છ દ્રવ્યને માન્યા નથી અને છ દ્રવ્યને માન્યા નથી એણે જીવનો એક સમયનો પર્યાય જ માન્યો નથી. સમજાણું કાંઈ?

છ વિષય આખા છે. એક સમયના પર્યાયની, એની જાણવાની તાકાત છે. હવે એ વિષય છે તેટલી જ અહીં જ્ઞાનની પર્યાયની તાકાત છે. એ પર્યાય માનતો નથી એટલે કે એ પર્યાયમાં જાણવા યોગ્ય વસ્તુ છે એને બધાને એક જ માને છે. સમજાણું કાંઈ? ભિન્ન માનતો નથી. બધું એ પર્યાયમાં જણાણું એ બધું... બધું... બધું... બધું... એક જ છે, ત્રણલોક એક જ છે. સમજાણું કાંઈ આમાં? થોડી વિશેષતા છે.

એનો અર્થ ઇ છે કે, વસ્તુ તો વસ્તુ છે. '**દ્રવ્યરૂપ માને છે...**' વસ્તુ વસ્તુરૂપે (માને છે) પણ પર્યાય નથી માનતો. એટલે એનો અર્થ કે, ભિન્ન વસ્તુ છે, જુદી છે એને નથી માનતો. એ તો બધું એક જ છે એમ માને છે. પણ પર્યાયમાં એવું જાણવાની તાકાત છે છતાં એ પર્યાય પરથી ભિન્ન છે, પરથી ભિન્ન છે. એવડો એક સમયનો પર્યાય એ માનતો નથી એટલે પર્યાય ન માનતા એ છ દ્રવ્યને માનતો નથી. પર્યાયની તાકાત જ એવડી શક્તિવાળી છે. દ્રવ્યની શક્તિ તો એની અપાર (છે), એનો પ્રશ્ન અહીં છે નહિ. એ જ્ઞાનનો પર્યાય જ એવડો છે, કે છ દ્રવ્યને બરાબર જાણે. જાણે એવો (હોવા) છતાં એ પર્યાય પરરૂપ થઈને ન જાણે. ત્યારે અજ્ઞાની કહે છે કે, પર્યાય નથી. એટલે કે હું નથી. આ બધું એક છે. જાણવાનો પર્યાય ઉપાદેય છે ને બીજી ચીજ હેય છે, એમ ન માનતા એ પર્યાય જ બધી પરની રૂપે છે ને આખો ત્રણલોક જ હું છું. મારામાં આ જ્ઞેયનું અતત્‌પણું છે એમ એ માનતો નથી. અહીં અતત્‌નો પ્રશ્ન છે ને ભાઈ? આ અતત્‌નો બોલ છે. આ ભારે વાત, ભાઈ!

વીતરાગ દેવનું અનેકાન્ત તત્ત્વ પેલા કેટલા વર્ષના જુના સંપ્રદાયના માણસ આ વાંચે તો (કહે), અમે કાંઈ સમજતા નથી. પણ જૈનદર્શન જ આ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરે કહેલો આત્મા જ આવડો ને એવો, એવો બીજો ત્રણકાળમાં બીજા ધર્મમાં હોઈ

શકે નહિ. એ આત્મા આત્મા ભલે બધા વાત કરે. એક જાણે, આમ જાણે ને અનુભવ થાય ને ઢીંકણું થાય ને ફીંકણું થાય ને. પણ આત્મા આવડો છે એમ માને નહિ, જાણે નહિ ત્યાં સુધી એને અનુભવ સાચો થાય જ નહિ.  આવે છે ને એક? એક છે કે નહિ? અનુભવ કરે તોપણ સમજ્યા વિના.. એક ઠેકાણે નથી આવતું? 'જયચંદ પંડિતે' ભાવાર્થમાં લખ્યું છે, નહિ? વસ્તુને સમજ્યા વિના આવું દ્રવ્ય પર્યાય... એવું એક ઠેકાણે આવે છે. એ અનુભવ પણ એના થોથા છે. એટલું ભાવાર્થમાં આવે છે. ક્યાંક આવે છે, બધું ક્યાંથી યાદ રહે? કયે ઠેકાણે છે, ક્યાં છે? આ 'સમયસાર'માં છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ જે છે મહાન, સર્વજ્ઞ પરમેશ્વર ત્રણલોકના નાથ તીર્થંકરે જોયેલો આત્મા, એ આત્મા દ્રવ્યરૂપ તો અપાર... અપાર... અપાર... જેની શક્તિ છે. પણ એના એક સમયની જ્ઞાનની પર્યાયની કેટલી તાકાત છે? કે, એ બધા છ દ્રવ્યને જાણવાની તાકાતવાળો પર્યાય છે. એની પર્યાયને માને એમાં છ દ્રવ્ય આવી જાય છે. સમજાય છે કાંઈ? ઇ કહે કે, અમે પર્યાયને માનીએ છીએ પણ છ દ્રવ્ય માનતા નથી. તો છ દ્રવ્ય જેટલું જાણવાનો એક સમયનો પર્યાય છે. એવડો આત્મા એક સમયમાં છે. આખો (આત્મા) તો જુદી વસ્તુ રહી ગઈ. કહો, સમજાય છે કાંઈ?

એથી એક ઠેકાણે 'ધર્મદાસ ક્ષુલ્લકે' લખ્યું છે, જેને છ દ્રવ્ય દ્રવ્ય તરીકે જાણવામાં નથી એને સ્વદ્રવ્ય જાણવામાં આવી શકે જ નહિ. ભાઈ! 'ધર્મદાસ ક્ષુલ્લકે' લખ્યું છે. એનો અર્થ આ છે કે, ભગવાનઆત્મા જ્ઞાનજ્યોતિ સ્વરૂપ પ્રભુ! જ્ઞાન ગુણથી આખો ભંડાર જ્ઞાનનો પુંજ પ્રભુ–દ્રવ્ય, એની એક સમયની અવસ્થા, શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય હોય તોપણ લોકાલોકને જાણવાની તાકાતવાળી (છે), ભલે પરોક્ષ (જાણે) પણ એટલો એનો પર્યાયધર્મ છે. 'કોમલચંદજી'! પર્યાયનો એટલો ધર્મ છે. આહાહા..! એ પર્યાયને એ રીતે ન માને એ છ દ્રવ્યને માનતો નથી. છ દ્રવ્ય જ્ઞેય તરીકે એટલા આખા ભિન્ન છે એને માનતો નથી. એટલું જાણનારો મારો જ્ઞાનનો પર્યાય, મારો પર્યાય એવડો છે. તે છ દ્રવ્ય છે માટે પર્યાય આવડો છે એમ નહિ. જ્ઞેયથી એ પર્યાય અતત્ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ઝીણું, ભાઈ! કહો 'જુગરાજજી'! બહુ ઝીણું. આવું સમજવામાં મારું માથુ ફાટી જાય છે. એક જણો કહે, કંટાળી જઈએ છીએ. પણ ભગવાન! આ તો તારું સત્ સ્વરૂપ છે એને સમજવામાં કંટાળા શેના?

વસ્તુ સ્વરૂપ ભગવાનઆત્મા... કહે છે કે, પર્યાયરૂપ નથી માનતો, ભેદરૂપ નથી માનતો બીજી ભાષાએ કહીએ તો. એક સ્વરૂપનો પર્યાય એમાં ભેદ–સામી ચીજ અનેક અનંત છે એને માનતો નથી. સમજાણું કાંઈ? **'તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે તેમ જ્ઞેય જે પુદ્ગલ...'** અનંતા અનંત પુદ્ગલો. **'ધર્મ-અધર્મ-આકાશ...'** એક એક. **'કાળદ્રવ્ય...'** અસંખ્ય. **'તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી,...'** ભિન્ન વસ્તુ એ જ્ઞાનની પર્યાયથી ભિન્ન છે એને

માનતો નથી. જ્ઞાનનો પર્યાય એટલો સામર્થ્યવાળો છે એમ ન માન્યો એણે જ્ઞેયને પણ માન્યું નહિ. સમજાણું કાંઈ?

(અન્ય વસ્તુને) **'માનતો નથી, જ્ઞાનવસ્તુ માને છે.'** એકલી જ્ઞાન જ વસ્તુ, વસ્તુ તરીકે માને છે પણ ઓલો એક સમયનો પર્યાય ને એનું જાણવાનું આટલી તાકાતવાળું અને જ્ઞેય ભિન્ન છે એમ એ માનતા નથી. સમજાણું કાંઈ? કોઈ કહે, તિર્યંચને સમ્યગ્જ્ઞાન થાય છે ને એને આટલી બધી તો ખબર નથી હોતી. એને વસ્તુનું સ્વરૂપનું સામાન્યપણું ને વિશેષ જે છે એવું એને ખ્યાલમાં આવી જાય છે. સમજાય છે? એનો વિસ્તાર કરી શકે એવું ભલે ન હોય પણ વસ્તુ વસ્તુપણે છે અને એ પર્યાયમાં જે અનુભવ થયો તે આનંદરૂપ થયો, એ આ પર્યાય પૂર્ણમાંથી આવી છે. એટલે પૂર્ણ પણ કબુલ્યું છે ને પર્યાય પણ કબુલી છે. અને એ પર્યાયની અંદર એકાગ્ર થઈને વધારવા માગે છે તો મોક્ષ પણ કબુલ્યો છે અને એમાં આસ્રવ, બંધ આદિ વિકલ્પ છે એમાંથી ખસવા માગે છે એટલે આ જાતથી ભિન્ન છે એવી પણ અંદર કબુલાત આવી ગઈ છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનવસ્તુ માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે એવો જ્ઞાનનો સ્વભાવ છે...'** જ્ઞાન જ્ઞેયને પર્યાયમાં જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાન વસ્તુ છે એ **'જ્ઞેયને જાણે છે એવો જ્ઞાનનો સ્વભાવ છે તોપણ જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે,...'** સમજાણું? **'જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ નથી.'** જ્ઞાનરૂપ નહિ. એટલી જાણવાની તાકાત હોવા છતાં એ જ્ઞેય છે તે પ્રમાણે જ્ઞાન જાણે છતાં જ્ઞાન જ્ઞેયરૂપે નહિ. સમજાણું કાંઈ? જ્ઞેયથી અતત્ રૂપ છે. આહાહા..!

કેવળજ્ઞાનીનો પર્યાય, પર્યાયને જાણતા એ પર્યાયમાં લોકાલોક જણાય છે. સમજાય છે? પર્યાયને જાણતા (લોકાલોક જણાય છે.) જેમ જળને જાણતા જળમાં પડેલા તારાઓ જણાય છે. જળની પર્યાયને જાણતા જળમાં તારાઓ છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા ક્રોડી તારા, એક ચંદ્ર ને સૂર્યનો પરિવાર છે. એક ચંદ્ર ને એક સૂર્યનો પરિવાર, છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા ક્રોડી તારા. સમજાણું કાંઈ? એ શું છે ? આંકડો કઠણ પડે છે. એક ચંદ્ર, એક સૂર્ય એની સાથે અઠ્યાવીસ નક્ષત્ર ને અઠ્યાસી ગ્રહ અને છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા ક્રોડી તારા. આમ જળને દેખતા, આમ જળને દેખતા એ જણાય જાય છે. છતાં એ જ્ઞાનનો પર્યાય, એ રૂપે જળનો પર્યાય પરિણમ્યો છતાં એ વસ્તુથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એમ જ્ઞાનનો પર્યાય એ જ રીતે સામે ચીજ છે એવું અહીં જણાય છે, પરિણમ્યો છે છતાં આ પર્યાયથી એ ચીજ ભિન્ન છે એમ અજ્ઞાની માનતા નથી. એથી એકાન્ત દ્રવ્યને માને પણ પર્યાયને અને પર્યાયમાં જણાવાયોગ્ય જે વિશ્વ છે એને ભિન્ન માનતા નથી. એ રીતે આખો છું એમ માને એ મિથ્યાદૃષ્ટિ એકાંત માનનાર છે. વિશેષ કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

## માગશર સુદ ૧૫, બુધવાર તા. ૦૮.૧૨.૧૯૬૫
## કળશ - ૨૪૯ પ્રવચન - ૨૬૩

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ-ટીકા' ત્રીજો કળશ છે. થોડું ચાલ્યું (છે), ફરીને (લઈએ). ભાવાર્થ (એટલે) શું કહેવું છે? એમ. ભાવાર્થનો અર્થ આમાં શું કહેવું છે? કહી ગયા છે એનો ભાવાર્થ, એમ નથી. **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ એવો છે કે જ્ઞાનને દ્રવ્યરૂપ માને છે,...'** જ્ઞાન વસ્તુરૂપે છે એમ માને, વસ્તુરૂપે દ્રવ્ય (માને) પણ **'પર્યાયરૂપ માનતો નથી;...'** ભેદ નથી માનતો. સમજાણું? પર્યાયરૂપ અવસ્થા જે અંશ છે એ ભેદ છે અથવા એમાં બીજી ચીજ જણાય છે એ ભેદ છે, ભિન્ન છે એને એ માનતો નથી. સમજાણું કાંઈ?

**'તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે...'** વસ્તુ જ્ઞાયક ચૈતન્ય વસ્તુ જ્ઞાનરૂપ છે એમ માને છે. **'તેમ જ્ઞેય...'** જણાવા યોગ્ય વસ્તુ જે પર્યાયમાં જણાય એવો પર્યાયધર્મ અને એ જણાય એવી આ ચીજ. **'પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાળદ્રવ્ય તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી,...'** એટલે કે એ પર્યાયમાં જણાય એ બધું હું જ છું એમ એ માને છે. ભેદ વસ્તુ છે, મારાથી ભિન્ન છે ભલે મારા જ્ઞાન પર્યાયમાં એ જણાય, પર્યાયમાં એ જણાય, જણાવા છતાં છે ભિન્ન પણ એ ભિન્ન માનતો નથી. એટલે ખરેખર એ ભેદ પર્યાય; વસ્તુ જે ત્રિકાળ છે એને માને, પણ એક સમયની પર્યાયને માનતો નથી. પર્યાયમાં જાણવા યોગ્ય છે એટલે અહીંયાં જ્ઞેયાકાર પરિણમે છે. (તો કહે), નહિ, એમ નહિ. એ વસ્તુ નહિ. સમજાણું કાંઈ?

વસ્તુ જે છે જ્ઞાનસ્વરૂપ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... વસ્તુ ધ્રુવ એ છે પણ આ જ્ઞાનની પર્યાય એમાં જ્ઞેયાકાર પરિણમન થાય ને? આ, એ બધું એક છે, એ બધું એક છે. જ્ઞાનની પર્યાય ભિન્ન છે અને એ જુદી ચીજ છે એમ એ માનતો નથી. જાણવામાં આવે એ બધી વસ્તુ એક છે. સમજાણું કાંઈ? નથી સમજાતું?

જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય આકારમાં છ દ્રવ્ય જાણવામાં આવે છે. અહીં ભલે પાંચ લીધા. બધામાં જ્ઞાનમય એક લેવું છે ને એટલે. જાણવામાં આવતા જે ભેદરૂપ જ્ઞાનની પર્યાયથી જુદી ચીજ છે એ (જ્ઞાનમાં) જણાય, પર્યાયમાં જણાય છે છતાં જાણતા 'આ ચીજ છે એ બધું હું જ છું.' (એમ માને છે). પણ પર્યાય ભેદ છે અને એક અંશમાં એ જણાય એવી ચીજ છે એમ એ માનતો નથી. આ ઝીણું છે, ભાઈ! પર્યાયમાં નાખ્યું છે પાછું પેલું નાખ્યું છે ને! એનો હેતુ તો ઇ છે કે, પર્યાયમાં પેલા દ્રવ્ય જાણવાની તાકાત છે. એટલો ભેદનો

પર્યાયનો સ્વભાવ છે. એટલો એ માનતો નથી એટલે કે વસ્તુ પોતાના જ્ઞાનથી, ગુણથી ભિન્ન ચીજ બીજી છે, પર્યાયમાં જાણવા લાયક ભલે હો પણ એ ચીજ મારા જ્ઞાનની પર્યાયથી પણ ભિન્ન છે. એ ભિન્નને નથી માનતો એટલે ભેદને પર્યાયને માનતો નથી. સમજાણું કાંઈ? આ બધું તે હું છું એમ માને છે, લ્યો! પણ એ જ્ઞાનસ્વરૂપ હું (છું), પર્યાયમાં જણાય છતાં એ વસ્તુ ભિન્ન છે. જ્ઞાનપર્યાય મારામાં અભેદ છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞેય જે પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાળદ્રવ્ય તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી,...'** ભેદ છે, જગતમાં પોતાથી ભિન્ન આખી ચીજ છે એને માનતો નથી. જ્ઞાન વસ્તુ માને. એ બધું થઈને જ્ઞાન જ છે. વળી જુદી કોઈ ચીજ છે એમ માનતો નથી. તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની એકાન્તવાદી છે. એનું જ્ઞાન થયું એટલે કરીને કાંઈ બધું જ્ઞાન વસ્તુ(રૂપ) થઈ ગયું? એ સંબંધીનું જ્ઞાન થયું એટલે જ્ઞાન વસ્તુ બધી થઈ ગઈ? આપણે તો બધું જાણે એક જ છે. સમજાણું? કહ્યું ને ઇ?

એમાં વાંચ્યું હતું. એણે લખ્યું છે, આ કપાટનો એણે દાખલો આપ્યો છે. તે દિ' નો યાદ રહી ગયો છે. (સંવત) ૧૯૮૭. આ પાટ જણાય છે. જ્ઞાનમાં એ જણાય (છે). (પાટમાં) જ્ઞાનની જાત ન હોય તો કેમ જણાય? એમ કીધું. જ્ઞાનમાં આ જણાય તો એ જ્ઞાનની જાત ન હોય તો કેમ જણાય? જ્ઞાનથી ભિન્ન ચીજ છે એમ હોય તો તો એ જણાય કેમ? જ્ઞાનની જાત છે. જ્ઞાનની જાત જ એ ચીજ છે. અહીં કહે છે, એમ નથી. સમજાણું?

જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ (છે) અને એ જ્ઞેયનો જણાવાનો (સ્વભાવ છે). એટલો ભિન્ન છે તો (એકાંતવાદી અજ્ઞાની) કહે છે કે, એ તો જ્ઞેય છે તે જ્ઞાન જ છે, એ જ્ઞાન જ છે. કારણ કે, અહીં વસ્તુ જણાય ગઈ, અહીં પર્યાયમાં જણાણી એ જણાણીની જાતની ન હોય તો જણાય કેમ? છે ને? ભાઈ! મોટા મોટા તત્ત્વવેત્તા કહેવાય છે. એમ નથી.

જ્ઞાનની પર્યાયમાં, વસ્તુ તો ત્રિકાળ જ્ઞાન ધ્રુવ છે. જ્ઞાનની પર્યાયમાં એ જણાય છતાં એ પર્યાયરૂપ વસ્તુ છે એ દ્રવ્યથી અંશ જુદો છે અને પર્યાયમાં જણાય છે એ ચીજ પણ જુદી છે એમ માનતો નથી. બધું એક છે, અમે તો બધું જણાય (એ) જાત બધી એક છે (એમ માને છે).

**'જ્ઞાન વસ્તુ માને છે.'** એ બધું થઈને જ્ઞાન છે. જ્ઞાન એટલે આત્મા. બધું જ્ઞાન જ ચીજ છે. મારા જ્ઞાનમાં આવી જાય છે કે નહિ એ ચીજ? (જાણવામાં) આવી છે ઇ. માટે એ બધી જ્ઞાનની જ જાત છે. ભિન્ન છે એમ માનતો નથી. સૂક્ષ્મ વિષયમાં ફેર તો એટલો પડતો હોય. મોટા હાથીનું પગલું મોટું હોય એમાં કેટલા સમાય? એક સમયની પર્યાયમાં આ બધું જાણે. જાણવા છતાં વસ્તુ એમાં આવી ગઈ છે અને જ્ઞાન એ મય થઈ ગયું છે એમ નથી. ચૌદ બોલ કરીને 'સ્યાદ્વાદનો અધિકાર'મૂક્યો છે. સમજાણું?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે...'** જુઓ! **'જ્ઞાન જ્ઞેયને જાણે**

**છે એવો જ્ઞાનનો સ્વભાવ છે...**' જ્ઞાન જ્ઞેયને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે. એથી કરીને જ્ઞાન કાંઈ જ્ઞેય થઈ ગયું? સમજાણું કાંઈ? જ્ઞાનમાં બધું જણાય, લ્યો! લોકાલોક જણાય જાય. લોકાલોક જ્ઞાન છે, લોકાલોક જણાય છે અને લોકાલોક જ્ઞાન છે. એમ નહિ. જ્ઞાનનો લોકાલોક જાણવાનો સ્વભાવ છે. એથી કરીને કંઈ જ્ઞાન જ્ઞેયરૂપે થઈ જાય છે કે જ્ઞેય જ્ઞાનરૂપે થઈ જાય છે એમ નથી.

'**તોપણ જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે,...**' લ્યો! જ્ઞાનમાં એ જણાય છતાં જ્ઞાનનો સ્વભાવ એ છે માટે. એ તો જ્ઞાનનો સ્વભાવ છે માટે જણાય છે. '**તોપણ જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે,...**' જણાય એ ચીજ પર તે પર જ છે. શરીર, કર્મ, વાણી, પુદ્ગલ '**જ્ઞાનરૂપ નથી.**' પરવસ્તુ તે જ્ઞાનરૂપ નથી. અતત્ બોલ છે ને આ? અતત્‌નો બોલ છે એટલે તે રૂપે આ નથી. ત્યારે આ (અજ્ઞાની) કહે છે કે, તે રૂપે હું છું. આ સિદ્ધ કરવું છે ને? પહેલો બોલ હતો એ તત્‌રૂપનો હતો. તત્–તે રૂપે છે, એ પરરૂપે નથી.

(અહીં અતત્‌ના બોલમાં) જ્ઞેયાકારપણે પરિણમવા છતાં, જ્ઞાન જ્ઞેયાકારપણે પરિણમવા છતાં જ્ઞેય જેવા છે તે પ્રકારે જ્ઞેયાકારપણે પરિણમવા છતાં તે જ્ઞેયથી અતત્ ભાવ છે. જ્ઞાનનું સ્વરૂપ જ્ઞેયથી અતત્ ભાવ (અર્થાત્) તે રૂપે છે નહિ. સમજાણું કાંઈ? ઝીણું પડે. કાલે (કોઈક) કહે, એક અક્ષર સમજ્યો નથી, લ્યો! કીધું, ભારે ભાઈ! આવ્યું એવું એમાં શું કરે? સવારે. બપોરે તો એથી પણ (સૂક્ષ્મ) હતું. સવારે તો સારું હતું. દ્રવ્ય પરમેશ્વર છે. હવે વસ્તુ છે, વસ્તુ છે, આ તો તદ્દન સાદી વાત હતી. વસ્તુ પોતે છે એ અનંત ગુણનો પિંડ પરમેશ્વર પૂર્ણ દ્રવ્ય છે. (પરંતુ પોતાને) રાંકો માન્યો છે ને? રાંકો ભિખારી માન્યો છે વર્તમાનમાં. આ આખી ચીજ છે કે નહિ પણ એ? વસ્તુ છે કે નહિ? કે એક સમયમાત્રની અવસ્થા જેટલું એ તત્ત્વ છે? અને એણે અનાદિથી બધી રમતું એક સમયની અવસ્થામાં માંડી છે. આ જાણ્યું ને આ માન્યું ને આ ખાધું ને આ લીધું ને એવો એટલો વિકલ્પ (જેટલો માન્યો) પણ આખી ચીજ મોટી અનાદિ અનંત ધ્રુવ છે ઇ (રહી ગઈ). ભગવાન જાણે! પરમેશ્વર છે એ એને બેસે નહિ. આ પરમેશ્વર ક્યાંથી આવ્યો? ઉપરથી અહીં આવ્યો હશે? આહાહા..!

અહીં કહે છે, ભાઈ! વસ્તુ તો વસ્તુરૂપે જ છે અને એના જ્ઞાનની દશાનો સ્વભાવ તું નથી માનતો પણ એ જ્ઞેયાકાર થવાનો સ્વભાવ હોવા છતાં તે જ્ઞેયરૂપે જ્ઞાન કોઈ દિ' થતું નથી. સમજાણું કાંઈ? જુઓ! નિશ્ચયમાં તો એમ છે કે, રાગ, વિકલ્પ જે જાતનો ઉત્પન્ન થાય ને? એવું જ જ્ઞાન એ પણે પોતે જાણવારૂપે પરિણમે. વસ્તુની વાત નથી, એક સમયના પર્યાયની વાત છે. વસ્તુ તો વસ્તુ છે, એ તો પરિણમન (વિનાની) ધ્રુવ એકાકાર (છે). જ્ઞાનની એક સમયની પર્યાયમાં જે પ્રકારનો વિકલ્પ, જે પ્રકારનું સામે નિમિત્ત (હોય) એવા જ જ્ઞાનનું પરિણમન જ્ઞેયાકારરૂપે થાય, છતાં તે જ્ઞેયરૂપે તે જ્ઞાન થયું નથી. રાગરૂપે જ્ઞાન થયું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યારે (કોઈ) કહે કે, જ્ઞાનમાં એ જ કેમ ખ્યાલમાં આવ્યો? રાગ જ ખ્યાલમાં કેમ (આવ્યો)? પણ જ્ઞાનનો સ્વભાવ જેવું હોય એને જાણે કે બીજી રીતે જાણે? સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં આ કેમ આવ્યું? આ ક્રોધ (થયો તો) ક્રોધ ખ્યાલમાં કેમ આવ્યો? પણ ખ્યાલમાં તો જે સમયે જ્ઞેય જે ચીજ છે એવો જ જ્ઞાનનો સ્વપરપ્રકાશનો સ્વભાવ છે. સ્વને પ્રકાશે અને પર જેવી ચીજ છે એને પ્રકાશે. પ્રકાશતા છતાં તે રૂપે–જ્ઞેયરૂપે જ્ઞાન થાય એમ ત્રણકાળમાં બનતું નથી, એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ?

જ્ઞાન જ્ઞાનરૂપે તો ત્રિકાળ દ્રવ્ય છે પણ વર્તમાન જ્ઞાનમાં પણ જણાવા યોગ્ય વસ્તુ જણાય છતાં જ્ઞેયાકારપણે પરિણમવું એ તો પર્યાયધર્મ, એનો સ્વતઃ સ્વભાવ છે છતાં એ જ્ઞેયથી ભિન્ન રહીને પરિણમે છે અને જ્ઞાનથી જ્ઞેય ભિન્ન ટકીને રહે છે. બે એક કોઈ દિ' થતાં નથી. સમજાણું કાંઈ? **'જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ નથી.'** ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિ ત્રિકાળ, એનો વર્તમાન જ્ઞાન પર્યાય (છે) એમાં જ્ઞેયાકાર જણાય છતાં એ વસ્તુ જ્ઞાનરૂપ થઈ જાય છે એમ નથી. તેમ આ જ્ઞાન એ રૂપે થઈ જાય છે એમ નથી.

**'પશુઃ'** હવે અહીંથી આવ્યું. સમજાણું? પેલું તો પહેલી થોડી શરૂઆત કરે છે ને? શું કહેવું છે કરીને (શરૂઆત કરે છે). પશુ. પેલામાં શું કીધું છે? **'પશુઃ'** **'એકાન્તવાદી મિથ્યાદષ્ટિ...'** અહીં આમ કહ્યું છે, લ્યો! **'પશુઃ સ્વચ્છન્દમ્ આચેષ્ટતે'** **'સ્વચ્છન્દમ્ આચેષ્ટતે'** એટલે ઢોર જેવો કહે છે કે, બધું એક છે એમ માનીને હવે ભોગવવું ને ખાવું ને રાગને વેદવું ને પરને વેદવું એમાં મારે કાંઈ વાંધો નથી અમે બધા એક જ છીએ. **'પશુઃ સ્વચ્છન્દમ્ આચેષ્ટતે'** કોણ સ્ત્રી ને કોણ પુરુષ? બધું જ્ઞાન જ છે. કહો, સમજાણું કાંઈ? શું માંસ ને શું દારૂ? બધું જ્ઞાનમાં જણાય. જ્ઞાનની વસ્તુ, જ્ઞાનવસ્તુ જ છે, એ તો આત્મા જ છે. સમજાણું કાંઈ?

પેલામાં દાખલો આવ્યો છે ને? 'અનુભવ પ્રકાશ' શેમાં આવ્યો છે? 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં. એક હાથી ચાલ્યો આવતો હતો. હાથી ચાલ્યો આવતો હતો (અને) એક જ માનનારો વેદાંતી ચાલ્યો આવતો હતો. (એ કહે), આઘો ખસી જા! (તો આ કહે), આઘો શું કામ ખસું? આપણે એક જ છીએ. હું કહેનારો પણ છું કે નહિ? જુઓને! હું કહું છું. આપણે એક છીએ ને હું કહું છું કે તું આઘો ખસી જા. આપણે બધા એક જ છીએ. શેના ખસી જઈએ? બધું એક જ છે. પણ હું એક છે ને? તો હું એમ કહુ છું, ખસી જા લે! હું કહું છું, ખસી જા અને તું કહે છે કે, એક છીએ. પણ એમાં ફેર તો પડ્યો કે નહિ આમાં? દાખલો આપ્યો છે ને? એમાં જરી આપ્યું છે. સમજાણું? ખબર છે? ખબર નથી. એણે ક્યાં બહુ વાંચ્યું નથી. એવો એમાં દાખલો આપ્યો છે. સમજ્યાને? ખસી જા. શું ખસી જાય? આપણે એક જ છીએ. હું પણ તારા જેવો છું ને તારી જાતનો છું. હું તને કહુ છું ને ખસી જા. હાથી મારશે, એક માનીને એમ કરીને મરી જઈશ. સમજાણું કાંઈ?

એમ જ્ઞાનમાં આ મારું બધી જ વસ્તુ છે એમ માનીને એનાથી ભોગવવું, એની શું ચીજ, છોડવી શું, કઈ આદરવી એને કાંઈ રહેતું નથી. હમણાં કહેશે, હોં! જુઓ! **'स्वच्छन्दम् आचेष्टते' 'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ,...'** ઇ **'पशुः'** એનો અર્થ કર્યો. **'स्वच्छन्दम् आचेष्टते'** સાધારણ અર્થ કરેલો. પછી **'पशुः'** (શબ્દ) મૂક્યો. **'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ,' 'स्वच्छन्दम्' 'સ્વેચ્છાચારપણે...'** સમજાણું? **'पशुः स्वच्छन्दम् आचेष्टते'** બીજા પદમાં કહે છે ને? **'કાંઈક હેયરૂપ, કાંઈક ઉપાદેયરૂપ એવો ભેદ નહિ કરતો થકો,...'** જુઓ! **'સ્વેચ્છાચારપણે 'કાંઈક હેયરૂપ, કાંઈક ઉપાદેયરૂપ...'** બધું સરખું (છે). માંસ હોય, માંસ હોય. સમજાણું? માંસ પણ જ્ઞાનસ્વરૂપ છે. દારૂ-માંસ એ જ્ઞાનસ્વરૂપ છે, બાયડી આત્મસ્વરૂપ છે, દીકરી આત્મસ્વરૂપ છે બધું આત્મસ્વરૂપ છે. એમ માનીને અજ્ઞાની જ્ઞેય તરીકે કઈ ચીજ છોડવા લાયક છે અને કઈ ચીજ જ્ઞાનમાં જાણવા લાયક તરીકે આદરવા લાયક છે એનો એ વિવેક કરતો નથી. બધું એક માને એને બે ક્યાં રહ્યા? બધું એક માનનારને હેય ને ઉપાદેય ક્યાં રહ્યું? બધું એક છે, લ્યો!

એક જણો અહીં 'મોક્ષમાર્ગ પ્રકાશક' વાંચીને કહેતો હતો. (એક) સાધુ આવ્યો હતો. નિશ્ચય પછી શું થયું? માંસ હોય કે દારૂ હોય કે ગમે તે (હોય), નિશ્ચય દૃષ્ટિમાં શું? કીધું, આના પાવર ફાટ્યા! એમ કે, નિશ્ચય દૃષ્ટિ થઈ પછી તો એને નિશ્ચયમાં બધું સરખું છે. ઠીક! તો નિશ્ચયમાં પાછો આ વિકલ્પ ઉઠ્યો કે આ ખાવા જેવું છે અને ખાવા જેવું નથી ઇ કેમ ઉઠ્યો? આવા ને આવા 'મોક્ષમાર્ગ પ્રકાશક' વાંચીને (કહે), બસ! નિશ્ચયમાં તો કાંઈ છે નહિ. સ્થાનકવાસી સાધુ હતો, પછી દેરાવાસી થઈ ગયો. તેનું ચોમાસુ હતું. પછી અહીં એકવાર આવ્યો હતો. એમાં કંઈ નથી (એમ કહે). 'મરી જઈશ' કીધું. નિશ્ચય તો જ્ઞાન સ્વરૂપમાં, નિશ્ચયમાં ઠરે એની વાત છે. વિકલ્પ ઉઠ્યો ને આ ખાવા યોગ્ય છે કે નથી ખાવા યોગ્ય એનો વ્યવહાર–વિવેક નહિ કર તો મરી જઈશ ન્યાં. સમજાણું કાંઈ? હવે અમારે નિશ્ચયમાં શું છે? પણ નિશ્ચયમાં એટલે ઠરી જા એમાં કાંઈ નથી, ઠરી જા તો એમાં કાંઈ નથી પણ વિકલ્પ ઉઠ્યો એમાં (શું)? એનો વિવેક કરવો પડશે કે નહિ કે આ ખાવા યોગ્ય ચીજ નથી ને આ ખાવા યોગ્ય છે. પેલા કહે છે ને? નિશ્ચયમાં તો બધી પરમાણુની પર્યાય છે, માંસ ને રોટલા. એમ કરીને નિશ્ચયની મશ્કરી કરે છે, ભાઈ! તમારે તો રોટલા ને માંસ બેય જડની એક પર્યાય છે. અરે..! સાંભળ તો ખરો. જડની પર્યાયમાં પર્યાય, પર્યાયમાં ફેર છે. એમ કે માંસ છે જડની પર્યાય છે, રોટલા પણ જડની પર્યાય (છે). તમારે તો જડની પર્યાય બધાયની સરખી માનવી છે. પણ સરખીમાં ફેર છે, સાંભળને! રોટલાની પર્યાયનો વિકલ્પ લેવાનો મુનિને હોય, માંસની પર્યાય ન હોય, વ્યવહારમાં ફેર છે, પર્યાયમાં ફેર છે. સમજાણું કાંઈ? હોય છે કે નહિ?

અજ્ઞાની **'કાંઈક હેયરૂપ, કાંઈક ઉપાદેયરૂપ' એવો ભેદ નહિ કરતો થકો, 'સમસ્ત ત્રૈલોક્ય**

**ઉપાદેય' એવી બુદ્ધિ કરતો થકો...'** લ્યો! અમે તો બધું એક છીએ અમારે આંતરો-બાંતરો પાડવો નથી. સમજાણું? કેટલાક એમ કહે, આ ભગવાને બધું લખ્યું છે ને! જુઓ! બધું ખાવા માટે નથી, ખાવા માટે તો વિષ્ટા પણ છે, થોર પણ છે, ખાને! વિષ્ટા છે ને થોર પણ છે, જગતની ચીજ છે. બધું છે એટલું ખાવા યોગ્ય આ છે? એમ અજ્ઞાની મૂઢ એકાન્તવાદી આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં એ ચીજ જણાય માટે એ રૂપે થતો નથી. છતાં એકરૂપ માનીને સ્વચ્છંદી થઈ જાય છે. સ્વચ્છંદી થઈ જાય છે. અમારે શું? ઇન્દ્રિયના વિષય ઇન્દ્રિયો ભોગવે અમારે શું છે?

**'એવી પ્રતીતિ કરતો થકો – નિઃશંકપણે પ્રવર્તે છે.'** પર વસ્તુ ખાવા-પીવા-ભોગવવામાં શંકા કરતો નથી. બધું અમે એક છીએ, અમારે ને એને શું ફેર છે? સમજાણું? ભાઈ! એમાં પર્યાયમાં વિવેક જોઈએ. પર વસ્તુ છે એનો જે પ્રકારનો પર્યાય છે તેવું એને જ્ઞાન હોવું જોઈએ, તે પ્રકારનું જ્ઞાન હોવું જોઈએ. છતાં તે પ્રકારનું જ્ઞાન હોવા છતાં તે રૂપે કાંઈ જ્ઞાન થતું નથી. ભિન્ન વસ્તુ છે તે છોડવા યોગ્ય છે, તે સંબંધીનું જ્ઞાન થયું એ આદરવા લાયક છે. એમ વ્યવહારનો વિવેક નહિ કરતા નિઃશંકપણે ચેષ્ટા, સ્વચ્છંદી થઈ દુનિયાના ભોગ ભોગવે અને કહે કે, અમારે તો એક જ છે બધું, એમાં અમને પાપ-બાપ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'કોની માફક?' 'पशुः इव'** લ્યો! **'તિર્યંચની માફક.'** ઢોરની સમાન છે, ઢોરને કાંઈ ખબર છે? ચુરમુ ને ઘાસ બેય ભેગું ખાય. ઘાસમાં વીંછી આવ્યો હોય તોય ખાય. એને ખબર છે કાંઈ? ઘાસના પુળામાં વીંછી પડ્યો હોય. એમ ઢોરની સમાન સ્વચ્છંદી થઈ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપે ત્રિકાળ છે અને પર્યાયમાં તે વસ્તુનું જ્ઞાન હોવા છતાં હું તો મારા સ્વરૂપમાં જ છું. મારા સ્વરૂપને ને એને રાગને ને પરને કાંઈ સંબંધ નથી એમ એ માનતો નથી. ઢોરની પેઠે બધું ભોગવે, બધું ખાય, માને કે અમે તો બધા એક છીએ, અમારે કાંઈ વાંધો નથી.

**'કેવો થઈને પ્રવર્તે છે?' 'विश्वमयः भूत्वा'** દેખો! **'अहं विश्वम्' અર્થાત્ હું વિશ્વ' 'એમ જાણી પોતે વિશ્વરૂપ થઈને પ્રવર્તે છે.'** અમે બધું એક જ છીએ. સમજાણું? ઘણા એવા થાય છે કે નહિ? અમે બધું એક જ છીએ. એક બાવો તો વળી પીવે ને? ઓલું શું કહેવાય? ગાંજો! ગાંજો પીવે એટલે બહુ ચડવા માટે વીંછી પકડીને ગાંજો એમાં નાખે. ગાંજો ને વીંછી બેય એક જ છે, એમાં શું છે? બધું એક જ છે. ગાંજો હોય કે વીંછી હોય એમાં કાંઈ નહિ. અગ્નિમાં નાખે, હોં! ગાંડા એવા મૂર્ખ ને! નથી ભાન કે, આ શું (કરું છું)? અને એને પછી બહુ ઝેર ચડે નહિ. અંદર બળીને રાખ થાય ને? ધૂમાડો. કારણ કે પેલું તો અંદર ચાલ્યું જાય ને! 'ગીરનાર'માં એક બાવો હતો. એવો હતો. કાંઈ અક્કલ વિનાના નાગા ફરે ને જાણે બધું બસ એક છે અવધૂત.

**'अहं विश्वम्' 'એમ જાણી પોતે વિશ્વરૂપ થઈને પ્રવર્તે છે.'** અમે બધું એક છીએ એમ માનીને સ્વચ્છંદી થઈને વર્તે પણ વિવેક કરતા નથી. હું આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું એ જ્ઞેયો રાગાદિ બધી ચીજ પણ મારાથી ભિન્ન છે, મારે ભોગવવા લાયક એ ચીજ નથી એમ ભિન્ન માનતા નથી. સમજાણું? **'એવો કેમ છે? કારણ કે' 'सकलं स्वतत्त्वाशया दृष्टवा'** લ્યો! **'सकलं स्वतत्त्वाशया दृष्टवा' 'સમસ્ત જ્ઞેયવસ્તુને...'** બધી ચીજોને **'स्वतत्त्वाशया' 'જ્ઞાનવસ્તુની બુદ્ધિએ' 'પ્રગાઢ પ્રતીત કરીને.'** લ્યો! એવાય માને છે ને? આ તો અદ્વૈત આત્મા છે, બધું એક જ છીએ. અદ્વૈત ન માને એને 'હિન્દુસ્તાન'ની જગ્યા નિષેધ કરે (છે). એક જણાએ એમ લખ્યું. જૈનના વેશમાં રહ્યા (એમ કહે), અદ્વૈત એક જ છે, બીજી ચીજનો નકાર કરે. નહિ, બીજી ચીજની સત્તા હોઈ શકે નહિ. આર્ય વિદ્યા એમ કહે છે કે, બીજી ચીજ હોઈ શકે નહિ. સમજાણું? (આ) તમારા બધા ભાઈબંધો હતા. ભલે એ પણ આ તો વાત છે.

**'स्वतत्त्वाशया' 'જ્ઞાનવસ્તુની બુદ્ધિએ...' 'स्वतत्त्वाशया'** શું કીધું? આ આત્મા છે ને જ્ઞાનરૂપ? એ સ્વતત્ત્વનો આશય એવી બુદ્ધિથી બીજાને દેખે છે. પોતાના જ્ઞાનરૂપે બીજી ચીજ છે, મારા આત્મારૂપે આ બીજી ચીજ છે એમ દેખે. **'પ્રગાઢ પ્રતીત કરીને.' 'दृष्टवा'** ની વ્યાખ્યા કરી. જોરદાર પ્રતીતિ કર, એમ. જોરદાર પ્રતીતિ કર. એક જ છીએ બધું, બીજું કાંઈ છે નહિ. એક જ છીએ એવો પ્રશ્ન કેમ ઉઠ્યો તોપણ તને? કાંઈક બે છો એવો પ્રશ્ન ઉઠે. નહિતર પ્રશ્ન એવો ઉઠે નહિ.

**'એવી પ્રગાઢ પ્રતીતિ કેમ થાય છે?'** એકે એક શબ્દને (સ્પષ્ટ કરે છે). **'કારણ કે' 'विश्वं ज्ञानम् इति प्रतर्क्य'** વિશ્વ એટલે **'ત્રૈલોક્યરૂપ જે કાંઈ છે તે જ્ઞાનવસ્તુરૂપ છે...'** અમારાથી જુદી કોઈ ચીજ છે જ નહિ. ભેદ-બેદ કોઈ છે નહિ, બધું અભેદ એકાકાર છે. સમજાણું? એ સ્યાદ્વાદને સમજતા નથી. બીજી ચીજો આમાં જણાય છતાં એ ચીજોથી આત્મા તદ્દન જુદો, તદ્દન નિરાળી ચીજ છે, અનાદિ અનંત છે, ભિન્ન છે. **'ત્રૈલોક્યરૂપ જે કાંઈ છે...'** ત્રણલોકમાં જે કાંઈ છે **'તે જ્ઞાનવસ્તુરૂપ છે...'** જ્ઞાન એટલે આત્મા, એમ. બધું જ્ઞાન જ છે, બધું જ્ઞાન છે. જ્ઞાનમાં બધું જણાય છે, જણાય છે તો જાણવાની જાતથી જણાય કે બીજી રીતે જણાય? (એમ) કહે. લ્યો! **'એમ જાણીને.'** સ્વચ્છંદી પ્રગાઢ પ્રતીતિ પરમાં પોતાની કરે છે.

**'ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ પર્યાયરૂપે જ્ઞેયાકાર થાય છે;...'** જુઓ! છે ને? જ્ઞાનવસ્તુ જ્ઞાનપદાર્થ પર્યાયરૂપથી, હોં! વસ્તુ તો વસ્તુ છે. પર્યાયરૂપથી જ્ઞેયાકાર થાય છે. જાણવા યોગ્ય વસ્તુપણે પર્યાય થાય છે. આ વાત પર્યાય ને દ્રવ્ય ને એ વાત જૈનદર્શન સિવાય સાચી ત્રણકાળમાં ક્યાંય હોય નહિ. આનેય હજી તો કાંઈ સમજાતું નથી. ક્યાંયનું ક્યાંય. સમજાણું?

**'ત્યાં મિથ્યાદષ્ટિ પર્યાયરૂપ ભેદ માનતો નથી,...'** જુઓ! આવ્યું કે નહિ? ન્યાં કીધું હતું ને? પર્યાય નથી માનતો. ત્યાં પેલું કીધું હતું એટલે એમ એનો અર્થ. મિથ્યાદષ્ટિ પર્યાયરૂપ ભેદ માનતો નથી. પર્યાયરૂપ ભેદ જ માનતો નથી. જ્ઞેયાકાર થાય છે તો એ **'પર્યાયરૂપ ભેદ માનતો નથી...'** એ વળી શું? આ જ્ઞેયાકાર શું? બધું એક જ છે, જાવ! **'સમસ્ત જ્ઞેયને જ્ઞાનવસ્તુરૂપ માને છે.'** સમજાણું કાંઈ? જુઓ! આ સૂક્ષ્મ અભિપ્રાય એવો છે કે, આમ બધું આમ ને આમ જ્યાં એને પરથી આમ જુદું પાડવાનો વિવેક નથી ત્યાં એ બધું એક જ માને છે એ રીતે એક માને છે માટે એને ભોગવવાની વૃત્તિઓમાં વિવેક રહેતો નથી, એમ કહે છે. સમજાણું?

વસ્તુ એક જ માને સૂક્ષ્મપણે. બધું અમે એક જ છીએ. એને આ પર ભોગવવું ને ન ભોગવવું કે મારું સ્વરૂપ ભોગવવું એવો વિવેક એને રહેતો નથી. આ તો કોઈ પણ દષ્ટિનો વિષય લીધો છે પણ એવા માન્યતાવાળા ઊંડાણમાં આવા હોય એને કંઈ પણ એને આ વસ્તુ શું છે? આ ભોગવવા લાયક છે કે ભોગવવા લાયક નથી? એવો જેને વિવેક નથી. એ બધા પરને પોતાનું પ્રગાઢ પ્રતીતિથી માને છે. રાગાદિ ભોગવવા યોગ્ય છે, વિષય આદિ ભોગવવા યોગ્ય છે. એનો અર્થ કે, એ ચીજ જ મને પોતાને આનંદદાયક છે એટલે એ આનંદ આપનારી છે એટલે બધી એક જ છીએ એમ માનીને પરથી જુદો પાડતો નથી. સમજાણું કાંઈ?

**'મિથ્યાદષ્ટિ પર્યાયરૂપ ભેદ માનતો નથી, સમસ્ત જ્ઞેયને જ્ઞાનવસ્તુરૂપ માને છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ નથી.'** જાણવા યોગ્ય વસ્તુ તો જાણવા યોગ્ય વસ્તુરૂપે છે, ભાઈ! તારા જ્ઞાનની પર્યાયમાં એ પેઠી નથી. વસ્તુમાં તો નથી પણ જ્ઞાનની પર્યાયમાં પણ પેસી નથી ગઈ. સમજાણું કાંઈ? એ પર જે જણાય છે તે તો જ્ઞાનનો પર્યાય છે. સમજાણું? જણાય છે આ પુદ્ગલ, આ માંસ, આ... આ... આ... આ... આ... એ જણાય એ તો જ્ઞાનનો પર્યાય છે. એ વસ્તુ તો તદ્દન જુદી છે.

**'એ જ કહે છે – 'પુનઃ સ્યાદ્વાદદર્શી સ્વતત્ત્વં સ્પૃશેત્'** હવે સવળામાં આવ્યું. પહેલા અવળાની વાત લીધી હતી. કથનની એવી શૈલી છે ને? અતત્ત્વનો બોલ છે. એ અતત્ત્વ એટલે પરને બધું એક માને છે એનો બોલ લીધો. હવે પરરૂપે નથી એનો બોલ અહીં સ્યાદ્વાદની દષ્ટિથી લે છે. સમજાણું?

**'એકાન્તવાદી જે રીતે કહે છે તે રીતે જ્ઞાનને વસ્તુપણું સિદ્ધ થતું નથી,...'** **'પુનઃ'** શબ્દ પડ્યો છે ને એટલે સ્પષ્ટીકરણ કર્યું. **'સ્યાદ્વાદી જે રીતે કહે છે તે રીતે વસ્તુપણું જ્ઞાનને સધાય છે;...'** **'પુનઃ'**ની વ્યાખ્યા. જે ઇ કહે છે એથી બીજી રીતે છે, એમ. **'કારણ કે એકાન્તવાદી એવું માને છે કે સમસ્ત જ્ઞાનવસ્તુ છે,...'** બધું ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળદ્રવ્ય, પુદ્ગલ, પરમાણુ, નારકી બધું આ જ્ઞાનમાત્ર જ છે. **'પરંતુ એવું માનતાં લક્ષ્ય-**

**લક્ષણનો અભાવ થાય છે,...'** જુઓ! હવે જરીક નાખ્યું. શું કહે છે? થોડું ઝીણું નાખ્યું. **'લક્ષ્ય-લક્ષણનો અભાવ થાય છે,...'** આ શું નાખ્યું આમાં? **'તેથી લક્ષ્ય-લક્ષણનો અભાવ થતાં વસ્તુની સત્તા સધાતી નથી.'** એટલે શું? એટલે શું હવે?

**'સ્યાદ્વાદી એવું માને છે કે 'જ્ઞાનવસ્તુ છે, તેનું લક્ષણ છે સમસ્ત જ્ઞેયનું જાણપણું,..'** એમ કહે છે. એ બધા જ્ઞેયને જાણવું એ તો જ્ઞાનનું લક્ષણ છે. સમજાણું કાંઈ? એ જાણવું, જાણવું એ પર્યાયનું લક્ષણ છે ને? પર્યાયમાં છે ને જાણવું? જાણવું એ લક્ષણ છે, બધાને જાણવું તો એનું લક્ષણ છે પણ એ લક્ષણ લક્ષ્ય આત્માનું છે. એ લક્ષણ કાંઈ બીજી ચીજ જણાય એનું નથી. સમજાણું કાંઈ? શું કીધું?

આમ એકાન્તવાદી માનવાની અપેક્ષાએ **'લક્ષ્ય-લક્ષણનો અભાવ થાય છે,...'** લક્ષ્ય એવું જે દ્રવ્ય ભગવાન અને લક્ષણ એવો જાણવાનો પર્યાય. એ જાણવાના પર્યાયમાં બધું જણાય છતાં એ લક્ષણ અહીં છે એમાં જણાય માટે એ લક્ષણ છે જ્ઞાનનું, આનું લક્ષ્યનું લક્ષણ છે. એ એનું (જ્ઞેયનું) લક્ષણ નથી. એનું બધું માનતા લક્ષણ ને લક્ષ્ય બેય એક થઈ જાય છે. બધાનો અભાવ થઈ જાય છે. શું કીધું?

**'જ્ઞાનવસ્તુ છે,...'** વસ્તુ ભગવાન, **'તેનું લક્ષણ છે સમસ્ત જ્ઞેયનું જાણપણું,...'** લક્ષણ વર્તમાન પર્યાયમાં, હોં! **'સમસ્ત (વસ્તુનું) જ્ઞેયનું જાણપણું, તેથી એમ કહેતાં સ્વભાવ સધાય છે,...'** જાણવું એનું લક્ષણ સમસ્ત જ્ઞેયનું જાણપણું. જાણવું એ પરનું પણ જાણવું આવ્યું અને સ્વને જાણવું પણ આવ્યું. સમજાણું કાંઈ? એ જાણવાની પર્યાય ફક્ત પરને જ જાણે એટલું એનું સ્વરૂપ નથી. એ જાણવું લક્ષણ સમસ્ત જ્ઞેયને જાણવું (એવું છે). તો આ પોતે પણ આખી ચીજ છે ને બીજી પણ ચીજ છે. એને જાણવું એનું લક્ષણ છે. એટલે એ લક્ષણ એકાન્તે એને જ માનીને તું એકરૂપ માન એમ વસ્તુ છે નહિ. જરી ઝીણી વાત કરી, હોં!

આચાર્યે ૧૪ બોલ કહીને વસ્તુના સ્વરૂપને ઘણું સૂક્ષ્મ રીતે ભિન્ન પાડ્યું. પેલી વાતું હોય તો ઝટ દઈને સમજાય. આમાં (એમ થાય) આ શું કહે છે? બાપુ! તારા દ્રવ્ય ને પર્યાયની અહીં સિદ્ધિ કરે છે. તારું અસ્તિત્વ. અને તે પણ જાણવું એ લક્ષણ છે ને? એ તો સમસ્ત જ્ઞેયને જાણે, બધાને જાણે. સ્વને જાણે, પરને જાણે. જાણવાનું લક્ષણ પર ને સ્વને જાણવાનું જો ન રહે તો લક્ષ્ય આત્મા–દ્રવ્ય ભિન્ન રહેતું નથી. લક્ષ્ય-લક્ષણનો ભેદ પડતો નથી. એ જાણવાની પર્યાયમાં સ્વપર બધું જણાય છતાં એ લક્ષણ છે સ્વનું, એ કાંઈ પરને જાણે માટે પરનું લક્ષણ થઈ ગયું કે પરરૂપે થઈ ગયું એમ છે નહિ. સમજાણું કાંઈ? **'તેથી એમ કહેતાં સ્વભાવ સધાય છે,...'** જુઓ! એવું કહેવાથી સ્વભાવ સધાય છે.

**'સ્વ-સ્વભાવ સધાતાં વસ્તુ સધાય છે.'** આ જાણવાનું લક્ષણ છે પોતાનું. એ દ્વારા લક્ષ આત્મા એને જાણતું, તું એ (જ્ઞેય)રૂપ માની લે પણ જાણવાનું લક્ષણ આનું (લક્ષ્યરૂપ આત્માનું) છે. એમ વસ્તુ સિદ્ધ થાય ત્યારે એને વસ્તુનો અનુભવ થાય, ત્યારે સમ્યક્ અનુભવ થાય.

પણ જાણવા યોગ્ય વસ્તુ જણાણી ને એ મય છે (એમ માને) તો એમાં અનુભવ ક્યાં રહ્યો? સ્વ લક્ષ્ય તો આવ્યું નહિ, પરમાં જ એકલું ગરી ગયું અંદર. સમજાણું કાંઈ? વેપારીને આ બહુ ઝીણું પડે, નહિ?

કહે છે કે, ભાઈ! જો શાંતિથી (સાંભળ). કે જાણવાનો ભાવ છે ને એ તો સ્વપર બધા જ્ઞેયને જાણે. એ જાણવાનું લક્ષણ માટે (બધું) એક જ થઈ જાય... સમજાય છે? તો લક્ષણ અને આ લક્ષણ આનું છે એમ ભેદ ન રહ્યો, આનું થઈ ગયું. જાણવામાં જે વસ્તુ આવી તો બધી આની થઈ ગઈ. એમ નથી. સમજાણું કાંઈ? 'મોહનભાઈ'! હવે એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિમાં આ ઝીણી વાત ક્યાં પકડાય આને? તસ્સૂતરી કરણેન, ઠાણેણ.. જાણેણ... ભાઈ! ભગવાનઆત્મા એનું એક સમયની પર્યાય જ્ઞાનનું લક્ષણ એ બધા જ્ઞેયને જાણવાનું છે. બધા જ્ઞેયરૂપ થવાનું છે? શું કીધું? બધા જ્ઞેયરૂપ થવાનું (લક્ષણ) છે? સ્વજ્ઞેય ઉપર લક્ષ્ય આપે તો જ્ઞાનનો અનુભવ થાય. પરને જાણે છતાં પરરૂપ થતું નથી. સમજાણું કાંઈ? જુઓ! આમાં પાછું એ આવ્યું. પેલા વિકલ્પ–ફિકલ્પને જાણનારું છે છતાં વિકલ્પરૂપે થતું નથી. એ વિકલ્પનું લક્ષણ નથી, એ વિકલ્પનું લક્ષણ નથી. લક્ષણ છે જ્ઞાનનું, વસ્તુનું લક્ષણ છે, એ કાંઈ વિકલ્પનું લક્ષણ નથી. જણાય ખરું જ્ઞાનમાં. સમજાણું કાંઈ?

**'એમ કહેતાં સ્વભાવ સધાય છે,...'** સ્વભાવ સાધી શકાય છે. સ્વભાવ સાધી શકાય છે એટલે જ્ઞાનપણું એ લક્ષણ બધાને જાણવું. એટલે આને જાણે (એટલે) એનું થઈ ગયું, એમ નથી. જાણવા છતાં લક્ષણ જ્ઞાનનું, આત્માનું છે. સમજાણું કાંઈ? એ પરમાં જાતું નથી, સ્વમાં લક્ષ કરીને અનુભવે તો વસ્તુ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

**'સ્વભાવ સધાય છે, સ્વ-સ્વભાવ સધાતાં વસ્તુ સધાય છે.'** દેખો! જાણવાનું લક્ષણ સિદ્ધ કરતાં બધાને જાણવું એવો પર્યાયનો ધર્મ છે–લક્ષણ, એ લક્ષણથી સિદ્ધ થાય કે એ જાણનાર છે, પરરૂપે થનાર નથી. જાણનાર લક્ષણ જ્ઞાનનું છે, વસ્તુનું છે. તો વસ્તુ સિદ્ધ થતાં, વસ્તુ પર દૃષ્ટિ જતાં એને જ્ઞાન સ્વરૂપ આવું છે એવો અનુભવ થાય અને અનુભવ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'આથી જ એમ કહ્યું કે' 'स्याद्वाददर्शी स्वतत्त्वं स्पृशेत्'** દેખો! આવ્યું ને? એ લક્ષણ જ્ઞાનમાં જાણવાનું છે પણ એ તત્ત્વને–સ્વતત્ત્વને સ્પર્શે છે. આનું એ લક્ષણ છે. એ (પરજ્ઞેય) જણાય છતાં લક્ષણ એનું નથી. સમજાણું કાંઈ? ભારે! લક્ષણ ને લક્ષ્ય. બધા વકીલોને બેસતી હશે એવી વાત હશે આ? કાયદા જેવી. એ તો આત્માને બેસે. નિરાવરણીય માર્ગ છે. એ તો જ્ઞાનથી સમ્યક્ પ્રકારે જાણી શકાય એવી ચીજ છે.

**'स्याद्वाददर्शी स्वतत्त्वं स्पृशेत्' 'વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે...'** દેખો! લક્ષણ છે એ પર્યાય છે, બધાને જાણવાનો સ્વભાવ (છે). છતાં એ જ્ઞાનનું લક્ષણ છે. પરને જાણવું છતાં પરનું લક્ષણ થઈ જાય ને પરરૂપ થઈ જાય છે એમ છે નહિ. એથી સ્વતત્ત્વ સ્પર્શ.

એ જ્ઞાનના લક્ષણ દ્વારા લક્ષ્ય એવો જે ભગવાનઆત્મા તેને તે લક્ષણ સ્પર્શે છે, સ્પર્શે છે એને અનુભવ થાય છે. આ એને સ્યાદ્વાદ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! ત્રણ લીધા, હોં! સ્વતત્ત્વ સ્પર્શે. સમજાણું? **'વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે...'** આગળ ત્રણ બોલ લેશે. બે સિદ્ધ કર્યા ને અહીંયાં? **'વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે...'** પર્યાયનું લક્ષણ જાણવું, વસ્તુ એ લક્ષ્ય છે. જાણવું છતાં પરની વસ્તુ થઈ જતી નથી કે પરરૂપે થતી નથી. જાણનાર લક્ષણ ભિન્ન રહે છે. જણાય તે ભિન્ન રહે છે અને જાણનાર લક્ષણવાળું લક્ષ જે આત્મા એને અડ તો આત્માનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? એમ કહીને એમ પણ કહ્યું કે, આ વિકલ્પથી સ્વદ્રવ્યનો અનુભવ ન થાય. લ્યો! સમજાણું? કારણ કે, એ તો જ્ઞાનનો સ્વભાવ છે એ જ્ઞેય–રાગને જાણે પણ રાગરૂપ જ્ઞાન થાતું નથી. અને એ લક્ષણ રાગનું નથી, એ લક્ષણ આત્માનું છે, જ્ઞાન સ્વરૂપનું છે, ધ્રુવનું છે. સમજાણું કાંઈ?

એ લક્ષણ તત્ત્વને સ્પર્શે છે, સ્યાદ્વાદ, જાણવા છતાં તે લક્ષણ પરરૂપ થતું નથી. એ જાણનાર લક્ષણ આત્માનું છે. એ સ્વતત્ત્વને સ્પર્શે છે. એટલે દ્રવ્ય ને પર્યાય. સ્વતત્ત્વ ધ્રુવ અને પર્યાયનો અનુભવ થાય. એ પર્યાય (થઈ). સ્પર્શે એટલે પર્યાય. દ્રવ્ય ને પર્યાય બે સિદ્ધિ થાય છે. કહો 'સોગનચંદજી'! કોઈ દિ' આવું વાંચ્યું પણ નહિ હોય. બાપે તો ન વાંચ્યું હોય પણ તમે તો બધી દરકાર કરવા ઉભા થયા છો ને! ઓલા તો બિચારા ક્યાંય પડ્યા હતા એકકોર. આહાહા..! એમ કે, પહેલેથી નથી. એનો અર્થ એવો થયો. આહાહા..!

**'વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે...'** સમજાણું? સમ્યગ્દૃષ્ટિ જીવ, જ્ઞાની જીવ, **સ્યાદ્વાદદર્શી** જીવ એમ આવ્યું ને? **સ્યાદ્વાદદર્શી**–દેખનારો પર્યાયમાં બીજું જણાવા છતાં તે પર્યાયરૂપ આત્મા પરરૂપે થયો નથી. એવું સ્યાદ્ અપેક્ષાએ પરને જાણતો છતાં તે લક્ષણ આત્માનું છે એમ સ્યાદ્વાદદર્શી પોતાના આત્માને સ્પર્શે છે. આહાહા..! એ પર્યાય આત્મા સાથે અભેદ થાય છે. એ પર્યાય ભલે અંશ છે પણ એ અભેદ આત્મા સાથે થાય. આમ જાણવા છતાં પરની સાથે અભેદ થતી નથી, પર સાથે તો ભિન્ન રહે છે. સમજાણું કાંઈ?

**'અર્થાત્ અનેકાન્તવાદી જીવ જ્ઞાનવસ્તુ છે એમ સાધવાને સમર્થ હોય છે.'** લ્યો! એવું અનેકાન્તવાદી જીવ ભગવાનઆત્મા વસ્તુ છે એ લક્ષણે લક્ષિત થયેલો, લક્ષણના લક્ષ્યમાં આવે એવી એક વસ્તુ આખી દ્રવ્ય-પર્યાયરૂપ છે. સમજાણું? એ પોતાની વસ્તુને સાધવા માટે સમર્થ થાય છે. એ પુરુષાર્થની જાગૃતિ ત્યાં થાય છે. રાગાદિ જણાય છતાં તે રૂપે જ્ઞાન થયું નથી, પર્યાયમાં એ રૂપે થયું નથી. એ પર્યાય લક્ષણ લક્ષ્યનું છે એમ વસ્તુને સિદ્ધ (કરી) દ્રવ્ય અને પર્યાયને સાધી શકે છે. અજ્ઞાની દ્રવ્ય-પર્યાયને સાધી શકતો નથી. સમજાણું કાંઈ? એક શ્લોકનો કેટલો લાંબો અર્થ કર્યો છે! બહુ સ્પષ્ટ, ઘણું સ્પષ્ટ. આવી સ્પષ્ટ કળશ-ટીકા. એનો કાળ આવ્યો છે. વાત સાચી ને! એનો કાળ જ્યારે પ્રકાશ–સ્પષ્ટ થવાનું આવે ત્યારે આવ્યું ને! આ તો આખી જિંદગીમાં પહેલું-વહેલું બહારમાં વંચાય છે, સભામાં તો

પહેલું-વહેલું (વંચાય) છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભર્યું તો કે દિ' નું પડ્યું હતું. વાંચેલું કે દિ' નું. ઘણા વર્ષથી (વાંચેલું). બહાર સભામાં આવે ત્યારે આ ગુજરાતી થયું ત્યારે આવ્યું ને બધું! ગુજરાતી એટલે અમારે મન તો આ બધું ગુજરાતી થઈ ગયું ને! એમ. થઈ ગયું. કારણ કે, આ ચાલુ હિન્દી એટલે અમને...

**'સ્યાદ્વાદી જ્ઞાનવસ્તુને કેવી માને છે?' 'વિશ્વાત્ ભિન્નમ્'** જુઓ! છે ને? **'વિશ્વાત્' 'નામ સમસ્ત જ્ઞેયથી નિરાળી છે.'** બધું પુણ્ય-પાપના વિકલ્પ શરીર, વાણી, મન બધાથી ભગવાનઆત્મા જુદો છે. એ ચીજો હોવા છતાં અને એ ચીજોનું જ્ઞાન હોવા છતાં હું તે બધા વિશ્વના વિકલ્પથી રાગ, દયા, દાનના રાગથી માંડી પરચીજથી હું બિલકુલ ભિન્ન છું. સમજાણું કાંઈ? આહાહા..! ભેદજ્ઞાનની જ આ વાત છે ને! સ્યાદ્વાદ દર્શનમાં તો અનેકાન્ત સિદ્ધ કરવું છે ને! અનેકાન્ત એટલે સ્વપણે છે અને પરપણે નથી. સ્વપણે છે તે આવી રીતે છે અને પરપણે નથી. ત્યારે જ એમ અનેકાન્ત થયું. ત્યારે વસ્તુનું, દૃષ્ટિનું ભાન થયું.

**'સ્યાદ્વાદી જ્ઞાનવસ્તુને કેવી માને છે?' 'વિશ્વાત્ ભિન્નમ્'.** બધી જ્ઞેય વસ્તુ, હોં! પછી રાગાદિ પણ જ્ઞેય છે. અહીં તો સાધકની (વાત છે). અહીં ક્યાં કેવળીની વાત છે. અહીં તો નીચલાની વાત છે કે નહિ? વ્યવહાર જાણવા લાયક છે. એ તો બધે એક જ શૈલી નાખે છે. ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપી પ્રભુ! ચૈતન્ય વસ્તુ પરને જાણવા છતાં લક્ષણનું–પર્યાયનું એ જાણવું તો (એનું) સ્વરૂપ છે. એવી વસ્તુ હોવા છતાં વિશ્વ નામ વિકલ્પથી, અનેકથી, અનેક પ્રકારના પરપદાર્થો આદિ એનાથી ભગવાનઆત્મા તદ્દન નિરાળી ચીજ છે. એવો સમ્યગ્દૃષ્ટિ સ્યાદ્વાદી પોતાના સ્વરૂપને પરથી જુદો સાધી શકે છે. સમજાણું?

**'વિશ્વાત્' 'સમસ્ત જ્ઞેયથી નિરાળી છે. વળી કેવી માને છે?' 'અવિશ્વવિશ્વઘટિતં' 'અવિશ્વ' 'સમસ્ત જ્ઞેયથી ભિન્નરૂપ,...'** અવિશ્વ છે ને? વિશ્વથી ભિન્ન–અ. સમસ્ત જ્ઞેયથી ભિન્ન. અવિશ્વ–વિશ્વરૂપ નહિ. સમસ્ત જ્ઞેયથી ભિન્ન. **'વિશ્વ' 'પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી...' 'ઘટિતં'** લ્યો! આ વિશ્વ. અવિશ્વ એનાથી ભિન્ન વિશ્વ. **'અવિશ્વવિશ્વઘટિતં' 'સમસ્ત જ્ઞેયથી ભિન્નરૂપ,...'** બધા વિકલ્પથી માંડી કર્મ, શરીર, ફલાણા બધી ધૂળ. સમસ્ત અવિશ્વ એટલે બધાથી જુદી અને વિશ્વ. **'અવિશ્વવિશ્વઘટિતં, અવિશ્વવિશ્વઘટિતં'** ઓહોહો..! ટૂંકા શબ્દમાં (ઘણું ભરી દીધું છે). સમસ્ત વસ્તુથી, વિશ્વથી 'અ' એટલે ભિન્ન અને વિશ્વથી અભિન્ન. પોતાનું વિશ્વરૂપ એટલે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય. અખંડાનંદ પ્રભુ દ્રવ્ય, એની જ્ઞાનગુણ આદિ શક્તિ, એ લક્ષણથી સિદ્ધ કરીને પર્યાયથી **'જેવી છે તેવી અનાદિથી સ્વયંસિદ્ધ નિષ્પન્ન છે...'** લ્યો! સમજાણું કાંઈ?

**'घटितं'** એટલે **'જેવી છે તેવી અનાદિથી સ્વયંસિદ્ધ નિષ્પન્ન છે...'** અનાદિનો એવો ને એવો છે, કહે છે. અહીં તો દૃષ્ટિમાં આવ્યો. સદાય આવો ને આવો છું. પર્યાય પણ રાગરૂપે કે પરરૂપે કોઈ દિ' થઈ નથી. આહા..! અવિશ્વ એટલે વિશ્વથી અ–ભિન્ન. અને આ વિશ્વથી અભિન્ન, એમ. ભિન્ન કહ્યું ને? અર્થ જ ભિન્ન કર્યો ને! જુઓને! અવિશ્વ એટલે સમસ્ત જ્ઞેયથી ભિન્ન, એમ. રાગાદિ ચીજ, પુણ્ય-પાપના વિકલ્પ, શરીર આદિ બધું વિશ્વ એવું જે પર એનાથી ભિન્ન. આ ભિન્ન. વિશ્વથી **'घटितं'** **'પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી...'** **'घटितं'** દેખો! પહેલા બે બોલ લીધા હતા, હવે પાછા ત્રણ નાખ્યા.

પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળ, એના ગુણો એટલે એનો સ્વભાવ–શક્તિ અને વર્તમાન એની અવસ્થા. એ **'घटितं'** **'સ્વયંસિદ્ધ નિષ્પન્ન છે...'** **'જેવી છે તેવી અનાદિથી સ્વયંસિદ્ધ નિષ્પન્ન છે.'** જેવું છે એવું વસ્તુ બતાવે છે. એમ અંતરમાં સ્યાદ્વાદદર્શીને આત્મા પરથી ભિન્ન અનુભવમાં આવે છે. એને અનેકાન્ત દૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'એવી છે જ્ઞાનવસ્તુ.'** લ્યો! એવો છે જ્ઞાનપદાર્થ–વસ્તુ. ત્રણે થઈને એક કર્યું. દ્રવ્ય-ગુણ-પર્યાય. **'એવું કેમ માને છે?'** **'यत् तत्'** જુઓ! **'यत् तत्'** **'જે જે વસ્તુ છે...'** **'यत्'** નામ જે **'तत्'** નામ જે વસ્તુ. **'तत् पररूपतः न तत्'** જે વસ્તુ છે–જ્ઞાન વસ્તુ છે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય. **'तत् पररूपतः न तत्'**, **'तत्'** તે **'पररूपतः न तत्'** **'તે વસ્તુ પરવસ્તુની અપેક્ષાએ વસ્તુરૂપ નથી.'** એમ. **'तत्'** તે **'पररूपतः न तत्'** પરરૂપથી નથી, પરરૂપથી નથી. રાગ, પુણ્ય, વિકલ્પ, શરીરથી આત્મા નથી, આત્મા પોતાથી દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે. ઓહોહો..! કહો, સમજાય છે કે નહિ? 'જુગરાજજી'! બહુ ઝીણું. 'મુંબઈ'ના વ્યાખ્યાનમાં ભાષણ આવું મુકે તો કોણ જાણે શું સમજવું? (એમ લોકોને થાય). અરે..! આ વસ્તુ જ આ છે. માણસને સમજવાની ચીજ તો આ છે. જે કરવા જેવું તો આ છે કે, જે પરથી ભિન્ન ને સ્વથી અભિન્ન (છે).

પર તત્ત્વ પર છે **'तत् पररूपतः न तत्'** એ રૂપે આ નથી. **'પરવસ્તુની અપેક્ષાએ વસ્તુરૂપ નથી.'** આહા..! પરની અપેક્ષાએ અતત્ છે, પરની અપેક્ષાએ તત્ નથી. પરની અપેક્ષા આ છે નહિ, પરની અપેક્ષા આ નથી. આહા..! ભાઈ! આશરો જોઈએ, કોઈક આશરો. કો'કનો આશરો જોઈએ કે નહિ? એ તો નિમિત્તનું જ્ઞાન કરવાની વાત છે. વસ્તુ નિરાલંબી ચિદાનંદ ભગવાનઆત્મા તદ્દન પર્યાયથી પણ જ્યાં રાગથી ભિન્ન છે. કર્મ-શરીરથી તો ભિન્ન છે. પોતાનું જ્ઞાન સ્વરૂપે પરિણમતી પર્યાય પરથી ભિન્ન છે ને પરથી પોતે જુદું તત્ત્વ પોતાનું વિશ્વ દ્રવ્ય-પર્યાયરૂપે પોતે છે. એવું અનેકાન્ત સ્વરૂપ એવી દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. વસ્તુ એમ છે ને એમ જ્ઞાન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન થતાં જ આત્માને અમૃતરૂપ શાંતિનો અનુભવ થાય, એ વિના શાંતિનો અનુભવ થાય નહિ. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જેવી રીતે જ્ઞાનવસ્તુ જ્ઞેયરૂપથી નથી,...'** જેમ ભગવાનઆત્મા એ જણાવા યોગ્ય વસ્તુથી નથી, **'જ્ઞાનરૂપથી છે,...'** પોતાથી છે. જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાથી છે, પરથી તો ત્રણકાળમાં નથી. **'તેવી જ રીતે જ્ઞેયવસ્તુ પણ જ્ઞાનવસ્તુથી નથી,...'** લ્યો! એમ જણાવા યોગ્ય વસ્તુ પણ જ્ઞાનથી નથી. એ રાગાદિ, પુણ્ય આદિ, વિકલ્પ વ્યવહાર આદિ જ્ઞેયરૂપે છે, એ જ્ઞાનવસ્તુથી નથી. આત્માના ચૈતન્ય સ્વરૂપ લક્ષણથી એ ભિન્ન ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દયાનો ભાવ, ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ એ જ્ઞાનરૂપ નથી, એમ કહે છે.

**'જ્ઞેયવસ્તુ પણ જ્ઞાનવસ્તુથી નથી,...'** રાગ આત્માથી નથી, ભગવાનઆત્માના જ્ઞાન સ્વરૂપથી રાગ નથી. વ્યવહારનો વિકલ્પ છે તે આત્મસ્વરૂપથી નથી એમ અહીં તો કહે છે. પેલો કહે, વ્યવહારથી સાધન થાય. જ્ઞાનમાં વ્યવહાર જણાય ખરો પણ વ્યવહારથી સાધન થાય એમ નથી. તો તે એ જ્ઞેયરૂપે જ્ઞાન થઈ ગયું. સમજાણું? જ્ઞાન જ્ઞેયરૂપે થઈ ગયું. કષાય મંદતાનો વિકલ્પ હોય તે જ્ઞેયરૂપે છે. એ તો જ્ઞાનની પર્યાયથી ભિન્ન છે. અને જ્ઞાનથી જ્ઞેય ભિન્ન છે અને જ્ઞાન એ જ્ઞેયમાં આવ્યું નથી. જ્ઞાનવસ્તુથી નથી, રાગ જ્ઞાનવસ્તુથી નથી. એ વિકલ્પ આદિ જે પુણ્ય-પાપનો છે એ પર વસ્તુથી નથી એનો અર્થ પર આશ્રય વિકલ્પ એ રૂપે પણ નથી. આહા..! કર્મથી આત્મા નથી, શરીરથી નથી એટલે પર આશ્રયે થતા વિકલ્પથી પણ આત્મા નથી. આહાહા..!

**'જ્ઞેયવસ્તુરૂપ છે,...'** એ તો રાગાદિ પર વસ્તુરૂપે છે. શરીર શરીરરૂપે, કર્મ કર્મરૂપે એને રૂપે છે. કહો, સમજાણું? એ શરીરમાં રોગ થયો એ રોગ રોગરૂપે છે એમ કહે છે, એ જ્ઞાનરૂપે થયો નથી ને જ્ઞાનમાંથી રોગરૂપ પર્યાય થઈ નથી, એમ કહે છે. ભારે! **'તેથી આવો અર્થ પ્રગટ થયો કે પર્યાય દ્વારા જ્ઞાન વિશ્વરૂપ છે,...'** સમજાણું? જાણવા લાયક થાય છે ને? જાણે છે ખરું ને? પર્યાયમાં બધું જણાય છે ને? એ અપેક્ષાએ વિશ્વરૂપ કહેવાય છે. એમ આ અપેક્ષાએ. સમજાણું? **'પર્યાય દ્વારા જ્ઞાન વિશ્વરૂપ છે,...'** એમ કહેવાય છે. **'દ્રવ્ય દ્વારા પોતારૂપ છે.'** વસ્તુથી તો પોતાપણે છે. આમ લ્યો તો પોતાથી જ બધું છે. એવી ચીજ ભગવાનઆત્મા... જ્ઞાન વિશ્વરૂપ કહ્યું ને? અનેકરૂપ છે.

**'આવો ભેદ સ્યાદ્વાદી અનુભવે છે.'** એવી જુદાઈ અનેકાન્ત દૃષ્ટિ અનુભવે છે. એકાન્ત દૃષ્ટિને એની ખબર પડતી નથી. **'તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે,...'** લ્યો! અહીં તો વસ્તુસ્વરૂપનો સ્યાદ્વાદ સાધક કીધો. રાગ આદિ સાધક છે એમ ન કહ્યું. એ..ઇ..! પેલામાં સાધક કહ્યું છે ને? કષાય મંદ એ સાધક છે, સાધ્ય છે. અહીં તો કહે છે, કષાય મંદ એ તો જ્ઞેય છે. એ જ્ઞેય જ્ઞાનરૂપે થયું નથી અને જ્ઞાન તે જ્ઞેયરૂપે થયું નથી. પણ એ બેની ભિન્નતાનું સાધક જે સ્યાદ્વાદ એ સાધક છે. હું પણે હું છું, પરપણે હું નથી. એ એને સાધક સિદ્ધ કરે, વસ્તુને સિદ્ધ કરે ને પર્યાયની નિર્મળતાને સાબિત કરે છે. સમજાણું

કાંઈ? આહાહા..! **'સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે, એકાન્તપણું વસ્તુનું ઘાતક છે.'** રાગ તે હું ને રાગ તે મારું જ્ઞાન, એ ઘાતક છે. રાગ તે હું નહિ, કષાયની મંદતા એ હું નહિ અને હું જ્ઞાન તે કષાયની મંદતા નહિ. એવું વસ્તુનું સાધકપણું સ્યાદ્વાદથી વસ્તુને સિદ્ધ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાનને સાધે છે. અજ્ઞાનમાં એ સાધન હોઈ શકે નહિ. વિશેષ કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**માગશર વદ ૧, ગુરૂવાર તા. ૦૯.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૦, પ્રવચન - ૨૬૪**

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ ટીકા' એનો ત્રીજો શ્લોક પુરો થયો. જુઓ! એમાં શું કહ્યું છેલ્લે? આ આત્મા જ્ઞાનસ્વરૂપે દ્રવ્યરૂપે પોતે છે. ત્રીજામાં છેલ્લા શબ્દો છે ને? **'દ્રવ્ય દ્વારા પોતારૂપ છે.'** પોતા સ્વરૂપે છે અને **'પર્યાય દ્વારા જ્ઞાન વિશ્વરૂપ છે.'** આમાં આ શૈલી લીધી છે. વિશ્વ નામ પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞેયાકારે પરિણમન થાય છે. સમજાણું? જ્ઞાનની વર્તમાન પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞેયાકારે પરિણમન થાય છે. એ પર્યાયથી, અપેક્ષાએ એમ કહેવાય કે, વિશ્વરૂપ છે. દ્રવ્યથી પોતારૂપે ત્રિકાળ એકરૂપ છે.

**'આવો ભેદ સ્યાદ્વાદી અનુભવે છે.'** એવો પ્રકાર સ્યાદ્વાદી–અપેક્ષાએ સમજનાર જાણે, અનુભવે છે. **'તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે,...'** જુઓ! આ સાધકપણા ઉપર જરીક જોર છે. સમજાણું? રાગ આદિ થાય છે એને જ્ઞાનનો પર્યાય જાણે છે એ રીતે વ્યવહારના જ્ઞાનરૂપે જ્ઞાન પરિણમ્યું છે, એમ વિશ્વરૂપે અનેકને જાણવારૂપે પરિણમ્યું છે એમ તે જ્ઞાનની પર્યાયની અપેક્ષાએ કહેવામાં આવે છે. વસ્તુ તરીકે જોવે તો જ્ઞાન જ્ઞાનરૂપ દ્રવ્ય પોતે છે. આ રીતે વસ્તુનું સાધકપણું છે. એટલે એ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે છે. પર્યાયમાં વિશ્વરૂપ જાણવું, હોં! રાગને લઈને સિદ્ધ થઈ શકે છે, એમ નથી. જ્ઞાનની પર્યાયમાં આ બધું જણાય એ રીતે જ્ઞાનની પર્યાયને વિશ્વરૂપ–અનેકરૂપ કહેવાય. અનેક એટલે આ બીજી અપેક્ષાએ (વાત) કરી, આપણે હવે આજ એક બીજી વાત (છે). સમજાણું કાંઈ?

વસ્તુના બે પ્રકાર–એક વસ્તુ ત્રિકાળ અને એક સમયનો (પર્યાય). અહીં અત્યારે જ્ઞાનની અપેક્ષાએ વાત છે. જ્ઞાન ત્રિકાળ અને જ્ઞાનનો એક સમયનો પર્યાય. તો પર્યાય દ્વારા જોઈએ તો પર્યાયમાં એક સમયમાં છ દ્રવ્ય સંબંધીનું જ્ઞાનરૂપે પરિણમવું એ પર્યાય છે, બસ! પર્યાય છે. વસ્તુપણે જોઈએ તો પોતે છે. પર્યાય દ્વારા જોઈએ તો જાણે અનેક વિશ્વરૂપે–છ દ્રવ્યના જ્ઞાનરૂપે જ્ઞેયાકારરૂપે પરિણમેલું છે. એમ પર્યાયને આ રીતે સિદ્ધ કરી. દ્રવ્યરૂપ ત્રિકાળ છે એની દૃષ્ટિ કરતા પર્યાયમાં સમ્યગ્દર્શનનો અનુભવ થાય. સમજાણું કાંઈ? આ એનું સાધક

છે એમ કહેવું છે. રાગાદિ સાધક છે, નિમિત્ત સાધક છે એ અહીં કહેવું નથી, જુઓ! સમજાણું કાંઈ?

વસ્તુના બે ભાગમાં બે ભાગ જે રીતે છે એમ માનવું એ વસ્તુનું સાધકપણું છે. એથી કહ્યું ને? '**તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે,...**' આ રીતે સ્યાદ્વાદ સાધક છે. પર્યાયમાં અનેકપણું રાગ, વિકલ્પ, સંયોગ, છ દ્રવ્ય એ બધું પર છે. એને જ્ઞાન પર્યાય જ્ઞેયાકારરૂપે જાણે ખરી પણ એ જાણવાની અપેક્ષાએ વિશ્વરૂપ છે, પરરૂપ છે એમ અપેક્ષાએ કહેવાય છે. અને વસ્તુ તરીકે તો એક જ છે. એમાં એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણે એટલી ક્યાં વસ્તુ છે? સમજાણું કાંઈ? વસ્તુ તો ત્રિકાળ અખંડ જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય (છે) એ તો આપરૂપ જ છે. પેલા પરરૂપે તો એક સમયનો પર્યાય પરની અપેક્ષાવાળો જ્ઞેયાકારરૂપે પરિણમ્યો છે એટલું. એ પર્યાયની એટલી કબુલાત કરી અને દ્રવ્ય આપરૂપ છે, વસ્તુ એકરૂપ ત્રિકાળ છે એમ એના ઉપર દૃષ્ટિ આપતા પર્યાયમાં અનંત ગુણના અંશનું વેદન–અનુભવ થાય. સ્યાદ્વાદનું ભારે ઝીણું, ભાઈ! હવે ત્રીજો શ્લોક. આમ ચોથે છે, આમ ત્રીજો છે. આ એકનો શ્લોક છે.

---

( શાર્દૂલવિક્રીડિત )

**बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लसद्-**<br>**ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुटयन्पशुर्नश्यति।**<br>**एकद्रव्यतया सदा व्युदितया भेदभ्रमं ध्वंसय-**<br>**न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।४-२५०।।**

**ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ પર્યાયમાત્રને વસ્તુ માને છે, વસ્તુને માનતો નથી; તેથી જ્ઞાનવસ્તુ અનેક જ્ઞેયને જાણે છે, તેને જાણતી થકી જ્ઞેયાકારે પરિણમે છે - એમ જાણીને જ્ઞાનને અનેક માને છે, એક માનતો નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે 'એક' જ્ઞાનને માન્યા વિના 'અનેક' જ્ઞાન એમ સધાતું નથી; તેથી જ્ઞાનને 'એક' માનીને 'અનેક' માનવું વસ્તુનું સાધક છે. - એમ કહે છે : 'पशुः नश्यति' એકાન્તવાદી વસ્તુને સાધી શકતો નથી. કેવો છે? 'अभितः त्रुटयन्' જેવું માને છે તે રીતે તે જૂઠો ઠરે છે. વળી કેવો છે? 'विष्वग्विचित्रोल्लसद्ज्ञेयाकारविशीर्णशक्तिः' ( विष्वक् ) જે અનંત છે, ( विचित्र ) અનંત પ્રકારનો છે, ( उल्लसत् ) પ્રગટ વિદ્યમાન છે - એવો જે ( ज्ञेय ) છ દ્રવ્યોનો સમૂહ તેના ( आकार ) પ્રતિબિંબરૂપ પરિણમ્યો છે**

**જે જ્ઞાનપર્યાય ( विशीर्णशक्तिः ) એટલું જ માત્ર જ્ઞાન છે એવી શ્રદ્ધા કરતાં ગળી ગયું છે વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું, એવો છે મિથ્યાદષ્ટિ જીવ. એવો કેમ છે? 'बाह्यार्थग्रहणस्वभावभरतः' ( बाह्यार्थ ) જેટલી જ્ઞેયવસ્તુ તેમનું ( ग्रहण ) જાણપણું - તેમની આકૃતિરૂપ જ્ઞાનનો પરિણામ - એવું જે છે ( स्वभाव ) વસ્તુનું સહજ, કે જે ( भरतः ) કોઈના કહેવાથી વર્જ્યું ન જાય (છૂટે નહિ) એવા તેના અમિટપણાના (-અટળપણાના) કારણથી. ભાવાર્થ આમ છે કે - જ્ઞાનનો સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયને જાણતાં જ્ઞેયના આકારરૂપે પરિણમવું. કોઈ એકાન્તવાદી વસ્તુને એટલી જ માત્ર જાણતો થકો જ્ઞાનને અનેક માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનું એકપણું સાધે છે - 'अनेकान्तविद् ज्ञानम् एकं पश्यति' ( अनेकान्तविद् ) સ્યાદ્વાદી અર્થાત્ એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સમ્યગ્દષ્ટિ જીવ, ( ज्ञानम् एकं पश्यति ) જ્ઞાનવસ્તુ જોકે પર્યાયરૂપથી અનેક છે તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે. કેવો છે સ્યાદ્વાદી? 'भेदभ्रमं ध्वंसयन्' જ્ઞાન અનેક છે એવા એકાન્તપક્ષને માનતો નથી. શા કારણથી? 'एकद्रव्यतया' જ્ઞાન એક વસ્તુ છે એવા અભિપ્રાયના કારણે. કેવો છે અભિપ્રાય? 'सदा व्युदितया' સર્વ કાળ ઉદયમાન છે. કેવું છે જ્ઞાન? 'अबाधितानुभवनं' અખંડિત છે અનુભવ જેમાં, એવી છે જ્ઞાનવસ્તુ. ૪-૨૫૦.**

---

बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लसद्-
ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुटयन्पशुर्नश्यति।
एकद्रव्यतया सदा व्युदितया भेदभ्रमं ध्वंसय-
न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।४-२५०।।

**'ભાવાર્થ...'** એટલે કે જે ભાવ કહેવો છે તે આ પ્રકારે છે કે **'કોઈ એકાન્તવાદી...'** એક જ પક્ષને માનનારો વાસ્તવિક તત્ત્વને નહિ સમજનાર **'મિથ્યાદષ્ટિ જીવ પર્યાયમાત્રને વસ્તુ માને છે,...'** સિદ્ધ તો એકને કરવું છે. છતાં એ પર્યાયમાં અનેકપણું જે છે, અનેકપણે જાણવાનો જે પર્યાય છે, વસ્તુનો પર્યાય એવી પર્યાયને **'વસ્તુ માને છે, વસ્તુને માનતો નથી;...'** અનેકને માને, પર્યાયમાં અનેકપણું છે એને માને પણ વસ્તુ એકરૂપે છે એને માનતો નથી. આ એકનો બોલ છે એની સામે અનેક જ માને છે, એક માનતો નથી એમ પહેલું સિદ્ધ કરશે અને પછી એક માનનાર સ્યાદ્વાદી એક માને છે એ પર્યાયનું અનેકપણું હોવા છતાં વસ્તુ તરીકે એક છે (એમ માને છે એ સિદ્ધ કરશે). સમજાણું કાંઈ?

આ 'સ્યાદ્વાદ અધિકાર' જરી ઝીણો છે. **'મિથ્યાદષ્ટિ જીવ પર્યાયમાત્રને વસ્તુ માને છે,...'** એક સમયની અવસ્થામાં જે અનેકપણે વસ્તુ જણાય એ અનેકપણાને જ વસ્તુ માને

છે. પર્યાયમાં અનેકપણું જણાય છે ને? એ અનેકપણાને–પર્યાયને જ માને છે. **‘વસ્તુને માનતો નથી;...’** વસ્તુ એકરૂપ ત્રિકાળ છે. પર્યાયનું અનેકપણું હોવા છતાં વસ્તુ તો એક છે. દ્રવ્ય તરીકે વસ્તુ એક છે, એ એકને માનતો નથી. એકલી પર્યાય (માને છે) પણ પૂર્ણ વસ્તુ એક અખંડ જ્ઞાયક છે એને માનતો નથી.

**‘તેથી જ્ઞાનવસ્તુ અનેક જ્ઞેયને જાણે છે,...’** જુઓ! ભગવાનઆત્મા જ્ઞાનવસ્તુ અનેક જ્ઞેયને જાણે છે. પર્યાયમાં અનેક જ્ઞેયને જાણે છે. **‘તેને જાણતી થકી...’** વસ્તુ, વસ્તુ લીધી છે ને? **‘જાણતી થકી...’** જ્ઞાનવસ્તુ. ભગવાન આત્મ વસ્તુ પર્યાયમાં **‘તેને...’** (અર્થાત્) જ્ઞેયને **‘જાણતી થકી જ્ઞેયાકારે પરિણમે છે...’** જ્ઞેય જણાવાયોગ્ય પદાર્થપણે પર્યાય પરિણમે. પરિણમે છે તો પોતા(રૂપે) પણ જ્ઞેયાકારરૂપે પોતાનો પર્યાય થાય છે. સમજાણું કાંઈ? પરપણે થતો નથી પણ જે જ્ઞેય વસ્તુ છે (એ) એના પર્યાયમાં જ્ઞેયાકારરૂપે થાય છે. **‘એમ જાણીને જ્ઞાનને અનેક માને છે,...’** એ જ્ઞાનનું રૂપ અનેક જ છે એમ માને છે. એક વસ્તુ ત્રિકાળ દ્રવ્ય છે એમાં દૃષ્ટિ દેવા લાયક છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? **‘એક માનતો નથી.’** અનેક માને છે. પર્યાય અપેક્ષાએ એકલો અનેક માને છે. એ એકલો માનતા એક વિના અનેક પણ સિદ્ધ થઈ શકતું નથી.

**‘તેના પ્રતિ ઉત્તર આમ છે કે ‘એક’ જ્ઞાનને માન્યા વિના,...’** એકરૂપ જ્ઞાનને માન્યા વિના, એકરૂપ વસ્તુ ત્રિકાળને જાણ્યા વિના **‘‘અનેક’ જ્ઞાન એમ સધાતું નથી;...’** એકપણાની અપેક્ષા વિના અનેકપણું એની પર્યાયમાં સિદ્ધ થતું નથી. કોણ અનેકપણે પરિણમ્યું? દ્રવ્ય ક્યુ હતું? કે જે ક્યુ દ્રવ્ય અનેકપણે પરિણમ્યું? સમજાણું કાંઈ? કઈ વસ્તુ પોતે અનેકપણે વર્તમાન પર્યાયપણે થઈ? એ અનેકને એકલો માનનાર દ્રવ્યની અપેક્ષા વિના અનેકપણાનો પર્યાય પણ સિદ્ધ કરી શકતો નથી. કહો, સમજાણું? ‘જમુભાઈ’! એમાં ‘આંકડિયા’માં તો કોઈ દિ’ આવું આવ્યું ન હોય. આહાહા..!

વસ્તુ ભગવાનઆત્મા એકરૂપે ત્રિકાળ (છે). જુઓને! બધે ઠેકાણે એક... એક... એક... આવે છે. એકરૂપ, એક સ્વભાવ... એક સ્વભાવ... એક સ્વભાવ... વીતરાગ જ્ઞાનાનંદ એક સ્વભાવ, એક વસ્તુ છે. ભાઈ! ગુણો અનંત છે એ અપેક્ષાએ વાત નથી. દ્રવ્યરૂપે એક છે. એનો એક સમયનો પર્યાય અનેકને જાણવારૂપે જ્ઞેયો જણાય તેના જાણવારૂપે પરિણમે. એથી એને અનેકપણાને એટલે પર્યાયને જ માને છે. વસ્તુ ત્રિકાળ એકરૂપ જ્ઞેય એક છે એને એ માનતો નથી.

**‘એક’ જ્ઞાનને માન્યા વિના ‘અનેક’ જ્ઞાન એમ સધાતું નથી;...’** કોનું અનેકપણું પરિણમ્યું? જડ અનેકપણે પરિણમ્યો? ક્યુ દ્રવ્ય અનેકપણે (પરિણમ્યું)? એકપણે રહેનાર વિના અનેકપણે પરિણમ્યું કોણ? સમજાણું કાંઈ? અનેકપણે થયું કોણ? એકરૂપે રહ્યા વિના અનેકરૂપે થયું કોણ? એ અનેકપણે એની પર્યાય થઈ છે. એક દ્રવ્ય છે એકરૂપે રહેનારું અનેકપણે પરિણમ્યું

છે. સમજાય છે કાંઈ? જેને–અનેકને એકની સાથે સંબંધ છે એમ કહેવું છે. અનેકપણાનું પર્યાયનું પરિણમન (થાય છે) એનો સંબંધ એક દ્રવ્ય સાથે છે. કોની સાથે? પોતા સાથે, પરની સાથે નહિ. પર જે ટકેલી ચીજ છે માટે એને કારણે અહીંયાં પરિણમ્યું એટલે ઇ છે તો આ પરિણમ્યું, એમ નથી. સમજાણું કાંઈ?

**'તેથી જ્ઞાનને 'એક' માનીને 'અનેક' માનવું વસ્તુનું સાધક છે.'** દેખો! છે ને? એક જ્ઞાનને માન્યા વિના, એકરૂપે એક ચીજનો જે અંશ છે એ અંશ અનેકરૂપ થયો તે એકરૂપે છે તે પર્યાયમાં અનેકરૂપે (થયો છે). વસ્તુ તરીકે એક છે તે અવસ્થામાં અનેકરૂપે થયો છે. એમ એકરૂપ ચીજને માન્યા વિના અનેક જ્ઞાન એવું સાધી શકાતું નથી. એટલે બીજું કોઈ ટકે છે અથવા બીજો છે એને માટે અનેકપણે પરિણમ્યું છે (એમ નથી). એને (એકને) આધારે અનેકપણે પરિણમી છે, સામા નિમિત્તને આધારે નહિ. સમજાણું કાંઈ?

આ મોટો વજનો સ્થંભ ધ્રુવ પડ્યો છે, એક દ્રવ્ય (છે). ઇ એકરૂપ છે એ પર્યાયમાં અંશમાં અનેકરૂપે થાય છે. બીજી ચીજને લઈને અનેકરૂપે છે (એમ નથી). વિશ્વ છે ખરું, એના નિમિત્તે પોતાના જ જ્ઞાનનો અવસ્થા એ પ્રકારે જ્ઞેયાકારરૂપે થવું (એવો) એનો સ્વભાવ છે. પણ એ અનેકપણું થવું એ એકની અપેક્ષા રાખીને થાય છે. કોઈ (જ્ઞેય)ની અપેક્ષા રાખીને અનેકપણે પરિણમે છે (એમ નથી). અમારા 'હિંમતભાઈ' દાંત કાઢે છે. જુઓને! અહીં શું કીધું છે?

એક જ્ઞાનને માન્યા વિના. એની ને એની ચીજને (માન્યા વિના). અનેકપણે પર્યાય થયો તે જ એકપણે એકરૂપે માન્યા વિના એનું અનેકપણું, એકના સંબંધ વિના અનેકપણું સિદ્ધ થતું નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? બીજા છે માટે અનેકપણું સિદ્ધ થાય છે એમ નહિ, એમ સિદ્ધ ન થાય. એના સંબંધવાળું તત્ત્વ એક છે એને લઈને અનેકપણું સિદ્ધ થાય છે. ભારે! ભાઈ! આવું સ્યાદ્વાદ ભારે ઝીણું છે.

**'તેથી...'** આ માટે. **'જ્ઞાનને એક માનીને,...'** એકરૂપે (માનીને), એને ને એને એકરૂપે માનીને. જે અનેકરૂપે પરિણમ્યું છે એને ને એને એકરૂપે માનીને, એકરૂપે રહેનાર માનીને **'અનેક' માનવું વસ્તુનું સાધક છે.'** જુઓ! સમજાણું કાંઈ? વસ્તુ જે અનેકપણે પર્યાયમાં પરિણમી છે એ જ એક વસ્તુને માન્યા વિના અનેકપણું સિદ્ધ થતું નથી. માટે એકરૂપે રહેનારી ચીજ એકરૂપ, સદ્દશ્યરૂપ, એકરૂપ એના સંબંધે વર્તમાન પર્યાયનું અનેકપણું છે. એના સંબંધે એકની અપેક્ષાએ અનેક છે. આ એક પોતાના સંબંધની અપેક્ષાએ અનેક (છે). એકલો અનેક માને તેને એકની અપેક્ષા વિના અનેકપણાની સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ?

આ તો ભાઈ! સ્યાદ્વાદના ચૌદ બોલ એવા મુક્યા છે જરીક કે, જે પેલા એકલો આત્મા આત્મા કરે ને? આત્મા આમ છે, કૂટસ્થ છે, ધ્રુવ (છે). ઓહોહો..! એમ વસ્તુ નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. સમયે સમયે પર્યાયમાં–અવસ્થામાં અનેકપણારૂપ ભાસ હોવા છતાં એકાન્તે

અનેક જ એ અંશ નથી. એ અંશ એકરૂપે રહેનાર વસ્તુ છે એના સંબંધવાળો એક પર્યાય અનેકપણાને જાણવારૂપે પરિણમેલો છે. ત્યારે એકની અપેક્ષાથી અનેક સિદ્ધ થાય છે. એકના અનુભવમાં પર્યાયમાં અનંત ગુણની પર્યાયનો અનુભવ આવે છે એમ કહે છે, લ્યો! સમજાણું?

**'જ્ઞાનને 'એક' માનીને...'** ભગવાન વસ્તુ એકરૂપે છે એમ માનીને તેની પર્યાયમાં એક વસ્તુના લક્ષને, અસ્તિત્વ સિદ્ધ કરીને એની પર્યાયમાં અનંત ગુણને એક સમયમાં સ્વપરના જાણવાના પર્યાયરૂપે પરિણમે ત્યારે એ અનેકપણે સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? **'એમ કહે છે :'** લ્યો! આ તો હજી એનો ઉપોદ્‌ઘાત કર્યો. આ તો એનો ભાવાર્થ (કહ્યો). ભાવાર્થ શું? આ કહેવું છે.

**'पशुः नश्यति'** એમ પાધરો શબ્દ જ લીધો છે. **'पशुः'** એટલે **'એકાન્તવાદી વસ્તુને સાધી શકતો નથી.'** એકલો અનેકને જ માનનારો, એકના એકરૂપે રહેનાર ભગવાનઆત્મા વિના પર્યાયનું અનેકપણું પણ અનુભવી શકતો નથી. સમજાણું કાંઈ? સમજાણું? **'पशुः नश्यति'** **'पशुः'**નો અર્થ કર્યો હતો પહેલો 'पश्यते बध्यते कर्म इति पशुः' શું (કહ્યું)? એકાન્ત નહિ, પહેલા બીજો અર્થ કર્યો હતો. પહેલા **'पशुः'**નો અર્થ કર્યો હતો. જુઓ! પહેલા **'पशुः'** હતું ને ક્યાંક? ક્યાં આવ્યું? આગલી ગાથા. સમજાણું? જુઓ! **'पशुः'** પહેલા **'पशुः'** ન્યાં કીધો હતો ને પહેલો **'पशुः'** અહીં હતો–૨૪૮ (કળશ). **'पशोः ज्ञानं सीदति'** બસ! ઇ. અહીં નથી લખ્યું, મેં ક્યાંક લખ્યું છે ખરું, આમાં નહિ લખ્યું હોય. સમજાણું?

**'पशुः नश्यति'** આત્મા એકરૂપે અખંડ આનંદ છે, એકરૂપે અખંડ છે એના સ્વીકાર વિના એકલો પર્યાયના ક્ષણિકપણાને માનનાર એકાન્ત પશુ છે. પશુ જેવો એટલે કર્મથી બંધાય છે. કર્મથી બંધાય એટલે અબંધ પરિણામ તેને પ્રગટ થતાં નથી. બંધાય, રોકાય જાય છે, એકાન્તપણામાં રોકાય જઈને ચાર ગતિમાં રખડવાના કર્મ બાંધે છે. શું સમજાણું કાંઈ?

એકાન્તવાદી એક અંશ–એક જ પક્ષને માનનારો **'વસ્તુને સાધી શકતો નથી.'** વાસ્તવિક પદાર્થ ભગવાન એને સિદ્ધ–અનુભવમાં લાવી શકતો નથી. **'કેવો છે?'** **'अभितः त्रुटयन्'** **'જેવું માને છે તે રીતે તે જૂઠો ઠરે છે.'** શું કહે છે? એ અનેકપણું માને છે એ રીતે અનેકપણું તેનું જૂઠું ઠરે છે. સમજાણું કાંઈ? ભગવાન એકરૂપે વસ્તુ ત્રિકાળ જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે એવા એકરૂપને સ્વીકાર્યા વિના જે રીતે તે અનેકને જ એકલું માને છે તે પ્રકાર જૂઠો ઠરે છે. **'अभितः'** **'अभितः'** નો અર્થ એ કર્યો. **'अभितः'** વારંવાર શું આવે છે? સર્વથા **'त्रुटयन्'**. સર્વથા. **'अभितः'** ઘણે ઠેકાણે આવે છે. વારંવાર, પછી સર્વથા એટલે પૂરો જૂઠો ઠરે છે લ્યોને. પૂરો જૂઠો ઠરે છે.

વસ્તુ ભગવાનઆત્મા એકરૂપે ચિદ્‌ઘન આત્મા છે એને માન્યા વિના એકલી અનેકપણાની પર્યાયને જ માને છે એ પૂરો જૂઠો ઠરે છે. થોડો જૂઠો નહિ એમ કહે છે. (કોઈ કહે કે), એકલો પર્યાયનો સ્વીકાર કર્યો કે નહિ? કે, ના, ના જરીએ નહિ. એક અંશમાં આખા પૂર્ણને

માન્યો તો એનો એ અંશ પણ સત્ય રહ્યો નહિ, એમ કહે છે. એક અંશે સત્ય નહિ. અસર્વાંશને સર્વાંશ સ્વીકાર્યો તો અસર્વાંશ પણ એનો યથાર્થ રહ્યો નહિ. સમજાણું કાંઈ? શું વળી અસર્વાંશને?

આખું સર્વસ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણ એનો એક સમયનો પર્યાય તો અસર્વાંશ (એટલે) આખું એનું રૂપ નથી. ઇ એક અંશને જ આખું માન્યું એટલે એક અંશને આખું માનતા અંશ પણ સિદ્ધ થતું નથી. કોનો એ અંશ? કોનો એ અંશ? કોનામાં એ અનેકપણાની પર્યાયનું જ્ઞાન? સમજાણું કાંઈ? 'અમૃતચંદ્રાચાર્યે' આ 'સમયસાર' માથે આ કળશ કર્યા. મંદિર કરે ને? મંદિરની માથે કળશ મુકે એમ કળશ મુક્યા.

શું કહે છે? **'જેવું માને છે તે રીતે તે જૂઠો ઠરે છે.'** એમ કહ્યું. આ જેવું એ માને છે એ પ્રકાર એ રીતે તે જૂઠો ઠરે છે. અનેક કોની અપેક્ષાએ? કોનું અનેક? કોનું અનેક? કે અનેકનું અનેક. પણ અનેકનું અનેક એટલે શું? સમજાય છે? એકરૂપે વસ્તુની અપેક્ષા વિના એકલો અનેકનું અનેક, અનેકનું અનેક એટલે શું? કહે છે, જે રીતે તું માને છો (તે રીતે) **'જૂઠો ઠરે છે. વળી કેવો છે?'** **'विश्वग्विचित्रोल्लसद्ज्ञेयाकारविशीर्णशक्तिः'** જો **'विष्वक्'** **'જે અનંત છે, અનંત પ્રકારનો છે,...'** આ છ દ્રવ્યો છે ને? છ દ્રવ્યો છે, અનંત છે અને પાછા એમાં અનંત પ્રકારની ગુણ-પર્યાયની વિચિત્રતા પણ છે. છ દ્રવ્ય છે ને? છ દ્રવ્ય, એ અનંત છે અને અનંત પ્રકારના (છે). પાછા અનંતનો એક પ્રકાર નથી. કોઈ ચૈતન્ય છે, કોઈ જડ છે, કોઈ ચૈતન્યના ગુણ છે, સામાન્ય, કોઈ વિશેષ (એમ) એના ઘણા પ્રકાર અનંત છે અને અનંત પ્રકારના છે. આહાહા..!

**'उल्लसत्'** **'પ્રગટ વિદ્યમાન છે...'** બાહ્ય. **'उल्लसत्'** ઉલ્લસી ગયા છે, આમ છે. **'પ્રગટ વિદ્યમાન છે–એવો જે'** **'ज्ञेय'**, **'એવો જે'** **'ज्ञेय'** **'છ દ્રવ્યોનો સમૂહ...'** જુઓ! અહીં છ દ્રવ્ય લીધા, ભાઈ! પેલામાં પાંચ લીધા છે. અહીં છ દ્રવ્ય લીધા છે. એકકોર ભગવાનઆત્મા, એકકોર ભગવાન વસ્તુ સ્વરૂપ દ્રવ્ય અને એકકોર એક પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન. સમજાણું કાંઈ? આહા..! એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન! અનંતા સિદ્ધ આદિ બધાય એક સમયની પર્યાયમાં આવી ગયા. આખી વસ્તુ તો મહાન મોટી એકકોર રહી ગઈ. ઓહોહો..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એકલો પરમેશ્વર પ્રભુ! એની એક સમયની પર્યાયમાં બધા છ દ્રવ્ય, બધું, બધા છ દ્રવ્યો તથા સમૂહ. (આ) **'ज्ञेय'**ની વ્યાખ્યા. તેના **'પ્રતિબિંબરૂપ પરિણમ્યો છે...'** એના પ્રતિબિંબરૂપે પરિણમી છે એવી જે જ્ઞાનપર્યાય, એવી જે જ્ઞાનની અવસ્થા. છ દ્રવ્યોના સમૂહરૂપે પોતાની જ્ઞાનની પર્યાયમાં પ્રતિબિંબરૂપ (પરિણમી છે). પર્યાય છે ને? એનું પ્રતિબિંબ એટલે જેવું સ્વરૂપ છે એનું બિંબ અહીં (પડે છે). એ રૂપે પરિણમે છે. એવી જે **'જ્ઞાનપર્યાય...'** **'विशीर्णशक्तिः'** **'ગળી ગયું છે...'** **'એટલું જ માત્ર જ્ઞાન છે એવી શ્રદ્ધા કરતાં ગળી ગયું**

**છે વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું,...'** એટલી જ પર્યાયને માનનાર **'एतावनमात्र'** જ્ઞાન છે, **'एतावनमात्र'** જ્ઞાન છે, એટલું જ એ જ્ઞાન છે. એક સયમની પર્યાયને છ દ્રવ્ય જાણે એટલું જ એ જ્ઞાન છે. ઓહોહો..! એનાથી મોટું લાગ્યું જાણે.. આ..હા..! છ દ્રવ્યને જાણે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત ને અનંત પ્રકાર, અનંત ને અનંત પ્રકાર એક સમયમાં જાણે એટલું જ જ્ઞાન છે **'એવી શ્રદ્ધા કરતાં ગળી ગયું છે વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું,...'** એટલા એક સમયના પર્યાયથી અનંત... અનંત... અનંત... અનંત... અનંતગુણું આખું દ્રવ્ય જે છે એને સિદ્ધ કરવાની દૃષ્ટિ ગળી ગઈ છે, બળી ગઈ છે, દૃષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ છે. આહાહા..! બહુ ઝીણું પણ, ભાઈ! સમજાણું કાંઈ? આહા..!

ભગવાન કહે છે કે, એવડો મોટો કે, જેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું પ્રતિબિંબરૂપે થવું (થાય) પણ એટલો જ માનતા આખા દ્રવ્યને સિદ્ધ કરવાની દૃષ્ટિ તેની ગળી ગઈ છે. **'विशीर्णशक्तिः' 'विशीर्ण'** જીર્ણ થઈ ગઈ, નાશ થઈ ગઈ, એમ. આહાહા..! એક પર્યાયમાં તો જાણે મોટો.. ઓહોહો..! આ તો મોટો આવડો (છે)! એમ આખી વસ્તુ એવા અનંત અનંત ગુણનો પિંડ, એવી તો અનંતી પર્યાયનો એકલો કંદ, મહા પરમેશ્વર ચૈતન્ય ધ્રુવ, એને સિદ્ધ કરવાને એકલી એક વિનાની અનંત પર્યાયને જ એટલું જ માનનાર, એટલો જ માનનાર એને આખી ચીજને સિદ્ધ કરવાની દૃષ્ટિ ગળી ગઈ છે. બળી ગઈ છે એટલે સળગી ગઈ છે, નાશ થઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

બાકી ખૂબી તો એ કે, એક પર્યાયમાં આટલું બધું માને તોય. એમ. એકલી વસ્તુ ને એકલી જ પર્યાય ને એક જ એવડો એમ નહિ. એ એક પર્યાય એવડી છે કે, છ દ્રવ્યના અનંત અનંત પ્રકારને જાણવા, પ્રતિબિંબરૂપ પરિણમન એટલી પર્યાય, એટલી પર્યાયને માને તો જેની દૃષ્ટિ વસ્તુને સિદ્ધ કરવાની નાશ થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? તો જે હજી છ દ્રવ્ય એના પણે પરિણમેલો પર્યાય એટલો જ એ પર્યાય છે ને છ દ્રવ્ય છે એને જે માનતો નથી... સમજાણું કાંઈ? એણે આખું દ્રવ્ય તો ન માન્યું પણ પર્યાયમાં આટલી તાકાત છે એવડો પર્યાય પણ એણે માન્યો નહિ. સમજાણું કાંઈ?

**'એટલું જ માત્ર જ્ઞાન છે એવી શ્રદ્ધા કરતાં...' 'विशीर्ण'** થઈ ગઈ છે. **'विशीर्ण'** નામ ગળી ગઈ છે, નાશ થઈ ગઈ છે. **'વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું,...'** એકલા એક સમયની પર્યાયમાં એને છ દ્રવ્ય, છ દ્રવ્યમાં શું આવ્યું? અનંતા કેવળી આવ્યા. પોતે આમ પર્યાય અપેક્ષાએ આવ્યો. બધું આવી ગયું કે નહિ અંદર? પણ એટલો જ પર્યાયને માનનાર (છે તો અહીં) કહે છે કે, એની દૃષ્ટિ એકલા અંશમાં રહી, આવડી પર્યાય છતાં. જેણે અજ્ઞાનીએ તો એક જ સાધારણ પર્યાય માની છે, જેને છ દ્રવ્ય પણ એના જ્ઞાનમાં પ્રતિબિંબ માનતો નથી. એ પર્યાયની એવડી શક્તિ જે હજી માનતો નથી એને તો દૃષ્ટિમાં દ્રવ્ય પણ નાશ થઈ ગયું અને પર્યાય પણ દૃષ્ટિમાં નાશ થઈ ગઈ. એમ થયું કે નહિ? 'વિમલચંદજી'! એની

તો પર્યાય પણ નાશ થઈ ગઈ. આહા..!

આ તો એક પર્યાય આવડી માને તોય કહે છે કે, દ્રવ્યની દૃષ્ટિ સિદ્ધ કરવાને માટે એની દૃષ્ટિ નાશ થઈ ગઈ. આવડી પર્યાય જે નથી માનતો કે જે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞેયાકાર પ્રતિબિંબપણે પરિણમે એવડો જ એક પર્યાયનો સ્વભાવ ને તાકાત છે. 'જુગરાજજી'! ભારે આકરી વીતરાગ દૃષ્ટિ! એવડો પર્યાય પણ જે નથી માનતો એને તો પર્યાય સિદ્ધ કરવાની દૃષ્ટિમાં તાકાત નથી અને વસ્તુને સિદ્ધ કરવાની તાકાત તો નથી. સમજાણું કાંઈ? પણ જેણે આવા એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનો સમૂહને જાણવા અને પ્રતિબિંબ થવાની લાયકાત માની છે એટલો જ માનનાર છે એને પણ દ્રવ્યને સિદ્ધ કરવાની તાકાત દૃષ્ટિમાં રહેતી નથી. આહાહા..! ભગવાનઆત્મા આવડો એક સમયનો આટલો માને (નહિ). અહીં તો હજી એક સમયનો પર્યાય કેવડો? બસ! વાંધા. આહાહા..! કેવળજ્ઞાનીનો એક સમયનો પર્યાય, કેવળજ્ઞાનીનો એક સમયનો પર્યાય ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં પ્રતિબિંબરૂપ જાણે. ત્રણકાળ–ત્રિકાળ. સમજાણું?

ત્રિકાળ ભાવે પરિણમે. અસ્તિત્વ. છઠ્ઠી ગાથા. વસ્તુ અસ્તિત્વ છે, વસ્તુનું જે હોવાપણું છે એ દરેક પદાર્થ ત્રણે કાળના પર્યાયપણે... પર્યાયપણે... પર્યાયપણે... પરિણમતી વસ્તુ છે એવી જે વસ્તુની પર્યાયપણે પરિણમતી વસ્તુ એને જ્ઞાનનો એક સમયનો પર્યાય જ્ઞેયાકારરૂપે જાણવાની તાકાતવાળી પર્યાય છે. એટલી પર્યાયને એટલા સામર્થ્યવાળી જે ન માને એને તો પર્યાય ને દ્રવ્યની બેયની શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? 'ધર્મચંદભાઈ'! બહુ આકરું નીકળ્યું. આ બધું ગોખી ગોખીને (યાદ રાખ્યું ને) નીકળ્યું બીજું. બીજું શીખવું પડશે. આહાહા..! ભારે પણ ટીકા કરી છે ને! ટીકાને સિદ્ધ કરવાની (શૈલી). વસ્તુને જે ભગવાન કહેવા માગે છે આચાર્ય કે, આ એક સમયનો પર્યાય પણ કેટલો? એક સમયનો પર્યાય એવડો એને જ્ઞાનમાં જાણે એ શ્રદ્ધાનો એક સમયનો પર્યાય, શ્રદ્ધાનો એક સમયનો પર્યાય પણ એને પર્યાય તરીકે એટલાને કબુલે, એટલાને કબુલે છે. એટલો કબુલે નહિ એની તો કહે છે પર્યાય ને દ્રવ્યની બેયની શ્રદ્ધા મિથ્યાત્વ છે.

એથી કહ્યું કે, **'एतावनमात्र'**, **'एतावनमात्र'** એટલો જ માને. આહા..! **'एतावनमात्र'** **'જ્ઞાન એવી શ્રદ્ધા કરતાં'** **'विशीर्णशक्तिः'** શક્તિ સામર્થ્ય જેની નાશ થઈ ગઈ છે, **'વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું, એવો છે મિથ્યાદૃષ્ટિ જીવ.'** આહા..! **'એવો કેમ છે?'** **'बाह्यार्थग्रहणस्वभावभरतः'**, **'बाह्यार्थग्रहणस्वभावभरतः'** **'बाह्यार्थ'** **'જેટલી જ્ઞેયવસ્તુ તેમનું જાણપણું...'** જોયું **'ग्रहण'**ની વ્યાખ્યા. જેટલી બાહ્ય વસ્તુ છે, ભગવાનઆત્મા સિવાય એક સમયની પર્યાયમાં જે, **'बाह्यार्थ'** **'જેટલી જ્ઞેયવસ્તુ તેમનું જાણપણું...'** એનું જ્ઞાન. સમજાણું? આને તો પોતે દ્રવ્ય તો સ્વીકારતો નથી ને? પોતે પોતાને આખું તો સ્વીકારતો નથી. એટલે પોતે આખું (દ્રવ્ય) વિનાનું એક પર્યાય રહી ગઈ. એટલું એમ કહેવું છે. પેલામાં આવ્યું હતું ને? જે સાધક થઈ તો સ્વ-

પરને બેયને જાણવાની પર્યાય જ્ઞેય છે. અજ્ઞાનીને તો એ પરજ્ઞેય છે. પહેલા આવ્યું હતું ને? પરજ્ઞેય છે. પહેલા આવ્યું હતું ને? પહેલામાં આવ્યું હતું–જ્ઞાન પરજ્ઞેયના સહારાનું. ૨૪૮માં આવ્યું હતું કે, **'पशोः ज्ञानं सीदति'** એમાં. **'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જેવું માને છે કે જ્ઞાન પર જ્ઞેયના સહારાનું છે,...'** એમ આવ્યું હતું. સાતમી લીટી. એને એકલું જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે. અને સમકિતી જે માને છે એને... એમાં પ્રશ્ન હતો ને? બેય. સમજાણું? **'પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેય...'** એમ આવ્યું હતું, ૨૧૮ પાને. તેનું વિવરણ છે ને? વિવરણ. **'દ્રવ્યરૂપ કહેતાં નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ; પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું...'** એમ આવ્યું હતું. સમ્યગ્જ્ઞાનની પર્યાય તો સ્વ અને પરને બેયને જાણતું થયું. સમજાણું? અને દ્રવ્યનો પણ સ્વીકાર થયો. અને મિથ્યાજ્ઞાનની પર્યાય એકલા પર્યાયને માને, એણે સ્વદ્રવ્યને ન માન્યું, વસ્તુને ન માની પણ જ્ઞાનની પર્યાય બીજી વસ્તુ ને બીજી પર્યાય છે એ જ્ઞાનમાં આકારે પરિણમે એટલી પર્યાયને માની, પર્યાયને એટલી માની, એમ. સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે), **'જેટલી જ્ઞેયવસ્તુ તેમનું 'ग्रहण' જાણપણું - તેમની આકૃતિરૂપ જ્ઞાનનો પરિણામ - એવું જે છે વસ્તુનું સહજ, વસ્તુનું સહજ, કે જે કોઈના કહેવાથી વર્જ્યું ન જાય (છૂટે નહિ) એવા તેના અમિટપણાના (-અટળપણાના) કારણથી.'** શું કહે છે? એ તો પર્યાયનો ધર્મ છે કે, એને આકૃતિરૂપ જ્ઞાનનું પરિણમન થાય. **'કોઈના કહેવાથી વર્જ્યું ન જાય...'** એ તો પર્યાય એવી થાય જ, અમિટપણા–મટે નહિ એવું.

**'ભાવાર્થ આમ છે કે - જ્ઞાનનો સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયને જાણતાં...'** એમ કહે છે. બધા જ્ઞેયને જાણતું થકું જ્ઞાનની વર્તમાન દશા **'જ્ઞેયના આકારરૂપે પરિણમવું.'** ઓહોહો..! જુઓ! આમાં એ આવ્યું. સમસ્ત જ્ઞેયને જાણતાં થકા. જ્ઞેયપણે જ્ઞાન પરિણમે છે, પણ જ્ઞાન પરિણમે છે એમ જ્ઞેય ક્યાં પરિણમે છે? કે, પણ એ તો ઈ નું ઇ. અહીં તો આ સિદ્ધ કરવું છે. શું કીધું? સમજાણું? અહીં તો આ પર્યાયને અનંતપણે સિદ્ધ કરવી છે. બાકી તો જ્ઞાનનો પર્યાય જે પૂર્ણ છે એ જે રીતે પરિણમી રહ્યો છે, એ પરિણમવારૂપે જે પરિણમ્યો તે જ રીતે આખા લોકાલોકનો પર્યાય તે પ્રકારે ત્યાં એને કારણે પરિણમી રહ્યો છે. સમજાણું કાંઈ?

**'જે જે દેખી વીતરાગને તે તે હોંશે વીરા,**
**અનહોની કબહુ ન હોંશે કાહે હોત અધિરા.'**

'જે જે દેખી વીતરાગને' એને એક સમયની પર્યાયમાં આખા લોકાલોક ને બધું દેખાણું છે એ જ પ્રમાણે ત્યાં થાશે, આડુંઅવળું નહિ થાય. આ કારણે નહિ પણ એવું જાણ્યું એ રીતે ત્યાં એને કારણે પરિણમે છે. 'અનહોની કબહુ ન હોંશે કાહે હોત અધિરા' અહીં તો બીજી વાત જરીક કરવી છે કે, જે જ્ઞાનનો પર્યાય છે, જેવું જ્ઞેય સામે છે... સમજાય

છે? એ **'સમસ્ત જ્ઞેયને જાણતાં, સમસ્ત જ્ઞેયને જાણતાં,...'** એ બધા જ્ઞેયને દ્રવ્ય-ગુણ-પર્યાય, ભૂત-ભવિષ્ય ને વર્તમાન એ બધું જ્ઞેય છે. આહા..! ત્રિકાળ જ્ઞેય છે કે એક વર્તમાન જ્ઞેય છે?

**'વસ્તુનું સહજ...'** જે પર્યાયધર્મ **'કોઈના કહેવાથી વર્જ્યું ન જાય...'** ઇ એનો જ્ઞાનનો પરિણામ, હોં! અહીં તો જ્ઞાનના પરિણામ (લેવા છે). આહાહા..! ભગવાનઆત્મા ત્રિકાળ, એનો એક સમયનો પરિણામ–પર્યાય એ જેટલા જ્ઞેયો છે એ રીતે પરિણમે છે એવો વસ્તુનો પર્યાય સ્વભાવ છે. **'भरतः' 'કોઈના કહેવાથી વર્જ્યું ન જાય (છૂટે નહિ) એવા તેના અમિટપણાના...'** પર્યાયનો ધર્મ છે, મટે નહિ એવો એક સમયની પર્યાયનો ધર્મ છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે–જ્ઞાનનો સ્વભાવ છે...'** આ પર્યાયની વાત છે, હોં! **'કે સમસ્ત જ્ઞેયને જાણતાં જ્ઞેયના આકારરૂપે પરિણમવું.'** જ્ઞેયને આકારે પરિણમવું. એ પોતે એ રીતે પરિણમે. જેવું ત્યાં છે તે રીતે પોતાથી પોતામાં જ્ઞેયાકારરૂપે પરિણમે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

**'કોઈ એકાન્તવાદી વસ્તુને એટલી જ માત્ર જાણતો થકો...'** લ્યો! કોઈ એકાન્ત માનનારા એટલે એકલી પર્યાયને જ માનનારા. એક ક્ષણિક અવસ્થા, આવડી પાછી ક્ષણિક અવસ્થા. બૌદ્ધની તો એવડી (પણ નથી). આહાહા..! આ તો વીતરાગ કહે છે કે, વસ્તુનો પર્યાય ધર્મ જ આવડો છે, આવડો ધર્મ છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞેયપણે પરિણમવું, જાણવું એવો એક સમયનો ધર્મ છે. એવું જાણવું, એ રીતે શ્રદ્ધવું, એ રીતે એવો એક સમયનો પર્યાયધર્મ છે. સમજાણું?

**'વસ્તુને એટલી જ માત્ર જાણતો થકો જ્ઞાનને અનેક માને છે.'** એક સમયની પર્યાયમાં બધું જણાણું. અનેક... અનેક... અનેક... અનંત ને અનંત પ્રકાર, અનંત ને અનંત દ્રવ્ય ને અનંત પર્યાય અનંત પ્રકાર. એવું એક સમયમાં જાણે છે. **'તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનું એકપણું સાધે છે...'** હવે સવળું લે છે. એક છે એને અનેક જ એકલા માને છે એ મિથ્યાદૃષ્ટિનો એક ભાગ કીધો. હવે એક છે એને એકપણે માને છે એની વાત કરે છે.

**'તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનું એકપણું સાધે છે...' 'अनेकान्तविद् ज्ञानम् एकं पश्यति' 'अनेकान्तविद्' 'સ્યાદ્વાદી અર્થાત્ એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે...'** દેખો! શું કીધું? એક સત્તાના બે અંશો છે ઇ. એક જ, પર્યાય અંશ જ એક સત્તાનો છે એમ નથી. શું કીધું? ભગવાનઆત્મા એક સત્તા, અસંખ્ય પ્રદેશી એક સત્તા, એ સત્તાના બે અંશ છે. દ્રવ્ય અને પર્યાયરૂપ માને છે. એક સત્તાને દ્રવ્ય ને પર્યાયરૂપે માને. જુઓ! આ પાછી બીજી સત્તાની અપેક્ષાએ નહિ એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ?

એક સત્તાના બે ભાગ–એક કાયમ રહેનારું એકરૂપ અને એક પર્યાયપણે અનેકપણે અનંત દ્રવ્યને જાણવારૂપે પરિણમેલો અનેક. ઇ એક ને અનેક. ઇ એક સત્તાનું એકરૂપ,

એક સત્તાના બે રૂપ, એક સત્તાનું બે રૂપ. સમજાણું કાંઈ? એક જ હોવાપણાના બે ભાગ. **'अनेकान्तविद्'** એટલે અનેક એટલે બે આદિ ધર્મને જાણનારો. એટલે કે એક સત્તાને દ્રવ્યરૂપ, પર્યાયરૂપ માને છે. એમ અનેકાન્ત કીધું ને? અનેક અંત–ધર્મ. ધર્મ એટલે અનેક. પણ બે. એક સત્તાના બે ધર્મ માનનારા. એક જ સત્તાનો દ્રવ્યધર્મ અને પર્યાયધર્મ. અહીં બીજાની વાત નહિ. સમજાણું કાંઈ?

**'એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સમ્યગ્દષ્ટિ જીવ,' 'ज्ञानम् एकं पश्यति' 'જ્ઞાનવસ્તુ જોકે પર્યાયરૂપથી અનેક છે...'** અવસ્થામાં વિશ્વનું જે સ્વરૂપ છે એ રૂપે પર્યાય પરિણમેલો ભાસે છે. અનેકપણે પરિણમેલી પર્યાય ભાસે છે છતાં તે **'અનેક છે તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે.'** વસ્તુ તરીકે એકરૂપે જાણે છે. પર્યાયમાં અનેકપણે હોવા છતાં. એની ને એની રમતું એના પર્યાય ને દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ? પરની સાથે કાંઈ લેવા-દેવા નથી. જુઓ! અહીં કર્મની સત્તા સાથે સંબંધ નથી એમ બધું કહે છે અહીં તો. એમ આવ્યું કે નહિ એમાં? કર્મની સત્તા, બધી સત્તા છે એવું જ્ઞાનનો પર્યાય જાણે. એ સત્તાને લઈને જાણે એમ પણ નહિ. અહીં પર્યાયનો સ્વભાવ છે કે એ સત્તા છે એને જ્ઞાન-પર્યાય જાણે. પણ એ જ્ઞાનનો પર્યાય પોતાની સત્તાના બે ભાગ–એક જ સત્તાના બે ભાગ છે–એક દ્રવ્યરૂપ ને એક પર્યાયરૂપ. સમજાણું કાંઈ?

એ કર્મની સત્તાનું હોવાપણું, શરીરનું હોવાપણું એ બધું હોવાપણાને લઈને આ એક સમયનો પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં સમ્યગ્દષ્ટિની વાત છે કે નહિ? કર્મ આદિ અનંત દ્રવ્યો રજકણો છે, શરીર આદિ બધું છે, અનંત શરીર, પુદ્ગલો છે. છ દ્રવ્યમાં બાકી શું રહ્યું? બાકી રહ્યું? એ બહાર જેટલા છે તેની સત્તા એ સત્તાના હોવાપણાનો જ્ઞાન પર્યાયમાં જાણવાનો ભાવ આવ્યો. જ્ઞાનની પર્યાયમાં જાણવાનો ભાવ આવ્યો. એની સત્તાનો ભાવ અહીં આવ્યો એમ નહિ. જાણવામાં ભાવ આવ્યો. એ તો પોતાના જાણવાના પર્યાયધર્મમાં આવ્યું. સમજાણું કાંઈ? એ સત્તાને લઈને નહિ. એ સત્તા, પર સત્તાને લઈને જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એમ નહિ. અનેકપણે જ્ઞાન અનંતપણે પરિણમ્યું. અહીં અનેક કહેવું છે ને? અનેક એટલે બેથી અનંત, બધાને અનેક કહેવાય છે. અહીં અનંતને અનેક કહેવું છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુરૂપે એક હોવા છતાં તેની જ્ઞાન પર્યાયમાં અનેકપણું એટલે અનંતપણું અનંતને જાણવાની પણ એ એક સત્તાનો એક પર્યાય અંશ છે, એક સત્તાનો એક પર્યાય અંશ છે. ઇ બીજી સત્તાના અંશને લઈને આ પર્યાય અંશ છે એમ નથી. આહાહા...! સમજાણું કાંઈ? બાદશાહની તળેટીનો પર્યાય પણ કેવડો! કહે છે. એનું આંગણું કેવું! આહાહા...! મહા પ્રભુ! ચૈતન્ય મહા પ્રભુ! એનો એક સમયનો પર્યાય. કહે છે કે, એક સત્તાના બે અંશો છે. એક દ્રવ્ય સત્તારૂપ, (બીજો) પર્યાય સત્તારૂપ. એક સત્તા એ પર્યાય સત્તાના અંશમાં અનંત સત્તાઓનું સંબંધીનું પોતાના સામર્થ્યને લઈને (થયેલું જ્ઞાન પરિણમે છે). (એ) એને

લઈને નહિ. એથી તો પહેલું કીધું, સ્વભાવ (છે). વસ્તુનો સહજ જે સ્વભાવ. અમિટપણું–મટે નહિ એવો પર્યાયધર્મ છે. એને લઈને અનંત સત્તાને પોતાની પર્યાય સત્તામાં પોતા વડે સહજપણે પરિણમે, જાણે એવો પર્યાયનો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ઝીણું પડે પણ સાંભળવા જેવું છે. કોઈ બૈરા-બૈરાને ઝીણું પડે કે, આ બધું (સમજાતું નથી).

અહીં તો કહે છે ને! એ ઠીક છે. જુના માણસ પ્રશ્ન તો કરે કે નહિ? અત્યાર સુધી આ કર્યું હતું. એમાં કાંઈ માન્યું હતું. એકાન્ત-બેકાન્ત, રાગ મંદ કર્યો એનાથી કાંઈ લાભ નહિ? ક્રિયાકાંડથી કાંઈ લાભ નહિ? કે, રાગ જે છે એની સત્તા છે, હતી. એનો જ્ઞાન પર્યાય પોતાથી, એની સત્તા છે માટે જાણ્યું એમ નહિ. અહીં જાણવાનો પર્યાય પર સત્તાને જ પોતે જાણે એટલારૂપે પરિણમ્યો. એટલો પરિણમ્યો પણ એ પોતાની સત્તાનો એક અંશ છે એ તો. એક સત્તાનો એક અંશ છે એ પરને લઈને નહિ, રાગની મંદતાને લઈને જ્ઞાન પરિણમ્યું છે એમ નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે, ભગવાન! પર સત્તા જે છે, રાગની મંદતા, કર્મ, શરીર આદિ બધું, જ્ઞાનનો પર્યાય એને અડ્યા વિના એનો પર્યાયનો સહજ સ્વભાવ છે કે, તે તેને જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમે. બસ! એટલી વાત. એટલો એ પર્યાયનો સહજ સ્વભાવ છે, આટલી જ એની મર્યાદા છે. એટલી મર્યાદાને પણ જો આત્મા માને તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. રાગને લઈને જ્ઞાનના પર્યાયની સત્તા છે એમ માનનાર તો પર્યાયમૂઢ, મહામૂઢ છે. સમજાણું કાંઈ? શું કહે છે? આહાહા..!

અરે..! ભગવાનનો વૈરાગ્ય તો એને કહે, ભાઈ! આહાહા..! જેને પુણ્ય ને પાપના વિકલ્પો પણ જેને એકલા જ્ઞાનની પર્યાયમાં, સત્તામાં પોતાને ભાસે. એ પણ પોતાના પર્યાયધર્મને લઈને ભાસે. એને (–જ્ઞેયને) લઈને આ (–જ્ઞાન) નહિ અને આટલાને (–પર્યાયને) લઈને આખું (–આત્મતત્ત્વ) નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આ તો આચાર્યોના હૃદય તો ઊંડા ઊંડા (છે). એટલે આમાં ઘણું કહેવું છે ને? એટલું કંઈ બહુ ઊંડુ આપણે ન પહોંચી શકીએ. પણ એને આ રીતે સિદ્ધ કરવામાં... ઓહો..! ભાઈ! તું એક જ પર્યાયના સામર્થ્યવાળી–આટલીવાળાને તું એકલો આખો માન તોપણ તારી દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા..! આ તો એક એક પર્યાય એવી બધી પર્યાયમાં એટલી એટલી શક્તિ, હોં! આ જ્ઞાનની આ તો જ્ઞાન પ્રધાનથી વાત કરી. શ્રદ્ધાની, શાંતિની, ઠરવાની, વીર્યની એવી એવી શક્તિ એક જ પર્યાયમાં એટલી બધી છે. એક જ વીર્યની પર્યાય પણ એટલી બધી છે કે, બધાને જાણવારૂપે પરિણમવાનું જે કામ કરે એટલું એક સમયના વીર્યનું કામ છે. આહા..! સમજાણું કાંઈ? એટલો પર્યાય જે માને છે એને દ્રવ્ય એકરૂપે ત્રિકાળ જેની ભૂમિકામાં, જેની ભૂમિકામાં આ પર્યાયનું પરિણમન છે, એક સત્તાના બે અંશનું, તો એક અંશ આ માને ને આ અંશ માને નહિ તો (તે) મિથ્યાદૃષ્ટિ

(એકાંતવાદી છે). સમ્યગ્દષ્ટિ બેય અંશનો સ્વીકાર કરે છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓ.હો..! સમ્યગ્દર્શન ભારે થઈ ગયું. મોઘું થયું, પેલું તો સોંઘું હતું કે, ભાઈ! ચોપડી આદરે એમાં હતું. બાર વ્રતમાં નહોતું? આહા..!

કહે છે **'એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સમ્યગ્દષ્ટિ જીવ,'** **('ज्ञानम् एकं पश्यति') 'જ્ઞાનવસ્તુ જોકે પર્યાયરૂપથી અનેક છે...'** પર્યાયરૂપથી અનેક. આ અનેક એટલે અનંતને જાણવારૂપે અનંતપણે પરિણમેલું જ્ઞાન છે. અનંતને શ્રદ્ધવારૂપે એક સમયની પર્યાય છે. આહાહા..! **'તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે.'** એક સમયના પર્યાય (ઉપર દૃષ્ટિ) નહિ, એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. એ સત્તાનો અંશ આટલો છે, એટલો આખો નથી, આખી સત્તા મહા છે. સમજાણું કાંઈ? એવા દ્રવ્યની મહાસત્તા ઉપર દૃષ્ટિ હોવાથી એ દ્રવ્યનો અનુભવ પર્યાયમાં આવે છે. ઓહો..!

**'ज्ञानम् एकं पश्यति'** ભગવાનઆત્મા એક સ્વરૂપે નિર્વિકલ્પ વસ્તુ (છે). જોયું? આ ભેદરૂપ અંશ છે એમાં... વસ્તુ, એકરૂપ વસ્તુ અનંત અનંત આવા પર્યાયનું એકરૂપ ગુણ ને એવા અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય. એ વસ્તુ એક સ્વભાવ, એક સ્વભાવ, એક દ્રવ્ય, એકરૂપ એના ઉપર દૃષ્ટિ (છે). આ સ્વીકાર છે અને એ સ્વીકાર સહિતનો આનો સ્વીકાર છે. એટલે દ્રવ્યનો સ્વીકાર હોવાથી પર્યાયમાં સમ્યગ્દર્શનની પ્રતીતિમાં આખું દ્રવ્ય શું છે એનો અનુભવ જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ? એકલો પર્યાય જ જ્ઞાનમાં આવે છે એમ નથી. સમજાણું કાંઈ?

**'પર્યાયરૂપથી અનેક છે તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે.'** અનેક એકની અપેક્ષાવાળો, એમ. અનેક (એટલે) પરની અપેક્ષાવાળો નહિ. પર્યાયનું અનંતપણું એ પરની અપેક્ષાવાળું નહિ. ભલે જ્ઞેયાકારરૂપે પરિણમ્યું એટલે એને અનંત કહ્યું, એકની અપેક્ષાએ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ..! આહાહા..! પર્યાયે અનેક, વસ્તુએ એક. અહીં એક સિદ્ધ કરવું છે ને? એક સિદ્ધ કરવું છે. અનેક પછી સિદ્ધ કરશે. અહીં તો એકને સિદ્ધ કરવું છે. પેલો એકાન્ત અનેકને જ માને છે એ એકને માનતો નથી.

જ્ઞાની ધર્માત્મા **'દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે. કેવો છે સ્યાદ્વાદી?' 'भेदभ्रमं ध्वंसयन्' 'भेदभ्रमं ध्वंसयन्' 'જ્ઞાન અનેક છે એવા એકાન્તપક્ષને માનતો નથી.'** લ્યો! છે ને? **'भेदभ्रमं ध्वंसयन्'** છે ને? ભેદ. ભેદ એટલે અનેક. એક સમયના પર્યાયમાં અનેકપણું, અનંતપણું પર્યાયમાં જ્ઞેયાકારરૂપે પરિણમ્યું છે. એ **'भेदभ्रमं'** નો ધ્વંસ કરે છે, ભેદભ્રમંનો ધ્વંસ કરે છે. આ ભગવાનઆત્મા અનેક જ છે, પર્યાયરૂપે અનેક જ છે એવા એકાન્તપક્ષને માનતો નથી. કેમ નથી માનતો? અજાણ્યા માણસને એવું લાગે કે, આ શું કહે છે? આ બધું. એ તદ્દન સાચી વાત છે. જૈનના હોય તોપણ આ વાત જ... કેમ 'ભગવાનભાઈ'! ઓહો..! વસ્તુને સિદ્ધ કરવાની તાકાત, આચાર્યની ગજબ વાત છે! એના બે અંશોને સિદ્ધ કરવા, એની

સ્થિતિની મર્યાદા ટૂંકા શબ્દોમાં આ પદ્ધતિમાં બહુ જ ટૂંકી કથની. ગાગરમાં સાગર ભરી દીધો છે. ઓહો..!

કહે છે, ભાઈ! એ અનેકપણાના એકાન્ત અંશનો સમકિતી પક્ષ નથી કરતો. એકાન્તપક્ષ નથી કરતો, છે ભલે અનેક. પણ એકને લઈને અનેક, એકની અપેક્ષામાં અનેક. સમજાણું કાંઈ? **'एकद्रव्यतया' 'શા કારણથી?' 'જ્ઞાન એક વસ્તુ છે એવા અભિપ્રાયના કારણે.'** દેખો! ભગવાનઆત્મા વસ્તુ એકરૂપે છે. વસ્તુ સદશ, સદશ, સદશ ધ્રુવ એકરૂપે છે. અનંતરૂપ પર્યાયનું છતાં વસ્તુ એકરૂપે છે. એવા એકરૂપની દૃષ્ટિની અપેક્ષાએ અનેકાન્તવાદી એકલા અનેકને જ ન માનતો એકાન્તપક્ષનો ધ્વંસ કરીને એકરૂપે દ્રવ્યને માને છે.

**'જ્ઞાન..'** એક પદાર્થ છે, **'વસ્તુ છે એવા અભિપ્રાય...'** દેખો! આ તો અભિપ્રાય. એવા આશયને કારણે, અભિપ્રાયને કારણે, નક્કી અભિપ્રાય છે પર્યાય–અનેકમાં પણ એ અભિપ્રાય એકરૂપનો છે કે, આ વસ્તુ એકરૂપ છે. સમજાય છે કાંઈ? **'જ્ઞાન એક વસ્તુ છે એવા અભિપ્રાયના કારણે. કેવો છે અભિપ્રાય?' 'सदा व्युदितया' 'સર્વ કાળ ઉદયમાન છે.'** આહા..! એવો અભિપ્રાય છે કે, વસ્તુ ત્રિકાળ એકરૂપ છે, પર્યાય અનેકરૂપ છે. એવો અભિપ્રાય અનુભવમાં એકપણાનો આદર કરીને (હોય છે).

---

( શાર્દૂલવિક્રીડિત )

**ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय-**
**न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।**
**वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं**
**पर्यायैस्तदनेकतां परिमृशन्पश्यत्यनेकान्तवित्।।५-२५१।।**

**ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે, કોઈ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી એવો છે કે વસ્તુને દ્રવ્યરૂપ માત્ર માને છે, પર્યાયરૂપ માનતો નથી; તેથી જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે, જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી; તેથી જ્ઞેયવસ્તુને જાણતાં જ્ઞાનનું અશુદ્ધપણું માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનો દ્રવ્યરૂપે 'એક' અને પર્યાયરૂપે 'અનેક' એવો સ્વભાવ સાધે છે. - એમ કહે છે : 'पशुः ज्ञानं न इच्छति' ( पशुः ) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ ( ज्ञानं ) જ્ઞાનને અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને ( न इच्छति ) સાધી શકતો નથી - અનુભવગોચર કરી શકતો નથી. કેવું છે જ્ઞાન? 'स्फुटम् अपि' પ્રકાશરૂપે જોકે પ્રગટ છે. કેવો છે એકાન્તવાદી? 'प्रक्षालनं कल्पयन्' કલંક ધોઈ નાખવાનો અભિપ્રાય કરે છે. શેમાં? 'ज्ञेयाकारकलङ्कमेचकांचति' ( ज्ञेय ) જેટલી જ્ઞેયવસ્તુ છે, તે ( आकार ) જ્ઞેયને**

**જાણતાં થયું છે તેની આકૃતિરૂપ જ્ઞાન, એવું જે ( कलङ्क ) કલંક, તેના કારણે ( मेचक ) અશુદ્ધ થઈ છે - એવી છે ( चिति ) જીવવસ્તુ, તેમાં. ભાવાર્થ આમ છે કે - જ્ઞેયને જાણે છે જ્ઞાન, તેને એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવ માનતો નથી, અશુદ્ધપણારૂપે માને છે. એકાન્તવાદીનો અભિપ્રાય આવે કેમ છે? 'एकाकारचिकीर्षया' કેમ કે ( एकाकार ) સમસ્ત જ્ઞેયના જાણપણાથી રહિત થતો થકો નિર્વિકલ્પરૂપ જ્ઞાનનો પરિણામ ( चिकीर्षया ) જ્યારે થાય ત્યારે જ્ઞાન શુદ્ધ છે, એવો છે અભિપ્રાય એકાન્તવાદીનો. તેના પ્રતિ 'એક-અનેકરૂપ' જ્ઞાનનો સ્વભાવ સાધે છે સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિ જીવ - 'अनेकान्तविद् ज्ञानं पश्यति' ( अनेकान्तविद् ) સ્યાદ્વાદી જીવ ( ज्ञानं ) જ્ઞાન અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને ( पश्यति ) સાધી શકે છે - અનુભવ કરી શકે છે. કેવું છે જ્ઞાન? 'स्वतः क्षालितं' સહજ જ શુદ્ધસ્વરૂપ છે. સ્યાદ્વાદી જ્ઞાનને કેવું જાણીને અનુભવે છે? 'तत् वैचित्र्ये अपि अविचित्रताम् पर्यायैः अनेकतां उपगतं परिमृशन्' ( तत् ) જ્ઞાનમાત્ર જીવવસ્તુ ( वैचित्र्ये अपि अविचित्रताम् ) અનેક જ્ઞેયાકારની અપેક્ષાએ પર્યાયરૂપે અનેક છે તોપણ દ્રવ્યરૂપે એક છે, ( पर्यायैः अनेकतां उपगतं ) જોકે દ્રવ્યરૂપે એક છે તોપણ અનેક જ્ઞેયાકારરૂપ પર્યાયની અપેક્ષાએ અનેકપણાને પામે છે; - આવા સ્વરૂપને અનેકાન્તવાદી સાધી શકે છે - અનુભવગોચર કરી શકે છે; ( परिमृशन् ) આવી દ્રવ્યરૂપ પર્યાયરૂપ વસ્તુને અનુભવતો થકો 'સ્યાદ્વાદી' એવું નામ પામે છે. ૫-૨૫૧.**

**માગશર વદ ૨, શુક્રવાર તા.૧૦.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૧ પ્રવચન - ૨૬૫**

(વસ્તુના એક જ ધર્મને માનનારાને) મિથ્યાદૃષ્ટિ અને એકાંતવાદી કહ્યા છે. શું કહે છે? '**વસ્તુને દ્રવ્યરૂપ માત્ર માને છે,...**' આ બધી ભાષા જુદી જાતની છે. આ આત્મા છે ને? આત્મા, એને દ્રવ્યરૂપે (માત્ર માને છે). દ્રવ્ય એટલે વસ્તુ, દ્રવ્ય એટલે કાયમી ચીજ. અહીંયાં દ્રવ્ય એટલે આ પૈસો નહિ, હોં! દ્રવ્ય એટલે વસ્તુ અને પર્યાય એટલે એની વર્તમાન થતી અવસ્થા–હાલત–દશા સમજાય છે કાંઈ?

વસ્તુ, વસ્તુ આત્મા પદાર્થ ત્રિકાળ અનાદિ અનંત વસ્તુ છે, પદાર્થ છે, અનાદિ અનંત તત્ત્વ છે. જેમ આ રજકણ આ માટી-ધૂળ છે, એ પદાર્થ છે ને આ જગતના? આ પરમાણુ, માટી–ધૂળ પુદ્ગલો અનંતા છે. આ આત્મા પણ એક પદાર્થ છે એવા અનંત આત્માઓ છે. એ આત્મા અંતરમાં જ્ઞાનાનંદ સ્વરૂપે અનંત અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય એટલે વસ્તુ (છે) એ એને માને.

**'પર્યાયરૂપ માનતો નથી;...'** પણ અજ્ઞાની એમાં પર્યાય થાય છે, ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે, એને માનતા નથી. પર્યાય એ બધું નવું હશે, 'ધીરૂભાઈ'! પર્યાય સાંભળી છે કોઈ દિ'? કોણ જાણે શું હશે પર્યાય? જુઓ! સોનું છે ને જેમ સોનું? એ સોનાનો લઢ્ઢો છે એ વસ્તુ કહેવાય, એને દ્રવ્ય કહેવાય અને એમાંથી કુંડળ, કડા, વીંટી આદિ અવસ્થાઓ થાય એ એને પર્યાય કહેવાય. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત, હાલત એટલે દશા. એમ આત્મા અનાદિઅનંત છે. આદિ અંત વિનાની એ કાંઈ કોઈથી કરેલી ચીજ નથી. એનો કોઈ કર્તા નથી. તેમ તે નાશ થઈને કોઈમાં ભળી જાય એવી ચીજ નથી. અનાદિઅનંત વસ્તુ ભગવાન આ આત્મા છે અંદર. એ વસ્તુ છે તેને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. દ્રવ્ય કેમ કહે છે? કે, એની સમય સમયમાં–એક એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં અનંતા ગુણો જે શક્તિરૂપ છે એ દ્રવે છે, દ્રવે છે. પાણી એકરૂપ ન રહીને તરંગ ઉઠે છે, પાણીમાં આમ મોજા ઉઠે છે એનું નામ દ્રવે કહેવાય છે.

એમ વસ્તુ એક સમયમાં અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા દ્રવ્ય છે. તે સમયે સમયે પર્યાય એટલે દ્રવે છે. અવસ્થાપણે, હાલતપણે તે પરિણમે છે. સમજાણું કાંઈ? કહો, 'છોટાભાઈ'! અહીં કહે છે કે, એ વસ્તુની અજ્ઞાનીને ખબર નથી. **'પર્યાયરૂપ માનતો નથી.'** જરી ઝીણી વાત છે, હોં! એમ ખુલાસો થોડો થોડો થાશે. વસ્તુ તો જેટલી હોય એની હદ પ્રમાણે આવે ને એમાં?

**'તેથી જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે,...'** શું કહે છે? વસ્તુ છે ને? વસ્તુ, એકરૂપ ચિદાનંદ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન..., આનંદ... આનંદ... એવી અનંત ગુણનું એકરૂપ એવી નિર્વિકલ્પ એટલે એકરૂપ વસ્તુ, એને અજ્ઞાની માને છે પણ **'જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી;...'** શું કહે છે? જે કોઈ શરીરને, વાણીને, કર્મને પોતાની માને એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. એ વીતરાગ તત્ત્વને માનતો નથી. સમજાણું કાંઈ? આ શરીરની ક્રિયા છે ને? હાલવું, ચાલવું આદિ આ જડની (ક્રિયા છે). એ આમ હલન-ચલન એ બધું જડની પર્યાય છે, આત્માની નહિ. 'મનસુખભાઈ'! એનાથી કાંઈ થાય કે નહિ આત્માને? ધર્મ-બર્મ શરીરથી થાય કે નહિ? એની તો અહીં વાતેય નથી.

કહે છે કે, આ શરીર તો માટી જડ છે. અનંતા પરમાણુનું બનેલું (છે). રજકણનો છેલ્લો પોઈન્ટ છે ને? છેલ્લો ટુકડો. આ કાંઈ મૂળ વસ્તુ નથી. એનો છેલ્લો ટુકડો કરતાં... કરતાં... કરતાં... કરતાં... છેલ્લો અંશ રહે એને ભગવાન પરમાણુ કહે છે. પરમ અણુ. છેલ્લામાં છેલ્લો ઝીણો ટુકડો. એવા અનંતા ઝીણા ટુકડા ભેગા થઈને આ શરીર દેખાય છે. એ એક એક પરમાણુમાં ક્ષણે ક્ષણે પલટવાની, અવસ્થા થવાની શક્તિ છે. એ પરમાણુથી આ અવસ્થા થાય છે, આત્માથી નહિ. આમ થવું, હાલવું, બોલવું એ આત્માથી નહિ. જે હજી આત્માથી એની માને એની તો અહીં વાત લીધી નથી. એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ વીતરાગના

તત્ત્વથી તદ્દન ઉલટી માન્યતાવાળો (છે) કે, જે અજીવની પર્યાયને પોતાની માને અને અજીવના દ્રવ્યની ક્રિયા થાય એ મારાથી થાય એમ માને એને તો મૂઢ જીવ ને મહા મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સમજાણું કાંઈ?

હવે, અહીં તો આત્મામાં રાગ અને દ્વેષ થાય, રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના વિકલ્પ વૃત્તિઓ થાય. શુભ-અશુભભાવ થાય છે ને? એ શુભાશુભ ભાવ છે એ આત્મા નથી, એ આસ્રવ તત્ત્વ છે. નવ તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. ત્યારે હવે આ શરીર, કર્મ, વાણી એ અજીવ તત્ત્વ છે. એ અજીવ તત્ત્વની કોઈ પણ ક્રિયા આત્મા કરે અને માને એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ (છે). કારણ કે, એ અજીવ તત્ત્વને માનતો નથી. એ અજીવની થતી ક્રિયા મારાથી થાય (એમ માને છે) એટલે એની વાત નહિ. હવે આત્મામાં થતાં પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભભાવ એને આત્માની પર્યાયના માને, પોતાની દશાના માને તો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વથી, શ્રદ્ધાથી વિપરીત માન્યતા છે.

હવે, ત્રીજી (વાત). એ પુણ્ય-પાપના રાગ, વિકલ્પ થાય છે એનું અહીંયાં જ્ઞાનની અવસ્થામાં જાણવું થાય છે. શું કીધું? કે, વિકલ્પ, શુભાશુભ વૃત્તિઓ ઉઠે છે કે આ દેહની ક્રિયા થાય, એનું આ જ્ઞાનની વર્તમાન દશામાં એ જ્ઞેયાકાર–જ્ઞેય જેવી ચીજ છે એવું જ્ઞાનની વર્તમાન દશામાં એનું જાણવાની દશારૂપે જ્ઞાન થાય છે. એ જાણવાની દશારૂપે જ્ઞાન થાય એને જ્ઞાનની પર્યાય કહે છે. 'મનસુખભાઈ'! ભારે ઝીણું, ભાઈ! એ પર્યાયને નથી માનતો એમ કહે છે અત્યારે તો.

એક વસ્તુ જ છું, એકલું દ્રવ્ય (છું), બસ! એકરૂપ આત્મા ત્રિકાળ છું, એમ માને. પણ એક સમયની પર્યાય જે જ્ઞાનની છે એમાં અનેકપણાનું જ્ઞાન એમાં થાય છે એ અનેકપણું એને ગોઠતું નથી. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ ને દેહાદિની ક્રિયાની તો અહીં વાત લીધી નથી, ભાઈ! કારણ એ તો બહુ સ્થૂળ દૃષ્ટિ મિથ્યાત્વમાં ગયું. એની વાત તો છોડી દીધી. ફક્ત ભગવાનઆત્મા વસ્તુ જે છે અંદર, ચિદાનંદ સિદ્ધસ્વરૂપ અંદર શુદ્ધ શક્તિનું (દળ) અને એની થતી અવસ્થાઓ–પુણ્ય-પાપના વિચાર-જ્ઞાન અને પુણ્ય-પાપના ભાવ. હવે અહીં તો કહે છે કે, ભાઈ! જે જીવ વસ્તુ ત્રિકાળી જ્ઞાનમૂર્તિ વસ્તુ છે એમ કહે, માને પણ વર્તમાનમાં જ્ઞાનની અવસ્થામાં એ જ્ઞેયો જે જણાય છે અવસ્થામાં તેનું જ્ઞાનની દશામાં અનેકપણે પરિણમવું એવો જ્ઞાન પર્યાયનો સ્વભાવ ધર્મ છે. સમજાય છે કાંઈ? 'ધીરૂભાઈ'! આ બહુ ઝીણું છે, હોં! ધંધા-બંધામાં તો મારા ગોળા મારે આડા-અવળા, ન્યાં તો ચાલે, પુણ્ય હોય તો ચાલે ન્યાં, હોં! ન્યાં પણ નહિતર કાંઈ ચાલે નહિ.

અહીં તો ભગવાન કહે છે, બાપુ! તને નવ તત્ત્વની ખબર નથી. નવ તત્ત્વ કોને કહેવા? એમ તો નામ ને બોલ બધા ગોખે છે. અહીં તો એક જીવ તત્ત્વના બે ભાગ, ભાઈ! શરીર,

વાણી, મન, પુણ્ય-પાપના ભાવ એ તો બીજા તત્ત્વમાં ગયા, એ આત્મામાં નહિ. અહીં સ્વ તત્ત્વના બે ભાગની વાત ચાલે છે. આહાહા..! 'મલૂકચંદભાઈ'! પેલી ભૂલ તો એની નીકળી ગયેલી હોય છતાં આ ભૂલ છે એને અજ્ઞાની કહેવામાં આવે છે. એ તો નીકળે ત્યારે બધી એકસાથે નીકળે છે પણ આ પહેલી ભૂલ આ સૂક્ષ્મ બતાવે છે. શું કીધું?

જે કોઈ આ ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ તત્ત્વ વસ્તુ અનંત ગુણનો પિંડ છે અને એક સમય સમય સેકન્ડના અસંખ્ય ભાગમાં અવસ્થા થાય, દરેક ગુણની પર્યાય થાય છે એ પર્યાય અને આત્મા. પર્યાયનો એક સમય છે, વસ્તુ ત્રિકાળી છે. આ એના બે ભાગ. એ સિવાય પરને પોતાનું માને એની અહીં વાત લીધી જ નથી. કારણ કે, એ તો સ્થૂળ અજ્ઞાનની વાત છે. સમજાણું કાંઈ? એને તો ધર્મની ગંધેય નથી, વ્યવહાર ધર્મ કેમ થાય એની એને ખબર નથી. 'ન્યાલભાઈ'! બહુ ઝીણું પણ, ભાઈ!

અહીંયાં તો ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં એના બે અંશ છે. એક ત્રિકાળી તત્ત્વ અનાદિઅનંત વસ્તુ છે અને એક અવસ્થા થાય છે, જેને ભગવાન હાલત–પર્યાય કહે છે. કાયમી વસ્તુને દ્રવ્ય કહે છે. દ્રવ્ય કહો, પદાર્થ કહો અને અવસ્થા થાય તેને પર્યાય કહે છે. હવે બે ભાગની અંદરમાં ભૂલ શું થાય એની વાત કરે છે. સમજાણું કાંઈ? અરે..! વીતરાગનો માર્ગ ક્યાં કઈ રીતે છે એને સાંભળવા મળે નહિ અને એમ કહે કે, અમે ધર્મ કરીએ છીએ. મૂઢ છે, ધર્મ ક્યાં હતા? ધર્મ શું દશા છે? ધર્મ કોને કહીએ? આહા..! સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે, અનંત તીર્થંકરો મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકર દેવ 'સીમંધર' પ્રભુ. એમનું (અને) દરેક અનંત તીર્થંકરનું કથન તો એક જ પ્રકારનું (છે), કોઈ બીજા પ્રકારનું હોઈ શકે નહિ. એ ભગવાન એમ કહે છે કે, ભાઈ! તું એક વસ્તુ છો ને અનાદિઅનંત. એવી શક્તિરૂપ તત્ત્વ છે... છે... છે... છે... છે... છે... છે... અનાદિઅનંત તે વસ્તુ કહેવાય, એને દ્રવ્ય (કહેવાય) અને સમય સમયની વિચારધારા, શ્રદ્ધાધારા, વિચારધારા બદલે છે એને પર્યાય કહેવાય. એ પર્યાયમાં જે વિકારને પોતાનો માને, શરીરને પોતાનું માને એ તો મિથ્યાદૃષ્ટિ જીવને ધર્મની ગંધેય નથી અને ધર્મ કરવાની લાયકાત પણ નથી. પણ જેને આત્મદ્રવ્યમાં બે ભાગ છે, એનો એક ભાગ ત્રિકાળીને માને અને એક ભાગ જ્ઞાનની વર્તમાન અવસ્થામાં અનેક પ્રકારના રાગાદિ ને પર આદિનું જ્ઞાન જ્ઞાનમાં થાય, એ અનેકપણાને ન માને, એ જ્ઞાનમાં અનેકપણું છે એને ન માને અને એકલા તત્ત્વને માને તો તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અને મિથ્યાશ્રદ્ધાને સેવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! પહેલામાં એમ આવ્યું હતું કે, પર્યાયને માને ને દ્રવ્યને ન માને. કાલે પહેલો બોલ ચાલ્યો હતો. એ એવી રીતે હતું, એમાં એમ હતું કે જે જીવ શરીર, વાણી, મનને પોતાની માને એનો પ્રશ્ન અહીં છે નહિ. ફક્ત વસ્તુ જે છે જ્ઞાનાનંદ સ્વરૂપ ત્રિકાળ-ત્રિકાળ,

ધ્રુવ, ધ્રુવ અનાદિઅનંત અણકરાયેલી, અનાશ પામે એવી ચીજ–વસ્તુ. એવી વસ્તુને કોઈ ન માને અને એકલી વર્તમાન અવસ્થાને જ માને. એ અવસ્થા તે કઈ? રાગને એમ નહિ. આ બીજા જ્ઞેયને જાણવા લાયક જે અવસ્થા છે એટલી અવસ્થાને જ માને. સમજાણું કાંઈ? એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છે એને ન માને. તો વસ્તુની દૃષ્ટિ વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ?

એ ૨૫૦ માં એમ કીધું હતું કે, એ પર્યાયને માને. પર્યાય એટલે પર વસ્તુની (વાત નહિ), અહીં તો પર્યાયમાં પર વસ્તુનું જ્ઞાન થાય છે ને એટલા પર્યાયને માને, એમ. ભગવાન ચૈતન્યજ્યોત સૂર્ય છે, આત્મા એટલે ચૈતન્યસૂર્ય, એકલું ચૈતન્યના પ્રકાશનું તેજ. ચૈતન્યનું તેજ સૂર્ય ભગવાનઆત્મા છે. એની વર્તમાન દશામાં જ્ઞાનનો જે અંશ પ્રગટ છે એમાં રાગ ને પુણ્ય-પાપના ભાવોનું જ્ઞાન થાય, જ્ઞાન થાય. સમજાય છે? એ જ્ઞાન થાય (એવી) અનેકપણાની પર્યાયને માને. શરીર, વાણીની વાત અત્યારે અહીં વાત નથી. એની જ્ઞાનની દશાને માને. કારણ કે, અનેકપણું એમાં જણાય છે, પણ એકરૂપ દ્રવ્યને ન માને તો તેને એકાન્ત દૃષ્ટિ મિથ્યાત્વ થઈ સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ?

અહીં હવે બીજો એનાથી ઊંધો બોલ છે. પેલો દ્રવ્યને માનતો ને પર્યાયને નહોતો માનતો. પર્યાય (નહિ), રાગ-દ્વેષ ને શરીર પણ નહિ. આહાહા..! પોતાના બે ભાગ–એક કાયમ રહેવું અને એક અવસ્થા વર્તમાન પરિણમવું, પરિણમવું, જેને ભગવાન 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમસત્' કહે છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમસત્' વર્તમાનમાં નવી અવસ્થાથી ઊપજે, જુની અવસ્થા જાય અને વસ્તુપણે ધ્રુવ કાયમ રહે. એ ત્રણે અંશોરૂપે આખો આત્મા કહેવામાં આવે છે. એ આત્માના ઉત્પાદ, વ્યયની પર્યાય જે જ્ઞાનની જાણવાની છે એમાં અનેક જણાય બીજું, જણાય બીજું, આવે નહિ એમાં. તે જ્ઞાનની દશામાં બીજું આવે નહિ. રાગ આવે નહિ, દ્વેષ આવે નહિ, દયાના પરિણામ જ્ઞાનમાં ન આવે, શરીરની ક્રિયા થાય એ જ્ઞાનમાં ન આવે, ક્રિયા ન આવે પણ એ છે એનું જ્ઞાન અહીં આવે. એ જ્ઞાનની પર્યાયને માને, અનેકપણે જે જ્ઞાન વર્તમાન પરિણમે એટલાને માને અને આખી ચીજને ન માને તો એનું લક્ષ દ્રવ્ય ઉપર જાતું નથી, તો સમ્યગ્દર્શન થાતું નથી. સમજાણું કાંઈ? 'છોટાભાઈ'! આ તો મગજને કેળવાય એવી આ વાત છે. આહા..! આ વાત અત્યારે એવી થઈ પડી છે એથી લોકોને કાંઈ જ્ઞાન ન મળે અને બહારથી માનીને બેઠા કે, અમે આ કરીએ છીએ ને આ કરીએ છીએ જાવ, તાવકાણી, ઠાણેણં, માણેણં અપ્પાણં... આખા આત્માને વોસરાવી દીધો. આત્મા કોણ છે, કેમ છે એની ખબર ન મળે.

અહીં તો ભગવાન પહેલા પરમાત્મા ત્રિલોકનાથ કહે છે, ભાઈ! અમે તો તારી કાયમની ચીજ વસ્તુ અને એની અવસ્થા, એની અવસ્થા, હોં! બીજી અવસ્થાથી માન (કે) અમે શરીરની ક્રિયા કરીએ તો ધર્મ થાય એ તો મહા મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે. એ 'મનસુખભાઈ'! આહાહા..!

કહો, આ ભગવાનની પૂજા-બૂજાની ક્રિયા થાય ને આમ આમ હાથ (થાય ને) એ જડની ક્રિયા છે, આત્માની નહિ. આ એ વખતે જરી ભક્તિનો શુભભાવ થાય એ પુણ્ય છે, એ ધર્મ નહિ. હોય ખરો પણ ધર્મ નહિ.

અહીં તો કહે છે કે, શુભભાવ થાય એનું અહીં જ્ઞાન થાય અને જ્ઞાનની દશામાં અનેકપણાનું જ્ઞાન અનેક ચીજનું થાય. એ અનેકપણાના જ્ઞાનને જ–એકલી દશાને માને (અને) આખી ચીજને ન માને તો એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ નથી એટલે મિથ્યાદૃષ્ટિ છે પણ સમકિતદૃષ્ટિ નથી.

અહીં એનાથી બીજું છે કે, વસ્તુને માને કે, ત્રિકાળ એક હું આત્મા છું, ત્રિકાળ એક આત્મા છું, એકરૂપ છું. પણ એની જ્ઞાનની દશામાં આ રાગાદિનું જ્ઞાન થાય, અનેકપણાનું જ્ઞાન (થાય) એ અનેકપણું (જોઈને) એને લાગે કે, આ અનેક છું, અનેકને ધોઈ નાખો. શું કીધું? અરીસો છે ને? અરીસો, એમાં સામે કેરી કે જાંબુ પડ્યા હોય તો આમ અરીસામાં એવી ચીજ દેખાય ને ? એ ચીજ એમાં નથી, હોં! એ ચીજ તો ત્યાં (–બહાર) છે. અહીં તો અરીસાની સ્વચ્છતા છે, અરીસાની સ્વચ્છતામાં એ કાળુ ને પીળુ દેખાય છે. એ અરીસાની દશા છે, એ અરીસાની દશા છે. એને કોઈ ધોઈ નાખવા માગે તો અરીસો ધોવાઈ જાય. સમજાય છે કાંઈ? એમ ભગવાન ચૈતન્ય-અરીસો છે આત્મા, ચૈતન્યબિંબ ભગવાન. એની વર્તમાન જ્ઞાનદશામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપનું જ્ઞાન જ્ઞાનમાં જણાય એ જ્ઞાનમાં એ પર વસ્તુ જણાતા અજ્ઞાનીને એમ લાગે કે, આ શું જણાણું વળી? આ બધું શું? કાઢી નાખ પર્યાયમાંથી. તે પોતાની જ્ઞાન પર્યાયમાં બીજું જણાય તેને કાઢી નાખવા માંગતા તે જ્ઞાનની દશાનો નાશ કરી નાખે છે. ભારે વાત, ભાઈ! એ... 'રતિભાઈ'! આ ફેરી બીજી વાત છે, હોં! દર વખતે સાંભળવા આવતા એ કરતા. કો'ક દિ' નવરા થાય બે-ચાર મહિને માંડ. એમાં કો'ક બે-ચાર દિ' સાંભળે. ક્યાં ગયા 'કનુભાઈ'? ગ્યા? ગયો હશે. ઝટ દઈને દુકાને (બેસવું હોય). બન્ને માંડ આવ્યા હોય તો શું કરે ન્યાં? કહો, સમજાણું આમાં? આહાહા..!

કહે છે, ભાઈ! જે કોઈ વસ્તુને માને. એ વસ્તુની આને તો હજી ખબર નહિ. આ તો એક વસ્તુને અહીં જાણવામાં આવ્યા અને એને ખ્યાલ (આવ્યો) કે, આ આત્મા એક અનાદિ અનંત ચીજ છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... અનંત ગુણનો પિંડ. પણ એની દશામાં, જ્ઞાન દશામાં–જાણવામાં બીજી ચીજો જણાય છે ને? અજ્ઞાનીને એમ લાગે કે, આ શું? આ કેમ જણાણું? પણ એ તો જાણવાની દશાનો સ્વભાવ છે. સ્વભાવ છે તો બીજી ચીજ એમાં જણાય. પણ બીજી જણાતા અજ્ઞાનીને એમ થાય કે, અર..ર..ર..! આ શું? કાઢી નાખો આને. આ પર સંબંધીનું પોતાની જ્ઞાનની દશાનો ભાવ કાઢી નાખવા માગે છે. કારણ કે, એ એકરૂપ રહેવા માગે છે. પણ જ્ઞાનની પર્યાયમાં અનેક જણાય એવો તો પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? 'નેમિદાસભાઈ'! શું કહે છે આ? માથું ફરી જાય છે. એ કરતા એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા,

ત્રીઇન્દ્રિયા... તસ્સ મિચ્છામિ દુક્કડમ્. કાંઈ ગોખવાનું, કાંઈ શીખવાનું છે કાંઈ? મરી ગયો પચાસ, સો સો વર્ષ કે અનંત ભવ કરીને. તસ્સ મિચ્છામી દુક્કડ્મ. જાવ, મિચ્છામિ દુક્કડમ્ થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી સાંભળને હવે. એ વાણી કોની? એ મિચ્છામી દુક્કડ્મ કોનું કરે છો? કઈ દશા? એ દશા કઈ હતી? ક્યાંથી ટળે છે? ક્યાંથી આવે છે? એની તને ખબર વિના શેના મિચ્છામી દુક્કડ્મ તારા? 'ભગવાનભાઈ'! બરાબર છે? ૭૫ વર્ષ સુધી (આવું) બધું સાંભળ્યું છે ને?

અહીં કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી પ્રભુતાના બે અંશ છે. એક તો ત્રિકાળી વસ્તુ અને એક વર્તમાન જ્ઞાનની અવસ્થાનું પરિણમવું, થવું. વર્તમાન દશાનું થવું એક અંશ છે. એ એક અંશમાં અનેક જણાય એવો તારો સ્વભાવ છે. અનેક જણાય. અરીસામાં વિષ્ટા જણાય તે કાંઈ વિષ્ટા ન્યાં ગરી ગઈ છે? ન્યાં સુંઘે તો વિષ્ટા છે ત્યાં? વિષ્ટા તો વિષ્ટામાં છે. એમ જ્ઞાનની દશામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ થાય એ જણાય (કે) આ રાગ છે, એમ જણાય. એ જાણવા છતાં જાણવાની દશા અનેકપણાને જાણે એ અનેકપણું જાણવું એ દોષ નથી. શું કીધું? રાગાદિનું જ્ઞાન થાય એ દોષ નથી. એ તો જ્ઞાનની વર્તમાન દશાનો સ્વભાવ છે. પણ અજ્ઞાનીને એમ લાગે છે કે, અરે..! આ કેમ જણાય? અર..ર..ર..! આ કેમ જણાય? માટે જાણવું છોડી દઉં. એમ જાણવું છોડી દેતા એની જ્ઞાનની દશાનો નાશ થઈ જાય છે. એને પર્યાયમાં અનેક જ્ઞાન થવાનો સ્વભાવ છે એની એને શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ? ભાઈ! પહેલેથી કહ્યું હતું કે, આ વાત ઝીણી છે. આ તો તમે કોઈ દિ' જિંદગી બાપના બાપે નહિ સાંભળી હોય.

મુમુક્ષુ :– પેઢી દર પેઢી.

ઉત્તર :– હતી કે દિ' આ પેઢા ને પેઢી કયાંય? મોટો ફેરફાર.. ફેરફાર. એ.. 'રતિભાઈ'! એનો બાપ તો વળી ઓલા હતા વિઠ્ઠલ, વિઠ્ઠળ. વિઠ્ઠો વિઠ્ઠોબા. હેરાન થઈ ગયા, મરી ગયા વિઠ્ઠોબા, વિઠ્ઠોબા કરીને. વિઠ્ઠોબા કેવો? અહીં તો પરમેશ્વર સર્વજ્ઞે કહેલા આત્માની વાત છે. વિઠ્ઠોબા કોણ? ત્રણકાળમાં, ત્રણલોકમાં પરમેશ્વર-બરમેશ્વર બીજો કોઈ કર્તા-ફર્તા છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, '**જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી;...**' આ જ્ઞાનમાં અનેક જણાય એથી એ રૂપે છું એમ નહિ પણ એ અનેકપણું જાણ્યું એ અનેક કેમ? અનેક કેમ? સમજાણું કાંઈ? એ અનેકપણું જ્ઞાનમાં જણાય છે એ કાઢી નાખું તો એક તો છું, એકલો છું. એમ માનનાર જ્ઞાનની વર્તમાન દશામાં અનેક જાણવાના સ્વભાવની દશાને માનતો નથી. 'છોટાભાઈ'! ભાઈ! આ વસ્તુ, એમાં ચૌદ શ્લોક તો ઝીણામાં ઝીણા વીતરાગના પેટના છે. આહાહા..! એ સ્યાદ્વાદ કીધો છે. સ્યાદ–અપેક્ષાએ વાદ નામ કહેવું. જે વસ્તુ ત્રિકાળ તત્ત્વ છે એને ત્રિકાળરૂપે જાણવી અને વર્તમાન અવસ્થા જે છે તેને અનેકરૂપ અવસ્થાને

અનેકરૂપ જાણવી, વસ્તુને એકરૂપ જાણવી. એમ જેનું જ્ઞાન યથાર્થ થાય તેને સમ્યગ્દર્શન થઈને આત્માનો અનુભવ થાય. સમજાણું કાંઈ?

અહીં તો એ વાત કરી છે કે, જ્ઞાનની દશા છે ને? એમાં અનેક જણાય છે. એ ચીજ અહીંયાં આવતી નથી. આ ચૈતન્યના પ્રકાશની પર્યાયનો–અવસ્થાનો સ્વભાવ છે કે, અનેકને જાણે. એ અનેકપણું જે જ્ઞાનમાં આવે છે, અજ્ઞાનીને (એ) અનેકપણું ગોઠતું નથી. અનેક થઈ ગયો... અનેક થઈ ગયો... અનેક થઈ ગયો. માટે મારે એક થાવું, મારે એક થાવું છે, નિર્વિકલ્પ થાવું છે, એમ. પણ એ જ્ઞાનની પર્યાયમાં અનેકપણું એ નિર્વિકલ્પ જ પર્યાય છે. એમાં પરની વસ્તુ નથી. સમજાય છે કાંઈ? એ 'જુગરાજજી'! ભારે વાતું. આ યાદ રહે એવી વસ્તુ છે. પેલી તો મરી ગયો કરી કરીને મફતનો. આહાહા..!

અહીં તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર જીવતત્ત્વની વ્યાખ્યા કરે છે. અજીવ, પુણ્ય, પાપ એ તો બહાર રહી ગયા, એ કાંઈ આત્મામાં ગરી ગયા નથી. આ વાણી, શરીર આ તો માટી, જડ છે. એ કાંઈ આત્મામાં ગર્યા નથી. હવે આત્માની એક સમયની પર્યાયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પણ ગરી ગયા નથી. આહાહા..! ફક્ત એક સમયની દશામાં એ અનેકપણું જે છે એનું અહીં જ્ઞાન થાય છે. એ જ્ઞાનનો, અસ્તિત્વનો પર્યાય અનેકપણે થવું એ તો આત્માનો સ્વભાવ છે. એમ અનેકપણાની પર્યાયને ન માનતા એકલો જ્ઞાન થઈ જઉં ને આ બધું કાઢી નાખું આમાંથી. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીર મારા નથી એમ કાઢી નાખ્યા. શરીર મારું નહિ, કર્મ મારા નહિ, પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે એ મારા નહિ. એ (પહેલા વિકલ્પો થતા એ) કાઢી નાખ્યું, પણ એ સંબંધીનું જ્ઞાન અહીં થાય છે એને કાઢી નાખવા માગે એ પર્યાયને સમજતો નથી. બરાબર છે? આ શું પણ? આવી કેવી વાત? ઇ કહે છે, જુઓ! શું કીધું?

**'જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે,...'** ૨૨૪ પાનાની પહેલી લીટી. આ તો ભગવાનના ઘરના મહા મંત્રો છે! આ કાંઈ ઝટ દઈને ચોપડા શીખી જવાના નથી. એક લીટીમાં શું કહ્યું? એ પહેલી લીટી ૨૨૪ (પાને). જ્ઞાન એટલે આત્મા વસ્તુ ત્રિકાળી. એને નિર્વિકલ્પ એટલે એકરૂપ, એકરૂપ નિર્વિકલ્પ એટલે અભેદ વસ્તુમાત્ર માને છે. અજ્ઞાની એકરૂપ ત્રિકાળ છે એને માને છે. **'જ્ઞેયાકાર પરિણતિરૂપ...'** પણ જે જ્ઞાનની વર્તમાન દશામાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ, શરીરની ક્રિયાઓ એ પણે જ્ઞાન જાણવાપણે પરિણમે છે, જાણવાપણે થાય છે. **'જ્ઞાનનો પર્યાય માનતો નથી;...'** આવો એનો અર્થ (છે), આટલામાંથી આવો એનો અર્થ છે. 'શુકનચંદજી'! આ બહુ ઝીણું કાઢ્યું, બહુ ઝીણું કાઢ્યું. આહા..! અરે..! ભાઈ! તારી મર્યાદામાં તું છો એના બે અંશની વાસ્તવિક શ્રદ્ધા-જ્ઞાન ન થાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ક્યાંથી થાય? અને સમ્યગ્દર્શન વિના ધર્મ-બર્મ ત્રણકાળમાં થાય નહિ. વ્રત ને તપ કરીને મરી જાય એ બધા બાળ તપ ને બાળ વ્રત છે. સમજાણું કાંઈ?

બીજી લીટી. **'તેથી જ્ઞેયવસ્તુને જાણતાં...'** એ જાણવાની જ્ઞાન દશામાં બીજું જે જણાય છે એને **'જાણતાં જ્ઞાનનું અશુદ્ધપણું માને છે.'** દેખો! શું કીધું? એ જાણવાની દશામાં અનેકપણું જણાય તે જ્ઞાનની અશુદ્ધતા (છે) એમ અજ્ઞાની માને છે. એને પર્યાયની નિર્મળતામાં બીજું જણાય એવો મારો જ્ઞાનધર્મ છે, પર્યાયનો સ્વભાવ છે એમ એને ખબર નથી. આહા..! આથી કાંઈ બીજો સોંઘો માર્ગ હશે કાંઈ? બાપુ! પણ જેવો હોય એવો સોંઘો હોય કે ન હોય તે સોંઘો હોય? આહાહા..!

કહે છે, **'જ્ઞેયવસ્તુને જાણતાં...'** ભગવાનઆત્મા વસ્તુ તરીકે તો કાયમ રહેનારો પદાર્થ અનાદિઅનંત સ્વયં છે પણ એની જ્ઞાનની વર્તમાન દશામાં જે વસ્તુ જણાય, પોતાના પર્યાયમાં એ જાણતા અજ્ઞાની અશુદ્ધપણું માને છે. એ મારી અશુદ્ધતા મને થઈ ગઈ. પર વસ્તુ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ મારા નહિ, શરીર મારા નહિ ત્યાં સુધી તેની વાત બરાબર છે. પણ આત્મામાં, પોતાની દશામાં એ રાગ-દ્વેષ ને શરીરનું અહીં જ્ઞાન થયું, એ જ્ઞાનમાં અનેકપણું જણાણું એ અનેકપણાને કાઢી નાખવા માગે (છે). પેલું જેમ નીકળી જાય (પણ) એ તો નીકળેલી ચીજ જ જુદી છે. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસૂર્ય ચૈતન્યનો પ્રકાશનો બિંબ ભગવાન આખો આત્મા છે. એની એક સમયની વર્તમાન દશામાં જે અનેકપણે જણાય, જ્ઞાનમાં અનેકપણું થાય એ પર્યાયનો ધર્મ છે. તો બીજું કાઢી નાખતા હવે મારે આત્મારૂપે થાવું છે. એટલે શરીર હું નહિ, વાણી હું નહિ, કર્મ હું નહિ, આ પુણ્ય-પાપના ભાવ એ હું નહિ ત્યાં સુધી તો એની વાત બરાબર છે. પણ એ પુણ્ય-પાપના ભાવ ને શરીર આદિનું અહીં જ્ઞાન થાય (એ) તો એનો સ્વભાવ છે. અરીસાની સ્વચ્છ અવસ્થામાં કાળા કોયલા ને વીંછી પડ્યો હોય તો જણાય. એ તો એ અરીસાની અવસ્થા છે. સમજાય છે? અરીસામાંથી બીજું કાઢી નાખે કે, આ ઉપર પડ્યું એ કાઢી નાખો, મેલ છે એ કાઢી નાખો, ફલાણું એ કાઢી નાખો. પણ અરીસામાં આ વસ્તુ દેખાય છે, ઇ ઇ વસ્તુ નથી એમાં, એ તો અરીસાની સ્વચ્છતા છે. એને કાઢી નાખવા માગે તો અરીસાની દશાને સમજતો નથી. સમજાણું કાંઈ? આ પુસ્તક છે કે નહિ ઘરે ત્યાં દુકાને? પડી રાખ્યું છે કે વાંચ્યું છે કોઈ દિ'? વાંચે છે. વાંચ્યું છે એટલું તો કીધું, હવે સમજ્યા ન સમજ્યા, પછી વાત. આહાહા..!

કહે છે, એ ભગવાનઆત્મા..! પરમાત્મા તો એમ જ બોલે છે કે, હે ભગવાનઆત્મા! કારણ કે વસ્તુ ભગવાનસ્વરૂપ છે કે નહિ? એમાં પરમાત્મા શક્તિ અંદર ન પડી હોય તો બહારથી આવશે ક્યાંથી? સવારે કહ્યું હતું, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય ભગવાનને જે પ્રગટ થાય છે એ ક્યાંથી આવ્યું? બહારથી લટકે છે તો આવે? અંદરમાં આત્મામાં પડ્યું છે. સવારમાં દાખલો ન આપ્યો? પીપરનો દાખલો આપ્યો હતો કે નહિ?

પીપર, પીપર–લીંડીપીપર. એમાં પડી છે ને ચોસઠ પ્હોરી તીખાશ? પડી છે કે નહિ?

ઘૂંટે ત્યારે ક્યાંથી આવે છે? પથ્થરમાંથી આવે છે? પાંચ પ્હોરી, પચ્ચીસ પ્હોરી, પચાસ પ્હોરી, ચોસઠ પ્હોરી ક્યાંથી આવી? અંદરમાં પડી છે એમાંથી આવે છે. પણ એને ખબર કે દિ' છે એની? ઘસેથી આવે તો કાંકરા ને કોલસા ઘસી નાખે જોઈ. ધૂળમાંથી આવશે? ન્યાં ક્યાં અંદરમાં હતી? ઇ પીપરને દાણે-દાણે જેમ ચોસઠ પ્હોરી તીખાશ એટલે પૂરો, ચોસઠ એટલે રૂપિયો પૂરેપૂરો. ઇ તો હવે સો પૈસાનો રૂપિયો થયો, પહેલા ચોસઠ ચાલતો ને આપણે? ચોસઠ પૈસાનો રૂપિયો કહો, સોળ આના કહો, પૂર્ણ કહો કે રૂપિયો (કહો). ચાર બોલ એક છે. એમ પીપરમાં શક્તિરૂપે પૂરેપૂરી તીખાશ રસ પડ્યો છે અને લીલો રંગ પણ પૂરેપૂરો પડ્યો છે, એમ સુંવાળપ પણ પૂરેપૂરી અંદર પડી છે. બહાર તો કડક છે ને? શું કહેવાય એ? દાણો-દાણો હોય ને ? જરીક ઝીણું ઝીણું હોય. અંદર સુંવાળપ પૂરી પડી છે, લીલો રંગ પૂરો પડ્યો છે, તીખો પૂરો પડ્યો છે. સમજાણું? ત્રણ થઈ ગયા. ચોથું ગોતીએ, પણ અંદરથી હાથ આવવું જોઈએ ને?

એમ ભગવાનઆત્મામાં અંદરમાં, શક્તિમાં, વર્તમાન અવસ્થા તો એક સમયની દશા છે, પણ અંદરમાં અનંત જ્ઞાનરૂપી ચોસઠ પ્હોરી શક્તિ પડી છે, અનંત આનંદરૂપી ચોસઠ પ્હોરી શક્તિ પડી છે, અનંત વીર્યરૂપી ચોસઠ પ્હોરી શક્તિ પડી છે અને જ્ઞાન સાથે, દર્શન પણ સાથે ચોસઠ પ્હોરો પડ્યો છે. અરે..રે..! કોણ જાણે એ તત્ત્વ શું છે એનો કોઈ દિ' વિચાર કર્યો (નથી). પણ સાંભળે ત્યારે વિચાર કર્યો હોય ને! માંડ ટાણા આવ્યા ત્યારે (કહે), બંધ કરી દઉં. નહિ સાંભળવું, ભાઈ! હોં! ન્યાં સાંભળવા જાઈશ તો મરી જાશો. એ... 'મગનભાઈ'! વાત તો સાચી. આહા..! અરે..! ભગવાન!

મુમુક્ષુ :– સંવત ૧૯૯૯ થી ચાલ્યા કરે છે.

ઉત્તર :– ચાલ્યા જ કરે, છેકથી ચાલે છે ને! અરે..! ભગવાન! બાપુ! તારી વાત પ્રભુ તને કહે છે. સંપ્રદાયમાં ક્યાંય છે નહિ, વાડામાં છે નહિ. તને શી ખબર પડે એ શું વસ્તુ છે? આહા..! કહે છે કે, ભાઈ! તારે ધર્મ કરવો છે ને? આહા..! શેમાં (થાય)? એ ધર્મ શું હશે? ખબર છે એને? પર્યાયે હશે કે દ્રવ્યે હશે? ભગવાન જાણે કોને છે ખબર. અહીં દ્રવ્ય ને પર્યાય બે વાત લીધી છે. દ્રવ્ય એટલે શું ખબર પડે? પૈસાની? ધૂળ છે.

એકજણાને મેં ઘણા વર્ષ પહેલા પૂછ્યું હતું. 'સુંદરવાળા'ના અપાસરે એક સાધુ ભેગા થયા હતા. 'મોહનલાલજી'. મેં કીધું, તમે ત્રસ કે સ્થાવર? એ કહે, ગુરુએ શીખવ્યું નથી. આરે.. આરે..! કીધું, જુઓને! આંધળુ ચાલ્યું છે. એમાં પર્યાય છે એ પર્યાય શબ્દ પણ કેટલાકે સાંભળ્યો ન હોય. જે વીતરાગ માર્ગનું મૂળ એકડો. ત્રિકાળ રહેનારું તત્ત્વ ને એની અવસ્થા ક્ષણે ક્ષણે થાય તેને પર્યાય કહે છે.

'ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્' એ તો મહા સિદ્ધાંત વીતરાગના ઘરનો છે. હવે એ સર્વજ્ઞ ભગવાન કહે છે કે, પલટવું જે અવસ્થા પલટે છે એમ આત્મા ત્રિકાળ રહેનાર એની જ્ઞાન

અવસ્થા પલટે છે. ઇ પર્યાય પલટે તેને પર્યાય કહેવાય છે, કાયમ રહે તેને દ્રવ્ય કહેવાય છે.

હવે અહીંયાં શુભ-અશુભ રાગ, કર્મ, શરીર, વાણી, મન તો એની પર્યાયમાં પણ નથી. દ્રવ્યમાં તો નથી (પણ પર્યાયમાં પણ નથી). દ્રવ્યમાં તો અનંત ચતુષ્ટય છે. શું કીધું? દ્રવ્યમાં તો અનંત જ્ઞાન, અનંત આનંદ બેહદ શક્તિ આનંદ આદિ વસ્તુમાં પડી છે. આમ ત્રિકાળ અનાદિ અનંત (પડી છે). એની એક સમયની પર્યાયમાં શું છે? અહીં જાણવાની તાકાતવાળી દશા છે. એક સમયની પર્યાય પૂરતું. અહીં તો પૂર્ણ જાણવાનું, પૂર્ણ દેખવાનું આનંદરૂપે વસ્તુ ત્રિકાળ આત્મા છે કે જેમાંથી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, વીર્ય એમાંથી પ્રગટે છે. પણ એની વર્તમાન દશામાં જે જ્ઞાનની વર્તમાન પર્યાય મતિજ્ઞાન આદિ એક સમયની પર્યાય કહીએ... સમજાણું? હજી તો એક સમયની પર્યાય લેવી. અહીં તો પાછા મતિ આદિના ભેદ છે ને બધા? એ ભેદને, ભેદને ભેદ રીતે ન માને અને એનું એકપણું કરવાથી, એવો પર્યાય હોવા છતાં જ્ઞાનનો પર્યાય એકરૂપ છે.

અહીં તો એક સમયમાં અનેકપણું જે જાણવાનો ભાવ છે એટલો એ પર્યાયનો સ્વભાવ છે. રાગઆદિ, પુણ્યઆદિ, શરીરઆદિ એનું સ્વરૂપ નહિ, એનો ધર્મ નહિ, એનામાં એ છે નહિ. પણ એ સંબંધીનું અહીં જ્ઞાન થાય, જ્ઞાનમાં જણાય કે, આ રાગ છે, દયા છે, આ પુણ્ય ભાવ છે. એ જાણવાની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન (થયું) એટલો આત્માનો વર્તમાન પર્યાયનો સ્વભાવ છે. પણ અજ્ઞાની એટલી પર્યાયમાં અનેકપણું છે એમ ન માનતા એકપણું કરવા માગે છે કે, આ બધું જણાય છે ને આમાંથી કાઢી નાખું, કાઢી નાખું તો એટલું મારું જ્ઞાન ચોખ્ખું રહે. એ એની માન્યતા તદ્દન મૂઢની છે. આ તો સાદી ભાષાએ વાત ચાલે છે, બહુ ઊંડેથી નથી ચાલતી. આ બધા બેઠા છે.

મુમુક્ષુ :– કાલ કરતા બીજી રીતે ચાલે છે.

ઉત્તર :– કાલ કરતા બીજી રીતે પણ આ બધા આવ્યા છે તો કાંઈક શું કહે છે એટલો ખ્યાલ ન આવે (અને) માંડે એકલી તો શું કરે? કાલ તો બીજી ઝીણી વાત હતી. સમજાણું કાંઈ? આહા..!

અરે..! ભગવાન! તારી ચૈતન્ય શક્તિ, કહે છે કે, પૂર્ણ શક્તિની તો શું વાત કરવી પણ તારો એક સમયનો એક જ્ઞાનની વર્તમાન અવસ્થાનો સ્વભાવ અનેકને જાણવારૂપે છે, અનેકને પોતાના કરવારૂપે નહિ. એટલે વળી બે બોલ થયા. એ જ્ઞાનની વર્તમાન અવસ્થાને જડ આદિ અનેકની ક્રિયા કરે એવો ધર્મ નહિ અને અનેક વસ્તુને એ પર્યાયમાં પોતાની માને એવો એનો ધર્મ નહિ. ફક્ત એનો પર્યાયનો સ્વભાવ અનેક છે તેને અનેકપણે જ્ઞાનની દશામાં જાણે એવો એનો સ્વભાવ છે. આટલું જ્ઞાનનું અનેકપણાનું સ્વરૂપ, એને ન માનતા એકલો આમ રહી જાઉં, પેલું કાઢી નાખું (એમ) કહે છે. તો કહે છે કે, એ અનેકપણું જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ (છે) એને ધોઈ નાખવા માગે છે. તો એની જ્ઞાન દશા ધોવાઈ

જાય છે. સમજાણું કાંઈ? ભારે વાત!

એ કરતા આવું કહે કે, આ કંદમૂળ ન ખાવા. કાંઈ છે? એ..ઇ..! અહીં કહે છે, મોટા ભસેડે છો મિથ્યાત્વને. સાંભળને! મિથ્યાત્વને ખાય છો. અનંતા જીવને મારી નાખવાનો ભાવ મિથ્યાત્વનો છે. એ મિથ્યાત્વને તું અંદરમાં ભરડે છો, ઘૂંટે છો. શું? કે, જ્ઞાનની એક સમયની દશામાં અનંત ચીજો પર છે એને હું કરી શકું એ માને છે તે મિથ્યાત્વને ઘૂંટે છે. અનંતા જીવને મારી નાખવાનો મિથ્યાત્વ ભાવને ઘૂંટે છે. પોતાના ચૈતન્યના જીવનની શક્તિની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુ કહે છે કે જો તો ખરો, ભાઈ! અરે..! તારી વાત તું સાંભળ, બાપા! તેં તારી વાત સાંભળી નથી, ભાઈ! તું કેવડો મોટો દ્રવ્ય અને કેવડી તારી એક સમયની પરથી પૃથક દશા, એ શું છે એ વાત તેં સાંભળી નથી, ભાઈ! અને સાંભળ્યા વિના તને એની ઓળખાણ ને શ્રદ્ધા ક્યાંથી થાય? અને ઓળખાણ ને શ્રદ્ધા વિના તને સમ્યગ્દર્શન ક્યાંથી થાય? અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર-ફારિત્ર હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :– માંડ માંડ આ સાંભળવા આવ્યા ત્યાં..

ઉત્તર :– સાંભળે છે ને! એટલે આવ્યા ને પણ! આ કહે છે જુઓ. 'જયંતીભાઈ'! પણ આવ્યા છે કે નહિ? એટલું પણ આવ્યા કે નહિ? એ તો અંદર બેઠા હતા. આવ્યા તો ખરા, કાંઈક કહે છે તો સાંભળશે. કાંઈક બીજું કાંઈક કહે છે. અહીં કાકો બેઠો છે આમ ને આમ કેટલા વર્ષથી. એમ તો વાણિયા છે કે નહિ? કાંઈક તોળશે કે નહિ? તુલના તો કરશે કે નહિ? આ વાત કાંઈ એમ ને એમ ગાંડપણે નથી. 'ધીરુભાઈ'! આહાહા..!

ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા...! જુઓ! પચીસ મિથ્યાત્વમાં આવે છે કે નહિ? કે, અજીવને જીવ માને તો મિથ્યાત્વ. આવે છે? અધર્મ ને ધર્મ માને તો મિથ્યાત્વ. આવે છે? હવે એનો અર્થ આપણે કરીએ કે, આ શરીર, વાણી, મન, કર્મ છે એ અજીવ છે. એની આ હાલત થાય એ પણ અજીવ છે. એ મારાથી થાય તે અજીવને જીવ માન્યો એ મિથ્યાદૃષ્ટિ છે. એ.. 'નેમિદાસભાઈ'! આ બધા શેઠિયા રહ્યા બધા જુઓને! બધા શેઠિયા મોટા 'કલકત્તા'ના સ્થાનકવાસીના અગ્રેસર. આ બધા અગ્રેસરો હતા, આ બધા મોટા અગ્રેસરો. જુઓ! 'વડીયા'ના 'વડીયા' ને? 'વડા વડા!' 'ભૂધર જેચંદ'. ઉપાશ્રયના આગેવાન મોઢા આગળ (બેસનારા). બાપા! સાંભળો બાપુ! ભાઈ! તારે પરમાત્મા પરમેશ્વરે તત્ત્વ કહ્યું છે એ જાણવું છે કે તારી આગ્રહની માનેલી વાતું અનાદિની એ જાણવી છે? એ તો તું કરી રહ્યો છો.

અહીં તો શું કહેવું છે? સાંભળો! કે, અજીવને જીવ માને તો મિથ્યાત્વ અને જીવને અજીવ માને તો મિથ્યાત્વ, આવે છે કે નહિ? હવે એની વ્યાખ્યા શું? એ તો શબ્દ થયા. અજીવ એટલે શરીર, કર્મ, વાણી એ બધા અજીવ છે. એ અજીવનો કોઈ પણ અંશ પર્યાયનો જે છે એ મારાથી થાય એમ માને તો અજીવને જીવ માન્યું. સમજાણું કાંઈ? હવે અધર્મને

ધર્મ માને. આત્માની દશામાં પુણ્ય ને પાપના વિકલ્પો ને ભાવ થાય એ વિકાર છે. એ વિકાર મારો ધર્મ છે એમ માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો એથી ત્રીજી વાત લેવી છે હજી. આહાહા..! એ.. 'રતિભાઈ'! આહાહા..!

આ તો વીતરાગના ઘરમાં જ આ હોય. વીતરાગ સિવાય અન્યમતિમાં ત્રણકાળ, ત્રણલોકમાં આવો માર્ગ વીતરાગે કહેલો એવો બીજે હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા. એવા પરમેશ્વર અરિહંત દેવ અનંત થયા. વર્તમાનમાં તીર્થંકરો વીસ બિરાજે છે, લાખો કેવળીઓ પ્રભુ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન મોજૂદ છે. એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં સર્વજ્ઞ (બધું જાણે). આજે થોડો લેખ આવ્યો છે, ભાઈ! હમણાં વાંચ્યો ને ઇ? સર્વજ્ઞનો.. ભાઈ! 'સન્મતિ'નું. થોડું ઓલું પાછળથી બાકી રહ્યું.

મુમુક્ષુ :– ચાલું કહેતા એ બંધાણું હશે.

ઉત્તર :– ઇ બંધાણું નથી. એ જોયું, બહુ જોયું. થોડો વાંચ્યો. એ બધું જોયું. બે ઠેકાણે છે. એમ કે, સર્વજ્ઞ જે પહેલા એને તો તમે ઓળખતા નથી ને તમે ધર્મ (ની માંડો છો). સર્વજ્ઞ આખા ધર્મનો આધાર છે અને સર્વજ્ઞ છે એ ત્રણકાળને જાણે છે. સર્વજ્ઞ ક્યાં ન આવ્યા? સર્વજ્ઞ એટલે? સર્વ-જ્ઞ. ત્રણકાળ. અનંતા પદાર્થોની જે અવસ્થા થઈ ગઈ, જે થાય છે અને થશે. ત્રણકાળ ભગવાન જાણે. અને ત્રણ કાળ જાણે એવું જો નક્કી કરવા જાવ તો જે દ્રવ્યની પર્યાય સમયે સમયે થવાની તે ક્રમે ક્રમે થયા કરવાની. એમ થતાં તમારે સર્વજ્ઞમાં ક્રમબદ્ધને ઉડાડવું છે માટે સર્વજ્ઞ ઉડાડો છો. ઠીક લખ્યું છે. અરે..! આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, બાપુ! આવા મનુષ્યદેહ મળ્યા, અનંતે કાળે માંડ પાંચ, પચાસ વર્ષ (મળ્યા). ફૂ થઈને ચાલ્યો જાઈશ. અનંત કાળમાં રખડતો, એમાં આ વીતરાગે કહેલો આવો આત્મા, વીતરાગે કહેલું જડ ને ચૈતન્ય બે ભિન્ન અને પુણ્ય-પાપના ભાવ ને આત્માની ધર્મપર્યાય ભિન્ન. સમજાણું કાંઈ? એમ જાણવામાં, માનવામાં, ઓળખવામાં ન આવ્યું (તો) એનો અવતાર એળે છે. 'રતિભાઈ'!

મુમુક્ષુ :– જૈન કહે છે.

ઉત્તર :– જૈન ક્યાં હતો? કોણ જૈન કહે છે? એ.. 'ન્યાલભાઈ'! એ શેઠિયા છે ને ત્યાંના? જૈન, જૈન એટલે શું? જૈન એટલે જીતવું. જીતવામાં બે પ્રકાર આવ્યા. એક કાયમ રહેનારી ચીજ, એ અજ્ઞાન (અને) રાગને જીતીને વીતરાગપણે થાય તેને જૈન કહેવામાં આવે છે. દ્રવ્ય ને પર્યાય બેય માને તો જૈન છે, પણ પર્યાય એ આ રીતે માને. સમજાણું કાંઈ?

જૈન એટલે કાંઈ સંપ્રદાય છે જૈન? એ તો વસ્તુનું સ્વરૂપ છે. જેવો વીતરાગે જોયો વસ્તુનો સ્વભાવ એવો કહ્યો, એવો જાણ્યો, એવો છે. એમ ભગવાન કોઈ જૈનનો વાડો નથી. વસ્તુ સ્વભાવ જ એવો છે અનાદિ અનંત આત્માઓનો, અનંત રજકણો, એ ભગવાનના જ્ઞાનમાં જોયું અને જોયું કે જીતે. એટલે તારો ભગવાનઆત્મા અનંત ગુણ સંપન્ન, અનંત

ચતુષ્ટય સંપન્ન છે. તારી પર્યાયમાં-અવસ્થામાં રાગ-દ્વેષ આદિ, પર આદિ થાય એ તારી ચીજ નહિ, પુણ્ય-પાપ આદિ તારા નહિ, પર વસ્તુ તારી નહિ. એટલું નહિ પણ તે સંબંધીનું જ્ઞાન થાય તેટલા પર્યાય જેટલો પણ તું નહિ. શું કીધું?

શરીર, વાણી, મન તું નહિ, પુણ્ય-પાપના ભાવ તું નહિ અને એક સમયના જ્ઞાનની દશામાં એ બધું જણાય એવો પોતાનો જ્ઞાન પર્યાય એટલો પણ તું આખો નહિ. આખો તો અનંત ગુણનો પિંડ દ્રવ્ય છે તે આખો છે. એવા આત્માની દૃષ્ટિ કરીને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ મારા નહિ અને એના સ્વભાવ તરફ ઢળે અને સમ્યગ્દર્શન કરે એને જૈન કહેવામાં આવે છે. જૈન શું કાંઈ વાડો બાંધ્યો છે? કોથળીમાં લખ્યું કડીયાતું ને માથે લખીએ સાકર. કડીયાતા સાકર થઈ જતા હશે? ચાલીસ રૂપિયાની મણ. લખો ને! કોણ ના પાડે છે? ભર્યા છે કડીયાતા અંદર. એમ અંદર મિથ્યાત્વના ઝેર ભર્યા હોય ને માથે લખે કે, અમે જૈન છીએ. ક્યાંથી જૈન થઈ જતો હતો? એમ હશે? એ..ઇ..! શેઠ! શું હશે? એમ છે? આહાહા..! અરે..! ભગવાન!

કહે છે કે, તારી દશાના અંશમાં અને અંશી ત્રિકાળ અનંત ગુણનો પિંડ પ્રભુ, એમાં આ પરને આટલું... આટલું... આટલું... તારામાં માનવા જા, એની તો વાત કહે છે છોડી દે. પણ તારા જ્ઞાનની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થાય એ તો તારું સ્વરૂપ છે. પર્યાયનું સ્વરૂપ, હોં! એટલા પર્યાયને પણ માને પણ ત્રિકાળીને ન માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. અને ત્રિકાળીને માને તો માને એમ જ્યાં આવ્યું તો માનવાની પર્યાય તો જ્ઞાનની વર્તમાન થઈ. એ પર્યાયમાં તો અનેકપણાનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનના પર્યાયને અનેકપણે થાય એને એટલાને ન માને અને આખા દ્રવ્યને માને તો પણ તે એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ.. 'નટુભાઈ'! સમ્યગ્દર્શન વાંચ્યું છે ને? 'સમ્યગ્દર્શન' પુસ્તક છે. આહા..! અરે..! આ સમજવા જેવું છે આ, 'હસમુખ'! બધા રળી રળીને ન્યાં આખા મજુર છે આખા, આખો દિ'... મજુર હશે કે શું હશે આ?

મુમુક્ષુ :- શેઠ છે.

ઉત્તર :- મોટા મજુર. શેઠ કોણ કહેતો હતો? ઓલા બધા મજુરો હોય એ એને શેઠ કહે. નાના મજુરો મોટા મજુરને શેઠ કહે. શેઠ એટલે શ્રેષ્ઠ, મજુરી કરવામાં શ્રેષ્ઠ. રાગ-દ્વેષ કરવામાં મોટો. અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે... આહાહા..! આ તો તમારા પ્રમાણમાં આજે વાત આવી છે, હોં! કહે છે, પેલું તો **'पशुः ज्ञानं न इच्छति'** એ શબ્દ તો હવે આવશે. આ તો હજી ઉપોદ્ઘાત ચાલે છે. આહાહા..! ભાઈ!

આહાહા..! અરે..! પ્રભુ! તારી ચૈતન્ય રત્નાકર શક્તિ-તત્ત્વ. અરે..! એને તું ન માન અને આ શરીર, વાણી પોતાના માન એની વાત તો છોડી દે પણ આખી ચીજને ન માન ને એક સમયની અવસ્થાને માન તોય અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આ એક સમયની અવસ્થામાં

અનેકપણું છે એને ન માન અને એકલો આત્મા કરવા માગ તો એ તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું?

**'તેથી જ્ઞેયવસ્તુને જાણતાં જ્ઞાનનું અશુદ્ધપણું માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનો દ્રવ્યરૂપે 'એક' અને પર્યાયરૂપે 'અનેક' એવો સ્વભાવ સાધે છે.'** આટલો તો હજી ઉપોદ્ઘાત કર્યો. શ્લોકમાં અમારે શું કહેવું છે એની વાત કરી. આ શ્લોકમાં હવે અમારે આમ કહેવું છે કે, વસ્તુ તરીકે ભગવાનઆત્મા વસ્તુ તરીકે એક, આ રજકણ, શરીર, કર્મથી જુદી. અને પર્યાય તરીકે અનેક. જ્ઞાનની દશામાં અનેકપણું લોકનું, અલોકનું જણાય એટલું, હોં! જણાય એટલું. મારાપણું નહિ, ફક્ત જણાય એટલું. એ અનેકપણું પર્યાયનો ધર્મ છે એને એમ જાણવો જોઈએ. વસ્તુ એકરૂપે છે તેને એકરૂપે જાણવી જોઈએ. એમ ન જાણતા એકલા દ્રવ્યને એકરૂપે જાણે અને પર્યાયમાં અનેકપણું છે એને કાઢી નાખવા માગે, અનેકપણાનું જ્ઞાન કાઢી નાખવા માગે છે. વસ્તુ કાઢી નાખવા માગે એ જુદી વાત છે. રાગ, દ્વેષ, શરીર, વાણી એ તો કાઢી નાખેલી ચીજ એમાં છે જ નહિ પણ એ સંબંધીનું જ્ઞાન કાઢી નાખવા માગે તો મૂઢ છે. આહા..!

**'એમ કહે છે :' 'पशुः ज्ञानं न इच्छति'** હવે શબ્દ શરૂ થાય છે. અરે...! પશુ! આચાર્ય મહારાજે તો પશુ કહ્યો છે. અરે..! પશુ! 'પશ્યતે બધ્યતે ઇતિ કર્મ ઇતિ પશુ' જે અજ્ઞાનભાવથી નવા અનંતા કર્મને બાંધે એને અહીંયાં અજ્ઞાનીને પશુ કહ્યો છે. પછી ભલે ત્યાગી થઈને માનતો હોય, ગૃહસ્થ થઈને બેઠો હોય, કરોડો- અબજોપતિ હોય, સાધુ થઈને બહાર પંચ મહાવ્રતની ક્રિયાના રાગને કરતો હોય પણ એ રાગની ક્રિયા એ મારો ધર્મ, જડની ક્રિયા હું કરી શકું છું અને મારા જ્ઞાનની પર્યાયમાં એ જાણવાનું થાય એટલું જુદું પડતું નથી એને અને જાણવાનું થાય એટલો હું નથી, આખો ત્રિકાળ છું અને ત્રિકાળ હોવા છતાં જ્ઞાનની પર્યાયમાં અનેક જાણવું એ મારો પર્યાય ધર્મ છે, એમ નથી માનતા તેને અહીંયાં પશુ કહેવામાં આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા એ આકરી કહેવાય, હોં! માણસને એનો બાપ ન કહે, એલા ગાંડા! નથી કહેતા? છોકરો-બોકરો તોફાન કરે (તો કહે), એલા! મૂર્ખા ગાંડા. નથી કહેતા? એની મા કહે કે નહિ? ડાહ્યો કરવા માટે એને કહે છે.

ભાઈ! પ્રભુ! તારી ચીજ શું છે? તારી દશાની મર્યાદા કેટલી છે? તારા જ્ઞાનની વર્તમાન દશાની મર્યાદા કેટલી છે? અને એ મર્યાદામાં કેટલું જ્ઞાન પરનું આવવા છતાં તેનું અનેકપણું પરવસ્તુ એમાં આવી ગઈ નથી. અનેકપણાનું જ્ઞાન એ તો પર્યાય સ્વભાવનો ધર્મ છે, એકપણાનું ત્રિકાળપણું એ દ્રવ્યનો સ્વભાવ છે. એમ ન માને તે **'पशुः ज्ञानं न इच्छति' 'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનને અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને સાધી શકતો નથી...'** શું કહે છે? એકલો જ્ઞાનનો પર્યાય અનેકપણાના જાણવાવાળો છે એને એ સાધી શકતો નથી.

**'અનુભવગોચર કરી શકતો નથી.'** લ્યો! શું કહે છે? આત્મા ત્રિકાળી એકરૂપ હોવા છતાં અને જ્ઞાનની પર્યાયમાં અનેકનું જાણવું હોવા છતાં એ જ્ઞાન એકરૂપે જ છે, અનેકરૂપ દશામાં જાણવાપણે થયું પણ જ્ઞાન અનેકપણાના પદાર્થપણે થયું નથી. એમ અંતરની દૃષ્ટિમાં દ્રવ્યને લઈ અને જ્ઞાનની પર્યાયમાં અનેકપણું જણાવા છતાં એ આત્માના અનુભવની પર્યાય દશા એ મારી દશા છે. એમ આત્માના લક્ષે અનુભવ કરે તો તેને અનુભવ સમ્યગ્દર્શન થાય અને અજ્ઞાની **'અનુભવગોચર કરી શકતો નથી.'** પર્યાયનું અનેકપણું જાણવાનું કાઢી નાખે તો વસ્તુને અનુભવગમ્ય કરી શકતો નથી.

**'કેવું છે જ્ઞાન?'** એમ કરીને જરી ઝીણી વાત છે. **'स्फुटम् अपि' 'પ્રકાશરૂપે જોકે પ્રગટ છે.'** શું કીધું? જરી જુઓ! જ્ઞાનનો પર્યાય પ્રકાશરૂપ પ્રગટ છે, કહે છે. આહાહા..! વર્તમાન જ્ઞાન દશામાં એ પરનું જાણવું થાય એ તો જ્ઞાનનો પ્રકાશ પ્રગટ છે. એ પોતાના અસ્તિત્વમાં એ જ્ઞાનના પર્યાયનું જાણવું થાય છે. એવા પ્રકાશના પર્યાયધર્મને ન જાણતો, અનેકપણું કલંક છે એમ કાઢી નાખવા માગે છે એને આત્માનો અનુભવ ને સમ્યગ્દર્શન થાતું નથી. માટે આ પ્રમાણે આત્મા જેવો પૂર્ણ છે, એની પર્યાયમાં અનેકપણું છે એમ જાણીને આત્માની દૃષ્ટિ કરવી એને અનુભવ કહી શકે છે, એને સમ્યગ્દર્શન થાય છે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**માગશર વદ ૩, શનિવાર તા.૧૧.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૧ પ્રવચન - ૨૬૬**

પાંચમો કળશ ચાલુ છે. ફરીને જોવું છે. એ માંહેલી જ કીધી છે, કાલે કંઈ નવી કીધી નથી. **'કોઈ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી એવો છે કે વસ્તુને દ્રવ્યરૂપ માત્ર માને છે,...'** શું કહે છે? આ આત્મા છે ને? આત્મા, એ દ્રવ્યરૂપે એક વસ્તુ છે એમ માને છે. દ્રવ્ય એટલે વસ્તુ, પદાર્થ. પણ **'પર્યાયરૂપ માનતો નથી...'** એની અવસ્થા–જ્ઞાનની જે દશા થાય છે–અવસ્થા એને માનતો નથી.

અહીંયાં તો બે વાતમાં કાલે ઘણી વાત કહેવાય ગઈ છે. પેલા બધા જરા અજાણ્યા માણસો હતા ને? 'પાલેજ'ના. કો'ક દિ' માંડ સાંભળવા આવ્યા હોય. આ આત્મા પુણ્ય-પાપવાળો માનવો એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. એ આત્મા એવો નથી એને અહીંથી કાઢી નાખ્યો. એની અહીં એવી સ્થૂળ મિથ્યાત્વની વાત જ લીધી નથી.

આત્માના સત્તાના બે અંશો–સત્તા અસ્તિત્વ વસ્તુ ત્રિકાળ રહેનારી ને એની એક સમયની પર્યાય. અહીં જ્ઞાન પ્રધાનથી કથન છે. જ્ઞાનની પર્યાય–અવસ્થા. એના બે અંશોમાં અજ્ઞાની

પેલી દ્રવ્ય ચીજને માને પણ એના જ્ઞાનમાં–વર્તમાન જ્ઞાન દશામાં અનેકપણાનું જ્ઞાન થાય છે એથી જ્ઞાનનું એકપણું રહેતું નથી માટે અનેકપણું થાય છે એ અનેકપણાને માનતો નથી, એ અનેકપણું કાઢી નાખવા માગે છે. સમજાણું કાંઈ? કાલે ઘણું કહેવાણું હતું.

મિથ્યાદૃષ્ટિ શરીર, કર્મ એ આત્મામાં નથી એ તો કાઢી નાખે બરાબર છે. સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપના વિકલ્પ જે મલિન વિકાર છે એ પણ ખરેખર એની મૂળ પર્યાયનો સ્વભાવ નથી. એ કાઢી નાખે, એ (સ્વરૂપ) નહિ, એ તો બરાબર છે. એ રાખે અને માને કે, હું આત્મા માનું છું એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. ચાહે તો જૈનમાં જન્મ્યો હોય ને જૈનમાં માને તો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? 'શશીભાઈ'!

આત્મા એની ત્રિકાળી દ્રવ્ય વસ્તુ અનંત ગુણનો પિંડ, સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે જોયેલો આત્મા અને એ આત્માનો એક સમયમાં જ્ઞાનની પર્યાયનો અંશ, કે જે અંશમાં બીજા રાગ-દ્વેષ, વિકલ્પ આદિ અનેક છે તેનું અહીંયાં જ્ઞાન થાય એવો વર્તમાન જ્ઞાનની પર્યાયનો સહજ સ્વભાવ છે. હવે જે કોઈ પુણ્ય-પાપ સહિત અને કર્મ સહિત આત્માને માને, એ એના અસ્તિત્વમાં છે એમ માને, એની પર્યાયના અસ્તિત્વમાં છે એમ માને, એના પર્યાયના અંશના હોવાપણામાં (માને), પુણ્ય-પાપ ને કર્મ એના અસ્તિત્વમાં માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને ધર્મની ખબર નથી. સમજાણું કાંઈ?

પણ આત્મા એક સમયમાં એની એક સત્તા ત્રિકાળી વસ્તુ અને એક એની વર્તમાન જ્ઞાનની પર્યાય, એવા એક સત્તાના બે ભાગ. એ માહેલો એક ભાગ ત્રિકાળીને માને. કેમ કે મારે એકપણે રહેવું છે. અને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં– અવસ્થામાં અનેકપણાનું જ્ઞાન થાય છે, જ્ઞાન, એ અનેકપણાનું અનેકપણું એને રુચતું નથી. રાગ ન રુચે, પર ન રુચે એ તો બરાબર છે. જ્ઞાનમાં એ રાગ જણાય, વિકલ્પ જણાય, દયા-દાનનો રાગ આવ્યો એનું જ્ઞાન થયું. રાગ અહીં પર્યાયમાં આવ્યો નહિ. ફક્ત જ્ઞાનની પર્યાયમાં... આ આખી વાત સૂક્ષ્મ છે, એને રાગનો કે દયાનો વિકલ્પ છે એમ જ્ઞાન થાય. એ વિકલ્પવાળો આત્મા માને તો એ વસ્તુનું સ્વરૂપ નથી. એટલે એ દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. પણ એની પર્યાયમાં રાગાદિ અનેક પ્રકારનું જ્ઞાન થાય એને અનેકપણાપણે ન માનતા ને એકપણું રાખવા એ જ્ઞાનમાં અનેકપણાનું જ્ઞાન તેને કાઢી નાખવા માગે તો પણ તે દ્રવ્યને માને છે પણ પર્યાયને માનતો નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

કહે છે કે, **'જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે,...'** એ તો વસ્તુ (જ માને છે). આ ભેદ શું વળી આ? સમજાણું આમાં? અહીંયાં સૂક્ષ્મપણે મિથ્યા અભિપ્રાયની ભૂલ અનાદિની અજ્ઞાનીને કેમ રહે છે એની વાત કરી છે. સમજાણું? આમ તો બધા એમ કહે છે, અમે ધર્મ કરીએ... ધર્મ કરીએ... ધર્મ કરીએ... પણ ધર્મ ક્યાં થાય ને ધર્મ શું છે? એની ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, અજ્ઞાની એવો આત્માના વાસ્તવિક તત્ત્વના ભાન વિના **'જ્ઞાનને નિર્વિકલ્પ...'** વસ્તુને એકરૂપ માનવાનો કામી, એકરૂપ માનવાનો કામી, આ ભંગ તો અનેકનો છે પણ અનેકની સામે પહેલો ભંગ લે છે ને? આહાહા..! સમજાણું કાંઈ? એ એકરૂપે વસ્તુમાત્ર માનવાનો કામી અને એકરૂપ આ મારી જ્ઞાનદશામાં આ અનેક કેમ જણાય? એમાંથી અનેકપણું કાઢી નાખી એકપણું જેમાં મને ભાસે એને માનનારો **'જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી;...'** સમજાણું કાંઈ? એ જ્ઞાનની વર્તમાન દશામાં જે જ્ઞેયો શરીર, વાણી, મનની ક્રિયાઓ જડમાં સ્વતંત્ર થાય અને વિકલ્પ ઉઠે વિકારનો સ્વતંત્ર, એ સંબંધી જ્ઞેયનું જ્ઞાનની પર્યાયમાં જાણવું થાય. જ્ઞેયાકાર, જ્ઞેયાકાર–જણાવા યોગ્ય વસ્તુના સ્વરૂપે પરિણતિરૂપ વર્તમાન જ્ઞાનની દશામાં એવી પર્યાયરૂપ, આત્માના ત્રિકાળી ગુણની પર્યાય વર્તમાન થાય તેને એ માનતો નથી. સમજાણું કાંઈ? 'શશીભાઈ'! કાલે નહોતા. આજે સવારે આવ્યા ને? કાલે તો 'પાલેજ'ની આખી જાન આવી હતી. એટલે એના પ્રમાણમાં (વાત આવી). કો'ક દિ' બિચારા ધંધામાંથી નીકળીને આવે એમાં ક્યાંય ધર્મ શું છે ભગવાન જાણે. એટલે કાલે એક કલાક એટલામાં આમાં જ ચાલ્યો હતો. નહિ? એ.. 'દેવાનુપ્રિયા'!

મુમુક્ષુ :– ત્રણ-ચાર દિવસથી ચાલે છે.

ઉત્તર :– ઇ તો એમાં જેટલું નાખે એટલું નીકળે. આ તો મહા સ્યાદ્વાદ વસ્તુ છે ને! ભગવાનઆત્મા...! બીજા દ્રવ્યોની અહીં વાત નથી, બીજા એના ઘરે રહ્યા. અનંત આત્માઓ, અનંત રજકણો, કાળ આદિ વસ્તુ, ધર્માસ્તિ આદિ (એ તો ક્યાંય રહી ગયા). અહીં તો કર્મ, શરીર આદિ અજીવ એને ઘરે–(એના) અસ્તિત્વમાં–એના હોવામાં એ રહી ગયા પણ અહીં જ્ઞાનની દશામાં અને જ્ઞાન સ્વરૂપે ત્રિકાળ દ્રવ્યમાં બેની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ભગવાન સર્વજ્ઞસ્વરૂપે ત્રિકાળી વસ્તુ છે. સર્વજ્ઞ એટલે જ્ઞાન સ્વભાવ જેનો, બસ! સર્વ જ્ઞાન સ્વભાવ, એ દ્રવ્ય વસ્તુ, દ્રવ્ય વસ્તુ. સર્વજ્ઞ સ્વભાવ એટલે દ્રવ્ય. એવા અનંત સ્વભાવસ્વરૂપ એક દ્રવ્ય–વસ્તુ, એને એકરૂપ માનનાર એને માને પણ એની વર્તમાન દશામાં અનેકપણાનું જ્ઞાન થાય એને એ મેલ દેખે છે. સમજાણું કાંઈ? જ્ઞાનની અવસ્થામાં અનેક સંબંધી રાગાદિનું જ્ઞાન થાય એ જ્ઞાનની અવસ્થામાં અનેકપણાનું પરિણમન થાય એને એ મેલ દેખે છે (કે) અરે..! આ શું? માટે કાઢી નાખ આને. એકલું મારે જ્ઞાન રહેવું છે. એમ જ્ઞાનની પર્યાય નહિ માનતા **'તેથી જ્ઞેયવસ્તુને જાણતાં...'** વસ્તુમાં, જ્ઞાનની દશામાં જણાય એવી વસ્તુ, હોં! જણાય એટલો જ સંબંધ બીજો કાંઈ નહિ. એ ચીજો જ્ઞાનની વર્તમાન અવસ્થા છે માટે છે એમેય નહિ અને એ ચીજો છે માટે જ્ઞાનની અવસ્થા છે એમેય નહિ. ફક્ત જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયમાં અવસ્થાનું થવું થાય એને–અજ્ઞાનીને એ અનેકપણાનું જ્ઞેયાકાર પરિણમન અશુદ્ધ ભાસે છે. એકપણે–એકાન્તે એકપણે રહેનારને જ્ઞાનની દશામાં અનેકપણાનો ભાસ (થાય) તેને એકપણે કરવા માગે છે અને અનેકપણું ટાળવા

માગે છે, તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે કે અનેકને જાણે, એને ટાળતા રહેશે શું? સમજાય છે કાંઈ? એ જ્ઞાનની પર્યાય વિનાનો થઈ ગયો તો વસ્તુ જ ન રહી. ઝીણું બહુ, હોં! 'જુગરાજજી'! આ બધા ધર્મ ધર્મ કરે છે ને માણસ ચારેકોર. અત્યારે તો વળી આત્મા ને અધ્યાત્મ-અધ્યાત્મ ચાલ્યું છે. અહીંનું અધ્યાત્મ ચાલ્યું છે ને એટલે હવે નામ તો બધા પોકારે છે. અરે..! ભગવાન! અધ્યાત્મ તો ઝીણી વાત છે, બાપા!

અધ્યાત્મ (અર્થાત્) આત્મ આશ્રયે વાત. એ આત્મા (એટલે) એક સમયમાં અનંત આનંદનો પિંડ પ્રભુ આત્મા (છે). ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરે જોયેલો કેવળી કહે છે એવો આત્મા માને પણ એની વર્તમાન દશામાં ભગવાને જોયેલું છે કે, એની જ્ઞાનની અવસ્થામાં અનેકનું જ્ઞાન થાય એવો એનો પર્યાયનો સ્વભાવ છે, સહજ સ્વભાવ છે. એ ભાવને ન માનતા એકપણું કરવા માગે છે એ મિથ્યાદૃષ્ટિ જ્ઞેયને જાણતા જ્ઞાનનું અશુદ્ધપણું માને છે. સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના પરિણામ છે તે અશુદ્ધ છે, એ નહિ. આ તો જ્ઞાનની પર્યાયમાં આ દયા-દાનનો વિકલ્પ ઉઠ્યો એના ખ્યાલમાં એ જ આવે, ખ્યાલમાં એ જ આવે. જ્ઞાનનો સ્વભાવ શું? જેવો વિકલ્પ હોય. જેવી સામે આ દેહની ક્રિયા આમ આમ થાય, જુઓ! તો જ્ઞાનની પર્યાયમાં એમ જણાય. બીજી રીતે જણાય? એ એકપણાની સ્થિતિ આમ થાય એવું અહીં જ્ઞાન થાય એને એમ લાગે છે કે, અરે..! પણ આ શું મારામાં? સમજાણું કાંઈ? શરીર, વાણી, મન, પુણ્ય-પાપની અશુદ્ધતા એ તો જુદી રહી ગઈ, એ કાંઈ આત્માનો મૂળ પર્યાયધર્મ પણ નથી તેમ એનો દ્રવ્યધર્મ તો છે જ નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું, 'ન્યાલભાઈ'! આ તો બધા ભાગી જાય એવું છે, હોં! જૈનમાં દયા પાળવી, ચોવિહાર કરવો, ધર્મ માને. એને આ બેસે વાત? (ધર્મ) કોને કહે? પણ સાંભળ તો ખરો. લીલોતરી ખાઈ શકવાની ક્રિયાનું અસ્તિત્વ જ તારા દ્રવ્યમાં પણ નથી ને તારી પર્યાયમાં પણ નથી.

અહીં તો વિકારી પર્યાયમાં એ ખાવાની ક્રિયા કે છોડવાની ક્રિયા વિકારી પર્યાયમાં નથી. છતાં આ ક્રિયા કરું ને આ કરવું છોડું એ તો દૃષ્ટિમાં મિથ્યાત્વ ભર્યું (છે) એને લઈને ભ્રમ ઉભો થાય છે. અરે..! અહીં તો ફક્ત વિકલ્પ, રાગ જે ઉઠે છે એને સંબંધી જ્ઞાનની દશાનો સ્વભાવ પ્રજ્ઞાનો છે, કે જેવું હોય એવું અહીં જાણે. એ જાણવામાં અનેકપણાનો ભાસ થતાં અજ્ઞાનીને એકપણે રહેવું છે માટે અનેકપણું એને અશુદ્ધ ભાસે છે. અનેકપણું અશુદ્ધ ભાસે છે માટે અનેકપણું એને ગોઠતું નથી. મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યને માને ને પર્યાયને માનતો નથી. આહાહા..! ભારે ભાઈ આ તો! સમજાણું કાંઈ?

**'તેથી જ્ઞેયવસ્તુને જાણતાં જ્ઞાનનું અશુદ્ધપણું માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનો દ્રવ્યરૂપે 'એક' અને પર્યાયરૂપે 'અનેક' એવો સ્વભાવ સાધે છે.–એમ કહે છે.'** સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ, ધર્મી જીવ એને કહીએ કે જેને સમ્યગ્દર્શન હોય. સમ્યગ્દૃષ્ટિ ધર્મી એવો હોય

કે તે દ્રવ્ય આત્મા વસ્તુ તરીકે એક સ્વીકારે છે અને પર્યાયમાં અનેકપણું સ્વીકારે છે. **'પર્યાયરૂપે 'અનેક' એવો સ્વભાવ સાધે છે.'**

**'पशुः ज्ञानं न इच्छति' 'पशुः' 'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ...'** પશુ એટલે ભગવાનઆત્મા એક સમયમાં દ્રવ્યરૂપે પૂર્ણ અને પર્યાયમાં અનેકપણાના જાણવારૂપે અનેક, એવું જે જાણતો નથી (અને) એકલી ચીજને માને અને પર્યાયને વ્યવહારને ન માને. હવે બીજી (વાત) આ દ્રવ્ય એકલું ત્રિકાળી તે નિશ્ચય અને પર્યાયના અંશમાં અનેકપણું જણાય પણ એ પર્યાય એ વ્યવહાર. એ..ઇ..! ઇ વ્યવહારને માનતો નથી ને એકલા નિશ્ચયને માને છે. 'જુગરાજજી'! આ વ્યવહાર, હોં! એકરૂપે ત્રિકાળ વસ્તુ છે તે નિશ્ચય. પરમ સત્ય ભગવાન અનાદિ અનંત એકરૂપે રહેનારું તત્ત્વ એ નિશ્ચય. એક સમયની દશા, જેમાં રાગ (થાય એની) અહીં અત્યારે વાત નહિ, પુણ્યની વાત નહિ, કર્મની વાત નહિ. જ્ઞાનની દશામાં અનેકપણું જણાય એવો અંશ તેને ત્રિકાળની અપેક્ષાએ એને ભેદરૂપે વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ?

પહેલાં શ્લોકમાં એમ આવ્યું હતું કે, પર્યાયને માને ને દ્રવ્યને ન માને. એ વ્યવહારને માને ને નિશ્ચયને ન માને. એ તો એકના શ્લોકમાં (આવી ગયું). આ શ્લોક તો અનેકનો છે ને? એ પર્યાયને માને ઇ બોલમાં એમ હતું. એક સમયની પર્યાય છે તે કેવી? રાગ-દ્વેષ એમેય નહિ. જાણવાનો પર્યાયનો સ્વભાવ અનેકનો છે એ પર્યાયને માને પણ ત્રિકાળી દ્રવ્યને માનતો નથી. કારણ કે, એ ચીજ શું છે એનું અંતરમાં લક્ષ કર્યું નથી. સમજાણું કાંઈ? એટલે કે વ્યવહારના અંશને વ્યવહાર સ્વીકારે પણ નિશ્ચય માનતો નથી. એ એકાન્ત મિથ્યાદૃષ્ટિ માટે કહ્યો છે. સમજાણું આમાં?

અહીંયાં કહે છે કે, નિશ્ચય માને, વ્યવહાર માનતો નથી. વ્યવહાર છે એમ માનતો નથી, હોં! વ્યવહાર સાધન છે કે ઇ અહીં પ્રશ્ન છે જ નહિ. સમજાણું આમાં? એક સમયનો જ્ઞાન પર્યાય અથવા અનંત ગુણનો ભેદરૂપ થયો ને એક અંશ? એ અંશને સ્વીકારતો નથી એટલે વ્યવહારને માનતો નથી. એકલો નિશ્ચયને માનનારો નિશ્ચયાભાસી અજ્ઞાની છે. 'વિમલચંદજી'! લ્યો! આ બીજી વાત થઈ.

આ તો સ્યાદ્વાદ સર્વજ્ઞનું અનેકાન્ત તત્ત્વ એવું સૂક્ષ્મ છે કે અન્યમાં ક્યાંય ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. આ એવી ચીજ છે, વસ્તુની સ્થિતિ એવી છે. એ નહોતું એક ફેરી કહ્યું? ભાઈ! હાથ નહોતું આવ્યું. એકફેરી કહ્યું હતું પણ ઇ તે દિ' હાથ નહોતું આવ્યું, પછી વળી હાથ આવ્યું. શરૂઆત કરતા પહેલા છે ને? આ બધા બોલો શરૂ કરે છે ને? એના પહેલા છે. મેં કીધું ક્યાંક આવ્યું હતું. અતત્‌ના બોલ ગદ્યના થઈ ગયા ને? ગદ્યના, એના પદ્ય શરૂ કરતા કહ્યું (છે), જુઓ! અહીં તત્-અતત્‌ના ભંગ એક આદિ ચૌદ ભંગોનું બતાવ્યું. એકાન્તથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે, અનેકાન્તથી આત્મા જીવતો રહે

છે. આ તે દિ' હાથ નહોતું આવ્યું. અર્થાત્ એકાન્તથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી અને સ્વરૂપમાં પરિણમતો નથી. એ કહેવું હતું. ભાઈ! (હું) પાછળનું જોવા ગયો હતો પણ આમાં પહેલા જ આ છે. ગદ્ય કહેવા પછી અને પદ્ય કહેવા પહેલા (આવે છે). તે દિ' પદ્ય પછી જોયું હતું. સમજાણું? આ વસ્તુ છે, જુઓ!

એકાન્તથી એટલે એક પક્ષના ભાવથી વસ્તુ જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે. અનેકાન્ત દ્રવ્ય અને પર્યાય આદિ, સ્વદ્રવ્ય આદિ બધા ચૌદ બોલ. તેનાથી આત્મા જીવતો રહે છે. જીવતો એટલે જેવું સ્વરૂપ છે તેવું અનુભવમાં આવે. અર્થાત્ એની વ્યાખ્યા કરી ઓલો અભાવ થાય જીવતો રહે એની વ્યાખ્યા. એકાન્તથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી. એક પક્ષે જોતા દ્રવ્ય જ છે ને પર્યાય નથી અને પર્યાય છે ને દ્રવ્ય નથી એમ જોતા તે જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી, એમ છે. સ્વરૂપમાં પરિણમતો નથી. એકાન્તે માનનારનું સ્વરૂપનું પરિણમન થતું નથી અને અનેકાન્તથી તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે અને સ્વરૂપમાં પરિણમે છે. નહોતું એક ફેરી કહ્યું હતું મેં? પણ પાછલા બોલમાં કહ્યું હતું. ચૌદ થઈ રહ્યા ને? (ત્યાં). પણ એમાં આ ન આવ્યું. પેલામાં આવ્યું (કે), તત્-અતત્ આદિ અનેક ધર્મ સ્વરૂપ પ્રત્યક્ષ... એટલું જ આવ્યું હતું, આ નહોતું આવ્યું. આ પહેલું બહુ સરસ છે! સમજાણું કાંઈ?

શું કહે છે? અનંત આત્માઓ ને અનંત રજકણો એ તો ભિન્ન રહી ગયા, એની અહીં વાત નથી. હવે એની પણ એક વાત છે એક ન્યાયે, શું (વાત છે)? કે, જ્ઞાનની એક સમયની પર્યાયમાં ઇ છએ દ્રવ્ય જણાય છે એવો પર્યાયનો ધર્મ છે, પર્યાયનો ધર્મ– સ્વભાવ છે. એ પર્યાયને ન માને તો એણે છ દ્રવ્યને માન્યા નથી. ઇ અશુદ્ધવાળો ને એમ નહિ, એના જ્ઞાનવાળો. આત્માની એક સમયની જ્ઞાન પર્યાય, એમાં છ દ્રવ્ય જાણવાનો એક સમયની જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે. એ જે પર્યાયને ન માને એટલે પર્યાયમાં અનેકપણાનું અનંત જ્ઞાન છે, એક સમયમાં, એને એ રીતે ન માને એણે છ દ્રવ્યને માન્યા નહિ, એણે પર્યાયને માની નહિ. એણે એકલું દ્રવ્ય માન્યું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. પહેલામાં એમ કહ્યું હતું કે, પર્યાયને માને પણ દ્રવ્યને ન માને પહેલાં ભંગમાં (એમ કહ્યું હતું). એક સમયની જ્ઞાન અવસ્થા કે જેનો સ્વભાવ એ પર્યાય એવડી જ છે કે છ દ્રવ્યને જાણવાપણે પરિણમે એવડી એક પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા. એ અવસ્થાને માને અને દ્રવ્યને ન માને, વસ્તુને ન માને તો એકાન્ત મિથ્યાદૃષ્ટિ થયો. આખું તત્ત્વ રહી ગયું. અને એ વસ્તુ આખીને માને પણ એક સમયની પર્યાયમાં એ છ દ્રવ્યોને જાણવાનો એક પર્યાય અનેકને જાણવાનો છે એવો એક પર્યાય અનેકપણે પરિણમવાની પોતાની પર્યાયની તાકાત છે એને ન માને ને એકલા દ્રવ્યને માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આરે..! ભારે ઝીણી વાતું! સમજાણું? સાધારણ માણસને આમાં મોં-માથું સૂઝે

એવું નથી. સૂઝે એવું આમાં જ છે. એ... 'શશીભાઈ'! સત્ય વાત, સત્યનું સ્વરૂપ જ આવું છે. સત્ સાહેબ પરમાત્મા પોતે જ એવો આત્મા છે. આહાહા..!

એક એક ભગવાનઆત્મા જેના સ્વરૂપમાં અનંતા અનંતા અનંતી શક્તિના અનંત ગુણનું અનંત સ્વરૂપરૂપ એક તત્ત્વ, એવા એક તત્ત્વને ન માને અને એકલી પર્યાયને માને તો એ છ દ્રવ્યને જાણવાના એક અંશને માન્યો પણ આ તો મોટો મહા ભગવાન, જેના એક સમયમાં આ બધું સમાય જાય. આ તો મોટો ભગવાન (છે). એક સમયમાં આટલું (જણાય). આ તો મહાન પ્રભુ (છે). સમજાણું કાંઈ? પર્યાયને માન્યો ને દ્રવ્યને ન માન્યો તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો કહે છે કે, દ્રવ્યને માન્યું પણ છ દ્રવ્યને જાણવાવાળો એક સમયનો પર્યાય, એવા પર્યાયને ન માને ને દ્રવ્યને માને તો એ વસ્તુનું સ્વરૂપ રૂપે સમજાય નહિ અને વસ્તુના સ્વરૂપનું પરિણમન યથાર્થ થાય નહિ. બે બોલ યાદ આવે ત્યારે થાય ને! વ્યાખ્યાન થયું હતું ત્યારે થઈ ગયું હતું પહેલા. સમજાણું કાંઈ? એકાન્તપણે માનનારને વસ્તુ સ્વરૂપ છે તે સમજાય નહિ અને એકાન્તપણે માનનારને વસ્તુના સ્વરૂપની સાચી પરિણતિ થાય નહિ, સમ્યક્ પરિણતિ અવસ્થા થાય નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સાંભળ્યું, વાંચ્યું હોય પણ શું કરે? સાંભળે, વાંચે તો શું થાય? ગડીયા તો (ગોખી જાય). સાંભળ્યું, વાંચ્યું એટલે ખ્યાલ આવી જતો હશે? તો તો સાંભળવા, વાંચવાને લઈને ખ્યાલ આવે એવું થઈ ગયું. કહો!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કર્યું હશે ને? કહ્યું હતું ને ઇ? સાંભળી, વાંચીને કહે કે, મને આમ ભાસે છે. એક વસ્તુ છે આખી એમ એને ભાસે. પર્યાયમાં અનેકપણું (આવે તો એમ કહે), આ શું? નહિ. પર્યાય કેવી? એક સમયનો અંશ કેવો? આ શું? એક સમયના અંશને માનનારો (એને) આખું દ્રવ્ય તો રહી ગયું. આખી ચીજ અવ્યક્ત છે. પ્રગટ અવસ્થા વ્યક્ત છે. પ્રગટ અવસ્થા એ વ્યક્ત છે એ માની. અનેક છે, છ દ્રવ્ય છે. આખી આ ચીજ શું? અવ્યક્ત (ચીજ શું)? કોણ જાણે. આમ નથી કહેતા? આ શું છે? આ ક્યાં ગયો આત્મા આવો? સમજાણું કાંઈ?

અહીંયાં બીજા બોલમાં એમ થઈ ગયું, આમ આ ચોથો બોલ છે. ભગવાનઆત્મા મહા મહિમાવાળી ચીજ તો ... પણ પાછુ આ ભંગરૂપ અંશ છે ને અંશમાં અનેક જાણે. આ શું? આ શું? આ તો બધા વિકલ્પનું (જ્ઞાન થયું). ભેદરૂપ અંશ ને અનેક જણાય એ તો વિકલ્પનું કારણ થાય, મેલનું કારણ થાય, બંધનું કારણ થાય. આવો ભેદ જાણવો હોય તો બંધનું કારણ થાય એમ માનીને અનેકપણું–જ્ઞાનની પર્યાયને માનતો નથી. સમજાણું કાંઈ?

પેલો જે છે તે (એમ માને છે કે), એક સમયની પર્યાયમાં પ્રગટ છે એને જ્ઞાનનો અંશ આ..હા..! આ છે, આ બધું છે. છ દ્રવ્યને જાણે એવી પર્યાય છે. પેલી ચીજ આખી શું છે? આમ અખંડની દૃષ્ટિ કરી નહિ. એટલે એક સમયની પર્યાયદૃષ્ટિમાં રોકાઈને દ્રવ્યને માન્યું નહિ તો અનેકાન્તરૂપે દ્રવ્ય છે એ સમજાણું નહિ અને સમજાણું નહિ તો અનેકાન્તપણે એનું પરિણમન સમ્યગ્દર્શનનું થયું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, **'पशुः ज्ञानं न इच्छति'**. **'पशुः'** આહાહા..! આચાર્યને પણ દયાનો શબ્દ છે હોં! ઇ. અરે..! ઢોર જેવા. આહા..! માણસ હોય તો વિવેક હોય. આહા..! ભાઈ! તને ખબર નથી, હોં! પ્રભુ! તું શું કહે છે? અને આવી એકાન્ત માન્યતાવાળા પશુમાં જ, પરંપરાએ નિગોદમાં જ જવાના. આહાહા..! સમજાણું? ભલે ત્યાગીમાં નામ ધરાવતા હોય, સાધુ નામ ધરાવતા હોય, શ્રાવક નામ ધરાવતા હોય પણ જેને આવી ચીજ એકરૂપે અખંડાનંદ પ્રભુ છે એની દૃષ્ટિ પર્યાયના લક્ષ સહિતની થઈ નથી એ મિથ્યાદૃષ્ટિ નિગોદના જ અધિકારી છે. એકાદ ભવ કદાચ એ વર્તમાન સ્વર્ગ આદિમાં જાય પણ એનો સરવાળો તો નિગોદ છે. એથી આ પશુ કીધો છે. નિગોદની ગતિ એ ઢોરની તિર્યંચની ગતિ છે. 'જુગરાજજી'! આહાહા..! સમજાણું કાંઈ? ચીભડાના ચોરને ફાંસી, એમ આ નથી, હોં!

ભગવાન! તારી ચીજ જે છે (એમાં) એક સમયની જ્ઞાન દશામાં અનંતા અનંતા અનંત પદાર્થોને જાણવાના જેટલો પર્યાયધર્મ એટલો જો ન સ્વીકાર તો તો એનો વ્યવહાર ભાગ, દ્રવ્યનો વ્યવહાર ભાગનો પણ સ્વીકાર ન આવ્યો. અને એટલો સ્વીકાર અને મહા પદાર્થ નિશ્ચય મહા પદાર્થ, જેના એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના છ દ્રવ્ય જણાય એવો મહાન પદાર્થ ભગવાનને ન માન તો એકાન્ત મિથ્યાદૃષ્ટિ થતાં આ વસ્તુની સ્થિતિની સમજણ સાચી ન થાય, એથી વસ્તુનું સમ્યક્‌પણે પરિણમવું ન થાય. શું કહે છે?

એક કલાક સાંભળ્યા પછી પૂછે, સમજ્યા કાંઈ? એ... 'ચીમનભાઈ'! તમારા મોટા સાળાને પૂછ્યું હતું. એકેય કાંઈ સમજાણું નથી. પણ આખો દિ' મજૂરી કરી હોય, મજુર મોટા રળવું... રળવું... રળવું... નવરા ન મળે ને ધર્મને નામે ગયા હોય તો સાંભળે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, મિચ્છામિ દુક્કડમ, લ્યો! આવું સાંભળ્યું હોય. એ.. 'તારાચંદભાઈ'! પણ જીવ કોને કહેવો, જીવની પર્યાયમાં મૃત્યુ કોને થાય, કઈ રીતે થાય, જીવતો જીવ કોને કહેવો એની ખબરું વિના (ધર્મ ક્યાંથી થયો)?

અહીં તો કહે છે કે, એક સમયની અવસ્થામાં અનંત અનંત પદાર્થને જાણવાનો પર્યાયનો સ્વભાવ (છે) એને ન માન તો એણે આત્માના વ્યવહાર આત્માને મારી નાખ્યો. સમજાણું કાંઈ? અને એવી એક સમયની પર્યાયમાં અનંતા દ્રવ્ય જણાય એટલી તાકાતવાળી પર્યાયને માને પણ ભગવાન આખો તો એનાથી અનંત ગુણી કોઈ બીજી ચીજ મહાન (છે) એને ન માને તો આખા દ્રવ્યના જીવતરનો એણે નાશ કર્યો. આહાહા..! શબ્દ એવા પણ આવે

છે ને? જીવતો મારી નાખ્યો, એમ આવે છે ને હિન્દીમાં? હિન્દીમાં ગદ્યમાં. સમજાણું કાંઈ? આમ વસ્તુ છે.

અરે..! એના ખ્યાલમાં તો લે, એ વાતના કોઈ દિ' ખ્યાલ પણ કર્યા નથી. મહાન પદાર્થ મોટો, જેના જ્ઞાનની એક દશાના અંશમાં જેને ત્રણકાળ, ત્રણલોક જણાય જાય. એના એક ગુણના એક અંશમાં (જણાય), એવા અનંત ગુણનો આખો પિંડલો પ્રભુ દ્રવ્ય. આહાહા..! સમજાય છે કાંઈ? જેને એક સમયની અવસ્થાની કબુલાત થાય તે પુણ્ય-પાપવાળી, ફલાણાવાળી એમ નહિ, એક સમયમાં આટલું જાણવાની આટલી કબુલાત થાય તોપણ ત્રિકાળી દ્રવ્યની કબુલાત ન આવે તો દ્રવ્યનું સ્વરૂપ જેવું છે તેવું એની સમજણમાં ન આવતા તેને સમ્યગ્દર્શનનું સ્વરૂપ પરિણમે નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં (આ) ભંગમાં તો કહે છે કે, ભાઈ! તું કદાચિત એકદમ મોટો ચડી જાય કે, ઓહોહો..! વસ્તુ... વસ્તુ... વસ્તુ... તો એકરૂપ... એકરૂપ... એકરૂપ... હોય. એવી તને દૃષ્ટિ થઈ હોય પણ વર્તમાન જ્ઞાનમાં અનંતા જાણવાની તાકાતનો અંશ છે એને ન કબુલ તો એ વ્યવહારનો નાશ થતાં નિશ્ચયનો નાશ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આ વ્યવહાર ને નિશ્ચયની વાત છે, ભાઈ! આહાહા..! અરે..! ક્યાંની ક્યાં તકરારું (કરે). બહુ થયું, પ્રભુ! તારે માટે તો બહુ થયું, ભાઈ! તું આવડો મોટો! અરે..! તારી વાતું કરતા ભગવાન પણ પહોંચી ન શક્યા.

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**

સર્વજ્ઞ ભગવાનની પર્યાય પ્રગટીને વાણીમાં આવું પૂરું ન આવે તો જેને અજ્ઞાન દશા વર્તે એ તે વાણી એની કેવી હોય? કહે છે. એ વાણીમાં તો એના તત્ત્વનો અંશ પણ આવે નહિ.

**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**

આગળ વધતા વધતા લઈ ગયા. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, અરે..! તે **'पशुः ज्ञानं न इच्छति'** અરે..! એકાન્ત માનનારો **'જ્ઞાનમાત્ર જીવવસ્તુને સાધી શકતો નથી – અનુભવગોચર કરી શકતો નથી.'** પર્યાયમાં અનેકપણું ન માને... સમજાય છે? અને એકલો દ્રવ્ય માને તો પરિણતિ જ થઈ શકે નહિ. જ્ઞાનની પરિણતિ જ થઈ શકે નહિ. કારણ કે, પરિણતિમાં જ અનેકપણાનું જ્ઞાન છે. અનેકપણાની જ્ઞાન પરિણતિ જ એકપણાને પહોંચી વળે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ વિશ્રામનું વાક્ય છે.

જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા એને **'સાધી શકતો નથી–અનુભવગોચર કરી શકતો નથી.**

**કેવું છે જ્ઞાન?' 'स्फुटम् अपि' 'પ્રકાશરૂપે જોકે પ્રગટ છે.'** ભગવાન વસ્તુ તો પ્રગટ પ્રગટ છે અને એમાં જ્ઞાનનો પર્યાય પણ અનેકને જાણવારૂપે વ્યક્ત-પ્રગટ છે. સમજાણું? છતાં એક સમયની પર્યાયનું પ્રકાશપણું એક સમયમાં જ્ઞાન જ્યોતિના પર્યાયરૂપે પ્રગટ છે, વ્યક્ત છે, પ્રગટ છે જેમાં અનેકપણું જણાય છે.

**'કેવો છે એકાન્તવાદી?' 'प्रक्षालनं कल्पयन्' 'કલંક ધોઈ નાખવાનો અભિપ્રાય કરે છે.'** અરે...! આ અનેક કેમ જણાય? એ અનેક જાણવું (એને) કલંક માને છે. સમજાણું? અરીસામાં વિષ્ટા ને કોલસા તો બહાર રહી ગયા. (આમ જોવે તે કહે) શું છે? ન્યાં ક્યાં વિષ્ટા છે? બહાર આમ ઢગલો વિષ્ટા દેખાય ને? એ તો અરીસાની અવસ્થા છે. નાક મરડે. પણ શેનું નાક મરડે છે? શું થઈ ગયું તને? ન્યાં વિષ્ટા છે? ઇ તો અરીસાની સ્વચ્છ અવસ્થા ભાળે છે પણ પેલી બહારની નાક સંકોચવાની ટેવ પડી ગઈ ને (એટલે) આમ ભાળે ત્યાં ઉં..હું.. (કરે). સમજાણું કાંઈ? એમ બીજી ચીજની દુગંછા આવતા એક પર્યાયમાં અનેકપણું ભાસ્યું એની એને દુગંછા આવે છે. પર્યાયમાં દુગંછા આવે છે. અનેકપણાની-અનેક બહારની ચીજ(ની) ભલે દુગંછા (આવે) પણ એ અનેકપણું રહી ગયું બહાર અને એની પર્યાયમાં તો અનેકને જાણવારૂપે એનું પોતાનું સહજ પરિણમન થયું. (તો) એની એને (દુગંછા આવે છે કે) અનેક કેમ? હું તો એકલો હોઉં, અનેક કેમ? હું એકલો હોઉં. એનાથી આંખો મીંચવા માગે છે. સમજાણું કાંઈ? હું એકમાં બે કેમ? આ અનેક કેમ? પણ તું એક જ છો, સાંભળને! આહાહા..! સમજાણું કાંઈ?

એ જ્ઞાનનો પર્યાય જણાય છે એ તો તારી જ્ઞાન અવસ્થાનો અંશ જણાય છે, પેલી ચીજ નથી જણાતી. આહાહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનની વર્તમાન દશામાં અનેકપણાનું જ્ઞાન (થાય) તે તો તારો અંશ પર્યાય તે જણાય છે. એની એને દુગંછા (આવે છે). એકપણે રહેવા માગે છે ને (એટલે) અનેકપણાના જ્ઞાનની એને દુગંછા લાગે છે એટલે એને કલંક લાગે છે, એમ. કાઢી નાખો.

કેટલાક એવા હોય છે ને? અમુક વાત થાતી હોય તો ઉં..હું.. (કરે). તો શું છે પણ તને? વાત સાંભળવામાં, જ્ઞાનમાં શું ગરી ગયું વાતમાં? સમજાણું કાંઈ? એ... 'ન્યાલભાઈ'! એ વાત આવે ને કો'ક કો'ક? તો ઉં..હું.. (કરે). શું છે? ગાંડો થયો, શું થયું પાગલ? વાત શબ્દો એ તો જડની પર્યાય છે. એ તો તારી જ્ઞાન પર્યાયમાં જણાય છે. એમાં તારે જાણવાનો નકાર કરીને આંધળુ થાવું છે? શું કરવું છે તારે? સમજાણું કે નહિ?

પેલા હતા ને? ભાઈ! સ્ત્રીને દેખે તો આંખ ફોડી નાખ. એ આંખનો શું વાંક છે? આ તો જડ છે. અને જ્ઞાનની પર્યાય જે અવસ્થા છે એમાં તો અનેક જણાય એ તો એનો પર્યાયધર્મ છે. એ પર્યાયધર્મને તારે બીડી દેવી છે? આંધળી કરવી છે? શું કરવું છે તારે? સમજાણું કાંઈ? આમ સ્ત્રી દેખાય એ તો રાગ ભાવે જોવી નહિ, એમ છે. પણ જ્ઞાનમાં

જણાય એમાં દોષ ક્યાં આવી ગયો? આહાહા..! શું કીધું? આમ સ્ત્રી અને એના અવયવ (જોવે). તો શું છે? શું છે? ખબર છે તને? ઇ દેખાય છે? એ તો તારા જ્ઞાનનો પર્યાય દેખાય છે, જ્ઞાનનો પર્યાય જણાય છે. શેની દુગંછા તને આવી? સમજાણું? એ તો જ્ઞેય છે. જ્ઞેયાકારે પરિણમેલું જ્ઞાન જણાય છે. ઉં..હું..હું.. (કરે). શું થઈ ગયું પણ (તને)?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બાધા જ છે એને આત્માની, આત્મા સમજવો નહિ એની બાધા છે એને. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! ભગવાને સાત વાડ પાળવાનું કીધું છે ને? પણ સાંભળ, એ તો રાગની અપેક્ષા છોડવાની અપેક્ષાએ વાત છે. એને જાણવું એમાંય રાગ આવી જાય છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો કીધું ને! જ્ઞેયાકાર પરિણતરૂપ જ્ઞાનની પર્યાય છે. સમજાણું કાંઈ? પણ એવો ગૃદ્ધિ ભાવ થઈ ગયો હોય ને! કે, એને આમ જોતા એને આમ થાય કે, અર..ર..ર..! શું છે પણ? કેવળજ્ઞાનીની પર્યાય ત્રણકાળ ત્રણલોકને દેખે છે, લે! સમજાણું કાંઈ? એ વિષય ભોગની વાસનાના વિકલ્પની જાત કેવી છે એને ભગવાન જાણે છે. અને એના અવયવોના શરીરના એક એક રજકણની પર્યાય ભગવાનના જ્ઞાનમાં જણાય છે. જાણવું એ દોષ થઈ ગયો? 'શશીભાઈ'!

જ્ઞાનનો પર્યાય જાણે એ તો એનો સ્વભાવ છે. એ પર્યાયમાં અનેકપણું જણાય જાય છે એને ભાઈસાહેબને ગોઠતું નથી. કાઢી નાખ. કાઢી નાખીને શું (કરવું છે)? અરીસામાંથી વિષ્ટા ને કોલસા દેખાય એને કાઢવા માંગ તો અરીસો ચાલ્યો જશે. સમજાણું કાંઈ? બહુ ભાઈ! આ તો સર્વજ્ઞ ભગવાનનું અનેકાન્ત તત્ત્વ એવું સૂક્ષ્મ ને અલૌકિક છે. સૂક્ષ્મ અને અલૌકિક પાછું બેય. આહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'એકાન્તવાદી?' 'प्रक्षालनं कल्पयन्'** આ મારા પર્યાયમાં આ બધું શું જણાય? એ બધું ક્યાં જણાય છે? બાપુ! તને તો જ્ઞાનની પર્યાય જણાય છે. પણ આ પર્યાયમાં એકરૂપ નહિ ને અનેક શું? એ અનેકપણું પરિણમવું એ તો જ્ઞેયાકાર પરિણમવાનો જ્ઞાનનો પર્યાય સ્વભાવ છે. પ્રકાશ સ્વભાવ શું ન પ્રકાશે? પ્રકાશ સ્વભાવ શું ન પ્રકાશે? કે, પ્રકાશ એ તો પર્યાય પોતાની થઈ છે. એ અજ્ઞાનીને કલંક લાગે છે. સમજાણું કાંઈ? કાનમાં લાકડા નથી નાખતા? સાંભળતા લાકડા નાખે. પણ સાંભળવું એ તો જ્ઞેય છે. એ તો જ્ઞાનની પર્યાયનો જાણવાનો સ્વભાવ છે. લાકડા અહીં નાખીને શું કરવું છે પણ તારે? પર્યાયમાં તેં લાકડા નાખ્યા મિથ્યાત્વના.

એક આવ્યો હતો ને? એમ.એ. ભણેલો, હોં! 'પાલનપુર'નો. એમ. એ. ભણેલો, હોં! (સંવત) ૧૯૯૦ ની સાલમાં આવ્યો હતો. હોશિયાર માણસ, જુવાન માણસ ૩૫ વર્ષનો.

... પહેરેલું. થોડા મગ ખાય. અરે..! પણ તમે શું કરીને આવ્યા? તમારી સાથે વાતચીત કરવી છે. આ તત્ત્વ તે કંઈ આવા છે? હઠ કરીને બોલવું નથી. પણ બોલવું ને ન બોલવું એ તો જડની ક્રિયા છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાય એ વખતે એવી જ જાણવાની હોય. જે બોલવાની ભાષા હોય એવું જ જ્ઞાનની પર્યાયને જાણવાનું આવે. તો શું કાઢી નાખવું છે તારે એ જાણવાનું? સમજાણું આમાં? આહા..! મિથ્યાત્વના સૂક્ષ્મ શલ્ય કેમ રહે છે એના કણની આ વાત કરે છે. સમજાણું આમાં?

કહે છે, કે અરે..! **'प्रक्षालनं कल्पयन्'** પ્રભુ! તું ચૈતન્યનો ડુંગરો પ્રભુ દ્રવ્ય છો ને! દ્રવ્ય તારે માનવું છે અને એ જ્ઞાનના અંશનો આખો અંશી માનવો ને અંશની દશાને માનવી નહિ અને એ અંશમાં અનેક જણાય તેને ધોઈ નાખવા માગે છો. સમજાણું કાંઈ? લુગડામાં કાળો, ધોળો રંગ હોય તો ધોવે પણ ધોળા રંગને ધોઈને કરવું છે શું તારે હવે? આ ડાઘ-બાગ પડે છે ને શાકના? આ શાકનો નથી પડતો? પછી ફટકડી લગાડે, સાબુથી આમ લાલ થઈ જાય, વળી આ તડકે ત્યાં સુકાઈ જાય. આ ગયું પણ આ ધોળુ કાંઈ જાતું નથી. પણ ધોળો તો એનો પર્યાયધર્મ છે. એમ જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા એની વર્તમાન જ્ઞાનની દશામાં અનેકને, અનેકપણે જ્ઞેય છે તેને પોતાપણે પરિણમીને જાણવું, પોતાપણે જાણવું આ પર્યાય છે. એવો ધર્મ એને પ્રક્ષાલન કરીને ધોઈ નાખીને શું કરીશ? કહે. ધોળાને ધોઈને શું રહેશે? અરીસાને ધોઈને શું રહેશે? અરીસામાં દેખાય, વિષ્ટા ને પેલું દેખાય ને? વિષ્ટા નથી કંઈ અરીસાની અવસ્થા છે. ધોઈ નાખીએ. (તો) રહેશે શું પણ? આહાહા..! સમજાણું કાંઈ? 'શશીભાઈ'!

કહે છે, **'ज्ञेयाकारकलङ्कमेचकांचति'** **'જેટલી જ્ઞેયવસ્તુ છે, તે જ્ઞેયને જાણતાં થયું છે તેની આકૃતિરૂપ જ્ઞાન, એવું જે કલંક, તેના કારણે અશુદ્ધ (મેલી) થઈ છે–એવી છે જીવવસ્તુ,...'** એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આહા..! ભગવાનઆત્મા એક સમયની પર્યાયમાં અનેકપણાને જાણવાનો પર્યાય (થાય) તેને અજ્ઞાની કલંક માની, મેચક માની, મેલો માની એવી વસ્તુને માને છે પણ વસ્તુ એવી માને છો એમ નથી. કલંક નથી, એ તો જ્ઞાન પર્યાયનો ધર્મ છે, અંશરૂપનો એવો સ્વભાવ છે. આટલા અંશમાં આવડું કેટલું? એકરૂપ કેમ નહિ? પણ એકરૂપ ન રહેવું ને જ્ઞાનમાં જ્ઞેયના પરિણમનપણે પરિણમવું એવો એનો સ્વભાવ છે. એવી વસ્તુને અજ્ઞાની માનતો નથી.

**'ભાવાર્થ આમ છે કે – જ્ઞેયને જાણે છે જ્ઞાન, તેને એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવ માનતો નથી,...'** દેખો! સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનની (એક) સમયની પર્યાયમાં જ્ઞેયને જાણે. એવું જાણતા **'જ્ઞાન, તેને એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ સ્વભાવ માનતો નથી,...'** એ સ્વભાવ આવો હોય? અનેકને જાણવું સ્વભાવ હોય? અરે..! અનંતને જાણવું સ્વભાવ હોય, સાંભળને! અહીં અનેક એટલે અનંત કહેવું છે. એ અનેક એટલે બેથી માંડીને

અનંતને અનેક કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક સમયમાં અનંતને જાણે એ તો જ્ઞાનનો પર્યાય સ્વભાવ સહજ ધર્મ છે. આહા..! આટલી કબુલાત ન આવે અને આખું દ્રવ્ય મોટું મોટું.. ઓહોહો..! એમ માને, એને કહે છે કે, મિથ્યાદષ્ટિને વસ્તુની સાચી સમજણ નથી. સમજણ નથી એટલે સમ્યક્‌રૂપે વસ્તુ પરિણમશે નહિ, મિથ્યારૂપે પરિણમશે. આહાહા..! સમજાણું કાંઈ? જીવની દયા આને કહેવાય છે અને જીવની હિંસા આને કહેવાય. એટલે? ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ વસ્તુ અને એક સમયમાં જ્ઞાનની અવસ્થા અનંતને જાણે એ રીતે પર્યાયને માને અને વસ્તુને ત્રિકાળી જાણે એણે આત્માના જીવની દયા એટલે જેવો છે તેવો રાખ્યો. એણે જીવની પોતાની દયા પાળી, પરની તો કોણ પાળી શકે છે? કહો 'જુગરાજજી'! પોતાની કરે, બીજા પરની કોણ કરી શકે છે? કરી શકે કોણ ત્રણકાળમાં? પરજીવની દયા પાળે કોણ ને હિંસા કરે કોણ? એ તો સ્વતંત્ર પદાર્થ છે. એની પર્યાય એનાથી થાય એને કરે કોણ બીજો? સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ!

કહે છે, અજ્ઞાની એ અનેક જ્ઞેયને જાણવાનો પર્યાયસ્વભાવ... એ જાણવાની વાત, હોં! પરને (પોતાના) માનવાની વાત નથી. પરને મારું માને એ તો મિથ્યાદષ્ટિ મૂઢ (છે) એની તો વાત અહીં અનેકાન્તમાં લીધી નથી. સમજાણું? એ તો કાલે ઘણી વાત કરી હતી. મારો જ્ઞાન પર્યાય, જ્ઞાનની પર્યાય પરિણમે છે ને? પરિણમે છે તો પરને પણ પરિણમાવે. એકરૂપ પર્યાય રહેતો નથી તો એકરૂપ નહિ રહેનારો બીજાને પણ એકરૂપે ન રહે એમ પરિણમાવે. ના, એ તો ત્રણકાળમાં બને નહિ. સમજાય છે કાંઈ? અને અનંત જ્ઞેયો છે માટે ભિન્ન ભિન્ન કાળે પરિણમતા ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે ને? એટલે મારો પર્યાય પણ એ જ પ્રકારે ભિન્ન ભિન્ન થાય માટે એને કારણે અહીં જ્ઞાન પરિણમે છે (એમ માને છે) એ મૂઢ છે. એમ પણ નથી. પણ જ્ઞાનનું અનંતપણે પરિણમવાનો જાણવાનો પર્યાય એનો ધર્મ છે એમાં અનંતપણાને કાઢી નાખવા માગે તો એ વસ્તુનું સ્વરૂપ એમ નથી. માટે એની દષ્ટિમાં મિથ્યાત્વ આવતા એને સમ્યક્‌નું (પરિણમન નહિ થાય). સ્વરૂપની સમજણ થશે નહિ ને સ્વરૂપપણે પરિણમશે નહિ.

**'એકાન્તવાદીનો અભિપ્રાય આવો કેમ છે?'** જુઓ! હવે કહે છે. આમ માનનારના અભિપ્રાયને આમ કેમ આવ્યું? આવી ભૂલ કેમ આવી? કે, **'एकाकारचिकीर्षया'** આ એનો ઉત્તર આપે છે. **'કેમ કે સમસ્ત જ્ઞેયના જાણપણાથી રહિત થતો થકો નિર્વિકલ્પરૂપ જ્ઞાનનો પરિણામ...'** એટલે શું? એકરૂપે પરિણમન કરવા માગે છે. આ અનેકપણું થાય છે એ પરિણમનને કરવા માગતો નથી. એક આકાર એટલે જ્ઞાનની પર્યાયમાં એકરૂપે રહેવા માગે છે અને એકરૂપે રહેવું એવો પર્યાયનો ધર્મ છે જ નહિ. સમજાણું કાંઈ? આ શ્લોકો તો ભાઈ! આ વ્યાખ્યાનમાં તો પહેલાં-વહેલાં વંચાય છે. આ કળશ છપાણા છે પહેલા ને? હવે

એકત્રીસ એકત્રીસ વર્ષ થયા હવે તો કાંઈક એને સમજવાની તૈયારી તો રાખતા હશે કે નહિ?

કહે છે, એ તારી જેટલી પુંજી અંશવાળી ને જેટલી અંશીવાળી (છે) એ રીતે બેની જ્યાં સુધી યથાર્થ દૃષ્ટિ ને જ્ઞાન ન થાય ત્યાં સુધી વસ્તુ જેવી છે એવું એને પરિણમન ન થાય. સમજાણું કાંઈ? હવે વસ્તુ જ એવી છે, કે એક સમયમાં ભગવાન પૂર્ણાનંદ, પૂર્ણ જ્ઞાન અને એક સમયની પર્યાયમાં અનંતને જાણવું એવી (પર્યાય). હવે એ એક સમયના પર્યાયને અનેકને જાણવું (થાય છે) એને એકાકાર કરવા માગે છે. એક સ્વરૂપ (કરવા માગે છે). અનેક જાણવું તેને એકરૂપે કરવા માગે છે. જ્ઞાનની પર્યાયમાં અનેક જણાવું (થાય છે) તેને એક કરવા માગે છે. આ કારણે એ ભૂલી ગયો છે, વસ્તુને ભૂલી ગયો છે. સમજાણું કાંઈ? એ.. 'ચીમનભાઈ'! તમારે ન્યાં પેલામાં કાંઈ આવતું ન હોય, આવે આ? બધા ગપેગપ ચાલતા હોય. આ માનવું ને આમ કરવું ને આ કરવું. ... ને? શું કહેવાય તમારે? આ તો ઝીણા ઝીણા માપ છે આખા. આહાહા..!

ભાઈ! વસ્તુ જેવી છે તેવું જ્ઞાન થવું જોઈએ કે નહિ? જ્ઞાનનો અર્થ શું છે? પ્રતિભાસ. શેનો? કે, જેવી ચીજ તેનો અંદર ભાસ થવો. ત્યારે વસ્તુ વસ્તુરૂપે અખંડ એકરૂપ છે અને જ્ઞાન પર્યાયમાં અનેકનું જાણવું તે એનો પર્યાયધર્મ છે. એ રીતે જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી વસ્તુને જ્ઞાનમાં યથાર્થ લીધી નથી. સમજાણું કાંઈ? પરને જાણવું અહીં ન રહ્યું. અહીં તો પર સંબંધીનો પોતાનો પર્યાયનો ધર્મ એને જ્ઞાનમાં આવ્યો. આહાહા..!

કહે છે, '**एकाकारचिकीर्षया**' એ '**સમસ્ત જ્ઞેયના જાણપણાથી રહિત થતો થકો...**' એટલે શું? એકાકાર કરવા માગે છે. શબ્દ તો એટલો લેવો છે, '**एकाकारचिकीर्षया**'. હવે એને વિશેષ સમજાવવા માટે (કહે છે), '**સમસ્ત જ્ઞેયના જાણપણાથી રહિત થતો થકો...**' એટલે? ઘણા જ્ઞેયને જાણવાનું જે પર્યાયમાં અનેકપણું છે એનાથી રહિત થતો થકો. નાસ્તિથી વાત લીધી. '**નિર્વિકલ્પરૂપ જ્ઞાનનો પરિણામ...**' જ્ઞાનને એકરૂપે કરવા માગે છે. અનેકપણાથી ખસીને એકપણે કરવા માગે છે. સમજાણું આમાં? છે તો જ્ઞાનના પરિણામ પાછા અહીં લીધા છે.

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ વસ્તુ એની એક સમયની પર્યાયમાં '**एकाकारचिकीर्षया**' '**एकाकारचिकीर्षया**'નો અર્થ પહેલો નાસ્તિથી કર્યો કે, અનેકપણાથી હટીને એકપણું કરવા માગે છે. આહા..! સમજાણું? '**જ્ઞાનનો પરિણામ...**' '**चिकीर्षया**' '**જ્યારે થાય ત્યારે જ્ઞાન શુદ્ધ છે,...**' આવું જ્ઞાન થાય તો શુદ્ધ થાય એવો અભિપ્રાય અજ્ઞાની રાખે છે. આહાહા..! તત્ત્વ તે તત્ત્વ છે ને? સમજાણું? '**એવો છે અભિપ્રાય એકાન્તવાદીનો.**' એ માટે આમ કરવા માગે છે કહે છે. જ્ઞાનના પર્યાયમાં અનેકપણું છે તેને દૂર કરી એકાકાર '**चिकीर्षया**' એકપણું કરવા માગે છે. સમજાણું? '**જ્યારે થાય ત્યારે જ્ઞાન શુદ્ધ છે,...**' એમ કરવા માગે છે. સમજાણું કાંઈ?

આ બધી કેટલીક વાત તો કેટલાકને નવી લાગશે, હોં! પણ શું છે આમાં? આપણું

જૈનપણું શું આવ્યું આમાં? છ કાયની દયા ને ચોવિહાર ને કંદમૂળ ન ખાવા, ઇ ક્યાં આવ્યું આમાં? અરે..! સાંભળ તો ખરો! કોણ પરને ખાય ને કોણ ન ખાય, એની વાત જ ક્યાં છે અહીં આત્મામાં? એ..ઇ..! આ બધા ભાઈ! જુના છે મારે ત્યાં, મોટા સ્થંભ. આવી ક્યાંથી માંડી? જૈનની વાત હશે આ? ન્યાં તો એમ માને છ કાય ન મારવા, આમ ન મારવા, એકેન્દ્રિયના અનંતા જીવ છે, નિગોદમાં જીવ છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. એને મારી નાખું એવો અભિપ્રાય છે ને આને મારી શકું છું એ જ મોટું પાપ છે. અને જીવાડી શકું એવો તારો ભાવ–અભિપ્રાય છે એ જ મોટું પાપ છે. આહાહા..!

અહીં તો કહે છે કે, જ્ઞાનની પર્યાયમાં અનેકપણું (જણાય), આ અનંત જીવ જ્ઞેય છે, અનંત નિગોદ છે એમ જણાણું જ્ઞાન એ અનેકપણામાંથી એકપણું કરવા માગે છે એ જ આ મિથ્યાદષ્ટિ જીવની પર્યાયનો નાશ (કરે છે).

**માગશર વદ ૪, રવિવાર તા.૧૨.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૧ અને ૨૫૨. પ્રવચન - ૨૬૭**

'સમયસાર કળશ' 'સ્યાદ્વાદ અધિકાર' ૨૫૧ મો કળશ છે, ૨૫૧ ચાલે છે. આમ પાંચમો શ્લોક, વચમાં આવ્યું છે. જુઓ! **'એવો છે અભિપ્રાય એકાન્તવાદીનો.'** ત્યાં આવ્યું છે. **'તેના પ્રતિ 'એક-અનેકરૂપ' જ્ઞાનનો સ્વભાવ સાધે છે સ્યાદ્વાદી સમ્યગ્દષ્ટિ...'** શું કીધું? આ આત્મા વસ્તુએ એક છે. આ સ્વ તત્ત્વની અપેક્ષા ચાલે છે. એક વસ્તુ દ્રવ્યે એક છે અને એના જ્ઞાન પર્યાયમાં અનેક ચીજો જણાય એવો પર્યાયનો સ્વભાવ–ધર્મ છે. એક વસ્તુ એકાકાર દ્રવ્ય છે, એક જ વસ્તુ છે એમ માનીને પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થતાં એ મેલ છે, અશુદ્ધતા છે (એમ અજ્ઞાની માને છે). એકપણું જ્ઞાનનું કરવા માગે એમાં જ્ઞેયોનું અનેકપણાનું જ્ઞાન (થાય) એને કાઢી નાખવા માગે છે એ મિથ્યાદષ્ટિ એકાન્તી અનેક જ્ઞાનનો પર્યાય ધર્મ છે એને માનતો નથી. શું કીધું ઝીણું? પરની સાથે અહીં કાંઈ સંબંધની વાત નથી.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– બીજે ક્યાંક સંબંધ આવે વ્યવહારથી. આસ્રવનું તત્ત્વ એની પર્યાયમાં છે. સમજાય છે? જીવ દ્રવ્યની વ્યાખ્યા કરવી હોય, જીવ દ્રવ્ય. છ દ્રવ્ય તરીકે (વ્યાખ્યા કરવી હોય) તો પાંચ દ્રવ્ય કાઢી નાખીને જીવ દ્રવ્યમાં પુણ્ય-પાપ, આસ્રવ સહિતનું દ્રવ્ય એને જીવદ્રવ્ય કહેવાય. સમજાણું કાંઈ?

અહીં તો તત્ત્વની–નવ તત્ત્વની વ્યાખ્યાની વાત છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વમાં આ

જ્ઞાયક સ્વરૂપ જે ચિદ્‌સ્વરૂપ આત્મા એની પર્યાયમાં–જ્ઞાનની પર્યાયમાં એ આસ્રવ આદિના વિકલ્પોનું જ્ઞાન વર્તે અને તેથી તે જ્ઞાનનો પર્યાય અનેકરૂપ પરિણમવાનો એનો સ્વતઃ પોતાને કારણે (સ્વભાવ ધર્મ છે). એ અનેક છે–રાગાદિ અનેક છે માટે જ્ઞાનમાં અનેકપણું થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે કે, અનેક જ્ઞેયોને (જાણતા) પોતે જ્ઞેયાકારરૂપે પરિણમવાનો સ્વતઃ સ્વભાવ છે. એને ન માનતા આ શું દેખાય છે? આ બધું દેખાય છે તે જ્ઞાનનો પર્યાય પણ એમાં આ દેખાય છે ને આ રાગ છે ને આ છે એમ જાણીને એને અનેકપણાનું જ્ઞાન (થાય છે તેને) મેલ કલ્પે છે. જ્ઞાન એકપણું રાખવા માગે છે ને અનેકપણાનું જ્ઞાન (થાય) તેને મેલ કલ્પે છે. સમજાણું કાંઈ? તેથી તે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન (થાય છે) એ રીતે આત્માને સાધી શકતો નથી. એટલે આત્માનો અનુભવ કરી શકતો નથી. તેના પ્રત્યે હવે કહે છે.

**'એક-અનેકરૂપ' જ્ઞાનનો સ્વભાવ સાધે છે સ્યાદ્વાદી સમ્યગ્દષ્ટિ જીવ...'** ત્યાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? **'अनेकान्तविद् ज्ञानं पश्यति' 'अनेकान्तविद्' 'સ્યાદ્વાદી જીવ...'** અનેકાન્તની વ્યાખ્યા સ્યાદ્વાદી કરી, જોયું? નહિતર અનેકાન્ત (એટલે) તો દ્રવ્યરૂપ એક અને પર્યાયરૂપ અનેક, એવું અનેકાન્તપણું અહીં સિદ્ધ કરવું છે. એ અનેક એનું સ્વરૂપ જ એવું છે. વસ્તુ તરીકે દ્રવ્ય એક, જ્ઞાનની પર્યાયમાં અનેક એવી વસ્તુ. એક-અનેક. એક છે તે પર્યાયે અનેક છે ને અનેક છે પર્યાયે તે દ્રવ્યે એક છે. એમ અહીંયાં અનેકાન્ત તો એનો સ્વભાવ છે. એને અહીંયાં સ્યાદ્વાદ જીવ તરીકે લીધો છે.

સ્યાદ્વાદી એટલે અપેક્ષાએ માનનારો એમ લેવું છે. સમજાણું કાંઈ? નહિતર સ્યાદ્‌ એટલે કથંચિત્‌, વાદ એટલે કહેવું. આમ વસ્તુએ એક છે, પર્યાય અનેક (છે) એમ વાદ એટલે કથનમાં કહેવું. અહીં તો સ્યાદ્વાદ એટલે વસ્તુ એક સ્વરૂપે ભગવાન પૂર્ણાનંદ એક દ્રવ્ય છે, પર્યાયમાં અનેકપણાના જ્ઞાનપણે અનેક છે. એવું સાધનારને અનેકાન્તનો જાણનાર કે એને સ્યાદ્વાદી કહેવામાં આવે. સમજાણું કાંઈ? જુઓ! અહીં તો **'अनेकान्तविद्'**ને સ્યાદ્વાદી જીવ કીધો છે.

એ **'જ્ઞાન અર્થાત્‌ જ્ઞાનમાત્ર જીવવસ્તુને સાધી શકે છે...' 'पश्यति'** એટલે જ્ઞાન ચૈતન્ય વસ્તુ હું મહાન પદાર્થ છું. એ વસ્તુએ એક છે પણ તેનો એક વર્તમાન જ્ઞાનનો પર્યાય અનેકપણાને–જ્ઞેયને જાણવારૂપે પરિણમ્યો એ પણ મારો અંશ છે. અનેકપણે પરિણમવા છતાં હું જ્ઞાન ફીટીને રાગ ને પર થયો નથી. સમજાણું કાંઈ? અનેકપણે જ્ઞાનની પર્યાય હોવા છતાં હું કાંઈ રાગરૂપે, કર્મરૂપે થયો નથી. એ તો જ્ઞાનના પર્યાયનો સ્વભાવ વ્યવહારના વિકલ્પો ઉઠે એને જાણવું એવો પર્યાયનો ધર્મ છે. એને વ્યવહાર તરીકે જાણી અને ત્રિકાળ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લે છે. ભારે વાત, ભાઈ! આવો ધર્મ ભારે આકરો. શું છે?

આ નજર કરનારો આ નજરની વાતું કરે છે. સમજાણું કાંઈ? ભાઈ! નજર કરનાર પર્યાય છે અને નજર કરવાયોગ્ય વસ્તુ ત્રિકાળ છે. એ નજર કરનારી પર્યાય અનેકપણે પરિણમી છતાં એનું જ્ઞાનપણાનું એકરૂપ ટળ્યું નથી. એ કાંઈ રાગરૂપે કે પરરૂપે થઈ નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનને અનેકપણાના ભાન દ્વારા એક એવા ત્રિકાળી સ્વરૂપને સાધતું, એમાં દૃષ્ટિ કરતું સ્વરૂપનો અનુભવ યથાર્થ કરી શકે છે. ઓહોહો..! અહીં તો હજી કેટલા વાંધા. ઓહોહો..! ભગવાન! તારી સૂક્ષ્મતાની પર્યાયની અનેકતા અને સૂક્ષ્મ તે મહા દ્રવ્ય સૂક્ષ્મ, સૂક્ષ્મ. જેણે અંતરમાં આ સ્વભાવ છે એવો કોઈ દિ' એણે લક્ષમાં લીધો નથી. સમજાય છે કાંઈ?

ધર્મી જીવ પોતાની વર્તમાન પર્યાયના અંશમાં અનેકપણાનું જ્ઞાન હોવા છતાં હું રાગ ને પુણ્ય ને પરપણે અનેક નથી થઈ ગયો. હું તો જ્ઞાનની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થાય એ તો મારો પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એમ સાધીને એકરૂપે ત્રિકાળ દ્રવ્ય છે તેમાં એ દૃષ્ટિ મુકે છે. ભારે ધર્મ, ભાઈ!

**'अनेकान्तविद् ज्ञानं पश्यति'** એટલે વસ્તુને એક સમયમાં મારું જ્ઞાન અનેકપણાપણે પરિણમ્યું છતાં એ રાગપણે, કર્મપણે થયું નથી. એમ પોતાની નિર્મળ પર્યાયમાં અનેકપણાનો ભાસ હોવા છતાં એ પર્યાયને આ આખા ત્રિકાળ દ્રવ્યના ઉપર લક્ષ આપતા વસ્તુને સાબિત કરીને અનુભવ કરી શકે છે. સમજાણું કાંઈ?

**'કેવું છે જ્ઞાન?' 'स्वतः क्षालितं' 'સહજ જ શુદ્ધસ્વરૂપ છે.'** ભગવાન જ્ઞાનનો પર્યાય નિર્મળ એ સ્વતઃ શુદ્ધ જ છે. વર્તમાન જ્ઞાન, હોં! એ જ્ઞાનની વર્તમાન દશા રાગ, પુણ્ય ને શરીર આદિને જાણતા છતાં; એ જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે, જ્ઞાનની પર્યાયમાં એ અનેક પ્રકારનું જ્ઞેય છે તે રૂપે પોતાનું જ્ઞાન પોતાપણે પરિણમે છે. એવું જે જ્ઞાન... સમજાય છે કાંઈ? કહે છે કે, શુદ્ધ સ્વરૂપ છે. એ જ્ઞાનની દશામાં વિકાર કે રાગ નથી. સમજાણું કાંઈ?

'વીજળીને ઝબકારે મોતી પરોવી લ્યો' એને કેટલી ઉગ્રતા હશે? ભગવાનઆત્મા ધીરો થઈને, ધીરો થઈને એની જ્ઞાનની પર્યાયમાં (અનેકને જાણે). અત્યારે દ્રવ્ય એકકોર રાખો. વર્તમાન જ્ઞાનમાં અનેકપણું જાણે છે એ અનેકપણાનું પરિણમનરૂપ જ્ઞાન એકરૂપ છે. એવા એકરૂપમાં સ્વતઃ શુદ્ધતા છે. એમાં રાગ-દ્વેષ કે પુણ્ય-પાપ આવ્યા નથી. સમજાણું કાંઈ? વર્તમાન જ્ઞાનની દશામાં શરીર, વાણી, કર્મ સંબંધીનું જ્ઞાન હો પણ એમાં–જ્ઞાનની પર્યાયમાં એ આવ્યા નથી. અને જ્ઞાનનો પર્યાય–વર્તમાન અવસ્થા એ વિકલ્પ દયા, દાનના ઉઠે એમાં એ જ્ઞાનનો પર્યાય ગયો નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનની વર્તમાન જ્ઞેયાકાર પરિણતિ જ્ઞાન સ્વરૂપ (છે) એ કાંઈ જ્ઞેય સ્વરૂપમાં ગઈ નથી. તેમ એ જ્ઞેય જે થવા લાયક છે એ કાંઈ જ્ઞાનની પર્યાયમાં એકમેક આવ્યા નથી. ઓહોહો..!

એવો જે જ્ઞાન પર્યાય. **'स्वतः'** શું (કહે છે)? **'क्षालितं'** **'સહજ જ શુદ્ધસ્વરૂપ છે.'** એ પર્યાય સ્વભાવે શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના વિકલ્પનું જ્ઞાન, તે જ્ઞાન સહજ વિકલ્પ વિનાનું શુદ્ધ જ છે. ભારે વાત ભાઈ આ. ઓ..હો..! વસ્તુનો સ્વભાવ જ આવો છે, ભાઈ! એ વસ્તુ જે રીતે છે એ રીતે ભાસન ન થાય અને ધર્મ થાય એ કેવી રીતે બને? સમજાણું કાંઈ? આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ એકરૂપે (છે) એ પણ એનું સ્વરૂપ છે અને વર્તમાન જ્ઞાનની અવસ્થામાં અનેકને જાણે એ પણ એનું પોતાનું સહજ સ્વરૂપ શુદ્ધ છે. એ અનંત જાણે માટે પર્યાય અશુદ્ધ ને મેલી છે એમ નથી. એવી નિર્મળ પર્યાય દ્વારા વસ્તુને સાધે છે. વસ્તુ અખંડ આનંદકંદ તેના ઉપર દૃષ્ટિ આપતા પર્યાયમાં અનેકપણાના જ્ઞાને પરિણમેલા શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિપણે પરિણમે છે. આહા..! સમજાણું કાંઈ?

**'સહજ જ શુદ્ધ સ્વરૂપ છે. સ્યાદ્વાદી જ્ઞાનને કેવું જાણીને અનુભવે છે?'** જુઓ! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની, ધર્મી જીવ એ આત્માને કેવો જાણીને અનુભવે છે? **'तत् वैचित्र्ये अपि अविचित्रताम् पर्यायैः अनेकतां उपगतं परिमृशन्' 'तत्' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુ...' 'वैचित्र्ये अपि अविचित्रताम्' 'અનેક જ્ઞેયાકારની અપેક્ષાએ પર્યાયરૂપે અનેક છે...'** ભગવાન જ્ઞાનની અવસ્થામાં અનેક જાણવા યોગ્ય પદાર્થની અપેક્ષાએ પોતાની અપેક્ષામાં પર્યાયરૂપ પરિણમતું તે જ્ઞાન અનેક છે. સમજાણું કાંઈ? આવું (છે). 'જમુભાઈ'! આ ક્યાંય 'આંકડીયા'માં સંભળાય નહિ.

મુમુક્ષુ :– હવે તો જગજાહેર થઈ ગયું.

ઉત્તર :– જગજાહેર થઈ ગયું? આહા..! અરે..! ભગવાન! બાપુ! આ તો ધીરાના માર્ગ છે. સમજાય છે?

કહે છે, ભાઈ! તારે વસ્તુ સાધવી છે ને? વસ્તુ સાધવી છે એટલે કે મોક્ષમાર્ગ પ્રગટ કરવો છે ને? ભગવાનઆત્મા આખી વસ્તુ છે એ તો એકરૂપ છે. એની જ્ઞાન પર્યાયમાં અહો..! રાગથી પૃથક કરેલું જ્ઞાન રાગને જાણતું, રાગથી પૃથક કરેલું જ્ઞાન (પરિણમે છે). સમજાય છે કાંઈ? શુભાશુભ વિકલ્પો અને શરીર, કર્મને પૃથક કરતું જ્ઞાન, એને જાણતું પણ એનાથી પૃથક કરતું જ્ઞાન. સમજાણું કાંઈ? જ્ઞાનની વર્તમાન અવસ્થામાં અસ્તિત્વપણે રહેતું જ્ઞાન, પરને એ પ્રકારે જેવા છે એવા જાણતું પરથી પૃથક કરતું જ્ઞાન, અનેકપણું છે એમ નક્કી કરી વસ્તુના સ્વરૂપને એકપણે સાધે છે. આહાહા..! સમજાય છે કાંઈ? થોડો વિચારવાનો વખત રહે છે. નહિ? સમજાય છે કાંઈ એમ આવે છે કે નહિ?

**'तत् वैचित्र्ये अपि अविचित्रताम् पर्यायैः' 'पर्यायैः अनेकतां उपगतं परिमृशन्'** ભગવાનઆત્મા એ જ્ઞાનનો મોટો ગોળો આખો ધ્રુવ તારો, ધ્રુવ વસ્તુ એકરૂપ (છે). એની જ્ઞાન પર્યાય... અહો..! દ્રવ્ય તો પર્યાયથી પૃથક છે, એક પર્યાયરૂપ નથી, પણ પર્યાય છે એ રાગ-દ્વેષથી પૃથક કરી છે. સમજાણું કાંઈ? એ પર્યાયમાં–જ્ઞાનની અવસ્થાના અસ્તિત્વમાં

અનેક વિકલ્પો સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાપણે પરિણમ્યું છે એ રાગથી પૃથક થયેલી પર્યાય અનેકપણાના જ્ઞાનપણે પરિણમવા છતાં એ શુદ્ધ જ છે, શુદ્ધ છે.

એ વિચિત્રપણે પરિણમ્યું છે છતાં **'अविचित्रताम्' 'તોપણ દ્રવ્યરૂપે એક છે,...'** **'अविचित्रताम्'** શું કીધું? પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન (થવા) છતાં વસ્તુ તરીકે એક છે. એક જણો કહે, આ તો આત્મા આત્મા વાત કરતા હતા. ન્યાં શું કહે છે? પછી ભાગ્યા. કો'ક કહેતું હતું. ભાઈ! અહીં સાંભળો તો ખરા, થોડું સાંભળો તો ખરા. આ ભાઈ કહેતા હતા, 'ચાંદમલજી'ના ભાઈ (કહે), સાંભળો તો ખરા. પણ આત્મા આત્મા (કરે છે). બાપુ! ભાઈ! આત્મા એટલે કે મોક્ષ, આત્મા એટલે મોક્ષનું કારણ ને સંવર-નિર્જરાનું કારણ, ધર્મનું કારણ. હવે આત્મા આત્મા કરવો નથી (તો) તારે શું કરવું છે? કહે. આહાહા..! આત્મા એટલે પરમાત્મા અને આત્મા એટલે મુક્તિના કારણરૂપ વસ્તુ અને આત્મા એટલે એના મોક્ષના કારણરૂપ સંવર-નિર્જરાનું કારણ. આહહા..! અરે..! આવા આત્માને માટે કંટાળો આવે ત્યારે શેની વાત કરવી છે તારે હવે? કહે. 'જુગરાજજી'! આહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એને ઘરમાં કાંઈ ન હોય તો પણ મોટી વાતું કરે. આહા..! 'થાળ ભર્યો રે સગ મોતી' હરામ એકેય મોતી સારું હોય તો. પણ મમતાના મોતી ચડાવતો. 'મમતાના મોતી થાળ ભર્યા' તે સગે સગ પાછી, હોં! મમતા ઓછું ક્યાં માગે? સમજાય છે? એમ અંતરદૃષ્ટિ ઓછું ક્યાં માગે? એ તો પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિ માગે છે. આહા..! સમજાણું?

(અહીંયાં) કહે છે કે, જ્ઞાનની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન હોવા છતાં એ પર્યાય એકપણામાં ઢળે છે. સમજાણું કાંઈ? જેનો એક અંશ તો ક્યાંય અનંતમાં ભાગે રહી ગયો. આહા..! એ આખું ઢળે, આમ ઢળે. રાગથી પૃથક થયેલી પર્યાયનું અનંતપણાનું જ્ઞાન એ ઢળે છે જ્ઞાન ઉપર, વસ્તુ ઉપર. ત્યારે એને સંવર અને નિર્જરાની પર્યાય પ્રગટ થાય છે. ત્યારે હવે છોડવું છે શું આત્મા સિવાય તારે? કહે. 'શશીભાઈ'! આહા..!

અરે..! આ તો પૂજા ને ભક્તિ ને જાત્રા ચડવું માથે ને ઉતરવું ને એવી વાતું કરે કે મંદિર કરે, આ દયા પાળી, ભક્તિ કરવી (એમ) કહો તો એને સારું લાગે. એ.. 'ન્યાલભાઈ'! ભાઈ! એ શુભભાવ વચ્ચે હો પણ એ વસ્તુ નથી, સંવર-નિર્જરા નથી, મોક્ષ નથી, મોક્ષનું કારણ નથી, સંવર-નિર્જરાનો હેતુ નથી, લે! આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા તો વીતરાગ પિંડ છે. આત્મા એટલે વીતરાગી ગુણોનો પિંડ. હવે એને વીતરાગ પર્યાય દ્વારા પકડાય કે કોઈ રાગ દ્વારા પકડાય? આહાહા..! સમજાય છે કાંઈ? એ બહિર્મુખી લક્ષની વૃત્તિએ અંતર્મુખ પકડાય કે અંતર્મુખની વૃત્તિ દ્વારા અંતર્મુખ પકડાય? અરે..! ભગવાન! ક્યાં એને જાવું છે ને શું કરવું છે? જાત્રામાં ઉપર ચડે ને હેઠે ઉતરે નવ્વાણું (વાર). ત્યારે એને હખ આવે કે, નવ્વાણું જાત્રા કરી, હોં! ધૂળમાંય નથી, મજુરી કરી છે, સાંભળને હવે.

હાય..હાય..! 'જુગરાજજી'! 'પૂર્વે નવ્વાણું વાર ઋષભદેવ' ન્યાં આવ્યા છે ને શેત્રુંજય? ભાઈ! એ તો ભગવાન ભલે આવ્યા હોય ને આવે ને એને શુભભાવ વખતે એનો ખ્યાલ હોય. ભક્તિભાવ વ્યવહાર વચ્ચે આવે છે પણ એ વ્યવહારના જ્ઞાનનો પર્યાય એનો છે, એ વ્યવહાર એનો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ રીતે જ્યાં સુધી એને જ્ઞાનની પર્યાયનું સાધનપણું પણ સમજાય નહિ તો આ વસ્તુ ત્રિકાળ સાધ્ય કેમ એને પકડવામાં આવે? આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'वैचित्र्ये अपि अविचित्रताम्' 'તોપણ દ્રવ્યરૂપ એક છે,...' 'पर्यायैः अनेकतां उपगतं', 'पर्यायैः अनेकतां उपगतं' 'જો કે દ્રવ્યરૂપે એક છે તોપણ અનેક જ્ઞેયાકારરૂપ પર્યાયની અપેક્ષાએ અનેકપણાને પામે છે;...'** એથી કાંઈ દોષ નથી, એમ કહે છે. વસ્તુ એકરૂપ છે એના જ્ઞાનની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન (થાય) એ દોષરૂપ નથી, એ તો લાભરૂપ છે. રાગાદિનો ભાવ એ દોષરૂપ છે પણ રાગાદિનું જ્ઞાન છે એ દોષરૂપ નથી. એ તો સ્વપર્યાય પરિણતિ અનેકપણાને જાણવું એવો એનો સ્વભાવ છે, એ કંઈ દોષરૂપ નથી. સમજાણું?

દ્રવ્યરૂપ એક, વસ્તુરૂપ એક, તથાપિ **'અનેક જ્ઞેયાકારરૂપ અપેક્ષાએ અનેકપણાને પામે છે...' 'उपगतं'** પર્યાય અનેકપણાને પામી છે. **'આવા સ્વરૂપને અનેકાન્તવાદી સાધી શકે છે...'** પર્યાય અંશે છે, દ્રવ્યે એ પણે નથી. દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી ને પર્યાય દ્રવ્યમાં પેઠી નથી. પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન હોવા છતાં એ પર્યાય નિર્દોષ છે, સદોષ નથી. સમજાણું કાંઈ? એક તો જ્ઞાનની પર્યાય અનેકને જાણવા છતાં નિર્દોષ છે, સદોષ નથી, રાગરૂપે નથી અને એ પર્યાય એટલી નિર્દોષ હોવા છતાં આખું દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? અને આખું દ્રવ્ય એકરૂપે હોવા છતાં તે એક સમયની પર્યાયમાં એ દ્રવ્ય આવી જતું નથી. એક સમયની પર્યાયમાં દ્રવ્ય આવી જાય તો પછી રહે શું?

આ ભગવાન સર્વજ્ઞ આત્માનો માર્ગ અનેકાન્ત આ જગતને સમજ્યે છૂટકો છે, શાંતિ જોતી હોય તો, બાકી કોઈ ઉપાય છે નહિ. ઝીણો પડે, ઓલો પડે, બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! સમજાણું કાંઈ? આ મોતીના શું કહેવાય? લટકતા તોરણ. તો પણ પેલા કરે છે આ બધા ચીત્ર ચીતરે, બાયુ નથી કરતી? છોડી. ઝીણા ઝીણા આમ પકડી પકડીને ગોઠવે, અહીં ગોઠવે, અહીં ગોઠવે, મોરની ચાંચમાં આમ આવે ને ઢીંકણામાં આમ (આવે). કેટલું ધ્યાન રાખે છે? છતાં એ ક્રિયામાં એના ધ્યાનને માટે ન્યાં ગોઠવાતી નથી. છતાં એકાગ્ર કેટલી થાય ત્યાં? આમ જોઈએ... આમ જોઈએ... આમ જોઈએ... ચાંચ આમ આવે છે, મોરની ચાંચમાં આમ આવવું જોઈએ, આંખ આવે ત્યાં બે આવડા મોટા જોઈએ, ઢીકણા હોય તો આમ જોઈએ. એનું પૂંછડું આવે ત્યારે આમ જોઈએ. એનું જ્ઞાન તો કેટલું ઝીણું કરે છે કે નહિ? 'શશીભાઈ'! તો આ ભગવાન આખો કેવો ચિતાર છે આત્માનો? ત્રિકાળ કોણ છે? પર્યાય કોણ છે? એને માટે જરીક ચિતારમાં એકાગ્ર તો થવું પડે કે નહિ એને?

સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા...! અનેકાન્તવાદી એકરૂપે દ્રવ્ય હોવા છતાં પર્યાય અનેકપણાને પામે છે એમ સ્વરૂપને અનુભવી શકે છે. સમજાણું કાંઈ? **'સ્વરૂપને અનેકાન્તવાદી સાધી શકે છે - અનુભવગોચર કરી શકે છે;...'** **'परिमृशन्'** સ્પર્શે છે. **'આવી દ્રવ્યરૂપ પર્યાયરૂપ વસ્તુને અનુભવતો થકો...'** **'परिमृशन्'** નો અર્થ તો 'અનુભવે છે' (એમ થાય છે). આવો દ્રવ્યરૂપ એટલે એકરૂપે પદાર્થ, પર્યાય અનેક. એવી વસ્તુને **'અનુભવતો થકો 'સ્યાદ્વાદી' એવું નામ પામે છે.'** **'परिमृशन्'** **'અનુભવતો થકો 'સ્યાદ્વાદી' એવું નામ પામે છે.'** એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્યાદ્વાદી બોલવા માત્રથી નહિ, એમ કહે છે, ભાઈ! આહાહા..!

**'तत् वैचित्र्ये अपि अविचित्रताम् पर्यायैः अनेकतां उपगतं परिमृशन्'** ત્યારે સ્યાદ્વાદી થાય, એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા મહાન સ્વરૂપે દ્રવ્યે એક, પર્યાયમાં અનેકનું નિર્મળ જ્ઞાન શરૂ થાય એને પૃથક્ કરીને સાધી છે એ દ્વારા આખું દ્રવ્ય ઉપર વાળે છે ત્યારે તે દ્રવ્યનો અનુભવ **'परिमृशन्'** નામ અનુભવ થાય છે. ત્યારે તેને સ્યાદ્વાદી નામ આપવામાં આવે છે, ત્યારે એને સ્યાદ્વાદી કહેવામાં આવે છે.

એકરૂપ હોવા છતાં અનેક પર્યાયનો અનુભવ ને અનેક પર્યાય હોવા છતાં એક દ્રવ્યનું લક્ષ. સમજાણું કાંઈ? શું કહે છે? **'એવું નામ પામે છે.'** જેમ પેલું આવે છે ને? સમ્યગ્દર્શન નામ વ્યવસાય.. શું કીધું? વ્યપદેશ. આહા..! એની શૈલી જુદી છે. ત્યારે નામ પમાય છે કે, આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, ત્યારે સ્યાદ્વાદ કહેવાય છે. ભાઈ! કથનની શૈલીમાં ગોઠવ્યું છે ત્યાં એ વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા **'अनेकान्तविद् वैचित्र्ये अपि अविचित्रताम् पर्यायैः अनेकतां उपगतं परिमृशन्'** ત્યારે સ્યાદ્વાદી કહેવાય છે. લ્યો! એ શ્લોક પૂરો થયો, અઢી કલાક ચાલ્યો.

---

( શાર્દૂલવિક્રીડિત )

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता
स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।६-२५२।।

**ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ એવો છે કે જે પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે, તેથી જ્ઞેયને જાણતાં જ્ઞેયાકાર પરિણમ્યો છે જે**

જ્ઞાનનો પર્યાય, તેનું જ્ઞેયના અસ્તિત્વપણાથી અસ્તિત્વપણું માને છે, જ્ઞેયથી ભિન્ન નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુને માનતો નથી. આથી એવો ભાવ પ્રાપ્ત થાય છે કે પરદ્રવ્યના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે, જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુનું પોતાના અસ્તિત્વથી અસ્તિત્વ છે. તેના ભેદ ચાર છે : જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વકાળપણે અસ્તિ, સ્વભાવપણે અસ્તિ; પરદ્રવ્યપણે નાસ્તિ, પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ, પરભાવપણે નાસ્તિ. તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના, પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે, પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે, પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના, તેને પરભાવ કહેવાય છે. 'पशुः नश्यति' એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી. કેવો છે? 'परितः शून्यः' સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. શા કારણથી? 'स्वद्रव्यानवलोकनेन' ( स्वद्रव्य ) નિર્વિકલ્પ વસ્તુમાત્રની ( अनवलोकनेन ) પ્રતીતિ કરતો નથી, તે કારણથી. વળી કેવો છે? 'प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः' ( प्रत्यक्ष ) અસહાયરૂપે ( आलिखित ) લખાયેલાની માફક ( स्फुट ) જેવો ને તેવો ( स्थिर ) અમિટ (-અટળ) જે ( परद्रव्य ) જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું જે ( अस्तिता ) અસ્તિત્વ, તેનાથી ( वञ्चितः ) ઠગાયો છે - એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. 'तु स्याद्वादी पूर्णो भवन् जीवति' ( तु ) એકાન્તવાદી કહે છે તે પ્રમાણે નથી. ( स्याद्वादी ) સમ્યગ્દૃષ્ટિ જીવ ( पूर्णो भवन् ) પૂર્ણ હોતો થકો ( जीवति ) જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકે છે - અનુભવ કરી શકે છે. શાના વડે? 'स्वद्रव्यास्तितया' ( स्वद्रव्य ) નિર્વિકલ્પ જ્ઞાન-શક્તિમાત્ર વસ્તુ, તેના ( अस्तितया ) અસ્તિત્વપણા વડે. શું કરીને? 'निपुणं निरूप्य' જ્ઞાનમાત્ર જીવવસ્તુનો પોતાના અસ્તિત્વથી કર્યો છે અનુભવ જેણે એવો થઈને. શાના વડે? 'विशुद्धबोधमहसा' ( विशुद्ध ) નિર્મળ જે ( बोध ) ભેદજ્ઞાન તેના ( महसा ) પ્રતાપ વડે. કેવો છે (ભેદજ્ઞાનનો પ્રતાપ?) 'सद्यः समुन्मज्जता' તે જ કાળે પ્રગટ થાય છે. ૬-૨૫૨.

---

હવે છઠ્ઠો શ્લોક. દ્રવ્યના અસ્તિત્વનો આ (શ્લોક) છે. ચાર શ્લોક થયા. તત્પણે આત્મા છે. તે તત્પણે છે, તે અતત્–પરપણે નથી. તત્–અતત્ એવા બે શ્લોક થયા. એક વસ્તુએ એક છે પર્યાયે અનેક છે, એક અને અનેક એવા બે બોલ થયા. એટલે ચાર બોલ થયા. હવે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારેય આત્મા છે ને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે આત્મા

નથી. એના આઠ શ્લોક શરૂ થાય છે. સમજાણું કાંઈ? એનો આ પહેલો શ્લોક છે. સ્વદ્રવ્ય પોતે વસ્તુપણે અસ્તિ છે એમ અહીંયાં કળશમાં સિદ્ધ કરવું છે. અસ્તિત્વ છે. પોતાના દ્રવ્યપણે, પોતાના દ્રવ્યપણે, વસ્તુપણે અસ્તિત્વ છે.

**प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः**
**स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।**
**स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता**
**स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।६-२५२।।**

લ્યો, આવ્યું જીવે છે. જીવે છે, પેલો મરી જાય છે. એકાન્તવાદી મરી જાય છે, અનેકાન્તવાદી જીવે છે. આ ભારે વાત! કોઈ જીવને મારે નહિ તોય મરી જાય છે, કહે છે. વસ્તુ સ્વદ્રવ્યપણે છે અને પરદ્રવ્યપણે નથી. એમ અનુભવનાર પોતાના જીવતરને જીવતુ રાખે છે. અને આત્મા સ્વદ્રવ્યપણે પણ છે ને પરદ્રવ્યપણે પણ છે, પરદ્રવ્યપણે આત્મા છે એમ રાખનાર પોતાનું અસ્તિત્વ જેવું છે એને મારી નાખે છે. આહા..! આમાં તો બહુ સૂક્ષ્મ બોલ આવશે, હોં! ચાર. આઠ બોલ કહેવા છે ને? પહેલા સ્વદ્રવ્યના ચાર બોલ સૂક્ષ્મપણે કહેશે.

ભાવાર્થ, ભાવાર્થ પહેલો (કહે છે). એટલે આમાં શું કહેવું છે. માંડ્યા વિના શું સમજશે? કહે છે. કીધા વિના ભાવાર્થ? પણ ભાઈ! શું કહેવું છે એનો થોડો ઉપોદ્‌ઘાત કરવો એનું નામ ભાવાર્થ કહેવાય છે. આહાહા..! કળશ તે કળશ છે, પણ હોં! અમૃતના કળશ ચડાવ્યા છે, 'અમૃતચંદ્રાચાર્યે'! આહાહા..!

મુમુક્ષુ :– કળશનું વાંચન કેટલામી વાર છે.

ઉત્તર :– પહેલી વાર અહીં આ સભામાં (વંચાય છે). અંદરમાં ગમે એટલી વાર થયું હોય, તમારી સભામાં પહેલું-વહેલું છે, પહેલું-વહેલું આ જિંદગીમાં (વંચાય છે). ખબર નથી? આ કળશનું વ્યાખ્યાન. પેલા કળશનો અર્થ તો એમાં લખાણ સાધારણ હતું, એ તો ચૌદવાર થઈ ગયા છે. ચૌદ વાર (થયા) આ અપેક્ષાએ પંદરમી વાર (થાય છે). આ કળશની અપેક્ષાએ પહેલું. 'સમયસાર'માં આવેલા કળશો એમાં ભરેલો 'જયચંદ્ર પંડિત'નો અર્થ એ તો ચૌદ વાર વ્યાખ્યાનમાં ચાલી ગયો છે. આ કળશની ટીકાની આ પદ્ધતિનું વ્યાખ્યાન પંદરમીમાં એ હિસાબે પહેલું-વહેલું ચાલે છે. કહો, સમજાણું આમાં? એ તો કુદરતે કેટલાક તૈયાર થયા વિના આવી વાત ન સમજાય માટે અત્યારે ઈ આવ્યું.

મુમુક્ષુ :– એનો કાળ હોય...

ઉત્તર :– એનો કાળ હોય, એના પ્રકાર હોય. સમજાય છે?

**'ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી...'** એક પક્ષને માનનારો કે, મારું દ્રવ્ય તે પરને લઈને જ છે, મારી ચીજ પરને લઈને જ છે. એમ માનનાર મિથ્યાદષ્ટિ અસત્યબુદ્ધિ **'એવો છે કે જે પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે,...'** એટલે કે પરને લઈને છું એમ માનનાર

પર્યાયમાત્રને માને છે, એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? ભેદરૂપ વસ્તુને જ માને છે પર્યાયને. પરવસ્તુથી હું છું. મારી ચીજ એકાકાર દ્રવ્ય વસ્તુ ત્રિકાળ છે એમ માનતો નથી. પર્યાયમાત્રને વસ્તુ માને છે. એમ કહીને પરદ્રવ્યથી એટલે કે એના ભાગ પાડશે હજી. સમજાય છે ને? થોડી સૂક્ષ્મ વાત લેવી છે ને?

**'તેથી જ્ઞેયને જાણતાં જ્ઞેયાકાર પરિણમ્યો છે...'** ભગવાનઆત્મા જ્ઞેયને જાણવા વખતે જ્ઞેયાકાર પરિણમે છે, પરદ્રવ્યના જ્ઞાનપણે જ્ઞાન પરિણમે છે. **'જે જ્ઞાનનો પર્યાય, તેનું જ્ઞેયના અસ્તિત્વપણાથી અસ્તિત્વપણું માને છે,...'** એ જ્ઞેયનું અસ્તિત્વ એ મારું હોવાપણું છે. જે ચીજ છે, અહીં મારામાં જણાય છે એને લઈને હું અહીં દ્રવ્ય છું, એને લઈને હું, આ અસ્તિ મારી છે. જાણવા યોગ્ય વસ્તુના હોવાપણાને લઈને હું જાણનાર છું. જાણનાર જાણનારને લઈને છે એમ એકપક્ષી દૃષ્ટિવાળો માનતો નથી. સમજાણું કાંઈ? બહારની ક્રિયાકાંડવાળાને આ વાત તો એવી લાગે, હોં! આ શું આત્મા આત્મા આખો દિ'? (સંવત) ૧૯૯૫ માં એમ થયું હતું અમારે ત્યાં. દસ મહિનાના દસ દિ' આત્મા આત્મા જ ઘુંટ્યો છે. ૧૯૯૫ માં 'રાજકોટ'. અરે...! ભગવાન! આત્મા સંવર-નિર્જરા એ આત્મા, મોક્ષ એ આત્મા અને આત્મદ્રવ્ય એ આત્મા. હવે એ સિવાય તારે શું કરવું, લેવું છે? આહા...! આસ્રવ ને બંધ એ અણઆત્મા, અજીવ તે અણઆત્મા. કહો, સમજાણું કાંઈ? દ્રવ્યબંધ તો અણઆત્મા પણ વિકારી ભાવબંધ પણ અણઆત્મા. એથી જ આચાર્ય મહારાજે પહેલું એ કહ્યું હતું. 'नमः समयसाराय'માં. અમે આ વાત કરશું. ત્યાં એમ નથી કીધું કે, અમે આસ્રવ, બંધનો ભાવ છે ને ફલાણું છે. અમે તો આ અસ્તિ છે એની વાત કરશું, લ્યો!

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

કેવો છે આત્મા? **'भावाय'** વસ્તુ, વસ્તુ. **'चित्स्वभावाय'** જ્ઞાન જેનો સ્વભાવ છે–ગુણ, જ્ઞાન જેનો સ્વભાવ છે–ગુણ. **'स्वानुभूत्या चकासते'** એ તો એની અનુભવન ક્રિયા, સંવર-નિર્જરાની ક્રિયા દ્વારા એ પ્રકાશમાં આવી શકે છે. લ્યો! આ સંવર-નિર્જરા કીધી. આહાહા...! **'नमः समयसाराय'** એવો સમયસાર આત્મા એને હું શુદ્ધ પરિણતિએ નમુ છું, એ સંવર-નિર્જરા કીધી. અને એની શક્તિની વ્યક્તતા કેટલી છે? **'सर्वभावान्तरच्छिदे'** પોતાનો સ્વભાવ અને **'भावान्तर'** પોતા સિવાયના અનેરા અનંત. એને એક સમયમાં જાણવાનો સ્વભાવ એવો એ મોક્ષ પ્રગટ કરી શકે છે, બસ! આટલી વાત કરી છે. એક શરૂઆત કરી ત્યાં આસ્રવ-બંધ ને અજીવ ને ફજીવ ને ફલાણું કાંઈ વાત જ કરી નથી. અસ્તિપણાનું તત્ત્વ આવું છે, એનો સ્વભાવ આવો છે, એની પર્યાય–સ્વાનુભૂતિની પર્યાય સ્વઆશ્રય દશાથી તે આ આત્મા પ્રસિદ્ધ થાય છે. પૂર્ણ પ્રસિદ્ધ થતાં સર્વને જાણવાની પર્યાય પ્રગટ થાય છે. આહા...! સમજાણું કાંઈ? આ પહેલો કળશ. એમાં બહુ સરસ આવ્યું છે. સાર કોણ? સાર શું? સમજાણું? સ્વને

જાણતો નથી. પરનું જાણવું એ કાંઈ સુખરૂપ નથી અને પરમાં સુખ નથી. સમજાણું કાંઈ? એ પહેલામાં બહુ આવ્યું, ઘણું આવી ગયું. (તમે) પહેલામાં નહોતા? હતા? પહેલેથી હતા? નવ મહિના થાશે. ફાગણ સુદ બીજે શરૂ કર્યું છે. ફાગણ સુદ બીજ. ભગવાનને (બિરાજમાન કર્યાને) ૨૫ મું વર્ષ બેઠું હતું, ત્યારે શરૂ કર્યું હતું. આ ફાગણ સુદ બીજે પચીસ પૂરા થાશે.

કહે છે, ખુબી શું કરે છે? હજી સૂક્ષ્મપણું કહેવું છે શું? કે, ઇ વસ્તુને માનતો નથી ફક્ત ભેદને, પર્યાયને માને છે, ભાઈ! એ ચાર બોલ સૂક્ષ્મ ઉતારવા છે ને? ભેદને જ માને છે પણ અભેદ વસ્તુ એકાકાર છે એ માનતો નથી. એટલે સ્વદ્રવ્યને માનતો નથી. ભેદને માને એ પરદ્રવ્યને જ માને એમ કહે છે. આહાહા..! ભેદ એટલે શું એની વ્યાખ્યા આવશે, હોં! વ્યવહારને જ માને છે, ઇ ભેદને જ માને છે, અંશને જ માને છે. અખંડ વસ્તુ એકાકાર છે એને માનતો નથી. વ્યવહારને જ માને છે, નિશ્ચયને માનતો નથી. પર્યાયના ભેદને જ, આખું દ્રવ્ય અખંડાનંદ છે એને ગુણ-ગુણીના ભેદરૂપે આમ વિકલ્પ ઉઠે એને જ અહીંયાં પરદ્રવ્ય ગણીને પર્યાય કહેવામાં આવી છે. સમજાણું કાંઈ?

જાણવા (યોગ્ય ચીજના) અસ્તિત્વથી જાણે આત્માનું ત્રિકાળી અસ્તિત્વ હોય એમ માને. **'જ્ઞેયથી ભિન્ન નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુને માનતો નથી.'** એ ભેદરૂપ જે વિકલ્પ આદિ છે એનાથી ભિન્ન નિર્વિકલ્પ એકાકાર આત્મા છે એને માનતો નથી. **'આથી એવો ભાવ પ્રાપ્ત થાય છે કે પરદ્રવ્યના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે,...'** એ ભેદથી, એક અંશથી ને રાગથી ને પરથી આત્માનું ત્રિકાળી અસ્તિત્વ છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! હોં! આ.

ભગવાનઆત્મા એક સમયમાં આખી ચીજ અખંડ અભેદ એકરૂપ (છે). એને ન માનતા એનો ભેદ પડયો ને? વિકલ્પ પડ્યો કે, આ ગુણી, આ ગુણ એવો જે વિકલ્પ ઉઠ્યો છે એને જ અહીંયાં પરદ્રવ્ય ગણવામાં આવ્યું છે. 'જુગરાજજી'! આ ઘણી સૂક્ષ્મ વાત છે. આહાહા..! એકરૂપ ચિદાનંદ અભેદ પરમાત્મા પોતાનો સ્વભાવ એ જ એનું અસ્તિત્વ છે. અંદરથી ભેદરૂપ વિકલ્પ ઉઠવો કે, ગુણ-ગુણી આ છું, એકદ્રવ્ય આ રૂપે છે, એવો ભેદ ઉઠવો, ખરેખર એ પર્યાય છે, એ ભેદ છે, એ વ્યવહાર છે, એ પર છે. એ પરની સ્વદ્રવ્યમાં નાસ્તિ છે છતાં એ પરદ્રવ્ય જેટલો જ આત્માને માને તે આત્માના પૂર્ણ અભેદ અસ્તિત્વને માનતો નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

**'આથી એવો ભાવ પ્રાપ્ત થાય છે કે પરદ્રવ્યના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે, જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી.'** પોતાનો એકરૂપ ત્રિકાળી ભગવાનઆત્મા અખંડ દ્રવ્ય એક (છે) એનાથી એક હું છું એમ એ માનતો નથી. **'તેના પ્રતિ ઉત્તર આમ છે કે, જ્ઞાનવસ્તુનું પોતાના અસ્તિત્વથી અસ્તિત્વ છે.'** ભગવાનઆત્મા પોતાના હોવાપણે પોતે છે. **'તેના ભેદ ચાર છે :'** પહેલામાં ચાર પ્રશ્ન ઉઠાવ્યા છે, નહિ? પોતાના સહારાનું છે કે પરના

સહારાનું છે? એક છે કે અનેક છે? નિત્ય છે કે અનિત્ય છે? સમજાય છે? ત્યાં એવું છે. અસ્તિ-નાસ્તિ.

અહીં અસ્તિનું આ રીતે ઉતાર્યું છે. **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ...'** શું કહે છે? ભગવાનઆત્મા આમ ધ્રુવ અભેદ એક વસ્તુ, જ્ઞાયક ચૈતન્ય ભગવાન ધ્રુવ અભેદ એક વસ્તુ (છે). એ જ્ઞાનમાત્ર જીવવસ્તુ પોતાના સ્વદ્રવ્યપણે છે, પોતાના સ્વ વસ્તુપણે છે. એકરૂપ ત્રિકાળ જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ ભગવાનઆત્મા એના હોવાપણે આત્મા છે.

**'સ્વક્ષેત્રપણે અસ્તિ,...'** સમજાણું? સ્વક્ષેત્રપણે અસ્તિ. પોતાના અસંખ્ય પ્રદેશ સ્વક્ષેત્ર છે ને? એ આખું એકરૂપે સ્વક્ષેત્રપણે અસ્તિ (છે). એકરૂપ અસંખ્ય પ્રદેશી વસ્તુ પોતે એકરૂપ એ પણે પોતે આત્મા છે. **'સ્વકાળપણે અસ્તિ,...'** ભગવાનઆત્મા સ્વકાળથી છે. અને **'સ્વભાવપણે અસ્તિ;...'** પોતાના સ્વભાવથી છે. ચાર બોલ લીધા.

**'પરદ્રવ્યપણે નાસ્તિ,...'** ભગવાનઆત્મા વસ્તુ એકરૂપ ચિદાનંદ પ્રભુ! એ પરવસ્તુથી અભાવરૂપ છે, પરવસ્તુથી નાસ્તિરૂપ છે. થોડી ઝીણી વ્યાખ્યા આવશે, હોં! **'પરક્ષેત્રપણે નાસ્તિ,...'** એ પરક્ષેત્રથી આત્મા સ્વક્ષેત્રે નથી. ક્ષેત્ર–ચૈતન્યની ભૂમિકા. એ પર ભૂમિકા, ભેદ ભૂમિકા એ આત્મા સ્વક્ષેત્રની ભૂમિકામાં નથી. શું કહે છે આ? **'પરકાળપણે નાસ્તિ, પરભાવપણે નાસ્તિ.'**

હવે **'તેમનું લક્ષણ :'** આ એનું લક્ષણ, હવે એનું લક્ષણ (કહે છે). સ્વદ્રવ્યપણે છે, સ્વક્ષેત્રપણે છે, સ્વકાળપણે છે, સ્વભાવપણે છે. પરદ્રવ્યપણે નથી, પરક્ષેત્રપણે નથી, પરકાળપણે નથી, પરભાવપણે નથી. એનું લક્ષણ. એટલે શું એ કહો છો? એનો અર્થ શું? ને લક્ષણ શું? અહીં તો ખુબીભરેલું લક્ષણ વર્ણવ્યું છે ને! આહાહા..! એ આગળ (સ્પષ્ટ) કરશે. **'स्वद्रव्यानवलोकनेनः'** આ તો હજી નાખે છે. પહેલામાં નાખ્યું હતું ને? એમ અહીં નાખે છે. **'परितः शून्यः स्वद्रव्यानवलोकनेनः'** ત્યાંથી શરૂ કરશે. પણ આમાં શું કહેવું છે એનું અહીં મથાળુ બાંધ્યું, ઉપોદ્ઘાત (કર્યો). સમજાણું? કહે છે, એ આઠ બોલ કહ્યા એનું લક્ષણ શું? એ કઈ રીતે (છે)? એનું સ્વરૂપ શું છે?

**'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...'** સ્વદ્રવ્ય એને કહીએ આત્માને, નિર્વિકલ્પ ભેદ વિનાની એકલી વસ્તુ તેને સ્વદ્રવ્ય કહીએ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા નિર્વિકલ્પ એટલે એકરૂપે અભેદ એ સ્વદ્રવ્ય કહીએ, સ્વવસ્તુ કહીએ. સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, એ એની વ્યાખ્યા કરી. સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ. એકરૂપ અભેદ એકાકાર ભગવાન સ્વદ્રવ્ય, એક નિર્વિકલ્પમાત્ર વસ્તુ તેને સ્વદ્રવ્ય કહીએ. વળી સ્વદ્રવ્ય શું હશે? પૈસો હશે? આહાહા..! સ્વ એટલે તું આખો કોણ છો? એકરૂપ અભેદ વસ્તુ એ સ્વદ્રવ્ય કહીએ, એને અસ્તિ કહીએ, એને સત્ કહીએ, એને નિશ્ચય કહીએ. સમજાણું કાંઈ?

**'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** અસંખ્ય પ્રદેશ છે ને? સત્તા, ભૂમિ. જેમાં

અનંત ગુણ રહ્યા છે, અનંત ગુણ રહ્યા છે એવું સ્વક્ષેત્ર. સ્વક્ષેત્ર આધારમાત્ર વસ્તુનો પ્રદેશ. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશની ભૂમિકામાં અનંતા ગુણ રહ્યા (છે) એ અસંખ્ય એનું સ્વક્ષેત્ર છે. વળી આત્માને ક્ષેત્ર હશે? પણ કેટલો પહોળો એની ભૂમિકા હોય કે નહિ? આ તમારે મકાન લે ત્યારે ચૌદ શું કહે છે? ચતુર્દિશા બાંધે છે કે નહિ? કે, ઉગમણે આ મકાન હતું, આથમણે આ હતું, પૂર્વમાં આ હતું ને ઉત્તરમાં આ હતું. લખીતન મફતલાલ નથી, મકાન કાંઈ અધ્ધરનું નથી. આ ઠેકાણે છે ને લખનાર હું છું. એમ કરે છે કે નહિ? એ.. 'જુગરાજજી'! જમીન મકાન લે છે, દે છે ત્યારે ચૌદિશા (બાંધે). કે, ભાઈ! આ મફતલાલ લખનારો નથી ને કોઈનું મકાન ક્યાંય નથી એમ નથી, આ ઠેકાણે છે. એમ આ આત્મા, આ દ્રવ્ય, આ ક્ષેત્રમાં છે. અધ્ધરથી લખીતંગ ને મફતનો નથી, એમ નહિ. સમજાય છે કાંઈ?

એમ કહીને કોઈ દ્રવ્યને આખા સર્વ વ્યાપક કહે છે એથી જુદો પાડવો છે. સમજાય છે? અને પોતે એકલી પોતે જ નિર્વિકલ્પ અભેદ વસ્તુ તેને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. એ સ્વદ્રવ્ય એટલે બધા થઈને સ્વદ્રવ્ય એમ નથી. સમજાણું કાંઈ? સ્વક્ષેત્ર આધારમાત્ર વસ્તુ. અનંતા ગુણનો આધાર એ એનું ક્ષેત્ર. અનંત ગુણનો એકરૂપ આધાર એ એનું સ્વક્ષેત્ર.

**'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...'** એનું આખું રૂપ જ સ્વકાળ છે, બધું આખું રૂપ જ સ્વકાળ છે. એકરૂપ–ભેદ વિનાનું આખું વસ્તુનું એકરૂપ છે. સ્વકાળ–વસ્તુમાત્રની મૂળ અવસ્થા, અવસ્થા એટલે મૂળ સ્વરૂપ. મૂળ સ્વરૂપ આખું એકરૂપ વસ્તુ છે એ જ એનો સ્વકાળ (છે).

**'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...'** સ્વભાવ (એટલે) વસ્તુની મૂળથી સહજ (શક્તિ). ભગવાનઆત્માની મૂળ શક્તિઓ, મૂળ સ્વભાવ, મૂળ ગુણ એ એનો સ્વભાવ છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

હવે જરીક ઝીણું આવ્યું. આ **'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...'** જુઓ! ખુબી શું કહે છે? ભગવાનઆત્મા નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ દ્રવ્ય છે એને સવિકલ્પ ભેદ-કલ્પના. આ વસ્તુ છું, આ વસ્તુ નહિ એવો ભેદરૂપે વિકલ્પ ઉઠવો. એ ગુણ- પર્યાયવાળો છું, ગુણ-પર્યાય સ્વરૂપ છું એવો વિકલ્પ ઉઠવો એ જ પરદ્રવ્ય છે, એ પરવસ્તુ છે, એ સ્વની અપેક્ષાએ અવસ્તુ છે, પરની અપેક્ષાએ વસ્તુ છે. સ્વની અપેક્ષાએ વિકલ્પ ભેદરૂપ (તે પરદ્રવ્ય છે). એક ચિદાનંદ ભગવાનઆત્મા એને ગુણભેદે વિકલ્પ ઉઠવો એ જ પરદ્રવ્ય છે, એ જ વ્યવહાર છે, એ હેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બિચારા સાધારણ માણસને, બેનોને તો એમ લાગે કે, આ મહારાજ શું કહે છે? શું કહે છે આ? આ વળી ભેદ... અરે..! ભગવાન! તારા ઘરની વાત છે, ભાઈ! તું પ્રભુ છો. (બીજું) જોવું મુકી દે. આ શરીર આવું ને આવો ધૂળ એ તારામાં કાંઈ નથી. તારામાં નિશ્ચય ને વ્યવહાર કેવો છે એ અહીં સિદ્ધ કરે છે. આહાહા..! નિશ્ચય નામ નિર્વિકલ્પ ભગવાનઆત્મા એક સ્વરૂપે તેને નિશ્ચય કહીએ, એને

સ્વદ્રવ્ય કહીએ. એવા જ ભગવાનને ગુણ-ગુણીના ભેદે ભેદ પાડીને વિચારમાં રોકાવું નથી એને પરદ્રવ્ય કહીએ. 'જુગરાજજી'! વસ્તુમાં ક્યાં, ભેદ ક્યાં છે? એ તો અભેદ છે. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ તો ક્યાંય ગયા. એનું અહીં કામેય શું છે તારે? અનંતા નિગોદના જીવ ને અનંતા પરમાણુ ને... અરે..! સાંભળને! એ તો ક્યાંય ગયા, સાંભળને! ભાઈ! એકરૂપતામાં ભેદ પાડવો તે જ વ્યવહાર ને તે જ પરદ્રવ્ય છે. આહાહા..! સ્વદ્રવ્યની અપેક્ષાએ એ ભેદ તે અવસ્તુ છે અને તે અસ્તિત્વની અંદરમાં એવો ભેદ છે જ નહિ, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

અહીં તો હજી રાડું પાડે છે કે, દયા, દાન ને વિકલ્પ ને શુભભાવને સાધક કહો, સાધક કહો, સાધક કહો. ભગવાને સાધક (કહ્યા છે). અરે..! સાંભળ ભગવાન! સાંભળ ભાઈ! આહાહા..! ભાઈ! તારામાં ને તારામાં ભેદ ઉઠવો તે જ વસ્તુનું સ્વરૂપ નથી, એમ કહે છે. વસ્તુનું સ્વરૂપ નથી માટે તેને પરદ્રવ્ય કીધું છે. આહાહા..! 'શશીભાઈ'! ઇ વ્યવહારને વ્યવહાર તરીકે જાણવા લાયક છે, આદરવા લાયક નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા! બાપુ! સાધ્યા છે એણે આઠ આઠ વર્ષની ઉંમરે આત્માને સાધ્યા છે. સમજાય છે? એમ ન લેવું કે, આવું આવું મોટું છે. આઠ વર્ષની કન્યા, રાજની કન્યા, ચક્રવર્તીની બાલીકાએ સાધ્યું છે તો આમ સાધ્યું છે. એમ ન સમજો કે, આ તે ઓહોહો..! આ કોણ સાધશે? આત્મા સાધક છે, સાધી શકે છે. શરીર ગમે તેવા હો, કર્મના સંબંધ ગમે તેવા હો એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આ સંબંધ ઉભો કર્યો, ભેદ પાડ્યો એટલો સંબંધ કહે છે એને અમે વ્યવહાર કહીએ છીએ. આહાહા..! એનો એ નિશ્ચય સંબંધ નથી. વ્યવહાર (છે). આહા..! આ તે કાંઈ વાત કરે છે ને! એ અલૌકિક વાત છે.

ભગવાન આમ પરમાત્મા આનંદનો કંદ એકરૂપે પ્રભુ નિર્વિકલ્પ વસ્તુમાત્ર તેને પોતાનું અસ્તિત્વ કહીએ છીએ. એને સ્વદ્રવ્ય કહીએ છીએ, એને નિશ્ચય કહીએ છીએ, અભેદ કહીએ છીએ. એવી એક વસ્તુમાં ગુણભેદ (કરવો કે) 'આ જ્ઞાનવાળો આત્મા' એવો ભેદ ઉઠવો તેને પરદ્રવ્ય કહીએ છીએ, વ્યવહાર કહીએ છીએ, એ અભેદમાં ભેદની નાસ્તિ કહીએ છીએ. એ..ઇ..! બહુ ઝીણું આવ્યું. અરે..! ઉતરે એવું છે આ. તૃષા લાગી હોય ને મોસંબીના પાણી ઉતરે ઘટક ઘટક. એવી ચીજ છે પણ હવે એને ગરજ ન મળે. અંદરમાં (એમ થાય) આ તે શું? અમારે તો આ કરવું છે ને આ કરવું છે, ધૂળ કરવી છે. કરે કાંઈ ધૂળેય કરી શકતો નથી. વિકલ્પની જાળું ઉભી કરે છે. અને આ તો કરી શકે છે, અસ્તિત્વ છે એવું કરી શકે છે. સમજાણું કાંઈ? આહા..! એક જણો કહેતો હતો ને? આ તો બાવા થઈએ (ત્યારે સમજાય). પણ બાવો જ છો, સાંભળને! ઇ તો સિદ્ધ કરે છે. પરદ્રવ્યથી તો ખાલી છો. એ પરવસ્તુથી, પરક્ષેત્ર, કાળ, ભાવથી તો ખાલી છો પણ તારા એક દ્રવ્યની અખંડતામાં

ખંડ પાડીને લક્ષ રાખવું એનું નામ પરદ્રવ્ય. એનાથી ખાલી છો, લે! આહાહા..! સમજાણું કાંઈ?

અનંતા પરમાણુઓ, અનંતા આત્માઓ આદિ ભલે એને ઘરે–એના હોવામાં હો, એનું હોવાપણું અહીં આત્મામાં ક્યાં આવ્યું? અહીં તો આત્મા નિર્વિકલ્પ અભેદ વસ્તુમાત્ર જ્ઞાયકનો ગોળો એકલો, એમાં ભેદ ઉઠાવવો – સવિકલ્પ ભેદ ઉઠાવવો... સમજાણું? આહા..! સવિકલ્પ ભેદ, પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના. સમજાણું? એ ભગવાન એકરૂપ વસ્તુ પરમાત્મા પોતે નિજ સ્વરૂપે એક વસ્તુ (છે) એમાં પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના (કરવી). ભેદ-કલ્પના. વસ્તુ ભેદ થઈ શકતી નથી, કહે છે. પણ અંદરમાં આ ગુણી અને આ ગુણ, આ ગુણ અને ધરનાર ગુણી એવો મનના સંબંધે પરદ્રવ્ય એટલે ભેદ-કલ્પના ઉઠવી એને જ પરદ્રવ્ય ભગવાન કહે છે કે, અમે કહીએ છીએ. આહા..! એ પરદ્રવ્યના સાધને તારી સિદ્ધિ ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

**નોંધ : ૨૫૨મો કળશ ૬૬ ની સાલમાં અધુરો હતો. તેથી ૬૮ ની સાલના પ્રવચન પણ અહીં લેવામાં આવ્યો છે.**

**શ્રાવણ વદ ૭, ગુરુવાર તા.૧૫.૦૮.૧૯૬૮**
**કળશ - ૨૫૨ પ્રવચન - ૨૪૭**

'સ્યાદ્વાદ અધિકાર' ૨૫૨ કળશ. આમાં બધો સાર છે. ચૌદ (કળશોનો) સાર છે. કાલે પહેલા આવ્યું હતું. સ્વદ્રવ્યની અસ્તિ અને પરદ્રવ્ય આદિની નાસ્તિ. તેનું સ્વરૂપ શું છે એ અહીંયાં ૨૫૨ માં કહે છે.

**प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः**
**स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।**
**स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता**
**स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।६-२५२।।**

૨૫૨ કળશ. ભાવાર્થ. જુઓ! હજી કીધા પહેલા ભાવાર્થ. શું કહેવું છે એ પહેલેથી કહે છે, પછી શબ્દના અર્થમાં તો પછી કહેશે. એમની શૈલી એવી છે. ભાવાર્થ, કીધા પહેલા ભાવાર્થ? જે કહેવું છે એનો ભાવ-અર્થ શું છે એ અમે પહેલા કહીએ છીએ. '**ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદષ્ટિ...**' જેની દૃષ્ટિ મિથ્યા એટલે તત્ત્વથી વિરુદ્ધ છે '**એવો છે કે જે પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે,...**' એક સમયની પર્યાયને વસ્તુ માને છે પરંતુ

ત્રિકાળી અસ્તિ તત્ત્વ દ્રવ્ય જે છે તેને માનતો નથી. સમજાણું કાંઈ? અહીંયાં બીજાને માનતો નથી, પોતાને માને છે એ વાત ચાલી ગઈ.

પોતાની એક સમયની પર્યાયને માને છે તો એમાં છ દ્રવ્ય આવી ગયા. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્ય બધા એક સમયની પર્યાયમાં આવી ગયા. એક સમયની પર્યાયમાં આટલું જાણવાની તાકાત છે. કોઈ જીવ એકાંતી મિથ્યાદૃષ્ટિ એવડી એક સમયની પર્યાયને માને છે. સમજાણું કાંઈ? પર્યાયને માને છે એમ કહો કે પરદ્રવ્યને માને છે એમ કહો.

**'પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે,...'** આખી વસ્તુને એક પર્યાયમાત્રમાં માને છે. **'તેથી જ્ઞેયને જાણતા...' 'તેથી જ્ઞેયને જાણતાં...'** જાણવાલાયક જે જ્ઞેય છે. જે જ્ઞેયાકાર પરિણતિ છે, જે જ્ઞાનની પર્યાય. જ્ઞાનની પર્યાય જે જ્ઞેયાકાર છ દ્રવ્ય છે તે રૂપે જ્ઞાનપર્યાય પરિણમે છે. સમજાણું કાંઈ ? છ દ્રવ્ય જે જ્ઞેય છે તેનાથી પોતાની જ્ઞાનની પર્યાય, છ જ્ઞેય આકાર, જ્ઞેયથી જ્ઞેયાકાર પોતાની પર્યાય (થાય છે). જ્ઞેયાકારનો અર્થ એ જ્ઞેયનો આકાર અહીંયાં આવી જતો નથી, પરંતુ છ દ્રવ્ય જે જાણવા લાયક વસ્તુ છે તે પોતાની એક સમયની પર્યાયમાં જ્ઞેયાકાર જ્ઞાનરૂપ પર્યાય પરિણમે છે. સમજાણું કાંઈ?

**'તેનું જ્ઞેયના અસ્તિત્વપણાથી અસ્તિત્વપણું માને છે,...'** એ તો પર્યાયથી પોતાનું દ્રવ્ય માને છે અથવા છ દ્રવ્ય જે પર્યાયમાં જાણવામાં આવ્યા તે છ દ્રવ્ય જ હું છું. એ હું છું. હું જ્ઞાયક ત્રિકાળ છું એમ સ્વસ્વરૂપની સત્તા, મહાસત્તાને માનતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. છ દ્રવ્ય માને, છ દ્રવ્ય જ્ઞેયાકારરૂપ જ્ઞાનની પર્યાય થઈ તેને માને, પરંતુ દ્રવ્ય ત્રિકાળ એક સમયમાં શુદ્ધ જ્ઞાયક પિંડ પરમાત્મા છે તેને માનતો નથી તો તે પણ પર્યાયદૃષ્ટિ, પરદ્રવ્યદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– પર્યાયમાં દ્રવ્ય પણ આવ્યું ?

ઉત્તર :– પર્યાયમાં પોતે આવ્યો નહિ, પર્યાય એક સમયની છે, દ્રવ્ય ત્રિકાળ અસ્તિ છે. કાલે આવ્યું હતું, પર્યાયમાં સ્વજ્ઞેય, પરજ્ઞેયનું જ્ઞાન છે પરંતુ એક સમયની પર્યાય છે. એ પરના સહારાની થઈ, જ્ઞેયના સહારાની થઈ, સ્વતંત્ર એક સમયની થઈ પરંતુ ત્રિકાળ ન થઈ. સૂક્ષ્મ વાત છે. કાલે એ પણ આવ્યું હતું અને આજે આ (આવ્યું). આજે થોડું સૂક્ષ્મ છે. પરંતુ બધા ચૌદ બોલનો સાર છે. તત્‌-અતત્ત, એક-અનેક, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ, અને નિત્ય-અનિત્ય. એમ ચૌદ ભંગ છે. ચૌદમાં પણ આ સાર છે. ચાર પ્રશ્નનો સાર થયો તે જ ચૌદનો સાર છે. આ બીજી રીતે (કહે છે). દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાના શું અને પરદ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ શું તેને બહુ બીજી રીતે સમજાવે છે.

કહે છે કે, જ્ઞાનની પર્યાય તે જ્ઞેયના અસ્તિત્વપણાથી અસ્તિપણું માને છે. એ જ્ઞાનની

પર્યાય, એક સમયનું જે જ્ઞેયનું જ્ઞાન (થાય છે) તેટલું અસ્તિત્વ માને છે. પોતાનો જ્ઞાયક ત્રિકાળ અખંડ અભેદ ચૈતન્ય વસ્તુ છે તે તરફ દૃષ્ટિ કરતો નથી. **'स्वद्रव्यानवलोकनेन'** એમ છે ને ? બીજી લીટી છે. પહેલી લીટીમાં એ આવ્યું, **'प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः'** ઠગાયો છે. એક સમયમાં છ દ્રવ્ય જાણ્યા તે હું છું એમાં ઠગાઈ ગયો છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? શું ઠગાયો ? એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જાણવું થયું તો એ હું છું, એમ ઠગાઈ ગયો, પોતાની ચીજથી ઠગાઈ ગયો. સૂક્ષ્મ છે, 'શોભાલાલજી'!

**'स्वद्रव्यानवलोकनेन परितः'** બીજું પદ છે ને? એ આગળ આવશે તેનો સાર પહેલા કહે છે. **'स्वद्रव्यानवलोकनेन'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, તેના **'अनवलोकनेन'** તેનું અવલોકન કરતો નથી. અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણ જ્ઞાયકભાવ તેનું અવલોકન, અસ્તિપણું (છે) એમ અંતરમાં માનતો નથી અને તે પર્યાયમાત્રને, જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને જ એવડો આત્મા માને છે તે આત્માને ઠગે છે. ઠગાઈ જાય છે. કહો! પૈસામાં ઠગાઈ જાય છે, એમ નહિ. પોતાને વંચિત કરે છે, એમ કહે છે. એક સમયના અંશમાં આખું દ્રવ્ય ભૂલી જાય છે. એક સમયના અંશના પ્રેમમાં આખું દ્રવ્ય ભૂલી જાય છે, એમ કહે છે. ઓહો..હો..! મૂળ મુદ્દાની ચીજ છે ને થોડી! કેટલા વર્ષ થયા ? થોડું થોડું નક્કી તો કરે. એ.. શેઠ!

અ..હો..! ભગવાનઆત્મા એક સમયની પર્યાયને પણ અહીં તો પરકાળ કહેશે. આહા..હા..! કહે છે, ભગવાન! **प्रत्याक्षालिखित** એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનો ખ્યાલ આવ્યો એ તો જ્ઞેયાકાર જ્ઞાન (છે), એક સમયની પર્યાય એ તો જ્ઞેયાકાર જ્ઞાન થયું, એમાં પોતાની ત્રિકાળી વસ્તુ આવી નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'જ્ઞેયથી ભિન્ન નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુને માનતો નથી.'** આ **'अनवलोकनेन'** નો અર્થ કર્યો. આગળ વિશેષ કહેશે, પણ પહેલા સામાન્ય ભાવાર્થ કહી દે છે. ભિન્ન નિર્વિકલ્પ જ્ઞાન... એક સમયની પર્યાય છ દ્રવ્યના જ્ઞેયાકારે જ્ઞાનની પર્યાય થઈ તો ખરેખર એટલાને જ આખું દ્રવ્ય માની લીધું. ઠગાયો, પર્યાયબુદ્ધિ ઠગાયો, પોતાના આત્મા સાથે છેતરપિંડી કરે છે. સમજાણું કાંઈ? આખો બાદશાહ ચૈતન્યપ્રભુનો અનાદર કરીને એક અંશમાત્રમાં છ દ્રવ્યના જ્ઞેયાકારે જ્ઞાન થયું એવડી પર્યાય જ જાણે હું છું એમ માનીને મિથ્યાદૃષ્ટિ એકાંતી પોતાનું અનેકાંત પરથી ભિન્ન એવા સ્વરૂપને જાણતો નથી. સમજાણું કાંઈ?

**'આથી એવો ભાવ પ્રાપ્ત થાય છે કે પરદ્રવ્યના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે,...'** જુઓ! એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થયું તો એવડો હું છું (એમ માન્યું). છ દ્રવ્ય જ્ઞેય છે તો મારી પર્યાય પણ એવી છે, પણ જેણે પર્યાયમાત્ર માની એણે પોતાના ત્રિકાળી સ્વરૂપને માન્યું નહિ, અહીંયાં તો આમ જ કહેવું છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી.'** એમ માન્યું. શું કહે છે? હું તો ત્રિકાળ જ્ઞાન ધ્રુવ ચૈતન્યબિંબ છું એમ જ્ઞાનનું, પોતાના આત્માના અસ્તિત્વથી પોતાનું અસ્તિત્વ

ન માન્યું. પર્યાયમાત્રથી અને પરજ્ઞેયથી જ પોતાનો આત્મા માન્યો. સમજાણું કાંઈ? **'પરદ્રવ્યના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે, જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુનું પોતાના અસ્તિત્વથી અસ્તિત્વ છે.'** જુઓ! જ્ઞાન શબ્દે આત્મા, હોં! આખો આત્મા અખંડ પૂર્ણ જ્ઞાનસ્વભાવ પોતાનું અસ્તિત્વ ત્રિકાળ રાખે છે. તેનું અસ્તિત્વ–હયાતી મહાસત્તા પોતાથી છે. એવી દૃષ્ટિ અંતરમાં કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

**'તેના ભેદ ચાર છે :'** ભગવાનઆત્મા જ્ઞાન વસ્તુ. ભાઈ! છે ને? જ્ઞાનવસ્તુ પોતાના અસ્તિત્વથી, પોતાની હયાતીથી છે. એક સમયમાત્રની પર્યાય જ્ઞેયાકાર છે તેનાથી નથી. ચાર ભેદ છે. **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ,...'** ભગવાનઆત્મા વસ્તુ તરીકે જ્ઞાનસ્વરૂપ પરમપારિણામિક સ્વભાવ જ્ઞાયકભાવ, એવા જ્ઞાનમાત્રથી **'જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ,...'** સ્વ વસ્તુપણે છે. આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આઠ બોલ છે ને? બધાનો ખુલાસો આમાં આપી દીધો છે. સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ. અસંખ્ય પ્રદેશ પોતાનું સ્વક્ષેત્ર એકરૂપ છે તે રૂપે આત્મા છે. સ્વકાળપણે અસ્તિ. પોતાની પર્યાયપણે સ્વકાળપણે અસ્તિ ત્રિકાળ (છે). એ વિશેષ લેશે. સ્વભાવપણે અસ્તિ. પોતાના ભાવપણે છે. પોતાના દ્રવ્યપણે છે, ક્ષેત્રપણે છે, કાળપણે છે, ભાવપણે છે. આ સામાન્ય વ્યાખ્યા કરી.

**'પરદ્રવ્યપણે નાસ્તિ,...'** પરદ્રવ્યથી આત્મા નાસ્તિ–નથી. પરદ્રવ્યથી નથી. સ્વદ્રવ્યથી છે, પરદ્રવ્યથી નથી. વ્યાખ્યા થોડી સૂક્ષ્મ આવશે, હોં! **'પરક્ષેત્રપણે નાસ્તિ,...'** પરક્ષેત્રથી આત્મા નથી. **'પરકાળપણે નાસ્તિ,...'** પરકાળપણે વસ્તુ નથી. **'પરભાવપણે નાસ્તિ.'** પરભાવપણે વસ્તુ નથી. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. આટલી સામાન્ય વ્યાખ્યા કરી.

હવે એ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ શું? અને પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ શું? એનું સ્પષ્ટીકરણ કરે છે. સમજાણું કાંઈ? સામાન્યપણે વ્યાખ્યા કરી કે, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવથી નથી. એટલી સામાન્ય વ્યાખ્યા કરી. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ શું? પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ શું? તેની વ્યાખ્યા હવે સ્પષ્ટ કરે છે.

**'તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...'** એકલો નિર્વિકલ્પ ભેદ વિના. વિકલ્પ નામ ભેદ, નિર્વિકલ્પ નામ અભેદ. એક સ્વદ્રવ્ય અભેદમાત્ર વસ્તુ એ સ્વ દ્રવ્ય. ત્રિકાળી અભેદ નિર્વિકલ્પ ભેદ નહિ, નિર્ભેદ, અભેદ એવી વસ્તુ. સમજ્યા? **'સ્વદ્રવ્ય એટલે...'** સ્વદ્રવ્ય અર્થાત્. એમાં લીટી કરી છે ને? **'નિર્વિકલ્પમાત્ર વસ્તુ...'** અભેદમાત્ર વસ્તુ એ સ્વદ્રવ્ય. ભાષા જુઓ! સમજાણું કાંઈ? અહીં લીધું ને? ભાઈ! ૫૬ મી ગાથા. દ્રવ્ય આત્મલાભ પારિણામિક. દ્રવ્યના સ્વરૂપની હયાતી. આ દ્રવ્ય. પર્યાય-ફર્યાય નહિ. 'પંચાસ્તિકાય સંગ્રહ' ૫૬ ગાથા. પોતાનું દ્રવ્યાત્મક. આત્મ એટલે સ્વરૂપ. દ્રવ્યના સ્વરૂપનો લાભ એટલે છે. હયાતી છે. ઉત્પાદ-

વ્યય નહિ. ઉત્પાદ-વ્યય એ પોતાનું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'પંચાસ્તિકાય' માં પારિણામિકભાવની વ્યાખ્યા કરી કે, પારિણામિક નામ સહજ વસ્તુનું સ્વરૂપ શું? સહજ વસ્તુ જેમાં પર્યાયની અપેક્ષા નહિ, નિમિત્તના ભાવની કે નિમિત્તના અભાવની કોઈ અપેક્ષા નહિ, એવી ચીજ કેવી છે? જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનનું ધ્યેય, ધર્મીનું ધ્યેય એ ચીજ કેવી છે? દ્રવ્ય આત્મલાભ, દ્રવ્ય આત્મસ્વરૂપ. દ્રવ્યનું આત્મા એટલે સ્વરૂપ. દ્રવ્યનું સ્વરૂપ–લાભ. લાભ એટલે છે. દ્રવ્યનું સ્વરૂપ છે તે જ પારિણામિકભાવ. ઉત્પાદ-વ્યય નહિ. સમજાણું કાંઈ? અમરચંદભાઈ !

વસ્તુ એક સમયમાં પરિપૂર્ણ ધ્રુવ (છે). વસ્તુના સ્વરૂપની હયાતી છે, વસ્તુસ્વરૂપ છે, વસ્તુસ્વરૂપ છે. વસ્તુસ્વરૂપ છે એ પારિણામિકભાવ. ઉત્પાદ-વ્યય નહિ, રાગ નહિ, વિકાર નહિ, પર નહિ એ તો પર તો ક્યાંય રહી ગયા. આહાહા..! એકલું વસ્તુસ્વરૂપ દ્રવ્ય સ્વભાવ સ્વરૂપ છે. લાભ એટલે છે. બસ! દ્રવ્યના સ્વરૂપની હયાતી. તે પરમપારિણામિકભાવ, તે ત્રિકાળી વસ્તુ, તે સ્વદ્રવ્ય. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

**'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** અસંખ્ય પ્રદેશ છે ને? અસંખ્ય, ભેદ નહિ. પ્રદેશ, બસ! સ્વક્ષેત્ર આધારમાત્ર–આધારમાત્ર. અનંત ગુણની આધાર એવી ભૂમિ. પોતાની નિજ ભૂમિ. શેઠ! ભૂમિ બહુ રાખે છે ને? બંગલા ને મેડી, ભૂમિ. કહે છે, સ્વક્ષેત્ર આધારમાત્ર વસ્તુના પ્રદેશ. એ પોતાની નિજ ભૂમિ, પોતાનું નિજ ક્ષેત્ર, પોતાનો નિજ નિવાસ. સમજાણું કાંઈ? **'સ્વક્ષેત્ર એટલે...'** લીટી છે ને? **'આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** અનંત ગુણના આધારમાત્ર વસ્તુના પ્રદેશ, એ સ્વ ભૂમિ, સ્વ ક્ષેત્ર, પોતાનું ક્ષેત્ર, પોતાની ભૂમિ, નિજ નિવાસ સ્થાન. સમજાણું કાંઈ? સ્થાન છે ને? સ્થાન–ક્ષેત્ર. પોતાનું રહેવાનું આધાર સ્થાન સ્વક્ષેત્ર એ પોતાનું ક્ષેત્ર છે. મકાન-બકાન, બંગલા-ફંગલા નહિ એમ કહે છે. બંગલા તો નહિ હજી અહીં બીજું કાઢી નાખશે. આહાહા..!

હજી તો પેલા કહે, દેવ-ગુરુ-શાસ્ત્ર છે. અમારે 'બોટાદ'માં કહેતા હતા. દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ એ પરદ્રવ્ય? દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય? શુદ્ધ છે એ પરદ્રવ્ય? આ ભક્તિના કરનારા માને ને? આપણે ગુરુ ને દેવની ભક્તિ કરીએ તો મુક્તિ થશે. સમજાણું કાંઈ? પરની ભક્તિથી કર્મ ખપે એ માન્યતા જ જૈનદર્શનથી તદ્દન વિરુદ્ધ છે. જૈનદર્શન એટલે આત્મદર્શનથી વિરુદ્ધ છે. એમ. સમજાણું કાંઈ? ખૂબ ભક્તિ કરો, એનાથી કર્મ ખપશે. મહાપુરુષ કેમ કહી ગયા કે, અમારી ભક્તિ કરો, જાઓ! તમને લાભ થશે? હવે એવો પ્રશ્ન કરે છે.

**'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** ઓહોહો..! એ પોતાની નિજ ભૂમિ, નિજ ક્ષેત્ર, નિજ પહોળાઈ, પોતાના પ્રદેશ. એક વાત. **'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...'** ત્રિકાળ, એક સમયની નહિ. વસ્તુ .. છે ને? **'વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...'** ભાઈ! એમ લીધું છે ને? વસ્તુમાત્રની. એક સમયની અવસ્થા એમ નહિ. વસ્તુમાત્ર ત્રિકાળ એ એનો

સ્વકાળ છે. આહાહા..! ભાષા જુઓને લખી છે. વસ્તુમાત્ર તેનો સ્વકાળ. **'વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...'** આખી વસ્તુ એકરૂપ ત્રિકાળ ધ્રુવ એ સ્વકાળ, એ પોતાનો સ્વકાળ. ઓહોહો..! સમજાણું કાંઈ? આગળ તો પર્યાયને સ્વકાળ કહેશે. પણ અહીં તો એ રીતે સિદ્ધ કરીને પછી સમજાવશે.

સ્વદ્રવ્ય નિર્વિકલ્પમાત્ર વસ્તુ. સ્વક્ષેત્ર પોતાના આધારરૂપ પ્રદેશ, આધારરૂપ પ્રદેશ, સ્વભાવ વસ્તુમાત્ર. માત્ર નામ આખી ચીજ. આખી નામ ધ્રુવ ચીજ, પરમપારિણામિક અભેદ ચીજ એ સ્વકાળ. એ એનો સ્વકાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! નવું છે, 'શોભાલાલજી'! 'કાનપુર' જાય ત્યારે સજ્ઝાયમાં તો બેસે છે.

વસ્તુમાત્રની મૂળ અવસ્થા. અવસ્થા શબ્દે અહીંયાં પર્યાય નથી લેવી. અવસ્થા–અવ-સ્થ. ત્રિકાળ એકરૂપ રહે તે તેનો સ્વકાળ. અહીં તો ત્રિકાળ વસ્તુમાત્ર શબ્દ વાપર્યો છે ને? વસ્તુમાત્ર એટલે ખલાસ થઈ ગઈ. આખી વસ્તુ જે ત્રિકાળ ધ્રુવ છે તે અવસ્થા. અવસ્થા નામ કાયમ રહેવાવાળી ચીજ તે તેનો કાળ છે. તે તેનો જ કાળ છે. સમજાણું કાંઈ?

**'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...'** ભગવાનઆત્માનો મૂળનો સહજ ભાવ–શક્તિ. જ્ઞાન, દર્શન, આનંદાદિ જે ભાવ છે ને? એકરૂપ ત્રિકાળ એ વસ્તુનો સ્વભાવ, વસ્તુની શક્તિ. ભાષા જુઓ! સ્વ-ભાવ **'વસ્તુની મૂળની સહજ શક્તિ;...'** એમ ભાષા લીધી છે. જુઓ! જે સામર્થ્ય પડ્યું છે, ત્રિકાળ એકરૂપ ભાવ સામર્થ્ય એ વસ્તુનો ભાવ. સમજાણું કાંઈ? ભેદ-બેદ નહિ. અહીં તો હજી સ્વમાં આખી એકરૂપ શક્તિ. ભેદ પડે એ પરભાવમાં જાશે. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓને!

**'વસ્તુની મૂળની સહજ શક્તિ;...'** મૂળની સ્વાભાવિક શક્તિ, એકરૂપ ત્રિકાળ ભાવરૂપ શક્તિ. જ્ઞાનભેદ ને ગુણભેદ એમ નહિ. સમજાણું કાંઈ? પંડિતજી! બહુ સૂક્ષ્મ છે. જુઓ! 'રાજમલજી'એ કેવું લીધું છે! 'રાજમલ જૈનધર્મી સમયસાર નાટક કે મર્મી'. 'બનારસીદાસે' કહ્યું છે. મૂળ ચીજ આ છે. મૂળ ચીજ સમજ્યા વિના ચારે બાજુ અથડામણ છે. આહાહા..! નિજઘરમાં.. એ આવે છે ને? ભજન આવે છે ને? 'અબ હમ નિજઘર ન આયે' 'અબ હમ કબહૂ ન નિજઘર આયે, પર ઘર ભટકત અનંત નામ ધરાયે'. નિજઘર સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ. આ ચાર ભેદ પણ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? ચારેનું એકરૂપ ત્રિકાળરૂપ તે નિશ્ચયનયનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ, પોતાનો ભાવ, નિજભાવ સ્વભાવ સ્વરૂપ વસ્તુની સહજ, **'મૂળની સહજ શક્તિ;...'** મૂળની સહજ શક્તિ ધ્રુવ એકરૂપ ત્રિકાળ. એ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ (થયા).

હવે, નાસ્તિ. **'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...'** એ પરદ્રવ્ય. દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય રહી ગયા, સમ્મેદશીખર તો ક્યાંય રહી ગયા, અરિહંત-સિદ્ધ તો ક્યાંય રહી ગયા. અરિહંત, સિદ્ધ તો પરદ્રવ્યમાં ગયા, પંચ પરમેષ્ઠી પરદ્રવ્યમાં ગયા. આહાહા..! આ તો બીજી

વાત કરે છે. નિજ પરમેશ્વરમાં ભેદ કરવા તે પરદ્રવ્ય છે. આહાહા..! ભેદ થયો ને? સવિકલ્પ. જુઓ! **'સવિકલ્પ ભેદ-કલ્પના,...'** સવિકલ્પ ભેદ-કલ્પના. વસ્તુ તો નિર્વિકલ્પ એકરૂપ છે. એમાં ભેદ-કલ્પના કરે કે, આ હું છું, આ હું છું, આ હું છું. ગુણી-ગુણનો ભેદ–આ ગુણ તે ગુણીનો છે અને આવો હું છું. એવી ભેદ-કલ્પના તે પરદ્રવ્ય છે. જુઓ! પરદ્રવ્યની વ્યાખ્યા. સમજાણું કાંઈ? રાગ તો ક્યાંય એના ઘરે રહી ગયો. સમજાણું કાંઈ?

અહીં તો અખંડ ભગવાન નિર્વિકલ્પ વસ્તુમાં ભેદ-વિકલ્પ કરવા કે આ આત્મા આવો છે, આ જ્ઞાનવાળો છે, દર્શનવાળો છે. દ્રવ્ય, હોં! એવા દ્રવ્યની વાત છે. એવી ભેદ-કલ્પના કરવી તે જ પરદ્રવ્ય છે. એવી ભેદ-કલ્પના પરદ્રવ્યની જેમાં નાસ્તિ છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, મેરુ, સમ્મેશીખર વગેરેની પોતામાં નાસ્તિ છે, પણ પોતાનું અખંડરૂપ જે નિર્વિકલ્પ અભેદ વસ્તુ છે, અભેદમાં ભેદ-કલ્પના કરવી તે જ પરદ્રવ્ય છે. આહાહા..! એ પરદ્રવ્ય છે અને એ પરદ્રવ્ય પોતામાં નથી. અભેદમાં પરદ્રવ્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પરભેદબુદ્ધિ, વિકલ્પબુદ્ધિ કલ્પના.

ઉત્તર :– એ તો ભેદબુદ્ધિ થઈ ને? કલ્પના. કહ્યું ને. ભેદ થતા તો નથી. ભેદ કેવી રીતે થાય? એ તો અભેદ ચિદાનંદ છે. લક્ષમાં ભેદ કરવા કે આ આત્મા, આ જ્ઞાન એવી ભેદ-કલ્પના એ ભેદ વિકલ્પ તે જ પરદ્રવ્ય છે, એ પરદ્રવ્ય છે. ભેદ જ પરદ્રવ્ય છે. વિકલ્પ તો પરદ્રવ્ય છે, એ વાત નહિ. અહીં તો અભેદ એકરૂપમાં ભેદ કરવા એ ભેદરૂપ તે પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? અભેદમાં ભેદ ક્યાં છે? એકરૂપ વસ્તુમાં ભેદ (ક્યાં છે)? આ ભેદ તો કલ્પના કરે છે. ભેદ-કલ્પના કરે છે. અંદર ભેદ છે જ નહિ, ભેદ પરદ્રવ્ય થઈ ગયો. સમજાણું કાંઈ? અભેદમાં ભેદ-કલ્પના કરવી તે પરદ્રવ્ય થયું.

**'સવિકલ્પ ભેદ-કલ્પના...'** એમ છે ને? એ તો પછી ભેદની વ્યાખ્યા કરી. પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ. સવિકલ્પ ભેદ એટલે કલ્પના, એમ. ભાઈ! કલ્પના છે ને? ન્યાં ક્યાં ભેદ પડે છે? એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! અહીં તો હજી (એમ માને) પરદ્રવ્યથી મને લાભ થશે, પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્રથી (લાભ થશે). નિમિત્તને શોધો, ઉપાદાન નિમિત્તને સ્થાપે છે કે, ક્યારે નિમિત્ત આવે તો મારું કામ થાય? સમજાણું કાંઈ? અરે.. ભગવાન! જિનબિંબથી સમ્યગ્દર્શન થાય છે, મિથ્યાત્વના ટુકડા થાય છે. એ જિનબિંબ તો પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય છે એનાથી તો આત્મામાં લાભ થતો નથી, પરંતુ આત્મા અભેદમાં ભેદ કરે તો આત્મામાં લાભ થતો નથી. શેઠ! આહાહા..!

આ તો (કહે), સમ્મેદશીખરના દર્શનથી.. જાઓ! એકવાર... શું કહે છે? 'એકવાર વંદે જો કોઈ પશુ નરક ના હોઈ' શું છે? એ તો પરદ્રવ્ય છે. શું પરદ્રવ્યથી પોતામાં લાભ થાય છે? એ વાત તો ક્યાંય રહી, પોતાની અભેદ વસ્તુમાં ભેદ કરવા એ ભેદથી પણ આત્માને

લાભ નથી. સમજાણું કાંઈ? ભેદ કરવા એ પુણ્યબંધનું કારણ છે. એ તો બંધનું કારણ છે, એમ કહ્યું. એ કંઈ અબંધનું કારણ નથી. આહાહા..! ક્યાં લઈ જાય છે? સમજાણું કાંઈ?

જુઓ! **'પરદ્રવ્ય સવિકલ્પ ભેદ-કલ્પના...'** એમ. એ કલ્પના છે. ન્યાં વસ્તુમાં ક્યાં ભેદ પડે છે? એમ કહે છે. પણ ભેદ કલ્પે છે ને? આ જ્ઞાન, આ દર્શન, આ આનંદ, આ ગુણીનો આ ગુણ એવા ભેદ (કરવા) એ પરદ્રવ્ય. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ અભેદ વસ્તુ તે સ્વદ્રવ્ય. ભેદ કરવા તે પરદ્રવ્ય. એ ભેદની સ્વદ્રવ્યમાં નાસ્તિ, પરદ્રવ્યની નાસ્તિ. પોતાના અભેદ દ્રવ્યની અસ્તિ અને ગુણ-ગુણીના ભેદ પણ કરવા એ ભેદની નાસ્તિ. ભેદ પરદ્રવ્યની નાસ્તિ. અભેદ સ્વદ્રવ્ય અને ભેદ પરદ્રવ્ય. તો સ્વદ્રવ્ય અભેદમાં પરદ્રવ્યની નાસ્તિ. આહાહા..! સમજાણું કાંઈ? 'શેઠી'! આમાં પરદ્રવ્ય શું આવ્યું? સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય શું આવ્યું? 'મહેન્દ્રભાઈ' પરદ્રવ્યમાં આવ્યા કે નહીં? દૂર રહી ગયા?

અહીં તો કહે છે કે, રાગ પરદ્રવ્ય છે એ તો ક્યાંય રહી ગયું, એની તો વાતેય નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય, સમ્મેદશીખર પરદ્રવ્ય, આ પુસ્તક પરદ્રવ્ય, શાસ્ત્ર પરદ્રવ્ય, પાના પરદ્રવ્ય, જિનવાણી પરદ્રવ્ય. શેઠ! જિનવાણી પરદ્રવ્ય? પરદ્રવ્યથી પોતાને લાભ થતો નથી, પરદ્રવ્યથી લાભ થતો નથી. જિનવાણીથી લાભ થતો નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– કોઈ સાંભળશે નહીં.

ઉત્તર :– એનો ખ્યાલ કરાવે છે. જૂના છે ને! મૂળ ચીજનો ખ્યાલ કરાવે છે. આ તમારા મિત્ર છે. મૂળનો ખ્યાલ કરાવે છે, એમ કહે છે.

મુમુક્ષુ :– વિચાર કરે છે.

ઉત્તર :– વિચાર કરે એ પરદ્રવ્ય છે. જેટલા વિકલ્પ કરે છે એ તો પરદ્રવ્ય છે પણ ભેદનો વિકલ્પ કરવા એ પરદ્રવ્ય છે. સૂક્ષ્મ વાત છે. આત્મા અનંત ગુણનો પિંડ છે. સમજાણું કાંઈ? સાંભળો! આત્મા અનંત ગુણનો પિંડ છે એ ભેદ થઈ ગયો. અનંત ગુણનો પિંડ એ ભેદ થઈ ગયો. ભેદ પરદ્રવ્ય છે, પરદ્રવ્ય પોતામાં છે જ નહિ. અભેદમાં પરદ્રવ્ય છે જ નહિ. ભેદથી આત્માને લાભ થતો નથી. કેમકે ભેદ પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી આત્મામાં લાભ–સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! અહીં તો હજી ભગવાનના દર્શનથી, મૂર્તિથી સમ્યગ્દર્શન થાય છે. મિથ્યાત્વનો નાશ થાય છે. અરે..! સાંભળ તો ખરો! એ તો નિમિત્તના કથન છે. ત્યાં આગળ જિનબિંબ પોતાનું સ્વરૂપ જિનબિંબ અભેદ છે, અભેદની દૃષ્ટિ કરી તો સમ્યગ્દર્શન થયું તો નિમિત્તથી કહેવામાં આવ્યું છે. આહા..! સમજે નહીં ને.

સાક્ષાત્ ભગવાન હો તો તે પણ પોતાથી પરદ્રવ્ય છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજે છે (એ) પોતાથી પરદ્રવ્ય છે, તો પરદ્રવ્યથી આત્મામાં બિલકુલ લાભ થતો નથી. પરદ્રવ્યની પર્યાય તો એની પાસે રહી. અહીંયાં તો વિકલ્પ આવ્યો કે, આ પરદ્રવ્ય છે. વિકલ્પ આવ્યો એ રાગ છે, એ પણ પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય છે જ, પરંતુ અભેદમાં

ભેદ કરવો એ ભેદ પરદ્રવ્ય છે. આહા..! અહીંયાં તો જરી આ સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? થોડું સાંભળે તો ખરા. એમનો ૧૭ મો દિવસ છે, ત્રણ દિવસ રહ્યા ને? કેટલાક તો જાય છે, ભાગે છે. કેટલાક કાલે ગયા, કેટલાક આજે જવાના છે.

મુમુક્ષુ :– અનુપચરિત સદ્‌ભૂત ...

ઉત્તર :– સદ્‌ભુત અનુપચરિત. ભેદ સદ્‌ભુત અનુપચરિત પરદ્રવ્ય. સમજાણું કાંઈ? આહાહા..! ઠીક કહ્યું, નયનો પ્રશ્ન છે. બરાબર છે.

ભેદ કરવા. છે. તો ભેદ કરવા તે સદ્‌ભુત છે. પરંતુ છે અનુપચાર વ્યવહાર. અનુપચાર વ્યવહાર. પરદ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ અલૌકિક વાત! ઓહોહો..!

અમૃતનો સાગર જ્યાં ભર્યો છે એમાં ભેદ શું કરવા? કહે છે. સમજાણું કાંઈ? જેનો આશ્રય લેવો છે, પર્યાય ભલે આશ્રય લે, પણ આશ્રય તો આખા અભેદનો છે, અભેદ છે. એ અભેદમાં ભેદ કરવા (કે), અહો..! હું અનંત ગુણસંપન્ન છું. એ પરદ્રવ્ય થઈ ગયું. 'જિનેશ્વરદાસજી'! આહાહા..! નિર્વિકલ્પ અભેદ વસ્તુ જે પહેલા કહી,... પહેલા કહ્યું ને? **'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ.'** એ સ્વદ્રવ્ય. એની સામે **'પરદ્રવ્ય સવિકલ્પ ભેદ-કલ્પના..'** જુઓ! સામે (લીધું). આ નિર્વિકલ્પ, આ સવિકલ્પ. પેલું નિર્વિકલ્પમાત્ર હતું, આ સવિકલ્પ ભેદ-કલ્પના એમ કહ્યું. સમજાણું કાંઈ? કહો, 'અમુલખચંદજી'

મુમુક્ષુ :– અભેદમાં કેવી રીતે પહોંચાય.

ઉત્તર :– ભેદને કારણે અભેદમાં પહોંચાતું નથી. કહો! ભેદ પરદ્રવ્ય છે, પરદ્રવ્યથી સ્વદ્રવ્યમાં પહોંચી શકાય?

મુમુક્ષુ :– ભેદદષ્ટિ બાહ્ય છે.

ઉત્તર :– એ તો ભેદ પડી ગયો. આહાહા..! આકરું કામ છે, ભાઈ!

આ ચાર બોલ બરાબર લીધા છે. અંદરમાં ને અંદર ભેદ અને અભેદ. બહારની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં તો પોતાનું નિર્વિકલ્પ વસ્તુમાત્ર જે દ્રવ્ય છે એ અસ્તિ, એ અસ્તિ. પોતાનું હોવાપણું. અને ભેદ-કલ્પના, સવિકલ્પ ભેદ-કલ્પના એ પરદ્રવ્ય. એ પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ. પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ. સ્વદ્રવ્યની સ્વદ્રવ્યમાં અસ્તિ. સ્વદ્રવ્યમાં પરદ્રવ્યની નાસ્તિ. આવી વાત છે. સમજાણું કાંઈ? ભેદબુદ્ધિ પણ પર્યાયબુદ્ધિ થઈ ગઈ, એમ કહે છે. દ્રવ્યબુદ્ધિમાં ભેદબુદ્ધિની નાસ્તિ છે, એમ કહે છે. અભેદ વસ્તુ છે (એમાં) ભેદ કરે છે એ પર્યાયબુદ્ધિ થઈ ગઈ. પર્યાયબુદ્ધિ ભેદબુદ્ધિ થઈ ગઈ, વ્યવહારબુદ્ધિ થઈ ગઈ. સમજાણું કાંઈ? કહે છે કે, અહીંયાં એને પરદ્રવ્ય કહે છે.

અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્ર એવા નિમિત્તની રાહ જોવી, ત્યારે ઉપાદાનમાં કામ થાય છે (એમ કહે). અને તેની શ્રદ્ધાથી ધર્મ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી ધર્મ થાય છે. મહામૂઢ દશા છે. મહામૂઢ કહ્યું ને? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે, અભેદમાં ભેદથી

લાભ માનવો એ મિથ્યાત્વભાવ છે. પરદ્રવ્યથી લાભ માન્યો. સમજાણું કાંઈ? જે પોતામાં નથી એનાથી લાભ માન્યો, એમ કહે છે. આહાહા..! ઓહોહો..!

કહે છે, એકવાર તારા લક્ષમાં તો લે કે, ભગવાનઆત્મા એકરૂપ અભેદ શુદ્ધ, એકરૂપ અભેદ શુદ્ધ એ સ્વદ્રવ્ય. એમાં ગુણ-ગુણીનું અનેકપણું, અશુદ્ધપણું, ભેદપણું એ પરદ્રવ્ય (છે). સમજાણું કાંઈ? એકરૂપ અભેદ શુદ્ધ. અનેકરૂપ ભેદ અશુદ્ધ. એકરૂપ અભેદ શુદ્ધ એ સ્વદ્રવ્ય. વિશેષમાં ભલે ભેદ પડી જાય, પણ ત્યાં ભેદ નથી. ત્યાં જે એક છે તેને જ શુદ્ધ કહે છે અને તેને જ અભેદ કહે છે. સમજાણું કાંઈ? આ એક છે ને વળી અભેદ છે ને વળી શુદ્ધ છે એવા ત્રણ ભેદ નહિ. એ તો એની એ ચીજને એક ને એ જ વસ્તુને શુદ્ધ ને એને જ અભેદ (કહે છે). સમજાણું કાંઈ? અને એનાથી ભેદ કર્યા તો અનેક થઈ ગયું, અશુદ્ધ થઈ ગયું... સમજાણું કાંઈ? પરદ્રવ્ય થઈ ગયું. એકથી અનેક, અભેદથી ભેદ, શુદ્ધથી અશુદ્ધ. એકથી અનેક થઈ ગયો, અભેદથી ભેદ થઈ ગયો, શુદ્ધથી અશુદ્ધ થઈ ગયો. સમજાણું કાંઈ?

એમ કહ્યું કે, ભગવાનઆત્મા એકરૂપ અર્થાત્ અભેદરૂપ અર્થાત્ શુદ્ધરૂપ. વસ્તુ એક જ. એ સ્વદ્રવ્ય. અને એમાં ભેદ કરવા, અભેદથી ભેદ પરદ્રવ્ય. એ અનેક અને અશુદ્ધ પરદ્રવ્યની નાસ્તિ. પરદ્રવ્યથી લાભ માનવો મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– ઇ પણ પરદ્રવ્ય છે.

ઉત્તર :– આ પરદ્રવ્ય છે, પેલાની તો વાત જ ક્યાં છે? ભેદરૂપી, અનેકરૂપી, અશુદ્ધરૂપી પરદ્રવ્ય જે ભેદ કર્યા એનાથી લાભ માને (તો) એ પોતામાં છે નહિ. છે નહિ એનાથી લાભ માનવો (એ તો) મિથ્યાત્વ છે. ઓહોહો..! એ..ઇ..! 'માણેકલાલજી'! ક્યાં ગયા તમારી પેલા પર્યાયનું..? ઘણા પ્રશ્ન કરતા હતા, નહિ? પર્યાય.. પર્યાય.. પર્યાય.. દ્રવ્યની પર્યાય ને દૃષ્ટિની પર્યાયમાં પર્યાય આવે છે ને દ્રવ્ય આવે છે ને...

અહીં તો કહે છે, ગુણનો ભેદ પણ દૃષ્ટિમાં નથી આવતો. ગુણી-ગુણનો ભેદ કહો કે પર્યાય-પર્યાયવાનનો ભેદ કહો. એ.. 'હીરાલાલજી'! છે ને એમાં? ઘણું છે. અમારા પંડિતજીએ કર્યું છે. 'હિંમતભાઈ'એ 'કુચામણ'ના નહિ એક? 'અજીતકુમાર'.

અહીં તો કહે છે કે, આ પર્યાય અને આ પર્યાયવાન (એ) પરદ્રવ્ય (થઈ ગયું). પર્યાય તો દૃષ્ટિનો વિષય નહિ, દૃષ્ટિનો પર્યાય તો વિષય નહિ, પરંતુ આ પર્યાયવાન તેની આ પર્યાય એવો ભેદ પણ દૃષ્ટિનો વિષય નહિ. સમજાણું કાંઈ? ઓહો..!

મુમુક્ષુ :– જ્યારે વિચાર બંધ થઈ જાય...

ઉત્તર :– વિચાર એમાં છે જ ક્યાં? વિચાર નામ વિકલ્પ છે જ નહિ. તમારો 'રજનીશ' કહે છે એવું નથી. એ તો શૂન્ય નાસ્તિક થવાનું કહે છે.

અહીં તો જે વસ્તુ એક અભેદ નિજ છે એમાં દૃષ્ટિ દેવાથી ભેદ પરદ્રવ્ય થઈ જાય

છે, એમ વાત છે. અહીંયાં તો વસ્તુ જે ત્રિકાળ એકરૂપ છે એ એકરૂપ એટલે સર્વ થઈને એકરૂપ નહિ. સર્વ આત્મા અને સર્વ દ્રવ્ય નહિ. એ તો તદ્દન નાસ્તિક વાત છે. આત્મા દ્રવ્ય છે ને એમાં ગુણ છે ને પર્યાય છે ને ભેદ-અભેદ કોઈ વાત જ નથી. ત્યાં તો તર્ક નહિ, એકલી તર્કશૂન્ય વાત. પણ લોકો એવા અંજાય જાય. એની કથની, એવો દેખાવ, દાઢી-મૂછ... 'કપુરચંદજી' એમાં લોકો અંજાય જાય. આહાહા..! નવી વાત છે, એમ કહે. લ્યો, ઠીક! લોકો એમ કહે, વાહ..! ધૂળેય નથી. સાંભળને! મહા મિથ્યાત્વના ભ્રમમાં પડ્યા છે. સમજાણું કાંઈ? 'શોભાલાલજી'! તમારા ઘરમાં પણ પહેલા હતું ને? તમારો છોકરો પૈસા દઈને બહુ ભણતો'તો. ન્યાં કહ્યું હતું, 'મલ્હારગઢ'માં 'લાલચંદજી'ને. શું છે? બધું વિપરીત છે. એ કોઈ ચોપડી લઈને આવ્યા હતા ને? દાઢીવાળો હતો. પુસ્તક લઈને આવ્યો હતો. મને પુસ્તક આપતા હતા. લો! કીધું, ગૃહીત મિથ્યાત્વનું પુસ્તક છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞસ્વભાવી ભગવાન સર્વજ્ઞ સ્વભાવ, એવો ગુણનો એક ભેદ કરવો એ પણ અભેદમાં ભેદ પડી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? એક સર્વજ્ઞ ગુણવાળો આત્મા એવો ભેદ કરવો એ પરદ્રવ્ય છે, એમ કહે છે. એવા એવા અનંત ગુણરૂપ એકરૂપ, અનંત ગુણનું એકરૂપ અભેદ એ સ્વદ્રવ્ય. બ્રહ્મચારીજી! જુઓ! સંવર, નિર્જરાની પર્યાય ક્યાં? એ તો ભેદ થઈ ગયો. ઓહોહો..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એવું તત્ત્વ લોકોને સાંભળવા મળતું નથી એટલે આવી ગડબડ થઈ જાય છે. પોતાની કલ્પનાથી અર્થ કરે એવી વાત ન હોય. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા. એવો આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. એવો એક એક આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. પરંતુ એકલો સર્વજ્ઞ સ્વભાવ નહિ, એવા અનંત સ્વભાવ આત્મામાં છે. એ અનંત સ્વભાવનું એકરૂપ તેને અભેદ આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા તમારે 'સોમચંદભાઈ'? ગયા? સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર આત્મા જ છે. પર સર્વજ્ઞ છે એ પરદ્રવ્ય થયા. ઓહોહો..! સમજાણું કાંઈ? કહે છે ને કે, **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं..'** એ તો પરદ્રવ્ય છે, અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય પર છે. એ તો પરને જાણે પછી પોતાના દ્રવ્યમાં સમાય છે, અભેદ થાય છે તો સમ્યગ્દર્શન થાય છે, માત્ર પરદ્રવ્યથી થતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અધ્યાત્મનો વ્યવહાર તે પણ પરદ્રવ્ય છે.

ઉત્તર :– પરદ્રવ્ય છે. આ ગુણ-ગુણીનો ભેદ કરવો એ પરદ્રવ્ય છે. આહાહા..! વીતરાગમાર્ગ કેવો છે, જુઓ તો ખરા! સર્વથી ઉપેક્ષા અને એકની અપેક્ષા. સર્વની ઉપેક્ષા અને એકની અભેદની અપેક્ષા, એ સ્વદ્રવ્ય. આ તો હજી ચાર (ભંગથી) બતાવે છે, હોં!

સ્વદ્રવ્ય ને સ્વક્ષેત્ર, ન્યાં તો ચાર ભેદ પણ નથી. આ તો પહેલા હજી પરમાં નાસ્તિ નાસ્તિ કરે છે, પરની નાસ્તિ (કહે છે) તો આ ખરેખર ચારની નાસ્તિ (છે). પછી એ ચાર પણ નહિ, એકરૂપની અસ્તિ. આહાહા..! સમજાણું કાંઈ? એ આવે છે, આમાં આવે છે ને? 'ण द्रव्येण खण्डयामि' જુઓ! આવ્યું. ૨૭૦ પછી છે, ૨૭૦ કળશ છે ને? ૨૭૦ કળશ છે એના પછી છે.

**`ण द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामिः`** ૨૭૦ પછી છે. એ ચાર તો હજી અભેદનો વિચાર કરે છે. પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની નાસ્તિ કરીને બતાવવું છે. પરંતુ પોતામાં પણ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એવા ચાર (ભેદ) પણ નહિ. સમજાણું કાંઈ? ૨૭૦ કળશ પછી છે. આમાં કેટલો ફેર કહે? 'શેઠી'! આ નિચોડ છે. આહાહા..! ત્યાં આનંદનો ચૂવો ચૂવે છે. આહાહા..!

ઓહો..! પરની કલ્પના તો છોડવી, પરથી લાભ માનવો તો છોડવું પરંતુ ભેદકલ્પના છોડવી. કેટલો પુરુષાર્થ છે! સમજાણું કાંઈ? એક નિર્વિકલ્પમાત્ર વસ્તુમાં અંદરમાં ગુણ-ગુણીના ભેદ છોડવા એમાં શું પુરુષાર્થ ઓછો છે? આહાહા..! ભેદબુદ્ધિથી હટી અભેદબુદ્ધિમાં પ્રયોગને લઈ જવો એમાં અનંત પુરુષાર્થ છે. આખા પરમેશ્વરને ઉપયોગે તોળી લીધો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પોતામાં જ ખૂબ પુરુષાર્થ...

ઉત્તર :– હા, પુરુષાર્થ સ્વસ્વભાવ આખો પૂર્ણાનંદ પ્રભુ, અભેદમાં પોતાના ઉપયોગને લઈ જવો એ પણ ભેદથી કથન છે. આ ઉપયોગને હું લઈ જઉં એ પણ ભેદ છે. અરે..! ભારે વાત, ભાઈ! પરંતુ એ તરફ, દ્રવ્ય તરફનું સહજ વલણ થઈ જાય તો ભેદથી (માનવું) લાભ મટી જાય. અહીં તો હજી દયા, દાન, ભક્તિ ને પૂજા ને વ્રત ને નિયમના વિકલ્પથી લાભ થાય છે, ભગવાનના દર્શનથી લાભ થાય છે. એ તો શુભભાવ હોય છે, અશુભથી બચવા એમ કહેવામાં આવે છે. બાકી તો એ કાળ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અકર્મ થઈ જાય છે.

ઉત્તર :– એ અકર્મ જ આત્માનો સ્વભાવ છે. આ ભેદરૂપ કર્મ સ્વભાવ છે. વસ્તુ આત્મા જ અકર્મ છે. રાગરહિત અભેદમાં દૃષ્ટિ કરવી એ જ એનું કર્મ નામ કાર્ય છે. સમજાણું કાંઈ? ભેદથી અકર્મ થઈ જશે, પણ અભેદમાં તો કર્મ છે, વિજ્ઞાનઘનની એકાગ્રતા થાય છે એ પોતાનું કર્મ છે, કર્મ નામ કાર્ય છે. આહાહા..! એમ કે, અકર્મણી થઈ જાય. કંઈ કરવું નહિ. કંઈ કરવું નહિ એમાં જ કરવું છે. કંઈ કરવું નહિ એમાં કરવું છે. કોઈ ભેદ કરવો નહિ અને અભેદ થવું એ જ પર્યાયમાં કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..! હજી તો પરદ્રવ્યમાં વાત અટકી છે.

પરવસ્તુ તો ક્યાંય રહી ગઈ. અરિહંત પરમેશ્વર અને પંચ પરમેષ્ઠી.. શાસ્ત્રમાં ભાષા એવી આવે છે, હોં! પંચ પરમેષ્ઠીની કૃપાથી આત્માની મોક્ષલક્ષ્મી થાય છે. 'પ્રવચનસાર'

પ્રસાદ કૃપા. અને બીજામાં આવે છે ને? ‘આપ્તમિમાંસા’માં આવે છે. ભગવાનને લઈને મળ્યું, એમ. ભગવાનને લઈને શાસ્ત્ર, શાસ્ત્રને લઈને જ્ઞાન, એ ભગવાનની કૃપા છે. પરંપરા નિમિત્તનું કથન છે. પોતાની કૃપા થઈ તેમાં નિમિત્તતા પરમેશ્વરની હતી એટલું બતાવવા ભગવાનની કૃપા અને પ્રસન્નતા (કહી). ભગવાન વીતરાગ છે તો પ્રસન્ન થાય છે? હું મારામાં અભેદમાં પ્રસન્ન થયો તો ભગવાનની પ્રસન્નતા મારી ઉપર છે (એમ કહેવાય છે). સમજાણું કાંઈ? આહાહા..! લ્યો!

એ ‘**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...**’ એ છોડ. એ પરદ્રવ્ય છે. અભેદ સ્વદ્રવ્યમાં દૃષ્ટિ કર તો સમ્યગ્દર્શન થાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૮, શુક્રવાર તા.૧૬.૦૮.૧૯૬૮**
**કળશ - ૨૫૨ પ્રવચન - ૨૪૮**

‘સ્યાદ્વાદ અધિકાર’ ૨૫૨ કળશ છે. જુઓ! જ્ઞાન નિશ્ચયથી સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ શું છે અને વ્યવહારથી પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ શું છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ આત્માના સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં તેનો અભાવ છે. સમજાણું કાંઈ?

પહેલો બોલ એ કહ્યો કે, સ્વદ્રવ્ય કોને કહ્યું? નિર્વિકલ્પમાત્ર વસ્તુ. સ્વદ્રવ્ય–સ્વવસ્તુ નિર્વિકલ્પ એટલે અભેદમાત્ર વસ્તુ એ સ્વદ્રવ્ય. તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એ નિશ્ચયનયનો વિષય, એ સમ્યગ્દર્શનનું ધ્યેય સ્વદ્રવ્ય અને પરમપારિણામિકભાવ એકરૂપ જ્ઞાયકભાવના અવલંબને શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન, વીતરાગતા આદિ પર્યાય પ્રગટ થાય છે. એ ધર્મ છે. સમજાણું કાંઈ?

સ્વદ્રવ્ય પછી સ્વક્ષેત્ર. સ્વદ્રવ્યની સામે પરદ્રવ્ય. સ્વદ્રવ્યની સામે પરદ્રવ્ય. ‘**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...**’ બસ! એટલું. પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના. પોતાનું એકરૂપ છે એમાં સવિકલ્પ ભેદ, વિકલ્પ સહિત ભેદ કરવા કે આ ગુણી છે અને આ ગુણ છે એવા સવિકલ્પ ભેદ-કલ્પના કરવી (તે પરદ્રવ્ય). કલ્પના શા માટે કહી? કારણ કે તેમાં ભેદ નથી. ભેદ નથી. સવિકલ્પ ભેદ-કલ્પનાનું નામ પરદ્રવ્ય. જે પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ છે. જે સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનું અભૂતાર્થપણું છે. પરદ્રવ્ય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? અને સ્વદ્રવ્ય જ ભૂતાર્થ અને સત્યાર્થ છે. સમજાણું કાંઈ?

કહે છે કે, ‘**પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...**’ શાસ્ત્રમાં પરદ્રવ્યની વ્યાખ્યા તો ઘણા પ્રકારે ચાલી છે. ‘નિયમસાર’ માં (એમ કહ્યું કે), ‘**जीवादिबहित्तच्चं**’. પરદ્રવ્યં. જીવાદિ

સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય છે. પંડિતજી! જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. સાત ભેદ છે ને? (માટે) એ પરદ્રવ્ય. 'શેઠી'! **'जीवादिबहित्तच्चं हेयमुपादेयमप्पणो अप्पा'** એટલા શબ્દો મૂળ પાઠમાં છે. ટીકાકારે એનો અર્થ કર્યો છે કે, જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય છે. સંવર, નિર્જરા, મોક્ષ પરદ્રવ્ય છે. શેઠ! કેમકે એમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી.

સ્વદ્રવ્ય તો તેને કહીએ કે જેમાંથી સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, આનંદ પ્રગટ થાય એ ખાણને સ્વદ્રવ્ય કહે છે. સમજાણું કાંઈ? જેમાંથી નવો આનંદ પ્રગટ થાય, જેમાંથી અતીન્દ્રિય શાંતિ પ્રગટ થાય તે સ્વદ્રવ્ય. સાત તત્ત્વનો સમૂહ તો પરદ્રવ્ય છે. એમાંથી નવી શાંતિની, આનંદની પર્યાય પ્રગટ થતી નથી. કારણ કે એ તો એક સમયની પર્યાયનો પ્રકાર–ભેદ છે. સમજાણું કાંઈ? એ જ તત્ત્વને ૫૦ મી ગાથામાં લીધું, એ જ વાતનો ૫૦ મી ગાથામાં વિસ્તાર કર્યો. જેટલી ક્ષાયિક પર્યાય છે, ઉપશમ પર્યાય છે, ક્ષયોપશમ પર્યાય છે, ઉદય પર્યાય છે બધું પરદ્રવ્ય છે, બધું પરદ્રવ્ય છે. 'શેઠી'!

જેમ પરદ્રવ્યમાંથી નવો આનંદ નથી આવતો તેમ ક્ષાયિક પર્યાય, ઉપશમ પર્યાય, ક્ષયોપશમ પર્યાય, ઉદય પર્યાયમાંથી નવી પર્યાય, આનંદ નથી આવતો. નવી પર્યાય નથી આવતી તો જેમ પરદ્રવ્ય છે તેમ આ પરદ્રવ્ય ગણવામાં આવી. સમજાણું કાંઈ? પરદ્રવ્યમાંથી કંઈ પોતાની પર્યાય પ્રગટ થાય છે? તો આ પર્યાયમાંથી પણ નવી પર્યાય પ્રગટ થતી નથી. એ અપેક્ષાએ સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, બંધ આદિ સાત તત્ત્વનો સમૂહ અને ક્ષાયિક પર્યાય, ક્ષયોપશમ પર્યાય, ઉપશમ પર્યાય, નિર્મળ પર્યાય ઉદય પર્યાય તો ઠીક, બધું પરદ્રવ્ય છે. કેમકે એમાં નજર કરવાથી નવી પર્યાય ઉત્પન્ન થાય (એવું નથી). એ પર્યાય અનંત આનંદની ખાણ નથી, એક સમયની છે. સમજાણું કાંઈ? પોતાના અતીન્દ્રિય આનંદનો અનુભવ જેમાં થાય, જેનાથી થાય, જેમાંથી થાય તેને સ્વદ્રવ્ય કહે છે. આહાહા..! અહીંયાં બહુ સૂક્ષ્મ વાત છે. આ જ વસ્તુ છે.

ભગવાનઆત્મા સ્વદ્રવ્ય એકલો જ્ઞાયક ને આનંદ પિંડ એકરૂપ ધ્રુવ દ્રવ્યમાં એકાગ્ર થવાથી (આનંદની પર્યાય પ્રગટે છે). ગુણ-ગુણીનો ભેદ કરવો એ પણ પરદ્રવ્ય છે. આહાહા..! એ કહ્યું, જુઓ! **'સવિકલ્પ ભેદ-કલ્પના,...'** ભેદ-કલ્પના કરવાથી ભેદમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી.

મુમુક્ષુ :– નિજ નિત્ય દ્રવ્ય તે પણ અભૂતાર્થ?

ઉત્તર :– નિત્ય જીવદ્રવ્ય ભૂતાર્થ એકલો. અભૂતાર્થ નહિ. નિત્ય જીવદ્રવ્ય ભૂતાર્થ. નિજ નિત્ય દ્રવ્ય ભૂતાર્થ. નિત્ય એકલું અભેદ દ્રવ્ય ભૂતાર્થ. નિજ દ્રવ્ય વિકલ્પ અભૂતાર્થ (છે). નવ તત્ત્વમાં એ આવ્યું ને? સાત તત્ત્વમાં એક પ્રશ્ન લીધો. સાત તત્ત્વમાં જીવદ્રવ્ય અભૂતાર્થ? નહિ.. એમ નહિ. જીવદ્રવ્યનો અર્થ એ વિકલ્પ હું જીવદ્રવ્ય છું એ અભૂતાર્થ. બાકી નિત્ય દ્રવ્ય જે છે એ તો ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? આ તો હું જીવ છું, હું જીવ

છું, હું આત્મા છું, પરમ સ્વભાવ છું એવો જે વિકલ્પ એ જીવદ્રવ્ય વ્યવહારે (કહેવાય). તેનો નિત્ય દ્રવ્યમાં અભાવ છે. એ વિકલ્પવાળો જીવ છે એ અભૂતાર્થ છે અને નિત્ય દ્રવ્ય જે ધ્રુવ છે એ સ્વદ્રવ્ય છે, એ ભૂતાર્થ છે. સમજી લેજો, હોં! જરી ગડબડ ન થઈ જાય. વળી નિત્ય જીવદ્રવ્ય પણ અભૂતાર્થ છે એમ નથી. પેલા સાત કહ્યા ને? સાત. જીવાદિ સાત તત્ત્વ (કહ્યા). એ સાત તત્ત્વનો અર્થ (કે) ભેદરૂપ. હું જીવ છું, હું જીવ છું એવો ભેદરૂપ ભાવ અભૂતાર્થ છે, એ પરદ્રવ્ય છે. આહાહા..!

હું સંવર છું, હું નિર્જરા છું, એવો વિકલ્પ તો ઠીક પણ એ સંવર, નિર્જરા પર્યાય પણ પરદ્રવ્ય છે. કારણ કે એમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. એમ હું જીવ છું, આત્મા છું, શુદ્ધ છું, શુદ્ધ છું એવો વિકલ્પ પણ પરદ્રવ્ય છે. કારણ કે એમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. હું જ્ઞાયક છું એવો જે વિકલ્પ છે એ પરદ્રવ્ય છે, એ ભેદ પડી ગયો. જ્ઞાયકનો અનુભવ કરવો, અંદર અભેદથી અનુભવ કરવો, જે પર્યાયનો વિષય થયો એ ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે, સ્વદ્રવ્ય નિર્વિકલ્પમાત્ર વસ્તુ. તેની સામે પરદ્રવ્ય સવિકલ્પ ભેદ-કલ્પના. ભેદ-કલ્પના. વસ્તુમાં ક્યાં ભેદ પડે છે? એમ કહે છે. સમજાણું કાંઈ? હું જીવ છું... સમજાણું કાંઈ? આદિ જે ભેદ. આખા દ્રવ્યમાં ભેદ (કરવા), આ ગુણી અને આ ગુણ, કેવળજ્ઞાન જ્ઞાન ગુણ અને ગુણી આ, એવી ભેદ-કલ્પના, સવિકલ્પ ભેદ-કલ્પના પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ છે. એ પરદ્રવ્ય અભૂતાર્થ છે અને વ્યવહારનો વિષય છે. સમજાણું કાંઈ?

નવ તત્ત્વને પરદ્રવ્ય કહ્યા છે. અહીં સાત તત્ત્વને કહ્યું. ('નિયમસાર') 'શુદ્ધભાવ અધિકાર'ની પહેલી ગાથામાં સાત તત્ત્વ (કહ્યા). સાત તત્ત્વનો સમૂહ. સમૂહ નામ ભેદ છે ને? તેને પરદ્રવ્ય કહ્યું. અને પછી નવ પદાર્થને પણ પરદ્રવ્ય કહ્યા છે. કેમકે પછી એમાં પુણ્ય-પાપ નાખ્યા. નવ ભેદ પડ્યા ને? ખરેખર તો નવ તત્ત્વનો ભેદરૂપ અનુભવ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું છે. 'કળશ ટીકા'માં આવી ગયું છે. સમજાણું કાંઈ?

નવ તત્ત્વ ભેદરૂપ છે ને? હું જીવ છું, આ આસ્રવ છે, આ સંવર છે, નિર્જરા છે. નવ તત્ત્વમાં મોક્ષનો અર્થ પેલો મોક્ષ નહિ, હોં! અહીંયાં રાગની અંશે બંધની અબંધતા ગણી તેને મોક્ષ ગણવામાં આવ્યા છે. તો નવ તત્ત્વનો જે અનુભવ છે, ભેદરૂપ અનુભવ થયો તે મિથ્યાત્વ છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વીતરાગભાવ છે.

ઉત્તર :– વીતરાગભાવ તો પર્યાય છે, અહીંયાં પર્યાયની વાત નથી. વીતરાગભાવ પર્યાય છે તે પણ પરદ્રવ્ય. કેમકે વીતરાગભાવની પર્યાયમાંથી નવી વીતરાગતા આવતી નથી. છઠ્ઠે ગુણસ્થાનમાં ક્ષાયિક સમકિત અને ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્રની વીતરાગી પર્યાય

છે સમજો, ક્ષાયિક સમકિત અને ત્રણ કષાયના અભાવની પર્યાય (છે) એ પર્યાયને અહીંયાં પરદ્રવ્ય ગણવામાં આવી છે. કેમકે ભેદ છે, અંશ છે. સમજાણું કાંઈ? અને એ ક્ષાયિક સમકિત અને વીતરાગી પર્યાય છે તેમાંથી નવી પર્યાય આવતી નથી. નવી પર્યાય તો દ્રવ્યમાંથી આવે છે. તેને દ્રવ્ય કહેવામાં આવ્યું અને તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહા..! 'શેઠી'! સમજાણું કાંઈ? ત્યાં ત્રણ-ચાર ઠેકાણે છે.

એક ઠેકાણે ઉત્તમ અર્થ છે ને? નવ પદાર્થમાં ઉત્તમ પદાર્થ આત્મા છે. એમ લીધું છે. પ્રતિક્રમણનો અધિકાર છે. 'નિયમસાર'. ઉત્તમ અર્થ એક. ઉત્તમ મોક્ષ ને સંવર, નિર્જરા આદિ ઉત્તમ નહિ. ઉત્તમ આ (આત્મા). 'નિયમસાર' માં 'પ્રતિક્રમણ અધિકાર'માં આવ્યું છે. ઉત્તમ પદાર્થ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ જ્ઞાયકભૂત ભૂતાર્થ ઉત્તમ પદાર્થ છે, બાકી કોઈ ઉત્તમ છે નહિ. મોક્ષાદિ પર્યાય, સંવર, નિર્જરા આદિ ઉત્તમ નહિ. પરમભાવ ઉત્તમ છે, બાકી બધા અપરમભાવ છે. ક્ષયોપશમ ભાવ, સંવર, નિર્જરા, મોક્ષ પણ અપરમભાવ. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

આ વીતરાગમાર્ગની લીલા છે. 'કોઈ કહે લીલા રે, લીલા અલખ તણી' ઈશ્વરની. ઇ નહિ, આ આત્મા–ઈશ્વરની લીલા છે. સમજાણું કાંઈ? કોઈ બીજો ઈશ્વર છે ને એની લીલા છે એવી કોઈ ચીજ છે નહિ. આ નિજ ઈશ્વરની લીલા છે. શેઠ!

મુમુક્ષુ :– તો પછી કરવું શું?

ઉત્તર :– આ કરવું. દ્રવ્ય અખંડ છે તેની ઉપર દૃષ્ટિ કરવી એ (કરવું). કરવું શું .... છે? પૈસા-બૈસા આપીને ધર્મ લેવો છે? પણ ભઈ એમ માને ને, અમે પૈસાવાળા છીએ, પૈસા આપીએ, પચાસ હજાર, દસ હજાર, ફલાણા હજાર. એક લાખ રૂપિયા. કેટલા ખર્ચ્યા 'મલાડ'માં? ધૂળમાંય ધર્મ નથી. લાખ ખર્ચે કે કરોડ ખર્ચે. 'શેઠી'! બન્ને ભાઈઓએ ઘણી મહેનત કરી હતી. 'મલાડ'માં દસ-દસ હજાર માણસ આમ જંગલમાં, હોં! જંગલમાં. જ્યાં ડાકુ હોય ત્યાં નગર બનાવી દીધું હતું. રસ્તા-બસ્તા સાફસૂફ. જાણે કે આ નગર હોય, એમ. એમાં શું? તમે એમાં કાંઈ કર્યું હતું? એ જડની પર્યાય તો એને કારણે થઈ હતી. 'શોભાલાલજી'!

તમારો ભાવ હોય અને કદાચિત્ મંદ રાગનો ભાવ હોય, પ્રસિદ્ધિ ન લેવી હોય તો પુણ્ય છે. પુણ્ય છે, એ ધર્મ નથી. અને ધર્મની પર્યાય પ્રગટ થાય એમાંથી નવી ધર્મની પર્યાય પ્રગટ થતી નથી. માટે ધર્મની પર્યાય પણ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– અલૌકિક વાત છે, પણ પચતી નથી.

ઉત્તર :– એવી ચીજ છે. એ તો આજે સવારે કહ્યું હતું. જઠર મંદ હોય તો ન પચે. સમજાણું કાંઈ? પકવાન તો પકવાન જ છે. પકવાન તો બીજી ચીજ થઈ જતી નથી. (સંવત) ૧૯૮૬ ની સાલમાં એકવાર કહ્યું હતું, 'અમરેલી'માં ચોમાસુ હતું, વ્યાખ્યાન ચાલતા હતા.

ત્યાં 'રામજીભાઈ' હતા ને? 'રામજી હંસરાજ' એ વખતે તો પૈસા દસ લાખ હતા. હવે તો વધી ગયા. (ઇ કહે), 'મહારાજ! આ પચતું નથી.' (તો કહ્યું), જઠર તૈયાર કરો. પચતું નથી તો શું છે? રોટલી ખાવ છો તો મેસૂબ ખાવાની ઇચ્છા નથી કરતા? ત્યાં એમ કહે છે કે, અમારું જઠર મંદ છે, ખવાતું નથી?' મેસૂબ સમજ્યા ને? મેસૂબ.. મેસૂબ. ચણાનો લોટનો (બને). એક શેર ચણાના લોટ અને ચાર શેર ઘી. મેસૂબ થાય છે ને? મેસૂબ થાય છે. રોટલી ખાતી વખતે મેસૂબ ખાવાનો વિચાર આવે છે કે નહિ? હા, વિચાર તો છે. કેમ? જઠર મંદ છે એવો પોકાર કેમ નથી કરતા? ગૃહસ્થ માણસ હતા.

એમાં લગની છે. જેમાં લગની છે એમાં ન પચે એમ કહેતા નથી. આ લગની નથી. સમજાણું કાંઈ? ગૃહસ્થ માણસ હતા. એ વખતે ૧૯૮૬ની સાલમાં તેની પાસે દસ લાખ રૂપિયા હતા. અત્યારે બે-અઢી કરોડ થઈ ગયા, ત્રણ કરોડ. 'રામજી હંસરાજ'. હવે કિંમત ઘટી ગઈ. કહેતા હતા કે, ... હોં! સારી ચીજ ખાવાની ઇચ્છા નથી થતી? અંદર નથી પચતું એવો વિચાર કરો છો? જઠર તૈયાર કરો. એમ સાંભળવાની યથાર્થ તૈયારી કરો. આવો મનુષ્યભવ મળ્યો, તને ફરી ક્યારે મળશે? સમજાણું કાંઈ?

ઓહો..! જુઓને! બહારમાં જીવન ચાલ્યું જાય છે. જુઓને! આ 'નર્મદા'નું સાંભળીએ છીએ. 'નર્મદા' નદીને કાંઠે આખું ગામ પાયમાલ. ગામ, માણસ, ઢોર અને મકાન. એટલું પાણી, એટલું પાણી... મડદાં... મડદાં.. આવા અવતાર અનંતવાર થયા. એ અવતારમાંથી નીકળવાનો ઉપાય એક જ આત્મા દ્રવ્યસ્વરૂપ અખંડાનંદ અભેદનો આશ્રય લેવો એ જ એક સંસારથી તરવાનો ઉપાય છે. 'ચીમનભાઈ'! એ પૈસા-બૈસામાં કાંઈ નથી, હોં! ધૂળમાં કાંઈ નથી. ઇ તો ખબર નથી બધી? કેટલા સુધી સલવાણા હતા. ફલાણા માટે, ઢીકણા માટે. માંડ માંડ છૂટ્યા. સમજાણું કાંઈ? કારણ કે ઇ પળોજણ એવી છે ને! પળોજણ અમારી કાઠિયાવાડી ભાષા છે. ઉપાધિ.

અહીં કહે છે કે, પરદ્રવ્ય. ઓહોહો..! લીટી છે એ બરાબર છે. '**સવિકલ્પ ભેદ-કલ્પના...**' જૂનામાં વચ્ચે લીટી નથી. જૂનામાં સવિકલ્પ ભેદકલ્પના, વચમાં લીટી નથી. સવિકલ્પ ભેદકલ્પના સાથે, ભેગુ છે. સવિકલ્પ ભેદકલ્પના. કેમકે વસ્તુ ભગવાનઆત્મા ચિદાનંદ એક અખંડ અભેદરૂપ છે એમાં પર્યાયનો ભેદ, વિકલ્પ ગુણ-ગુણીના ભેદ બધાને પરદ્રવ્યમાં ગણવામાં આવ્યા છે. કેમકે વસ્તુની દૃષ્ટિમાં અથવા વસ્તુમાં એ પરદ્રવ્યનો અભાવ છે. સમજાણું કાંઈ? અને પરદ્રવ્ય–ભેદ કાયમ રહેવાવાળી ચીજ નથી. અભેદ છે એ કાયમ રહેવાવાળી ચીજ છે. સમજાણું કાંઈ?

નવ તત્ત્વ પણ પરદ્રવ્ય છે. સાત તત્ત્વના ભેદનો સમૂહ પરદ્રવ્ય છે. નિર્મળ પર્યાય અને ક્ષયોપશમ સમકિત અને ક્ષાયિક સમકિત, ક્ષયોપશમ ચારિત્ર, ગણધરનું છઠ્ઠા ગુણસ્થાનનું ક્ષયોપશમ ચારિત્ર અને ભગવાન તીર્થંકર જ્યારે છદ્મસ્થ હોય ત્યારે તેમને છઠ્ઠું ગુણસ્થાન

આવે છે. ક્ષાયિક સમકિત સહિત તેમને (ચારિત્ર). કેટલાક તીર્થંકર, હોં! કોઈ તીર્થંકર કહે છે કે, એ પર્યાય છે ત્યાં દૃષ્ટિ દેવાથી પોતાને લાભ થાય છે? એ પર્યાયને તો અહીંયાં પરદ્રવ્ય ગણવામાં આવી. કેમકે એ પર્યાય સ્વદ્રવ્યમાં નથી. સ્વદ્રવ્ય તો આખું અખંડ અભેદ દ્રવ્ય છે. તેના આશ્રયથી, તેની ઉપર નજર કરવાથી, તેનો સત્કાર-સ્વીકાર કરવાથી સમ્યગ્દર્શન અને આનંદની પર્યાય તેમાંથી પ્રાપ્ત થાય છે. શેઠ! શું કરવું (પૂછ્યું હતું). તો આ કરવું. બહારમાં સૂઝ પડતી નથી, આ સાંભળ્યું નથી. પૈસા ખર્ચી ખર્ચીને બધાએ ધર્મ મનાવી દીધો. જાઓ! શું કહેવાય? સમાજ... શું છે ભાષા તમારી? સમાજ ભૂષણ!

આત્માના દેશમાં બધું છે. સ્વદેશમાં બધું ભર્યું પડ્યું છે. બહારની તેને જરૂર નથી. ભેદની જરૂર નથી, વિકલ્પની જરૂર નથી, નિમિત્તની જરૂર નથી એ તો ક્યાંય રહી ગયું. ભેદ પાડવાની જરૂર નથી એવી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિર્વિકલ્પ વસ્તુની સામે (સવિકલ્પ ભેદકલ્પના લીધું). નિર્વિકલ્પમાત્ર શબ્દ છે ને? માત્ર. પહેલા સ્વદ્રવ્યમાં. પરદ્રવ્યમાં સવિકલ્પ ભેદ-કલ્પના એમ સામે સામે છે. સવિકલ્પ ભેદ-કલ્પના. ભેદ-કલ્પના છે. વસ્તુમાં ભેદ ક્યાં છે? એ તો અભેદ અખંડાનંદ એકરૂપ ચિદાનંદ સ્વરૂપ છે. તેને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. ભેદ-કલ્પના તો કલ્પના છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, આશ્રય કરવાલાયક નથી. આહાહા..! 'ધવલ' છે ને એમાં આવે છે. ભાઈ! ધ્યેય, ધ્યેયના બોલ ઘણા આવે છે. દ્રવ્ય જ ધ્યેય છે એમ નહિ. એમ કહે છે. ઘણું લખાણ આવે છે. આ ધ્યેય, આ ધ્યેય, આ ધ્યેય.. બહુ આવે છે. વ્યવહારનયનો ગ્રંથ છે ને! ધ્યેયનો અર્થ લક્ષમાં લઈને પછી એને છોડી અંદરમાં જાવું. તેને વ્યવહાર ધ્યેય કહેવામાં આવ્યું. આહાહા..! એ કહે છે, નહિ. દ્રવ્ય જ ધ્યેય છે? એવું લખાણ આવ્યું હતું. 'ધવલ'માં લખાણ છે. ધ્યાનના વિષયમાં ધ્યેયનું કર્યું છે, એમાં ધ્યેય બહુ લીધું છે. તેરમામાં ઘણું લીધું છે. તેરમું બહુ સારું છે.

ધ્યયે કોણ છે? પર્યાય ધ્યેય છે? આ ધ્યેય છે? ગુણ-ગુણી ધ્યેય છે? અનંતા ગુણ ધ્યેય છે? સમજાણું કાંઈ? 'ધવલ'માં એવો પાઠ છે. સમજવું જોઈએ ને. ધ્યેય શું? પર્યાય ધ્યેય એ તો અપેક્ષિત, લક્ષ પહેલા ત્યાં હતું તેને છોડીને અંદરમાં ગયો ત્યારે તેને વ્યવહાર ધ્યેય કહેવામાં આવ્યું. એમ વાત છે. ભારે, ભાઈ! 'ધવલ' વાંચીને ને 'ધવલ' સમજીને જાણે અમે કાંઈક નવું સમજી ગયા!

અહીં તો કહે છે કે, સવિકલ્પ એટલે વિકલ્પ સહિત ભેદ-કલ્પના કરવી તેનું નામ જ પરદ્રવ્ય છે. તેમાં પોતાને કંઈ લાભ થતો નથી. માટે તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. પરક્ષેત્ર. પહેલા સ્વક્ષેત્ર કહ્યું હતું (કે), **'આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** પહેલા. સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર. અનંત ગુણના આધારમાત્ર ક્ષેત્ર, વસ્તુના પ્રદેશ. આધારમાત્ર વસ્તુનો પ્રદેશ. અસંખ્ય (પ્રદેશ) એવો આંકડો નહિ. સ્વક્ષેત્ર આધારમાત્ર વસ્તુનો પ્રદેશ એ સ્વક્ષેત્ર, સ્વસ્થાન,

સ્વ નિવાસસ્થાન, પોતાનું રહેવાનું સ્વક્ષેત્ર–ભૂમિ–સ્વસ્થાન. ત્યાં ભગવાનઆત્મા રહે છે. સમજાણું કાંઈ? સ્વક્ષેત્ર આધારમાત્ર (વસ્તુનો પ્રદેશ). એ સ્વક્ષેત્રની વ્યાખ્યા. આધારમાત્ર વસ્તુના પ્રદેશ, વસ્તુના પ્રદેશ–ક્ષેત્ર એ સ્વક્ષેત્ર.

હવે એની સામે પરક્ષેત્ર. **'જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો...'** ત્યાં સુધી તો હજી સ્વક્ષેત્રની વ્યાખ્યા કરી. જે વસ્તુનો આધારભૂત, આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ અભેદ એકરૂપ એક પ્રદેશ આધાર. અસંખ્ય આદિ ભેદ નહિ. અખંડ–અખંડ. સમજાણું કાંઈ? **'નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો...'** એકરૂપ વસ્તુનું ક્ષેત્ર ત્રિકાળ. **'તે જ...'** તે જ **'પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પના...'** વજન અહીં છે. **'તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પના...'** એ જેટલા પ્રદેશ છે એમાં સવિકલ્પ, વિકલ્પ સહિત ભેદ કરીને કલ્પના (કરવી) એ **'પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે,...'** બુદ્ધિગોચર નામ કલ્પનાથી આ ભેદ પાડીને જાણવું એ બુદ્ધિગોચરની અપેક્ષાએ અસંખ્ય પ્રદેશમાં ભેદ પાડવા એ બુદ્ધિગોચરરૂપે પરક્ષેત્ર કહેવામાં આવે છે. પરક્ષેત્ર થઈ જતું નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે વાત, ભાઈ!

પરક્ષેત્ર એટલે જે વસ્તુના આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ એટલે એકરૂપ **'વસ્તુમાત્રરૂપે કહ્યો હતો...'** વસ્તુમાત્રરૂપે કહ્યો હતો **'તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પના...'** આ અસંખ્ય (પ્રદેશ) છે એવી ભેદ-કલ્પના. અસંખ્ય કલ્પનાથી કંઈ ભેદ થઈ જતા નથી. અસંખ્ય એકરૂપ છે. ભલે અસંખ્ય છે, પણ આ અસંખ્ય છે એવી ભેદ-કલ્પના.. સમજાણું કાંઈ? એ પરક્ષેત્ર છે. **'ભેદ-કલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે,...'** બુદ્ધિગમ્યમાં આટલો ભેદ પાડવો એનું નામ પરક્ષેત્ર છે. એ પરક્ષેત્રનો વિષય વ્યવહારનયનો છે. એ પરક્ષેત્ર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, પરક્ષેત્ર સ્વક્ષેત્રમાં નથી. અભેદમાં ભેદ નથી. સમજાણું કાંઈ?

હજી તો ચારની વાત કરે છે, પછી તો ચાર પણ નહિ. જેમ કેરી છે ને? કેરી. એમાં ગોટલી છે. ગોટલીને શું કહે છે? ગોટલી છે, ઉપરની છાલ છે, રસ છે. એમ ચાર ભેદ. એવા ચાર ભેદ આત્મામાં નથી કે, આત્માનું દ્રવ્ય આ છે, ક્ષેત્ર આ છે, કાળ આ છે અને ભાવ આ છે એવા ચાર ભેદ નથી. કેરીમાં જેમ ચાર ભેદ પડે છે કે, છાલ છે, જાળી છે. જાળી કહે છે ને? એ આપણે કહેતા, હોં! અથાણા લેતા ને? આ જાળીવાળી કેરીમાં કામ ન આવે. એમ આવતું ને? ભાઈ! અથાણામાં આવતું. જાળીવાળી કેરી એટલે ઝીણા છોતા હોય ને? કેરી કામ ન આવે. છરી મૂકતા કાપે અને રેસા ન નીકળે એ કેરી અથાણામાં કામ આવે. અથાણુ સમજાય છે? આચાર. કેરી પણ કડક અને કઠણ (હોવી જોઈએ). જેમાં છરીથી કાપતા જાળી નામ જેમ આંતરડા દેખાય, ઝીણા રેસા ન હોય એવી કેરી અથાણામાં કામ આવે છે. એ તો અમે પહેલા જોયું છે ને! પછી ક્યાં દેખાય છે? સમજાણું કાંઈ? એને આપણે જાળી કહેતા હતા. 'વજુભાઈ'! બાઈયું કહે, જે કેરીમાં જાળી ન હોય તે લાવજો. એનું અથાણું થાય, જાળીવાળી કેરીનું અથાણું ન થાય. ઇ બધું આપણે કંઈ કર્યું નથી, આપણે

તો બધી સાંભળેલી વાતું છે. લોકો કહે એમાંથી સાંભળી હોય. એકવાર સાંભળી હોય તો ખ્યાલમાં આવી જતું હોય.

જે કેરી છે એમાં ઉપરની છાલ, રસ, જાળી અને ગોટલી. એમ ચાર (ભેદ) આત્મામાં નથી કે, દ્રવ્ય આ, ક્ષેત્ર આ, કાળ આ, ભાવ આ, એમ નથી. સમજાણું કાંઈ? પરંતુ જેમ કેરીમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે તેમ (આત્મામાં) છે. એ 'બનારસીદાસ'માં, 'પંચાધ્યાયી'માં દાખલો છે. 'પંચાધ્યાયી'માં છે. સમજાણું કાંઈ? આખી કેરી છે એમાંથી ચાર ભાગ એવા ન કરવા કે ઉપરની છાલ છે, તુષ.. તુષ.. સવારે તુષ આવ્યું હતું. નહિ? છાલ આવ્યું હતું. 'તત્ત્વજ્ઞાન મિમાંસા'માં. તુષ.. તુષ. તુષ નામ છાલ. કેરીની છાલ જુદી છે, રસ જુદો છે, ગોટલી જુદી છે, જાળી જુદી છે. એ જેમ જુદા છે એમ આત્મામાં દ્રવ્ય જુદું છે, ક્ષેત્ર જુદું છે, કાળ જુદો છે, ભાવ જુદો છે એમ નથી.

પરંતુ કેરીમાં જેમ વર્ણથી જુઓ તો આખી કેરી છે, ગંધથી જુઓ તો આખી કેરી છે, રસથી જુઓ તો આખી કેરી, સ્પર્શથી જુઓ તો આખી કેરી છે. એમ દ્રવ્યથી જુઓ તો પણ તે જ, આખા ક્ષેત્રથી જુઓ તો પણ તે જ, આખા કાળથી જુઓ તો પણ તે જ, આખા ભાવથી જુઓ તો પણ તે જ. સમજાણું કાંઈ? આહાહા..! આ તો હજી સમજાવે છે. ચાર ભેદમાં સ્વ-પર દ્રવ્ય એટલું જ બતાવે છે. બાકી તો પછી ચાર (ભેદ) પણ નહિ. શું એમાં ચાર ભાગ પડે છે? દ્રવ્ય આ છે, દ્રવ્ય બીજું છે, ક્ષેત્ર બીજું છે, ત્રિકાળ રહેનારો કાળ બીજો છે, ભાવ-શક્તિ જુદી છે, એમ છે? સમજાણું કાંઈ? ભાઈ! તત્ત્વજ્ઞાનનો વિષય સૂક્ષ્મ છે. અલૌકિક વાત છે.

અહીં નાખ્યું, જુઓને! મૂળ વસ્તુ નાખી છે. 'નિયમસાર'માં જે મૂળ કહી હતી ઇ આમાં નાખી દીધી. પહેલા એમ કહ્યું. કહે છે, પરક્ષેત્ર કોને કહેવું? જે એકરૂપ ક્ષેત્ર છે... એ 'પંચાસ્તિકાય'માં આવ્યું છે ને? ભાઈ! એકપ્રદેશી. એકપ્રદેશી લીધું છે. અસંખ્ય પ્રદેશ છે પણ એકપ્રદેશ એટલે એકરૂપ તેને એકપ્રદેશ કહ્યું છે. એક જ પ્રદેશ કહ્યું છે. એક.. એક અભેદ પ્રદેશ. અસંખ્ય પ્રદેશનું એકરૂપ અસંખ્ય પ્રદેશ. એકરૂપ પ્રદેશનું નામ ક્ષેત્ર. એકરૂપ ક્ષેત્રમાં વિકલ્પથી ભેદ કરવા કે આ ક્ષેત્ર, આ ક્ષેત્ર એ પરક્ષેત્ર. (વસ્તુમાં) ભેદ થતા નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! પંડિતજી! આવી વાત છે.

માલની વાત લે નહિ અને ઉપરથી (ચાલે). (જમવામાં) ભજીયા ખાય, દાળ, ભાત, શાક ખાય છે, ચટની ખાય છે પણ માલ તો લે. માલ શું ચીજ છે? માલ વગર એકલી ચટનીથી પેટ ભરવું છે? સમજાણું કાંઈ? એ..ઇ...! તમારે 'પોરબંદર'માં ચટણી-બટણી હોય. કેટલી જાતની ચટણી! ચટણી અને છાશથી પેટ ભરવું છે? બસ! એનાથી ખુશ થવું છે? બહારથી આમ છે, બહારનું જાણપણું, ફલાણું.. માલ શું છે એ તો લે. કેટલાક એવા હોય કે, ચટણી-શાક ખાય નહિ, એકલો માલ ખાય.

અમારે 'વઢવાણ'માં એક 'પોપટભાઈ' હતા. દાળ, શાક, ભાત ખાય જ નહિ. બે લાડવા, ત્રણ લાડવા ખાયને પાણી પીને સૂઈ જાય. એક 'પોપટભાઈ' હતા. સંત કહેવાતા. નહિ? 'પોપટલાલ સુખલાલ સંત' કહેવાતા. ગ્રેજ્યુએટ થયેલા, નિવૃત્તિ ઘણી. પણ બુદ્ધિ બરાબર પણ અસ્થિર ઘણી, અહીં પ્રેમ ઘણો. સમજાણું કાંઈ? તમે તો ઓળખતા, નહિ? એકલા લાડવા ખાય, લાડવા ખાયને પાણી પીને ઉઠી જાય. ચોખા ને શાક ખાવા તો ભેગો લાડવો ન ખાઈ લઈએ? 'શોભાલાલજી' ચોખા, શાક સમજો છો? ચાવલ, શાક ને ચટની ખાતા ભેગો લાડવો ન ખાઈ લઈએ?

અહીં કહે છે કે, માલ માલ ચીજ આ છે. નિમિત્ત આદિ ભેદ, પુણ્ય આદિની વાત સાથેની ચટની છે. સમજાણું કાંઈ? પુણ્ય બંધાય ને તીર્થંકરગોત્ર બંધાય એ બધું ચટની છે. એ કંઈ માલ નથી. આ તો માલ છે. ઓહો..! ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી એકપ્રદેશરૂપ, તેની ભેદ-કલ્પના તે પરપ્રદેશ, એ પરક્ષેત્ર.

પહેલા કાળમાં કહ્યું હતું.. કાળમાં શું કહ્યું હતું? સ્વકાળ–'**વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...**' મૂળ અવસ્થા એટલે વસ્તુમાત્ર આખી ચીજ એ સ્વકાળ. વર્તમાન પર્યાયનો ભેદ ન પાડવો. આત્મા આખી ચીજ છે, આખી ચીજ એકરૂપ છે તે સ્વકાળ. આખી ચીજ એ એનો સ્વકાળ. 'ભોગીભાઈ'! અવસ્થા એટલે નિશ્ચય અવ...સ્થ. અમને ક્યાં આવડે છે? તમારા પંડિતજીને પૂછો ને! સમજાણું કાંઈ? એ ત્યાં આવે છે. નહિ? દ્રવ્યની અવસ્થા, દ્રવ્યરૂપ અવસ્થા. સોળમા કળશમાં આવે છે ને? બધું આવે છે. એક એક ટીકામાં એટલા શબ્દો પડ્યા છે કે એણે બીજું જોવું ન પડે એટલું બધું પડ્યું છે. ટીકામાં સોળમો કળશ છે ને? સોળમી ગાથાનો કળશ છે, ભાઈ! એક દ્રવ્યરૂપ અવસ્થા, એક પર્યાયરૂપ અવસ્થા એમ લખ્યું છે. દ્રવ્યરૂપ અવસ્થા નામ ત્રિકાળ દ્રવ્યરૂપ રહેવું તે. સમજાણું કાંઈ?

એ શબ્દમાં થોડો ફેરફાર શું છે? જુઓ! સ્વકાળમાં શું લીધું હતું? સ્વકાળ નામ '**વસ્તુમાત્રની મૂળ અવસ્થા...**' વસ્તુમાત્રની મૂળ અવસ્થા એટલે વસ્તુ, ત્રિકાળી વસ્તુ સ્વકાળ, એ સ્વકાળ. હવે પરકાળ. '**દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...**' દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ વસ્તુ. ઇ અવસ્થા એટલે વસ્તુ ત્રિકાળ. '**તે જ...**' તે જ '**અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી...**' એ ભાષા. કાળની આ ભાષા છે, ક્ષેત્રની ભાષા બીજી હતી. સમજાણું કાંઈ? સવિકલ્પ ભેદ-કલ્પનાથી પ્રદેશ હતા. પહેલામાં સવિકલ્પ ભેદ-કલ્પનાથી પરદ્રવ્ય હતું. કાળમાં '**અવસ્થાન્તર-ભેદરૂપ...**' રૂપ શબ્દ વિશેષ નાખ્યો છે, પહેલામાં રૂપ નહોતું. '**અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે,...**' શું કહ્યું? સ્વકાળ નામ એકરૂપ દ્રવ્ય વસ્તુ ત્રિકાળ, તેની એક સમયની અવસ્થાન્તર જુઓ, એક સમયની અવસ્થા (જુઓ) તો પરકાળ છે. પર્યાય પરકાળ છે. એ તો પરની અવસ્થાની અપેક્ષાએ આ અવસ્થા સ્વકાળ છે, પરંતુ ત્રિકાળની અપેક્ષાએ એક સમયની પર્યાય પરકાળ છે. ભારે વાત. આહાહા..! શું કહ્યું?

પરમાણુ આદિ છે કે, ... એક સમયની અવસ્થા છે. જેમ આ શરીર જુઓ! આ શરીરની અવસ્થા છે ને? તો આત્માની જે જ્ઞાનની અવસ્થા છે તે સ્વકાળ અને આ અવસ્થા તેનો પરકાળ. આની અપેક્ષાએ પરકાળ. આ અપેક્ષાએ સ્વકાળ અને આની અપેક્ષાએ પરકાળ. અહીંયાં તો બીજી વાત છે. ત્રિકાળ અપેક્ષાએ સ્વકાળ અને એક સમયની અવસ્થા એ પરકાળ. સમજાણું કાંઈ? કેમકે પરકાળનો આશ્રય લેવાથી નવી અવસ્થા પ્રગટ થતી નથી. તો પરકાળ પણ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, વ્યવહાર છે. કેમ? દ્રવ્ય તે નિશ્ચય છે અને પર્યાય તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? ત્રિકાળ દ્રવ્ય જે છે એ નિશ્ચય સ્વકાળ છે અને ગુણની એક વર્તમાન એક સમયની અવસ્થા છે તે પરકાળ છે. ત્રિકાળની અપેક્ષાએ ભેદ પડ્યો માટે તે પરકાળ, તે વ્યવહાર અને એ વ્યવહાર ને પરકાળ સ્વકાળમાં નથી. 'દેવીલાલજી'! ભારે વાત, ભાઈ! આ તો બહુ ઊંચી વાત! ઊંચી નહિ સત્ય જ આ છે. આહાહા..! મૂળ વાત આ છે પણ હવે લોકોને અભ્યાસ ન મળે. બહારના રહ્યા, બહારની ધમાધમ.

કહે છે, પરકાળ. **'દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...'** અવસ્થા એટલે વસ્તુ **'તે જ અવસ્થાન્તર...'** તે જ પદાર્થાન્તર. તે જ પદાર્થ એકરૂપ નહિ પણ અનેરી અવસ્થારૂપ ભેદરૂપ કલ્પના. એમાં ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે. સમજાણું કાંઈ? એ પરકાળ વ્યવહાર છે, અભૂતાર્થ છે, આશ્રય કરવાલાયક નથી. ત્રિકાળ વસ્તુ સત્યાર્થ છે, ભૂતાર્થ છે, આશ્રય કરવાલાયક છે. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા.

મુમુક્ષુ :– ક્ષાયિક પર્યાય છે તેપણ પરદ્રવ્ય?

ઉત્તર :– ક્ષાયિક પર્યાય છે તે પણ અવસ્થાંતર છે, ત્રિકાળ વસ્તુ તે દ્રવ્ય છે. એક સમયની પર્યાયનો સ્વકાળ તે ત્રિકાળની અપેક્ષાએ પરકાળ છે. ત્રિકાળ છે તે સ્વકાળ છે. તેનો એક અંશ ભેદ પડી ગયો તે પરકાળ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, છે નહિ, અંદરમાં નથી. વ્યવહાર એની અપેક્ષાએ ભલે હો, વ્યવહારથી વ્યવહાર હો, પરંતુ નિશ્ચયમાં તે નથી. આહાહા..! સમજાણું કાંઈ? પરકાળ થઈ ગયો.

હવે પરભાવ. પહેલા સ્વભાવ શું કહ્યો હતો? જુઓ! **'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...'** છે ને પહેલો બોલ. સ્વભાવ અર્થાત્ વસ્તુની.. આત્માભગવાનની મૂળની સહજ શક્તિ. સહજ જ્ઞાન, દર્શન, આનંદ આદિ એકરૂપ. સહજ એકરૂપ ભાવ, હોં! જ્ઞાન, દર્શન એવા ભેદ નહિ. એકરૂપ સહજ શક્તિ. વસ્તુની એકરૂપ સહજ શક્તિ. અનંત શક્તિરૂપ એકરૂપ શક્તિ એ સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ પોતાનો નિજ સ્વભાવ છે.

પરભાવ–**'દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના.'** અહીંયાં આ લીધું, જુઓ! પેલામાં **'અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પના.'** (હતું). (સ્વદ્રવ્યમાં) સવિકલ્પ ભેદ-કલ્પના. પહેલામાં સવિકલ્પ ભેદ-કલ્પના (હતું). અહીંયાં **'અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના.'** (કહ્યું છે). શું કહ્યું? પરભાવ નામ જે અનંત સ્વભાવ છે, એકરૂપ સ્વભાવ છે એમાં એક

શક્તિને ભિન્ન કરવી, લક્ષમાં ભિન્ન કરવી એ પરભાવ. અનંત શક્તિના એકરૂપમાંથી એક શક્તિને લક્ષમાં લઈને ભિન્ન કલ્પના કરવી તે પરભાવ. આહા..! આ ગુણભેદ. એક શક્તિનો ભેદ (કરવો કે), આ જ્ઞાન. અંદર તો ભેદ નથી. જ્ઞાન, દર્શન, આનંદ એમ અનંત ગુણમાંથી, એકરૂપ છે તેમાં એક ગુણનું લક્ષ કરવું તે પરભાવ છે. 'ન્યાલભાઈ'! આ તો બધુ(તમે) આવ્યા ને બહુ ઝીણું નીકળ્યું કાલથી. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ભેદરૂપ પરભાવ. એકરૂપ સ્વભાવ. તેમાં એકરૂપમાં એક શક્તિની કલ્પના કરવી કે, આ. એમાં–અભેદમાં ક્યાં ભેદ છે? આ જ્ઞાન, આ દર્શન. તો તેમાં જ્ઞાન, દર્શન ભિન્ન પડે છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દ્રવ્યને માનવાવાળો મિથ્યાદષ્ટિ સિદ્ધ થઈ ગયો?

ઉત્તર :– મિથ્યાદષ્ટિ છે. વ્યવહારનો આશ્રય કરનારો મિથ્યાદષ્ટિ છે. એ 'પંચાધ્યાયી'માં લીધું છે, 'પંચાધ્યાયી'માં લીધું છે. વ્યવહારને માનનારો મિથ્યાદષ્ટિ છે. અનેકાંત જ્ઞાનનું ભાન કરીને વ્યવહાર છે એમ જાણવું એ બીજી વાત છે. પણ એકલો વ્યવહાર ને પરભાવ ને આ આમ ને તેમ એમ માને તે મિથ્યાદષ્ટિ છે. ગુણભેદને પોતાનો આત્મા માને તેપણ મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. અભેદમાં ભેદ માનવો, એકલો ભેદ માનવો (તેમાં) અભેદ ચીજ ભિન્ન રહી ગઈ. સમજાણું કાંઈ? ઓહોહો..!

અહીંયાં તો એ પણ કહે છે, અભેદ છે એકરૂપ છે તેની દષ્ટિ કરવાથી બધા અનંત ગુણોના અંશો પ્રગટ થાય છે. બીજો એક વિચાર આવ્યો, ભાઈ! સમજ્યા? એકરૂપ અભેદ સ્વરૂપ છે તેની દષ્ટિ કરવાથી બધા જેટલા ગુણો છે તેના અંશ પ્રગટ થાય છે. તે વિના એક જ ગુણ પ્રગટ હો અને લક્ષ કરે કે મને જ્ઞાનનો ઉઘાડ થયો છે. તો વ્યવહારનય અભૂતાર્થ છે. વ્યવહાર નિશ્ચયમાં નથી. એક જ ગુણને પ્રગટ કરવો ને લક્ષ કરવું એ પરભાવ છે. શું કહ્યું?

અનંત ગુણનું એકરૂપ ભગવાન એ સ્વભાવ. સ્વ-ભાવ. એ સ્વભાવનો આશ્રય કરવાથી અનંત ગુણની નિર્મળ અવસ્થા એક સમયમાં પ્રગટ થાય છે. જ્ઞાનનો વિકાસ હો ને આનંદનો ન હો, શાંતિનો ન હો.. શાંતિ એટલે સ્વરૂપચારિત્ર આદિ. સમજાણું? તો તેણે દ્રવ્યદષ્ટિ કરી જ નથી. અને દ્રવ્યનો આશ્રય લીધા વિના એકલો જ્ઞાનનો ઉઘાડ, સમજાણું? વ્યવહારિક શ્રદ્ધાનો ઉઘાડ, એ પણ જ્ઞાનનો જ ઉઘાડ જ ને? રાગની મંદતાનો ભાવ. રાગની મંદતામાં થોડી શાંતિ દેખાય એ બધા પરભાવ છે. સમજાણું કાંઈ? તેમાં આખા દ્રવ્યનો આશ્રય આવ્યો નહિ. આખા દ્રવ્યની અનંત આનંદ આદિ શક્તિ પ્રગટ ન થઈ. સમજાણું કાંઈ?

નવ પૂર્વ આદિ માત્ર જ્ઞાનનો ક્ષયોપશમ થઈ જાય તોપણ એ ત્રિકાળની અપેક્ષાએ પરભાવ છે. સમજાણું કાંઈ? થોડું સૂક્ષ્મ છે, 'શોભાલાલજી'! 'અમરચંદજી'! આહાહા..!

મુમુક્ષુ :– આ સમજવું પડશે.

ઉત્તર :– સમજવું પડશે. પડશે એટલે જોર દઈને શું કરીએ સમજવું પડશે, એમ નહિ. એ તો બોજારૂપ થયું. પણ આ જ ચીજ છે એમ સમજવાથી આત્માને લાભ થશે. બરાબર સંભળાય છે ને? તે બહુ ખુશી થાય છે. તમે આવ્યા ને બરાબર આજે આવી ચીજ આવી છે. સાત વર્ષે આવ્યા પણ વાત બીજી ચીજ છે. આહાહા..! બધા વર્ષનું બરાબર સાટુ વળી ગયું. પાંચ ગાથાઓ બપોરની આવી અને આ પણ સાર-સાર.

કહે છે, પરભાવ. '**દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ...**' પર્યાયરૂપ એટલે ભેદરૂપ. અથવા એક પર્યાયરૂપ, એક જ અંશનો, ગુણનો ભાગ. એવા '**અનેક અંશ દ્વારા...**' જુઓ! એકરૂપ છે એમાં અનેક અંશ દ્વારા, અનેક અંશ દ્વારા ભેદ કરીને તેને જાણવું એ પરભાવ છે. ઓહોહો..! રાગને પરભાવ કહ્યો.

ત્રણ પ્રકારના પરભાવ. (૧) પરદ્રવ્યનો પરભાવ. પોતાની અપેક્ષાએ પરદ્રવ્યની પર્યાય અને પરદ્રવ્ય પરભાવ. (૨) પુણ્ય-પાપના ભાવ સ્વભાવની અપેક્ષાએ પરભાવ અને (૩) અનંત ગુણના એકરૂપમાંથી ભેદ કરવા તે પરભાવ. આરે.. આરે..! ભારે ભાઈ! જૈનદર્શન તે અલૌકિક વાત છે ને! આહાહા..! આવી વસ્તુ છે અને કહે કે, અમે કહીએ છીએ તે (બરાબર). અરે..! તું શું કહે છે? વસ્તુસ્થિતિ આવી છે. સર્વજ્ઞ સ્વભાવી ભગવાનઆત્મા (છે). સમજાણું કાંઈ? કહે છે ને ધીમે ધીમે કહે છે.

પરભાવના ત્રણ પ્રકાર લીધા. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ પરવસ્તુ પરભાવ. સમજાણું કાંઈ? પરભાવ. પરના જ્ઞાન, દર્શન આદિ પરના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પોતાની અપેક્ષાએ પરભાવ. એક વાત. અને પોતાના સ્વભાવની અપેક્ષાએ પુણ્ય-પાપના વિકલ્પ પરભાવ. બે અને અભેદની અપેક્ષાએ અનેક અંશ ભેદરૂપ કલ્પના (કરવી) એ પણ પરભાવ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આ જગ્યા મહા રહી. દૃષ્ટિ દેવા માટે અભેદ ચીજ રહી. એ.. 'વજુભાઈ'! ત્યાં ને ત્યાં ગુંચાણા છે, પૈસામાં ને આ ને આમાં આખો દી'. એમાં આ વાત કો'ક દી' કાને આવે. કહે છે, ભાઈ! એમાંથી નીકળીને દ્રવ્યમાં આવી જાઓ. ત્યાં તારું સ્થાન છે, એ તારું ધામ છે, એમ કહે છે. અંદર રહેવાનું નિવાસસ્થાન છે. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ છે. એવી ચીજ, આવી વસ્તુની સ્થિતિ ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં વીતરાગ સિવાય, સર્વજ્ઞ સિવાય (છે નહિ). સર્વજ્ઞ સ્વભાવ અને સર્વજ્ઞ(પણું) પ્રગટ થયું એમાં જે જોયું એ ચીજ આવી છે. સમ્યગ્દૃષ્ટિને પણ આવી ચીજ ભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરભાવ અર્થાત્ '**દ્રવ્યની સહજ શક્તિના...**' બસ! એટલી વાત. પહેલા સ્વભાવની વાત (કરી). ત્યાંથી હવે પરભાવ. '**શક્તિના...**' બસ! એટલું. '**પર્યાયરૂપ...**' પેલામાં ભેદરૂપ હતું ને? આમાં '**પર્યાયરૂપ અનેક અંશ દ્વારા...**' કોઈપણ ગુણના અંશ દ્વારા ગુણીમાંથી એક ભેદ

કરીને, એક ગુણનો એક ભેદ લક્ષમાં લેવો તે બધા પરભાવ છે. ચાહે તો જ્ઞાનને લક્ષમાં લેવું, દર્શનને લક્ષમાં લેવું, એક ગુણને લક્ષમાં લેવો તે વ્યવહાર થઈ ગયો. વ્યવહાર થઈ ગયો તો એ અનેક અંશ દ્વારા પરભાવ થઈ ગયો. તો પરભાવ સ્વભાવમાં છે નહિ. એ પરભાવ વ્યવહાર થઈ ગયો, અભૂતાર્થ થઈ ગયો, આશ્રય કરવાલાયક રહ્યો નહિ. સમજાણું કાંઈ? અહીંયાં તો ૧૮ દિવસ ચાલ્યું, આજે તો ૧૮ મો દિવસ છે તો થોડું થોડું સૂક્ષ્મ પણ આવે કે નહિ? 'ધન્નાલાલજી'! મૂળ રહ્યું બાકી નીકળી ગયું.

**'દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના, તેને પરભાવ કહેવાય છે.'** આ તો હજી શબ્દનો અર્થ કર્યા વિના ભાવાર્થ કર્યો. આ શ્લોકનો એક શબ્દનો અર્થ કર્યા વિના ઉપરથી ભાવાર્થ કરે છે. આ તો ભાવાર્થ પર ચાલે છે કે, આમાં આ કહેવું છે. એમ સરળતાથી પહેલા સમજાવ્યું. એ દૃષ્ટિએ તું બીજું વાંચજે. એમ. એની શૈલી એવી છે, હોં! અલૌકિક વાત છે. આ શૈલીથી તારે ચૌદ બોલમાં પોતાથી અસ્તિ, પરથી નાસ્તિ. સત્‌રૂપે છે, જ્ઞેયરૂપે નથી, એકરૂપ છે, અનેક આદિ નથી (આ બધું) આ દૃષ્ટિથી વાંચવું. સમજ્યા? વાહ...! કેટલી વાત કરી છે! જુઓને! હજી એકેય શબ્દ લીધા નથી, ભાઈ! હવે શબ્દ શરૂ થાશે. આહાહા..! ભારે વાત! જ્ઞાનની લીલા તો જુઓ!

**'पशुः नश्यति'** એ પહેલો શબ્દ આવ્યો. પશુ 'પશ્યતે બધ્યતે ઇતિ પશુ.' જે દર્શનમોહનીય આદિથી બંધાય છે તેને અહીંયાં પશુ કહે છે. આમાં છે, પહેલા શ્લોકમાં છે. પશુ આ તો ચોથો-પાંચમો છે. પહેલા શ્લોકમાં છે. પશુ–'કર્મે બધ્યતે ઇતિ પશુ' અબદ્ધ હોય એ સમકિતી, જ્ઞાની, વિવેકી. સમજાણું કાંઈ? અબંધ પરિણામ ઉત્પન્ન કરે એ વિવેકી સમકિતી અને બદ્ધ પરિણામ ઉત્પન્ન કરે એ બધ્યતે પશુ, એ પશુ કહેવામાં આવે છે. ઓહોહો..! કેમકે વર્તમાનમાં વિકળ ભાન વિનાના છે. જેમ પશુને સુંદર આહાર અને ઘાસનો વિવેક નથી એમ અજ્ઞાનીને સત્ય અને અસત્યનો વિવેક નથી. તો અવિવેકથી જેમ પશુ કર્મથી બંધાય છે તો આ પણ પશુ જ છે. અથવા ભાવિ લો તો ભવિષ્યમાં પશુમાં જશે તો ભાવિ... પશુ છે. પછી અમુક ભવ પછી નિગોદમાં જ જશે. પંડિતજી! સમજાણું કાંઈ? દેવલોકમાં જવાવાળો હોય તો અહીંયાં એને ભવિદ્રદેવ કહેવાય છે. ભવિદ્રદેવ. ભવિદ્રદેવ. મનુષ્યમાં જવાવાળો હોય તો ભવિદ્રમનુષ્ય (કહેવાય). નરકમાં જવાવાળો હોય તો ભવિદ્રનારકી (કહેવાય). નિગોદમાં જવાવાળો હોય તો ભવિદ્રનિગોદ. મોક્ષમાં જવાવાળો હોય તો ભવિદ્ર વર્તમાનમોક્ષ છે. 'પ્રવચનસાર'માં આવ્યું છે, સાધુ સિદ્ધ સમાન જ છે. સમજાણું કાંઈ?

કહે છે, **'पशुः'** **'એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી.'** હમણાં જે વાત કરી, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અભેદ છે તેને અજ્ઞાની સાધી શકતો નથી. સમજાણું કાંઈ? **'એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી.'** જુઓ! જીવસ્વરૂપને

(એટલે) જે અભેદ ચાર કહ્યા એવો. **'કેવો છે?' 'परितः शून्यः' 'परितः शून्यः' 'સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે.'** કાં રાગને પોતાને માને છે, આ પર્યાય જેવડો પોતાને માને છે, ભેદને પોતાનો માને છે.. સમજ્યા? પરથી પોતાનું સ્વરૂપ માને છે એ બધા **'परितः' 'તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે.'** સમજાણું કાંઈ? ખુલાસો બીજો કરશે. પોતાની જ્ઞાનપર્યાયમાં, એ ખુલાસો કરશે.

**'સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. શા કારણથી?'** જુઓ! શા કારણથી? એ કારણ બતાવે છે. **'स्वद्रव्यानवलोकनेन'** બસ! તત્ત્વજ્ઞાનથી કેમ શૂન્ય છે? ઓહોહો..! **'નિર્વિકલ્પ વસ્તુમાત્રની પ્રતીતિ કરતો નથી, તે કારણથી.'** ભાષા જુઓ! આહાહા..! પહેલા જે અભેદરૂપ સ્વદ્રવ્ય કહ્યું. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ પાછું ચારેનું એકરૂપ. એવું જે સ્વદ્રવ્ય નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે (તેની) પ્રતીતિ નહિ કરનારો, નહિ અવલોકન કરનારો. તેનું અવલોકન કરતો નથી અથવા પ્રતીતિ કરતો નથી એ પશુ તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. સમજાણું કાંઈ?

**'નિર્વિકલ્પ વસ્તુમાત્રની પ્રતીતિ કરતો નથી, તે કારણથી. વળી કેવો છે?'** આ પ્રતીતિ કરતો નથી તો છે કેવો? કેવું કરે છે? અજ્ઞાની તત્ત્વજ્ઞાનથી શૂન્ય હોય એ કેવી પ્રતીતિ કરે છે? સમજાણું કાંઈ? **'प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावश्चितः'** પેલું સ્વદ્રવ્યનું અનવલોકન. આ **'अस्तितावश्चितः'** જુઓ! શું કહે છે? પ્રત્યક્ષ નામ પોતાની જ્ઞાનપર્યાયમાં પ્રત્યક્ષ દેખાય છે અને એમાં જાણવામાં પરદ્રવ્ય દેખાય છે. એ પરદ્રવ્ય અને પર્યાય જાણે હું છું એમાં જાણે પ્રત્યક્ષ હોય, આ જ પ્રત્યક્ષ છે, આ જ ચીજ છે. પર્યાય ચીજ છે અને પર્યાયમાં જે છ દ્રવ્યનું, પરદ્રવ્યનું જાણવું થાય છે તો આ છે, આ જ છે, આ સ્થિર છે, આ છે. ત્રિકાળ દ્રવ્ય સ્થિર છે એની દૃષ્ટિ નથી.

પ્રત્યક્ષ એટલે? પ્રત્યક્ષ નામ અમને તો પરની સહાય વિના પ્રત્યક્ષ દેખાય છે. અમારી જ્ઞાનની પર્યાયમાં આ જણાય છે, આ જણાય છે. આ દેખાતું નથી? આ શરીર છે, કર્મ છે, આ છે, રાગ છે, પુણ્ય છે, આ છે... આ છે, એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાય તો પ્રત્યક્ષ અંશરૂપ દેખાય છે. તેને પ્રત્યક્ષ દેખાય છે તેનું કારણ **'જેવો ને તેવો...'** જેવી છે તેવી પરચીજ, હોં! **'અમિટ...'** તેનો નાશ થતો નથી. મારી પર્યાયમાં એ દેખાય છે, બરાબર દેખાય છે, આમ છે, આમ છે. **'જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું જે અસ્તિત્વ,...'** તેનાથી પોતાનું અસ્તિત્વ માન્યું છે. તે છે એ હું છું, તે છે એમાં હું છું. **'અસ્તિત્વ, તેનાથી ઠગાયો છે–એવો છે એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.'** આ રીતે અજ્ઞાની ઠગાયો છે, પોતાના સ્વરૂપનું ભાન નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રાવણ વદ ૧૦, રવિવાર તા.૧૮.૦૮.૧૯૬૮
કળશ - ૨૫૨ પ્રવચન - ૨૪૯

'સ્યાદ્વાદ અધિકાર' ૨૫૨ કળશ છે. જુઓ! અંદરમાં. **'તેના ભેદ ચાર છે...'** ત્યાંથી લેવાનું છે. છે ને તેમાં, એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, ચાર છે. વસ્તુના ભેદ ચાર છે. એમાં અસ્તિ કોણ અને નાસ્તિ કોણ એ બતાવે છે. જે સમ્યગ્દર્શનનો વિષય **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભૂતાર્થ જે એક સમયમાં ધ્રુવ અભેદ એકરૂપ વસ્તુ છે એ જ વસ્તુનું સ્વરૂપ કહેવામાં આવે છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ સમ્યગ્દર્શનમાં આશ્રય કરવાલાયક છે. પહેલી ચીજ આ છે.

કહે છે કે, ચાર પ્રકાર છે, ચાર પ્રકાર બતાવે છે પણ ચારમાં પણ એક જ પ્રકાર લેવો, એ પછી કહેશે. **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ,...'** જુઓ! ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપે અસ્તિ છે. સ્વક્ષેત્રપણે અસ્તિ. પોતાની પહોળાઈ એવું જે સ્વક્ષેત્ર તેનાથી તે છે, હયાતી છે. સ્વકાળપણે અસ્તિ. પોતાની વર્તમાન પર્યાયપણે અસ્તિ અથવા ત્રિકાળપણે અસ્તિ એમ અહીંયાં લેશે. અહીંયાં ત્રિકાળપણે લેશે. અને સ્વભાવપણે અસ્તિ. પોતાની શક્તિ–ગુણ–સ્વભાવ સત્‌નું સત્ત્વ, સત્‌નું જે ત્રિકાળ સત્ત્વ, તેને અહીંયાં સ્વભાવ કહેવામાં આવે છે.

અને **'પરદ્રવ્યપણે નાસ્તિ,...'** પછી તેનો ખુલાસો કરશે. પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ, પરભાવપણે નાસ્તિ. **'તેમનું લક્ષણ :'** સ્વદ્રવ્યપણે અસ્તિનો અર્થ શું? કે, **'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ...'** નિર્વિકલ્પ નામ અભેદ, ભેદ વિના એકલું વસ્તુ સ્વરૂપ, જેને અહીંયાં સ્વદ્રવ્ય કહે છે. એકલી ચીજ, એકલી. પર્યાય નહિ, ભેદ નહિ, ગુણ-ગુણી ભેદ નહિ. એકલી અભેદ વસ્તુ એ સ્વદ્રવ્ય. **'નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...'** એ અસ્તિ, એ ભૂતાર્થ, એ શુદ્ધનય. શુદ્ધનયનો વિષય એમ પણ નહિ, એ પોતે જ શુદ્ધનય. સમજાણું કાંઈ?

સ્વદ્રવ્ય નિર્વિકલ્પમાત્ર વસ્તુ એ જ સ્વદ્રવ્ય. 'નિયમસાર' 'શુદ્ધભાવ અધિકાર'માં લીધું છે કે, જીવાદિ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય છે. જીવાદિ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય છે. કેમકે જીવ હું છું એવો જે વિકલ્પ, એવો ભેદ કરવો એ પણ પરદ્રવ્ય છે. અને સંવર, નિર્જરા, મોક્ષની એક સમયની પર્યાય છે એ પણ પરદ્રવ્ય છે. કેમકે જેમાંથી પોતાની નવી પર્યાય ઉત્પન્ન થતી નથી, એવી જે સંવર, નિર્જરા આદિ પર્યાય થાય તેમાંથી પણ નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. જેમ પરદ્રવ્યથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી એમ ક્ષાયિક

આદિ પર્યાય હો, ક્ષાયિક સમકિત હો, છઠ્ઠા ગુણસ્થાનનું ચારિત્ર વીતરાગી પર્યાય હો પરંતુ તેમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી તે કારણે પર્યાયને પણ પરદ્રવ્ય કહી દીધી છે. સમજાણું કાંઈ?

જેમાંથી 'દ્રવ્યતિ ઇતિ દ્રવ્યમ્' દ્રવે. જે અંતરમાંથી શુદ્ધતાને દ્રવે તે દ્રવ્ય. તો પર્યાય કાંઈ દ્રવતિ નથી. સમજાણું કાંઈ? સંસ્કૃતમાં એ શબ્દ છે. ભાઈ! 'પરમઅધ્યાત્મ તરંગિણી'માં એ શબ્દ પડ્યો છે. દ્રવ્ય – નિર્વિકલ્પ અભેદમાત્ર વસ્તુ દ્રવ્ય. પર્યાય દ્રવતી નથી. પર્યાયમાંથી પર્યાય આવતી નથી, એ દ્રવતિ નથી. માટે પર્યાયને પણ અહીંયાં સ્વદ્રવ્ય ભૂતાર્થ અસ્તિત્વનયની અપેક્ષાએ, શુદ્ધનયની અપેક્ષાએ એ પર્યાયને પણ પરદ્રવ્ય કહી, અભૂતાર્થ કહી, અસત્યાર્થ કહી છોડી દીધી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ અપેક્ષાએ ભૂતાર્થ હો, છે અપેક્ષાએ હો. પણ ત્રિકાળની અપેક્ષાએ તો એ અસત્યાર્થ અને અભૂતાર્થ જ છે. સમજાણું કાંઈ? 'નિયમસાર'માં એ ત્રણ-ચાર ઠેકાણે લીધું છે. 'શુદ્ધભાવ અધિકાર'માં પરદ્રવ્ય લીધું છે. 'પ્રતિક્રમણ અધિકાર'માં લીધું છે, આત્મા એક જ ઉત્તમ પદાર્થ છે. પર્યાયાદિ ઉત્તમ પદાર્થ નથી. પરમભાવ ત્રિકાળ ચીજ એ જ પરમભાવ છે. ચાહે તો ક્ષાયિકભાવ હો તોપણ અપરમભાવ છે. સમજાણું કાંઈ?

એવી જે ધ્રુવ ચૈતન્ય વસ્તુ, એ નિર્વિકલ્પમાત્ર વસ્તુ તે દ્રવ્ય. 'પંચાસ્તિકાય સંગ્રહ'ની ૫૬ મી ગાથામાં પણ એમ કહ્યું, **'द्रव्यात्मलाभहेतुकः परिणामः'**. દ્રવ્યના સ્વરૂપની હયાતી એ પારિણામિક ભાવ છે. ઉત્પાદ-વ્યયને અહીંયાં ગણવામાં આવ્યા નથી. સમજાણું કાંઈ? 'પંચાસ્તિકાય' છે ને? ૫૬ (ગાથા) છે ને? ૫૬. જુઓ! **'द्रव्यात्मलाभहेतुकः परिणामः'** સંસ્કૃત છે. દ્રવ્ય-આત્મ. દ્રવ્યનું સ્વરૂપ. લાભ નામ થવું. દ્રવ્યનું સ્વરૂપ થવું, હયાતી એ પારિણામિક છે, એ સ્વદ્રવ્ય છે. સમજાણું કાંઈ? આપણે ભાઈ! અર્થ કર્યા છે. આત્મલાભ = સ્વરૂપપ્રાપ્તિ. સ્વરૂપને ધારી રાખવું તે, પોતાને ધારી રાખવું તે, હયાતી (દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે હયાત છે તેથી તેને 'પરિણામ' પારિણામિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'નિયમસાર' ૫૦ મી ગાથામાં તો પરભાવ, પરદ્રવ્ય અને હેય (કહ્યું છે). પાઠ તો એમ છે કે, જે ક્ષાયિક પર્યાય છે, ઉદયપર્યાય છે, ઉપશમ હો, ક્ષયોપશમ હો.. તો પાઠમાં એમ લીધું કે, પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે. પરંતુ ટીકામાં તેનો ક્રમ એવો લીધો કે, પરભાવ છે તે અપેક્ષાએ પરદ્રવ્ય છે, તે અપેક્ષાએ હેય છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' આમ શૈલી લીધી છે. પરભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ક્ષાયિક પર્યાય, ચારિત્રની પર્યાય જે ક્ષયોપશમ છઠ્ઠે હોય અને ક્ષાયિક સમકિત હો તોપણ ત્રિકાળ દ્રવ્યની એક અપેક્ષાએ, ત્રિકાળ સત્યાર્થ ભૂતાર્થ શુદ્ધનયની અપેક્ષાએ એક સમયની પર્યાય, વીતરાગી પર્યાય હો તોપણ તેને પરભાવ કહીને, પરદ્રવ્ય કહીને (હેય કહી

છે). બીજો બોલ પરદ્રવ્ય છે. શ્લોકમાં પહેલા પરદ્રવ્ય છે પછી પરભાવ છે. ટીકામાં ક્રમ એવો લીધો છે કે, પરભાવ છે માટે પરદ્રવ્ય છે. પરદ્રવ્ય છે માટે હેય છે. સમજાણું કાંઈ?

અહીંયાં સ્વદ્રવ્ય એટલું સિદ્ધ કરવું છે. સ્વદ્રવ્ય (એટલે) શું? કે, નિર્વિકલ્પમાત્ર, નિર્વિકલ્પમાત્ર અભેદ એકરૂપ વસ્તુ તે સ્વદ્રવ્ય. પર્યાયનો અંશ અને ગુણ-ગુણીનો ભેદ પણ સ્વદ્રવ્ય નહિ. એ પછી કહેશે. સમજાણું કાંઈ? **'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** અહીં તો ચાર ભેદ પાડે છે, હોં! ચાર ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી. આ તો સમજાવવા માટે (કહે છે).

પહેલા દૃષ્ટાંત આપ્યો હતો. કેરી હોય છે ને? કેરી. કેરીમાં ચાર પ્રકાર છે. છાલ છે, રસ છે, જાળી છે, ગોટલી છે. એમ ચાર નહિ, એમ ચાર નહિ. એ તો ભિન્ન ભિન્ન છે. પરંતુ જેમ કેરીમાં વર્ણ છે, ગંધ છે, રસ છે, સ્પર્શ છે. એમ આ ચાર એકરૂપમાં છે. દ્રવ્ય પણ તે, ક્ષેત્ર પણ તે, કાળ પણ તે અને ભાવ પણ તે. સમજાણું કાંઈ? કેરીમાં તો ચાર બોલ ભિન્ન પડે છે. છાલ, જાળી-રેસા, રસ, છીલકા અને ગોટલી. ચાર (ભેદ) પડે છે તો ચાર તો ભિન્ન વસ્તુ થઈ ગઈ. એમ આ ચાર ભિન્ન નથી. તો કેવી રીતે ચાર છે? દ્રવ્ય પણ તે જ, ક્ષેત્ર પણ તે જ, કાળ પણ તે જ અને ભાવ પણ તે જ. જેમ કેરીમાં વર્ણ પણ તે જ, ગંધ પણ તે જ, રસ પણ તે જ અને સ્પર્શ પણ તે જ. સમજાણું કાંઈ?

કહે છે કે, ક્ષેત્ર–નિજ ક્ષેત્ર આધારમાત્ર વસ્તુનો પ્રદેશ. ગુણનો વસ્તુનો આધાર સ્વક્ષેત્ર, પોતાનો આધાર તે સ્વક્ષેત્ર. બસ! એ પોતાનું સ્વક્ષેત્ર. અને **'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા...'** સ્વકાળ. ત્રિકાળ વસ્તુ તે સ્વકાળ. વસ્તુમાત્રની મૂળ અવસ્થા. અવસ્થા શબ્દે પર્યાય ન લેવી. અવસ્થા–અવ-સ્થ. વસ્તુ અવ-સ્થ. નિશ્ચય ત્રિકાળ રહે છે તેને વસ્તુની અવસ્થા કહે છે. સમજાણું કાંઈ? સ્વકાળ (કોને) કહે છે? વસ્તુની, વસ્તુમાત્રની. જુઓ! એમાં કોઈ ભેદ નહિ. આખી વસ્તુ એકરૂપ તે જ તેનો સ્વકાળ. સમજાણું કાંઈ? અવસ્થા શબ્દ છે તો એ પર્યાયવાચક શબ્દ નથી. અવસ્થા ત્રિકાળરૂપ નિશ્ચય સ્થ. નિશ્ચય સ્થ. દ્રવ્યનું એકરૂપ રહેવું તે એનો સ્વકાળ છે. સમજાણું કાંઈ?

જુઓ! આ સમ્યગ્દર્શનનો વિષય ભૂતાર્થ શુદ્ધનય કોને કહે છે તેની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? જે 'સમયસાર'માં લીધું કે, **'ववहारोऽभूदत्थो'** ૧૧ મી ગાથા આખા તત્ત્વનો મર્મ છે. જૈનદર્શનનો, વસ્તુદર્શનનો એ મર્મ છે. **'ववहारोऽभूदत्थो'** વ્યવહાર તે અસત્યાર્થ છે. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર ભલે સત્ય હો, પણ આશ્રય કરવા લાયક ભૂતાર્થની અપેક્ષાએ તે અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભૂતાર્થ ત્રિકાળ એકરૂપ જ્ઞાયક વજ્રબિંબ ધ્રુવ સદૃશરૂપ એકરૂપ તે જ શુદ્ધનય છે, તે જ શુદ્ધનય છે. અને **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થનો આશ્રય કરવાથી. એ પર્યાય આવી. આશ્રય કરનારી પર્યાય આવી. **'भूदत्थ'** ભૂતાર્થનો આશ્રય કરનારી પર્યાય છે. પણ આશ્રય ભૂતાર્થનો કર્યો તો પર્યાયમાં

સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ?

અહીં એમ કહે છે, વસ્તુમાત્ર મૂળ અવસ્થા. ત્રિકાળ એકરૂપ વસ્તુ. **'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...'** વસ્તુની મૂળની સહજ શક્તિ. જ્ઞાન શક્તિ, દર્શન શક્તિ, આનંદ શક્તિ આદિ સંપૂર્ણ શક્તિ છે. એક એક શક્તિ, જ્ઞ-સ્વભાવ, વસ્તુની જ્ઞ શક્તિ, એ જ્ઞ છે તે સંપૂર્ણ જ છે. કેમકે જ્ઞ એકરૂપ છે, અખંડરૂપ છે તો જ્ઞ પણ સર્વજ્ઞ કહો, પૂર્ણ કહો, એકરૂપ કહો, અખંડ કહો, એવી એક એક શક્તિ એવી સર્વ શક્તિનો પિંડ. એ સર્વ શક્તિ તેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

એક એક શક્તિ પૂર્ણ (છે). જેમ કે જ્ઞ સ્વભાવ, જ્ઞ. જ્ઞમાં પછી અપૂર્ણતા ન આવે, અલ્પતા ન આવે. એવો જ્ઞ પૂર્ણ. એમ દર્શન–દૃષ્ટિ પૂર્ણ. એમ આનંદ પૂર્ણ, સ્વચ્છતા પૂર્ણ, પ્રભુતા પૂર્ણ, કર્તા, કર્મ, કરણ આદિ ૪૭ શક્તિઓ છે એવી બધી શક્તિઓ એક સમયમાં પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ (છે). એવી અનંત શક્તિનો પિંડરૂપ ભાવ, તેને તેનો સ્વભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

સ્વભાવ–**'વસ્તુની મૂળની...'** મૂળની, મૂળની. સ્વભાવિક. સહજ નામ સ્વભાવિક શક્તિ. એ ચાર ભેદ પાડ્યા. ભેદ ચાર પાડ્યા પણ ચાર ભેદ લક્ષ કરવાલાયક છે એમ નહિ. એ તો વસ્તુની સ્થિતિ બતાવી. દ્રવ્ય ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે, સ્વકાળ ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે, એમ નહિ. દ્રવ્યથી જુઓ તો તે જ, ક્ષેત્રથી જુઓ તો તે જ, કાળથી જુઓ તો તે જ અને ભાવથી જુઓ તો પણ તે જ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે. અદ્ભુત આનંદસ્વરૂપ ભગવાન, એનો ભાવ, એની સ્વભાવ–શક્તિ, એવી એક એક શક્તિ પૂર્ણ, તેનો સ્વભાવભાવ પૂર્ણ તેનું નામ સ્વભાવ છે. એ ચાર બોલ ભિન્ન કરીને બતાવ્યા પણ ચાર બોલમાં આ દ્રવ્ય છે, આ ક્ષેત્ર છે, આ કાળ છે એમ (ભિન્ન ભિન્ન) નથી. એ તો એને બતાવ્યું. દ્રવ્ય પણ તેનું તે જ છે, ક્ષેત્ર જુઓ તો પણ તે જ છે, કાળ જુઓ તો એ વસ્તુ છે, ભાવ જુઓ તો એકલી શક્તિ છે. તો ભૂતાર્થ વસ્તુ જે છે એ વસ્તુને સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ કહેવામાં આવ્યા છે. ભેદથી કહ્યું પણ અંદર ભેદ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

હવે કહે છે, આ ચૌદ બોલ છે ને? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જે આઠ બોલ છે એ બધા એમાં સમાવી દીધા છે. શ્લોક તો આઠ આવશે પણ બધું આમાં સમાવીને એ દૃષ્ટિએ વાંચવું એમ કહે છે. ચૌદ બોલ છે ને? તત્-અતત્. એ ચૌદે બોલ એમાં સમાવી દીધા છે. તત્-અતત્, એક-અનેક, સ્વથી અસ્તિ, પરથી નાસ્તિ એ આઠ બોલ થયા. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ એ આઠ બોલ, અને નિત્ય-અનિત્ય. એમ ચૌદ બોલ છે.

અહીંયાં જે આઠ બોલ બતાવવા છે એની શરૂઆત કરે છે. સમજાણું કાંઈ? કહે છે

કે, પરદ્રવ્ય કોને કહે છે? ભગવાનઆત્માની અપેક્ષાએ પરદ્રવ્ય કોને કહે છે? પરઆત્મા, પર પરમાણુ, સિદ્ધ ભગવાન અને પંચ પરમેષ્ઠી એ તો પરદ્રવ્ય છે જ. સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્ય છે જ. અને કર્મ આદિ તો પરદ્રવ્ય છે જ અને વિકલ્પ, રાગ ઉઠે છે એ પણ પરદ્રવ્ય છે જ. હવે પોતાનું જે સ્વદ્રવ્ય છે તેમાં સવિકલ્પ ભેદ-કલ્પના, ભેદ-કલ્પના (કરવી) કે આ ગુણી અને આ ગુણ એવી ભેદ-કલ્પના (ઉઠે) એ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

શરીર, વાણી, કર્મ, પંચ પરમેષ્ઠી આદિ તો પરદ્રવ્ય છે એની તો અહીંયાં વાત પણ નથી. એ તો સ્પષ્ટ પરદ્રવ્ય છે. સ્પષ્ટ પરદ્રવ્ય છે અને એમાં વ્યવહાર રત્નત્રયના રાગાદિ ઉત્પન્ન થાય છે, વ્યવહાર રત્નત્રયના, એ પણ પરદ્રવ્ય જ છે. હવે પોતામાં વસ્તુ જે છે, નિર્વિકલ્પ વસ્તુ એક અભેદ, અભેદમાં ભેદ કરવા કે આ ગુણી અને આ ગુણ, બસ! એટલો ભેદ કરવો એ પરદ્રવ્ય છે. કેમકે ભેદ છે તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનય અભૂતાર્થ છે તો આ પરદ્રવ્ય પોતાની અપેક્ષાએ અભૂતાર્થ છે. સમજાણું કાંઈ? ભારે વાત.

કહ્યું ને? વસ્તુ જે અભેદ છે એકરૂપમાં ભેદ કરવા કે આ ગુણી અથવા આ ગુણીનું આ દ્રવ્ય, આ ગુણીનું આ ક્ષેત્ર, આ ગુણીનો આ કાળ અને આ ગુણીનો આ ભાવ. એવા ભેદ કરવા પણ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો અર્થ તેમાંથી પોતાની નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તો જેમ પરદ્રવ્ય છે તેમ આ ભેદ પરદ્રવ્ય છે. એમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી તો એને પરદ્રવ્ય કહી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહી, પોતામાં તે નથી. અભેદ દ્રવ્યમાં ભેદ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ એવી છે, વસ્તુનું સ્વરૂપ એવું છે.

એકરૂપ સ્વરૂપ, એમાં કહે છે કે, એકમાં બે કરવા, બે (ભેદ) કરવા કે, આ છે, હું છું, હું છું એમ ભેદ કરવો તે પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? 'ચંદુભાઈ'! આહાહા..! કેમ પરદ્રવ્ય છે? કે, પોતાની અભેદ ચીજમાં એ વસ્તુ નથી. અભેદમાં ભેદ નથી અને અભેદની દૃષ્ટિએ જોતાં અભેદમાં ભેદ દેખાતો નથી. સમજાણું કાંઈ? એ કારણે એ ભેદને, ગુણી-ગુણના ભેદને, હોં! વિકલ્પને, કર્મને, શરીરને, પરમેષ્ઠીને તો પરદ્રવ્ય કહ્યું. શુદ્ધ-અશુદ્ધ દ્રવ્ય પર છે એ તો પરદ્રવ્ય છે જ.

ભગવાનઆત્મા અભેદ ચિદાનંદ નિર્વિકલ્પ વસ્તુ જે કહી હતી, ઉપર કહી હતી, જુઓ! નિર્વિકલ્પ વસ્તુ જે કહી હતી, નિર્વિકલ્પમાત્ર વસ્તુ. એની સામે સવિકલ્પ ભેદ-કલ્પના. એની સામે (એમ લીધું). નિર્વિકલ્પમાત્ર વસ્તુ એ સ્વદ્રવ્ય અને સવિકલ્પ ભેદ-કલ્પના. કલ્પના કરવી. અભેદમાં કાંઈ ભેદ થતા નથી. આ દ્રવ્ય છે, આ ક્ષેત્ર છે, આ આનંદ છે એવા ભેદ કરવા તે જ પરદ્રવ્ય થઈ ગયું. સમજાણું કાંઈ? એ વ્યવહારનયનો વિષય થયો, અસત્યાર્થ થયો, આશ્રય કરવાલાયક રહ્યો નહિ. સમજાણું કાંઈ? જાણવાલાયક છે, આદરવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

કહે છે, પરદ્રવ્ય. સવિકલ્પ ભેદ એ લીટી છે ને? લીટી ન જોઈએ. પરદ્રવ્ય પાસે જે

લીટી છે એ તો બરાબર છે. પરદ્રવ્ય કોને કહે છે? એ બરાબર છે. સવિકલ્પ ભેદ-કલ્પના જે વચમાં લીટી છે ને? વચમાં એ લીટીની જરૂર નથી. સવિકલ્પ ભેદકલ્પના, બસ! આટલો શબ્દ લેવો. સમજાણું કાંઈ? એ પરદ્રવ્ય શબ્દ છે ને? અર્થાત્ સવિકલ્પ ભેદકલ્પના, બસ! એટલું. ભેદકલ્પના સાથે વચમાં જે લીટી છે તેની જરૂર નથી. મૂળમાં નથી. આ તો અહીંયાં છપાણી છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

એક (જણ) તો કહે છે, સાચા શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, પરમેશ્વર પરદ્રવ્ય? એવો પ્રશ્ન થયો હતો. (સંવત) ૨૦૧૦ની સાલમાં બોટાદમાં. દેવ સિદ્ધ ભગવાન, અરિહંત પરમેશ્વર, ગુરુ વીતરાગ મુનિ સંત નિર્ગ્રંથ એ પરદ્રવ્ય? અનંતવાર પરદ્રવ્ય. એ તો પરદ્રવ્ય છે જ. પોતાની શુદ્ધ ચીજ એકરૂપ અભેદ, એમાં એક વિકલ્પ ઉઠાવવો કે આ છે, આ છે. એ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? કહો, 'વજુભાઈ'! આહાહા..!

પરદ્રવ્ય સવિકલ્પ ભેદકલ્પના. ઓહો..! ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ. ચારે ભાવ પર્યાય છે તો ચારેને અમે પરભાવ કહીએ છીએ. સ્વભાવ પરમભાવ ત્રિકાળીની અપેક્ષાએ ત્રિકાળ જે છે એ અપેક્ષાએ પર્યાયને પરભાવ કહીએ છીએ. પરભાવ કહ્યું તો પરદ્રવ્ય કહીએ છીએ, પરદ્રવ્ય કહ્યું તો હેય કહીએ છીએ. ત્રણ બોલ લઈ લીધા. ૫૦ મી ગાથામાં ત્રણ બોલ (લીધા). પર્યાયને–ક્ષપોયપશમ પર્યાયને, ક્ષાયિક પર્યાયને પરભાવ કહીને વસ્તુ પરમભાવની અપેક્ષાએ, એકરૂપ ત્રિકાળ પરમભાવની અપેક્ષાએ એક અંશ જે પર્યાય છે તેને પરભાવ (કહીએ છીએ). તેની અપેક્ષાએ પરભાવ છે. સમજાણું કાંઈ? અને પરભાવ છે તો ત્યાં પરભાવ કહીને પછી પરદ્રવ્ય છે એમ કહ્યું. પરભાવ છે તે કારણે પરદ્રવ્ય છે. પછી કહ્યું, પરદ્રવ્ય છે તો હેય છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

ક્ષાયિક સમકિતની પર્યાય, મુનિની છઠ્ઠા ગુણસ્થાનની ચારિત્રની વીતરાગી પર્યાય પરભાવ, પરદ્રવ્ય, હેય છે. આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા ધ્રુવ પરમાત્મા વજ્રબિંબ જેમ અનાદિઅનંત એકરૂપ છે, બસ! તે જ સ્વદ્રવ્ય. જરી પણ કલ્પનાથી અંદરથી હટીને આ આમ છે, આ ગુણી આવો છે, એમાં ગુણ છે, એમાં ગુણ છે એવો આધાર-આધેય, ગુણ છે તે આધેય, ગુણી આધાર (છે), એવી આધાર-આધેય કલ્પના (ઉઠવી) તે પરદ્રવ્ય (છે). સમજાણું કાંઈ?

અનુભૂતિ તો અભેદના આશ્રયે થાય છે, એ કાંઈ ભેદથી થાય છે? શરૂઆત તેનાથી થાય છે. સમ્યગ્દર્શનરૂપ અનુભૂતિ અથવા જ્ઞાનરૂપી અનુભૂતિ, જ્ઞાનાનુભૂતિ, નયાનુભૂતિ કે દ્રવ્યાનુભૂતિ એ તો અભેદના અવલંબનથી થાય છે. ભેદના અવલંબને થાય છે? ભેદના અવલંબને વિકલ્પ ઉત્પન્ન થાય છે અને વિકલ્પમાં લાભ માને તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો હજી (એમ કહે છે), વ્યવહાર રત્નત્રય છે એ અમને લાભ કરશે. વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ

વ્યવહાર છે તો નિશ્ચય ટકે છે. ધૂળમાં પણ નથી, સાંભળ તો ખરો! અમારો વ્યવહાર ચોખ્ખો છે તો નિશ્ચયને બતાવીએ છીએ, પ્રસિદ્ધ કરે છે. જુઓ! અમારી પાસે નિશ્ચય છે. ખોટી વાત છે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય સ્વદ્રવ્યને બતાવે છે? અને પરદ્રવ્યથી સ્વદ્રવ્યની પ્રસિદ્ધિ થાય છે? ભારે વાત, ભાઈ! અહીં તો હજી એ અર્થ કરે છે. વ્યવહાર રત્નત્રય તો છે નહિ, વ્યવહાર રત્નત્રય તો છે નહિ. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો!

વ્યવહાર રત્નત્રય પરદ્રવ્ય છે. પુદ્ગલના પરિણામ છે, અચેતન છે. કેમ? ચૈતન્યના કિરણનો તેમાં અભાવ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ભલે ન હો. સમજાણું કાંઈ? પણ વ્યવહાર રત્નત્રયના વિકલ્પમાં, રાગમાં, ચૈતન્ય બિંબ ભગવાનઆત્મા, જેમ સૂર્યના પ્રકાશના કિરણમાં કોઈ કાળું કિરણ નથી હોતું. સૂર્યના કિરણમાં કોઈ કોલસાનું કિરણ હોય છે? કોલસાનું એકેય કિરણ નીકળે છે? એ તો સીધા સફેદ કિરણ છે. એમ ભગવાનઆત્મામાંથી સીધા કિરણ નીકળે તો સફેદ શુદ્ધ આનંદકંદના કિરણ નીકળે. રાગાદિ કિરણ છે એ આત્માના છે જ નહિ. એ આંધળા કોલસાના કિરણ છે. સમજાણું કાંઈ? વ્યવહાર એટલો ગળે વળગ્યો છે, એટલો ગળે વળગ્યો છે.. આહાહા..! વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી (એમ કહે છે તો) અહીંયાં ક્યાં રહ્યું? સમજાણું કાંઈ?

પહેલા આપણે આવી ગયું છે. કર્તા-કર્મ. સમ્યગ્દષ્ટિને પોતાના શુદ્ધ દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ તે સ્વ અને તે જ પર્યાય બીજો એક વ્યવહારનો ભાગ આવી ગયો, એ જ પર્યાયમાં. એક પર્યાયના બે ભાગ. જેટલી સ્વદ્રવ્યના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા પ્રગટ થઈ તે સ્વ ચીજ. તે જ પર્યાયમાં વ્યવહારનો, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે છે તે બહિરચીજ અંતર ચીજ નહિ. સમજાણું કાંઈ? એક પર્યાયના બે ભાગમાં એક પર્યાય (ભાગ) શુદ્ધ છે તે પોતામાં છે, અશુદ્ધ છે તે બહિર છે. આહાહા..! એ કર્તા-કર્મમાં આવી ગયું છે. ૭૬-૭૭-૭૮. બહિરસ્થિત છે.

ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ, જ્ઞાયકપ્રભુ પોતાથી આશ્રય લઈને જે શુદ્ધતા પ્રગટ થઈ તે પોતાની પર્યાય પોતાની, બસ, એટલું. છતાં તે પર્યાય સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય (કહેવાય). આહાહા..! અને એ પર્યાયની અપેક્ષાએ જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તે બહિરસ્થિત છે. બહિરસ્થિત પુદ્ગલના પરિણામ છે. તેને જ્ઞાતા–જ્ઞાનની પર્યાય પોતામાં રહીને, ભિન્ન રાખીને જાણે છે. ભિન્ન રાખીને જાણે છે કે છે. એ પરને જાણવું પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન! એની ચીજ જુઓ! ચૈતન્ય ચમત્કાર આખી સૃષ્ટિ પડી છે.

એ પરમાત્મા પોતે કહે છે અને આ પરમાત્મા અંદરમાંથી પોકાર કરે છે કે, હું તો અભેદ એકરૂપ છું. આહાહા..! અને પરદ્રવ્ય સવિકલ્પ ભેદકલ્પના. એમાં એક સમયની પર્યાયને ભિન્ન કરવી.. સમજાણું કાંઈ? ગુણ-ગુણીના ભેદ, મનના સંગે ચાલતા વિચાર. મનનો સંગ થયો તો ભેદ પડ્યો તો રાગ આવ્યો, રાગ આવ્યો તો મનનો સંગ થઈ ગયો. સ્વભાવસંગ

છૂટી ગયો. સમજાણું કાંઈ?

કહે છે કે, અભેદ વસ્તુ તો સ્વસંગી ચીજ છે. એમાં ભેદ કરવો તેને અહીંયાં પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે અને પરદ્રવ્યની સ્વદ્રવ્યની નાસ્તિ. અભૂતાર્થ છે તેની ભૂતાર્થમાં નાસ્તિ છે. વ્યવહાર છે તો નિશ્ચયમાં નાસ્તિ છે. એ અશુદ્ધનય છે તો શુદ્ધનયમાં નાસ્તિ. સમજાણું કાંઈ? 'ગોદીકાજી'! બહુ ઝીણું છે. તમારા માટે રાખ્યું છે. જુઓ! 'લાલચંદભાઈ'એ ફરીને લેવડાવ્યું. સમજાણું કાંઈ? ઓહો..!

'રાજમલજી' પોતાની કલ્પનાથી લખતા નથી, હોં! વસ્તુની સ્થિતિ છે. કોઈ કહે, આમાં ક્યાં એવું છે? એમ છે. એ તો પહેલેથી કહે છે, પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે. ભાઈ! બીજી લીટીમાં એમ કહ્યું, બીજી લીટી. પર્યાય પણ પરદ્રવ્ય છે. લખ્યું છે, જુઓ! '**પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે,...**' બીજી લીટીમાં છે. ઇ પર્યાયને માને છે એ જ પરદ્રવ્યને માને છે, એમ કહે છે. એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણે અને એ પર્યાયમાં છ દ્રવ્યના જ્ઞેયાકારરૂપ પરિણમન છે તો હું છું એમ માને છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? એકલો ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ અભેદરૂપની અપેક્ષાએ જેટલા ભેદ કરો એ બધું પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી પોતાને બિલકુલ થતો નથી. જેમ પર પરમાત્મા છે એમનાથી પોતામાં લાભ થતો નથી, એમ સ્વદ્રવ્યમાં ભેદ કરવાથી પોતાને લાભ થતો નથી, ભેદ કરવાથી નુકસાન થાય છે. સમજાણું કાંઈ? 'તદાત્વે' જાણેલો પ્રયોજનવાન છે. એટલું ('સમયસાર'ની) ૧૨ મી ગાથામાં લીધું. એ સમયે જેટલા ભેદ આદિ લક્ષમાં આવે (એટલું) જાણવું પ્રયોજનવાન છે, આદરવું પ્રયોજનવાન નથી. સમજાણું કાંઈ?

પરદ્રવ્ય સવિલ્પ ભેદકલ્પના, હોં! ભેદકલ્પના શબ્દ વાપર્યો છે. ભેદ થતો નથી. પંડિતજી! તમારી સામે (પ્રશ્ન) આવ્યો હતો ને કે, કલ્પના, કલ્પના શું કરો છો? 'ખાણિયા'ની ચર્ચામાં આવ્યું છે. નિજ કલ્પના લખ્યું હતું. કલ્પના.. કલ્પના, આ કલ્પના જુઓ! પંડિતજી! આમ લખ્યું છે. સાંભળને! આ જુઓ! શું શબ્દ પડ્યા છે? એમાં છે તો કલ્પનામાત્ર ભેદ છે. અભેદ છે, અભેદમાં ભેદ છે. અભેદમાં ભેદ કલ્પનામાત્ર છે. ઓહો..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ તો કલ્પનામાત્ર છે, સાંભળને! પોતામાં છે ક્યાં? સમજાણું કાંઈ? 'મૂલચંદભાઈ'! આહાહા..! આવો રણકાર વાગે છે... આજે 'મૂલચંદભાઈ' એ કહ્યું હતું, રણકાર વાગતા અહંકાર તૂટી જાય છે. એમ દ્રવ્યનો રણકાર વાગતા ભેદની કલ્પનાનો અહંકાર છૂટી જાય છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, શેઠ!

મુમુક્ષુ :– કરવું શું?

ઉત્તર :– આ અભેદની દૃષ્ટિ કરવી. જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં જવું, એમ કહે છે. કરવું શું?

મુમુક્ષુ :– ભગવાનની ખબર નથી.

ઉત્તર :– આ બતાવ્યું ને! અભેદ ભગવાન ચિદાનંદ પરમાત્મા બિરાજે છે. જેની શક્તિમાં અનંતા પરમાત્મા બિરાજે છે. આત્મામાં અનંતા સિદ્ધ બિરાજે છે. કેમકે સિદ્ધ તો એક સમયની પર્યાય છે. સિદ્ધ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ અનંત ગુણની પર્યાય છે પણ એક સમયની પર્યાય છે. એવા અનંતા સિદ્ધ આત્મા એક એક ગુણમાં પડ્યા છે. એક સમયનું કેવળજ્ઞાન એવું સાદિઅનંત કેવળજ્ઞાન. ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગુણો. એક કેવળજ્ઞાન જ્યારથી ઉત્પન્ન થયું, બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું. એ જ જાતનું હોય પણ બીજું છે. એમ સાદિ અનંત ભૂતકાળથી અનંતગુણો કાળ, એવું એક કેવળજ્ઞાન. એક જ્ઞાનગુણમાં એવી કેવળજ્ઞાનની પર્યાય વર્તમાનમાં અંદર બિરાજે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એવો આનંદગુણ ભગવાનમાં બિરાજે છે. આત્માને જે આનંદ અનંત ચતુષ્ટયમાં કેવળીને પ્રગટ થયો એ આનંદ એક સમય રહે છે. અનુભવ તો એક સમયનો છે. બીજે સમયે બીજો. સાદિઅનંત. ભૂતકાળથી અનંતગુણો આનંદનો કાળ. એ બધી આનંદની પર્યાય વર્તમાનમાં પોતાના આનંદગુણમાં પડી છે. પોતાના આનંદગુણમાં શક્તિરૂપ પડી છે. એમ દર્શન, એવું વીર્ય, એવી સ્વચ્છતા, એવી પ્રભુતા વગેરે. એક આત્મામાં અનંતા સિદ્ધ પરમાત્મા બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ? તેને સ્વદ્રવ્ય કહે છે. તેમાં ભેદ પાડવો, આહાહા..! સવિકલ્પ ભેદકલ્પના. કલ્પના છે, વસ્તુ તો વસ્તુ છે, અભેદ છે. આ ભેદકલ્પના વ્યવહાર થઈ ગયો, એક ન્યાયે જૂઠો થઈ ગયો. અરે..રે..! જૂઠો? આમાં 'જૂઠો' (શબ્દ) બહુ આવે છે ને! જૂઠો છે, સાંભળ તો ખરો.

પોતાના અંતર આત્માનો આશ્રય કરવામાં તો એક અભેદ ચીજ કામ આવે છે. એ (ભેદકલ્પના) તો કામ આવતી નથી, નિરર્થક ચીજ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'શોભાલાલજી'! આ તો અલૌકિક માર્ગ છે. આહાહા..! શેઠ કહે છે. માર્ગ તો આવો જ છે. શું? ઓહોહો..! ભારે વાત નાખી છે. આખા જૈનદર્શનનું આત્માનું રહસ્ય મૂક્યું છે.

નવ તત્ત્વ પરદ્રવ્ય કહ્યું છે. સમજાણું કાંઈ? આ નવ તત્ત્વના અનુભવને મિથ્યાત્વ કહ્યું છે. ભેદ છે ને? ભેદ. નવના ભેદ પહેલા આવી ગયું છે. 'જીવ અધિકાર' માં આવી ગયું છે, કળશમાં આવી ગયું છે. ઓહોહો..! નવ તત્ત્વના અનુભવને મિથ્યાદષ્ટિ કહે છે. ભેદનો અનુભવ? વસ્તુ અભેદ છે, અનુભૂતિનો વિષય તો એ છે. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગમાર્ગ! પ્રણાલિકા તો જુઓ!

સર્વજ્ઞ પરમેશ્વર જેની એક સમયની પર્યાયમાં અનંતા પરમાત્મા જણાયા. પોતાની એક સમયની પર્યાયમાં અનંતા કેવળીઓ, સિદ્ધ જોવામાં આવ્યા અને અનંત સર્વજ્ઞ સ્વભાવી જીવો જોવામાં આવ્યા. સર્વજ્ઞ સ્વભાવી. આહાહા..! અને પ્રત્યેક પરમાણુ આદિ પૂર્ણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા સ્વભાવિક જોવામાં આવ્યા. એ જડના પૂર્ણ સ્વભાવવાળા, આ ચૈતન્યના

પૂર્ણ સ્વભાવવાળા. એવા અનંતા ભગવાને કેવળજ્ઞાનમાં દીઠા છે. એવું વાણી દ્વારા આવ્યું. આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એ વાણીના કર્તા નથી. સમજાણું કાંઈ?

એ ચર્ચા પંડિતજી સાથે થઈ હતી. દિવ્યધ્વનિ પ્રમાણિત સ્વથી છે કે પરથી છે? અરે..! હાલને! પરથી પ્રમાણિત થાય છે! પરમાણુમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત સ્વતઃ રાખે છે. કેવળજ્ઞાનની અપેક્ષા અને જીવની અપેક્ષા વિના. ભાષામાં પોતામાં સ્વપર વાર્તા કહેવાની પોતામાં, પોતાથી, પોતાના કારણે ષટ્કારકથી તાકાત રાખે છે. કેવળજ્ઞાન પાસે છે તો તેમાં ભાષાની પર્યાયમાં કેવળજ્ઞાનની મદદ મળે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પદાર્થ કોને કહીએ? ભાષા જે પરિણમે છે એની આદિમાં કેવળજ્ઞાન છે? પર્યાયની આદિમાં પરમાણુ, મધ્યમાં પરમાણુ અને અંતમાં પરમાણુ. આહાહા..! એવી વસ્તુની સ્વતઃ ચીજ છે. ભગવાનની વાણીમાં એમ કહ્યું, એ વ્યવહારનું કથન આવ્યું. ભગવાનના તો જ્ઞાન અને આનંદ હતા, વળી વાણી ભગવાનની ક્યાંથી આવી?

એ એક ઠેકાણે આવ્યું છે ને? પંડિતજીએ નાખ્યું છે ને? જ્ઞાન કારણ અને ભાષા કાર્ય. એવું છે ને? સામાવાળાએ નાખ્યું છે. જુઓ! એમાં એમ લખ્યું છે, જ્ઞાન કારણ અને ભાષા કાર્ય. એમાં શું પણ તે વ્યવહાર છે કે નિશ્ચય છે? કઈ નયનું કથન છે? જ્ઞાન કર્તા અને ભાષા કાર્ય? ક્યાંથી આવ્યું? આહાહા..! એ તો અસદ્ભુતથી કથન છે, વસ્તુ એમ છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પરદ્રવ્ય. ઓહોહો..! સવિકલ્પ ભેદકલ્પના. વ્યવહાર થઈ ગયો, જૂઠો થઈ ગયો. ત્રિકાળની અપેક્ષાએ જૂઠો, હોં! પોતાની અપેક્ષાએ હો, ભૂતાર્થ હો, છે ની અપેક્ષાએ હો. પણ ત્રિકાળની અપેક્ષાએ જૂઠો થઈ ગયો, સત્‌ની અપેક્ષાએ જૂઠો થઈ ગયો, ધ્રુવની અપેક્ષાએ ક્ષણિક થઈ ગયો, સ્વની અપેક્ષાએ પર થઈ ગયો, સ્વદ્રવ્યની અપેક્ષાએ ભેદ પરદ્રવ્ય થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય એવી વાત છે, હોં! ન સમજાય એવી કોઈ સૂક્ષ્મ ભાષા નથી. ભાષા તો બહુ સાદી આવે છે.

હવે પરક્ષેત્ર. ભગવાનઆત્માનું પરક્ષેત્ર શું? **'જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો...'** એ તો સ્વક્ષેત્ર કહ્યું હતું. સ્વક્ષેત્રની વ્યાખ્યા પહેલા કરી ગયા. **'તે જ પ્રદેશ...'** એટલો ભેદ છે. **'તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી...'** સવિકલ્પ ભેદકલ્પનાથી. જુઓ! ત્યાં ભેદકલ્પના સાથેની લીટી કાઢી નાખી. **'તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે,...'** એ તો કલ્પનાથી ભેદ પાડવા કે આ પ્રદેશ છે, આ અસંખ્ય છે, આ સંખ્ય છે, આ ભેદ છે એવા બુદ્ધિગમ્યમાં વિકલ્પથી (કલ્પના કરવી) તે પરક્ષેત્ર, તે પરપ્રદેશ. સ્વની એકતામાં ભિન્ન કરીને લક્ષ કરવું તે પરપ્રદેશ છે, પરક્ષેત્ર છે, પોતાના ક્ષેત્રમાં એ છે નહિ.

ખરેખર તો અસંખ્ય પ્રદેશ છે તે એક પ્રદેશ છે, એક પ્રદેશ છે. એક વસ્તુ. ઇ અપેક્ષાએ,

હોં! અસંખ્ય પ્રદેશ છે. પણ 'પંચાસ્તિકાય'માં લીધું છે. એક પ્રદેશરૂપ, એક વસ્તુ, એક અખંડ. એવા શબ્દો છે. એક અખંડ પ્રદેશ, એકરૂપ છે. એ અખંડ પ્રદેશમાં ભેદ કરવા કે આ ક્ષેત્ર આ છે એ પરક્ષેત્ર થઈ ગયું. સમજાણું કાંઈ? એ પરક્ષેત્ર આશ્રય કરવા લાયક નથી. સ્વક્ષેત્રમાં પરક્ષેત્ર નથી. બુદ્ધિગોચર એમ કરવું કે, આ આ (પ્રદેશ), આ અસંખ્ય એવો ભેદ કરવો, એમ બુદ્ધિગોચરમાં લેવું તે સ્વક્ષેત્રમાં નથી. સમજાણું કાંઈ? 'છોટાભાઈ'! ભારે ઝીણું.

**'પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ..'** હતા **'તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે,...'** બુદ્ધિગોચરપણે કહેવાય છે, એ વિકલ્પથી કહેવાય છે, વસ્તુ એમ નથી.

હવે પરકાળ. જુઓ! આ સર્વ પરદ્રવ્ય, પરક્ષેત્ર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, વ્યવહારનયનો વિષય છે, આશ્રય કરવાલાયક નથી, સ્વમાં નથી. સ્વદ્રવ્યમાં પરદ્રવ્ય નથી, સ્વક્ષેત્રમાં પરક્ષેત્ર નથી. ઓહોહો..! **'પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...'** એટલે દ્રવ્યનું મૂળ સ્વરૂપ. અવસ્થા શબ્દે ત્રિકાળી. નિર્વિકલ્પ વસ્તુમાત્ર એક વસ્તુ એ તેનો સ્વકાળ. **'તે જ અવસ્થાન્તર...'** અવસ્થાંતર. એ અવસ્થાનો અંશ જે એક સમયનો છે, ત્રિકાળમાંથી એક સમયનો ભેદ પાડવો એ પરકાળ છે. એ પરકાળ છે. પરકાળ એક સમયની અવસ્થા ત્રિકાળરૂપ અવસ્થામાં નથી. ત્રિકાળરૂપ અસ્તિમાં, ત્રિકાળ અવસ્થા, અવસ્થા અવ–નિશ્ચય સ્થ જે વસ્તુ છે તેમાં એક સમયની પર્યાય પરકાળ ગણીને વ્યવહાર કહીને છોડી દીધી. અસત્યાર્થ છે. સત્યાર્થ ત્રિકાળ વસ્તુ છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? આ તો આપણે બે દિવસ ચાલ્યું હતું, આજે ત્રીજો દિવસ ચાલે છે.

પરકાળ (એટલે) અહીંયાં કાળદ્રવ્યની વાત નથી, હોં! કાળ દ્રવ્ય અસંખ્ય છે ને? એ પરકાળ તો ક્યાંય રહી ગયો. બીજી વાત, પોતાથી જેટલા પરદ્રવ્ય છે તેટલી વર્તમાન અવસ્થા (છે) તે પણ પરકાળ (છે). સમજાણું કાંઈ?

પરકાળના ત્રણ ભેદ, પરક્ષેત્રમાં ત્રણ ભેદ, પરદ્રવ્યમાં ત્રણ ભેદ. પરદ્રવ્યમાં ત્રણ ભેદ (૧) પરદ્રવ્ય છે તે તો પરદ્રવ્ય છે જ. (૨) વિકલ્પ પણ પરદ્રવ્ય છે અને (૩) ભેદકલ્પના કરવી તે પણ પરદ્રવ્ય છે. એમ અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રમાં (૧) પરક્ષેત્ર જે પર પરમાણુ આદિના છે એ તો પરક્ષેત્ર છે જ. સમજાણું કાંઈ? (૨) એક વિકલ્પનું ક્ષેત્ર છે તે પણ પરક્ષેત્ર છે, ઉપાધિ મેલનું ક્ષેત્ર પરક્ષેત્ર છે. સંવરમાં આવે છે ને? પરક્ષેત્ર છે. અશુદ્ધિની ઉત્પત્તિ (થાય છે તે) પરક્ષેત્ર છે. પરદ્રવ્ય અને પરક્ષેત્ર છે. તેને પરક્ષેત્ર કહ્યું છે. 'સંવર અધિકાર'માં જ્યાં ભેદજ્ઞાનની શરૂઆત કરી તો વસ્તુના પ્રદેશથી તેને ભિન્ન કહી દીધું. અશુદ્ધતાનું ઉત્પન્ન થવું એ ક્ષેત્ર જ પર છે, પરપ્રદેશ છે, પરવસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, એ ક્ષેત્ર તો ભિન્ન છે. હવે કાળ. (૧) પરનો જે પરકાળ છે કાળદ્રવ્ય

એ તો પરકાળ છે જ. (૨) અનંત દ્રવ્યની વર્તમાન અવસ્થા છે તે પોતાની અપેક્ષાએ પરકાળ (છે). (૩) હવે પોતાની ત્રિકાળ ચીજ છે તેમાં એક સમયની અવસ્થા ભેદ કરવો તે પરકાળ (છે). 'નવરંગભાઈ'! ભારે! સમજાણું કાંઈ?

સ્વદ્રવ્ય વસ્તુ. વિકલ્પ પણ પરદ્રવ્ય અને ગુણ-ગુણીની ભેદકલ્પના પણ પરદ્રવ્ય. પરદ્રવ્યના ત્રણ ભેદ. એ ત્રણે સ્વદ્રવ્યમાં નથી. પરક્ષેત્રમાં ત્રણ પ્રકાર.

મુમુક્ષુ :– ગુણ-ગુણીના ભેદ..

ઉત્તર :– એ વિકલ્પ થયો ને! ગુણ-ગુણીનો ભેદ છે એ પરદ્રવ્ય થઈ ગયો. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ વ્યવહારત્નત્રયના વિકલ્પ. એ સીધા વ્યવહારત્નત્રયના (વિકલ્પ થયા) અને આ તો ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ. એ તો ત્રીજો (ભેદ) થયો. વ્યવહારત્નત્રય, પંચ મહાવ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્ર વાંચવા આદિ એ વિકલ્પ તદ્દન પરમાં ગયા. સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા ત્રિકાળ વસ્તુ છે તે સ્વકાળ. એ અપેક્ષાએ એક સમયની અવસ્થા પણ પરકાળ છે, અભૂતાર્થ છે. તો પર કાળદ્રવ્ય છે તે તો અભૂતાર્થ, પર છે જ અને અનંત આત્માઓ અને પરમાણુની વર્તમાન અવસ્થા જે છે તે તેનો સ્વકાળ, પોતાની અપેક્ષાએ પરકાળ. એ તો દૂર રહી ગયા. પણ પોતાની ત્રિકાળ વસ્તુની અપેક્ષાએ એક સમયની અવસ્થા પરકાળ (છે). આહાહા..! સમજાણું કાંઈ? એ અભૂતાર્થ છે. પર્યાય વ્યવહારનયનો વિષય છે ને! પર્યાય વ્યવહારનયનો વિષય છે, દ્રવ્ય જે ત્રિકાળ છે તે નિશ્ચયનયનો વિષય છે. પર્યાય કહો કે વ્યવહારનય કહો એક જ વાત છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

પરકાળ (અર્થાત્) વસ્તુમાં **'અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે,...'** કહો, સમજાણું કાંઈ? એ પરકાળ આદરણીય નથી. મોડું થઈ ગયું બધાને. પૂરું થયું હવે અહીંયાં. સમજાણું કાંઈ? હવે પરભાવ થોડો લઈ લઈએ સાથે. પરભાવ (અર્થાત્) **'દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદકલ્પના.'** જુઓ! ભગવાનઆત્માનો ત્રિકાળી સહજ સ્વભાવ એકરૂપ ભાવ તે સ્વભાવ છે. તેમાં ગુણભેદની કલ્પના કરવી કે આ જ્ઞાન અંશ છે ને આ આનંદ અંશ છે એવા ભેદ કરવા તે પરભાવ (છે).

મુમુક્ષુ :– પરભાવ કેમ?

ઉત્તર :– કેમકે પર્યાયમાં ભેદ થઈ ગયો. ગુણમાં એકાકારમાં ભેદ થઈ ગયો માટે પરભાવ. પરભાવના ત્રણ પ્રકાર. (૧) પરદ્રવ્ય આદિ વસ્તુનો ભાવ એ પરભાવ. (૨) પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે તે પરભાવ. સમજાણું કાંઈ? અને (૩) અનંત ગુણનું એકરૂપ છે એમાં ગુણભેદ, અંશભેદ કરવા (તે પરભાવ). એમાં લખ્યો છે ને પ્રશ્ન. દરેકમાં ફેર છે. એમાં પરકાળ કહેવાય છે અને **'અનેક અંશ દ્વારા ભેદકલ્પના,...'** અનંત ગુણ છે, અનંત ગુણ છે એવી કલ્પના (થાય) તે પરભાવ (છે). આહાહા..! ચીજ એવી છે. સમજાણું કાંઈ?

આહાહા..!

જુઓ! ભગવાનઆત્મા સ્વભાવ એકરૂપ સ્વભાવ તે જ વસ્તુ છે. તે જ અભેદ. દ્રવ્ય પણ તે જ, ક્ષેત્ર પણ તે જ, કાળ પણ તે જ અને ભાવ પણ તે જ. ચારના પછી ભેદ ન પાડવા. અભેદ એકરૂપ વસ્તુ છે તે જ સમ્યગ્દર્શનનો વિષય અને આશ્રય કરવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, પરભાવ (એટલે) **'દ્રવ્યની સહજ શક્તિના...'** ભગવાનઆત્માની સહજ શક્તિઓ જે એકરૂપ વસ્તુ છે તેમાં **'અનેક અંશ દ્વારા...'** જુઓ! પર્યાયના ભેદરૂપ અનેક અંશ. ભેદરૂપ અનેક. ભેદરૂપ અનેક અંશની કલ્પના પરભાવ છે. સમજાણું કાંઈ? એ પરભાવ આશ્રય કરવા લાયક નથી. આહાહા..! ભગવાન! તારી ચીજ તો જો! અભેદ ચિદાનંદ પરમાત્મા બિરાજે છે, બસ! તેનો આશ્રય કર. તેને ભેટ, બીજા કોઈ ભેટવા લાયક નથી.

મુમુક્ષુ :– મનથી કરવું.

ઉત્તર :– મન નહિ, વિકલ્પથી નહિ. એ તો પરદ્રવ્ય થઈ ગયું. મન પણ પરદ્રવ્ય અને વિકલ્પ પણ પરદ્રવ્ય, તેનાથી અનુભૂતિ થતી નથી. આહા..! એ તો પહેલેથી લીધું છે. જે ત્રિકાળ જ્ઞાયક છે તેને પોતાની પર્યાયથી અભેદ કરી નાખવું. વિકલ્પની વાત નથી, મનની વાત નથી, રાગની વાત નથી. સમજાણું કાંઈ?

**'તેને પરભાવ કહેવાય છે.'** આહા..! ખુલાસો કર્યો. હજી તો શબ્દાર્થ કર્યા પહેલા ભાવાર્થ કહી દીધો. તેનો ભાવાર્થ કર્યો. જુઓ! પહેલા લખ્યું છે–ભાવાર્થ. હજી શબ્દાર્થ પછી કહેશે. પરંતુ અમે જે કહીએ છીએ એ અપેક્ષાએ બધું વાંચન કરવું, એમ કહે છે. આ ભાવાર્થ પહેલા લખ્યો. હજી તો પહેલા ભાવાર્થ લખ્યો, પછી શબ્દાર્થ લખશે.

**'पशुः नश्यति'**, **'पशुः नश्यति'** પશુ (અર્થાત્) 'पश्यते बध्यते इति पशु' પોતાના અભેદ દ્રવ્યનો આશ્રય છોડી જે કોઈ ભેદના આશ્રયમાં પડ્યા છે તે પશુ છે, 'बध्यते इति पशु'. મિથ્યાત્વથી બંધ થાય છે. અને પશુ (એટલે) એ તિર્યંચ યોનિમાં જવા લાયક છે તો નિગોદ પણ પશુ છે, એ નિગોદમાં જવા લાયક છે. સમજાણું કાંઈ? 'बध्यते' સંસ્કૃતમાં છે. 'पश्यते बध्यते इति पशु' સંસ્કૃતમાં છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે અભેદરૂપ એકસ્વરૂપ છે તેને પોતાની અસ્તિ નહિ માનતા.. દ્રવ્યથી અસ્તિ છે ને? પરદ્રવ્યથી નાસ્તિ અને સ્વદ્રવ્યથી અસ્તિનો શ્લોક છે. તેને પોતાની અસ્તિ નહિ માની.. પરદ્રવ્યથી અસ્તિ અથવા પર્યાયમાં પરદ્રવ્યનું જ્ઞાન થયું તેનાથી અસ્તિ, અથવા ગુણ-ગુણીના ભેદ કર્યા તેનાથી અસ્તિ, જે પોતાનું માને છે તે પશુ સ્વભાવથી ભ્રષ્ટ થઈને મિથ્યાત્વનું બંધન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી.'** જુઓ! એવી અભેદ ચીજ છે તે સ્વથી અસ્તિ છે, સ્વથી અસ્તિ છે. એ સ્થાપી શકતો નથી. પરથી અસ્તિ

છે એમ માને છે. ભેદથી હું છું, ભેદથી હું છું, વિકલ્પથી હું છું, પર્યાયથી હું છું, આવો હું છું. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયથી હું છું. એક સમયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે. છ દ્રવ્યનું એક સમયની પર્યાયમાં જ્ઞાન (થાય છે તે) હું છું. છ દ્રવ્યનું જ્ઞાન થયું તેટલો હું છું, એ પશુ છે. પોતાના સ્વદ્રવ્યનું અસ્તિપણું અભેદને છોડી, પર્યાય પરદ્રવ્ય છે, વિકલ્પ પરદ્રવ્ય છે તેનાથી પોતાનું અસ્તિત્વ માને છે તે **'पशुः नश्यति'**. મિથ્યાત્વભાવથી સ્વરૂપના અસ્તિત્વનો નાશ કરે છે. સમજાણું કાંઈ? લ્યો, એક કલાક થઈ ગયો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૧, સોમવાર તા.૧૯.૦૮.૧૯૬૮**
**કળશ - ૨૫૨ પ્રવચન - ૨૫૦**

આ 'સ્યાદ્વાદ અધિકાર' ચાલે છે. ૨૫૨ કળશ છે. ચાર બોલ થઈ ગયા ને અસ્તિ-નાસ્તિના? પછી **'पशुः नश्यति'** ત્યાંથી શરૂ થાય છે. **'पशुः नश्यति'** એટલે શું? 'पश्यते बध्यते इति पशु' પોતાનો સ્વભાવ દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ધ્રુવ એકરૂપ છે એને ન માનતા એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થતાં એ છ દ્રવ્ય અને પરદ્રવ્ય તે હું છું અથવા એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન જે જ્ઞેયાકાર જ્ઞાન પર્યાય પરિણમે છે એટલો પર્યાયમાત્ર હું છું, તે પશુ દ્રવ્યની દૃષ્ટિ છોડીને પોતાના સ્વભાવથી ભ્રષ્ટ છે.

ફરીને, **'पशुः नश्यति' 'परितः शून्यः'** એની સાથે સંબંધ છે. ચાર બોલ કહ્યા હતા કે, દ્રવ્ય સ્વરૂપ જે અખંડ અભેદ, ક્ષેત્ર અભેદ, કાળે ત્રિકાળ અભેદ ને ભાવે ત્રિકાળ અસ્તિરૂપ અભેદ. એવી દૃષ્ટિ ન કરતાં વર્તમાન બીજી ચીજો છે તેની હયાતી સ્થિરપણું દેખીને જાણે એ સ્થિર છે એ હું છું. વર્તમાન જ્ઞાનની અવસ્થા પરલક્ષમાં જાય છે એથી ચીજોની સ્થિરતા નિત્યતા કાયમ ટકવું દેખીને એ હું છું એમ અજ્ઞાની માને છે અથવા પોતાની પર્યાયમાં એ જ્ઞેયાકાર જ્ઞાન પર્યાય, છ દ્રવ્ય જે વસ્તુ છે એ રીતે જ્ઞાન પર્યાયરૂપે પરિણમે છે તો તે પર્યાય તેટલો હું છું, એ ભેદરૂપ પર્યાય છે તેટલો હું છું એ **'पशुः नश्यति'**. સમજાય છે કાંઈ?

**'परितः शून्यः' 'સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે.'** એટલે ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ એવો જે પોતાનો દ્રવ્ય સ્વભાવ એનાથી **'परितः शून्यः'** સર્વથા પ્રકારે ખાલી છે. એક સમયની પર્યાયને જ પોતાનું સ્વરૂપ આખું પૂર્ણ માને છે. સમજાય છે કાંઈ? એ બીજી લીટીમાં આવી ગયું છે. **'પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે,...'** એ શ્લોકની બીજી લીટી.

પરવસ્તુને પોતાની માને છે અથવા પરવસ્તુ તે હું છું એમ માને છે એ તો સ્થૂળ છે. પણ પરવસ્તુનું છ દ્રવ્યનું જ્ઞાન એક સમયની જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે. એક સમયમાં છ દ્રવ્યનું (જ્ઞાન) આવી જાય છે અને એ જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યનું (જ્ઞાન) આવતા તે પર્યાય આખો તેટલો હું છું, તે હું છું એમ માનનાર તત્ત્વજ્ઞાનથી **'परितः शून्यः'** વસ્તુની દૃષ્ટિથી ખાલી છે. સમજાય છે? 'ગોદીકાજી'! આવી વાત છે.

**'पशुः नश्यति' 'परितः शून्यः'** ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્ય સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ, જ્ઞાયક સ્વરૂપ, નિત્ય સ્વરૂપ, પરમ સ્વભાવભાવ સ્વરૂપ એ દ્રવ્ય છે. એ દ્રવ્યની દૃષ્ટિ નહિ કરીને પોતાની ચાલતી એક સમયની પર્યાયમાં બધું છે ને તેટલો હું એ પર્યાયબુદ્ધિ દ્રવ્યદૃષ્ટિથી ભ્રષ્ટ છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં એક સમયમાં બધું જણાય ને આ? અને એટલે જાણે કે, આ બધું જાણ્યું ને એ પર્યાય તેટલો હું, એક સમયનો અંશ તેટલો હું. **'पशुः नश्यति' 'परितः शून्यः'** વસ્તુ ત્રિકાળ જ્ઞાયક ભાવ, એની દૃષ્ટિ નહિ કરતાં પોતાનું અસ્તિત્વ જે પૂર્ણ છે એના અસ્તિત્વની શ્રદ્ધા ને અનુભવ નહિ કરતાં એ પર્યાયમાત્ર માનનાર, એને અહીં પશુ કહીને સ્વરૂપથી ભ્રષ્ટ છે, મિથ્યાદૃષ્ટિ એકાંતવાદી છે. સમજાય છે કાંઈ? શું વાત થોડી છે?

સર્વ પ્રકારે **'परितः'** છે ને? **'परितः'** શબ્દ ઉપસર્ગ છે ને? સર્વ પ્રકારે શૂન્ય, તત્ત્વજ્ઞાનથી શૂન્ય. એક સમયની પર્યાયને પોતાનું (માને છે). પરને પોતાનું માને, પરરૂપ માને એ તો બહુ સ્થૂળ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? કર્મ મારા, શરીર મારું, પૈસા મારા, કુટુંબ મારા, આ હું, આ હું, આ હું એ તો બહુ સ્થૂળ થઈ ગયું. અને વિકલ્પ મારો, શુભરાગ જે ઉઠે છે એ મારો એ એણે પરને જ પોતાનું માન્યું છે, સ્વને માન્યું નથી. એ ઉપરાંત અહીં તો વાત છે હવે.

પરવસ્તુ અને વિકલ્પ એ ઉપરાંત પોતાની જ્ઞાનની વર્તમાન પર્યાયનો ઉઘાડ ક્ષયોપશમ ભાવની દશા છે, એક સમયમાં, એ પર્યાય તે હું છું એમ માનનાર દ્રવ્ય વસ્તુના સ્વરૂપથી, શ્રદ્ધાથી શૂન્ય છે. 'પંડિતજી'! સમજાણું કાંઈ? 'અમરચંદભાઈ'! કહો, સમજાય છે કે નહિ? 'શોભાલાલજી'! થોડું ધ્યાન રાખજો, ગુજરાતી છે. વચમાં આવ્યા હતા આઠ દી'. ગુજરાતી, ન્યાં ક્યાં હિન્દી થાતું હતું. 'વડિયા'? 'વડિયા', 'વાંકાનેર', 'મોરબી' આઠ દી' બેય ભાઈઓ આવ્યા હતા. ત્યાં તો ગુજરાતી ચાલે. સમજવું નહિતર આપણે અહીં વીસ દિવસ માંગવું. હિન્દી જ્યારે ચાલે ત્યારે, પણ ત્યારે શું કરવું? એને નવરાશ ન મળે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! બહુ ટૂંકામાં (કહ્યું છે).

ભગવાનઆત્મા હવે એનો ન્યાય આપે જુઓ! **'स्वद्रव्यानवलोकनेन'** આ કારણ આપે છે. કારણ શું? શા કારણથી **'परितः शून्यः'**? **'पशुः नश्यति'** શા કારણથી? એ કારણ આપે છે, કે પશુ નામ મિથ્યાત્વથી બંધનમાં પડનારા એ **'परितः शून्यः'** તત્ત્વથી શૂન્ય

છે. શા કારણે? શા કારણે? કે, '**स्वद्रव्यानवलोकनेन**' આહાહા..! '**स्वद्रव्य**' નામ '**નિર્વિકલ્પ વસ્તુમાત્રની...**' ભગવાન નિર્વિકલ્પ અભેદ વસ્તુ એને '**अनवलोकनेन**' '**अनवलोकनेन**' નામ તેને જાણતો નથી અથવા '**પ્રતીતિ કરતો નથી,...**' '**अनवलोकनेन**'નો અર્થ કર્યો. આમ તો ઇ પૂર્ણ જ્ઞાયક છે એને અવલોકતો નથી, જોતો નથી, જ્ઞેય બનાવતો નથી. દ્રવ્ય સ્વભાવ અભેદ છે એને જ્ઞેય બનાવતો નથી. '**अनवलोकनेन**' એટલે કે એ દ્રવ્યની પ્રતીતિ કરતો નથી, એટલે કે દ્રવ્યનો આશ્રય અને સત્કાર, સ્વભાવનો સત્કાર કરતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

સ્વદ્રવ્ય. પાછા સ્વદ્રવ્ય. પરદ્રવ્ય સર્વજ્ઞ આદિ પરમેશ્વર સિદ્ધ આદિ હો એ તો એના, પરદ્રવ્ય છે. પરદ્રવ્ય તો નહિ, પરદ્રવ્ય તો નહિ પણ પરદ્રવ્ય સંબંધી પોતામાં જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્ય જણાય છે એટલો તો એક સમયની ક્ષયોપશમ જ્ઞાનની એક સમયની પર્યાયનો એટલો સ્વભાવ છે કે, છ આખા લોકાલોક અને છ દ્રવ્યને જાણે એટલો તો એક પર્યાયનો સ્વભાવ છે. એક પર્યાયનો, હોં! આહાહા..! તો એટલી એક સમયની પર્યાયને પણ પોતાની માને એવડી, હોં! છ દ્રવ્ય, એના ગુણ-પર્યાય, લોકાલોક ક્ષેત્ર, ત્રણકાળ આદિ જ્ઞાનની એક સમયની પર્યાયમાં એટલી જાણવાની ક્ષયોપશમ જ્ઞાનની પણ પર્યાયમાં તાકાત છે. એટલી પર્યાયમાં આ બધું છે એમ જાણ્યું એ જ્ઞેયાકાર જ્ઞાન પર્યાય થઈ તેટલું તે હું (એમ માનનાર) '**परितः शून्यः**' તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'ધન્નાલાલજી'! આહાહા..!

'**स्वद्रव्यानवलोकनेन**' એટલે કે પર્યાયને, પરદ્રવ્યરૂપ જે પર્યાય છે, એ પર્યાય પરદ્રવ્ય છે ખરેખર, પરદ્રવ્યને જાણવાની તાકાતવાળી એક સમયની પર્યાય એ ખરેખર પરદ્રવ્ય છે. ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ એક સમયનો અંશ પણ પરદ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એને અવલોકતો, એને માનતો સ્વદ્રવ્યને અણઅવલોકતો. ભગવાનઆત્મા એકરૂપ દ્રવ્ય સ્વરૂપ ત્રિકાળ પરમભાવ એવું જે સ્વદ્રવ્ય નામ સ્વ વસ્તુ '**अनवलोकनेन**' તેની ઉપર તેનું જ્ઞાન જાતું નથી અને એ સ્વદ્રવ્યની પ્રતીતિ કરતો નથી. એક સમયની પર્યાયની પ્રતીતિ કરી પોતાના દ્રવ્યની પ્રતીતિ, શ્રદ્ધા, અનુભવ કરતો નથી. કહો, સમજાય છે કાંઈ? 'મૂળચંદભાઈ'! આવું ઝીણું છે આ. ભક્તિ ને પૂજા ને દયા ને દાન ને વ્રત ને નિયમ ને અપવાસ ને કરી કરીને ઠટડ નીકળી જાય એનો. ઠટડ સમજ્યા? દૂરવ્યય, દૂરવ્યય છે. મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને સેવે છે. આહા..! એ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજાનો જે શુભભાવ (આવે) એ હું ને એનાથી મને લાભ, એણે શુભભાવને જ સ્વદ્રવ્ય માન્યું. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, 'માણેકલાલભાઈ'! આવો માર્ગ છે. 'નવનીતભાઈ'! એ તો નીકળી ગયું પણ એ વિકલ્પ શુભરાગ અને એ બધી ક્રિયાઓની દ્રવ્યની આદિની પરિણતિ એનું અહીં જ્ઞાનની પર્યાયમાં પોતાથી જ્ઞાન થાય. એવી એક સમયની આવડી મોટી પર્યાય કે, આ બધું જાણે આ રાગ ને વ્યવહાર આદિ, એ પર્યાય તેટલો હું (એમ માનનારો) મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

'મૂળચંદભાઈ'! વાત સાંભળી ન હોય બહારથી ભડક્યા ભડકે.

ભગવાન! તારી ચીજ કેટલી મોટી છે, કેટલી મોટી! એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણે એવી અનંતી અનંતી પર્યાયનો પિંડ તો એક જ્ઞાનગુણ. એવા એવા અનંત ગુણ અને એવા અનંત ગુણનું એકરૂપ તે દ્રવ્ય. એ સ્વદ્રવ્યને અવલોકન કરતો નથી અને પર્યાયને, અંશને, રાગને પોતાનું સ્વરૂપ માને છે એ મિથ્યાદૃષ્ટિ **'परितः शून्यः' 'સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે.'** ખાલી છે, મિથ્યાત્વથી ભરેલો છે અને તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– માન એટલે સંસારી.

ઉત્તર :– નહિ નહિ. માન નહીં. પર્યાય એક સમયની છે એટલો હું એ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો રાગ શુભ થાય અને બાહ્યની ક્રિયા પૂજા, ભક્તિ દ્રવ્યની આ ગજરથ ચઢે, આ કરોડો રૂપિયાના દેરાસર થાય, વગેરે વગેરે એ બધી પરદ્રવ્યની પર્યાય (છે). એને એમ માને કે, આ મારાથી થાય છે અને એ હું છું અને રાગ થાય તે હું છું ને એનાથી મને લાભ છે અને એ રાગને જાણનારી જ્ઞાનની પર્યાય, એ પર્યાય જેટલો હું છું એ તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! બહુ ટૂંકામાં સત્‌નું અશરણ અને અસત્‌નું શરણ અજ્ઞાનીએ લીધું છે એને કહે છે બાપુ! એક સમયનો પર્યાય તો અસત્‌નું શરણ છે, એ તો નાસ્તિરૂપ વસ્તુ છે, એ પર્યાય કાંઈ ત્રિકાળી છે નહિ.

સત્ ભગવાન ચિદાનંદ પ્રભુ ધ્રુવ સદૃશ્ય અખંડાનંદને અવલોકતો નથી, ત્યાં દૃષ્ટિ કરતો નથી, તેને જાણ્યા વિના તેની પ્રતીત કરતો નથી. માટે તે સર્વથા સ્વભાવથી શૂન્ય છે અને મિથ્યાત્વથી ભરેલો છે. સંસારથી ભરેલો છે અને સ્વભાવની દૃષ્ટિથી ખાલી છે. સંસાર એટલે મિથ્યાત્વ, સંસાર નામ સંસરણં ઇતિ સંસારઃ. ભગવાનઆત્મા જ્ઞાયક સ્વરૂપ જે સંસારના ભાવ ને પર્યાય રહિત એકલું દ્રવ્ય, એવો જે ભગવાનઆત્મા એનાથી ખસીને સંસરણં. રાગ હું, એક સમયની પર્યાય હું એવો જે મિથ્યાત્વ ભાવ એ સંસાર. એ સંસારથી મિથ્યાદૃષ્ટિ એકાંતદૃષ્ટિથી ભરેલો છે અને સ્વરૂપની દૃષ્ટિથી ખાલી છે. સમજાય છે કાંઈ? 'અમૂલચંદજી'!

ધર્મી **'स्वद्रव्यानवलोकनेन'** સ્વદ્રવ્ય જ્ઞાયકભાવની અનુભવથી પ્રતીતિ કરીને સ્વદ્રવ્યથી ભરેલો છે, **'पूर्णो भवन्'** આવશે, શબ્દ આવશે. હવે આવશે. જુઓ! **'स्याद्वादी पूर्णो भवन्'** કહેવાનો આશય એ છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની જ્યારે પોતાના પૂર્ણાનંદ પ્રભુને અનુભવમાં, દૃષ્ટિમાં લેતો નથી, વિકલ્પથી નહિ, મનથી નહિ. 'પંડિતજી'એ કાલે પ્રશ્ન કર્યો હતો ને? ભગવાનને મનથી ભેટવું? વિકલ્પથી ભગવાનને ભેટવું? વિકલ્પ પરદ્રવ્ય પુદ્‌ગલ છે. એનાથી ભગવાનના ભેટા થતા નથી. આહાહા..! સ્વદ્રવ્ય એને વર્તમાન જ્ઞાનની પર્યાયને અંતર્મુખ વાળતા એ પર્યાય નિર્મળ છે, નિર્વિકલ્પ છે એને અંતર વાળતા જે દ્રવ્યનો અનુભવ થાય એ જ્ઞાની વર્તમાનમાં **'पूर्णो भवन्ति'** પર્યાયમાં **'पूर्णो भवन्ति'** પૂર્ણની દૃષ્ટિ થઈ માટે પૂર્ણની

પ્રતીતિ થઈ માટે **'पूर्णो भवन्ति'**. **'स्याद्वादी पूर्णो भवन्ति'** મિથ્યાદષ્ટિ ખાલી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ઓહોહો..! આચાર્યના શબ્દો તો રામબાણ! થોડા શબ્દો પણ રામબાણ (છે). રામનું બાણ ફરે નહિ. વાચક શબ્દો વાચ્યને બતાવનારા અલૌકિક છે. 'અમૃતચંદ્રાચાર્ય' સંતો દિગંબર મુનિઓની શું વાત! એણે ચારિત્રની રમણતામાં આત્માનો ભેટો કર્યો. આહાહા..! વીતરાગી પર્યાયે આત્માને ભેટ્યા, વિકલ્પ ને રાગ તો પૃથક કરીને એનું જ્ઞાન કર્યું, એનું જ્ઞાન કર્યું એમ કહેવું એ વ્યવહાર છે. એનું જ્ઞાન સંબંધી પોતાનું અવલોકન કર્યું, વ્યવહારના જ્ઞાન સંબંધીનું પોતાનું અવલોકન કર્યું. સમજાય છે કાંઈ?

ઇ પહેલા આવી ગયું છે ને? ભાઈ! અવલોકન ન આવ્યું? આ કર્તા-કર્મનું ન આવ્યું? ૭૫ માં આવ્યું ને? ('સમયસાર') ૭૫ (ગાથામાં) આવ્યું હતું, કહ્યું હતું, જુઓ! **'પુદ્ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કર્તા એવા પોતાના આત્માને જાણે છે,...'** આ સંસ્કૃતનો અર્થ છે. એ વાત થઈ ગઈ છે આપણે. કહે છે, કે રાગ સાથે, વિકાર સાથે આત્માને વ્યાપ્યવ્યાપક(પણું) નથી. એવો ભગવાનઆત્મા વ્યવહાર રત્નત્રયનો જે રાગ થાય તેનું પુદ્ગલ પરિણામ એટલે પુદ્ગલ પરિણામ વ્યવહારે, પુદ્ગલ પરિણામના જ્ઞાનને એટલે આત્માના કર્મપણે કર્તા. એ રાગ આત્માનું કાર્ય નહિ પણ રાગ સંબંધીનું જે જ્ઞાન એ જ્ઞાનને કર્મપણે કરતાં એવા પોતાના આત્માને જાણે છે. ૭૫ મી ગાથા સંસ્કૃત ટીકા છે. સમજાય છે કાંઈ? સંસ્કૃત, સંસ્કૃત છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'નું.

દેખો! **'स्वतन्त्रव्यापकेन स्वयं व्याप्यमानत्वात्पुद्गलपरिणामज्ञानं'** પુદ્ગલપરિણામનું જ્ઞાન, એ રાગાદિ વિકલ્પ, વ્યવહાર રત્નત્રય જે પુદ્ગલ પરિણામનું જ્ઞાન, એને **'कर्मत्वेन कुर्वन्तमात्मानं'** એને જ્ઞાન અને કર્મપણે કરતા એવા આત્માને **'कुर्वन्तमात्मानं जानाति'**. આહાહા..! સમજાય છે કાંઈ? શબ્દેશબ્દ એનો જ અર્થ છે. ભગવાનઆત્મા પોતાના જ્ઞાયક સ્વરૂપનું ભાન થતાં એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે પુદ્ગલપરિણામ છે, જે પૃથક્ છે, એને તદાત્મ્ય થયા વિના, એનું જ્ઞાન એવું પોતાનું કર્મ, એ સંબંધીનું જ્ઞાન એ પોતાનું કર્મ, એવા પોતાના કર્મપણે કર્તા એવા આત્માને જાણે છે. પરને જાણવાની ત્યાં વાત નથી. સમજાય છે કાંઈ? આહાહા..! દેખો એની સ્વતંત્રતા! ભગવાનઆત્મા જ્ઞાનાનંદ પ્રભુ, એની સ્વતંત્રતા! સમજાય છે કાંઈ? ઓહોહો..!

તે કારણથી તે ભ્રષ્ટ છે એમ કહે છે. છે ને આગળ આવ્યું? **'પ્રતીતિ કરતો નથી, તે કારણથી.'** ભ્રષ્ટ છે. સ્વદ્રવ્યને અવલોકન કરતો નથી, જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં પરિણામિક દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી, એની અંતર પ્રતીતિ, અંતર્મુખ થઈને પ્રતીતિ, અલોકન કરતો નથી તે કારણથી તે તત્ત્વજ્ઞાનથી શૂન્ય અને ભ્રષ્ટ છે. સમજાય છે કાંઈ? હવે, પછી બાહ્ય ક્રિયામાં પંચ મહાવ્રત પાળતા હોય, મહિના મહિના અપવાસ હોય, અગિયાર

અંગનું પઠન હોય, નવ પૂર્વનું પઠન હો, કષાયની મંદતામાં શુકલ લેશ્યા હો, ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એટલી ક્ષમાનો, કષાયનો મંદભાવ હો, પણ એ બધા પુદ્ગલના પરિણામ છે. અને તે સંબંધીનું જ્ઞાન તે પોતાનું કર્મ–કાર્ય, કર્તા પોતાને જાણે છે એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઇ અહીં એમ કહે છે, **'पशुः नश्यति परितः शून्यः स्वद्रव्यानवलोकनेन' 'શા કારણથી?...'** કેવો છે એ મિથ્યાદષ્ટિ જીવ? **'प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः'** શું કહે છે? જુઓ! હવે એ ખુલાસો આવ્યો કે, પ્રત્યક્ષ, એની જ્ઞાનની પર્યાયમાં આ બધું પ્રત્યક્ષ દેખાય છે. આ બધું શરીર, વાણી, રાગ, પુણ્ય એનું અસ્તિત્વ, પરનું ટકતું અસ્તિત્વ એને–અજ્ઞાનીને દેખાય છે. સમજાય છે કાંઈ? આ બધું પ્રત્યક્ષ દેખાય છે. આહા..! આલેખાય છે, એની જ્ઞાનની પર્યાયમાં આ બધી અલેખાય. આલેખાય જ્ઞેયાકાર થઈ જાય. આ છે... આ છે... આ છે... આ છે... સમજાણું કાંઈ? પ્રત્યક્ષ **'લખાયેલાની માફક...'** જાણે જ્ઞાનની પર્યાયમાં બધું લખાય ગયું હોય, ચિતરાય ગયું હોય એટલે આ જ હું છું એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જ્ઞાનની પર્યાયમાં એ છ દ્રવ્ય, છ દ્રવ્યના ગુણો અને એની પર્યાય અને એનું ક્ષેત્ર અને ત્રિકાળી કાળ અને એનો ભાવ એ બધા જાણે જ્ઞાનની પર્યાયમાં ચિતરાય ગયા હોય અને આલેખાય ગયા હોય એમ એને પ્રત્યક્ષ ભાસે છે. સમજાણું કાંઈ? **'જેવો ને તેવો અમિટ...'** એમ ને એમ જાણે આહાહા..! આ બધું છે જાણે. ઇ પર્યાયમાં બધું જણાણું ને? આ બધું છે, આ બધું છે, આ બધું મટવાનું નથી. અમિટ સમજ્યા? નાશ થવાનું નથી. એમ ને એમ રહેવાનું છે.

**'અમિટ જે જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ...'** દેખો! પરદ્રવ્યની વ્યાખ્યા, પરદ્રવ્યની વ્યાખ્યા. આહાહા..! **'જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું જે અસ્તિત્વ,...'** ભાષા જુઓ! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વરૂપને અજ્ઞાની અનાદિથી ભૂલી જ્ઞાનની એક સમયની પર્યાયમાં બધા જ્ઞેયાકારો જાણે આ જ છે ને આ બધું સ્થિર છે એમ જ્ઞાનની પર્યાયમાં આલેખાયેલા જ્ઞાનની પર્યાયને એટલે જ્ઞાનનો જે પરિણામ તેનાથી માનેલું જે અસ્તિત્વ એ હું છું, એટલો હું છું, એ જ હું છું. ઇ પર્યાયબુદ્ધિ મિથ્યાદષ્ટિ સ્વરૂપથી શૂન્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ પર્યાય પરદ્રવ્ય છે. એક ન્યાયે કહ્યું ને? એમાં સ્વદ્રવ્યનું જ્ઞાન તો આવ્યું નહિ. જ્ઞાનની પર્યાયમાં જેટલા પરદ્રવ્ય છે એને જાણવાની તાકાત છે. એટલે ખરેખર એક સમયનો અંશ જે બધું જાણે એ ખરેખર પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહિ. ત્રિકાળ જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અભેદ એ સ્વદ્રવ્ય. તો પરદ્રવ્યથી ઠગાયો એમ કહે છે. સમજાય છે કાંઈ? 'વીરચંદભાઈ'! પરદ્રવ્યથી ઠગાયો. વંચિત.. વંચિત છે ને? પરદ્રવ્યથી, (તેના) અસ્તિત્વથી વંચિત, ઠગાયો

છે. એક સમયની પર્યાયમાં... ઓહોહો..! જે રાગ શુભરાગ જણાય, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જણાય, છ દ્રવ્ય જણાય, ભગવાન જણાય, સિદ્ધ જણાય, અરિહંત જણાય, પરમેષ્ઠી જણાય અને નિગોદ જણાય. એક સમયની પર્યાયની તાકાત છે ને એટલા જ્ઞેયને જાણવાની. તો એ જ્ઞેયાકાર થયેલી જ્ઞાનની પર્યાય અથવા જ્ઞાનનું પરિણામ તેટલો હું માનીને સ્વરૂપથી ઠગાઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

થોડું સૂક્ષ્મ છે પણ યથાર્થ છે. એને અંતરમાં લક્ષમાં તો એણે લેવું પડશે. આ ચીજ આ વસ્તુથી ભિન્ન છે. સ્વદ્રવ્યનું અણઅવલોકન અને પરદ્રવ્યનું અવલોકન અથવા પરદ્રવ્યમાં પોતાનું અસ્તિત્વ માનીને ઠગાય ગયો છે એમ કહે છે. આહાહા..! 'શોભાલાલજી'! આ મારા છોકરા છે ને પૈસા છે ને આ છે ને મકાન છે ને ધૂળ છે એની તો કાંઈ વાતેય નહિ. એ તો બહુ દૂર રહી ગયું પણ એ સંબંધીનો જે જ્ઞાનનો પર્યાય જ્ઞાનમાં જ્ઞેયાકાર થયું, પોતાની પર્યાયમાં પોતાના સામર્થ્યથી, પોતાની લાયકાતથી, પોતાની યોગ્યતાથી, એટલો ક્ષણ તે પરિણામ મારું આખું સ્વરૂપ છે, એ પરિણામ તે આત્મા, (એ) પરિણામ સ્વરૂપથી ઠગાય ગયો. મુખ્ય વાત આ છે. સમજાણું કાંઈ? દરબાર! એમનું દરબાર નામ પાડ્યું છે. .... કહો સમજાણું કાંઈ? અહીં તો પ્રમુખ દ્રવ્યદૃષ્ટિ દ્રવ્ય પ્રમુખ થાય ત્યારે પ્રમુખ કહેવામાં આવે છે. પર્યાય પણ પ્રમુખ રહે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ ભ્રષ્ટ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહો..! સર્વજ્ઞ વીતરાગી માર્ગ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથે કહેલો, જાણેલો, જોયેલો, અનુભવેલો આત્મા. ભાઈ! ભગવાન! તારું સ્વરૂપ તો જો પ્રભુ અખંડાનંદ છે ને! અરે..! તને તેં જોયો નહિ, તને તેં જોયો નહિ. તને તેં માન્યો નહિ, તને તેં અનુભવમાં લીધો નહિ, એક સમયની પર્યાય ભગવાન! એ તો પરદ્રવ્ય છે. જુઓને! પરદ્રવ્યની વ્યાખ્યા જ એ કરી. ઇ પરદ્રવ્યની વ્યાખ્યા જ એ કરી. ભેદકલ્પના થઈ ગઈ ને? સ્વદ્રવ્ય તો નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે અને પરદ્રવ્ય સવિકલ્પ ભેદકલ્પના. એ પહેલું આવી ગયું. આહાહા..! મિથ્યાત્વ તે સંસાર, સમ્યગ્દર્શન તે મોક્ષ. એ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જે જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું જે અસ્તિત્વ, તેનાથી ઠગાયો છે-એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ...'** આહાહા..! કેટલી સરસ વાત છે! સમજાય છે કાંઈ? અહો..! એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ મારો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. ઇ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ની ૧૪મી ગાથામાં આપણે લીધું. ત્યાં પણ બતાવ્યું હતું. 'જયપુર', 'જયપુર', 'જયપુર'માં નહિ? ૧૪ મી.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

શું કહે છે? જુઓ! ઓ વાત કરી હતી, ત્યાં 'જયપુર'. નિરાશ્રિત મંદિરમાં. આદર્શનગરમાં. 'જયપુર' 'જયપુર' ગયા હતા ને આપણે? 'જયપુર' તમે પણ (હતા). મુલતાની મંદિર હતું.

મુલતાની મંદિર જ્યાં આપણે વ્યાખ્યાન રાખ્યા હતા. તમે હતા, 'કૈલાશચંદ્રજી' હતા, બધા હતા. ત્યાં આ બતાવ્યું હતું. જુઓ! **'एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि'** ભગવાનઆત્મા કર્મ અને કર્મકૃત પુણ્યના વિકલ્પ વ્યવહાર તેનાથી **'असमाहितो'** રહિત છે. **'युक्त इव प्रतिभाति'** જેને સહિત ભાસે એ **'बालिशानां प्रतिभासः'** અજ્ઞાનીઓનો એ પ્રતિભાસ **'स खलु'** મિથ્યાત્વ ભવબીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

રાગાદિ ને શરીર આદિ એ બધા ભાવ પર છે. **'असमाहितो'** સંયુક્ત ન હોવા છતાં, એનાથી સહિત આત્મા છે જ નહિ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, શરીર, વાણી, કર્મ એનાથી રહિત છે – **'असमाहितो'** છતાં અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે. **'युक्त इव प्रतिभाति'** અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારનું બીજ છે, મિથ્યાત્વ બીજ એ સંસાર છે. આહા..! 'મૂળચંદભાઈ'! અહીંયાં કહે, બહારનો ત્યાગ કર્યો, નગ્ન થયા, સંસાર (છોડ્યો). સંસાર કોને કહેવો? ભગવાન! સંસાર તો પહેલો મિથ્યાત્વ છે. મિથ્યાત્વ છૂટ્યા વિના સંસાર છૂટે નહિ. સંસરણં ઇતિ, સ્વભાવથી ખસીને રાગ સહિત ને એકની પર્યાય પોતાની માની છે એ મિથ્યાત્વ એ સંસાર છે. સંસારનો ત્યાગ તો સ્વભાવનો આશ્રય કરે ત્યારે થાય. સમજાય છે કાંઈ?

આ બાયડી, છોકરા છૂટ્યા માટે સંસાર છૂટ્યો? સંસાર કોને કહેવો? સંસાર તો આત્માની વિકારી પર્યાય મિથ્યાત્વ છે. સંસાર આત્માથી, પર્યાયથી બહાર સંસાર રહે છે? આત્માની પર્યાયથી સંસાર બહાર રહે છે? કર્મમાં સંસાર, શરીરમાં, બાયડી, છોકરા, કુટુંબમાં જો સંસાર હોય તો એ બધું નાશ થઈને એકલો જાય ત્યારે એનો સંસાર પડ્યો રહે અને મુક્તિ થઈ જાય. સંસાર એ નથી. સમજાય છે કાંઈ? શરીર, બાયડી, છોકરા, કુટુંબ, મકાન, આબરૂ, કીર્તિ સંસાર નહિ. એ હોય તો અહીં મુકીને જાય ત્યારે સંસાર પડ્યો રહ્યો ને મુક્તિ થઈ જાય.

સંસાર એને અહીં કહે છે ભગવાન! **'असमाहितो युक्त इव प्रतिभाति'** એ સંસાર–મિથ્યાત્વ. ભગવાનઆત્મા રાગના વિકલ્પ અને શરીર આદિથી રહિત હોવા છતાં સહિતનો પ્રતિભાસ જ્ઞાનમાં ભાસે એ મિથ્યાત્વ એ સંસાર (છે). આહાહા..! સંસાર છોડીને બેઠા છીએ. અરે..! ભગવાન! બાપુ! સંસાર કોને કહેવો? ભાઈ! અને સંસાર છૂટ્યો કોને કહેવો એની જરીક જુદી વાત છે. એ.. 'મૂળચંદભાઈ'!

મુમુક્ષુ :– સંસારનું નાટક છે.

ઉત્તર :– નાટક છે, મિથ્યાત્વનું નાટક છે. એક રાગના કણને પણ પોતાનો માને અને એ રાગથી મને લાભ માને. જેનાથી લાભ માને એને ભિન્ન માની શકે નહિ, જેનાથી લાભ માને એને ભિન્ન માની શકે નહિ. શુભરાગથી લાભ માને એને ભિન્ન માની નહિ શકે પોતાનું અભિન્ન માને છે, બસ! એ જ મિથ્યાત્વ છે. એ સંસાર છે, એ નિગોદની ખાણ

મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શેઠ! ઓહોહો..!

ભગવાન ઠગાય ગયો, ભાઈ! વંચિત થઈ ગયો, હોં! સત્ય વસ્તુથી વંચિત થઈ ગયો અને અસત્યમાં અથવા એક પર્યાયમાં પોતાનું (અસ્તિત્વ) માન્યું. વસ્તુથી ઠગાય ગયો, ભાઈ! આખી ચીજ પડી રહી. એક સમયમાં ભગવાન આખો દૃષ્ટિમાં પડ્યો રહ્યો ને પર્યાયમાં માન્યો કે, પ્રભુ ઠગાય ગયો તું. એમ કહે છે. આહાહા..!

આચાર્યની કરુણાના શબ્દો તો જુઓ! પંડિતજી! વીતરાગી મુનિ (કહે છે), ભાઈ! પ્રભુ! તું ઠગાયો, નાથ! આહાહા..! તારી ચીજ પૂર્ણાનંદ ધ્રુવ અખંડાનંદ, જેમાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે. તારા દ્રવ્ય સ્વરૂપમાં તો અનંતા સિદ્ધ બિરાજે છે. એવી ચીજનું તેં શરણ ન લીધું, એને જોયું નહિ, માન્યું નહિ, અનુભવ્યું નહિ અને એક સમયની પર્યાયમાં આ બધું હું, એ પરિણામ એટલા હું. ભગવાન! આખી ચીજથી તું ઠગાય ગયો. આહાહા..! સમજાણું? 'અમરચંદભાઈ'!

**'એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ...'** માથેથી લીધુ હતું ને? ચાર બોલના કરીને. **'પશુઃ નશ્યતિ' 'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી.'** ત્યાંથી લીધું એ અહીં પૂરું કર્યું. પહેલો ભાવાર્થ તો ઉપરથી લીધો હતો. આ શબ્દાર્થ કર્યો, હવે સ્યાદ્વાદીની જ્ઞાનીની વાત લે છે.

**'तु स्याद्वादी पूर्णो भवन् जीवति' 'पूर्णो भवन्'** પર્યાયમાં પૂર્ણ. પૂર્ણાનંદ ભગવાન હું છું. પર્યાયમાં પૂર્ણ, સાંભળને! આહાહા..! **'એકાંતવાદી કહે છે તે પ્રમાણે નથી.' 'स्याद्वादी' 'સમ્યગ્દૃષ્ટિ જીવ...'** વ્યાખ્યા જ આ કરી. પર્યાય દ્રવ્યમાં નથી ને દ્રવ્ય દ્રવ્યમાં છે એમ માનનાર સ્યાદ્વાદી અનેકાંત દૃષ્ટિ. પર્યાય દ્રવ્યમાં નથી અને દ્રવ્ય એક સમયની પર્યાય જેટલું દ્રવ્ય નથી. દ્રવ્ય અખંડાનંદ પૂર્ણ છે એમાં પર્યાય નથી. પર્યાયમાં દ્રવ્ય નથી, પર્યાય દ્રવ્યમાં નથી. એક સમયની પર્યાયમાં દ્રવ્ય નથી અને એક સમયની પર્યાય દ્રવ્યમાં નથી. આનું નામ અનેકાંત. સમજાણું કાંઈ?

અનેકાંત કહ્યું હતું ને? પંડિતજી! અનેકાંત (એટલે) અનેક ધર્મ (છે) માટે અનેકાંત (છે એમ) નહિ. એ તો અન્યમતિ પણ માને છે. પંડિતજી! પહેલા કહ્યું હતું. અનેકાંત એમ છે જ નહિ. અનેક અંત માટે, અનેક ધર્મ માટે અનેકાંત એ તો અમે પણ માનીએ છીએ. પરંતુ એમ નહિ. સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ એનું નામ અનેકાંત. સમજાય છે? એ અનેક ધર્મ. આહા..! ઇ જ કહે છે કે, પર્યાય દ્વારા તારી સત્તા છે? ભગવાન! કે સ્વદ્રવ્યમાં તારી સત્તા છે? આહાહા..! 'ગોદીકાજી'! બીજી વાત છે, જરી નજર કરવાની વાત છે. નિજ નિધાન ઉપર નજર કરવાની વાત છે. સમજાણું કાંઈ?

કહે છે, **'तु स्याद्वादी पूर्णो भवन् जीवति'** હવે એનો એક એક શબ્દનો અર્થ થાય છે. **'तु'** નામ **'એકાન્તવાદી કહે છે તે પ્રમાણે નથી.'** એમ. **'स्याद्वादी'** તે **'સમ્યગ્દૃષ્ટિ જીવ...'**

અનેકાંત દૃષ્ટિવાન. પેલી એકાંત દૃષ્ટિ હતી. પર્યાયને જ આખું માનનાર, દ્રવ્યને ભૂલી જનાર એકાંત. હવે સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યમાં પર્યાયનો એક અંશ નથી અને એક સમયની પર્યાયમાં દ્રવ્ય નથી એનું નામ અનેકાંત સમ્યગ્દૃષ્ટિ. સમજાય છે કાંઈ?

એવો સમ્યગ્દૃષ્ટિ જીવ **'पूर्णो भवन्' 'પૂર્ણ હોતો થકો...'** ઓહોહો..! દ્રવ્ય તો પૂર્ણ છે એ નહિ. સમ્યક્‌માં સમ્યગ્દર્શનમાં પૂર્ણ વસ્તુ પ્રતીત કરી. **'पूर्णो भवन्'** પેલો ખાલી હતો ભાઈ! પેલામાં ખાલી કર્યું હતું ને? **'परितः शून्यः'**, **'परितः शून्यः'** આ **'पूर्णो'** એની સામે નાખ્યું. શબ્દની સામે શબ્દ છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી જ એ છે. **'पशुः नश्यति'** **'परितः शून्यः'** આ જ્ઞાની **'पूर्णो भवन्'**. પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા અખંડ અભેદ ચિદાનંદ પ્રભુ (છું) એવી અનુભવ દૃષ્ટિ કરીને પર્યાયમાં **'पूर्णो भवन्'**. અજ્ઞાની નષ્ટ થાય છે, ખાલી છે તો આ **'पूर्णो भवन्'**. આહાહા..! જેની પર્યાયમાં, દૃષ્ટિમાં પૂર્ણ ભગવાનઆત્મા (આવ્યો), એક એક ગુણ પૂર્ણ જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. જ્ઞ.. એટલે પૂર્ણ. જ્ઞમાં પછી અપૂર્ણ ન હોય. એવો પૂર્ણ સ્વભાવ. એમ દર્શન એટલે પૂર્ણ એકરૂપ છે ને અખંડ? એમ ચારિત્ર એટલે પૂર્ણ. ત્રિકાળીની વાત છે, હોં! પૂર્ણ એવી સમ્યગ્દર્શન શ્રદ્ધા એ પૂર્ણ, એવું વીર્ય પૂર્ણ, એવી સ્વચ્છતા, પ્રભુતા એક વસ્તુમેં એકરૂપ અખંડ એક ગુણ તે પૂર્ણ. એવું અનંત પૂર્ણરૂપ એકરૂપ એવી દૃષ્ટિ થતાં સમ્યગ્દૃષ્ટિ પર્યાયમાં **'पूर्णो भवन्'**. સમજાય છે કાંઈ? આહાહા..! જેની પર્યાયમાં દ્રવ્ય આવ્યું એ **'पूर्णो भवन्'**. જેની પર્યાયમાં દૃષ્ટિમાં એકલી પર્યાય આવી એ ખાલી (છે). આહાહા..! સમજાય છે કાંઈ?

**'એકાંતવાદી કહે છે તે પ્રમાણે નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ...'** એકાંતવાદીની સામે સમ્યગ્દૃષ્ટિ. પેલો ખાલી થઈ ગયો હતો, ત્યારે આ **'पूर्णो भवन्'**. **'परितः शून्यः'** **'परितः शून्यः'** સર્વથા શૂન્ય. સર્વથા શૂન્ય. પૂર્ણ ઇદ્‌મ્. વસ્તુ પૂર્ણ તો દૃષ્ટિ અને જ્ઞાન પૂર્ણનું થયું (તો) પૂર્ણ જ છે. પૂર્ણ છે. બસ! આહાહા..! સર્વ સમાધાન, સર્વ શાંતિ, આખા મોક્ષની પ્રતીતનો અનુભવ અહીંથી (થયો). અહીંયાંથી મને અલ્પકાળમાં મારો મોક્ષ થશે. મોક્ષ તો હું છું જ, પણ પર્યાયમાં મોક્ષ એવું સમાધાન પણ પર્યાયમાં આવી જાય છે. એ પર્યાયમાં આવી જાય છે. અલ્પ સંસાર (છે). હવે એક-બે ભવ કદાચિત્ હોય... ખલાસ થઈ ગયો, સંસાર છે જ નહિ. **'पूर्णो भवन्'**.

શું કહે છે? કે, આ જે આત્મા છે, હવે તો આપણે દસ મીનીટ છે, દસ મીનીટ છે પોણો કલાક ચાલી ગયું. આ આત્મા જે અંદર છે, આ દેહના રજકણો છે, આ તો માટી છે આ વાણી આદિ માટી છે. આત્મા જે અંદર છે એ એક સમય નામ નાનામાં નાના કાળમાં પૂર્ણાનંદ અખંડાનંદ ધ્રુવ અભેદ તત્ત્વ છે, અભેદ તત્ત્વ છે. સમજાય છે કાંઈ? એ આત્મામાં શરીર, વાણી, કર્મ અને પુણ્ય ને પાપના વિકલ્પ જે વિકાર ભાવ થાય છે એ આત્મામાં નથી. એ આત્મા એક સમયમાં એટલે નાનામાં નાના પળમાં, ક્ષણમાં પૂર્ણાનંદ

પૂર્ણ વસ્તુ અભેદ અખંડાનંદ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદથી ભરેલો ભગવાન ભંડાર પૂર્ણાનંદ પ્રભુ છે. કહે છે એને જે નથી માનતો અને એ એક સમયની એની અવસ્થા આત્માની, જાણવાની અવસ્થામાં–પર્યાયમાં–દશામાં આ બધું જણાય આ, એ જાણવા પૂરતી જ્ઞાનની અવસ્થા જાણે તો એ જ્ઞાનની અવસ્થાને આખો આત્મા માને એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આ (વાત) તો ચાલી ગઈ છે. આ તો નવા છે ને પાછા એને પૂછશે, શું કહે છે? આ કાંઈક બીજી વાત છે. છે તો લોજીકથી–ન્યાયથી વાત, હોં! પણ કદી અભ્યાસ નહિ, અભ્યાસ નહિ કદી.

ભગવાનઆત્મા, જેમ આ દેહાદિ પદાર્થ છે, દૃશ્યમાન રૂપી, જડ (છે), એવો એ ચૈતન્ય જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ પદાર્થ છે અને જેમ આ પરિપૂર્ણ એક એક વસ્તુ છે એમ એ વસ્તુ પરિપૂર્ણ વસ્તુ એક આત્મા છે. એનું મૂળ સ્વરૂપ જ્ઞાન, આનંદ, શાંતિ આદિથી ભરેલું એક પૂર્ણ સ્વરૂપ છે. અને તે એના સ્વરૂપને ભૂલી અનાદિથી એની વર્તમાન દશા જ્ઞાનના વિકાસનો અંશ જે છે, ઉઘડેલું જ્ઞાન વર્તમાન પ્રકાશ જે અંશ છે જ્ઞાનનો એમાં આ બીજું બધું જણાય છે અને તે જ્ઞાનનો અંશ જે છે, અંશ, આખો અંશી એક કોર બાજુમાં રહી ગયો, એટલા અંશને એમ માનવું કે, આ હું છું એનું નામ મિથ્યાદૃષ્ટિ મૂઢ અને આત્માને ખોઈ બેઠેલો, ઠગાયેલો જીવ છે. સમજાણું કાંઈ? 'ગોદીકાજી'!

'અલખ નામ ધૂનિ લગી ગગન મેં' આ વાત કંઈક બીજી (છે). જગત અનાદિથી ચોરાશીના અવતારમાં દુઃખી થઈને રખડી મરે છે. કેમકે વસ્તુ તો સત્ છે એ કાંઈ નાશ થાય નહિ. તો નાશ ન થાય તો એણે આ બધા પરિભ્રમણ અત્યાર સુધીના ભ્રમણાના ભાવથી ચોરાશીના અવતાર કરીને ભર્યો પડ્યો સંસારમાં, રખડી મર્યો ચોરાશીમાં. એમાંથી કહે છે કેમ રખડ્યો? પરિભ્રમણ કેમ થયું? એનો મૂળ હેતુ શું? મૂળ કારણ શું? મૂળ કારણ ઇ કે, ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં વસ્તુ આખી જ્ઞાનથી પરિપૂર્ણ આનંદથી પરિપૂર્ણ એવી શક્તિનું સત્ત્વ આખું એવું જે એકરૂપ અભેદ ધ્રુવ સ્વરૂપ, એને ભૂલી પરવસ્તુ મારી અને એ મને લાભદાયક, અંદર પુણ્ય-પાપના પરિણામ થાય તે મારા અને એ મને લાભદાયક અને એ પુણ્ય-પાપને, શરીરને જાણવાની જ્ઞાનની અવસ્થા, વર્તમાન અંશ જે પ્રગટ છે એટલો તે હું, એમ માનીને મિથ્યાદૃષ્ટિ પરિભ્રમણ કરી રહ્યો છે.

સૂક્ષ્મ વાત છે, જગતને મળી નથી. સમજાય છે કાંઈ? પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા ધૂળ એ તો અનંતવાર ધૂળુ મળી ને ગઈ, એની સાથે કાંઈ આત્માને સંબંધ છે નહિ. 'કેશુભાઈ'! આ ધૂળ ધૂળ. પાંચ, દસ કરોડ એ ધૂળ. એમાં આત્માને શું? એ તો માટી–ધૂળ છે. આહા...! મરવા ટાળે તો રોગ આવે તોય પૈસા ત્યાં પીવાતા નથી. પીવાતા હશે પૈસા? નાખ આમાં. અહીં તો કહે છે કે, પૈસા એ તારી ધૂળ, બાયડી, છોકરા કો'કના, મકાન તારા કો'કના, તારી આબરૂ એ જડની અને શરીર જડનું, કર્મ જડના, આ પુણ્ય-

પાપના ભાવ થાય અંદરમાં એ પણ વિકારી તત્ત્વ છે, એ આત્માનું નહિ.

ભગવાનઆત્મા નિર્મળાનંદ પ્રભુ છે, એ સચ્ચિદાનંદ પ્રભુ છે, સત્ નામ શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર છે. એમાં પુણ્ય-પાપના, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધના વિકલ્પ ઉઠે છે એ એનામાં નથી. નથી તેને મારા માનવા કે આ મારા છે ને હું એ છું એનું નામ ભગવાન મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની (કહે છે). એ.. 'હરગોવિંદભાઈ'! આ બીજી જાતના ઇન્જેકશન છે. સમજાણું આમાં? ઇન્જેકશન મોટા ખોસે ને!

મુમુક્ષુ :– આ બધું નાશ થાય ત્યારે જ્ઞાન થાય ને.

ઉત્તર :– માટે કહે છે કે, પણ સમજે ત્યારે થાય ને! સમજ્યા વિના એની મેળે થઈ જાય? એ કહે છે, સમજો પહેલી વાત. શું ચીજ છે, શું માનું છું, કઈ રીતે સત્યતા હોય, વિપરીતતા કેમ થઈ છે એનું એણે જ્ઞાન કરવું જોઈએ. આહાહા..!

અહીંયાં તો કહે છે આપણે તો સૂક્ષ્મ ભાવ આવ્યો હતો. ભગવાનઆત્મા પૂર્ણ ઇદમ્. ઇ પૂર્ણ સ્વરૂપ છે. ઇ પૂર્ણ સ્વરૂપ ઉપર કોઈ દિ' દૃષ્ટિ એણે આપી નથી. સમજાય છે કાંઈ? જેમ પીપરનો દાણો છે ને? આ પીપરનો દાણો, આ લીંડીપીપર. ઇ આવડો છે નાનો. કદે નાનો, રંગે કાળો પણ એનો સ્વભાવ જે અંદર છે એ કાળો નથી, લીલો સ્વભાવ છે એનો અને કાર્યમાં એની તીખાશ... તીખાશ સમજાય છે હિન્દીમાં? ચરપરાઈ. તમારી ભાષામાં ચરપરાઈ (કહે છે). એ તીખાશનો અંશ અલ્પ છે. અંદરમાં ચોસઠ પ્હોરી તીખો અંશ ભર્યો છે.

એ પીપરનો કદ અને રંગે કાળી છતાં અંદરમાં ચોસઠ પ્હોરી તીખો રસ પડ્યો છે. ઘૂંટે ત્યારે પ્રગટ થાય છે ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ હોય, હોય એમાંથી આવે, પથરાથી ઘૂંટવાથી આવે તો કાંકરાને ઘૂંટવાથી આવવો જોઈએ. પણ પીપરના દાણામાં ચોસઠ પ્હોરી એટલે આપણે **'પૂર્ણો'** શબ્દ આવ્યો એ ઉપર વાત આવી. એક દાણામાં ચોસઠ,... ચોસઠ પૈસાનો રૂપિયો કહેવાતો ને અત્યાર સુધી? હવે વળી આ સો પૈસાનો તમારે થઈ ગયો. નહિતર ચોસઠ પૈસાનો રૂપિયો કહેવાતો. એમ પીપરમાંથી ચોસઠ પ્હોરી તીખાશ કહેતા ઘૂંટીને તીખાશ ચોસઠ પ્હોરી કાઢી. ક્યાંથી આવી? પથરામાંથી આવી? અંદર શક્તિ પૂર્ણ હતી. ચોસઠ એટલે પૂર્ણ, ચોસઠ એટલે સોળ આના, ચોસઠ એટલે ચોસઠ પૈસા, ચોસઠ એટલે એક રૂપિયો. એમ પૂર્ણે પૂર્ણ પીપરમાં અંદર ચોસઠ પ્હોરી હતી તો પ્રગટ થઈ.

એમ આત્માની અંદર વર્તમાન અવસ્થામાં પુણ્ય-પાપની કાળપ દેખાવા છતાં, વર્તમાનમાં જ્ઞાનની અવસ્થા અલ્પજ્ઞ દેખાવા છતાં અંતરનો સ્વભાવ પૂર્ણ છે. જ્ઞાન, આનંદ આદિ પુણ્ય સ્વભાવ છે. એવો ભગવાનઆત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ છે એને અવલોકતો નથી, એને માનતો નથી અને વર્તમાન અવસ્થાના અંશને અને રાગને ને આ સંયોગ એ હું છું એમ માનનાર પરિભ્રમણને પંથે પડેલો છે. સમજાય છે કાંઈ? 'નાનાલાલભાઈ'! જરી ઝીણી વાત છે આ,

હોં! આ બધું તમારે આ બહારનું હા.. હો આનું આમાં કાંઈ સૂઝ પડે નહિ. હા.. હો ને હરીફાઈ બહારની એટલી બધી. આહાહા..!

ભગવાન! તારું સ્વરૂપ **'પૂર્ણો ભવન્'**. અહીં તો પૂર્ણ ભવન પર્યાયમાં આવ્યું પણ તારું પૂર્ણ સ્વરૂપ છે. આહાહા..! એ ચોસઠ પ્હોરી અંદર છે તો પ્રગટ થઈ છે, પર્યાયમાં પ્રગટ થઈ છે, અવસ્થામાં પૂર્ણ થઈ છે.

એમ ધર્મી વર્તમાન પુણ્ય-પાપના રાગને પોતાનો ન માનતા, સંયોગી ચીજમાં પોતાપણું ન માનતા, એક સમયની પ્રગટ અવસ્થા જ્ઞાનના અંશને પણ એટલો ન માનતા આખી પૂર્ણ ચીજ છું એવા આત્માની અંતર દૃષ્ટિ કરીને પર્યાયમાં **'પૂર્ણો ભવન્'**. જેમ ચોસઠ પ્હોરી શક્તિ હતી ને બહાર પૂર્ણ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'મધુભાઈ'! ઝીણી વાત છે ભાઈ આ તો. આ તો ધર્મની વાત છે. એ કાંઈ શાકભાજી જેવી વાત નથી કે ઝટ દઈને મળી જાય. એ શાકભાજી હવે તો મોંઘા થયા છે. પહેલાં તો પૈસાના બશેર મળતાં અને અત્યારે ચાર ચાર આના ને છ આનાનો ફેર છે. એમ સાંભળ્યું છે, આપણે ક્યાં (લેવા ગયા હતા?) આહાહા..! બાર આના હશે. કોને લેવા ગયા હતા અહીંયાં? આહાહા..! ભગવાન! એ ચીજો બહારની સાધારણ મોંઘી તને દેખાય તો આ ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ સચ્ચિદાનંદ ભગવાન એ દૃષ્ટિમાં આવવો દુર્લભ મોંઘો છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'સ્વરૂપચંદભાઈ'! આ 'સ્વરૂપચંદ'ની વાત ચાલે છે.

ભગવાનઆત્મા..! આ (શરીર) માટી–ધૂળ છે. ધૂળ થઈને રાખ થઈને મસાણમાં ઉડી જશે. આ તો ધૂળ માટી છે. ભગવાન કાંઈ એવો નથી કે, એમાં ભળી જાય. કેમ? અંદરની પર્યાય એટલે અવસ્થામાં, ચાલતી ગતિ દશામાં પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ થાય પ્રભુ એ તો મેલ છે, એ કાંઈ તારી ચીજ નથી. અને વર્તમાન એ મેલને જાણવાની દશાનો જે અંશ છે વર્તમાન વિકાસનો અંશ, જેમ પીપરમાં વર્તમાન અંશ જે તીખાશનો અંશ થોડો છે એ આખી પીપર નથી, એમ જ્ઞાનનો વર્તમાન અંશ જે છે રાગાદિને જાણવાની યોગ્યતા એટલો કાંઈ આત્મા નથી. એટલા અંશને આત્મા માનવો, ત્યાં દૃષ્ટિ રાખીને ઉભા રહેવું એનું નામ મિથ્યાત્વ ને સંસારમાં રખડવાના રસ્તા છે. ચાર ગતિમાં ધોકા ખાઈને દુઃખી થવાના પંથ છે.

ભગવાનઆત્મા દૃષ્ટિમાં ગુલાટ ખાય છે. **'પૂર્ણો ભવન્'** સ્યાદ્વાદી. હું પૂર્ણ સ્વરૂપ અનંતર જ્ઞાન જેમ ચોસઠ પ્હોરી પીપર ને લીલો રંગ પૂર્ણ છે અંદર, એમ મારું સ્વરૂપ જ્ઞાન ને આનંદથી પૂર્ણ છે. એવી પૂર્ણ શક્તિવાળું તત્ત્વ ભગવાન પોતાનું એમાં દૃષ્ટિ આપતા પૂર્ણનો સ્વીકાર દૃષ્ટિમાં આવ્યો, અપૂર્ણનો સ્વીકાર નીકળી ગયો. આ એનું નામ સમ્યગ્દર્શન ને એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. ધર્મ એવી વસ્તુ નથી આ પૈસા દીધે ધર્મ થઈ જાય ને ધૂળ કર્યે ધર્મ થઈ જાય, મંદિર બનાવ્યું એટલે ધર્મ (થઈ

જાય). ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! સમજાય છે કાંઈ? એ અહીંયાં કહેવા માંગે છે. ભગવાન તારી વસ્તુ છે ને પ્રભુ! એની દૃષ્ટિ કરને! પૂર્ણાનંદનો નાથ એની શ્રદ્ધા-જ્ઞાન કરને. તને શાંતિ થશે, તને જન્મ-મરણ મટશે અને તને આનંદનો કંદ હાથમાં આવશે. આ એનું નામ ધર્મ કહેવાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૨, મંગળવાર તા.૨૦.૦૮.૧૯૬૮**
**કળશ - ૨૫૨ પ્રવચન - ૨૫૧**

આ 'સ્યાદ્વાદ અધિકાર' છે. ૨૫૨ કળશ છે. જુઓ! અહીં સુધી આવ્યું છે કે, '**तु स्याद्वादी पूर्णो भवन् जीवति**' અજ્ઞાની પોતાના અસ્તિત્વના પૂર્ણ તત્ત્વને નહિ પ્રતીત કરતાં એક સમયની પર્યાયમાત્રને આખો આત્મા માનીને પૂર્ણ દ્રવ્ય સ્વભાવથી ભ્રષ્ટ છે એથી સર્વ પ્રકારે વસ્તુના સ્વભાવથી તેની દશા શૂન્ય છે. સમજાય છે કાંઈ? ભગવાન એક સમયમાં પૂર્ણ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ આદિ પૂર્ણ વસ્તુ (છે). એ પૂર્ણ વસ્તુ એકરૂપ ત્રિકાળ સ્વભાવ, એનો આશ્રય ન કરતાં, દૃષ્ટિ ન કરતાં અથવા એવડો, એટલો છું એમ ન માનતા એક સમયની પર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન હોવાથી એ પર્યાયનું જ્ઞાન એ જાણે જ્ઞેય જ હોય અને એટલો જ હું છું (એમ માને છે). જ્ઞાન ત્રિકાળ છું એમ એ અજ્ઞાની માનતો નથી. એકદમ ઝીણી વાત છે. ઇ પર્યાયમાં જ ટકીને પોતાના ત્રિકાળ સ્વરૂપનો શ્રદ્ધામાં '**परितः शून्यः**' નાશ કરે છે.

સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિ જીવ... પર્યાય હો પણ હું પર્યાય જેટલો છું નહિ. ત્રિકાળ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, પરમ સ્વભાવ એવું જે અસ્તિત્વ, આ સ્વદ્રવ્યના અસ્તિત્વનો શ્લોક છે, સ્વદ્રવ્યના અસ્તિત્વનો શ્લોક છે. પછીનો શ્લોક પરદ્રવ્યથી નાસ્તિત્વનો છે. સમજાય છે કાંઈ? સ્વદ્રવ્યનું અસ્તિત્વ આખું પરિપૂર્ણ જે છે એવું જાણતા પૂર્ણ હોતો, ધર્મી તો પૂર્ણ હોતો એટલે હું પૂર્ણ છું એવી પ્રતીતમાં પૂર્ણ થયો થકો '**जीवति**' સ્વરૂપમાં સ્થિર થઈ શકે છે. '**जीवति**' છે ને? '**જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકે છે...**' એટલે કે ત્રિકાળ જ્ઞાયકભાવમાં સ્થિર થતાં તે વસ્તુને સાધી શકે છે. પર્યાયના એક અંશમાં સ્થિર થતાં વસ્તુ સાધી શકાતી નથી. સમજાય છે?

કહે છે કે, '**जीवति**' ભગવાનઆત્મા જીવન એનું જે ત્રિકાળ જ્ઞાયકભાવ છે એમાં ટકે છે. કેમકે ધ્રુવ છે. એનો આશ્રય લઈને એમાં ટકે છે, સ્થિર થાય છે, પોતાનું ત્યાં

સ્થાપન કરે છે, કે આવડો હું છું એમ સ્થાપે છે. એટલે **'जीवति'** ટકે છે. પર્યાયના અંશમાં ટકવા જાય તો પર્યાય તો બદલે છે. સમજાય છે કાંઈ? એટલે ત્યાં તો ટકી શકે નહિ. આ વસ્તુ ધ્રુવ એક સમયમાં પરિપૂર્ણ ચૈતન્ય (છે) એમાં દૃષ્ટિ આપતા એ ધ્રુવ છે માટે **'जीवति'** સ્થિર થઈ શકે છે એમ. **'जीवति'** એટલે જીવન રાખી શકે છે. તેનું જે અસ્તિત્વ પૂર્ણ છે તેમાં દૃષ્ટિ આપતા એ અસ્તિત્વને ઝીલી શકે છે અને એમાં ઠરી શકે છે. આહાહા..!

અધ્યાત્મનો વિષય જરી એવો છે કે, એણે અનંતકાળમાં એ અભ્યાસ કર્યો નથી. એક સમયમાં ભગવાન પૂર્ણ શુદ્ધ, કહે છે કે, એ સમ્યગ્દૃષ્ટિ (એમ અનુભવે છે કે) એક સમયની પર્યાયમાં હું નથી અને મારા પૂર્ણ સ્વભાવમાં પર્યાય નથી. આખી દુનિયા તો નથી, છ દ્રવ્ય તો નથી પણ એ છ દ્રવ્ય સંબંધીનું એક સમયની પર્યાયમાં થતું જ્ઞાન, એ એક સમયની પર્યાય પણ મારા દ્રવ્યમાં નથી. એટલે કે છ દ્રવ્ય મારામાં નથી એમ બંને વાત થઈ. સમજાય છે કાંઈ?

એવું જે પોતાનું અસ્તિત્વ પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય કરતો એમાં **'जीवति'** ટકી શકે, સ્થાપી શકે છે, દૃષ્ટિને ત્યાં સ્થાપી શકે છે. કેમકે આખી ચીજ ધ્રુવ છે માટે. સમજાણું કાંઈ? અથવા અનુભવ કરી શકે છે, એમ લીટી મુકીને અર્થ કર્યો છે. શું કહ્યું સમજાણું કાંઈ? ધ્રુવ જે અનંત ગુણનો પિંડ છે તેનો અનુભવ કરી શકે છે. કેમકે આખી ચીજ છે એવો અસ્તિત્વનો સ્વીકાર છે. સમજાય છે? એક સમયનો પર્યાય અને છ દ્રવ્ય હું નહિ. સ્વદ્રવ્યના અસ્તિત્વનો આ ભંગ છે. તો એક સમયમાં પૂર્ણ તે સ્વદ્રવ્યનું અસ્તિત્વ છે. સમજાય છે કે નહિ? 'શોભાલાલજી'! આહા..! છ દ્રવ્ય તો કાઢી નાખ્યા એના ગુણ, પર્યાય કાઢી નાખ્યા, સિદ્ધ ભગવાન કાઢી નાખ્યા પણ એ સંબંધીનું એક સમયમાં જ્ઞાન છે તે જ્ઞાનનો એક સમયનો પરિણામ, તેને અહીં પરદ્રવ્ય કીધું છે. પર્યાયને, હોં! માથે આવી ગયું છે. જુઓ!

**'परद्रव्य' 'જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ...'** જ્ઞેયાકાર જ્ઞાનનું પરિણમન તે પરદ્રવ્ય. સમજાય છે કાંઈ? આહાહા..! ભાષા જુઓ! પરવસ્તુ તો પરદ્રવ્ય, કર્મ-શરીર આદિ પરદ્રવ્ય, પણ એક સમયની જ્ઞાનની અવસ્થામાં બધું લોકાલોક જણાય એવો જે પર્યાય, એ પણ ત્રિકાળી અસ્તિત્વ નામ પૂર્ણ સ્વભાવની અપેક્ષાએ વળી એક સમયનો પર્યાય પલટે છે. સમજાય છે કાંઈ? એનો અર્થ કે, પર્યાયદૃષ્ટિથી આત્માને લાભ થતો નથી. જેમ પરદ્રવ્યથી લાભ થતો નથી એમ એક સમયની પર્યાયદૃષ્ટિથી પણ આત્માને લાભ થતો નથી.

ભગવાનઆત્મા **'पूर्णो भवन्'** પૂર્ણ સ્વરૂપ છે પણ દૃષ્ટિમાં એ પૂર્ણ થઈને પૂર્ણનો સ્વીકાર છે એટલે દૃષ્ટિ પૂર્ણ થઈ ગઈ. સમજાય છે કાંઈ? સ્વદ્રવ્યનું અસ્તિત્વ જે પરિપૂર્ણ છે, પરિપૂર્ણ છે, જેમાં એક સમયની અવસ્થાનો પણ અભાવ છે. એવો જે પરિપૂર્ણ પદાર્થ–વસ્તુ એની દૃષ્ટિ કરતાં ધર્મી, પેલો અજ્ઞાની **'परितः शून्यः'** હતો. આ પરિપૂર્ણ થઈ ગયો, પરિપૂર્ણ. વસ્તુ પરિપૂર્ણ છે એવી પરિપૂર્ણતા પ્રતીતમાં, અનુભવમાં આવી ગઈ, એનું નામ ભગવાન

ધર્મ કહે છે. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત.

પછી કહે છે, શાના વડે થયું? શા વડે એ અનુભવ થયો? પહેલામાં એમ હતું **'स्वद्रव्यानवलोकनेन'** પહેલાંમાં અજ્ઞાનીમાં **'स्वद्रव्यानवलोकनेन'**. ત્યારે અહીં કહે છે **'स्वद्रव्यास्तितया'** આમ અસ્તિ-નાસ્તિ બેય બાજુ (કરી). 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી જ એવી ઢબ છે. અજ્ઞાની સ્વદ્રવ્યને અણવલોકે છે એટલે ત્રિકાળ જ્ઞાયકમાત્રને અનુભવતો નથી, જોતો નથી, માનતો નથી. ત્યારે ધર્મી સમ્યગ્દષ્ટિ **'स्वद्रव्यास्तितया'**. **'स्वद्रव्य'** એટલે **'નિર્વિકલ્પ જ્ઞાન-શક્તિમાત્ર વસ્તુ,...'** એક સમયની પર્યાય સિવાય. આહાહા..! સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ એટલે અભેદ. જ્ઞાન-શક્તિમાત્ર, જ્ઞાન-શક્તિમાત્ર એકલું સત્ત્વ નિજ જ્ઞાન-શક્તિમાત્ર ધ્રુવ તે વસ્તુ એને સ્વદ્રવ્ય કહીએ. એ સ્વદ્રવ્યનું અસ્તિત્વ કહીએ, તેને સ્વદ્રવ્યનું હોવાપણું કહીએ. એ..ઇ..! પેલું આવ્યું. એ જ ૫૬ ગાથાનું આવ્યું આપણે, ભાઈ!

**'द्रव्यात्मलाभहेतुकः परिणामः'** પર્યાય કાઢી નાખી. જે દ્રવ્ય, **'द्रव्यात्मलाभहेतु'**. દ્રવ્ય આત્મા એટલે સ્વરૂપ, એનો લાભ એટલે હયાતી, તે દ્રવ્ય એટલે પરિણામિક. એમ અહીં કહે છે સ્વદ્રવ્ય, અસ્તિત્વપણું સ્વદ્રવ્ય કેવું? શક્તિમાત્ર પૂર્ણ એકરૂપ એ સ્વદ્રવ્ય. પર્યાય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? થોડું ઝીણું છે પણ સત્ય વસ્તુ આ છે અને આ રીતે સમજ્યા વિના, શરણ વિના એને અનુભવ, સમ્યગ્દર્શન નહિ થાય. શેઠ! શું કરવું? કહે છે કે, આ કાઢી નાખવા કરવું શું? ઇ કહે છે, ભાઈ! પ્રભુ! પરમાત્મા પૂર્ણ સ્વરૂપ છે ને તારું. એ પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્ય આખો ભગવાન છે ને! એ **'स्वद्रव्यास्तितया'** સ્વદ્રવ્યનું હોવાપણું એક સમયની પર્યાય વિનાનું (છે). સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ વિનાનું તો ખરું, પરદ્રવ્ય વિનાનું તો ખરું પણ એક સમયની પર્યાય વિનાનું એ સ્વદ્રવ્યનું અસ્તિત્વ એને અહીં કહે છે.

પેલી નાસ્તિ થઈ ગઈ, પર્યાયની દ્રવ્યમાં નાસ્તિ થઈ ગઈ. ઝીણું નથી, હોં! સમજાય એવું છે પણ એને દૃષ્ટિમાં જરી મુકે તો ખબર પડે.

આ ભગવાનઆત્મા આખો કહે છે કે, **'स्वद्रव्यास्तितया'** ધર્મી, સમ્યગ્દષ્ટિ પોતાના સ્વદ્રવ્યનું ત્રિકાળી હોવાપણું એક સમયની પર્યાય વિનાનું, બીજા બધા પદાર્થ વિનાનું એવું **'स्वद्रव्यास्तितया'** સ્વદ્રવ્યના હોવાપણાને લીધે. આહાહા..! આ સ્વદ્રવ્ય, બાકી બધું પરદ્રવ્ય. આહાહા..! સમજાય છે કાંઈ?

આ સમજાવવાનો વિકલ્પ ઉઠે એ કહે છે પરદ્રવ્ય. એ પરદ્રવ્યથી આત્માને લાભ જરીએ નહિ, જરીએ નહિ. એ પરબારુ લ્યે છે. એટલે પોતે સીધુ પૂછે છે ને અહીં આ બધું કાઢી નાખીએ પછી અમારે શું કરવું? એમ કહે છે ને? કોઈ દિ' દરકાર કરી નથી ઠેકાણા વિનાની એટલે પછી એને લાગે એવું. એ... શેઠ! આ તો બધું કાઢી નાખ્યું. પણ આખો ભગવાન પડ્યો છે ને! કાઢી નાખતા બાકી છે કે નહિ મોટો. શેઠ! આહા..! અરે..! એના અસ્તિત્વનું માહાત્મ્ય એને આવતું નથી, એને માહાત્મ્ય કાં વિકલ્પનું, પુણ્યનું, પાપનું, પરનું, અથવા

પર્યાયનું (આવે છે). એ માહાત્મ્ય આગળ ભગવાન આખો માહાત્મ્ય વિનાનો થઈ જાય છે એને. 'ન્યાલભાઈ'! સમજાય છે કાંઈ? આખી ચીજ છે... કહે છે કે, સમજાવનારને વાણી તો એની નથી, એનો વિકલ્પ ઉઠ્યો એ એનો નથી અને એ વિકલ્પથી જીવને બિલકુલ લાભ નથી.

મુમુક્ષુ :– ભાવ એનો છે.

ઉત્તર :– ભાવ તે એનો પર્યાયનો છે એ પર્યાય દ્રવ્યમાં નથી. એ દ્રવ્ય પર દૃષ્ટિ એનો લાભ છે. શું છે? કહો, 'ભીખાભાઈ'! હલાવો હલવું હોય એટલું તમારે અંદરથી. ક્યાં ગયા? 'હીરાભાઈ'!

અહીં તો વસ્તુ સ્થિતિની વાત છે. સ્વ ને પર વ્યક્તિની અહીં વાત નથી. વસ્તુ શું છે? પોતાની, પોતામાં, કેવળી કેટલામાં, કેમ છે? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પોતાના અસંખ્ય પ્રદેશમાં (છે). એનું પૂર્ણ ઘન જ્ઞાનાદિ જે પૂર્ણ સ્વરૂપ છે તે એનું દ્રવ્યનું અસ્તિત્વ છે. એવા અસ્તિત્વની દૃષ્ટિ કરતાં (ધર્મ થાય છે). કારણ કે પરમ સત્ય એ છે. એવા પરમ સત્યની દૃષ્ટિ કરતાં સમ્યક્–સત્ય થાય છે અને એ સમ્યક્ સત્ય થતાં તેને અનુભવમાં આનંદ આવે છે. સમજાણું કાંઈ?

પૂર્ણ સત્ય, પૂર્ણ સત્ય જે દ્રવ્ય પૂર્ણ સત્ય એકાકાર વસ્તુ ભગવાન એવું પરમ સત્ય છે એની દૃષ્ટિ કરતાં એ સમ્યક્–સત્ય દૃષ્ટિ થઈ. સમ્યક્ દૃષ્ટિ એટલે પ્રશંસનીય દૃષ્ટિ, સત્ય દૃષ્ટિ પૂર્ણ સત્યનો સ્વીકાર થઈ ગયો દૃષ્ટિમાં એ દૃષ્ટિ સત્ય થઈ અને સત્ય થઈ ત્યાં સત્યના લાભમાં શાંતિ ને આનંદ ભેગો હોય છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયદૃષ્ટિમાં અને અંશમાં પોતાને માનતા આખા દ્રવ્યનો અનાદર થઈ જાય છે, મિથ્યાત્વ થાય છે અને દુઃખની આકુળતાનો ઉભરો આવે છે, ઉભરો અમારી કાઠીયાવાડી ભાષા છે. ઉફાન, ઉફાન. દૂધમાં ઉફાન આવે છે ને? પંડિતજીની ભાષા... દૂધમાં ઉભરો આવે છે ને? સમજ્યા? 'શોભાલાલજી'!

આ દૂધમાં ઉભરો આવે છે ને? ઉભરો. એ તો ખોટો ઉભરો છે, હોં! એમ કે કસ નથી, પોલો ઉભરો છે, આ પાકો ઉભરો છે. પોલું પોલું કારણ કે દૂધ છે એ કાંઈ વસ્તુ નથી. ફક્ત અગ્નિનું નિમિત્ત અને ઊંચે થવાની યોગ્યતાથી આમ (થાય છે). આ તો ભગવાન આખો ઉછળે છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! કેટલા ટૂંકા શબ્દોમાં... ઓહોહો..! આચાર્યોએ કઈ રીતે દ્રવ્યને સમાડી દીધું હશે! શબ્દોમાં, હોં! શબ્દો તો વાચક છે, એમાં સામું વાચ્ય! એક સમયનું સ્વદ્રવ્ય પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એના હોવાપણાને લીધે એ જ વસ્તુ છે એમ કહે છે.

જુઓ! **'નિર્વિકલ્પ જ્ઞાન-શક્તિમાત્ર વસ્તુ,...'** પરદ્રવ્ય નહિ, પર્યાય નહિ, આખી ચીજ તે જ વસ્તુ, એ સ્વદ્રવ્ય. સમજાય છે કાંઈ? આ એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન

છે, બાકી બધી વાતું. અને ધર્મની શરૂઆત પણ ત્યાંથી થાય છે. પહેલો બીજો ધર્મ થાય ને પછી આ ધર્મ થાય એમ નથી. સમજાય છે કાંઈ?

હવે કહે છે. **'તેના...'** **'अस्तितया'** સ્વદ્રવ્ય હતું ને? એના **'अस्तितया'** એટલે **'અસ્તિત્વપણા વડે.'** સ્વદ્રવ્ય કેટલું કેટલું? કે, નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ. એ સ્વદ્રવ્યની વ્યાખ્યા કરી. સ્વદ્રવ્ય એટલે અભેદ જ્ઞાનાનંદ સ્વરૂપ એકરૂપ તે સ્વદ્રવ્ય. હવે એનું અસ્તિત્વ, અસ્તિત્વપણા વડે જે પોતાના સ્વરૂપને અંતરથી સાધી શકે છે, એમ કહે છે. પૂર્ણ પોતાનું દ્રવ્ય એના હોવાપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ એના સ્વરૂપ ઉપર દૃષ્ટિ આવતા તે સ્વરૂપને સાધી શકે છે. એ સ્વરૂપનું સાધન કરી શકે છે.

**'શું કરીને?'** **'निपुणं निरूप्य'** **'निपुणं निरूप्य'** નિપુણ નામ વસ્તુ, જે જ્ઞાનમાત્ર જીવવસ્તુ. એ નિપુણ એટલે અસ્તિત્વપણે છે આખું, એવી જે જ્ઞાનમાત્ર વસ્તુ. એનું નિરૂપ્ય (એટલે) તેનો અનુભવ કરીને, નિરૂપ્ય (એટલે) એને અવલોકીને, નિરૂપ્ય-એ તરફ જોઈને, નિરૂપ્ય- તેને અનુભવીને. સમજાય છે કાંઈ? આહાહા..! નિપુણ ને નિરૂપ્ય-બે ભાષા છે. નિપુણ ભગવાનઆત્મા નિપુણ આત્મા, આત્મા એટલે કે નિપુણ એમ. એના આખા અસ્તિત્વને જ નિપુણ કહી દીધું. જ્ઞાનમાત્ર એમ. જ્ઞાનમાત્ર, ચૈતન્યમાત્ર નિપુણ. જ્ઞાનમાત્ર, ચૈતન્યમાત્ર વસ્તુ તે નિપુણ. એનું નિરૂપ્ય (અર્થાત્) એનું જે કથન કર્યું એમાં કહ્યું કે, આ આત્મા એના વાચ્યને અનુભવ્યો અથવા નિરૂપ્ય એટલે એને અવલોક્યું. નિપુણને અવલોક્યું, નિપુણને અનુભવ્યું. સમજાય છે કાંઈ? ઓહોહો..!

તારી રીત તો જો કહે છે, તારા સ્વરૂપને સાધવાનો પ્રકાર તો જો! ભગવાન! બાકી લાખ વાત જાણપણા ગમે એટલા હો, કે કષાયની મંદતા ગમે (એટલી હો), એ બધું સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? પરસત્તાવલંબી જ્ઞાન, પરલક્ષી થયેલું જ્ઞાન એ વાસ્તવિક જ્ઞાન નથી. નિજ સત્તાના અવલંબે, અસ્તિત્વને અવલંબે નિપુણ અંદર છે એને અવલંબે થયેલું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! શેઠ! પરની અપેક્ષા નથી. આ રાગ મંદ કરીને અગિયાર અંગનો વિકાસ કર્યો એ જ્ઞાન નહિ. કારણ કે, સ્વદ્રવ્યના અસ્તિત્વમાંથી જ્ઞાન આવ્યું નથી. એ તો પરના અસ્તિત્વના લક્ષે ઉઘડેલું જ્ઞાન એ પરદ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? માલ માલ છે. આ તો માખણ છે. બીજા જીવને સમજાવવાનો વિકલ્પ છે એમાં કાંઈ આત્માને થોડો લાભ છે કે નહિ? પણ પેલા ધર્મ પામે, સમજે એનો કાંઈ ભાગ આવે કે નહિ?

આ રાજની જમીન હોય છે ને? ગરાસીયાની. એમાંથી કાંઈ કોઈ ધર્મ કરે તો એનો દસમો ભાગ ગરાસીયા કહે, અમને આવે. એક ફેરી એમ બોલ્યા હતા. આનું જ્યારે ખાત મુહૂર્ત નાખ્યું ને? શેઠ હતા ને? 'હુકમચંદજી'. ત્યારે ગરાસીયા બોલ્યા હતા. પેલા ખુણે કર્યું હતું, આ ખૂણે કર્યું હતું. એ ગરાસીયા બોલ્યા હતા. હવે તો ગુજરી ગયા. 'ચકુભાઈ'. એ બોલ્યા હતા કે, અમને દસમો ભાગ તો મળશે આ બધા ધર્મ કરશે એનો. અમારી

જમીનમાં થાય છે. મળતો હશે? અરે..! ભગવાન!

અહીં તો કહે છે પરની અવસ્થાના ભાવથી તારું નાસ્તિપણું છે અને પરની અવસ્થામાં તારું નિમિત્ત થાય, કોઈ વિકલ્પ આદિ, એ વિકલ્પનું પણ સ્વરૂપમાં નાસ્તિપણું છે. હવે તને વિકલ્પથી ને પરની પર્યાયથી લાભ થાય ક્યાંથી? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો પ્રભુ આત્માના પરમાત્માના પેટ ઊંડા છે. આહાહા..!

ભગવાનઆત્મા જેની એક સમયની પર્યાયમાં કદાચિત્ અગિયાર અંગ ને નવ પૂર્વનો વિકાસ કર્યો હોય તોપણ એ પર્યાય તે પર્યાય પોતે પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યથી આત્માને જરીએ લાભ થાય એમ નથી. ભાઈ! વસ્તુ આવી છે, વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ?

આચાર્યે થોડા શબ્દોમાં ઘણું ગહન ભરી દીધું છે. **'निपुणं निरूप्य'** હોં! ભગવાન આખો નિપુણ ચૈતન્ય પિંડ ભગવાન એકલો ધ્રુવ નિરૂપ્ય, અવલોક્ય, એનું અવલોકન, એનું અવલોકન. પર્યાયનું નહિ, વિકલ્પનું નહિ, પરનું નહિ. આનું અવલોક્ય. આ અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ?

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુનો...'** એ નિપુણની વ્યાખ્યા કરી. **'પોતાના અસ્તિત્વથી કર્યો છે...'** નિરૂપ્યની વ્યાખ્યા હવે અનુભવ થયો, એમ. નિરૂપ્યની વ્યાખ્યામાં અનુભવ થયો. અવલોકન કહો, નિરૂપ્ય કહો, અનુભવ કહો એક શબ્દ છે. **'જેણે એવો થઈને.'** ઓહોહો..! **'શાના વડે?'** શી રીતે આ થયું? કેમ થયું આ? **'विशुद्धबोधमहसा' 'નિર્મળ જે ભેદજ્ઞાન તેના પ્રતાપ વડે.'** ભાષા જુઓ! અહીંથી પહેલું આમ અસ્તિ લીધું. હવે આમ અહીંથી નાસ્તિ થઈ. રાગ અને પર્યાયની એમાં નાસ્તિ છે એવા ભેદજ્ઞાન વડે. વસ્તુ પહેલી અસ્તિત્વ કીધી. આનું ભાન કેમ થયું? કે, અહીંથી ભેદ પડી ગયો. વિકલ્પ નહિ, પર નહિ ને એક સમયની પર્યાયથી પણ ભિન્ન પડી ગયો. એવા ભેદજ્ઞાન વડે જેની મહિમા ને પ્રતાપ છે જેનો. સમજાણું કાંઈ?

એટલે એમ કહ્યું કે, કોઈ બાહ્યની ચીજથી એની મહિમા છે એમ નથી. ઘણાને સમજાવ્યા, ઘણા ધર્મ પામ્યા અને ઘણા પુસ્તકો આદિ બનાવ્યા અને ઘણો વખત પર માટે (આત્માને) રોક્યો વિકલ્પમાં, માટે કંઈ પણ એને એનાથી લાભ છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? એ તો પોતાનું નિપુણ જે વસ્તુ ત્રિકાળ છે તેને અવલોકે ને અનુભવ કરે એ લાભ છે. કેમકે ભેદજ્ઞાન વડે કહ્યું ને? આ નહિ, આ નહિ. ભાઈ! નહિ તો આ એક સમજાવે છે, હોં! આ નહિ તો એક વિકલ્પ છે. અહીંથી આમ જુદો પડીને અહીં આવ્યો એમ. અહીં ઠર્યો, અહીંથી જુદો પડીને. જુદો પડીને એટલે ભેદજ્ઞાનના પ્રતાપથી આમ થયું એમ કહેવામાં આવે છે. સમજાય છે? ખરેખર તો અસ્તિત્વમાં જ્યાં દૃષ્ટિ પડી એટલે પર્યાય ને વિકલ્પનો અભાવ છે એમ અંદર જ્ઞાન આવી જાય છે. એ કાંઈ ભેદ કરીને આમાં જાય છે એ તો એક કથનની પદ્ધતિ છે. સમજાય છે કાંઈ?

અહીં તો એમ કહેવા માંગે છે કે, ધર્મીને પૂર્ણ અસ્તિત્વનો અનુભવ કેમ થયો? કેમ

થયો? કે, **'विशुद्धबोधमहसा' 'નિર્મળ જે ભેદજ્ઞાન તેના પ્રતાપ વડે.'** એમ ભાષા લીધી ને? એમ કહેવાનો આશય એટલો છે એમાં કે, આ પૂર્ણ અસ્તિત્વમાં જ્યાં દૃષ્ટિ પડી ને અનુભવ થયો તો એ પરથી જુદો જ પડી ગયો. જુદો પાડીને આમ જાય છે એમ નહિ. એ તો પછી પદ્ધતિ છે ને સમજાવવાની શૈલી (છે). ભાષા ભાષાનું કામ કરે. સમજાણું કાંઈ?

ભેદજ્ઞાન વડે નિપુણ અસ્તિત્વનો અનુભવ કર્યો એમ કહે છે. ખરેખર તો પોતાના અસ્તિત્વનો અનુભવ કર્યો એટલે ભેદજ્ઞાન થઈ ગયું અંદર. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અરે..! આ તો અલૌકિક વાત છે. જેના ફળ અનંત અનંત આનંદ. આ સાધનના ફળ અનંત આનંદ અને તે આનંદ સાદિ અનંત. ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યકાળની પર્યાય અનંતગુણી, ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યની અનંતગુણી. અનંત... અનંત... અનંત... અનંતગુણી. એવો જ્યાં આવો અનુભવ થયો સમ્યગ્દર્શન (થયું તો) કહે છે કે, એના ફળ તરીકે કેવળજ્ઞાન પરિપૂર્ણ આનંદ આવશે અને એ પૂર્ણ આનંદ કેટલો કાળ? (કે) ભૂતકાળ કરતાં અનંતગુણો રહેશે.

દ્રવ્ય શુદ્ધપણે પરિણમ્યું પછી દ્રવ્ય જ્યાં સુધી છે ત્યાં સુધી આનંદ ને આનંદ એમ ને એમ પર્યાયમાં રહ્યા કરે છે. સમજાણું કાંઈ? બીજાને, રાગને, પર્યાયને ભેગી રાખીને દ્રવ્યનો અનુભવ થાય એમ નથી એમ કહે છે, ભાઈ! શું કીધું? આ છેલ્લા શબ્દમાં... આ તો આચાર્યની 'અમૃતચંદ્રાચાર્ય'ની વાણી એટલે તો ઓહોહો..! ગજબ વાત! કહે છે કે, **'विशुद्धबोधमहसा' 'નિર્મળ જે ભેદજ્ઞાન તેના પ્રતાપ વડે.'** એટલે એ કોઈપણ સાથે રાખ્યું નથી. નિમિત્તને, વિકલ્પને ને પર્યાયના અંશને સાથમાં રાખ્યા વિના જુદો પડીને અસ્તિત્વની પ્રતીત કરી છે. 'ધન્નાલાલજી'! આહા..! આનું નામ ભેદજ્ઞાન કહીને અસ્તિત્વને ચોંટ્યો છે એમ કહેવું છે. સમજાય છે કાંઈ? વાત બહુ મીઠી છે, વાત બહુ સત્ય છે. એ સત્યના શરણ વિના બાકી શરણ જગતમાં કોઈ છે નહિ.

કહે છે, **'विशुद्धबोधमहसा'**. અસ્તિત્વની તો વાત કરી ત્યારે કોઈ પણ સાથમાં રાખીને, સાથમાં રાખીને એનો અભેદપણાનો અનુભવ થયો? એમ કહે છે. એ પૂર્ણ અસ્તિત્વ જે છે, દ્રવ્યનું અસ્તિત્વ પૂર્ણ છે એનું જે નિપુણપણું એટલે વસ્તુ, એનો જે અનુભવ એટલે અવલોકન એનામાં કાંઈક પરની મદદ, પરનો અંશ ભેગો લઈને થયો? કે, ના. એ રાગને, અંશને જુદો પાડીને દ્રવ્ય ઉપર અસ્તિત્વમાં આવી ગયો છે. સમજાણું કાંઈ?

**'કેવો છે (ભેદજ્ઞાનનો પ્રતાપ)?'** હવે એમ કહે છે. **'सद्यः समुन्मज्जता' 'તે જ કાળે...'** **'समुन्मज्जता'** તે જ કાળે અંદરથી આત્મા ઉછળે છે એમ કહે છે. આમ પરથી ભિન્ન પર્યાય અંશથી ભિન્ન પડીને અંદરમાં ગયો તે જ કાળે ભેદ પડતા **'सद्यः'** તત્કાળ **'समुन्मज्जता'** પર્યાય ઉછળે છે. આનંદની ને શાંતિની પર્યાય ઉછળે (છે). સમજાણું કાંઈ? 'સ્વરૂપચંદભાઈ'! જુઓ! આ ધર્મનું સ્વરૂપ. આહાહા..! એ તો ભારે ધમાલ બધી... દેરાસર ને પૂજા ને ભક્તિ

ને વ્રત ને તપ ને... ઓહોહો..! 'મૂળચંદભાઈ'! ભારે ધર્મ. અરે..! ભાઈ! ધર્મ એ ચીજ નહિ, ભગવાન!

**'કેવો છે (ભેદજ્ઞાનનો પ્રતાપ)?' 'सद्यः' 'તે જ કાળે...' 'समुन्मज्जता'** એટલે **'પ્રગટ થાય છે.'** એમ **'समुन्मज्जता'**. આમ પરનો સાથ લીધા વિના અંશને રાગને છોડીને આમ અંદર ગયો છે એટલે તે જ કાળે શાંતિની, આનંદની પર્યાય ઉછળે છે, તત્કાળ તે સમયે. સમજાય છે કાંઈ? તે જ કાળે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદનો અનંતા ગુણના અંશો તે કાળે પ્રગટરૂપે પરિણમીને અનુભવમાં આવે છે. ઓહો..! ત્યાં કહ્યું હતું. નહિ? આપણે પંડિતજી! ત્યાં ગયા હતા. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાંથી ત્યાં 'મૂલતાન'માં, જ્ઞાનાદિ એકદેશ ગુણનો, ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ ગુણનું પ્રગટપણું છે. કેવળજ્ઞાનમાં પૂર્ણ પ્રદેશનું પ્રગટપણું છે. એટલે 'સર્વ ગુણાંશ તે સમકિત.' જેટલા ગુણો અંદર પરિપૂર્ણ છે એની અંતર દૃષ્ટિ થતાં બધાય ગુણો અંશરૂપે વ્યક્તપણે અનુભવમાં પરિણતિમાં પ્રગટ થાય છે. બધા ગુણોનો અંશ વ્યક્તપણે પ્રગટ થાય છે. તેથી 'શ્રીમદ્દે' 'સર્વ ગુણાંશ તે સમકિત' કહ્યું અને આમાં આપણે 'ટોડરમલજી'એ (કહ્યું). ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ ગુણ સર્વ પ્રગટ થાય છે. જ્ઞાન આદિ એટલે બધા ગુણો, એકે એક ગુણ, કોઈ ગુણ બાકી નહિ. છે? (રહસ્યપૂર્ણ) ચીઠ્ઠીમાં છે ને? બતાવ્યું હતું.

**'ચોથા ગુણસ્થાનવર્તી આત્માને...'** આ મહા સિદ્ધાંત છે. **'જ્ઞાનાદિ ગુણો...'** જ્ઞાન આદિ એટલે અનંતા ગુણો. કેમકે દ્રવ્ય આખી ચીજ–વસ્તુનું અસ્તિત્વ જે છે આમ એને પર્યાયને રાગથી ભિન્ન પાડીને જે આમાં અસ્તિત્વમાં ગયો એટલે પરથી ભિન્ન થઈ ગયું. એમ ભાન થતાં આખા દ્રવ્યમાં જેટલી શક્તિઓ ગુણ છે એનો અંશ વ્યક્તપણે બધા ગુણનો પ્રગટ થયો. સમજાય છે કાંઈ? ત્યાં આપણે વ્યાખ્યાન વાંચ્યા. આ કહ્યું હતું. 'આદર્શનગર'. આ કહ્યું હતું. હિન્દી. ચોથા ગુણસ્થાનવર્તી આત્માને 'જ્ઞાનાદિ ગુણો' એમ શબ્દ વાપર્યો છે. 'શ્રીમદ્દે' 'સર્વ ગુણાંશ તે સમકિત' એમ વાપર્યું છે. સર્વ ગુણાંશ–સર્વ ગુણનો અંશ વ્યક્તપણે પ્રગટ થાય તેને સમકિત કહેવામાં આવે છે. આહાહા..!

આપણે સાદી સીધી ભાષાએ લઈએ તો કે, દ્રવ્ય આખું છે એવું જ્યાં અસ્તિત્વની દૃષ્ટિ ને અનુભવ થયો એટલે આખા દ્રવ્યમાં જેટલા ગુણો છે એટલા અંશે પ્રગટ થયા વિના દ્રવ્યદૃષ્ટિમાં રહે નહિ. સમજાય છે કાંઈ? કહો, 'અમરચંદજી'!

ભાઈ! ધર્મની પહેલી રીત શું છે એના ખ્યાલમાં પણ ન હોય પણ તો એ અંદર પ્રયોગ ક્યાં કરવો એની એને ખબર નહિ પડે. ચીજ કેમ પ્રગટ થાય છે ને કેમ બીજું વિપરીતપણું નાશ થાય છે એની રીતની જેને ખબર ન મળે એ સ્વભાવનો અજમાઈશ નામ પ્રયોગ શી રીતે કરશે? સમજાણું કાંઈ? ખબર જ ન મળે કઈ રીતે ધર્મ થાય. પ્રયોગ કરવો તો અંતર વસ્તુ અસ્તિત્વ છે ત્યાં પ્રયોગ કરીને એકાગ્ર થવું છે, કરવાનું તો એ છે. સમજાણું

કાંઈ? પણ એ રીતની જેને ખબર નથી એ તો રાગમાં એકાગ્ર થઈને કાં પર્યાયબુદ્ધિમાં આ છોડ્યું ને આ મુક્યું (કરશે). એ તો મિથ્યાત્વને ક્ષણે ક્ષણે ઘૂંટે છે. આહાહા..! બાહ્યના ત્યાગમાં અમે ત્યાગી છીએ એમ માને છે એને ક્ષણે ક્ષણે સ્વદ્રવ્યનો અનાદર થઈને બહારના ત્યાગનું એને અધિકપણું લાગે છે. એટલે અધિકપણું લાગતા તેની દૃષ્ટિમાં મિથ્યાત્વ ઘૂંટાય છે. સમજાય છે કાંઈ? અહીં તો એક સમયની પર્યાયનું પણ અધિકપણું નહિ ભાસતા ત્રિકાળનું અધિકપણું છે એ દૃષ્ટિને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'બલુભાઈ'! આવી ચીજ છે આ. 'બલુભાઈ'એ વર્ષીતપ કર્યો હતો ને! ઉજવ્યો હતો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો બીજી વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા અથવા નય, નિક્ષેપ, પ્રમાણનું વાસ્તવિક યથાર્થ વ્યવહારરૂપ એટલે નિશ્ચય વિનાનું વ્યવહારાભાસવાળું જ્ઞાન એને રાગની મંદતાનું હોય એટલી વાત. પહેલો એવો વિકલ્પ હોય. એવું ન હોય અને જ્યાં અશુભભાવ હોય ને પાધરો અંદરમાં જાય એમ નહિ. એટલી વાત છે. પણ 'અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન' ત્યાં આવ્યું છે. સમજાણું કાંઈ?

આપણે 'સમયસાર'માં ૧૩મી ગાથામાં આવ્યું નથી? કે, પહેલાં નય, નિક્ષેપ, પ્રમાણથી એ શું વસ્તુ છે એમ જાણે. પણ એ જાણવું એ વસ્તુ વાસ્તવિક નથી, એ અભૂતાર્થ છે એમ કહ્યું છે ને ૧૩ મી ગાથામાં? અભૂતાર્થ છે. વસ્તુ જે ત્રિકાળ છે તેને અનુભવે ત્યારે આ વસ્તુ ભૂતાર્થમાં બીજું બધું અભૂતાર્થ છે. પણ પહેલું એને વસ્તુ સર્વજ્ઞે કહેલો આત્મા, અજ્ઞાનીઓએ કહેલો આત્મા નહિ એવા આત્માને સમજવા માટે નય, નિક્ષેપ, પ્રમાણથી જેવી ચીજ છે અનંત ગુણ કેમ છે? દ્રવ્ય કેમ છે? કેટલા ક્ષેત્રમાં છે? કેટલા ભાવો છે? કઈ અવસ્થા છે? ધ્રુવપણું શું છે? એમાં વિકાર હોય તો એમાં નિમિત્તપણું શું છે? એવું એને વાસ્તવિક જ્ઞાન પદાર્થનું આવું ન હોય તો અંદરમાં જઈ નહિ શકે. પણ એ આવું જ્ઞાન છે માટે અંદરમાં જઈ શકે છે એમ નથી. આહાહા..! 'બલુભાઈ'! ભારે વાતું. ઇ ઘણા પ્રશ્ન કરે છે. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન.' તમારા 'કાનાતળાવ'ના પટેલીયા છે ને? ઇ પણ ન્યાં એક ફેરી ગયા હતા ને અમે! ગ્યા ભાઈ! 'દેવજીભાઈ' છે?

આ પદ કહે છે પણ પાછળ છે એમ કેમ કહ્યું નહિ? 'અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન' તો કહ્યું નહિ. સમજાય છે? એનો અર્થ કે, પહેલું એનું એને સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર એની શ્રદ્ધાનો ભાવ હોય છે. સાચા દેવ અથવા નવ તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ શું છે એવું વિકલ્પાત્મક જ્ઞાન પહેલું એને હોય છે. કારણ કે, એવું વાસ્તવિક તત્ત્વ શું છે એવો ખ્યાલ વિના એ અંદરમાં જઈ શી રીતે શકશે? પણ એ વાસ્તવિક તત્ત્વના જ્ઞાન માટે આવા જે વિકલ્પો ઉઠ્યા એ કાંઈ એને લઈને અંદરમાં જઈ શકશે એમ નથી. 'અટકે ત્યાગ વૈરાગ્યમાં' એ વિકલ્પમાં અટક્યો છે. વસ્તુ જે નિરપેક્ષ છે, જેને ભેદ ને વિકલ્પની

અપેક્ષા નથી. સ્વરૂપના અનુભવ માટે વ્યવહારની અપેક્ષા નથી એવું નિરપેક્ષ સમ્યગ્દર્શન અને તેનો વિષય નિરપેક્ષ છે. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આહાહા..!

કહે છે, **'निपुणं निरूप्य'** અહીં તો આપણે અહીં આવ્યું હતું. આ જ્ઞાનાદિ એકદેશ ગુણ... તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો સર્વ દેશ પ્રગટ થાય છે. બસ! આટલો ફેર છે.

મુમુક્ષુ :– આ બધાય પૂરા?

ઉત્તર :– ન્યાં બધા પૂરા, કેવળજ્ઞાનમાં પૂરા થઈ જાય છે. સમજાય છે કાંઈ? એ થોડા વળી બાકી છે એનો પ્રશ્ન નથી. અઘાતિ... તેરમા ગુણસ્થાન આત્માને જ્ઞાનાદિ સર્વ દેશરૂપ પ્રગટ થાય છે. પેલાની અપેક્ષાએ. નહિતર પેલો કહેશે, એ ચાર અઘાતિ છે. એની અહીં ગણતરી નથી, એની ગણતરી નથી. અનંત જ્ઞાન, દર્શન આદિ બધા પ્રગટ થઈ ગયા એ અપેક્ષાએ સર્વ દેશે પ્રગટ થયા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાનઆત્મા.. ઓહો..! જો પેલા વ્યવહારુ વિકલ્પ છે એની તો ક્યાંય વાત રહી ગઈ પણ એક સમયની પર્યાયને સાથમાં લઈને અંદરમાં દૃષ્ટિ કરે છે એવુંય નથી એમ કહે છે અહીં તો. ભેદ પાડીને અંદરમાં ગયો છે ત્યારે તેને આત્માનું અવલોકન ને અનુભવ થાય છે. જો કંઈ પણ પરનો મહિમા, માહાત્મ્ય અપેક્ષા રહી ગઈ (કે) આ છે તો આ છે, આ છે તો આ છે, તો આ પૂર્ણ છે તો અનુભવ છે એમ એને ન થયું. સમજાણું કાંઈ? 'ગોદીકાજી'! તેથી પહેલું કહી ગયા હતા નહિ? **'स्वद्रव्यास्तितया'** એ કરીને અનુભવ થયો છે. કીધું હતું ને **'स्याद्वादी पूर्णो भवन् जीवति'** **'पूर्णो भवन् जीवति'**. આ હતું માટે આ થયું એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

ઓહો..! ભગવાનઆત્માની એવી લીલા છે, એટલું સામર્થ્ય જેમાં પડ્યું છે. જ્ઞાનનું અનંત સામર્થ્ય, વીર્યનું અનંત સામર્થ્ય, શ્રદ્ધાનું અનંત સામર્થ્ય, આનંદનું અનંત સામર્થ્ય એવા અનંતા ગુણોનું એક એકનું અનંત સામર્થ્ય. એવો જેના સ્વભાવમાં અંત શો? જેના ચારિત્રનું અનંત સામર્થ્ય, ચારિત્ર એમ સાધારણ નથી. અનંત સામર્થ્ય છે, પર્યાયમાં ચારિત્રનું અનંત સામર્થ્ય છે. સમજાય છે કાંઈ? એવો એનો સ્વભાવ જે ચારિત્ર છે એ તો અનંતા અનંત સામર્થ્યવાળો છે. એવો ભગવાનઆત્મા કહે છે કે, પરથી ભેદ પાડીને અંતરમાં અભેદમાં ગયો છે માટે તેને આત્માનો અનુભવ તે જ કાળે પ્રગટ થાય છે. આમથી ગયો ને અંદર ગયો (તો) ફડાક દઈને... અનુભવ આનંદમૂર્તિ ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ ત્યારે એને ખ્યાલમાં આવ્યું કે, ઓહો..! આખો આત્મા શુદ્ધ છે. સમજાણું કાંઈ? પર્યાયમાં શુદ્ધતાનો આનંદનો અનુભવ આવ્યો ત્યારે દૃષ્ટિમાં આવ્યું કે, આ વસ્તુ આ થઈ–પ્રગટી તો આખો આત્મા જ એકલો જ્ઞાન ને આનંદમય છે. આવા અનુભવ વિના આખો આત્મા આનંદ ને જ્ઞાનમય છે એવી પ્રતીતમાં શી રીતે આવશે? સમજાણું કાંઈ? ઝીણું છે. 'નવનીતભાઈ'! આહા..! આકરું છે, ભાઈ! પણ

છે તો એવું.

પર્યાય તો એક અંશ છે અને આ તો આખું દ્રવ્ય છે. આહાહા..! એક પર્યાયને તો પરદ્રવ્ય કીધું અને એકલો પર્યાયનો આખો એને સ્વદ્રવ્ય કીધું. જુઓ તો ખરા! આહાહા..! બીજા દ્રવ્ય તો ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ? માથે કહ્યું નહોતું? **'परद्रव्य'** એટલે જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ. એનાથી માનેલું જે અસ્તિત્વ. ઠગાય ગયો છે. એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય માન્યું (એ) ઠગાય ગયો છે. આહાહા..! પોતે. બીજું કોણ? આહાહા..!

ભાઈ! એ ચીજનું માહાત્મ્ય અને સમ્યગ્દર્શનનું માહાત્મ્ય શું છે એનો લોકોને ખ્યાલ આવતો નથી એટલે જાણે શું હશે? છૂટ્યો, સમ્યગ્દર્શન (થયું) એટલે મુક્ત થયો. આખું મુક્ત દ્રવ્ય છે એનો અનુભવ થયો (તો) મુક્ત જ છે. એ પર્યાયમાં જરી અશુદ્ધતા (છે) એનાથી મુક્ત છે, એનાથી મુક્ત છે. આહાહા..! ધર્મી(ને) એકલા મુક્ત સ્વરૂપનો અનુભવ છે તેથી તેની પર્યાયમાં અશુદ્ધતાથી મુક્ત છે. અશુદ્ધતાથી મુક્ત છે એટલે મુક્ત જ છે. પર્યાયમાં પૂર્ણ મુક્ત થશે. સમજાણું કાંઈ? આહાહા..!

**'તે જ કાળે...'** **'सद्यः'** નામ તે કાળે એમ. **'समुन्मज्जता'** **'પ્રગટ થાય છે...'** ઉછળે છે, ઉત્પન્ન થાય છે, તે જ કાળે ઉત્પાદ થાય છે. મિથ્યાત્વનો વ્યય થાય છે, સમ્યક્‌નો ઉત્પાદ થાય છે, પૂર્ણ અસ્તિત્વના દ્રવ્યના આશ્રયે. એટલે પૂર્ણ દ્રવ્ય એ ધ્રુવ રહ્યું. એનો આશ્રય કરતાં ઉત્પન્ન થયો આનંદ અને પૂર્વની પર્યાય જે મિથ્યાત્વ આદિ હતી એનો વ્યય (થયો). ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તં સત્. ૨૫૨ (કળશ પૂરો) થયો.

**માગશર વદ ૬, મંગળવાર તા.૧૪.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૨ અને ૨૫૩. પ્રવચન - ૨૬૯**

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ-ટીકા'નો છઠ્ઠો કળશ છે. **'पशुः नश्यति'** ત્યાંથી આવે છે. **'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જીવસ્વરૂપને સાધી શકતો નથી.'** જીવસ્વરૂપ એકરૂપ ત્રિકાળ દ્રવ્ય છે એની એક સમયની પર્યાયમાં ભલે બધું જાણવાનું હો પણ એક સમયનો પર્યાય એ કાંઈ આખું દ્રવ્ય નથી. સમજાણું? અભેદ દ્રવ્ય અહીં લેવું છે. એકરૂપ દ્રવ્ય. એકરૂપ દ્રવ્યને માનતો નથી. સમજાણું? પર્યાયને જ વસ્તુ માને છે. એક અંશને જ આખી વસ્તુ માને છે, એવા જીવસ્વરૂપને સાધી શકતા નથી.

**'કેવો છે?'** **'परितः शून्यः'** **'સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે.'** **'परितः'** સર્વ પ્રકાર, **'परितः'** એટલે સર્વ પ્રકારે શૂન્ય–ખાલી. એટલે શું છે? જેમ લોકનો એક અંશ અનંત અલોક પાસે તો એક જરીક છે. સમજાણું? અનંત... અનંત... અનંત... અનંત... અલોક વસ્તુ આખી.

એમ આત્માનો એક સમયનો પર્યાય એને અંતરમાં જુઓ તો એ વસ્તુ અમાપ... અમાપ... અમાપ... અમાપ... અમાપ... અમાપ... એકએક ગુણનું અમાપ(પણું છે) પણ પેલું ક્ષેત્રથી છે, આ ભાવથી છે. પણ એ બધા ભાવનું અમાપપણું એકરૂપ દ્રવ્ય (છે) એવી અભેદ દૃષ્ટિને સિદ્ધ કર્યા વિના અજ્ઞાની પર્યાયને–અંશને જ માને, આવી ચીજને ન માને તો એ વસ્તુને સાધી શકતો નથી. સમજાણું કાંઈ? વસ્તુ છે. એમાં અહીં કીધું ને પહેલું?

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ભેદ પાડવા એ પરદ્રવ્ય થઈ ગયું. વસ્તુ અખંડ છે નિર્વિકલ્પ વસ્તુમાત્ર. જુઓ અહીં કહેશે કે, **'સર્વ પ્રકારે તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. શા કારણથી?'** **'स्वद्रव्यानवलोकनेन'** આમાં આવ્યું. જુઓ! **'स्वद्रव्यानवलोकनेन'** **'સ્વદ્રવ્યની વ્યાખ્યા નિર્વિકલ્પ વસ્તુમાત્ર...'** જે પહેલી કીધી હતી. સ્વદ્રવ્ય નિર્વિકલ્પમાત્ર વસ્તુ. લક્ષણ કહ્યું હતું ને પહેલું? નિર્વિકલ્પ વસ્તુ અભેદ એકાકાર ચીજ, એવી જે અભેદ વસ્તુમાત્ર (ચીજ). **'अनवलोकनेन'** **'પ્રતીતિ કરતો નથી, તે કારણથી.'** એ ચાર બોલ કહેવાનું કારણ હતું કે, અભેદની દૃષ્ટિ કરવી જોઈએ. પર્યાયની કબુલાત થતાં અંશ ભલે હો છતાં વસ્તુ અભેદ છે તેની ઉપર દૃષ્ટિ જોઈએ. સમજાણું કાંઈ?

કહે છે, **'स्वद्रव्यानवलोकनेन'** એટલે સ્વદ્રવ્યની વ્યાખ્યા–નિર્વિકલ્પ વસ્તુમાત્ર. ભેદ પાડવો દ્રવ્ય, આ દ્રવ્ય એમાં આ ભેદ સવિકલ્પથી વિચાર કરીને (ભેદ પાડવો) એ વસ્તુ જ પરદ્રવ્ય છે. આવ્યું હતું ને એમાં? પરદ્રવ્ય સવિકલ્પ ભેદ-કલ્પના. એકલો અખંડ જ્ઞાયક ભાવ દ્રવ્ય ધ્રુવ સ્વરૂપ અભેદ એક નિર્વિકલ્પ વસ્તુમાત્ર, એના અનઅવલોકને – એના ઉપર અવલોકન નહિ હોવાથી **'परितः शून्यः'** ઇ તત્ત્વજ્ઞાનથી રહિત છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ.

વસ્તુ છે ને? વસ્તુ. એનો અંતર... અંતર... અંતર... એક અંશ. લક્ષ ભલે પર્યાય કરે. સમજાય છે? પણ પર્યાય લક્ષ કરે છે એ વસ્તુ તત્ત્વ આખું એક અભેદ અભેદ મહા સાગર (છે). જ્ઞાન અનંત, દર્શન અનંત, આનંદ અનંત એવા ભાવનું એકરૂપ દ્રવ્ય. સમજાણું કાંઈ? અલોક આગળ લોક તો આટલો જરીક. એમ દ્રવ્ય આગળ એક સમયની પર્યાય આટલી એક જરીક. એવી એકરૂપ અભેદ નિર્વિકલ્પ ચીજ. ભાઈ! એ પદાર્થ એવો છે કે એમાં જ્ઞાન અંદર આમ જતા જેનો પાર નથી એવું દ્રવ્ય જે અભેદ છે ત્યારે એને વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ દૃષ્ટિ થાય. એ માટે આ ચાર (ભંગ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અભેદ બતાવ્યા છે. કાલે બધો અધિકાર આવી ગયોને? સમજાણું કાંઈ?

એકરૂપ વસ્તુ, એકરૂપ ક્ષેત્ર, એકરૂપ કાળ એટલે એમ ને એમ આખું, વસ્તુ તે એનો કાળ આખો. એકરૂપ આખો ભાવ. એનું ચારનું પણ એકરૂપ પાછું. ચારેય ભાગ. સમજાણું કાંઈ? એવા સ્વદ્રવ્યના અનઅવલોકને. પર્યાયમાત્રને માને પણ આ ચીજને ન માને. એથી **'परितः शून्यः'** તત્ત્વ વસ્તુ આખી દૃષ્ટિમાં શૂન્યતા એને આવે છે, વસ્તુની પ્રાપ્તિ થતી નથી. સમજાણું કાંઈ? **'નિર્વિકલ્પ વસ્તુમાત્રની પ્રતીતિ કરતો નથી, તે કારણથી.'** અણઅવલોકનનો

અર્થ પ્રતીતિ કરતો નથી, અવલોકતો નથી એટલે પ્રતીતિ કરતો નથી. સમજાણું કાંઈ?

**'વળી કેવો છે?' 'प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः' 'प्रत्यक्ष' 'અસહાયરૂપે લખેલાની માફક...'** પ્રત્યક્ષ એટલે આમ આમ બધું છે ને? આમ આ પરદ્રવ્ય. આ દ્રવ્ય છે ને? જ્ઞાનની પર્યાયમાં આ બધું જણાય. આમ જાણે. અસહાય એટલે આ બધું આમ સીધું જણાય છે એમ. અને **'લખેલાની માફક...'** પર્યાયમાં બધું આવી ગયું હોય. **'જેવો ને તેવો અમિટ (-અટળ)...'** એમાં જાણે નહિ મટતો હોય, એ બધી ચીજ પર્યાયમાંથી ન મટે. એવો **'જે જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું જે અસ્તિત્વ,...'** શું કહે છે? વર્તમાન જ્ઞાન પર્યાયના અંશમાં આ બધું પરદ્રવ્ય જ એકલું ભાસે છે. આમ બધું ભાસે. પ્રત્યક્ષ એટલે કે અસહાય એટલે કે જાણે સીધું આ જ પ્રત્યક્ષ હોય ને આ જ સહાય વિનાની ચીજ હોય એ પરદ્રવ્ય જ ભાસે છે, પરદ્રવ્યનું જ અસ્તિત્વ એને ભાસે છે. સમજાય છે કાંઈ?

અંશમાત્રના માનનારને અંશમાં એ ચીજ જ પ્રત્યક્ષ આ જ જાણે (ભાસે છે). સહાય વિનાની પ્રત્યક્ષ અમિટ આલેખાયેલી જ્ઞાનમાં આ જ ચીજ છે એમ એને ભાસે છે. ભારે વાતું, ભાઈ! ધર્મ કરવામાં બધું આવું સમજવું પડતું હશે? હેં? આહાહા..! એ સામાયિક કરીને, પોષા કરીને બેસી જાય, થઈ ગયું જાવ. ભાઈ! તારી પ્રભુતાનો પાર નહિ, ભગવાન! તું આટલા ક્ષેત્રમાં છો એમ ન જો. તારી એક સમયની પર્યાયમાં તો લોકાલોક જણાય જાય. એટલો પર્યાયને માને ને દ્રવ્યને ન માને એમ અહીં તો કહેવું છે, ભાઈ! આહાહા..! પર્યાયને એટલે કે, લોકાલોક જણાય એવો એક પર્યાય. એક સમયની પર્યાયને માને એટલે પરને માને (એમ) એનો અર્થ (થયો). સ્વદ્રવ્ય જે આખું જેમાં એક સમયનો પર્યાય લોકાલોકને જાણે એવું જે પરદ્રવ્ય એને કબુલતા ભગવાન આખો અણઅવલોક્યો રહી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેમાં નજર ન પહોંચે. આકાશ–ક્ષેત્રનો ક્યાં અંત છે? એ આ નજરના ધ્યેયમાં અમાપ... અમાપ... અમાપ... અમાપ... એકરૂપ અમાપ મોટો સાગર, એકરૂપ વસ્તુ એવા તત્ત્વને પ્રતીતિમાં કે જ્ઞાનમાં લીધા વિના એકલા અંશમાં આ બધું જાણે પ્રત્યક્ષ આ જ હોય, આખી ચીજ તો જાણે ગુમ થઈ ગઈ હોય (એમ ભાસે છે). સમજાય છે કાંઈ? એ લખાયેલા એટલે કે આમ જાણે કોતરાય ગયા બધા દ્રવ્ય લોકાલોક જાણે પર્યાયમાં કોતરાઈ ગયા હોય. એટલો જ જાણે હું હોઉં. સમજાણું? અમિટ એટલે સ્થિર થઈ ગઈ છે, ઇ પર્યાયમાં બધું સ્થિર થઈ ગયું છે. એ પરનું જાણવું જાણે પર્યાયમાં સ્થિર થઈ ગયું હોય અને તે પરદ્રવ્યને જ્ઞેયાકારે પરિણામ જે પોતાના થયા તેનાથી માન્યું. **'તેનાથી માનેલું જે...'** હોવાપણું, એટલાથી માન્યું પોતાપણું, એટલાથી માન્યું પોતાનું અસ્તિત્વ, એટલાથી માન્યું પોતાની હયાતી અને આખું તત્ત્વ દ્રવ્ય રહી ગયું માટે એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે. આહા..! સમજાણું કાંઈ?

જેમાં નજર નાખતા વિકલ્પ રહે નહિ. કારણ કે, અમાપ ચીજ છે, અમાપ ચીજ છે

એમાં આમ થતાં વિકલ્પ રહે નહિ. કારણ કે, વિકલ્પની તાકાત નથી કે, એમાં એકાગ્ર થઈ શકે. સમજાય છે કાંઈ? એવી અમાપ ચીજ ભગવાનઆત્માને જે દૃષ્ટિમાં લેતો નથી, જોતો નથી, એમાં સન્મુખ થતો નથી તેને તે દ્રવ્ય લક્ષમાં, પ્રતીતમાં, અનુભવમાં આવતું નથી તેથી તેની એક સમયની પર્યાય જ તેને અનુભવમાં આવે છે. આ લોક ને અલોક જે કંઈ ખ્યાલમાં આવ્યા આ વસ્તુ... આ વસ્તુ... આ વસ્તુ... સમજાણું કાંઈ?

ઝીણું પડે પણ જેમ છે એમ હોય કે બીજી રીતે થાય એ શી રીતે? કહો! 'જમુભાઈ'! શું કરવું? કહો! શેરો મોંઘો પડે એટલે કાંઈ પછી પાણીનો ને ધૂળનો ને ગારાનો થાતો હશે? શેરા કહતે હૈં ના? હલવા. મોંઘો બહુ પડે, ભાઈ! એમાં અત્યારનું પાંચ શેર.. શું કહેવાય? પાંચ રૂપિયાનું ઘી શેર, એમ કહે છે કાંઈક, ઓછુંવત્તું ગમે ઇ હોય. પાંચ રૂપિયાનું શેર ઘી ને સાકર મોટી મોંઘી ને.. હેં? ઘઉં પણ કેટલા મોંઘા! એ કરતા ધૂળ, પાણી ને ગારો નાખીને લાડવા તો થાય. કાંઈ ન થાય. ભૂખ ભાંગે નહિ અને મફતની જાય બધી મહેનત. એમાં એ ચીજ છે એટલી કિંમત ભરવી પડશે. હેં?

એમ આ વસ્તુ–આત્માનો ધર્મ જેણે કરવો છે એણે જ્ઞાનમાં આખી ચીજ કોણ છે એ જ્ઞાનમાં એને લેવી પડશે. એટલી એને કિંમત ભરવી પડશે. જે શ્રદ્ધાના પર્યાયમાં આખો આત્મા દૃષ્ટિમાં–પ્રતીતમાં આવે એટલી એને કિંમત દેવી પડશે. આહા..! સમજાણું કાંઈ? એ વિના એકલી વર્તમાન અવસ્થાને માને...

અહીં તો કહે છે '**જ્ઞેયાકાર જ્ઞાનનો પરિણામ તેનાથી માનેલું...**' એમ લીધું છે, હોં! રાગને માને, પુણ્યને માને એ વાત અહીં નથી લીધી. રાગ-પુણ્યના ભાવ, દયા-દાનના ભાવ એનું જે થતું જ્ઞાન; દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ એનું પર્યાયમાં થતું જ્ઞાન, એ પર્યાયમાં અનેકપણું થઈ ને એ પર્યાયને માને. પેલાને માને એ તો આત્મામાં છે જ નહિ, એ તો આસ્રવ તત્ત્વમાં ગયું. આ તો આત્મામાં જે છે, એના એક અંશમાં જે છે એ અંશમાં બધું જણાય છે એટલાને આત્મા માને તો એણે પરદ્રવ્યમાં પોતાપણું માન્યું. કહો, 'વજુભાઈ'! બહુ ભારે વાત છે. હેં? એ કાલે ઘણું બધું આવી ગયુ. સમજાણું આમાં? આહા..!

એ તો એક ન્યાય એવો આવ્યો હતો ને? દ્રવ્ય અને પર્યાય ભેદ પાડે એ વ્યવહાર છે. એટલો એક ન્યાય આવે છે ને? ભાઈ! એ જુદી વસ્તુ, એ જુદી વસ્તુ. અહીં જુદી અપેક્ષા કહેવી છે. અહીં તો મહાન આખું અસ્તિત્વ. એક સમયનો પર્યાય આ બધું જાણે એ નહિ. સમજાણું? ઉત્પાદ-વ્યય વિનાનું એકલું તત્ત્વ અભેદ આખું અખંડ, જેને જ્ઞાયકભાવ કીધો ને?

એકરૂપ વસ્તુ જેમાં અપાર અપાર સાગર મોટો સાગર, સાગરને–આ સાગરને પણ હદ હોય છે. આ તો અપાર સાગર અદ્‌ભૂત ચૈતન્ય રત્નાકર નિધિ. એવી દૃષ્ટિમાં ન લે, આવડા પરમાત્માને અવલોકન ન કરે ને એકલા પર્યાયના અંશમાં જ રોકાય જાય એને

સ્વદ્રવ્યની પ્રતીતિની ખબર નથી. સમજાણું કાંઈ? જેમાં નજરું નાખતા નજર થઈ જાય વિકલ્પ વિનાની. મહાન છે ને અભેદ વસ્તુ? આમ અભેદ ઉપર જતા જેની નજર જ વિકલ્પ વિનાની થઈ જાય. એ વિકલ્પ વિનાની નજર પુરતો'ય આત્મા નથી, અહીં કહે છે. આહાહા..! સમજાય છે? આખો અખંડાનંદ પ્રભુ, એને જે અંતર દૃષ્ટિમાં આમ લેતો નથી. અવલોકે છે પર્યાય, પ્રતીત કરે છે પર્યાય પણ આની આમ પ્રતીત કરી છે એમ નહિ, એ પર્યાય આની પ્રતીત કરે છે. શું કીધું? એક સમયની પર્યાયમાં જ્ઞેયાકારરૂપે પરિણમન થયેલા પર્યાયને પ્રતીત કરે છે એ તો પરદ્રવ્ય પ્રતીત થઈ. સમજાણું કાંઈ?

એ જ પર્યાયમાં પ્રતીત કરે છે 'આ આખો'. ત્યારે તત્ત્વનું અવલોકન એણે કર્યું ને તત્ત્વની પ્રતીત એણે કરી. એમ અજ્ઞાની એવા મહાન પદાર્થ ઉપરની દૃષ્ટિ કરતો નથી, એકલા પર્યાયમાત્રને પૂર્ણ માનીને બધું જાણે આ જ આ છે એ માની **'અસ્તિત્વ, તેનાથી ઠગાયો છે...'** એ પોતાના જ્ઞાન પરિણામમાં એકલું જ્ઞેયનું જ આખું બધું જણાયને ઠગાય ગયો છે, જાણે આ જ જાણે મારું સ્વદ્રવ્ય છે. એ પરદ્રવ્ય તે જ હું છું એમ ઠગાણો છે, છેતરાઈ ગયો છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'वञ्चितः'** પોતાના એટલાને માનવાના અસ્તિત્વથી ઠગાય ગયો છે. **'એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.'** અરે..! એણે પોતાને ઠગ્યો છે, કહે છે. આખો આમ અહીં રહી જાય છે અને આને માન્યો. ઠગાય ગયો, છેતરાઈ ગયો. સમજાય છે કાંઈ?

એક સમયમાં અભેદ વસ્તુ પરમાત્મા પોતે, એને ન અવલોકતો એક સમયની પર્યાયમાં આ બધું જણાય એમાં આ અસ્તિત્વ માની છેતરાણો, કહે છે. આ પરને છેતર્યો હશે આમાં? તું પોતે તને ઠગે છો, હોં! કહે છે. સમજાણું? મહાન પદાર્થ ભગવાન એને અવલોકવાનો અવકાશ લેતો નથી, પ્રતીત કરતો નથી. આટલા એક સમયની વર્તમાન દશામાં જણાતા જ્ઞેયોપણે પરિણમેલું જ્ઞેયાકારપણે જ્ઞાન, એમાં ઠગાઈ ગયો કે, આ જ હું છું. સમજાણું કાંઈ? અહીં તો હજી આ બાયડી-છોકરા ને ફલાણા મારા ને ફલાણા મારા, એ તો બહુ ઠગાઈ ગયો, કહે છે. એને આખી વસ્તુ શાહુકારપદ વસ્તુ રહી ગઈ, ઠગાઈ ગયો. તેં (તને) આટલામાં આખો માની લીધો. આખો ખોટો રૂપિયો આપ્યો ને લે આ ગિનિ. સમજાણું કાંઈ? કહે છે, ઠગાઈ ગયો છે, વંચિત છે **'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.'** ઓ..હો..હો..! આને મિથ્યાત્વ પાપ કહે છે. હવે આમાં કોને ઠગ્યો?

વસ્તુ મહાન પદાર્થ દ્રવ્ય વસ્તુ, એને જ્ઞાનમાં એને દૃષ્ટિમાં ન લેતા આટલો જ બહારનો પલટતો–પરિણમતો એક જ્ઞાનનો અંશ એમાં જણાય એને જ માન્યું, (એ) મિથ્યાદૃષ્ટિ છે કહે છે, પાપ દૃષ્ટિ છે. આહા..! હવે આમાં પાપ શું કર્યું? કે, જીવ મરે, પૈસા રાખે એવું હોય તો પાપ (કહેવાય). પૈસા કોણ રાખી શકે છે? દઈ કોણ શકે છે? એની પર્યાયમાં તે વસ્તુને જાણવાની પર્યાયરૂપે પરિણમી શકે છે. એ પર્યાયના અંશને જ આખો માનીને

આ હું સ્વદ્રવ્ય છું, એણે પરદ્રવ્યમાં સ્વદ્રવ્યપણું માની અને પોતાની ચીજને ઢાંકી દીધી, શ્રદ્ધામાં ઢાંકી દીધી. એ શ્રદ્ધા એની મિથ્યાત્વ છે, એ શ્રદ્ધા એની પાપદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

'**तु**' હવે સવળી (વાત) લે છે. એ અવળાની વ્યાખ્યા કરી. હવે '**तु स्याद्वादी पूर्णो भवन् जीवति**' પેલો મરી જાય છે અને આ જીવે છે. ઠગાણો કહો કે મરી ગયો એમ (કહો). સમજાણું કાંઈ? '**એકાન્તવાદી કહે છે તે પ્રમાણે નથી.** '**तु**' શબ્દનો અર્થ કર્યો. '**स्याद्वादी**' '**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' એ ધર્મી જીવ, ધર્મી સત્ય દૃષ્ટિ જીવ, સમ્યક્ સત્ય દૃષ્ટિ જીવ '**पूर्णो भवन्**' '**પૂર્ણ હોતો થકો...**' એટલા સમયમાત્રનો નહિ હું તો અખંડ અભેદ એકાકાર છું. એવા પૂર્ણ ભગવાનઆત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લેતો પોતાના આત્માને જિવાડે છે. જિવાડે છે, શાહુકાર બનાવે છે. સમજાણું કાંઈ? લ્યો, શાહુકાર. પેલો કહે, સાવધ છે. એ ચોર છે અને નિવૃત્ત છે તે શાહુકાર છે. અરે..! સાંભળને. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયને માત્ર માને, દ્રવ્યને ન માને એ ચોર છે, ગુનેગાર ઠગ છે. વ્યાખ્યા પણ આકરી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એક સમયમાં '**पूर्णो भवन्**' '**पूर्णो**' પૂર્ણ છે. '**भवन्**' એટલે પૂર્ણ છે એવી શ્રદ્ધામાં લે છે, એમ. સમજાણું કાંઈ? '**પૂર્ણ હોતો...**' '**भवन्**' છે ને? '**હોતો થકો...**' પૂર્ણ તો પૂર્ણ છે પણ શ્રદ્ધામાં '**पूर्णो भवन्**'. શ્રદ્ધામાં પૂર્ણ '**હોતા થકો...**' હું પૂર્ણ દ્રવ્ય છું, અખંડ એકરૂપ અભેદ છું. સમજાણું કાંઈ? આહાહા..! '**पूर्णो भवन्**' એક વસ્તુ અભેદ એમ શ્રદ્ધામાં શ્રદ્ધારૂપે થતો, પૂર્ણ છું એવી શ્રદ્ધારૂપે થતો '**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' અહીં તો હવે પેલા કહે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો એટલે સમ્યગ્દર્શન. એ..ઇ...! 'જુગરાજજી'! છ છ દ્રવ્યને માનો, નવ તત્ત્વને માને એ વ્યવહાર સમકિત ને વ્યવહાર સમકિત એ ચોથે ગુણસ્થાને સાત પ્રકૃતિના ક્ષયવાળું સમકિત, લ્યો! ગજબ કરી છે ને પણ! અરે..! ભગવાન! તારા અડ્યા-સ્પર્શ્યા વિનાના સમકિત કેવા? સમજાણું?

ભગવાનઆત્મા '**पूर्णो भवन्**'. જુઓ! આ સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા. સમજાણું કાંઈ? '**स्याद्वादी**' એટલે સમ્યગ્દૃષ્ટિ. પર્યાયને જાણે, માને છે પણ અંદર પર્યાય દ્વારા દ્રવ્યને સ્વીકારે છે. '**पूर्णो भवन्**' અપૂર્ણ એકલો પર્યાય નહિ. એકલો અભેદ ભગવાનઆત્મા, એને શ્રદ્ધા-દૃષ્ટિમાં લઈ નિર્વિકલ્પ પર્યાયપણે પરિણમતો. '**પૂર્ણ હોતો થકો...**' એનો અર્થ કે, પૂર્ણ જે અભેદ વસ્તુ છે એ પણે પર્યાયમાં '**પૂર્ણ હોતો થકો...**' એટલે એ દૃષ્ટિ જ્યાં નિર્વિકલ્પ થઈને પૂર્ણને સ્વીકારે છે. સમજાણું કાંઈ? લ્યો! આ વિકલ્પ સહિત, રાગ સહિતમાં આ '**पूर्णो भवन्**' હોતા હશે? હશે?

અરે..! ભગવાન! એ પૂર્ણ પોતે જ એવી ચીજ છે, એ વસ્તુ જ એવી ચીજ છે કે, એમાં નજર જતાં નજર રાગ વિનાની થઈ જાય. સમજાય છે કાંઈ? એના જેવી થઈ જાય. એ વીતરાગ સ્વરૂપ છે એટલે '**पूर्णो भवन्**' દૃષ્ટિ વીતરાગ થઈ જાય છે. વીતરાગ દૃષ્ટિએ

પૂર્ણ વીતરાગના પૂર્ણ સ્વભાવનો સ્વીકાર થાય એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞના એકલા મંત્રો છે. સર્વજ્ઞ તે સર્વજ્ઞાની, સર્વદર્શિ. આવ્યું હતું ને? 'નિજ કર્મ આચ્છાદને' આહા..!

ભગવાન સર્વજ્ઞ સર્વદર્શિ જ વસ્તુ છે. સર્વ–પૂર્ણ. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન એ વસ્તુ જ એવી છે. એની દૃષ્ટિ પૂર્ણને સ્વીકારે. સર્વદર્શિ અને સર્વ જ્ઞાન આવ્યું ને? એટલે પૂર્ણ થઈ ગયું. ભગવાનઆત્મા સર્વજ્ઞ, સર્વ જ્ઞાની, સર્વદર્શિ, પૂર્ણ જ્ઞાની, પૂર્ણ દર્શિ. વસ્તુ આખી, હોં! એકરૂપ. એને દૃષ્ટિએ સ્વીકારતા, એવા પૂરણને સ્વીકારતા '**પૂર્ણો ભવન્**' પર્યાય પણ નિર્વિકલ્પ થઈ જાય છે. ત્યારે પૂર્ણનો સ્વીકાર થાય છે, એને અહીં સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમજાણું? 'નિજ કર્મ આચ્છાદને' પણ અંદરમાં રાગ ને વિકલ્પની એકતામાં, રાગ ને વિકલ્પની એકતામાં એ સર્વજ્ઞ, સર્વદર્શિને જોઈ શકતો નથી. શું કીધું સમજાણું આમાં?

વસ્તુ સર્વજ્ઞ સર્વદર્શી (છે). ઓ..હો..! જેના જ્ઞાનનું સર્વપણું પૂરું જાણવું. પૂરું એની હદ શું? શક્તિરૂપે, હોં! શક્તિરૂપે. એમાંથી સર્વજ્ઞપદ પ્રગટે એ તો પર્યાયરૂપે. આ તો આખી શક્તિ, એવા એવા અનંતા સર્વજ્ઞ પર્યાયના પદનું પદ આ. સમજાણું? એવું સર્વજ્ઞ સર્વદર્શી નિજપદ પૂર્ણ એ '**પૂર્ણો ભવન્**' એ પૂર્ણની પ્રતીત કરનાર પૂર્ણની પ્રતીતરૂપે પરિણમી જાય છે. પેલો અપૂર્ણપણે પરિણમતો અહીં પર્યાયમાં નિમિત્ત, રાગની એકતાબુદ્ધિમાં આ.. આ.. એમ કરીને (પરિણમતો હતો). સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! લોકોને મોંઘી લાગે, હોં! અરે..! ભાઈ! મોક્ષ એટલે.. આહાહા..! અને સાદિ અનંત અતીન્દ્રિય આનંદ. સાદિ અનંત અતીન્દ્રિય આનંદ અને એના કારણરૂપ માર્ગ અને એ માર્ગમાં સ્વીકાર ભગવાનઆત્માનો. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય જેમ સર્વજ્ઞ ને સર્વદર્શિ કહો એમ અતીન્દ્રિય આનંદનો અપાર માપ વિનાનો એ પિંડ પ્રભુ આત્મા, જેમાં અતીન્દ્રિય આનંદ પૂર્ણ સર્વજ્ઞને પ્રગટે એવી તો અતીન્દ્રિય આનંદની પર્યાયના સાદિ અનંતના થોકના થોક જેની અતીન્દ્રિય શક્તિમાં, આનંદ શક્તિમાં પડ્યા છે. આહાહા..! એવો પૂર્ણ ભગવાનઆત્મા પૂર્ણમ્ ઇદમ્. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. વેદાંત પણ પૂર્ણમ્ ઇદમ્ કહે છે, પણ આ નહિ. સમજાણું કાંઈ? '**પૂર્ણો ભવન્**' એ લોકોમાં કહે છે, હોં! શબ્દોનો મેળ ખાયને એટલે જાણે (આ જ કહે છે). આ વસ્તુ જ બીજી આ તો. આ તો એક સમયમાં એક દ્રવ્ય પૂર્ણમ્ ઇદમ્. બીજા અનંતા આત્મા રહી ગયા, અનંતા પરમાણુ તો એક સમયની પર્યાયના જ્ઞેયમાં રહી ગયા. સમજાણું કાંઈ? આહાહા..!

મોરલી વાગે તો સામે સર્પ ડોલે. ઝેર ચડેલા, હોં! ઝેરવાળો. પણ એને રસ (આવે છે). એમ સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિની મોરલી વાગી અરે..! આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ તું છો ને! ક્યાં રોદણા રો છો તું? ક્યાં જઈને જાવા-બાવા નાખ્યા તેં? એક સમયની પર્યાયને પૂરો માન્યો, મૂઢ છો. આ શું છું? એને ઠેકાણે હજી તો રાગ ને પુણ્ય ને પાપવાળો ને એનાથી મજા (માને). અરે..! (એ તો) મહા દૃષ્ટિ પાપ (છે). સમજાણું કાંઈ? રાડ નાખી

ગયા, અર..ર..! પુણ્યનું જરી (કડક) આવ્યું તો રાડ નાખી ગયા. આકાશ-પાતાળ એક કરે છે, કો'કે કાલે લખ્યું છે ને? ભાઈ! પુણ્યને જરીક વિષ્ટા કીધી તો હવે આકાશ-પાતાળ એક કરે છે. અરે..! ભગવાન! તને મીઠાશ છે, બાપુ! એની જરીક રુચિ છોડવાનો ભાવ એને ખ્યાલમાં આવે એ માટે આ ભાષા આવી ગઈ, સાંભળને! આહાહા..! અહીં તો એ વાતેય નથી.

અહીં તો એક સમયના જ્ઞાનની દશામાં એ જ્ઞેયો પુણ્ય-પાપના વિકલ્પો અને એનું ફળ આ જ્ઞાનની પર્યાયમાં જણાય એટલાને પોતાને માને તેને મૂઢ કહે છે. એ.. 'હિંમતભાઈ'! રાડ નાખે છે, રાડ નાખે છે. બાપા! એ તારા કાળ છે ને, ભાઈ! એ રોદણા એણે અનંત કાળથી રોયા છે. ટાણા મળ્યા ત્યારે રોયો છે. સમજાય છે? એમ નહિ... એમ (નહિ). અરે..! ભગવાન! સાંભળ પ્રભુ! અરે..! નિગોદના ભવમાંથી નીકળવાના ટાણા આવ્યા. અનંત અનંત નિગોદની ગતિઓ, ભાઈ! તારા એ નિગોદના દુઃખો તેં વેદ્યા (અને) ભગવાન જાણે. તને આ જરીક બહારમાં આવી ગયું તો હો.. હા.. (કરવા મંડ્યો). કાંઈ નથી, ધૂળ-ધાણી છે. સમજાણું કાંઈ? આહા..!

અહીં તો કહે છે કે, શાતા-અશાતાના ફળો અને એનો વિકલ્પ જે પુણ્ય આદિનો ઉઠે, એનાપણે જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમ્યું એવો જે પર્યાય એને માને તે પરદ્રવ્યને જ માને છે, તારી દૃષ્ટિમાં સ્વદ્રવ્ય આખું રહી ગયું, ભગવાન! ધર્મીને આખો દ્રવ્ય આત્મા દૃષ્ટિમાં, જ્ઞાનમાં ભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન આમ જોવે છે ને આમ જોવે ત્યાં તો અંદર આખો મોટો માપ વિનાની ચીજ આમ ભાસે ત્યાં એનો અંત ન ભાસે એટલે ત્યાં એને વિકલ્પ તૂટી જાય. સમજાણું કાંઈ?

એવો **'पूर्णो भवन्'** વસ્તુ પૂર્ણ છે, પ્રતીત પણ પૂર્ણ યથાર્થ શ્રદ્ધા થઈ ગઈ એમ કહે છે. સમ્યગ્દર્શન થઈ ગયુ પૂરું. પછી ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એની કાંઈ વાત નથી. આહાહા..! જેનો વિષય એક અભેદ જ રહી ગયો. સમજાય છે કાંઈ? **'पूर्णो भवन्' 'जीवति' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકે છે...'** જીવાડે છે એટલે? જીવાડે છે એટલે? અસ્તિત્વપણે જેવું છે તેવું શ્રદ્ધામાં રાખે છે. જેવો પૂર્ણાનંદ પ્રભુ આત્મા (છે) એને શ્રદ્ધા-જ્ઞાનમાં લેતા જેવું છે તેવું તેને રાખે છે. અજ્ઞાની પર્યાયને માનનાર જેમ છે તેમ જેવી વસ્તુ છે તેમ રાખતો નથી, રાખતો નથી એટલે વસ્તુને મારી નાખે છે. આહાહા..! જીવન-મરણના સોદા. સમજાણું કાંઈ? જુઓને! ભાષા કેવી કરી છે! જોયું? **'जीवति'** પેલામાં વંચિત કહ્યું હતું (એટલે) એણે મારી નાખ્યો. ઠગ્યો ભાઈ! તેં ઠગ્યો. બાપુ! ભગવાનને વિસરીને એક સમયની પર્યાય જ્ઞેયાકારને સ્વીકારી ઠગાયો (છો), બાપુ! આહાહા..!

કહે છે, **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકે છે – અનુભવ કરી શકે છે.'** .**'जीवति'** એટલે આ આખી ચીજ અભેદ એકરૂપ છે એની શ્રદ્ધા કરી ને એટલે એને જેવું છે એવું

શ્રદ્ધામાં જીવતું રાખ્યું. તે જીવ જીવતો થયો. સમજાણું કાંઈ? એ જીવ જીવતો થયો. આહા..! જીવ વળી જીવતો થયો? આહા..! એ 'ન્યાલભાઈ'! આ કઈ જાતની વાત હશે? જૈન પરમેશ્વરના ઘરની હશે? તમે મોટા જુના માણસ છો. ઉપાશ્રયમાં ચાલતું હતું આવું? નહોતું? ભાઈ! અમે ગયા ત્યારે એ પહેલા અપાસરામાં વ્યાખ્યાન સાંભળીને પછી આવીશ, (એમ) કહે. એ પહેલા ન્યાં બેઠા હતા પછી આવ્યા હતા. ખબર છે? વહેલા ગયા હતા. ત્યારે ન્યાં સાંભળતા હતા, વ્યાખ્યાન સાંભળતા હતા. તે દિ', આ 'પોરબંદર' જાવું હતું તે દિ'. ખબર છે, બધી ખબર છે, હોં! બધા લેખા તો લખાણા હોય ને! બાપા! પછી આવશે, વ્યાખ્યાન પૂરું થશે પછી (આવશે). સંવત ૨૦૧૦ ની સાલ થઈ ને? દસ, દસ. તમે હતા? 'ભોળાભાઈ'ના મકાનમાં ઉતર્યા હતા. ત્યાં 'ન્યાલભાઈ' પણ સાંભળે. પછી આવશે, વ્યાખ્યાનમાં આવશે. અહીં કહે છે ભગવાન પણ ઘર ક્યું તારું? આહાહા..!

એ નિધાન ભગવાનઆત્માને તેં શ્રદ્ધામાં લીધો ત્યારે તું જીવતો થયો. બીજાને જીવતો કરવો કે મારવો એ તારા અધિકારમાં નથી. બીજા જીવને મારવું કે જીવાડવું (તારા અધિકારમાં નથી). અરે..! ભગવાન! ગજબ કર્યા તેં! બીજાને મારી શકીએ, બીજાને જીવાડી શકીએ એનો અહંકાર ન કરવો. અરે..! પ્રભુ! પરદ્રવ્યની પર્યાય કરી શકે, બાપુ! આ તે શું થયું તને? આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો તારી પર્યાયના અસ્તિત્વને એટલાને માને તોય મૂઢ કહે છે, તો પરના કરવા-ફરવાની વાતું (તો ક્યાંય રહી ગઈ). આહાહા..!

**'શાના વડે?'** હવે **'એ અનુભવ કરી શકે છે. શાના વડે?' 'स्वद्रव्यास्तितया'** છે ને? **'स्वद्रव्यास्तितया'** જે વાત ઉપાડી હતી (કે) સ્વદ્રવ્ય કોને કહેવું? કે, સ્વદ્રવ્ય નિર્વિકલ્પમાત્ર વસ્તુ, એમ પહેલું કહ્યું હતું ને? એનો એ શબ્દ અહીં ઉપાડે છે ને મૂકે છે. **'स्वद्रव्य' 'નિર્વિકલ્પ જ્ઞાનશક્તિમાત્ર વસ્તુ,...'** ન્યાં નિર્વિકલ્પ વસ્તુમાત્ર કીધી હતી, અહીં 'જ્ઞાન' શબ્દ નાખીને વધારે કહ્યું. સ્વદ્રવ્ય કોને કહીએ? કે **'નિર્વિકલ્પ જ્ઞાનશક્તિમાત્ર...'** શક્તિમાત્ર, હોં! પર્યાય નહિ, શક્તિ–સત્ત્વ માત્ર એકલું. એકલું જ્ઞાન સ્વરૂપ. જ્ઞાનથી વાત લીધી છે પણ અનંત ગુણ સ્વરૂપ એક.

અભેદ **'જ્ઞાનશક્તિમાત્ર વસ્તુ, તેના...' 'अस्तितया' 'અસ્તિત્વપણા વડે.'** એના અસ્તિત્વ દ્વારા જીવને જીવાડી રાખ્યો છે. સમજાણું કાંઈ? ભગવાન! એક સમયમાત્રમાં જ આખું તત્ત્વ, જ્ઞાનશક્તિમાત્ર માત્ર એકલી વસ્તુ એમ પ્રતીતમાં લેતો જીવને જીવતો રાખ્યો. આ ભાષા કઈ જાતની? 'ભીખાભાઈ'! **'શું કરીને?'** હવે કહે છે, શું કરીને? **'निपुणं निरूप्य', 'निपुणं निरूप्य' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુનો...'** નિપુણની વ્યાખ્યા તો એટલી છે કે, પોતાના અસ્તિત્વથી. નિપુણપણું, નિપુણપણું એટલે પોતાનું હોવાપણું તે નિપુણપણું. સમજાણું કાંઈ? જેવી પૂર્ણ અભેદ એકાકાર વસ્તુ છે તે નિપુણ છે, તે નિપુણ છે, તે જ અસ્તિત્વ છે. એ અસ્તિત્વને નિપુણ કહ્યું ને નિપુણ તેને અહીં અસ્તિત્વ કહ્યું છે, બસ. સમજાણું કાંઈ? પુસ્તક રાખ્યું છે કે

નહિ? 'રસીકભાઈ'! છે પુસ્તક? જુઓ આ જુઓ તો ખરા, પંપને ફેરવ્યા ફેરવ કરો છો. આહાહા..!

કહે છે, **'निपुणं निरूप्य'** નિપુણ એટલે પોતાનું અસ્તિત્વ. કેવું? કે, જ્ઞાનમાત્ર જીવવસ્તુ. એ તો એના પછી વિશેષણથી સમજાવ્યું, સમજાણું? ભગવાન જ્ઞાન શક્તિ સત્ત્વમાત્ર વસ્તુ. **'પોતાના અસ્તિત્વથી કર્યો છે...'** **'निरूप्य'** એટલે અનુભવ. નિપુણનો નિરુપ્ય, નિપુણનો નિરુપ્ય. પોતાના પૂર્ણ અસ્તિત્વનો અનુભવ. સમજાણું કાંઈ? **'શું કરીને?'** એમ કીધું ને? શું કરીને જીવતો રાખ્યો જીવને? શું કરીને જીવતો રાખ્યો જીવને? સમ્યગ્દષ્ટિએ પોતાનું હોવાપણું પરિપૂર્ણ વસ્તુ છે એનો અનુભવ કરીને. અનુભવ કરીને સમ્યગ્દષ્ટિએ જીવને જીવતો રાખ્યો. સમજાણું કાંઈ?

**'શાના વડે?'** અસ્તિત્વ દ્વારા. પછી કહ્યું, શું કરીને? કે, આ દ્વારા. **'શાના વડે?'** **'विशुद्धबोधमहसा'** **'નિર્મળ જે ભેદજ્ઞાન તેના પ્રતાપ વડે.'** જુઓ! વળી કોઈ વિકલ્પ દ્વારા, રાગ દ્વારા, નિમિત્ત દ્વારા, સંઘયણ દ્વારા, મનુષ્ય દ્વારા, દેહ દ્વારા કાંઈ છે? આહાહા..! **'विशुद्धबोधमहसा'** નિર્મળ જે ભેદજ્ઞાન. આમ પર્યાયથી આખી ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ? **'નિર્મળ જે ભેદજ્ઞાન તેના પ્રતાપ વડે.'** એ પર્યાયની વાત લીધી. **'विशुद्धबोधमहसा'** દ્વારા. ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ! ભેદજ્ઞાનની, નિર્મળ ભેદજ્ઞાનની મહિમા પ્રતાપ દ્વારા, એના પ્રતાપ દ્વારા જીવને જીવતો રાખ્યો. સમજાણું આમાં?

**'विशुद्धबोधमहसा'** ભગવાન નિર્મળ જ્ઞાન. જેણે પર્યાયના અંશથી હટી આખા પૂર્ણ તરફ વળ્યો એવું જે ભેદજ્ઞાન (તેના) દ્વારા. પ્રતાપ એનો છે. ભેદજ્ઞાનના પ્રતાપ દ્વારા જીવને અનુભવ્યો અને જીવને જીવતો કર્યો. સમજાણું કાંઈ? કોઈ વિકલ્પ હતો ને કષાયની મંદતા હતી ને માટે આ થયું (એમ નથી કહ્યું). આહા..! મહાન પદાર્થને પડખે ચડતાં વિકલ્પ કામ શું કરે ત્યાં? કહે છે. સમજાણું કાંઈ? પ્રભુ! મહાન આનંદનો કંદ વસ્તુ અભેદ, એને સમ્યગ્જ્ઞાન, ભેદજ્ઞાન એ પર્યાયનો અંશ છે એટલો નહિ એમ ભેદજ્ઞાન, રાગથી તો ભેદ જુદો પડ્યો હતો જ્ઞાન પર્યાય, પણ એક પર્યાય તે આટલો નહિ એવું ભેદજ્ઞાન કરતા અભેદ એકાકાર જીવ અનુભવમાં લીધો એ ભેદજ્ઞાનના પ્રતાપ દ્વારા. સમજાણું કાંઈ?

ઇ કળશ ભલે પેલામાં લખ્યા એ બધા ચૌદ વાર વંચાઈ ગયા છે. આ જુદી જાતના કળશા છે. આ અમૃત ભરેલા કળશા 'અમૃતચંદ્રાચાર્ય'ના છે ને? ટીકા પણ કરી છે ને! 'પાંડે રાજમલ જૈન ધર્મી, પાંડે રાજમલ જૈન ધર્મી સમયસાર નાટકના મર્મી' એમ 'બનારસીદાસે' એણે પણ... આહા..! અરે..! ભગવાન! અરે..! 'બનારસીદાસ' કહે છે.

હમણાં એક ફેરી કહ્યું નહોતું? ભગવાન! મુનિ કહે છે, પ્રભુ! તારા દીક્ષાના કાળે જે અનંત આનંદ હતો ને એવો જ અનંત આનંદ ચારિત્રવંતને છે, હોં! એમાં કાંઈ ફેર નહિ, હોં! આવ્યું હતું ને? 'પરમાત્મ પ્રકાશ'માં. ભગવાન! આપને તો ઇન્દ્રો સેવક હતા ને? આમ

પરમ ઔદારિક શરીર લઈને આવ્યા છો ને! છન્નું હજાર ચક્રવર્તી તીર્થંકર હોય એને છન્નું હજાર પદમણી સ્ત્રી હતી ને! છ ખંડના રાજ હતા ને! આપે છોડ્યા (ત્યારે) ચારિત્ર વખતનો આનંદ કોઈ બીજો હશે અને અમે ત્યાગ–ચારિત્રમાં આવ્યા (તો) કોઈ બીજી જાત ઓછી હશે, એમ છે? ના પ્રભુ! ના. હોં! એમ સમ્યગ્દષ્ટિ કહે છે, ભગવાન! નિઃસંદેહમાં જેવા તમે એવા અમે છીએ, હોં! ફેર રાખશો નહીં. એમ કહે છે. એ..ઇ..! આહા..! જુઓ! તો ખરા એ.

પ્રભુ! અમે ચારિત્ર લીધા. બહારના ગરીબ માણસ હતા. ઇ અમારી ચીજ ક્યાં હતી? અને તમે મોટા ઇન્દ્ર તમારા સેવક હતા એ ચીજ તમારી ક્યાં હતી? તમે જે આત્માની દૃષ્ટિ કરીને ચારિત્ર વખતે જે ઠર્યા એ આનંદની જાત ને એવડી જ અમારી પાસે છે, હોં! હા. મોટા વૈભવ, ઝાઝું છોડ્યું માટે આનંદ તમને બધારે ને અમારે ઓછો. ના ના. આહા..! એક કઠિયારો હોય, કાલના લાકડા વેચવા નીકળ્યો હોય. આજનો થઈને ફટ.. મુનિ થાય. પ્રભુ! પણ અમે મુનિ છીએ, હોં! અમારા સ્વરૂપની ચારિત્ર દશા ને ત્રણ કષાયના નાશની જે દશા છે એ દશા તમારી છે. આટલા બધા છોડ્યા ને આટલા થોડા છોડ્યા એ માપ એ ચારિત્રનું માપ નથી. એમ સમ્યગ્દષ્ટિ કહે છે તિર્યંચનું સમ્યગ્દર્શન એવું સિદ્ધનું સમકિત છે, બેમાં કાંઈ ફેર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

તેથી કહ્યું છે ને? સિદ્ધ શ્રદ્ધાના બળે સંસારને ઇચ્છતા નથી. જુઓને જુઓને! નિયત ત્યાં નાખ્યું. 'ટોડરમલ્લે'. સિદ્ધ રાગને કેમ ઇચ્છતા નથી? કર્મ નથી માટે એમ નથી કહ્યું. છે? 'વિમલચંદજી'! 'ટોડરમલ્લ' 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. સિદ્ધ સંસારને કેમ ઇચ્છતા નથી? આસ્ત્રવને કેમ ઇચ્છતા નથી? શ્રદ્ધાનું બળ છે. નિઃશંક સમ્યગ્દર્શન આખા અભેદનું પરિણમન થયું છે ને. ન્યાં સમ્યક્‌નું બળ, હવે નિર્મળ પર્યાય થઈ એનું બળ લે ને. સમ્યગ્દર્શનમાં અભેદની દૃષ્ટિનું જે પરિણમન છે એ શ્રદ્ધાના બળે એને રાગની ઇચ્છા નથી, એમ કીધું. આહા..! સમજાણું કાંઈ? એમ નીચે પણ સમ્યગ્દષ્ટિને ઇચ્છાની ભાવના જ નથી. થઈ જાય ભલે, ભાવના નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, **'विशुद्धबोधमहसा'** આહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એને અમે વિશુદ્ધ બોધ મહિમા પ્રતાપ દ્વારા એને પરથી જુદો પાડ્યો અને એ રીતે આત્માને અનુભવ્યો છે એની મહિમા છે, કહે છે. સમજાણું કાંઈ? **'પ્રતાપ વડે. કેવો છે (ભેદજ્ઞાનનો પ્રતાપ)?'** **'सद्यः समुन्मज्जता'** **'તે જ કાળે...'** જેવો છે એવો પર્યાયમાં ઉછળી આવ્યો છે, કહે છે. ઉછળ્યો છે. સમજાણું કાંઈ? **'समुन्मज्जता'**. શું કીધું? ભગવાનઆત્મા શ્રદ્ધા ને ભેદજ્ઞાન દ્વારા જે આત્માની પ્રતીત ને અનુભવ થયો (તો) કહે છે એ કાળમાં જેવું દ્રવ્ય છે એવી જ પર્યાયમાં ઉછળી આવી છે પર્યાય. **'समुन्मज्जता'** છે ને? પ્રગટ થયું. દ્રવ્ય તો છે પણ પર્યાયમાં પ્રગટ થયો, ભગવાન પ્રગટ થયો કે, આવો આત્મા છે આ. સમજાણું કાંઈ? પર્યાયમાં કેવળજ્ઞાન

પ્રગટ થઈ ગયું. કેવળજ્ઞાનની જ્યોત જ આ તો આત્મા છે. 'શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ્યું' આવે છે ને 'શ્રીમદ્'માં? એ બધું આ કહે છે. આવે છે ને? સમજાણું કાંઈ?

કહે છે કે, દરિયો ઉછળ્યો! ભેદજ્ઞાન દ્વારા એ **'समुन्मज्जता'** ઉછળ્યો. આમ જે ડૂબી ગયો હતો, મિથ્યાશ્રદ્ધામાં વંચિત કરીને ડૂબી ગયો હતો ને? રાગની એકતામાં ને મિથ્યાશ્રદ્ધામાં ને એક અંશની પ્રતીતમાં ભગવાન આખો ડૂબી ગયો હતો. દૃષ્ટિમાં ડૂબ્યો હતો ને? વસ્તુ તો છે ઇ છે. પણ જ્યાં પર્યાયે ભેદજ્ઞાને આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો (તો) **'समुन्मज्जता'**. આખો હતો એવો પર્યાયમાં પ્રગટ દેખાણો, એમ. એ અપેક્ષાએ પ્રગટ્યો (એમ કહેવાય છે).

જ્ઞાયકભાવ નથી આવતું? અગિયારમી ગાથા. શું આવે છે? જ્ઞાયકભાવ આવિર્ભાવ પામે છે. જ્ઞાયકભાવ આવિર્ભાવ પામે છે. અગિયારમી ગાથા. જ્ઞાયકભાવ આવિર્ભાવ પામતો હશે? એ તો પર્યાયમાં છે એવો જણાણો ઇ આવિર્ભાવ પામ્યો. સમજાણું કે નહિ? છે કે નહિ એ? અગિયારમી ગાથામાં છે. બધી શૈલી જ અલૌકિક રચના છે આ બધી. અગિયાર છે ને? અગિયાર, હોં! એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવું અનુભવ્યું. લ્યો! જોયું? 'આવિર્ભાવ કરવામાં આવેલો...' છે ને? 'પુરુષાર્થ દ્વારા આવિર્ભાવ કરવામાં આવેલો...' શું? સહજ એક જ્ઞાયક સ્વભાવપણું, જ્ઞાયકભાવપણું. આવિર્ભાવ પામ્યો. જ્ઞાયકભાવપણું આવિર્ભાવ પામતો હશે? એનો અર્થ કે, જે જ્ઞાયકભાવ હતો એ પ્રતીતમાં આવ્યો એટલે આ જ્ઞાયકભાવ જ આવિર્ભૂતમાં આવ્યો. અલ્પજ્ઞપણું આવિરમાં–પ્રતીતમાં હતું, આ જ્ઞાયકભાવ આવિર્ભૂતમાં આવ્યો. નહિતર વળી એમ કહે, જ્ઞાયકભાવ આવિર્ભાવમાં આવતો હશે? જુઓ! એવો પાઠ છે, હોં! પોતાના પુરુષાકાર દ્વારા આવિર્ભૂત કરવામાં સહજ એક જ્ઞાયક સ્વભાવપણાને લીધે. જેમાં એક જ્ઞાન પ્રકાશમાં એવો અનુભવે છે. આ બધી એ શૈલી છે. એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' છે ને! આ કળશ એમના છે. સમજાણું કાંઈ?

**'सद्यः' 'सद्यः' 'તે જ કાળે...' 'समुन्मज्जता' 'પ્રગટ થાય છે.'** એમ બે વાત છે ને? **'सद्यः'** એમ છે ને? **'सद्यः'** એટલે તત્કાળ. **'समुन्मज्जता'** એટલે તત્કાળ પ્રગટ થયો છે, એમ. સમજાણું કાંઈ? આહા..! ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ! જ્યાં સમ્યગ્દર્શન દ્વારા પ્રતીતમાં લીધો, ભેદજ્ઞાન દ્વારા અનુભવમાં લીધો (તો) કહે છે કે, **'सद्यः समुन्मज्जता'** તત્કાળ–તે કાળે તે પ્રગટ્યો, તે કાળે પ્રગટ્યો. સમજાણું કાંઈ? લ્યો! એ શ્લોક પુરો થયો. એ સ્વદ્રવ્યના અસ્તિત્વનો શ્લોક પુરો કર્યો. સમજાણું? હવે પરદ્રવ્યનું નાસ્તિત્વ એ છઠ્ઠો શ્લોક છે. આત્મામાં પરવસ્તુનું નાસ્તિપણું છે. પરવસ્તુનું અસ્તિપણું આત્મામાં નથી એનો આ છઠ્ઠો શ્લોક કહે છે.

( શાર્દૂલવિક્રીડિત )

सर्वद्रव्यमयं प्रपध पुरुषं दुर्वासनावासितः
स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति।
स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां
जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।।७-२५३।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો, તેથી સમસ્ત જ્ઞેયવસ્તુ જ્ઞાનમાં ગર્ભિત માને છે. તે એવું કહે છે–ઉષ્ણને જાણતું જ્ઞાન ઉષ્ણ છે, શીતળને જાણતું જ્ઞાન શીતળ છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાયકમાત્ર તો છે, પરંતુ જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે, જ્ઞાનમાં જ્ઞેયનો ગુણ નથી. તે જ કહે છે–"किल पशुः विश्राम्यति" ( किल ) અવશ્ય ( पशुः ) એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ ( विश्राम्यति ) વસ્તુસ્વરૂપને સાધવાને અસમર્થ હોતો થકો અત્યંત ખેદખિન્ન થાય છે. શા કારણથી ? "परद्रव्येषु स्वद्रव्यभ्रमतः" ( परद्रव्येषु ) જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન-એવો જે જ્ઞાનનો પર્યાય, તેમાં ( स्वद्रव्य ) નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની ( भ्रमतः ) થાય છે ભ્રાન્તિ, તે કારણથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉષ્ણને જાણતાં ઉષ્ણની આકૃતિરૂપે જ્ઞાન પરિણમે છે એમ દેખીને જ્ઞાનને ઉષ્ણસ્વભાવ માને છે મિથ્યાદૃષ્ટિ જીવ તેમ. કેવો થતો થકો ? "दुर्वासनावासितः" ( दुर्वासना ) અનાદિના મિથ્યાત્વ સંસ્કાર તે વડે ( वासितः ) થયો છે સ્વભાવથી ભ્રષ્ટ એવો. એવો કેમ છે ? "सर्वद्रव्यमयं पुरुषं प्रपद्य" (सर्वद्रव्य) જેટલાં સમસ્ત દ્રવ્ય છે તેમનું જે દ્રવ્યપણું ( मयं ) તે-મય જીવ છે અર્થાત્ તેટલા સમસ્ત સ્વભાવ જીવમાં છે એવી ( पुरुष ) જીવવસ્તુને ( प्रपद्य ) પ્રતીતિરૂપ માનીને.–આમ મિથ્યાદૃષ્ટિ જીવ માને છે. "तु स्याद्वादी स्वद्रव्यम् आश्रयेत् एव" ( तु ) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. તે આ પ્રમાણેઃ ( स्याद्वादी ) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી ( स्वद्रव्यम् आश्रयेत् ) જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે–અનુભવ કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ( एव ) એવો જ છે. કેવો છે સ્યાદ્વાદી ? "समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन्" ( समस्तवस्तुषु ) જ્ઞાનમાં પ્રતિબિંબિત થયું છે સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ, તેમાં ( परद्रव्यात्मना ) અનુભવે છે જ્ઞાનવસ્તુથી ભિન્નપણું, તેના કારણે ( नास्तितां जानन् ) નાસ્તિપણું અનુભવતો થકો. ભાવાર્થ આમ છે કે સમસ્ત જ્ઞેય જ્ઞાનમાં ઉદ્દીપિત થાય છે પરંતુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ થયું નથી. કેવો છે સ્યાદ્વાદી ? "निर्मलशुद्धबोधमहिमा" ( निर्मल ) મિથ્યાદોષથી રહિત તથા ( शुद्ध )

**રાગાદિ અશુદ્ધ પરિણતિથી રહિત એવું જે ( बोध ) અનુભવજ્ઞાન તેનાથી છે ( महिमा ) પ્રતાપ જેનો, એવો છે. ૭-૨૫૩.**

( શાર્દૂલવિક્રીડિત )

**सर्वद्रव्यमयं प्रपध पुरुषं दुर्वासनावासितः**
**स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति।**
**स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां**
**जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।।७-२५३।।**

ઓહોહો..! કહેવું છે એ એવો **'ભાવાર્થ આમ છે કે...'** હજી લેશે તો આગળ. **'કોઈ મિથ્યાદષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે,...'** દેખો! હવે. વસ્તુ છે એમ માને, **'પર્યાયરૂપ નથી માનતો,...'** એક સમયમાં પર્યાયમાં લોકાલોક જણાય એવા છ દ્રવ્ય ને પર્યાયને માનતો નથી. એ પરદ્રવ્ય જ તે હું બધું માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુને દ્રવ્યરૂપ માને, પદાર્થ-પદાર્થ, પર્યાયરૂપ નથી માનતો. એટલે કે પર્યાયમાં જે પર જાણે છે એ પર છે એમ એ માનતો નથી. પર છે તે જ હું છું, એમ (માને છે). પર છે તે જ હું છું. પરને સ્વદ્રવ્ય તરીકે સ્વીકારે છે. **'તેથી સમસ્ત જ્ઞેયવસ્તુ જ્ઞાનમાં ગર્ભિત માને છે.'** આખું લોકાલોક તે હું છું એમ માને છે ને આ વેદાંત આદિ? સમજાણું કાંઈ? અદ્વૈત, બધું અદ્વૈત એક જ છે. આખો લોકાલોક બધું અદ્વૈત એટલે શું આવે છે? 'અહં બ્રહ્માસ્મિ.' આ બધું જ્ઞાન જણાય છે, જ્ઞાન જણાય છે.

**માગશર વદ ૮, બુધવાર તા.૧૫.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૩. પ્રવચન - ૨૭૦**

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ-ટીકા' સાતમો કળશ છે. ફરીને **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદષ્ટિ જીવ...'** આ પરદ્રવ્યથી નાસ્તિરૂપનો શ્લોક છે. આત્મા પરદ્રવ્યથી નથી એનો આ શ્લોક છે. અજ્ઞાની પરદ્રવ્યથી છું એમ માને છે. એમ પહેલો બોલ લઈને પેલો સવળો લેશે. **'વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો,...'** એટલે કે વસ્તુ છે પણ પર્યાયમાં આ બધા ભેદ ને બધું જણાય છે એ બીજી ચીજ છે એમ એ માનતો નથી. એ બધું હું જ છું. પર્યાયમાં જે બધું જણાય તે બધું હું જ છું. મારાથી જુદી કોઈ ચીજ નથી. એમ અજ્ઞાની પરને એકપણે માની પોતાનું પરથી જુદાપણું ચુકી જાય છે. **'તેથી સમસ્ત જ્ઞેયવસ્તુ**

**જ્ઞાનમાં ગર્ભિત માને છે.**' જેટલી ચીજ જાણવામાં આવે એ બધું આત્મામાં પેસી ગઈ છે બધી એમ. જાણવામાં જે ચીજ આવે એ આત્મામાં અંદર પેસી (ગઈ), જુદી રહેતી નથી, અદ્વૈત બધું એક જ છે. '**એવું કહે છે...**' એનો ખુલાસો. અહીં સુધી કાલ આવ્યું હતું.

'**ઉષ્ણને જાણતું જ્ઞાન ઉષ્ણ છે,...**' ખાટું મોઢું નથી થાતું? ખાટું. એ વખતે જ્ઞાન પણ ખાટું થાય ને? ખાટો જીવ થઈ ગયો નથી કહેતા? કહે છે એવું? ખાટો જીવ થતો હશે? ખાટું તો જ્ઞાનની પર્યાયમાં ખાટું છે એમ જણાય છે, જ્ઞાન ખાટું થતું નથી. સમજાણું કાંઈ? આત્માનો જ્ઞાન પર્યાય એમાં ખાટું જણાય, કાંઈ જ્ઞાન ખાટું થતું નથી. ખાટું તો જડ છે, જ્ઞાન તો ચેતન છે. ચેતનની પર્યાય ખાટી થાય તો જડ થઈ જાય. સમજાણું કાંઈ?

અહીં પહેલાં ઉષ્ણની વ્યાખ્યા કરે છે કે, '**ઉષ્ણને જાણતું...**' ઊનું ઊનું થયું, આમ. પાણી ઊનું પડે, અગ્નિ પડે ને તો જ્ઞાન ઊનું થઈ ગયું જાણે, જ્ઞાન ઊનું થઈ ગયું, આત્મા ઊનો થઈ ગયો. એમ હશે કે નહિ? આ જ્ઞાનમાં રોગ દેખાય ત્યાં આ જ્ઞાન રોગમય થઈ ગયું, લ્યો! એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ પરથી પોતાની જુદાઈને માનતો નથી. સમજાણું કાંઈ?

'**ઉષ્ણને જાણતું જ્ઞાન ઉષ્ણ છે,...**' ઊનું ઊનું થયું તો જ્ઞાનમાં ઊનું તો જણાણું છે, કાંઈ ઊનાપણું જ્ઞાનમાં આવ્યું નથી અને જ્ઞાન ઊનાપણામાં ગયું નથી. જાય છે? જાયા વિના જાણ્યું શી રીતે? એમ કહે છે. ઊનાને જાણ્યું તો જ્ઞાને એમાં પ્રવેશ કર્યો ને? સમજાણું? આ પ્રશ્ન (સંવત) ૧૯૮૪ માં એક ખત્રીએ કરેલો 'રાણપુર'માં. 'નારણભાઈ'ની પાસે પેલો ખત્રી રહેતો, ખત્રી. દુકાન સામે. દુકાન એટલે એનું ઘર એની આની કોર દુકાન (હતી). ઇ ડોસો એક વૃદ્ધ આવ્યો હતો. આ તમે કહો છો કે, આ પરમાણુને આત્મા જાણે તો પરમાણુમાં પેઠ્યા વિના જ્ઞાન કેમ જાણે? એવો પ્રશ્ન (કર્યો). પેસવું પડે એવી જરૂર હોય તો જ્ઞાનનું સામર્થ્ય શું? ઇ પેસવું પડે, પેસીને જાણે તો જ્ઞાનનું સામર્થ્ય શું? એ પેસીને જાણે એનો અર્થ કે, જ્ઞાનમાં પરથી ભિન્ન રહીને જાણવાનું સામર્થ્ય નથી. મારામાં પરથી ભિન્ન રહીને જાણવાની (તાકાત) નથી. એટલે હું જાણું છું એ પરમાં એક થઈને જાણું છું. એણે પોતાને પરથી ભિન્ન જાણવાની શક્તિવાળો જાણ્યો નહિ. સમજાણું કાંઈ?

ઉષ્ણ છે એ ઉષ્ણમાં પેઠા વિના, અંદર પેઠા વિના જ્ઞાન શી રીતે જાણે? એનો અર્થ કે, જ્ઞાનમાં પરવસ્તુને પૃથક રહીને–ભિન્ન રહીને જાણવાની તાકાત છે એવું પોતાનું અસ્તિત્વ પરથી જુદું છે એમ એ માનવાને તૈયાર છે નહિ. બધું આપણે એક છીએ. લાકડું જણાય, ઘડિયાળ જણાય, બધું જણાય. બરાબર જણાય છે, અઢી ને સાત (વાગ્યા). ક્યાંથી જણાણું? એ જાત જ્ઞાનમાં પેઠું ત્યારે જણાણું કે નહિ? પણ જ્ઞાન એમાં પેઠું તો જ્ઞાનનું સામર્થ્ય પરથી પૃથક રહીને જાણવાનું એવું સામર્થ્ય ક્યાં ગયું? એ જ્ઞાનનું સામર્થ્ય જ છે કે, પરથી પૃથક રહીને એને જાણે. પરમાં પેસીને જાણે તે જ્ઞાન સામર્થ્ય કહેવાય જ નહિ, એ તો જડ થઈ

ગયું. સમજાણું કાંઈ? આ રોગને જાણતા જ્ઞાન રોગમય થઈ ગયું. એમ માનનાર રોગથી પૃથક જ્ઞાન રોગને પૃથક રાખીને રોગનું જ્ઞાન કરે એ જ્ઞાન સ્વનું ને પરનું કરે એવું જ્ઞાનનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ?

**'શીતળને જાણતું જ્ઞાન શીતળ છે.'** ઠંડું.. ઠંડું (આવે ત્યાં) હું ઠંડો થઈ ગયો. જ્ઞાનમાં પેલું ઠંડુ જણાયને? તો જ્ઞાન જાણે ઠંડામાં ગયું (એમ માને છે). ઠંડામાં ગયા વિના ઠંડુ કેમ જાણે? પણ જ્ઞાન જ્ઞાનમાં રહીને ઠંડાને જાણે. એમ ઠંડાથી જ્ઞાન ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી. સમજાય છે કાંઈ? અહીં વિશેષ શું છે કે, જેવી ઉષ્ણતા છે એવું જ અહીંયાં જ્ઞાન થાય માટે એને એમ થઈ ગયું છે કે, આ જ્ઞાન ઉષ્ણરૂપે થઈ ગયું. સમજાણું કાંઈ? પણ જ્ઞાનનો સ્વભાવ એવો છે કે, જેવું સામે હોય તેવું પોતાને પૃથક રાખીને તે જ કાળે પોતાના સામર્થ્યથી જાણે છે. સમજાણું કાંઈ?

**'તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાયકમાત્ર તો છે,...'** આ તો બે દાખલા આપ્યા, હોં! એવું બધું લઈ લેવું. સમજાણું? છોકરા ને બૈરા આમ રોતા હોય ને રોતા કકળાટ કરે, હોં! કકળાટ ઘરમાં (ચાલતો હોય). એ જ્ઞાન ભાળે એટલે જ્ઞાનમાં એ કકળાટનું પેસવું થાય ત્યારે જ્ઞાન એને જાણે ને? એમ થાતું હશે? કહે છે કે, એ કકળાટની ભિન્નતા રાખીને જ્ઞાન જાણે એનું નામ જ્ઞાન કહેવાય. એ ફક્ત જાણે. સમજાણું કાંઈ? એમ રાગને જ્ઞાન જાણે એથી જ્ઞાન રાગમાં પેસે તો રાગને જાણે એવું (માનતો હોય) તો એને જ્ઞાનના સમાર્થ્યની ખબર નથી. સમજાણું કાંઈ? અહીં તો ઇ વાત છે, હોં! પેલો રાગ છે એ ખરેખર પરવસ્તુ છે. વિકલ્પ છે ને વિકલ્પ? એ રાગને જ્ઞાન જાણે તો જ્ઞાન રાગમય થઈ ગયું એમ માનનાર રાગથી ભિન્ન જ્ઞાન રાગને જાણનારી સત્તા છે તેને એ સ્વીકારતો નથી. સમજાણું કાંઈ? મેળ એવો ખાય. પણ મેળ એવો ન ખાય ત્યારે જ્ઞાન શેનું કરે? જ્ઞાન તો જેવી ચીજ હોય તેવું જ્ઞાન કરે તો એ જ્ઞાન બરાબર કહેવાય ને? એને એમ છે કે, જેવી ચીજ છે એવું જ્ઞાન કરે માટે જ્ઞાન એમાં પેસી ગયું. જ્ઞાન જુદું રહીને જેવું છે તેવું જ તે પ્રકારે જાણે એવા સામર્થ્યના અસ્તિત્વનો અજ્ઞાની સ્વીકાર કરતા નથી. સમજાણું કાંઈ? આહા..!

**'તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાન જ્ઞેયનું જ્ઞાયકમાત્ર તો છે,...'** ભગવાનઆત્માનું જ્ઞાન જ્ઞેયનું જાણવામાત્ર તો છે, જ્ઞેયને જાણવામાત્ર તો છે. **'પરંતુ જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે,...'** એ રાગને, ઉષ્ણને, ઠંડાને, ખાટાને, ગળ્યાને જાણવા પૂરતું, તે જ્ઞેયને જાણવા પૂરતું જ્ઞાનમાત્ર છે પણ જ્ઞાનમાત્રમાં એ જ્ઞેયનો જે ગુણ ખાટો, મીઠો, ગળ્યો એ અહીં આવી જતો નથી. આ જ્ઞાનનો ગુણ સ્વ-પરને જાણવું એ ગુણ પરમાં જાતો નથી. જ્ઞાનનો ગુણ જાણવું. એ જાણવું ગુણ ખાટા, મીઠા, ગળ્યા, જ્ઞેયમાં કાંઈ પેસતો નથી. તેમ ખાટું, મીઠું, કડવું એ જે જ્ઞેય એ જ્ઞાનમાં એ જ્ઞેયનો ગુણ આવતો નથી. જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતાનું સામર્થ્ય છે માટે અહીં જણાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે,...'** એટલે કે ખાટું, મીઠું, કડવું, રાગ, દ્વેષ, શરીર, વાણી, મન એ બધામાં જે ગુણો છે એ ગુણો તે જ્ઞેયમાં રહેલા છે, એમાં રહ્યા છે. જાણવાના ગુણમાં એનો ગુણ (નથી). એનો ગુણ અહીં હોય નહિ પણ. આનો ગુણ તો જાણવું છે. એ જાણવાનો ગુણ તે ગુણ પરના ગુણમાં ગયો નથી અને ખાટા આદિનો ગુણ જ્ઞાનમાં આવ્યો નથી. સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના વિકલ્પો એનો ગુણ કલુષિતતા, આકુળતા... સમજાય છે? એ જ્ઞાન એને જાણતા જ્ઞાનમાં કલુષિતતા આવતી નથી. અને કલુષિતતામાં જ્ઞાનનો ગુણ જાણવું એ કલુષિતતામાં જતો નથી. સમજાણું કાંઈ? જે દુઃખરૂપ ભાવ થયો એ દુઃખરૂપ ભાવ એનો ગુણ આકુળતા છે. એ ગુણ જ્ઞાનની અવસ્થામાં એ ગુણ આવતો નથી પણ એ આકુળતા છે એ જ પ્રકારનું જ્ઞાન અહીં થાય, એ તો જ્ઞાનનો સ્વભાવ છે. પણ એ આકુળતાનો ગુણ એ આકુળતા છે એમ જ્ઞાન જાણે. પણ આકુળતાનો ગુણ, આકુળતાનું દુઃખ એ જ્ઞાનમાં આવે નહિ. આહા..! સમજાણું કાંઈ આમાં?

એમ જ્ઞાનનો ગુણ જાણવું છે એ જાણવાનો ગુણ રાગ-દ્વેષ, ખાટા-મીઠામાં એ ગુણ જતો નથી. કહો, 'ધર્મચંદજી'! આ ઇન્જેકશન મારે તો લોહી ફરી નથી જાતું ફટ દઈને? જ્ઞાનમાંય ફટ દઈને આવે કે, હા હવે મને ઠીક છે, હવે મને ઠીક છે. એમ આવે છે કે નહિ? પણ એ તો ત્યાં (અવસ્થા) બદલાણી એવું જ જ્ઞાનમાં જણાણું જ્ઞાનના સ્વભાવના અસ્તિત્વના સામર્થ્યને લઈને, એના અસ્તિત્વને લઈને નહિ. એના અસ્તિત્વને લઈને હોય તો એ ગુણ અહીં આવી જવો જોઈએ. તો એ ગુણ તો જડ છે તો અહીં આવે તો જ્ઞાન જડ થઈ જાય. આહા..! સમજાણું કાંઈ?

**'પરંતુ જ્ઞેયનો ગુણ જ્ઞેયમાં છે,...'** જ્ઞેય એટલે જણાવાયોગ્ય વસ્તુનો ગુણ જણાવાયોગ્યમાં રહ્યો છે. સમજાણું કાંઈ? અને **'જ્ઞાનમાં જ્ઞેયનો ગુણ નથી.'** છે ને? **'તે જ કહે છે...'** **'किल पशुः विश्राम्यति'** **'किल'** નામ **'જરૂર અવશ્ય...'** કરીને. **'પશુઃ'** એટલે **'એકાન્તવાદી...'** **'पशुः पश्यते बध्यते कर्म इति पशुः'** જેમાં પોતાની જ્ઞાન પર્યાયને એકાકાર રાગમાં કરી નાખે છે. સમજાણું કાંઈ? એકાકાર માને છે, એ રાગમાં એકાકાર માને છે. એને જાણતા જાણનાર ભિન્ન છે અને જ્ઞેયનો ગુણ ભિન્ન એમ ન માનતા જ્ઞાનમાં રાગ, શરીરને એકત્વ માને છે એવો **'પશુઃ'**. **'પશુઃ'** એટલે **'મિથ્યાદૃષ્ટિ જીવ...'** સમજાણું કાંઈ? આહાહા..!

**'विश्राम्यति'** ઇ જે દેખાય છે ને ત્યાં એનું જ્ઞાન ઠરી જાય છે, ન્યાં એકાકાર થઈ જાય છે. **'विश्राम्यति'** વિશ્રામ લે છે એટલે કે ખેદખિન્ન થાય છે, એમ એનો અર્થ (છે). રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, ખાટુ-મીઠું જ્ઞાન જાણતા જ્ઞાન ખાટા-મીઠાને લઈને થયું માટે મારો ગુણ એમાં ગયો એમાં વિશ્રામ પામે છે. એમાં વિશ્રામ પામતા ખેદ થાય છે અને દુઃખ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

શરીરની ક્રિયા માંસની, હાડકાની, ચામડાની થાય એ જ્ઞેય છે. એ જ્ઞાનમાં એ રીતે જ જણાય. ત્યાં ત્યાં કાળે તે તે પ્રકારની વાસના ને વાસના વખતે થતી જડની ક્રિયા, એ જ્ઞાન પર્યાય એને જાણે છતાં એનો ગુણ, એનું સ્વરૂપ, એની શક્તિ એ જ્ઞાનમાં નથી આવી અને જ્ઞાનનો સ્વ-પરને જાણવાનો સ્વભાવ–ગુણ તે પરમાં નથી ગયો. છતાં એ જ્ઞાન એ રાગને ને શરીરની ક્રિયાને જાણતા ત્યાં જ્ઞાન ઠરી જાય છે, રોકાય જાય છે. રોકાય જાય છે એટલે અહીં જુદું છે એમ ન માનતા ત્યાં રોકાય જાય છે. એથી તે પરમાં વિશ્રામ પામ્યું એટલે જ્ઞાન દુઃખરૂપે પરિણમ્યું. સમજાણું કાંઈ?

પાંચ-પચાસ લાખ રૂપિયા આવે, એમ કોઈ કહે. પચાસ લાખની પેદાશ છે. જ્ઞાને જાણ્યું કે, આમ કાંઈક વાણી કાંઈક કહે છે. એ તો જ્ઞાન જાણે પણ જ્ઞાન જાણતા એ શબ્દોથી પૃથક્ રહીને જ્ઞાન જાણે છે. એ શબ્દોની પર્યાયમાં જ્ઞાન પેસીને જાણતું નથી, પેસીને જાણે તો જ્ઞાન જડ થઈ જાય. તેમ એ શબ્દોની પર્યાય આ જ્ઞાનમાં આવી નથી. શબ્દોની પર્યાયનો ધર્મ જડ છે, ચેતનની પર્યાયનો ધર્મ ચેતના છે. ઇ ચેતનાની પર્યાયમાં જડનો ગુણ આવ્યો નથી. પણ એ જ્ઞાન ત્યાં આમ આવ્યું જ્યાં સાંભળ્યું અને એને લઈને જ્ઞાન આમ એવું થયું (કે) જ્ઞાન ત્યાં રોકાય ગયું. સમજાણું કાંઈ? એ શબ્દની વર્ગણામાં એ જ્ઞાન રોકાઈ ગયું, વિશ્રામ પામ્યું, જ્ઞાનને ખેદખિન્ન કર્યું, દુઃખી કર્યું, કહે છે. કહો, 'જુગરાજજી'!

મુમુક્ષુ :– પોતાને જાણ્યું ને પરને ન જાણ્યું.

ઉત્તર :– પોતાને જાણ્યું ને પરને ન જાણ્યું. પરને જાણવું તો સ્વભાવ છે. એને ઠેકાણે પરને જાણતા એમાં વિશ્રામ પામી ગયો કે, અરે..! આ જાણવું મને પરને લઈને થયું છે, એ જાણવું મને પરને લઈને થયું છે. મારે લઈને મારું જ્ઞાન થયું છે એમ માનતો નથી. આહા..! જુઓ! આ ભેદજ્ઞાનની વ્યાખ્યા છે આ બધી. સમજાણું કાંઈ?

**'અત્યંત ખેદખિન્ન થાય છે.' 'વસ્તુસ્વરૂપને સાધવાને અસમર્થ હોતો થકો...'** એનો અર્થ કરીએ તો જુઓ! એમ શબ્દ છે ને પહેલો? **'विश्राम्यति'** નો અર્થ **'વસ્તુસ્વરૂપને સાધવાને અસમર્થ હોતો થકો...'** એટલે જે ખાટું, ગળ્યું આદિ, રાગ આદિ જે જણાણું એનાથી મારી ચીજ ભિન્ન છે એમ વસ્તુના સ્વરૂપને સાધવાને અસમર્થ થયેલો, એમ (કહેવું છે). સમજાણું કાંઈ?

પોતાના જ્ઞાનમાં જે ચીજનું જ્ઞાન થયું એ ચીજમાં હું ગયો ત્યારે મને જ્ઞાન થયું. એટલે જ્ઞાન ત્યાં વિશ્રામ પામ્યું. એટલે જ્ઞાન, વસ્તુનું સ્વરૂપ ભિન્ન છે એવા સ્વરૂપના સાધનમાં અસમર્થ થઈ ગયું. જ્ઞાન, રાગ, દ્વેષ, કલુષિતતા કે આ બધું શરીર, એની પર્યાયને જાણતું જ્ઞાન, જ્ઞાન સ્વરૂપનું મારું સ્વરૂપ છે, મારું સ્વરૂપ એમ સાધવાને અસમર્થ થયું. એમ સાધવાને અસમર્થ થયું એટલે એ સુખને સાધવાને અસમર્થ થયું. સમજાણું કાંઈ? પર સંબંધીનું જ્ઞાન મારું જ્ઞાન છે એમ સાધે તો તો જ્ઞાનમાં જ્ઞાતાપણાનો પર્યાય સુખરૂપ પરિણમે એમ કહે

છે. સમજાણું આમાં? પર સંબંધીનું જ્ઞાન... આ તો સ્યાદ્વાદની શૈલી (છે). પેલા કહે, અનેકાન્ત અનેકાન્ત અનેકાન્ત કરી એટલું કરે જાણે 'સમંતભદ્ર' નું અનેકાન્ત છે એટલે જાણે બેય નયનું ને બધું જાણે બધું (એક છે), લોકોને એવું લાગે છે અને આ અધ્યાત્મની વાત જાણે એકાન્તની હોય એમાં બીજું (નથી એમ લાગે છે, પરંતુ) એમ નથી.

'સમંતભદ્રાચાર્ય' પણ અનેકાન્ત આ જ રીતે કહે છે. સમજાણું કાંઈ? આવે છે ને? આવ્યું છે ને? બે પક્ષની, બે પક્ષની વાત છે એની. એક જણો વળી એમ કહેતો હતો. 'કુંદકુંદાચાર્ય'ની એક પક્ષની (વાત છે). (એમ) એક ફેરી આવ્યું હતું. એમેય નથી, બેયનું એક પ્રકારે છે. અહીં સ્વ તરફ ઢાળીને પરનું જ્ઞાન થાય છે એમ કહે છે. ત્યાં ભક્તિને માર્ગ એમ કહે છે કે હે પ્રભુ! આપની ભક્તિમાં મારા પરિણામ નિર્મળ થાય. એ મારા પરિણામ નિર્મળ થાય એમાં તમે નિમિત્ત કહેવાઓ છો, એમ. સમજાણું કાંઈ? એને લઈને નિર્મળ થાય એમ નથી. અને નિર્મળ પરિણામ શુભ થયા છતાં જ્ઞાનનો પર્યાય એને જાણનાર છે. શુભ પરિણામમય જ્ઞાન થઈ ગયું નથી. આહાહા..! અને શુભમય જ્ઞાન થાય તે જ્ઞાન સ્વરૂપ શુભથી ભિન્ન સાધી શક્યું નહિ એટલે એને શાંતિ વળી નહિ. એ શુભમાં જ્ઞાન રોકાઈ ગયું એટલે ખેદખિન્ન થઈ ગયું. કહો, 'વજુભાઈ'! આરે... આરે ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો પંડિતજીને પૂછીને પહેલું કર્યું હતું. કેટલાક શબ્દ પૂછી લઈએ, વળી કેવી રીતે હોય છે ત્યાં. કહો, સમજાણું આમાં? આપણે તો પેલામાં જોઈ લીધું. પણ એ વિશ્રાંતનો અર્થ આ છે. બસ! એમાં રહ્યો એટલે એમાં કાંઈ રહ્યો નથી પણ માને છે કે, આ જ્ઞાન આનું થયું ને એટલે આ હું છું, એમ. આ હું છું. એવું થયું માટે આ હું છું. પણ આમ આ હું છું એમ જ્ઞાનના સ્વરૂપને અજ્ઞાની અનેકાન્તપણે જીવને ન માનતા એકાન્ત રાગમય માનીને દુઃખમય થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું આમાં?

હરખ આવી જાય હરખ, હરખ આવ્યો. જોકે હરખ આવ્યો એ કાંઈ ચીજને લઈને નથી આવતો. હરખ આવ્યો એ કાંઈ જ્ઞાનમાં હરખ પેસી નથી જતો. સમજાણું કાંઈ? જ્ઞાનનો પર્યાય હરખને જાણે છે. હરખનો ગુણ જ્ઞાનની પર્યાયમાં આવ્યો નથી. હરખનો ગુણ તો આકુળતા છે. હરખનો ગુણ શું છે? હરખ એટલે શું? આકુળતા. અને એનું જ્ઞાન થવું એટલે શું? હરખથી ભિન્ન પડેલું જ્ઞાન અનાકુળતાને સાધે છે. ઇ કહ્યું ને? જુઓને!

જ્ઞાન પોતે પરથી ભિન્ન છે એમ સ્વના લક્ષે વસ્તુ પરને જાણવું, એમ વસ્તુને સાધવી એમાં એનો પુરુષાર્થ અસમર્થ રહે છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? 'જમુભાઈ'! હેં? શું કીધું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઠીક કરે છે. વચ્ચે થોડો થોડો વિસામો આવે છે, કાંઈ એકદમ નથી આવતું.

ભગવાનઆત્મા..! અહીં જ્ઞાન પ્રધાનથી વસ્તુની વાત લેવી છે ને! જ્ઞાન પરને જાણતા તે જ પ્રકારનું જ્ઞાન તે કાળે પોતાના સ્વભાવના સામર્થ્યથી થાય છે એમ સ્વરૂપને સાધીને સ્વના લક્ષે જ્ઞાનનો પર્યાય મારાથી થયો છે, એને લઈને નહિ. એમ સ્વરૂપને સાધવું જોઈએ તો ત્યાં આગળ શાંતિ ને અનાકુળતાનો પર્યાય વેદાય. સમજાય છે કાંઈ? પણ રાગ-દ્વેષ અને પરને જાણતા જ્ઞાન ત્યાં લક્ષે ચડી ગયું. આની કોર લક્ષે આવ્યું નહિ કે, જ્ઞાન આની કોરથી આવે છે ને એને જાણનારો હું પરથી ભિન્ન છું. એટલે જ્ઞાનમાં એ વર્તમાનમાં જણાતા તે જ પ્રકારે મારું જ્ઞાન તેવું થયું એમ પરમાં ઠરતું, વિશ્રામ લેતું, ટકતું પોતે દુઃખપણાને વેદે છે. **'विश्राम्यति'** એમ લખ્યું છે ને? જુઓ! **'અત્યંત ખેદખિન્ન...'** એમ. અત્યંત એટલે **'वि'**, **'श्राम्यति'** એટલે ખેદખિન્ન. એ..ઇ..! **'विश्राम्यति'** નામ **'वि'** એટલે અત્યંત, **'वि'** એટલે અત્યંત અને ખેદખિન્ન **'श्राम्यति'** એટલે શ્રમ થાય છે, એને દુઃખ થાય છે, એમ. એમ લીધું. સમજાણું કાંઈ આમાં? કહો, 'રાજમલજી' એમાં છે કે નહિ? જુઓ! કેટલા શબ્દ કરે છે!

**'वि'** અત્યંત. વિશેષ છે ને? વિશેષ. વિરુદ્ધ નહિ વિશેષ. **'वि'** એટલે વિશેષ, વિશેષ એટલે અત્યંત, અત્યંત એટલે ઘણું. **'श्राम्यति'** એટલે ખેદ પામે છે. ઘણો દુઃખી થાય છે એમ કહે છે. શબ્દોના પણ લગતા અર્થ કર્યા છે ને! અહીં જોતા અર્થ કર્યા. ભાવ અર્થ ખેંચીને એણે અર્થ કર્યો છે. પેલો કહે, ન્યાં ઠરે ઠરે. પણ ઠરે છે (તો) થાય છે શું એને? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને શરીર આદિની પર્યાયમાં જ્ઞાન ઠરતું, થાય છે શું? કે, અત્યંત દુઃખ. એકાન્તપણે તે પરને જ પોતાનું માનીને પરથી જુદું નથી માનતો માટે એકાન્તનો માનનાર દુઃખી થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

**'શા કારણથી?'** શું કર્યે દુઃખી થાય છે? **'परद्रव्येषु स्वद्रव्यभ्रमतः'** જુઓ! **'परद्रव्येषु स्वद्रव्यभ्रमतः' 'જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન...'** જાણવાના પદાર્થપણે જાણતું જ્ઞાન. **'જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે...'** જેવો જ્ઞેયનો સ્વભાવ છે એ રૂપે પરિણમ્યું છે જ્ઞાન. **'એવો જે જ્ઞાનનો પર્યાય, તેમાં...' 'स्वद्रव्य'** એવી જે જ્ઞાનની (પર્યાય) **'તેમાં...' 'स्वद्रव्य' 'નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની (ભ્રમણા) થાય છે,...'** ભ્રમણા થાય છે. લ્યો! જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય વસ્તુને જાણવારૂપે પરિણમતું જ્ઞાન, એને આ આત્મા છું, નિર્વિકલ્પ વસ્તુ આ આત્મા છું એવો તેને ભ્રમ થઈ જાય છે. સમજાણું કાંઈ?

વાત તો શી રીતે લીધી છે? કે, કાંઈ દ્રવ્યનો અનુભવ નથી. ભાઈ! વેદન છે એ કાંઈ દ્રવ્યનું હોતું નથી. પર્યાયનું વેદન છે, વેદન–અનુભવ પર્યાયનો હોય છે, દ્રવ્યનો અનુભવ ન હોય. સમજાણું કાંઈ? તો કહે છે કે, એકાન્તી પર્યાયમાં દુઃખને વેદે છે, અનુભવ કરે છે. સમજાણું? અને અનેકાન્તી આનંદને અનુભવે છે. અનુભવવું તો પર્યાયનું છે પણ આમ લક્ષ છે, મારું અસ્તિત્વ અહીં છે એથી આનંદને અનુભવે છે. બધા જીવને પર્યાયનો અનુભવ છે, દ્રવ્યનો અનુભવ કોઈને હોતો નથી. સમજાણું કાંઈ? દ્રવ્યનું જ્ઞાન હોય, વેદન ન હોય

એનું. વેદન તો એક સમયની વર્તમાન વેદનની દશા, એ અપેક્ષાએ એમણે વાત લીધી છે. સમજાણું કાંઈ?

**'स्वद्रव्य' 'નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની થાય છે ભ્રાન્તિ, તે કારણથી.'** પર્યાયમાં–અવસ્થામાં ભ્રમ પડે છે કે, આ આ જ હું છું, આ જ હું છું. જ્ઞેયાકાર જ્ઞાનની આકૃતિનું પરિણમન પોતામાં થયું તે જ હું, આ આખી વસ્તુ જ આ છું એમ માનીને દુઃખનો અનુભવ અજ્ઞાની એકાન્તપણે, એકપક્ષે માનનાર દુઃખી થાય છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો એને અધર્મ થાય છે, એમ. સમજાણું?

**'ભાવાર્થ આમ છે કે જેમ ઉષ્ણને જાણતાં ઉષ્ણની આકૃતિરૂપે જ્ઞાન પરિણમે છે એમ દેખીને જ્ઞાનને ઉષ્ણસ્વભાવ માને છે...'** જ્ઞાનનો ઊનો સ્વભાવ માને છે. મિથ્યાદૃષ્ટિ એકાન્તી જીવ. જ્ઞાનનો ઉનો, જ્ઞાનનો ટાઢો, જ્ઞાનનો ગળ્યો, આ જડના સ્વાદનું જ્ઞાન થાય તો જડના સ્વાદરૂપે હું થઈ ગયો. સમજાણું કાંઈ? માખણ જેવા (સુંવાળા હોય) એનું એવું જ જ્ઞાન થાય. તો એ જ્ઞાન જાણે માખણરૂપે થઈ ગયું. કહો, સમજાણું કાંઈ? 'મણિભાઈ'! ઘીની ભાખરી હોય ને ઊંચી? તળેલી. આમ ભરભર ભૂકો થાય. આમ ફટ... ફટ... ફટ... વળી ઘી અને ઇ શું કહેવાય એ? ભાખરી. આટલી આટલી ઘીમાં તળીને કરે છે. સાટા જેવી, સાટો ગળ્યો હોય. એ આમ ભૂકો થાય ને એમાં જ્યાં સ્વાદ આવે એ સ્વાદ છે જડનો. જ્ઞાન જાણે કે, આ સ્વાદ જણાણો ને એ સ્વાદમય હું થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વાદની પર્યાયને જ્ઞાન પર્યાયથી જુદી માનવી જોઈએ. એના સંબંધીનું જ્ઞાન તે મારું છે એમ જો જ્ઞાનને સાધે તો એને ત્યાં શાંતિ વળે. પણ એ સ્વાદમય જ્ઞાન થયું એમ માનનારને જ્ઞાનમાં અશાંતિનું વેદન થાય છે, આ એમ કહે છે, લ્યો! આહાહા..! અને માને છે કે આ બહુ મીઠાશ! વગર દાંતે આમ ભૂકો થઈ જાય, લ્યો! આ માવા હોય છે ને? માવાના જાંબુ, ગુલાબ જાંબુ માવાના, આમ પોચા... પોચા... પોચા..., ફટ... ફટ... ઉતરી જાય. જ્ઞાન જાણે. બહુ મીઠા હતા, બહુ મીઠા! સાટા એવા મીઠા હતા. સાટા મીઠા હતા એ જ્ઞાનમાં આવી ગયા ને તને? મીઠાશ પણ મીઠું લાગ્યું ને? મીઠું લાગ્યું ને? ગળ્યું લાગ્યું ને? લાગ્યું એટલે જાણ્યું, લાગ્યું એટલે ગરી ગયું? ગળ્યું એ જાણ્યું. લાગ્યું એટલે શું? ગળ્યું લાગ્યું, લાગ્યું એટલે જાણ્યું. એને ઠેકાણે ગળ્યું લાગ્યું? અંદર ગરી ગયું? જેની જ્ઞાન પર્યાય જ્ઞાતાની છે, સ્વદ્રવ્યની છે એમ નથી અસ્તિમાં પ્રતીત એને જ્ઞાનની પર્યાય પરથી છે એમ પરમાં ઠરતો દુઃખી... દુઃખી... દુઃખી... થઈ રહ્યો છે. કેમ?

જુઓ! કહે છે, **'दुर्वासनावासितः'** કારણ મુકે છે પાછા એકે એક. **'दुर्वासनावासितः' 'અનાદિના મિથ્યાત્વ સંસ્કાર...' 'दुर्वासनावासितः'** અનાદિના સંસ્કાર. ભગવાન સ્વ અસ્તિત્વે તદ્દન જુદો રાગથી, સ્વાદથી, કાળથી, શરીરની ઇન્દ્રિયના ભોગથી બધાથી ભિન્ન (છે) એમ ન માનતા અનાદિના મિથ્યાત્વ સંસ્કારને લઈને. **'दुर्वासनावासितः' 'અનાદિના મિથ્યાત્વ સંસ્કાર**

**તે વડે...'** ભાષા શું કીધી છે? એ કર્મના કારણે નહિ એમ કહે છે, ભાઈ! શું કીધું? **'दुर्वासनावासितः'** કર્મને કારણે, દર્શનમોહને કારણે નહિ. જુઓ! એમ લીધું, જુઓ! એની વાસના–એવી ગંધ પેઠી છે અનાદિની. આહાહા..! છે? **'दुर्वासना'** ભૂંડી વાસના. કર્મને લઈને નહિ. એની પર્યાયબુદ્ધિમાં પરવસ્તુમાં જ રોકાઈ ગયો છે ઇ. એવી વાસના–દુર્વાસના એણે અજ્ઞાને ઉભી કરી છે, કર્મને લઈને નહિ. આહાહા..!

**'અનાદિનો મિથ્યાત્વ સંસ્કાર...'** જોયું? વાસના એટલે સંસ્કાર, 'દુ' એટલે મિથ્યાત્વ. મિથ્યાત્વ સંસ્કાર, એમ. દુ એટલે મિથ્યા વાસના સંસ્કાર–ભૂંડો સંસ્કાર **'તે વડે...'** **'वासितः'** **'થયો છે...'** ગંધમાં ચડી ગયો, ભૂંડી ગંધે ચડી ગયો. **'સ્વભાવથી ભ્રષ્ટ એવો.'** ભગવાન જ્ઞાતા પોતાની જ્ઞાન પર્યાયમાં, પોતાના અસ્તિત્વમાં રહીને એને જાણે છે એવા જ્ઞાનથી એ અજ્ઞાની ભ્રષ્ટ થઈ ગયો છે. સમજાણું કાંઈ? આ 'સ્યાદ્વાદ અધિકાર' જરીક છે એવો કે, બહુ ઝીણો છે. સમજાણું કાંઈ? હવે તો આમાં તો દાખલાય આપે છે. ઉષ્ણનું આવ્યું ને? દાખલા આપે છે કે નહિ? દાખલા આપે છે. દાખલા નથી આપતા?

અનાદિની મિથ્યાત્વ સંસ્કારના વાસનાથી, આ વાસનાથી સ્વભાવથી ભ્રષ્ટ. અસ્તિ-નાસ્તિ કરી. આમ ચડી ગયો એટલે સ્વભાવથી ભ્રષ્ટ થયો છે. હું જ્ઞાનસ્વરૂપે ભગવાન છું, મારું હોવાપણું તો જાણવા-દેખવાપણે મારું હોવાપણું છે, પરને લઈને મારું હોવાપણું નથી. સમજાણું?

**'એવો કેમ છે?'** **'सर्वद्रव्यमयं पुरुषं प्रपद्य'** ઠીક! **'सर्वद्रव्य'** **'જેટલાં સમસ્ત દ્રવ્ય છે તેમનું જે દ્રવ્યપણું...'** **'मयं'** **'તે-મય જીવ છે...'** એ બધું હું જ છું. સમજાણું કાંઈ? બાયડી અર્ધાંગના છે. નથી કહેતા? અડધુ અંગ મારું ને અડધુ અંગ તારું એમ થઈને બે હશે? આખા ઘરને જાળવે, ઘરને સંભાળે બધું અડધુ અંગ હશે કે નહિ એનું? મૂઢ (છે). કહે છે કે, કોઈ દ્રવ્યને પોતાપણે માન્યા વિના મૂક્યું નથી એમ કહે છે. પરદ્રવ્ય, પરગુણ ને પરનીપર્યાય પોતાપણે માન્યા વિના એકેય છોડી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'જેટલા સમસ્ત દ્રવ્ય છે તેમનું જે દ્રવ્યપણું તે-મય જીવ છે અર્થાત્ તેટલા સમસ્ત સ્વભાવ જીવમાં છે...'** એ બધા ભાવો મારા જીવમાં છે. કર્મના, રાગ-દ્વેષના, વિકારના, આ બધા સંયોગના એમ જીવના સ્વભાવમાં આ બધા છે. એમ માનીને **'એવી જીવવસ્તુને પ્રતીતિરૂપ માનીને.'** બધું હું છું એમ, બધા મારામાં છે એમ. એ આત્મા એમ માનીને પોતાના ભિન્ન આત્માને ખોઈ બેસે છે. કહો, સમજાણું આમાં? સારા ઘરમાં રહ્યો હોયને પચ્ચીસ વર્ષ તોય સારું ઘર યાદ આવે, લ્યો! મૂઢ થઈને એમ કહે છે અહીં તો. અરે..! જે ઘરમાં સુખી થયા. એમ ઘણા માણસ કહે છે, હોં! જે ઘરમાં સુખી થયા, એ ઘરમાં આમ થયું, આવા ગોવાળ થયા, વાંઢા હતા એમાં બાયડી થઈ, છોકરા થયા, આ ઘરમાં બધું થઈ ગયું. હવે એ ઘર છોડવા... પણ ક્યાં હતા? ગરી ક્યાં ગયા હતા તે છોડવા? જ્યાં જ્યાં ગયો ત્યાં એકાકાર થઈ ગયો. એ ક્ષેત્રમાં લેશે. અહીં તો દ્રવ્ય તરીકે એના જ્ઞાનમાં આ બધું છે તે હું છું

એમ માની પોતાના અસ્તિત્વની હયાતી જ્ઞાનની ભિન્ન સાધવી જોઈએ તે શાંતિને ચુકી જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

આવો **'पुरुषं प्रपद्य'** તે પ્રતીતિરૂપ આદર કરે, માને છે. એને આદર કરે છે કે, આપણે બધા છીએ. આખી દુનિયા જ્ઞાનમાં જણાય છે, આપણી દુનિયા આખી અમે છીએ. સમજાણું કાંઈ? નોકરને સારા શેઠિયા મળે, શેઠને સારા નોકર મળે. આપણે બધા એક જ છીએ ને! એ... 'શશીભાઈ'! આહાહા..! અરે..! પણ ક્યાં તું જુદો ત્રણે કાળે અને ત્રણે કાળની ચીજને મારામાં માન! એમ કહે છે. અહીં તો બધી વાત લીધી છે ને? એકને માન્યું એ પ્રમાણે આખી દુનિયાને જ પોતે પોતાની પર્યાયમાં માની. આખી દુનિયા તે જ હું છું. આખી દુનિયા તે હું જ પોતે છું, મારો જ બધો કક્કો ચાલે છે બધે. સમજાણું? **'તેમનું જે દ્રવ્યપણું તે-મય જીવ તેટલા સમસ્ત સ્વભાવ જીવમાં એવી પ્રતીતિરૂપ માનીને.– આમ મિથ્યાદૃષ્ટિ જીવ માને છે.'** એવો મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના ચૈતન્યની ભિન્નતાને ખોઈ બેસીને મૃત્યુ કરે છે. હવે સવળું લે છે. જે કહેવો છે બોલ ઇ હવે લે છે.

**'तु स्याद्वादी स्वद्रव्यम् आश्रयेत् एव'** દેખો! ધર્મી જીવ અનેકાન્તવાદી. સ્યાદ્વાદીનો અર્થ જ અનેકાન્તવાદી, અનેકાન્તવાદીનો અર્થ જ સમ્યગ્દૃષ્ટિ. સમજાણું? **'स्वद्रव्यम् आश्रयेत्'** **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે...'** જુઓ! શું કહે છે? એ રાગાદિ, પર આદિનું જ્ઞાન થતાં હું તો જ્ઞાનમાત્ર વસ્તુ છું. હું રાગમાત્ર, પુણ્યમાત્ર, શરીર એમ પણ છું નહિ, એ પણે છું જ નહિ. જુઓ! આ અનેકાન્ત! એમ નહિ કે, આ પણે છું ને આ પણે છું એનું નામ અનેકાન્ત. આહા..! આ તો અનેકાન્તની વ્યાખ્યા જુદી કરી નાખે. આપણે શરીરપણે પણ છીએ ને આત્માપણે પણ છીએ તો અનેકાન્ત (છે). એમ નહિ, આત્મા પોતાના સ્વરૂપપણે છે ને પરપણે નથી એનું નામ અનેકાન્ત છે. આહાહા..! અનેકાન્તની વ્યાખ્યા (આવી કરે). સમજાણું કાંઈ?

**'तु स्याद्वादी स्वद्रव्यम् आश्रयेत् एव'** **'એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી,'** **'तु'**નો એટલો અર્થ કર્યો. **स्वद्रव्यम् आश्रयेत्'** સમજાણું? **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે– અનુભવ કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ...'** **'एव'** નામ **'એવો જ છે.'** લ્યો! હું કોઈ પણ ચીજને જાણવા કાળે જાણવાનો પર્યાય મારા જ અસ્તિત્વમાં છે, મારું અસ્તિત્વ છે એમ જ્ઞાયકપણાને જ્ઞાનની પર્યાયે પોતાથી સાધતો ત્યાં શાંતિને સાધે ને વેદે છે. સમજાણું કાંઈ? **'અનુભવ કરી શકે છે...'** એમ કીધું છે ને? અનુભવ કરે છે એ તો પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? સ્યાદ્વાદી પોતાના જીવવસ્તુ, જ્ઞાનમાત્ર જીવવસ્તુ. જ્ઞાનમાત્ર એટલે રાગ-દ્વેષ આદિ ભલે જણાણા પણ હું તો જ્ઞાનમાત્ર છું. રાગમય નહિ, પુણ્યમય નહિ, શરીરમય નહિ, કર્મમય નહિ, પરમય નહિ. હું તો બધા પદાર્થોને એક ક્ષણમાં મારા જ્ઞાનમાં અસ્તિત્વમાં, મારામાં, સત્તામાં રહીને, ભિન્ન રહીને જાણનારું મારું જ્ઞાન મારાથી છે એમ સ્વરૂપના લક્ષે

જ્ઞાનને સાધતો શાંતિને, સમ્યક્‌ને વેદે છે. ઓહો..! ભારે સાધક ને બાધક, ભાઈ! આમ કહે તો બાધક ને આમ કહે તો સાધક. બેયને પોતાનું માને તો શું વાંધો? અનેકાન્ત કોને કહે? કે, એ પણ મારું ને આ પણ મારું. (અજ્ઞાની લોકો) નિયતનું ભારે કરે છે.

કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ **'एव' 'એવો જ છે.'** એટલે? ભગવાનઆત્મા પરના જ્ઞેયને જાણવાના ભાવ કાળે એટલે મારું સ્વરૂપ તો તેનાથી તદ્દન ભિન્ન છે. તે ચીજમય થયું નથી, એ ચીજ મારા જ્ઞાન-ગુણમાં આવી નથી, મારો જ્ઞાનગુણ ત્યાં ગયો નથી. મારો ભગવાન જ્ઞાન સ્વભાવ એ વર્તમાન જ્ઞાનપણે પરને જાણવામાં પરથી પૃથક રહીને જાણવાનું કામ કરે છે. એ જાણવાનું કામ પોતાથી થાય એમ સાધતા ત્યાં અનેકાન્તપણાના અમૃતનો સ્વાદ ને શાંતિ અનુભવે એને અનેકાન્તનો અનુભવ કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ?

હવે આમાં બહારનું શું કરવું? કે, આ કરવાથી (આમ થાય એવી) તો આમાં કાંઈ વાતેય આવતી નથી. અહીં તો થાય તેનું જ્ઞાન તે પણ મારાથી જ્ઞાન થયું. પરનું થાય તેનું જ્ઞાન તે પણ થયું માટે જ્ઞાન, નહિ એમ નહિ. પેલા કહે કે, નહિ. પરદ્રવ્યનો કર્તા ન માને એ જૈન નહિ. અરે..! ભગવાન! ગજબ કરે છે ને તું!

અહીં તો કહે જે જણાય જ્ઞેય એ કર્તા ને જ્ઞાનનો પર્યાય કાર્ય એમ નહિ. સમજાણું કાંઈ? ફક્ત તે ચીજ નિમિત્તપણે છે તેનું જ્ઞાન પોતામાં પોતાથી થાય છે એમ સ્વજ્ઞાન ને પરથી પૃથક સાધતું જ્ઞાન અનેકાન્તપણે એટલે પરથી નાસ્તિપણે હું છું, સ્વથી અસ્તિ છું એમ જાણતા જ્ઞાનમાં શાંતિનું વેદન થાય એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'સોગનચંદજી' શું છે? આવી વાતું! મુકો ને સમજ્યા વિના, કરોને કાંઈક. ધર્મ કરવો છે ને! પણ ધર્મ કઈ રીતે થાય? અનેકાન્ત વસ્તુ છે તેને અનેકાન્તપણે રાખ્યે ધર્મ થાય. સમજાણું કાંઈ? ઓહો..! તે રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, વિકલ્પોને તેને તેમ જ્ઞેયપણે રાખવા અને જ્ઞાનમાં તેના સ્વપર પ્રકાશકના જ્ઞાનમાં જ્ઞાનપણાને કારણે રાખવું. એને કારણે જ્ઞાન થયું નહિ અને એ મય જ્ઞાન થયું નહિ. એમ જ્ઞાનનો પર્યાય સ્વના લક્ષે સ્વરૂપના સાધને અસ્તિત્વ રાખતો, પરથી નાસ્તિત્વપણે પરિણમતું જ્ઞાન સ્વરૂપને અનેકાન્તપણે સાધે તેને સમ્યગ્દર્શન ને અનુભવ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ઝીણું ભારે!

વળી ભગવાનની પ્રતિમા, વળી જાત્રા, વળી અહીં એમાં ક્યાં આવ્યું આમાં? એ..ઇ..! એ તો જ્યારે શુભરાગ હોય છે ત્યારે એ રાગમાં તે સામે લક્ષ જાય છે. એ શુભરાગ અને તેનું જ્ઞાન તે લક્ષનું જ્ઞાન જ્ઞાનની પર્યાયમાં પોતાના અસ્તિત્વથી થાય છે. તે રાગને લઈને નહિ, સામે ચીજને લઈને નહિ. સમજાણું કાંઈ? એ કાળે જ્ઞાનનો પર્યાય તે પ્રકારના રાગને ને તે પ્રકારની પ્રતિમા આદિ ભગવાનને જાણવા લાયક જે જ્ઞાનની પર્યાય તેને એ જ્ઞાન જાણે ખરું પણ એને પોતાનું માનીને અથવા એ જ્ઞાન ત્યાં ગયું ને અથવા એનાથી અહીં જ્ઞાન થયું એમ ધર્મી માનતો નથી. આહાહા..! ભારે! 'જુગરાજજી'! ભારે કામ ભાઈ!

આ તો. પેલા કહે, ઉડાવો, ઉડાવો. ભાઈ! એ શુભભાવ વખતે એવું જ જ્ઞાન એને આવે. સમજાણું કાંઈ?

ભક્તિના કાળમાં ભગવાન સામે હોય અને રાગ હોય એવો. તો જ્ઞાનનો પર્યાય રાગને અડ્યા વિના, નિમિત્તને અડ્યા વિના, રાગ ને નિમિત્ત વિના, એના આશ્રય વિના જ્ઞાનનો પર્યાય પોતાથી થાય, પરથી ન થાય એમ જ્ઞાનને સાધે તેને અનેકાન્ત જ્ઞાન સમ્યગ્દષ્ટિનું કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એકકોર પેલી વસ્તુ રાખવી અને વળી એનાથી ભિન્ન જ્ઞાન રાખવું. ત્યારે તો અહીં અસ્તિ-નાસ્તિ થાય. 'વજુભાઈ'! પાછા પેલા ઊડાડી દે શુભભાવ ને શુભ વખતનું નિમિત્ત તો તે સંબંધીનું જ્ઞાન તે કાળે ઉડી જાય છે. સમજાણું કાંઈ? એ વખતે ભક્તિ ને એનો શુભરાગ એ સંબંધીનું જ્ઞાન સ્વને જાણતા એ સંબંધીનું જ્ઞાન તે કાળે હોય છે. જો એવો જ્ઞાનનો પર્યાય ન માને અને અજ્ઞાન શુભ જ ન હોય ને સામે ન હોય તો એ જ્ઞાનની પર્યાયનું જે એ વખતનું સામર્થ્ય છે એને એ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

જ્ઞાનની પર્યાયમાં તે જ પ્રકારે તે પ્રકારે શુભ રાગનો કાળ છે, ત્યાં સામે નિમિત્ત છે ને એવા જ જ્ઞાનનો સ્વકાળ (છે). અહીં સ્વકાળ પછી આવશે પણ એવું જ જ્ઞાનનું અસ્તિત્વ છે, તો સામે એવું જ હોય. એવી સ્થિતિના કાળના જ્ઞાનને એવી સ્થિતિ ન માને અને આ ન હોય અને જ્ઞાન એ પ્રકારનું પરિણમતું એકલું માને તો એને જ્ઞાનની ખબર નથી. સમજાણું કાંઈ? અને એ જ્ઞાનનો પર્યાય એ છે તો અહીં થયો છે તો જ્ઞાનમાં એની નાસ્તિ છે એમ એ માનતો નથી.

મુમુક્ષુ :– જ્ઞેયની વિદ્યમાનતાને કારણે એવો ભ્રમ થાય છે?

ઉત્તર :– ના, ના. એની ભ્રમણાને કારણે ભ્રમ થાય. જ્ઞેયની વિદ્યમાનતાને કારણે થતો હોય તો બધાને થવો જોઈએ. દુર્વાસના, નહોતું લખ્યું કારણ? કારણ આપ્યું હતું. એને મિથ્યાત્વ સંસ્કારને કારણે. જુઓ! લખ્યું જુઓ! બીજી લીટી છે. શું? જ્ઞેયને કારણે નહિ, એની ભ્રમણાને કારણે થાય છે. એનું જ્ઞાનનું હોવાપણું તે કાળે પોતાથી એવું જ હોય એમ ન માનતા એવું જ એ પ્રકારે ત્યાં જણાય તેને જ્ઞાન આને લઈને થયું એવી વાસના, દુર્વાસનાને કારણે ભ્રમ પડે છે. એમ કીધું હતું ને? ભ્રમયન્તિ નહોતું કહ્યું? સમજાણું? ભ્રમન્તિ ક્યાં આવ્યું હતું? ક્યાંક આવ્યું હતું ને? **'भ्रमतः'** જુઓને! **'જ્ઞાનવસ્તુ હોવાની થાય છે ભ્રાંતિ...'** જુઓ! હેઠેથી બીજી લીટી, આ બાજુ ૨૨૬, હેઠેથી બીજી લીટી. **'भ्रमतः'** ભ્રમણા થાય છે. સમજાણું કાંઈ? ઇ જાણે આ હોય તો થાય છે ને આ હોય તો નથી. પણ એ હોય તો થાય છે તે કાળ તારા પોતાના અસ્તિત્વનો છે. પરના અસ્તિત્વને લઈને તારુ હોવાપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ કે, આ જ્ઞેય જણાય છે એવું જ બરાબર જણાય માટે જ્ઞેય ભ્રાન્તિનું કારણ હશે? તો તો બધાને જ્ઞેય જ્યાં રહે ત્યાં સુધી ભ્રાન્તિ ચાલું જ રહે. કોઈ દિ' ભ્રાન્તિ

ટળે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જરૂર-ફરુરની વાત નથી. હોય છે ત્યાં હોય છે એમાં શું? અહીં શું કામ છે એને? હોય છે પછી વળી જરૂરની શું અહીં વાત છે? ત્યાં હોય છે એને કારણે ત્યાં. અહીં જ્ઞાન પોતાને કારણે પોતાથી થાય છે. વળી એમાં હોય છે માટે આ હોવું જોઈએ એ પ્રશ્ન ક્યાં રહે છે? નિમિત્ત હોવું જોઈએ, નિમિત્ત હોવું જોઈએ (એમ લોકો કહે છે). પણ હોવું જોઈએનો અર્થ શું? જ્ઞાનનો પર્યાય તે જ પ્રકારે ને સંયોગને જે જાણતું જ્ઞાન પરિણમે તે કાળે એવો જ નિમિત્ત ને સંયોગ હોય છે. એ એના જ્ઞાનના પર્યાયનું અસ્તિત્વ થાવું છે માટે તે ત્યાં અસ્તિત્વ છે એમ નથી. અને એના અસ્તિત્વને કારણે આ જ્ઞાનનું સ્વપર પરિણમન થાય એ અસ્તિત્વને કારણે એમ નથી. ભારે વાત, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ અજ્ઞાનના વાસનાને કારણે થાય છે, પરને કારણે નહિ. સ્વભાવને કારણે નહિ, પરને કારણે નહિ, વચલી વાસના ગરી ગઈ છે એને કારણે, એમ કહે છે, લ્યો! આ તો અજર પ્યાલા માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ? પરમ સત્યનું સાધન આ છે. આહાહા..! અનાદિની છે ને? અનાદિની કરતો આવે છે માટે. પાછી કરે છે પૂર્વની છે માટે અત્યારે છે એમેય નહિ. પૂર્વનું છે માટે એમ નહિ. એમ કહે છે કે, અનાદિનું છે. એ નવી નવી કરતો જ આવે છે. ભ્રમણા ઉભી કરતો જ આવે છે. આ છે તો આ છું, આ છે તો આ છું, આ છે તો આ છું, એવું જ અહીં જ્ઞાન થાય માટે એ છે તે હું છું. જુઓ! આ નિમિત્તવાળાના નિમિત્ત ઉડી જાય છે આમાં. આહા..! એટલે કે આનાથી થાય છે એ વાત ઉડી જાય છે. હોય છે ત્યારે તેને નિમિત્ત કહેવાય છે, હોય છે ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. જ્ઞાન જ્ઞાનપણે, ઉપાદાનપણે પોતાથી પરિણમે છે તે સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાપણે પરિણમે એ ઉપાદાન છે. સામી ચીજ છે પણ એ છે તો અહીં જ્ઞાન આમ પરિણમે છે એમ નથી. એ છે તો અહીં પરિણમે છે તો એને લઈને અહીં અસ્તિત્વ છે, પોતાને લઈને અસ્તિત્વ છે એમ એણે માન્યું નથી. સમજાણું કાંઈ? આવી જ્ઞાનની કોર્ટ હશે આવી કાંઈ?

ભગવાને અનેકાન્તનો ફેસલો કોર્ટમાં આમ કર્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! એમાં 'કુંદકુંદાચાર્ય'. એની કથનની પદ્ધતિ એકલી સત્યના દોરની (છે). આહાહા..! એથી શાસનના સ્થંભ તરીકે નાખ્યા છે ને? **'મંગલમ ભગવાન વીરો, મંગલમ ગૌતમો ગણી, મંગલમ કુંદકુંદાર્યો'** કુંદકુંદ આદિ આચાર્યને મુખ્ય નાખ્યા, જુઓ! 'ગણધર' પછી નાખ્યા 'કુંદકુંદાચાર્ય'! આહાહા..! ધર્મ ધુરંધર આચાર્યપદનો (આજે) દિવસ છે આ, જુઓને! બધા એવા પાક્યા. 'અમૃતચંદ્રાચાર્ય' મહા ધર્મના થાંભલા દિગંબર સંત મુનિઓ! એ અંતરના આત્મધ્યાનને અમૃતમાં અનુભવના વેદનમાં પડેલા એ કહે છે કે, અમે તો પરને જાણવા કાળે પરથી તો નથી, હોં! એવું જ

જ્ઞાન થાય ને? તે એવું જ જ્ઞાન થાય. ત્યારે કેવું જ્ઞાન થાય? જ્ઞાન કાંઈ બીજી જાતનું થાય? જ્ઞાનનું યથાર્થપણું કોને કહીએ? જેવું ત્યાં છે એવું અહીં જ્ઞાન થાય એટલે જ્ઞાન એને લઈને થયું? જ્ઞાનનું યથાર્થપણું કેમ કહેવાય? જેવું છે એવું જાણે એનું નામ યથાર્થપણું છે. પણ એ છે તો જાણે છે? એ યથાર્થપણું છે? સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુ એમ સાધી શકે છે – અનુભવ કરી શકે છે. સમ્યગ્દષ્ટિ જીવ...'** **'एव'** **'એવો જ છે.'** એવો જ છે. **'કેવો છે સ્યાદ્વાદી?'** **'समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन्'** આ સિદ્ધ કરવું છે, જુઓ! અહીં નાસ્તિનો ભંગ છે ને? **'समस्तवस्तुषुं'** મારી વસ્તુ સિવાય **'परद्रव्यात्मना'** પરદ્રવ્ય સ્વરૂપ જેટલી **'જ્ઞાનમાં પ્રતિબિંબિત થયું છે સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ,...'** જ્ઞાનમાં જાણવામાં આવ્યું બધું વસ્તુનું સ્વરૂપ **'તેમાં...'** **'परद्रव्यात्मना'** એ પરવસ્તુનું સ્વરૂપ છે. એમ અનુભવે છે **'જ્ઞાનવસ્તુથી ભિન્નપણું,...'** એમ, એમ લીધું. નહિતર જ્ઞાનવસ્તુથી ભિન્નપણું અનુભવે છે. આમ પરદ્રવ્ય છે ને? જ્ઞાનવસ્તુથી ભિન્નપણું અનુભવે છે. સમજાણું કાંઈ?

**'परद्रव्यात्मना'** જ્ઞાનમાં બધું જણાવા છતાં તે પરદ્રવ્ય સ્વરૂપ છે, એ પણે હું નથી. સમજાણું કાંઈ? ઓહો..! જ્ઞાનમાં જણાવામાં બધી વસ્તુ આવી એ **'સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ, તેમાં અનુભવે છે જ્ઞાનવસ્તુથી ભિન્નપણું,...'** એમ. નાસ્તિપણું. પરવસ્તુનું જ્ઞાનમાં જાણવું આવ્યું પણ એ પરવસ્તુનું મારામાં નાસ્તિપણું છે. એમ જ્ઞાનમાં જ્ઞાની–સ્યાદ્વાદી અનેકાન્ત અનુભવે છે. આહા..! આ અનેકાન્ત છે. લ્યો! સમજાણું કાંઈ? નાસ્તિપણું અનુભવે છે એટલે **'ભિન્નપણું, તેના કારણે નાસ્તિપણું અનુભવતો થકો.'** ભગવાનની વાણી પણ જ્ઞાનમાં આવી પણ કહે છે કે, ના. વાણિથી નાસ્તિપણું જ્ઞાનનું અનુભવે છે. સમજાણું કાંઈ? ત્યાં એ જ્ઞાની ગણધર આદિ પણ બેઠા છે અને જ્ઞાનમાં જે જણાય છે તો એ અસ્તિત્વ વાણીને લઈને અહીં જ્ઞાન થયું છે એમ નથી. અને જેવો વાણીમાં આશય આવે એવું અહીં જ્ઞાન થાય એ તો જ્ઞાનનો પરથી પૃથક રહીને પોતામાં પોતાને જાણવામાં સામર્થ્યવાળું જ્ઞાન એવું છે. સમજાણું કાંઈ? કેટલા ભંગ! કેટલા ઉડાડી દે છે ને કેટલા સિદ્ધ કરે છે! સમજાણું?

**'ભાવાર્થ આમ છે કે સમસ્ત જ્ઞેય જ્ઞાનમાં ઉદ્દીપિત થાય છે...'** બધા જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે. ઉદ્દીપિત થાય છે એટલે જણાય છે, હોં! જ્ઞાન આવી જતું નથી. **'પરંતુ જ્ઞેયરૂપ છે, જ્ઞાનરૂપ થયું નથી.'** પરવસ્તુ પરરૂપે જ્ઞાનમાં થઈ નથી. **'કેવો છે સ્યાદ્વાદી?'** એક બોલ રહી ગયો છે ઇ. ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**માગશર વદ ૯, ગુરૂવાર તા.૧૬.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૩, ૨૫૪. પ્રવચન - ૨૭૧**

'સ્યાદ્વાદ અધિકાર' સાતમા શ્લોકનો છેલ્લો થોડો બોલ છે. **'કેવો છે સ્યાદ્વાદી?'** એટલો છેલ્લો શબ્દ બાકી છે. એટલે શું ચાલે છે આ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સ્વદ્રવ્ય છે એમાં પરદ્રવ્યનું જ્ઞાન થતાં અજ્ઞાની એમ માને છે કે, હું પરદ્રવ્યથી જ છું. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પરજ્ઞેયને જાણવાનો છે એમ જાણતા એને એમ છે કે, આ બધું પરરૂપ જ હું છું. **'સ્યાદ્વાદી'** **'निर्मलशुद्धबोधमहिमा'** **'મિથ્યાદોષથી રહિત...'** એટલે પરને લઈને હું છું એમ નહિ. મારા જ્ઞાનમાં પરદ્રવ્ય જણાય છતાં પરદ્રવ્યને લઈને હું છું એમ નહિ. પોતાના અસ્તિત્વ ઉપર લક્ષ અને માન્યતા હોવાથી ધર્મી જીવ એના જ્ઞાનમાં પર જણાય ખરું, જણાતા છતાં તેનાથી હું છું એમ નહિ. સમજાણું?

**'મિથ્યાદોષથી રહિત...'** શબ્દો છે તો જ્ઞાન છે, આ પુસ્તક છે તો જ્ઞાન થાય છે એમ પરદ્રવ્ય છે તો જ્ઞાન થાય છે એમ ધર્મી માનતો નથી. **'તથા રાગાદિ અશુદ્ધ પરિણતિથી રહિત...'** જેથી પરદ્રવ્યને લઈને મારું જ્ઞાન નથી એમ માનનાર સ્વદ્રવ્યને લઈને મારી અવસ્થા જ્ઞાન આદિ વસ્તુ છું એને પરદ્રવ્ય તરફની એકતાબુદ્ધિમાં રાગનો નાશ થઈ જાય છે. સમજાય છે? અને **'बोध'** **'અનુભવજ્ઞાન તેનાથી છે...'** **'महिमा'** હું તો જ્ઞાનસ્વરૂપ મારાથી છું, ચૈતન્યમૂર્તિ છું એમ પોતાના બોધનો અનુભવ જ્ઞાનના અનુભવજ્ઞાનથી હું છું. એમ પોતાના પ્રતાપને જાહેર કરે છે. કહો, સમજાણું આમાં? એટલો શબ્દ હતો.

સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને પરનું જાણવું હોવા છતાં પરથી હું નથી. હું તો મારા સ્વરૂપના જ્ઞાનબોધથી છું એમ પોતાની સત્તાની દૃષ્ટિ રાખીને પોતાના અસ્તિત્વમાં મારાથી હું છું, પરથી નથી એમ પોતાના જ્ઞાનસ્વરૂપને રાગ રહિત કરતો, પરના સંબંધ વિના કરતો, પોતાના જ્ઞાન સાથે એકત્વ કરતો જ્ઞાનનો અનુભવ કરે છે. એ એની **'महिमा'** નામ પ્રતાપ છે. સમજાણું કાંઈ? આ તો એકલા અનેકાન્તના નિયમો છે ને! જરી ઝીણા છે. ઇ છ બોલ થયા. હવે સ્વક્ષેત્રથી અસ્તિનો સાતમો બોલ છે. આત્મા પોતાના ક્ષેત્રમાં છે, પરક્ષેત્રથી નથી.

( શાર્દૂલવિક્રીડિત )

भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा
सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।
स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।।८-२५४।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયરૂપ માને છે, દ્રવ્યરૂપ માનતો નથી; તેથી જેટલો સમસ્ત વસ્તુનો છે આધારભૂત પ્રદેશપુંજ તેને જાણે છે જ્ઞાન, જાણતું થકું તેની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન, એનું નામ પરક્ષેત્ર છે, તે ક્ષેત્રને જ્ઞાનનું ક્ષેત્ર માને છે. એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ, તે ક્ષેત્રથી સર્વથા ભિન્ન છે ચૈતન્યપ્રદેશમાત્ર જ્ઞાનનું ક્ષેત્ર, તેને માનતો નથી. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ પરક્ષેત્રને જાણે છે પરંતુ પોતાના ક્ષેત્રરૂપ છે, પરનું ક્ષેત્ર જ્ઞાનનું ક્ષેત્ર નથી. તે જ કહે છે–''पशुः सीदति एव'' ( पशुः ) એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ ( सीदति ) ઓલાંની (–કરાની) માફક ગળે છે, જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકતો નથી, ( एव ) નિશ્ચયથી એમ જ છે. કેવો છે એકાન્તવાદી ? ''भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः'' ( भिन्नक्षेत्र ) પોતાના ચૈતન્યપ્રદેશથી અન્ય છે જે સમસ્ત દ્રવ્યોનો પ્રદેશપુંજ ( निषण्ण ) તેની આકૃતિરૂપ પરિણમ્યો છે એવો છે જે ( बोध्यनियतव्यापार ) જ્ઞેય-જ્ઞાયકનો અવશ્ય સંબંધ, તેમાં ( निष्ठः ) નિષ્ઠ છે અર્થાત્ એતાવન્માત્રને (–એટલામાત્રને) જાણે છે જ્ઞાનનું ક્ષેત્ર, એવો છે એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ. ''सदा'' અનાદિ કાળથી એવો જ છે. વળી કેવો છે મિથ્યાદષ્ટિ જીવ ? ''अभितः बहिः पतन्तम् पुमांसं पश्यन्'' ( अभितः ) મૂળથી માંડીને ( बहिः पतन्तम् ) પરક્ષેત્રરૂપ પરિણમી છે એમ ( पुमांसं ) જીવવસ્તુને ( पश्यन् ) માને છે–અનુભવે છે, એવો છે મિથ્યાદષ્ટિ જીવ. ''पुनः स्याद्वादवेदी तिष्ठति'' ( पुनः ) એકાન્તવાદી જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી પરંતુ ( स्याद्वादवेदी ) સ્યાદ્વાદવેદી અર્થાત્ અનેકાન્તવાદી ( तिष्ठति ) જે પ્રમાણે માને છે તેવી વસ્તુ છે. ભાવાર્થ આમ છે કે તે વસ્તુને સાધી શકે છે. કેવો છે સ્યાદ્વાદી ? ''स्वक्षेत्रास्तितया निरुद्धरभसः'' ( स्वक्षेत्र ) સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન નિજસ્વરૂપ ચૈતન્યપ્રદેશ, તેની ( अस्तितया ) સત્તારૂપે (निरुद्धरभसः) પરિણમ્યું છે જ્ઞાનનું સર્વસ્વ જેનું, એવો છે સ્યાદ્વાદી. વળી કેવો છે ? ''आत्मनिखातबोध्य-नियतव्यापारशक्तिः भवन्'' ( आत्म ) જ્ઞાનવસ્તુમાં ( निखात ) જ્ઞેય પ્રતિબિંબરૂપ છે– એવો છે ( वोध्यनियतव्यापार ) જ્ઞેય-જ્ઞાયકરૂપ અવશ્ય સંબંધ, આવું ( शक्ति ) જાણ્યું

**છે જ્ઞાનવસ્તુનું સહજ જેણે,એવો ( भवन् ) હોતો થકો. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ પરક્ષેત્રને જાણે છે એવું સહજ છે, પરંતુ પોતાના પ્રદેશોમાં છે, પરાયા પ્રદેશોમાં નથી–એમ માને છે સ્યાદ્વાદી જીવ, તેથી વસ્તુને સાધી શકે છે–અનુભવ કરી શકે છે. ૮.૨૫૪.**

---

## ( શાર્દૂલવિક્રીડિત )

भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा
सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।
स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।।८-२५४।।

આમાં એમ કહેવું છે કે, એમ દરેકમાં ભાવાર્થથી ઉપાડ્યું છે. **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયરૂપ માને છે,...'** અહીં ભાષા આવી છે. એટલે? બસ, બે જ વાત. આ જ્ઞાન પર્યાયમાં પરક્ષેત્રને આકારે જ્ઞાન થાય છે. કહીએ છીએ ને હજી, હજી ક્યાં છોડી દઈએ છીએ? જ્ઞાન પરનું ક્ષેત્ર જાણે છે, પરનું ક્ષેત્ર આ ઘર, મકાન, ઘટ-પટ એની પહોળાઈને, એના ક્ષેત્રને, એના અવગાહનને જ્ઞાન જાણે છે. જાણતા અજ્ઞાનીને એમ થાય છે કે, આ જ્ઞાનનું હોવાપણું આ પર જેવડું મોટું-નાનું ક્ષેત્ર છે એવડો હું છું.

મુમુક્ષુ :– પોતાના મકાનનું ક્ષેત્ર કોનું?

ઉત્તર :– ક્ષેત્ર કોનું હશે? 'મગનભાઈ' મને તો આજ એક વિચાર બીજો આવ્યો હતો પેલા નૈયાયિકો ઇન્દ્રિયને સન્નિકર્ષ કહે છે ને? નહિ? ઇન્દ્રિયને પ્રમાણ કહે છે. એટલે એ સન્નિકર્ષને મારું તો એવું કહેવું છે કે, પ્રમાણ કહે છે. ઇ મગજમાં આવ્યું. એના અર્થમાં એણે નથી લખ્યું, એ તો સમુચ્ચય લખ્યું છે–નૈયાયિક શબ્દ. પણ એ ઇન્દ્રિયને સન્નિકર્ષ (કહે છે). આ ઇન્દ્રિયોને પ્રમાણ કહે છે. આ અર્થમાં નૈયાયિક મૂક્યો છે. સંસ્કૃતમાં 'અધ્યાત્મ તરંગિણી' અધ્યાત્મ શું કહેવાય? 'પરમઅધ્યાત્મ તરંગિણી'. એટલે કે આ ઇન્દ્રિયો છે એ પ્રમાણ છે એમ ઇ માને છે. ઇ છે તો જ્ઞાન (છે). એટલે આ ઇન્દ્રિયનું ક્ષેત્ર પર છે. આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં પોતે સ્વતંત્ર પોતાપણે અસંખ્ય પ્રદેશમાં અસ્તિત્વ આત્માનું છે. અને આ ઇન્દ્રિયો જે જડ છે એનું ક્ષેત્ર જ પર છે. છતાં એ ઇન્દ્રિયો છે તો મને જ્ઞાન થાય. એમ ઇન્દ્રિયો છે તો મને જ્ઞાન થાય એ પરક્ષેત્રથી હું છું એમ એ માને છે. સમજાણું કાંઈ?

આ ઇન્દ્રિયો છે તો જ્ઞાન થાય છે કે નહિ અંદર? ઇન્દ્રિય વિના થાય? કહે છે કે, ઇન્દ્રિયો તો જડ છે, ભાઈ! આ તો પરક્ષેત્રમાં છે, આ કાંઈ તારા ક્ષેત્રમાં નથી. તારા ક્ષેત્રમાં

તો અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનઘન છે એ તારું ક્ષેત્ર છે. તારા ક્ષેત્રમાં એટલે તારા અવગાહનમાં, તારી પહોળાઈમાં, તારા અવગાહનમાં–તારી પહોળાઈમાં, તારી પહોળાઈ ને તારું અવગાહન તો અસંખ્ય પ્રદેશમાં છે. આ પહોળાઈ ને આ અવગાહન તો પર છે. કે દિ' હશે આ? ત્રિકાળ એમ છે.

વસ્તુ પોતાના અવગાહન નામ પહોળાઈમાં એને સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં એનો જ્ઞાન આદિ ગુણ, આનંદ આદિ ગુણ એ બધું અસંખ્ય પ્રદેશમાં સ્વ-અવગાહનમાં છે. એમ ન માનતા એના જ્ઞાનમાં પરક્ષેત્રની હયાતી (છે) તેથી અહીં જ્ઞાન દેખાય છે ને? આ ઇન્દ્રિયો ઘટ-પટ આદિની જે પહોળાઈ કે મકાનની પહોળાઈ કે આ બધું ક્ષેત્ર આદિ ઘટ-પટ (આદિ) એ જ પ્રકારનું જ્ઞાનમાં એવું જ ક્ષેત્ર જ્ઞાન જાણે. એવા પહોળા નાના-મોટા ક્ષેત્રને જ્ઞાન જાણે. તો એને એમ થઈ જાય છે કે, નાના-મોટા ક્ષેત્રને બરાબર જ્ઞાન જાણે તો એ મારું ક્ષેત્ર પરમાં જ જાય છે, પરને લઈને મારું ક્ષેત્ર છે. હું અહીં રહીને આવડું મોટું કેમ જાણું? હું અહીં રહીને આ લીમડો જણાય છે લ્યો! જુઓ! આ કપાટ જણાય. કહે છે કે, મારા જ્ઞાનનો પર્યાય એવા ક્ષેત્રાકારે થાય છે એનો અર્થ કે, હું એવડો પહોળો થઈ જાઉં છું. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ એમ માને છે. વસ્તુને પર્યાય માને. પર્યાય એટલે એક ક્ષણની અવસ્થા પર આકારે પહોળી આદિ એટલી પહોળી થતી નથી, પહોળી તો પોતાના ક્ષેત્ર પ્રમાણે જ્ઞાનની પર્યાય થાય છે. સમજ્યા ને? પહોળી કહે છે? શું કહે છે? પહોળી. એ પહોળાઈમાં મોટું આમ દેખાય. લીમડો દેખાય, પીપળા દેખાય, મકાન આવડા મોટા દેખાય. એટલે એ જ્ઞાનના પર્યાયમાં આવડું જ ક્ષેત્ર દેખાય છે. એનો અર્થ કે, એ ક્ષેત્રાકાર હું થઈ જાઉં છું. સમજાણું કાંઈ?

મકાનમાં ક્ષેત્રાકારવર્તી થઈ જાય ત્યારે ક્ષેત્ર છોડવું એને ગોઠતું નથી ને? આ ક્ષેત્રથી કેમ નીકળવું? ઇ ક્ષેત્રથી નીકળીશ તો હું જ નીકળી જાઉં છું જાણે! પણ તું તો તારા અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં છો. 'ભીખાભાઈ'! એ મકાનમાં ફર્નીચર હોય ને સરખા હોય. ક્ષેત્ર આટલું આનું. કેટલું? અસંખ્ય પ્રદેશમાં. દેખાય આવડું (મોટું). જાણે આ જ્ઞાનનું ક્ષેત્ર પરને લઈને હોય. પરનું ક્ષેત્ર જ્ઞાનમાં જાણવાની સામર્થ્યની શક્તિ છે એમ ન માનતા પરના ક્ષેત્રમાં જ મારી જ્ઞાનની દશા ચાલી ગઈ ને પરને લઈને હું છું એમ માનનાર પોતાના જ્ઞાનના ક્ષેત્રને પોતાના ક્ષેત્રમાં રહેલું, વ્યાપેલું માનતો નથી. સમજાણું કાંઈ?

આ ઘટ-પટ ઘડાની પહોળાઈ, વસ્ત્રની પહોળાઈ, મકાનની પહોળાઈ, બારણાની પહોળાઈ, બારીની પહોળાઈ, આ સળિયાની પહોળાઈ, આ ઘડીયાળની પહોળાઈ. છે કે નહિ? જુઓ! એ પહોળાઈમાં મારું ક્ષેત્ર ન્યાં ગરી ગયું એમ (માને છે). એ સંબંધીનું જ્ઞાન અહીં થાય. એટલા જ ક્ષેત્રમાં એવડા મોટા ક્ષેત્રનું કે નાના ક્ષેત્રનું જ્ઞાન અહીં થાય પણ એ નાના-મોટા ક્ષેત્રપણે આત્મા થઈ ગયો છે એમ નથી. અજ્ઞાનીને એમ થઈ જાય કે, આહાહા..!

આવડું મોટું જણાય તો હું તો એ ક્ષેત્રમય થઈ ગયો, મારું જ્ઞાન જ ન્યાં ચાલ્યું ગયું, ન્યાં જ વિશ્રામ પામી ગયું. સમજાણું?

આટલી આંખમાં જ્ઞાન છે, જ્ઞાન તો આખામાં છે. મોટો ડુંગરો જણાય. ડુંગરા ઉપર જાતો હોય તો કેટલું જણાય જોયું છે? આહા..! જાત્રા-બાત્રા જાય ને? એમાં ચાલીને જાવું હોય તો જરીક મહેનત પડતી હોય પણ કોઈ ડોળીમાં બેઠો હોય તો એને જોવાનું બહુ રહે. હેઠે આમ ક્યાંનું ક્યાં પચીસ, પચીસ ત્રીસ ગાઉનું આમ ક્યાંય ક્યાંય લાગે ઠેઠ. 'ગીરનાર'માં તો 'જેતપુર-બેતપુર' ક્યાંય નજીક લાગે. આ દેખાય. ઓ..હો..! આ જ્ઞાન જાણે ન્યાં ચાલ્યું ગયું. આવડું જ્ઞાન આવડાને જાણે, આવડું જ્ઞાન આવડાને જાણે તો એવડું જ્ઞાન થઈ ગયું. એકાકાર થઈ ગયું એમ માને છે પણ મારું જ્ઞાન મારા ક્ષેત્રમાં રહીને એને જાણતા એ રૂપે થતું નથી, એમ અજ્ઞાની માનતો નથી. કહો, સમજાણું આમાં? કહો, 'મલૂકચંદભાઈ'! આ વળી ઇ યાદ આવ્યા. અમારા કરેલા હતા. બાવીસ માળ ને બે માળ ને પાંચ માળ ને આ માળ પણ એ તો ક્ષેત્રની એની પહોળાઈ છે. એની પહોળાઈનું જ્ઞાન અહીંની પહોળાઈમાં રહેલા જણાય છે, અહીંની પહોળાઈ ત્યાં ચાલી જાય છે (એમ નથી). સમજાણું કાંઈ?

આ ઇન્દ્રિયો છે, ઇન્દ્રિયોને જ પ્રમાણ માન્યું. કારણ કે, ઇન્દ્રિયો ન હોય જ્ઞાન કેમ થાય? પણ હું ન હોઉં તો કેમ થાય? એમ નહિ. આ ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય, એમ માને છે ને ઘણા? વિશેષ જ્ઞાન. જુઓને! 'જયધવલ'માં લખ્યું ને? આ ઇન્દ્રિયથી જ્ઞાન થાય. ઇન્દ્રિયથી જ્ઞાન થાય, આ ઇન્દ્રિયોથી તારી વિશેષ દશા થઈ તો પછી સામાન્ય જે ગુણ છે ત્રિકાળ એણે વિશેષ શું કર્યું? શું કીધું? એ સામાન્ય એટલે કાયમ રહેનારો જ્ઞાન ગુણ, કાયમ રહેનારો જ્ઞાન ગુણ. એની વર્તમાન અવસ્થાની દશા થવી તે તેની વિશેષ અવસ્થા કહેવાય. એની વિશેષતા. સામાન્ય ત્રિકાળ એકરૂપ એની વર્તમાન દશા તે વિશેષ અવસ્થા. તે જ્ઞાનની વિશેષ અવસ્થા જો ઇન્દ્રિયોથી થાય તો તે ઇન્દ્રિયોથી વિશેષ થયું, ઇન્દ્રિયોથી વિશેષ થયું. તો સામાન્યનું વિશેષ ન રહ્યું. કહ્યું કે નહિ? '...ભાઈ'! સામાન્ય એટલે કાયમ રહેનાર. સોનું છે સોનું... સોનું... સોનું... એ કાયમ રહેનાર અને એની વર્તમાન અવસ્થા કુંડળ, કડા રૂપે થઈ એ વિશેષ. હવે એ વિશેષ અવસ્થા કોઈ કહે કે, સોનીએ કરી, હથોડે કરી એ વિશેષ અવસ્થા. જો એનાથી વિશેષ થઈ તો સામાન્ય વિશેષ વિનાનું રહ્યું. સામાન્ય વિશેષપણે પરિણમ્યું છે એ સામાન્ય પોતે વિશેષપણે થયું છે. સમજાણું કાંઈ?

નિમિત્તકર્તાનું આવ્યું હતું. ભગવાન વાણીના નિમિત્તકર્તા છે. નહિતર પ્રમાણ નહિ ઠરે. ઉપાદાન એકાન્ત કર્તા માનનાર(ને) નિમિત્ત કર્તાને ઉડાડવું છે. પ્રમાણ નહિ ઠરે. એથી ભગવાને કહ્યું એમ નહિ માને, ભગવાને જાણ્યું એમ માનીને નિયતને માને છે, ભગવાને જાણ્યું એમ નિયતને માને છે, ભગવાને કહ્યું એમ કહેવા જાય તો કહ્યું તો ભગવાને કહ્યું તો કર્તા થઈ જાય છે. એ..ઇ..! વિચિત્રતા (છે). ઉપાદાન કર્તા એકલા માનનારા નિમિત્ત કર્તા નહિ

માનનારા કેવળીનું કહેલું છે એમ નહિ માને પણ આચાર્યોએ તો એમ કહ્યું છે કે, કેવળીએ કહેલું કહું છું, કેવળીએ દીઠું કહું છું એમ ક્યાંય નથી કહ્યું.

હા, એ લખે છે. ઇ કો'કે પ્રશ્ન પૂછ્યો હતો. 'ણિદિટ્ઠં'નો અર્થ દેખવું થાય? કે કહેવું થાય? એમાંથી મોટી ચર્ચા ઉપાડી. 'રયણસાર'નો કોઈ પ્રશ્ન છે. એ તો દેખ્યું એ કહેવાય ને કહેવું એ કહ્યું પણ કહેવાય. સાંભળને હવે. કહ્યું કહેવાય એ તો નિમિત્તથી વાત છે. નિમિત્ત કર્તા છે એનો ક્યાં અર્થ થઈ ગયો? એ વાણીને રચે છે. ઉપાદાનપણે નહિ પણ નિમિત્તપણે વાણીને રચે. એલા વાણીને આત્મા રચે? આ તે કાંઈ ગજબ કરે છે ને! સમજાણું?

આ ઇન્દ્રિયોને રચે, આ ઇન્દ્રિયો હોય તો જ્ઞાન થાય, ઇન્દ્રિય એમાં નિમિત્ત કર્તા જ્ઞાનની છે, એના ક્ષેત્ર પ્રમાણે અહીં જ્ઞાન થાય એના જ્ઞાનમાં પણ પહોળાઈ પણ એટલા ક્ષેત્ર પ્રમાણે થઈ. જુઓ! આમ. પણ એ ક્ષેત્ર પર છે ને તારું ક્ષેત્ર તદ્દન જુદું છે. પોતાની પહોળાઈના ક્ષેત્રની અસ્તિમાં પરની પહોળાઈની નાના-મોટાની જ્ઞાનની આકૃતિ પોતાના ક્ષેત્ર પ્રમાણે જાણતા એનું ક્ષેત્ર જાણે પરરૂપે થઈ ગયું એમ અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે. બહિર્બુદ્ધિ છે ને? એમ અહીં કહે છે. બહિરપણે પરક્ષેત્રને જાણતા પરક્ષેત્રરૂપ થઈ ગયું એમ થાય છે. સમજાણું?

**'દ્રવ્યરૂપ માનતો નથી;...'** એટલે પોતાનું જુદું ક્ષેત્ર છે એમ માનતો નથી. **'તેથી જેટલો સમસ્ત વસ્તુનો છે આધારભૂત પ્રદેશપુંજ...'** જુઓ! એ માટે જેટલી બીજી વસ્તુઓ છે એનું આધારભૂત ક્ષેત્ર–પ્રદેશ. ઘડાનું ઘડા પ્રમાણે ક્ષેત્ર પહોળું છે કે નહિ? વસ્ત્રનું વસ્ત્ર પ્રમાણે પહોળું છે કે નહિ? નદીનું નદી પ્રમાણે, પર્વતનું પર્વત પ્રમાણે પહોળું ક્ષેત્ર છે કે નહિ? લાડવાનું લાડવા પ્રમાણે, દાળનું દાળ પ્રમાણે. એના આધારભૂત એના પ્રદેશો–એનું ક્ષેત્ર છે. **'તેને જાણે છે જ્ઞાન,...'** એને જાણે છે જ્ઞાનની દશા. જેવું એનું ક્ષેત્ર પ્રદેશનું, પરનું છે એ પ્રમાણે જાણે છે જ્ઞાનની દશા.

**'જાણતું થકું તેની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન,...'** આકૃતિને અહીં વજન છે ને? અહીં ક્ષેત્રનું વજન છે. સમજાણું કાંઈ? જેવી પરવસ્તુ છે એના ક્ષેત્ર પ્રમાણે જ જ્ઞાનનો પર્યાય એટલા પ્રમાણે પરિણમે છે, પણ પરિણમે છે એ પોતાના ક્ષેત્રમાં પરિણમે છે. એના ક્ષેત્રમાં જઈને ને એના ક્ષેત્રને લઈને, એના ક્ષેત્રમાં જઈને ને એના ક્ષેત્રને લઈને (પરિણમતું નથી). સમજાણું? મોટો પત્થરનો સ્થંભ હોય. છ હાથનો થાંભલો પુરુષાકારે (હોય). જ્ઞાન એને જાણે. એટલે એને (એમ લાગે છે) કે, આટલું મોટું ક્ષેત્ર આમાં જણાયું તો આ મારું જ્ઞાન આવડા આકારરૂપે થઈ ગયું. પુરુષના છ હાથના પથરા જેવડું મારું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? કેમકે ત્યાં એની બહિર્બુદ્ધિમાં જેટલું પહોળું દેખાય એટલું મારું જ્ઞાન પહોળું થઈને ત્યાં પરિણમી ગયું (એમ માને છે)ય સમજાણું આમાં?

મકાન-બકાનમાં શું? એ મકાન(માં) જ્યાં રહ્યો હોય ત્યાંથી નીકળવું ગોઠતું નથી, એકાકાર

થઈ ગયો. ક્ષેત્રાકારવર્તી. જે મકાન પચાસ પચાસ વર્ષથી વાપર્યા હોય એ જ્ઞાનની પર્યાયમાં આમ ક્ષેત્રાકાર વૃત્તિ થઈ ગઈ હોય, લ્યો! થયું છે તો ક્ષેત્રાકાર પોતાનો જ્ઞાનનો પર્યાય. એ ક્ષેત્ર આકાર પરના ક્ષેત્રરૂપે નથી પણ એમાંથી નીકળવું એને ગોઠતું નથી. આહા..! એ ક્યાં તારું ક્ષેત્ર તો તદ્દન નિરાળું છે. કોઈ ક્ષેત્ર ઘરમાંય નથી ને ઘટમાંય નથી ને વસ્ત્રમાંય નથી, આ શરીરના ઇન્દ્રિયના આકારના ક્ષેત્રમાંય તું નથી. આહાહા...! સમજાણું કાંઈ?

**'પરિણમે છે જ્ઞાન, એનું નામ પરક્ષેત્ર છે,...'** અહીં અત્યારે એનું નામ જ પરક્ષેત્ર ગણ્યું, ભાઈ! જ્ઞાનમાં પરનું જણાવું એનું નામ જ પરક્ષેત્ર. આહાહા..! એને જ અહીં પર્યાયને માને એમ કીધું છે, જુઓ! સમજાણું કાંઈ? એટલો જ હું છું, પરને જાણવાના ક્ષેત્ર જેટલું જ્ઞાન એવડો હું છું. **'તે ક્ષેત્રને જ્ઞાનનું ક્ષેત્ર માને છે.'** એ ક્ષેત્ર કોઈ જ્ઞાનની પર્યાયમાં જેવડું ક્ષેત્ર જણાય એટલું જ્ઞાનનું ક્ષેત્ર માને છે.

**'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ, તે ક્ષેત્રથી સર્વથા ભિન્ન છે ચૈતન્યપ્રદેશમાત્ર જ્ઞાનનું ક્ષેત્ર,...'** પરના ક્ષેત્રના આકારે પરિણમેલું જ્ઞાન એટલું જ નથી. ભિન્ન અસંખ્ય પ્રદેશી ભગવાન ચૈતન્ય પ્રદેશમાત્ર અસંખ્ય ચૈતન્યના પ્રદેશના ક્ષેત્રની પહોળાઈ માત્ર છે. **'તેને માનતો નથી.'** જુઓને! આ વેદાંત આદિ એમ જ માને છે ને? જ્ઞાન આખા લોકાલોક વ્યાપક થઈ જાય. સમજાણું કાંઈ? અદ્વૈત એકાકાર ક્ષેત્રમાં થઈ જાય તો આત્મા કહેવાય ને? અખંડ આત્મા આટલા ક્ષેત્રમાં રહે એ નિત્ય કેમ રહી શકે? આટલા ક્ષેત્રમાં વસ્તુ નિત્ય કેમ રહે? એમ કહે છે. આખા ક્ષેત્રમાં વ્યાપી જાય તો નિત્ય રહી શકે. એમ નથી. ક્ષેત્ર એનું ભલે આટલું જ હોય પણ એનું નિત્યપણું અનંત ગુણોથી સ્વતંત્ર પરથી ભિન્ન છે એમ ભિન્ન એ માનતો નથી. સમજાણું કાંઈ?

અનંતમાં અનંત ભળી જાય એમ કહે છે, લ્યો! એક ફેરી 'સંતબાળ'નો દાખલો આવ્યો હતો. એક માણસ રાખ્યો હતો. અહીંથી મોટો પ્રકાશ રાખ્યો હતો. એમાંથી પ્રકાશ બધે ફેલાઈ ગયો. આવ્યું હતું? જોયું હતું? એક ફેરી ચિત્ર કાઢ્યું હતું. જાણે જ્ઞાન પરમાં અનંતમાં વ્યાપી ગયું એનું નામ આત્મા કહેવાય. લોકો કેટલાક નથી કહેતા કે? ભાઈ! અહીંથી દેહ છૂટ્યો અનંતમાં અનંત વ્યાપી ગયો. થઈ રહ્યું, જાઓ! ક્યાં વ્યાપે પણ? પરક્ષેત્રમાં વ્યાપતો હશે? સમજાણું કાંઈ?

**'તેને માનતો નથી.'** પોતાનો ચૈતન્ય પદાર્થ ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ અહીં જ છે, આટલામાં જ છે. કેમ? કે ઇ આમ એકાગ્ર કરવા જાય છે તો એટલા ક્ષેત્રમાં એકાગ્ર કરે છે. એનું ક્ષેત્ર જો લાબું હોય તો આમ થાય તો એને એકાગ્ર થાય. શું કીધું? જેટલામાં ઇ જેટલા ક્ષેત્રમાં પહોળાઈમાં છે, આમ અંદર એકાગ્ર થાય છે એમાં, તો જેટલામાં એકાગ્ર થાય એટલામાં જ એનું ક્ષેત્ર છે. આમ જો એ બધું ક્ષેત્ર લાબું હોય તો આમ એને બહુ આમ લાબું થાય તો એકાગ્ર થાય.

મુમુક્ષુ :– સંસારમાં એકાગ્ર થાય છે ને.

ઉત્તર :– સંસાર? પણ સંસારમાં નથી? રાગમાં એકાગ્ર થાય છે કે નહિ? કેટલામાં થાય છે? કેટલામાં? કેટલામાં થાય છે? આ એટલા ક્ષેત્રમાં થાય છે? કે બધા ક્ષેત્રમાં થાય છે? રાગમાં એકાગ્ર નથી થતો? રાગમાં એકાગ્ર કેટલા ક્ષેત્રમાં થાય છે કહો? સમજાણું આમાં?

'ઇષ્ટોપદેશ'માં કહ્યું છે, એક દાખલો આપ્યો છે કે, જો તું એમ કહેતો હો કે, આત્મા બધે વ્યાપક છે. તો પછી એની એકાગ્રતા તો એટલામાં જ દેખાય છે. રાગાદિની એકાગ્રતા એટલામાં ને જ્ઞાનની એકાગ્રતા એટલી પહોળાઈમાં જ જ્ઞાનની એકાગ્રતા આમ દેખાય છે. તો એનું ક્ષેત્ર તો આટલું જ છે. એને ઠેકાણે આ પરક્ષેત્રમાં હું છું (એમ જે માને છે) એ તારી ભ્રમણા છે, તને સ્વક્ષેત્રની અસ્તિમાં અનંત ગુણનો પિંડ છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? અનેકાન્ત છે ને? નિમિત્ત કર્તા ન માને તો એને પાછું ભગવાને દીઠું છે એમ કહેવું છે, ભગવાને કહ્યું છે એમ એને નથી માનવું. દીઠું ને કહ્યુંમાં જુદું હશે? પણ કહ્યું કહેવાય એ તો નિમિત્ત...

મુમુક્ષુ :– કહ્યું આણે ને દીઠું ઓણે.

ઉત્તર :– કહ્યું, કહ્યું કહે તો ભગવાન કર્તા થઈ જાય. અને નિમિત્તકર્તા એને માનવા નથી. કહે એમાં નિમિત્તકર્તા ભલે બોલો પણ કર્તા કે દિ' હતા? નિમિત્ત છે. નિમિત્ત નથી? વસ્તુ નથી? લોકાલોક નથી? કે, લોકાલોક છે એટલે જ્ઞાન થયું કેવળજ્ઞાનનું? એટલે લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું? લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું? છતાં કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. એનો અર્થ શું? એ કર્તા છે માટે અહીં કેવળજ્ઞાન થયું? કેવળજ્ઞાન પોતામાં પ્રગટ થયું, પૂર્ણ સર્વજ્ઞ દશા (પ્રગટ થઈ ત્યાં) લોકાલોક નિમિત્ત કહેવાય છે. જ્ઞાન એને નિમિત્ત કહેવાય છે, જ્ઞાન એને નિમિત્ત કહેવાય છે. કોને? લોકાલોકને. અને લોકાલોક આને નિમિત્ત કહેવાય છે. બસ! નિમિત્તનો અર્થ જ પૃથક્ ચીજ એક છે એટલી વાત છે. પણ કેવળજ્ઞાને લોકાલોકને ઉપજાવ્યો છે? અને લોકાલોકે આનું કેવળજ્ઞાન ઉપજાવ્યું છે? કર્તા જુદું અને નિમિત્ત જુદું. પછી એને નિમિત્તપણાનો આરોપ કરીને કર્તા કહો એ તો આરોપ (છે), વાસ્તવિક (સ્થિતિ) નથી. એ તો અસત્ છે. કરે કોને પણ? પરિણમે તે કર્તા. સિદ્ધાંત શું છે? આ છે ને? 'જયસેનાચાર્યે' એવો શબ્દ મૂક્યો. પરિણમે તે કર્તા.

મુમુક્ષુ :– કળશમાં પણ એમ જ આવે છે.

ઉત્તર :– એમ જ આવે ને બધે પણ. આપણે ચાર બોલ નહોતા આવ્યા? ચાર બોલનું વ્યાખ્યાન આવ્યું છે ને આજે? વ્યાખ્યાનના ચાર બોલ. આજે આવ્યું છે. કહો, સમજાણું આમાં? પરિણમે તે કર્તા. એ ક્ષેત્ર અહીં પરિણમે છે? આત્મા પોતાના ક્ષેત્રમાં પરિણમે છે, પરને જાણવારૂપે પરિણમે છે. પણ પરને જાણવારૂપે પરિણમતા પરના ક્ષેત્રના આકારે થઈને પરિણમે છે એ તો જ્ઞાન થયું. પણ પરના ક્ષેત્રના પહોળાઈપણે થઈને પરિણમે છે? પરના

ક્ષેત્રના પહોળાઈપણે થઈને પરિણમે છે? પરના ક્ષેત્રનું જ્ઞાન સ્વક્ષેત્રની પહોળાઈમાં રહીને પરિણમે છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

લોકાલોક કેવળજ્ઞાનમાં જણાય, લ્યો! આ હોય સાત હાથનો દેહ. એક સમયનો પર્યાય લોકાલોકને આમ એક સમયમાં જાણે છે. લોકાલોકને આકારે અહીં જ્ઞાન થયું? લોકાલોકનો જેવો આકાર છે એવું જ્ઞાનની પર્યાય પરિણમે છે ખરી, પણ એના આકાર પ્રમાણે મોટી થઈ ગઈ છે? આવડી મોટી થઈ ગઈ છે? આહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! જુઓ! એક સમયનું કેવળજ્ઞાન, એક સમયમાં આવે પૂરું જ્ઞાન. એમાં લોકાલોક પણ જણાય જાય. એ તો જ્ઞાન જણાતા જણાય જાય. સમજાણું? અને એ પર્યાય જણાતા ત્રણકાળ, ત્રણલોક એમાં ભેગા જણાય જાય છે. છતાં એક સમયમાં અનુભવનું વેદન છે એ કાંઈ ત્રણકાળના દ્રવ્યનું અનુભવ–વેદન ન આવી જાય એમાં. ભોક્તાપણું વેદન ન આવી જાય એક સમયમાં. પરનો ભોક્તા તો નહિ, પરના દ્રવ્યનો ભોક્તા નહિ, પરના ક્ષેત્રનો ભોક્તા નહિ, પરના કાળનો ભોક્તા નહિ, પરના ભાવનો ભોક્તા નહિ. પણ પોતાના આખા દ્રવ્યનો એક સમયમાં ભોક્તા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ આ ભોક્તા એમ એને જણાય કે, આહા..! લાડવો આવ્યો ને આ આવ્યું તો જ્ઞાન એ પ્રમાણે જાણવા પરિણમ્યું ને (તો એમ લાગે છે કે) મેં આને ભોગવ્યું, આ ક્ષેત્રને ભોગવ્યું, આને ભોગવ્યું. એ ક્ષેત્ર તો પર છે, લાડવાનું ક્ષેત્ર પર છે. આવડો લાડવો ને આવડો લાડવો ને આવડો. સમજાણું કાંઈ? પણ જ્યાં જ્ઞાનની પરથી ભિન્નતા ભાસતી નથી ને ત્યાં પરથી એકત્વતા ભાસતા પરના આકારે જ્ઞાન થતાં પરરૂપે હું (થઈ ગયો), પરના ક્ષેત્રમાં ગયું, મારું જ્ઞાન જંપલાણું. મારી જ્ઞાન અવસ્થા પરના ક્ષેત્રમાં જંપલાણી, ગઈ ઉડીને! એમ અજ્ઞાનીને પોતાનો સંકેલ પોતાનો પર્યાય પોતાના ક્ષેત્રમાં છે એમ માનતો નથી. ઝીણી વાત છે. અનેકાન્ત વસ્તુનું અનેકાન્ત. આ ઝીણી વાત છે, સમજ્યા ને?

અનેકાન્તમાં એમ નથી કે, પરક્ષેત્રને જાણે માટે પરક્ષેત્રમાં ગયું ને સ્વક્ષેત્રને જાણે માટે સ્વક્ષેત્રમાં રહ્યું. એમ બે હશે? પરક્ષેત્રને જાણે માટે પરક્ષેત્રમાં ગયું, સ્વક્ષેત્રને જાણે માટે સ્વક્ષેત્રમાં રહ્યું તો અનેકાન્ત કહેવાય. એમ હશે? સ્વ ને પરના ક્ષેત્રને જાણતું જ્ઞાન સ્વક્ષેત્રમાં રહ્યું છે, પરક્ષેત્રમાં ગયું નથી. ભારે! જાણે બેને અને રહ્યું એકમાં. છે? પણ બીજું હોઈ શી રીતે? સમજાણું કાંઈ? આ કહે છે કે, ના. મારા ક્ષેત્રમાં નહિ, હું તો પરક્ષેત્રમાં ગયો, આખો ચાલ્યો ગયો, તણાઈ ગયો. ક્ષેત્રાકાર જ્ઞાન થયું ને (તો) પરક્ષેત્રમાં તણાઈ ગયો. 'જુગરાજજી'! મોટી દુકાન ચાલતી હોય ને ધામધુમ (થતી હોય), પચાસ હજાર, લાખની પેદાશ હોય ને... આહાહા..! થડા ઉપર બેઠો હોય તો બધો આકાર જ ભાસે. જાણે આ થઈ ગયો, અહીં ગરી ગયો. તમારે તો ક્યાં માલ-બાલ હોય? એને તો, એને માલ હોય ને? લાખ, બે લાખનો માલ હોય, પાંચ લાખનો. એ.. ધમાલ! 'મુંબઈ'માં તો દિવસ પણ ઓલા કરવા પડે, લાઈટ કરવી

પડે. આઘું ઊંડું ઊંડું હોય તો. ન્યાં અજવાળું ક્યાંથી પહોંચે? આમથી આમ ને આમથી આમ આમ આમ કેટલાય જાય આમ. ઊંડુ ઊંડુ પચીસ હાથ આમ જાય ને પાછા પચીસ હાથ આમ જાય. હવે ન્યાં ક્યાં (પ્રકાશ જાય)? એમ અંદરથી આમ એકાકાર થઈ જાય જાણે કે, આહાહા..! મારી દુકાન પહોળી મોટી! એ.. 'જેચંદભાઈ'! પણ તારી દુકાન તો અસંખ્ય પ્રદેશમાં છે. પહોળી-ફહોળી ક્યાંય નથી, સાંભળને! આહાહા..! સમજાય છે?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ પરક્ષેત્રને જાણે છે...'** દેખો! **'પરંતુ પોતાના ક્ષેત્રરૂપ છે,...'** ગમે એટલું નાનું-મોટું ક્ષેત્ર જાણે એટલે નાના-મોટા ક્ષેત્ર પ્રમાણે આ જ્ઞાન થઈ ગયું છે, એમ નહિ. ક્ષેત્ર તો પોતાના અસંખ્ય પ્રદેશ છે એમાં જ રહેલું છે. લીમડાને જાણે તોય લીમડાના ક્ષેત્ર આકારે જ્ઞાન થયું નથી. ક્ષેત્ર આકાર એટલે પહોળું. એના જાણવારૂપે અહીં થયું છે એ જુદું છે. અને આટલી નાનીને આટલું જાણે. આટલી એક નાની ચીજ જણાય, ટીકડી. તો ટીકડીના પ્રકારે ક્ષેત્રે એનું જ્ઞાન પરિણમ્યું છે. પણ ટીકડીના ક્ષેત્ર જેટલું જ્ઞાન થઈ ગયું છે? સમજાણું કાંઈ? આહાહા..!

એમ કહે છે, નાના-મોટા ક્ષેત્રો છે, એના સામા (પદાર્થના) ક્ષેત્રો, એના ક્ષેત્રને જાણતું જ્ઞાન, જ્ઞાનની આકૃતિપણે સ્વતઃ પોતાનો સ્વભાવ છે એટલે પરિણમે ખરું પણ એ કાંઈ નાના-મોટા ક્ષેત્રના આકારે જ્ઞાન થઈ જતું નથી. એના આકારે થઈ જતું નથી. એ તો પોતાની આકૃતિમાં રહીને પરિણમે છે. **'પરનું ક્ષેત્ર જ્ઞાનનું ક્ષેત્ર નથી.'** છે ને? **'પોતાના ક્ષેત્રરૂપ છે, પરનું ક્ષેત્ર જ્ઞાનનું ક્ષેત્ર નથી. તે જ કહે છે...'** લ્યો! આ તો ભાવાર્થ એટલે કહેવું છે એ, ઉપોદ્ઘાત કહ્યો.

**'पशुः सीदति एव' 'पशुः'** નામ **'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ...'** પશુ એટલે **'બધ્યતે કર્મ ઇતિ પશુ'** સમજાય છે? **'બધ્યતે કર્મ ઇતિ પશુ'** પહેલામાં આવ્યું છે. પહેલા અહીં 'પશુ' શબ્દ ઉપાડ્યો છે. **'એકાન્તવાદી...'** એટલે પર ઉપર લક્ષ કરનારો, સ્વના લક્ષના ક્ષેત્રને છોડનારો, સ્વનું ક્ષેત્ર અસ્તિત્વમાં ન રાખનારો. મહાન અસ્તિત્વ પોતાનું અસંખ્ય પ્રદેશી જેનો આધાર છે એને નહિ માનનારો પરક્ષેત્રના જે પરદ્રવ્યના એના પ્રદેશનો જે આધાર છે એને જાણતું **'सीदति' 'ઓલાંની (-કરાની) માફક ગળે છે,...'** ઓલા.. ઓલા શું કહેવાય? કરા. આ પાણીના કરા નથી (હોતા)? બરફ.. બરફ. આ કરા પડે. કરા પડે છે ને?

હમણાં જ પડ્યા હતા. પડ્યા ભેગા ઓગળી જાય, કરા ફટ ઓગળી જાય. ઓલાં એટલે બરફ લ્યો, કરા લ્યો. ફટ ફટ ઓગળવા માંડે. એક ફેરી નહોતા કરા થયા? ભાઈ! 'કાળાવાડ'માં નહિ? 'બેચરભાઈ' સાથે હતા. તમે લઈ ગયા હતા. નહિ? કોથળામાં અધમણ. (સંવત) ૨૦૦૦ ની સાલ. રસ્તામાં વરસાદ આવ્યો. 'કાળાવાડ'માં ૨૦૦૦ ની સાલની વાત છે. 'કાળાસર', 'કાળાવાડ' નહિ. ત્યાં દરબારના ઓલામાં ઉતર્યા હતા. એટલા કરા. 'બેચરભાઈ' ને 'રામજીભાઈ' બધા હતા. પછી મોટર ગઈ એમાં લઈ ગયા હતા. અધમણ

કોથળામાં લઈ ગયા હતા. મોટા પડ્યા હતા, મોટા. પણ એ તો ઓગળવા માંડે હડફ દઈને અંદરથી. એમ જાણે આત્મા પરક્ષેત્રને જાણતા જ્ઞાનનું સ્વક્ષેત્ર ઓગળવા માંડ્યું હોય. સમજાણું કાંઈ? અને પોતાના ક્ષેત્રથી જાણે ખાલી થઈ જતું હોય. પરક્ષેત્રમાં વ્યાપેલું જ્ઞાન જાણે પરક્ષેત્રરૂપ થઈ જતું હોય. એમ કરીને પોતાના ક્ષેત્રનું જ્ઞાન ઓગળી જાય છે. **'सीदति'** દાખલો કેવો આપ્યો? સમજાણું?

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સાધી શકતો નથી,...'** હું તો પરને, ક્ષેત્રને જાણતો છતાં મારા સ્વક્ષેત્રમાં જ મારું જ્ઞાન વસેલું છે. એમ પોતાના સ્વરૂપને પરથી ભિન્ન સાધી શકતો નથી. **'एव' 'નિશ્ચયથી એમ જ છે.'** લ્યો! એવું જ છે, કહે છે. પોતાના સ્વરૂપને પરથી (ભિન્ન) સાધી શકતો નથી ને પરના ક્ષેત્રાકાર એકાકાર થઈ ગયેલું માને છે. **'કેવો છે એકાન્તવાદી?' 'भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः' 'પોતાના ચૈતન્યપ્રદેશથી અન્ય છે જે સમસ્ત દ્રવ્યોનો પ્રદેશપુંજ...'** લ્યો! આખા લોકના બધા. પોતાના ચૈતન્યપ્રદેશના અસંખ્ય પ્રદેશી અહીંયાં ભિન્ન છે ને? એવા એનાથી અનેરા **'સમસ્ત દ્રવ્યોનો પ્રદેશપુંજ...'** બધા દ્રવ્યોના પ્રદેશપુંજ. અહીં ક્ષેત્ર લેવું છે ને? પરમાણુનું ક્ષેત્ર, સ્કંધનું ક્ષેત્ર, સમજ્યા? **'તેની આકૃતિરૂપ પરિણમ્યો છે...'** એવું જે પરનું ક્ષેત્ર એના આકારરૂપે (પરિણમેલું) એવું અહીં જ્ઞાન. **'बोध्यनियतव्यापार'** કેમ? કે **'જ્ઞેય-જ્ઞાયકનો અવશ્ય સંબંધ,...'** દેખો! નિયતનો અર્થ કર્યો. બોધ્ય (અર્થાત્) જણાવા યોગ્ય અને જાણનાર, એનો નિયત–નિશ્ચય વ્યાપાર. નિશ્ચય સંબંધ છે એવો. જેવું ક્ષેત્ર હોય એ જણાવા યોગ્ય છે, જાણનાર જ્ઞાન છે. એવો બેનો નિયત સંબંધ છે. સમજાણું કાંઈ?

બોધ્ય જણાવા યોગ્ય **'જ્ઞેય-જ્ઞાયકનો અવશ્ય સંબંધ છે.'** એની એટલી જ વ્યાખ્યા (કરી). જણાવા યોગ્ય વસ્તુ, જાણનાર પોતે. પરક્ષેત્રમાં જણાવા યોગ્ય વસ્તુ રહી. એ પોતે જાણનાર સ્વક્ષેત્રમાં એને બરાબર જાણે. એવો જ એનો બેનો સંબંધ છે, જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. એ તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ કાંઈ તૂટ્યો જાય?

**'તેમાં નિષ્ઠ છે અર્થાત્ એતાવન્માત્રને (-એટલામાત્રને) જાણે છે...'** લ્યો! એ સંબંધ થયો એટલો જ આત્મા છે એમ માને છે. પણ એને જાણનાર મારું સ્વરૂપ તદ્દન મારા ક્ષેત્રમાં ભિન્ન છે એમ અજ્ઞાની જાણતો નથી. સમજાણું કાંઈ? **'જ્ઞાનનું ક્ષેત્ર, એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.' 'सदा' 'અનાદિ કાળથી એવો જ છે.'** અનાદિકાળથી અજ્ઞાની એમ જ માને છે, એમ કહે છે. અનાદિકાળથી, નિગોદથી માંડીને પરક્ષેત્રમાં પોતાનું ક્ષેત્ર (માને છે). (પોતાનું સ્વક્ષેત્ર) માનતો નથી. અસંખ્ય પ્રદેશી પોતાના ક્ષેત્રની નજર હોય તો તેને પરક્ષેત્રમાં હું છું એ આવે નહિ. એ તો (એમ જ માને કે) સ્વક્ષેત્રમાં અનંત ગુણનો પિંડ મારા આ ક્ષેત્રમાં છે. સમજાય છે? પરક્ષેત્રમાં નથી. સમજાણું કાંઈ? 'ગીરનાર', 'શેત્રુંજય', 'સમ્મેદશિખર' બધા ક્ષેત્ર છે કે નહિ? એ ક્ષેત્રમાં આમ એકાકાર થઈ જાય કે, જાણે આ

આખું જ્ઞાન ન્યાં ગયું.

મુમુક્ષુ :– એ તો જૈનના ક્ષેત્ર છે.

ઉત્તર :– જૈનના ક્ષેત્ર છે કે પરના ક્ષેત્ર છે? કહો! કોના ક્ષેત્ર હશે? એ ક્ષેત્ર ક્ષેત્રના છે. જૈનના ક્ષેત્ર છે? એમાં વાંધા ઉઠાવે.

કહે છે, જ્ઞાનમાં એ જણાતા એ રૂપે હું થઈ ગયો એમ માનનાર પર ક્ષેત્રથી પોતાનું ક્ષેત્ર જુદું સમજી શકતો નથી, અનુભવી શકતો નથી. સમજાણું કાંઈ? **'અનાદિ કાળથી એવો જ છે.'** અનાદિ કાળથી એવો છે. **'વળી કેવો છે મિથ્યાદષ્ટિ જીવ?' 'अभितः बहिः पतन्तम् पुमांसं पश्यन्' 'अभितः' 'મૂળથી માંડીને...'** સર્વથા, એમ. **'अभितः'** એટલે સર્વથા છે ને? સર્વથા **'बहिः पतन्तम्'**, સર્વથા **'बहिः पतन्तम्' 'પરક્ષેત્રરૂપ પરિણમી છે એમ જીવવસ્તુને માને છે...'** હું તો પરક્ષેત્રરૂપે પરિણમી ગયો છું. ઓલામાં દાખલો આવ્યો છે ને? ભેંસનો, પાડાનો, પાડાનો. પાડાનું ધ્યાન થતાં હું પાડો જ થઈ ગયો. બારણામાંથી નીકળતા આમ આમ કરવા માંડ્યો. એલા શું છે પણ તને? કો'કને પાડાનું ધ્યાન કરવું છે. તને પ્રિય શું છે? કે, પાડો ભેંસ, ભેંસ. મોટી ભેંસ અધમણ દૂધ આપે. એનું ધ્યાન કરે છે. એમ કરતાં... કરતાં... કરતાં... હું ભેંસ થઈ ગયો. એલા બહાર આવને! બારણું નાનું એટલે જરીક આમ ભેંસનું શીંગડું હોય ને? આમ કાઢીને બહાર આવ્યો. પણ ક્યાં તું થઈ ગયો છે ભેંસ? એમ જે ક્ષેત્રનું જ્ઞાન કરે એ ક્ષેત્રમાંથી એને નીકળવું ગોઠતું નથી. સમજાણું કાંઈ? એ ભેંસનો દાખલો 'સમયસાર'માં આવે છે.

**'પરક્ષેત્રરૂપ પરિણમી છે એમ જીવવસ્તુને માને છે - અનુભવે છે, એવો છે મિથ્યાદષ્ટિ જીવ.'** લ્યો! અહીં સુધી તો પરક્ષેત્રમાં પોતાપણું માને છે એ વાત કરી. સિદ્ધાંત તો સિદ્ધ કરવો છે, આત્મા સ્વક્ષેત્રમાં છે તે આ બોલ છે. શ્લોક તો સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં જ ભગવાન અહીંયાં છે એમ સિદ્ધ કરવું છે પણ એની સામે પહેલું પરક્ષેત્રમાં જીવ માને છે કે, હું છું એમ એ વાત કરી. **'पुनः स्याद्वादवेदी तिष्ठति' 'એકાન્તવાદી જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી...'** ઓલામાં **'तु'** આવતું હતું આમાં **'पुनः'** આવે છે.

**'સ્યાદ્વાદવેદી અનેકાન્તવાદી જે પ્રમાણે માને છે તેવી વસ્તુ છે.'** લ્યો! અનેકાન્તવાદી એટલે પરને જાણવા છતાં હું તો મારા ક્ષેત્રમાં છું, પરક્ષેત્રમાં નથી એનું નામ અનેકાન્તવાદ. પણ પરક્ષેત્રમાં પણ છું અને મારા ક્ષેત્રમાં (પણ) છું એનું નામ અનેકાન્ત છે નહિ. નિયતે તો ભારે કર્યું છે, ભાઈ! નિયત, તમારું ક્રમબદ્ધ તો એવું કરી નાખ્યું. ક્રમબદ્ધ મૂકતા વખતે ખબર નહિ હોય. મૂક્યું છે, એમાં એ આવ્યું છે, હોં! ક્રમબદ્ધ કરીને નિયત સ્થાપવું છે અને ભગવાને દીઠું છે એમ સ્થાપવું છે પણ ભગવાને કહ્યું છે એમ માનતા નથી. આહાહા..! અરે..! ભગવાન! થોડા-ઘણા માણસ જાવ અને ત્યાં જઈને સમજાવો. નહિતર આ બધી ગામોગામ તકરાર થાશે. એમાં આવ્યું છે, ભાઈ! થોડા સમાજનેતાઓ ત્યાં જાઓ અને ત્યાં

જઈને (સમજાવો). અરે..! ભગવાન! આહા..! અરે..! પ્રભુ! શું થાય?

ભાઈ! તારી સ્વતંત્રતા તને જેમ ભાસે નહિ અને પુણ્યમાં મીઠાશ લાગે છે ને માણસને! એવી મીઠાશ, એવી મીઠાશ. આહાહા..! ભગવાન પણ પુણ્યને ભોગવે છે. પહેલા લખ્યું આજે લખ્યું. એ તો ખુબ લખે છે. ભગવાન પણ પુણ્યને ભોગવે, પુણ્ય અરિહંતા, પુણ્યફલા અરિહંતા. અરે..! પુણ્યના પરમાણુનું ક્ષેત્ર જુદું, એ સમવસરણનું ફળ જુદું. એને ભગવાન ભોગવતા હશે. આહા..! અજ્ઞાની પરને ભોગવી શકે છે? પુણ્યના ફળ તરીકે મકાન, પૈસા, મોટરું એ બધું ભોગવી શકે કે નહિ? આહાહા..!

કહે છે, ધર્મી જીવ **'અર્થાત્ અનેકાન્તવાદી જે પ્રમાણે માને છે તેવી વસ્તુ છે. ભાવાર્થ આમ છે કે તે વસ્તુને સાધી શકે છે.'** ધર્મી જીવ પોતાના જ્ઞાનમાં પરક્ષેત્ર(નું) જાણવાનું પરનું જ્ઞાન થવા છતાં હું તો મારા સ્વક્ષેત્રમાં જ વ્યાપેલો છું, મારા અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં રહેલો છું (એમ માને છે). મહાન ક્ષેત્ર દેખાય તો કાંઈ મહાન ક્ષેત્ર જેટલો થઈ ગયો, નાનું ક્ષેત્ર દેખાય તો નાના ક્ષેત્ર જેટલો થઈ ગયો અને મારા જેટલું બીજું ક્ષેત્ર દેખાય તો એ ક્ષેત્ર રૂપે થઈ ગયો એમ છે નહિ. સમજાણું?

**'વસ્તુને સાધી શકે છે. કેવો છે સ્યાદ્વાદી?' 'स्वक्षेत्रास्तितया निरुद्धरभसः' 'સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન...'** સ્વક્ષેત્ર એટલે અહીં પહેલું સિદ્ધ તો ચૈતન્ય પ્રદેશ છે એને સિદ્ધ કરવું છે પણ બધા પરદ્રવ્યો એના ક્ષેત્રો, એનો જે આધાર પ્રદેશો એનાથી ભગવાનઆત્માનું ક્ષેત્ર તદ્દન ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? આ ભગવાનનું સમવસરણ ને ભગવાનનું આ ને ભગવાનની વાણી ને... એ તો નિમિત્તપણાનું જ્ઞાન કરવા માટે વાત છે, વાણી તો જડની છે, જડની વાણી ચૈતન્યની થતી હશે? ચૈતન્યની વાણીને એમ કે નિમિત્તકર્તાપણે ન માનો તો પછી પ્રમાણ વાણીનું રહેશે નહિ. જડમાં પ્રમાણ શું આવે? જડમાં પ્રમાણ ક્યાં હતું? પ્રમાણ તો જ્ઞાનમાં છે. આહાહા..! ભારે આકરી વાત થઈ ગઈ. મોટો ધક્કો લાગી ગયો છે. કે, અરે..રે..! આ બધું... એ ધક્કો લાગી ગયો. આ શાસન નભે છે એના ઉપર મોટો ધક્કો લાગે છે, એમ કહે છે.

વ્યવહાર ચારિત્ર એ જ વસ્તુ છે. અત્યારે શુદ્ધ ઉપયોગ તો છે નહિ અને આ વ્યવહાર ચારિત્ર ને ત્યાજ્ય માને, વ્યવહાર ચારિત્ર બિચારા માંડ પાળે છે. અને સમકિતદૃષ્ટિનું પ્રકાશપણું તો એના સંયમ ને તપ ઉપર છે. જેટલા પ્રમાણમાં સંયમ, તપ (હોય તેટલા પ્રમાણમાં) સમકિતના કિરણો એને લઈને બહાર દેખાય. હવે એને ઉડાવે છે, કહે છે. કહો! એના કિરણો બહાર આવતા હશે. રાગની મંદતા ને બહારના ત્યાગને લઈને સમકિત બહાર આવી જતું હશે. સમજાણું? એમ કે, બાહ્ય ત્યાગ ઉપર સમકિતનું પ્રમાણ છે, એમ. બાહ્ય ત્યાગને ઉડાવે એટલે સમકિત પણ રહ્યું નહિ ને ત્યાગ પણ રહ્યો નહિ. એટલે એ લોકોને– નિયતવાદ માનનારને ત્યાગીનું બહુમાન કરવાનું રહેતું નથી. આહાહા..! ભારે વાત. ખળભળાટ થઈ

ગયો છે.

કહે છે. ધર્મી તો પરદ્રવ્યથી મારી ત્રિકાળ ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ? વાણી હો, ક્ષેત્ર હો, મકાન હો કે સમવસરણ હો કે 'સમ્મેદશિખર' હો. **'પરદ્રવ્યથી ભિન્ન નિજસ્વરૂપ ચૈતન્યપ્રદેશ,...'** પોતાના અસંખ્ય ચૈતન્ય પ્રદેશ સ્વરૂપ. ક્ષેત્ર છે ને? **'તેની સત્તારૂપે...'** **'निरुद्धरभसः'** **'પરિણમ્યું છે જ્ઞાનનું સર્વસ્વ,...'** લ્યો! **'निरुद्धरभसः'** એમાં, પરથી ખસીને પોતામાં પરિણમે છે. **'જ્ઞાનનું સર્વસ્વ...'** બધું જ્ઞાનનું સર્વસ્વ અહીં જ છે, પરમાં કાંઈ નથી. પરના ક્ષેત્રને લઈને કંઈ છે જ નહિ. આહા..!

ભગવાનઆત્મા આખો લોકાલોક(માં) વ્યાપી જાય, એમ કહે છે. શાસ્ત્રમાં નથી કહ્યું? સર્વગત. લ્યો! સર્વગત કહ્યું છે કે નહિ 'પ્રવચનસાર'માં? પણ સર્વગત કઈ અપેક્ષાએ કહ્યું સાંભળ તો ખરો! એ પરગત તો અહીં છે ને પરમાં અહીં છે ને આ ત્યાં છે. એ તો જ્ઞેય-જ્ઞાયકના નિમિત્તપણાની વ્યાખ્યા કરી છે. આ જ્ઞાનમાં એ બધી ચીજો જણાય જાય છે એ અપેક્ષાએ પર આમાં આવ્યા અને આ ત્યાં બધાને જાણે છે જ્ઞાન એટલે વ્યવહારની અપેક્ષાએ જાણે વ્યાપક થઈ ગયો એમ કહેવામાં આવે છે. વ્યાપક તો અહીં છે, અહીં એટલામાં વ્યાપક છે. સમજાણું કાંઈ? આ મોટા વાંધા ક્ષેત્રના, વ્યવહાર-નિશ્ચયના ને એ નાખ્યું છે.

આટલી બધી (વાતો આવે) એટલે એક જણ (કહે), વિકલ્પ રહિત થઈ જાઓ, બાપા! વિકલ્પ રહિત થઈ જાઓ. પણ શી રીતે વિકલ્પ રહિત થાય? જે વસ્તુનું અસ્તિત્વ કેટલા ક્ષેત્રમાં છે એ દ્રવ્ય છે, કેટલો કાળ છે, કેટલો ભાવ છે એવું જાણ્યા વિના વિકલ્પ રહિત થશે શી રીતે? જેવું સત્ છે એ રીતે જ્ઞાન કરશે તો વિકલ્પ રહિત થશે પણ જે રીતે સત્ છે એ રીતે જ્ઞાન જાણતું નથી (અને કહે) વિકલ્પ રહિત થઈ જાઓ. શી રીતે વિકલ્પ રહિત થાશે? સમજાણું કાંઈ? જેવી રીતે અસંખ્ય પ્રદેશમાં જ પોતાનો સ્વભાવ ને ક્ષેત્ર એટલામાં જ છે એવું જ્ઞાન એના ખ્યાલમાં ન આવે ને એમ ને એમ વ્યાપક છે ને આમ છે ને આમ છે માને તો એ જ્ઞાન તો સત્ય થયું નહિ. સત્ય જ્ઞાન વિના વિકલ્પ તૂટશે શી રીતે એને? સમજાણું કાંઈ? આહાહા..!

પરક્ષેત્રમાં વ્યાપક માને. બધામાં આપણે એક જ છીએ, વિકલ્પ ઘટાડો. શી રીતે પણ ઘટશે? માન્યતા જ ખોટી તારી થઈ, અસત્ય થઈ. અસત્ય માન્યતા છે એ જ વિકલ્પરૂપ એકાકાર થઈ ગયો છે. ચાલ્યું છે ને બધું હમણાં? 'મુંબઈ'માં ભાષણો ચાલે છે. વિકલ્પ રહિત થઈ જાઓ, વિકલ્પ ઘટાડી નાખો. વિચાર પણ નહિ. પણ વિચાર નહિ, વિચાર નહિ તો મતિજ્ઞાન વિનાનો થઈ જાય આત્મા? એમાં વિકલ્પ નહિ. પણ વિકલ્પ નહિ (એમ કહો છો) પણ પહેલા વિચારમાં આ ચીજ આટલામાં છે, આટલું ક્ષેત્ર છે એમ નક્કી થયા વિના અસ્તિત્વનું ક્ષેત્ર જ આટલું છે એટલું જ્ઞાન નક્કી થયા વિના એ જ્ઞાનમાં સત્યતા કેમ આવશે?

અને સત્યતા આવ્યા વિના વિકલ્પ તૂટશે શી રીતે? અને આમ છે એ તો મિથ્યાત્વનો વિકલ્પ પડ્યો છે એકાકાર. શું કીધું? સમજાણું આમાં? 'જમુભાઈ'!

આત્મા આમ સર્વ વ્યાપક છે, સર્વ ક્ષેત્રમાં છે એમ જે જ્ઞાન કર્યું એ તો જ્ઞાન મિથ્યાત્વના વિકલ્પથી એકાકાર પરિણમી ગયું છે. હવે એને વિકલ્પ રહિત કરો. પણ શી રીતે વિકલ્પ રહિત થશે? આહાહા..! સમજાણું કાંઈ? આ જૈનમાં પણ બરાબર ખબર નથી એટલે કેટલાક એમ માની લે. હા, ભાઈ! આ તો નિશ્ચય કહે છે ને. નિશ્ચયમાં પછી વળી આવું શું? ફલાણું શું? ભેદ શો? સિદ્ધમાં વળી જુદું શું? બધા સિદ્ધ એક થઈ ગયા. સિદ્ધ અનંતા છે એના ક્ષેત્ર દરેકના જુદા? બધા સિદ્ધમાં એક એક જીવનું સિદ્ધનું ક્ષેત્ર જુદું? આટલા સૌના (ક્ષેત્ર) જુદા? પૂર્ણ થઈ ગયા ત્યાં પણ જુદા? એક એક સિદ્ધનું સ્વતંત્ર અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર જુદું છે. બીજા સિદ્ધ સાથે કોઈ મળતા નથી. એના વાંધા તો કેટલા! સિદ્ધમાં એક થઈ જાય ને! અહીં મલિન છે ત્યાં સુધી ભલે જુદા હોય. પૂર્ણ થઈ ગયા પછી પાણીમાં પાણી ભળી ગયું, જાવ! અનંતમાં અનંત ભળી ગયું. એટલે પોતાનું ક્ષેત્ર જુદું માન્યું નહિ. સિદ્ધને પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં એણે ન માન્યા. એ તો નિર્મળ થઈ ગયા એટલે બધા ક્ષેત્રમાં એકમાં અનેકમ ને અનેકમાં એકમ. આવે છે કે નહિ? 'કાન્તિભાઈ'! જ્યોતમાં જ્યોત મિલાઈ ગઈ. ઇ સ્વક્ષેત્રના હોવાપણામાં જ હું છું એનું એને સાચું જ્ઞાન નથી અને સાચું જ્ઞાન નથી એટલે સ્વ તરફ વળીને મિથ્યાજ્ઞાનનો વિકલ્પ છે એ આવા જ્ઞાન વિના ટળતો નથી. આહા..! સમજાણું?

અહીં આચાર્ય બધી વાતને એમ કહે છે. આમ તો બધા એમ કહે છે, ભગવાન આવો છે, મોટો આમ છે, આ પરમાત્મા આવો. અનંત ગુણનો નિર્મળાનંદ મહા પરમાત્મા (છે, એમ) બધી વાતું કરે પણ કેટલા ક્ષેત્રમાં? એ ક્ષેત્ર-બેત્રની વાત રહેવા દ્યો, એ ભાગ પડી જાય. આટલા જ ક્ષેત્રમાં એ ભાગ પડી ગયો. એવડું તત્ત્વ હોય નહિ.

અહીં કહે છે કે, ધર્મી જીવ **'સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન નિજસ્વરૂપ ચૈતન્યપ્રદેશ, તેની સત્તારૂપે પરિણમ્યું છે જ્ઞાનનું સર્વસ્વ જેનું, એવો છે સ્યાદ્વાદી.'** સમજાણું? **'निरुद्धरभसः' 'रभसः'** એટલે શીઘ્ર.

મુમુક્ષુ :– વેગ.

ઉત્તર :– વેગ. બહારથી રોક્યો છે વેગ જેણે. અંદરમાં પરિણમ્યો છે, અંદરમાં, એમ. અસંખ્ય પ્રદેશમાં રોકાઈ ગયો છે. વેગ બહારમાં ક્ષેત્ર પર ક્ષેત્રમાં જાણે છું એ વેગ રોકાઈને સ્વક્ષેત્રમાં છું એમ પરિણમ્યો છે. સમજાણું કાંઈ? વેદાંત ને બીજા ઘણા હતા, હવે જૈનમાંય એવા નીકળ્યા છે કેટલાક વાતું કરનારા, નિશ્ચયની આવો. કેટલા ક્ષેત્ર-બેત્રનું પુછવાનું નહિ. એની શ્રદ્ધા? શ્રદ્ધા કેવી વળી? આત્મા ને આત્માની શ્રદ્ધા બે ભેદ પડી ગયા.

અહીં તો કહે છે, કહે છે કે, આ આત્માનું અસંખ્ય પ્રદેશ ક્ષેત્રમાં રહેલો બીજા બધાને

જાણતા છતાં પોતે પોતાના અસંખ્ય પ્રદેશમાં જ છે, બહારમાં જતો નથી. નિર્મળ થાય તોય સ્વક્ષેત્રમાં છે અને મલિન થાય તોય સ્વક્ષેત્રમાં છે. સ્વક્ષેત્રને છોડીને બીજા ક્ષેત્રને કોઈ દિ' અડતો નથી. વ્યાપે તો શું પણ અડતોય નથી. સમજાણું કાંઈ? આ ઇન્દ્રિયને, ઇન્દ્રિયના ક્ષેત્રને અડ્યો નથી આત્મા, કર્મના ક્ષેત્રને અડ્યો નથી. એમ પોતાના ક્ષેત્રમાં રહેલો પર તરફના વેગની ગતિને રોકતો સ્વની ગતિમાં પરિણમન કરે છે.

**માગશર વદ ૧૦, શુક્રવાર તા.૧૭.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૫ અને ૨૫૬ પ્રવચન - ૨૭૨**

૨૫૫ સળંગ. પરક્ષેત્રથી નાસ્તિનો આઠમો શ્લોક છે. આ આત્મા છે એ પરક્ષેત્રથી નથી. સ્વક્ષેત્રથી છે પણ પરક્ષેત્રથી નથી. સ્વક્ષેત્રથી છે એ પહેલામાં આવી ગયું. ૨૫૪માં એ આવી ગયું.

( શાર્દૂલવિક્રીડિત )

स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्
तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां
त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।।९-२५५।।

**ખંડાન્વય સહિત અર્થ :–** ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો, તેથી જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં જ્ઞાનને અશુદ્ધપણું માને છે; 'જ્ઞાનનો એવો જ સ્વભાવ છે, તે જ્ઞાનનો પર્યાય છે'- એમ માનતો નથી. તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે, જ્ઞેયના પ્રદેશોને જાણે છે એવો સ્વભાવ છે, અશુદ્ધપણું નથી;–એવું માને છે સ્યાદ્વાદી. એ જ કહે છે–"पशुः प्रणश्यति" ( पशुः ) એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ ( प्रणश्यति ) વસ્તુમાત્ર સાધવાથી ભ્રષ્ટ છે–અનુભવ કરવાને ભ્રષ્ટ છે. કેવો થઈને ભ્રષ્ટ છે ? "तुच्छीभूय" તત્ત્વજ્ઞાનથી શૂન્ય થઈને. વળી કેવો છે ? "अर्थै- सह चिदाकारान् वमन्" ( अर्थैःसह ) જ્ઞાનગોચર છે જે જ્ઞેયના પ્રદેશો તેમની સાથે ( चिदाकारान् ) જ્ઞાનની શક્તિનું અથવા જ્ઞાનના પ્રદેશોનું ( वमन् ) મૂળથી વમન કર્યું છે. અર્થાત્ તેમનું નાસ્તિપણું જાણ્યું છે જેણે, એવો છે. વળી

કેવો છે ? ''पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनामत्'' ( पृथग्विध ) પર્યાયરૂપ જે ( परक्षेत्र ) જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં થાય છે તેમની આકૃતિરૂપે જ્ઞાનની પરિણતિ, તે-રૂપ ( स्थित ) પરિણમતી જે ( अर्थ ) જ્ઞાનવસ્તુ તેને, ( उज्झनात् ) 'આવું જ્ઞાન અશુદ્ધ છે' એવી બુદ્ધિ વડે ત્યાગ કરતો થકો; એવો છે એકાન્તવાદી. શા માટે જ્ઞેય પરિણત જ્ઞાનને હેય કરે છે ? ''स्वक्षेत्रस्थितये'' ( स्वक्षेत्र ) જ્ઞાનના ચૈતન્યપ્રદેશની ( स्थितये ) સ્થિરતા માટે. ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ જ્ઞેયના પ્રદેશોના જાણપણાથી રહિત થાય તો શુદ્ધ થાય, એમ માને છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. તેના પ્રતિ સ્યાદ્વાદી કહે છે–''तु स्याद्वादी तुच्छतां न अनुभवति'' ( तु ) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. ( स्याद्वादी ) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તદૃષ્ટિ જીવ ( तुच्छताम् ) જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે, પોતાના પ્રદેશોથી સર્વથા શૂન્ય છે એવું ( न अनुभवति ) માનતો નથી; જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે, જ્ઞેયક્ષેત્રરૂપ નથી એમ માને છે. કેવો છે સ્યાદ્વાદી? ''त्यक्तार्थःअपि'' જ્ઞેયક્ષેત્રની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન, એમ માને છે તોપણ જ્ઞાન પોતાના ક્ષેત્રરૂપ છે–એમ માને છે.વળી કેવો છે સ્યાદ્વાદી ? ''स्वधामनिवसन्'' જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે એમ અનુભવે છે. વળી કેવો છે ? ''परक्षेत्रे नास्तितां विदन्'' ( परक्षेत्रे ) જ્ઞેયપ્રદેશની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેમાં ( नास्तितां विदन् ) નાસ્તિપણું માને છે અર્થાત્ જાણે છે તો જાણો તોપણ એતાવન્માત્ર ( એટલું માત્ર ) જ્ઞાનનું ક્ષેત્ર નથી–એમ માને છે સ્યાદ્વાદી. વળી કેવો છે ? ''परात् आकारकर्षी'' પરક્ષેત્રની આકૃતિરૂપે પરિણમ્યો છે જ્ઞાનનો પર્યાય, તેનાથી ભિન્નપણે જ્ઞાનવસ્તુના પ્રદેશોનો અનુભવ કરવાને સમર્થ છે. તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક, એકાન્તપણું વસ્તુસ્વરૂપનું ઘાતક; તેથી સ્યાદ્વાદ ઉપાદેય છે. ૯-૨૫૫

---

( શાર્દૂલવિક્રીડિત )

स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्
तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां
त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।।९-२५५।।

જરીક ઝીણી વાત છે, ધીમેથી સમજવા જેવી વાત છે. **'ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ...'** અજ્ઞાની એક પક્ષ તત્ત્વને માનનાર પૂર્ણ તત્ત્વનું સ્વરૂપ શું છે એને નહિ માનનાર **'એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે,...'** વસ્તુને વસ્તુ-- દ્રવ્યરૂપે પદાર્થરૂપે માને છે. **'પર્યાયરૂપ નથી માનતો,...'** એની વ્યાખ્યા અહીં જુદી જાતની

(છે). પર્યાયરૂપે નથી માનતો. **'તેથી...'** હવે એની વ્યાખ્યા (કરે છે). **'તેથી જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં જ્ઞાનને અશુદ્ધપણું માને છે;...'** આમ વાત છે, જુઓ! શું કહે છે? આત્મા–અસંખ્ય પ્રદેશી આત્મામાં જ્ઞાન સ્વભાવ વસેલો છે. એની જ્ઞાન પર્યાયમાં પરક્ષેત્રના આકારપણે પરિણમવાનો પર્યાય ધર્મ છે. પર્યાયમાં નાના-મોટા પરક્ષેત્ર હોય, એ નાના-મોટા ગમે તે હોય પણ તેના પ્રમાણમાં પોતાની જ્ઞાન પર્યાયમાં તે ક્ષેત્ર આકાર છે એ રીતે પર્યાયમાં પરિણમવાનો ધર્મ છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનને અશુદ્ધપણું માને છે;...'** પણ એ પરપ્રદેશોનું ક્ષેત્ર પોતાના પર્યાયમાં જણાતા એ પરક્ષેત્ર અહીંયાં આવી ગયું એમ માનીને તેને અશુદ્ધ માને છે. એ પર્યાયને નથી માનતો એનો અર્થ આ (છે). સમજાણું કાંઈ? વસ્તુ અસંખ્ય પ્રદેશ, અનંત ગુણનો ભાવ–ધામ આધાર, અહીં આધારની વાત ચાલે છે. અસંખ્ય પ્રદેશી, અનંત ગુણનો આધાર એવો અસંખ્ય પ્રદેશી આત્મા, એની વર્તમાન જ્ઞાન અવસ્થામાં પરના નાના-મોટા ક્ષેત્રના આકારે પોતાનો જ્ઞાન પર્યાય પરિણમે છે. એ નાના-મોટાનું જ્ઞાનનું પરિણમન દેખીને આ જ્ઞાન પર્યાય અશુદ્ધ થઈ ગઈ એમ કરીને એ અનેક જ્ઞેયાકાર, ક્ષેત્રાકારના પર્યાય છે એને કાઢી નાખવા માગે છે. સમજાણું કાંઈ? જુઓ!

**'અશુદ્ધપણું માને છે; 'જ્ઞાનનો એવો જ સ્વભાવ છે, તે જ્ઞાનનો પર્યાય છે' - એમ માનતો નથી.'** એ પોતાના ક્ષેત્રમાં પોતાનો જ્ઞાન પર્યાય પરક્ષેત્રને આકારે જ્ઞેયાકારપણે–ક્ષેત્રના જ્ઞેયાકારપણે પર્યાયપણે પરિણમે છતાં એ કાંઈ જ્ઞાન પરક્ષેત્રનું થઈ ગયું નથી. સમજાણું કાંઈ? પોતાના ક્ષેત્રને છોડીને એક પ્રદેશ પણ એનો જ્ઞાન પર્યાય બહાર જતો નથી. પણ એ જ્ઞાનની પર્યાયમાં પરક્ષેત્રના નાના-મોટા (આકાર દેખાય), આ લીમડા, આ લાકડા બધું દેખીને જાણે એ આકાર મારામાં આવ્યો એટલે બધું અશુદ્ધ થઈ ગયું. એ સંબંધીનું જ્ઞાન ક્ષેત્રાકારનું થયું છે. એ કાંઈ એ ક્ષેત્ર અહીં આવ્યું નથી. પણ એ ક્ષેત્રના નાના-મોટા આકારને પોતાના ક્ષેત્રના આકાર પ્રમાણે પર્યાયમાં દેખી, આ શું? એમ એની અશુદ્ધતા માનીને એ પર્યાયને એનો જ્ઞાનનો સ્વભાવ છે એમ અજ્ઞાની માનતો નથી. કહો, સમજાણું આમાં? **'તે જ્ઞાનનો પર્યાય છે - એમ માનતો નથી.'**

**'તેના પ્રતિ ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે,...'** એ નાના-મોટા ક્ષેત્રો... કહો, જેવું મકાન હોય એના આકારે જ્ઞાન થાય કે નહિ? જ્ઞાન એ આકારે થતાં જ્ઞાનાકારે થયેલું છે. એ કાંઈ પરના ક્ષેત્રાકારે થયું નથી. જ્ઞાનમાં એ તો પર્યાયનો સ્વભાવ છે કે જેવું તે ક્ષેત્ર હોય એવું જણાય. અજ્ઞાની એમ નથી માનતો. એને કહે છે કે, ભાઈ! **'જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે,...'** અસંખ્ય પ્રદેશમાં જ જ્ઞાન છે. એ કાંઈ પ્રદેશ મોટા-મોટા, નાનાને જાણતા પરપ્રદેશરૂપ થઈ ગયું, એમ નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞેયના પ્રદેશોને જાણે છે એવો સ્વભાવ છે,...'** જ્ઞેયના પ્રદેશોને જાણે છે. કોણ? જ્ઞાનવસ્તુ.

જ્ઞાનવસ્તુ, જ્ઞાનવસ્તુ જ્ઞેય **'જ્ઞેયના પ્રદેશોને જાણે છે...'** જ્ઞેયના આકારને, ક્ષેત્રને જાણે છે એવો જ્ઞાન વસ્તુનો સ્વભાવ છે. **'અશુદ્ધપણું નથી;...'** એ પરક્ષેત્રનું જ્ઞાન અહીંયાં આવવું એ મલિનતા નથી. સમજાણું? **'એવું માને છે સ્યાદ્વાદી.'** એમ માને છે અનેકાન્તવાદી. પરનું જ્ઞાન ક્ષેત્રાકારે જ્ઞાનાકાર પરિણમ્યું છતાં એ જ્ઞાનનો પર્યાય ધર્મ છે. પોતાનું ક્ષેત્ર છોડીને પરક્ષેત્રમાં ગયું નથી. એમ અજ્ઞાની માનતો નથી, જ્ઞાની એમ માને છે. **'એ જ કહે છે...'** **'पशुः प्रणश्यति'** એ તો ફક્ત પહેલો ઉપોદ્ઘાત કરે છે. શબ્દાર્થ હવે ઉપાડે છે.

**'पशुः प्रणश्यति'** **'पशुः'** નામ કર્મથી બંધાયેલો. **'પશુ બધ્યતે કર્મ ઇતિ પશુ'** અજ્ઞાનના આવરણથી બંધાય છે અને નવા આવરણથી બંધાય છે એવો એકાન્તવાદી અજ્ઞાની એને અહીંયાં પશુ કહેવામાં આવ્યો છે. **'એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ વસ્તુમાત્ર સાધવાથી ભ્રષ્ટ છે – અનુભવ કરવાને ભ્રષ્ટ છે.'** એ જ્ઞાનની પર્યાયમાં, સ્વક્ષેત્રમાં પરક્ષેત્ર જણાવા છતાં મારા ક્ષેત્રમાં જ છું. મારો જ્ઞાનનો અનુભવ મારા જ્ઞાનના લક્ષે મારા ક્ષેત્રમાં કરું. મારા જ્ઞાનનો અનુભવ મારા અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં કરું એમ અજ્ઞાની અનુભવી શકતો નથી. સમજાણું કાંઈ? **'અનુભવ કરવાને ભ્રષ્ટ છે.'** પરક્ષેત્રાકાર મારું જ્ઞાન થઈ ગયું, પરક્ષેત્રાકાર છે એટલે સ્વદ્રવ્યના લક્ષે, સ્વક્ષેત્રના જ્ઞાનમાં રહીને પરક્ષેત્રની પર્યાય છે એનો અનુભવ કરવો જોઈએ એ અજ્ઞાની અનુભવ કરી શકતો નથી. સમજાણું કાંઈ? આ વળી અનેકાન્ત ને... આ અનેકાન્ત વળી બીજી જાતનું કહે.

**'વસ્તુમાત્ર સાધવાથી ભ્રષ્ટ છે...'** મારા અસંખ્ય પ્રદેશમાં જ મારો જ્ઞાન સ્વભાવ છે. ઘણા એમ કહે છે ને? ભાઈ! આ બધું જણાય છે ને? આ બધું જણાય છે ને એ બધું અહીં જણાય છે તે હું છું એમ અત્યારે નથી. આ બધા ક્ષેત્રો જણાય છે એ મને અશુદ્ધતા થઈ ગઈ છે એમ કહે છે. આ બધું જણાય છે એટલું જો માને... સમજાય છે? તો તેણે પર્યાયને માની ને દ્રવ્યને માન્યું નહિ. અહીં તો પર્યાયને નથી માનતા એનો પ્રશ્ન ઉઠાવ્યો છે. સમજાણું કાંઈ? પર્યાયને ન માની એની વ્યાખ્યા–ક્ષેત્રાકાર જ્ઞાનનો પર્યાય મારા જ ક્ષેત્રમાં રહીને થાય છે એવી પર્યાયને એ માનતો નથી. એથી સ્વક્ષેત્રમાં અનુભવ કરવાની તાકાત અજ્ઞાનીને રહેતી નથી. એને પરક્ષેત્રાકારથી લક્ષ પર ઉપર જાય છે. સમજાણું કાંઈ?

**'કેવો થઈને ભ્રષ્ટ છે?'** **'तुच्छीभूय'** **'તત્ત્વજ્ઞાનથી શૂન્ય થઈને.'** એટલે? પરક્ષેત્રની પર્યાયનું જ્ઞાન એ મારું નહિ. સમજાણું? એ તો પરનું જ્ઞાન થઈ ગયું એમ માનીને (ભ્રષ્ટ થાય છે). પરક્ષેત્રાકારે થયેલું જ્ઞાન એ મારું જ્ઞાન નહિ. મારું જ્ઞાન એ પરક્ષેત્રમાં ચાલ્યું ગયું એમ માનીને પોતાનું જ્ઞાન અસંખ્ય પ્રદેશના ક્ષેત્રથી પરના જ્ઞાનથી ખાલી માનીને જ્ઞાન શૂન્ય થઈ જાય છે. સમજાણું કાંઈ?

એકલા આત્મા આત્માની વાત કરી હતી ને? કે, આત્મા અનુભવો, આત્મા અનુભવો. તો એવી વાતો તો ઘણા કરનારા છે. એટલે કોઈ એમાં અનેકાન્ત એનું સ્વરૂપ છે એમ

ન માને તો એને એ આત્મા વસ્તુ સમજી શકાય નહિ ને આત્માનો અનુભવ પણ થઈ શકે નહિ. એમ તો અત્યારે આત્માની ઘણી વાતું કરનારા નીકળ્યા છે. ઘણા કાળથી નીકળે છે, લ્યોને! સમજાય છે? આત્મા નિર્વિકલ્પ છે એ વસ્તુ અનુભવ કરો, વિકલ્પ તોડી નાખો. આ શું પણ વિકલ્પ તોડે?

મુમુક્ષુ :– સ્વીકાર મત કરો.

ઉત્તર :– સ્વીકાર મત કરો. કોનો પણ સ્વીકાર ન કરે? સમજાણું કાંઈ? પરથી શૂન્ય છે (એમ કહે). પરથી શૂન્ય છે પણ પોતાથી તો ભરેલો છે કે નહિ? સમજાણું કાંઈ? પોતાના ક્ષેત્રમાં રહેલું જ્ઞાન પરક્ષેત્રને જાણતા તે જ્ઞાન પરનું થઈ ગયું એમ માનીને એ પોતાના જ્ઞાનના ભાવથી અજ્ઞાની શૂન્ય થઈ જાય છે. કહો, સમજાણું? તત્ત્વજ્ઞાનથી **'तुच्छीभूय'** તુચ્છ થઈ ગયો, ખાલી થઈ ગયો. હું તો જ્ઞાનમય છું જ નહિ. ઇ ક્ષેત્રાકાર થયું એ અશુદ્ધતા છે માટે એને કાઢો **'કેવો થઈને ભ્રષ્ટ છે?'** **'तुच्छीभूय'**.

**'વળી કેવો છે?'** **'अर्थैः सह चिदाकारान् वमन्'** લ્યો! **'જ્ઞાનગોચર છે જે જ્ઞેયના પ્રદેશો તેમની સાથે...'** જે જ્ઞેયના પ્રદેશો પોતાના ખ્યાલમાં આવ્યા ને જ્ઞાનમાં, એને કાઢી નાખવા જતાં **'જ્ઞાનની શક્તિનું અથવા જ્ઞાનના પ્રદેશોનું મૂળથી વમન કર્યું છે...'** પોતાની પર્યાય જ એ નથી, એમ કરીને પર્યાય છોડી દે છે. અનુભવ તો પર્યાયમાં છે. સ્વક્ષેત્રાકારમાં હું છું, પરક્ષેત્રનું જ્ઞાન હોવા છતાં પરક્ષેત્રે થયો નથી. (એમ માને) તો તો એને જ્ઞાનની પર્યાયનો અનુભવ થાય. આ તો જ્ઞાન શક્તિને–પરના આકારોને છોડી દેતા પોતાની જ્ઞાન સ્વભાવની શક્તિને છોડી દે છે. આ બધી સૂક્ષ્મપણાની વાત છે, હોં!

પર્યાયમાં આમ પરક્ષેત્ર જણાય એટલો પર્યાય છે પણ એ પર્યાય કાંઈ એટલો જ નથી. આખો જ્ઞાયકભાવ છે એને અંદરનું એનું પરિણમન થયું એમાં ક્ષેત્રાકાર જણાય એ કાંઈ એની અશુદ્ધતા નથી પણ (એકાંતવાદી અજ્ઞાની) એ અશુદ્ધતા કાઢી નાખવા (માગે છે). જેમ અરીસામાં અરીસાનું મોટું ક્ષેત્ર છે એમાં બધા ક્ષેત્ર જણાય. વિષ્ટાની પહોળાઈ, કોલસાની પહોળાઈ (દેખાય). (તો કહે), આ કાઢી નાખો. અરીસામાંથી એ કાઢી નાખો તો અરીસો ચોખ્ખો થાય. અરીસો રહેશે જ નહિ, ચોખ્ખો શું થાય? અરીસામાં મોટી મોટી ચીજો જણાય કે નહિ? એનાથી છેટે હોય તો એનાથી પહોળી ચીજો છેટી હોય તો એમાં બધી જણાય. મોટી હોય તોપણ જણાય, લ્યો! જણાય કે નહિ? અરીસો હોય બે હાથમાં ને આમ (વસ્તુ) પચીસ હાથની હોય, છેટું હોય તોપણ બધું જણાય. અરીસો પચીસ હાથ પહોળો થઈ ગયો? અરીસો પચીસ હાથ પહોળો થઈ ગયો? અરે..! આ આવડું મોટું એમાં કાળું જણાય ગયું, આમાં લીલું જણાય ગયું, આ વિષ્ટા મોટો ઢગલો પડ્યો છે ને આ આમાં જણાય ગયું. એને કાઢી નાખો. કાઢી નાખતા એનું સ્વક્ષેત્ર જ નહિ રહે.

મુમુક્ષુ :– અરીસા ચલા જાયેગા.

ઉત્તર :– અરીસો ચાલ્યો જશે. એમ ચૈતન્ય-અરીસામાં પરક્ષેત્રનું જ્ઞાન (થતાં) અજ્ઞાનીને તુચ્છ લાગે છે, કે આ શું? આ શું? કાઢી નાખ. કાઢી નાખ તો તું જ આખો વમી જાઈશ. સમજાય છે?

**'चिदाकारान् वमन्'** જ્ઞાનની પર્યાયને છોડી દે છે. જાણવાનો સ્વભાવ છે, જ્ઞાનમાં પરને જાણવાનો (સ્વભાવ) છે એમાં છોડવું શું? એ તો જ્ઞાનનું સામર્થ્ય છે. સ્વ ને પરને જાણવાની પર્યાયનું સ્વક્ષેત્રમાં સામર્થ્ય છે. **'મૂળથી વમન કર્યું છે અર્થાત્ તેમનું નાસ્તિપણું જાણ્યું છે જેણે,...'** લ્યો! એટલે? પોતાના પર્યાયનું નાસ્તિપણું માન્યું. મારી જ્ઞાન પર્યાય પરક્ષેત્રને જાણે માટે કાઢી નાખો એટલે પર્યાયથી નાસ્તિ માની.

**'વળી કેવો છે? 'पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्' 'पृथग्विध' 'પર્યાયરૂપ જે જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતાં...'** પર્યાયરૂપ જે જ્ઞેયવસ્તુના પ્રદેશોને જાણતા થકા **'થાય છે તેમની આકૃતિરૂપે જ્ઞાનની પરિણતિ, તે-રૂપ પરિણમતી જે જ્ઞાનવસ્તુ તેને, 'આવું જ્ઞાન અશુદ્ધ છે' એવી બુદ્ધિ વડે ત્યાગ કરતો થકો;...'** એ અશુદ્ધ છે, અશુદ્ધ છે, છોડી દ્યો! આવું ક્ષેત્ર મારા જ્ઞાનમાં કેમ આવે છે? ક્ષેત્ર ક્યાં આવે છે? ક્ષેત્ર સંબંધી તારી જ્ઞાનની પર્યાય તારામાં આવે છે. તો ક્ષેત્રને ભૂલી જતા એની પોતાની પર્યાયને ભૂલી જાય છે. **'જ્ઞાનવસ્તુ તેને, 'આવું જ્ઞાન અશુદ્ધ છે...'** **'उज्झनात्'** છે ને? **'એવી બુદ્ધિ વડે ત્યાગ કરતો થકો;...'** **'उज्झनात्'**નો અર્થ છોડી દે છે. **'એવો છે એકાન્તવાદી.'**

**'શા માટે જ્ઞેય પરિણત જ્ઞાનને હેય કરે છે?'** જેને કારણે જ્ઞેય પરિણત જ્ઞાનને હેય કરે છે. એ જ્ઞાનની પરિણતિ છે એને છોડી દે છે. જ્ઞેયને જાણવાની પોતાની પર્યાય છે એને છોડી દે છે માટે જ્ઞાનને જ હેય કરે છે. શું કરવા? **'स्वक्षेत्रस्थितये' 'જ્ઞાનના ચૈતન્યપ્રદેશની સ્થિરતા માટે.'** એ છોડી દઉં તો મારામાં સ્થિર (થવાય). પણ એમાં જ છો તું. સમજાણું કાંઈ? **'જ્ઞાનના ચૈતન્યપ્રદેશની સ્થિરતા માટે...'** એ પરને છોડી દેવા માગે છે. સ્થિરતા શી રીતે થશે? એ તો તારી પોતાની પર્યાય છે.

**'ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ જ્ઞેયના પ્રદેશોના જાણપણાથી રહિત થાય તો શુદ્ધ થાય, એમ માને છે...'** જ્ઞાનમાં પરક્ષેત્ર જણાય છે તો એ ક્ષેત્રનું જાણવું છૂટી જાય તો મારો જ્ઞાનભાવ શુદ્ધ થાય એમ એકાન્ત અજ્ઞાની માને છે. આ શું? આ શું? આ શું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જ્ઞાનમાં કોઈ એવી ખરાબ વસ્તુ જણાય તો (એ) ક્ષેત્ર કાઢી નાખવા માગે કે નહિ એ? શરીરના ઇન્દ્રિયના આકારો આદિ જ્ઞાનમાં જણાય. લ્યો! એ પરક્ષેત્ર છે કે નહિ? શું કીધું? શરીરના ઇન્દ્રિય આદિના આકારો, સ્ત્રી, પુરુષ આદિના આકાર પરક્ષેત્રના છે. એ જ્ઞાનના સ્વક્ષેત્રમાં, પરક્ષેત્રના આકાર જણાય. એમાં અજ્ઞાનીને એમ થઈ જાય (છે કે) અરે..! આ આકાર જણાતા, અરે..! મારું જ્ઞાન અશુદ્ધ થઈ ગયું. સમજાણું આમાં કાંઈ?

જેટલા સ્ત્રી, પુરુષના શરીરના અવયવોના આકાર છે એ પરક્ષેત્રના આકાર છે. પણ એ જ્ઞાનમાં જણાય ત્યાં એમ થઈ જાય ને અર..ર..ર..! આવા દેખાય છે? આવું દેખાય છે? સમજાણું કે નહિ?

મુમુક્ષુ :– દાખલાથી સમજાય.

ઉત્તર :– ભાઈ! આ સહેલો દાખલો આપીને તમને કહીએ છીએ. સ્ત્રીના સ્તન આદિ શરીરના આકારો છે એ પરક્ષેત્રના આકાર છે. ધ્યાન રાખો જરી! એ આ જ્ઞાનની સ્વક્ષેત્રની પર્યાયમાં આ પરક્ષેત્રના આકાર અહીં જણાય. જણાતા એને એમ થઈ જાય, અરે..! આવા આકાર દેખાય છે તે મલિનતા છે. સમજાણું કાંઈ? એથી એ જ્ઞાનની પર્યાયને બીડવા માગે છે, આમ સંકોચવા માગે છે. આવા આકાર કેમ જણાય? (એમ કરીને) સંકોચવા માગે છે, એ વાત છે, લ્યો! સમજાણું કે નહિ? આહાહા..! અહીં તો સામાન્ય વાત છે ને? એને સમજવા માટે તો એણે પોતે જ ખ્યાલ રાખવો જોઈએ ને? સમજાણું?

આ અવયવો આમ દેખીને, સ્ત્રીના આત્મા અને પુરુષના આકારના અવયવો દેખીને, એ આકારને દેખીને એની ટેવમાં એમ આવી ગયું હોય કે, આ આકાર આવા હોય ને જ્યારે જ્ઞાનમાં જણાય ત્યારે જ્ઞાન અશુદ્ધ થઈ જાય, મેલુ થઈ જાય, વિકાર ઊપજે છે. સમજાણું કાંઈ? એ મૂઢ છે એમ કહે છે, એમ અહીં કહેવું છે. સમજાણું કે નહિ?

લાડવા ને દાળ ને એવી ચીજ ને જ્ઞાનમાં એવા આકાર દેખાય ને તો અમુક જાતનું ખાધું હોય ને? એ આકાર દેખીને અંદર ગલગલીયા થઈ જાય. એ જાણે પરક્ષેત્રનું જ્ઞાન અહીં પોતા સંબંધીનું થયું એને ઠેકાણે પરક્ષેત્રમાં જ્ઞાન ચાલ્યું ગયું (એમ માને છે). સમજાય છે? ભૂલી જાઓ એ મીઠાશને, મીઠાશના આકારને ભૂલી જાઓ, એ દુર્ગંધિના આકારને ભૂલી જાઓ, ફલાણા આકારને ભૂલી જાઓ. પણ શેને ભૂલવું છે તારે? સમજાણું કાંઈ?

શરીરના અવયવો છે એ તો જડનો આકાર છે. શરીરના અવયવોનો આકાર જેટલો (છે) એ તો માટીના, ધૂળના પરદ્રવ્યનો આકાર છે. એ જ્ઞાનની પર્યાયમાં એ પરદ્રવ્યના જેવા આકારનું ક્ષેત્ર છે એવું જ્ઞાનમાં જણાય. હવે જણાતા એને એમ થઈ જાય કે, અરે..! આ જાણતા તો રાગ થઈ જાય છે, આ જાણતા તો દ્વેષ થઈ જાય છે. એટલે મારું જ્ઞાન અશુદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? વાત એમ છે અહીંયાં. આ તો સામાન્ય સિદ્ધાંત સિદ્ધ કરવો છે ને? એના પછી દાખલા આપે તો એને એ વાતનો જરીક ખ્યાલ આવે.

ભગવાનઆત્મા પોતાના અસંખ્ય પ્રદેશના ધામમાં જ્ઞાનનો પર્યાય પરિણમે છે. એમાં જે આકારો જ્ઞાનમાં જણાય છતાં એ તો જ્ઞાનની, પર્યાયની પરિણતિ છે. એ પર આકાર છે માટે અહીં મલિનતા થઈ કે, અરે..! આ જ્ઞાનમાં આવું થઈ ગયું માટે આ મેલું છે. કાઢો! શું કાઢી નાખીશ? એ પરક્ષેત્ર સંબંધીના જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એને જો આ ક્ષેત્ર, આ કાઢી નાખવા માગ તો જ્ઞાન જ ખાલી થઈ જશે. કોને કાઢવું છે તારે? સમજાણું કાંઈ?

આ સૂક્ષ્મ વાત છે. અનેકાન્ત સિદ્ધ કર્યું છે. આખી દુનિયાના સિદ્ધાંતોમાં આત્મતત્ત્વ જે વસ્તુ છે એને આમ જે ક્ષણે ક્ષણે જે પરના આકાર આમ જણાય અને જ્યાં આકાર જણાતા એને આમ થઈ જાય કે, અરે..! આહા..! એ જ્ઞાનની આકૃતિનો સ્વભાવ, અસંખ્ય પ્રદેશમાં રહીને એ આકાર જાણવાનો પર્યાય ધર્મ છે. એમાં પર્યાયમાં જણાણું એમાં મલિન શું થઈ ગયું? સમજાણું કાંઈ? એ આંખને બીડવા માગે છે. આંખ એટલે? જ્ઞાનનો પર્યાય જે આકૃતિને દેખે છે એ જ્ઞાનની પર્યાયને બીડવા માગે (છે), આમ સંકોચવા માગે છે. સંકોચવા માગે છે, (પણ પછી) રહેશે શું? એ પર છૂટશે પણ આ જ્ઞાનનો પર્યાય કઈ રીતે છૂટશે? સમજાણું કાંઈ? એને ટેવ પડી ગયેલી હોય ને?

સ્વના, પરના જે જે ઇન્દ્રિયોના આકારો (જણાય), એ આકારમાં, જ્ઞાનમાં જ્યાં ગયો તો એને એમ જ થઈ જાય કે, આ..હા..! આ આકાર? આ એ આકારપણે જ્ઞાન પરિણમ્યું તો એને એ આકારપણે થઈ ગયું એવું માનીને કાં મીઠાશ વેદે ને કાં દ્વેષ વેદે છે. સમજાણું કાંઈ?

જ્ઞાનનો અંતર સ્વભાવ અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે. એનો પર્યાય પરક્ષેત્ર જે છે એને બરાબર જાણે. એ જાણતા અશુદ્ધ શું થઈ ગયું પણ? નહિ, આંખ્યું બીડી દો, ભાઈ! નથી કહેતા? કેટલાક હોય છે ને? બાયડી દેખે તો આંખો બીડી દો. શું બીડવું છે તારે? આંખો બીડવી છે એટલે શું? આંખો તો જડ છે. શું તારે બીડવું છે? કે, સ્ત્રીના આકાર ન જણાય. પણ આકાર ન જણાય એનો અર્થ શું? જ્ઞાનનો પર્યાય એને ન જાણે એવો પર્યાય ધર્મ છે? સમજાણું કાંઈ? કેટલાક છે ને એમાં? અપ્પા લાગે, સ્ત્રીની મોઢું દેખાય જાય તો અપ્પા લાગે. છે કે નહિ? તમે નામ પાડ્યું છે. અમારે તો ન્યાં જોડે પાડોશી હતા ને? એ આમ જોવે. શું છે પણ? કીધું, આ શું હશે આ? મોઢું દેખાય છે. પણ મોઢું તો જડનો આકાર છે. જ્ઞાનના પર્યાયમાં એ જણાવાનો સ્વભાવ છે. મોઢું જણાય છે? તારે કાઢી શું નાખવું છે આમાં? સમજાણું કાંઈ? 'જમુભાઈ' એમ કહે છે આ. એ વાતું નથી કરતાં. દાખલા આપીએ તો એમાં સ્પષ્ટ એ રીતે કહેવા માગે છે.

અસંખ્ય પ્રદેશમાં ભગવાન છે. આ ઇન્દ્રિય, પોતાની ઇન્દ્રિયો છે એનો આકાર પણ જડ છે. સમજાય છે કાંઈ? એ જેવો એનો ચિહ્નનો આકાર છે, લિંગ કઠણ થાય, પહોળું થાય, પાતળું પડે, આ શરીરના અવયવો આમ થાય, આમ (થાય), એ બધા જડના આકાર છે. એ જ્ઞાનનો પર્યાયનો ધર્મ છે કે એ ક્ષેત્રના આકાર છે તે પ્રમાણે જ્ઞેયાકાર થાય. હવે એ આકારને આમ ભાળતા ઓલું જ્ઞાનમાં જણાતા (એને એમ થઈ જાય છે કે) અરે..! આ શું? એ તો જ્ઞાનનો પર્યાય છે. અશુદ્ધતા શું છે? સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનની પર્યાય કાઢી નાખવા માગે છે.

ઉત્તર :– જ્ઞાનની પર્યાય કાઢી નાખવા માગે છે. આમ જણાવું ન જોઈએ, જણાવું ન જોઈએ, જણાવું ન જોઈએ. પણ જાણવું ન જોઈએ (પણ) તારો સ્વભાવ છે. જાણવું ન જોઈએ

ક્યાંથી લાવીશ? સમજાણું કે નહિ? આહાહા..! શરીર તો માટી છે. સ્ત્રીનું શરીર માટી, માંસના હાડકા છે. એના આકારો પરક્ષેત્રના, પરક્ષેત્રના પુદ્‌ગલના આકાર છે. કોઈ પણે અવયવ પુદ્‌ગલનો આકાર છે. હવે એ જ્ઞાનનો પર્યાય પરક્ષેત્રને જાણતા અશુદ્ધતા શું થઈ ગઈ? સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કાંઈ નહિ. એ બધું આમાં એક થઈ ગયું. આવું ક્ષેત્ર જોતાં (એમ થાય કે), અરે..! ઉં..હું..હું... પણ તારા સ્વક્ષેત્રમાં એ પરક્ષેત્રના આકારોને જ્ઞાનની પર્યાયમાં જાણવાનો સ્વભાવ છે. એ તું કાઢી નાખીશ? સમજાણું કાંઈ? કાઢી નાખીશ તો તુચ્છ થઈ જઈશ.

**'એવી બુદ્ધિ વડે ત્યાગ કરતો થકો; એવો છે એકાન્તવાદી. શા માટે જ્ઞેય પરિણત જ્ઞાનને હેય કરે છે?'** જ્ઞાન પરિણતિને હેય કરે છે. પરને નિમિત્તને લક્ષે (જ્ઞાન થયું), નિમિત્તથી જ્ઞાન થયું (નથી), થયું છે પોતાનું (જ્ઞાન) પણ આને લઈને થયું એટલે મારામાં આવી ગયું (એમ માનીને કહે છે), પરિણતિ છોડી દે. આવું મારે જોતું નથી. નથી જોતું પણ તું રહીશ શું રીતે ત્યારે? આહાહા..!

આ પોતાના અસ્તિત્વમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પોતે છે, પરના અસ્તિત્વથી નથી એમ સિદ્ધ કરવું છે. અહીંયાં તો વળી એવી જ રીતે લીધું, કે પોતાના જ્ઞાન પર્યાયમાં એ ક્ષેત્ર જણાય એ તો એનો પર્યાય ધર્મ છે, પર્યાય છે. એવી પર્યાયને નથી માનતો એમ કહે છે. એવી પર્યાયને નથી માનતો એટલે એણે પર્યાયને માની નહિ. કારણ કે, જાણવાનો પર્યાય ધર્મ એણે ન માન્યો. આવું જાણવું શું? આવું જાણવું શું? આવું જાણવું એવું જ પર્યાયમાં જાણવું થાય છે. દ્રવ્યમાં ન થાય, દ્રવ્ય તો ત્રિકાળ છે. એક સમયની પર્યાયમાં બધા ક્ષેત્રના આકાર હો, જાણે. જાણતા એમાં અશુદ્ધતા શું થયું? મેલુ શું થયું? એમાં રાગ શું આવ્યો? દ્વેષ શું આવ્યો? દુગંછા શું આવી? ને પ્રીતિ શું આવી? સમજાણું કાંઈ?

આ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અનેકાન્તની વ્યાખ્યા છે. પરના આકારો એમાં નહિ (હોવા) છતાં તે સંબંધીનો જ્ઞાનનો પર્યાય મારો છે. એ જાણવાના પર્યાયમાં તું શું કાઢી નાખીશ? કહે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો (હોય). એની જ્ઞાન પર્યાયમાં એ બધા આકાર જણાય છે. આહાહા..! સમજાય છે? અવયવો, શરીરના બધા આકાર જેવા (છે) એ જ્ઞાન પર્યાયમાં જણાય છે. છતાં એ જ્ઞાન-પર્યાયનો ધર્મ જાણીને એને તેના પ્રત્યે આ આકાર મારામાં આવી ગયા માટે મને દ્વેષ-રાગ થશે એમ થતું નથી. સમજાણું કાંઈ? એકાંત, અનેકાન્તની, બાપુ! વસ્તુ અલૌકિક છે. ઇ આમ સાધારણ નથી. જૈન દર્શનનું નહિ પણ વસ્તુનું સ્વરૂપ જ એ છે. ક્ષણે ક્ષણે એકાન્ત ને અનેકાન્ત (છે). કેમ અજ્ઞાનીને એકાન્ત થાય છે અને જ્ઞાનીને ક્ષણે ક્ષણે અનેકાન્ત કેમ થાય છે? એ વાત અહીં સિદ્ધ કરી છે.

સમજાણું કાંઈ?

**'स्वक्षेत्रस्थितये' 'જ્ઞાનના ચૈતન્યપ્રદેશની સ્થિરતા માટે.'** શું માને છે એ? આ આકાર જે જ્ઞાનમાં જણાય છે એને છોડી દઉં તો મારી જ્ઞાન પર્યાય સ્થિર થાય. આ આકારોનું જ્ઞાન જે થાય છે, શરીરના આકાર, આ દુગંછા જેવા ભરેલા આકાર જ્ઞાનમાં જણાય ને એને છોડી દઉં ને તો મારું જ્ઞાન સ્થિર થાય. પણ જ્ઞાન સ્થિર જ છે. એને જાણતા કાંઈ જ્ઞાન અસ્થિર થઈ ગયું છે એમ નથી.

આંબલી... આંબલી હોય છે ને? આંબલીને દેખે તો (મોઢામાં) પાણી આવે. ત્યારે જ્ઞાનના પર્યાયમાં એવું લાગે કે, જાણે આ આકારમય હું થઈ ગયો. આંબલીના કાતરા દેખે ને મોટા? કાતરા કહે છે? શું કહે છે? કાતરા શું કહેવાય? મગફળી થાંભલી. સો બસ્સો, પાંચસો, હજાર હોય. અંદર હોય ને? શું કહેવાય ઇ? આંબલીયા. આંબલીયા હોય એ મોટા દેખાય ને માથે આમ પેલું હોય. આમ દેખીને પાણી આવે. પણ શું છે પણ?

મુમુક્ષુ :– એને લઈને પાણી આવ્યું ને?

ઉત્તર :– પાણી એને લઈને નથી આવ્યું એમ કહે છે અહીં તો. મૂઢ છે કહે છે. જ્ઞાનની પર્યાયમાં એ જણાણું એમાં પાણી ક્યાંથી આવ્યું અને આ (આમ થયું તો) ખાટું થયું હશે? સમજાણું? એક રાજાના મોઢામાં પાણી નહોતું આવતું. મોઢામાં બિલકુલ પાણી નહોતું આવતું. હજારો, લાખોની દવાઓ કરી. રાજા ખરાને? એક દેશી ડૉક્ટરે જાણ્યું કે, આ દવા. 'દેવશીભાઈ'! એવા હશે, 'દેવશીભાઈ' જેવા કોઈ દેશી (હશે). એક ઓરડીમાં બેસાડ્યા પછી આંબલી પાંચ મણ, બે-પાંચ-દસ મણ લાવ્યા. હાર બાંધ્યો આમ હાર. થોડી વાર બેસાડ્યો ત્યાં મોઢામાં પાણી (આવ્યું). બીજી દવા કાંઈ નહિ. લાખોની દવાઓ કરી પણ મોઢામાં પાણી આવે નહિ. પેલાને એમ થઈ ગયું કે આમાં ખટાશ છે, આમાં ખટાશ છે. એટલે આમથી આમ ચારેકોર જોવે તો ખટાશ ખટાશ.. મોઢામાં પાણી ફટ દઈને (આવ્યું). એણે માનેલું છે કે, આમાં ખટાશ છે એવા જ્ઞાનને લઈને એને ખટાશને મનાઈ ગયું કે આ જાણે અહીં આવ્યું. એ તો જ્ઞાનના પર્યાયમાં આ જાતના આંબલીઓ ને આવા લાંબા ને હાર બધા છે એવું જ્ઞાન આકારમાં પર્યાયમાં આકાર જણાણા. પણ એને એવું થઈ ગયું કે, ઓહો..! એ બધું અહીં આવી ગયું. આહાહા..! ઇ જ કહે છે, મૂઢ છો. શું ખુશી થાય છે? સમજાણું કાંઈ?

આ તમારે દીકરીઓ ને દીકરાઓ, આ બધા ફર્નીચર-બર્નીચર નથી લખતા? મોટા મકાન હોય કે નહિ? એ..ઇ..! હરણીયાના શીંગડા ને નથી કરતાં? મકાનમાં ગોઠવે છે. આકાર ગોઠવે. શું કહેવાય પેલું? મોટુ હરણીયાનું શું કહેવાય? સાબર, એના ગોઠવે. એમ કંઈક કંઈકને ગોઠવે. પૂતળા ધોળા આવડા ગોઠવે ને આમ ગોઠવે ને આમ ગોઠવે. વનમાં, મોટા વન હોય છે ને? ત્યાં બાયું આમ તદ્દન નગ્ન ગોઠવે છે. જોયું છે? તદ્દન (નગ્ન) ગોઠવે.

આમ છોકરું લીધું હોય ને ઢીકણું કર્યું હોય. જોનારને તો એમ જ થઈ જાય કે, જાણે આ આકાર અહીં આવી જાય એટલે એને પ્રેમ થઈ જાય. સમજાણું? આપણે પેલા આકાર નહોતા જોયા? 'હૈદ્રાબાદ'. એના ઘરમાં આકાર હતા. 'હૈદ્રાબાદ'માં પેલો કો'ક હતો ને? 'ટોકરશીભાઈ'. 'ટોકરશી' મોટો ગૃહસ્થ હતો. મોટો બંગલો હતો. બધા દેખાવ (કર્યા હતા). ઇ જાણે આકાર અહીં પેસી ગયો! એવું અજ્ઞાનીને થઈ જાય કે, અરે! આવા આકાર શું આ? પણ એ આકારનું જ્ઞાન એ સમયે તારું જ્ઞાન પરિણમ્યું છે. એ આકાર તો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય તને અહીં નુકશાન કરે છે? પરદ્રવ્ય તો તારા જ્ઞાનના ઉપાદાન પર્યાયમાં નિમિત્ત થયું છે. તે અહીં આવ્યું નથી છતાં આમ જોઈને (એમ થાય કે) આ? સમજાણું?

બાવા ને જોગી, ત્યાગી બ્રહ્મચારી હોય તો (કહે), નહિ. શું છે? પરક્ષેત્રના આકાર જ્ઞાનમાં જણાય એમાં આમ ઉંહકારો શું કરવા કરે છે? આ કેમ જણાય છે? આ કેમ જણાય છે? આખી દુનિયા છે. દુનિયા છે તો શું છે? પરક્ષેત્રમાં છે. તારા જ્ઞાનમાં તો એનું ક્ષેત્ર જણાય છે. સમજાણું કાંઈ? આ ક્ષેત્રનો (બોલ) છે ને જરી? એ બધા ત્યાં છે ને! નહિ? રાજમહેલમાં. ઇન્દ્ર ભુવનમાં. ત્યાં ઉતર્યા હતા ને બે દિ'? એ બધા દેખાવ જુઓ તો પેલા લાગે. પેલાને રાગ માટે કર્યા હોય. આમ દેખાય તો મીઠાશ વેદાય. પણ એ આકાર ક્યાં ગરી જાય છે અહીં? તો મીઠાશ વેદાય. પણ એ એમ જ માને છે કે, જ્ઞાનનો પર્યાય આમ દેખતા આહા..! શું છે પણ આ? જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એમાં આ..હા.. શું થયું? એ આ..હા..નું અધિકપણું જે કર્યું જ્ઞાનના ક્ષેત્રમાં પરના ક્ષેત્રનું જ્ઞાન થયું એટલી હદ ન રાખી અને આ..હા.. – અધિકપણું કર્યું એ એની મૂઢતા થઈ. સમજાણું કાંઈ? એને સ્વક્ષેત્રમાં જાણવાનો આવો સ્વભાવ છે એમ ન માન્યું એણે.

આ જણાતા કહે, આ..હા..! (થઈ જાય), ખરાબ જણાતા, ખરાબ આકાર (જોવે તો) ઉં..હું.. (થઈ જાય). બેય વસ્તુના પરક્ષેત્રના આકારને જ્ઞાનની પર્યાયમાં જણાવાનો પોતાનો સ્વભાવ છે એવા અસ્તિત્વથી એ માનતો નથી. એ આકારને કાઢી નાખતા પોતાની પર્યાયને છોડી દેવા માગે છે. આ તો ચૌદ બોલ તો એવા (છે કે એમાં) આખું જૈન શાસનનું રહસ્ય છે. સમજાણું કાંઈ? પરજ્ઞેયથી ભિન્ન છતાં પરજ્ઞેયનું પોતાના ક્ષેત્રમાં, કાળમાં ભાવનું જાણવું થાય એ એનો સ્વભાવ છે એમ સિદ્ધ કરે છે. ક્ષણે ક્ષણે પરને જાણે છતાં પરથી ભિન્ન છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જ્ઞાનવસ્તુ જ્ઞેયના પ્રદેશોના જાણપણાથી રહિત થાય તો શુદ્ધ થાય, એમ માને છે એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ.'** એકાન્ત માનનારો આ પ્રમાણે માને છે. **'તેના પ્રતિ સ્યાદ્વાદી કહે છે...'** જુઓ! **'तु स्याद्वादी तुच्छतां न अनुभवति' 'એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે.'** એટલે **'સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તદષ્ટિ જીવ જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે,...'** ભગવાન જ્ઞાનની પર્યાય એ ક્ષેત્ર જેટલા પર છે

બધાને જાણે છે. '**પોતાના પ્રદેશોથી સર્વથા શૂન્ય છે એવું માનતો નથી;...**' સમજાણું? સર્વથા શું લીધું છે? કે, પેલા આકારથી શૂન્ય છે પણ જ્ઞેયાકારનું પરિણમન જે જ્ઞાનનું છે એનાથી શૂન્ય નથી. '**સર્વથા શૂન્ય છે એવું માનતો નથી;...**' એટલે શું કહ્યું? જે પરક્ષેત્રના આકાર છે એ આકારોથી આ ખાલી છે પણ પરક્ષેત્ર સંબંધીના જ્ઞાનનો આકાર છે એનાથી ખાલી નથી. સમજાણું કાંઈ?

આ '**સર્વથા શૂન્ય છે એવું માનતો નથી;...**' એનો અર્થ શું? તો કથંચિત્ શૂન્ય છે? કથંચિત્ શૂન્ય છે એનો અર્થ કે, જે જ્ઞાનની પર્યાયમાં પરક્ષેત્રના આકાર જાણે એ આકારથી શૂન્ય છે પણ તે આકાર સંબંધીના જ્ઞાનથી શૂન્ય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ બધું સમજવા કોણ નવરું હોય? એ... 'ન્યાલભાઈ'! એ કરતાં દયા પાળી ને સામાયિક કરે (એમાં) કાંઈ છે મહેનત? કાં ભક્તિ કરે ને દાન દઈ દે ને કાં બે, પાંચ, દસ મંદિર બનાવે. એ કહ્યું હતું ને? એક મંદિર બનાવ્યું હતું, આપણા 'નાનાલાલભાઈ'એ. પેલા પંડિતજી કહે કે, આઠ ભવે મોક્ષ જશો. (તો આ કહે), મહારાજ અમારે ના પાડે છે. અહીં બન્યું ને? 'રાજકોટ'માં (સંવત) ૨૦૦૬ ની સાલમાં અઢી લાખનું મંદિર (બન્યું). 'ઇન્દોર'ના 'મુન્નાલાલજી' પંડિત હતા, ગુજરી ગયા. તે દિ' આવ્યા હતા. નહિતર અમારે 'નાથુલાલ' આવતા. ઓહોહો..! છ-છ હજાર માણસ. શેઠ! આઠ ભવે મોક્ષ જશો. આ કહે, ભાઈ! અમે માનતા નથી, હોં! અમારા મહારાજે ના પાડે છે. એ તો કષાયની મંદતાનો શુભભાવ થાય એટલું પુણ્ય થાય. એના મંદિર બનાવવાના ભાવથી ભવનો અભાવ થાય એવું અમે માનતા નથી. 'ન્યાલભાઈ'! આ છઠ્ઠી સાલની વાત છે. પેલાને (એમ થઈ ગયું કે), આ..હા..! પણ શું છે આ..હા..? આહાહા..! એ તો બહારની ક્રિયા તો જડનો આકાર જે થયો એ તો જ્ઞાનની પર્યાયમાં જણાણો. ઇ આકાર કાંઈ તેં કર્યો છે? એ આકાર આ જીવે કર્યો છે? અને એ આકારને લઈને અહીં જ્ઞાન થયું એ આકારને લઈને થયું છે? જ્ઞાનનો પર્યાય પોતાથી થયો છે. એમાં વિકલ્પ આવ્યો છે એનું પણ અહીં જ્ઞાન થયું છે. વિકલ્પ આવ્યો એનું અહીં જ્ઞાન થયું છે. જ્ઞાનના વિકલ્પ સંબંધીનું જ્ઞાન એ મારું છે. વિકલ્પ એ મારો નહિ ને એના આકારનું જ્ઞાન–એ આકાર પણ મારો નહિ, પણ એ સંબંધીનું જ્ઞાન છે એ મારું છે. એ સર્વથા શૂન્ય છે એમ માનતો નથી. સમજાણું કાંઈ?

'પાર્શ્વનાથ'ની મોટી ટૂંક દેખે, લ્યો! ચોવીસ ટૂંકો ને એના મોટા પગલા તરવરે ને આવડા મોટા! અહીં 'શેત્રુંજય'માં છે ને? થાંભલી હેઠે છે? શું છે? લીમડા હેઠે? ભગવાનના મોટા પગલા નથી? 'ઋષભદેવ' ભગવાનના. રાડનું ઝાડ. રાડનું ઝાડ નથી?

મુમુક્ષુ :– એ તો ભગવાનના વખતથી છે.

ઉત્તર :– ભગવાનના વખતનું ક્યાંથી હોય? એવા ગપ્પા મારે. એ ખેતરે લાભ થાય. એમ કહે, એ ખેતરને ભાળે તો લાભ થાય. ધૂળમાંય નથી, સાંભળને! સિદ્ધ ક્ષેત્ર પણ ઇ

તો ત્યાં રહ્યું. સિદ્ધ ક્ષેત્ર તો અહીં છે.

પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય; એ ક્ષેત્રને જાણતા એક શુભ વિકલ્પ આવ્યો એ પણ કાંઈ નિર્મળ નથી, એના આકારે જ્ઞાન થયું તેને પોતાની પર્યાય જ્ઞાનના લક્ષે તેને જાણે તો તેને નિર્મળતા ને સમ્યગ્જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? પરલક્ષે જે જ્ઞાન પરાકાર થયું એ પણ વાસ્તવિક એનું સ્વરૂપ નથી. આહા..! પરક્ષેત્રના સંબંધમાં પોતાથી રાગ થયો એ પણ એનું વસ્તુનું સ્વરૂપ નથી, એ પરથી થયો નથી. પરક્ષેત્રના સંબંધના કાળમાં પરક્ષેત્રના આકારે જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એ પણ એટલો જ આત્મા નથી. એ જ્ઞાનનો પર્યાય સ્વજ્ઞાતાના લક્ષે જે જ્ઞાન પર્યાય પરિણમે એમાં જે પરાકાર જણાય એટલો પર્યાય મારો ધર્મ છે, દ્રવ્ય ધર્મ એનાથી ભિન્ન છે. એવી દૃષ્ટિ હોય એને પર્યાયમાં ધર્મ થાય નહિતર એને ધર્મ થાતો નથી. ઓહોહો..! ઓહો..હો..! આમાં જવાબદારી કેટલી? પેલા કહે, ભાઈ! આખો દિ’ ભગવાનની ભક્તિ કરો. શુભભાવ છે, એ કાંઈ ધર્મ છે નહિ. ‘સમ્મેદશિખર’ ભાળીને જન્મ-મરણનો નાશ થાય.

મુમુક્ષુ :– ધર્મ કહો તો ખરા.

ઉત્તર :– શું કહે પણ? આમ ‘સમ્મેદશિખર’ ભાળે ત્યાં આ..હા..! (થઈ જાય). એક જણાએ કીધું ને? ‘સમ્મેદશિખર’ના દર્શન કરે એને ૪૯ ભવ થાય એવું ‘સમ્મેદશિખર’ના માહાત્મ્યમાં લખ્યું છે. કીધું, પરદ્રવ્યના લક્ષે ભવ ઘટે એ ભગવાનની વાણી નહિ. જેમાં ભવ નથી એવો આત્મભાવ દેખાય તેને ભવનો અભાવ થાય. સમજાણું કાંઈ? લાખ ‘સમ્મેદ શિખર’ ને લાખ કરોડ સમવસરણ દેખે, સાક્ષાત્ ભગવાનના સમવસરણ અનંતવાર દેખે તેથી ભવનો અભાવ ન થાય. એ તો એ ક્ષેત્રનું જ્ઞાન કર્યું. એ તો જ્ઞાનનો પર્યાય છે. એમાં પાછો રાગ કર્યો એ તો શુભભાવ છે. સમજાણું કાંઈ?

કેટલાક એમ કહે, સમવસરણમાં પેઠા હોય એને સમ્યગ્દર્શન થાય જ, એ ક્ષેત્રનો મહિમા (છે). એમ હશે? સમવસરણમાં આહા..હા..! ભગવાનનું સમવસરણ! કેટલા ઇન્દ્રો! એમાં જાય એને સમ્યગ્દર્શન થાય. ભગવાનના ક્ષેત્રમાં તો બેઠા છો. સાધુએ મશ્કરી (કરી). પેલો પારસનાથનો સાધુ હતો કે નહિ? એને ગણધરપદ જોઈતું હતું. આવે છે ને? જ્યાં ધ્વનિ નીકળી. ગણધર ગૌતમ થયા. અરે..! આ તે કેવા? ત્યાં તો બોલાય નહિ, ન્યાં તો બોલાય નહિ, હોં! પણ ત્યાં એવી જાતના વિકલ્પ થાય નહિ. બહાર નીકળ્યો ને એમ કહે કે, આ ભગવાન કેવળી નથી. સર્વજ્ઞ હોય તો હું પહેલેથી મોટો છું એને પદ આપવું જોઈએ એને ઠેકાણે આને પદ આપ્યું, લ્યો! પેલો મિથ્યાદૃષ્ટિ. વેદનો જાણનાર એક ક્ષણમાં થઈ ગયો ગણધરને યોગ્ય? ગૃહીત મિથ્યાદૃષ્ટિ. અને અમે તો અહીં પહેલેથી નગ્ન દિગંબર સાધુ (છીએ). એને પદવી મોટી (આપી). હવે પણ પદવો તે પર્યાયની યોગ્યતાથી આવતી હશે કાંઈ પરને લઈને આવતી હશે? ઉડાવ્યું કે, ભગવાન સર્વજ્ઞ લાગતા નથી. સર્વજ્ઞ હોય તો

એને કદર મારી હોવી જોઈએ. કહો! આ કદરના જાણનાર! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, એ બધા સમવસરણના ક્ષેત્રો પણ અનંતવાર જોવે. એ ક્ષેત્રને આકારે જ્ઞાનનો પર્યાય પરિણમે. એટલો પર્યાય મારો. તે રાગ પણ નહિ, ક્ષેત્ર પણ નહિ. ક્ષેત્રના આકારે પર્યાય (થઈ). ક્ષેત્રનો આકાર પણ મારો નહિ. એ જ્ઞાનનો પર્યાય મારાથી સ્વ લક્ષે જ્ઞાનમાંથી થયેલો છે એમ દૃષ્ટિ કરે તો અનેકાન્ત દૃષ્ટિવાળો સ્યાદ્વાદી કહેવામાં આવે છે. આહા..! કેટલી શરતું એમાં! સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'!

**'સર્વથા શૂન્ય છે એવું...'** અનુભવતો નથી. ભગવાનઆત્મા પરના ક્ષેત્ર સંબંધીના આકારો જાણતા એ આકારોને લક્ષમાંથી છોડી દે છે પણ એ સંબંધીના જ્ઞાનને છોડતો નથી. તેથી તે જ્ઞાન પર્યાય સહિતના દ્રવ્યને અનુભવે છે, દ્રવ્યના લક્ષે જ્ઞાનને અનુભવે છે.

**'જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે, જ્ઞાનવસ્તુ જ્ઞેયના ક્ષેત્રને જાણે છે, જ્ઞેયક્ષેત્રરૂપ નથી, જ્ઞેયક્ષેત્રરૂપ નથી એમ માને છે.'** સમજાણું? જ્ઞેયના ક્ષેત્રરૂપ નથી એમ સ્યાદ્વાદી માને છે. એ જ્ઞેયનું ક્ષેત્ર નહિ, મારું ક્ષેત્ર છે. **'કેવો છે સ્યાદ્વાદી? 'त्यक्तार्थः अपि' 'જ્ઞેયક્ષેત્રની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન, એમ માને છે તોપણ...'** શું કહે છે? **'त्यक्तार्थः अपि'** એ પરના અર્થનો આકાર છોડે છે છતાં **'જ્ઞેયક્ષેત્રની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન, એમ માને છે તોપણ જ્ઞાન પોતાના ક્ષેત્રરૂપ છે - એમ માને છે.'** પરક્ષેત્રના આકારોને લક્ષમાંથી છોડે છે છતાં પોતાના સ્વક્ષેત્રમાં પરક્ષેત્ર સંબંધીના જ્ઞાનની પર્યાયને છોડતો નથી.

**'વળી કેવો છે સ્યાદ્વાદી?' 'स्वधामनि वसन्', 'स्वधामनि वसन्' 'જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં છે...'** સ્વધામમાં છે. જુઓ! અસંખ્ય પ્રદેશમાં જ મારું જ્ઞાન છે. સમજાણું કાંઈ? અહીં તો એમ પણ કહે છે કે, જ્ઞાન આમ મોટું, લાંબું થઈ જાય તો જ્ઞાન મોટું કહેવાય. આમ મોટું લાંબું આમ આમ થઈ જાય તો મોટું કહેવાય એમેય નથી અને પરક્ષેત્ર મોટા જણાય માટે જ્ઞાનનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છોડીને મોટું લાંબું થઈ જાય છે એમ પણ નથી. **'स्वधामनि वसन्' 'જ્ઞાનવસ્તુ પોતાના પ્રદેશોમાં...'** અસંખ્ય પ્રદેશમાં જ વસે છે **'એમ અનુભવે છે.'** સમ્યગ્દૃષ્ટિ પોતાના ક્ષેત્રમાં જ્ઞાનનો પર્યાય પરાકારને છોડતા છતાં તે સંબંધીની જ્ઞાનની પર્યાય મારા સ્વક્ષેત્રમાં છે. સ્વક્ષેત્રમાં પરની નાસ્તિ છે ને સ્વક્ષેત્રમાં પોતાના જ્ઞાનની અસ્તિ છે.

**'परक्षेत्रे नास्तितां विदन्' 'જ્ઞેયપ્રદેશની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેમાં નાસ્તિપણું માને છે...'** લ્યો! **'અર્થાત્ જાણે છે તો જાણો તોપણ એતાવન્માત્ર (એટલું માત્ર) જ્ઞાનનું ક્ષેત્ર નથી...'** પરને જાણવું હોય તો જાણવાનો પર્યાય ધર્મ છે. પરક્ષેત્રના અનેક આકારો જાણે, જાણો પણ **'જ્ઞાનનું ક્ષેત્ર નથી - એમ માને છે સ્યાદ્વાદી. વળી કેવો છે?' 'परात् आकारकर्षी' 'પરક્ષેત્રની આકૃતિરૂપે પરિણમ્યો છે જ્ઞાનનો પર્યાય,...'** પરક્ષેત્રની આકૃતિરૂપે પરિણમ્યો છે પર્યાય, **'તેનાથી ભિન્નપણે જ્ઞાનવસ્તુના પ્રદેશોનો અનુભવ કરવાને સમર્થ છે.' 'परात् आकारकर्षी'** એટલે પરનો જે આકાર છે ત્યાંથી ખેંચ્યું છે પણ પોતાનો પર્યાય પોતામાં

રાખ્યો છે.

**'પરક્ષેત્રની આકૃતિરૂપે પરિણમ્યો છે જ્ઞાનનો પર્યાય, તેનાથી ભિન્નપણે જ્ઞાનવસ્તુના પ્રદેશોનો અનુભવ કરવાને સમર્થ છે.'** પરના ક્ષેત્રથી પોતાનું ક્ષેત્ર ભિન્ન છે એમ પોતાના સ્વક્ષેત્રમાં દૃષ્ટિ કરીને જ્ઞાનના પર્યાયને સ્વક્ષેત્રમાં અનુભવે છે. **'તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક,...'** છે. લ્યો! રાગાદિ ને નિમિત્ત આદિ સાધકપણું નથી એમ કહે છે. જ્ઞાનનો પર્યાય પોતાનો છે. પરના આકારને છોડે છે ને પોતામાં આવે છે એવું જે પોતાથી અસ્તિ છે એમ પરથી નાસ્તિ છે એવું જે જ્ઞાન તે વસ્તુને સાધે છે. એને સાધકપણું થઈને સિદ્ધપદ થાય છે. કહો, સમજાણું આમાં? **'સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક, એકાન્તપણું વસ્તુસ્વરૂપનું ઘાતક;...'** લ્યો! પરક્ષેત્રને જોતા મને મારી અશુદ્ધતા થઈ ગઈ, એમ જે માને છે તે ઘાતક છે. એની દૃષ્ટિ વિપરીત છે. પોતાના ક્ષેત્રમાં રહીને પરક્ષેત્રને જાણે છે. એમ સ્વક્ષેત્રના આશ્રયે દૃષ્ટિ કરીને જે અનુભવે છે એ એ જ વસ્તુને સાધી શકે છે. **'તેથી સ્યાદ્વાદ ઉપાદેય છે.'** લ્યો! એ કારણે સ્યાદ્વાદ તે આદરણીય છે. આઠ બોલ થયા. હવે નવમો બોલ સ્વકાળથી અસ્તિ, નવમો–સ્વકાળથી અસ્તિ.

( શાર્દૂલવિક્રીડિત )

पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्
सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।
अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः
पूर्णास्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्यपि।।१०-२५६।।

**ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો; તેથી જ્ઞેયવસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી અનેક અવસ્થાભેદ છે, તેમને જાણતાં જ્ઞાનના પર્યાયરૂપ અનેક અવસ્થાભેદ થાય છે, તેમાં જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે, તે અવસ્થાભેદ વિનશતાં તેની આકૃતિરૂપે પરિણમેલા જ્ઞાનપર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે, તેનો—અવસ્થાભેદનો–વિનાશ થતાં એકાન્તવાદી મૂળથી જ્ઞાનવસ્તુનો વિનાશ માને છે. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ અવસ્થાભેદથી વિનશે છે, દ્રવ્યરૂપે વિચારતાં પોતાની જાણપણારૂપ અવસ્થાથી શાશ્વત છે, ન ઊપજે છે, ન વિનશે છે–આવું સમાધાન સ્યાદ્વાદી કરે છે. એ જ કહે છે– ''पशुः सीदति एव'' ( पशु ) એકાન્તવાદી ( सीदति ) વસ્તુના સ્વરૂપને સાધનાને ભ્રષ્ટ છે, ( एव ) અવશ્ય એમ છે. કેવો છે એકાન્તવાદી ? ''अत्यन्ततुच्छः'' વસ્તુના અસ્તિત્વના**

**જ્ઞાનથી અત્યંત શૂન્ય છે. વળી કેવો છે ? ''न किञ्चन अपि कलयन्'' ( न किञ्चन ) જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે, તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી, ( अपि ) અંશમાત્ર પણ નથી–( कलयन् ) એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે. વળી કેવો છે? ''पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्'' ( पूर्व ) કોઈ પહેલા અવસરમાં ( आलम्बित ) જાણીને તેની આકૃતિરૂપ થયેલા જે ( बोध्य ) જ્ઞેયાકાર જ્ઞાન પર્યાય, તેના ( नाशसमये ) વિનાશસંબંધી કોઈ અન્ય અવસરમાં ( ज्ञानस्य ) જ્ઞાનમાત્ર જીવવસ્તુનો ( नाशं विदन् ) નાશ માને છે,–એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ. તેને સ્યાદ્વાદી સંબોધે છે–''पुनः स्याद्वादवेदी पूर्णः तिष्ठति'' ( पुनः ) એકાન્તદૃષ્ટિ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે છે. ( स्याद्वादवेदी ) અનેકાન્ત-અનુભવશીલ જીવ ( पूर्णः तिष्ठति ) 'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો તેના પર દૃઢ છે. કેવો દૃઢ છે ? ''वाह्यवस्तुषु मुहुः भूत्वा विनश्यत्सु अपि'' ( बाह्यवस्तुषु ) સમસ્ત જ્ઞેય અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના અનેક ભેદ, તેઓ ( मुहुः भूत्वा ) અનેક પર્યાયરૂપ થાય છે, ( विनश्यत्सु अपि ) અનેક વાર વિનશે છે, તોપણ દૃઢ રહે છે. વળી કેવો છે? ''अस्य निजकालतः अस्तित्वं कलयन्'' ( अस्य ) જ્ઞાનમાત્ર જીવવસ્તુનું ( निजकालतः ) ત્રિકાળ શાશ્વત જ્ઞાનમાત્ર અવસ્થાથી ( अस्तित्वं कलयन् ) વસ્તુપણું અથવા અસ્તિપણું અનુભવે છે સ્યાદ્વાદી જીવ. ૧૦-૨૫૬.**

---

## ( શાર્દૂલવિક્રીડિત )

पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्
सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।
अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः
पूर्णास्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्यपि।।१०-२५६।।

પર્યાય ભલે ... **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો;...'** પહેલાથી જુદી રીતે છે. બધામાં બે બોલ આવા જ લીધા છે, ભાઈ! પર્યાયરૂપ માને છે એમાં કહેશે કે, સમય સમયની પર્યાયને માને, ત્રિકાળીદ્રવ્ય માનતો નથી, એમ કહે છે. સમજાણું? સમય સમયની પર્યાયને માને છે એનો અર્થ કે, જે પર્યાય છે એના ઉપર જ્યારે લક્ષ છે તો એ સમયની પર્યાય સહિત દ્રવ્યને માને છે. પણ એક સમયની અવસ્થામાં પૂર્વલંબિત જે છે એ અવસ્થા બદલી ભેગી હું આખો બદલાઈ ગયો અને વસ્તુ અહીં રહી નહિ (એમ માને છે) તો એ પરાવલંબી પોતાની પર્યાયને પરને લઈને પર્યાય થયેલી માને છે. મારી જ્ઞાન વસ્તુ ત્રિકાળ છે એને લઈને વર્તમાન પર્યાય

થાય છે એમ માનતો નથી. નવી નવી પર્યાય થવામાં મારું જ્ઞાન ત્રિકાળ છે એને લઈને થાય છે. પણ જે જ્ઞાન અવસ્થામાં પર જણાય એ અવસ્થા પલટી, આ અવસ્થા પલટી એ પલટતા આ આખો પલટી જાય છે એમ માનનાર પરથી પોતાનું અસ્તિત્વ માને છે. પરકાળથી પોતાની અસ્તિ માને છે. સમજાણું કાંઈ? એ પર્યાયરૂપ માને છે, પરકાળથી પોતાનું અસ્તિત્વ માને છે, દ્રવ્યરૂપથી માનતા નથી.

**'તેથી જ્ઞેયવસ્તુના...'** હવે જ્ઞેય જાણવાની વસ્તુ છે ને સામી? **'અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી અનેક અવસ્થાભેદ છે,...'** સામે.. સામે. **'તેમને જાણતાં...'** પરવસ્તુના ભૂત, ભવિષ્ય, વર્તમાન પર્યાયને જાણતા થકા **'જ્ઞાનના પર્યાયરૂપ અનેક અવસ્થાભેદ થાય છે,...'** જ્ઞાનમાં અવસ્થારૂપે અનેક દશા ભેદ થાય છે. **'તેમાં જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે,...'** જ્ઞાનની દશામાં જણાવા યોગ્ય જ્ઞેયની અવસ્થાનું જે જ્ઞાન થયું એ જ્ઞેય અવસ્થા બદલતા અહીં પણ બદલી જાય છે.

**'જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે, તે અવસ્થાભેદ વિનશતાં તેની આકૃતિરૂપે પરિણમેલા જ્ઞાનપર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે,...'** અહીં પણ પર્યાય બદલી જાય છે. જ્ઞાનના વર્તમાન પર્યાયમાં જેવો સામો પર્યાય છે એ પ્રમાણે જ્ઞાન થાય. એ જ્યાં બદલ્યું તો અહીં પણ આ પર્યાય બદલી જાય છે. એને (પોતાના) કારણે બદલતા જાણે આ પર્યાય એને (જ્ઞેયને) કારણે બદલી ગઈ (એમ માને છે). સમજાણું કાંઈ? પાણીનો આમ લોઢ આવ્યો, પાણીનો લોઢ આમ જ્ઞાનમાં (આવ્યો), એ લોઢ જ્ઞાનપર્યાયમાં આવ્યો. પછી એ લોઢ સમાઈ ગયો. તો એ જાતનું જ્ઞાન પણ સમાઈ ગયું. એ સમાતા મારો જ્ઞાન પર્યાય પણ સમાઈ ગયો, નાશ થઈ ગયો (એમ માને છે). સમજાણું કાંઈ?

**'તે અવસ્થાભેદ વિનશતાં તેની આકૃતિરૂપે પરિણમેલા જ્ઞાનપર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે,...'** જે જ્ઞાનની વર્તમાન દશામાં સામે જડ પદાર્થની ભૂત, ભવિષ્ય ને વર્તમાનની અવસ્થા વર્તમાન જ્ઞાનમાં ખ્યાલમાં આવી. હવે એ જ અવસ્થા વર્તમાન હતી ત્યાં ભૂત થઈ ગઈ, ભવિષ્યમાં હતી તે અહીં વર્તમાન આવી. એમ જ્ઞાનમાં જણાણું. એ અવસ્થા જ્યાં બદલી ત્યાં જ્ઞાન પણ ભેગું બદલ્યું. એટલે જાણે હું એના ભેગો હું તણાઈ ગયો. એ અવસ્થા તણાતા, જતાં હું પણ ભેગો તણાઈ ગયો. એમ જ્ઞાનની અવસ્થા જ્ઞાતા-દૃષ્ટાના લક્ષે થયેલી અવસ્થા છે, એને લક્ષે થયેલી નથી એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? **'જ્ઞાનપર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે, તેનો – અવસ્થાભેદનો – વિનાશ થતાં એકાન્તવાદી મૂળથી જ્ઞાનવસ્તુનો વિનાશ માને છે.'** મારી પર્યાય જતા જ્ઞાન રહ્યું નહિ, જ્ઞાન જ ન રહ્યું. સમજાણું?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ અવસ્થાભેદથી વિનશે છે,...'** જુઓ! ભાઈ! જરીક (ધ્યાન) દેજો! **'જ્ઞાનવસ્તુ અવસ્થાભેદથી વિનશે છે, દ્રવ્યરૂપે વિચારતાં પોતાની જાણપણારૂપ અવસ્થાથી શાશ્વત છે,...'** અવસ્થા એટલે ત્રિકાળ. દ્રવ્યરૂપે વિચારતાં વસ્તુ

જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક..., જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... **'પોતાની જાણપણારૂપ અવસ્થાથી...'** ત્રિકાળ દ્વારા **'શાશ્વત છે,...'** એ સમયની પર્યાય પરના લક્ષે ઊપજે-વિણસે છે છતાં વસ્તુ તો કાયમ છે. વસ્તુના કાયમની આ પર્યાય પરિણમે છે એનું લક્ષ એને નથી. **'ન ઊપજે છે, ન વિનશે છે - આવું સમાધાન સ્યાદ્વાદી કરે છે.'** અનેકાન્ત દૃષ્ટિવાળો માને છે કે, ભાઈ! જે પરના પ્રવાહવાળી પર્યાય તારા જ્ઞાનમાં જણાણી તે કાળમાં હોં! તે કાળમાં, ઓ..હો..! જુઓને! સ્વકાળે પોતાની પર્યાયની અસ્તિ, પરકાળની પર્યાયની નાસ્તિ. એમાં કાંઈ થાતું નથી એમ આવ્યું.

મુમુક્ષુ :– સ્વતંત્ર છે.

ઉત્તર :– સ્વતંત્ર જ છે. પોતાનો એક સમયનો પર્યાય જે છે, કોઈપણ દ્રવ્યનો એનો સ્વકાળનો જે અંશ છે એ કાળે તે જ અંશ તે પારિણામિકભાવનો સ્વતઃ સ્વથી છે, પરથી નથી. સમજાણું કાંઈ? કોઈ પણ દ્રવ્યનો સ્વકાળનો પર્યાય, અહીં જ્ઞાનનો પર્યાય કહેવો છે. એવો જ જ્ઞાન-ગુણનો પર્યાય તે સમયે સામી અવસ્થાના પ્રકારે પોતે પરિણમતો પર્યાય (થાય છે) એ એને કારણે નહિ, એ પલટતા એ પલટ્યું એ એને કારણે નહિ. એનો અંશ જે પોતાનો અંશ સ્વકાળનો હતો એ બીજે કાળે બીજો અંશ થયો. એ પણ પોતાનો અંશ સ્વતંત્ર પરના નિમિત્ત વિના ને પોતાને કારણે થાય છે. આહાહા..! અરે..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્માના જેટલા ગુણો છે એનો એક સમયનો જેટલો સ્વકાળનો પર્યાય છે એ પર્યાયનો એ સ્વકાળ જ એટલો છે એનો. ખરેખર તો નિમિત્તથી તો નથી, પૂર્વને કારણે પણ નથી, દ્રવ્ય કારણ પણ નથી. એ પોતાનું તે પ્રકારનું સ્વકાળનું સત્ છે. તે તે દ્રવ્ય-ગુણનું, તે પર્યાયનું એક સમયનું એનું સ્વ, સ્વસત્ છે, સ્વતઃ સત્ છે. એ જ એનો સ્વકાળ છે. સમજાય છે? એ પરકાળને લઈને માનનારા (હોય તેને) કહે છે કે, તે મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી છે. એ સ્વકાળના અંશની પોતામાં અસ્તિ છે એને માનતા નથી.

મુમુક્ષુ :– સ્વકાળ અને પરકાળ બેયથી માને તો..

ઉત્તર :– બે હોય શી રીતે પણ? એ વળી વિશેષ હવે કાલ આવશે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**માગશર વદ ૧૧, શનિવાર તા.૧૮.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૬ પ્રવચન - ૨૭૩**

'સ્યાદ્વાદ અધિકાર' 'સમયસાર-કળશ' ચાલે છે. જુઓ! દસમો, દસમો છે ને? ફરીને જુઓ! શું કહે છે? ભાવાર્થ. આમાં આ કહેવું છે એ થોડું પહેલા કહે છે. ઉપોદ્‌ઘાત કરે છે. '**કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...**' જેની દૃષ્ટિ વિપરીત છે એવો જીવ. વિપરીત છે એવો જીવ. '**એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે,...**' આત્મા ભગવાન ત્રિકાળ દ્રવ્યસ્વરૂપ છે અને વર્તમાન પર્યાય દ્રવ્યના લક્ષે, દ્રવ્યથી થાય છે. એમ નહિ માનતા એ દ્રવ્ય એટલે આત્મા, તેની પર્યાય (તેને) નિમિત્ત જે અવલંબન છે તેનાથી મારી પર્યાય ઉત્પન્ન થાય છે (એમ માને છે). સમજાણું કાંઈ? કહો, એમાં શું મિથ્યાત્વ આવ્યું?

'**વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો;...**' તેનો અર્થ કરશે. પર્યાયના બે અર્થ કરશે. બાહ્ય વસ્તુ છે ને છેલ્લે? ભાઈ! બાહ્ય વસ્તુ. '**સમસ્ત જ્ઞેય અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના...**' એને બાહ્ય વસ્તુ કીધી છે. બાહ્ય વસ્તુની વ્યાખ્યા બે કરી છે. શું કહે છે? સમજાય છે? આ તો જરીક ઝીણી વાત છે. એમાં વળી હિન્દી. ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય(માં) ભાગમાં પૂર્ણ અનંત ગુણ સંપન્ન પદાર્થ છે. તેમાં જ્ઞાનગુણ પણ ત્રિકાળ ગુણ છે. એ જ્ઞાનગુણની વર્તમાન પર્યાય જે અવસ્થા થાય છે એ અજ્ઞાની માને છે કે એ અવસ્થા જેટલો આત્મા છે. એક વાત. સમજાણું કાંઈ? અથવા એ અવસ્થા વર્તમાન જે જ્ઞાનની અવસ્થા થાય છે તેનું નિમિત્ત અવલંબન પર છે. શું (કહ્યું)? વર્તમાન જે જ્ઞાનની પર્યાય થાય છે તેમાં પરપદાર્થ અવલંબન, નિમિત્ત છે. તો નિમિત્તની પર્યાય પલટે છે તો મારી પર્યાય પણ તેને કારણે પલટી ગઈ, મારી અવસ્થા મારામાં રહી નહિ. આ ઝીણી વાત છે. 'પ્રભુદાસભાઈ'! સમજાણું?

વસ્તુ એટલે ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પૂર્ણ વસ્તુ છે અને એક સમયમાં તેની જ્ઞાનની અવસ્થા છે પણ એ અવસ્થાને માને છે. અર્થાત્ એ અવસ્થા જે સામે જ્ઞેયની અવસ્થા છે, જાણવાલાયક પદાર્થની જે વર્તમાન અવસ્થા છે એ અવસ્થા વર્તમાન જ્ઞાન અવસ્થામાં અવલંબન છે. અવલંબન અર્થાત્ નિમિત્ત (છે). ભાઈ! 'અવલંબન' શબ્દ છે ને? એ..ઇ..! અવલંબનનો અર્થ નિમિત્ત કર્યો છે ને તમે? ક્યાં? નથી કર્યો? અવલંબીને એટલે નિમિત્ત થાય છે. એ તો એમ જ છે ને. એ અવલંબન અહીં વળી હમણાં છેલ્લે યાદ આવ્યું. મેં કીધું, પેલું અવલંબન કીધું છે. એમ કરીને યાદ આવ્યું, હમણાં ન્યાં પાટ ઉપર યાદ આવ્યું. શું કહે છે? સૂક્ષ્મ વાત છે.

આ વસ્તુ આત્મા એક સમયમાં પૂર્ણ દ્રવ્ય છે અને તેની એક સમયની પર્યાય છે. એ અનંત ગુણની જે એક સમયની પર્યાય છે તેમાં અહીં જ્ઞાન પ્રધાનતાથી વાત લીધી છે. જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તે સ્વયંના દ્રવ્યના લક્ષે અને દ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થઈ છે. એમ અજ્ઞાની માનતો નથી. તેનું લક્ષ દ્રવ્ય ઉપર નથી. વર્તમાન જ્ઞાનની અવસ્થા નિમિત્તની જેવી અવસ્થા છે તેવું અવલંબન જ્ઞાનમાં થયું તો એ નિમિત્ત-અવસ્થાથી મારી પર્યાય ઉત્પન્ન થઈ એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

જુઓ! સામે આ અક્ષર છે કે નહિ? જ્ઞાનની પર્યાયમાં તે અવલંબન નિમિત્ત છે. અક્ષર જેમ પલટે છે, અક્ષર ઉપર નજર જાય છે, ફેરફાર (દેખાય છે), એ જ્ઞેય લક્ષમાં પલટે છે એમ પર્યાય પણ પલટે છે. અજ્ઞાનીનું લક્ષ જ્ઞાનની પર્યાયમાં અવલંબનરૂપ પરપદાર્થ નિમિત્ત–પરની વર્તમાન અવસ્થા ઉપર તેનું લક્ષ છે. એ પરપદાર્થ જે અવલંબન(ભૂત) છે તેનાથી મારી પર્યાય ઉત્પન્ન થઈ એમ અજ્ઞાની (કે જેને) સ્વદ્રવ્યનું લક્ષ નથી, ત્રિકાળ દ્રવ્ય જ વર્તમાન પર્યાયરૂપે પરિણમે છે તેમ નહિ માનતા નિમિત્તના અવલંબને પરિણમે છે તો નિમિત્ત જ્યારે પલટે છે તો તે સમયે હું પણ તેના કારણે પલટી ગયો. હું દ્રવ્યને કારણે પલટ્યો એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? જુઓ! એ આવશે, હોં! અહીં તો એનો ઉપોદ્ઘાત કરે છે.

**'વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો;...'** હું વસ્તુ જ્ઞાયક ત્રિકાળ છું એમ નથી માનતો. જો એમ માને તો તેની વર્તમાન પર્યાય દ્રવ્યથી વર્તમાન થાય છે અને બીજે સમયે પલટે છે તોપણ દ્રવ્યથી પલટીને બીજે સમયે પલટીને બીજી થાય છે. એમ અજ્ઞાની નહિ માનતા એ વર્તમાન પર્યાયમાં વર્તમાન સામું નિમિત્ત દેખીને તેનાથી મારી પર્યાય ઉત્પન્ન થઈ છે (એમ માને છે). અહીંયાંથી ઉત્પન્ન નથી થઈ, ત્યાંથી ઉત્પન્ન થઈ છે. નિમિત્તથી ઉત્પન્ન થઈ છે એની અત્યારે મોટી તકરાર છે. અને નિમિત્તની અવસ્થા પલટતા હું પણ તેને કારણે (પલટી ગયો), લક્ષ ત્યાં હતું ને? તો એ પલટતા મારી પર્યાય તેને કારણે પલટી ગઈ, મારો અભાવ થઈ ગયો, મારો અભાવ થઈ ગયો. હું દ્રવ્યરૂપ ત્રિકાળ છું તો મારી અવસ્થા મારે કારણે પલટી છે. બીજે સમયે પણ નિમિત્તને કારણે નહિ પરંતુ મારો પરિણમન સ્વભાવ છે તો દ્રવ્યને લક્ષે મારી પર્યાય વર્તમાન પરિણમે છે એમ અજ્ઞાની માનતો નથી. 'જુગરાજજી'! આહાહા..! આમાં ધર્મ-અધર્મ કાંઈ બહારથી થતો નથી.

પોતાની ચીજ જે અનંત ગુણની ચીજ–પિંડ છે તેની વર્તમાન પર્યાય–અવસ્થા, વસ્તુ સામે જે નિમિત્ત, જેવું જેવડું છે તેવું અવલંબન–નિમિત્ત જ્ઞાનની પર્યાયમાં આવ્યું. એ નિમિત્ત છે તો જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. પણ જેનું નિમિત્ત ઉપર જ લક્ષ છે, સ્વદ્રવ્ય ઉપર લક્ષ નથી, તો નિમિત્ત ઉપર લક્ષ છે તો નિમિત્ત જ્યાં પલટે છે તો પોતાની અવસ્થા પણ પલટે છે, તો નિમિત્ત જ્યાં પલટ્યું તો તેને કારણે મારી અવસ્થા પણ પલટી ગઈ, તેને

કારણે પલટી ગઈ. જ્ઞાનસ્વભાવથી હું પલટવાવાળો છું એવી દૃષ્ટિ અજ્ઞાનીની નથી. સમજાય છે કાંઈ? ભાઈ! વાત તો જે છે ઇ આવે. જાડું કેટલું કરવું એમાં?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ધ્રુવ, એની વર્તમાન જ્ઞાનની અવસ્થા–હાલતમાં સામે જે ચીજ છે, એની અવસ્થા–વર્તમાન અવસ્થા તેનું નિમિત્ત, સામી ચીજની વર્તમાન અવસ્થા નિમિત્ત (છે). હવે એ અવસ્થા જ્યાં પલટી, આમ (પદાર્થ ઉપર) લક્ષ છે, આ આમ પલટ્યું ત્યાં જ્ઞાન પણ પલટ્યું, જ્ઞાન પલટ્યું ને? તો અજ્ઞાનીનું લક્ષ ત્યાં જ છે કે આ અવસ્થા પલટી માટે તેને કારણે મારી દશા પલટી ગઈ. મારી જ્ઞાન અવસ્થા મારી છે એમ રહ્યું નહિ. તેને કારણે થઈ હતી અને તે પલટતા મારી અવસ્થા ચાલી ગઈ. સમજાણું કાંઈ? તેનું નામ અધર્મદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સ્વકાળે અસ્તિથી પરકાળે અસ્તિ માનનારની વાત પહેલી કરે છે. ભંગ તો સ્વકાળે અસ્તિ(નો છે). આત્મા પોતાની નિજ કાળે પોતાની અવસ્થાથી છે એમ સિદ્ધ કરવું છે. તે પહેલા અજ્ઞાની પરની અવસ્થાથી પોતાની અવસ્થા માને છે તેનું દૂષણ દેખાડે છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાનઆત્મા પોતાની વસ્તુને પર્યાયમાત્ર માને છે. એક સમયમાત્ર માને છે અથવા એ પર્યાયમાં જે જ્ઞેયનું નિમિત્ત છે તે જ્ઞેયાકારરૂપ મારું પરિણમન તેને કારણે થયું એમ માને છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગનો અનેકાંત માર્ગ છે. ઘણો સૂક્ષ્મ માર્ગ છે. પર્યાયનું પરિણમન દ્રવ્યના લક્ષે અથવા દ્રવ્યથી થાય છે. દ્રવ્યથી વર્તમાન પર્યાય થાય છે. નિમિત્તરૂપ અવલંબનથી થતી નથી. નિમિત્તથી પર્યાય થાય છે એમ માનનારો પોતાની પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યને કારણે છે એમ માનતો નથી. નિમિત્તના અવલંબને તે પર્યાય થઈ. અવલંબન પલટાતા મારી પર્યાય ગઈ, તેને કારણે ગઈ (એમ માને છે). મારું અંશી તત્ત્વ છે તેના પરિણમનથી પલટો થયો, નવી અવસ્થા થઈ એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું, ભાઈ!

શા કારણથી? '**જ્ઞેયવસ્તુના...**' –જણાવાયોગ્ય વસ્તુના. જણાવાયોગ્ય વસ્તુ જે છે ને? જાણવાલાયક. '**અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી...**' જે પદાર્થ જાણવાલાયક છે, જ્ઞાનમાં જાણવાલાયક છે તેની ગયા કાળની પર્યાય, વર્તમાન અવસ્થા (અને) ભવિષ્ય(ની અવસ્થા થાય) એ '**અવસ્થાભેદ છે,...**' વસ્તુના જ્ઞેયના અવસ્થાભેદ છે. ભૂત-વર્તમાન અને ભવિષ્ય. આ જ્ઞાનમાં જાણવાલાયક પદાર્થના ત્રણ કાળના અવસ્થાભેદ છે. ભૂતકાળ–ગયા કાળની અવસ્થા, વર્તમાન અવસ્થા અને ભવિષ્ય. એમ '**જ્ઞેયવસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળ સંબંધી અનેક અવસ્થાભેદ છે. તેમને જાણતાં...**' દેખો! જાણવાલાયક જે પદાર્થ (તેની) ભૂતકાળની અવસ્થા એટલે ગયા કાળની અવસ્થા, વર્તમાન અને ભવિષ્ય. '**તેમને જાણતાં જ્ઞાનના પર્યાયરૂપ અનેક અવસ્થાભેદ થાય છે,...**' પોતાની જ્ઞાનદશામાં જેટલી વર્તમાન સામે નિમિત્ત–અવલંબનભૂત વર્તમાન-ભવિષ્યની પર્યાય છે તેને જાણતી વખતે પોતાના તેટલા

જાણવાની પર્યાયના ભેદ પોતાથી થાય છે.

**'તેમાં જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે,...'** પોતાની જ્ઞાન અવસ્થામાં જ્ઞેય સંબંધી જાણવામાં આવ્યું કે, આ ભગવાન 'સીમંધર' પ્રભુ છે. એમ લક્ષમાં આવ્યું. આપણે ઠેઠ લઈએ ને! સમજાણું કાંઈ? ભગવાનના મસ્તક ઉપર નજર–જ્ઞાનની પર્યાય છે. સાંભળો! જ્ઞાનની પર્યાયમાં એમના મસ્તક ઉપર લક્ષ છે, તો એ મસ્તક જ્ઞાનની પર્યાયમાં અવલંબન થયું. સમજાણું કાંઈ? એ લક્ષ જ્યાં છૂટ્યું અને જ્યાં નીચે નજર ગઈ તો નીચેનું બીજું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? ત્યાં પણ બીજું નિમિત્ત થયું. (પહેલા) મસ્તક હતું. એ નિમિત્ત બીજું થયું તો અવલંબનમાં બીજું નિમિત્ત થયું તો જ્ઞાનની પર્યાય પણ બીજી થઈ. અજ્ઞાનીને એમ ભાસે છે કે, તેને કારણે થઈ હતી. તે પલટી ગયું તો મારી પર્યાય ચાલી ગઈ. સમજાણું કાંઈ? ઓહો..! ભારે! ભગવાનને જોવાથી જ્ઞાનની પર્યાય થતી નથી એમ કહેવું છે. આ કોની વાત ચાલે છે?

જૈનશાસન સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞદેવ સો ઇન્દ્રની મધ્યમાં સભાને વિષે ભગવાન દિવ્યધ્વનિ દ્વારા આમ કહેતા હતા. એમ 'કુંદકુંદાચાર્ય' મહારાજ બે હજાર વર્ષ પહેલા અહીંયાં ભરતક્ષેત્રમાં થયા. દિગંબર સંત મહામુનિ ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. દિગંબર સંત. ત્યાં જઈને આવ્યા અને આવીને આ 'સમયસાર' બનાવ્યું છે. ભગવાન આમ કહે છે એમ અમે જાણીએ છીએ, એમ અમે માનીએ છીએ અને એમ અમે કહીએ છીએ. સમજાણું કાંઈ?

**'જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે,...'** પહેલા 'સીમંધર' ભગવાનનું લક્ષ આવ્યું. બીજું લક્ષ 'પદ્મપ્રભુ'નું આવ્યું. એમ લ્યો. ત્રીજું લક્ષ 'શાંતિનાથ' ભગવાનનું આવ્યું. ત્રણ ભગવાન છે ને? **'જ્ઞેયસંબંધી પહેલો અવસ્થાભેદ વિનશે છે, તે અવસ્થાભેદ વિનશતાં તેની આકૃતિરૂપે પરિણમેલા જ્ઞાનપર્યાય...'** જ્ઞાનપર્યાયમાં જે આકૃતિ (થઈ). જે પ્રકારનું નિમિત્ત તે પ્રકારનું જ્ઞાન પોતાનું પોતાથી થયું છે. નિમિત્તની અવસ્થા પલટી, લક્ષ ત્યાં ગયું તો આ જ્ઞાનની પર્યાયનો અવસ્થાભેદ પણ વિનશે છે. **'તેના–અવસ્થાભેદનો–વિનાશ થતાં એકાન્તવાદી મૂળથી જ્ઞાનવસ્તુનો વિનાશ માને છે,...'** અરે..! મારી પર્યાય આને આશ્રયે હતી તે આશ્રય ગયો તો મારી પર્યાય પણ ચાલી ગઈ. મારો આશ્રય જ્ઞાન હતું–ત્રિકાળ જ્ઞાન હતું તેના આશ્રયે પર્યાય હતી તો તેને આશ્રયે પલટી અને તેને આશ્રયે (નવી પર્યાય) આવી. એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? ઓ..હો..! જુઓ! આ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિના આટલા લક્ષણભેદ છે.

**'મૂળથી જ્ઞાનવસ્તુનો વિનાશ માને છે,...'** ભગવાનઆત્મા પોતાની જ્ઞાન અવસ્થામાં જ્ઞેય જે પ્રકારનું અવલંબન ભૂતકાળની અવસ્થા લક્ષમાં આવી, તે ચાલી ગઈ. વર્તમાન અવસ્થા લક્ષમાં આવી તે ચાલી ગઈ. વળી ત્રીજી આવે. તો જેવી અવસ્થા લક્ષમાં આવે છે તેમ

જ્ઞાન પણ પલટે છે. અવસ્થા પલટતા–પરની અવસ્થા પલટતાં મારી જ્ઞાનની અવસ્થા પણ તે પલટતાં પલટી ગઈ. કેમકે તે નિમિત્તથી થઈ છે એમ માન્યું હતું તો નિમિત્ત પલટતાં મારી પર્યાય પણ પલટી ગઈ. પણ મારો શુદ્ધ સ્વભાવ જ્ઞાયકમૂર્તિ છે તેને કારણે મારી પર્યાય મારે કારણે ઉત્પન્ન થઈ હતી, ભલે તેનું જ્ઞેયાકારરૂપે પરિણમન થયું અને બીજે સમયે પણ મારો જ્ઞાયક સ્વભાવ છે તેને કારણે મારી બીજી નવી પર્યાય ઉત્પન્ન થઈ. જૂનીનો વ્યય થયો. એમ જેનું સ્વદ્રવ્ય ઉપર લક્ષ, રુચિ નથી, નિમિત્ત ઉપર લક્ષ, રુચિ, ધ્યેય છે તે નિમિત્ત પલટતાં પોતાની જ્ઞાનની પર્યાયનું સર્વસ્વ એટલું જ માનનારો જ્ઞાનની અવસ્થાનો નાશ થયો એમ માને છે. 'જમુભાઈ'! એક તો હિન્દી એ પણ વળી આવું. આમાં શું સમજવું? આહા..!

લોકોને તત્ત્વનો અભ્યાસ (નથી), વસ્તુ શું છે અને કેમ છે તેની ખબર નથી. ધર્મ ક્યાંથી થાય છે? ધર્મ બહારથી થાય છે? પોતાનું શુદ્ધ સ્વરૂપ અંતર જ્ઞાયકમૂર્તિ છે તેના લક્ષે જે પર્યાય થાય છે તે પર્યાયનું નામ ધર્મપર્યાય કહેવામાં આવે છે. તેનું લક્ષ છોડી પર નિમિત્તની પર્યાયના લક્ષે મારી પર્યાય ઉત્પન્ન થઈ, એવી માન્યતા તે અધર્મ પર્યાય–મિથ્યાત્વ પર્યાય છે. સમજાણું કાંઈ?

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞાનવસ્તુ અવસ્થાભેદથી વિનશે છે,...'** જ્ઞાન વસ્તુ તો ત્રિકાળ છે. એ અવસ્થાભેદ દ્વારા વિનશે છે પરંતુ **'દ્રવ્યરૂપે વિચારતાં પોતાની જાણપણારૂપ અવસ્થાથી શાશ્વત છે,...'** ભલે અવસ્થા દ્વારા પલટે છે પણ પોતાની ત્રિકાળ નિત્ય વસ્તુ રાખીને પલટે છે. પરવસ્તુ અનિત્ય પલટી માટે (પર્યાય) પલટી ગઈ એમ નથી. ઓ..હો..! દ્રવ્યરૂપે વિચારતાં **'ન ઊપજે છે, ન વિનશે છે–આવું સમાધાન સ્યાદ્વાદી કરે છે.'** અહીં તો હજી એટલો ઉપોદ્‌ઘાત કર્યો. ઉપોદ્‌ઘાત એટલે સમજ્યા? આ શ્લોકમાં શું કહેવું છે તેનો ટૂંકામાં થોડો સાર કહ્યો. હવે તેનો શબ્દાર્થ કરીને તેનો ભાવાર્થ કહે છે. સમજાણું કાંઈ?

**'पशुः सीदति एव'** પહેલો શબ્દ છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ સંત મુનિ ૯૦૦ વર્ષ પહેલા થયા. બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' મુનિ મહા સંત વર્તમાન પંચમકાળમાં તીર્થંકર જેવા થયા. ત્યારબાદ ૧૧૦૦ વર્ષ પછી અને આજથી લગભગ ૯૦૦ વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' મહા (સંત), 'કુંદકુંદાચાર્ય'ના ગણધર તુલ્ય, જેમ તીર્થંકરનું કાર્ય કરે એમ 'અમૃતચંદ્રાચાર્યે' 'કુંદકુંદાચાર્ય'ની ટીકા ગણધર જેવી કરી છે. તેમના શ્લોક છે. 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર સંતના કળશ છે. તેના અર્થ 'રાજમલજી' કરે છે. 'બનારસીદાસ' કહે છે, 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટક કે મર્મી.' 'બનારસીદાસ' થયા છે ને? 'બનારસીદાસ' 'સમયસાર નાટક'ના કર્તા મહા અધ્યાત્મી હતા. પહેલા શૃંગારી હતા. આત્મશૃંગારમાં ઉતરી ગયા. એ કહે છે, 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટક કે મર્મી' ભગવાન શાસ્ત્રકાર જે 'સમયસાર' કહેવા માગે છે એના એ મર્મી હતા. એમણે આ શબ્દના

અર્થ ભર્યા છે. સમજાણું કાંઈ?

**'पशुः सीदति एव'** આ..હા..! અરે..! આચાર્ય કરુણાથી કહે છે, હોં! દિગંબર સંત છે, પંચ મહાવ્રતધારી છે, આનંદકંદમાં ઝુલનારા છે, અતીન્દ્રિય આનંદમાં રમનારા છે. મુનિ તો તેને કહે છે. અંતરમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય. અંતરમગ્ન વિજ્ઞાનઘન. એમ કહ્યું ને? આવ્યું ને? ઓ..હો..! સર્વજ્ઞ પરમાત્માથી માંડી 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે. પર અને અપર. ભલે પાઠમાં એટલો જ શબ્દ છે ને? પર-અપર. પર ગુરુ અને અપર ગુરુ. પ્રધાન ગુરુ. પર એટલે પ્રધાન. વર્તમાન સિવાયના બધા. સર્વોત્કૃષ્ટ સર્વજ્ઞ પરમાત્માથી માંડી, ગણધર ગુરુથી માંડી અમારા ગુરુએ અમારી ઉપર અનુગ્રહ–કૃપા કરી અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એ ગુરુ, સર્વજ્ઞ જેમ વિજ્ઞાનઘનમાં અંતર્મગ્ન હતા, એમ અમારા ગુરુ પર્યંત બધા સંતો અંતર વિજ્ઞાનઘન આત્મામાં અંતર્મગ્ન હતા. વિકલ્પ અને વાણી તેમની નહિ એમ કહ્યું. સમજાણું કાંઈ? એ સંતોએ અમારા ઉપર કૃપા કરીને અમને એ શુદ્ધાત્મામાં કે જ્યાં તેઓ રમે છે તે જ ઉપદેશ અમને આપ્યો. શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ (છે) એમ દૃષ્ટિ કરી લીનતામાં રમતા હતા, એ જ વિકલ્પમાં, વાણીમાં એમ આવ્યું કે, શુદ્ધાત્મા આવો છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ શુદ્ધાત્માનો ઉપદેશ આ શ્લોકમાં આવ્યો છે. જુઓ! શું (કહે છે)?

જે અજ્ઞાની પોતાની પર્યાય નિર્મળ શુદ્ધ દ્રવ્યથી ઉત્પન્ન થઈ એમ માનતો નથી એ શુદ્ધાત્માને માનતો નથી. ભાઈ! ભગવાનઆત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્યનો પિંડ છે તેના લક્ષે જ્ઞાનની, શ્રદ્ધાની, શાંતિની પર્યાય પોતાના દ્રવ્યથી પોતાથી પરિણતિ થાય છે એવો શુદ્ધાત્માનો ઉપદેશ જેમાં શુદ્ધાત્માની પર્યાયનો ધર્મ પ્રગટ થયો છે એમ અજ્ઞાની માનતો નથી. જ્ઞાનીએ કહ્યું એમ પણ અજ્ઞાની માનતો નથી. અમારી પર્યાય તો શુદ્ધાત્મા કહે છે તેના આશ્રયે (પર્યાય) થઈ એમ નહિ. અમારી પર્યાય તો સામે લક્ષ જે નિમિત્ત છે તેવું જ જ્ઞાન બરાબર થાય છે. જેવું નિમિત્ત છે તેવું જ જ્ઞાન પર્યાયમાં થાય છે તો અમારી પર્યાય તો તેનાથી થઈ છે. 'નવનીતભાઈ'! બહુ ઝીણું. આહાહા..!

ભગવાનની દિવ્યધ્વનિ એ પણ આત્માની જ્ઞાનપર્યાયમાં નિમિત્તરૂપ અવલંબન છે. અવલંબન કહો કે નિમિત્ત કહો, પણ એ ભાષા જેવી નીકળી એવી જ્ઞાનની પર્યાયમાં પોતાને કારણે પરિણમન થયું તો અજ્ઞાની એમ જાણે છે કે એ ભાષા જેવી પલટે છે એવી અમારી જ્ઞાનની અવસ્થા તે પલટતાં પલટી જાય છે, તેને કારણે પલટી જાય છે. અમારો જ્ઞાયક સ્વભાવ ભગવાનઆત્મા છે તેના પલટવાના સ્વભાવને કારણે પલટે છે એમ નહિ માનતા જેવું નિમિત્ત લક્ષમાં આવ્યું તે પલટતા મારી પર્યાય પલટી ગઈ. એમ અધર્મી મિથ્યાદૃષ્ટિ પોતાની પર્યાયમાં માને છે. તેને મિથ્યાત્વનો, અજ્ઞાનનો, અધર્મનો લાભ થાય છે. ભારે વાત, ભાઈ! આવું ઝીણું હશે? 'જુગરાજજી'! આહાહા..!

એક ફેરી કહ્યું હતું ને? 'જ્ઞેય શક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' જ્ઞેયશક્તિ બે પ્રકારની છે. એક નિજરૂપ જ્ઞેય, પરરૂપ જ્ઞેય. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતેં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી' એ જ્ઞેય નામ જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય. પોતાનું દ્રવ્ય પણ જાણવાલાયક, ગુણ પણ જાણવાલાયક, પર્યાય જાણવાલાયક અને પર જાણવાલાયક. એમાં પર જાણવાલાયકની જેવી અવસ્થા થઈ, થાય છે અને થઈ ગઈ, એમ વર્તમાન જ્ઞાનપર્યાયમાં (જ્ઞેય પદાર્થની) પર્યાય પલટીને ભૂતકાળની થઈ ગઈ તો મારું જ્ઞાન પણ ચાલ્યું ગયું (એમ માને છે). વર્તમાનમાં જ્યાં બીજી પર્યાય લક્ષમાં આવી તો એવું જ્ઞાન થયું. તો તેને કારણે મારી જ્ઞાનની અવસ્થા થઈ. શ્રદ્ધાની પર્યાય પણ એવી થઈ. એમ માનનારો પોતાના દ્રવ્યને માનતો નથી અને પોતાના દ્રવ્યનું પરિણમન પોતાથી થાય છે, સ્વકાળે પોતાથી થાય છે એમ માનતો નથી. પરની નાસ્તિ છે છતાં પરની અવસ્થાના કાળથી મારી અવસ્થાનો કાળ છે એમ માનનારને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

નિમિત્ત–પરદ્રવ્ય કર્તા અને જ્ઞાનની પર્યાય તેનું કાર્ય. અરે..! ભગવાન! બહુ ફેરવી નાખ્યું, બહુ ફેરવ્યું. ભગવાનઆત્મા પોતાની જ્ઞાનની પર્યાયનો, પર્યાયના અંશનો પોતે કર્તા અને પોતાની એ પર્યાયનું કાર્ય પોતાની પર્યાયને કારણે–આધારે પ્રગટ થયું છે. દ્રવ્યનો આધાર એક કોર રાખો. સમજાણું કાંઈ? એવી પોતાની સ્વકાળની પર્યાયમાં પોતે કર્તા, પોતાનું કાર્ય, પોતાથી, પોતાના આધારે ઉત્પન્ન થઈને પોતામાં રહ્યું છે. એમ અજ્ઞાની નહિ માનીને પરના કર્તાથી, પરના સાધનથી, પર કારણે મારી પર્યાય મારામાં ઉત્પન્ન થઈ એમ માનનારો પોતાની જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ દ્રવ્યના લક્ષ વિના, પરના લક્ષે નાશ થયો એમ નાશ માને છે. સમજાણું કાંઈ? આવું પણ શું? જૈનધર્મનું આવું રૂપ હશે? આ જાત્રા ને આ બધું શું હશે? સાંભળને ભાઈ! એ તો એ વખતે શુભભાવ થાય છે, પર ઉપર લક્ષ જાય છે પરંતુ એ વખતે પણ જે શુભભાવ અને પરના જ્ઞાનનું જે લક્ષ થયું, એ શુભ અને પરનું જેવું નિમિત્ત છે એમ જ્ઞાન પરિણમ્યું. એ શુભભાવ અને નિમિત્તને કારણે જ્ઞાનની આકૃતિ નથી પરિણમી. સમજાણું કાંઈ? સૌની નાત જુદી. ચૈતન્યની નાત જુદી, જડની નાત જુદી.

**'પશુઃ સીદતિ' 'એકાન્તવાદી વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે,...'** પશુની વ્યાખ્યા– એક પક્ષી દૃષ્ટિવાળો. એક પક્ષી દૃષ્ટિવાળો અર્થાત્ નિમિત્તની જેવી અવસ્થા છે એવી મારી અવસ્થા થાય છે એમ એકપક્ષી દૃષ્ટિવાળો. કહો, સમજાણું કાંઈ? આ પશુ એકાંતવાદીની વ્યાખ્યા. પશુ નામ અવિવેકી. એક પક્ષી દૃષ્ટિવાળો. અનેકાંત વસ્તુ સ્વરૂપના ભાન વિના, મારી ચીજ જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેમાં મારી પર્યાય મારા લક્ષે દ્રવે છે, એવા અનેકાંતના લક્ષ વિના, નિમિત્તના લક્ષવાળો મારી પર્યાય નિમિત્તના અવલંબને થઈ તેને પશુ કહેવાય છે. તેને એકાંતવાદી કહે છે. એ.. 'છોટાભાઈ'! છે એમાં છે કે નહિ? આહાહા..! એટલી

એકાંતવાદીની વ્યાખ્યા (થઈ).

એકાંતવાદી અર્થાત્ જેવું નિમિત્ત છે તેવી વર્તમાન અવસ્થા થઈ એમ એક પક્ષી માનનારો મિથ્યાદૃષ્ટિ એકાંતવાદી. **'सीदति'** હવે એની બીજી વ્યાખ્યા. **'વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે,...'** અર્થાત્ જે વર્તમાન જ્ઞાન અવસ્થા છે તેવું અવલંબન જોઈને તેનાથી થઈ છે એમ માનનારો પોતાની જ્ઞાનની અવસ્થા દ્રવ્યથી થઈ છે એમ સાધવાને ભ્રષ્ટ છે. શું કહ્યું? એ જ્ઞાનની અવસ્થા મારા દ્રવ્યથી થાય છે એમ સાધવાને ભ્રષ્ટ છે. જેવું નિમિત્તનું અવલંબન છે તેનાથી થઈ છે એમ માનીને, પોતાના દ્રવ્યથી થઈ છે એમ સાધન કરવાને ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? એ.. 'ચીમનભાઈ'! સમજાય છે આમાં? બધું ઝીણું-ઝીણું લાગે છે બધું? કે 'રસિકભાઈ'ને સોંપ્યું હશે? આ બધાને સમજવું (પડશે), પોતાને સમજવું પડશે. કોઈને લઈને કોઈને આંહીં મળે એવું નથી, એમ અહીં તો કહે છે. કેમ, 'ભીખાભાઈ'? આહા..!

એ જ કહે છે, પ્રભુ! તું કોણ છો? ભાઈ! બાપુ! મોટો ડુંગરો–અનંત ગુણનો ડુંગર તારો સ્વભાવ છે. એ ડુંગરમાંથી જેમ પાણી ઝરે છે તેમ તેમાંથી પર્યાય ઝરે છે, નીકળે છે. આવી પર્યાયને દ્રવ્યના લક્ષ વિના પરના લક્ષે સાધન કરનારો પોતાની પર્યાયને દ્રવ્યથી થઈ છે એમ સાબિત–સિદ્ધ કરી શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? લક્ષ ફેર છે. અજ્ઞાનીની વર્તમાન અવસ્થાનું લક્ષ પર છે, તો પર પલટવાથી પર્યાય પલટી ગઈ તો પોતાની પર્યાય પોતાના દ્રવ્યથી થઈ છે તે તેનો સ્વતંત્ર કાળ છે, એ સ્વકાળ જ એવો છે કે પોતાના દ્રવ્યથી એવી જ પર્યાય ઉત્પન્ન થવાની હતી. એવી પર્યાય જેવું અવલંબન છે તેવું જ જાણનારી પોતાની પર્યાય પોતાથી થવાની હતી. એમ અજ્ઞાની પરલક્ષી (જીવ) સ્વરૂપનું સાધન કરી શકતો નથી. કહો, 'નેમિદાસભાઈ'! આ ઝીણી વાત છે જરી, હોં! રોકાઈ ગયા છે. આજે ૮૧ મું વર્ષ બેસે છે. રોકાણા હશે કાંઈક. સમજાણું કાંઈ? આ સમજાણું? આ અવસ્થા મોટી થઈ ગઈ.

**'सीदति' 'વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે,...'** શું અર્થ કર્યો? પશુ નામ એકપક્ષી દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ. એકપક્ષી એટલે જે પોતાની વર્તમાન પર્યાય છે તેનું અવલંબન જોઈને અને અવલંબન જોઈને તેનાથી થઈ છે, અવલંબન પલટ્યું તો મારી પર્યાય પણ ચાલી ગઈ (એમ માને છે). એમ એકપક્ષી જોવાવાળો પોતાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે એમ સાધવાને ભ્રષ્ટ છે. બરાબર છે? આહાહા..! અરે..! ભગવાન! કહો, સમજાય છે કે નહિ?

કહે છે, **'અવશ્ય એમ છે.'** પાછું એમ કીધું. શું કીધું? **'एव' 'અવશ્ય એમ છે.'** ભગવાનઆત્મા અનંત જ્ઞાનાદિનો પિંડ પ્રભુ, પોતાની પર્યાય, પોતાનું સ્વ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે, તેનાથી પોતાની પર્યાય–પોતાનો અંશ સિદ્ધ થાય છે. એમ સાધન નહિ કરીને પરલક્ષે મારી પર્યાય ઉત્પન્ન થઈ છે. એમ ભ્રષ્ટ થઈને અવશ્ય ભ્રષ્ટ છે, એમ કહે છે.

નિશ્ચય ભ્રષ્ટ છે. આહાહા..! **'एव'** અવશ્ય–જરૂર. **'एव'** એટલે જરૂર. ભગવાનઆત્માની નિર્મળ જ્ઞાનપર્યાય પોતાના દ્રવ્યના આશ્રયે પ્રવાહ તેમાંથી આવે છે એમ જેનું લક્ષ નથી, તે પોતાની પર્યાયને સિદ્ધ કરવામાં જરૂર ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? થોડું થોડું તો થાય છે, 'નવનીતભાઈ'! થોડું થોડું (સ્પષ્ટીકરણ) થાય છે, ભાઈ! શક્તિ પ્રમાણે થાય છે. બધું કાંઈ એવું આપણને આવડે છે? સમજાણું કાંઈ? આહાહા..! જુઓ તો પ્રભુ કહે છે.

ભાઈ! તું બે અંશવાળો (છો). એક ત્રિકાળી વસ્તુ અને એનો એક સમયનો અવસ્થા અંશ–અવસ્થા. હવે એ અવસ્થાનો સ્વકાળ તો એ સ્વદ્રવ્યને અવલંબને (થાય છે). દ્રવ્ય છે એ ત્રિકાળ વસ્તુ છે. દ્રવ્ય જે વસ્તુ છે એ ત્રિકાળ કાળનો પિંડ છે. વસ્તુ જે છે એ તો ત્રિકાળ વસ્તુનો પિંડ છે. એક જ ત્રિકાળ. એની વર્તમાન અવસ્થા એનો ભેદ છે, એનો પર્યાય છે, એનો ભેદ છે. સમજાય છે? એ ભેદ પણ જે પરને લક્ષે થયો માને છે એ સ્વને લક્ષે ભેદ થયેલો માનતો નથી, એ પર્યાયને પણ માનતો નથી. આહાહા..! ભેદને માનતો નથી, જાણતો નથી. લ્યો, ઠીક! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્યમાં ભાગે એક વસ્તુ આમ ત્રિકાળ પિંડ, પિંડ જ્ઞાનાનંદ આદિ અનંત ગુણનો પિંડ એક કાળ (છે), એ એનો એક કાળ છે. એનો વર્તમાન એક સમયનો તે ભેદ કાળ. ભેદ કાળ, વ્યવહાર કાળ, એક સમયનો ભેદ કાળ. એ કાળ પણ પોતાથી થયો છે એમ ન માનતા પરથી ભેદ થયો છે અને પરની અવસ્થા પલટતા મારું ભેદપણું પરને કારણે પલટી જાય છે, મારો અભેદ ભગવાનઆત્મા છે એનાથી અંશનો ભેદ થાય છે એવું અજ્ઞાનીને શ્રદ્ધામાં બેસતું નથી. કહો! આ તમારી વકીલાત જેવું છે કે નહિ? બીજું આમાં કાંઈ ન્યાયથી છે કે નહિ? આહાહા..!

ભગવાન સર્વજ્ઞદેવ, સંતોએ તો ઘણી સહેલાઈથી વાત કરી છે. ઘણું સહેલું, આમ એના ખ્યાલમાં આવે (એવું). પણ એ અંદર ખ્યાલમાં લે નહિ અને પછી વાંક કાઢે કે અમને એ સમજાતું નથી, અમને ધર્મ થતો નથી. આહાહા..! ભાઈ! તારી સત્તાની સમાપ્તતા કેટલામાં છે? તારી સત્તાની સમાપ્તિ–પૂર્ણતા કેટલામાં છે? પૂર્ણ વસ્તુ છે અને એક સમયની અવસ્થા છે. બસ! એટલું. હવે એક સમયની અવસ્થા, જે સ્વકાળ પોતાથી, ત્રિકાળમાંથી, એકમાંથી, ત્રિકાળમાંથી તે જ પર્યાયનો તે જ સ્વકાળ, એવો ભેદ સ્વકાળે તે જ આવવાનો હતો અને એ જ થયો. એમ નહિ માનીને જેવો નિમિત્તનો કાળ, અવલંબન દેખાય છે એવો જ્ઞાનનો પર્યાય જોઈને પરના અવલંબનથી આ કાળ આવ્યો એમ માનનારો વસ્તુના સ્વરૂપને સાધી શકતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– સહેલું આવ્યું.

ઉત્તર :– સહેલું આવ્યું, લ્યો, ભાઈ! થોડું આવ્યું. 'મોહનભાઈ'! આ તો માખણ છે. આહાહા..! અરે..! ન સમજાય એમ ન લેવું. એ પ્રભુ પોતે છે. જેને એક સમયમાં ઓળખી

શકે એટલું નથી, એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરે એવી તાકાત છે ને! એનો એક સમયનો સ્વકાળ કેવળજ્ઞાન લાવી શકે એવી એની તાકાત છે. આહાહા..! એનું ત્રિકાળી જ્ઞાનનું આખું મૂર્ત સ્વરૂપ ત્રિકાળરૂપ એક છે અને એક સમયમાં કેવળજ્ઞાનમાં લાવી શકે એવી એની તાકાત છે. ત્રિકાળમાંથી વર્તમાન એક સમયમાં લાવી શકે એવી તાકાત છે. આહાહા..! કોઈના વર્તમાન સમયને કોઈના ત્રિકાળ દ્રવ્યમાંથી લાવી શકે એવું એનામાં છે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, ઓ..હો..! અજ્ઞાનીને પોતાના નિજ સ્વરૂપનું લક્ષ જ નથી તો પોતાની પર્યાયનો દાતા દ્રવ્ય નહિ માનીને, પોતાના સ્વકાળનો દાતા નિમિત્તનું અવલંબન માનીને, એ દાતા છે તો ઉત્પન્ન થઈ છે, દાતા પલટતાં હું પણ પલટી જાઉં છું (એમ માને છે). આહાહા..! સમજાણું કાંઈ? એ..! 'ભીખાભાઈ'! ભાઈ! આ ગુરુની પર્યાય થાય છે એને લઈને (પોતાની) પર્યાય થાય છે, દાતા ઇ છે. કહે છે કે, દાતા એમ માને છે એ પોતાના પર્યાયને સિદ્ધ કરી શકતો નથી. ભાઈ! અહીં તો સત્ય છે તે સત્ય છે. એમાં કાંઈ કોઈનું (ચાલે નહિ).

ત્રણલોકના નાથ પરમાત્મા હો કે એમની વાણી હો. સાંભળનારની જ્ઞાનની વર્તમાન પર્યાય ત્રિકાળ ગુણનો પિંડ પ્રભુ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. ગુણ એટલે ત્રિકાળ એનો એક વર્તમાન કાળનો અંશ એના પોતાથી, અંતરથી આવે છે. એમ નહિ માનીને જેવી વાણી લક્ષમાં આવી, એવો મારો જ્ઞાનાકાર પરિણમ્યો તો મારું જ્ઞાન પણ તેનાથી થયું, તે પલટી ગયું તો બીજું (જ્ઞાન) થયું તો પોતાની પર્યાયનો પરલક્ષે અભાવ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત, ભાઈ!

વીતરાગનું અનેકાંત તત્ત્વ જેવું છે એવું સિદ્ધ કરનારી ચીજ (છે તેનો) અજ્ઞાનીને પત્તો નથી (કે) શું ચીજ છે. આમ તો માને, ભગવાન આમ નિર્મળ છે, શુદ્ધ છે, આમ છે, તેમ છે. એમ ન ચાલે. નિર્વિકલ્પ છે ને વિકલ્પ વિનાનો છે તેનો અનુભવ કરો, પણ કેવી રીતે કરે? અનુભવ તો પર્યાય છે, વસ્તુ ત્રિકાળ છે. તો એ અનુભવ શેમાંથી આવે છે? સમજાણું કાંઈ? અનુભવ કહો કે ધર્મ–સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય કહો. એ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય શેમાંથી આવે છે? શું પર પર્યાય નિમિત્તની શ્રદ્ધા કરવાથી આવે છે? એમ કહે છે, લ્યો! આહાહા..! સમજાણું કાંઈ?

જેવું સામે નિમિત્ત છે, સર્વજ્ઞ ત્રિકાળ ત્રિલોકનાથ તીર્થંકર ગુરુ આદિ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ... સમજાણું કાંઈ? જેવી એમની પર્યાય છે તેવી અહીં માની તો તેનાથી સમ્યગ્દર્શન થાય છે? સમજાણું કાંઈ? એવી પર્યાયની શ્રદ્ધાથી પર્યાય સમ્યક્ થઈ છે? એ શ્રદ્ધાની, જ્ઞાનની પર્યાય તો પોતાના ત્રિકાળ જ્ઞાયકના લક્ષે ઉત્પન્ન થઈ છે. એમ નહિ માની, જ્ઞેયની શ્રદ્ધાથી મારી જ્ઞાનપર્યાય ઉત્પન્ન થઈ છે (એમ માનનારો) વસ્તુનો એક અંશ પણ સ્વતંત્ર સાબિત કરી શકતો નથી. 'વિમલચંદજી'! આ છોકરાઓ પણ તૈયાર થઈ ગયા છે. જુઓને! નાની

ઉંમરના. નાની ઉંમરના કહેવાય ને? આ ૨૫-૨૫, ૨૮ વર્ષના આટલા આટલા છોકરા કહેવાય. આહાહા..! કહો, સમજાણું આમાં? અરે..! આઠ વર્ષે કેવળ થાય એમાં બાદ શું છે?

ભગવાન તું કેવો છે? એવું એને પોતાથી શ્રદ્ધામાં બેસી જાય, કોઈને કારણે નહિ. અહીંયાં તો કહે છે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાય જ્ઞાનમાં આવી. જેવું છે તેવું જ્ઞાન તે આકારે પરિણમ્યું. જ્ઞાન એ આકારે પરિણમ્યું તો એ ચાલ્યું જતાં બીજું હોય તો તેવું થયું, એમ પોતાની પર્યાય પરના અવલંબનથી માનનારાની વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. આહાહા..! વ્યવહાર શ્રદ્ધા પણ ક્યારે છે? કે, જે વિકલ્પમાં આવ્યો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ. એ વિકલ્પ (આવતા) પોતામાં પોતાના જ્ઞાનના લક્ષે જ્ઞાનાકારે પરિણમ્યો, એવા જ્ઞાનના લક્ષે જે પોતાની જ્ઞાન પર્યાય થઈ એમાં જે વિકલ્પ આવ્યો તે પ્રકારનું જ્ઞાન થયું તો તે વિકલ્પને વ્યવહાર કહે છે અને યથાર્થ જ્ઞાનના પરિણમનને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું થાય પણ? પછી આમાં ઝઘડા જ ઉઠે ને? શું થાય? અજ્ઞાનને કારણે. બાપા! આ તો સર્વજ્ઞપંથ છે, કોઈ સાધારણ માણસ માની લે માટે વસ્તુ એવી થઈ જાય? વસ્તુ તો જેવી છે તેવી રહેશે. બીજો માને એટલે બીજી ચીજ થઈ જશે નહિ.

ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' તો પોકાર કરે છે, પશુ એકાંત થઈ ગયો એમ નિશ્ચય છે. તારી વર્તમાન અનંત ગુણની એક સમયની સ્વકાળની પર્યાય સામે અનંત જ્ઞેયોની જે પર્યાયનું લક્ષ (હોય) અથવા એ દ્રવ્ય-ગુણ ભલે હોય, એના લક્ષે તારી પર્યાય થઈ અને તે પલટી ગયું તો અવસ્થા પલટતા દ્રવ્ય પલટી ગયું, તો તારી પર્યાય તેને કારણે પલટી ગઈ (એમ જો માને છે તો) જરૂર તું એકાંત મિથ્યાદૃષ્ટિ છો. જરૂર સ્વરૂપની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'કેવો છે એકાન્તવાદી?'** જુઓ! 'રાજમલે' પણ ટીકા કેવી કરી છે! **'કેવો છે એકાન્તવાદી?'** **'अत्यन्ततुच्छः'** **'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે.'** વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે. કારણ કે પોતાના જ્ઞાન, શ્રદ્ધાની પર્યાય પર નિમિત્ત જેવું છે તેવી થઈ (એમ માન્યું) તો પોતાનું અસ્તિત્વ જ્ઞાનથી અત્યંત શૂન્ય થઈ ગયું. મારામાં જ્ઞાન છે અને મારાથી હું છું એમ માન્યું નહિ, શૂન્ય થઈ ગયો. જે પોતાની પર્યાયથી અશૂન્ય છે, અશૂન્ય છે, એમ નહિ માનીને પરને કારણે થઈ (એમ માને છે તો) પોતાના જ્ઞાનની તુચ્છતામાં શૂન્ય થઈ ગયો. અશૂન્ય છે એમાં શૂન્ય થઈ ગયો. મારી પર્યાય પરથી થઈ છે. સમજાણું કાંઈ? ઓહોહો...! **'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે.'** અત્યંત શૂન્ય થઈ ગયો, ખાલી થઈ ગયો, ખાલી. સમજાણું કાંઈ? મારો જ્ઞાનસ્વભાવ ભગવાન, એની પર્યાયમાં પોતાથી જાણવામાં પરના જાણવાનો ભાવ પોતાના અસ્તિત્વમાં પોતાને કારણે આવે છે. એમ સાધી શકતો નથી. જેવું નિમિત્ત છે તેવી મારી પર્યાય થઈ (એમ માને છે તો) પોતાની પર્યાયમાં શૂન્ય થઈ ગયો. ખાલી થઈ ગયો, ખાલી કોથળો માલ વિનાનો. કોથળો સમજાય છે? બારદાન,

થેલો. ખાલી થેલો થઈ ગયો. તારી પાસે કંઈ માલ રહ્યો નહિ. તારા જ્ઞાનના વર્તમાન અસ્તિત્વની શુદ્ધ અવસ્થા ત્રિકાળથી ઉત્પન્ન થઈ છે એવો માલ તારી પાસે રહ્યો નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'વળી કેવો છે?' 'न किञ्चन अपि कलयन्' 'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન...'** જુઓ! જે જ્ઞેય છે તેટલી જ મારી જ્ઞાનની અવસ્થા (છે). જ્ઞાયકમાત્ર મારો સ્વભાવ છે તેની અવસ્થાથી અહીંયાં અવસ્થા થઈ છે એમ નહિ માનીને **'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે, તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,...'** ઓ..હો..! કેવી વાત કરી છે. એટલા જ્ઞેયના અવલંબનથી ઉત્પન્ન થઈ એ તો ઠીક, એ તો મહામિથ્યાત્વ છે. પણ કહે છે કે, જ્ઞેય અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન અવસ્થા (છે) તેટલું માનવું પણ મૂઢ મિથ્યાત્વ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે પોતાની પર્યાયમાં પોતાના દ્રવ્યનું પણ જ્ઞાન થાય છે, પરનું જ્ઞાન પણ થાય છે એવી એક સમયની પર્યાયની તાકાત છે. શું કહ્યું સમજાણું?

પોતાની પર્યાયમાં–અવસ્થામાં પોતાના દ્રવ્યનું જ્ઞાન અને પરજ્ઞેયનું જ્ઞાન (થાય છે). એમ એક સમયની પર્યાયમાં બન્નેનું જ્ઞાન કરવાનું સામર્થ્ય પોતામાં છે. અજ્ઞાનીએ જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન, પરજ્ઞેયને જાણવામાત્ર જ્ઞાન (છે એટલું જ માન્યું). **'તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,...'** મારી ચીજ જ્ઞાનવસ્તુ ત્રિકાળ છે તેને જાણવાથી જે પર્યાય થાય છે તેમાં મારાથી પર જાણવામાં આવી જાય છે. એવી વસ્તુ સિદ્ધ કરી શકતો નથી. **'अपि' 'અંશમાત્ર પણ નથી...'** ભારે ભાઈ ટીકા! સમજાણું કાંઈ?

**'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન...'** મારું જ્ઞાન, મારું જ્ઞાનસ્વરૂપ ભગવાન, એની જ્ઞાન પર્યાય અને પર સંબંધીનું જ્ઞાન અને પોતાનું (જ્ઞાન) એમ બે પ્રકારને (જાણવાનું) સામર્થ્ય પર્યાયમાં છે એમ નહિ માનતા, એકલી જ્ઞેય-અવસ્થામાત્ર મારું જાણપણું છે એમ માનીને પોતાની જ્ઞાન અવસ્થા અને જ્ઞાનગુણથી શૂન્ય થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? કહો, સમજાણું કાંઈ?

**'એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** ભગવાનઆત્મા..! ધ્યાન રાખો, ન સમજાય એવું છે જ નહિ. વસ્તુ જે જ્ઞાનનો પિંડ પ્રભુ છે તેની વર્તમાન પર્યાય–અવસ્થા જે છે, એ અવસ્થામાં સ્વજ્ઞેયનું જ્ઞાન અને પરજ્ઞેયનું જ્ઞાન થાય એવી તેની તાકાત છે. એવી તાકાત નહિ માનતા, માત્ર પરજ્ઞેયના અવલંબનમાં જેવો જ્ઞેયાકાર પરિણમ્યો તેટલી જ મારી જ્ઞાનની પર્યાયની તાકાત છે (એમ માન્યું) તો પોતાની પર્યાય અને દ્રવ્યને સિદ્ધ કરી શકતો નથી. પોતાના જ્ઞાનની પર્યાયનું જેટલું સામર્થ્ય છે તેટલું પણ સિદ્ધ કરી શકતો નથી, ખાલી થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? માટે જ આમાં બધા વાંધા ઉઠ્યા ને? પરની દયા ને... બધું છે, સાંભળ તો ખરો, ભગવાન! આહાહા..! ભારે વાત, ભાઈ! આકરું લાગે. ભાઈ!

બાપુ! પ્રભુ! એ તારા મુક્તિના માર્ગ કોઈ અલૌકિક છે, પ્રભુ! અને એનાથી વિરુદ્ધ

પણ ક્યાં મિથ્યાત્વ થાય છે તેની તને ખબર પડતી નથી. સૂક્ષ્મ મિથ્યાત્વનું શલ્ય થઈ જાય છે. વસ્તુની સ્થિતિથી વિરુદ્ધ માને છે તો મહામિથ્યાત્વનું શલ્ય મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે તેની ખબર નથી. એ મિથ્યાત્વ રાખીને કષાયની મંદતાની ક્રિયા થાય તો મિથ્યાત્વનું મોટું પાપ તો પડ્યું છે. સમજાણું કાંઈ? રાગની મંદતા આદિનું પુણ્ય બંધાણું તો તેમાં શું? શરીર બદલાશે, કોઈ સારા મનુષ્ય થઈ દેવાદિ થશે. એમાં આત્મામાં કોઈ પલટો આવ્યો નહિ. ભેખ પલટ્યો પણ અંદર આત્માનો વેશ પલટ્યો નહિ. દેહનો ભેખ પલટ્યો, આત્માનો ભેખ પલટ્યો નહિ. એક ભવ ઓછો થયો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાકને (એમ લાગે), આવું ઝીણું? તારે ધર્મ કરવો છે કે નહિ? તો ના પાડ કે મારે ધર્મ કરવો નથી. જો ધર્મ કરવો હોય તો આ પ્રકારે આત્માનું અસ્તિત્વ બે પ્રકારે છે તેને બરાબર સમજવું પડશે.

ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ભગવાન અને તેનું એક સમયનું જ્ઞાન. સ્વને જાણવાલાયક અને પરને જાણવાલાયક. એવું એક સમયની જ્ઞાનની પર્યાયનું પૂર્ણ સામર્થ્ય છે. એવું સામર્થ્ય નહિ માનતા એ જ્ઞાનની પર્યાયમાં જેવું અવલંબન છે તેવું જ્ઞાન, જેવું અવલંબન છે તેવું જ્ઞાન (થાય). એ તો મૂઢ છે. પણ જેવું અવલંબન છે એવું મારા કારણે જ્ઞાનની પર્યાય થઈ તેટલું માનવું એ પણ જ્ઞાનની પર્યાયથી શૂન્ય છે. સમજાણું કાંઈ? 'જમુભાઈ'! રાત્રે પૂછે તો આમાંથી થોડું યાદ આવે કે નહિ? ન આવે? એટલી તો હિંમત કરી કે નહિ? પણ આ ઘૂંટાય તો બહુ છે. આહાહા..!

આમાં તો આચાર્ય કેટલું સિદ્ધ કરે છે! ભગવાન! તારો સ્વભાવ તો ત્રિકાળ એકરૂપ છે. તેમાં તે કાળનો અંશ જે તારી શ્રદ્ધા-જ્ઞાનનો આવે છે એ તો તારા જ્ઞાનના પ્રવાહમાંથી આવે છે અને એ જ્ઞાનની પર્યાયમાં તો તારો જ્ઞાયક સ્વભાવ અને જ્ઞેય સ્વભાવ બન્નેને જાણવાની એક સમયની તાકાતવાળી પર્યાય આવે છે. આ તો એક સમયની પર્યાય (માને) પણ કેવડી (માને)? જેટલું જ્ઞેય છે તેમ અવલંબનમાં જ્ઞાન થયું તે તેનાથી થયું એમ જે માને છે તે તો પોતાની પર્યાયને પણ, માત્ર પરપ્રકાશની પર્યાય પરથી થઈ એમ માનનાર પરપ્રકાશની પર્યાય મારાથી થઈ છે એટલું માનવાની તાકાત પણ એની નથી. છતાં એ પર્યાયની તાકાત તો એટલી છે કે, સ્વપરપ્રકાશની તાકાત છે, ભાઈ! આહાહા..! છતાં જે જ્ઞાનની વર્તમાન દશામાં જેટલું અવલંબન છે તેનાથી મારું જ્ઞાન થયું, તેનાથી મારું જ્ઞાન થયું તો પરપ્રકાશનું જ્ઞાન પોતાની તાકાતથી છે એમ ન માન્યું અને પરથી થયેલું માન્યું. એ તો પરપ્રકાશની જ્ઞાનની પર્યાયને પણ અજ્ઞાનમાં જે સિદ્ધ કરવું છે તે સિદ્ધ કરી શકતો નથી. અને પરના અવલંબનથી (મારી જ્ઞાન પર્યાય થઈ નથી) પણ એ અવલંબનને (જાણવારૂપ) જેવો ભાવ છે એવી મારી પર્યાય મારે કારણે જ્ઞેયાકારરૂપે પરિણમી છે એમ માનનારો પણ જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય અને પરજ્ઞેયને જાણવાની તાકાતવાળી પર્યાયને માનતો નથી. સમજાણું કાંઈ?

એ બે લેશે. ભાઈ! જુઓ! પાછળ છે ને? **'बाह्यवस्तुषु'**. **'સમસ્ત જ્ઞેય અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના અનેક ભેદ,...'** આહાહા..! સમજાય છે ભાઈ! આહાહા..! પ્રભુ! તારું સામર્થ્ય. 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ.' 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, ભગવાન કહે છે એમ, પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ.' ચૈતન્યપ્રભુ, તારી ચૈતન્યસંપદા સંપદામાં છે, પરને કારણે નહિ.

પોતાની જ્ઞાનની વર્તમાન દશામાં જેવું નિમિત્ત છે તેવું જ્ઞાન થાય છે એમ માનનારો નિમિત્તની રુચિ અને પ્રેમ છોડી શકતો નથી. સમજાણું કાંઈ? અને એ નિમિત્તથી મારી જ્ઞાનપર્યાય થઈ, એમ નહિ. પણ (જેવું જ્ઞેય છે) એવી જ મારી જ્ઞાનની પર્યાય થઈ (એમ માનનારો પણ) એમ પર્યાયનો પ્રેમ નહિ છોડીને દ્રવ્યનો પ્રેમ કરી શકતો નથી. સમજાણું કાંઈ? પર્યાયને એવડી માનનારો, મારી પર્યાય જેવું અવલંબન છે એમ મારી પર્યાય મારાથી પરિણમી છે પર્યાય, એમ માનનારો તેમાં પ્રેમ રાખે છે તે જ્ઞાયક પ્રત્યે પ્રેમ કરી શકતો નથી. સમજાણું કાંઈ? આ બે વાત કરી.

એક તો નિમિત્તના અવલંબને થાય છે એમ માનનારો નિમિત્તનો પ્રેમ છોડી શકતો નથી. અને નિમિત્તના અવલંબનને કાળે મારી પર્યાય જ્ઞેયાકાર પોતાથી થઈ છે પણ એવડો જ હું છું એમ માનનારો પણ જ્ઞેયની પર્યાયનો પ્રેમ છોડી શકતો નથી. દ્રવ્યને પ્રેમ કરી શકતો નથી. 'છોટાભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ? **'ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,... એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** અજ્ઞાની. પણ પોતાનો અનુભવ કરી શકતો નથી. બસ! એ જ્ઞાનની પર્યાય એટલે જ્ઞેયાકાર છે કાં પરથી થઈ છે. એવો અનુભવ અજ્ઞાની કરે છે. પોતાના જ્ઞાયકભાવથી પોતાની પર્યાય છે, પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન પણ પોતાને કારણે ઉત્પન્ન થાય છે એવો અનુભવ અજ્ઞાની એકપક્ષી દૃષ્ટિવાળો કરી શકતો નથી. તેને આત્માનો લાભ થતો નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૨, રવિવાર તા.૧૯.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૬ પ્રવચન - ૨૭૪**

'સમયસાર-કળશ' ૧૦મો કળશ ચાલે છે. **'पशुः सीदति एव'** ઉપરથી પહેલી લીટી. થોડું વંચાય ગયું પણ એની સાથે આખી સંધી છે ને પાછી. કાલ વળી હિન્દીમાં ઘણું વંચાય ગયું હતું ને! **'पशुः सीदति एव'** શું કહે છે? એક પક્ષ દૃષ્ટિવાળો આ દેહની અવસ્થાના લક્ષવાળો જીવ. ભાઈ! કાંઈક જુદું આવશે ને! આ દેહ છે ને? દેહ, એની જે અવસ્થા થાય

છે એના લક્ષવાળો જીવ. જે ક્ષણે દેહની અવસ્થાને જાણવાના જ્ઞાનની ઉત્પત્તિ થઈ તે ક્ષણે તેના જ્ઞાનમાં દેહની અવસ્થાનું અવલંબન નિમિત્ત છે. સમજાય છે કાંઈ? એ દેહની અવસ્થા જ્યાં આમ બદલાઈ જાય છે ત્યાં જ્ઞાનની અવસ્થા બદલાતા હું કાંઈ ચીજ દ્રવ્યરૂપે રહું છું એમ અજ્ઞાની માનતો નથી. શું કીધું? સમજાય છે કાંઈ?

**'પશુઃ' 'એકાન્તવાદી વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે, અવશ્ય એમ છે. કેવો છે એકાન્તવાદી?' 'अत्यन्ततुच्छः' 'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે.'** કેમ? આ સ્વકાળના અસ્તિત્વનો શ્લોક છે. એટલે શું? કે, આત્મા પોતે પરદ્રવ્યની અવસ્થાને જાણવા કાળે તે ક્ષણે જ્ઞાનની અવસ્થાની ઉત્પત્તિ થાય છતાં બીજી અવસ્થા જ્ઞેયની પલટાય ત્યારે આ અવસ્થા પણ પલટાય, છતાં પલટાય એ પરને લઈને નહિ. સ્વ જ્ઞાયકના જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવા સ્વ પૂર્ણના અસ્તિત્વને લઈને એ જ્ઞાન અવસ્થા બદલાય એવી સ્વકાળથી અસ્તિત્વ માનનારો સમ્યગ્દષ્ટિ જીવ છે. ઝીણી વાત છે. આમાં અનેકાન્ત છે ને! સમજાણું કાંઈ? અહીંયાં અત્યારે બતાવવું છે આત્માનું સ્વકાળથી હોવાપણે. પણ એના પહેલા પરકાળે હોવાવાળો આત્મા (આવો છે) એમ બતાવે છે, અજ્ઞાની એમ માને છે. જ્ઞાનસ્વરૂપની અવસ્થા, આ શરીરની જીર્ણતા.

જુઓ! એક મરણનો દાખલો આપીએ. મૃત્યુ કાળે આ દેહની બધી અવસ્થાઓ જીર્ણ થાય. જીર્ણ થતાં અજ્ઞાનીનું લક્ષ તે દેહ ઉપર છે અને દેહની આમ ઘણી જીર્ણતા થતાં જાણે જ્ઞાન પણ ઊંડુ ઊંડુ ચાલ્યું જતાં... સમજાય છે કાંઈ? આ દ્રવ્યસ્વરૂપ ચૈતન્યમૂર્તિ અખંડ આનંદકંદ એની તો અસ્તિની પ્રતીતિ છે નહિ. એથી એ દેહના અવયવોના ઢીલાપણાના કાળે જે જ્ઞાન અવસ્થા (થાય છે) તે ક્ષણે તેની–સામા (પદાર્થની અવસ્થાની) ઉત્પત્તિ (થવાનો) તેનો જે પર્યાય (થાય છે) એ જ ક્ષણે પોતાની જ્ઞાનની અવસ્થાની ઉત્પત્તિ (થાય છે). એમાં જ્યાં આમ ઢીલું થવા માંડ્યું તે મારો જ્ઞાન પર્યાય પણ એને લઈને (ઢીલો થઈ ગયો), એ બદલાણું તો હું આખો બદલાઈ ગયો. એ બદલાતા હું આખો એમાં ગયો. એમ અજ્ઞાની માને છે. એના માટે તો આ દાખલો છે. સમજાણું કાંઈ? ભાઈએ એમ ઉતાર્યું છે. આ કાયા ઉપર જ ઉતાર્યું છે. 'બનારસીદાસે'. કાયાના નાશે પર્યાયનો આત્માનો નાશ માને છે. એ રીતે ઉતાર્યું છે. સ્થૂળ રીતે લોકોને પકડાય (માટે એમ કહ્યું). સમજાણું કાંઈ?

આ વસ્તુ છે ને? ભગવાનઆત્મા. એ તો એક સમયમાં પૂર્ણ અનંત જ્ઞાનનો કંદ, જ્ઞાનસ્વરૂપ ધ્રુવ વસ્તુ છે. એ વસ્તુની વર્તમાન અવસ્થામાં જ્ઞાનની અવસ્થાના ઉત્પત્તિ કાળમાં, અવસ્થા ઉત્પન્ન થાય છે ને? એ ઉત્પત્તિ કાળમાં દેહની અવસ્થાની ઉત્પત્તિ દેખીને મારી ઉત્પત્તિ એને લઈને થઈ અને એ જતા મારી પર્યાય પણ ચાલી જાય છે. હું કાંઈ ચૈતન્યમૂર્તિ આત્મા છું એ પ્રતીતમાં અજ્ઞાનીને રહેતું નથી. સમજાણું કાંઈ? એકાન્તપક્ષી અત્યંત તુચ્છ થઈ ગયો. આ બધું ઢીલું પડવા માંડ્યું અથવા શરીરની અવસ્થા જ્યાં જ્ઞાનમાં, લક્ષમાં જ્ઞાનની

વર્તમાન ઉત્પત્તિના ક્ષણમાં આ જે દેહની અવસ્થા લક્ષમાં હતી, એ અવસ્થાનો જ્યાં પલટો થયો તો એ પ્રકારની પોતામાં જે જ્ઞાનની ઉત્પત્તિ પોતાને કારણે હતી એમ ન માનતા આ નાશ થયો તે મારો પર્યાય પણ નાશ થઈ ગયો પણ એનો પરિણમનારો ત્રિકાળ જ્ઞાયક છું એવી દૃષ્ટિ અજ્ઞાનીને અંતરમાં રહેતી નથી. સમજાય છે કાંઈ? આ તો અનેકાન્ત છે ને! આમાં કાંઈ દાખલા-બાખલા આપીએ, ન્યાય આપીએ (તો સમજાય). આ દાખલો આપ્યો. કાલે તો દાખલા ઘણા આપ્યા હતા. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! પ્રતિમાનો (દાખલો) આપ્યો હતો. કાલે તો હિન્દી હતું ને! એ પ્રતીમા પરદ્રવ્ય છે આ પણ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યની વર્તમાન અવસ્થા જે વર્તે છે એને જાણતું જ્ઞાન વર્તમાનમાં તે ક્ષણે જ્ઞાનની ઉત્પત્તિ તે પ્રકારની અવસ્થાના લક્ષે પોતાની ઉત્પત્તિ પણ એવી થાય છે. એ જ્ઞેયાકાર જેવી સામે અવસ્થા છે એવા જ જ્ઞેયાકારે જ્ઞાનનું પરિણમવું જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ થાય છે. અજ્ઞાનીને એમ લાગે છે એ અવસ્થા જ્યાં પલટી એટલે અવસ્થા પણ અહીં તો પલટે છે, પણ એ પલટી એટલે અહીં હું પલટી ગયો. હું એક પલટનાર દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ છું માટે પલટુ છું એમ અજ્ઞાનીને પ્રતીતમાં બેસતું નથી. આહા..! સમજાણું કાંઈ?

આપણે મરતા પણ કહેવાય છે. એ વાત યાદ હતી. આમ આ બધું મોળું પડતું જાય ને? આ ચરબી ને આમ ઢીલું... ઢીલું... ઢીલું... ઢીલું (પડી જાય) એટલે પેલાને અજ્ઞાનીને એમ લાગે કે, મારો આત્મા કાંઈક ઊંડો ઉતરી જાય છે. ઊંડો ઉતરી જાય એટલે આ બધું ઢીલું થયું ને? એને ઢીલા તરફની અવસ્થાનું લક્ષ છે અને એમાં એકત્વબુદ્ધિ છે એટલે પેલું ઢીલું પડતાં જ્ઞાનની અવસ્થા પણ આમ ઢીલી... ઢીલી... ઢીલી... અભાવરૂપ થતી જાય છે એમ અજ્ઞાનીને અંતર શ્રદ્ધામાં ભાસે છે.

**'पशुः'** એટલે કે આત્માની વર્તમાન પર્યાયની દશાને પર પર્યાયથી ઉત્પન્ન થયેલી માનનારો. એટલે અહીં દ્રવ્યસ્વરૂપે એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું એના લક્ષે (જ્ઞાનની અવસ્થા) ઉત્પન્ન થાય છે અથવા એની થયેલી છે એ દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ આત્મા છે એની થયેલી આ અવસ્થા છે એમ **'पशुः'** નામ અજ્ઞાની એકાન્તપક્ષનો જોનાર ત્રિકાળ દ્રવ્ય પલટે છે એની આ પર્યાય છે એમ ન માનતા અવસ્થાને અવલંબીને, નિમિત્તને અવલંબીને જે જ્ઞાનની ઉપાદાન પર્યાયમાં જેવું નિમિત્ત છે એ જ્ઞેયાકારે પરિણમતું જ્ઞાન જ્ઞેયાકારનો બદલો થતાં હું પણ બદલી જાઉં છું, નાશ થઈ જાઉં છું એને અજ્ઞાનનો – મિથ્યાત્વનો લાભ થાય છે. સમજાય છે કાંઈ? એકાન્તદૃષ્ટિ એને મિથ્યાત્વ કહે છે. સમજાય છે કાંઈ આમાં?

**'अत्यन्ततुच्छः'** એટલે કે વસ્તુ અખંડ જ્ઞાનજ્યોત ચિદાનંદ દ્રવ્યસ્વરૂપ છે એના અંતરના દૃષ્ટિમાં એના અસ્તિત્વની હયાતીનો ખ્યાલ નથી. ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ, ત્રિકાળી જ્ઞાયકમૂર્તિનો ખ્યાલ નથી એથી વર્તમાનકાળની જ્ઞાનની ત્રિકાળ વસ્તુ એકરૂપે છે એનો વર્તમાન કાળ

જ્ઞાનનો પર્યાય ત્રિકાળ વસ્તુને અવલંબે થયેલો છે અથવા એનો એ અંશ છે એમ અજ્ઞાની ન માનતા એ ત્રિકાળની વસ્તુનો આ અંશ નહિ પણ (જેને) અવલંબે છે, જેનું નિમિત્ત છે એને કારણે ઉત્પન્ન થયેલો પર્યાય (છે એમ માને છે અને) એ પલટતા હું પણ પલટીને નાશ થઈ જાઉં છું. એનું નામ મિથ્યાદષ્ટિ અને એકાન્ત અજ્ઞાની કહેવામાં આવે છે. 'નવનીતભાઈ'! આ બહુ ઝીણું છે, ભાઈ! કહો, સમજાણું આમાં?

**'अत्यन्ततुच्छः'** એટલે? શરીરની અવસ્થાના વ્યયે–નાશે–અભાવે એને અવલંબેલું એટલે એને નિમિત્તપણે કરેલું જ્ઞાન કર્યું પોતાથી, અવલંબન એ નિમિત્ત હતું, એને આમ અભાવ થવા માંડ્યો કે, આ જ્ઞાનની અવસ્થા એને લઈને હતી અને એને લઈને બદલી ત્યાં અભાવ થઈ ગયો એમ અજ્ઞાની માને છે. એને સ્વદ્રવ્યનો, ત્રિકાળી ચૈતન્ય ભગવાન છે એની અસ્તિની પ્રતીતની ખબર નથી. સમજાણું કાંઈ?

**'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે. વળી કેવો છે?' 'न किञ्चन अपि कलयन्' 'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે,...'** દેખો! એ દેહની અવસ્થાનું બદલવું થતાં એને અવલંબી નિમિત્તરૂપે થયેલું જ્ઞાન જ્યાં દેહની અવસ્થા બદલી જ્ઞેય અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન હતું, ત્રિકાળી જ્ઞાનમાત્રની એક અવસ્થા હતી આ એમ ન માનનાર જ્ઞેયને જાણવામાત્ર અવસ્થા હતી કે, **'તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,...'** એટલી જ પર્યાયમાત્ર નિમિત્તના અવલંબે પોતામાં થયેલી, નિમિત્ત એ અને ઉપાદાન આ, પણ એ નિમિત્તનું અવલંબન લક્ષમાં હતું એથી એ પલટ્યું એટલે હું ગયો. કિંચિતમાત્ર જ્ઞાનમાત્ર વસ્તુ રહી એમ અજ્ઞાનીની શ્રદ્ધામાં આવતું નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે, તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ...'** જાણે જ્ઞાનવસ્તુ પદાર્થ જ નથી, દ્રવ્ય જ નથી. સમજાણું કાંઈ? અહીંયાં બે વાત લીધી હતી. એક તો બાહ્ય વસ્તુ પલટતા જ્ઞાન પર્યાય તે આકારે પહેલી પરિણમી હતી પછી એ પલટતા આમ પરિણમી જાય છે એટલે કે એ વસ્તુને કારણે આ હતી અને આ એક જ્ઞાનની ઉત્પત્તિનો કાળ ગયો એટલે બીજો થયો એટલે જાણે હું જ બીજો થઈ ગયો. મારી વસ્તુ જ પોતે ત્રિકાળ જ્ઞાયક છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? આ ઝીણી વાત છે, ભાઈ!

અંતર ને અંતરમાં મિથ્યાત્વ ને અંતર ને અંતરમાં સમ્યક્. **'તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,...'** જાણપણામાત્ર વસ્તુ. બાહ્ય વસ્તુને લઈને એક માનવું. એક મિથ્યાત્વ છે અને બાહ્ય વસ્તુના નિમિત્તના અવલંબે પોતામાં ઉત્પન્ન થયેલું જ્ઞાન તેટલું જ માનવું એ પણ મિથ્યાદષ્ટિ છે. બે વાત કરી. એ આગળ આવશે. 'બાહ્ય વસ્તુ શૂન્ય' ના અર્થમાં આવશે. 'બાહ્ય વસ્તુ શૂન્ય'ના અર્થમાં આવશે. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ આમાં? આવો ધર્મ કેવો હશે આ?

ભાઈ! ધર્મની વિરુદ્ધનો અધર્મ અત્યારે કહેવાય છે. પછી કહેવાશે ધર્મ. અજ્ઞાની અધર્મ

કેમ ઉત્પન્ન કરે છે? કે, પરવસ્તુની વર્તમાન અવસ્થાનો જે ભાવ છે એને જ લક્ષે ઉત્પન્ન થયેલો પોતામાં જ્ઞાનનો જ્ઞેયાકારરૂપ પર્યાય (છે). એ પર્યાય–અવસ્થા પરની પલટતા આ પલટી જાય છે, એ જ્ઞેયાકાર જેટલી પર્યાય તેટલો જ હું છું એમ માનનાર મિથ્યાદષ્ટિ પોતાની અવસ્થા પલટતા હું જાણે નાશ થઈ જાઉં છું. એને દ્રવ્ય સ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક છે એની શ્રદ્ધા ને જ્ઞાન તો નથી. સમજાણું કાંઈ?

**'એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** દેખો! અંશમાત્ર પણ હું રહ્યો નહિ, હોં! આમ પાણીનો લોઢ ચાલતો હોય ને? પાણીનો લોઢ. જ્ઞાન પર્યાય એને આમ જાણે છે ને? પર્યાય. પેલો લોઢ જેમ ઊંચો (થાય) તો જ્ઞાન એ રીતે જ્ઞેયાકારે પરિણમ્યું. આમ જ્યાં લોઢ (નીચો) થયો તો એને અંદર મનમાં એ પણ આમ થઈ જાય છે. પણ તું ક્યાં ઊંચો-નીચો થાય છે? એ જ્ઞાનની પર્યાયમાં આમ જે પેલો ઊંચો લોઢ જણાય છે ઇ ઊંચો લોઢ જ્યાં હેઠે આવે ત્યાં આમ કરી નાખે છે પોતે, પણ તારે આમ કરવાનું શું કારણ છે? અને એ લોઢ જ્યારે આમ પાછો આવ્યો તો આમ કરે છે. પણ આમ તારે શું છે પણ? તારો પર્યાય તો તારામાં તારે કારણે પરિણમી રહ્યો છે. એમ થાય છે કે નહિ? 'રમણીકભાઈ'!

અમારે 'ઉમરાળા'માં બહુ પાણી આવે. બે-બે ગાઉ પાણી ઊંડા, હોં! આમ લોઢ ચડે ને! નાની ઉંમરમાં બહુ જોયેલા. ઘણા લોઢ ચડે. આમ માથોડા ઊંચા! બહુ પાણી આવે. માથુ ભલે આમ હોય પણ પેલું ઊંચુ થાય તો આમ આમ થઈ જાય. એને પર જ્ઞેયાકારે પર્યાય પરને લઈને થાય છે એટલે ઊંચું થાય તો પોતે ઊંચો થાય, ઇ જ્યાં નીચે થાય તો પોતે નીચો થાય. પણ એનું કારણ શું? સમજાણું કાંઈ?

એમ આ શરીરની ઢીલપને કાળે જ્યારે જ્ઞાન તેને જાણતું ઉત્પન્ન થાય છે ત્યારે એને જ્ઞાનની અવસ્થા આને લઈને થઈ એમ જાણે છે. એ જ્યાં ઢીલી પડવા માંડી; (પહેલા) કડક હતી કડક, આમ કઠણ હતી. એ કડકની (અવસ્થા) જ્યારે આમ ઢીલ પડી ત્યારે જ્ઞાન પણ જાણે ઢીલું પડવા માંડ્યું એમ પરાલંબી જ્ઞેય આકારે પરિણમતું જ્ઞાન એટલો જ હું છું અને એને લઈને હું છું એમ માનનાર જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ આત્મા, તેને શ્રદ્ધામાં સાધી શકતો નથી. સમજાણું કાંઈ?

**'એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** **'कलयन्'** છે ને **'कलयन्'**? એટલે અભ્યાસ થાય છે. એવો એને અભ્યાસ થઈ ગયો, અનુભવ થઈ ગયો, બસ! છે? ત્યાં સુધી તો કાલે આપણે આવ્યું હતું. કાલે ત્યાં સુધી આવ્યું હતું ને? આમાં તો એટલું સિદ્ધ કર્યું છે કે, ભગવાનઆત્મા એક સમયમાં ધ્રુવ ચિદાનંદમૂર્તિ સત્ અખંડ (છે). એનો એક સમયનો પર્યાય–અવસ્થા એ એવી અવસ્થામાં એનો એવો સ્વભાવ છે, કે જે નિમિત્ત છે તેવું જ અહીંયાં જ્ઞાન (થાય). જ્ઞાનનો સ્વભાવ તો જેવી અવસ્થા છે એવું અહીંયાં જ્ઞાન થાય. પોતાને કારણે, હોં! એને ઠેકાણે એ માને છે કે, એને કારણે (જ્ઞાન) થયું. એક તો એ ભૂલ (કરે છે).

બીજું, એ પલટતા જાણે હું પણ એ પલટતા પલટી ગયો. બે ભૂલ. ત્રીજું, જ્ઞાનની અવસ્થામાં જેટલો એ જ્ઞાન પર્યાય પરને જાણે છે એટલો પર્યાયનો ધર્મ નથી. એ પર્યાયનો ધર્મ સ્વદ્રવ્યને જાણવાની પર્યાય સહિત પરને જાણવાની પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ? આ ત્રણેમાં એની અજ્ઞાનીની ભૂલ થાય છે. ન્યાય સમજાય છે આમાં?

ભગવાનઆત્મા સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ, એ તો ચિદાનંદ આનંદકંદ અખંડાનંદ ધ્રુવ વસ્તુ છે. પદાર્થ છે ને? એના એક સમયના જ્ઞાનના પર્યાયથી જ અહીં વાત લેવી છે. એ જ્ઞાનની એક સમયની દશા એને જેવું નિમિત્ત છે ને એવું જ ન્યાં જ્ઞેયાકારે જ્ઞાન પરિણમવાનો પોતાના ઉપાદાન પર્યાયનો ધર્મ છે. હવે એ ધર્મ નિમિત્તના લક્ષે થયેલું, નિમિત્તને લઈને થયું માનનાર એ તો મિથ્યાદૃષ્ટિ (છે), એને સ્વનું લક્ષ થતું નથી–એક વાત. અને જેવું નિમિત્ત–અવલંબન છે, અવલંબન કહો કે નિમિત્ત કહો બેય એક જ છે. પાઠમાં 'અવલંબન' (શબ્દ) પડ્યો છે ને? **'पूर्वालम्बित'**–નિમિત્ત. એની (અવસ્થા) પલટતા, એ પલટતા મારી (અવસ્થા) પલટી ગઈ, એને કારણે પલટી ગઈ. પણ હું એક દ્રવ્ય છું અને મારો પર્યાયનો પરિણમવાનો, પલટવાનો સ્વભાવ છે એમ ન જાણ્યું. સમજાણું કાંઈ? એ પણ મિથ્યાત્વ ને અજ્ઞાન ને અધર્મનું દુઃખરૂપ વેદન છે.

ત્રીજું, ભગવાનઆત્માનો એક સમયનો જ્ઞાનપર્યાય એ પર્યાયનું એટલું પર્યાયપણું છે, પર્યાયનું એટલું પર્યાયપણું હોવું જોઈએ, કે જે સ્વજ્ઞેયને પર્યાય જાણે. સ્વજ્ઞેયને જાણે અને પરજ્ઞેયને જાણે. એટલો પર્યાયનો ધર્મ છે એટલો એ પર્યાયનો (ધર્મ) એણે ન માન્યો, તો દ્રવ્ય પણ ન માન્યું અને પર્યાય પણ માની નહિ. પેલું આવ્યું છે ને? પર્યાય પણ સધાતી નથી. આવ્યું છે ને? પહેલામાં (૨૪૮ શ્લોકમાં) આવ્યું હતું. નીચેથી છે. સર્વથા પર્યાય માને છે તે જીવ. નીચેથી ત્રીજી લીટી. કહે છે, **'સર્વથા વસ્તુરૂપ માને છે અથવા સર્વથા પર્યાયમાત્ર માને છે, તે જીવો એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ કહેવાય છે; કારણ કે વસ્તુમાત્ર માન્યા વિના પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી; ત્યાં અનેક પ્રકારે સાધન-બાધન છે, અવસર પ્રાપ્ત થયે કહીશું; અથવા પર્યાયરૂપ માન્યા વિના વસ્તુમાત્ર માનતાં વસ્તુમાત્ર પણ સધાતી નથી;...**' છે ને? સમજાણું કાંઈ? એક સમયમાત્રનો માનવાથી વસ્તુ પણ સધાતી નથી. કોની એ પર્યાય? કોની એ પર્યાય? એકલી વસ્તુ માનવાથી પણ માનવાની જે પર્યાય છે એ શું છે? સમજાણું કાંઈ? વસ્તુને એકલી માને અને પર્યાય નહિ (માને), આ વસ્તુ, આ વસ્તુ તો વસ્તુને એકલી માનવા જાય તો 'માનવું' એ શું છે? એ તો પર્યાય છે.

મુમુક્ષુ :– બંનેનો નાશ થઈ જાય છે.

ઉત્તર :– બંનેનો નાશ થઈ જાય છે. 'દેવાનુપ્રિયા'! ભગવાનનું આ લોજીક છે કે નહિ? કાંઈ ન્યાયથી વાત કરે છે કે નહિ? આહાહા...!

કહે છે, ભાઈ! એકલી ચીજને, વસ્તુ એકલી છે, પર્યાય નથી (એમ માનવા જઈશ)

તો એ વસ્તુ સિદ્ધ નહિ થાય. કેમકે માનવું એ પર્યાય છે, માનવું એ પર્યાય છે, જાણવું કે આ છે એ પર્યાય છે. એટલે આ વસ્તુ છે એમ એકલી માનવા જતા પર્યાય સિદ્ધ ન થાય, તો દ્રવ્ય પણ સિદ્ધ થતું નથી. એકલી પર્યાયને માનવા જતાં એ પર્યાય કોની છે? ક્યાંથી આવી અને કોની છે? તો એકલી પર્યાય માનવા જતાં કોની પર્યાય? એ વસ્તુ પણ સિદ્ધ થતી નથી અને પર્યાય પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? આ તો એકલો જ્ઞાન સ્વરૂપ ભગવાન છે એની અહીં વાત છે. એનું સાધન ને બાધન ને એનું ધ્યેય બધું અંતરમાં ને અંતરમાં છે. સમજાણું કાંઈ?

**'તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી,...'** **'कलयन्'** અજ્ઞાની **'એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** મારી જ્ઞાન દશા (પરને કારણે થઈ). કારણ કે, વસ્તુ ત્રિકાળ છે એ તો શ્રદ્ધામાં છે નહિ અને વર્તમાન અવસ્થાને લક્ષમાં, ધ્યેયમાં તો પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યના પલટવાથી આ પણ પલટ્યું. કારણ કે આમ શું (છે)? એ પલટનાર (છે) માટે પલટું છે એમ તો છે નહિ. વસ્તુના લક્ષે-ધ્યેયે આ અવસ્થા પલટે છે. તો વસ્તુને માનતો નથી, એકલી પર્યાયને માને છે. એ અધિકાર છે ને? **'પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો;...'** બીજી લીટી શરૂ થઈ છે. સમજાણું કાંઈ? એક સમયની જ્ઞાનની, શ્રદ્ધા આદિની અવસ્થા માનતા વસ્તુ માનતો નથી તો એ પર્યાય પરને અવલંબીને લક્ષ થયું, એટલું ધ્યેય એનું નિમિત્તમાં ગયું. અહીં (સ્વરૂપનું) તો ધ્યેય છે નહિ. ન્યાં જ ગયું છે. ન્યાં ગયું અને ત્યાં પલટવા માંડ્યું એટલું હું પલટી ગયો, હું કાંઈ રહ્યો નહિ. પલટતા કોઈ ચીજ આખી રહી? કે, હું રહ્યો જ નહિ. સમજાણું કાંઈ? હવે અહીંથી શરૂઆત થાય છે, અહીં સુધી તો કાલે આવ્યું હતું.

**'पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्'** **'કોઈ પહેલા અવસરમાં...'** જે દેહની અવસ્થા લક્ષમાં હતી ને જ્ઞાનની ઉત્પત્તિ પોતામાં ઉપાદાને થઈ, નિમિત્ત તે દેહની અવસ્થા હતી. **'પહેલા અવસરમાં જાણીને તેની આકૃતિરૂપ થયેલા...'** **'आलम्बित'** નિમિત્ત. આલંબન એટલે નિમિત્ત. તેને **'જાણીને તેની આકૃતિરૂપ થયેલા જે જ્ઞેયાકાર જ્ઞાનપર્યાય,...'** **'बोध्य'** એટલે જણાવા લાયક જ્ઞેયાકાર. અહીં જ્ઞાનની પર્યાય પોતામાં પોતાથી (થઈ). એ **'नाशसमये'** પહેલાની પર્યાય જ્યાં-ત્યાં ગઈ ત્યાં **'તેના વિનાશસંબંધી કોઈ અન્ય અવસરમાં...'** એટલે ન્યાં ગઈ તો અહીં પણ મારી ગઈ. બીજે સમયે પર્યાય જ ગઈ, હું કાંઈ રહ્યો નહિ. એમ **'જ્ઞાનમાત્ર જીવવસ્તુનો નાશ માને છે,...'** ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ ત્રિકાળ વસ્તુ એવી ને એવી છે. એની વર્તમાન અવસ્થા જ્ઞેયના લક્ષવાળી પલટતા છતાં વસ્તુનો નાશ કદી થતો નથી. એ અંશ પલટ્યો છે, આખો અંશી ગયો નથી. પણ અંશ જતાં નિમિત્તના ધ્યેયે અવલંબે પ્રત્યેનું જ્ઞાન નિમિત્ત પલટતા હું આખો ગયો, કિંચિતમાત્ર મારી ચીજ આખી ધ્રુવ રહી એમ એ માનતો નથી. આ તો બધા લોજીકના ન્યાયથી વાત છે. અત્યારે તો અનેકાન્ત છે કે

નહિ? અનેકાન્ત એટલે પરના અવલંબે થયેલું જ્ઞાન (એ) પલટતા આખું દ્રવ્ય નાશ થઈ જાય (એ) એકાન્ત માનનારા છે. સમજાણું કાંઈ? આ તો હજી મોટો ફેર અત્યારે તો.

વર્તમાન જ્ઞાન દશા... એ શરીરની કડકાઈ, કઠણાઈ આમ નિરોગતા છે એ અવસ્થા લક્ષમાં આવી તો કહે છે કે, એ નિરોગતા તે કર્તા અને આ પર્યાય તે કાર્ય. એ તો મોટી આઠ પાન શેરીની ભૂલ. મણમાં આઠ પાનશેરીની. તમારામાં શું કહે છે? સંપૂર્ણ (ભૂલ). આ જ્ઞાન દશા જેવું એ નિમિત્ત છે એ કર્તા છે. કેમકે તે સંબંધીનું અહીં જ્ઞાન થાય છે. માટે તે સંબંધીનું અહીં જ્ઞાન (થાય છે) માટે તે નિમિત્ત તે કર્તા (છે) એમ અજ્ઞાની માને છે. અને તે પોતે તેના કારણરૂપ છે માટે અહીં જ્ઞાન જ્ઞેયાકાર પરિણમ્યું એટલે એને જ કારણ માને છે. એ નિમિત્તને જ આધાર માને છે. સમજાણું કાંઈ?

વર્તમાન જ્ઞાન દશા એવી જ જ્ઞેયાકાર ને જેવું લક્ષ છે તે જ પ્રકારે પરિણમવાનો તે કાળે પોતાના કાળમાં પરિણમવાનો સ્વભાવ છે, એના કાળની અવસ્થાને કારણે નહિ. છતાં એ અવસ્થા આને આધારે આ અવસ્થા થઈ એમ માનનારા પરથી નાસ્તિ છે એમ માનતો નથી, પણ પરથી હું અસ્તિ છું એમ માને છે. સમજાણું કાંઈ? આહા..! ભારે વાત, ભાઈ!

**'એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.'** એટલે તેને દુઃખરૂપ દૃષ્ટિ અંતર ઉત્પન્ન થાય છે. એ આખો આકુળતામાં વેદાય જાય છે. આખો આત્મા આમ જ્ઞાયકમૂર્તિ છે એ દૃષ્ટિમાં નથી અને ક્ષણિક અવસ્થા એને લઈને ઉત્પન્ન થઈ તે પરાધીન દૃષ્ટિ અને ક્ષણિક અવસ્થા જેટલો હું, એ પણ અંશમાં આખો માનનાર મિથ્યાદૃષ્ટિ દુઃખને જ વેદે છે. સમજાણું કાંઈ? જુઓ! આ પરને કારણે નહિ, હોં! એ નિરોગતાને કારણે સુખ અને રોગને કારણે દુઃખ એ અહીં વાતેય નથી. નિરોગતાએ અહીં કલ્પનાનું સુખ ઉપજાવ્યું, કલ્પનાનું. એમ નથી.

મુમુક્ષુ :– તો કોણે ઉત્પન્ન કર્યું?

ઉત્તર :– એણે પોતે ઉત્પન્ન કર્યું. સમજાણું કાંઈ? એમ સરોગતા એ જ્ઞાનમાં આવી માટે દુઃખરૂપ એની કલ્પના થઈ એમ નથી. એણે કલ્પના ઉભી કરી. આહા..! હું સરોગ છું. સરોગનું જ્ઞાન હું છું એમ ન માનતા સરોગ છું હું એમ માન્યું. એણે અંશમાં જ આખો આત્મા માની લીધો અથવા પરને લઈને જ આત્માની વર્તમાન પર્યાય છે એમ માની લીધી. એવા અસત્ય માન્યતાને (–માનવાવાળાને) તો દુઃખ જ હોય, બીજુ હોય શું?

મુમુક્ષુ :– એ શરીરને કારણે...

ઉત્તર :– એ શરીરને કારણે ન આવ્યું. 'જેચંદભાઈ'! કહો, સમજાણું આમાં? એ રાડુ પાડે છે, શરીરને લઈને આમ થઈ ગયું, આમ થઈ ગયું. હવે ધૂળેય નથી. આહાહા..! આમ તો બરાબર ખ્યાલ છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

કહે છે, **'પહેલા અવસરમાં...'** જે આલમ્બિત આકૃતિરૂપ થઈ (અર્થાત્) જ્ઞાનની પર્યાય–જ્ઞેયાકાર. **'તેના વિનાશસંબંધી...'** એ પહેલે સમયે હતી, બીજે સમયે ગઈ. ગઈ એટલે જાણે

હું આખો ગયો, આખો તણાઈ ગયો, આખો. પાણીમાં આમ લક્ષ હતું ને? એટલે પાણી આમ તણાવા માંડ્યું ને? એટલે મારી પર્યાય તણાવા માંડી, આમ.. આમ. હાલક-લોઢ પાણીમાં ઉઠે ને આમ? ચાલ્યો, હું પણ ચાલ્યો ભેગો. પણ તું ક્યાં (ચાલ્યો છો)? તું તો અહીં છો. એમ શરીરની હાલકડોલક અવસ્થા થતાં જ્યાં ફેરફાર થઈને જ્યાં ઊંડી ઉતરવા માંડી (તો) હું ઊંડો ઉતરી ગયો એટલે મારો અભાવ થઈ ગયો. ઊંડાનો અર્થ ઇ. મારો જાણવાના સ્વભાવનો જ અભાવ થઈ ગયો. આહાહા..! સમજાણું કે નહિ? એમ માનનાર ભગવાન જ્ઞાતા-દૃષ્ટા ત્રિકાળી છે અને એની પર્યાય એના દ્રવ્યમાંથી દ્રવ્યના પરિણમને પરિણમન થાય છે એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? હાલ્યા, ક્યાં હાલે ને ક્યાં જાય.

આહા..! **'તેને સ્યાદ્વાદી સંબોધે છે...'** લ્યો! એને સ્યાદ્વાદી અનેકાન્તવાદી સમ્યગ્દૃષ્ટિ સમજાવે છે અથવા કહે છે. અથવા સ્યાદ્વાદી કેવા હોય છે તે સમજાવે છે. **'पुनः स्याद्वादवेदी'** સ્યાદ્ એટલે અપેક્ષાએ માનનારો. પરના અવલંબે પોતાની પર્યાય જ્ઞેયાકાર હોવા છતાં તે જ્ઞેયાકારનું મારાથી પરિણમન થયેલું છે અને તેટલા જ્ઞેયાકાર પૂરતી પણ મારી પર્યાય એટલી જ નથી. મારી પર્યાય જ્ઞેયના જ્ઞાનના આકારે સ્વજ્ઞેયને જાણે એવા જ્ઞેયાકારરૂપ પરિણમી (છે). સ્વજ્ઞેય અને પરજ્ઞેય. એને આકારે પરિણમવાનો મારો પર્યાય (ધર્મ છે) એમ જ્ઞાની માનતા **'એકાન્તદૃષ્ટિ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી,...'** ત્યારે શું છે? સમજાણું?

**'અનેકાન્ત-અનુભવશીલ...'** જુઓ! એક સમયનો પર્યાય એટલું પરને જાણતા છતાં ને પર પલટતા છતાં એ મારો પર્યાય પરને લઈને પલટ્યો નથી. કારણ કે, જ્ઞાનીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે, ધ્રુવ જ્ઞાયક ઉપર છે. જ્ઞાયક ઉપર હોવાથી એની પર્યાય જ્ઞાયકને લક્ષે પલટી છે. તેથી તે અનેકાન્તદૃષ્ટિ અનુભવશીલ પુરુષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? (એકાન્તવાદી અજ્ઞાની) અનુભવથી શૂન્ય હતો, આત્માના અનુભવથી શૂન્ય હતો. આ અનુભવશીલ (છે). ભાષા જુઓ! વાપરી છે. છે ને?

**'અનેકાન્ત-અનુભવશીલ જીવ...'** ભગવાનઆત્મા ત્રિકાળ જ્ઞાયક વસ્તુ છું એમ જ્યાં પ્રતીત ને જ્ઞાનના પર્યાયમાં પૂર્ણ વસ્તુને લક્ષમાં લીધી છે, એથી પૂર્ણના લક્ષે વર્તમાન પર્યાય સ્વજ્ઞેયને આકારે પરિણમન (થયું) અને પર છે તેનું પણ જ્ઞેયાકાર પરિણમન (થયું) એમ માનીને એ પર્યાય પલટતા છતાં હું તો આખું દ્રવ્ય છું એમ બીજે સમયે પણ મારા દ્રવ્યનું જ પરિણમન છે. એમ અનુભવશીલ પોતાના આત્માને અનેકાન્તદૃષ્ટિ(રૂપ) અનુભવતો આનંદ આવે છે. સમજાણું કાંઈ? પેલાને દુઃખ આવે છે, આને આનંદ આવે છે. આ ભારે વાત! ફક્ત માનવાથી દુઃખ ને માનવાથી સુખ, એમ કહે છે. આહાહા..!

**'અનેકાન્ત-અનુભવશીલ જીવ' 'पूर्णः तिष्ठति'** એટલે **''ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો તેના પર દૃઢ છે.'** પોતાની વર્તમાન પર્યાય પલટતા છતાં એ પર્યાયનું આરૂઢપણું ત્રિકાળ દ્રવ્ય ઉપર છે. અહીં કાળના બે પ્રકાર લીધા છે. ત્રિકાળ વસ્તુ

તે એક કાળ, વર્તમાન અવસ્થા તે વર્તમાન કાળ–એ ભેદરૂપ કાળ. ભેદરૂપ કાળ એકલાને માનનાર ત્રિકાળ વસ્તુને નહિ માનનાર તે મિથ્યાત્વ છે. અને ત્રિકાળ જ્ઞાયક વસ્તુને માનનાર વર્તમાન તેનો કાળ પર્યાય ભેદ, ત્રિકાળનો એક અંશ–ભેદ પર્યાય, ત્રિકાળ ઉપર આરૂઢ હોવાથી તેની પર્યાય અનેકાન્તપણે પરિણમતી આનંદ અને સમ્યગ્દર્શનપણે પરિણમે છે. સમજાણું કાંઈ? આ ધર્મ કેવો છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શું થાય છે? આનંદ થાય છે. મરે કોણ? કોણ મરે? કોણ મરે? કીધું ને આ. ઊંડો કોઈ ઉતરતું જ નથી. ઊંડો જાય છે અંદર. શું કીધું? જુઓ!

**'અનેકાન્ત-અનુભવશીલ જીવ 'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો તેના પર દઢ છે.'** ક્યાં જાય છે? એ જ્ઞાયકભાવ ત્રિકાળ છું ત્યાં દૃષ્ટિ ચોંટી છે. (અજ્ઞાનીની) નિમિત્ત ને વર્તમાન પર્યાય ઉપર દૃષ્ટિ છે. એ પર્યાયમૂઢ સ્વકાળે અસ્તિ પોતાની છે એ માનતો નથી. અને સ્વકાળે ત્રિકાળ હું છું એમ પોતાના જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિનું આરૂઢ(પણું) હોવાથી વર્તમાન પર્યાય પલટતી છતાં હું કાંઈ આખો નાશ થઈ જતો નથી. એવા જ્ઞાયક ત્રિકાળ ઉપર આરૂઢ હોવાથી તેને અતીન્દ્રિય આનંદનું વેદન અને સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપે પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આ. આવું બધું 'મુંબઈ'માં મૂકીએ તો કહે, આ શું? આ શું માંડ્યું છે આવું? સમજે નહિ. ભાઈ! આ તો તત્ત્વના મર્મો છે એકલા. મર્મમાં મર્મ. સમજાય છે?

ભગવાનઆત્મા એક સમયની અવસ્થાએ પરિણમતો છતાં અને એ અવસ્થા બદલતી (હોવા) છતાં વસ્તુ ત્રિકાળ જ્ઞાયક ને આનંદ છે, એવા જ્ઞાનમૂર્તિ ભગવાન ઉપર જેનું અસ્તિત્વ દૃષ્ટિ પડી છે, એની પર્યાય પરિણમે છે, એકરૂપ રહેનાર પરિણમે છે એવું અનેકાન્ત હોવા છતાં તેની દૃષ્ટિમાં દ્રવ્ય પડ્યું છે તેથી તેને સમ્યગ્દર્શન ને આનંદનો અનુભવ થાય છે. અનેકાન્તનું ફળ અમૃત છે, એકાન્તનું ફળ દુઃખ છે. આહાહા..! 'શશીભાઈ'! ભારે વાતું, ભાઈ! વેદાંતને કાંઈ છે? એક આત્મા જાવ! અરે..! હું એક આત્મા સર્વ વ્યાપક (છું).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મૂઢ થઈ જાય. શું વિચાર (કરવાનું) રહે?

વસ્તુ જેટલા ક્ષેત્રમાં છે તેટલામાં એનો ત્રિકાળ ને વર્તમાન કાળ છે. આટલા ક્ષેત્રમાં છે. એ ક્ષેત્રમાં આવી ગયું છે. આટલા ક્ષેત્રમાં છે. કારણ કે, એનું એકાગ્રપણું આટલામાં થાય છે, આમ (સર્વવ્યાપક) નથી થાતું. સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશી ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ! વર્તમાન સમયની અવસ્થાપણે (પરિણમે છે). અહીં કાળની વાત ચાલે છે એટલે. એ કાળ પણ વર્તમાન અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં અનંતા ગુણો, એવો જે પિંડ, એનો વર્તમાન કાળનો સમય એ સમય પણ એટલા અસંખ્ય પ્રદેશી ઉપર જ એક સમયની પર્યાય

વર્તે છે, આમ બાહ્ય વર્તે છે એમ નથી. આહા..! સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો આ જીવની દયા ને મૃત્યુ ને સામે જે જ્ઞાનની પર્યાયમાં દેખાય છે ને? એ પર્યાયનો ધર્મ છે કે, ત્યાં જીવ ને શરીર જુદા પડ્યા એના પણે જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમે. એ જ્ઞાન પર્યાય એને જુદા કરી શકે નહિ, ભેગા રાખી શકે નહિ. તેમ તે પ્રકારનું અહીં જ્ઞાન પરિણમ્યું એટલો જ્ઞાનમય પણ આત્મા નથી. આહા..! આ તો જેણે જ્ઞાનની પર્યાયને એટલી માની કે, બીજાના અસ્તિત્વને રાખે ને ટાળે એવું જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ એણે પરને લઈને માન્યું. કાં પરના અંશોનું અસ્તિત્વ આ જ્ઞાનના પર્યાયને લઈને માન્યું એ તો મોટી વિપરીત મિથ્યાત્વ એકાન્તદૃષ્ટિ છે. આહા..! અહીં તો અંદરના બે પ્રકારના અંશોમાં જ એકાન્ત ને અનેકાન્ત ઉતાર્યું છે. સમજાણું કાંઈ?

આહા..! ભગવાનઆત્મા વસ્તુ... વસ્તુ... વસ્તુ..., અનંત... અનંત..., અચિંત્ય, અમાપ સ્વભાવનો દરિયો પ્રભુ! એના ઉપર જેની જ્ઞાનની પર્યાય આરૂઢ છે તે પર્યાય પલટતા છતાં હું કાંઈ આખો પલટીને અભાવ થઈ જાઉં છું એમ નથી. મારાપણું રાખીને, ધ્રુવપણું રહીને હું પલટું છું એનું નામ અનેકાન્તદૃષ્ટિ–સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એ પરને લઈને નહિ.

બીજી રીતે કહીએ તો પરની દયાના કાળે જે શુભભાવ થયો... સમજાય છે? એ શુભભાવ પણ પરની દયા પળી માટે થયો એમ નહિ અને એ શુભભાવ છે માટે જ્ઞાન જ્ઞેયાકારે પરિણમ્યું એમ નહિ અને જ્ઞેયાકાર એટલો જ પરિણમ્યો એટલો પણ આત્મા નહિ. સમજાણું કાંઈ? 'નેમિદાસભાઈ'! બહુ ઝીણું. આમાં કંટાળો આવતો હશે એવું છે આ? કોઈ દિ' પડખે ચડ્યો નથી. વીતરાગ માર્ગ શું છે એને પડખે સાંભળવામાં આવ્યું નથી. એમ ને એમ કાળ ગાળ્યા અમે જૈન છીએ, જૈન છીએ, જૈન (છીએ). અજૈનને જૈન માનીને થોથા કર્યા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, જેણે એક સમયની અવસ્થામાં પરને લઈને આ અવસ્થા થઈ એમ માનનાર તે અજૈન મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. અને જૈન એને કહીએ, જૈન એટલે વસ્તુની સ્થિતિ. એક સમયની અવસ્થા પરના લક્ષમાં એના જ્ઞેયાકારે પરિણમી છતાં એ પર્યાય એટલી ને એવડો હું નથી. એ પર્યાય એને લઈને નથી, એટલી પર્યાય જેટલો નથી. હું તો એક અખંડાનંદ આ જ્ઞાયક છું એમ જેની પર્યાય દ્રવ્ય ઉપર ઢળી છે એને રાગની એકતા ટળી છે. એને જૈન દશાની વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ છે. તેને જૈન કહેવામાં આવે છે. ઠીક પણ હવે અહીં આવી ગયા એ ઠીક કર્યું. કહો, સમજાણું આમાં? આહા..! આ તો ભગવાનના અમૃત છે. બાપુ! આહાહા..! કહે છે... સમજાણું?

**'पूर्णः तिष्ठति' 'અનેકાન્ત-અનુભવશીલ જીવ 'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો તેના પર દૃઢ છે.' 'पूर्णः तिष्ठति'** ની વ્યાખ્યા કરી. પૂર્ણ નામ ત્રિકાળ ગમ્ય વસ્તુ. **'तिष्ठति'** એમાં એનું લક્ષ ચોંટી ગયું છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણાનંદનો

નાથ પ્રભુ આત્મા અનંત ગુણ સ્વરૂપ આત્મા પોતે અનંત ગુણ સ્વરૂપ (છે). જેવી અરિહંતની પરમાત્માની પર્યાય પ્રગટી છે એવો જ આ આત્મા દ્રવ્યે એવો જ અખંડાનંદ પ્રભુ છે. એવો પૂર્ણ ભગવાન એના ઉપર જેની દૃષ્ટિ છે એનું પર્યાયનું પરિણમન બદલવા છતાં, શરીરના આકારે જ્ઞાન હતું (તે) બદલતા છતાં હું આખો બદલી જાઉં છું એમ નથી. કેમકે પૂર્ણ ઉપર જ એની દૃષ્ટિ છે. કેમકે ત્રિકાળ જ્ઞાયકમાત્ર ભગવાન એના ઉપર દૃષ્ટિ છે માટે **'पूर्णः तिष्ठति'**. પેલો અપૂર્ણ નામ પર્યાયમાં પોતાનું (અસ્તિત્વ) માનીને નાશ થઈ જાય છે. આ **'पूर्णः तिष्ठति'** આ જીવે છે. શું કીધું?

**'सीदति'**. એક સમયની અવસ્થામાં જ્ઞેયાકાર સંબંધી જ્ઞાન થતાં જ્ઞેયાકાર પલટતા હું પલટી જાઉં છું એ જીવ મરી જાય છે (અર્થાત્) પોતાની દૃષ્ટિમાં તત્ત્વને મારી નાખે છે. એ **'सीदति'** – દુઃખી થાય છે. અને આ **'पूर्णः तिष्ठति'**. જ્ઞાયક સ્વભાવ ભગવાનઆત્મા, એની પર્યાયનું પલટન હોવા છતાં અને પરના આકારે જ્ઞાનનો પોતાનો સ્વભાવ થવા છતાં અને પોતાનું જ્ઞાન આખું છે એ પ્રમાણે પણ અહીં પર્યાયમાં જ્ઞાન થવા છતાં તેટલો પર્યાય પૂરતો હું નથી. તે પર્યાયને દ્રવ્યમાં સ્થાપી છે. સમજાણું કાંઈ? આહાહા...! આનું નામ અનેકાન્ત ને એનું નામ જૈન. એ જૈન કોઈ વાડો નથી, જૈન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જેના અનુભવમાં આવે તેને જૈન કહેવામાં આવે છે. સમજાણું આમાં? કોથળીમાં નાખ્યા કડીયાતા ઉપર લખ્યું સાકર. એ કાંઈ કડીયાતા મીઠા ન થઈ જાય. એમ જૈન માને કોથળીમાં નામે રાખે અંદર ભાન ન મળે કાંઈ. પર્યાય કોણ ને દ્રવ્ય કોણ? એણે હજી નામેય સાંભળ્યા ન હોય. પર્યાય શું હશે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... હોય તો એને ખબર નથી. કેમકે જે પર્યાય ત્રિકાળ દ્રવ્યની છે એમ નથી માનતો ને પરને લઈને માને એને પણ દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી. અને જેને એક સમયનો પર્યાય પરને લઈને નહિ પણ મારે લઈને છે એટલો જ માને તોપણ ત્રિકાળ દ્રવ્યને માન્યું નથી તો પર્યાય પણ યથાર્થ માની નથી. કોની પર્યાય? એણે દ્રવ્ય ને પર્યાય બેય માન્યા નથી. 'નવનીતભાઈ'! ભારે પણ આ! વસ્તુ તો આ છે. આહાહા...!

ત્રિકાળગોચર એટલે **'पूर्णः'** **'तिष्ठति'** એટલે એમાં દૃષ્ટિને દૃઢ કરી છે એમ. સમજાણું? ધર્મી જીવે, જૈન જીવે એટલે જૈન થનાર આત્માએ પોતાનો જ્ઞાયક ત્રિકાળ સ્વભાવ (છે) એમાં વર્તમાન પર્યાયને ત્યાં સ્થાપી છે. એટલે પર્યાય પલટતા છતાં દ્રવ્ય એમ ને એમ રહે છે, મારો નાશ થતો નથી, અવિનાશી ભગવાનઆત્મા છું એમ જેની દૃષ્ટિમાં વર્તે છે એની પર્યાયમાં રાગથી ભિન્ન પડેલું જ્ઞાન શાંતિને વેદે (છે) એને જૈન અને સમકિતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'જયંતીભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ત્યાં તમારે. કેમ 'ભગવાનભાઈ'! તમારા વેવાય તો કહે છે, હોં! કે, આ કોઈ દિ' સાંભળ્યું નથી. આહા..!

અરે..! ભગવાનનો માર્ગ... ભગવાન એટલે આત્મા, હોં! એ ત્રણલોકનો નાથ છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને પરના લક્ષ વિના પરિણમીને જાણે એવી એની તાકાત છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણકાળ ને ત્રણલોક તો છે. છતાં પર્યાય કેમ જ્ઞાનની થતી નથી? જો એને લઈને થતી હોય તો. એ પર્યાય પોતે પર્યાયવાન ભગવાનઆત્મા ત્રિલોકનાથ છે એને લક્ષે એ કેવળજ્ઞાનની પર્યાય પરિણમી જાય છે. ત્યારે લોકાલોકને નિમિત્ત કહેવાય છે. અવલંબન છે ને? 'અવલંબન' શબ્દ. ત્યારે નિમિત્તને અવલંબન કહેવાય છે. 'અવલંબન'માં વળી આ તો કેવળજ્ઞાન સુધી લઈ ગયા. સમજાણું કાંઈ? અવલંબન કહો કે નિમિત્ત. આવે છે ને? 'પ્રવચનસાર'માં આવે છે. નિમિત્ત અવલંબન છે એ જ્ઞેયનું જ્ઞાન પૂર્ણ જ્ઞાન ન કરે તો જ્ઞાન શેનું? અને એ જ્ઞાન પૂર્ણ રીતે જ્ઞાયકમાં અપર્ણતા ન કરે તો તે જ્ઞેય શેનું? 'લાલચંદભાઈ' 'પ્રવચનસાર'. છે કે નહિ? ૩૬, ૩૬ (ગાથાની ફૂટનોટ). જુઓ! એ નીકળ્યું, જુઓ!

**'જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું? જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું?'** સર્વજ્ઞ કહેવું ને સર્વજ્ઞતા એને સિદ્ધ ન થવી એ સર્વજ્ઞ કેવા? ત્રણકાળ, ત્રણલોકનું એક સમયમાં સર્વજ્ઞ ને સર્વજ્ઞતાપણું પ્રગટ થાય છે. બધાપણાનું જ્ઞાન એને એક સમયમાં પ્રગટ થાય છે. આહાહા..! વાંધા ઉઠ્યા કે, ભગવાન જો આમ બધું જાણે તો થઈ ગયું, નિયત થઈ ગયું. ભગવાનના જ્ઞાનમાં બધું જણાય જાય તો ભગવાને જે જોયું એ નિયત થઈ ગયું. ભગવાને નિયતની ના પાડી છે. અરે..! સાંભળ. એ તું કહે છે એ નિયતની ના પાડી જ નથી. એ તો એકાન્ત નિયતની ના પાડી છે. સાથે પુરુષાર્થ, સ્વભાવ, નિયત, ભાવ–ભવિતવ્ય અને તે કાળે તે પ્રકારના કર્મનો અભાવ, બધું પાંચે ભગવાને જોયું અને સમ્યગ્દૃષ્ટિને પાંચેય જ્ઞાનમાં આવે છે. આહાહા..! ભારે વાત પણ, ભાઈ! સમજાણું કાંઈ?

એક સમયમાં સર્વજ્ઞપણું પરિણમી ગયું. કહે છે કે, એ પર્યાય લોકાલોકને લઈને થઈ (એમ નથી). એ પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન છે, હોં! પણ એ પર્યાયનું એટલું જ્ઞાન નથી. આખા દ્રવ્ય-ગુણ પોતાનું પર્યાયમાં (જ્ઞાન) છે ને બધાનું છે. એ પર્યાયને જાણતા લોકાલોક જણાય જાય છે. જળને દેખતા જળમાં તારાના આકાર ભેગા દેખાય જાય છે. સમજાણું કાંઈ? જળના પાણીને જોતા ઉપરના તારા છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા એક ચંદ્ર સાથે હોય છે. એક ચંદ્ર ને એક સૂર્ય સાથે છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા (હોય છે). આમ જળ મોટો દરિયો સ્વચ્છ હોય (એને) આમ જોતા આ દેખાતા એ દેખાય જાય છે. એમ ભગવાનઆત્માનું સર્વજ્ઞપદ એ પર્યાયને દેખતા લોકાલોક એમાં જણાય જાય છે. સમજાણું? એવડી પર્યાયવાળું દ્રવ્ય ન માને અને આઘુ-પાછું જાણે એમ માને એ અસર્વજ્ઞ માન્યું, એણે સર્વજ્ઞ માન્યા નથી. એને દ્રવ્યની પૂર્ણ સામર્થ્યની, શક્તિની પ્રતીત

છે નહિ. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનમાં લોકાલોક જણાણા. લોકાલોકનું પલટન થાય છે ત્યાં પર્યાય પણ પલટે છે, પોતાની પલટે છે. ન્યાં પેલાની વર્તમાન પર્યાય છે એ ભૂતમાં જાય છે ને ભવિષ્યની તે વર્તમાન થાય છે. એવું અહીં જ્ઞાન પણ પલટે છે, એ એને કારણે પલટે છે?

મુમુક્ષુ :– નિમિત્ત કારણ નહિ રહે.

ઉત્તર :– પણ ઇ ત્યારે નિમિત્ત કહેવાય. એને કારણે પલટે તો નિમિત્ત ન કહેવાય. તો તો કર્તા થઈ ગયું. સમજાણું કાંઈ? ભગવાન કેવળજ્ઞાનનો પર્યાય સ્વકાળી છે. એ પરકાળની અવસ્થાને લઈને નહિ, પરકાળથી નાસ્તિ છે. આમાં આવ્યું કે નહિ આમાં? સમજાણું કાંઈ? એ પરકાળને લઈને (માને) સ્વની અવસ્થામાં પરની અવસ્થાને લઈને માને (એ) મૂઢ છે. (એને) એની અવસ્થાની ખબર નથી. અને પર અવસ્થા પલટે માટે અહીં જ્ઞાનનો પર્યાય પલટે છે એ મૂઢ છે. એને અવસ્થાનું પલટવું – દ્રવ્યનો પરિણમન સ્વભાવ એ માનતો નથી. સમજાણું કાંઈ?

ભાઈ! જૈન પરમેશ્વરે વસ્તુ જોઈ છે તેમ છે, એ કાંઈ ભગવાને કરી નથી. ભગવાને કોઈ વસ્તુને કરી નથી. એ તો જેવી છે એવી જાણી છે ને જાણી છે એવી કહી છે. એ કાંઈ કોઈના કર્તા-બર્તા નથી. એવી જ એ વસ્તુ જેના જ્ઞાનમાં ન બેસે અને એનાથી ઊલટું બેસે એ મિથ્યાદૃષ્ટિ એકાન્તદૃષ્ટિ દુઃખી થઈને રખડે છે. ધર્મી જીવ અનેકાન્ત અનુભવશીલ પોતાની વર્તમાન પર્યાયમાં ભલે અવલંબન એટલે નિમિત્ત બીજી ચીજ હોય છતાં મારો જ્ઞાનનો પર્યાય પલટવા છતાં હું ધ્રુવપણે પલટુ છું. કેમકે એ પર્યાયનો આધાર દ્રવ્ય છે. એટલે દ્રવ્યમાં જ એણે પર્યાયને સ્થાપી છે. એટલે પર્યાયનો આધાર દ્રવ્ય છે, એ પર્યાયનો આધાર નિમિત્ત નથી. સમજાણું કાંઈ?

**'કેવો દૃઢ છે?' 'बाह्यवस्तुषु मुहुः भूत्वा विनश्यत्सु अपि'** 'બાહ્યવસ્તુ' શબ્દ વાપર્યો છે. એના બે અર્થ કરશે. સમસ્ત જ્ઞેય પણ બાહ્યવસ્તુ અથવા અનેક જ્ઞેયાકારે પરિણમે જ્ઞાન પર્યાય એ પણ બાહ્યવસ્તુ. સમજાણું કાંઈ?

અભ્યંતર આખી ચીજ એકાકાર ભગવાન વસ્તુ જ્ઞાયકમૂર્તિ (છે). એની અપેક્ષાએ એક સમયનો જ્ઞાનનો પર્યાય પણ બાહ્ય છે. ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ અભ્યંતર, ત્યારે એક સમયનો પર્યાય બાહ્ય. અથવા એક સમયની પર્યાયથી બાહ્ય બીજી ચીજ છે એ પણ બાહ્ય છે. **'बाह्यवस्तुषु'** આની કથનની ઢબ જ બીજી જાતની છે.

**'સમસ્ત જ્ઞેય...'** લોકાલોક જ્ઞેય. **'અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાયના અનેક ભેદ, તેઓ અનેક પર્યાયરૂપ થાય છે,...'** વસ્તુ બહારની પણ આમ ભિન્ન ભિન્નરૂપે પરિણમે છે અને પોતાની જ્ઞાનની પર્યાય પણ ભિન્ન ભિન્નરૂપે પરિણમે છે, અવસ્થા ભિન્ન ભિન્નરૂપે થાય છે. અને **'मुहुः भूत्वा'** **'मुहुः'** છે ને? વારંવાર. **'मुहुः'** એટલે વારંવાર. **'भूत्वा'** એટલે

થાય છે. **'विनश्यत्सु अपि' 'અનેક વાર વિનશે છે,...'** પર્યાય ઉત્પન્ન થાય, બાહ્ય ચીજ પર્યાયે ઉત્પન્ન થાય અને વિનષ્ટ થાય. પોતામાં પણ પર્યાય ઉત્પન્ન થાય ને બદલી જાય. **'તોપણ દઢ રહે છે.'** તોપણ દઢ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ છે એટલે પોતાનું ધ્રુવપણું કાયમ રાખે છે. સમજાણું કાંઈ? હવે આમાં શું કરવું? દયા પાળવી ને વ્રત પાળવા ને અપવાસ કરવા એવું હોય ને તો સમજાય પણ ખરું. અજ્ઞાન. એમાં શું સમજવું હતું? અનાદિથી મૂઢ મિથ્યાત્વ ભાવમાં કરી રહ્યો છે. એમાં આત્મા ક્યાં આવ્યો ને એમાં સમ્યક્ ક્યાં આવ્યું? સમજાણું કાંઈ?

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને આત્મા કેવો પર્યાયે ને દ્રવ્યે જોયો એવો એની પ્રતીતમાં આવે ત્યારે તેને જૈન ને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. કેમ આવે? કહે છે કે, બાહ્યવસ્તુ પલટતા છતાં અને પોતાનો પર્યાય પલટતા છતાં એટલો હું નથી. હું ત્રિકાળ છું એવી દૃષ્ટિ જેની થઈ છે એની પર્યાયમાં પણ અનેકાન્તપણે શાંતિનું વેદન (થાય છે). ભલે પલટતું જાય, પલટતું જાય પણ પલટે છે ધ્રુવને અવલંબે પલટે છે, નિમિત્તને અવલંબે પલટે છે (એમ નથી). ત્રિકાળ જ્ઞાયકભાવ ત્રિકાળ એક વસ્તુને અવલંબે પલટે છે. વર્તમાન સામે પર્યાય છે એને લઈને પર્યાય પલટે છે એમ ધર્મી, જ્ઞાની, સમ્યગ્દષ્ટિ માનતો નથી.

મુમુક્ષુ :– આ કેમ નથી માનતો?

ઉત્તર :– કેમકે એમ છે નહિ, કેમકે એમ છે નહિ. જે પોતાની પર્યાયનું પલટવું પોતાના ત્રિકાળ જ્ઞાયકભાવને અવલંબે પલટે છે એમ માનતો પોતાના ધ્રુવમાં દૃષ્ટિ સ્થાપી છે, નિમિત્ત ને પરથી દૃષ્ટિ ઉથાપી છે. સમજાણું કાંઈ?

**'मुहुः'** (અર્થાત્) વારંવાર ભલે પલટે, કહે છે. પર્યાય પલટે ભલે. સમજાય છે? **'અનેક વાર વિનશે છે,..'** પર્યાય ઉત્પન્ન પણ થાય છે અને અનેકવાર વિનાશ પણ થાય તોપણ વસ્તુ તો વસ્તુ છે જેની વસ્તુ–દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. એટલું એનું પરિણમન પણ દ્રવ્યને કારણે પ્રગટેલું છે.

**'વળી કેવો છે?' 'अस्य निजकालतः अस्तित्वं कलयन्' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું...'** જો નિજકાળ એવો લીધો–આખો ત્રિકાળ. **'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું...' 'निजकालतः' 'ત્રિકાળ શાશ્વત જ્ઞાનમાત્ર અવસ્થા...'** ત્રિકાળ જ્ઞાનમાત્ર અવસ્થા એટલે વસ્તુ. એ ત્રિકાળ જ્ઞાયકમાત્ર ભગવાન પૂર્ણાનંદ છે એવી જેની વર્તમાન પર્યાયમાં દૃષ્ટિ થઈ છે તેને અનેકાન્તી સમકિતી, અનેકાન્તનો અનુભવ કરનાર જૈન અને ધર્મી કહેવામાં આવે છે. બાકી બીજાને જૈન અને ધર્મી કહેતા નથી. આહા..! ભારે વાત, ભાઈ! એ... 'ધર્મચંદજી'!

**'વસ્તુપણું અથવા અસ્તિપણું અનુભવે છે સ્યાદ્વાદી જીવ.'** એટલે સામી વસ્તુ આખી પલટે, એની એક સમયની અવસ્થા પણ પલટે પણ પલટતી અવસ્થા તે પલટનારો આખો

ધ્રુવ છે એના ઉપર દૃષ્ટિ રહીને પલટે છે. માટે ત્રિકાળી અસ્તિત્વની દૃષ્ટિમાં જે વર્તમાન પર્યાયનું પરિણમવું થાય, દ્રવ્યને લક્ષે થાય છે માટે શાંતિનું સમ્યગ્દર્શનનું પરિણમન થાય છે. માટે તેને અનેકાન્તી જીવ–ધર્મી કહેવામાં આવે છે. બાકી બીજાને અધર્મી ને અજ્ઞાની કહેવામાં આવે. લ્યો! ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

માગશર વદ ૧૩, સોમવાર તા.૨૦.૧૨.૧૯૬૫
કળશ - ૨૫૭ પ્રવચન - ૨૭૫

( શાર્દૂલવિક્રીડિત )

अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि-
र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।
नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।।११-२५७।।

**ખંડાન્વય સહિત અર્થ :–** ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી એવો છે કે જે વસ્તુને દ્રવ્યમાત્ર માને છે, પર્યાયરૂપ માનતો નથી; તેથી જ્ઞેયની અનેક અવસ્થાને જાણે છે જ્ઞાન, તેને જાણતું થકું તે આકૃતિરૂપ પરિણમે છે જ્ઞાન; તે સમસ્ત છે જ્ઞાનના પર્યાય, તે પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે મિથ્યાદૃષ્ટિ જીવ. તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞેયની આકૃતિરૂપ પરિણમતા જેટલા જ્ઞાનના પર્યાય છે તેમના વડે જ્ઞાનનું અસ્તિત્વ નથી. એમ કહે છે–''पशुः नश्यति'' ( पशुः ) એકાન્તવાદી ( नश्यति ) વસ્તુસ્વરૂપ સાધવાથી ભ્રષ્ટ છે. કેવો છે એકાન્તવાદી ? ''ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्'' '( ज्ञेय ) સમસ્તદ્રવ્યરૂપ ( आलम्बन ) જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ ( लालसेन ) છે અભિપ્રાય જેનો, એવા ( मनसा ) મન વડે ( बहिः भ्राम्यन् ) સ્વરૂપથી બહાર ઊપજ્યો છે ભ્રમ જેને, એવો છે. વળી કેવો છે ? ''अर्थालम्बनकाले ज्ञानस्य सत्त्वं कलयन् एव'' ( अर्थ ) જીવાદિ સમસ્ત જ્ઞેયવસ્તુને ( आलम्बन ) જાણતી ( काले ) વખતે જ ( ज्ञानस्य ) જ્ઞાનમાત્ર વસ્તુની ( सत्त्वं ) સત્તા છે ( कलयन् ) એવો અનુભવ કરે છે, ( एव ) એવો જ છે. તેના પ્રતિ સ્યાદ્વાદી વસ્તુની સિદ્ધિ કરે છે–''पुनः स्याद्वादवेदी तिष्ठति'' ( पुनः )

**એકાન્તવાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે છે ( स्याद्वादवेदी ) સ્યાદ્વાદવેદી અર્થાત્ અનેકાન્તવાદી ( तिष्ठति ) વસ્તુસ્વરૂપ સાધવાને સમર્થ છે. કેવો છે સ્યાદ્વાદી ? ''अस्य परकालतः नास्तित्वं कलयन्'' ( अस्य ) જ્ઞાનમાત્ર જીવવસ્તુનું ( परकालतः ) જ્ઞેયાવસ્થાના જાણપણાથી ( नास्तित्वं ) નાસ્તિપણું છે એવી ( कलयन् ) પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી. વળી કેવો છે ''आत्मनिरवातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्'' ( आत्म ) જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં ( निखात ) અનાદિથી એક વસ્તુરૂપ, ( नित्य ) અવિનશ્વર, ( सहज ) ઉપાય વિના દ્રવ્યના સ્વભાવરૂપ-એવી જે ( ज्ञान ) જાણપણારૂપ શક્તિ તે-રૂપ ( एकपुञ्जीभवन् ) હું જીવવસ્તુ છું, અવિનશ્વર જ્ઞાનસ્વરૂપ છું–એવો અનુભવ કરતો થકો.– આવો છે સ્યાદ્વાદી. ૧૧-૨૫૭.**

---

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ-ટીકા'નો ૧૧મો કળશ.

**( શાર્દૂલવિક્રીડિત )**

**अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि-**
**र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।**
**नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।।११-२५७।।**

ભાવાર્થ એટલે આમાં શું કહેવું છે એ થોડો ઉપોદ્‌ઘાત હું કહીશ. ભાવાર્થ (કહે છે) પણ થઈ ગયા પછી ભાવાર્થ હોય પણ અહીં તો પહેલેથી ભાવાર્થ કરે છે. કેમકે એમાં જરીક ઝીણી વાત કહેવી છે ને એટલે એનો ઉપોદ્‌ઘાત કરે છે. **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ...'** એક પક્ષે જોનારો **'એકાન્તવાદી એવો છે કે જે વસ્તુને દ્રવ્યમાત્ર માને છે, પર્યાયરૂપ માનતો નથી;...'** વસ્તુને વસ્તુ તરીકે માને છે પણ પર્યાય જે પરને કાળે થાય છે એટલે એ પર્યાય પરથી થાય છે એમ માને છે. સમજાય છે કાંઈ?

**'તેથી જ્ઞેયની અનેક અવસ્થાને જાણે છે જ્ઞાન,...'** જુઓ! આ જ્ઞાન વસ્તુ જ્ઞેય શરીર આદિની અવસ્થાને, અનેક અવસ્થાઓને જાણે છે. **'તેને જાણતું થકું તે આકૃતિરૂપ પરિણમે છે જ્ઞાન;...'** એને જાણતા એની આકૃતિ પ્રમાણે પરિણમે છે જ્ઞાન. **'તે સમસ્ત છે જ્ઞાનના પર્યાય,...'** એ તો બધી જ્ઞાનની પર્યાય છે. જેમ દેહની ઉત્પત્તિ કાળે જ્ઞાનની ઉત્પત્તિ પણ પોતામાં છે પણ દેહની ઉત્પત્તિ કાળે થઈ, માટે દેહની ઉત્પત્તિથી મારો પર્યાય થયો એમ માને છે. **'તે પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે...'** એ ફક્ત જ્ઞાનમાં પરદ્રવ્યનું અવલંબન દેખે છે એટલી પર્યાયને જ આત્માનું અસ્તિત્વ માને છે. સમજાણું કાંઈ?

**'મિથ્યાદૃષ્ટિ જીવ.'** આમાં એવો દાખલો લીધો કે દેહની ઉત્પત્તિએ આત્માની ઉત્પત્તિ

એમ માને છે. પેલામાં એમ હતું (કે) દેહના નાશે મારો નાશ થાય છે એમ. પર્યાય પરને અવલંબે છે ને? આ દેહની ઉત્પત્તિએ જીવની ઉત્પત્તિ (માને છે). અસ્તિ-નાસ્તિ બેય વાત આવી ગઈ. સમજાણું કાંઈ? જ્ઞાનની ઉત્પત્તિનો પર્યાય, દેહથી ઉત્પન્ન થયો પર્યાય માટે અહીં ઉત્પન્ન થયો છે એમ નથી. સમજાય છે? દેહની અવસ્થા ઉત્પન્ન થાય છે માટે અજ્ઞાની એમ માને છે કે, હું જ ઉત્પન્ન દેહમાં થયો, દેહને લઈને થયો. મારી અવસ્થા એ ક્ષણે દેહની અવસ્થાને જાણનાર છે એનાથી હું ઉત્પન્ન થયો એ ન માનતા દેહની ઉત્પત્તિએ મારું ઉત્પન્ન થવું (થયું) એમ માને છે. સમજાણું કાંઈ? **'તે પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે મિથ્યાદૃષ્ટિ જીવ.'** અથવા એ એક સમયની જે જ્ઞાન પર્યાયમાં અનેક અવસ્થાઓ દેહની જણાય એટલી જ પર્યાયને પોતે માને છે. સમજાણું કાંઈ? **'પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે...'** એ પર્યાયને જ આખું જ્ઞાનનું હોવાપણું માને છે.

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞેયની આકૃતિરૂપ પરિણમતા જેટલા જ્ઞાનના પર્યાય છે તેમના વડે જ્ઞાનનું અસ્તિત્વ નથી.'** એટલું જ્ઞાનનું હોવાપણું નથી. જ્ઞાનની અવસ્થામાં, પર્યાયમાં જે જ્ઞેયોની અવસ્થા ઉત્પન્ન થાય એ પ્રકારે પોતાની જ્ઞાન અવસ્થા ઉત્પન્ન થાય એટલો કંઈ આત્મા નથી. સમજાણું કાંઈ? **'જેટલા જ્ઞાનના પર્યાય છે તેમના વડે જ્ઞાનનું અસ્તિત્વ નથી. એમ કહે છે.'**

**'पशुः नश्यति' 'એકાન્તવાદી વસ્તુસ્વરૂપ સાધવાથી ભ્રષ્ટ છે.'** હું જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છું એમ એ માનતો નથી. દ્રવ્યની પર્યાયથી ઉત્પન્ન થયો એટલો જ આત્મા, એટલો આત્મા. **'કેવો છે એકાન્તવાદી?'** જુઓ! **'સમસ્ત દ્રવ્યરૂપ જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...'** એ જ્ઞેયના અવસરે જે પર્યાય ઉત્પન્ન થઈ એટલો જ હું છું. જાણવા યોગ્યને કાળે જ્ઞાનની જે પર્યાય થઈ **'એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...'** પરને લઈને જ મારી જ્ઞાનની પર્યાય થઈ. સમજાણું કાંઈ? આ પર નાસ્તિત્વનો અધિકાર છે. અજ્ઞાની પરથી અસ્તિત્વ માને છે એમ પહેલું લેવું છે ને?

અહીંયાં તો યોગ છે પર કાળથી નાસ્તિનો પણ અજ્ઞાની પરની અવસ્થારૂપી કાળથી જ પોતાનું અસ્તિત્વ માને છે. સમજાણું કાંઈ? આ દેહાદિની અવસ્થા જ્ઞાનમાં જણાય તો એ દેહના અવસ્થાના કાળથી હું છું એટલે એના જાણવાનો પર્યાય એનાથી હું છું. મારા સ્વકાળથી મારી જ્ઞાનની પર્યાય મારાથી થઈ છે એમ એને બાહ્ય લક્ષ છે માટે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? કાલે પેલામાં વિનાશનું હતું. દેહ જેમ ઢીલો પડતો જાય એમ જાણે મારી અવસ્થા પોતે નાશ થાય. આમાં દેહની ઉત્પત્તિ જેમ થાય એમ મારો જ્ઞાનનો પર્યાય એને લઈને ઉત્પન્ન થયો. એમ અજ્ઞાની પોતાની પર્યાયની સ્વતંત્રતાને માનતો નથી. સમજાણું કાંઈ?

**'ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्' 'पशुः' 'એકાન્તવાદી વસ્તુસ્વરૂપ સાધવાથી**

**ભ્રષ્ટ છે.**' એટલે કે હું મારી જ્ઞાન પર્યાયથી (જાણું છું), આ મારો આત્મગુણ છે એ ગુણના પરિણમનથી મારી પર્યાય થઈ છે એમ માનતો નથી. જ્ઞાન ગુણ ત્રિકાળ છે એનો આ વર્તમાન પર્યાય સ્વકાળ છે. એ સ્વકાળથી હું છું એમ ન માનતા પરકાળથી હું છું એમ અજ્ઞાની માને છે. પરપદાર્થની અવસ્થાને લઈને જ મારી અવસ્થા છે. સમજાણું કાંઈ? શું (કહ્યું)?

આ શબ્દના અવલંબે જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, શબ્દ છે, શબ્દનો પર્યાય સ્વકાળ છે તો જ્ઞાનનો પર્યાય થાય છે. સમજાણું કાંઈ? નહિતર ના પાડે. આ આત્મા વસ્તુ છે. અહીં જ્ઞાન પ્રધાનથી વાત લેવી છે જ્ઞાન સ્વભાવ ત્રિકાળ, એની વર્તમાન અવસ્થામાં પરજ્ઞેયની અવસ્થાનું જે ઉત્પન્ન થવું એના અવલંબનમાં જ્ઞાનનો પર્યાય પણ એવો જ ઉત્પન્ન થાય. પરકાળનો જેવો સ્વભાવ છે એવું જ્ઞાનાકાર અહીંયાં જ્ઞેયાકાર જાણે. એ ઉત્પત્તિને કારણે મારું ઉત્પન્ન થયું એમ માનનાર, મારો ગુણ ત્રિકાળ છે માટે ગુણ અવસ્થા ઉત્પન્ન થઈ એમ માનતો નથી. એનું લક્ષ પરદ્રવ્ય ઉપર છે, જ્ઞાનીનું લક્ષ સ્વદ્રવ્ય ઉપર છે. સ્વદ્રવ્યના લક્ષે જ્ઞાનની વર્તમાન અવસ્થા એ પ્રકારની ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીને દ્રવ્ય ઉપર લક્ષ નથી એટલે પરના લક્ષે અવસ્થા ઉત્પન્ન થાય એવું જ જ્ઞાન ઉત્પન્ન થયું. શરીર ઉત્પન્ન થયું તો હું ઉત્પન્ન થયો, શરીર ઉત્પન્ન થયું તો હું નવો આત્મા થયો. સમજાય છે કાંઈ? પણ તારું જ્ઞાન તો ત્રિકાળ છે અને જ્ઞાનની અવસ્થા શરીરને લઈને ઉત્પન્ન થઈ છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'पशुः नश्यति' '**એકાન્તવાદી વસ્તુસ્વરૂપ સાધવાથી ભ્રષ્ટ છે.**' કેમ? કે '**ज्ञेय आलम्बन**' '**સમસ્ત દ્રવ્યરૂપ જ્ઞેયના અવસરે...**' (એટલે) સામે (ચીજની અવસ્થા) '**જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...**' એની અવસ્થા ટકે છે તો હું ટકી રહ્યો છું. સમજાણું આમાં? દેહ, વાણી, મન, શરીર આ બધી અવસ્થા જે સામા દ્રવ્યની અવસ્થા આમ ટકી રહી છે એને લઈને હું ટકી રહ્યો છું. એના અવલંબનમાં એ નિમિત્ત છે તો આ ઉત્પન્નનું ટકવું (થાય છે) તો એને લઈને હું ટકી રહ્યો છું. એ જો ખસી જાય તો હું પણ નાશ થઈ જાઉં. પણ હું એક જ્ઞાયક ત્રિકાળ છું એને કારણે મારી અવસ્થા થઈ છે એમ અજ્ઞાની અંતરમાં સ્વદ્રવ્યના લક્ષમાં આવતો નથી. સમજાણું? તેથી કહે છે, જુઓ!

'**ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्**' '**સમસ્ત દ્રવ્યરૂપ જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા...**' એ જાણવાની અવસ્થાને કાળે આની સત્તા. એ પરદ્રવ્યની અવસ્થાને કાળે આની સત્તા એમ માનતો... સમજાય છે? '**સ્વરૂપથી બહાર ઊપજ્યો છે ભ્રમ જેને,...**' આ જ્ઞાન પર્યાય, શ્રદ્ધા પર્યાય વગેરે બધા આ પરના અવલંબનથી, પરના ઉત્પન્ન કાળે આ મારું (જ્ઞાન) ઉત્પન્ન થાય છે (એમ માને છે) માટે એનું લક્ષ બાહ્ય ઉપર ચોંટે છે, બાહ્ય(માં) ભમે છે. એ અસ્તિત્વે મારું અસ્તિત્વ છે. બહારના પરનો સ્વકાળ એનો જે છે એના અવસરને કાળે જ મારો સ્વકાળ છે. એ અવસર કાળ જાય તો મારો સ્વકાળ ઉત્પન્ન થતો નથી.

સમજાય છે કાંઈ આમાં?

**'જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો, એવા મન વડે સ્વરૂપથી બહાર ઊપજ્યો છે ભ્રમ જેને, એવો છે.'** પોતાનું સ્વરૂપ અખંડ જ્ઞાન સ્વરૂપ છે એના અંતર લક્ષે આ પર્યાય (થાય છે એવું) અંતર લક્ષ તો છે નહિ (તો) બહાર લક્ષે પર્યાય ઉત્પન્ન થતાં એ પર્યાયનું અવલંબન પર દેખે છે એટલે બહાર ભમે છે. આ હશે તો હું રહીશ, આ હશે તો હું રહીશ, આ હશે તો હું રહીશ. એટલે એની બહિર્બુદ્ધિ બહારમાં એકાકાર થઈ ગઈ છે. સમજાણું કાંઈ? હું ત્રિકાળ છું તો રહીશ, હું ત્રિકાળ જ્ઞાયક છું તો અવસ્થા રહેશે એમ ન રહ્યું. સમજાણું કાંઈ? સારા સમય હોય ને? સારો. 'સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે' નથી કહેતા માણસ? એવું એક ફેરી વાંચ્યું હતું. 'પાળીયાદ'માં (સંવત) ૧૯૭૫ ના ચોમાસામાં. બારણામાં લખ્યું હતું. ૧૯૭૫ ની વાત છે, ૪૭ વર્ષ થયા. સમય બદલાય, મેં કીધું આ શું લખે છે આ? એવું આવે છે ને? કાંઈક ગાયન પણ આવે છે. હશે કાંઈક, પણ એક જણાએ લખ્યું હતું. બારણમાં પેસતા અહીં મોઢા આગળ લખ્યું હતું. 'સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે ત્યારે' એ મૂઢ છે એમ (અહીંયાં) કહે છે.

મુમુક્ષુ :– બદલાય તો છે.

ઉત્તર :– શું બદલાય છે? પોતાની અવસ્થા પોતાને કારણે બદલાય એમાં પરને લઈને શું છે? 'મલૂકચંદભાઈ'! સમય બદલાય છે ત્યારે બધું બદલાય જાય છે. આ શેઠિયા થઈ ગયા, પૈસાવાળા થઈ ગયા, બધું થયું એમ કહે છે, લ્યો!

મુમુક્ષુ :– દેખાય તો છે.

ઉત્તર :– શું દેખાય છે? ધૂળેય દેખાતું નથી. ઇ તો એનામાં ઇ છે. એની અવસ્થાને લઈને આની અવસ્થા ક્યાં ઉત્પન્ન થઈ છે? અને સમય બદલાય છે ત્યારે એમ કહે, ભાઈ! મૂર્ખાઈ આવી. પૈસા જાય, બૈરા જાય, છોકરા જાય. એની હયાતીએ બુદ્ધિ સરખી રહે. એ જાય એટલે મૂઢ થઈ જાય, મૂઢ. કહે છે કે, તારી અવસ્થા તે એને લઈને હતી કે તારે લઈને હતી? સમજાણું કાંઈ?

એને બિચારાને છે તો બુદ્ધિવાળો માણસ પણ હવે ભ્રમણામાં ગરી ગયો. '...ભાઈ' છે. એને બિચારાને ઠીક હતું અત્યારે બાયડી મરી ગઈ, છોકરો મરી ગયો. અરે..રે..! હાય.. હાય..! હવે પૈસા છે, દુકાન ચાલે છે, બધું ચાલે છે. પણ કોણ જાણે સારું ભ્રમણા આવી લાગી ને કે, આમાંથી આટલું ગયું ને એ બધી અવસ્થા બદલી તો હું બદલાઈ ગયો. મને પાંચ પૂછતા, એમ કહેતા હતા. ગામમાં પૂછે એવો માણસ, ડાહ્યો માણસ મગજવાળો. જરી જરી આમ જ્યાં વાત થાય ત્યાં રોવે. પણ શું છે આ? અરે..! મારું બધું બદલાઈ ગયું. શું બદલાઈ ગયું આમાં? કે, આ બધી આમ જાહોજલાલી હતી, છોકારાઓ-બૈરાઓ રાંધતા. છોકરાઓ માને નહિ ને છોડીઓ માને નહિ ને હતું એ બધું ચાલ્યું ગયું. હાય.. હાય..!

શું ગયું પણ તારું? અહીંયાં આત્મા ... 'જેચંદભાઈ'! એમ જ છે, એમ છે. જોયું? અંદર ખટક લાગી. ઇ જ કહે છે કે, મૂઢ જેમ માને છે આવો આ.

બહારની પર્યાયના સ્વકાળના એના કાળે એ બદલાણું એમાં તારી પર્યાયમાં એને કારણે શું ફેરફાર થયો? સમજાણું કાંઈ? અને એ રહે તો મારી પર્યાય રહે, એ ન રહે તો પર્યાય ન રહે. એની ઉત્પત્તિની અનુકૂળતા એ, એના સ્વકાળની અનુકૂળતા એ મારા પર્યાયની અનુકૂળતા. મૂઢ છે, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? સારું હતું ત્યારે પાંચમાં પૂછાય, બોલે. ઇ જ કીધું, જુઓને!

**'જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...'** એ મનથી સ્વરૂપથી બહાર ભમી રહ્યો છે. ભ્રમણા એને બહારમાં (થઈ). આ અનુકૂળ રાખું, આ અનુકૂળ રાખું, અનુકૂળ રાખું, એ અનુકૂળ રહે તો મારો પર્યાય અનુકૂળ રહે. 'ફૂલચંદભાઈ'! બધી સામગ્રી-બામગ્રીની અવસ્થા સરખી હોય તો મારી બુદ્ધિ પણ સરખી રહે. જ્ઞેયને અવસરે. અહીં ઉત્પત્તિની વાત કરી છે, હોં! પેલામાં નાસ્તિની વાત હતી કે, શરીર ને બધી સામગ્રી જાય તો હું જાઉં છું. આ બધી અનુકૂળ રહે તો હું રહું છું, એમ. આ અસ્તિથી (વાત લીધી છે). સમજાય છે કાંઈ?

કાલમાં એમ હતું કે, આ બધી અનુકૂળતા જાય તો હું જાઉં છું, આજમાં એમ છે કે, બધી અનુકૂળતા ટકે, આમ ટકે તો હું ટકુ, એટલે એ ટકે તો હું ટકુ, એમ. કાલમાં એમ હતું કે, આ બધું જાય તો હું જાઉં. સમજાણું કાંઈ? કેમ હશે આમાં? 'ચીમનભાઈ'! બધું સરખુ હોય તો સરખી બુદ્ધિ રહે કે નહિ? લ્યો! ધૂળમાં પરને લઈને છે શું પણ? જ્ઞાનનો વર્તમાન લક્ષ કાળ પરના સમયના અવસ્થા ઉપર લક્ષ ગયું છે એથી એના અસ્તિત્વથી આ ટકવું (થાય છે એમ માન્યું છે) એટલે આને બરાબર ટકાવી રાખું તો હું ટકી રહું. પણ હું મારા ત્રિકાળ જ્ઞાયકથી ટકી રહેલો છું, મારી અવસ્થા ટકવાનું કારણ તો દ્રવ્ય છે, એ કાંઈ ટકવાનું કારણ નથી, એમ અજ્ઞાની માનતો નથી.

'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' કેમ 'જેચંદભાઈ'? અહીં ઇ જ વાત કહે છે કે, મૂઢ છો. તું ક્યાં ગયો પણ ખોવાઈને? એમ કહે છે અહીં તો. બહાર ભમે છો? જુઓને શું કીધું? **'बहिः भ्राम्यन्'** બાહ્યની અવસ્થાની અનુકૂળતાએ તારું ટકવું છે? શું થઈ ગયું તને ભ્રમ આ? તારું તત્ત્વ નિરાળું જ્ઞાયક ચૈતન્ય છે એના ટકતા તત્ત્વથી અવસ્થા ઉભી થાય છે, આને લઈને ઉભી થઈ નથી કે, જેથી કરીને તું નવો ઉત્પન્ન થયો. સમજાણું કાંઈ? લક્ષ પર ઉપર છે ને અને પરના કાળે જ મારી અવસ્થાની ઉત્પત્તિ છે એમ માનનાર **'ભ્રમ જેને, એવો છે. વળી કેવો છે?'**

**'अर्थालम्बनकाले ज्ञानस्य सत्त्वं कलयन् एव' 'જીવાદિ સમસ્ત જ્ઞેયવસ્તુને જાણતી વખતે જ...'** લ્યો! બીજી ચીજના જાણવાને કાળે જ મારી હયાતી છે. **'જ્ઞાનમાત્ર વસ્તુની**

**સત્તા છે એવો અનુભવ કરે છે, એવો જ છે.'** અજ્ઞાની એમ કહે છે. શું કીધું સમજાણું આમાં? મોટો ફેર છે, આમ ઉગમણો–આથમણો. જે જ્ઞેયમાત્ર વસ્તુના આલંબન કાળે એને જાણવાના કાળે; આલંબનની વ્યાખ્યા કરી જાણતી વખતે, એ વસ્તુના જાણવાને કાળે જ મારી સત્તા છે. એને જાણવાને કાળે એને કારણે મારી સત્તા છે. મારે કારણે હું જ્ઞાયક ત્રિકાળ ભિન્ન છું, મારી સત્તા છે એમ અજ્ઞાનીને પ્રતીતમાં, શ્રદ્ધામાં આવતું નથી. એ મિથ્યાશ્રદ્ધા કરીને દુઃખી થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જીવાદિ સમસ્ત જ્ઞેયવસ્તુને જાણતી વખતે જ જ્ઞાનમાત્ર વસ્તુની સત્તા છે એવો અનુભવ કરે છે, એવો જ છે.'** નથી કહેતા? એક જણાને પૈસા બહુ હતા. આ લાકડી રાખી હતી ને હાથમાં કે, પૈસા-બૈસા થયા હોય પછી લાકડી છોડી દેવી, છૂટી ગઈ અને જ્યાં પાછા પૈસા ગયા ત્યાં લાકડી લેવી પડી પાછી હાથમાં. સમજાણું કાંઈ? આ બધા નજરે જોયેલા દાખલા, હોં! આ શું થયું? અરે..! કસ ચાલ્યો ગયો, કસ. આ બધી અનુકૂળતા હતી ને ત્યાં સુધી એના જીવનનો ટેકો હતો, જીવનનો ટેકો હતો. એ જીવનના ટેકા એ બધા બાહ્ય સાધન હશે? માન્યા હતા, હતા કે દિ' ધૂળમાં? એ પૈસા ને બધું સાધન હોય ને આમ હુંફે ડોલે, હુંફે. એના અવલંબનને કાળે હુંફે ડોલે. જ્યાં એ ફેરફાર થાય તો આ..આ.. (થઈ જાય).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ તો પેલામાં આવી ગયું. આ તો કહે છે કે, એને કારણે હું ફાવી ગયો એમ. એને કારણે મારી સત્તા (છે). મારું હોવાનું જ પરની અવસ્થાને લઈને છે. બાયડી-છોકરા-કુટુંબ સેવા કરનારા, ચાકરી કરનારા અનુકૂળ હોય તો ભાઈ! હું ટકું, નહિતર હું કે દિ' નો મરી જાત. આ બધા અનુકૂળ છે, છોકરાઓ, બૈરાઓ... આ માંડ ટકી રહ્યો લ્યો! નહિતર તો મરી જાત. સાચી વાત હતી? 'નેમિદાસભાઈ'! શું હશે આ? માને છે, બાપુ! તારું તત્ત્વ અનાદિ સનાતન સત્ય (છે). એના અવલંબે આવેલો પર્યાય એને તું પરને લઈને આવેલો પર્યાય (માને છો એમાં) તું આખા દ્રવ્યને ભૂલી ગયો. સમજાય છે કાંઈ?

જેમાંથી પર્યાયનો પ્રવાહ આવે એવી ચીજને ભૂલી ગયો ભાઈ! એ પ્રવાહ જાણે આના અસ્તિત્વથી લઈને આવે છે. શબ્દની પર્યાય થઈ ને જ્ઞાન પર્યાય, આના પર્યાય ને આના પર્યાય, માન, સમ્માન, કીર્તિ, આબરુની અવસ્થાથી હું ટકી રહ્યો (છું), એ બધું માન જાય તો ભાઈ! મરણ થાય. માન જાય તો મરણ થઈ જાય. મોઢું દેખાડી શકે નહિ, લ્યો! એ એક જણો (કહે), શું દેખાડું? થોડી ખોટ ગઈ (તો કહે), બહાર શું દેખાડું? મોઢું શું દેખાડું? ઘરમાં ને ઘરમાં છ મહિના પડ્યો રહ્યો. એ બધા જીવન બાપા! હુંફના હતા એ ગયા, હવે શું કરીએ? પણ કોણ ગયું? ક્યાં તું નહોતો? કયે કાળે નહોતો? એ કાળે પણ તારી પર્યાયથી તું હતો, અત્યારે પણ તું તારી પર્યાયથી છો, પરને લઈને તારું હોવાપણું નથી.

(વાત) બેસે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, અત્યારે વાત કરશો નહિ. એવી ધર્મની વાતું અત્યારે ન હોય. ક્યારે હોય ત્યારે વળી? મરવા ટાણે હોય? હમણાં વાતું ન હોય, ધર્મની વાત હમણાં ન હોય.

કહે છે, **'જ્ઞાનમાત્ર વસ્તુની સત્તા છે એવો અનુભવ...'** અજ્ઞાની પરના લક્ષે પોતાની અવસ્થા ઉત્પન્ન થઈ, એની ઉત્પત્તિએ–પરનો સ્વકાળ (છે), એની ઉત્પત્તિએ મારું ઉત્પન્ન થવું એમ અજ્ઞાની મિથ્યાત્વને અનુભવે છે. મિથ્યાત્વભાવને, અસત્‌ભાવને, દુઃખભાવને અનુભવે છે.

**'તેના પ્રતિ સ્યાદ્વાદી વસ્તુની સિદ્ધિ કરે છે...'** હવે સવળું આવ્યું. **'पुनः स्याद्वादी तिष्ठति'** સમજાણું? પેલામાં આવ્યું હતું કે નહિ? **'ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्'** અને **'अर्थालम्बनकाले ज्ञानस्य सत्त्वं कलयन् एव' 'कलयन्'** એટલે અનુભવે. એની પર્યાયથી હું જીવું છું, મારું જીવન જ પરની પર્યાયથી છે. ત્યારે જ્ઞાની **'तिष्ठति'**. પેલો મરી ગયો. પરને લઈને હું ટકું છું એમ માનનારે આત્માને મારી નાખ્યો. હવે જ્ઞાની જીવે છે. **'એકાન્તવાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે છે.'**

**'સ્યાદ્વાદવેદી અર્થાત્ અનેકાન્તવાદી...' 'तिष्ठति'** સમજાય છે? **'વસ્તુસ્વરૂપ સાધવાને સમર્થ છે.'** એટલે પરવસ્તુના કાળે મારો પર્યાય ઉત્પન્ન થયો પણ એ પરને કારણે નહિ, પરને કારણે નહિ. પરવસ્તુના સમયને કાળે મારો પર્યાય ઉત્પન્ન થયો એથી એની નિમિત્તની મિત્રતા છૂટતી નહોતી. જ્ઞાનીને સ્વભાવની મિત્રતા છે માટે પરના અવસરે જે પર્યાય ઉત્પન્ન થઈ (એ) પરને કારણે નહિ, મારા જ્ઞાયકને કારણે ઉત્પન્ન થયેલી છે, એમ કરીને વસ્તુને સ્વરૂપને સાધી શકે છે. સમજાણું?

**'વસ્તુસ્વરૂપ સાધવાને સમર્થ છે. કેવો છે સ્યાદ્વાદી?' 'अस्य परकालतः नास्तित्वं कलयन्' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી' 'परकालतः'** જ્ઞેય અવસ્થા જે સામે જાણવાની અવસ્થા છે એ જ્ઞેય અવસ્થા, એનું અહીંયાં જાણપણું (થયું). એનું **'નાસ્તિપણું છે.'** એ જ્ઞેય અવસ્થાનું મારામાં નાસ્તિપણું છે અને જ્ઞેયોને જાણવા જેટલી એક સમયની પર્યાય જેટલું પણ મારા દ્રવ્યમાં નાસ્તિપણું છે. આહા..! આ તો જરી આઘી વાત લીધી. એટલાથી હું નથી. સમજાણું કાંઈ? **'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી નાસ્તિપણું છે...'** જ્ઞેયાવસ્થાના જાણપણા જેટલો જ હું નથી, એનાથી નાસ્તિ છું. એકલો જ્ઞાયકનો પિંડ ચૈતન્ય છું. આહા..! સમજાણું કાંઈ?

અહીંયાં આ અસ્તિત્વનો સિદ્ધાંત છે. પરકાળથી નાસ્તિ, પરકાળથી નાસ્તિ અને સ્વકાળથી અસ્તિ. પણ પરકાળથી નાસ્તિ એમ કીધું. પરના જેટલા જ્ઞેયો જાણવામાં આવે છે એટલી પર્યાય તે હું નથી. એથી તો હું નથી પણ એટલા પર્યાય પુરતો પણ હું નથી.

એ જ્ઞેયની બધી અવસ્થાથી પણ હું નાસ્તિ છું અને એના જાણવાની પર્યાયના એટલા અંશથી પણ મારું નાસ્તિપણું છે, એટલામાં હું આવી ગયો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાયકભાવનું ધ્રુવપણું લક્ષમાં હોવાથી ધર્મી જીવને, સત્યના શરણવંતને જ્ઞાયકભાવનું શરણ લક્ષમાં હોવાથી એક સમયની પર્યાય ને જ્ઞેયની અવસ્થાની મારામાં નાસ્તિ છે, એટલો હું નથી. સમજાણું કાંઈ? ઓ..હો..હો..! જે જીવ શરીર ને લક્ષ્મીને લઈને છું (એમ માને છે) એ માન્યતા મિથ્યાત્વ છે. રાગ-દ્વેષને લઈને હું છું એ પણ મિથ્યા માન્યતા છે પણ રાગ-દ્વેષ અને પરના જાણવાની પર્યાય જેટલો છું (એમ માને છે) એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

પરના જ્ઞેયોના અસ્તિત્વને લઈને મારું અસ્તિત્વ છે એમ માનનાર મૂઢ છે, એને સત્યની ખબર નથી. રાગ-દ્વેષના અસ્તિત્વને લઈને મારા પર્યાયનું અસ્તિત્વ છે, એ પણ મૂઢ છે, સમજતો નથી. પણ એ રાગ-દ્વેષને આકારે જ્ઞાન પરિણમ્યું એટલો હું છું, એ પણ મૂઢ છે. જ્ઞાની એટલો હું છું એમ માનતો નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! 'મગનભાઈ'! હવે આમાં કેટલું બાયડી, છોકરા, પૈસાની અંદર હુંફ આવતી હશે!

મુમુક્ષુ :– કે દિ' આવે?

ઉત્તર :– હતી કે દિ'? આહા..!

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી,...'** જાણપણાથી, અવસ્થાના જાણપણાથી **'નાસ્તિપણું છે...'** એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હું તો મારા જ્ઞાયકભાવના જાણપણાના અવસ્થાથી નભેલો, ટકેલો છું. દ્રવ્ય વસ્તુ છે એના લક્ષે, જ્ઞાને–એના લક્ષે ધ્રુવથી પરિણમતી પર્યાય એનાથી હું નભી રહ્યો છું. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું છે. 'રમણીકભાઈ'! આહાહા..!

હું એક ચૈતન્યજ્યોત ધ્રુવ સત્ મહા પદાર્થ (છું). એવો, એના અસ્તિત્વને લઈને મારું હોવાપણું છે. એક સમયની જ્ઞેય અવસ્થાના જાણપણા જેટલો પણ હું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ બધા જાણવાયોગ્ય પદાર્થો છે. એના આમ લક્ષથી જે ઉભો છે એ મૂઢ (જીવની) ન્યાં દૃષ્ટિ પડી છે. એ પોતાની ત્રિકાળની હયાતીના જીવતરનો નકાર કરે છે. સમજાણું કાંઈ?

અહીં તો સ્વસત્તામાં પરસત્તાનો અંશ પણ નથી. ભગવાનઆત્માના દ્રવ્ય અને પર્યાયના અંશમાં પરસત્તાનો અંશ પણ નથી. પણ પરસત્તાનો અંશ મારામાં છે અથવા એને લઈને મારી આ પર્યાય છે એ મૂઢ જીવ છે. એને પર્યાયના અસ્તિત્વની ઉત્પત્તિના સામર્થ્યની ખબર નથી. અહીં તો પરના જાણપણારૂપ પર્યાય એટલો હું છું (એમ માને છે તે પણ) બાહ્ય બુદ્ધિ છે. પરસત્તા અવલંબનનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ પરમાર્થ જ્ઞાન નથી. જાણપણું **'જ્ઞેયાવસ્થાના જાણપણાથી...'** આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાન સ્વભાવને લક્ષે થયેલી અવસ્થા એનું નામ ધ્રુવપણું ને દ્રવ્યને માનીને એણે પર્યાયને

અનુભવી. સમજાણું? પણ જે જ્ઞાનની પર્યાયમાં એકલું પર તરફનું જ્ઞાન (છે), એ જાણપણાથી હું નાસ્તિ છું. આહાહા..! 'ચીમનભાઈ'! જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રનું જ્ઞાન (થાય), આ દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન (થાય) એ બધા પરજ્ઞેય છે ને? એ બધા પરજ્ઞેય છે. આખો સ્વજ્ઞેય તો રહી ગયો અને એના અવલંબે થતી જ્ઞાનની પર્યાય એ તો રહી ગઈ. અસ્તિત્વના સ્વીકારે જ્ઞાનનો પર્યાય (થયો એ) એનું આત્મજ્ઞાન થયું. સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞેયાવસ્થાના જાણપણાથી મારી નાસ્તિ છે. એમ જ્ઞાની પોતાના આત્માને દ્રવ્યના લક્ષે થયેલું જ્ઞાન એમાં હું છું. પરના લક્ષે થયેલું જ્ઞાન એ મારામાં નથી. ઓહો..! પરવસ્તુ તો મારામાં નથી. સમજાણું? આ દયા-દાનના વિકલ્પ, રાગ એ મારામાં નથી પણ એના સંબંધી થતું પરાલંબી જ્ઞાનનું જાણપણું એથી પણ હું અહીં નથી. આહાહા..! 'મગનભાઈ'! ભારે વાત, ભાઈ!

અજ્ઞાનીને એની જ્ઞાન પર્યાયમાં જ્ઞાનનું જ્ઞાન નથી. ફક્ત પરના જ્ઞાનની અવસ્થામાં પોતાપણું માની અને બહાર ભમી રહ્યો છે. બહાર ભમીને ત્યાં જ એનું અવલંબન ત્યાં જ ટક્યું છે. સમજાણું કાંઈ? મારું જ્ઞાન, જ્ઞાન સ્વરૂપમાંથી દ્રવશે એમ નથી જાણતો. મારા જ્ઞાનની પર્યાય આ બધી શાસ્ત્ર ને પુસ્તક ને પાના ને એમાંથી દ્રવશે. સમજાણું કાંઈ? દ્રવ્ય હોય ત્યાંથી દ્રવે. ઇ ન્યાં તું ક્યાં દ્રવ્ય હતું? એટલે આમાંથી ઝરશે, એને આમ લક્ષ જ બહારમાં (રહે છે). સમજાણું કાંઈ? ભારે ભાઈ! ટીકા કેવી કરી જુઓને! ઓ..હો..! સમજાણું? ભગવાનઆત્મા વસ્તુસ્વરૂપે જ્ઞાનની મૂર્તિ પ્રભુ! એના અવલંબે થયેલી અવસ્થા, તે રૂપે અભેદ આત્મા (છે) એને જ્ઞાની પોતાનું અસ્તિત્વ સ્વીકારે છે.

જ્ઞાનમાં ક્ષયોપશમથી પરના જ્ઞાનની ઘણી દશા થઈ એથી હું મોટો થયો, હું અધિક થયો એમ માનનાર પરના લક્ષે થયેલી જ્ઞાન અવસ્થાને જ પોતાની માને છે. આહાહા..! (અજ્ઞાની વસ્તુને) નથી માનતો. દેખાતું નથી કે, આ જ્ઞાયકમૂર્તિ વસ્તુ ભિન્ન છે, એનો પર્યાય તે મારો, આ નહિ. સ્વાલંબી થયેલું જ્ઞાન તે હું. સમજાણું કાંઈ? એ ક્ષયોપશમના જ્ઞાનમાં પર તરફના લક્ષના જ્ઞાનમાં પણ જે અભિમાન વર્તે છે એ, મારામાં એ જ્ઞાન નથી એમ નથી માનતો, એવડો હું છું એમ માને છે. એ..ઇ..! 'મગનભાઈ'! જુઓ! શું કીધું?

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી, જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી નાસ્તિપણું છે એવી પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી.'** અજ્ઞાની એ પ્રતીતિ કરી શકતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનનો ડુંગર પ્રભુ! એના લક્ષે જે જ્ઞાન દ્રવ્યું તે આત્મા, તે આત્મજ્ઞાન, તે પોતાનું હોવાપણું એમ જ્ઞાની સ્વીકારે છે. પરના અવલંબે (થયેલું) જ્ઞાન એ પરમાર્થ જ્ઞાન નથી, એ મોક્ષમાર્ગ નથી, એ મુક્તિના કારણનો ઉપાય પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનમાત્ર વસ્તુ છે. વસ્તુ પોતે જ્ઞાનમાત્ર, એકલો જ્ઞાન ધ્રુવ વસ્તુ. એનું

જ્ઞેયાવસ્થાના જાણપણાથી મારામાં નાસ્તિ છે એમ જ્ઞાની માને છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મીની ભૂમિકામાં ધર્મી એમ માને છે કે, મારી દશામાં અને હું છું ત્યાં એ પરવસ્તુની તો નાસ્તિ છે, પુણ્ય-પાપની નાસ્તિ છે પણ એ સંબંધીનું પરાલંબી જેટલું જ્ઞાન છે એ પણ મારા સ્વરૂપમાં નાસ્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો હજી શુભજોગને લઈને હું છું, એને લઈને મને સમ્યગ્દર્શન થાશે. શુભ જોગથી ક્ષાયિક સમકિત થાય. ભગવાન! તું બહાર બહુ ભમ્યો, હોં! કહે છે. અંદર પુંજીમાં માલ પડ્યો છે એની સામું તારી નજર ન ગઈ. રાગની મંદતા શુભજોગ કરે એનાથી ક્ષાયિક સમકિત થાય. એટલે? પૂર્ણાનંદ પ્રભુનો એને શુભજોગને લઈને વિશ્વાસ આવી જાય. સમજાણું કાંઈ? અત્યારે કેટલાક આમ ચલવે છે. ભગવાન તારામાં ક્યાં અપૂર્ણતા છે? ક્યાં ઓશીયાળાપણું છે? તું તો પૂરો છો ને, ભાઈ! કે, જેથી આવા પરાલંબી જ્ઞાનથી તારું હોવાપણું સ્વીકાર તો આખો ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને અવલંબે જે (જ્ઞાન) થાય તે તારું અસ્તિત્વ છે એને તું ચુકી જા છો, કહે છે. સમજાણું કાંઈ?

**'એવી પ્રતીતિ...'** **'कलयन्'**, **'कलयन्'** એટલે અનુભવે છે એમ. તેનો અર્થ કર્યો – **'પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી.'** **'कलयन्'**નો અર્થ અનુભવવું થાય છે. સમજાય છે? અહીં પ્રતીતનો વિષય લીધો એટલે (એમ કહ્યું) પ્રતીતિ કરે છે ધર્મી. હું એક જ્ઞાયકમૂર્તિ ત્રિકાળ ચિદાનંદ (છું) અને તેની તેને અવલંબે થયેલી જ્ઞાન–સ્વજ્ઞાનની દશા એમાં આ નાસ્તિ છે એમ જ્ઞાની પોતાના આત્માને પ્રતીતિ કરે છે. સમજાણું કાંઈ? ઓ..હો..! પર નિમિત્ત તો મોક્ષમાં મદદ (કરે) નહિ... અહીં તો કહે છે, સજીવ... શું કીધું? સચેત ક્રિયા. સચેત શરીર, સચેત શરીરથી ધર્મ થાય અરે.! ભગવાન! ક્યાં તું ગયો? ભાઈ! આહાહા..! સચેત શરીર, જીવવાળું શરીર હોય ને તો એનાથી ધર્મ થાય. ત્યાં સુધી પ્રશ્ન ઉઠ્યો છે. આહા..! ગજબ કાળ! 'રાજમલજી' કહે છે, અરે..! આ તો ભારે ગજબ કરી છે! પહેલો પ્રશ્ન ઇ ઉત્પન્ન કર્યો, પંડિત થઈને. ભગવાન! તેં શું કર્યું? ભાઈ! બિચારા માણસને કાંઈ ખબર ન મળે. આહાહા..! સમજાણું?

એ સજીવ શરીરની પર્યાયને આ જ્ઞાન જાણે ને? એ જ્ઞાન આત્માનું નહિ. પર્યાય તો શેની એની હોય? આહાહા..! સમજાણું કાંઈ? એ સજીવ આ જડ, માટી, ધૂળ છે એની દરેક સમયની અવસ્થા (થાય) એ આત્માની પર્યાયમાં એનો એકેય અંશ નથી, કે જેથી એને લઈને એમાં આત્માની પર્યાય ધર્મની પ્રગટે. એ તો નહિ પણ એ શરીર આવું છે એવું જે જ્ઞાનમાં પર્યાયમાં જણાણું એ પર્યાય પણ આત્માની નથી ને એ પર્યાય મુક્તિનું કારણ નથી. આહાહા..! 'મગનભાઈ'! ઓહોહો..! અગિયાર અંગનું જ્ઞાન. જ્ઞાનની પર્યાય પરલક્ષે ઉત્પન્ન થઈ એની મારા સ્વરૂપમાં નાસ્તિ છે. એ મારા સ્વરૂપમાં નથી. મારું સ્વરૂપનું હોય એ તો મુક્તિનું કારણ થાય. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ!

**'अस्य परकालतः नास्तित्वं कलयन्'** એ પણ પરકાળ કીધો, ભાઈ! શું પરકાળ?

આહાહા..! સ્વકાળ તો જ્ઞાયકમૂર્તિ ભગવાનઆત્મા એને આશ્રયે થયેલું જ્ઞાન તે સ્વકાળ છે. 'મગનભાઈ'! આ તો પુરાણી વાત જરીક યાદ કરી હતી કાલે, નહિ? વાત યાદ તો આવે કે નહિ? આ વસ્તુ ક્યાં બાપુ! આ વસ્તુ ક્યાંય સર્વજ્ઞ સિવાય હોઈ શકે નહિ. જેને એક સમયમાં ત્રણકાળ પર્યાયને જાણતા જણાણા. એક સમયનો પર્યાય જાણતા ત્રિકાળ જણાય ગયા. પોતાનો પર્યાય, હોં! પરનો નહિ. એવું આત્માના એક સમયની પર્યાયનું સામર્થ્ય (છે). સમજાય છે? એ પર્યાયના સામર્થ્યમાં એકલું પરના જાણવાનો પર્યાય અવલંબે એને પણ અહીંયાં જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! કેટલાને કાઢી નાખવા?

કહે છે, ભગવાન! તું તો ચૈતન્યમૂર્તિ પ્રભુ છો ને! આ જ્ઞાનનો મોટો સૂર્ય, જ્ઞાનનો સૂર્ય! એ જ્ઞાનના સૂર્યને લક્ષે, આશ્રયે જે જ્ઞાનની દશા થઈ એટલો તું. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર એમ ફરમાવે છે, અરે..! આત્મા! ભગવાન! તારું તત્ત્વ તો પૂર્ણ છે ને પ્રભુ! એવા જ્ઞાન પૂર્ણ ભગવાનને અવલંબે થયેલી જ્ઞાનની અવસ્થા તે તારું અસ્તિત્વ છે. આવા અસ્તિત્વને પ્રતીતમાં લીધા વિના આ વિકલ્પ હતો માટે મને ઠીક થયું, આ શરીર અવસ્થા હતી તો મને ધર્મમાં ઠીક પડે આ એ તો મિથ્યાત્વ છે, અસત્ય છે એમ વસ્તુનું સ્વરૂપ નથી. પણ આ શાસ્ત્રના જ્ઞાન અને વીતરાગદેવની શ્રદ્ધાનો વિકલ્પ એનું જે જ્ઞાન... સમજાણું કાંઈ? આ પંચ મહાવ્રતના પરિણામ અને એ સંબંધેનું જ્ઞાન, પરિણામ તો નહિ પણ એ સંબંધીનું જ્ઞાન, એકલા પરાકારે પરિણમેલું જ્ઞાન એ હું નહિ, એ હું નહિ. હું (છું) ત્યાં પરનું અવલંબન હોય નહિ. આહા..! કહો, 'ધર્મચંદજી'! હવે આ શું કરવું? આ આવું ઝીણું તત્ત્વ. હવે આમાં જાત્રા ને પૂજા ક્યાંય આવી નહિ. જાત્રા ને પૂજાની ક્રિયા અને એમાં થતો શુભભાવ, એને અવલંબીને એકલું જ્ઞાનનું પરિણમન જ્ઞાન પરજ્ઞેયાકારે થાય એટલો હું, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં તો કહે છે. 'નવનીતભાઈ'! માખણ છે, બાપુ! જુદી જાત છે. આહાહા..!

કહે છે, પોતે ભગવાન જેવડો છે એવો ન માને તો મિથ્યાત્વ, એમ નથી? જીવને અજીવ માનવો, અજીવને જીવ માનવો એમ મિથ્યાત્વમાં નથી બોલતા? જીવને અજીવ માનવો. જીવ ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, એમાં થયેલું, એને અવલંબીને થયેલું જ્ઞાન તે જીવ છે. અને આ પરાલંબી થયેલું જ્ઞાન એ જીવનું સ્વરૂપ જ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્ય મહાસત્તા પ્રભુ! સર્વજ્ઞ પરમાત્માએ તો તારી મહાસત્તા ચૈતન્યની જોઈ છે. એણે જોઈ એમ તું જો ત્યારે તને સાચુ જ્ઞાન થાય. સમજાય છે?

અહીં તો સ્યાદ્વાદી એમ જાણે છે. **'કેવો છે સ્યાદ્વાદી?' 'अस्य परकालतः नास्तित्वं कलयन्'** એ પરકાળ, જે પરને અવલંબે થયેલી અવસ્થા, એનાથી હું નાસ્તિ છું, એનાથી હું નાસ્તિ છું. અજ્ઞાની એમ માને છે કે, એટલો જ હું ને એનાથી હું છું. આહાહા..! બાપુ! માર્ગ તો પ્રભુનો વીતરાગ માર્ગ તો એવો છે. પોતે આત્મા વીતરાગસ્વરૂપ છે. એનું જ્ઞાન

નિર્દોષ વીતરાગી જ્ઞાન છે. આત્માનું વીતરાગી જ્ઞાન છે. એ વીતરાગી જ્ઞાનની પર્યાય વીતરાગ જ્ઞાનના અવલંબે થાય એનું નામ ધર્મ છે. એ વીતરાગી જ્ઞાનની પર્યાયમાં જેટલું પરનું અવલંબન રહે અને વીતરાગી જ્ઞાન ન કરે અને રાગ ને પુણ્યના ભાવનું જ્ઞાન કરે એ પણ વીતરાગી પર્યાય નથી, મહાપ્રભુનો એ અંશ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પર કાળની અવસ્થા, પાછી એકલી જ્ઞાન અવસ્થા ન લીધી. વસ્તુ એવી જે પહેલેથી લ્યે છે, હોં! પહેલી તો બે લીધી, અહીં તો એકલી લીધી. કાલે તો બાહ્ય વસ્તુની બે લીધી ને? કાલે બાહ્ય વસ્તુના બે બોલ આવ્યા હતા ને? સમસ્ત જ્ઞેય ને જ્ઞેયાકારે પરિણમેલો જ્ઞાનપર્યાય. અહીં વળી સવળું કરી નાખ્યું, પરનું કાઢી નાખ્યું. આમ શરીર, વાણી, મન (જણાય) એ વખતે જે આમ પરની સત્તાના લક્ષે–અવલંબે જ્ઞાનનો પર્યાય થાય એનું નાસ્તિપણું ભગવાનઆત્મામાં છે, તો જ્ઞેયની અવસ્થાનું તો નાસ્તિપણું હોય જ. ઓહો..!

**'એવી પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી.'** સમ્યગ્દષ્ટિ આમ પ્રતીતિ કરે છે. એ પ્રતીતિ કરે એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'વળી કેવો છે?'** **'आत्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्'** દેખો! **'જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં...'** **'आत्म'** શબ્દે જ્ઞાનમાત્ર જીવવસ્તુ, જ્ઞાનમાત્ર પ્રભુ, ચૈતન્યમાત્ર, સ્વભાવમાત્ર ભગવાન. **'निखात'** **'અનાદિથી એક વસ્તુરૂપ, અનાદિથી એક વસ્તુરૂપ,...'** પોતે. કેવો (છે)? **'અવિનશ્વર,...'** નાશ વિનાની ચીજ છે. **'ઉપાય વિના દ્રવ્યના સ્વભાવરૂપ...'** કોઈ ઉપાય વિના દ્રવ્યનો સ્વભાવ જ એવો છે. કોઈ ઉપાય કરીને નિમિત્તથી આટલું છે એમ છે નહિ. **'એવી જે જાણપણારૂપ શક્તિ...'** મારી ત્રિકાળ જ્ઞાનરૂપ શક્તિનું **'તે-રૂપ...'** **'एकपुञ्जीभवन्'** **'હું જીવવસ્તુ છું,...'** **'एकपुञ्जीभवन्'** એકરૂપ જ્ઞાનનો પુંજ પ્રભુ છું એ મારો સ્વ-ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

પહેલા ચાર બોલ લીધા હતા ને? સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પ પદાર્થમાત્ર વસ્તુ. એ અસ્તિ. પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ પાડવો તે પરદ્રવ્ય. એની નાસ્તિ. પરદ્રવ્યની નાસ્તિ લેવી છે ને? આહાહા..! સમજાણું કાંઈ? સ્વક્ષેત્ર એટલે એક અખંડ, અસંખ્ય પ્રદેશનો એક પ્રદેશ, એમ. એક પ્રદેશ. અખંડ પ્રદેશ એ સ્વક્ષેત્ર. એ સ્વક્ષેત્રમાં ભેદ પાડવો કે, આ પ્રદેશ, આ પ્રદેશ. એ પરક્ષેત્ર (છે). એ પરક્ષેત્રની આ સ્વક્ષેત્રમાં નાસ્તિ (છે). ભગવાનઆત્મા ત્રિકાળી એકરૂપ તે ત્રિકાળી એક વસ્તુ એક ત્રિકાળ તે સ્વકાળ. ત્રિકાળમાં એક સમયની અવસ્થાનો ભેદ પાડવો તે પરકાળ. સમજાણું કાંઈ? એ પરકાળની નાસ્તિ (છે). ભારે વાત, ભાઈ! ભગવાન એક વસ્તુ, ત્રિકાળ એકરૂપ વસ્તુ એ ત્રિકાળ. ત્રિકાળ એક સમય, ત્રિકાળ એક વસ્તુ તે સ્વકાળ અને એક સમયનો અવસ્થાંતર ભેદ લક્ષમાં લેવો તે પરકાળ. પરકાળની નાસ્તિ (છે). ઓહો..હો..! ભગવાન અનંત ગુણનો પિંડ એકરૂપ તે સ્વભાવ, અનંત ગુણનો એકરૂપ તે સ્વભાવ. આ ગુણ છે એવો ભેદ લક્ષમાં લેવો એ પરભાવ. સમજાણું કાંઈ? ભગવાન અનંત ગુણનો પુંજ એકરૂપ એ સ્વભાવ. આ જ્ઞાન છે એમ ભેદ પાડવો તે પરભાવ. વ્યવહારનો

વિકલ્પ – ગુણી છે તે ગુણવાળો (છે) એવો વિચાર પાડવો તે પરભાવ. એ પરભાવમાં સ્વભાવની નાસ્તિ (છે). આહાહા..! સમજાણું કાંઈ? એ વાત અહીં લીધી છે.

ભગવાનઆત્મા એક સમયનો પ્રભુ પૂર્ણ. **'एकपुञ्जीभवन्'** કીધું ને? **'એવી જે જાણપણારૂપ શક્તિ તે-રૂપ...'** **'एकपुञ्जीभवन्'** **'હું જીવવસ્તુ છું,...'** એકરૂપ છું. **'અવિનશ્વર જ્ઞાનસ્વરૂપ છું...'** અવિનાશી ધ્રુવ એવો ને એવો હું એકરૂપે છું. જાણે ભલે પર્યાયથી, પણ જાણે છે એકરૂપ પુંજ મારો ત્રિકાળ એક વસ્તુ છું. **'એવો અનુભવ કરતો થકો.'** એ અનુભવ કરતા, એ પર્યાય છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાન વસ્તુ હું છું, અવિનશ્વર જ્ઞાન છું, એવો પર્યાયમાં એનો અનુભવ થવો તે એનો સ્વકાળ કહેવાય છે, અભેદ ગણીને. સમજાણું કાંઈ? પરકાળથી તે નાસ્તિ છે. આહાહા..! આવી અસ્તિ-નાસ્તિ. એ આસ્તિક છે અને પેલો નાસ્તિક છે, બીજી ભાષાએ એમ કહ્યું. સમજાણું કાંઈ? શરીર, વાણી, કર્મથી હું માનવું એ નાસ્તિક છે.

કો'ક કાલે કહેતું હતું, પેલો કો'ક મરી ગયો ને? હું નાસ્તિક મટી ગયો નહોતો. એમ કોઈ કાલે કહેતું હતું. આહાર કરીને ફરીએ (ત્યારે) ઘણા આવે, વાતું કરે. હું નાસ્તિક મટી નથી ગયો, હું નાસ્તિક છું, હું કોઈને માનતો નથી. નાસ્તિક કોઈને માનતો નથી એ કોણ માને છે? શેના અસ્તિત્વમાં એ માન્યું કે હું કોઈને માનતો નથી? મોટો કવિ હતો, ૯૨ વર્ષની ઉંમરનો. કોઈ કાલે કહેતું હતું. બહુ પૈસા-બૈસા ઘણા ભેગા કર્યા હતા. મારી પાછળ કાંઈ કરવું નહિ પાદરી-પાદરી લાવવા નહિ, હું કાંઈ માનતો નથી. તમે જાણો કે, બધું અત્યાર સુધી કર્યું માટે હું નાસ્તિક મટી ગયો છું એમ નથી. હું તો પૂરો નાસ્તિક છું. ઠીક! ભારે વાત, ભાઈ! સમજાય છે? નાસ્તિક પૂરો છું એવો નિર્ણય કઈ ભૂમિમાં કર્યો? કોણે કર્યો ઇ? જ્યાં નાસ્તિનો નિર્ણય કરે છે ત્યાં જ અસ્તિ સુચવે છે. એનો અર્થ જ હું પૂરા અસ્તિત્વ, પૂરા અસ્તિત્વવાળો છું. બિલકુલ પૂરા અસ્તિત્વવાળો છું. પૂરો નાસ્તિ છું એટલે મારા સ્વરૂપમાં પૂરું અસ્તિત્વ છે. આનો નાસ્તિ છું, એમ. દૃષ્ટિફેર છે. આહાહા..! કોરો અસ્તિત્વને માનનારો પૂરો નાસ્તિત્વ છું એવું ગુલાટ ખાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..!

**'એવો અનુભવ કરતો થકો. આવો છે સ્યાદ્વાદી.'** આનું નામ સ્યાદ્વાદી નામ સમ્યક્દૃષ્ટિ. એનું નામ સમ્યક્દૃષ્ટિ, એનું નામ ધર્મી, એનું નામ સમ્યગ્જ્ઞાની, એનું નામ મોક્ષને માર્ગે પડેલો પંથી. આહાહા..!

મુમુક્ષુ :– ન હોવાપણાનું જોર ક્યાંથી આવે છે?

ઉત્તર :– એ મિથ્યાત્વમાંથી આવે છે ને! બુદ્ધિ અસત્ય છે ને એમાંથી. હું નથી. ન્યાં છે કે હું છું. હું નથી, હું મને માનતો નથી એટલે શું પણ? હું મને માનતો નથી એનો અર્થ શું? હું મને માનતો નથી. એટલે 'હું' (કહ્યું) ત્યાં તો અસ્તિ આવી ગઈ. સમજાય છે? માનતો નથી એ પણ એક દશા આવી ગઈ, એ પણ અસ્તિ થઈ ગઈ. પણ બહારની

ભ્રમણા છે ને એટલે અંદર અસ્તિત્વ એને બેસતું નથી. જ્ઞાની પરથી અસ્તિત્વ ન માનતા પોતાના પૂર્ણ અસ્તિત્વને શ્રદ્ધામાં લે ને અનુભવ કરે તેને ધર્મ થાય છે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

---

( શાર્દૂલવિક્રીડિત )

विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु
नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।
सर्वस्मान्नितस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्
स्याद्वादी तु न नाशमेतिसहजस्पष्टीकृतप्रत्ययः।।१२-२५८।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો; તેથી જેટલી-સમસ્ત-જ્ઞેયવસ્તુઓના જેટલા છે શક્તિરૂપ સ્વભાવ તેમને જાણે છે જ્ઞાન, જાણતું થકું તેમની આકૃતિરૂપે પરિણમે છે, તેથી જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય, તેમનાથી જ્ઞાનવસ્તુની સત્તા માને છે; તેમનાથી ભિન્ન છે પોતાની શક્તિની સત્તામાત્ર, તેને નથી માનતો; એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ સમસ્ત જ્ઞેયશક્તિને જાણે છે એવું સહજ છે; પરંતુ પોતાની જ્ઞાનશક્તિથી અસ્તિરૂપ છે. એમ કહે છે–"पशुः नश्यति एव" ( पशुः ) એકાન્તવાદી ( नश्यति ) વસ્તુની સત્તાને સાધવાથી ભ્રષ્ટ છે, ( एव ) નિશ્ચયથી. કેવો છે એકાન્તવાદી ? "बहिः वस्तुषु नित्यं विश्रान्त" ( बहिः वस्तुषु ) સમસ્ત જ્ઞેયવસ્તુની અનેક શક્તિની આકૃતિરૂપે પરિણમ્યા છે જ્ઞાનના પર્યાય, તેમાં ( नित्यं विश्रान्तः ) સદા વિશ્રાન્ત છે અર્થાત્ પર્યાયમાત્રને જાણે છે જ્ઞાનવસ્તુ,–એવો છે નિશ્ચય જેનો, એવો છે. શા કારણથી એવો છે ? "परभावभावकलनात्" ( परभाव ) જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે છે જ્ઞાનનો પર્યાય, તેમાં ( भावकलनात् ) અવધાર્યું છે. જ્ઞાનવસ્તુનું અસ્તિપણું, –એવા જૂઠા અભિપ્રાયના કારણથી. વળી કેવો છે એકાન્તવાદી? "स्वभावमहिमनि एकान्तनिश्चेतनः" ( स्वभाव ) જીવની જ્ઞાનમાત્ર નિજ શક્તિના ( महिमनि ) અનાદિનિધન શાશ્વત પ્રતાપમાં ( एकान्तनिश्चेतनः ) એકાન્ત નિશ્ચેતન છે અર્થાત્ તેનાથી સર્વથા શૂન્ય છે. ભાવાર્થ આમ છે કે સ્વરૂપસત્તાને નથી માનતો–એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે

**છે–''तु स्याद्वादी नाशम् न एति'' ( तु ) એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે. ( स्याद्वादी ) અનેકાન્તવાદી ( नाशम् ) વિનાશ ( न एति ) પામતો નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર વસ્તુની સત્તાને સાધી શકે છે. કેવો છે અનેકાન્તવાદી જીવ ? ''सहजस्पष्टीकृतप्रत्ययः'' ( सहज ) સ્વભાવશક્તિમાત્ર એવું જે અસ્તિત્વ તે સંબંધી દૃઢ કર્યો છે. ( प्रत्ययः ) અનુભવ જેણે, એવો છે. વળી કેવો છે ? ''सर्वस्मात् नियतस्वभाव-भवनज्ञानात् विभक्तः भवन्'' ( सर्वस्मात् ) જેટલા છે ( नियतस्वभाव ) પોતપોતાની શક્તિએ બિરાજમાન એવા જે જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો તેમની ( भवन ) સત્તાની આકૃતિરૂપે પરિણમ્યા છે એવા ( ज्ञानात् ) જીવના જ્ઞાનગુણના પર્યાય, તેમનાથી ( विभक्तः भवन् ) ભિન્ન છે જ્ઞાનમાત્ર સત્તા-એવો અનુભવ કરતો થકો. ૧૨-૨૫૮.**

---

માગશર વદ ૧૪, મંગળવાર તા.૨૧.૧૨.૧૯૬૫
કળશ - ૨૫૮ પ્રવચન - ૨૭૬

બારમો કળશ છે.

**( શાર્દૂલવિક્રીડિત )**

**विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु**
**नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।**
**सर्वस्मान्नितस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्**
**स्याद्वादी तु न नाशमेतिसहजस्पष्टीकृतप्रत्ययः।।१२-२५८।।**

શું કહે છે? આ સ્વભાવની અસ્તિ બતાવવી છે. એમાં પહેલા પરભાવથી અસ્તિ માનનાર એકાન્તી કેવા હોય છે એની વાત કરે. ઝીણું તો છે, આ અનેકાન્ત ઝીણી વસ્તુ છે. ધ્યાન રાખીને બરાબર લક્ષમાં રાખવું. એમાં વધારે ધ્યાન રાખવું એમ એનો અર્થ છે. ઝીણું એટલે બરાબર એણે ધ્યાન રાખવું જોઈએ તો સમજાય. આકરું (કહે છે પણ) આ દુનિયાની વાત કેટલી સંઘરે છે! મમતાના ભંડોળ. મમતાનો ભંડોળ કેટલો છે એની પાસે. ઓહોહો..! અંદરથી ચાલી નીકળ્યો છે. ઇ અહીં કહે છે કે, તારી શક્તિમાં તું છો કે નહિ? તારા કોઈ સ્વભાવમાં શક્તિ છે કે નહિ? કે તું પર શક્તિથી નભી રહ્યો છો? એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે...'** કહેવું છે તે એ છે કે એમ. **'એકાન્તવાદી...'** એક પક્ષે જોનારો **'મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે,...'** એટલે કે આત્માને પરશક્તિથી જ હું છું એમ માને છે. સમજાણું કાંઈ? **'દ્રવ્યરૂપ નથી માનતો;...'** હું સ્વશક્તિવાન સ્વભાવ

સામર્થ્યવાળો છું એમ અજ્ઞાની માનતો નથી. એની પર્યાયમાત્રની વ્યાખ્યા ઇ છે. **'તેથી જેટલી-સમસ્ત-જ્ઞેયવસ્તુઓના જેટલા છે શક્તિરૂપ સ્વભાવ...'** શું કહે છે? જેટલી સમસ્ત જાણવા યોગ્ય જે વસ્તુ છે એની જેટલી શક્તિ (છે). બે બોલ, જેટલી જાણવા યોગ્ય વસ્તુ–એક અને જેટલી એની શક્તિ–બે. આત્મામાં શરીર, દેહ આદિ બધા પરપદાર્થ, જેટલા પરપદાર્થ છે અને એમાં જેટલી શક્તિનું સામર્થ્ય છે. શરીરમાં જેમાં હલન-ચલન આવી શક્તિ, પરમાણુમાં લાલ-પીળા આદિની શક્તિ. અનેક પ્રકારના સંઘયણ નામ મજબુતની શક્તિ. સમજાય છે? એવી અનેક પ્રકારની વસ્તુના–પરપદાર્થના જેટલા ભાવ છે (શક્તિ એટલે ભાવ અંદર) **'તેમને જાણે છે જ્ઞાન,...'** આ જ્ઞાનની અવસ્થા એ બીજા પદાર્થના શક્તિરૂપ સામર્થ્યને જ્ઞાનનો પર્યાય જાણે છે.

**'જાણતું થકું તેમની આકૃતિરૂપે પરિણમે છે,...'** જ્ઞાનની અવસ્થા પરપદાર્થના સામર્થ્યની શક્તિઓને જાણતા પોતે જ્ઞાન પર્યાયે પરિણમે છે. **'તેથી જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય,...'** એ જાણવાની જે પર્યાય એ **'જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય, તેમનાથી જ્ઞાનવસ્તુની સત્તા માને છે;...'** એટલી જ જ્ઞાનની સત્તા એ માને છે. શું કીધું? જરીક ઝીણું છે. આત્માનો જ્ઞાન પર્યાય બીજા અનંત પદાર્થ ને એની સામર્થ્ય–શક્તિ એ રૂપે જ્ઞાનની પર્યાય–જ્ઞાન દશા જાણવારૂપે પરિણમે છે, એટલો જ આત્મા છે ને એટલો જ આત્મા છું અજ્ઞાની એમ જીવને માને છે. સમજાણું કાંઈ?

શરીરની સંઘણની મજબુતાઈ એના જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં આવે, કે આ શરીરનું સંઘયણ મજબુત છે. એવો જ્ઞાન પર્યાય એને જાણે. જ્ઞાન પર્યાય એની શક્તિને જાણતા એટલું પરિણમન છે, શક્તિને અવલંબે પરિણમન પોતાનું (છે) એટલો જ આત્મા છે, એટલો જ શક્તિવાન આત્મા છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

શુભાશુભભાવ, દેહ આદિની શક્તિ કે સામા ગુણોના ગુણની શક્તિ છે ને? પરમાણુમાં એકદમ રંગ પલટે, લીલાનો ધોળો થાય. આમ ફટ અંદરમાં ઠંડી થઈ જાય, ક્યારેક ગરમી થઈ જાય એવી શક્તિઓ છે ને એનામાં–પુદ્ગલોમાં? એ શક્તિઓને જાણતો જ્ઞાન પર્યાય (એમ જાણે છે કે) ઓહોહો..! એ શક્તિ પ્રમાણે જ્ઞાનનો પર્યાય એના આકારરૂપે પરિણમે એવો પર્યાયનો ધર્મ (છે) પણ એટલા પર્યાય પૂરતો આત્મા છે એમ માને છે, એ આત્મા એનાથી ભિન્ન અનંત ગુણની શક્તિ ચૈતન્ય આનંદકંદ છે, જ્ઞાનનો સાગર છે એવી શક્તિને અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ?

જુઓને! ઘણા એવા હોય છે ને? પરપદાર્થની શક્તિ (જોવે તો) ઓહોહો..! ઓ..હો..હો..! (થઈ જાય). રોકેટ જાય છે. હું વિમાન કહેવાનો હતો. આમ જાય, એક મિનિટમાં આમ જાય, એક કલાકમાં આમ જાય, એક કલાકમાં પાંચસો માઈલ જાય, ધૂમાડો નીકળે ઇ. એક કલાકમાં આટલું જાય. એ બધી પુદ્ગલોની શક્તિઓ અને કોઈ જીવની બહારની પર્યાયમાં

રાગાદિ, વિકાર આદિની શક્તિ, એવી શક્તિને જાણતો જ્ઞાનનો પર્યાય વર્તમાનમાં એ શક્તિના આકારે પરિણમે એવો પર્યાયધર્મ (છે) પણ એટલો પરશક્તિના આકારે પરિણમ્યો એટલો જ આત્મા માનનાર પોતાની મહાન ચૈતન્ય આનંદ શક્તિ છે તે દૃષ્ટિને ભૂલી જાય છે. સમજાણું કાંઈ? જુઓને! અત્યારે તો એ બધી પરના શક્તિના માહાત્મ્ય બહુ આવે છે લોકોને.

મુમુક્ષુ :– એમ આવે છે સાયન્સનો ખાં.

ઉત્તર :– ... એ તો ધૂળની શક્તિ, એમાં થવાની હતી એમ થઈ છે. આણે આમ કર્યું, આમ કર્યું. જુઓ! કેટલી શક્તિ ફોરવી! એ જ્ઞાનની પર્યાયમાં વર્તમાન જાણવા તરીકે પરદ્રવ્યની શક્તિનું જ્ઞાન પરિણમે પણ એટલો જ જ્ઞાન આત્મા છે? એટલો જ આત્મા છે? એ શક્તિના પરિણમન ઉપરાંત પોતે ત્રિકાળ અનંત જ્ઞાનની મૂર્તિ ચિદાનંદ છે. એ રૂપે જ્ઞાનને પરિણમીને પોતાનું જ્ઞાન સ્વરૂપ જાણવું જોઈએ એને ઠેકાણે આટલો પરિણમેલો હું છું તે જ આત્મા છે એ પરશક્તિથી પોતાને માને છે, પોતાની શક્તિથી પોતાને માનતો નથી. કહો, સમજાણું? ‘જમુભાઈ’! ત્યાં કેમ બેઠા? અહીં વચમાં ઘણી જગ્યા છે. એ તો અહીં બધે પહોળું ઘણું પડ્યું છે. શું થયું? પાછળથી આવ્યા હશે. શું કીધું આ? જુઓ! આ બધા હાડકાની શક્તિ, દવાની શક્તિ, ફલાણી શક્તિ છે એને માને છે કે નહિ? ફલાણા પુદ્ગલની શક્તિ, આની આ શક્તિ...

મુમુક્ષુ :– ઇંજેક્શનની શક્તિ.

ઉત્તર :– હા, ઇંજેક્શનની શક્તિ. ક્યાં ગયા? એવી શક્તિ કે, આમ ફટ... એવી પરપદાર્થની શક્તિ છે પરમાં, પણ એ શક્તિનું વર્તમાન જ્ઞાનની અવસ્થામાં એ જ્ઞેયાકારે પરિણમન થાય. એટલો જ આત્મા છે એમ માનનાર મૂઢ પોતાના અનંત જ્ઞાન શક્તિનો ભંડાર ભંડોળમાં અનંત જ્ઞાન ને આનંદની શક્તિ પડી છે એ શક્તિની એ શ્રદ્ધા કરતો નથી. સમજાણું કાંઈ? કહો, ‘રમણીકભાઈ’! તમારા ‘મુંબઈ’માં તો બહુ આમ ચાલે અંદર આ..હા..! હો..હા..! બાવીસ માળના માળ ને આહાહા..! ત્યાં થાય છે કે નહિ? ત્યાં શું કહે છે ઇ? (નરીમાન) પોંઇટ... પોંઈટ... આપણને યાદ રહેતું નથી.

મુમુક્ષુ :– મોટા મકાનો થાય.

ઉત્તર :– મોટા મકાનો થાય. ત્યાં પથરા બહુ પડ્યા હતા. અમે દિશાએ જાતા ને. બહુ પથરા પડ્યા હતા કે, હવે અહીં (મકાન) થવાના છે. (અજ્ઞાનીને એમ લાગે કે) ઓહોહો..! માણસની શું શક્તિ! માણસની શું શક્તિ, શક્તિ તો બધી એને કારણે ત્યાં પરમાણુ ખડકાઈ ગયા. શું શક્તિ! ઓહોહો..! સંચો ઉપાડે, આમ મોટો સંચો ઉપાડે. કહો, મોટા મોટા મકાનો સંચાથી ઉપડે. લાકડાના થાય છે ને મોટા મોટા ત્રીસ-ત્રીસ માળના! સંચેથી ઊપડે ને સંચેથી એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જાય. એની શક્તિનું જ્ઞાનમાં પરિણમન થતાં એમ માને છે કે, ઓહોહો..! આટલો હું. એમાં આખો બહિરવસ્તુમાં અર્પાઈ જાય છે. કહો, ‘ભીખાભાઈ’!

મુમુક્ષુ :– શક્તિ નથી એનામાં?

ઉત્તર :– એની શક્તિ એનામાં રહી પણ એની શક્તિનું અહીં જ્ઞાન થયું એટલો આત્મા છે? એટલી શક્તિવાળો આત્મા છે? એટલો શક્તિવાળો આત્મા છે? એથી તો અનંત... અનંત... ગુણી શક્તિનો ગુણ અને એની શક્તિને જાણવાપણે (પરિણમતી) પર્યાય, એવડી પર્યાયને પણ એ જાણતો નથી. શું કીધું? સમજાણું કાંઈ?

એક સમયમાં ભગવાન અનંત જ્ઞાનની મૂર્તિ, અનંત આનંદનું સ્વરૂપ એવી અનંત શક્તિઓનું સત્ત્વ, એ શક્તિને આશ્રયે જે જ્ઞાન થાય, એ શક્તિના અવલંબે થયેલી જ્ઞાનની પર્યાય આત્માની ખરી. એ તો અભેદ થઈને પોતાને માન્યો કે, હું આવો આખો આત્મા છું. સમજાણું? પણ એ પર્યાયમાં પરની શક્તિનું જ્ઞાન થતાં એને શક્તિનું જ્ઞેયાકાર પરિણમ્યું એનું માહાત્મ્ય લાગી ગયું કે, ઓહોહો..! સમજાણું કાંઈ? એ પરશક્તિને લઈને હું છું એમ એણે જાણ્યું.

બીજી ભાષા એમ કરી છે કે, એ શક્તિનું અહીં જ્ઞાન પરિણમ્યું એટલો (આત્મા) માન્યો એનો અર્થ કે, પર્યાયને એણે માની, દ્રવ્યને માન્યું નહિ. એક સમયમાં જાણવાની શક્તિ છે એને જાણી, માની તે પણ એટલી પરશક્તિને જાણવાનો પર્યાય, સ્વશક્તિને જાણવાનો પર્યાય રહી ગયો આખો. સમજાણું કાંઈ? આહાહા..!

એક સમયમાં ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન આનંદનો કંદ મહા અનંત ગુણનું મહા સ્વરૂપ છે. અનંત શક્તિ! એક જ્ઞાન ગુણમાં, એક આત્માના એક જ્ઞાન ગુણમાં અનંતી શક્તિ અને અનંતી પર્યાય. શું કીધું? જ્ઞાન ગુણ એક, એક હોં! એક ગુણ. એમાં અનંતી શક્તિ અને એક એક ગુણની અનંતી પર્યાય. એવડા ગુણને આશ્રયે જે પર્યાય થવી જોઈએ એ તો આત્માનો પર્યાય ખરો ને એ પર્યાય દ્રવ્ય સાથે અભેદ થયો એટલે એણે પર્યાય ને દ્રવ્ય બેયને માન્યા. આ તો એક સમયનો પર્યાય જ્યાં નિમિત્તને અવલંબે પ્રગટ્યો એમ એને લાગ્યું. જુઓ! આ શાસ્ત્ર ભણ્યો, આ ભણ્યો, આ ભણ્યો, આનું લક્ષ બહુ રાખ્યું ને એનાથી આ જ્ઞાનની પર્યાય પ્રગટી એમ માન્યું અને એ ઉપરાંત એને આકારે જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એટલો હું છું એમ માન્યો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી છે, એને સ્વશક્તિના માહાત્મ્યની ખબર નથી. કહો, સમજાણું કે નહિ?

એકદમ રંગ પીળો થઈ જાય, એકદમ લીલો થઈ જાય. આહાહા..! શું શક્તિ! (એમ) કહે. પાણીમાં નથી હોતા? 'મૈસુર' કે શું ક્યાંક? પાણીની અંદર... હેં? આવડા મોટા મોટા મુકેલા અંદર. પ્રકાશ (થાય)! ઓહો..! (થઈ જાય). શું છે પણ ઓહો..? સૌની સાથે ગયા હતા ને! ન્યાં ઓહો ક્યાં ગરી ગયું એમાં? કહો, સમજાણું આમાં? એ તો જ્ઞાનનો એક સમયનો પર્યાય, એક સમયનો વીર્યનો પર્યાય પોતાને આશ્રયે પ્રગટેલું છે એમાં એ પરની શક્તિનું જ્ઞાન પોતે સ્વતઃ થઈ જાય છે. એને ઠેકાણે પરશક્તિના જ્ઞાન તરફ દોરાયેલો (અજ્ઞાની)

એણે એ પર્યાયને ન્યાં ઢોળી દીધી. એ જ જ્ઞેય આકારે જ્ઞાન થયું માટે એનાથી થયું અને એ આકારે જ્ઞાન થયું એટલો જ હું છું. (એમ અજ્ઞાની માને છે) સમજાણું કાંઈ? આહા..! ઝીણું છે, ભાઈ!

બે અસ્તિત્વ તત્ત્વો આખા. અંદર પૂર્ણ શક્તિનો ભંડાર ભંડોળ છે. અનંત... અનંત... શક્તિ એક એક ગુણમાં, હોં! એવી અનંતી શક્તિઓ. આત્મદ્રવ્યમાં અનંત ગુણ એટલે શક્તિ (છે). એની એક શક્તિનું અનંત સામર્થ્ય. એની અનંત સામર્થ્યની અનંતી પર્યાય. એમાં એક જ પર્યાય જ્યાં પરાલંબીની આકૃતિની શક્તિરૂપે જાણી, તેટલો માન્યો (તે) પર્યાયમૂઢ છે (એને) દ્રવ્યની ખબર નથી. કહો, સમજાણું કાંઈ? એટલી અવસ્થામાત્ર આત્માને માને છે. પરભાવના પરિણમનના જ્ઞાનમાત્ર ભાવરૂપવાળો છું એમ માને છે. પણ હું એક અનંત ગુણનો શક્તિ મહાન (પદાર્થ છું) એનું લક્ષ, ત્યાં દૃષ્ટિ ઉપર દ્રવ્યની શક્તિઓના અનંત અમાપ ગુણની પ્રતીતિનો ત્યાં અભાવ છે. ફક્ત એટલી પર્યાયની પ્રતીતિનો ત્યાં ભાવ વર્તે છે. તેને એકાન્તપક્ષી મૂઢ મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? આહા..! ભારે વાત, ભાઈ!

**'સમસ્ત-જ્ઞેયવસ્તુઓના જેટલા છે શક્તિરૂપ સ્વભાવ તેમને જાણે છે જ્ઞાન,...'** તેમને **'જાણતું થકું તેમની આકૃતિરૂપે પરિણમે છે, તેથી જ્ઞેયની શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનના પર્યાય,...'** જ્ઞેયની શક્તિરૂપે પરિણમી છે જ્ઞાનની પર્યાય. બસ! **'તેમનાથી જ્ઞાનવસ્તુની સત્તા માને છે;...'** એનાથી જ્ઞાનનું હોવાપણું માને છે. સમજાણું? જ્ઞાન તો ત્રિકાળ જ્ઞાન અનંત કેવળજ્ઞાનનો કંદ છે એ તો. સમજાણું કાંઈ? અથવા જેવું જેવું એને નિમિત્તમાં લક્ષ જાય છે ને? તેવો તેવો જ્ઞાનનો પર્યાય પ્રગટે છે ને? એટલે એ પર્યાય જાણે નિમિત્તના લક્ષમાંથી આવ્યો છે, એમાંથી આવ્યો છે એમ માનનાર મૂઢ છે. એને જ્ઞાન શક્તિનું અનંતપણું છે એની એને પ્રતીત નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મારો જ્ઞાન પર્યાય જેટલો પરના લક્ષવાળો થાય. જાજા બહુ પરનું લક્ષ કરે તો જ્ઞાન પર્યાય ખુબ પ્રગટે. આ મુસાફરી (કરે છે). આવ્યું હતું અંદરમાં. આ મુસાફરી નથી કરતા છોકરાઓ? દેશાટન. બુદ્ધિ ફાટે. બહુ ફરે, ચારે કોર જાય તો બુદ્ધિ ખીલે. દેશ દેશના રંગ, દેશ દેશના માણસો, દેશ દેશના કપડા, દેશ દેશની બોલણી–બોલી (જાણે તો) વિચિક્ષણ થાય. મૂઢ છો, કહે છે. આહાહા..! ધૂળેય થાતો નથી. એ તો જ્ઞાનની એ સમયે એ જાતની શક્તિરૂપે પરિણમવાની તાકાત (છે). તે એને લઈને પરિણમી નથી. આ તો એ છે માટે પર્યાય મને થયો એ તો મોટો મૂઢ છે, એની તો વાત અહીં લીધી જ નથી. શું કીધું? એ ફર્યો માટે આ જ્ઞાનનો પર્યાય થયો એવા તો અહીં લીધી નથી. પણ અહીં તો એ આકૃતિ પ્રમાણે જ્ઞાનમાં ખ્યાલ આવ્યો, પરઆકૃતિની શક્તિ પ્રમાણે (ખ્યાલ આવ્યો) એટલાને જ આત્મા માન્યો એ વસ્તુને માનતો નથી. સમજાણું કાંઈ? આહા..!

જુઓને! આ કેટલા રંગ ને રંગ ને આ બધા નથી થાતા? શું કહેવાય? સાડલા બાયુના

અંદર છાપ મારે છે–ડિઝાઈન. કેટલી ડીઝાઈનો ને કેટલી ઓલી આમ જાણે... આહાહા..! એટલી શક્તિ! ડિઝાઈન (જોવે તો) આ..હા..! આ તે કોણે આવો રંગ લીધો હશે! એવું માહાત્મ્ય પરશક્તિમાં જાય છે. સમજાય છે? આહાહા..! કોરી નાખી ને એક એકમાં આમ ફુદડા ફુદડા (કર્યા હોય), લીલા પાંદડા હોય, ઉપર હોય લીલું ને હેઠે પીળું. પાંદડા, ફૂલઝાડ. આહા..! ભારે શક્તિ! પણ શું છે? હોય છે ને? ભાઈ! ફુલઝાડમાં.

મુમુક્ષુ :– બાંધણી.

ઉત્તર :– હા, એ બાંધણી. આ તો ફુલની વાત કરું છું. બાંધણી તો એવી કરે. આ તો ફુલ, લીલા ફુલ. વનસ્પતિના ફુલ એવા હોય કે, ઉપર હોય પીળો રંગ ને હેઠે હોય લીલો પાદડામાં, એક જ પાંદડામાં બે (રંગ). સમજાણું કાંઈ? એની શક્તિને આમ જોતા કરે કે, આ..હા..! એને વિસ્મય જાય થઈ જાય છે એનું અને એ આકારે પરિણમ્યો એટલો જ આત્મા ન્યાં સમાઈ જાય છે. એને દ્રવ્યશક્તિનું લક્ષ અને દૃષ્ટિ રહેતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! તમારે હશે કે નહિ? આ બધું મોટરના શું કહેવાય? મોટરના પાર્ટ–ભાગ, પાર્ટ હશે, ભાગ કહેતા હતા કો'ક, એના ભાગ. ટુકડા-ટુકડા... આહા..! આમ ને આમ ને આમ... બહુ હોશિયાર માણસ! સમજાણું?

મુમુક્ષુ :– એની કિંમત યાદ રાખે..

ઉત્તર :– હા, એની કિંમત યાદ રાખે ને આ રાખે. આવા પાર્ટ અહીં (લાગે) ને અહીં (લાગે)... 'ભોપાળ'માં હતો કે નહિ? 'પ્રાણભાઈ'નો દીકરો છે ને? આપણા 'પ્રાણભાઈ'. 'રાજકોટ'. મોટરની .... તરત કહે, મારી પાસે છે, મારી પાસે છે, લઈ જાવ. આ તો તૈયાર. આમ જાણે કમ્પલીટ જાણે આ બધા સાધન રાખીને શક્તિઓ તૈયાર હતી.

મુમુક્ષુ :– કામમાં આવ્યું ને!

ઉત્તર :– શું કામ આવે? એ તો ન્યાં પર્યાય થવાની હતી એ થઈ, ન્યાં એને લઈને થઈ છે એમેય નથી. પણ એની શક્તિને લઈને આ બધી શક્તિઓ થાય છે, એક દ્રવ્યની શક્તિ બીજા દ્રવ્યની શક્તિને આપે છે એ માનનાર દ્રવ્યની પૂર્ણ શક્તિ સ્વતંત્ર છે તેને એ માનતો નથી, એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ?

**'જ્ઞાનવસ્તુની સત્તા માને છે; તેમનાથી ભિન્ન છે પોતાની શક્તિની સત્તામાત્ર, તેને નથી માનતો;...'** જુઓ! છે? પાંચમી લીટી છે. ભગવાનઆત્મા..! અહીં તો જ્ઞાન પ્રધાનથી વાત લીધી છે પણ એને એમ પરમાં જે કાંઈ શક્તિ ભાસે છે ને? એ શક્તિ જ્ઞાનમાં ભાસે કે, આહાહા..! શું મજા આમાં! ચેન પડે, મજા કહે છે, શું કહે છે? સમજાણું? આમાં ભારે મજા પડે છે, હોં! ભારે મજા! પેલી શક્તિને દેખીને એ શક્તિને લઈને મારામાં મને મજા આવી. એ પરની મજાની શક્તિ (જોઈને) મને મજા આવી, એમ માનનાર મજા મારા આત્માના આનંદમાં છે એને માનતો નથી. એ પોતાનો આનંદ અંદરમાં પડ્યો એ આનંદને માનતો

નથી, એ શક્તિને સ્વશક્તિ પોતાથી છે એમ માનતો નથી. આ બધો આનંદ આવ્યો પરથી. કહો, એ તો બરાબર હશે કે નહિ? લ્યો! ના પાડે છે ભાઈ! એ...! આ શરીર સુખી તો સુખી, નહોતું સવારે કહેતા? કહે છે કે, શરીરની શક્તિને લઈને મને સુખ થયું મારા જ્ઞાનમાં એ માનનારો મોટો મૂઢ છે. એને આત્મામાં અતીન્દ્રિય આનંદની શક્તિ છે એની શ્રદ્ધાની ખબર નથી. લ્યો! એમ માને છે.

મુમુક્ષુ :- મૂઢમાંય મોટો ...

ઉત્તર :- મૂઢમાં મોટા છે બધા, મૂઢમાં છે ને બધા! મૂઢમાંય મોટા-નાના તો હોય ને એની પર્યાય પ્રમાણે. કોઈ બહુ મૂઢ હોય, કોઈ થોડો હોય. શું સમજાણું આમાં?

પરની શક્તિનું સત્ત્વ જોતા તે શક્તિથી મારા જ્ઞાનમાં શક્તિ આવી એમ માનનાર એક તો પરને જ પોતાનું માને છે. અને બીજું એને આકારે થયેલું જ્ઞાન એટલો જ જ્ઞાનનો પર્યાય એમ માનનારો પણ એક અંશને આખું તત્ત્વ માને છે. આખો શક્તિનો પિંડ ભગવાન છે એને એ શ્રદ્ધામાં, જ્ઞાનમાં લેતો નથી. લ્યો! એનું નામ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, આમાં અસત્યબુદ્ધિ થઈ જાય છે, એનું નામ મહાન પાપ-પાખંડ છે. સમજાણું કાંઈ? બીજાના ટેકાએ, મદદે મારી પર્યાયમાં શક્તિ આવી એમ માનનાર પણ પોતાની આત્મશક્તિને માનતો નથી. કેમ હશે? ભાઈ!

આ લાડવા ખાય, પેલું ખાય તો શક્તિ નથી આવતી શરીરમાં? અને એ શક્તિ આવે તો આત્મામાં એટલું બળ વધે કે નહિ? સારી રીતે શક્તિ ખાય, કેસરીયા દૂધ પીવે, બદામના દૂધ પીવે. કહો, સમજાણું? મોસંબી શું કહેવાય પેલું? મૂસળીપાક, સાલમપાક, કહો એને લઈને કાંઈ તાકાત આવતી હશે કે નહિ આત્મામાં? ખાય કોણ? એ તો કહે છે કે, જ્ઞાનની પર્યાયમાં એ શક્તિઓનું રૂપ જણાય છે છતાં અજ્ઞાની એમ માને છે કે, આ શક્તિને લઈને મને શક્તિ આવી, મને બોલવાની શક્તિ એને લઈને આવી, નહિતર મારામાં તાકાત નહોતી.

આ મરતા નથી કરતા? અહીંયાં ચોપડે. શું કરે છે કાંઈક? પહેલા (કરતા), અત્યારે તો ક્યાં હતું? એક સોટી, આમ સોનાની થાતી ને? કિરણગળ. ગોળીઓ આવે છે ને! અમે જોઈ હતી, ત્યાં 'પાલેજ'માં હતી. એક વેચવા આવ્યો હતો, સાધુ હતો એ લેતો હતો. મેં કીધું, એલા.. શું તમે લ્યો છો? 'બરવાળા'નો સાધુ હતો. તે દિ' પહેલી જોયેલી. ઘણા વખતની વાત છે, (સંવત) ૧૯૬૭ની સાલની વાત છે. આટલી સોગઠી જેવું હોય, સમજ્યા ને? એમાં બધી ધાતુ ને (બધું હોય). થોડુંક કામ હોય (તો) પૂછી લેવું હોય તો પૂછી લે. પછી ભલે મરી જાય, પણ થોડું પૂછી લઈએ. બે મિનિટ વાતચીત કરી લે. તે દિ' સાંભળેલું. આપણે તો સોગઠી પણ જોયેલી ને બધું જોયેલું. કીધું, શું છે આ? કે, આવું થાય. કીધું, આ વેશમાં પણ હજી ભ્રમમાં પડ્યા છે.

એ પરની શક્તિને લઈને મારામાં શક્તિ આવે છે એમ માનનારને પોતાની શક્તિની

દૃષ્ટિની ખબર નથી. સમજાણું? એક સમયની પર્યાયની શક્તિ પણ પોતાથી છે. એને ઠેકાણે એનાથી આ મને આવી (એમ માનનાર અજ્ઞાની છે). બોલવાની કાંઈ શક્તિ ન હોય. એમ હશે કે નહિ? જ્ઞાનમાં તીવ્રતા થાય કે નહિ જરી આમ? આ બ્રાહ્મી, બ્રાહ્મી દવા શું કહેવાય? બ્રાહ્મી.. બ્રાહ્મી કહેવાય કે નહિ? આ બ્રાહ્મી નથી આવતી? તેલ માથામાં નાખે તો મગજ તર થઈ જાય. એક જણો (સંવત) ૧૯૮૧માં મારી સાથે હતો. આમ ભણતો હતો. પછી બ્રહ્મી તેલ ખાનગી મંગાવેલું. મેં કીધું, આ શું? બુદ્ધા ક્યાં હતા તે (એનાથી) થાતા હતા? બ્રાહ્મી તેલને લઈને બુદ્ધિ પ્રગટ થતી હશે? સમજ્યા ને?

મુમુક્ષુ :– થાય છે ને!

ઉત્તર :– થયા, ધૂળેય થાતું નથી. એ તો એના પર્યાયનો એ જાતનો ક્ષયોપશમનો અવસ્થા હોય તો એ પોતાથી થાય છે. એ માનનાર પરથી થાય, બ્રાહ્મી તેલથી બુદ્ધિ ઉઘડે (એમ માનનાર) મૂઢ છે એમ કહે છે. એને તો અહીં તો કાઢી જ નાખ્યો છે.

અહીં તો જ્ઞાનની પર્યાયમાં એ શક્તિનું જ્ઞાન થયું, પરપદાર્થની શક્તિનું જ્ઞાન થયું અને સ્વશક્તિનું જ્ઞાન પર્યાયમાં રહી ગયું, શક્તિ તો આખી રહી ગઈ, પણ એનું જ્ઞાન રહી ગયું ને એટલી શક્તિના આકારે પરિણમ્યું એ જ્ઞાન એટલો આત્માને માને (તો એ પણ) મિથ્યાદૃષ્ટિ અસત્યબુદ્ધિ, પાપબુદ્ધિ છે. કહો, સમજાણું કાંઈ? જેટલું સત્ત્વનું એનું તત્ત્વ છે એટલું ન માનતા એ પરને લઈને માન્યું એ પોતાના ભાવની શક્તિને માનતો નથી. સમજાણું કાંઈ? આહા..! **'એવો છે એકાન્તવાદી.'**

**'તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ સમસ્ત જ્ઞેયશક્તિને જાણે છે...'** જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા બધી શક્તિઓના ગુણોને, એ પદાર્થના ગુણોને, બીજા પદાર્થના ગુણોને જ્ઞાન પર્યાય જાણે ખરી. પર્યાયમાં ગુણ–ભાન ન આવે? કે, આનો આ ગુણ છે, આનો આ ગુણ છે, આનો આ ગુણ છે, આનો કડવો છે, આનો લીલો છે, આનો પીળો છે, આ ખાટો છે, આ ગળ્યો છે. સમજાય છે? એમ જ્ઞાનની પર્યાય **'જીવવસ્તુ સમસ્ત જ્ઞેયશક્તિને જાણે છે એવું સહજ છે; પરંતુ પોતાની જ્ઞાનશક્તિથી અસ્તિરૂપ છે.'** પણ પોતાના જ્ઞાન ગુણના સત્તાથી તેનું હોવાપણું છે, પરને લઈને હોવાપણું નથી. સમજાણું કાંઈ?

ધ્રુવ સ્વરૂપ છે એમાંથી જ્ઞાનનું પરિણમન આવે છે અને એ શક્તિનો પ્રવાહ છે એમ ન માનતા જ્ઞાનનો પ્રવાહ પર શક્તિને જાણવા પૂરતો છે એટલો પ્રવાહ માને તે પર્યાયને માને (છે અને) વસ્તુને માનતો નથી. સમજાણું?

**'पशुः नश्यति एव'** અહીં સુધી તો એનો ઉપોદ્‌ઘાત કર્યો, હોં! ભાવાર્થ. આમ કહેવું છે એમ આમાં કહેશે એમ કહ્યું. **'पशुः' 'એકાન્તવાદી...' 'नश्यति' 'વસ્તુની સત્તાને સાધવાથી ભ્રષ્ટ છે,...'** ભગવાનઆત્મા અનંત... અનંત... કેવળજ્ઞાનની શક્તિનો રસ છે. એ એક સમયની આકૃતિમાં પોતાનું (અસ્તિત્વ) માનનાર (તેને) શક્તિ તરફની દૃષ્ટિ એની રહેતી નથી. તેથી

શક્તિની શ્રદ્ધામાં નાશ માને છે. સમજાણું કાંઈ? મારામાં અનંત જ્ઞાન, દર્શન, આનંદનો સ્વભાવ છે એવી શક્તિ ઉપર પ્રતીત જોઈએ એ પ્રતીત આને અજ્ઞાનીને રહેતી નથી, પર ઉપરની પ્રતીત રહે છે. સમજાણું?

પેલામાં આવે છે ને? ઇન્દ્રિયને ખુબ પુષ્ટ કરું તો જ્ઞાન પુષ્ટ થાય. નથી આવતું? શું આવે છે? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને? એમ કે, જ્ઞાન કેમ મારું વધે? ઇન્દ્રિયની ખુબ પુષ્ટિ કરું, આ કરું તો મારું જ્ઞાન વધે, તો મને વિશેષ જાણવા જાજા મળે, જાજા મળે. એને લઈને જ્ઞાન ખીલે એમ. પણ જ્ઞાન અંદર રાગ રહિત થઈને આત્માની શક્તિની પ્રતીત કરતાં જે જ્ઞાનનો અંશ ખીલે (તેમાં) સર્વ લોકાલોકને જાણવાની શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ તાકાત છે. સમજાણું કાંઈ?

એ શક્તિવાન ભગવાનઆત્માને જાણતા, એને જાણતા એની શક્તિને સ્પર્શતા જે પર્યાયમાં જ્ઞાનનો અંશ આવ્યો (તે અંશમાં) કેવળી જાણે તેટલી લોકાલોકને જાણવાની શક્તિની તાકાત છે. પરોક્ષ (રીતે જાણે) પણ પરને પૃથક એ રીતે જાણે એવી તાકાત છે. એવી તાકાતને અજ્ઞાની માનતો નથી. સમજાય છે કાંઈ? જેટલા નિમિત્તોનો સંબંધ થયો, જાજાનો થયો તો જ્ઞાનશક્તિ વધારે ખીલી. પણ એક જ દ્રવ્યની મહા શક્તિને એક વાર આમ અડું તો મહા શક્તિ ખીલે એવી એને શ્રદ્ધા ને જ્ઞાનની પ્રતીત છે નહિ. સમજાણું કાંઈ? એકાન્તવાદી પશુ ઢોર જેવો છે, કહે છે.

'**વસ્તુની સત્તાને સાધવાથી ભ્રષ્ટ છે,...**' ભગવાનઆત્મા જેની શક્તિના સત્ત્વની પ્રતીત કરતાં પર્યાયમાં સત્‌નો મોટો મહા પ્રવાહ વહે એવી શક્તિની સત્તાને નાશ કરી નાખે છે. પરની જ પર્યાયબુદ્ધિમાં અટકી ગયેલો છે. સમજાણું કાંઈ? ભાષા ભારે! '**નિશ્ચયથી...**' એવું અજ્ઞાની માને છે. એવું થઈ જાય છે, એમ કહે છે.

'**કેવો છે એકાન્તવાદી?**' '**बहिः वस्तुषु नित्यं विश्रान्तः**' '**સમસ્ત જ્ઞેયવસ્તુની અનેક શક્તિની આકૃતિરૂપે પરિણમ્યા છે જ્ઞાનના પર્યાય,...**' જોયું? પાઠ તો '**बहिः वस्तुषु**' છે, ભાઈ! પણ એ બહિર વસ્તુ થઈ ગઈ. જ્ઞાનનો પર્યાય પરદ્રવ્યના ગુણોને જાણવાપણે પરિણમ્યો એ દશાને બહિર વસ્તુ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા જ એવી કરી, જુઓ! '**बहिः वस्तुषु**' એટલે આત્મા સિવાય બધી જ્ઞેયવસ્તુની અનેક શક્તિ નામ ગુણો, એની આકૃતિરૂપ પરિણમી, એના જ્ઞેયપણે પોતે જેવું જ્ઞેય છે એ પણે જાણવાનો પર્યાય પરિણમ્યો એવી પર્યાય '**તેમાં...**' '**नित्यं विश्रान्तः**' '**સદા વિશ્રાન્ત છે અર્થાત્ પર્યાયમાત્રને જાણે છે જ્ઞાનવસ્તુ,–એવો છે નિશ્ચય જેનો, એવો છે.**'

ભાષા તો કેવી છે કે, પરવસ્તુને પોતાની માને છે એ વાત તો અહીં કરી જ નથી. પણ પરવસ્તુના ગુણોના જેવા શક્તિ ને સ્વભાવ છે એ પ્રમાણે પરિણમેલો જ્ઞાનનો પર્યાય એ '**बहिः**' છે. એ '**बहिः**' જ્ઞાનનો પર્યાય પણ '**बहिः**' છે. સમજાય છે? એને આખું તત્ત્વ

માને છે તે મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. ઓ..હો..! 'હરીભાઈ'! આવું બધું ક્યાં 'મુંબઈ'માં છે ત્યાં? આત્મા છે, પણ ત્યાં 'મુંબઈ'માં હલવાઈ ગયા (છે). સમજાણું આમાં? આહા..! ભાષા કેવી કરી છે! **'बहिः वस्तुषु'** કો'ક કહે કે, ભાઈ! બહિર વસ્તુની શક્તિમાં પોતાની શક્તિ માની છે એ તો ઠીક, પણ અહીં તો બહિર વસ્તુની શક્તિના ગુણો, ગુણની શક્તિઓ એનું પરિણમ્યું જે જ્ઞાન, એકલો બહિરઆકાર શક્તિપણે પરિણમેલું જ્ઞાન, એ વસ્તુને જ બાહ્ય વસ્તુ કહે છે. સમજાણું કાંઈ?

અંતર ચિદાનંદ ભગવાન જ્ઞાન ને આનંદનો કંદ (છે) એને આકારે, એના લક્ષે, ધ્યેયે જે પરિણમ્યું જ્ઞાન એને સ્વવસ્તુ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી બહારના નિમિત્તોના જેટલા સાધન સરખા હોય એટલી મને શક્તિ પ્રગટે (એમ અજ્ઞાની માને). વજ્રવૃષભનારાચ સંઘયણ હોય તો કેવળજ્ઞાન પ્રગટે, લ્યો! વળી એ આવ્યું. સમજાણું કાંઈ? વજ્રવૃષભનારાચ સંઘયણ હોય, એ શક્તિ મજબુત હોય (તો કેવળજ્ઞાન પ્રગટે). પંખીને ઉડવું હોય તો પણ કાંઈ મગના ઢગલા ઉપર બેઠું ઉડી શકે? પણ કઠણ જમીન નીચે હોય તો ઉડી શકે. એ ઉડવાની શક્તિ કઠણને લઈને આવી એમ અજ્ઞાની માને છે. એમ આત્માના જ્ઞાનનો પર્યાય આમ ઊડે–પ્રગટ થાય એ સંઘયણની મજબુતાઈને લઈને પ્રગટે છે. 'બાહુબલી' જેવા બાર-બાર મહિના સુધી ધ્યાનમાં રહ્યા, લ્યો! શરીરની મજબુતાઈ હોય તો એ ધ્યાનની પર્યાય પ્રગટ થઈ શકે. એ તો પોતાના પર્યાયની તાકાત નથી. શરીરને લઈને શું છે? એ ભાષા બોલે બધી એ તો વ્યવહારની વાતું છે. સમજાણું કાંઈ? એ શરીર મજબુત (છે) માટે કેવળજ્ઞાન થાય એ તો ખોટો છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે પણ શરીરની મજબુતાઈની તાકાતના જ્ઞાનપણે જ્ઞાન પરિણમ્યું એટલાને આત્મા માને તો એ મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે. એ... 'હરીભાઈ'! આહાહા..!

આ બધા ડાહ્યા દુનિયાના કહેવાય. સંચા ને ફંચા ને (ચલાવે). હમણાં સંચાઓ બહુ નીકળે છે હમણાં નહિ? સંચા ને શું કાંઈક? કો'ક કહે, બંગડીનો સંચો, કો'ક કહે, ફલાણો સંચો. કોણ કહેતું હતું હમણાં? છત્રીનો સંચો. એ..ઇ..! 'ઝોબાળીયા'! એને છત્રીનું કારખાનું હતું, શું હતું? કો'ક કહેતું હતું, આપણને ક્યાં (ખબર હતી). ફલાણા સંચા, ઢીંકણા સંચા.. હમણા સંચા ને સંચા થઈ ગયા બધા, અને એમાંથી પૈસા જાજા પેદા થાય છે. એ પણ એક કારીગરીની શક્તિ જોઈ છે ને આત્મામાં? નહિ?

કહે છે કે, એને લઈને શક્તિ તો નથી પણ એ શક્તિપણે જે ગુણ એનામાં છે, એનામાં ગુણો જે છે, પરમાણુઓમાં, ખાંડમાં, સાકરમાં, ગોળમાં આ બધી શક્તિઓ છે ને જુદી જુદી જાતની? સમજાય છે કે નહિ? લોટમાં, દવામાં, અમુક અમુક દવાની કેવી શક્તિઓ કહે છે જુઓ! આ શક્તિથી આમ થઈ ગયું. આ ઇન્જેકશન એકદમ શક્તિ આપે. ફટ ફટ લોહી ફરતું થાય. આમ લોહીમાં સીધુ નાખે, આમ રગમાં પકડીને નાખે. ગ્લુકોઝ છે

એ અમથુ મોઢે પાય અને એમાંથી (રગમાંથી) નાખે તો એકદમ ઝટ લોહી થઈ જાય. એવી શક્તિઓ એનામાં એને કારણે છે. એને ગ્લુકોઝને કારણે અહીં (શક્તિ) આવી છે એમ તો નથી પણ અહીં આવેલી શક્તિનું (માપ) જે જ્ઞાનમાં આવે કે, આ શક્તિ. એ પ્રમાણે જે જ્ઞાન પરિણમ્યું એટલા ઉપર જેનું લક્ષ અને ધ્યેય પડ્યું છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ઇ જ કહે છે, મૂઢ છે. તારી પર્યાયની મૂઢતા તારે કારણે આવી ગઈ છે, પરને કારણે નહિ.

કહે છે ને, આવ્યું છે ને, હમણાં આવ્યું હતું ને? જુઓ! આ દારૂ પીવે તો આમ થાય છે. લખ્યા કરે. દારૂ પીવે તો આમ થાય. અરે..! ભગવાન! એવી વાત તો ક્યાંય રહી ગઈ, બાપા! જેને પરદ્રવ્ય અડતું જ નથી જ્ઞાનની પર્યાયને. સમજાય છે? એ સમયે પોતાના જ જ્ઞાન પર્યાયમાં મૂઢ થવાની લાયકાતને લઈને થયું છે, દારૂને લઈને નહિ, કેફને લઈને નહિ. કહો! જુઓને કેટલાક કેફ આપે ને બહુ દુઃખ હોય તો કેફ આપે તો આમ પડ્યો રહે. એની પર્યાયમાં જ મૂઢતા થવાની લાયકાત છે, પરદ્રવ્યને લઈને નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું?

કેવી શક્તિ જુઓને! પેલા બલુનમાં જાય છે ને? શું કહેવાય? પછી છત્રી લઈને હેઠે ઉતરે. કાંઈક કહે છે ને? કોઈ માણસ વાતું કરે છે. છત્રીમાં લઈને આમ ઉતરે, લ્યો! ઇ શક્તિઓ તો પરમાણુનો પર્યાય છે. એ શક્તિ એને લઈને મને શક્તિ આવી, મારા જ્ઞાનમાં વિચિક્ષણતા આવી એ મૂઢ છે, કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બધી ડિગ્રીઓ મળે છે.

ઉત્તર :– ઇ જ વાત કહે છે ને આ. શું કહે છે? સોનોગ્રાફ કર્યો હતો ને? પણ એ તો એની શક્તિ એની હતી, એને લઈને તને જ્ઞાન થયું છે એમ નથી. અને તારો જ્ઞાનનો આકાર પર્યાય એ શક્તિને ખ્યાલમાં લીધો એટલો તું નથી. આખો ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી તો એક સમયની પર્યાયની તાકાત છે અને આખા દ્રવ્યની તો એથી અનંતગુણી તાકાત છે. એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને પરનું લક્ષ કર્યા વિના સ્વલક્ષે જાણે એવી એની તાકાત છે. એવા આત્માના દ્રવ્યને, એની શક્તિને અને એ શક્તિ તરફ વળેલી પર્યાયની આટલી તાકાત છે એ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ?

બદામ-પિસ્તાને નોકર્મ કીધું છે ને? નોકર્મ કીધું છે. બદામ-પિસ્તા. બ્રહ્મચર્ય હોય તો બદામ-પિસ્તા ખાય. એટલે નોકર્મ કીધું છે. અરે..! શું છે પણ? જુઓ! મતિજ્ઞાનમાં નોકર્મ કીધું છે. ધૂળેય નથી લખ્યું. એ તો કહે છે, અહીં થયું હોય ત્યારે કોણ નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું? આ વિદ્યાર્થી ભણે ત્યારે કરે છે ને? કેસરીયા દૂધ પાય, સરખા બદામ-બદામ અંદર માવો નાખીને કરે સરખું, મગજ ઠંડું થાય, વિદ્યા બહુ વધે. અક્કલકરો. અક્કલ ક્યાંકથી વેચાતી મળતી હશે? એની તો વાત નથી કરી, એ તો મહા મૂઢ જીવ

છે. પરદ્રવ્યની પર્યાયની શક્તિથી મારી પર્યાય પ્રગટી, એ તો મહા મૂઢ છે. એ તો બે સાથે એકત્વ છે. એ તો બે દ્રવ્યની સાથે એકત્વબુદ્ધિ છે, એની અહીં વાત નથી કરી. અહીં તો એના ગુણોના પણે જ્ઞાન પરિણમ્યું કે, આવો ગુણ આનામાં ગુણ, આવો ગુણ, આવો ગુણ (છે). એ પણે (જ્ઞાન) પરિણમ્યું એટલી પર્યાયને પણ આત્મા માને એ મૂઢ જીવ ને અજ્ઞાની છે એમ કહેવામાં આવે છે.

કહો! હવે આ વકીલાત-બકીલાતનું વળી યાદ આવ્યું. કહો, આ વકીલાત-બકીલાત હોશિયાર હોય તો ભણે. કહો, એ જ્ઞાનકળા બધી વકીલાતના ભણવાના ચોપડામાંથી પ્રગટી હશે કે નહિ? ભણ્યા વિના થાય? આહાહા..! કહે છે, એ બધી શક્તિઓ અહીંથી આવી એની તો વાત નથી, પણ એ જ્ઞેયની શક્તિને આકારે અહીંયાં ખ્યાલમાં આવ્યું કે પુસ્તકમાં આમ છે, આનો આ કાયદો છે, આનું આમ છે. એવો અહીં ખ્યાલ આવ્યો, એ ખ્યાલપણાનું પરિણમન પરજ્ઞેયાકારની શક્તિપણે જ્ઞાન પરિણમ્યું છે, સ્વજ્ઞાનની શક્તિપણે પરિણમ્યું નથી. એને આત્મા માનવો, એને આત્મા માનવો, એને જીવ માનવો તેને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ભિન્ન કરવા માટે આટલી બધી ઝીણવટથી વિચારવું પડે.

ઉત્તર :- એટલું બધું ક્યાં આવ્યું? એક શક્તિનો પિંડ આખો દ્રવ્ય છે અને એને અવલંબે થતી પર્યાયની તાકાત એના પોતાને કારણે છે. બસ! આટલી વાત છે. આ તો ભિન્ન ભિન્ન દાખલા આપીએ તો એના ખ્યાલમાં આવે કે, આ શું કહેવા માગે છે. સમજાય છે કાંઈ? ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન પદાર્થની શક્તિનું જ્ઞાન થતાં તે શક્તિઓ આને લઈને (છે), એ શક્તિને લઈને ખીલી (એમ માને) એ તો બે દ્રવ્યની એકતા, એ તો બે પદાર્થની એકતાબુદ્ધિ (થઈ), તે તો મૂઢ જીવ છે. પણ અહીં તો એને આકારે પરિણમેલું જ્ઞાન એટલાને માનવું તે મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

મગજ તર થઈ ગયું, મારું જ્ઞાન ઉઘડી ગયું. બદામ (દૂધ) પીધું ને! એ તો કહે છે, મૂઢ છે, એની વાત તો અહીં કરતા નથી.

મુમુક્ષુ :- આપનો ઉપદેશ સાંભળીને જ્ઞાન ઉઘડી જાય ને?

ઉત્તર :- એ સાંભળીને ઉઘડી જાય એ વાત પણ ખોટી છે. એ શબ્દને આકારે જ્ઞાન પરિણમ્યું છે પોતાની યોગ્યતાથી. એ શબ્દને આકારે પરિણમ્યું છે જ્ઞાનની પર્યાય પોતાથી. આ તો એને લઈને થઈ એ તો વાત અજ્ઞાન છે. જ્ઞાનશક્તિનું તત્ત્વ આખું છે એનાથી, એની દૃષ્ટિ અને એની પ્રતીતમાંથી જ્ઞાન આવવું જોઈએ. એને જ્ઞાન ને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું, ભાઈ!

વળી પાછા પ્રતિમા ને મંદિર કરે છે. આવી વાત કરવી ને વળી આવા પ્રતિમા ને મંદિર બનાવે. કાંઈ મેળ ખાતો નથી, એક જણો એમ કહેતો હતો. ભાઈ! એ તો એના

કાળે શુભરાગ હોય, લક્ષ હોય એ જ્ઞાનનો પર્યાય પણ જાણે એટલો જ પર્યાય આત્માનો છે એમ છે નહિ. એનું લક્ષ એના ઉપર એકલું નથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાતાના લક્ષે પરિણમેલું જ્ઞાન તેના શુભરાગને જાણે અને પર જે વસ્તુ છે તેને જાણવારૂપે પરિણમે એવો પર્યાયનો ધર્મ છે. 'હરીભાઈ'! ભારે વાત! અને એ જ્ઞાનની પર્યાય સ્વલક્ષે પોતાને કારણે પરિણમી એમાં શુભરાગનું જ્ઞાન થયું અને જે નિમિત્તનું જ્ઞાન (થયું) એ રીતે તે વખતના પર્યાયનો ધર્મ છે એમ ન જાણે તો એના પર્યાયની તાકાતની પણ ખબર નથી. ઉડાવી દે કે, નહિ આ નહિ... આ નહિ... આ નહિ... પણ એ વખતે એ જ નિમિત્ત ને એ જ રાગનું જ્ઞાન ત્યાં પરિણમવું જોઈએ. પર આકારે થાય પણ સ્વ આકારના લક્ષમાં પરનું આ (જ્ઞાન) થાય એવા પર્યાય સહિતનો ત્રિકાળી આત્મા તેને આત્મા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારું જ્ઞાન થયું કહેવાય. અને નિશ્ચય સ્વને આશ્રયે થયું તે નિશ્ચય. તે નિશ્ચય ને વ્યવહાર બે ભેગા થયા. આહા..! ઝીણું ભારે વાત, ભાઈ!

**'बहिः वस्तुषु' 'સમસ્ત જ્ઞેયવસ્તુની અનેક શક્તિ...'** ગુણો એટલે પરમાં પણ અનંત ગુણ છે ને? એની આકૃતિ એટલે એના ભાવરૂપે (અર્થાત્) જેવો એનો સ્વભાવ છે એવું અહીં જ્ઞાન પોતાને કારણે જ્ઞાનની પર્યાય પરિણમે. **'તેમાં સદા વિશ્રાન્ત છે...'** એમાં ઠરી ગયો. એટલે કે ઓહો..! બસ.. બસ! એવી જ્ઞાનની પર્યાયમાં જેનો વિશ્રાન્ત એટલે દૃષ્ટિ પડી છે, ત્યાં જ જેનો વિસામો છે, ત્યાં જ જેનું સમાપ્ત થાય છે, ત્યાં જ જેની પૂર્તિ માની છે એ મિથ્યાદૃષ્ટિ છે. **'જ્ઞાનવસ્તુ, – એવો છે નિશ્ચય જેનો, એવો છે.'** એ આખો આત્મા છે એમ માનનાર તે મૂઢ ને અજ્ઞાની છે. આહાહા..!

પોતાનો અનંત શક્તિ–સ્વભાવ, બેહદ એક એક ગુણનો સ્વભાવ, એને એ માનતો નથી. ફક્ત આટલી શક્તિઓથી થયેલી પર્યાય અને કાં એને આકારે પરિણમ્યું જ્ઞાન, એવી ચીજને માને એ જ્ઞાન પદાર્થને, જ્ઞાન ત્રિકાળ પદાર્થને માનતો નથી. સમજાણું કાંઈ? ફેર કેટલો પડે છે? બહિરલક્ષ અને સ્વલક્ષ એટલો ફેર પડે છે. અરે..! તકરાર તો ક્યાં લોકો કરીને બેઠા છે! હજી તો બહારમાં આમ થાય ને ધર્મ આમ થાય ને ધર્મ આમ થાય.

શુભભાવથી તો ધર્મ નથી પણ શુભભાવનું આ શુભ છે એવું જ્ઞાન (એ) આકારે પરિણમ્યું એટલો એ ધર્મ નથી. જેમાં શક્તિ–સત્ત્વ પડ્યું છે, ખાણ–મહા અનંત ગુણની શક્તિની ખાણ ભગવાન, એમાં નજર આપતા જે પર્યાય પરિણમે એ પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આ વાદવિવાદે ક્યાં પાર પડે એવું છે? લખાણ કેટલા ને કેટલી વાત અત્યારે ભાઈ રોકાઈ ગયા, પરીક્ષા ચાલે છે.

**'શા કારણથી એવો છે?'** હવે કહે છે, ક્યા કારણે એમ અજ્ઞાની માની રહ્યો છે? કારણ આપે છે. **'परभावभावकलनात्, परभावभावकलनात्' 'જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે છે જ્ઞાનનો પર્યાય,...' 'परभावभावकलनात्'** ની વ્યાખ્યા પણ આ. વ્યાખ્યા પણ જુઓ! ભારે

ભાઈ! ટીકાકાર ટીકા તો ગજબ કરે છે! કહે છે, **'परभावभावकलनात्'** આ જ્ઞેય શક્તિના ગુણો એનો જે ભાવ એની આકૃતિરૂપ. સમજાય છે? જ્ઞાનની પર્યાય. એનું નામ **'परभावभावकलनात्' 'અવધાર્યું છે...'** એ નિશ્ચય ધાર્યો છે એને.

**'જ્ઞાનવસ્તુનું અસ્તિપણું, – એવા જૂઠા અભિપ્રાયના કારણથી.'** આહા..! કહો, સમજાય છે આમાં કાંઈ? **'परभावभावकलनात्'** એની વ્યાખ્યા, કે આ જગતમાં જેટલા અનંત પદાર્થના ગુણો–ભાવ છે એવા **'परभावभावकलनात्'** એની વર્તમાન જ્ઞાન પર્યાયમાં એના આકારરૂપે પરિણમ્યું જ્ઞાન, એ પર્યાય પરભાવ, એ **'भावकलनात्'**. **'परभाव'** એટલી વાત. હવે એમાં **'भावकलनात्' 'અવધાર્યું છે જ્ઞાનવસ્તુ...'** મારો આત્મા આટલો છે એમ જેણે માન્યું છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

ફરીને, **'परभाव'** એટલો **'परभाव'** એટલી વ્યાખ્યા. **'परभाव'**ની વ્યાખ્યા શું? કે જે અનંત પદાર્થો છે, એના જે ગુણો–શક્તિ છે, એનું જે જ્ઞાનનું પરિણમવું એનું નામ **'परभाव'** ભાઈ! ઓ..હો..હો..! **'परभाव'** કોને કહેવો? કે જે અનંત... અનંત... ગુણોરૂપ જ્ઞેય છે એની શક્તિને જાણવારૂપે જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એ જ્ઞાનની પર્યાયને પરભાવ કહેવામાં આવે છે. આહાહા..! એણે જે મૂળ રાખ્યું છે એની વાત કરે છે. સમજાણું કાંઈ?

ભાવ તો અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એવો જે સ્વભાવ, એ જે સ્વભાવ, એની તો એણે નાસ્તિ કરી. એક સમયની દશામાં જે અનંત જ્ઞેયના ગુણોરૂપે જાણવારૂપે પરિણમ્યો. એના ગુણને લઈને પરિણમ્યો એમ તો નહિ. સમજાણું કાંઈ? પરભાવની શક્તિને કારણે, એ ગુણોને કારણે આ પર્યાય થઈ એમ તો નહિ, પણ એ પરભાવની શક્તિનું જ્ઞેયપણું, એને અહીંયાં જ્ઞાનની પર્યાયમાં તેટલું આકૃતિરૂપ જ્ઞાન પરિણમ્યું એને **'परभाव'** કહેવામાં આવે છે. 'હરીભાઈ'! એ સાંભળ્યું નહિ હોય કોઈ દિ' ત્યાં. પુસ્તક આવ્યું છે કે નહિ હાથમાં? આવા અર્થ ઝીણા છે એમાં. આહા..! 'કનુભાઈ'!

**'परभाव'**ની વ્યાખ્યા આ. ભગવાનઆત્મા અનંત... અનંત... સ્વભાવનો પિંડ એ સ્વભાવ અને એક સમયમાં એક જ પર્યાયમાં અનંતી શક્તિપણાને લઈને પરિણમ્યું નહિ, પણ આ જ્ઞાનનો પર્યાય પરજ્ઞેયને જાણવારૂપે પરિણમ્યો એટલો જે પરાકારપણે પરિણમ્યો એવો જ્ઞાન પર્યાય તેને પરભાવ કહેવામાં આવે છે. એવા પરભાવમાં મારો સ્વભાવ છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અહીં તો હજી આ મારા... આ મારા... આ મારા..., બાયડી મારી, છોકરા મારા, ધૂળ મારા, ધમાહા મારા.. એ..ઇ..! 'ધર્મચંદજી'! આહાહા..! કહે છે,

પ્રભુ! તારો ભાવ તો અનંત છે ને! અનંત... અનંત... ભાવનો પિંડ પ્રભુ એવો સ્વભાવ (છે) એને ન માનતા એક સમયની પર્યાયમાં આવા અનંતી શક્તિઓને જાણવારૂપે (જ્ઞાન) પરિણમ્યું એ તો **'परभाव'** છે. **'परभाव'** છે એ સ્વભાવ નથી. 'નેમિદાસભાઈ'! આ શાસ્ત્રનો આધાર આપે છે કે, 'રાજમલજી' ખોટા છે, એમ ઇ કહે છે. તને અક્કલ નથી, હવે સાંભળને!

બાપુ! આ વસ્તુ એવી છે કે, આમ એક સમયનો ભગવાન... આહાહા..! અનંતા અનંતા એક એક ગુણના સ્વભાવ–શક્તિઓ, એવું આખું તત્ત્વ (છે). એવા સ્વભાવને સ્વભાવ તરીકે અસ્તિ તરીકે ન માનતા એક સમયની પર્યાયમાં પરના ગુણપણે આકૃતિની શક્તિને ખ્યાલમાં લીધું, પરની અનંતી શક્તિઓ ખ્યાલમાં લીધી, ખ્યાલ પરિણમ્યો પોતે, એટલા ખ્યાલને જ પરભાવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પુણ્ય-પાપના ભાવ તો પરભાવ, આહાહા..! અરે..! ભગવાન! એ.. 'ભગવાનભાઈ'! કોઈ દિ' ૭૫ વર્ષે એણે સાંભળ્યું નહિ હોય. કહો, 'વજુભાઈ'! સમજાય છે આમાં? કહો, સમજાણું આમાં? 'નેમિદાસભાઈ'! શું (કહ્યું)?

એ શરીર ને 'કંચનબેન' તમારા નહિ, એમ કહે છે. હવે એની બુદ્ધિની શક્તિનો ખ્યાલ તમને આવે તો એની બુદ્ધિને લઈને તમારો પર્યાય થયો છે એમ નહિ. કે, ભાઈ! ઘરનું કામ બહુ સંભાળી લીધુ ને બહુ કર્યું મને આમ છે ને તેમ છે. હવે એ શક્તિ એનામાં હતી એનો જે ખ્યાલ આવ્યો, એટલો ખ્યાલ એ આત્માનો છે એ પરભાવને પોતાનો આત્મા માન્યો છે એમ કહે છે. આ તો દાખલો (આપ્યો હોય તો) ઠીક પડે ને! આ તો કહે કે, 'કંચનબેન' આવ્યા તો પૈસા થયા, રૂપિયા થયા એમ લોકો વાતું કરે છે એમ કહે છે. લોકો વાતું કરે છે. 'કંચન'નું નામ ને પૈસા પાછા લાખો આવ્યા. પહેલા સાધારણ થઈ ગયા હતા વળી રૂપિયા આવ્યા. નાખે ત્યાં પણ આમાં આવ્યા એમ માણસ વાતું કરે છે. કહો, સમજાણું કાંઈ? એ..ઇ..! અરે.. અરે..! ભારે વાત, ભાઈ! કહે છે, અરે..! ભગવાન! તારી તો બલિહારી છે ને, કહે છે.

અરે..! તારા એક સમયના શક્તિના સામર્થ્યની શું વાત કરવી! એક સમયના એક ગુણના સામર્થ્ય, બીજા ગુણના અનંત ગુણના સામર્થ્યની શું વાત કરવી!! એવો ભગવાન ધ્રુવ ચિદાનંદ મહાશક્તિનો એકલો સાગર! એવા શક્તિને સ્વભાવ તરીકે ન માનતા એક સમયની પર્યાયમાં પરશક્તિના આકારે પરિણમેલા જ્ઞાનને પોતાનું માનવું, એ પરભાવને પોતાનો આત્મા માને છે. આહા..! એ... 'હરીભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સાચી વાત છે. આહાહા..! ભારે પણ ટીકાકાર! કહેવું છે આચાર્યને એ જ હૃદય ખોલીની વાત કરી છે, હોં!

અહીં તો હજી શુભ રાગ મારો એ તો ક્યાંય ગયું મિથ્યાત્વમાં. કારણ કે, એ તો તત્ત્વ જ બીજું, એ તો તત્ત્વ બીજું. અહીં તો પોતાના જ્ઞાન પર્યાયમાં પરશક્તિના ગુણોના ખ્યાલરૂપે પોતાથી જ્ઞાન પરિણમ્યું, એ પરભાવ (છે). સમજાણું કાંઈ? આખું તત્ત્વ મહાન અને તે પણ એનો એક સમયનો પર્યાય સ્વના અનંત ગુણને આકારે પરિણમવું જોઈએ એ પણ ન આવ્યો. સમજાણું કાંઈ? ભગવાન અનંત શક્તિનો પિંડ પ્રભુ, જેના લક્ષે, આશ્રયે, શ્રદ્ધાએ, પ્રતીતે જે પર્યાય પરિણમે એ તો આવી નહિ. પર્યાય ન આવી, વસ્તુ તો ન આવી

એ પર્યાય પણ ન આવી. 'છોટાભાઈ'! આહાહા..!

કહે છે, એ પરભાવ એટલે જ્ઞાનની પર્યાય પરઆકારે પરિણમી ઇ. એવો **'भावकलनात्'** એટલે પોતાનો ભાવ તેમાં છે એમ માન્યું છે. **'भावकलनात्'** એટલે ભાવનો અનુભવ. **'कलनात्'** એટલે અભ્યાસ. **'परभावभावकलनात्'** જ્ઞાનના પર્યાયમાં અનંત ગુણોનો, પરદ્રવ્યની શક્તિનો ખ્યાલ પોતાપણે પરિણમ્યો જ્ઞાનનો પર્યાય એ **'परभाव'**. એમાં **'भावकलनात्'** મારો આત્મા એમાં છે, એ હું સ્વભાવ છું, એ મારું સ્વરૂપ છે એમ ભાવનો અભ્યાસ જેને થયો છે તેને એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ કહે છે. કહો, સમજાય છે કે નહિ આમાં? એ... 'પ્રેમચંદભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ન્યાં. ભગવાન જાણે શું હશે? તકરાર(માં) પડ્યા, બહારમાં હજી તો માથાકુટ (કરે છે). આહા..! અકાળ મરણ ને કાળ મરણ ને ભગવાને નિયત દીઠું ને... ક્યાંના ક્યાં સલવાઈ ગયા. આહા..! સમજાણું? આહાહા..!

કહે છે કે, કેવળજ્ઞાનનો પર્યાય ને કેવળવીર્યનો પર્યાય પૂર્ણ ભગવાનનો લ્યો ને, ભાઈ! કહો, સાંભળો! ભગવાનનું આમ અનંત વીર્ય ને અનંત જ્ઞાન એ પરજ્ઞેય છે. એનાથી મને જ્ઞાન થયું એ તો નહિ, પણ જ્ઞાનનો પર્યાય એ પરના જ્ઞેયની શક્તિપણે પોતાના પર્યાયમાં પરિણમ્યો કે, આવું એનું જ્ઞાન છે એટલું. એ પર્યાયને પરભાવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? રેકર્ડમાં ઉતરવા માટે તો આ નીકળે છે. **'અવધાર્યું છે...'** **'भावकलनात्'** એટલે એટલો જેણે આત્માનો નિર્ણય કર્યો છે. એવા જૂઠા અભિપ્રાયને કારણે એકાન્તવાદી ત્યાં વિશ્રામ (કરીને) પડ્યો છે, તેને મિથ્યાદૃષ્ટિ કહે છે. હવે આગળ સવળું શું છે એ લેશે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**માગશર વદ ૦)), બુધવાર તા.૨૨.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૮ પ્રવચન - ૨૭૭**

'સ્યાદ્વાદ અધિકાર' 'સમયસાર-કળશ' ૧૨મો કળશ ચાલે છે. વચમાં જુઓ! મિથ્યાદૃષ્ટિ શું માને છે, અજ્ઞાનીનો સ્વભાવ અને પરભાવ વચ્ચેનો આંતરો શું છે એની વ્યાખ્યા ચાલે છે. જેની દૃષ્ટિમાં અસત્યપણું છે એ **'परभावभावकलनात्'** આત્માની જ્ઞાન અવસ્થામાં પરભાવ સંબંધી જે જ્ઞેય આકૃતિ જ્ઞાનની પર્યાય, જ્ઞેયોની શક્તિઓની પર્યાય, બીજા દ્રવ્યની શક્તિ જે સામર્થ્ય છે એ સામર્થ્યને લક્ષમાં લઈને જે જ્ઞાનની પર્યાય પરિણમી છે એ પરભાવ છે એમાં સ્વભાવને માની રહ્યો છે. સમજાણું કાંઈ? એ સ્વ.. ભાવથી અસ્તિ, અગિયારમો ભંગ. એનાથી વિરુદ્ધ પરભાવમાં પોતાના ભાવની અસ્તિ (માની છે). એમ પહેલી વ્યાખ્યા ચાલે

છે. શું કીધું સમજાણું? આ શું પૂછ્યું આણે? શું ચાલે છે?

વ્યાખ્યા તો એ ચાલે છે કે, આ આત્મા જે છે એમાં અનંત... અનંત... શક્તિરૂપ સ્વભાવ ભાવ છે. વસ્તુ, વસ્તુ આત્મપદાર્થ છે એમાં શક્તિ એટલે ગુણ એટલે સ્વભાવ અનંત... અનંત... શક્તિરૂપ અનંત ગુણનો સ્વભાવરૂપ આત્મા છે. એ સ્વભાવથી અસ્તિ (છે). જ્ઞાની પોતાના ત્રિકાળ અનંત ગુણના સ્વભાવથી પોતાનું હોવાપણું માને છે. અજ્ઞાની એમ માનતો નથી એ વાત ચાલે છે. કહો, સમજાણું આમાં?

આ આત્મદ્રવ્ય વસ્તુ છે, પદાર્થ છે અને પદાર્થમાં પદાર્થ છે તેનો ભાવ હોય કે નહિ? એની શક્તિ એનો ગુણ હોય કે નહિ? સામર્થ્ય જે આત્માનું અનંત... અનંત... સ્વભાવરૂપ એ શક્તિરૂપ સામર્થ્ય છે એવો જે આત્મદ્રવ્યનો ભાવ એને પોતાના સ્વભાવ ભાવ તરીકે (માનતો નથી). અજ્ઞાનીની દૃષ્ટિ એ સ્વભાવ ભાવના સામર્થ્યની નથી. એની દૃષ્ટિ વર્તમાન જ્ઞાનની દશામાં પરપદાર્થના સામર્થ્યના જ્ઞાનની પર્યાય જે તેના આકારે પરિણમે એવા જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય એ મારો ભાવ છે (એમ માને છે). એ છે પરભાવ. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! લ્યો, અમારે દરબાર કહે છે, બહુ સારુ આવે છે. કહો, સમજાણું આમાં?

વસ્તુ છે કે નહિ આત્મા? પદાર્થ છે કે નહિ? તત્ત્વ વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે એમાં વસેલા અનાદિ સ્વભાવરૂપ ગુણ છે કે નહિ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત પ્રભુતા આદિ અનંત એની શક્તિરૂપ સામર્થ્ય સ્વભાવ છે. બીજી રીતે કહીએ તો સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ, પૂર્ણ પ્રભુતા સ્વભાવ, પૂર્ણ સ્વચ્છતા સ્વભાવ એવી અનંત શક્તિનો સ્વભાવરૂપ આત્માનો ભાવ છે. સમજાણું કાંઈ?

એવા આત્માના મહાન સ્વભાવને ન માનતા એ **'परभावभावकलनात्'** **'જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે છે જ્ઞાનનો પર્યાય,...'** ફક્ત જગતના બીજા પદાર્થના ભાવો, શક્તિઓ, ગુણો એના સામર્થ્યના ભાવ તરફ એની વર્તમાન જ્ઞાનની દશામાં એ બધાના સામર્થ્યરૂપે તેનું સામર્થ્ય છે એમ જાણવાના લક્ષે જ્ઞાનની અવસ્થા થઈ છે. એ અવસ્થા ખરેખર પરભાવરૂપ છે. સમજાણું કાંઈ? એ **'परभाव'** એને **'भावकलनात्'** એને પોતાનો એક સમયનો અનંત ભાવ જે ગુણ અનંત શક્તિ સ્વરૂપ છે સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ, અનંત પુરુષાર્થ સ્વભાવ, અનંત પ્રભુતા સ્વભાવ, અનંત સ્વચ્છતા સ્વભાવ, અનંત જીવતર શક્તિ આદિ આનંદ સ્વભાવ એવો આખો ભાવ સ્વભાવ જે પૂર્ણ છે એને એક સમયની દશામાં બીજાના સામર્થ્યપણે જાણવાનો પર્યાય થયો એમાં પોતાનો ભાવ માને છે. એનું નામ અસત્યબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ અને એનું નામ પાપદૃષ્ટિ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! આમાં કોનું પાપ કર્યું એણે? શું કર્યું પોતાનું? કહો, સમજાણું આમાં?

એક સમયની જ્ઞાનની દશામાં જડના સામર્થ્યનો ભાવ, બીજા ચૈતન્યના સામર્થ્યનો ભાવ, અરે..! કેવળજ્ઞાનીના અનંત વીર્ય ને જ્ઞાનના સામર્થ્યનો ભાવ એવી એક સમયની પર્યાયમાં તેનું જાણવું થાય કે, આ આવા છે, આ સર્વજ્ઞ છે, આ સર્વદર્શી છે, આ પૂર્ણ છે, આ

પરમાણુમાં એક સમયમાં નીચેથી ઉપર જવાની શક્તિ છે. આ તમારે શું કહેવાય ઉડે છે બધા? રોકેટ ને ફોકેટ ને. એ બધી રજકણોમાં શક્તિનું સામર્થ્ય છે એ છે શક્તિનું સામર્થ્ય પર શક્તિરૂપે એને પોતાની માને એ તો મિથ્યાદૃષ્ટિ સ્થૂળ છે. એ તો બહુ દૂર રહી ગયું. પણ એ શક્તિઓના સામર્થ્યને આ જ્ઞાનની અવસ્થા જાણવાપણે તેના જ્ઞેયાકારપણે જાણવાપણે પરિણમે તે જ્ઞેય શક્તિનું જ્ઞાન–શક્તિનું જ્ઞાન એ રીતે પરિણમે એટલામાં આખી ત્રિકાળી સર્વજ્ઞ શક્તિ આદિને માને એણે પરભાવમાં સ્વભાવ માન્યો એથી એને અસત્યબુદ્ધિનું મિથ્યાત્વનું પાપ લાગે છે. એણે પોતાના જીવ મહા સ્વભાવને હણી નાખ્યો. એ 'જીવ વિયાવો વવરુવયા' કર્યા એણે. 'જુગરાજજી'! આવે છે કે નહિ 'ઇચ્છામી પડિકમ્મણા'માં? ઇ નહિ, આ જીવયાવવરુવયા.

પોતાના જીવતર શક્તિરૂપ મહાન સત્ત્વ, આનંદ શક્તિરૂપ મહાન સામર્થ્ય અને વીર્યનું અનંત... અનંત... વીર્યનું મહા સામર્થ્ય, એક સમયમાં એવા અનંત ભાવરૂપ સામર્થ્ય, મહાન સામર્થ્ય એની પ્રતીતમાં એને ભાવ આવવો એમ પ્રતીત ને શ્રદ્ધામાં ન લેતા ફક્ત પોતાની વર્તમાન એક દશામાં બીજા સામર્થ્યનું જ્ઞાન થાય તો સ્વસ્વભાવનું જ્ઞાન એમાં ન રહ્યું. એકલું પરપદાર્થના તાકાતપણે જ્ઞાને જાણ્યું એટલી પર્યાયને અહીંયાં ત્રિકાળ સામર્થ્યના સ્વભાવની અપેક્ષાએ એને એ પર્યાયને પરભાવ કહેવામાં આવે છે. આહાહા..! એથી તે **'परभावभावकलनात्'** ભાવરૂપે નિર્ણય કર્યો છે જેણે, એમ લેવું. જ્ઞાન વસ્તુનું હોવાપણું એવું માન્યું છે જેણે એવા જૂઠા અભિપ્રાયને કારણે. એ જૂઠો અભિપ્રાય, અસત્ય અભિપ્રાય, પાખંડ અભિપ્રાય, મિથ્યા અભિપ્રાય છે. આ ભારે વાત, ભાઈ! કહો, સમજાણું?

સારા દીકરા હોય, સારા પૈસા હોય, સારા ઘોડા-બળદ હોય, હાથી ઘરે હોય એ બધી શક્તિઓને દેખીને પોતે ખુશી થાય કે નહિ? 'મણિભાઈ'! તમારે ક્યાં છોકરા છે તો ખુશી થાવ તમે. કો'કના છોકરા દેખીને ખુશી થાય. 'મૂળચંદભાઈ'! શું હશે? ડાહ્યો છોકરો થાય તો પોતાને હોંશ આવી જાય, લ્યો! એની શક્તિનું જ્ઞાન થતાં ઓ.હો.! રત્ન પાક્યું, કુળને અજવાળ્યું, બાપા! કહે છે કે, એના સામર્થ્યનું જ્ઞાન કર્યું. એ સામર્થ્ય તો પરમાં છે, એ સામર્થ્ય મારું છે અને મને મદદ ને મને લાભ છે એમ માને તો મહાન અસત્ય મિથ્યા પ્રતીતિ એણે કરી છે. પણ એના સામર્થ્યના ખ્યાલમાં પરિણમેલું જ્ઞાન એટલાને પોતે આખો આત્મા માને, આખા સ્વભાવવાળું તત્ત્વ એ ભાવમાં માને તો તેની જૂઠી દૃષ્ટિ ને જૂઠો અભિપ્રાય છે. એણે ભગવાનઆત્માના અનંતા ભાવના સામર્થ્યરૂપી જીવનો અનાદર કર્યો, એવા સ્વભાવનો એણે અનાદર કર્યો અને એક સમયની પર આકૃતિ શક્તિના પર્યાયનો આદર કર્યો. 'જમુભાઈ'! આહાહા..!

દ્રવ્યના સ્વભાવની અત્યારે વાત ચાલે છે. દ્રવ્યનું પહેલા આવી ગયું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ બીજામાં ગયું. અહીં અત્યારે દ્રવ્યનો જે સ્વભાવ કાયમી શક્તિ મહાન છે (એની વાત ચાલે

છે). એ શબ્દ ફરે તો આખું ફરી જાય એમ છે, આ એમ ચાલે એવું નથી. સ્વભાવ ક્યાં પણ કોઈ દિ' આમ જોવે ત્યારે ને? લક્ષ માનવામાં પણ આવતું નથી. આવો હું અનંત ગુણનો ધણી, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવો મારો ગુણ, એથી અનંત ગુણને જાણે એવી મારી શક્તિ. આહાહા..! અનંત ક્ષેત્ર ને અનંત કાળ ને અનંત ભાવને જાણવાની મારી શક્તિ (છે). એવા એવા અનંત ગુણો! જેને એક શક્તિને ટકાવે એવું વીર્ય, એને ટકાવે એવી માન્યતા, એવા બધા અનંત ગુણો એમાં પડેલા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એને ખબર નથી કે હઠાગ્રહ કરતો હશે.

ઉત્તર :– ભાન નથી કરતો. ખબર નથી શું? આમ ને આમ મૂઢ (બનીને) ચાલ્યો જાય છે. આ પૈસા કાંઈક મળ્યા, આ મકાન થયા ને બધે અમે મોટા થયા એમ માનીને ચાલ્યો જાય છે. ઘરે ઉતારવું સારું કે નહિ? કહો, સમજાણું આમાં? આહાહા..! ઘરમાંથી એક કાંઈક નવું નીકળે ને... પૈસા શું કહેવાય? હીરા-માણેકની કાંઈ ખાણ નીકળી, લ્યો! ચરુ-બરુ નીકળી જાય. એ તો ક્યાં તારા હતા? પણ તારું જ્ઞાન એની શક્તિ(ને જાણે), ... એ ઘરનું શું કહેવાય? કાઢે ને આ? પાયો. પાયાવાળાને કહેશો નહિ. કાલે બંધ રાખજો. શું છે? આ તો ઊંડુ ઊંડુ લાગે છે. કો'કનું દાટેલું (છે). કહે છે ને? આમાંય આવ્યું હતું ને? રાજાએ કો'કે દાટેલું. રાજા કો'ક હતો ને મોટો એણે દાટેલા છે એ બધા. પચાસ શું કીધું? પચાસ અબજ રૂપિયાનું સોનું. કો'કે ક્યાંકથી લઈને એના છોકરા માટે દાટેલું. એ મરી ગયો ને રાણી એના છોકરાને લઈને ચાલી ગઈ બહાર, પેલું બધું પડ્યું છે. એમ પડ્યું હોય ને એમાં આમ શક્તિ લાગે. ઓહોહો..! ગાંડો થઈ જાય.

અહીં તો કહે છે કે, એ ચીજો તો પૃથક (છે) અને એના સામર્થ્ય (પણ) પૃથક (છે). એના સામર્થ્યને ને તારે કાંઈ અડવા જેવું નથી, એને ને તારે કાંઈ સંબંધ નથી. પણ એના સામર્થ્યના ખ્યાલમાં પરિણમેલી તારી દશા એટલા ભાવને પરભાવ કહેવામાં આવે છે. એને આત્માનો ત્રિકાળ (ભાવ કહેતા નથી). **'परभावभावकलनात्'** પર વસ્તુના ભાવમાં પોતાનો આખો ભાવ હોવાનો અભ્યાસ કરે છે. **'कलनात्'** નામ અનુભવ કરે છે. એનું નામ મિથ્યા અભિપ્રાય ને મિથ્યાશ્રદ્ધા છે. સમજાણું કાંઈ આમાં? આ ભારે ઝીણી વાત, ભાઈ! 'ફૂલચંદભાઈ'!

છોકરા હોશિયાર હોય ને ઓલા થાય ને મરી જાય તો મનમાં તો કાંઈ થાય કે નહિ અંદરથી? શું કરવું આમાં? પણ કોના કહે છે કે એ? કોના દ્રવ્ય ને કોની શક્તિ ને કોનું સામર્થ્ય? આહાહા..! હીરા જેવો છોકરો હતો, (એમ) કહે. માયાળું હતો, પ્રેમી હતો, બુદ્ધિવાળો હતો, ફલાણું હતું, બધું હતું. હવે ઇ તો એનામાં રહ્યું. અહીં આવ્યું છે કાંઈ? ન આવ્યું? હવે એની જ્ઞાનની પર્યાય જાણી, જ્ઞાનની પર્યાયમાં જણાણું કે, આ આવો હતો, આવો હતો. એ જ્ઞાનની પર્યાય પર આકૃતિપણે શક્તિના ભાવપણે પરિણમવાનો એનો સ્વભાવ છે પણ એટલો પરપ્રકાશક પર શક્તિપણે પરિણમ્યો એ ભાવ ખરેખર પરભાવ છે. એ

વસ્તુનો સ્વભાવ ભાવ નથી ને ખરેખર એ વસ્તુની ખરી પર્યાય પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવે અહીં તો ક્યાંના ક્યાં માનીને બેસે! અસ્તિ-નાસ્તિની ખબર ન મળે ને ધર્મ થઈ ગયો, લ્યો! આ અનેકાન્ત આનું નામ છે. પેલો અનેકાન્ત ઉડાડી દે છે, સર્વજ્ઞ આમ જાણે ને ફલાણું આમ જાણે ને ઢીકણું (આમ જાણે). અરે..! ભગવાન! સમજાણું? નિયત ને કાળ ને અકાળ, નિયત ને અનિયત. આ ચાર નયો સૌને નડી છે. પણ એના અર્થની તને ખબર નથી, એમાં શું છે ઇ.

મુમુક્ષુ :– અર્થ છાપીને દીધો તોપણ વાંચ્યો નહિ.

ઉત્તર :– અર્થ લખીને આપ્યા. ત્યારે કહે, તમે એમાં તમારો ભાવ રાખીને બચાવ કરીને લખ્યું છે.

એક સમયનો જ્ઞાનનો પર્યાય ત્રણકાળ ત્રણલોકને જેમ વ્યવસ્થિત છે તેમ જાણે. એવો તો એક પર્યાયનો તાકાત. એવી અનંતી પર્યાયની તાકાત જ્ઞાનગુણમાં પડી છે. એવા એવા અનંતા ગુણની એક સમયમાં અનંતા ગુણની તાકાત પડી છે. આહાહા..! શ્રદ્ધાની પણ તાકાત એવી છે કે નહિ કે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જે રીતે જાણે તેવી જ શ્રદ્ધા થાય એવો ગુણ પડ્યો છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..! એવું વીર્ય એટલું પડ્યું છે કે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોક એ રીતે જાણે, એવી એવી અનંતી શક્તિનું સામર્થ્ય જે જ્ઞાનગુણમાં છે એવું અનંત એનું વીર્ય પણ એને કબુલે એવું વીર્ય અંદર પડ્યું છે. એવા અનંત... અનંત... શક્તિના સામર્થ્યનો ભગવાન ભાવ આત્માનો, એને પોતાનો ન માનતા એક સમયની અવસ્થાના પરના સામર્થ્યરૂપે પરિણમેલું જ્ઞાન, એને જ પોતાનો ત્રિકાળી ભાવ માને છે એ અભિપ્રાય જૂઠો છે. ભારે વાત, ભાઈ! આવું તો કાંઈ... આ જૈનની વાતું હશે આ? જૈન સિવાય આ ભાવ ને એક સમયનો પર્યાય ને પરપણે પરિણમે ને પરની આકૃતિપણે પરિણમવું ને એ બીજે હોય ક્યાંથી આ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સર્વજ્ઞ સિવાય હોય નહિ.

ઉત્તર :– આ સર્વજ્ઞ ને ત્રણકાળ, ત્રણલોકમાં જે સ્વભાવ ભર્યા છે એક એક દ્રવ્યના. તારા સ્વભાવના સામર્થ્યનું શું કહેવું? એવા સામર્થ્યની પ્રતીતિ અંતરમાં અંતર્મુખ ન કરતાં એક સમયની પર્યાયબુદ્ધિમાં તારી બુદ્ધિ અટકાઈ ગઈ છે તેને પરભાવને પોતાના માન્યા છે એવો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. બીજા જીવને હણે નહિ, હણી તો શકે છે ક્યાં? મારી શકે નહિ, બોલી શકે નહિ, કાંઈ નહિ. ફક્ત એની એક સમયની પર્યાયમાં પરની શક્તિને જાણવાનું પરિણમવું થયું એમાં આખા આત્માને માન્યો એનું નામ આત્માની મહાહિંસા છે. સમજાણું કાંઈ? એ એકાન્ત માન્યું, લ્યો! આનું નામ એકાન્ત. આ એકાન્ત અને અનેકાન્તની વ્યાખ્યા ભારે, ભાઈ!

**‘વળી કેવો છે એકાન્તવાદી?’** હવે આવે છે, જુઓ! પેલામાં (એમ) માન્યું. **‘स्वभावमहिमनि**

**एकान्तनिश्चेतनः**' જોયું? '**જીવની જ્ઞાનમાત્ર નિજ શક્તિ...**' અહીં તો આખું જ્ઞાનમાત્ર લેવું છે ને? પણ એવી અનંત શક્તિ (લેવી). જીવની ત્રિકાળ જ્ઞાનમાત્ર શક્તિ, જીવની ત્રિકાળ જ્ઞાનમાત્ર શક્તિ, જીવની ત્રિકાળ સ્વભાવરૂપ અનંત શક્તિઓ, એની '**महिमनि**' '**અનાદિનિધન શાશ્વત પ્રતાપ...**' અનંત ગુણનો, અંતર શક્તિનો શાશ્વત પ્રતાપ. જ્ઞાન ગુણ... જ્ઞાન ગુણ... જ્ઞાન ગુણ..., જાણવું... જાણવું... જાણવું... એની પ્રધાનતાથી આખી વાત છે. એ જ્ઞાન ગુણનો અનંતો અનાદિઅનંત શાશ્વત પ્રતાપ. એવા '**શાશ્વત પ્રતાપમાં...**' '**एकान्तनिश्चेतनः**' '**એકાન્ત નિશ્ચેતન...**' જડ થઈ ગયો છે, કહે છે. શું કીધું? કે, મહા અનંત જ્ઞાનનો પિંડ પ્રભુ, અનંત સામર્થ્ય એનો નિશ્ચેતન (અર્થાત્) આ મારું નહિ, આ મારું નહિ, એમ નિશ્ચેતન થઈ ગયો છે. ઓહોહો..! સમજાણું કાંઈ? '**એકાન્ત નિશ્ચેતન...**' લ્યો! એક સમયની આટલી પર્યાયને માન્યો તે એકાન્ત નિશ્ચેતન ભાઈ! અચેતન કહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ભીખાભાઈ'!

ચેતન જે મહાન સામર્થ્યનો પિંડ એકરૂપે છે એની મહિમાનો (જેને) સ્વીકાર નહિ, એ અચેતન થયો છે, અચેતન છે. આહાહા..! એક સમયની પર્યાયમાં બીજી શક્તિનું પરિણમનરૂપ જ્ઞાન થયું એટલાને માનનારો મહા સામર્થ્યમાં ભાવ સ્વરૂપને અનાદર કરનારો, એ ચેતન સ્વભાવ જે વસ્તુ છે (તેને) ન માની માટે કહે છે નિશ્ચેચતન છે. ઓહોહો..! જડ થઈ ગયો? આ નિશ્ચેતન શું થયું? ભાઈ! એ એક સમયની પર્યાય એ કાંઈ ચેતનનું આખું સ્વરૂપ છે? એ તો ખરેખર આખા અનંતા ગુણનો સામર્થ્ય એવો ભગવાન એનો સ્વીકાર નહિ (કર્યો) એ નિશ્ચેતન, અચેતન છે, એમ કહે છે. એ ચેતનની મહાન સ્વભાવની મહિમા ન મળે એને પર્યાયમાં અચેતન કહે છે. 'છોટાભાઈ'! ભારે વાત! આજે ભારે વાતું આવી. એ..ઇ..! ક્યાં ગયા તમારા? 'ન્યાલભાઈ' ચાલ્યા ગયા તાકડે.

'**અર્થાત્ એનાથી સર્વથા શૂન્ય છે.**' એટલે શું? '**એકાન્ત નિશ્ચેતન**' શબ્દ વાપર્યો ને? પોતાના અનંત સ્વભાવની શક્તિના સ્વભાવના મહિમા વિના એક પક્ષી (માનનારો) તદ્દન અચેતન થઈ ગયો છે. સમજાણું કાંઈ? સર્વથા શૂન્ય થઈ ગયો. ભગવાન મહાન સામર્થ્ય સ્વરૂપથી શૂન્ય થઈ ગયો, જાણે ખાલી (થઈ ગયો). એટલી એક સમયની પર્યાય પરના આકૃતિથી ભરેલો અને મારો આખો સ્વભાવ જાણે શૂન્ય છે. એમ દૃષ્ટિમાં એણે માન્યું. ઓહોહો..!

'**ભાવાર્થ આમ છે કે સ્વરૂપસત્તાને નથી માનતો...**' જુઓ! '**સ્વરૂપસત્તાને નથી માનતો– એવો છે એકાન્તવાદી.**' શું કહે છે? પોતાના સ્વરૂપની શક્તિ–સામર્થ્ય, વસ્તુનું ત્રિકાળ સામર્થ્ય. વસ્તુ જેમ ત્રિકાળ છે એમ એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ત્રિકાળ સામર્થ્ય, ત્રિકાળ સામર્થ્ય છે. એવી સ્વરૂપની સત્તાને નહિ માનતો, એવા સ્વરૂપના સ્વભાવ ભાવની શક્તિને નહિ માનતો. '**એવો છે એકાન્તવાદી.**' એક પક્ષી માનનારો. '**તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે**

**છે...'** એના પ્રત્યે જ્ઞાની ધર્માત્મા એને કહે છે.

**'तु स्याद्वादी नाशम् न एति' 'એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે.'** સમજાણું કાંઈ? **'અનેકાન્તવાદી વિનાશ પામતો નથી.'** અનેકાન્તવાદી પૂર્ણ (અર્થાત્) પૂર્ણ ભાવને માનનાર, એક સમયની અવસ્થા, અવસ્થા તરીકે પરભાવ તરીકે જાણનાર, પૂર્ણ ભાવ તરીકે સ્વભાવ વસ્તુ માનનાર અને એમાં એક સમયની અવસ્થા તરીકેનો નાસ્તિ માનનાર. સમજાય છે કાંઈ? આ અનેકાન્તવાદી. પેલો (એકાન્તવાદી) એક સમયની આકૃતિમાં આખો ભાવ માનનાર. આ (અનેકાન્તવાદી) એક સમયના પૂર્ણ ભાવમાં પૂર્ણ માનનાર (અને) એક સમયની અવસ્થાને એટલા આકારરૂપે વ્યવહાર જાણનાર. સમજાણું કાંઈ? **'અનેકાન્તવાદી વિનાશ પામતો નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર વસ્તુની સત્તાને સાધી શકે છે.'** ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનમાત્ર સત્તાને સાધે છે. સમજાણું?

આજ વળી શબ્દ આવ્યો હતો પણ અર્થ નથી. 'પ્રવચનસાર'ની 'જયસેનાચાર્ય'ની 'શીતલપ્રસાદ'ની પહેલી ચોપડી કોઈ લઈ ગયું છે? અહીં નથી. 'પ્રવચનસાર'ની 'જયસેનાચાર્ય'નો પહેલો ભાગ. એક છે ને? એમાં ગાથા છે. 'સવરિઠમ્' શું છે ઇ? 'સવરિઠમ્ ઇટ્ઠમ...' એક ગાથા છે, 'જયસેનાચાર્ય'માં. સર્વજ્ઞની ગાથા છે. આવા સર્વજ્ઞને માને તે સમકિતી છે. એવી ગાથા છે. એનો અર્થ કર્યો. આમાં ક્યાંય ન આવ્યો. સમજાણું? છે કે નહિ? જુઓને! શું છે? ક્યાં ગયું? એ સર્વજ્ઞને પેલી કરે છે. શું છે ઇ? પર્યાય સર્વ પદાર્થમાં શ્રેષ્ઠ. એને શ્રદ્ધે છે એ દુઃખનો ક્ષય કરે છે. બરાબર છે. શું કહે છે?

એ તો એક સર્વજ્ઞની પર્યાયને શ્રદ્ધે છે એમ વાત લીધી. એક સમયની પ્રગટ પર્યાય. એ પ્રગટ પર્યાયની શ્રદ્ધા ક્યારે થાય? કે, આખા દ્રવ્યની (શ્રદ્ધા થાય ત્યારે). સાધક સાધ્ય આપણે ચાલશે ને? એમાં ઇ મુકવાનું છે, હોં! સર્વજ્ઞની સાથે સંધિ કરીને.

સર્વજ્ઞ એક સમયના આ જગતમાં છે. એક સમયની તાકાત! એ તાકાતની પ્રતીતિ પોતાના દ્રવ્યમાં એ શક્તિ એની પણ એમાંથી–દ્રવ્યમાંથી આવી છે. એમ પોતાના દ્રવ્યમાં એ આખો ગુણ એટલો અનંત શક્તિવાળો પડ્યો છે એની પ્રતીતિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે એને સર્વજ્ઞની પ્રતીતિ થઈ કહેવાય. આ શક્તિ જે મારા દ્રવ્યમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... છે એ અનેકાન્તવાદી માની શકે છે. એક સમયમાં અલ્પજ્ઞતા હોવા છતાં અને એક સમયમાં અલ્પજ્ઞતામાં પૂરું વર્તમાનમાં પરને આકારે પરિણમ્યું એવું હોવા છતાં એટલો હું નહિ. સમજાય છે કાંઈ? અર્થાત્ પૂર્ણ વસ્તુ જે છે, શક્તિ આખું તત્ત્વ, એને પ્રતીત કરીને પર્યાય પરિણમી એટલો જ હું નહિ. અહીં ભાવનું વર્ણન છે ને? આખો ભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... વસ્તુ. વસ્તુ એવી છે, ભાઈ! સમજાય છે કાંઈ? 'જમુભાઈ'! આ ગુજરાતી ચાલે છે.

**'અનેકાન્તવાદી વિનાશ પામતો નથી.'** કેમ? કે, **'જ્ઞાનમાત્ર વસ્તુની સત્તાને સાધી શકે**

**છે. કેવો છે અનેકાન્તવાદી જીવ?'** **'સહજસ્પષ્ટીકૃતપ્રત્યયઃ'** છાપવામાં આ ભૂલ થઈ ગઈ. **'સહજસ્પષ્ટીકૃતપ્રત્યયઃ'** **'સ્વભાવશક્તિમાત્ર એવું જે અસ્તિત્વ...'** પોતાનો જે સ્વભાવ (છે)... સમજાય છે? ત્રિકાળ શક્તિ પૂર્ણ ભાવ, દ્રવ્યમાં પૂર્ણ શક્તિ સ્વભાવભાવ, ધ્રુવભાવ, ધ્રુવભાવ. અનાદિઅનંત જેમ આત્મા છે એમ એની જ્ઞાન, દર્શન આદિ શક્તિઓ ધ્રુવ અનાદિ ભાવ પડ્યો છે અંદર. એવા ભાવને... સમજાય છે? **'સ્વભાવશક્તિમાત્ર એવું જે અસ્તિત્વ..'** એવું જે હોવાપણું, અસ્તિત્વ એટલે હોવાવાપણું. પોતાના અનંત... અનંત... શક્તિ આદિનું, જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિનું હોવાપણું. **'તે સંબંધી દઢ કર્યો છે...'** **'સ્પષ્ટીકૃત'** **'સ્પષ્ટીકૃત'** એ સ્પષ્ટ કર્યો છે આશય જેણે. એટલે અનુભવ કર્યો છે આશય જેણે. સમજાણું કાંઈ?

**'દઢ કર્યો છે 'પ્રત્યયઃ'** નામ **'અનુભવ જેણે,...'** ભાષામાં કેટલા શબ્દ (વાપર્યા) છે! ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શક્તિનો સંપન્ન ભાવ... ભાવ... ભાવ પૂર્ણ. એવો **'સ્પષ્ટીકૃતપ્રત્યયઃ'** એટલે કે સ્વભાવ આટલો છે, આવડો છે એમ સ્પષ્ટ કર્યો છે અનુભવ જેણે. સમજાણું કાંઈ? જેવો સ્વભાવ પૂર્ણ છે એવો જ **'સ્પષ્ટીકૃત'**–એવા હોવાપણે દઢ કર્યો. **'સ્પષ્ટી'** નો અર્થ 'દઢ' કર્યો છે. **'પ્રત્યયઃ'** એટલે અનુભવ. એવો અનેકાન્તવાદી. પૂર્ણાનંદ પ્રભુ, પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એક સમયમાં પૂર્ણ પરમાત્મા જેની શક્તિ ને સ્વભાવ એના સામર્થ્યનું શું કહેવું? જેનો સ્વભાવ એના માહાત્મ્યનું શું કહેવું! એવો આત્મા મહાન અનંત સ્વભાવ સંપન્ન (છે) એમ અંતરમાં જેણે દઢપણે પ્રતીતિમાં અનુભવ કર્યો છે એને અનેકાન્તવાદી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને અમૃતનો અનુભવ છે. પેલાને મિથ્યાત્વનો અનુભવ હતો, મિથ્યાત્વનો. આ મહાન પદાર્થ... સમજાણું કાંઈ?

ઘણીવાર કહેવાય છે ને કે, આકાશ... આકાશ... આકાશ... આકાશ..., ખાલી... ખાલી... ખાલી... ક્યાં ક્યાંય અંત છે? આમ દસેય દિશામાં જાવ જાવ આમ આમ પછી શું? પછી શું? પછી શું? પછી શું? પછી શું? કાંઈ નાસ્તિ જ નહિ. અસ્તિ... અસ્તિ... અસ્તિ... ચાલ્યું જ જાય. છે... છે... છે... છે... છે... છે... એમ ચાલ્યું જાય. એ છે... છે...ના ક્ષેત્રની અસ્તિની નાસ્તિ નહિ. એમ આત્માની એક એક શક્તિના અસ્તિત્વના સામર્થ્યની ક્યાંય 'ન', એમ નહિ. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ. અરે..! આ વાત (કેમ બેસે)? સમજાણું કાંઈ? સમજાણું કે નહિ?

આટલા ક્ષેત્રને (માપ નહિ), અમાપ જેનું (ક્ષેત્ર). પછી શું હશે? પછી શું હશે? ભીંત હશે? વંડી હશે? પછી શું હશે? જ્યાં ના પાડવા જાય ત્યાં અસ્તિની હા પડશે. એવા ક્ષેત્રના અમાપ ક્ષેત્રનો પહોળો ભાવ અમાપ. તો આ આત્માના સ્વભાવ ભાવના સામર્થ્યનું શું કહેવું! એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને (મોટા) ક્ષેત્રની જરૂર નથી. ભાવના સામર્થ્યને ક્ષેત્રની જરૂર નથી. ભાવના સામર્થ્યના એના સત્ત્વના સામર્થ્યની એને જરૂર છે, બસ! એટલું સત્ત્વ એક એક ગુણનું. દર્શનનું, જ્ઞાનનું, ચારિત્રનું, આનંદનું, અસ્તિત્વનું, વસ્તુત્વનું, પ્રમેયત્વનું, પ્રભુત્વનું.. મહાન શક્તિ ... એનો **'સ્પષ્ટીકૃતપ્રત્યયઃ'** **'દઢ કર્યો છે અનુભવ જેણે,...'** એવા

મહાન સ્વભાવની શ્રદ્ધાને જ્ઞાનમાં લીધો એને સત્યનું પરિણમન થતાં શાંતિનું પરિણમન થાય છે, એમ કહે છે. આહાહા..! કાઢી નાખ્યો, રાગ કાઢી નાખ્યો, નિમિત્ત કાઢી નાખ્યું, એક સમયમાં પરઆકારે પરિણમેલો એટલો પર્યાય કાઢી નાખ્યો. આવો મોટો આત્મા અનંત ગુણનો ભાવરૂપ પ્રભુ એણે જ્યાં દૃષ્ટિમાં, જ્ઞાનમાં લીધો (તો) કહે છે સત્યરૂપ અનેકાન્તનું પરિણમન અને સમ્યગ્જ્ઞાન થઈ ગયું. એને અંતરમાં અમૃતનો–સત્યનો સ્વાદ આવે. અજ્ઞાનીને એકાન્તના મિથ્યાત્વના ઝેરનો સ્વાદ આવે, એમ કહે છે. આમાં ધર્મ-અધર્મની વાત છે આખી. ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– ધ્રુજારી છૂટે...

ઉત્તર :– ધ્રુજારી છૂટે. કોઈ દિ' ક્યાં એને ખબર છે કે કોણ છું?

મુમુક્ષુ :– .. કઈ રીતે?

ઉત્તર :– આ દાખલો અપાય છે, આ દાખલો તેથી તો આપ્યો. નાસ્તિક માણસ પણ એમ તો વિચારશેને? કે, આમ ને આમ, આમ ને આમ આ ખાલી તો અમુક સ્થાનમાં આવું ક્ષેત્ર છે. પણ પછી કાંઈ છે કે નહિ? ક્ષેત્ર ખાલી... ખાલી... ખાલી... એ ખાલીનો અંત ક્યાં? નાસ્તિ માણસ પણ વિચારશે કે નહિ? એનો અર્થ ઇ ખાલીનો અંત નહિ એટલી તો ક્ષેત્રની અચિન્ત્યતા છે. તો એના જાણનારના ભાવની અચિન્ત્યતા શું છે! અહીં તો એમ વાત લેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આ એક સમયની પર્યાયની વાત નથી, હોં! સર્વજ્ઞની એક સમયની પર્યાય એની અહીં વાત નથી. અહીં તો એક સમયનો આખો ભાવ બધો, આખો (એની વાત છે).

વસ્તુ છે એનો સ્વભાવભાવ, સ્વભાવભાવ ત્રિકાળ શક્તિ સ્વભાવ. એનો જેણે એકાન્તપણું ટાળીને અનેકાન્ત આવા ભાવમાં એક સમયનો પર્યાય નથી, એક સમયની પર્યાયમાં આવો આખો ભાવ આવતો નથી. સમજાણું કે નહિ? (તેને) દૃઢ કર્યો છે એવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ. અનેકાન્ત સ્વરૂપને જેવું છે તેવો માનનાર, અનુભવનાર, જાણનાર જીવ. કહો, 'સોમલચંદજી'! શું કરવું હવે? હજી તો બહારના... સમજ્યા ને?

એક (ભાઈએ) પ્રશ્ન કર્યો કે, આ ધર્મશાળા બનાવે તો ધર્મ થાય કે નહિ? અરે...! ધર્મશાળા બનાવે તો મોક્ષ થાય. ત્યારે ભારે કરી નાખ્યું આ તો હવે! એક જણાએ પ્રશ્ન કર્યો કે, ધર્મશાળા એ ત્યાગમાં દયા-ધર્મમાં છે. એમ કરીને કહ્યું. ત્યાગધર્મમાં છે. દસ પ્રકારનો ધર્મ છે એમાં ત્યાગધર્મમાં એ છે. દસ પ્રકારના ધર્મમાં ત્યાગધર્મમાં એ છે. એ..ઇ..! 'દેવાનુપ્રિયા'! અરે..! ધર્મશાળા બનાવવાનો પ્રશ્ન કર્યો તેં? કેટલા શ્લોક પાછા? 'પદ્મનંદિ'ના ને બધાના. અરે..! ભગવાન! શું કરે છે તું આ? આહાહા..! આ ઠગવાનો બીજાને. બિચારા ઠગાઈ જાય. એક દસ-વીસ હજારની ધર્મશાળા બનાવે તો મોક્ષ થઈ જાય. ભારે ભાઈ! અમારે તો અહીં 'નાનાલાલભાઈ'ને પૂછ્યું. બે લાખ ખર્ચ્યા, અઢી લાખ ખર્ચ્યા. હવે આઠમે

ભલે મોક્ષ (થશે). (એક) પંડિત (કહે). (તો આમણે કહ્યું), ના ના. અમે એમ માનતા નથી. મહારાજ ના પાડે છે. આહાહા..! 'જૈન ગેજેટ'માં એવું લખ્યું છે. ઓહોહો..!

મુમુક્ષુ :– જે કોઈ બહારનો શુભભાવ કરે એ બધાય ભાવ...

ઉત્તર :– બધાય ભાવ શુભભાવ. આહાહા..! ત્યાગ છે ને એમાં? ત્યાગ છે ને? તીવ્ર કષાયનો ત્યાગ થયો, એ તો ધર્મ થઈ ગયો, એમ. એ ધર્મ થયો ને એનાથી એને મુક્તિ થાય છે. એ... 'ધર્મચંદજી'! કાંઈ મહેનત ન મળે એમાં. હવે આ કેટલું આ સમજવાની મહેનત? શ્રદ્ધા કરવી ને...પેલું તો કાંઈ નહિ. એક મંદિર બનાવે એટલે મોક્ષ થયા વિના રહે? ધર્મશાળા બનાવે ને મોક્ષ થાય તો મંદિર બનાવે એ તો ભગવાનનું મંદિર છે, લ્યો! પાછું એવું આપ્યું છે કે, ધર્મશાળા બનાવે એમાં કેટલા ભૂખ્યાને ઓલું થાય, ભય મટી જાય, દુઃખનો ભય મટે, ક્ષુધાનો મટે, ફલાણાનો ભય મટે. માટે આણે બહુ એમ કર્યું માટે એને (મોક્ષ થશે). આ શાસ્ત્રમાં લખ્યું છે. અહો! એની શું વાતું કરવી! જેણે ધર્મશાળા બનાવી એની શું પ્રશંસા કરવી! ઓહોહો..! ભારે સ્થૂળ કરી નાખ્યું.

મુમુક્ષુ :– અમારા બારોટ આવ્યા'તા એ એમ કહે ને.

ઉત્તર :– કહે ને. તમારા બાપ ન કહે? તમારી પાસેથી પૈસા લેવા છે. આહાહા..! સમજાણું? ભગવાન અહીં તો કહે છે કે, એક સમયની જ્ઞાનની પર્યાયમાં એ ધર્મશાળા ને મંદિરોની શક્તિઓના જ્ઞાનરૂપે પર્યાયમાં તારું પરિણમન થાય એટલાને તું માને તોપણ અનંત સંસારી મિથ્યાદૃષ્ટિ છો. કરાવવા બરાવવાનું તો ક્યાંય રહી ગયું. કરાવે કોણ? આહાહા..! અરે..! ભગવાન! શું કરે છે તું આ? ભારે પણ, ઊંધો પડે ત્યારે પણ.. આહાહા..! શાસ્ત્રની વાતુંને ઉડાવી, ક્યાંય ઉડાવી દીધી. વીતરાગ ભાવે હિંસાનો અભાવ, દૃષ્ટિ વિના ત્રણકાળમાં થાય નહિ. એને ઠેકાણે આ કહે, કરી શકે છે, વળી પાછી કરી શકે છે, ભાવ છે, એનાથી ત્યાગ છે, એનાથી ધર્મ છે. આહાહા..! અહીં તો કહે, લાખ મંદિર બને તોય મોક્ષ નથી. કહો, શું છે 'ગુલાબચંદભાઈ'? ક્યાં ગયા? આવીને ચાલ્યા ગયા? 'મલૂકચંદભાઈ' નથી આવ્યા? પાછા ગયા? એ તો એને કારણે બનવાનું હોય અને બને. બનનારનો ભાવ શુભ હોય છે. ભગવાનના દર્શન આદિ માટે. શુભભાવ (છે) પણ એ શુભભાવથી મુક્તિ થઈ જાય અને જન્મ-મરણ મટી જાય એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા..! પૈસાવાળાને મુક્તિ થાય, ગરીબને બિચારાને રોવું પડે. આરે.. આરે...! ભારે પણ કરી. ઓહોહો..!

અહીં તો ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે કે, હે આત્મા! તારામાં એક સમયમાં અનંત... અનંત... શક્તિના ભાવરૂપ સામર્થ્ય છે એને માન્યા વિના તું એક સમયની અવસ્થામાં એ જગતની તાકાતના સામર્થ્યના જાણવારૂપે એક સમય પરિણમી એને તું પોતાનો માન તોય મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી છે. આહાહા..! હવે બહારની ક્યાં વાત? મંદિર ને ધર્મશાળા... એ..ઇ..! 'હિંમતભાઈ'! શું કરવું? આ બધા પંડિતો આમ થયા

છે. આહાહા..! અરે..! પ્રભુ! શું કરે છે તું આ? આખો આત્મા કેવળજ્ઞાન મળી જાય એટલા પૈસે. ભારે ભારે વાત, ભાઈ!

અહીં તો કહે છે કે, ભગવાનઆત્મા એને બનાવી શકે એમ માન્યતા માને એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ધર્મશાળા કે મંદિર હું બનાવી શકું છું, એ તો પરની પર્યાય, બનાવે કોણ એને? એમાં વળી પૈસા મારા, અમે આ બનાવ્યું. આહાહા..! કેટલા અભિમાન! અમે આ છોડ્યા. ભાઈ! તારો શુભરાગ હોય, રાગની મંદતાનો ભાવ શુભ (હોય) એ શુભ પુણ્યબંધનું કારણ છે. પણ તું જાણ કે, બંધ અભાવ પરિણામ એનાથી થાય ને મુક્તિનું કારણ થાય એમાં એકેય દોકડો સાચો નથી.

મુમુક્ષુ :– અશુભમાંથી ઊંચો આવ્યો ને, શુભમાં તો આવ્યો.

ઉત્તર :– ધૂળમાંય આવતું નથી. અશુભમાંથી શુભમાં આવ્યો. ઊંચો શુભ કોને કહેવો? એ તો અશુભમાં–મિથ્યાત્વમાં પડ્યો છે એ અશુભ છે. આ મેં કર્યું, આ મારાથી થયું, એનાથી મને કલ્યાણ થશે એવા મિથ્યાત્વભાવના અશુભભાવમાં તો પડ્યો છે. આકરી વાત છે, ભાઈ આમાં. એ..ઇ..! સાચી વાત છે?

મુમુક્ષુ :– પહેલાના કાળમાં તો ચિઠ્ઠી ફાડી આવતા.

ઉત્તર :– આપતા... અહીં ચિઠ્ઠી એવી નથી, ભગવાન કહે છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથનું કહેલું તત્ત્વ છે. આ કાંઈ કલ્પિત ને લોકો માની લે એને ઘરેથી એવી વાત નથી. સમજાય છે?

અહીં તો એમ કહેવા માગે છે કે, ભાઈ! આ પરની દયા હું પાળી શકું છું, પરની પર્યાય કરી શકું એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એ તો છે પણ એની શક્તિ જુઓ! તો ખરા કેવી રીતે આ બચે છે? કેવી રીતે ટક્યા છે? એના સામર્થ્યનું જ્ઞાન તારી પર્યાયમાં થાય એ પર્યાયમાં તારા લઈને જ્ઞાન થાય, એને લઈને નહિ. તારે લઈને તેની પર્યાયમાં એનું જ્ઞાન થાય એટલો પણ હું આત્મા છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ એક અંશમાં આખા સ્વભાવને અર્પી દીધો છે. આખા અનંતા સ્વભાવ ગુણને એક સમયમાં અર્પી દીધો છે. પરભાવમાં ત્રિકાળભાવને માનનાર મૂઢ અજ્ઞાની છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આવું હશે તો કોઈ (મંદિર) નહિ કરે, કોઈ કહેતા હતા. 'મલૂકચંદભાઈ'ને મંદિર કરવું છે, ત્યાં 'અમદાવાદ'માં. કોણ કરે? એ તો નીકળવાના હશે એ નીકળ્યા વિના રહેશે નહિ. કાઢે કોણ ને દે કોણ? ભાઈ! બધી વાતું સમજવા જેવી છે. બોલાય જ્યારે અમુક કહેવું હોય તો, બાકી તો બધું સમજવા જેવું છે. આહાહા..! કથનના, બોલવાના અનેક પ્રકારો હોય. શું એ વખતે જાણવું છે એ અપેક્ષાએ. આહા..!

કહે છે, ત્રણલોકના નાથ તીર્થંકર કહે છે, ધર્મી એને અમે કહીએ છીએ કે જેણે એક સમયની અવસ્થામાં પોતાનું આખું રૂપ નથી માન્યું પણ એક સમયમાં આખો અનંત

ગુણનો પિંડ ભગવાન દૃષ્ટિમાં લઈને પછી એક સમયની અવસ્થા છે એનું એ જ્ઞાન કરે છે. એવા સમ્યગ્દૃષ્ટિને અમે ધર્મી કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ?

**'વળી કેવો છે?' 'सर्वस्मात् नियतस्वभावभवनज्ञानात् विभक्तः भवन्'** જુઓ! આવ્યું. આમથી કીધું હવે પેલાથી વિભક્ત કહે છે. **'જેટલા છે પોતપોતાની શક્તિએ બિરાજમાન એવા જે જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો...'** દેખો! પરપદાર્થ. જેટલા અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ આદિ અનંત પદાર્થો છે. એક આત્મા સિવાય બીજા અનંતા પદાર્થો છે. એ **'પોતપોતાની શક્તિએ બિરાજમાન...'** છે. એ બધા પોતાની શક્તિએ બિરાજમાન છે. સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધ ભગવાન પણ પોતાની શક્તિએ બિરાજમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનંતા સિદ્ધો અને મહાવિદેહક્ષેત્રમાં લાખો કેવળીઓ બિરાજે છે. એ બધી એની પોતાની શક્તિએ બિરાજમાન બધા પદાર્થ છે.

**'એવા જે જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો...'** એ જ્ઞાનની પર્યાયમાં જાણવા યોગ્ય પદાર્થ જે છે **'તેમની સત્તાની આકૃતિરૂપે પરિણમ્યા છે એવા...'** એના સામર્થ્યરૂપે જ્ઞાનની પર્યાય પોતાની પોતાથી પરિણમી છે. તે આકૃતિ છે માટે પરિણમી નથી. આહાહા..! અનંત સર્વજ્ઞો એની શક્તિથી બિરાજમાન સિદ્ધ (હોય). અરિહંતો, કેવળીઓ લાખો બિરાજમાન, સાચા સાધુઓ કરોડો બિરાજમાન (હોય) પણ એ બધા આ આત્માની પર્યાયથી ભિન્ન પદાર્થ છે. સમજાય છે કાંઈ? એ ભિન્ન પદાર્થને લઈને મારો જ્ઞાન પર્યાય પરિણમે છે એ વાતને તો મહા મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. આહાહા..!

કહે છે, **'नियतस्वभाव'** નિયત એટલે એનો દરેકનો નિશ્ચય સ્વભાવ. **'પોતપોતાની શક્તિએ બિરાજમાન એવા જે જ્ઞેયરૂપ...'** જુઓ! નિયત આવ્યો કે નહિ? એનો નિયત સ્વભાવ છે ઇ. દરેક આત્માનો, દરેક પરમાણુનો જે નિશ્ચય સ્વભાવ છે. **'જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો...'** જીવાદિ પદાર્થ છએ આવી ગયા, પોતા સિવાયના બીજા અનંતા. **'તેમની સત્તાની આકૃતિરૂપે...'** આ હવે **'भवन्'**ની વ્યાખ્યા કરે છે, આ **'भवन्'**ની વ્યાખ્યા કરે છે. **'भवन्'**ની વ્યાખ્યા ક્યાં જાશે? એ **'भवनज्ञानात्'**. એ પરની સત્તાની આકૃતિરૂપ પરિણમી છે એવી **'જીવના જ્ઞાનગુણના પર્યાય,...'** જ્ઞાનની એક સમયની પર્યાય. આત્માના જ્ઞાનની એક સમયની પર્યાય-અવસ્થા, અનંત જ્ઞેયોની શક્તિને જાણવાપણે પરિણમી છે એક સમયની પર્યાય **'તેમનાથી...' 'विभक्तः'** એનાથી મારું તત્ત્વ જુદું છે. એનાથી મારો આખો ભાવ જુદો છે. સમજાણું કાંઈ?

પરવસ્તુથી તો જુદો છે, પરની શુભભાવની શક્તિથી પણ જુદો છે પણ શુભભાવ ને પરવસ્તુની શક્તિથી પરિણમેલું એક સમયનું જ્ઞાન, એટલા એક સમયના જ્ઞાનની પર્યાયથી મારું સ્વરૂપ ત્રિકાળ જુદું છે. એમ પરથી વિભક્ત જેણે માન્યો છે, સ્વમાં પૂર્ણ છે એમ જાણ્યો છે એવા પર્યાય વિભક્ત **'ભિન્ન છે જ્ઞાનમાત્ર સત્તા - એવો અનુભવ કરતો થકો.'** સમ્યગ્દૃષ્ટિ અનેકાન્તી કહેવાય છે. ભારે વાત, ભાઈ! વળી પાછું આવું કહે ને વળી પાછા

મંદિર ને તીર્થ ને મોટા જાત્રા... સાંભળ તો ખરો! એ..ઇ..! એ તો જ્યારે એ શુભભાવનો વખત હોય અને ત્યારે એ ક્રિયા આદિ થવાની હોય ત્યારે એનું લક્ષ શુભનું પરમાં જાય છે. બસ! એટલી એની મર્યાદા છે. એ મર્યાદા કાઢી નાખે તોપણ મિથ્યાદષ્ટિ છે. કારણ કે, જ્ઞાનના પર્યાયમાં તે કાળે તે શુભરાગને તે જ નિમિત્તને જાણવાનો પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ભાવ મિથ્યાત્વનો અંત આવે એવો એક બોલ કીધો.

ઉત્તર :– આ એક બોલ કીધો ને આ. એમ કહે છે, મિથ્યાત્વ કેટલા પ્રકારના? એક જ પ્રકારનું કીધું ને!

એક વસ્તુ મહા સ્વભાવથી ભરેલો સાગર પૂર્ણાનંદ પ્રભુ, એ મારો પૂર્ણ ભાવ એ એક સમયની અવસ્થાથી વિભક્ત છે. એક સમયની અવસ્થા(થી જુદો છે). પરથી તો જુદો છે પણ એના જાણેલાની પર્યાયથી પણ જુદો આ ત્રિકાળી ભાવ છે. આ એનું માનવું એનું નામ મિથ્યાત્વનો નાશ ને સમકિતની ઉત્પત્તિ છે, લ્યો! આહાહા..! સમજાણું કાંઈ આમાં? 'બાબુભાઈ'! આ સાંભળ્યું નહિ હોય. એની મેળે વાંચવા જાય તો સમજે એવું નથી. આહાહા..! એ તો મોંઘી વસ્તુ છે એમ બતાવવા માટે વાત ચાલે છે. સમજે તો એ પોતાથી સમજે છે. આહા..! કેટલી વાત (કરી છે)!

**'सर्वस्मात् नियतस्वभावभवनज्ञानात् विभक्तः भवन्'** લ્યો! આવી તો વાત કરી. **'ज्ञानात् विभक्तः भवन्'** એમ કીધું ને? પાઠ જ એવો છે. જુઓને! એ... 'હિંમતભાઈ'! પાઠ જ એવો છે. જુઓ! **'सर्वस्मात् नियतस्वभाव'** એટલે પર. એના **'भवन्'** (એટલે) એનું જે જ્ઞાન. એનાથી **'विभक्तः भवन्'** પાઠ જ આવો છે. આહાહા..! ભારે પણ! પેલામાં પણ એવો કર્યો નથી, હોં! સમજાણું કાંઈ? આહા..!

અહીં કીધું ને? **'सर्वस्मात् नियतस्वभावभवनज्ञानात् विभक्तः भवन्'** એમ કીધું છે ને? અર્થ તો બરાબર ભર્યો જ છે. ઓહો..! 'રાજમલ પાંડે' પણ... 'પાંડે રાજમલ જૈન ધર્મી, સમયસાર નાટક કે મર્મી.' જુઓને! શબ્દ છે કે નહિ અંદર? એ પડ્યો છે એનો અર્થ કર્યો છે, હોં! પેલામાંય એ આવ્યું હતું. સમજાય છે? એ આવ્યું હતું. **'विश्रान्तः परभावभावकलना न्नित्यं बहिर्वस्तुषु'** એટલે આમાંથી પછી છેલ્લા શબ્દમાંથી બધું કાઢ્યું. સમજાણું કાંઈ? ત્રીજામાં. આહાહા..! એમાંથી પહેલો કાઢ્યોને? ભાઈ! આમાં આ શબ્દ પડ્યો છે એટલે એમાંથી જ્ઞાન પર્યાય કાઢી છે, એકાન્તમાં. પેલામાં એકત્વ કહ્યું. કોની સાથે? એટલે અહીં એણે વિભક્તમાંથી પેલું એકત્વ કાઢ્યું, એમ મારું કહેવું છે. જ્યારે જ્ઞાનની એક સમયની પર્યાય પરને જાણવારૂપ છે એટલો માને તે પરભાવને પોતાનો માને છે અને જ્ઞાની એક સમયની જ્ઞાનની પર્યાયથી વિભક્ત પૂર્ણને માને છે તે સમકિતી અનેકાન્ત છે. એ પાઠથી આ શૈલી ઉભી થાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! અંશબુદ્ધિ ને દ્રવ્યબુદ્ધિ ને... એમાં

પછી પરિણમન–પર્યાય થાય. સમજાણું કાંઈ? કહો, 'જુગરાજજી'! આવો માર્ગ છે. આહા..!

આ તો (કહે) કાં તો મંદિર બનાવો ને ઉપાશ્રય બનાવો ને સામાયિક-પોષા કરો ને પડિકમણા કરો ને અપવાસ કરો (એટલે) ધર્મ થઈ ગયો. દિગંબર લોકો... અરે..! ભગવાન! તારા ઘરે વસ્તુ પડી છે, ભાઈ! પેલાને તો વસ્તુ પણ નથી, શાસ્ત્રમાં પણ એવી વાત નથી. આ તો શાસ્ત્રમાં પરંપરા સર્વજ્ઞ ભગવાને કહેલી વાત પડી છે. એ... 'રતિભાઈ'! આ સમજાય છે? પણ આ સમજાય છે કે નહિ? એમ કહેવું છે અહીં તો. ઓહોહો..!

કહે છે, લ્યો! આખા શ્લોકનો સાર. વસ્તુનો–પદાર્થનો અનંત... અનંત... શક્તિરૂપ સ્વભાવ છે. આત્મા છે ને? વસ્તુ છે ને? અને વસ્તુ છે એની ગુણ શક્તિના માપનું શું કહેવું? જેનો સ્વભાવ છે... સ્વભાવ છે... સ્વભાવ છે... એનું શું કહેવું? એ તો અનંત... અનંત... શક્તિનું સામર્થ્ય છે. સ્વભાવને હદ શું હોય? એવો એક એક ગુણ અનંત શક્તિનો પિંડ પ્રભુ આત્મા એને એક સમયની દશામાં પરનું પરિણમન, પરની આકૃતિની શક્તિરૂપે પરિણમેલું જ્ઞાન એ તો તુચ્છ સાધારણ વાત છે. એટલે એ સાધારણ દશામાં આખો આવો આત્મા માનવો મિથ્યાત્વ છે, અસત્‌બુદ્ધિ છે. સત્‌સ્વરૂપ ભગવાન આખો સ્વભાવ તો પડ્યો રહ્યો. અને અનંત આવો સ્વભાવ પૂર્ણ પ્રતીતમાં, દઢતામાં લઈ અને પર્યાય એક સમયની થઈ એને જાણે એ તો અનેકાન્ત છે. આહાહા..! સમજાણું કાંઈ?

કેટલાક કહે છે, ન્યાં સામાયિક નથી, પડિકમણા નથી, પોષા નથી. કહે છે કે નહિ? 'પ્રેમચંદભાઈ'! અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! સમ–સમ્યક્ સમભાવરૂપી સમ્યગ્દષ્ટિ. એ સમભાવી સમ્યગ્દષ્ટિ કોને કહેવાય છે ઇ એને ખબર નથી. સમકિતરૂપી એક સામાયિક કહેવાય છે. એક સમ્યક્ સામાયિક, સમ્યગ્દર્શન સામાયિક, એક સમ્યગ્જ્ઞાન સામાયિક પછી ચારિત્રનો દેશ–અંશે સામાયિક... એમાં પહેલી અહીં સમ્યગ્દર્શન સામાયિક કોને કહેવી એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? 'જુગરાજજી'! એવું આવે છે.

'અનુયોગદ્વાર'માં આવતું. ભાઈ! અમે કહેતા. આ ચાર બોલની તે દિ' અમે વાત કરતા. આ ચાર પ્રકારની સામાયિક આવે છે. સમ્યગ્દર્શન સામાયિક 'અનુયોગદ્વાર'માં આવે છે. 'અનુયોગદ્વાર' તો આખું ખુબ લઢેલું ને! એ સમ્યગ્દર્શન સામાયિક આવે છે, સમ્યગ્જ્ઞાન સામાયિક, પછી અંશે સ્થિરતા એ સામાયિક, પછી સર્વવિરતી થઈ સ્થિર થાય છે. આમ સામાયિકના ચાર (પ્રકાર છે). હજી પહેલી સામાયિકના ઠેકાણા નથી ને આ સામાયિક ક્યાંથી લાવ્યા? ત્યારે ભડકતા હતા ખરા. સમજાણું કાંઈ? 'અનુયોગદ્વાર'માં (સંવત) ૧૯૮૫-૮૬ની સાલમાં તો આખું 'અનુયોગદ્વાર'નું ઘોલન ચાલતું. સવારમાં ઉઠીએ, બે કલાક-ત્રણ કલાક ઉઠીએ. બે કલાકમાં તો આખો 'અનુયોગદ્વાર' ફરી જાય. 'અમરેલી'માં 'પ્રેમચંદભાઈ'ના મકાનમાં. 'પ્રેમચંદ ખારા'... ત્યાં ઉતર્યા હતા. સમજાણું કાંઈ? આહા..!

એ સમ્યગ્દર્શન સામાયિક કોને કહેવી એની વાત ચાલે છે આ. અને મિથ્યાદર્શન વિષમ,

વિષમ મિથ્યાત્વભાવ કોને કહેવો એની વાત ચાલે છે. ભગવાનઆત્મા પરમ સત્તા એક પૂર્ણાનંદની શક્તિનું સત્ત્વ, એક સમયમાં અનંત છે. એવા ગુણની મહાન સ્વભાવ ઉપર સન્મુખ દૃષ્ટિ નથી અને એક સમયની પર્યાયના અંશ ઉપર જેની દૃષ્ટિ છે એને મિથ્યાત્વભાવનો, પાપનો લાભ થાય છે. એ આમ (સામાયિક કરવા) બેઠો હોય, તોપણ એ મિથ્યાદૃષ્ટિ પાપનો લાભ કરે છે. 'જુગરાજજી'! આહાહા..!

અને ધર્મી લડાઈની ક્રિયામાં ઉભો હોય છે, લડાઈની ક્રિયામાં ઉભો દેખાય છે છતાં તેના પૂર્ણાનંદ સ્વભાવની ઉપર જેની પ્રતીત ને દૃઢતા શ્રદ્ધા છે. એક સમયના અંશ જેટલો હું નથી. એવા પૂર્ણ અનંત ગુણના ભાવ ઉપર જેની પ્રતીતનું જોર વર્તે છે એને એ વખતે સમ્યગ્દર્શનની સામાયિક વર્તે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? કેવી વાત કરી! ભારે વાત, ભાઈ! એકલા અમૃતને ઘૂંટ્યા છે, ઓહોહો..! આમ નથી કહેતા માણસ? ધર્મને અધર્મ માને તે મિથ્યાત્વ, અધર્મને ધર્મ માને તે મિથ્યાત્વ. એ આ વાત કરે છે. એ અર્થ જુદો. એને ભાન કે દિ' હતા ન્યાં? ૨૫ મિથ્યાત્વના બોલ બોલી જાય. 'ભગવાનભાઈ'! આ જુના માણસ છે ને? ૭૫ વર્ષ. ન્યાં બધું શીખી જાય, બોલે, નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં..! મિચ્છામી દુક્કડમ્. જાઓ! સાંજ-સવાર. પણ સત્ય શું છે તે તને મિથ્યા લાગ્યું? સત્ય શું છે કે જે મિથ્યા એટલે ખોટું લાગ્યું? સમજાણું કાંઈ?

એક સમયનો ભગવાન પૂર્ણ આનંદ આદિ પૂર્ણ શક્તિનો પિંડ પ્રભુ સત્ છે. એની ઉપર પ્રતીત અનુભવ કરીને પર્યાયમાં સમતા પ્રગટ કરવી એનું નામ ધર્મ ને સત્‌નો આદર કર્યો કહેવાય છે. આહાહા..! એક સમયની દશાનો પણ આદર કરે, હું પૂર્ણ છું તો કહે છે કે, મિથ્યાદૃષ્ટિનો ભાવ એ ભલે ત્યાગી, મુનિ થઈને બેઠો હોય, બહારમાં હિંસા-બિંસાના પરિણામ કદાચિત્ દેખાતા ન હોય પણ અંદરમાં એક સમયની આકૃતિ–પરની શક્તિરૂપે પરિણમેલી જ્ઞાનની દશાનું જ જ્યાં લક્ષ છે, આખી ચીજ અનંત ગુણનો પિંડ એની દૃષ્ટિ નથી તો કહે છે કે, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અસંયમી, અચારિત્રી અને મિથ્યાદૃષ્ટિ છે. શું બરાબર હશે? લ્યો! સળંગમાં ૧૫૮ (કળશ થયો). આમ સળંગમાં બાર થયો. એ અસ્તિની વ્યાખ્યા કરી. હવે પરભાવથી નાસ્તિ, એનો શ્લોક આવશે...( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

( શાર્દૂલવિક્રીડિત )

अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः
सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।
स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-
दारूढः परभावभावविरहव्यालोकनिष्कम्पितः ।।१३-२५९।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યમાત્ર માને છે, પર્યાયરૂપ નથી માનતો; જીવ એવો છે કે જે વસ્તુને દ્રવ્યમાત્ર માને છે, પર્યાયરૂપ નથી માનતો; તેથી જેટલી છે જ્ઞેયવસ્તુ, તેમની અનંત છે શક્તિઓ, તેમને જાણે છે જ્ઞાન; જાણતું શકું જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે પરિણમે છે, એવું દેખીને ‘જેટલી જ્ઞેયની શક્તિ તેટલી જ્ઞાનવસ્તુ’ એમ માને છે મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી. તેના પ્રતિ આમ સમાધાન કરે છે સ્યાદ્વાદી કે–જ્ઞાનમાત્ર જીવવસ્તુનો એવો સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયની શક્તિને જાણે, જાણતી થકી તેની આકૃતિરૂપે પરિણમે છે, પરંતુ જ્ઞેયની શક્તિ જ્ઞેયમાં છે, જ્ઞાનવસ્તુમાં નથી; જ્ઞાનનો જાણવારૂપ પર્યાય છે, તેથી જ્ઞાનવસ્તુની સત્તા ભિન્ન છે. એમ કહે છે–‘‘पशुः स्वैरं क्रीडति’’ ( पशुः ) મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી ( स्वैरं क्रीडति ) હેય-ઉપાદેય જ્ઞાનથી રહિત થઈને સ્વેચ્છાચારરૂપ પ્રવર્તે છે. ભાવાર્થ આમ છે કે જ્ઞેયની શક્તિને જ્ઞાનથી ભિન્ન નથી માનતો, જેટલી જ્ઞેયની શક્તિ છે તેને જ્ઞાનમાં માનીને‘નાના શક્તિરૂપ જ્ઞાન છે, જ્ઞેય છે જ નહીં’ એવી બુદ્ધિરૂપ પ્રવર્તે છે. એવો છે એકાન્તવાદી ? ‘‘शुद्धस्वभावच्युतः’’ ( शुद्धस्वभाव ) જ્ઞાનમાત્ર જીવવસ્તુથી ( च्युतः ) ચ્યુત છે અર્થાત્ તેને વિપરીતરૂપે અનુભવે છે. વિપરીતપણું કેમ છે ? ‘‘सर्वभावभवनं आत्मनि अध्यास्य’’ ( सर्व ) જેટલી જીવાદિ પદાર્થરૂપ જ્ઞેયવસ્તુ તેમના ( भाव ) શક્તિરૂપ ગુણપર્યાય-અંશભેદ, તેમની ( भवनं ) સત્તાને ( आत्मनि ) જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં ( अध्यास्य ) પ્રતીતિ કરીને. ભાવાર્થ આમ છે કે જ્ઞાનગોચર છે સમસ્ત દ્રવ્યની શક્તિ, તેમની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેથી સર્વ શક્તિ જ્ઞાનની છે એમ માને છે, જ્ઞેયની તથા જ્ઞાનની ભિન્ન સત્તા નથી માનતો. વળી કેવો છે ? ‘‘सर्वत्र अपि अनिवारितः गतभयः’’ ( सर्वत्र ) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ એવા ઇન્દ્રિયવિષય તથા મન-વચન-કાય તથા નાના પ્રકારની જ્ઞેયની શક્તિ, તેમનામાં ( अपि ) અવશ્ય ( अनिवारितः ) ‘હું શરીર, હું મન, હું વચન, હું કાય, હું સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ’ ઇત્યાદિ પરભાવને પોતાના જાણીને પ્રવર્તે છે; ( गतभयः ) મિથ્યાદૃષ્ટિને કોઈ ભાવ પરભાવ નથી કે જેનાથી ડર હોય;-એવો છે એકાન્તવાદી. તેના

**પ્રતિ સમાધાન કરે છે સ્યાદ્વાદી-''तु स्याद्वादी विशुद्ध एव लसति'' ( तु ) જે પ્રમાણે મિથ્યાદષ્ટિ એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, જે પ્રમાણે સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે–( स्याद्वादी ) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી જીવ ( विशुद्धः एव लसति ) મિથ્યાત્વથી રહિત થઈને પ્રવર્તે છે. કેવો છે સ્યાદ્વાદી ? ''स्वस्य स्वभावं भरात् आरूढः'' ( स्वस्य स्वभावं ) જ્ઞાનવસ્તુની જાણપણામાત્ર શક્તિ, તેની ( भरात् आरूढः ) બહુ જ પ્રગાઢરૂપે પ્રતીતિ કરે છે. વળી કેવો છે ? ''परभावभावविरहव्यालोकनिष्कम्पितः'' ( परभाव ) સમસ્ત જ્ઞેયની અનેક શક્તિની આકૃતિરૂપ પરિણમ્યું છે જ્ઞાન, એ રૂપે ( भाव ) માને છે જે જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ, ( विरह ) એવી વિપરીત બુદ્ધિના ત્યાગથી થઈ છે (व्यालोक) સાચી દૃષ્ટિ, તેનાથી થયો છે ( निष्कम्पितः ) સાક્ષાત્ અમિટ (—અટળ) અનુભવ જેને, એવો છે સ્યાદ્વાદી. ૧૩-૨૫૯.**

---

પોષ સુદ ૧, ગુરૂવાર તા.૨૩.૧૨.૧૯૬૫
કળશ - ૨૫૯ પ્રવચન - ૨૭૮

**( શાર્દૂલવિક્રીડિત )**

**अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः**
**सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।**
**स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-**
**दारूढः परभावभावविरहव्यालोकनिष्कम्पितः।।१३-२५९।।**

'સ્યાદ્વાદ અધિકાર' 'સમયસાર-કળશ' ૧૩મો કળશ છે. સળંગમાં ૨૫૯ થાય. કહો, સમજાણું? શું કહે છે? જરી ઝીણી વાત છે. ધ્યાન રાખે તો સમજાય એવી છે. આ કાંઈ... શું આ કાંઈ? લૌકિક વાત નથી કે લૌકિકનું કોઈ જાણપણું નથી કે, જેથી જટ દઈને એને પકડાય. પકડાય તો જટ દઈને પણ એની સૂક્ષ્મતા એટલી છે કે, કાંઈ સૂક્ષ્મ બુદ્ધિ કરે તો પકડાય એવું છે.

ભાવાર્થ (એટલે) આમાં શું કહેવું છે પહેલું એનો ઉપોદ્ઘાત કરે છે. '**જે કોઈ એકાન્તવાદી મિથ્યાદષ્ટિ...**' એક વાદી એટલે એક જ પક્ષને માનનારો, વસ્તુના બે પડખા છે એને નહિ માનનારો. આખી વસ્તુ છે ભગવાનઆત્મા, એક સમયમાં આખી ચીજ અનંત ગુણ સંપન્ન તત્ત્વ આખો આત્મપદાર્થ (છે) અને એક સમયમાં એક જ્ઞાનની પર્યાય પરવસ્તુની જેવી અનંત પરની શક્તિઓ છે તેને જાણવારૂપે જ્ઞાન પરિણમે છે. સમજાણું?

વસ્તુ પદાર્થ જે આત્મા છે, અનાદિઅનંત શાશ્વત અનંત ગુણનું ધામ, એવો અનંત...

અનંત... ગુણ સ્વભાવરૂપ ભાવ તેને અહીં સ્વભાવ કહેવામાં આવે છે. અને એક સમયની પર્યાયમાં જે અનંત જ્ઞેયો – આ જાણવા યોગ્ય પરપદાર્થ છે એના સામર્થ્યનું અહીંયાં જ્ઞાનની પર્યાયમાં જાણવાનું પરિણમન થાય એને અને પરને બેયને પરભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાણું આમાં? એ વસ્તુને માને છે, આખી ચીજ વસ્તુ છે એમ અજ્ઞાની માને પણ **'પર્યાયરૂપ નથી માનતો;...'** પણ એક સમયનો અંશ, એ અનંતી ચીજો જે જગતની છે–અનંત આત્માઓ, અનંત રજકણો આ માટી આદિ વસ્તુ, એની શક્તિઓ, એનો ભાવ, એનું સામર્થ્ય જે છે તેને જ્ઞાનનો એક સમયનો પર્યાય તે જાણવાના આકૃતિપણે જ્ઞાન પર્યાય પરિણમે–એક બોલ. અને બીજી ચીજો બધી શક્તિઓ અનંતી–બે. એને એ નથી માનતો.

હું બધું. જ્ઞાનવસ્તુ, હું દ્રવ્ય બધી એક જ ચીજ છું. બધું એક જ છું એમ માને છે. એક વસ્તુ મારી ત્રિકાળ અનંત ગુણનો પિંડ ભાવ–સ્વભાવ, એક સમયની અવસ્થા અને બીજી બધી ચીજો શક્તિવાન, ઇ છે. ઇ છે એટલો હું નથી. એમ હું છું એ બધું આટલામાં આવી જાઉં છું, એક સમયની દશામાં, એ સમયની અવસ્થા ને વસ્તુ ભિન્ન છે. એ ભિન્ન વસ્તુને માનતો નથી. બધું હું જ છું, બધું હું જ છું.

**'તેથી જેટલી છે જ્ઞેયવસ્તુ,...'** જેટલી જાણવા યોગ્ય જગતમાં ચીજ છે **'તેમની અનંત છે શક્તિઓ,...'** દરેક ચીજની છે અનંત ભાવરૂપ શક્તિ, ગુણરૂપ શક્તિ **'તેમને જાણે છે જ્ઞાન;...'** એને જાણે છે જ્ઞાનની વર્તમાન અવસ્થા. સમજાણું કાંઈ? **'જાણતું થકું જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે પરિણમે છે,...'** જાણતો થકો જ્ઞાનનો એક સમયનો પર્યાય અનંત શક્તિ પરમાં છે એને જાણવાનો પર્યાયનો ધર્મ છે એટલે જાણે છે અને જાણવાની શક્તિની આકૃતિ એટલે જેવી ત્યાં શક્તિ છે એવું જ અહીંયાં જ્ઞાનમાં જાણવાપણે જ્ઞાન પરિણમે છે.

**'એવું દેખીને 'જેટલી જ્ઞેયની શક્તિ તેટલી જ્ઞાનવસ્તુ' એમ માને છે મિથ્યાદષ્ટિ...'** જેટલા પરદ્રવ્યના સામર્થ્ય–સ્વભાવ–શક્તિઓ અને એને જાણવારૂપી એક સમયની પર્યાય એ બધું હું આખું દ્રવ્ય તે હું છું. એ પર્યાય એક સમયની અને આ શક્તિ ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં?

**'જેટલી જ્ઞેયની શક્તિ...'** શરીરનું સામર્થ્ય, વાણીનું સામર્થ્ય. આ જગતના પદાર્થોની અંદર ગુણ શક્તિ, કેવળજ્ઞાનીની ગુણ શક્તિ, અનંત સિદ્ધોની ગુણ શક્તિ, બીજા આત્માઓની વીર્યવાળી ઊંધી કે સવળી અંદરની શક્તિઓ–ગુણો અને એની પર્યાયમાં પણ એ શક્તિ જે છે એટલી જ્ઞાનવસ્તુ એમ માને છે. એ બધી શક્તિઓ તે હું આખી ચીજ છું. પણ એ ચીજની અને ચીજને જાણવાની પર્યાયથી મારી ચીજ આખી ભિન્ન અનંત ગુણનો પિંડ છે એવું દ્રવ્યને માને પણ આ પર્યાયને મારાથી ભિન્ન છે એમ માનતો નથી. સમજાણું કાંઈ? (એમ) **'મિથ્યાદષ્ટિ એકાન્તવાદી.'** (માને છે).

**'તેના પ્રતિ આમ સમાધાન કરે છે...'** આ તો જે કહેવા માંગશે એનો પહેલેથી થોડો

ઉપોદ્‌ઘાત–ભાવાર્થ કર્યો છે. **'સ્યાદ્વાદી કે – જ્ઞાનમાત્ર જીવવસ્તુનો એવો સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયની શક્તિને જાણે,...'** જ્ઞાનમાત્ર જીવવસ્તુ જે ત્રિકાળ છે એનો વર્તમાન પર્યાયનો એવો સ્વભાવ છે, કે **'સમસ્ત જ્ઞેયની શક્તિને જાણે...'** સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન વસ્તુ, ત્રિકાળ ચિદાનંદ વસ્તુ, એની જ્ઞાનની એક સમયની અવસ્થાનો એવો સ્વભાવ છે કે, જે **'સમસ્ત જ્ઞેયની શક્તિને જાણે,...'** જાણવાના પર્યાયમાં બધું જાણે.

અરીસાની સ્વચ્છતામાં બધું જણાય. સમજાય છે? પણ એ સ્વચ્છતાની પર્યાય અને બીજી ચીજરૂપ એટલો આખો અરીસો એમાં નથી ગરી ગયો. અને એ એક આખા અરીસારૂપે બધી ચીજો નથી. એમ જ્ઞાન વસ્તુ ત્રિકાળ જ્ઞાનમૂર્તિ પ્રભુ ગુણરૂપે અનંત... અનંત... ગુણ પોતે સામર્થ્યરૂપ (છે). એની એક સમયની જ્ઞાનની દશામાં બીજા પદાર્થોનો જે સ્વભાવ શક્તિ છે અને એક સમયની પર્યાયમાં જાણવાનો સ્વભાવ (છે). સમજાણું?

**'સમસ્ત જ્ઞેયની શક્તિને જાણે, જાણતી થકી તેની આકૃતિરૂપે પરિણમે છે,...'** જાણતા થકા જ્ઞાનની પર્યાય. એના જેવો ભાવ (છે) એવું જ અહીં પરિણમે. **'પરંતુ જ્ઞેયની શક્તિ જ્ઞેયમાં છે, જ્ઞાનવસ્તુમાં નથી;...'** અહીં જરી આટલો ફેર પાડ્યો. સમજાણું કાંઈ? બે વાત લે છે. એક સમયનો પર્યાય તે જ્ઞેય, આખી વસ્તુ જ્ઞાન–એ તો એક અપેક્ષાએ બરાબર છે. પણ અહીં બીજી અપેક્ષા જરી લીધી છે કે, જ્ઞેયની શક્તિ જ્ઞેયમાં છે. જે જણાવા યોગ્ય વસ્તુ છે ને? એ શક્તિ એમાં છે. એ ત્રિકાળ જ્ઞાન વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? સમજાણું કહેવું પડે. ત્યારે શું કહેવું? નથી સમજાણું એમ કહેવું? આહાહા..! કેમ 'દેવાનુપ્રિયા'? આ વકીલ છે. મોટા બુદ્ધિવાળાને તો આમાં સમજાય કે નહિ? આ બધાને સમજાય એવું છે.

વસ્તુ... વસ્તુ... વસ્તુ... ચૈતન્ય જ્ઞાનનો ગોળો આત્મા. એકલો અનંત શક્તિનો પિંડ, એકલો આત્મા જ્ઞાન, એ વસ્તુ. અને એક સમયની જ્ઞાનની દશા એમાં અનંતા જ્ઞેયોની શક્તિને જાણવાનો પર્યાયનો ધર્મ છે. એ પર્યાય જાણે. અજ્ઞાની એ શક્તિઓમાં હું આખી શક્તિ નથી, મારું શક્તિ પણ એકલું દ્રવ્ય છે, એ દ્રવ્ય એકલી પર્યાયમાં ને આમાં એકમેક થઈ ગયેલું નથી. એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય નથી આવ્યું, તેમ શક્તિઓમાં દ્રવ્ય નથી આવ્યું. જ્ઞેયની શક્તિ જ્ઞેયમાં અને જ્ઞાનની શક્તિ જ્ઞાનમાં. સમજાણું કાંઈ? અરે! આ તો એકલો અનેકાન્તવાદ. અજાણ્યા માણસને તો (એમ થાય) શું હશે આ? રળવામાંથી નવરા થઈને આવે એમાં આવું ઝીણું આવે. કહો, 'ભરતભાઈ'! સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કીધુંને. આત્મા પોતાના સ્વભાવના સામર્થ્યની શક્તિથી છે પણ પરભાવની શક્તિથી નથી, એ ભંગ ચાલે છે. આ આઠમો હવે આ છેલ્લો બોલ. નિત્ય-અનિત્યનો આવશે. સમજાણું કાંઈ? ચાર પહેલાં ગયા અને આઠ આ બાર ને બે રહેશે. તત્-અતત્, એક-અનેક ચાર ચાલી ગયા, આ આઠમો આ છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ, સ્વથી અસ્તિ,

પરથી નાસ્તિમાં પરભાવથી નાસ્તિનો બોલ ચાલે છે.

વસ્તુ–આત્મા એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં વસ્તુ છે અનંત ગુણનો પિંડ આખું શક્તિનું એટલું સામર્થ્ય (છે). એકલી કેવળજ્ઞાન ને અનંત વીર્યની પર્યાયની શક્તિ જેટલું એ તત્ત્વ નથી. સમજાણું કાંઈ? એ તત્ત્વ જે છે એ તો અનંત... અનંત... અનંત... અનંત... એકલી શક્તિનો એકલો પદાર્થ, એકલો સત્ત્વ, એકલો ભાવ એને અહીંયાં સ્વભાવ કહેવામાં આવે છે. એ સ્વભાવમાં એક સમયની પર્યાયમાં જે અનંત જ્ઞેયોનું સામર્થ્ય જાણવાની પર્યાય ખરેખર તેને અહીંયાં **'પરભાવ'** કહેવામાં આવે છે. એની સાથે પરશક્તિઓને પણ **'પરભાવ'** એ બે લીધું છે. સમજાણું કાંઈ? ખરેખર તો પર એક જ છેલ્લે **'પરભાવ'** એને જ આવશે, પોતાની પર્યાયને. છેલ્લો **'પરભાવ'** છે. **'સમસ્ત જ્ઞેયની અનેક શક્તિની આકૃતિરૂપ પરિણમ્યું છે જ્ઞાન,...'** છેલ્લામાં ચોથી લીટી. એમાં છેલ્લું આવશે, છેલ્લું–તદ્દન છેલ્લું, ચોથી લીટી. **'પરભાવ'** **'સમસ્ત જ્ઞેયની અનેક શક્તિની આકૃતિરૂપ પરિણમ્યું છે જ્ઞાન,...'**

અહીંયાં આત્માનો જે શક્તિ સ્વભાવ છે એવું એટલું તત્ત્વ છે એ અજ્ઞાની દ્રવ્યને માને, પણ એક સમયની અવસ્થામાં અનંત શક્તિઓને જાણવાનો એક પર્યાય ધર્મ છે એને ન માને અને કાં અનંત શક્તિઓ ભિન્ન છે એને ન માને તોય એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, એને સમ્યગ્દર્શનની ખબર નથી, સત્ય સ્વરૂપની એને ખબર નથી.

અહીં કહે છે, કે **'જ્ઞેયની શક્તિ જ્ઞેયમાં છે, જ્ઞાનવસ્તુમાં નથી;...'** એટલે કે જેટલી જાણવા યોગ્ય શક્તિઓ છે – પરવસ્તુ શરીર, વાણી, મન, કર્મ આદિ બધા. સમજાય છે? સ્પર્શ, વર્ણ, રંગ, ગંધ, રસ આદિ. એ બધી ચીજોની શક્તિઓ એમાં છે, આત્મામાં નથી, એ શક્તિઓ આત્મામાં નથી. એ શક્તિઓ જ્ઞેયમાં છે, જ્ઞાનવસ્તુમાં નથી; જ્ઞાનવસ્તુમાં એ શક્તિઓ નહિ. જ્ઞાનવસ્તુમાં તો પોતાની અનંત જાણવાની મહાન શક્તિરૂપ પિંડ આત્મા છે. સમજાણું કાંઈ? આમાં ધર્મ શું? આમાં ધર્મ શું કરવો? આવી વસ્તુમાં ધર્મ કેમ થાતો હશે? એ જ કહે છે, ભાઈ!

એક સમયનો તારો આખો પૂર્ણ શક્તિરૂપ સ્વભાવ. વસ્તુ છો ને? પદાર્થ છો ને? અનાદિઅનંત. એવી શક્તિને તું માન પણ છતાં એક સમયની અવસ્થામાં અનંત દ્રવ્યોને જાણવાની તાકાત (છે) એવી પર્યાયને ન માન અથવા તારાથી અનંત ભિન્ન તત્ત્વ છે એને જાણવાના પર્યાયને ન માન તો અનંત દ્રવ્યને પણ એણે માન્યા નથી. એણે અનંત દ્રવ્યની શક્તિને માની નથી. ભિન્ન શક્તિવાળા તત્ત્વો છે એ મારા પર્યાયમાં જણાય એવો મારો ધર્મ છે. પણ એટલો પર્યાયરૂપને ન માને આ એણે અનંત દ્રવ્યની શક્તિને પણ માની નથી. પર્યાયને માનતો નથી એમ અહીંયાં લેવું છે. સમજાણું કાંઈ?

જાણવાની વાત છે, હોં! ત્યાં એની પરની શક્તિઓને કરી દઉં કે પર શક્તિઓ છે માટે જ્ઞાનનો અહીં પર્યાય થાય છે એની વાત અહીં છે જ નહિ. ફક્ત આત્મા એક અનંત

ગુણનો પિંડ જ્ઞાન શક્તિનું સત્ત્વ આખો ભાવ (છે). પહેલામાં એ હતું (કે) એને ન માને ને એકલી પર્યાયને માને એમ હતું પહેલામાં. અહીં કહે છે કે, આ દ્રવ્યને માને પણ આ પર્યાયને ન માને. એનો એક સમયનો પર્યાય અનંત... અનંત... પરપદાર્થની શક્તિના સ્વભાવને, ગુણને જાણવાની તાકાતવાળો પર્યાય છે. એ પર્યાયને ન માન્યો તો એનું દ્રવ્ય પણ સાચું માનવું રહેતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– માન્યું એ પર્યાયને ક્યાં માની? માન્યું એ પર્યાયને ન માની ને દ્રવ્ય એકલું છે એટલું ઇ માને છે. બોલવામાં આખું દ્રવ્ય છે એમ માને છે. પણ માનવાનો પર્યાય જે છે એ આખા દ્રવ્યની શક્તિને જાણવાનો પર્યાય અને અનંતને જાણવાનો પર્યાય, એવા પર્યાયને માનતો નથી. ઝીણી વાત છે, 'ભીખાભાઈ'! પણ એ દ્રવ્ય પકડ્યું નથી, પકડ્યું તો પર્યાય થઈ ગઈ. એ તો પર્યાય પકડે છે. એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે કે, આખા અનંત ગુણની શક્તિને જાણે અને બધા અનંત ગુણની શક્તિને જ એવા સ્વપરપ્રકાશનો પર્યાય પરિણમે એવો પર્યાયનો ધર્મ છે. એમ ન માનતા એક સમયની પર્યાયમાં અનંત દ્રવ્યની શક્તિને જાણવાનો પર્યાય (છે) એના રૂપે હું આખો છું એમ માનનારા પર્યાયને માનતા નથી, એમ માનનાર અનંત દ્રવ્યની શક્તિ ભિન્ન છે એને માનતા નથી. ઝીણી વાત છે, ભાઈ! ફેર ક્યાં પડે? થોડો ફેર પડે પણ ફેર અનંતગુણો ત્યાં છે. આહાહા..!

આ તો અનેકાન્ત તત્ત્વ છે. મહા ચૌદ શ્લોકો જૈન દર્શનનું દોહન છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ તત્ત્વ જોયું એનું આ વાસ્તવિક સ્વરૂપ છે કે સ્વપણે છે અને પરપણે નથી. એમ પરપણે પણ છે ને સ્વપણે પણ છે એમ નથી. સમજાણું કાંઈ? એમ આત્મા દ્રવ્યપણે પણ છે ને એક સમયની પર્યાયમાં આખો આવી જાય છે એમ નથી. અને એક સમયની પર્યાય પૂરતો છે તેમાં આખું દ્રવ્ય આવી જાય છે એમેય નથી. તેમ એક સમયનો પર્યાય આખા દ્રવ્યમાં પેસી જાય છે એમ પણ નથી. આહા..! ભારે વાતું, ભાઈ! સમજાણું આમાં?

**'જ્ઞેયની શક્તિ જ્ઞેયમાં છે, જ્ઞાનવસ્તુમાં નથી; જ્ઞાનનો જાણવારૂપ પર્યાય છે, તેથી જ્ઞાનવસ્તુની સત્તા ભિન્ન છે.'** શું કીધું? એ આત્માના પર્યાયમાં અનંત શક્તિને જાણવાનો પર્યાય ધર્મ છે. એ તે જ્ઞાનવસ્તુની સત્તા ત્રિકાળ વસ્તુ તો ભિન્ન છે. શક્તિથી પણ ભિન્ન છે અને એક સમયના પર્યાયમાં અનંત શક્તિને જાણવાના પર્યાયથી પણ વસ્તુ તદ્દન ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો તત્ત્વનું તેલ કાઢેલું છે, માખણ છે એકલું. ભાઈ! તું કોઈ દિ' તત્ત્વને સમજ્યો નથી. જેવું સત્ સ્વરૂપ છે તેને તેં જ્ઞાનમાં લીધું નથી. એને લીધા વિના દુઃખી થઈને ચાર ગતિમાં દુઃખી (થતો) હેરાન થઈને મરી ગયો છો, ક્યાંય સુખ છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે, દુઃખી કેમ થઈ રહ્યો છે? એ પહેલી વ્યાખ્યા છે. પરભાવને પરભાવ તરીકે

માનતો નથી અને પરભાવને સ્વભાવમાં એકત્વ બધું માની લે છે. એથી એને સ્વેચ્છાચારે કેમ પ્રવર્તવું એને કાંઈ રહ્યું નહિ, બધું અમે છીએ, બધું અમે છીએ, શરીર અમે છીએ, બાયડી અમે, છોકરા બધા અમે છીએ. એટલે એનાથી છૂટું પડવું ને આખા દ્રવ્યમાં દૃષ્ટિ દેવી એવો એને અવસર રહેતો નથી. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

**'તેથી જ્ઞાનવસ્તુની સત્તા ભિન્ન છે. એમ કહે છે...'** આટલું તો બાંધ્યું. આ તો ઉપોદ્ઘાત બાંધ્યો. ભાવાર્થ એટલે આમાં કહેવાનો આશય શબ્દાર્થમાં જરીક ઝીણો પડે (તો) પહેલા ભેગો કહી ગયા. સમજવા માંગે તો સમજાય. કોઈ દિ' માથા કામ કર્યા નથી. રળવું, ભોગ ને ખાવા-પીવાની મહેનત મજુરી અનાદિકાળથી કરી. એમ હશે? 'દેવશીભાઈ'! શું હશે? આ ખાવું ને પીવું. ખાવા-પીવાની તો જડની ક્રિયા છે પણ આ મેં કરું ને આ મેં કરું. એકલી દૃષ્ટિ પર ઉપર ને એકાકાર થઈ ગયેલી છે. એ મૂઢ જીવ ચોરાશીના અવતારમાં રખડનારો પશુ છે એમ અહીં કહે છે. પશુ છે, એ ઢોર છે. ઢોરને જેમ ઘાસ ને અનાજની કિંમતફેરની નથી, એમ સ્વ-પરની ભેદની કિંમત એને નથી. સમજાણું કાંઈ?

પશુ જ કહે છે ને? અહીં જુઓને! શું આવશે? આવ્યું કે નહિ? એ પહેલો શબ્દ આવ્યો, જુઓને! એ જ આવ્યો, જુઓ! **'पशुः स्वैरं क्रीडति'** પશુ જ કીધો છે અહીં તો. જેનું સ્વરૂપ ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ સ્વશક્તિ પણ છે અને એક સમયમાં મારાથી ભિન્ન અનંત પદાર્થોની શક્તિવાળા તત્ત્વો છે અને એને જાણવાનો એક સમયનો જ્ઞાનનો પર્યાય પણ છે. એમ નથી માનતા તેને અહીંયાં પશુ કહે છે. આહાહા..! મોટા બેરીસ્ટરો ને વકીલો પણ પશુ હશે? સમજાણું કાંઈ?

કહે છે, **'पशुः स्वैरं क्रीडति' ('पशुः')** એટલે **'મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી...'** એટલે કે દ્રવ્ય સ્વરૂપ એક છે... છે... છે... છે... એમ માને છે પણ મારાથી ભિન્ન પર ચીજો છે એ ભિન્ન છે અને એક સમયનો પર્યાય પણ, પરને જાણવાની શક્તિવાળો પર્યાય આખા અંશથી એક અંશ ભિન્ન છે એને ન માનતા. સમજાણું કાંઈ? **'મિથ્યાદૃષ્ટિ એકાન્તવાદી...'**

**'स्वैरं क्रीडति'** એટલે **'હેય-ઉપાદેય જ્ઞાનથી રહિત થઈને...'** એટલે શું કહ્યું? બધી શક્તિઓના તત્ત્વો છે તે હું જ છું એટલે હેય ઉપાદેય કાંઈ રહ્યું નહિ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ શક્તિનું તત્ત્વ એ સ્વ અને એક સમયની જ્ઞાનની પર્યાયમાં પર–અનંત ગુણો, અનંત પદાર્થોને જાણવાનો પર્યાય એ ખરેખર તો પર (છે). એ હેય છે અને સ્વદ્રવ્ય તે ઉપાદેય છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? અને આત્માથી અનંત દ્રવ્યો ભિન્ન શરીર, વાણી, મન આ જડ પદાર્થ ભિન્ન છે. એ ભિન્ન છે એ મારા, હું જ છું એમ માનનાર ભિન્ન તત્ત્વમાં સ્વેચ્છાચારી પ્રવૃત્તિ કરે છે. અરે..! આ ચીજ હું નહિ, મારી ચીજ ભિન્ન છે એમ એ જાણતો નથી.

**'હેય-ઉપાદેય જ્ઞાનથી રહિત થઈને સ્વેચ્છાચારરૂપ પ્રવર્તે છે.'** બે વાત છે. જુઓ! ભાવાર્થ

કહેશે. **'ભાવાર્થ આમ છે કે જ્ઞેયની શક્તિને જ્ઞાનથી ભિન્ન નથી માનતો, જ્ઞેયની શક્તિને જ્ઞાનથી ભિન્ન નહિ...'** મારું જ્ઞાન સ્વરૂપ છે એનાથી આ જાણવા યોગ્ય શક્તિવાળા તત્ત્વો ભિન્ન છે. **'જેટલી જ્ઞેયની શક્તિ છે તેને જ્ઞાનમાં માનીને...'** જેટલા જાણવા યોગ્ય બધા પદાર્થ છે એને આત્મામાં માનીને **'નાના શક્તિરૂપ જ્ઞાન છે,...'** અનેક શક્તિરૂપ આત્મા જ થઈ ગયો છે. **'જ્ઞેય છે જ નહીં...'** જાણવા યોગ્ય વસ્તુ કોઈ જગતમાં છે જ નહિ. બધા અમે એક છીએ. ગમે તે ખાઈએ, પીએ, ભોગ લઈએ બધી ચીજ જ એક છીએ. અમારે આ છોડવાયોગ્ય લોક છે ને આત્મદ્રવ્ય આદરવા લાયક છે એવું અજ્ઞાનીને રહેતું નથી. સમજાણું કાંઈ?

છોડવા લાયક એટલે જાણવામાં આ શરીર, વાણી, મન, રાગ આદિ હેય છે. ખરેખર (તો) એક સમયનો પર્યાય છે એ પણ અભૂતાર્થ છે, આ એવી શૈલીએ વાત લીધી છે. સમજાણું કાંઈ? એ હેય. એક વસ્તુ ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ જે છે એ જ ઉપાદેય છે, આદરણીય છે. એમાં આશ્રય કરવા લાયક છે. અને આ એક સમયની પર્યાય અને (પર) અનંતી શક્તિ(રૂપ) દ્રવ્ય એ ખરેખર હેય છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ અજ્ઞાનીને હેય અને ઉપાદેયનો વિવેક રહેતો નથી, હોતો નથી, રહેતો નથી, હોતો નથી, કેમ હોતો નથી? કે, પર શક્તિઓને બધાને પોતાની માને છે. અને એક સમયના જ્ઞાનનો પર્યાય પર શક્તિને જાણવાનો પર્યાય એ પણ હું આખો છું, બધું એક જ છું એમ માને છે. એક સમયની અવસ્થા છે એ કાંઈ હું આખું દ્રવ્ય નથી. એમ એને હેય કરીને દ્રવ્યને ઉપાદેય કરવું જોઈએ, પર વસ્તુને હેય કરીને સ્વદ્રવ્યમાં લક્ષ કરવું જોઈએ એ અજ્ઞાનીને રહેતું નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ?

**'જ્ઞેયની શક્તિને જ્ઞાનથી ભિન્ન નથી માનતો,...'** એટલે બે અર્થ લીધા ને? જાણવાને યોગ્ય પદાર્થ છે, જાણવા યોગ્ય પદાર્થ છે. શું? શરીર, વાણી, ભોગ, વાસના, રાગ બધી શક્તિઓ એ જાણવા લાયક છે, આદરવા લાયક નથી. સમજાણું કાંઈ? એ આત્માની પર્યાયમાં પુણ્ય-પાપ, રાગ-દ્વેષ થાય કે આ બધી ચીજો. એના ભાવનું જ્ઞાનરૂપે પરિણમન થાય પણ એ બધી ચીજો જ્ઞાનમાં જાણવા લાયક છે, આદરવા લાયક નથી. અને તે સંબંધીની એક સમયની જ્ઞાનની જ્ઞેયાકાર પરિણતિ થાય એ પણ ખરેખર જાણવા લાયક છે, આદરવા લાયક નથી. આહાહા..! ક્યાંનું ક્યાં મગજ ગયું! ભાઈ! 'भूदत्थ'. એવી શૈલી લીધી છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા મહા વસ્તુ છે એનો આશ્રય કરનાર પર્યાય છે, પર્યાય આશ્રય કરવા લાયક નથી. આ તો પર્યાય ને બધું એક જ માને ત્યાં પછી આ હેય ને આ ઉપાદેય કાંઈ રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અહીંયાં તો કહે છે, કે રાગ થયો અંદર, રાગ. એ પણ એક જ્ઞાનની પર્યાયમાં જાણવા લાયક રહી ગયો, બસ એટલું. આ બીજી ચીજોની શક્તિ, રાગની શક્તિ મલિનતા છે, દુઃખરૂપ છે એનો અહીં જ્ઞાનનો પર્યાય

પરિણમ્યો પણ જેને એ પર્યાય જ નથી, પરની શક્તિ છે જ નહિ એમ માનનાર આ છોડવા લાયક છે અને વસ્તુ ત્રિકાળ જ્ઞાયક છે એ આદરવા લાયક છે એવું અજ્ઞાનીને રહેતું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેવી રીતે સમાડ્યું છે!

એકલો ભગવાન આખો. કહે છે એ વસ્તુ તો વસ્તુ મહાન સામર્થ્યનું તત્ત્વ–સત્વ (છે). જે વસ્તુ આત્મા છે, એક સમયનું મહાતત્ત્વ, મહાતત્ત્વ. શક્તિથી અહીં લેવું છે ને? ભાવરૂપ મહાતત્ત્વ. જેના મહાસત્વનું શું કહેવું! જેના મહાસત્વમાં તો અનંતા કેવળજ્ઞાન ને અનંતા આનંદના પાસડાના પાસડા એમાં અંદર પડ્યા છે. 'પ્રતર્ક' વળી મગજમાં આવ્યું, પર્યાયનો પ્રતર્ક અંદરથી નીકળે ને! જ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ એ બધાનું આમ અંદર શક્તિનું આખું સત્વ પડ્યું છે. એવો જે ભગવાનઆત્મા એને આત્મા દ્રવ્ય તરીકે કહેવામાં આવે છે. એને જે ન માને ને એકલી પર્યાયને માને એને છોડવા લાયક ને આદરવા લાયક કાંઈ રહેતું નથી. અને આવા દ્રવ્યને એકલા કબુલે, પર્યાય ભિન્ન ચીજ છે, એક સમયનો અંશ પણ ભિન્ન છે, ત્રિકાળથી ભિન્ન છે અને એક સમયની અવસ્થાથી પણ બીજી ચીજો–અનંત શક્તિવાળી ચીજો છે. કર્મ છે, શરીર છે, રાગ છે, આ બધા આત્માઓ છે, બીજા પુદ્ગલો છે એ બધી શક્તિઓનું તત્ત્વ જ્ઞાનમાં જાણીને હેય કરવા લાયક છે. સમજાય છે કાંઈ? ઉપાદેય તો એકલો ભગવાન ભૂતાર્થ વસ્તુ એ ઉપાદેય (છે). પર્યાય આમ આશ્રય ન કરતાં અહીં આશ્રય કરવા જાય છે. પણ જે પરને ભિન્ન જ ન માને એને આશ્રય કરવા લાયક કોણ ને છોડવા લાયક કોણ એ વાત રહેતી નથી. આહા...! ભારે વાત, ભાઈ! આ લોકો કહે ને, મહારાજ! જ્ઞાનની વાતું (કરે છે). અરે...! ભગવાન! જ્ઞાનની વાતું નથી, બાપુ! એમાં તો માલ છે, જ્ઞાનનો માલ છે પણ હવે... આહાહા..!

મુમુક્ષુ :– મોટો ગુનેગાર કોણ દ્રવ્યને ન માને ઈ કે...

ઉત્તર :– બેય ગુનેગાર છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ બેય એકાન્તબુદ્ધિ છે ને? અહીં તો એકાન્તબુદ્ધિ લેવી છે ને? અનેકાન્ત તે સમ્યગ્દર્શન ને અમૃત છે, એકાન્તબુદ્ધિ તે મિથ્યાત્વ ને દુઃખ છે.

મુમુક્ષુ :– પહેલા એક અંશને માનતા ને હવે આખાને માને તો...

ઉત્તર :– બેય, બેય મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

**'સ્વેચ્છાચારરૂપ પ્રવર્તે છે. જ્ઞેયની શક્તિને જ્ઞાનથી ભિન્ન નથી માનતો, જેટલી જ્ઞેયની શક્તિ છે તેને જ્ઞાનમાં માનીને...'** દેખો! જેટલા જ્ઞેયની શક્તિઓ, જગતમાં પદાર્થો છે એના ગુણો, ગુણો–પરના સ્વભાવો એ બધા આત્મામાં માનીને **'નાના શક્તિરૂપ જ્ઞાન છે,...'** આ આત્મા જ બધી શક્તિરૂપ એક જ થઈ ગયો છે. **'જ્ઞેય છે જ નહીં...'** જાણવા યોગ્ય પદાર્થ ભિન્ન કોઈ છે જ નહિ. **'એવી બુદ્ધિરૂપ પ્રવર્તે છે.'** એવી બુદ્ધિરૂપે અજ્ઞાની પ્રવર્તે છે. એને મિથ્યાદૃષ્ટિ દુઃખી કહેવામાં આવે છે. આહાહા..!

દુઃખ આવ્યું, કહે છે. દુઃખ તો ક્યાંય લાગતું નથી. આમ શરીર હોય, રૂપિયા હોય બધા આમ હાથીને હોદે બેસે તો કેટલું સુખ હશે? કેટલા માણસ જોતા હોય! એમાં દુઃખ ક્યાં આવ્યું? ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તે આત્મા તો આનંદ શક્તિનું તત્ત્વ છે. આપણે અત્યારે શક્તિની વાત છે કે નહિ? આત્મા તો એકલો અતીન્દ્રિય આનંદનો એકલો પોટલું છે. અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા છે. એને જે માને એની દૃષ્ટિ પરમાંથી હેયપણે ખસી જાય. પુણ્ય-પાપના વિકલ્પો, દેહાદિની ક્રિયા એ હેય છે. મારું ત્રિકાળી તત્ત્વ ઉપાદેય (છે). (એમ હેય-ઉપાદેય) કરે પર્યાય દ્વારા પણ એ ઉપાદેય થાય દ્રવ્ય. ત્યારે એને સમ્યગ્દર્શન થતાં અનેકાન્તનો આનંદ આવે છે.

બીજી રીતે (કહીએ તો), દ્રવ્યને લક્ષમાં લે, દ્રવ્ય માને એમ કહ્યું. પણ માને છે પર્યાયને, પર્યાય માને છે એ પર્યાયને તો માનતો નથી. એટલે દ્રવ્યને માન્યું ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? જો એક સમયની પર્યાયને માને તો પર્યાયથી ભિન્ન આખું તત્ત્વ છે એમ દૃષ્ટિ થાય. પણ એને ભિન્ન માનતો નથી. એટલે એક સમયની પર્યાયને જ આખું દ્રવ્ય માનીને ત્યાં ઠર્યો છે. માટે મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! ભગવાન! તારી વાત તો જો! તું કેવડો મોટો ને ક્યાં કેવી રીતે રમત છે એની અનેકાન્તની એની ખબરું ન મળે ને એને ધર્મ થઈ જાય. લ્યો! શું થાય? રાડે રાડ પાડે છોકરાઓ બિચારા. અરે..! ભાઈ! આ વસ્તુ તો પહેલી સમ્યગ્દર્શનની ચીજ છે એને તો સમજ. પછી વળી વસ્તુમાં ઠરવાનો ભાવ હોય છે એ કોણે ના પાડી? સમજાણું કાંઈ? પણ આ તો કહે, બસ! એકદમ... આ સમજ્યા વિના, ઓળખ્યા વિના ચારિત્ર ને વ્રત લીધા એને તમે માનો, નહિતર તમે ચારિત્ર ને વ્રતને માનતા નથી. ઠીક! બહુ સારી વાત, ભાઈ! તું પણ સ્વતંત્ર છો. કહે છે... ઇ કાંઈ કોઈના કર્યા થાતા હશે કોઈમાં? મફતનો માનીને ઊંધે રસ્તે ચડી ગયો છે.

અહીં કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! જેને અંદરમાં આત્મદ્રવ્ય માન્યું પણ જેણે પુણ્ય-પાપના વિકલ્પો પણ જુદા છે, એક નથી, જુદા છે (એમ ન માન્યું)... ઓહો..! અહીં તો હજી આજે તો એવો લેખ આવ્યો છે. કેવળજ્ઞાન ને રત્નત્રય બધું પુણ્ય છે. એવું આવ્યું છે, એવો લેખ આવ્યો છે. કેવળજ્ઞાન, રત્નત્રય, શુભભાવ બધું પુણ્ય છે. આ લેખો શાસ્ત્રમાં છે, ફલાણું.. કેવળજ્ઞાન ને રત્નત્રય બધું પુણ્ય છે. અરે..! આવી વાત બહુ લખી છે. એ કોણ જાણે ક્યાંનું ક્યાં બધું નાખી દીધું. એવું નાખ્યું છે. અરે..! ભગવાન! ક્યાં ગયો? પ્રભુ! કેવળજ્ઞાનની એક સમયની પર્યાય એમાંય પણ આખું શક્તિરૂપ તત્ત્વ આવતું નથી તો પુણ્યમાં તો ક્યાંથી આવે? પુણ્યનો હેયભાવ છે. અને કેવળજ્ઞાનનો પર્યાય જેને નથી એને પણ સદ્ભુતવ્યવહાર તરીકે હેય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..!

એ કહે છે કે, એકલું દ્રવ્ય માને ને આવો પર્યાય એક સમયની તાકાતવાળો છે, હોં!

બધાને જાણવાની તાકાતવાળો એવો પર્યાય એને ન માને તો એકાન્ત મિથ્યા થતાં છોડવા લાયક ને આદરવા લાયકનો વિવેક અંદર રહેતો નથી. એકપણું બધું થતાં વિવેક રહેતો નથી એમ બતાવવું છે. સમજાણું કાંઈ? અરે..! પુણ્યના વિકલ્પોની શક્તિ ભિન્ન છે, ભગવાન! શુભરાગની શક્તિ ભિન્ન એ તો ઠીક પણ એ રાગને જાણવાપણે પરિણમેલું જ્ઞાન, એટલો પર્યાય પણ આત્મદ્રવ્ય નહિ. આહાહા..! હવે અહીં તો હજી પુણ્યને જ કેવળજ્ઞાન ને પુણ્યને જ મોક્ષનો માર્ગ ઠરાવવો છે. બધું કોણે નાખ્યું છે? પણ કેવી રીતે નાખ્યું છે? વધી ગયું, બહુ વધી ગયું. 'જુગરાજજી'! લોટરી લાગી છે, કાલે કહે. વાત સાચી, કીધું. આહા..! આ વસ્તુ તો બાપુ! એ સાંભળીને રુચિમાં આવે તો એના રસ્તા 'શ્રદ્ધા તારણહાર હૈ' એવી વાત છે. આવે છે ને? એક ઠેકાણે આવે છે. ક્યાં ઠેકાણે છે એ કાઢવું પડશે. આવે છે, ભજનમાં આવે છે.

એક વસ્તુ આમ અખંડાનંદ પ્રભુ અને રાગાદિ તે હેય છે, બધું એક નથી, બધું એક નથી. પુણ્યનો ભાવ, આ પુણ્યના ભાવે જાણતો પરિણમેલો પર્યાય એ આખા દ્રવ્યમાં એક નથી. આહા..! સમજાણું કાંઈ? એ અંદર દૃષ્ટિ એની જામવી જોઈએ. આ જ્ઞાન ભગવાનઆત્મા, જ્ઞાન શક્તિનું આખું સત્ત્વ અને એક સમયનો પર્યાય જે અનંત શક્તિઓને જાણવારૂપ પરિણમે એ બધું જો એક માને તો પર્યાય ઉપરથી લક્ષ છોડવું, પર વસ્તુથી લક્ષ છોડવું અને અંતરમાં લક્ષ કરવું એ આવતું નથી, રહેતું નથી, હેય-ઉપાદેય રહેતું નથી. કહો, સમજાણું આમાં?

**'એવી બુદ્ધિરૂપ પ્રવર્તે છે. કેવો છે એકાન્તવાદી?'** એટલે શું કહ્યું? કે, જે કોઈ એ પર્યાય અને અનંત શક્તિને, રાગાદિની પુણ્ય-પાપની શક્તિને, કર્મની શક્તિને ભિન્ન ન માને... સમજાય છે? એને જ્ઞેય શક્તિ ભિન્ન ને આત્માનું સત્ત્વ–શક્તિ ભિન્ન, (એમ) એ માનતો નથી, એવી એની બુદ્ધિ પ્રવર્તે છે. આવ્યું ને? **'એવી બુદ્ધિરૂપ પ્રવર્તે છે...'** એના જ્ઞાનમાં એવી બુદ્ધિ પ્રવર્તે છે, કે પુણ્ય-પાપની શક્તિ, કર્મની શક્તિ, પરવસ્તુની શક્તિ અને હું મારી શક્તિ બધું એક જ છીએ. સમજાણું કાંઈ? થોડો થોડો ફેર છે પણ ઉગમણો-આથમણો ફેર છે. આહાહા..! અરે..! ભાઈ! આહા..!

**'કેવો છે એકાન્તવાદી?' 'शुद्धस्वभावच्युतः' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુથી...'** જુઓ! શુદ્ધસ્વભાવની વ્યાખ્યા. આ સ્વભાવ. આગળ પરભાવ કહેશે. **'शुद्धस्वभाव' 'જીવવસ્તુ...'** ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવ છે, વસ્તુ, વસ્તુ. એને પરની શક્તિવાળો આખો માન્યો તેથી શુદ્ધસ્વભાવથી ચ્યુત છે. એ તો પરમાં એકાકાર થયેલો છે. જે વસ્તુ એનામાં નથી, એક સમયનો પર્યાય તે આ અનંત શક્તિઓ, એમાં ગયો. શુદ્ધ સ્વભાવથી ભ્રષ્ટ થયો. પોતાના એક સ્વભાવમાંથી બધા સ્વભાવને એકરૂપ માન્યો એટલે શુદ્ધસ્વભાવમાં આવ્યો નહિ, ભ્રષ્ટ થયો. સમજાણું કાંઈ?

**'ચ્યુત છે અર્થાત્ તેને વિપરીતરૂપે અનુભવે છે.'** લ્યો! શું કહે છે? જે જ્ઞાનમાત્ર ત્રિકાળ

વસ્તુ છે એને પરવસ્તુ ને શક્તિઓ ને પર્યાય બધું એક છે એમ માનીને આખી ચીજને પરરૂપે માનીને અનુભવે છે. બધું એક છું એમ કરીને વિપરીત બુદ્ધિથી અનુભવે છે. રાગ ને પુણ્ય પણ હું છું એમ કરીને અનુભવે છે વિપરીત મિથ્યાદૃષ્ટિ. લ્યો! સમજાણું કાંઈ?

આસ્રવ તત્ત્વ અને અજીવ તત્ત્વ. પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ તત્ત્વ અને અજીવ કર્મ આદિ, શરીર આદિ બધા અજીવ તત્ત્વ. એ બધી શક્તિઓ છે ને? એનો ગુણ છે કે નહિ? એનો સ્વભાવ છે કે નહિ? એ સ્વભાવની શક્તિ મારા અનંત ગુણની શક્તિથી તદ્દન ભિન્ન છે. એમ ન માનનાર એ બધા રૂપે છે એમ માનનારને સ્વભાવની શક્તિને ભિન્ન પાડીને એમાં રહેવું એમ ન રહેતા, સ્વભાવથી ચ્યુત થયેલો રાગાદિની શક્તિરૂપે હું છું એમ માનીને તેમાં એકાકાર થયેલો છે. સમજાણું કાંઈ?

**'વિપરીતપણું કેમ છે?'** હવે કહે છે, વિપરીતપણું કેમ છે? ભારે પણ ન્યાય! **'सर्वभावभवनम आत्मनि अध्यास्य'** દેખો! **'सर्वभावभवनम आत्मनि अध्यास्य'** બસ! **'જેટલી જીવાદિ પદાર્થરૂપ જ્ઞેયવસ્તુ...'** અનંતા પર આત્માઓ, અનંતા પર પરમાણુઓ **'તેમના શક્તિરૂપ ગુણપર્યાય-અંશભેદ, તેમની સત્તાને જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં પ્રતીતિ કરીને.'** જુઓ! શું કહે છે? જેટલા જીવાદિ પદાર્થો અન્ય. અરે..! પુણ્ય-પાપની શક્તિઓ અન્ય. **'તેમના શક્તિરૂપ ગુણપર્યાય-અંશભેદ,...'** સમજાય છે? એના જે અંશ ભેદ. **'જીવાદિ પદાર્થરૂપ જ્ઞેયવસ્તુ તેમના શક્તિરૂપ ગુણપર્યાય-અંશભેદ, તેમની સત્તાને જ્ઞાનમાત્ર...'** એ બધા અંશો તે મારા સત્તા સ્વરૂપે છું એમ પ્રતીતિ કરે છે. પણ રાગાદિ, કર્મ આદિ પરપદાર્થની શક્તિ મારા સ્વભાવના પૂર્ણ શક્તિથી ભિન્ન છે એમ પરથી ભિન્ન પાડીને સ્વ-શક્તિનો આશ્રય કરતો નથી, પર-શક્તિના આશ્રયે પડ્યો છે.

બીજી રીતે કહીએ તો પુણ્ય-પાપ ભાવ આદિ બધી શક્તિઓ મને એને લઈને મજા પડે છે એમ માનનાર પરમાં એકાકાર થઈ ગયેલો છે. સ્વ-શક્તિથી પર શક્તિઓ ભિન્ન છે. સ્વ-આનંદની શક્તિ, સ્વ-આનંદની શક્તિ એવું જે સ્વ-તત્ત્વ, પુણ્ય-પાપની શક્તિ જે દુઃખરૂપ છે, પરપદાર્થની શક્તિઓ તે ભિન્નરૂપ છે એને હું આખો છું એમ માનનાર, એ પરથી ભિન્ન આત્માને પાડતો નથી. સ્વભાવથી ચ્યુત થયેલો પરમાં એકાકાર થઈ ગયેલો છે. સમજાય છે કાંઈ? આહા..! પ્રતીતિ કરે છે (એમ કહ્યું છે). **'સત્તાને જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં પ્રતીત કરીને.'** મારી આખી ચીજ આનંદમય જે છે વસ્તુ, એ આ રૂપ જ હું છું, એમ. એ પુણ્ય-પાપની શક્તિ, શરીરની, કર્મની શક્તિ, આ બધાની શક્તિરૂપે હું છું એમ અજ્ઞાની પ્રતીતિ કરે છે. પણ જે વસ્તુનો આનંદ સ્વભાવ મારો ભિન્ન છે, એક સમયનો પર્યાય ને આ શક્તિ ભિન્ન છે એમ ભેદજ્ઞાનના વિવેકની પ્રતીતિ કરતો નથી. બરાબર સંભળાય છે?

**'અંશભેદ, તેમની સત્તાને જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં પ્રતીતિ કરીને. ભાવાર્થ આમ છે કે જ્ઞાનગોચર છે સમસ્ત દ્રવ્યની શક્તિ,...'** જુઓ! જ્ઞાનની (એક) સમયની પર્યાયમાં બધા સમસ્ત

દ્રવ્યની શક્તિ પર્યાયમાં જ્ઞાનગમ્ય છે. **'તેમની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન,...'** જુઓ! પાછું લીધું. સમજાય છે? એ જ્ઞાનની એક સમયની અવસ્થામાં અનંત દ્રવ્યોની શક્તિને જાણવારૂપે પરિણમેલો પર્યાય. **'તેમની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેથી સર્વ શક્તિ જ્ઞાનની છે એમ માને છે,...'** લ્યો! એ જ્ઞાનનો પર્યાય અનંતા ગુણની શક્તિને જાણવારૂપ પરિણમ્યો તો એમ માને છે કે, આખું દ્રવ્ય એ રૂપે થઈ ગયું છે. **'સર્વ શક્તિ જ્ઞાનની છે...'** એ બધી સર્વ શક્તિ આત્મદ્રવ્યની જ છે, એ બધી શક્તિ આત્મપદાર્થની જ છે. સમજાણું કાંઈ?

ભારે શ્લોકો, ભાઈ! કેવળજ્ઞાનને બોલાવે એવા શ્લોક છે આ! કેવળજ્ઞાનને બોલાવે એવા શ્લોક (છે). લાવ, કેવળજ્ઞાન! અખંડાનંદ આખી શક્તિ છે. આ એક સમયની પર્યાય ને આ (પર) દ્રવ્યની શક્તિ, રાગની શક્તિ, કર્મની શક્તિ એ પણ મારામાં નથી. મારામાં આ નથી ને, આખો આવડો છું ને! આ છે ખરું, એને જ્ઞાન કરવા લાયક છે, હેય કરવા લાયક છે. હેય કરવા (લાયક) તો જ્ઞાન તો કરવા લાયક છે કે નહિ? સમજાણું કાંઈ? (અજ્ઞાની) નિગોદને બોલાવે છે અને આ (અનેકાન્તવાદી) કેવળજ્ઞાનને બોલાવે છે. એકાન્ત માનનાર નિગોદને બોલાવે છે. જાવું છે નિગોદમાં ખેંચાઈને. આહાહા..! કહે છે... શું કીધું?

એમાંથી ભાવાર્થ કર્યો કે, જ્ઞાનગમ્ય જે **'સમસ્ત દ્રવ્યની શક્તિ...'** બધા દ્રવ્યોની શક્તિનું સામર્થ્ય જે જ્ઞાનની અવસ્થામાં છે **'તેમની આકૃતિરૂપે પરિણમ્યું છે જ્ઞાન, તેથી સર્વ શક્તિ જ્ઞાનની છે એમ માને છે, જ્ઞેયની તથા જ્ઞાનની ભિન્ન સત્તા નથી માનતો.'** એ જાણવા યોગ્યની શક્તિ અથવા એક સમયે પરિણમ્યું જ્ઞાન, એનાથી મારી સત્તા દ્રવ્ય ભિન્ન છે, એનાથી ભિન્ન છે એક નથી. એ જ સમયે પરિણમેલું જ્ઞાન અને અનંત શક્તિઓ, એનાથી મારી સત્તા ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી, બધું એક છે એમ માને છે. સમજાણું કાંઈ? મોટા શહેરમાં તો પહેલુંવહેલું તો આ લૂખું લાગે. આ શું કહે છે? ધર્મની આવી વાતું હશે? વ્રત કરો, તપસ્યા કરો, મંદિર કરો, પૂજા કરો, હાથી લાવો. 'દરબાર'! દરબાર બેઠા હતા ને? તે દિ' હાથી ઉપર બેઠા હતા ને?

મુમુક્ષુ :– (આપ તો) ના પાડો છો, કોઈ કોઈ ઉપર બેસી શકે નહિ.

ઉત્તર :– આહાહા..! કહે છે, ભગવાન! તું તો મહા શક્તિનું તત્ત્વ આખો છો ને! તે કેનાથી ભિન્ન છો? એક સમયની જ્ઞાનની અવસ્થાથી પણ ભિન્ન છો. સમજાય છે? અને અનંતી શક્તિઓ જે એને કારણે કામ કરી રહી છે એનાથી ભિન્ન છો. સમજાણું કાંઈ?

તેથી (સર્વ શક્તિ જ્ઞાનની છે) **'એમ માને છે, જ્ઞેયની તથા જ્ઞાનની ભિન્ન સત્તા નથી માનતો,...'** ખરેખર જ્ઞેયો જે અનંત શક્તિઓવાળા દ્રવ્ય (છે) એ પણ જ્ઞેય છે અને એક સમયનો પર્યાય એ રૂપે જાણવા એ પણ ખરેખર તો જ્ઞાનનો જ્ઞેય છે. સમજાણું કાંઈ? પણ અહીં જ્ઞેયને બહારમાં લીધું છે. કારણ કે, એને જાણવાનો પર્યાયનો ધર્મ છે ને એટલે અનંત જ્ઞેયની શક્તિ ભિન્ન લીધી છે, એમ. **'જ્ઞેયની તથા જ્ઞાનની ભિન્ન સત્તા નથી માનતો, વળી**

કેવો છે?'

**'सर्वत्र अपि अनिवारितः गतभयः, सर्वत्र अपि अनिवारितः'** કારણ કે, બધું એક છું, બધા આત્મા, આ બધા આત્માઓ, બધા રજકણો, બધી શક્તિઓ, બધાના ગુણો તે હું છું. એટલે બીજા બધાના ગુણો મારાથી જુદા પાડવા અને મારી શક્તિને એનાથી જુદી પાડવી એને રહેતું નથી. સમજાણું? એટલે **'સ્પર્શ...'** સમજાણું? એ જ્ઞેયની શક્તિ છે પણ જ્ઞેયની શક્તિ મારાથી જુદી તો માનતો નથી. એટલે જ્ઞેયની સ્પર્શ શક્તિથી જુદુંપણું એમ માનતો નથી. જ્ઞેય સ્પર્શને પણ અનુભવું. કારણ કે, હું તો એક છીએ. સ્પર્શને અનુભવું કારણ કે, બધા અમે એક છીએ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– બધું એક છે, શક્તિ બધી એક જ માને છે ને? સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં જણાય છે ને? જો મારું એ ન હોય તો મારી પર્યાયમાં કેમ જણાય? માને છે ને? એમ માને છે એ. મારી જ્ઞાનની પર્યાયમાં આ બધું જણાય માટે અમે બધા એક છીએ. પછી આ ભોગવવું ને આ ન ભોગવવું, આ ખાવા લાયક છે ને ન ખાવા લાયક છે એવો વિવેક ત્યાં કરવાની જરૂર રહેતી નથી. જાઓ! ઇન્દ્રિયો ઇન્દ્રિયોના ધર્મ ભોગવે. કારણ કે બધા એક છીએ. ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો બધા શક્તિઓવાળા તત્ત્વ જુદા નથી, અમે જ એ બધા છીએ. એટલે એને એના શક્તિના ભોગથી કે રાગથી જુદું પડવું રહેતું નથી. સમજાણું કાંઈ?

**'सर्वत्र'** **'સ્પર્શ,...'** કહો, સમજાય છે? એ જ્ઞેયની શક્તિ છે. પણ એ પોતાના જાણીને (પરિણમે છે). એ બધા પરભાવ છે. શું કીધું? એ સ્પર્શ, સ્પર્શ આ ઠંડો, ઊનો એ બધો પરભાવ છે. એથી હું એક જાણનારી શક્તિ જુદી છે અને આ શક્તિ જુદી, એ તો માનતો નથી. એટલે આ શક્તિને પોતાની માનીને તેને અનુભવે છે. એ અનિવારિત એટલે એને છોડવું એ હવે નિવારવું રહ્યું નહિ, રહ્યું નહિ, છોડવું એ તો રહ્યું નહિ. બધા અમે એક છીએ, બાપા! બધું એક છે. સમજાણું?

**'રસ,...'** રસ. એ રસની શક્તિ પણ અમે જ છીએ એમ માને છે. સમજાણું કાંઈ? ખાટા, મીઠા, ગળ્યા રસ મીઠા, માંસના રસ. માંસના રસ અને શક્તિ વળી ભિન્ન ક્યાં છે? અમે જ બધા છીએ. એમ માનનાર માંસ આદિ ખાવાની શક્તિમાં પણ પાછો હટતો નથી. બધે એક માને એ શેનો હટે? આપણે એક છીએ, બધા એક છીએ. સમજાણું કાંઈ? આહાહા..!

**'ગંધ,...'** સુંગધ ને દુર્ગંધ. એ બધા અમે એક છીએ. ગંધની શક્તિવાળું તત્ત્વ વળી જુદું છે, એ ક્યાં છે? બધા ગુણરૂપ અમે જ છીએ, બધા ગુણરૂપ અમે જ છીએ. એટલે ગંધ શક્તિને જુદી પાડવી અને મારી શક્તિ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ જુદી છે એમ અજ્ઞાનીને

રહેતું નથી. સમજાણું કાંઈ? કેટલાક કહે ને? ઈશ્વરે બધું બનાવ્યું તો આપણે બધું ભોગવવા લાયક છે. એમ આ કહે છે કે, બધા અમે છીએ માટે મારે ભોગવવું ને છોડવું એવું કાંઈ રહેતું નથી. સમજાણું આમાં?

'**વર્ણ,...**' રંગ, રંગ. રંગની આ શક્તિ તો ભિન્ન છે. છતાં એ રંગની શક્તિરૂપે અમે છીએ, આખું શક્તિવાળું જ્ઞાન તત્ત્વ ભિન્ન છે એમ ન માનતા આ શક્તિરૂપે બધા અમે છીએ, એને રંગનું પોતાપણું માનવું એથી રંગને જોવાથી જોનારો જુદો છે એમ એને જાણવાનું રહેતું નથી. બસ! આપણે એક થઈને ભોગવો તો એમાં કાંઈ વાંધો નથી.

'**શબ્દ એવા ઇન્દ્રિયવિષય...**' શબ્દ, શબ્દ. અમે છીએ, તે શબ્દની શક્તિ આ છે, અમે છીએ. આ બધી શબ્દ શક્તિને જુઓને! પોતે ઉત્પન્ન કરે છે ને? કહે છે, પોતે ઉત્પન્ન કરે છે. માટે આત્માની શક્તિથી ઉત્પન્ન થયેલા (છે) માટે એ બધી આત્માની શક્તિ જ છે. આ શબ્દ ને આ બધું બનાવીએ એ આત્માની શક્તિથી બને છે કે નહિ? આ બધા તમારે શું કહ્યું? રોકેટ ને આ બધા... એ આત્માની શક્તિથી બન્યા છે કે નહિ? આ ઊતરે છે, જુઓ! એ આત્માની શક્તિથી ન્યાં થયું છે કે નહિ?

મુમુક્ષુ :– તો 'મનસુખભાઈ' શું કરવા બેઠા છે?

ઉત્તર :– કાંઈ બેઠા નથી, સૌમાં સૌ બેઠા છે. સૌની શક્તિમાં સૌ છે. આત્માની શક્તિમાં એ નથી. આત્માની શક્તિથી એની શક્તિ ભિન્ન છે. એ ભિન્ન કાર્યની શક્તિને આત્મા કરે છે એમ માનનારા બધી શક્તિઓને એક માને છે. આહાહા..! હોશિયાર માણસ હોય બધી શક્તિ કરે કે નહિ?

કહે છે, અજ્ઞાની આવા ઇન્દ્રિયના વિષયો એની શક્તિઓ ભિન્ન છે એને પોતાની માની અને એનાથી જુદો પડતો નથી. એકપણું માનીને ભોગવવા તત્પર છે.

'**તથા મન-વચન-કાય...**' દેખો! આ મન, મન. એની શક્તિ જુદી છે એમ ન માનતા એ જ્ઞેય શક્તિ મારી છે, મન પણ મારું છે (એમ માને છે) એટલે મનથી જુદું પડવાનું એને રહેતું નથી. કહો, સમજાણું? વચનરૂપ શક્તિ. વચનશક્તિ બનાવે કોણ? આત્મા બનાવે છે એમ માને. જેવું વચન બોલવું હોય એમ બોલાય, તાણીને બોલવું હોય તો તાણીને બોલાય, હળવે દઈને બોલવું હોય તો હળવે બોલાય.

મુમુક્ષુ :– કાનમાં જઈને વાત કરે.

ઉત્તર :– કાનમાં હળવેથી વાત કરે. કહે છે એ શક્તિઓ જડની, વચનની જુદી છે. એના ગુણનું લેવું છે અહીંયાં? એનો વચનનો ગુણ શક્તિ જુદી છે. આત્માની શક્તિથી થયેલા નથી. એ શક્તિ જ્ઞેયની ભિન્ન છે. એને અજ્ઞાની માને કે, આ શક્તિ મારાથી થાય છે એને એનાથી ભિન્ન પડવાનો ભાવ રહેતો નથી. સમજાણું કાંઈ?

કાયા–આ દેહ. માટી છે આ જડ જુઓ! આ એની બધી શક્તિ (છે). મુઠી મારે પાપડ

તોડે, ઇંટ તોડે. પેલો કહે, મારો બાપ એવો હતો કે, પાપડ તોડી નાખ્યો હતો. એક કહે કે, મારો બાપ એવો હતો કે, માંખીને મારી હતી. એક વળી એવો મારો બાપ હતો કે, ત્યાં મચ્છર ઉડતું હતું એને હાથમાં મસળી નાખ્યું હતું. ઉડતા મચ્છરને, ચાલતાને. એવા અમારા બાપ સમર્થવાળા હતા. ઠીક, ભાઈ! શું બોલે છે તું આ? સમજાણું કાંઈ? એવી વાત આવે છે, હોં!

એક ખાટલો આપ્યો હતો. દસ માણસ ગયા હતા એને ખાટલો આપ્યો હતો. શું કહેવાય? સુવાનો. હવે સુવે કોણ આમાં દસ જણામાં? એક જણો કહે, મારા બાપે આમ કર્યું હતું, બીજો કહે, મારે આમ કર્યું. એટલે એમાં અમે સુઈએ. દસે જણા આવી વાતું કરવા માંડ્યા. હવે ભાઈ! રહેવા દ્યો, ખાટલા રાખો એમ ને એમ અને પગ રાખીને સુવો હેઠે. મહેમાન ગયા હશે બધા અભિમાનીઓ દસેય અને જ્યાં ગયા તો એક આપ્યો ઢોલીયો. હવે સુવુ કોને? બધાયે એમ કીધું. પેલા કહે, મારા બાપે મુઠી મારીને પાપડ તોડ્યો હતો, (બીજો કહે), આમ મચ્છર ઉડતો હતો. મચ્છરને આમ તોડી નાખ્યો. બહુ શક્તિ! માટે હું સુઉ. દસે જણાએ આવા તર્કો કાઢ્યા. પછી વિચાર કર્યો કે, ભાઈ! આમાં કોઈ એકલો જુદો પડે એવો નથી. માટે ઢોલીયો પાથરો સરખો અને હેઠે પગ રાખીને સુવો. આવા અભિમાની ભેગા થાય એમાં શું કરવું? કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, પણ પરવસ્તુથી તું જુદો છો. એ તો તને ખબર નથી. બધી શક્તિઓ મેં કરી ને મેં કરી એટલી મારી છે. એમ માનનાર (અજ્ઞાની છે). આ શરીરની શક્તિની શક્તિ પણ મેં કરી. ખાય-પીયને મેં લાડવા ખાધા ને મેં ફલાણું ખાધું (એટલે) આ શક્તિ મારી છે, મેં કરી છે, હોં! મારી શક્તિ છે આ. એમ મૂઢ માનનાર જડની શક્તિ પોતાથી ભિન્ન છે એમ નથી માનતો. એ શરીરની શક્તિને પોતાની માનીને શક્તિનું વેદન કરવું કે એને ભોગવવું એ પોતાનો અભિપ્રાય મિથ્યા રાખે છે.

**'તથા નાના પ્રકારની જ્ઞેયની શક્તિ, તેમનામાં અવશ્ય...' 'अनिवारितः'** જુઓ! **''હું શરીર, હું મન, હું વચન, હું કાય, હું સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ' ઇત્યાદિ પરભાવને પોતાના જાણીને પ્રવર્તે છે;...'** પરને પોતાનું માનીને પ્રવર્તે છે. **'મિથ્યાદષ્ટિને કોઈ ભાવ પરભાવ નથી કે જેનાથી જડ હોય;...'** પરભાવ કોઈ છે જ નહિ ને બધા એક જ છીએ, અમારી શક્તિથી બધા થયેલા છે, અમારી શક્તિથી બધા થયેલા છે. પણ એની શક્તિથી રહેલા છે એમ માનતો નથી. એટલે પરને ભોગવવાનો એને ડર રહેતો નથી. એવો મિથ્યાદષ્ટિ એકાન્તી પરને પોતાનું માને તેને મૂઢ અને અજ્ઞાની કહ્યો છે. એની સામે સ્યાદ્વાદીની વ્યાખ્યા આવશે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૨, શુક્રવાર તા.૨૪.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૫૯, ૨૬૦. પ્રવચન - ૨૭૯**

'સ્યાદ્વાદ અધિકાર', 'સમયસાર-કળશ' ૧૩ મો કળશ ચાલે છે. આ બાજુ આવ્યું, જુઓ! **'તેના પ્રતિ સમાધાન કરે છે સ્યાદ્વાદી...'** એકાન્તવાદીની સામે સ્યાદ્વાદી સમાધાન કરે છે. આ ચાલતા અધિકારમાં એકાન્તવાદી એટલે? આ આત્મા છે એ અનંત ગુણના ભાવ સ્વભાવરૂપ, શક્તિરૂપ તત્ત્વ છે. સમજાણું? આત્મા જે છે એ અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિ સ્વભાવરૂપ ભાવ છે એનો. એને અજ્ઞાની એમ ન માનતા એના જ્ઞાનની એક સમયની વર્તમાન પર્યાયમાં અનંત જ્ઞેય પદાર્થની શક્તિનું જ્ઞાનપણે પરિણમવું જાણવામાં થાય એટલો જ મારો આત્મા ને ભાવ છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? શું કીધું?

એ પર્યાયો થાય છે પરની નહિ, પરને જાણવા સંબંધી, અનંત પદાર્થોની શક્તિ છે, ભાવ છે એ સંબંધી પોતાની જ્ઞાનની અવસ્થામાં તે પણાનું પરિણમન થાય, જેવા એ ભાવ છે તેને જાણવારૂપે જ્ઞાનની દશા થાય. એ જ્ઞાનની દશાને જ આખો આત્માનો ભાવ માને છે. કહો, સમજાણું કાંઈ? બીજાની વાત તો અહીં છે જ નહિ. શરીર-વાણી મારા માને, પુણ્ય-પાપ મારા માને એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, એને તત્ત્વની ખબર નથી.

મુમુક્ષુ :- મારા પણ વ્યવહારે.

ઉત્તર :- વ્યવહારે શું પણ વ્યવહારે? વસ્તુ નથી એમાં વ્યવહાર ક્યાં આવ્યો? વસ્તુમાં જ નથી. એનો વ્યવહાર તો અહીં એક સમયની પર્યાયનો ખરેખર છે. એ પર્યાય, એક સમયના પર્યાયમાં જ્ઞાનનો પર્યાય પરને જાણવાપણે પોતાનો અંશ પરિણમે છે એટલામાં આખા સ્વભાવને માને તો મિથ્યાદૃષ્ટિ છે, અહીં તો એમ લેવું છે. ખરેખર દ્રવ્યના એક અંશના પર્યાયમાં આખા દ્રવ્યને માને, આખા ભાવને માને એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એમ અહીં તો કહે છે. 'રતિભાઈ'! સમજાણું કાંઈ?

પરવસ્તુની તો અહીં વાતેય નથી. પરવસ્તુ તો પર છે. એને ને આત્માને શું સંબંધ છે? શરીર, વાણી, મન એ તો પરપદાર્થ છે. એના ગુણો જે પરવસ્તુના છે, પરવસ્તુની જે શક્તિનું સત્ત્વ-સ્વભાવભાવ છે એને આ જ્ઞાનનો એક સમયનો પર્યાય એને જાણવામાં સ્વભાવવાળી શક્તિનું તત્ત્વ છે. એક સમયની પર્યાય. એ એક સમયની પર્યાયને-અંશને આખો ભાવ અનંત ગુણનો પિંડ પોતે દ્રવ્ય સ્વભાવ એને જ આત્મા માને છે. એટલે કે ખરેખર બધી ચીજો જ મારી છે એમ એ માને છે. અહીં પર્યાયને માને એટલે એમાં જણાવા યોગ્ય વસ્તુ પણ મારી છે એમ એની બુદ્ધિ પર્યાયબુદ્ધિમાં લાંબી થઈને ન્યાં જાય છે એમ

કહેવું છે. સમજાણું કાંઈ?

પરવસ્તુને જાણવાને યોગ્ય જ્ઞાનનો જે પર્યાય છે એટલાને આત્મદ્રવ્ય માનનાર એ પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિવાળો એનું લાંબું લક્ષ જાય તો એમાં જણાય તે ચીજ મારી એમ આમાં માને છે. પણ આ એક સમયનો ભગવાનઆત્મા પૂર્ણ ભાવ ધ્રુવ ચિદાનંદ અખંડ ધ્રુવ છું એવા ભાવને મિથ્યાશ્રદ્ધામાં, મિથ્યાબુદ્ધિમાં માનતો નથી. લ્યો! એનું નામ મિથ્યાદૃષ્ટિ ને એનું નામ આત્મસ્વરૂપની હિંસા. કહો, સમજાણું કાંઈ? હવે એને શું કહેવું? દુઃખી કહો, પાપી કહો, મિથ્યાદૃષ્ટિ કહો, અસત્યવંત કહો, જૂઠી માન્યતાવાળો કહો, આકુળતામાં પોતાનું આખું સ્વરૂપ માનનારો, આકુળતાને વેદનારો કહો. બધું એક છે. એકાન્તી એક પક્ષને માનનારો કહો, મિથ્યાદૃષ્ટિ કહો, મૂઢ કહો, આખા વસ્તુના સ્વરૂપને લોપ કરનારો કહો. ઓહોહો..! સમજાણું કાંઈ?

એ '**મિથ્યાદૃષ્ટિને કોઈ ભાવ પરભાવ નથી કે જેનાથી ડર હોય;...**' પરવસ્તુ કોઈ જુદીનથી. એક સમયના પર્યાયમાં બધું જણાય એટલો હું અને એ બધી ચીજો પણ હું. એનું લંબાણ ગયું ન્યાં એ જ મારું. આમ ત્રિકાળ જ્ઞાયકભાવ અનંત ગુણનો પિંડ શક્તિરૂપ સ્વભાવ છે એને જુદો એણે માન્યો નહિ. એટલે બધા ક્રિયાકાંડમાં બધું ભોગવવું, કારવવું એ તો અમારી ચીજ જ છે. એનાથી એને કાંઈ ભોગવવું, પરમાં કાંઈ ડર રહ્યો નહિ. જુદો હું નથી, એ મારાથી જુદા નથી. જુદા નથી એટલે એકને ભોગવવામાં એને કાંઈ પાપનો ડર રહેતો નથી. સમજાણું?

એને સ્યાદ્વાદી કહે છે, જુઓ! '**તેના પ્રતિ સમાધાન કરે છે સ્યાદ્વાદી...**' '**तु स्याद्वादी विशुद्ध एव लसति**' '**तु**' એટલે '**જે પ્રમાણે...**' અજ્ઞાની માને છે, એકાન્ત પક્ષી માને છે, મિથ્યાદૃષ્ટિ માને છે, સ્વરૂપના શુદ્ધભાવની શક્તિને ભૂલેલા માને છે. કહો સમજાણું કાંઈ? '**તે પ્રમાણે નથી,...**' તું માને છે એમ છે નહિ, એમ વસ્તુ સ્વરૂપ જ નથી. '**જે પ્રમાણે સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે...**' શું કહે છે?

'**સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી જીવ...**' એટલે? કે, એક સમયની અવસ્થામાં બધી ચીજોને જાણવા યોગ્ય પરિણમવાની પર્યાય થવા છતાં હું એટલો નથી, હું તો આખો ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ છું. એક સમયનો પર્યાય મારે જાણવા યોગ્ય છે, છે એમ જાણવા યોગ્ય છે. એમ બધી ચીજો છે એમ જાણવા યોગ્ય છે. સમજાય છે? આદરવા યોગ્ય નથી. સમજાણું આમાં?

'**અનેકાન્તવાદી જીવ...**' '**विशुद्ध एव लसति**' '**મિથ્યાત્વથી રહિત થઈને પ્રવર્તે છે.**' એટલે શું? એક સ્વરૂપની પર્યાય, આખા દ્રવ્યની એક સમયની પર્યાયમાં અનંત પદાર્થોનું જાણવાનું પરિણમન થાય એટલો હું નથી. ભલે એ પર્યાય છે એને હું માનું છું પણ એટલો હું નથી. હું અનેકાન્ત એટલે એટલી સમયની પર્યાયને જાણનાર પણ છું અને ત્રિકાળ વસ્તુ

દ્રવ્ય સ્વભાવ છે એ પણ હું છું. સમજાણું કાંઈ?

એક સમયમાં અનંત ગુણનો પિંડ એકલો પિંડલો પ્રભુ! અનંત... અનંત... શક્તિનો રસ એ હું છું, એ મને ઉપાદેય છે. એક સમયની પર્યાયમાં અનંત... અનંત... પદાર્થોને જાણવાપણે પરિણમેલો પર્યાય એ મારે જાણવા લાયક છે, જાણવા લાયક છે. એમ એમાં જણાય એ પદાર્થો જ્ઞાનમાં જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. બહુ ઝીણું પણ, ભાઈ! આ જૈનના સંપ્રદાયમાં જન્મ્યા એને પણ આ સમજવું કઠણ પડે તો અન્યમાં તો એ વસ્તુ જ નથી. ભગવાન સર્વજ્ઞે કહેલા તત્ત્વો તો બીજે ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ, જેના એક સમયના જ્ઞાનમાં અનંત દ્રવ્યો અને આખું પોતાનું દ્રવ્ય, એ બધું જેને જ્ઞાનમાં–કેવળજ્ઞાનમાં એને જણાણું ત્યારે વાણીમાં એમ આવ્યું કે, દરેક પદાર્થ એક સમયની અવસ્થામાં અનંત પદાર્થોની શક્તિને જાણવાનો પર્યાય સ્વભાવ છે, પર્યાયરૂપે એવડો પણ છે અને ત્રિકાળ પર્યાય વિનાનું, પર્યાય જેમાં નથી એવો અખંડાનંદ પૂર્ણ સ્વભાવ છે. એકલો પર્યાયને માને ને દ્રવ્યને ન માને તોપણ મૂઢ છે. એકલો દ્રવ્ય ત્રિકાળી ભાવને જ માને પણ માનવાની, જાણવાની પર્યાય છે એને જાણે, માને નહિ એ પણ મિથ્યાદૃષ્ટિ ને એકાન્તી છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો એક સમયની પર્યાયમાં છ દ્રવ્યો જણાય ગયા. એ છ દ્રવ્યને ન માને ને એકલા જીવ દ્રવ્યને માને. સમજાય છે કાંઈ? એ છ દ્રવ્યને ન માને ને એક જીવ દ્રવ્યને માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. અને છ દ્રવ્યને જાણવાવાળી પર્યાય અને છ દ્રવ્યને માને પણ આખો એક આત્મા એક સમયમાં અખંડ પૂર્ણાનંદ ભગવાનઆત્મા છે એને ન માને તો એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને ધર્મ કિંચિત થતો નથી, અધર્મ પૂરો થાય છે. ભારે ભાઈ! ધર્મ ને અધર્મની આ જીવિયા વહુરવીયાની વ્યાખ્યા ક્યાં ગઈ? શું પુછતા હતા? ફલાણું શું કીધું? કહેતા હતા ને, 'કલકત્તા'માં કેટલીક વાર મૂકો છો ને? સમજાણું કાંઈ? ફલાણું ક્યારે આવશે-ફલાણું ક્યારે આવશે એમ થાતુ હતું ને. આહાહા..! સમજાણું આમાં?

વસ્તુના બે અંશો–આ ભગવાનઆત્મા એના બે અંશો. એક અંશ વર્તમાન અવસ્થારૂપી અંશ કે જેમાં છએ દ્રવ્ય જણાય એવો એક અંશ અને એક આખો દ્રવ્ય સ્વભાવ પૂર્ણ એકરૂપ અખંડ અભેદ એવો ભાવ. હવે એ ભાવને ન માને ને એક સમયની અવસ્થાને અથવા છ દ્રવ્યમાં હું એમ માને અને પોતાનો ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ ભિન્ન ન જાણે, વિવેક કરતાં ન આવડે એ મૂઢ અને અજ્ઞાની ધર્મની દશા કરી શકતો નથી. એ અધર્મને ઉભો કરે છે. બીજા જીવને મારે, ન મારે, બચાવે, ન બચાવવાની સાથે કાંઈ સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ?

બીજા જીવો છે, ભાઈ! એટલી વાત. અનંત જીવો છે એટલું. એ જીવોને મારી શકું,

બચાવી (શકું) એ પ્રશ્ન છે જ નહિ. હવે એ અનંત જીવો છે એ હું મારા છે, એ બધા હું છું એટલે કે એના બધા ભાવોને હું કરી શકું છું, એટલે એ બધા મારા ભાવસ્વરૂપ છે એમ માનનારને અહીંયાં અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. અને એ અનંતા જીવ છે એના સંબંધી અહીં જ્ઞાનનો પર્યાય અનંતા જીવ છે એને જાણવારૂપે પર્યાય પરિણમી. એટલાને પોતે માને, એટલો જ છું એમ માને. અનંતા જીવ સાથે હવે કાંઈ સંબંધ નહિ. સમજાણું? એને જીવાડવા, બચાવે (એ કાંઈ નહિ). એ અસ્તિત્વપણે છે, અનંત જીવો અસ્તિત્વપણે છે. લોકો કહે છે ને? ભગવાને અનંતા જીવની દયા પાળવાનું કહ્યું, ભગવાને અનંતા જીવની રક્ષા (કરવાનું કહ્યું છે). અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! મોટો વિરોધ એમાં આવે છે.

અનંત આત્માઓ છે એવું ભગવાને કહ્યું. એવો જ્ઞાનનો પર્યાય અનંતા જીવ છે એમ જાણે, જાણે પણ એ જાણવા પૂરતો પર્યાયમાં એટલો જ આત્મા છે. જાણે હોં! એટલું. પરને આમ કરું એ પ્રશ્ન રહેતો જ નથી. સમજાણું કાંઈ? પર્યાય છે એમ બધું છે એમ એટલું. અનંત આત્માઓ છે, નિગોદના અનંત જીવ છે, સિદ્ધના અનંત જીવ છે. બેય એમાં આવી ગયા. તો સિદ્ધ પાસેથી કાંઈ લેવું છે એમેય નથી અને અનંતા નિગોદને મારવા છે એમેય નથી, તેમ એને બચાવવા છે એય નથી. આહાહા..! એ જીવદયા આમાં સિદ્ધ થાય છે. નહિતર પોતાના જીવને મારી નાખે છે, એમ કહે છે. એ... 'ધર્મચંદજી'! વળી ઇ યાદ આવી ગયું. આ અમારા રાડુ પાડે છે ને! અરે..! સાંભળને, ભગવાન! આહાહા..!

ભાઈ! તારા એક જ્ઞાનની એક સમયની દશામાં અનંતા જીવો, અનંતા પરમાણુઓ, એ અનંતા સિદ્ધો ને અનંતા બટાટા આદિ શકરકંદના જીવો, છે એટલું માનનાર પોતાની એક સમયની પર્યાયને માની છે એમ કીધું છે. એને કાંઈ કરી શકું, ફેરવી શકું એ પ્રશ્ન અહીં છે જ નહિ, ઇ છે જ નહિ પણ હોઈ શકતી નથી. અહીં તો અસ્તિત્વના બે અંશોમાં એક અંશને માને ને પૂર્ણને માનતો નથી. એક અંશના અસ્તિત્વમાં છએ જે અનંત જીવો છે, છ દ્રવ્ય છે આ બધું છે એવો જ્ઞાનપણે પર્યાય પરિણમ્યો એટલા અંશે છેપણે. એટલા અંશને છેપણે માને અને પૂર્ણ દ્રવ્યને ન માને (એ) એકાન્ત મિથ્યાદૃષ્ટિ, અધર્મદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ અનંત આત્માઓ છે એની દશાઓનું અસ્તિત્વ વસ્તુ છે પણ એ અસ્તિત્વમાં એને ફેરવવાનો મારો અધિકાર છે. તો એનો અર્થ કે, એ બધામાં હું છું. મારું હોવાપણું એ બધામાં છે. એના હોવાપણાથી મારું હોવાપણું ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી. આહા..! એ... 'જુગરાજજી'! ભારે વાત, ભાઈ!

ભાઈ! ભગવાન! બાપુ! અહીં તો તારી વસ્તુની કબુલાતમાં આટલું બધું આવી જાય છે. ફક્ત અનંતા જીવો છે એટલું, અનંતા પુદ્‌ગલો છે એટલું, અનંતા સિદ્ધો છે એટલું, અનંતા નિગોદના જીવ છે, હોં! નિગોદના એક શરીરમાં અનંતા (જીવ છે). બટાટા, શકરકંદ

આદિમાં. છે એટલું જ્ઞાનનો પર્યાય જાણે છે, એ જ્ઞાનનો પર્યાય જેણે કબુલ્યો એમાં એ છે એટલું કબુલાત આવી જાય છે, બસ! સમજાય છે? પણ એની અંદરમાં હું જઈને એના કામ કરી દઉં... સમજાય છે? એની રક્ષા કરી દઉં, એને બચાવી દઉં, સિદ્ધની પાસેથી લઈ લઉં... સમજાય છે? એવી પણ કાંઈ પણ જે વૃત્તિ ને દૃષ્ટિ છે એ એના અસ્તિત્વની ભિન્નતાના ભાવને તે માની શકતો નથી. સમજાણું કાંઈ? એથી આત્માને બધામાં માની રહ્યો છે. સમજાણું કાંઈ આમાં? શું વળી નીકળ્યું આ? એ... 'રતિભાઈ'! આહાહા..!

પોતાનું હોવાપણું એક સમયમાં પૂર્ણ શક્તિનું સત્ત્વ ભગવાનઆત્મા અનાદિ અનંત પદાર્થ છે કે નહિ? અને એનો એક સમયના પર્યાયનો અંશ અસ્તિ છે કે નહિ? એની અસ્તિમાં બધું છે એટલાનું જ્ઞાનનું અસ્તિત્વ આવી ગયું, એમાં એ પણ આવી ગયું. બસ! એટલું. એ સિવાય વિશેષ કરવા જાય કે, આ બધા હું, એનું હું કરી દઉં, એનું આ કરી દઉં તો એ પોતાની સત્તાને પરસત્તામાં મેળવી દીધી. એણે એને મહાન જ્ઞાતા-દૃષ્ટાની સત્તા ભિન્ન રાખી નહિ. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ એકાન્ત ને અનેકાન્ત. અરે ભગવાન! એ રાડુ પાડે છે, હોં! પ્રભુ! એ રાડ પાડવા જેવું નથી, ભાઈ!

એ તત્ત્વ જે છે અનંતા, અનંત સત્તા છે એ અનંત સત્તાની કબુલાતમાં ફક્ત એક સમયનો પર્યાય જ આવી જાય છે, બસ! સમજાય છે? એ શૈલીએ અહીં તો ઉપાડ્યું છે ને? ભાઈ! એ શૈલીએ વાત બરાબર ઉપાડી છે. આહાહા..! પણ એટલું બીજું નહિ. છે એટલું. એને હું આમ કરી દઉં ને આમ કરી દઉં તો એની સમયની પર્યાયના અસ્તિત્વને જાણવા જેવો ભાવ છે એટલો પણ એ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ આમાં?

ભગવાનઆત્મા એક સમયમાં જેનો પૂર્ણ ભાવ શુદ્ધ પ્રભુ, એને એક સમયની અવસ્થા ને અનંત અસત્તાના હોવાવાળો, ભાવવાળો અહીં પર્યાય. એમાં આખો આત્મા દ્રવ્ય આવી જાય એમ માનનાર એટલે આખું દ્રવ્ય એને માટે જ મારું કામ કરે છે, એ તો પર્યાયને માનનાર, છ દ્રવ્યને માનનાર, છ દ્રવ્યને માનતો, મારું ભિન્ન જ્ઞાતા-દૃષ્ટા દ્રવ્ય છે એ માનતો ને જાણતો નથી. આહા..! સમજાણું કાંઈ?

એટલું અસ્તિત્વ, દ્રવ્યનું અસ્તિત્વ માને પણ એક સમયની પર્યાયમાં છએ દ્રવ્યનું જાણવાવાળું છે ને છએ દ્રવ્ય છે એટલા અસ્તિત્વને ન માને; અસ્તિત્વને ન માને એટલું, કરવા-ફરવાનો પ્રશ્ન અહીં નથી. હોવાવાળું છે એને ન માને તો એક દ્રવ્યને માનવાની જે તાકાત એક સમયની આટલી બધી છે એ પણ એણે માની નહિ. સમજાણું કાંઈ? 'જમુભાઈ'!

જુઓ! આ શરીર આદિની ક્રિયા થાય છે ને? વાણી આદિનું અસ્તિત્વ છે ને? આ બધું અસ્તિત્વ છે ને? હોવાવાળું. આ બધું મન-વચન ને કાયાનું હોવાવાળું છે ને? એ આવી ગયું ને અંદર? જુઓને! એ પહેલા આવી ગયું. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એમ લીધું પછી ઇન્દ્રિય, વિષય, મન-વચન ને કાયા એ બધું લીધું, એ બધું લીધું. પછી મન-વચન-કાયા-

શરીર આદિ. એ એની જે આમ અવસ્થા થાય છે ને? અવસ્થા...પર અસ્તિત્વ. આ બધી જે પર્યાય થાય છે ને? આ જડની. એનું હોવાપણું–એ છે, એમ જ્ઞાનનો એક સમયનો પર્યાય જાણે છે, બસ! એટલી વાત છે. એ જ્ઞાનનો એક સમયનો પર્યાય છે એમ જાણે છે. એ હું છું એમ આખો માને તો તો એ આખા દ્રવ્યને ભૂલી ગયો. પણ એ છે એટલું. અને એને જાણવાનો પર્યાય છે એ બધું થઈને છે. એટલું ન માને, છે ન માને તો આખા અસ્તિત્વ જે ત્રિકાળ બધા છે એને ન માન્યા. અને એ અસ્તિત્વમાં મારો અધિકાર છે, એ બધા અસ્તિત્વ છે એમાં મારો અધિકાર છે. એને ફેરવવાનો, આમ કરવાનો, આમ કરવાનો. એકલા જાણવાની પર્યાય પૂરતું ન માને અને બધું આમ ને આમ છે. એણે તો જાણવાની પર્યાયની સત્તા, એક સમયની આ બધા આસ્તિત્વને ભિન્ન રહીને જાણવાની સત્તા છે. એટલી એક સમયની પર્યાયને પણ એણે માની નથી. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! બહુ ઝીણું માળું. બહુ સારી વાત (છે).

આ બધા આ છોકરાઓ આવ્યા નવાને તો કેવું લાગતું હશે આ? આ શું? આ તે કેવો ધર્મ માંડ્યો? આ તે શું હશે આ? સમજાણું કાંઈ? આહાહા..! માળા ન્યાં એલ. એલ. બી. ને બી. એ.ના પુછડા વળગાડવા હોય તો ત્યાં જાય, માથા ફોડે. આ શું છે તત્ત્વ? ભગવાન આ માર્ગ કહે છે (એની) દરકાર નથી, દરકાર નથી. સમજણ કરવી નથી.

એ જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા છે અને એક સમયની પર્યાયમાં બધું જાણવાની શક્તિવાળું તત્ત્વ છે. બસ! એટલું છે. સમજાણું કાંઈ? સ્યાદ્વાદી કહે છે, સ્યાદ્વાદી. **'विशुद्ध एव लसति'**, **'विशुद्ध एव लसति'**. પર્યાયમાં એટલો માનતો નથી પણ હું ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ દ્રવ્ય છું. **'કેવો છે સ્યાદ્વાદી?' 'स्वस्य स्वभावं भरात् आरूढः', 'स्वस्य स्वभावं' 'જ્ઞાનવસ્તુની જાણપણામાત્ર શક્તિ,...'** ત્રિકાળ શક્તિ. તે સ્વસ્ય સ્વભાવ, પોતાનો કાયમ સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ, સ્વભાવ ભાવ શુદ્ધ. એ **'भरात् आरूढः' 'તેની બહુ જ પ્રગાઢરૂપે પ્રતીતિ કરે છે.'** હું તો એક સમયમાં પૂર્ણ જ્ઞાયક સ્વભાવ છું. પૂર્ણ પૂર્ણ ભરેલો. એક સમયની અવસ્થામાં એ બધું જણાય ને એક સમયની અવસ્થા એનાથી ભિન્ન મારી ચીજ છે. સમજાણું કાંઈ? એ અનંત સત્તાવાળા તત્ત્વો અને એને જાણવાવાળો એક સમયનો પર્યાય એનાથી ભિન્ન મારું તત્ત્વ છે. આહાહા..!

અરે..! પરમેશ્વરના માર્ગને ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરે શું કહ્યું છે એની એને ખબર ન મળે અને એ કહે અમારે ધર્મ થાય, અમારે ધર્મ થાય. કરો દયા પાળો ને વ્રત પાળો ને ભક્તિ કરો, પૂજા કરો. આહાહા..! અરે..! ભગવાન! હજી એક સમયની હોવાવાળાની કેટલી તાકાત છે અને પૂર્ણની હોવાવાળાની કેટલી તાકાત છે, એવા હોવાવાળાને પણ માને નહિ અને કહે કે, એને ધર્મ થઈ જાય. શી રીતે એને ધર્મ થાય? સમજાણું કાંઈ?

કહે છે, **'स्वस्य स्वभावं भरात् आरूढः' 'आरूढः, भरात् आरूढः' 'બહુ જ પ્રગાઢરૂપે**

**પ્રતીતિ કરે છે.**' આરુઢ થયો એટલે પ્રતીતિ કરી છે, એમ. એક સમયની પર્યાયના જ્ઞાનમાં બધું જણાય એમાં આરુઢ નથી. ધર્મીની દૃષ્ટિ, ધર્મની ધર્મ દૃષ્ટિ અખંડ જ્ઞાયકભાવ ધ્રુવ સ્વભાવમાં આરુઢ નામ દૃષ્ટિ ન્યાં પડી છે. એકરૂપ સ્વભાવ છે તેને એ સ્વીકારે છે. સમજાણું કાંઈ? એક સમયનો પર્યાય ને બધા છ દ્રવ્ય એ જાણવા લાયક પર્યાયમાં જાણે પણ દૃષ્ટિમાં આરુઢ એક સ્વભાવ ઉપર છે દૃષ્ટિ. આહાહા..! કળશો તો પણ કર્યા છે ને! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કળશો તો કર્યા છે પણ એની વ્યાખ્યા કરનારા વર્તમાનમાં મળ્યા છે.

ઉત્તર :– પણ એ તો એમાં છે એ આવે છે ને! કહો, સમજાણું આમાં?

કહે છે '**તેની...**' '**भरात्**' '**બહુ જ પ્રગાઢરૂપે પ્રતીતિ કરે છે. વળી કેવો છે?**' '**परभावभावविरहव्यालोकनिष्कम्पितः**' જુઓ! હવે એની ખાસ વ્યાખ્યા. પરભાવથી ભિન્ન છું, પરભાવથી ભિન્ન છું એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. હવે પરભાવ એટલે શું ને ભિન્ન એટલે શું?

'**સમસ્ત જ્ઞેયની અનેક શક્તિની આકૃતિરૂપ પરિણમ્યું છે જ્ઞાન,...**' આ પરભાવ. એક સમયની જ્ઞાન અવસ્થા અનંત ભાવો જે જગતના છે એને જાણવારૂપે પરિણમી છે, વર્તમાન એક સમયની દશા. આ એને પરભાવ કહેવામાં આવે છે. ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ એક સમયના અંશને પરભાવ કહેવામાં આવે છે. ભેદના અંશને પરભાવ, અભેદ અંશને સ્વભાવ (કહેવામાં આવે છે). જે વાત પહેલા લીધી છે ઇ ઠેઠ (સુધી) નભાવી છે. સમજાણું કાંઈ? 'છોટાભાઈ'! આહાહા..! પહેલું લીધું છે ને? સ્વભાવનો ભેદ પાડવો એ પરભાવ.

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ સ્વભાવ ધ્રુવ ધ્રુવ અનંત ગુણનો પિંડ એક ભાવ, એક સ્વભાવ હોં! ભાવો અનંત છે પણ એવો એક ભાવ. એના ઉપર આરુઢ છે એટલે દૃષ્ટિ ત્યાં પોતાના પૂર્ણ ભાવમાં પ્રતીતમાં પડી છે. એથી '**परभाव**' એવા '**સમસ્ત જ્ઞેયની અનેક શક્તિની આકૃતિરૂપ પરિણમ્યું છે જ્ઞાન, એ રૂપે માને છે જે જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ,...**' અજ્ઞાની એ રૂપ માને છે તે જ્ઞાન. એવા વસ્તુનું તદ્રૂપ. એક સમયની પર્યાયમાં વસ્તુનું તદ્રૂપ પૂરું માને છે. '**એવી વિપરીત બુદ્ધિના ત્યાગથી થઈ છે...**' એવી વિપરીત બુદ્ધિના ત્યાગથી. શું કહ્યું?

સમજાય એવું છે, હોં! ન સમજાય એમ ન કહેવું. એ તો મોંઘુ છે એમ કહેવામાં એની જાગૃતિ માટે કહેવાય છે. ન સમજાય એ વાત નહિ. ભગવાનઆત્મા ન જાણે? ત્રણકાળ, ત્રણલોકને હથેળીમાં પર્યાયમાં રાખે એવો ભગવાન એને ન જાણે એમ કેમ કહેવાય? આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા જાણે નમાલો કરી નાખ્યો. ક્યાં ગયો આવડો આત્મા? 'જેચંદભાઈ'! બહુ કિંમત વધારી દીધી, એમ કહે છે. કિંમત વધારી નથી, છે એવી થાય છે. સમજાણું કાંઈ? કહે છે... 'કનુભાઈ'! આ સમજાય છે આ? આ કાયદા જુદી જાતના છે. આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય, લ્યો! કાયદામાં આવે નહિ ને આમાંય સાંભળવામાં આવે નહિ. એમ ને એમ જિંદગી ચાલી જાય.

**'સમસ્ત જ્ઞેયની અનેક શક્તિ...'** બધા અનંતા આત્માઓ, અનંત પરમાણુઓ, એનો જે અનંત ભાવ, કેવળીનો અનંત ભાવ, વીર્યનો અનંત ભાવ, બધા અનંત આત્માઓની શક્તિરૂપ સત્ત્વનો ભાવ, એના જાણવારૂપે પરિણમી છે જ્ઞાનની અવસ્થા. એને જાણવાપણે પરિણમ્યો છે જ્ઞાનની વર્તમાન દશારૂપ અંશ. સમજાય છે? **'એ રૂપે માને છે જે જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ,...'** તદ્રૂપ એવા એક સમયની પર્યાયમાં આખું તદ્રૂપ, આખું દ્રવ્ય માને છે અજ્ઞાની. એનાથી **'विरह'** **'એવી વિપરીત બુદ્ધિના ત્યાગથી થઈ છે...'** એવી વિપરીત બુદ્ધિનો ત્યાગ. એક સમયની અવસ્થામાં છ દ્રવ્ય જણાણા. એવા એક સમયની અવસ્થામાં સારું અસ્તિત્વ તદ્રૂપ માને છે, એવી બુદ્ધિનો થયો છે ત્યાગ. સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓને! એમાં છે કે નહિ? લખ્યું છે એમાં. રૂપિયામાં કેમ ધ્યાન રાખે છે ન્યાં બહુ ચારે કોરથી?

સમસ્ત જ્ઞેયની શક્તિ, અનેક શક્તિ. રૂપિયા પણ શક્તિ છે, કહે છે. લ્યો! એ જ્ઞાનનો પર્યાય એને જાણે. એને આમતેમ ફેરાફેર કરે એ કહે છે એ જ્ઞાનના પર્યાયનો ધર્મ નથી, દ્રવ્યનો તો ધર્મ નથી (પણ) પર્યાયનો ધર્મ (પણ) નથી. અસ્તિત્વ છે એટલી શક્તિને જાણવાપણે પરિણમે જ્ઞાન, બસ! સમજાણું કાંઈ?

**'એ રૂપે માને છે જે જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ,...'** એટલે તદ્રૂપ, તદ્રૂપ એટલે સમજાણું? અજ્ઞાની વસ્તુના એક સ્વભાવરૂપ ભાવને જુદો ન માનતા એક સમયની પર્યાયના પરિણમનમાં આખું તદ્રૂપ માને છે. આખા દ્રવ્યનું રૂપ એમાં જ માને છે. સમજાણું કાંઈ? આહાહા..! કેવી વ્યાખ્યા! પણ ભારે, ભાઈ! બહુ સરસ વાત છે. આહાહા..!

જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ એટલે આખી ચીજનું અસ્તિત્વ, એમ. **'માને છે જે જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ...'** તદ્રૂપ. જ્ઞાન એટલે ત્રિકાળી. જ્ઞાન વસ્તુ અખંડ પૂર્ણ વસ્તુ. એને એક સમયની જ્ઞાનની અવસ્થામાં અનંત જ્ઞેયોની શક્તિને જાણવાનો પર્યાય એના અંદરમાં એ જ્ઞાન વસ્તુને અસ્તિત્વ તદ્રૂપે આત્મા છે, એમ માને છે એ વિપરીત બુદ્ધિ ને મિથ્યાત્વ બુદ્ધિ છે. એનો **'विरह'** છે. આહાહા..!

**'એવી વિપરીત બુદ્ધિના ત્યાગથી થઈ છે...'** **'व्यालोक'** આ અંતર દ્રવ્યને જોવાની દૃષ્ટિ. સમજાણું કાંઈ? એક સમયના જ્ઞાનની પર્યાયથી આખા દ્રવ્યને એમાં માનનાર, એવી જે વિપરીત બુદ્ધિ એનો થયો છે અભાવ. એથી આખા દ્રવ્ય સ્વભાવને જોવાની પ્રગટી છે દૃષ્ટિ. સમજાણું કાંઈ? **'સાચી દૃષ્ટિ,...'** પાછી, હોં! **'व्यालोक'** છે ને? વિશેષ. **'તેનાથી થયો છે...'** **'निष्कम्पितः, निष्कम्पितः'** **'સાક્ષાત્ અમિટ (-અટળ) અનુભવ જેને, એવો છે...'** ફરે નહિ એવી સ્વભાવની– દ્રવ્યની દૃઢતા એને થઈ છે. વસ્તુ અખંડાનંદ એકરૂપ સ્વભાવ મારો છે એવી સમ્યગ્દર્શનમાં આખા સ્વરૂપની નિષ્કંપ પ્રતીત થઈ છે. એક સમયનો પર્યાય છે તે જાણવા લાયક રહી ગયો. જાણવા લાયક છે, આદરવા લાયક ન રહ્યો. આદરવા લાયક તો એક સમયનો ત્રિકાળ જ્ઞાયક ધ્રુવભાવ, એકરૂપ. ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો જે એક ભાવ. આહાહા..!

જ્ઞાનના ઉત્પાદનો પર્યાય એમાં આખું દ્રવ્યનું તદ્‌રૂપ જેણે માન્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આખો, ધ્રુવ વસ્તુ, એનો એક સમયનો જ્ઞાનનો ઉત્પાદ એટલો પર્યાય જે છ દ્રવ્યને જાણવાનો જે ઉત્પાદ પર્યાય, એટલામાં આખું અસ્તિત્વ તદ્‌રૂપ–તે રૂપે છું એમ માન્યું, પર્યાયરૂપે માન્યું કે આખા દ્રવ્યરૂપે (માન્યું), એની છૂટી છે બુદ્ધિ. વિરહ પડ્યો છે તે બુદ્ધિનો. આહાહા..! સમજાણું કાંઈ? એ બુદ્ધિ છૂટીને દ્રવ્ય સ્વભાવ ઉપર આરુઢ થઈ છે. કેવી? '**निष्कम्पितः**' ખસે નહિ એવી. સમજાય છે કાંઈ? જ્ઞાયકભાવ વસ્તુ સ્વભાવ, એકરૂપ ભાવ. સાક્ષાત્ અમિટ અનુભવ. સ્વસંવેદનમાં સાક્ષાત્ અમિટ ભાવ–વસ્તુ આ છે એમ અમિટ શ્રદ્ધા-જ્ઞાન થયા છે. '**એવો છે સ્યાદ્વાદી.**' એવો સમ્યગ્દૃષ્ટિ છે, એવો ધર્મી છે, એવો અનેકાન્ત અમૃતના અનુભવ કરનારો ધર્મી છે. આહાહા..! ભારે વાત લીધી, ભાઈ! સમજાણું કાંઈ? લ્યો, એ કેટલા બોલ? ૧૪ એમાં બાર થયા. બે રહ્યા. હવે એ તો નિત્ય ને અનિત્યના બે રહ્યા. પહેલા જે હતા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવની અસ્તિ. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવની નાસ્તિ. સમજાણું કાંઈ?

હવે આઠ (બોલનું) જરીક પાછુ ટૂંકું લઈએ. વસ્તુ દ્રવ્ય જે છે ત્રિકાળ એકરૂપ ભાવ, એ સ્વદ્રવ્ય. અને એક સમયની પર્યાયમાં બીજા બધા દ્રવ્યો જણાય એ એક સમયનો પર્યાય તે પરદ્રવ્ય. એ પરદ્રવ્યમાં સ્વદ્રવ્યની અસ્તિ માને છે એ મિથ્યાત્વ. સ્વદ્રવ્યમાં સ્વદ્રવ્ય છે ને એક સમયનો અસ્તિત્વ પરદ્રવ્યનો એ જે પર્યાય (તે) આમાં નથી. સમજાણું કાંઈ? એ સ્વદ્રવ્યની અસ્તિ ને પરદ્રવ્યની નાસ્તિ (થઈ).

હવે સ્વક્ષેત્રની અસ્તિ ને પરક્ષેત્રની નાસ્તિ. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર જેનું. અસંખ્ય એમ ભેદેય નહિ. એનું આખું ક્ષેત્ર એકરૂપ ક્ષેત્ર, એકરૂપ અભેદ એ સ્વક્ષેત્ર. અને એક સમયની જ્ઞાનની પર્યાયમાં અનંતા જગતના ક્ષેત્રોના પ્રદેશોના પુંજનું જ્ઞાન પરિણમે, જાણવારૂપે જ્ઞાનનો પર્યાય પરિણમે એ પરક્ષેત્ર. એ પરક્ષેત્રમાં આ સ્વક્ષેત્રની નાસ્તિ અને સ્વક્ષેત્રમાં એ પરક્ષેત્રની નાસ્તિ. ભારે વાત!

ત્રિકાળ જ્ઞાયક પિંડ પ્રભુ! ત્રિકાળનો પિંડ એક આત્મા એ સ્વકાળ. એક સમયની અવસ્થા તે પરકાળ. જે પર્યાયમાં પરનું–પરના કાળનું અવલંબન વર્તે, એમાં જાણવાની પર્યાય વર્તે એટલો પરકાળ. આખો ભગવાન ત્રિકાળ એકરૂપ છે એ સ્વકાળ. એ સ્વકાળમાં પરકાળની નાસ્તિ અને પરકાળની સ્વકાળમાં નાસ્તિ. સમજાણું કાંઈ?

હવે આવ્યો ભાવ. એકરૂપ ત્રિકાળ ભાવ તે સ્વભાવ ભાવ. અનંતા ભાવને જાણવાને પરિણમેલો એક સમયનો પર્યાય તે પરભાવ. એ..ઇ..! 'રતિભાઈ'! સમજાણું કાંઈ? એક સમયની પર્યાય પરભાવ એમાં ત્રિકાળ ભાવની નાસ્તિ. એક સ્વભાવ ત્રિકાળભાવમાં એક સમયના પરભાવની અહીં નાસ્તિ. આમ અસ્તિ-નાસ્તિના ચારથી આઠ બોલ આમાં ઉતાર્યા છે. સમજાણું કાંઈ? હવે આ બે બોલ રહ્યા–નિત્ય ને અનિત્ય. એ તો વિસ્તાર આવી ગયો છે, હોં! આ

તો થોડું ઉપરથી કીધું. આહાહા..! હવે આ ૧૩ મો બોલ નિત્યનો છે, નિત્યનો. અજ્ઞાની એકલો અનિત્યને માને છે ને નિત્યને માનતો નથી. જ્ઞાની નિત્યને માનીને અનિત્યની પર્યાયને જાણે છે. સમજાય છે કાંઈ?

( શાર્દૂલવિક્રીડિત )

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना
निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं
टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन् जीवति।।१४-२६०।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ એકાન્તવાદી મિથ્યાદષ્ટિ એવો છે કે જે વસ્તુને પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ નથી માનતો; તેથી અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે જ્ઞાન, તેનો થાય છે પ્રતિસમય ઉત્પાદ-વ્યય, તેથી પર્યાય વિનશતાં જીવદ્રવ્યનો વિનાશ માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી આમ સમાધાન કરે છે કે પર્યાયરૂપે જોતાં જીવવસ્તુ ઊપજે છે, વિનશે છે; દ્રવ્યરૂપે જોતાં જીવ સદા શાશ્વત છે.તે કહે છે – ''पशु नश्यति'' ( पशु ) એકાન્તવાદી જીવ ( नश्यति ) શુદ્ધ જીવવસ્તુને સાધવાથી ભ્રષ્ટ છે. કેવો છે એકાન્તવાદી? ''प्रायः क्षणभङ्गसङ्गपतितः'' ( प्रायः ) એકાન્તપણે ( क्षणभङ्ग ) પ્રતિસમય થતા પર્યાયના વિનાશથી ( संङ्गपतितः ) તે પર્યાયની સાથે સાથે વસ્તુનો વિનાશ માને છે. શા કારણથી ? ''प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना निर्ज्ञानात्'' ( प्रादुर्भाव ) ઉત્પાદ-(विराम) વિનાશથી ( मुद्रित ) સંયુક્ત ( वहत् ) પ્રવાહરૂપ જે ( ज्ञानांश ) જ્ઞાનગુણના અવિભાગપ્રતિચ્છેદ તેમના કારણે થતા ( नानात्मना ) અનેક અવસ્થાભેદના ( निर्ज्ञानात् ) જાણપણાના કારણે;–એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સ્યાદ્વાદી પ્રતિબોધે છે–''तु स्याद्वादी जीवति'' ( तु ) જેમ એકાન્તવાદી કહે છે તેવું એકાન્તપણું નથી. ( स्याद्वादी ) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી ( जीवति ) વસ્તુને સાધવા સમર્થ છે. કેવો છે સ્યાદ્વાદી ? ''चिद्वस्तु नित्योदितं परिमृशन्'' ( चिद्वस्तु ) જ્ઞાનમાત્ર જીવવસ્તુને ( नित्योदितं ) સર્વકાળ શાશ્વત એવી, ( परिमृशन् ) પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ અનુભવતો થકો. કેવા રૂપે ? ''चिदात्मना'' જ્ઞાનસ્વરૂપ છે જીવવસ્તુ તે-રૂપે. વળી કેવો છે સ્યાદ્વાદી ''टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञा नंभवन्'' ( टङ्कोत्कीर्ण ) સર્વ કાળ એકરૂપ એવા ( घनस्वभाव ) અમિટ (–અટળ) લક્ષણ વડે છે ( महिम ) પ્રસિદ્ધિ જેની, એવી ( ज्ञानं ) જીવવસ્તુને ( भवन् ) પોતે અનુભવતો થકો. ૧૪-૨૬૦.

( શાર્દૂલવિક્રીડિત )

**प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना**
**निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति।**
**स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं**
**टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन् जीवति।।१४-२६०।।**

પેલામાં '**नश्यति**' (હતું) ને આ '**जीवति**'. '**पशुः नश्यति**', અનેકાન્ત '**जीवति**'. એકાન્તી નાશ પામે, અનેકાન્તી જીવે છે.

'**ભાવાર્થ આમ છે કે...**' અર્થ પછી આવશે. એમાં શું કહેવું છે એનું જરી સહેલું કહીને પછી શરૂઆત કરે માટે એને ભાવાર્થ કહેવામાં આવે છે. પછી પાછું સમજે નહિ '**पशुः नश्यति**' શું કહે છે? જો ભાઈ! આમાં આ આવશે એમ પહેલું મથાળામાં ઉપોદ્‌ઘાત કરીને ઇ કહેશે. સમજાણું? નાટકમાં એમ હોય. પહેલી વાત બોલે અંદરથી કે, આ 'ભર્તૃહરિ', 'પિંગળા' ફલાણું આવશે, આ પાઠ આવશે એમ નથી બોલતા? પછી આવે પાઠમાં.

'**કોઈ એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ...**' એટલે કે વાસ્તવિક પદાર્થના સ્વરૂપને ન જાણનાર અને વસ્તુના બે પડખા છે નિત્ય ને અનિત્ય (એને ન જાણનાર). વસ્તુ નિત્ય પણ છે અખંડ પ્રવાહ ધારે અને પર્યાયમાં ઉત્પાદ પણ છે, ઉત્પાદ-વ્યય પણ છે. વસ્તુ છે અખંડ ધારાપણે રહેનારી નિત્ય અને પર્યાયમાં પ્રવાહરૂપે ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય પ્રવાહપણે (ચાલ્યા કરે છે) એ પણ છે. એમાંથી એક પ્રવાહને જ–એક ઉત્પાદને જ માનનારો અને ધ્રુવ ત્રિકાળ નિત્યને નહિ માનનારો એકાન્તી કેવો છે એની વ્યાખ્યા ચાલે છે. વ્યાખ્યા ઇ છે, વ્યાખ્યા છે નિત્યની પણ એની સામે અનિત્ય માનનારો (કેવો છે) એની વ્યાખ્યા કરે છે.

'**જે વસ્તુને પર્યાયમાત્ર માને છે,...**' સમજાણું? વસ્તુને અનિત્ય માને છે, અનિત્ય માને છે. '**દ્રવ્યરૂપ નથી માનતો;...**' નિત્ય માનતો નથી. વસ્તુને એનો પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... અનિત્ય એમ માને છે પણ દ્રવ્યરૂપ માનતો નથી. ત્રિકાળ દ્રવ્યરૂપ એક ધારાવાહી છે એને અજ્ઞાની માનતો નથી. '**તેથી અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે જ્ઞાન,...**' કેવી ચીજ છે આત્મા? કે, '**અખંડ ધારાપ્રવાહ પરિણમે છે જ્ઞાન,...**' વસ્તુ રહીને, વસ્તુ નિત્ય રહીને, અખંડ રહીને '**ધારાપ્રવાહરૂપ પરિણમે છે જ્ઞાન, તેનો થાય છે પ્રતિસમય ઉત્પાદ-વ્યય,...**' વસ્તુ જ્ઞાયકપણું કાયમ રહીને એની પર્યાયમાં થાય છે ઉત્પાદ ને વ્યય. નવી નવી અવસ્થા ઊપજવી ને પુરાણી અવસ્થાનો નાશ થવો.

આ ત્રણ અંશ 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ સત્' એમાં ઉત્પાદ-વ્યયને માને છે અને વસ્તુને માનતો નથી. નિત્ય વસ્તુ છે ધ્રુવ જ્ઞાયકમાત્ર વસ્તુ (છે). સમય સમયની પર્યાય એટલું. આ બૌદ્ધ આદિ માને છે ને? બૌદ્ધ આદિ તો દાખલો છે. એક એક સમયની પર્યાય ઉપર

જેની દૃષ્ટિ છે અને એટલામાં હું આખો તણાઈ ગયો છું, એક સમયની ઉત્પાદ પર્યાયમાં આખો તણાઈ જાઉં છું એમ માનનાર સારા દ્રવ્યને, નિત્ય ધ્રુવને જાણતો નથી. સમજાણું કાંઈ? સમયની પર્યાય જ્યાં પલટી તો હું આખો ગયો. નવી ઉત્પન્ન થઈ તો આખો નવો ઊપજ્યો. પણ એ પર્યાય છે અને દ્રવ્ય તો ત્રિકાળ એમ ને એમ છે. એ અજ્ઞાની દ્રવ્યને માનતો નથી.

**'તેનો થાય છે પ્રતિસમય ઉત્પાદ-વ્યય,...'** દેખો! પ્રતિસમય–દરેક ક્ષણે ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થાય. એ પણ પ્રવાહરૂપે થાય છે. એકરૂપ, હોં! આડું-અવળું નહિ, ધારાપ્રવાહરૂપ. વસ્તુ છે એકરૂપ ધારા દ્રવ્ય, એનો પર્યાય ધારાપ્રવાહ એકરૂપ આમ ચાલે છે. અખંડ ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... પૂર્વનો વ્યય, નવો ઉત્પાદ, પૂર્વનો વ્યય, નવો ઉત્પાદ. **'તેથી પર્યાય વિનશતાં...'** એક સમયની અવસ્થાનો નાશ થવાથી **'જીવદ્રવ્યનો વિનાશ માને છે.'** શરીરનો નાશ થતાં હું નાશ (થયો એમ માને) એ તો મહા મૂઢ (છે), કહે છે. શરીરનો નાશ થતાં મારો નાશ થઈ ગયો (એમ માને છે એ તો મૂઢ છે).

મુમુક્ષુ :– શરીરની ચિંતા તો થાય ને?

ઉત્તર :– શેની ચિંતા? ધૂળની? શરીર રહેવું ન રહેવું શું એના આત્માના અધિકારે છે? એ તો એના પર્યાયના આધારે એનો ઉત્પાદ પર્યાય જેવો થવાનો તે કારણે થયા કરે છે. શું આત્માને અધિકારે છે? દવા ને ડૉક્ટરો ન્યાં હાલ નાખતા હશે એમાં? 'ધર્મચંદજી'! નહિ? ઇ શરીરનો પર્યાય આમ ઢીલો થઈ જાય. ત્યાં હું પણ ઢીલો પડી ગયો. એ તો મોટો મૂઢ છે, કહે છે. સમજાણું કાંઈ? એકત્વબુદ્ધિ છે. એ જ કહે છે, મૂઢ છે કહે છે ઇ. કો'કનો પરમાણુ એને કારણે પરિણમે એમાં તું અધિકાર ક્યાં કરવા ગયો? એમ કહે છે. શું કહે છે?

**'તેથી પર્યાય વિનશતાં જીવદ્રવ્યનો વિનાશ માને છે.'** એક એનો અર્થ એટલો કે એક તો શરીરનો પર્યાય નાશ થતાં મારો પર્યાય, હું નાશ થાઉં છું એ તો મૂર્ખ, મૂઢ (છે). પણ એક સમયનો પ્રવાહનો પર્યાય છે, અંદર પલટવાની દશા, એ દશા ગઈ ને એટલે હું પણ આખો ભેગો (ચાલ્યો ગયો). આખું દ્રવ્ય જીવ આખું ધ્રુવ છે એ પણ એમાં નાશ પામી જાય છે એમ માનનાર એકાન્ત અવસ્થાને માનનાર પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

કાંઈક તો હુંફ રહેતી હશે કે નહિ પરને લઈને? શરીર સારું હોય.. ખવાય-પીવાય... કોણ ખાય-પીવે? કહે છે, શરીરની અવસ્થાના પલટવાને લઈને હું ભેગો પલટી ગયો એમ માનનાર(ને) શરીરની સાથે એકત્વબુદ્ધિ છે. અજીવની સાથે જીવની બુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. શું કરવું? શેની વાત ચાલે છે આ? રાખવા માટે ચાલે છે કે છોડવા માટે ચાલે છે આ? રાખીને તો પડ્યો છે એની તો વાત ચાલે છે આ.

જે પોતાનું નથી એની સાથે એકત્વબુદ્ધિ એ તો પાપબુદ્ધિ અને દુઃખના સંયોગને વ્હોરવા જેવું છે. જેટલા દુઃખના સંયોગો છે એનાથી વધારે દુઃખના સંયોગોને વ્હોરવા જેવું છે. સમજાણું કાંઈ? કારણ કે, જે વસ્તુ પર છે એની અવસ્થામાં આત્મા એકત્વ માને તો એ એકત્વ છે નહિ. છે નહિ ને માને એટલે મિથ્યાત્વ બુદ્ધિમાં એને મહાન પાપ લાગે છે. એ પાપને લઈને વળી એટલા પ્રતિકૂળ સંયોગ આવશે. ત્યાં વળી કહે કે, અરે..! હું હણાઈ ગયો, એ હણાઈ ગયો. અનુકૂળ આવશે તો કહેશે, હા, હમણાં મને ઠીક છે. એમ પરદ્રવ્યની પર્યાયમાં, ઉત્પાદ-વ્યયમાં પોતે તણાઈ જાય છે.

અહીં તો એથી બીજી વાત છે. અહીં તો એ સમયનો, એક સમયનો પર્યાય જે છે એમ જ્યાં ગ્યો એટલે આખું ધ્રુવ એમાં ભેગું ગયું (એમ માને છે). પોતાનો પર્યાય, હોં! પર્યાયનો વિનાશ થતા, એક સમયની આત્માની અવસ્થા પલટવાથી જીવદ્રવ્યનો વિનાશ (માને છે). ભાઈ! મારી બુદ્ધિ પહેલી કામ કરતી, હવે બુદ્ધિ કામ (કરતી નથી), હું આખો ખોવાઈ ગયો છું. બુદ્ધિ અલ્પ કામ કરવા લાગી ત્યાં આખો આત્મા ગયો એમ માને છે. સમજાણું કાંઈ? અમારા જ્યારે દિવસ હતા ને.. એ... 'રતિભાઈ'! ઇ જ્યારે પેલા શું કહેવાય? થડે, થડે બેઠો હોય ને દસ, પાંચ-પાંચ લાખની પેદાશ, દસ-દસ લાખની (થતી હોય). જાવ, આમ કરો, ફલાણું આમ કરો. ઓહો..! અમારા સમય હતા, ભાઈ! એ ટાણા યાદ આવ્યે એને સડકા આવે છે. મૂઢ છો. સમય તારા કે દિ' હતા? એ તો પરના હતા. કહો, '...ભાઈ'! આહાહા..! એને નહિ પણ એને જાણતી પર્યાય, એને જાણતી પર્યાય આમ બદલી (ત્યાં) આખો હું આત્મા જ ફરી ગયો, આખો આત્મા જ ફરી ગયો. મારું રૂપ ફરી ગયું, બધું ફરી ગયું. ફરે શું પણ તું તો ધ્રુવ એવો ને એવો છો.

મુમુક્ષુ :– માને છે.

ઉત્તર :– માને છે. એક સમયની અવસ્થા બદલાતા (હું ફરી ગયો). આમ તો દુનિયા એમ કહે છે, ભાઈ! એ પૈસા ને એવા નૂર ને તેજ હતા એના, એ બધા હણાઈ ગયા. એમ કહે છે ને? બીજા પણ કહે. એક જાતના છે ને બધા! એનું તેજ હતું. જ્યારે પૈસા હતા એની પાસે ને એ બાયડી, છોકરા, કુટુંબ, નોકર-ચાકર એના તેજ, ત્યાં બેઠા હોય તો આમ, આમ થડે બેઠો હોય તો રાડ નાખે નોકરો. બધું ફરી ગયું, નૂર હણાઈ ગયું. શું નૂર હણાઈ ગયું? ક્યાં ગયું નૂર? તું તો અંદરમાં છો. બહારને લઈને ક્યાં શું હણાઈ ગયું? સમજાણું કાંઈ? મૂઢ એને બદલતા આત્મા બદલી ગયો માનનાર મહા અસત્ય બુદ્ધિ સત્યના બુદ્ધિના ખૂન કરનારો છે, એ પાપી દૃષ્ટિ છે, એ દુઃખના ઉપજવાના (પંથે) પાપ ઉપાર્જ્યા, એ દુઃખને વ્હોરી લે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? **'જીવદ્રવ્યનો વિનાશ માને છે.'**

**'તેના પ્રતિ સ્યાદ્વાદી આમ સમાધાન કરે છે કે પર્યાયરૂપે જોતાં જીવવસ્તુ ઊપજે છે,**

**વિનશે છે;...**' એક સમયની અવસ્થાથી જોઈએ તો આત્મા પદાર્થ નવી અવસ્થાથી ઊપજે અંદર જ્ઞાન અવસ્થા, દર્શન અવસ્થા વગેરે, હોં! અને વિનશે છે. પર્યાયમાં–અવસ્થામાં બદલે. પહેલી અવસ્થા એ બીજે સમયે નાશ થાય. '**દ્રવ્યરૂપે જોતાં જીવ સદા શાશ્વત છે.**' વસ્તુથી જોઈએ તો દ્રવ્ય એવું ને એવું ત્રિકાળ ત્રિકાળ સત્... સત્... સત્... સત્... સત્... સત્... સત્... સત્... છે શાશ્વત છે, વસ્તુ તરીકે સત્ છે એ શાશ્વત છે. પર્યાય તરીકે, અવસ્થા તરીકે જોવો તો બદલે છે. બેય રૂપે આત્મા છે. સમજાણું કાંઈ?

'**તે કહે છે...**' '**पशु नश्यति**' હવે આવ્યું. એટલું કહેવું છે એમ કરીને ન્યાં મથાળું બાંધ્યું. '**એકાન્તવાદી જીવ...**' '**पशु**' એટલે ઢોર જેવો એકાન્તવાદી. એ પર્યાય નાશ થતાં હું નાશ થયો, આત્માની અવસ્થા બદલતા આખું ધ્રુવ નાશ થઈ ગયું, એમ માનનારો પશુ એકાન્તવાદી અજ્ઞાની છે. સમજાણું કાંઈ? એ પર્યાયના લહેરમાં તણાઈ ગયો. પર્યાયનું મોજુ ઉઠ્યું ને એમાં આખો દરિયો તણાઈ ગયો એમ માને છે. આખો ધ્રુવ ચૈતન્ય પડ્યો છે મહા સત્તા, એને દ્રવ્યને માનતો નથી. '**એકાન્તવાદી જીવ શુદ્ધ જીવવસ્તુને સાધવાથી ભ્રષ્ટ છે.**' ભગવાન શુદ્ધ દ્રવ્ય વસ્તુ ત્રિકાળ છે. એક સમયની પર્યાય બદલતા હું બદલી ગયો માનનાર, શુદ્ધ દ્રવ્ય વસ્તુ એવી ને એવી છે એને સાધી શકતો નથી. એને આત્માની શ્રદ્ધામાં લઈ શકતો નથી.

'**કેવો છે એકાન્તવાદી?**' '**प्रायः क्षणभङ्गसङ्गपतितः**' '**प्रायः**' એટલે '**એકાન્તપણે...**' કેમ કે સર્વથા તો કાંઈ નાશ (થતો નથી). પર્યાયમાં પર્યાય નાશ થાય એમ માને છે ને? એટલે '**प्रायः**'નો અર્થ '**એકાન્તપણે...**' કર્યો. '**પ્રતિસમય થતા પર્યાયના...**' દરેક સમય અવસ્થા થાય. જ્ઞાનની, શ્રદ્ધાની, ચારિત્રની, અસ્તિત્વની, વસ્તુત્વની, પ્રમેયત્વની, બધા ગુણોની (અવસ્થા થાય). એ '**प्रायः**' પ્રતિસમય, પ્રત્યેક સમયે હોવાવાળી પર્યાય. દેખો! અર્થ કેવો કર્યો છે? ક્ષણભંગનો અર્થ – પ્રત્યેક પ્રતિસમય એટલે દરેક સમયે હોવાવાળી પર્યાય. જે સમયે જે હોવાવાળી પર્યાય છે તે સમયે એની સમયની પર્યાય, એના કાળની પર્યાય. સમજાણું કાંઈ? એ દ્રવ્યમાં એને સમયે જે પ્રત્યેક સમયે. પ્રતિસમય એટલે દરેક સમયે હોવાવાળી '**પર્યાયના વિનાશથી...**' '**सङ्गपतितः**' '**તે પર્યાયની સાથે...**' સાથ એટલે સંગ, પતિત એટલે વસ્તુનો નાશ માને છે. સમજાણું કાંઈ? શબ્દ બહુ ચોખ્ખા અર્થ છે. પુસ્તક તો બહુ સહેલા બહાર આવી ગયા છે. સમજાણું કાંઈ? વાંચવા જોઈએ, સ્વાધ્યાય કરવો જોઈએ. એમ ને એમ પડ્યા છે પુસ્તકો તો વસ્તુનું સ્વરૂપ શું છે એ જાણવા મળે. વાંચવું નહિ, કરવું નહિ (ને) ઘરના ચોપડા તપાસવા.

મુમુક્ષુ :–

ઉત્તર :– પણ થોડા થોડા... તો પહેલો પરિચય કરવો. પરિચય કરવો. સમજવા માટે ભણવા જાય છે કે નહિ બીજે? સમજાણું કાંઈ? પાધરી વસ્તુ પેલી છે પણ હવે તો એને

સીધું થઈ ગયું છે. બીજા પુસ્તકો એટલા બધા બહાર પડ્યા ને એને લઈને પણ આનો શું અર્થ છે એ સમજી શકાય. કેટલોક ઝીણો અર્થ છે એ વળી (ન સમજાય). સમજાય છે? પુસ્તક લઈને ઘરે મુકી રાખે છે કે વાંચે છે એમાં? 'રતિભાઈ'! વાંચે છે?

પ્રતિસમય હોવાવાળી પર્યાયમાં. દરેક સમયે આત્મામાં અવસ્થા થાય છે. સોનું સોનાપણે કાયમ રહીને કુંડળ, વીંટી, કડા વગેરે એમાં અવસ્થા થાય છે, ઇ અવસ્થા છે. સોનું સોનાપણે રહ્યું છે. સોનું રહીને અવસ્થા થાય છે. એમ ભગવાનઆત્મા કાયમ ધ્રુવ રહીને એની પર્યાયમાં અવસ્થા બદલ્યા કરે છે. એવો એનો પર્યાયનો સ્વભાવ છે, અવસ્થાનો સ્વભાવ છે.

એ પર્યાયના વિનાશે **'क्षणभङ्ग'** શબ્દ વાપર્યો છે ને? **'प्रायः क्षणभङ्ग'** બહુલતાથી, એકાન્તરૂપથી **'क्षणभङ्ग'** એક સમયની પર્યાયનો ભંગ હોવાથી, એમ. ક્ષણ એટલે પ્રતિસમય. ભંગ એટલે વિનાશ, એમ. **'क्षणभङ्ग'** એક સમયના ક્ષણમાં ભંગ નામ ઉત્પન્ન થયેલી પર્યાયનો વિનાશ. એના **'सङ्गपतितः'** **'તે પર્યાયની સાથે સાથે વસ્તુનો વિનાશ માને છે.'** ઇ પર્યાયના સંગે. એના લક્ષમાં પર્યાય છે ને? એના સંગે પોતે નાશ થઈ જાય એમ માને છે. એ પર્યાય ગઈ, એ આ ગઈ, હું પણ ગયો. ત્રિકાળ દ્રવ્ય વસ્તુ ધ્રુવ છે એની દૃષ્ટિ કરતો નથી. સમજાણું કાંઈ?

**'सङ्गपतितः'** એટલે એના ઉપર જ એકલી રુચિ (છે). એક અંશ ઉપર જ, એ અંશ પર્યાય ઉપર જ એની રુચિ-સંગ છે. એક સમયની અવસ્થા પલટતા બીજી થઈ એટલે પલટતા **'क्षणभङ्ग'** એ સમયે મારો પણ નાશ થઈ ગયો એમ સંગમાં વિનાશ માને છે. **'શા કારણથી?'** શું કરવા એ માને છે?

**'प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना निर्ज्ञानात्'** જુઓ! **'प्रादुर्भाव'** એટલે **'ઉત્પાદ...'** આત્મામાં એક સમયની અવસ્થાનો ઉત્પાદ. અનંતા ગુણની, હોં! **'विराम'** **'विराम'**-વ્યય, **'વિનાશથી...'** એક સમયમાં અનંતા ગુણની એક સમયની પર્યાયમાં પ્રાદુર્ભાવ-ઉત્પન્ન થવું, પ્રગટ થવું. વિરામ પામવું-પહેલાની અવસ્થાનો વિરામ, વિનાશ થવો. એક જ સમયમાં. સમજાણું કાંઈ? પૂર્વના વિચારનો વિનાશ ને નવા વિચારની ઉત્પત્તિ, વસ્તુ ધ્રુવ તો કાયમ છે.

એવા ઉત્પાદ ને વ્યયની **'मुद्रित'** છે, એની એ મુદ્રા છે. **'સંયુક્ત પ્રવાહરૂપ જે...'** ઉત્પાદ-વ્યય, ઉત્પન્ન થવું ને વિરામ પામવું એ તો એના પર્યાયનો મુદ્રા ધર્મ છે. એનો એવો સ્વભાવ પર્યાયનો છે. પ્રવાહરૂપ છે. સંયુક્ત. **'वहत'** **'मुद्रित'** એવો પ્રવાહરૂપ. **'ज्ञानांश'** **'જ્ઞાનગુણના અવિભાગપ્રતિચ્છેદ તેમના કારણે...'** જ્ઞાનનો એક સમયનો અંશ, એક સમયનો પર્યાય. **'અવિભાગપ્રતિચ્છેદ તેમના કારણે...'** વર્તમાન અવસ્થા. અવસ્થાને અવિભાગપ્રતિચ્છેદ કહેવામાં આવે છે.

જ્ઞાનની એક સમયની અવસ્થા ઉત્પન્ન થાય, વિનાશ થાય એવી જેની મુદ્રા-છાપ છે, એવો જેનો પર્યાયનો ધર્મ છે એમાં પોતે વહી જાય છે, એવો જે પર્યાયનો પ્રવાહ વહે છે

એને જ પોતાનું આખું સ્વરૂપ માને છે. એટલે પર્યાયમાં જ હું ચાલ્યો ગયો.

**'નાનાત્મના' 'અનેક અવસ્થાભેદના જાણપણાના કારણે;...'** અનેક અવસ્થા ભેદને કારણે વિનાશ થઈ ગયો એમ માને છે. એમ કીધું ને? શા કારણે એમ કીધું હતું ને? પર્યાયની સાથે સાથે જાણે મારો નાશ થઈ ગયો, અનેક ગુણના અંશોના અનેક અવસ્થાના ભેદે હું પણ નાશ થઈ ગયો. એમ એકાન્ત અજ્ઞાની પર્યાયને માનનારો વસ્તુને માનતો નથી. તે પર્યાય ભેગો પોતે નાશ થઈ જાય એમ માને છે. **'એવો છે એકાન્તવાદી. તેના પ્રતિ સ્યાદ્વાદી પ્રતિબોધે છે...'** લ્યો! એને અનેકાન્તવાદી કહે છે કે, તું કહે છે એમ નથી.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૩, શનિવાર તા.૨૫.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૬૦, ૨૬૧ પ્રવચન - ૨૮૦**

'સ્યાદ્વાદ અધિકાર' કળશ ૧૪ મો ચાલે છે. અહીંયાં સુધી આવ્યું છે, જુઓ! પાંચમી લીટી છે. **'એવો છે એકાન્તવાદી તેના પ્રતિ સ્યાદ્વાદી પ્રતિબોધે છે...'** કેવો છે એકાન્તવાદી? શું કહ્યું કાલે? કે, આ આત્મા છે એ દ્રવ્ય તરીકે ધ્રુવ છે પણ પર્યાય તરીકે ઉત્પાદ-વ્યય એમાં થાય છે. નવી અવસ્થા ઊપજે, જુની અવસ્થા વ્યય થાય એ એનું પોતાનું પર્યાયનું સ્વરૂપ જ છે. એને અજ્ઞાની નથી માનતો. સમજાણું? એટલે કે એ પર્યાય એટલો જ આત્મા છે એમ માને છે. એ પર્યાયના ઉત્પાદમાં-ભંગમાં સમયની પ્રતીતમાં પોતે નાશ થઈ ગયો. અજ્ઞાની એમાં જ આખા દ્રવ્યનો નાશ માને છે.

**'ઉત્પાદ-વિનાશથી સંયુક્ત પ્રવાહરૂપ જ્ઞાનગુણના...'** અંશોનું અવસ્થા ભેદથી જાણપણું છે એને એ માનતો નથી. એટલે કે એમાં એટલામાં જ આખો આત્મા છે એમ માને છે. મારો એટલો પર્યાય છે. હું દ્રવ્ય ત્રિકાળ ભિન્ન છું એમ ન માનતા દ્રવ્યને જ એટલામાં સમાડી દીધું, વિશેષમાં દ્રવ્યને સામાન્ય કરી નાખ્યું. અજ્ઞાનીને એક સમયની અવસ્થામાં આખું દ્રવ્ય સમાય જાય છે. એવો છે એકાન્તવાદી એને સ્યાદ્વાદી પ્રતિબોધે છે.

**'તુ સ્યાદ્વાદી જીવતિ' 'જેમ એકાન્તવાદી કહે છે...'** એ પ્રકારે વસ્તુનું સ્વરૂપ નથી. એક સમયની પર્યાય જેટલું સ્વરૂપ નથી. એ તો ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ત્રિકાળ છે. એક સમયનો પર્યાય નાશ થતાં કાંઈ વસ્તુ નાશ થતી નથી. પર્યાયથી અવસ્થા બદલી છે, વસ્તુ તો એવી ને એવી ધ્રુવ અનંત અનાદિઅનંત ધ્રુવ છે. જુઓ! આ એક એક આત્માની વાત ચાલે છે, હોં! જગતના બધા પદાર્થો એ રીતે છે પણ અહીંયાં તો આત્માની વાત છે.

**'વસ્તુને સાધવા સમર્થ છે.'** **'જીવતિ'**ની વ્યાખ્યા કરી. ધર્મી જીવ પોતાની વર્તમાન અવસ્થામાં બદલવું, ઊપજવું થવા છતાં વસ્તુ ત્રિકાળ દ્રવ્ય વસ્તુ એ દ્રવ્યથી ત્રિકાળ છે એમ પોતાની વસ્તુને શ્રદ્ધા, જ્ઞાન દ્વારા પૂર્ણ દ્રવ્ય છે એમ સાધી શકે છે. સમજાણું કાંઈ? અજ્ઞાની એક સમય પૂરતો પર્યાય માનીને વસ્તુના સ્વરૂપનો અનુભવ ને આનંદ લઈ શકતો નથી. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :–

ઉત્તર :– આ સાંભળવા, સમજવાની ક્રિયા નહિ? એ સાંભળવું શું કરવું? સમજવાની ક્રિયા એક સમયની અવસ્થા છે એટલો હું નથી, હું ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ દ્રવ્ય સ્વભાવ છું. એવો અંતર્મુખ થઈને નિર્ણય શ્રદ્ધા, જ્ઞાનનો નિર્ણય કરી અનુભવ કરવો એ એની ધર્મીની ક્રિયા છે. 'જુગરાજજી'! બીજા વતી ઇ પૂછે છે. અમારે દલાલ છે, દલાલ. કહો, સમજાણું? આમાં ક્રિયા શું પણ આવું સાંભળી સાંભળીને? પણ અમસ્તો પણ ક્રિયા કરે છે શું એ? એ શું કરે છે? રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ અને પૂર્ણ સ્વરૂપ હું નથી એવું અજ્ઞાન. સમજાય છે કાંઈ? ઇ કરે છે શું? ધંધા-બંધાની ક્રિયા એ કરતો નથી, વ્યવસ્થા કરતો નથી એ તો વાત ચાલે છે અહીંયાં. સવારે ઘણું ચાલ્યું.

જગતના બધા પદાર્થો આ આત્માને માટે જ્ઞેય નામ જાણવા લાયક છે. એને આત્મા એનું કાંઈ કરે કે એનાથી આત્મામાં કાંઈ થાય એવું વસ્તુની સ્થિતિમાં છે નહિ. હવે એ શું કરે છે અનાદિથી? આ પર મારા, હું એનો, એક સમયની અવસ્થામાં જે રાગાદિ થાય એ પણ મારા, હું એનો અને પૂર્ણાનંદ સ્વભાવ ધ્રુવ છે તેને એ માનતો નથી. એવી શ્રદ્ધામાં રાગ-દ્વેષ ને વિકારને કરે ને વિકારને ભોગવે. એ અનાદિથી એક પ્રકારનું જ કરી રહ્યો છે. આ ક્રિયા કરી રહ્યો છે. બરાબર છે? શું કર્યું તમે અત્યાર સુધી?

ચિદાનંદ આત્મા એક સમયમાં પૂર્ણાનંદની મૂર્તિ છે અને એક સમયની પર્યાયમાં એનો અનુભવ થઈ શકે છે. એમ ન માનતા એણે પરવસ્તુ મારી, હું એનો અને આત્માની પર્યાયમાં પુણ્ય ને પાપના વિકાર થાય એ પણ મારી ત્રિકાળી ચીજ છે, મારું સ્વરૂપ છે એમ ભ્રાન્તિ કરીને રાગ-દ્વેષ કર્યા છે અને ભ્રમણા કરીને હરખ ને શોકને એણે ભોગવ્યા છે. આ સિવાય એક તણખલું પણ અનંત કાળમાં તોડી શક્યો નથી. કહો, બરાબર હશે આ? આ બધા ધંધા ઉથલ-પાથલ કરે છે ને બધા? લોઢાના... એ... 'કાળીદાસભાઈ'! ઇ લોઢાના ધંધા કરે છે. આ 'મણિભાઈ' મોટરના કરતા. સમજાણું કાંઈ? એ..ઇ.. 'જેચંદભાઈ'! આ 'જેચંદભાઈ' એ પરની મોટરું ચલાવતા ને ફલાણા 'અમેરીકા'માં ગયા ને ઢીંકણામાં ગયા એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળય દોડાવી નથી. અહીં તો કહે છે કે, મૂઢે માન્યું હતું. એની માન્યતામાં એમ માન્યું હતું કે, આ પરદ્રવ્યની ક્રિયાની પર્યાય મારાથી ચાલે છે. મારું જ્ઞેય છે એમ

ન માનતા મારાથી ચાલે છે, હું એનો સ્વામી છું, એ મારે સ્વાધીનપણે કામ એમાં થઈ રહ્યા છે એમ અજ્ઞાની પોતાની દશામાં મિથ્યાશ્રદ્ધાથી માનતો હતો. અને તેથી તેને અનુકૂળ લાગે ત્યાં રાગ ને પ્રતિકૂળ લાગે ત્યાં દ્વેષ કરતો હતો. બસ! આ સિવાય એણે કોઈ દિ' નિગોદથી માંડીને એકેન્દ્રિયના જીવમાંથી માંડીને મોટો બાદશાહ થયો કે નવમી ગ્રૈવેયકનો દેવ થયો આટલું એણે કર્યું હતું. એ સિવાય કાંઈ એક ફોદડી ફેરવી શક્યો નથી. આહાહા..! અને અનુભવ્યું હોય, ભોગવ્યું હોય તો પણ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક (સુધી) હરખ ને શોક ને રાગ ને દ્વેષનો અનુભવ કર્યો છે. આ સિવાય એણે કોઈ એક રજકણને, સ્ત્રી કે પૈસાને ભોગવ્યા હોય એ ત્રણકાળમાં બનતું નથી. કહો, 'મલૂકચંદભાઈ'!

મુમુક્ષુ :– ભોગવવું કે નહિ?

ઉત્તર :– ભોગવી શકતો નથી પછી ભોગવવું? આકાશના ફૂલ તોડવા કે નહિ હળવે હળવે? પણ આકાશને ફૂલ જ ન હોય. એમ હવે ભોગવવું કે નહિ? પણ ભોગવી શકતો જ નથી. ભોગવવામાં એની પર્યાયમાં રાગ અને દ્વેષ, હરખ ને શોક, પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન એવા જે ભાવ થાય તેને હરખ-શોકથી ભોગવે. બસ! એ સિવાય કાંઈ ભોગવી શકે ત્રણકાળ, ત્રણલોકમાં (એમ છે નહિ). એક મોસંબીના બિંદુનો સ્વાદ લઈ શકે (એમ) ત્રણકાળમાં (છે) નહિ. ત્રણકાળમાં વર્તમાન આવી ગયું હશે કે નહિ? એ..ઇ...! 'રતિભાઈ'! તૃષા લાગે ને? ત્યારે મોસંબીના પાણીને પણ આત્મા ભોગવે (એમ) ત્રણકાળમાં નહિ. તૃષા લાગી (અને) આને–આ પર્યાયને પણ ભોગવે એમ પણ નહિ. એ તો જડની પર્યાય છે. એમાં એને થતો હરખ, જે આમ મોસંબીનું (પાણી પીતા) હરખ (થાય એ) હરખને ભોગવે. અને કાં કાંઈ કઠણ કાંકરો ને કાં પ્રતિકૂળ ઊનું પાણી આવ્યું તો શોકને, ખેદને (ભોગવ્યો). બસ! રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ, હરખ ને શોક સિવાય એણે કોઈ દિ' (કાંઈ) કર્યું ને ભોગવ્યું નથી. સાચું હશે આ? હવે તમે બધા ઉથલ-પાથલ કરનારા છો. મોટા વેપારના ઉથલ-પાથલ કરનારા હતા. તમે તો નાની ઉંમરમાંથી ત્રીસ વર્ષમાંથી મોટા હોશિયાર કહેવાતા. 'નેમિદાસ ખુશાલદાસ.. નેમિદાસ ખુશાલદાસ..' આ..હા..! એને તો નિશાળથી જોઈએ છીએ, લ્યો! ૭૬. કેટલા વર્ષ થયા? ૪૬. કહો, સમજાણું કાંઈ? ઇ કીધું હતું.

એ વાત ખાનગી થઈ હતી, ઇ ખાનગી વાત છે કે, કાં આપો બ્રહ્મચર્ય ને કાં સાધુપણું આપો, દીક્ષા આપો. નહિતર હું બ્રહ્મચર્ય નહિ લઉં. કીધું, આપણે દીક્ષા નથી દેવાના. એ વાત થઈ ગઈ. દીક્ષા નથી દેતા. દીક્ષામાં માનતા નથી. એને શી રીતે કહેવું? સાધુ થાઉં કાં પૈસાવાળો થાઉં. બેમાંથી એક થાઉં. કહો, સમજાણું કાંઈ? પણ શું કર્યું એણે પછી પણ? પછી પણ રાગ ને દ્વેષ, પહેલા પણ રાગ ને દ્વેષ. કહો, શું કર્યું પણ? એકેન્દ્રિયથી માંડીને બાદશાહ થયો, કંથવાથી માંડીને કુંજર–હાથી થયો અને નરકના નિગોદના જીવથી માંડીને અહીં સર્વાર્થસિદ્ધિનો દેવ થયો. કહો! એ તો સમકિતી છે પણ એણે શું કર્યું? સમજાણું

કાંઈ? એ રાગ ને દ્વેષ. સમકિતી હશે તો આનંદને ભોગવે છે. બાકી એ સિવાય કાંઈ બીજી ન્યાંની સાહ્યબીને ભોગવે એ અજ્ઞાની ને જ્ઞાની કોઈને હોતું નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, અજ્ઞાની પોતાના તત્ત્વની ત્રિકાળ વસ્તુની શ્રદ્ધા નહિ કરતો એક સમયની પોતાની અવસ્થામાં આખું તત્ત્વ સમાય જાય અને એની પર્યાય જતા આખું તત્ત્વ એની સંગતિમાં પડેલી શ્રદ્ધા આખા તત્ત્વનો નાશ કરી નાખે છે. શ્રદ્ધામાં. વસ્તુમાં ક્યાં થાય છે? શ્રદ્ધામાં એમ માને છે કે, હું ત્રિકાળ તત્ત્વ નથી. એક સમય પૂરતો રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને અવસ્થા પૂરતો હું આત્મા છું. એમ કરીને ત્રિકાળ વસ્તુને શ્રદ્ધાથી સાધી શકતો નથી, એ મિથ્યાત્વને સાધીને પરિભ્રમણ કરે છે.

**'અનેકાન્તવાદી વસ્તુને સાધવા સમર્થ છે. કેવો છે સ્યાદ્વાદી?'** **'चिद्वस्तु नित्योदितं परिमृशन्'** જુઓ! **'જ્ઞાનમાત્ર જીવવસ્તુને...'** હું તો જ્ઞાન ચૈતન્ય ધ્રુવ નિત્ય છું, મારો સ્વભાવ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પ્રકાશ ચૈતન્યમૂર્તિ. ધર્મી શું સાધે છે? ધર્મી શું કરે છે? અજ્ઞાની શું કરે છે (એ પહેલા કીધું) હવે ધર્મી શું કરે છે (એ કહે છે). હું **'चिद्वस्तु नित्योदितं'** **'જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા...'** **'नित्योदितं'** **'સર્વકાળ શાશ્વત,...'** છે. વસ્તુ સત્‌રૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ ત્રિકાળ શાશ્વત છે, ત્રિકાળ ધ્રુવ છે, ત્રિકાળ નિત્ય છે. એવો ને એવો ધ્રુવ ભગવાન સનાતન સત્ય ધ્રુવરૂપે બિરાજે છે. એમ ધર્મી... સમજાય છે કાંઈ? પોતાની વર્તમાન દશામાં ત્રિકાળ દ્રવ્યને સિદ્ધ–નક્કી કરતો પોતાની પર્યાયમાં આનંદને અનુભવે છે. સમજાણું કાંઈ? અજ્ઞાની શું કરતો? એક સમયની પર્યાયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ કરીને એટલો છું એમ માની અને મિથ્યાત્વ ને રાગ-દ્વેષને અનુભવતો. વસ્તુના સ્વરૂપને સાધી શકતો નહોતો. સમજાણું કાંઈ? દૃષ્ટિ ત્યાં એક સમયની દશા ઉપર. ન્યાં રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ માને. પછી માને ભલે કે, આનું કર્યું ને આ મૂક્યું. પણ એ ભાવ, એ ભાવ. એ ભાવને કરતો અને એટલો જ આત્મા માનતો. ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ ભગવાનઆત્મા છું એ વસ્તુની દૃષ્ટિ કરતો નહોતો.

ધર્મી જીવ, ધર્મી એમ વસ્તુને સિદ્ધ ને સાધી શકે છે. હું તો નિત્ય આનંદકંદ જ્ઞાયક છું, જ્ઞાન ધ્રુવ વસ્તુ છું. એક સમયની અવસ્થામાં પલટવું થવા છતાં વસ્તુ તરીકે જ્ઞાનમૂર્તિ ચૈતન્યસૂર્ય ધ્રુવ, ધ્રુવ છે, નિત્ય છે, કાયમ ટકતું તત્ત્વ છે. એમ **'સર્વકાળ શાશ્વત એવી,...'** **'परिमृशन्'** **'परिमृशन्'**. ત્રિકાળ ધ્રુવ છું એમ વર્તમાન પર્યાયમાં ત્રિકાળ ધ્રુવ છું તેને અનુભવે, વેદે છે. **'परिमृशन्'** સમસ્ત પ્રકારે અનુભવે છે. **'परि'** નો અર્થ સમસ્ત ન કરતાં પ્રત્યક્ષ કર્યો. ખુબી તો જુઓ એની! સમજાણું કાંઈ? **'परिमृशन्'** ભારે પણ, શબ્દ પણ. **'परि'** એટલે પ્રત્યક્ષ અને **'मृशन्'** એટલે આસ્વાદનો અનુભવ. ભાષા જુઓ! ભાષા. શું કહે છે?

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં એની વર્તમાન અવસ્થા ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય (થાય છે). નવી અવસ્થા બદલે, જુની જાય. પરની સાથે કાંઈ સંબંધ

નથી. શરીર, વાણી, મન બધા જડ પરપદાર્થ પર છે. એની દશામાં અવસ્થા બદલાય. પૂર્વની જાય એટલો આત્મા છું એમ ધર્મી ન માનતા ત્રિકાળ જ્ઞાનમૂર્તિ આત્મા છું, ધ્રુવ છું, સચ્ચિદાનંદ સત્ ચિદાનંદ સ્વરૂપ છું. એમ વસ્તુને **'परिमृशन्'**. સમજાણું કાંઈ? **'परि'** નામ સમસ્ત પ્રકારે એટલે કે પ્રત્યક્ષપણે. એ જ્ઞાનમૂર્તિ ધ્રુવ છું એમ જ્ઞાનને પ્રત્યક્ષપણે વેદીને, જાણીને આસ્વાદ એટલે **'मृशन्'** એનો આનંદનો અનુભવ લે છે. ભાષા જુઓ એની! શું કીધું? સમજાય છે કાંઈ?

**'चिद्वस्तु नित्योदितं परिमृशन्'** આટલા શબ્દમાં આખું નાખી દીધું. ધર્મી જીવ, સમ્યગ્દષ્ટિ જીવ એટલે કે સત્યને સાધનારો જીવ એમ સાધે છે કે, હું એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં ધ્રુવ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું. એ જ્ઞાનમૂર્તિને **'परि'** નામ પ્રત્યક્ષપણે, સમસ્તપણેનો અર્થ કે રાગ ને વિકલ્પના આશ્રય વિના આખી ચીજ છે એને આશ્રયે પૃથક જ્ઞાનથી **'मृशन्'** નામ આત્મા આનંદ છે એમ એને વેદે ને અનુભવે છે. સમજાણું કાંઈ? ઓ..હો..! ભારે અનેકાન્તની વ્યાખ્યા. એમાં બેય બોલ આવી ગયા. શું કીધું? ત્રણેય આવ્યા. શું ત્રણ આવ્યા?

એ જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વકાળે ધ્રુવ એક **'नित्योदितं'** નિત્ય ઉદય એટલે કાયમ એમ ને એમ છે. (એ એક થયું). **'परि'** એટલે જ્ઞાનને પ્રત્યક્ષપણે આવ્યું એમાં **'परि'** આવ્યું. વસ્તુને પ્રત્યક્ષપણે રાગ ને વિકલ્પની અપેક્ષા વિના જ્ઞાનને જ્ઞાનથી જાણીને **'मृशन्'** તે આનંદનો સ્વાદ લે છે. જ્ઞાન ને આનંદ બેય આવી ગયા. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

એક સમયમાં નિત્ય વસ્તુ પ્રભુ છે. પર્યાય ભલે એક સમયની હો. વસ્તુ અનાદિ અનંત છે. અકૃત્રિમ અણકરાયેલું ધ્રુવ તત્ત્વ છે. એવો ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપે ધ્રુવ છે એને ધર્મી જીવ ધર્મ કરે છે એટલે? ધર્મ કરવો એટલે? કે, જે વસ્તુ ત્રિકાળ જ્ઞાન છે એની ઉપર દૃષ્ટિ કરીને, જ્ઞાન દ્વારા જ્ઞાનની દૃષ્ટિ કરીને જ્ઞાનની સાથે જે આનંદ છે એને વેદે છે એનું નામ ધર્મી ધર્મ કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું આમાં? એક શબ્દમાં તો કેટલું મૂકી દીધું છે.

ભગવાન જ્ઞાન પ્રભુ નિત્ય (છે) એ જાણે છે પર્યાયથી એટલે પર્યાય પણ લઈ લીધી. જ્ઞાન ધ્રુવ છે એમ લીધું અને એ ધ્રુવને પ્રત્યક્ષ **'परि'** એટલે જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષથી. કારણ કે પૂર્ણ વસ્તુ છે એ આખી વસ્તુ છે એટલે એને વેદવાનું જ્ઞાન પણ પ્રત્યક્ષ પરના આશ્રય વિનાનું છે અને એની સાથે **'मृशन्'** એ જ્ઞાનનો અનુભવ કરે છે. જ્ઞાનનો અનુભવ એટલે આનંદને વેદે છે, આનંદને આસ્વાદે છે. કહો 'રતિભાઈ'! ધર્મ ભારે, ભાઈ! સમજાણું? આ શું કીધું?

મુમુક્ષુ :– ક્રિયા ક્યાં આવી?

ઉત્તર :– આ ક્રિયા આવી. શું (આવી)? આહાહા..! ચિદ્વસ્તુ નિત્ય ઉદય એટલે કાયમ એમ ને એમ રહેનારો. નિત્ય કહીને ન્યાં કાળ નાખ્યો. નિત્ય સર્વકાળ એમ ને એમ રહેનારો

ભગવાન જ્ઞાનમૂર્તિ ધ્રુવ ચૈતન્યમૂર્તિ. એની એક સમયની અવસ્થા તે ધ્રુવને અવલંબતી જ્ઞાનની પર્યાયને પ્રત્યક્ષ વડે એને જાણતું અને પ્રત્યક્ષ કાળમાં જ્ઞાન પ્રત્યક્ષ થયું એટલે આનંદનું વેદન પણ સાથે થયું. એમ પ્રત્યક્ષ જ્ઞાનને અંદરમાં આનંદનું વેદવું (થયું) એણે ધ્રુવને માન્યું, એ વસ્તુને, ધ્રુવને સાધી શક્યો. પર્યાયમાં નિર્મળતાને, આનંદને વેદતા અને ધર્મની દશા તેને પર્યાયમાં પ્રગટી. સમજાણું કાંઈ? 'કનુભાઈ'! આ ધર્મ, જુઓ! આવો છે ધર્મ. લોજીક બહુ આકરું આ છે. એ... 'પ્રેમચંદભાઈ'! મહેનત કરે છે, કાંઈક મહેનત કરે છે. આ બધા ધર્મ બાહ્યથી મનાવ્યા. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણઇન્દ્રિયા જીવયા વહુરિયા તસ્સ મિચ્છામી દુક્કડમ્. ધૂળમાંય નથી, સાંભળને! એ જીવ તો જ્ઞાનમાં જાણવા લાયક વસ્તુ છે. સમજાય છે કાંઈ?

વસ્તુ આત્મા એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં ધ્રુવ અને એક સમયની દશા–આ બે થઈને આખું તત્ત્વ (છે). હવે બે થઈને આખું તત્ત્વમાં અજ્ઞાની એક જ સમયની પર્યાયનું તત્ત્વ માનનાર ધ્રુવને અવલંબ્યા વિના એને ધ્રુવની પ્રતીતિ વિના એને આનંદ ને શ્રદ્ધા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એટલે આનંદને... સમજાણું? આનંદનો અનુભવ ને ધ્રુવની શ્રદ્ધા વિના આનંદ ન હોય ત્યારે હોય શું? એક સમયની દશાને આત્મા માનનાર(ને) હોય શું? દુઃખ ને રાગ-દ્વેષ હોય. આ એની સામે નાખ્યું. શું કીધું સમજાણું આમાં? અનિત્યપણાને એકલાને માનનારો આત્મા અનિત્યપણા એવા રાગ-દ્વેષ અને દુઃખને વેદે અને દુઃખને જ પોતાનું સ્વરૂપ માને છે. સમજાણું કાંઈ?

એક સમયની દશા એટલો હું એમ માનનાર ધ્રુવને નહિ માનનારો ધ્રુવનું પૂર્ણ જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે એનો નહિ સ્વીકારનાર ધ્રુવના પૂર્ણ જ્ઞાન ને આનંદનો અનાદર કરતાં એક સમયની પર્યાયવાળો માનનાર આનંદથી ઊલટી દશા દુઃખ અને પૂર્ણ જ્ઞાનનો અભાવ એનું નામ અંદર અજ્ઞાન એટલે ફક્ત પરને જાણવાનો ભાવ એટલાને વેદે એ દુઃખને અને રાગ-દ્વેષને વેદે છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવ, એ ધર્મી એવી જે ત્રિકાળ વસ્તુ, જ્ઞાનપ્રકાશ સૂર્ય ધ્રુવ. બસ! અહીં તો જ્ઞાનની ચિદ્ વસ્તુ લીધી. પછી વેદનમાં આનંદ ભેગો નાખ્યો પણ એમાં આનંદ ભેગો ધ્રુવમાં છે. જેવું જ્ઞાન ધ્રુવ ત્રિકાળ આત્મા છે એવો આનંદ પણ ત્રિકાળ, ત્રિકાળ છે. પણ જ્ઞાન પ્રધાનથી આત્માને ધ્રુવ નિત્યોદય શાશ્વત વર્ણવ્યો. એને જેણે સાધ્યો પર્યાયમાં, પર્યાય પૂરતું લક્ષ નહિ, પર્યાયમાં પર્યાય પૂરતું લક્ષ નહિ. પર્યાય પૂરતું લક્ષ નહિ એટલે પરનું લક્ષ નહિ. પર્યાય પૂરતું લક્ષ છોડી દઈને ત્રિકાળ ધ્રુવ ઉપર લક્ષ ને દૃષ્ટિ આપતા જે જ્ઞાનનું પર ઉપર જે લક્ષ હતું ત્યાં એકલું જ્ઞાન પરોક્ષ કામ કરતું અને રાગ ને દ્વેષ ને દુઃખને વેદતું. એ જ્ઞાયકમૂર્તિ ધ્રુવને લક્ષમાં લેતા એ જ્ઞાનનો પર્યાય પ્રત્યક્ષ થયો અને આનંદનું વેદન સાથે થયું એનું નામ '**परिमृशन्**'. ભગવાનઆત્માને જ્ઞાન દ્વારા અનુભવ્યો એનું નામ નિત્ય વસ્તુને

સાધી, નિત્ય વસ્તુનું સાધન કર્યું. એનું નામ ધર્મ ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવાય છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? હવે આવું પકડાય શી રીતે? વાણિયાને વેપાર (આડે નવરાશ નહિ). આ કાપડના પોટલા ઊંચા-નીચા કરતા હતા એમાં આ વાત શું કહે છે? હજી તો કહે છે એ પકડાય નહિ. સમજાણું? અને અમારી ભૂલ કઈ છે એ ભૂલ પણ પકડાય નહિ. કહો, 'રતિભાઈ'!

ભૂલમાં તારી ભૂલ એટલી કે, ત્રિકાળી ધ્રુવને ન માનતા એક સમયની અવસ્થાને માનતા એ અવસ્થાનું લક્ષ પરમાં જાય એટલે પોતાને પરરૂપે માન્યો. અથવા એક અંશને આખો માન્યો એટલે પરને પોતાનો માન્યો. પરને પોતાનો માન્યો એટલે મિથ્યાત્વ ને રાગ-દ્વેષનો લાભ થયો. અસત્ય બુદ્ધિ અને રાગ-દ્વેષનો લાભ થયો. આ એનું એને વેદન અનાદિથી ચાલ્યું આવે છે. પણ એક સમયમાં ભગવાનઆત્મા નિત્યાનંદ નિત્ય વસ્તુ છે. સત્... સત્... સત્... સત્... સત્... ચિદાનંદ. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો કંદ છે. એમ ધ્રુવ વસ્તુ છે એમ વર્તમાન દશાને એટલો ન માનતા એ દશાનું લક્ષ ગયું ધ્રુવ ઉપર. ત્રિકાળ ધ્રુવ છું એમ આત્માના ધ્રુવપણાને જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવતો એના આનંદને વેદે છે. એણે વસ્તુને સાધી અને વર્તમાન અવસ્થામાં વેદન છે એ અવસ્થાને પણ માની. સમજાણું કાંઈ? જુઓ! આમાં રાગ-દ્વેષ, બાગ-દ્વેષની કાંઈ વાત નથી. પર્યાયમાં રાગ-દ્વેષનો અનુભવ કે રાગ-દ્વેષ જ્ઞાનીને છે નહિ, એનું વેદન-બેદન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આમ વસ્તુ શુદ્ધ દ્રવ્ય (છે) એનું અંદર ધ્યેય કરીને પ્રતીત કરતા પર્યાયમાં એ જ્ઞાનનું પ્રત્યક્ષપણું થયું અને આનંદની શક્તિમાંથી વ્યક્તની દશા પ્રગટ થઈ. બસ! એણે આત્માને સાધ્યો. રાગ-બાગ એક કોર રહી ગયો તે જ્ઞાનનું જ્ઞેય રહી ગયું. સમજાણું કાંઈ? ઓહોહો..! કોઈ પણ બોલ ઉપાડો, વીતરાગના તત્ત્વનો કોઈ પણ બોલ ઉપાડો વસ્તુની વાસ્તવિક સિદ્ધિ સિદ્ધ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

પર્યાયમાં પ્રત્યક્ષ જ્ઞાન અને આનંદ. વસ્તુ ત્રિકાળી ધ્રુવ. **'કેવા રૂપે?'** કેવી રીતે વેદે છે? **'चिदात्मना'** **'જ્ઞાનસ્વરૂપ છે જીવવસ્તુ તે-રૂપે.'** ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ ધ્રુવ છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ..., નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... છે એમ એ સાધે છે. **'વળી કેવો છે સ્યાદ્વાદી?'** **'टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन्'** ઓ..હો..! **'સર્વ કાળ એકરૂપ એવા...'** **'टङ्कोत्कीर्ण'** નો અર્થ કર્યો. **'સર્વ કાળ એકરૂપ...'** વસ્તુ, વસ્તુ. ધ્રુવ લેવી છે ને અહીંયાં? નિત્ય વસ્તુ લેવી છે ને આત્મા? નિત્ય–સર્વ કાળ એકરૂપ વસ્તુ. પર્યાયમાં અનેકપણું થાય છે. ધ્રુવ એકરૂપ વસ્તુ **'એવા...'** **'ઘનસ્વભાવ'** **'અમિટ (-અટળ) લક્ષણ વડે છે...'** **'ઘનસ્વભાવ'** એટલે **'સર્વ કાળ એકરૂપ અમિટ (-અટળ) લક્ષણ...'** ન મટે એવું એનું નિત્ય ધ્રુવ લક્ષણ છે. સમજાણું કાંઈ? આહા..! ભગવાનઆત્મા ધ્રુવ સત્ ચિદ્‌નો ઘન (છે). કહે છે, **'ઘનસ્વભાવ'**, **'ઘનસ્વભાવ'**ની વ્યાખ્યા આ–અમિટ લક્ષણ, એમ. આ **'ઘનસ્વભાવ'**ની વ્યાખ્યા. અમિટ એટલે

એ સ્વભાવ કોઈ દિ’ મટે નહિ. એવો એનો સ્વભાવ એટલે એવું એનું લક્ષણ, એમ. આહાહા! ભાષા પણ જોઈ!

ટંકોત્કીર્ણ ઘનસ્વભાવ. ભગવાનઆત્મા એક સમયમાં સર્વ કાળે એકરૂપ વસ્તુ એવી ને એવી ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... **‘ઘનસ્વભાવ’** એટલે ઘન–ન મટે એવી વસ્તુ. એવો સ્વભાવ એટલે લક્ષણ. આ ધર્મ કીધો હશે? સાચી વાત, ભાઈ! ‘બનારસીદાસ’. ‘પાંડે રાજમલ જૈન ધર્મી, સમયસાર નાટક કે મર્મી’ જે જ્યાં જોઈએ ત્યાં તેને તે લક્ષણ બતાવ્યું. નહિતર ઘન સ્વભાવ છે પૂર્ણ સ્વભાવ છે. ઘન–ન મટે એવું ત્રિકાળી સ્વરૂપ ધ્રુવ. સ્વભાવ એ જ એનું ધ્રુવ, એનું સ્વરૂપ તે એનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

**‘महिम’** ‘પ્રસિદ્ધિ જેની.’ સમજાણું કાંઈ? ભગવાન નિત્ય ધ્રુવ. ધર્મી નિત્ય ધ્રુવની દૃષ્ટિ કરતો ઘન અમિટ જેનો નિત્યપણાનો સ્વભાવ છે એની–વસ્તુની જેની મહિમા છે એવી જીવવસ્તુ. જુઓ! એવી જીવવસ્તુ. અહીં સુધી વસ્તુની વ્યાખ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવી જીવવસ્તુ? **‘સર્વ કાળ એકરૂપ...’** અમિટ લક્ષણ એટલે ઘનસ્વભાવ એટલે એ છે એવો એનું લક્ષણ ન મટે એવું અને ત્રિકાળ જેની પ્રસિદ્ધિ છે. એ ઘન અમિટ લક્ષણ, એનાથી જેની પ્રસિદ્ધિ છે એવી જીવવસ્તુ, ધ્રુવવસ્તુ, કેટલા વિશેષણ? શું કહેતા હતા ને સવારમાં કાંઈક? વિશેષણ નહોતા કહેતા? આહાહા..! એવી જીવવસ્તુ આ ધ્રુવ. નિત્યનો બોલ છે ને આ? નિત્યનો બોલ છે ને? આવી જીવવસ્તુ.

**‘પોતે અનુભવતો થકો.’** એ પર્યાય, એ પર્યાય થઈ. આવી વસ્તુને જ્ઞાની તેના ઉપર દૃષ્ટિ પડતી એ પોતે તે ચીજને પર્યાયમાં અનુભવે છે. સમજાય છે કાંઈ? અહીં તો જીવવસ્તુને અનુભવે છે એમ કીધું. પણ એનો અર્થ કે એવી ધ્રુવ વસ્તુ છે એને અનુભવે છે. પર્યાયનો અનુભવ એકલો ને આ રહી વસ્તુ એમ અનુભવે છે. પર્યાયમાં એમ જાણી, માનીને વેદે છે. એ જીવવસ્તુને જ અનુભવી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– બધું એક જ. આ સવારે આત્મા કહ્યો હતો ને આ આત્મા એક હશે ને? (એમ કહે છે). કે ફેર હશે? ‘મલૂકચંદભાઈ’! સવારે આત્મા કીધો હતો ને આ આત્મા બીજો હશે કે એક હશે? સવારે જે કહ્યો હતો આત્મા એ દ્રવ્યાર્થિકનયે ત્રિકાળ જ્ઞાન ને આનંદનું રૂપ જેનું, એ રૂપ પરિણમન જેનું થાય એવું, એ વસ્તુ જ્ઞાન ને આનંદ પૂર્ણ છે, એનું પૂર્ણ આનંદરૂપે પરિણમન થવું, વીતરાગ ભાવરૂપે થવું એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અત્યારે પણ એમ કહ્યું કે, નિત્ય માનનારો, વસ્તુને નિત્ય માનનારો. માનવું એ પર્યાય છે, જાણવું એ પર્યાય છે, અનુભવવું એ પર્યાય છે પણ એ અનુભવે છે કોના લક્ષે? નિત્ય ધ્રુવ વસ્તુ વીતરાગ આનંદથી ભરેલો પદાર્થ તેની દૃષ્ટિમાં જ્ઞાનની પ્રત્યક્ષતા અમિટ સ્વભાવવાળું

જે લક્ષણ જીવ વસ્તુ, એને પર્યાય 'આ આત્મા' એમ અનુભવે છે. એટલે અનુભવ નામ વીતરાગી પર્યાય થઈ. એ આત્માનો અનુભવ દ્રવ્યાર્થિકનયે આ અનુભવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વળી કેવો છે સ્યાદ્વાદી...'** એટલે કે કેવો છે અનેકાન્તવાદી? અથવા કેવો છે સર્વાંગવાદી? સર્વાંગવાદી, સર્વ અંગોને માનનાર. અનેકાન્ત એટલે સર્વાંગ. એકાન્ત એટલે એક પક્ષને માનનાર. સમજાણું કાંઈ? શું વળી સમજાણું આમાં? વળી સર્વાંગે શું કીધું? આખું દ્રવ્ય દ્રવ્યરૂપે છે ને સમયની પર્યાયરૂપે સર્વાંગી માનનારો છે. એક જ પર્યાયને સર્વાંગ ને સર્વાંગ માનનારો નથી. એક જ પર્યાય સર્વાંગ આખું સ્વરૂપ નથી. એક અંશ જે અસર્વાંગ છે એ પૂર્ણ સર્વાંગ નથી. એને આખું સર્વાંગપણે માનનારો તે મિથ્યાદૃષ્ટિ એકાન્તી કહેવામાં આવે છે. સર્વાંગીને સર્વાંગપણે પૂર્ણ ધ્રુવ અને તેની પર્યાયનો અનુભવમાં માનનારો સર્વાંગી તેને અનેકાન્તવાદી તેને સમ્યગ્દૃષ્ટિ સ્યાદ્વાદી કહેવામાં આવે છે. આહા..! કહો, 'કનુભાઈ'! તમારે કાયદા-બાયદામાં આવું કાંઈ નહિ આવતું હોય. છે આ? .... ભારે વાત, ભાઈ! એના શબ્દના અર્થમાં જ એક તો ખુમારી ચડી જાય એવું છે. એવા જે એણે અર્થ કર્યા છે, હોં! એ નિત્યનો બોલ થયો, ઠીક! સમજાણું કાંઈ?

હવે ચૌદમો છેલ્લો એક અનિત્યનો (બોલ) રહ્યો. હવે અનિત્યને સિદ્ધ કરવું છે, હોં! પર્યાયમાં અનિત્યતા છે એને સિદ્ધ કરવું છે. ધ્રુવરૂપે જ્ઞાયક વસ્તુ હોવા છતાં સમય સમયનો પરને જાણવા સંબંધીની પર્યાય, જ્ઞાયકની પર્યાય–અવસ્થા છે. એ અવસ્થા જાણવાની પર્યાય પરની છે એમ નહિ. ભલે પરને જાણવાનું કામ કરે પર્યાય, પણ એ પર્યાય પરની જ છે અને પરથી થયેલી છે એમ નથી. એક સમયનો પર્યાય ધ્રુવ વસ્તુ હોવા છતાં એક સમયનો (પર્યાય છે ખરો). ધ્રુવ છે એ તો સ્વ થયું. સમજાય છે કાંઈ? એ સ્વને જાણવાનો પર્યાય થયો. હવે એક સમયની પર્યાયમાં સ્વને જાણવારૂપી પર્યાય નવી નવી થાય છે અને એ કાળે પરને જાણવાને માટે પણ પર્યાય સ્વ-પરપ્રકાશક નવી નવી હોય છે. એ સ્વ-પરપ્રકાશની પર્યાય છે એક સમયની, છતાં એ વસ્તુના અંશમાં છે, પરમાં છે ને પરને લઈને છે એમ નથી. સમજાણું કાંઈ? ઇ કહેશે, હોં! આ તો જરી ઉપોદ્ઘાત કર્યો. **'શાર્દૂલવિક્રીડિત'** પેલો સિંહ ચાલતો હોય ને? સિંહ–કેસરી સિંહ. ધીમે ધીમે.. ધીમે રમત કરતો ચાલે ને? રમત કરતો, રમત કરતો. એવો એને આ શું કહેવાય? છંદ.. છંદ. દેશી, દેશી. દેશી સ્વદેશી. બધા શાર્દૂલ હતા ને? બધા શાર્દૂલ હતા. શાર્દુલ (એટલે) સિંહ. વિક્રીડિત (એટલે) વિશેષે ક્રીડા કરતો. આ દેશીનું નામ આવું છે. આ કાવ્યનું નામ જ છે–શાર્દૂલવિક્રીડિત. શાર્દૂલ–સિંહ. વિક્રીડિત–વિશેષે ક્રીડા કરતો, મલપતો ચાલે એવી આ દેશી છે. ભગવાન શાર્દૂલ–સિંહ પોતાના સ્વરૂપને સાધતો, મલપતો પર્યાયમાં અનુભવે એનું નામ આત્માને શાર્દૂલ–સિંહ કહેવામાં આવે છે. અનેકાન્તીને શાર્દૂલ–સિંહ લગાવ્યું.

( શાર્દૂલવિક્રીડિત )

टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया
वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।
ज्ञानं नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।।१५-२६१।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદષ્ટિ એકાન્તવાદી એવો છે કે જે વસ્તુને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ નથી માનતો; તેથી સમસ્ત જ્ઞેયને જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે જ્ઞાન, તેને અશુદ્ધપણું માને છે એકાન્તવાદી, જ્ઞાનને પર્યાયપણું માનતો નથી. તેનું સમાધાન સ્યાદ્વાદી કરે છે કે જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે જોતાં નિત્ય છે, પર્યાયરૂપે જોતાં અનિત્ય છે, તેથી સમસ્ત જ્ઞેયને જાણે છે જ્ઞાન, જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે જ્ઞાનનો પર્યાય પરિણમે છે–એવો જ્ઞાનનો સ્વભાવ છે, અશુદ્ધપણું નથી. એમ કહે છે–''पशुः उच्छलदच्छचित्परिणतेः भिन्नं किञ्चन वाञ्छति'' ( पशुः ) એકાન્તવાદી, ( उच्छलत् ) જ્ઞેયનો જ્ઞાતા થઈને પર્યાયરૂપે પરિણમે છે ઉત્પાદરૂપ તથા વ્યયરૂપ એવો ( अच्छ ) અશુદ્ધપણાથી રહિત એવો જે ( चित्परिणतेः ) જ્ઞાનગુણનો પર્યાય તેનાથી ( भिन्नं ) ભિન્ન અર્થાત્ જ્ઞેયને જાણવારૂપ પરિણતિ વિના વસ્તુમાત્ર કૂટસ્થ થઈને રહે એવું ( किञ्चन वाञ्छति ) કંઈક વિપરીતપણું માને છે. એકાન્તવાદી જ્ઞાનને આવું કરવા ચાહે છે–''टङ्कोत्कीर्णविशुद्धबोध-विसराकारात्मतत्त्वाशया'' ( टङ्कोत्कीर्ण ) સર્વ કાળ એકસરખી, ( विशुद्ध ) સમસ્ત વિકલ્પથી રહિત ( बोध ) જ્ઞાનવસ્તુના ( विसराकार ) પ્રવાહરૂપ ( आत्मतत्त्व ) જીવવસ્તુ હો ( आशया ) એમ કરવાની અભિલાષા કરે છે. તેનું સમાધાન કરે છે સ્યાદ્વાદી–''स्याद्वादी ज्ञानं नित्यं उज्ज्वलं आसादयति'' ( स्याद्वादी ) સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી (ज्ञानं) જ્ઞાનમાત્ર જીવવસ્તુને ( नित्यं ) સર્વ કાળ એકસરખી, ( उज्जवलं ) સમસ્ત વિકલ્પથી રહિત ( आसादयति ) સ્વાદરૂપ અનુભવે છે; ''अनित्यतापरिगमेअपि'' જો કે તેમાં પર્યાય દ્વારા અનિત્યપણું ઘટે છે. કેવો છે સ્યાદ્વાદી ? ''तत् चिद्वस्तु अनित्यतां परिमृशन्'' ( तत् ) પૂર્વોક્ત ( चिद्वस्तु ) જ્ઞાનમાત્ર જીવદ્રવ્યને ( अनित्यतां परिमृशन् ) વિનશ્વરરૂપ અનુભવતો થકો. શા કારણથી ? ''वृत्तिक्रमात्'' ( वृत्ति ) પર્યાયના ( क्रमात् ) ક્રમના કારણે અર્થાત્ 'કોઈ પર્યાય થાય છે, કોઈ પર્યાય વિનશે છે' એવા ભાવના કારણે. ભાવાર્થ આમ છે કે પર્યાય દ્વારા જીવવસ્તુ અનિત્ય છે એમ અનુભવે છે સ્યાદ્વાદી. ૧૫-૨૬૧.

( શાર્દૂલવિક્રીડિત )

टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया
वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।
ज्ञानं नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।।१५-२६१।।

'वृत्तिक्रमात्' ક્રમ છે ધ્રુવ અને આ અનિત્યને માને છે ને? એટલે અનિત્યને 'क्रमात्' માને છે. શું કહે છે? ભાઈ! અનિત્યને 'क्रमात्' માને છે એમ કીધું. આહા..! આ તો અમૃતના દરબારમાં પેસવાની વાતું છે. ભગવાન અમૃતનો મોટો પિંડ છે. આત્મા એટલે અમૃતનો સાગર, અતીન્દ્રિય અમૃતનો સાગર. આ ભિખારીપણે ... એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, બાયડી વિના ચાલે નહિ, આબરુ વિના ચાલે નહિ, લસણના સારા ઢોકળા વિના ચાલે નહિ. એને કહે કે, તારો આત્મા અનંત આનંદનો અમૃતનો સાગર. એ કઈ રીતે માપ કરવા એના? સીગારેટ, બીડી પીતો હોય તો આમ જાણે.... આમ નહિ રાખે, કો'ક આમ રાખે છે. એવું કાંઈક છે ખરું. એમાં અહીં વળી કાંઈક પેલું હોય, એમાં વળી કાંઈક લાખ રૂપિયાની મોટર હોય સરખી. શું છે? પાગલ શું છે પણ? ન્યાં ઝેરમાં ચડી ગયો છે એમ કહે છે. એ ઝેરને રસ્તે ચડી ગયો. પરમાં આનંદને પરમાં સુખ એ ઝેરને રસ્તે ચડી ગયો છે. ભગવાનના દરબારમાં અમૃતના પંથ અંદર અમૃત સાગર પડ્યા છે. પોતે, હોં! પોતે આત્મા અમૃત સાગરનો દરબાર છે. જેમાં નજર નાખ્યે અમૃતના ઉછાળા મારે એવો એ ભગવાન છે. એને ખબર ન મળે કોઈ દિ'. સમજાણું કાંઈ?

આ તો 'क्रमात्' 'क्रमात्' છે ને? ક્રમે ક્રમે આત્માના આનંદનો પાક થાય પર્યાયમાં એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? આ તો આ પરમાં, આ ધૂડમાં ને બાયડી ને છોકરા ને ધૂળધમાહા. એ પરમાં ક્યાંય સુખની ગંધ પણ નથી. એ પરમાં સુખ(ની) માન્યતા છે એ જ મિથ્યાત્વ તે મૂઢ પાખંડ છે. સમજાય છે કાંઈ? એણે આત્મામાં સુખ છે એમ માન્યું નથી. આહા..! એ ક્રમે... ક્રમે... ક્રમે... એને વધતું ગયું. જાણે આમ પૈસા વધ્યા ને બાયડી ને છોકરા ને આબરુ ને સુખ વધી ગયું. મૂઢ છે. મારું લક્ષ ગયું 'પાલેજ'માં. સમજાણું કાંઈ? થોડી થોડી પેદાશ હોય પછી વધતી જાય, વધતી જાય તો આહાહા..! ઘણું વધી ગયું છે, લ્યો! શું વધ્યું?

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!! ૨.

'રતિભાઈ'! પહેલું નાનું, સાદુ મકાન ને પછી એમાં મોટા .. નાખ્યા ને પછી મોટી શું કહેવાય? ... એ ક્રમે ક્રમે વધ્યું કહેવાય. પહેલા પચાસ હજારની મૂડી પછી લાખની ને પછી બે લાખની પછી પાંચ લાખની, પચ્ચીસ લાખની પછી કરોડની, પાંચ કરોડની. એ..ઇ..! ક્રમે ક્રમે વધ્યા કે નહિ? કહે છે કે, ક્રમે ક્રમે શું વધ્યું? એ દુઃખ. આહા..હા..! અરે..! ગાંડા હરખ સનેપાતીયા. સનેપાતવાળો દાંત કાઢે એને કાંઈ દુઃખ લાગે છે? એટલે દુઃખ નથી? સનેપાતીયો આમ ખડ ખડ, ખડ ખડ દાંત કાઢે. આહાહા..! જોડેવાળા કહે, હમણાં મરશે આ. દાંત કાઢે. આઠ જણાથી ઝાલ્યા ન રહે. આઠ જણાનું બળ છે? એ દુઃખના દાંત છે પણ એ એને હરખ લાગે છે. સમજાણું કાંઈ? એમ આ અજ્ઞાની પરપદાર્થ વધતા ક્રમે ક્રમે વધ્યું (તો માને છે કે) મને સુખ વધે છે. એમ સનેપાતીયો હરખમાં આમ માને છે એમ માને છે.

મુમુક્ષુ :– કમાણી વધે.

ઉત્તર :– કમાણી વધે, જુવાન શરીર થાય આમ પંદર-વીસ વર્ષનો આમ.. પૈસા-બૈસા હોય તો પેટ મોટા આમ ફાંદા (નિકળે) કેમ? સરખાયના લાડવા-બાડવા, મોસંબીના (પાણી)... એટલે હાલતા-હાલતા પછી આમાં કેટલાકને આમ જોયા છે... પણ ચાલે તો આમ આમ હાથેય આમ ભેગા ન કરે. શું છે પણ? હું પહોળો ને શેરી સાંકડી થઈ ગઈ એને. શું વધ્યું ક્રમે ક્રમે? શું વધ્યું તને? દુઃખ વધ્યું છે, મૂઢ! તું માને છો કે, અમને સુખ વધ્યું ને કાંઈક સગવડતા વધી. તારી દૃષ્ટિ ક્યાં છે? ઝેર ઉપર છે. એમ અહીં કહે છે. આ અમૃતની દૃષ્ટિ થતાં અનિત્યપણામાં આનંદ આવે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ નિત્ય સહિતને અનિત્ય માનનાર, નિત્ય સહિત અનિત્ય માનનારને અનિત્યપણામાં આનંદ ક્રમે ક્રમે વધતો જાય. આહાહા..! સમજાણું કાંઈ? ઇ અહીં કહે છે, લ્યો!

**'કોઈ મિથ્યાદૃષ્ટિ...'** એટલે એક પક્ષને માનનારો. એટલે કે એક સમયની અવસ્થાને નહિ માનનારો **'વસ્તુને દ્રવ્યરૂપ માને છે,...'** કહેવા માત્ર, હોં! દ્રવ્યરૂપ છે એવું નથી માનતો. પણ એક વસ્તુ બસ એવી હોય, વસ્તુ એવી હોય કે, આપણે આ જાણવામાં જે આવે છે બધું એ કાઢી નાખીએ તો વસ્તુ એકલી રહે. બીજી ચીજ જાણવામાં આવે છે ને એ તો કલંક છે, અશુદ્ધ છે, મેલ છે. એ જ્ઞાનની પર્યાયનો વર્તમાન સ્વભાવ છે કે બીજી ચીજો પોતે જાણે. પણ જાણતા એને મેલ માને, અશુદ્ધ માને અને એને કાઢી નાખું તો હું ઉજળો થાઉં એમ માનનાર મૂઢ એક પક્ષને માને છે. ધ્રુવ એક જ ચીજ છે પણ પર્યાયનો અંશ તારો જાણવાનો પર જ્ઞેય છે તું તેને જ્ઞાયકપણે જાણ એવો તેનો સ્વભાવ છે. એવો એક અંશ આ છે એમ નહિ માનનાર એકાંગી એટલે એકલું દ્રવ્ય જ છે, વસ્તુ છે ત્રિકાળી એને માનનાર **'પર્યાયરૂપ નથી માનતો;...'** સમજાણું કાંઈ? ભારે ભાઈ!

એક સમયની અવસ્થા નથી માનતો. કેમ? આ પણ આ શું? વસ્તુ તો એકરૂપ આખી

જણાવી જોઈએ અને તો શુદ્ધ કહેવાય. એક સમયમાં આ બધું ભિન્ન ભિન્ન ભિન્ન ભિન્ન જણાય. અનેક વસ્તુ કાળી, ધોળી, પીળી, લીલી, વગેરે બાહ્ય ચીજો, આ જાણતા પર્યાયમાં આ શું? આ શું? એટલે આ હું નહિ, આ હું નહિ. પણ એ તો જ્ઞાનનો પર્યાય છે. પર ને જે કાંઈ વસ્તુ છે એ જ્ઞેય છે ને અહીં જાણવાનો પર્યાય છે એ તો જ્ઞાનની તારી દશા છે. એવી પર્યાયને નથી માનતો. એને આત્માના દ્રવ્યનો અનુભવ પર્યાયમાં થાય ક્રમે ક્રમે એવી પર્યાયને એ માનતો નથી. સમજાણું કાંઈ?

**'તેથી સમસ્ત જ્ઞેયને જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે જ્ઞાન,...'** દેખો! વર્તમાન જ્ઞાનની દશા... ત્રિકાળ જ્ઞાનમૂર્તિ તો ધ્રુવ છે પણ વર્તમાન જ્ઞાનની અવસ્થામાં પર્યાયમાં **'સમસ્ત જ્ઞેયને જાણતું થકું...'** ભાષા તો જુઓ! એ તો એક જ વાત દેખે. એક સમયની પર્યાયમાં બધું જાણવામાં આવે, ભાઈ! એમ જ છે પણ એની તાકાત જ એટલી છે. **'સમસ્ત જ્ઞેયને જાણતું થકું...'** જ્ઞાનની વર્તમાન દશામાં આ જણાય. આ શરીર છે, પૈસા છે, આ ધૂળ છે, આ મોસંબી છે, આ બાયડી છે, આ છોકરા છે, આ પથરા છે, આ દાગીના છે. એ જ્ઞાનની પર્યાય એને જાણે છે, બસ! એટલું. પણ એ જાણતા અજ્ઞાનીને એમ થઈ જાય છે કે, આ સમયની પર્યાયમાં આ આ બીજું શું જણાણું? આ બીજું શું આ? એટલે એકલો થવા માટે એની પર્યાયમાં આ જણાય છે એને કાઢી નાખવા માગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ઇ કાઢવા છે? જ્ઞાનની પર્યાય જે મારી છે એને આ દ્રવ્ય ઉપર લાવવું છે? ઇ કાઢવા છે કે દ્રવ્ય ઉપર પર્યાયને ચોંટાડવી છે? એ જાણવું તો જ્ઞાનની એક સમયની અવસ્થાનો સ્વભાવ છે. સ્વભાવ જાણવું છે. એ કાંઈ મેલુ નથી, અશુદ્ધ નથી, દુઃખ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવી જ્ઞેય-જ્ઞાયકની પર્યાય છે ને? પરજ્ઞેય છે એનો જણાવવાનો સ્વભાવ છે, જ્ઞાનની એક સમયની પર્યાયમાં એને જાણવાનો સ્વભાવ છે. જાણવું થયું એમાં એને કાઢવું છે શું એમાં? પર્યાયને કાઢી નાખવી છે? એ માટે તો કહે છે. પર્યાયને કાઢી નાખવી છે તો રહીશ શું?

અરીસામાં અરીસો કાંઈ ન રહે ને એવી વર્તમાન સ્વચ્છતાની દશામાં, સામે વિષ્ટા પડી હોય, કોલસા પડ્યા હોય અહીં સ્વચ્છતાની પર્યાયપણે પરિણમે છે. પરિણમતા એને એમ લાગે આહાહા..! આ વિષ્ટાપણે પરિણમ્યું. કાઢી નાખ. શું પણ? ઇ તો એની-અરીસાની અવસ્થા છે. વિષ્ટા ક્યાં ગરી ગઈ હતી? વિષ્ટા તો બહાર રહી છે, કોલસા બહાર રહ્યા. ત્યાં સ્વચ્છતા કાળી થઈ ગઈ છે? એ કાળા આકારે સ્વચ્છતાની અરીસાની જ દશા છે. એ કાંઈ કાળા કોલસાની દશા નથી કે, તું એમાંથી કાઢી નાખ. આને કાઢી નાખ તો અરીસો ચોખ્ખો થાય. એમ અજ્ઞાની, જ્ઞાનની પર્યાયની સ્વચ્છતામાં બીજી ચીજો જેવી હોય તેવી જણાય, જણાય એમાં કાઢી નાખ તો રહેશે શું? એ તો જાણવાનો સ્વભાવ તારો છે. આહાહા..!

સમજાણું કાંઈ?

**'સમસ્ત જ્ઞેયને જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે...'** ઇ જે જ્ઞેય વસ્તુ છે ને? શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, માંસ, હાડકા, ચામડા, દાળ, ભાત, શાક વગેરે. એ બધા જ્ઞેયનો જેવો સ્વભાવ છે તે રૂપે જ્ઞાન જાણવારૂપે પરિણમે. જ્ઞાન, **'તેને અશુદ્ધપણું માને છે...'** અજ્ઞાની એ જ્ઞાનની દશામાં પરનું જાણવું (થાય) એને મેલ અને અશુદ્ધતા માને છે. પણ મારી જ્ઞાનની પર્યાયનો એ (સ્વભાવ છે એમ માનતો નથી). પાછી જ્ઞાન પર્યાય ભિન્ન ભિન્ન થાય. ભિન્ન ભિન્નમાં ભિન્ન ભિન્નપણાનું પ્રકારનું જ્ઞાન થાય. એવી અશુદ્ધતાને, એકરૂપ રહેવા માગે છે માટે અશુદ્ધતાને કાઢી નાખું તો એકરૂપ (રહું). પણ એ ક્યાંથી કાઢી નાખ? એ તો પર્યાય તારો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'અશુદ્ધપણું માને છે એકાન્તવાદી,...'** એક પક્ષને માનનારો એટલે વસ્તુ ત્રિકાળ ધ્રુવ કરવા માગે છે અથવા એકરૂપ રહેવા માગે છે પણ જ્ઞાનની અવસ્થામાં અનેકપણું જાણવાનો ધર્મ છે એવી પર્યાયને એ માનતો નથી. તેથી અશુદ્ધપણું માનીને **'જ્ઞાનને પર્યાયપણું માનતો નથી.'** જ્ઞાનગુણ ત્રિકાળ વસ્તુ છે એની એક સમયની અવસ્થા એનો પોતાનો સ્વભાવ છે એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ?

**'તેનું સમાધાન સ્યાદ્વાદી કરે છે...'** આ તો હજી ઉપોદ્‌ઘાત કરે છે, હોં! મૂળ શબ્દો પછી આવશે. **'કે જ્ઞાનવસ્તુ દ્રવ્યરૂપે જોતાં નિત્ય છે,...'** જ્ઞાન સ્વરૂપ ચિદ્‌ઘન પદાર્થ એ વસ્તુ ધ્રુવ તરીકે નિત્ય છે અને **'પર્યાયરૂપે જોતાં અનિત્ય છે,...'** અવસ્થાના પલટવા અપેક્ષાએ દેખો તેને તો અનિત્ય છે. વર્તમાન દશાએ એ અનિત્ય છે, વિનાશીત છે, કાયમ રહેનારી નથી. વસ્તુ અવિનાશી છે પણ એની અવસ્થા વિનાશીક છે. પણ વિનાશીક હોવા છતાં એનો પર્યાય સ્વભાવ છે. સમજાણું કાંઈ? આવું સમજવું..? ઇ કરતાં તો આ કરો પરની સેવા ને થઈ ગયો દયા, દાન ધર્મ ને મંદિર બે-ચાર કરી નાખે તો ધર્મ થઈ જાય, લ્યો! માથાકુટ મટી. ધૂળમાંય નથી. તારા લાખ મંદિર થાય કે લાખ કરોડ પૈસા (આપ). પૈસા ક્યાં તારી ચીજ છે તો તેં દીધા. પૈસા સંબંધીનો જ્ઞાનનો પર્યાય જાણે એ પર્યાય તારી. પૈસા ક્યાં તારા હતા? સમજાણું કાંઈ? પૈસા તો જ્ઞેય છે. જ્ઞેયને મેં દીધા એનો અર્થ શું? મારી જાણવા યોગ્ય ચીજને મેં દીધી એનો અર્થ શું? જે નથી તેને પોતાની માની. માની તો મિથ્યાત્વ થયું, મિથ્યાત્વનું પાપ થયું ભેગું. સમજાણું કાંઈ? એમાં એટલું કે, એ વસ્તુ છે એનો જ્ઞાનરૂપે પર્યાય પરિણમ્યો, બસ! જાણવાનું ખરું. પણ એ વસ્તુને મેં દીધી ને લીધી એવો કાંઈ તારી પર્યાયમાં પણ ધર્મ નથી. એ જ્ઞેય (વસ્તુ) છે એ કાંઈ તારે લઈને આઘી-પાછી જાય એવો એનામાં સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

આ તો એક સમયના પર્યાયમાં પેલું જણાય ને? એટલે આ મેં લીધું, આ મેં લીધું. પણ તું તો એનો જાણનાર છો. સમજાણું કાંઈ? અને જાણવાનું એ રૂપે પરિણમ્યું એ જ્ઞાન

કાંઈ મેલુ નથી. એ તો જણાય. એ ચીજ જણાય એમાં શું છે? કોને કઢાવવા છે? એ..ઇ..! 'મલૂકચંદ'! ઇ તો નીકળવા હશે તે દિ' નીકળશે, થવું હશે તે દિ' થશે. કોઈના 'મલૂકચંદભાઈ'ને એના કોઈથી કર્યા થાતા નથી. આ ભારે વાત. 'ખાડીયા ખાડીયા' શું કહેવાય છે એ? 'ખાડીયા'માં મંદિર કરવું છે ને?

અહીં તો વાત તો ઇ છે, ભાઈ! એ પર્યાય વખતે એ જ જાણવાનું હોય. એ પર્યાય તારી, એ વસ્તુ તારી નહિ. સમજાણું કાંઈ? એટલી પર્યાયમાં જ આ જણાણું કાં એનું ઘર જણાય. બોકડા કાપતો હોય ત્યાં જઈ ચડ્યો. પર્યાયમાં જણાય. અં..હં..હં...! કાઢી નાખો. એ તો જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે. ઇ છે એમ જ્ઞેયને અહીં જાણે. તે શું કાઢી નાખવું છે તારે? પર્યાયમાંથી આ જાણવું કાઢી નાખવું છે? અને એ ચીજ કાંઈ અહીં ગરી ગઈ છે? સમજાણું કાંઈ? પેલો આમ બોકડો કાપતો હોય. એ ક્રિયા તો થવાની છે એને કારણે, હોં! પેલો તો એને જાણે છે છતાં માને છે કે હું કરું છું. એ મિથ્યાત્વ સેવે છે. જાણનારના જ્ઞાનમાં આમ જણાયું. ઉં..ઉં.. (કરે). શું છે? શું છે? તારો જ્ઞાન પર્યાયનો સ્વભાવ તેને જાણવારૂપે પરિણમ્યો એટલો તારો સ્વભાવ છે. એ ચીજ ગરી ગઈ છે? એ ચીજ કાઢી નાખવી છે તારે પર્યાયમાંથી? એ.. 'રતિભાઈ'! અને એથી જ્ઞાન અશુદ્ધ થયું છે? આહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એટલે ઇ જ કહે છે ને! જ્ઞાનની પર્યાયનો ધર્મ એ પર્યાયને પરને જાણવાનો સ્વભાવ (છે) એને માનતો નથી. પર્યાયને માનતો જ નથી. એમાંથી બધું નીકળી જાય તો હું એકલો છું તો હું સિદ્ધ થાઉં એમ માને છે. સમજાણું કાંઈ? શું કીધું? ... ભાગે કોણ? ધ્યાન ક્યાં ગયું છે તારું? તારું જ્ઞાન પર્યાયમાં તારામાં છે. ભાગવું ક્યાં? ઉતાવળો ચાલે કોણ? અરે..! ભારે વાત, ભાઈ! દેહની ઉતાવળી ક્રિયા ચાલી એ તો જ્ઞેય છે. એનો પર્યાય તારા જાણવામાં આવ્યો. બહાર વસ્તુ છે એ જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવી. શું તારે કરવું છે? કાઢી નાખવું છે એ જાણવું?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઇ જ કહે છે કે, ઇ માટે તો એણે મુક્યું. ઇ જ કહે છે કે, ભાઈ! તારા જ્ઞાનની પર્યાયને તું નથી માનતો. કેમ? કે એ પર્યાયનો સ્વભાવ પરનું જેવું જ્ઞેય છે તે જાણવાનો છે. એ પર્યાયને તું માનતો જ નથી. એ પર્યાય આ શું થઈ ગયું? આ કાઢી નાખું. (એમ કરે છે) એ પર્યાયને માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અલખ.. અલખની વાતું છે.

પર્યાયથી દેખે પણ અનિત્ય છે. એ પર્યાયનું સ્વરૂપ જ એવું છે કે, જેવું તે સામે જ્ઞેય હોય એ પ્રકારે જ્ઞાનની પર્યાય જાણે. એ અનિત્ય છે, બીજે ક્ષણે બીજી થાય, ત્રીજે ક્ષણે ત્રીજી થાય. ક્રમે ક્રમે થાય. એથી કંઈ પર્યાય કાઢી નાખ તો દ્રવ્ય પણ રહેશે નહિ

અને અનુભવ તો પર્યાયમાં છે. દ્રવ્યને લક્ષે ... નહિ.

**'જ્ઞેયની આકૃતિરૂપ જ્ઞાનનો પર્યાય પરિણમે છે - એવો જ્ઞાનનો સ્વભાવ છે, અશુદ્ધપણું નથી.'** એ અશુદ્ધપણું નથી. પરને જાણવું એ જ્ઞાનનો પર્યાયધર્મ એ અશુદ્ધપણું નથી. મૂઢ એ પર્યાય કાઢી નાખવા માગે છે અને એકલો શુદ્ધ થઉં. એ નીકળી જાય તો શુદ્ધ થાઉં. એમ નથી. એને કેમ માને છે એ શાસ્ત્રના શબ્દોથી કહેશે...

( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૪, રવિવાર તા.૨૬.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૬૧, ૨૬૨. પ્રવચન - ૨૮૧**

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ-ટીકા' પંદરમો કળશ ચાલે છે, સળંગ ૨૬૧. નીચે છે, નીચે. જુઓ! **'એમ કહે છે...'** છે નીચે? બીજી લીટી. **'पशुः उच्छलदच्छचित्परिणतेः भिन्नं किञ्चन वाञ्छति'** શું કહે છે? એકાન્તવાદી–એક પક્ષને જોનાર. પણ સર્વ અંગ જે વસ્તુનું સ્વરૂપ છે એને ન જાણનાર. એટલે? આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ ધ્રુવ નિત્ય છે. જ્ઞાયક ચૈતન્ય અનંત ગુણનો પિંડ વસ્તુ નિત્ય છે એની વર્તમાન પર્યાયમાં–અવસ્થામાં જે અનંત પરપદાર્થો જ્ઞેય–જાણવા યોગ્ય છે તે રૂપે આત્માની જ્ઞાન પર્યાય જાણવારૂપે થાય છે, પરિણમે છે. એને અજ્ઞાની એમ માને છે કે, આ પર જાણવા યોગ્ય વસ્તુનું પરિણમન થયું એ તો અશુદ્ધ થયું. ઝીણી વાત છે. વાત તો ઝીણી જ છે ને! અનંત કાળથી તત્ત્વને (જાણ્યું નથી). ઝીણી છે.

વાસ્તવિક પદાર્થ ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ આત્મા છે. સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાનની મૂર્તિ આત્મા (છે). એવી વસ્તુ હોવા છતાં એની વર્તમાન દશામાં, હાલતમાં, પર્યાયમાં, વર્તમાન એક અવસ્થારૂપી અંશમાં આત્મા સિવાય બીજા શરીર, કર્મ, પુદ્‌ગલો આ બધું એની અવસ્થામાં, હાલતમાં જણાય એવો એનો વર્તમાન પર્યાય જ્ઞાન અવસ્થાનો સ્વભાવ છે. બસ! એટલું જ. શું કહ્યું? 'રતિભાઈ'! લાંબુ થઈ ગયું?

આત્મા એટલે શું? પર વસ્તુ પર. શરીર, વાણી, કર્મ એ તો સવારે બહુ આવ્યું. કર્મ, શરીર, વાણી આ બધું તો જડ, પર છે. બીજા આત્માઓ છે એ પણ આ આત્માથી તો તદ્દન પર છે. હવે એ પરવસ્તુને આત્માની વર્તમાન જ્ઞાનપ્રકાશ પર્યાયમાં અવસ્થા–વર્તમાન અવસ્થામાં, અવસ્થા એટલે દશા એમાં એ અનંત જ્ઞેયોને જાણવારૂપે જ્ઞાન પરિણમે એટલે જ્ઞાન થાય એવો આત્માની જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પરને લઈને નહિ,

પરને કાંઈ કરે એમ નહિ પણ પોતે કાયમ નિત્ય જ્ઞાનમૂર્તિ રહીને વર્તમાન જ્ઞાનની દશામાં જે અનંત જ્ઞેયો જાણવાયોગ્ય પદાર્થ છે એને જાણવારૂપે જ્ઞાનની અવસ્થા થાય. એ તો પોતાનું વર્તમાન જ્ઞાનની અવસ્થાના સામર્થ્યનું સ્વરૂપ, સ્વભાવ છે. એટલું અજ્ઞાની ન માનતા એ બધા જ્ઞેયો મને જાણવામાં આવે છે એ પર કેમ જાણવામાં આવ્યા? ખરેખર પર જાણતા (જણાતા) નથી. આ ઉપરથી અહીંયાં લીધું. ભાઈ! પછી આ ને આ વિચારથી ન્યાં ગયું ... ઇ પછી. કહો, સમજાણું આમાં? આત્મા... જુઓ! આ વસ્તુ સ્થિતિ. એણે કોઈ દિ' અનંત કાળમાં તત્ત્વનું સત્ સ્વરૂપ છે તે દૃષ્ટિમાં લીધુ નથી. અને સત્‌ને સત્ તરીકે દૃષ્ટિમાં ન લે ત્યાં સુધી એને સમ્યક્ સત્‌નો ધર્મ થાય નહિ અને ધર્મ થયા વિના એને અધર્મ થાય છે. એ અધર્મ થાય છે તે દુઃખરૂપ દશા અનંતકાળથી કરે છે ને એમાં ને એમાં હેરાન થાય છે. સમજાણું કાંઈ?

એ પોતાની જ્ઞાન દશામાં બીજા છ દ્રવ્યો છે એ અહીં નથી. આત્મા સિવાય બીજા અનંતા આત્માઓ શરીર, રજકણ, કર્મ એ પોતાની જ્ઞાન ત્રિકાળી વસ્તુમાં તો નથી પણ એની એક સમયની દશા છે એમાં એ ચીજ નથી, એ ચીજ તો ભિન્ન છે પણ એ ભિન્ન ચીજનું જેવું સ્વરૂપ છે એવું આ જ્ઞાનની વર્તમાન દશાનો પોતાનો ધર્મ–પર્યાય સ્વભાવ એને જાણવાનો, પોતાથી તેને જાણવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

નિત્ય વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ એના બે અંશો. ત્રિકાળ સચ્ચિદાનંદ ધ્રુવ સત્... સત્... સત્... ચિદ્ પણ એની એક સમયની દશા છે એ વસ્તુમાં, ત્રિકાળ વસ્તુમાં તો એ અનંત વસ્તુ પણ નથી અને અનંત વસ્તુનું એક સમયનું જ્ઞાન એટલો એ ત્રિકાળ નથી. 'શશીભાઈ'! સમજાણું કાંઈ? ભાઈ! આત્મતત્ત્વને જાણવું એ તો અનંત કાળનો મોંઘો છે. એ આત્માને જાણ્યા વિના એ બધું એ અનંત માથાફોડ કરે એને કોઈ પુણ્ય-પાપના ભાવ થાય, બંધન થાય ને ચાર ગતિમાં રખડે, એને જન્મ-મરણનું ટળવું થાય નહિ.

એટલે અહીં કહે છે કે, ભગવાનઆત્મા જે જ્ઞાન ચૈતન્યના પ્રકાશનું નૂર એકલો આત્મા જ્ઞાનનો પુંજ વસ્તુ એ તો ધ્રુવ નિત્ય, નિત્ય (છે). એ વસ્તુ જે નિત્ય વસ્તુ છે એમાંથી તો આત્મા સિવાયના અનંત પુદ્ગલો, અનંત આત્માઓ (છે) એ દ્રવ્યમાં તો નથી પણ એની એક સમયની પર્યાય જે જાણવા લાયક થાય એમાં પણ એ છ દ્રવ્યો નથી. સમજાણું કાંઈ? પણ એ છ દ્રવ્યોનો જેવો જ્ઞેયનો સ્વભાવ છે એવો એક સમયનો પર્યાય અવસ્થા જાણવાનો સ્વભાવ જીવનો છે. એટલો પર્યાય જાણવાનો સ્વભાવ અને ત્રિકાળ મારું ધ્રુવ, એમ જો ત્રિકાળ ઉપર દૃષ્ટિ આવા જાણવાના પર્યાય સહિતની કરે તો એને આત્માની દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં આત્માનો સાક્ષાત્કાર થાય. સમજાય છે કાંઈ? પણ એમ ન માનતા કાં એક સમયની દશા થાય છે એટલો આત્માને માને છે અને કાં એક સમયની દશામાં પરનું જાણપણું છે એને કાઢી નાખું તો હું શુદ્ધ થાઉં એમ માને છે એ અજ્ઞાનપણે માને

છે. એની વર્તમાન જ્ઞાનની પર્યાય ભલે અનિત્ય પર્યાય છે, પર્યાય એક ક્ષણ રહેનારી છે. વસ્તુ ત્રિકાળ ધ્રુવ રહે છે. એક સમયની અવસ્થા રહે છતાં એમાંથી છ દ્રવ્યને જાણવાની દશાનો સ્વભાવ છે એ કાઢી ન નખાય. જાણવાનું, પરના કાર્ય કરવાનું કે પરથી કાર્ય લેવાનું એની સમયની પર્યાયમાં પણ, અનિત્યમાં પણ એ સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

વસ્તુ જે આત્મા છે સત્ ચિદ્ જ્ઞાન ધ્રુવ ચિદ્ અનાદિ અનંત વસ્તુ પદાર્થ (છે). એમાં તો કાર્ય નથી. એ તો વસ્તુ વસ્તુરૂપ ત્રિકાળ વસ્તુ છે પણ એની વર્તમાન દશામાં જે કાર્યરૂપે જ્ઞાનની દશા થાય છે, વર્તમાન જ્ઞાનની કાર્યરૂપ દશા થાય એ દશા આત્મા સિવાયના અનંત પદાર્થને કરે એવુંય નથી અને એ દશા કાંઈ પર છે માટે થાય છે એમ પણ નથી. પણ એ દશાનો સ્વભાવ અનંત જ્ઞેયો જેવા છે એવો જાણવાનો સ્વભાવ છે. એ જાણવાનો સ્વભાવ છે એટલે કોઈને એમ લાગે કે, આ શું જણાણું બીજું? બીજું નથી જણાતું, એ જણાય છે પોતાની જ્ઞાનની પર્યાય. સમજાણું કાંઈ?

અરીસામાં અરીસો તો આખો છે પણ એની વર્તમાન સ્વચ્છ અવસ્થામાં આમ વિષ્ટા ને કોલસા સામે પડ્યા હોય તો એની અવસ્થામાં આમ દેખાય છે. એ એની વર્તમાન દશાનું અરીસાનું અનિત્યતાનું સ્વરૂપ છે. નિત્ય તો અરીસો કાયમ છે પણ એની અવસ્થાનું અનિત્ય સ્વરૂપ છે. એ સામે વિષ્ટા દેખાય કે જાંબુ પડ્યા હોય એ અહીં દેખાય એ જાંબુ ને વિષ્ટા અહીં નથી આવ્યા પણ એ સ્વચ્છતાની અવસ્થાનો એવો સ્વભાવ છે એ રૂપે પરિણમે. હવે એ અરીસામાંથી પેલી કાળી ને વિષ્ટાનો મેલ દેખાય એને કાઢી નાખવા માગે તો અરીસો પોતે રહેતો નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

આત્મા સિવાય અનંત પરપદાર્થ ભિન્ન છે એટલું પૃથક કરે એ તો બરાબર છે પણ એની ભેગો અનંત પદાર્થનો જ્ઞાનનો પર્યાય થયો એને પણ છ દ્રવ્યને જાણવાનો પર્યાય એને કાઢી નાખવા માગે, ભિન્ન કરવા માગે, બહુ ભિન્ન કરવા માગે છે, ભાઈ! કરો ભિન્ન, કરો. કોનાથી પણ? સમજાણું કાંઈ? જુદા થાવ, જુદા થાવ, જુદા થાવ, આપણે જુદા થાવ, પણ જુદા કોનાથી થાવું છે? આત્માથી કર્મ, શરીર, વાણી, મન તો જુદા જ છે. હવે એ જુદા સંબંધીનું જ્ઞાન થાય એનાથી જુદા થાવું છે એને. એટલે જુદા થાવાનો અર્થ કાઢી નાખવું છે. એ તો જ્ઞાનનો પર્યાયધર્મ છે, શું કાઢી નાખીશ તું? જ્ઞાનની પર્યાય કાઢી નાખતા જ્ઞાન જ રહેશે નહિ. ભારે ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ? કહે છે... હેં?

મુમુક્ષુ :– નવ તત્ત્વ માંહ્યલી વાત છે?

ઉત્તર :– નવ તત્ત્વ માંહ્યલી વાત છે. એ નવ તત્ત્વમાં આત્મા તત્ત્વ એ ધ્રુવ અને એની એક સમયની પર્યાયનો જ્ઞાન પર્યાયધર્મ એ એક અંશરૂપી વ્યવહાર તત્ત્વ. વ્યવહાર તત્ત્વ, નિશ્ચય તત્ત્વ ધ્રુવ. એક સમયનો પર્યાય વ્યવહાર તત્ત્વ, નિશ્ચય તત્ત્વ એ બે થઈને આખું તત્ત્વ પ્રમાણ તત્ત્વ છે. કહો, સમજાણું આમાં? બીજા તત્ત્વો ભિન્ન રહી ગયા. બીજા

નથી એમેય નહિ અને બીજા અહીં જ્ઞાનમાં જણાણા માટે અહીં આવી ગયા એમેય નહિ. આહાહા..! અને બીજા સંબંધીનું અહીં જ્ઞાન આવ્યું, બીજા જુદા એમ એની જ્ઞાનની જાણવાની દશા પોતામાં થઈ એને જુદી કરવા માગે (તો) પર્યાય વિનાનું દ્રવ્ય એની દૃષ્ટિમાં આવશે નહિ. 'શશીભાઈ'! સમજાણું કાંઈ?

એકાન્તવાદી એટલે એક પક્ષે જોનારો. એટલે કે વર્તમાન જ્ઞાનની પ્રકાશ શક્તિમાં જે બીજા બધા અનંત દ્રવ્યો જાણવાપણે જ્ઞાન પરિણમ્યું એને કાઢી નાખવા માગનારો એકાન્ત પક્ષી. **'જ્ઞેયનો જ્ઞાતા થઈને...'** એ જ્ઞેય નામ જાણવાયોગ્ય ચીજો. એ જ્ઞાનની પર્યાયમાં જણાય તે **'પર્યાયરૂપે પરિણમે છે...'** પરિણમે છે પર્યાય પોતાની અવસ્થા. **'ઉત્પાદરૂપ તથા વ્યયરૂપ એવો...'** ભગવાનઆત્મા જ્ઞાનની જ્યોતસ્વરૂપ તો ત્રિકાળ. એના એક વર્તમાન દશામાં જે જ્ઞેયો–જાણવાયોગ્ય વસ્તુ છે એને જાણવાપણે ઉત્પાદની પર્યાય થાય છે. એ અવસ્થા પાછી વ્યય થઈ જાય છે, વળી નવી અવસ્થા થાય છે. એ નવી થાય તે પણ જેવું જ્ઞેય તે પ્રમાણે જાણવાનું થાય. વળી જ્ઞેય બદલ્યું તો અહીં પણ પોતાની પર્યાય તે પ્રકારે પરિણમનારી બદલી પોતાને કારણે. સમજાણું કાંઈ?

એ અજ્ઞાની પોતાના જ્ઞાન દશામાં... અહીં પરની વાત અત્યારે નહિ હવે. અહીં તો પર સંબંધીનું પરિણમનનું જ્ઞાન એવો **'ઉત્પાદરૂપ તથા વ્યયરૂપ એવો...'** **'अच्छचित्परिणतेः'** **'અશુદ્ધપણાથી રહિત...'** એમ માને છે કે, આ પરિણતિમાં પર્યાયમાં આ બધું જણાણું તો મારે તો સ્વચ્છ રહેવું છે એટલે આ બધું જણાય છે એને કાઢી નાખું તો હું સ્વચ્છ થાઉં. સમજાણું કાંઈ? કાઢી નાખતા નાખતા ભાઈ! કર્મ નહિ, હું શરીર નહિ, હું વાણી નહિ, આ રાગ ને દ્વેષના વિકલ્પો ઉઠે એ હું નહિ. કાઢતા કાઢતા એ હું નહિ ત્યાં સુધી બરાબર છે પણ એ રાગ-દ્વેષના જે પરિણામ થાય તેને જાણનારુ જ્ઞાન, જ્ઞાનની પર્યાયમાં તેને જાણવાપણે જ્ઞાન પર્યાય પરિણમે એ પર્યાયને કાઢી નાખવા માગે તો વસ્તુ રહેશે નહિ. વસ્તુને જોનારી દશા જ નહિ રહે, જોનારી દશા જ નહિ રહે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

વીતરાગનું તત્ત્વ સર્વજ્ઞે કહેલું એટલું સૂક્ષ્મ ને સત્ય છે. સૂક્ષ્મ ને સત્ય. આહા..! ત્રિકાળ વસ્તુની સત્યતા જ એવી છે. એણે કોઈ દિ' એને સમજવાની દરકાર કરી નથી. એમ ને એમ મરી ગયો અનંતકાળથી. ઢસરડા અજ્ઞાનના ને રાગ-દ્વેષના કરી કરી ધર્મને નામે ત્યાગી થયો પણ મરી ગયો રાગ ને દ્વેષને કરવામાં. સમજાણું કાંઈ? રાગ ને દ્વેષ, દયા ને દાન, ભક્તિ ને વ્રત ને પૂજા એ પરિણામ બધા વિકારી છે. અહીં તો કહે છે કે, એ વિકારી કાઢી નાખવા માગ ત્યાં સુધી એ બરાબર છે. વિકાર હું નહિ પણ વિકાર સંબંધીનો જ્ઞાનનો પર્યાય જે પોતાપણે પરિણમે છે એમાં એ વિકાર સંબંધીનું જ્ઞાન પોતાનું છે. એ જ્ઞાન પર્યાયને કાઢી નાખવા માગે તો વસ્તુને પકડનારી દશા જ ન મળે તો દશા વિનાની વસ્તુનું ભાન એને થાશે નહિ. ઓહોહોહો..! સમજાણું કાંઈ?

**'એવો...'** **'अच्छ'** એટલે નિર્મળતા **'અશુદ્ધપણાથી રહિત...'** એમ. અરે..! મારી જ્ઞાન દશામાં આ શું જણાય? સમજાય છે? સ્ત્રીનો દેહ, હાડકા-માંસની અવસ્થાઓ એ જ્ઞાનની દશામાં જાણવું એ તો આત્માની જ્ઞાન પર્યાયનો સ્વભાવ છે. પણ એ પેલી દશા ભલે કાઢી નાખે પણ એના સંબંધી જાણવાથી શૂન્ય કરી નાખે તો તો પછી પર્યાય જ રહી નહિ. પર્યાયે રહી નહિ તો પર્યાયથી પકડાય દ્રવ્ય. તો દ્રવ્ય પકડાય નહિ. એટલે આત્માની દૃષ્ટિ એને થશે નહિ. સમજાણું કાંઈ?

જુઓ! રાગથી પકડાય એમ આમાં ન કહ્યું, ભાઈ! અહીં તો જ્ઞાનની એક સમયની પર્યાય છે, અવસ્થા છે, હાલત એ રાગ-દ્વેષને જાણવારૂપે પરિણમે એ તો જ્ઞાનનો પર્યાય સ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ તો એકરૂપ ત્રિકાળ ધ્રુવ રહેવું છે. એક સમયનો પર્યાય રાગ-દ્વેષ આદિ ભાવ બધાને જાણવારૂપે પરિણમવાનો સ્વભાવ છે. એમાંથી એને અશુદ્ધતા લાગે છે કે, આ રાગનું જ્ઞાન, આ દ્વેષનું જ્ઞાન કેમ થયું? મારામાં આ શું થયું? તે કાઢી નાખવા માગે છે તો તો આત્માને જાણવાનો સ્વને જાણવાનો પર્યાય પણ રહેતો નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

'चित्परिणतेः' **'જ્ઞાનગુણનો પર્યાય તેનાથી ભિન્ન અર્થાત્ જ્ઞેયને જાણવારૂપ પરિણતિ વિના વસ્તુમાત્ર કૂટસ્થ થઈને રહે...'** એમ અજ્ઞાની માને છે. અરે..! મારામાં આ પરવસ્તુ જે જણાય દશામાં એના વિનાનો હું એકલો કૂટસ્થ ધ્રુવ રહુ, ધ્રુવ રહુ અને આ પર્યાય જ ન રહે તો મને સત્ જાણ્યું કહેવાય, એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? **'જ્ઞેયને જાણવારૂપ પરિણતિ વિના...'** મારા જ્ઞાનની દશામાં પરને જાણવા યોગ્ય જે વસ્તુ છે, એના વિના હું એકલો કૂટસ્થ ધ્રુવ રહું. અનિત્યને નથી માનતો ને? **'એવું કંઈક વિપરીતપણું માને છે. એકાન્તવાદી...'** એવું એકાન્તપક્ષે જોનારો, એકલો કૂટસ્થ ધ્રુવને જ માનનારો પણ એ પર્યાયનો સ્વભાવ પણ તારો જ અનિત્યપણે પરિણમેલો ક્ષણિક વિનાશી થાય એવો ધર્મ પણ તારો છે. અવિનશ્વર ધર્મ દ્રવ્યનો છે એવો પર્યાયનો, પરિણમનનો વિનશ્વર ધર્મ, પલટાતો ધર્મ પણ તારો છે. આહા..! એકલો અવિનશ્વરને માનવા જાય છે ત્યાં વિનશ્વર એવી પર્યાય દ્વારા જે દ્રવ્ય પકડાય એ વિનશ્વર પર્યાયને જ માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ! એણે બધી વિદ્યા ભણી. ભણી ભણીને એલ. એલ. બી.ના પૂછડા વળગાડ્યા. એમ. એ.ના ને ફલાણાના આ શું તમારે કહેવાય? એમ. એ. ના ને? એમ.બી.બી.એસ. ના. ધૂળમાંય નથી કાંઈ.

અહીં તો બીજી વાત કરે છે એકલી વિદ્યા નહિ, પણ આખી દુનિયાના દ્રવ્યોનું જ્ઞાન થયું અંદર, એક સમયની પર્યાયનું. એવડી તાકાતવાળો તારો વિનશ્વર પણ અનિત્ય પણ પરિણમન તારી પર્યાય. એવી પર્યાયમાંથી તું આંધળો થવા માગ, એ પર્યાયમાં આ કેમ જણાય? મારે તો એકલું કૂટસ્થ ધ્રુવ રહેવું છે અને આ બધું જણાય એ મને અશુદ્ધતા

લાગે છે. એમ અશુદ્ધતા માનનાર પોતાની નિર્મળ પર્યાયને માનતો નથી. એ નિર્મળ પર્યાય દ્વારા દ્રવ્યને પકડી શકાય તો એ નિત્ય ને અનિત્ય બે ભેગા થઈને પ્રમાણજ્ઞાન થાય એને એ માનતો નથી. લોજીક ભારે ઝીણું છે, હોં! આહાહા..! ચૌદ બોલ તો પણ એવા છે ને..! ચૌદ બોલ તો ચૌદ ગુણસ્થાનની ઉપર પાર કરી દે! સિદ્ધપદ કરે એવું છે, લ્યો! આહાહા..! 'શશીભાઈ'!

કૂટસ્થ આત્મા... કૂટસ્થ પણ કૂટસ્થ છે એ નક્કી કોણે કર્યું? કૂટસ્થ કૂટસ્થને નક્કી કરે? કૂટસ્થ એટલે શું? ધ્રુવ. આમ શિખર હોય છે ને? ડુંગર ઉપર શિખર આમ ને આમ પડ્યું હોય, શિખર આમ ને આમ પડ્યું હોય. એમ આત્માને એવો ને એવો પડ્યો રહે એવો નક્કી કરવા માગે છે. પણ એ અંદરની પર્યાય વિના નક્કી કરશે કોણ? પાણી પાણીપણે કાયમ રહીને પાણીનો પ્રવાહનો તરંગ ઉઠે છે, તરંગ ઉઠે છે. એ તરંગ છે એની અવસ્થા છે. પાણીપણું કાયમ રહેવું એનું એ ધ્રુવપણું છે. એમ ભગવાનઆત્મા ગુણની શક્તિરૂપે ધ્રુવ, જ્ઞાન ગુણની શક્તિરૂપે ધ્રુવ ત્રિકાળ છે. પાણી જેમ ત્રિકાળ એકરૂપ છે એમ. તરંગ ઉઠે છે એની અંદર અવસ્થામાં તરંગ ઉઠે છે. જાણવાની દશાનો તરંગ ઉઠે છે, જેને ભગવાન પર્યાય કહે છે અને એને અહીંયાં નિત્યની અપેક્ષાએ અનિત્ય કહે છે. એ અનિત્યપણાના પર્યાયમાં વિનશ્વર થવા યોગ્ય પર્યાય છે છતાં એ પરને જાણવાનો જે વસ્તુને જાણવાનો પર્યાય છે એમાંથી કાઢી નાખીને એકલા અવિનશ્વરને જ માનવા જાય તો એ વિનશ્વર પર્યાય વિના અવિનશ્વર પકડાશે નહિ. પર્યાયમાં એ તો પોતાનો ધર્મ આવડો. આવડા ધર્મની પર્યાય પણ હજી કબુલે નહિ એને એવા અનંત... અનંત... પર્યાયનો પિંડ ભગવાન દ્રવ્ય એની અંદરમાં કબુલાત એને આવી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ આ તો જ્ઞાનની કસરત છે. આહા..! આ જ્ઞાનની વ્યાયામશાળા છે. ભગવાન સર્વજ્ઞે કહેલું વિજ્ઞાન એ વિજ્ઞાનની વ્યાયામશાળા છે. એમાં કસરત કર્યા વિના એ આત્મા કેવો છે એ હાથ આવશે નહિ. સમજાણું કાંઈ? આહા..!

'**किञ्चन वाञ्छति**' એટલે? '**કંઈક વિપરીતપણું માને છે.**' એમ એકપક્ષી કંઈક વિપરીતતા માને છે. મારે તો તદ્દન અવિનાશી જ રહેવું છે. પણ અવિનાશી રહેવું છે એ નક્કી કોણ કરશે? એ પર્યાયમાં નક્કી થાય કે અવિનશ્વર ધ્રુવમાં એ નક્કી થાય? તો પર્યાયમાં જે પર એટલો સ્વભાવ છે અનંત દ્રવ્યને જાણવાનો એને તો નાશવાન માનીને, અનિત્ય માનીને અશુદ્ધ માને છે, એને તો અશુદ્ધ માને છે. કહો! એનો અર્થ કે એ નાશવાન છે. પરને જાણે એટલો પર્યાય અનિત્ય છે માટે અશુદ્ધ છે, એમ. એમાંથી કાઢીને એકલો નિત્ય ધ્રુવ થઈ જાઉં. પણ શી રીતે થઈશ તું? સમજાણું કાંઈ?

'**એકાન્તવાદી જ્ઞાનને આવું કરવા ચાહે છે...**' સવારમાં તો આવ્યું હતું ને? ભગવાનઆત્મા આત્મા સિવાય અનંત પરપદાર્થના કામ તો ન કરે પણ અનંતને અનંતમાં અનંત એને

કામેય ન આવે. એટલી વાત તો ઠીક. હવે અહીં તો બીજી વાત પાછી આવી. હવે તો જ્ઞાનની વર્તમાન દશા જે કામ આવે એવી છે, જેમાં કાર્ય થાય છે, જે કામ થાય છે એમાં જ કામ થાય છે, કામ કાંઈ દ્રવ્યમાં થાતું નથી. શું વળી કામ થાય? આ શું હશે? ભાઈ! વસ્તુ ભગવાનઆત્મા સત્ ચિદાનંદ અનાદિઅનંત મહન્ત વસ્તુ મહાન પદાર્થ (છે) એની વર્તમાન દશા તેનું કામ છે. એ કામ આત્માનું એમાં થાય છે. એ કામ થાય છે એને પર્યાય કહે છે, ત્રિકાળ વસ્તુને દ્રવ્ય કહે છે. એ ત્રિકાળ વસ્તુમાંથી જે વર્તમાન અંશનું પરિણમન થયું, એમાં અનંત દ્રવ્યો જાણવા યોગ્ય પદાર્થને જાણવાનું કામ થયું એ તો પર્યાયનું કાર્ય–પર્યાયનો ધર્મ છે. એ કાર્યને કાઢી નાખવા માગે તો કારણ વસ્તુને પકડનારી પર્યાય તે રહેતી નથી. સમજાણું કાંઈ? થંભી જાય એવું છે ને! જરી વિચાર કરે તો થંભી જાય એવું છે. શું કહે છે આ તે?

ભાઈ! આ વસ્તુ છે ને? ભાઈ! વસ્તુ છે, મહાન પદાર્થ મોટો, આત્મપદાર્થ મોટો પદાર્થ મહાન છે. હવે એ મહાન પદાર્થ છે ધ્રુવ, એની વર્તમાન એની તળેટી એની પર્યાય–દશા કાંઈ છે કે નહિ? સમજાણું કાંઈ? એની અવસ્થા છે કે નહિ? હાલત છે કે નહિ? કે હાલત વિનાની એ ચીજ છે? હાલત વિનાની હોય તો હાલતમાં કાર્ય દેખાય (કે), આ વસ્તુ છે. હાલતમાં જણાય કે આ છે અને હાલતમાં જણાય કે આ છે. શું કીધું?

ભગવાન ચૈતન્યજ્યોત વસ્તુ છે એની વર્તમાન જ્ઞાન હાલતમાં આ પણ જણાય અને એ હાલતમાં આ એમ જણાય. વસ્તુમાં વસ્તુ ન જણાય. એ જ્ઞાનની પર્યાયની દશા છે એમાં પર જાણે છે એટલું છે એને આને જાણવા માટે કૂટસ્થ એકલું કરવા માગે છે, પણ એ પર્યાયનો સ્વભાવ જ અનંત દ્રવ્યને જાણવાપણે પરિણમવું એવો સ્વભાવ છે. એને કાઢી નાખીશ તો આને જાણનાર આ જે આમ છે એ પર્યાય ક્યાં ગઈ? આના જાણવાને કાઢી નાખવા માગતા આને જાણનાર એ પર્યાય છે હવે એ રહી તો નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ધંધાના વિચાર કરતો હોય તો -

ઉત્તર :– ધંધામાં શું કરતો હતો? એ તો રાગ-દ્વેષ કરે. ધંધામાં ધૂળેય કરતો નથી. ઇ તો કીધું નહિ સવારમાં? શું કર્યું એણે અનાદિથી? વિકલ્પો કર્યા. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ ને મેં કર્યું એમ માન્યું. કરે છે કોણ? ધૂળ. ત્રણકાળ ત્રણલોકમાં આત્મા આંખની પાંપણ ફેરવી શકે નહિ.

મુમુક્ષુ :– ક્યારે? માંદો હોય ત્યારે?

ઉત્તર :– અરે..! ત્રણે કાળે. માંદો શું, પરથી તો સદાય માંદો જ છે. આત્મા સદાય પરથી પાંગળો (છે). સમજાય છે કાંઈ? આ પાંપણ ફરવી એ જડની ક્રિયા, એ તો જડનો પદાર્થ છે, જડ પદાર્થ છે, પર અજીવ માટી છે, ધૂળ છે. એનું આમ ફરવું-હરવું એ આત્માથી થાય છે? એ તો પર છે. એની વાત તો અહીં છે જ નહિ. એનું જાણવાનું થયું એને કાઢી

નાખવા માગે તો નિર્મળ પર્યાય કાઢી નાખતા પર્યાયવાન ત્રિકાળ છે એને અનુભવી શકશે નહિ. જેટલું કાઢી નાખવા જેવું હોય એ કાઢે પણ જ્ઞાનનો પર્યાય કાઢી નાખવા જેવો છે? આહાહા..! અરે..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

**'જ્ઞાનને આવું કરવા ચાહે છે...'** હવે વિશેષ કહે છે. એ આત્માના જ્ઞાન–ધ્રુવને અજ્ઞાની એવું કરવા માગે છે. **'टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया'** આવા આશયથી જ્ઞાનને આવું કરવા માગે છે. **'સર્વ કાળ એકસરખી,...'** શું કહે છે? જુઓ! એક સમયની અવસ્થા છે ને? જ્ઞાનની એક સમયની દશા છે ને? એમાં આ જણાય છે ને? એની અશુદ્ધતામાં એ અનિત્યપણું એ અશુદ્ધતા જ માને છે. એને કાઢી નાખીને એક સમાન સર્વ કાળ એકરૂપ રહું. આ પલટવું શું? આ બદલવું શું? સમજાણું કાંઈ? એમ સર્વકાળ એક સમાન **'સમસ્ત વિકલ્પથી રહિત...'** આ ભેદથી રહિત. એ જ્ઞાનની પર્યાયમાં બધું જણાય એવો એક સમયનો પર્યાય, એવા ભેદથી રહિત.

**'જ્ઞાનવસ્તુના પ્રવાહરૂપ જીવવસ્તુ હો...'** ત્રિકાળ વસ્તુ એકરૂપ રહો. જ્ઞાન પદાર્થ **'विसराकार' 'પ્રવાહરૂપ જીવવસ્તુ હો એમ કરવાની અભિલાષા કરે છે.'** અજ્ઞાની એકરૂપ વસ્તુ ત્રિકાળ રહો અને એક સમયની અવસ્થા કાઢી નાખીને હું ધ્રુવ એકરૂપ રહેવા માગે છે. પણ એવી કોઈ વસ્તુ એકરૂપ રહે એવી છે નહિ. અવસ્થા સહિત એકરૂપ ત્રિકાળ રહે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો? ધર્મમાં તો હોય કે ભાઈ! આ વ્રત પાળો, દયા પાળો, ભક્તિ કરો, અપવાસ કરો, ચોવિહાર કરો, કંદમૂળ ન ખાવા ને એવું બધું (હોય). અરે..! સાંભળને હવે. ખાય કોણ ને પીવે કોણ? એ તો જડની ક્રિયા છે. સમજાણું કાંઈ? છોડે કોણ ને મુકે કોણ? એ તો પદાર્થ પર છે. એને હું છોડું એ જ મિથ્યાદૃષ્ટિ છે. એને હું જાણું એવો પર્યાય કાઢી નાખે તો મિથ્યાદૃષ્ટિ છે અને એ પર્યાય એને છોડે એવું પર્યાયધર્મમાં નથી.

પરવસ્તુને છોડું એવો જ્ઞાનની પર્યાયનો ધર્મ નથી. એને જાણવાનો ધર્મ છે. આ ગઈ, આ રહી, આ થઈ, આ તૂટી, આ ઉત્પાદ થયો, વ્યય થયો કે ટકી રહી. એમ જ્ઞાનની પર્યાયનો એને જાણવાનો સ્વભાવ છે. એને ઠેકાણે જ્ઞાનની પર્યાયને એમ કામ સોંપે (કે) આને છોડું, આને લઉં, આને દઉં, આને મુકું... મૂઢ છે. તારી જ્ઞાનની પર્યાયનો ધર્મ પણ તને ખબર નથી તો એક સમયનો ત્રિકાળ ધ્રુવ ભગવાન છે એના સ્વભાવની તને ખબર નથી. સમજાણું કાંઈ? કહો, 'જમુભાઈ'!

વ્યાયામમાં મોટા મલિદા ઉપાડવા હોય ને? નાના છોકરાને આકરા પડે. મગદળ. લાકડાના ઉપાડે છે નહિ મોટા? પ્રેમ હોય તો ઇ બધું કરે. આમ (કરે), વળી આમ (કરે). આમ કરે ત્યારે ઊંચા થાય નહિતર એક સાથે આમ એકદમ ઊંચા કરવા હોય તો ન થાય એટલે થોડા હલાવે આમ. એમ જ્ઞાનની પર્યાયને બરાબર કસરતે હલાવવી જોઈએ. સમજાણું

કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન! હે આત્મા! ભાઈ! તારા સત્ સ્વરૂપની મર્યાદા એટલી છે, એટલી છે, એવી છે ને એમ છે કે, ત્રિકાળ ધ્રુવરૂપે રહેવું છતાં તે જ્ઞાનની એક સમયની દશામાં અનંત પરપદાર્થને જાણવું એ તારી પર્યાયની અવસ્થાનો મર્યાદા ધર્મ છે. એ મર્યાદા એટલે એની હદ જ એવી છે. એમાંથી તું આ અશુદ્ધ ગણીને કે ક્ષણિક ગણીને કે અનિત્ય ગણીને નિત્ય રહેવા માગીશ તો એ અનિત્ય ટળશે નહિ અને નિત્ય તને ખ્યાલમાં આવશે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એકલો જ્ઞાનમાર્ગ. પણ વસ્તુ જ્ઞાન છે. માર્ગ જ્ઞાન, કાર્ય જ્ઞાન, વસ્તુ જ્ઞાન, કારણ જ્ઞાન, કાર્ય જ્ઞાન. આહાહા..!

અજ્ઞાની પોતાના એકરૂપ સ્વભાવને કરવા માગતો અનેકપણાની વર્તમાન દશામાં અનેકપણે પરિણમનારું જ્ઞાન એને કાઢી નાખવા માગતો એ પોતાના આત્માને શ્રદ્ધામાં શૂન્ય કરે છે. સમજાણું? **'તેનું સમાધાન કરે છે સ્યાદ્વાદી...'** એ અજ્ઞાની આમ માને છે એની સામે સમ્યગ્દષ્ટિ, ધર્મી જીવ, કેવળજ્ઞાની પરમાત્મા કે સંતો કે સમ્યગ્દષ્ટિ જીવ ધર્મી એનું સમાધાન કરે છે. ભાઈ! તું ભૂલમાં પડ્યો છો, તારી દશા ભૂલમાં ચડી ગઈ છે. બીજું બધું તારું નહિ એમ અમે કહેતા. એના સંબંધીનું જ્ઞાનેય તારું નહિ એ તું અતિરેકમાં ચાલ્યો ગયો. સમજાણું કાંઈ? સમજાણું?

અમે તને એમ કહ્યું કે, ભાઈ! બીજાના કામ તારા નહિ, બીજી ચીજ તારી નહિ, બીજાને તારે કાંઈ સંબંધ નહિ. એમ અમે જ્યાં કહેતા તું પછી (કહે કે) બીજા સંબંધીનું જ્ઞાન પણ મારુ નહિ.

મુમુક્ષુ :– સામે જ્ઞેય પણ સરખું અને જ્ઞાન પણ સરખું.

ઉત્તર :– શેનું સરખું થયું? જ્ઞાનનો પર્યાય એ તો જાણવાનો સ્વભાવ થયો. જાણે છે બસ એટલું. સરખું ક્યાં? તે એક સમયમાં છે ને પેલી તો ત્રિકાળી ચીજ છે. પેલી મોટા ક્ષેત્રમાં છે ને અહીં તો એક સમયની પર્યાયના ક્ષેત્રમાં છે. કહો, સરખું ક્યાં છે આમાં? શું કીધું? જ્ઞાનની અવસ્થામાં અહીં આત્માનું જેટલું ક્ષેત્ર એટલામાં એ જ્ઞાનની અવસ્થા છે અને એ અવસ્થામાં તો આ મોટા મોટા ક્ષેત્રો, આવડા આવડા લાંબા મોટા બધાય જણાય છે. એ ક્ષેત્રમાં જ્ઞાન ગયું નથી. કહો, સમજાણું?

જુઓ! આ આંખમાં આ મોટા લીમડા દેખાય છે ને? ડુંગરા ઉપર જ્યારે ઉભો હોય છે (ત્યારે) કેટલું લાબું દેખાય? (આંખ) છે તો આટલામાં. આ લાબું દેખાય છે એવડો મોટો થઈ જાય છે આ? અને એવડું મોટું અહીં એ સંબંધીનું જ્ઞાન અહીં જણાય પણ એ વસ્તુ અહીં આવી ગઈ છે? તો તો આવડો મોટો થઈ જાય. આંખો મોટી આમ થઈ જાય. એને ખબર નથી કે, મારા ક્ષેત્રમાં મારી જ્ઞાનની અવસ્થા ક્ષેત્રમાં રહેવા છતાં મોટા ક્ષેત્રને જાણવા છતાં જ્ઞાનનો પર્યાય એ પરના ક્ષેત્રરૂપે થતો નથી. આહાહા..! એમ પરના દ્રવ્ય-ગુણ ને

પર્યાયને જાણવા છતાં પરના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે તે જ્ઞાન દશા થતી નથી. આ તો સરખું માનીને કીધું એટલે એનો જવાબ આપ્યો. એવી વસ્તુસ્થિતિ છે.

કહે છે, આવી અભિલાષા કરે છે એને અજ્ઞાની કહે છે. '**स्याद्वादी ज्ञानं नित्यं उज्ज्वलं आसादयति**' '**સ્યાદ્વાદી અર્થાત્ અનેકાન્તવાદી...**' એટલે કે વસ્તુ ધ્રુવ છે એને માને છે અને એક સમયની જ્ઞાનની પર્યાયમાં અનંત જણાય એવી પર્યાયને પણ માને છે. એ અનેકાન્તવાદી બેયને કબુલનારો. ત્રિકાળ વસ્તુને માનનારો અને વર્તમાન જ્ઞાનની અવસ્થામાં અનંતું જણાય એવો પણ મારો અનિત્ય ક્ષણિક પર્યાયધર્મ છે એને પણ માનનારો. એને અનેકાન્ત એટલે બેય ધર્મને (માનનારો), અનેક અંત (અર્થાત્) ધ્રુવ ને પર્યાય બેય ધર્મને માનનારો, એને અનેકાન્તવાદી કહે છે.

'**જ્ઞાનમાત્ર જીવવસ્તુને સર્વ કાળ એકસરખી, સમસ્ત વિકલ્પથી રહિત સ્વાદરૂપ અનુભવે છે;...**' પહેલે તો સિદ્ધાંત મુક્યો પછી એનું કારણ મુકશે. સમજાણું? શું કીધું? ધર્મી જીવ. અનેકાન્તવાદી એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ. જ્ઞાનમાત્ર એટલે વસ્તુ ત્રિકાળી આનંદકંદ છું એવું સર્વ કાળ એકસમાન મારું સ્વરૂપ છે અને '**સમસ્ત વિકલ્પથી રહિત...**' એટલે કે જ્ઞાનમાં પર જાણવા છતાં ત્રિકાળ નિત્યની અવસ્થાને પકડતું નિર્મળ જ્ઞાન સર્વ '**વિકલ્પથી રહિત...**' એ જ્ઞાન પર્યાય વિકલ્પ રહિત છે. પરને જાણવા છતાં એ અનિત્ય પર્યાયમાં વિકલ્પ આવ્યો નથી. જ્ઞાનની પર્યાયમાં પરનું જાણવા છતાં એ રાગ આવ્યો નથી. એવા '**સમસ્ત વિકલ્પથી રહીત સ્વાદરૂપ અનુભવે છે;...**' ભગવાનઆત્મા નિત્ય છું એનું વર્તમાન પર્યાયમાં અનંતનું જ્ઞાન હોવા છતાં એ રાગ વિનાનું છે એમ જ્ઞાન દ્વારા અંતર આત્માને પકડતા પર્યાયમાં અનંત આનંદનું વેદન થાય એને સમ્યગ્દર્શન કહે છે, એને ધર્મ કહે છે.

'**आसादयति**' છે ને? પેલામાં શું આવ્યું? જે નિત્ય વસ્તુ છે એની સમયની અવસ્થામાં અનિત્યપણું છે એ અનિત્યપણાને અશુદ્ધપણું માનતા એ વસ્તુના સ્વરૂપને સ્વાદમાં લેવું તે પરને જાણવા છતાં જ્ઞાનની પર્યાય નિર્મળ છે, એ નિર્મળ પર્યાયમાં પરવસ્તુને ભલે ન કાઢી નાખી પણ પર્યાય કાઢી નથી. એ પર્યાય દ્વારા આત્માને અનુભવવો જોઈએ એમ ન માનતા અશુદ્ધતા કાઢી નાખતા એને દુઃખનું જ વેદન એકલું રહે છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનીને મારી એક સમયની જ્ઞાન અવસ્થા બધાને જાણવા છતાં એ તો નિર્મળ જ જ્ઞાન છે, એ રાગ વિનાનું જ જ્ઞાન છે. રાગને જાણતું જ્ઞાન છતાં જ્ઞાન તો રાગ વિનાનું છે. એમ જાણતા એ નિર્મળ જ્ઞાન દ્વારા આત્માની દૃષ્ટિ કરીને નિર્મળ પર્યાયને આનંદને આસ્વાદે છે. એનું નામ અનેકાન્ત અમૃત કહેવાય છે. બહુ ઝીણું, ભાઈ!

વસ્તુની પર્યાયમાં નિર્મળતાની પર્યાય એને રાગ વિનાની જાણી છે, રાગ વિનાની છે. રાગનું જ્ઞાન ભલે હો. એવી પર્યાયને માનતો એ પર્યાય સહિત દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે એને અનુભવે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! જ્ઞાનને કેળવવું પડશે. આ રોટલી

કરે તો લોટને કેળવે છે. એમ ને એમ લોટ બાંધશે ને પાણી નાખીને પાધરા રોટલી વણવા નથી મંડતા. મંડે છે? કેળવો, નહિતર રોટલી સરખી નહિ થાય, એમ કહે. લોટમાં પાણી નાખીને બાંધો, ને કરો એમ ને એમ.

મુમુક્ષુ :– એની માં હોય કે સાસુ હોય એ...

ઉત્તર :– હા, એમ છે. માં હોય ને સાસુ એની શીખવે કે, આમ નહિ થાય, આ તો ખાખરા થાશે. એમ ને એમ કરવા જાઈશ તો ખાખરા થાશે, કેળવ તો રોટલી થાશે. ન્યાં એ તો કહેનારા હોય છે. એમ અહીં ભગવાન કહે છે, ભાઈ! તારા આત્માની પર્યાયમાં નિર્મળતા છે એ પરને જાણવું એ મલિનતા નથી. એટલી નિર્મળતા વડે આખો નિર્મળ ભગવાન તેને અનુભવ. એને પકડ એમ અહીં કહે છે, કેળવ એને. આહાહા..!

કહે છે, ધર્મી જીવ પરવસ્તુનું જાણવું એ મારો પર્યાય ધર્મ છે એમ જાણતો એ પર્યાય વિનશ્વર હોવા છતાં એ પર્યાયને નિર્મળ માની, જાણી છે. એથી ત્રિકાળ નિર્મળ ભગવાનઆત્માને પકડવા નિર્મળ પર્યાય જાય છે. તેથી એની પર્યાયમાં આનંદનો, શાંતિનો અનુભવ થાય છે એમ કહે છે. પણ એ પર્યાયમાં બીજાનું અશુદ્ધપણું જાણીને કાઢી નાખવા માગતા એ દ્રવ્યને પકડવાની શક્તિ ન રહી. એ એકલો મિથ્યાભ્રમ થઈ ગયો. ભ્રમ થઈ ગયો કે, હું પરથી છૂટો પડી ગયો, પરથી છૂટો પડી ગયો એવો ભ્રમ થઈ ગયો. એ ભ્રમણાને વેદે છે. સમજાણું કાંઈ?

હવે કહે છે, **'अनित्यतापरिगमे अपि' 'જો કે તેમાં પર્યાય દ્વારા અનિત્યપણું ઘટે છે.'** બાપુ! આ તો અમૃતના, અમૃતના શબ્દો છે. આ 'અમૃતચંદ્રાચાર્ય'ના અમૃત શબ્દો છે.

**વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;**
**ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.**
**વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;**
**ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ રે.**
**ચૈતન્ય સ્વામી, જાગી જોને રે તારા સ્વરૂપને.**

એ સ્વરૂપ તારું અલૌકિક છે, ભાઈ! તું જાગીને જો તો ખરો ક્યાં અડ્યો ક્યાં નો ક્યાં? આહાહા..! ભગવાનના અમૃત વચનો છે, હોં! આ 'અમૃતચંદ્રાચાર્ય'ના અમૃત વચનો. અરે..! પ્રભુ! તારી રમતમાં પર્યાયની રમત ભલે હો પણ એ રમતનો પર્યાય પણ નિર્મળ તારો છે, ભાઈ! હોં! રાગ વિના ને શરીર વિનાનો ભલે તેં માન્યો પણ એના જ્ઞાન વિનાનો માનવા જાઈશ તો આત્મા દૃષ્ટિમાં રહેશે નહિ. દૃષ્ટિમાં ભ્રમ રહેશે. ભ્રમણા રહેશે, ભગવાન દૃષ્ટિમાં નહિ આવે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એની એક સમયની અવસ્થામાં નિર્મળ પર્યાયને અનિત્યપણે ધર્મી જાણતો. છે ને? **'अनित्यतापरिगमे अपि'** ભલે ક્ષણિક અવસ્થા ક્ષણિક રહેનારી અનિત્યપણે પરિણમનારી એવી હોવા છતાં **'કેવો છે સ્યાદ્વાદી?' 'तत् चिद्वस्तु**

**'अनित्यतां परिमृशन्'** આહા..! જુઓ! પહેલામાં પણ આવ્યું હતું ને? **'परिमृशन्'** ન્યાં **'नित्योदितं परिमृशन्'** હતું. **'नित्योदितं परिमृशन्'**. અહીં **'अनित्यतां परिमृशन्'**. ભગવાનઆત્મા પોતાની નિર્મળ પર્યાય અનિત્ય હોવા છતાં નિર્મળ જ છે એમ અનિત્યતાને જાણતો **'પૂર્વોક્ત જ્ઞાનમાત્ર જીવદ્રવ્યને...'** ધ્રુવ વસ્તુને નિર્મળ પર્યાય દ્વારા **'વિનશ્વરરૂપ અનુભવતો થકો.'** શું કીધું? જીવદ્રવ્યને વસ્તુ તરીકે ત્રિકાળ અને **'અનિત્યપણે વિનશ્વરરૂપ અનુભવતો થકો.'** ભગવાન ધ્રુવ હોવા છતાં પર્યાયમાં અનિત્યપણે વિનશ્વરપણે અનુભવતો થકો, એ પોતાની આત્માની દશામાં વસ્તુને અનુભવતો પર્યાયના ક્રમમાં વિનશ્વર હોવા છતાં એને નિર્મળ જાણતો, વસ્તુને નિર્મળપણે અનુભવે છે. સમજાય છે? **'परिमृशन्'** લ્યો! અનિત્યને સમસ્ત પ્રકારે અનુભવે છે. કારણ કે અનુભવ તો પર્યાયનો છે ને? દ્રવ્યનો અનુભવ નથી. દ્રવ્ય તો કૂટસ્થ ધ્રુવ છે. પર્યાય નિર્મળ છે એમ જાણતો જીવ ધ્રુવને નિર્મળ પર્યાય દ્વારા અનિત્યને અનુભવે છે. સમજાણું કાંઈ?

અરે..! સાચી સમજણને મુકી એક કોર અને એ વિનાની... શું કહે છે માથે? આમ મૂકે ઇ. ઘરમાં શું કહેવાય? અભેરાઈ. એમ સાચી સમજણ મુકી અભેરાઈએ. આહા..! થઈ રહ્યું. વાતું બધી કરવા માંડ્યા કે, ધર્મ આમ થાય ને ધર્મ આમ થાય. હવે ક્યાંથી તને ધર્મ સૂઝશે પણ? કારણ કે, આત્મા તો જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે અને એનો પર્યાય પણ જ્ઞાન સ્વભાવ છે. સમજાય છે? એ જ્ઞાન સ્વભાવને અનિત્યપણે ધર્મી જાણતો નિત્યપણાની ચીજને અનિત્યપણા દ્વારા અનિત્યને અનુભવી રહ્યો છે. આહા..!

**'अनित्यतां परिमृशन्' 'વિનશ્વરરૂપ અનુભવતો થકો...'** વસ્તુ તો પર્યાયનો થાય છે ને? પર્યાય નિર્મળ છે. એ પર્યાય નિર્મળ છે. પરના જાણવારૂપ થવા છતાં એ તો મારા લક્ષથી થયેલી પર્યાય છે. એ કાંઈ પરલક્ષી થયેલી નથી. સમજાણું કાંઈ? **'શા કારણથી?'** કેવો અનુભવે છે? **'वृत्तिक्रमात्' 'પર્યાયના ક્રમના કારણે અર્થાત્ 'કોઈ પર્યાય થાય છે, કોઈ પર્યાય વિનશે છે'...'** ભાષા આવી. એક પર્યાય જાય ને એક પર્યાય આવે. પણ ક્રમથી ક્યાં છે એમાં? શબ્દ આવ્યો હતો ને? એ એક જ છે.

અહીં કહે છે, ભગવાનઆત્મા નિત્ય ધ્રુવ, એની એક સમયની અવસ્થા થઈ, બીજે સમયે ગઈ, બીજે સમયે નવી થઈ. પર્યાયમાં ક્રમ-ક્રમ પડે છે એમાં. વસ્તુ અક્રમ છે ત્રિકાળ. એક સાથે અનંત ગુણનો પિંડ ધ્રુવ (છે). પર્યાય સમય સમયમાં ક્રમે ક્રમે થાય છે, એક સાથે પર્યાય બધી થાય નહિ. એક સમયે થઈ, બીજે સમયે બીજી ને ત્રીજે સમયે ત્રીજી. ઓહો..! સમજાણું કાંઈ? આ વિષય જ એવો છે કે, ગમે એટલો જાડો કરવા જાય તો એની મર્યાદા પ્રમાણે થાય કે નહિ? વસ્તુ સૂક્ષ્મ છે, અરૂપી છે, એના ન્યાયો સૂક્ષ્મ ને ઝીણા હોય જ.

**'કોઈ પર્યાય થાય છે, કોઈ પર્યાય વિનશે છે...'** એટલે શું કહે છે? મૂળ તો ઉત્પાદ

ને વ્યય કહેવું છે. ઉત્પાદ-વ્યયરૂપ કહેવી છે ને? માથે પહેલી લીટીમાં કીધું હતું ને? ભગવાનઆત્મા સત્ ચિદ્રૂપે ધ્રુવ હોવા છતાં એની સમય સમયની પર્યાય, એક પર્યાય અવસ્થા ઊપજે એ બીજે સમયે નાશ થઈને બીજી ઊપજે. ક્રમસર ઊપજે તેને ક્રમસરમાં અનુભવે છે. ક્રમસર ઊપજે તેને જ્ઞાની ક્રમે ક્રમે પર્યાયને અનુભવે છે.

**'એવા ભાવના કારણે.'** એક પછી એક પર્યાય ઊપજે એવા પર્યાયના ભાવને કારણે. અવિનાશીમાંથી આ વિનશ્વરને અનુભવે છે એમ કીધું ને? વિનશ્વરને અનુભવે એમ કીધું ને? નાશવાન પર્યાયને અનુભવે એમ કીધું ને? કેમ નાશવાનને અનુભવે? કે, પર્યાય ક્રમસર થાય છે. એક સમયે થાય તે બીજે સમયે નાશ થાય છે. વિનશ્વર છે. તો એક સમયે થઈ તેને અનુભવી, બીજે સમયે થઈ તેને પહેલાની વિનશ્વર થઈને બીજાને અનુભવી. એમ ક્રમે ક્રમે પર્યાયનો અનુભવ ધર્મીને સમ્યગ્જ્ઞાનમાં દ્રવ્યના લક્ષે ક્રમે ક્રમે એક સમયમાં રહેનારી હોવા છતાં ક્રમે ક્રમે એનો ઉત્પાદ, એવો ક્રમે ક્રમે એનો અનુભવ (કરે છે). સમજાણું કાંઈ?

**'વિનશે છે' એવા ભાવના કારણે...'** એમ. આવા ભાવ. એવો ભાવ જ એવો જીવ પર્યાયનો સ્વભાવ છે. ભવન–પર્યાયનું એવું એક સમયે થવું ને બીજે સમયે નાશ થવું, બીજે સમયે થવું ને ત્રીજે સમયે નાશ થવું એવો જ એનો સ્વભાવ છે. ધ્રુવ વસ્તુ નિત્ય એકરૂપે રહે છે. પર્યાયનું તો એક પછી એક વિનશ્વર થવું, ઉત્પાદ થવો, વિનશ્વર (થવું), ઉત્પાદ થવો એવો જ એનો સ્વભાવ છે. જીવ એ રીતે વિનશ્વર થાય છે. એક સમયે થયો તેનો અનુભવ, વિનશ્વર થયો તો બીજાનો થયો તો બીજો અનુભવ. એવા પર્યાયને – વિનશ્વરને અનુભવે છે. ક્યે કારણે? એક પછી એક ઠરે છે માટે.

**'ભાવાર્થ આમ છે કે પર્યાય દ્વારા જીવવસ્તુ અનિત્ય છે એમ અનુભવે છે સ્યાદ્વાદી.'** લ્યો! સરવાળો કર્યો. વસ્તુ દ્રવ્યે–વસ્તુએ નિત્ય છે છતાં અવસ્થા દ્વારા અનિત્ય છે. એ અનિત્યને અનુભવે છે. અનુભવ અનિત્યનો હોય, નિત્યનો અનુભવ હોય નહિ. આ શું વળી અનુભવ નિત્યનો ન હોય ને અનિત્યનો હોય? ભાષા પણ કોણ જાણે ક્યા ઘરની હશે આ? ગ્રેક લિટન જેવી લાગે. અરે..! આ તો એના ઘરની મૂળની વાતું છે પણ એણે કોઈ દિ' મારી કરીને સાંભળી નથી. આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા પોતાની અનિત્ય પર્યાય હોવા છતાં નિર્મળ જ છે, મલિન નથી એમ જાણીને વીતરાગ સ્વભાવી આત્મા તરફ લક્ષ રાખીને જે નિર્મળ પર્યાય થઈ એને અનુભવે છે. **'એમ અનુભવે છે સ્યાદ્વાદી.'** લ્યો! ચૌદ બોલ થયા. અનેકાન્તના ચૌદ બોલ આજ પૂરા થયા. ઘણા દિ'થી ચાલતા હશે. કેટલા દિ' (થયા)? ખબર નહિ, જેણે શરૂ કર્યું હશે તેને ખબર હશે. ૧૮ દિવસ થયા એમ ને? કેટલા દિ' થયા? બાવીસ દિ' થયા. ઠીક! કહો, સમજાણું આમાં? હવે શ્લોક સોળમો કહે છે. એ ચૌદ શ્લોક પૂરા કર્યા, પંદરમો શ્લોક શરૂઆતનો પહેલો હતો. સ્યાદ્વાદિ શુદ્ધિ અર્થમ્ એવો પહેલો (શબ્દ) શરૂઆત(માં) હતો. ચૌદ

વચ્ચે મુક્યા, સોળમો એનો સરવાળાનો છે. એથી સત્તરમો એથી સરવાળાનો. એમ કરીને અધિકાર પૂરો કરશે.

( અનુષ્ટુપ )

**इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।**
**आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।१६-२६२।।**

**ખંડાન્વય સહિત અર્થ :– ''इति अनेकान्तः स्वयम् अनुभूयते एव'' ( इति ) પૂર્વોક્ત પ્રકારે ( अनेकान्तः ) સ્યાદ્વાદ ( स्वयम् ) પોતાના પ્રતાપથી બલાત્કારે જ ( अनुभूयते ) અંગીકારરૂપ થાય છે, ( एव ) અવશ્ય. કોને અંગીકાર થાય છે ? ''अज्ञानविमूढानां'' ( अज्ञान ) પૂર્વોક્ત એકાન્તવાદમાં ( विमूढानां ) મગ્ન થયા છે જે મિથ્યાદષ્ટિ જીવો તેમને. ભાવાર્થ આમ છે કે સ્યાદ્વાદ એવો પ્રમાણભૂત છે કે જેને સાંભળતાં માત્ર જ એકાન્તવાદી પણ અંગીકાર કરે છે. કેવો છે સ્યાદ્વાદ ? ''आत्मतत्त्वम् ज्ञानमात्रं प्रसाधयन्'' (आत्मत्त्वम्) જીવદ્રવ્યને ( ज्ञानमात्रं ) ચેતના-સર્વસ્વ ( प्रसाधयन् ) એમ પ્રમાણ કરતો થકો. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સ્યાદ્વાદ સાધી શકે છે, એકાન્તવાદી સાધી શકતો નથી. ૧૬-૨૬૨.**

( અનુષ્ટુપ )

**इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।**
**आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।१६-२६२।।**

**'इति अनेकान्तः स्वयम् अनुभूयते एव'** **'પૂર્વોક્ત પ્રકારે...'** પૂર્વ ઉક્ત એટલે ચૌદ બોલમાં કહ્યા તે પ્રકારે. પૂર્વ ઉક્ત–પૂર્વે કહ્યું તે પ્રકારે. ચૌદ બોલમાં કહ્યું. લ્યો! લગભગ આ બાવીસ દિ'થી ચાલે છે, કહે છે. આ ચૌદ બોલ. સમજાણું કાંઈ? **'अनेकान्तः'** **'સ્યાદ્વાદ...'** એટલે વસ્તુ દ્રવ્યે એક છે, ગુણ-પર્યાયે અનેક છે, સ્વથી તત્ છે, પરથી અતત્ છે, સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે, પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી, નિત્ય પણ છે, અનિત્ય પણ છે એવા ચૌદ બોલ થયા. લ્યો! ચૌદ બોલ કહેવામાં મિનિટ થઈ અને દિવસ થયા ૨૬.

ઓહો..! કહે છે, એ **'સ્યાદ્વાદ...'** અને **'स्वयम् अनुभूयते'** એ વસ્તુ કહેતા જ સ્વથી છે, તત્ છે, નિત્ય છે અને એમ કહેતા પોતાથી જ **'પોતાના પ્રતાપથી બલાત્કારે જ અંગીકારરૂપ થાય છે,...'** અનેકાન્તપણું જ વસ્તુમાં સિદ્ધ થઈ જાય છે. એક છે એમ કહેતા જ ગુણપણે

અનેક છે. તત્ કહેતા તે પરથી નથી, પોતાપણે છે અને પરથી નથી. વસ્તુ છે પોતાથી એમ કહેતા જ પરવસ્તુથી નથી. એમ આત્મા સ્વક્ષેત્રે છે એમ કહેતા જ પરક્ષેત્રથી નથી. પોતાના સ્વકાળે છે એ પરથી નથી. પોતાના ગુણે છે એ પરગુણથી નથી, નિત્ય છે તે ક્ષણિક અનિત્ય પણ પર્યાયથી (છે). દ્રવ્યે નિત્ય ને પર્યાયે અનિત્ય. એમ અનેકાન્તપણું અંગીકાર થાય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ સાર કીધો ને! આ સારની જ ગાથા કીધી. એ વસ્તુ કોઈ પણ રીતે એક કહેતા બીજા બોલો સાથે હોય છે. એમ અનેકપણું વસ્તુ જ પોતે અંગીકાર કરાવે છે. અનેકાન્ત સ્વભાવ જ પોતે અનેકાન્તને અંગીકાર કરાવે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પોતાના પ્રતાપથી...'** **'स्वयम्'**ની વ્યાખ્યા આ કરી. **'પોતાના પ્રતાપથી બલાત્કારે...'** જોરથી એક છે તે અનેક છે, તત્ છે તે અતત્ છે, સ્વથી છે તે પરથી નથી એમ પોતાના બળથી, પ્રતાપથી, જોરથી અનેકાન્તપણું અંગીકાર કરાવે છે. **'अनुभूयते' 'एव' 'અવશ્ય.'** જરૂર ભગવાનઆત્મા છે એમ કહેતા છે, એ પરથી નથી. એમ એ છે એમાં અનેકાન્તપણું આવી જાય છે. છે ત્યારે એને કહેવું પડ્યું, 'છે' બધાથી નથી. પોતાથી છે, પરથી નથી. એમ છે કહેતા પરથી નથી એવું અનેકાન્તપણું એમાં આવી જાય છે. ઇ એવું જ એ વસ્તુના સ્વભાવમાં બળ છે એમ કહે છે. છે મારાથી, એમાં બીજી અપેક્ષા રહી ગઈ (કે) પરથી નથી. છે કહેતા જ પરથી નથી એવું અનેકાન્તપણું એમાં આવી જાય છે, ના પાડે તોય આવી જાય છે. આહાહા..!

હું આ રહ્યો. એમ કહ્યું ને ક્યાંક? હું આ રહ્યો એટલે કે મારા સિવાય બીજા બહાર છે. હું આ રહ્યો એમ કીધું ને? આ રહ્યો એમ કહેને ક્યાંક? એલા ક્યાં છો? કે, મારી પાસે છું. એમ નથી કહેતા અત્યારે ક્યાંક? એના સિવાય બીજા બહાર રહી ગયા. એ છે એનાથી બીજા બહાર રહી ગયા. એ છે કહેતા જ બહાર રહી ગયા એમ આવે છે. એમ આત્મા છે. છે જ કહેતા બીજા અનંત પદાર્થથી નથી. એવું છે અને નથી એવું જ અનેકાન્તપણું વસ્તુનું સ્વરૂપ અંગીકાર વસ્તુ કરાવે છે. સમજાણું કાંઈ? **'કોને અંગીકાર થાય છે?'** એ વિશેષ વાત છે. અજ્ઞાનીને પણ આવી વસ્તુઓ સિદ્ધ કરી દે છે. વિશેષ કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૫, સોમવાર તા.૨૭.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૬૨ થી ૨૬૪. પ્રવચન - ૨૮૨**

સ્યાદ્વાદ કહો કે અનેકાન્ત કહો. અહીં અત્યારે એ અપેક્ષાએ વાત છે. અનેકાન્ત એટલે શું? કે, એક આત્મા છે એને જ્ઞાનમાત્ર કહ્યો છતાં એ જ્ઞાનમાત્ર જ છે એમ નહિ. એને જ્ઞાનમાત્ર કહેતા જ જ્ઞાનસ્વરૂપ છે ને બીજા સ્વરૂપે નથી. જ્ઞાનમાત્ર કહેતા તત્‌રૂપે છે ને જ્ઞેયરૂપે નથી, જ્ઞાનમાત્ર કહેતા જ્ઞાન નિત્ય પણ છે અને અવસ્થાએ પલટે પણ છે. એમ જ્ઞાનમાત્ર કહેતા એમાં અનેકાન્ત ધર્મ સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :– અનેકાંત સિદ્ધ થઈ ગયું.

ઉત્તર :– સિદ્ધ થઈ ગયું. આત્મા જ્ઞાનમાત્ર છે. સમજાય છે? જુઓ! જ્ઞાનમાત્રની વ્યાખ્યા કરી છે–ચેતના સર્વસ્વ. છે ને? આ આત્મા છે ને એ જ્ઞાનમાત્ર ભગવાને કહ્યો. ત્યારે કોઈ કહે કે, જ્ઞાનમાત્ર કહે એ તો એક જ ધર્મ રહી ગયો એને એકાન્ત થઈ ગયું, એમાં અનેકાન્ત વીતરાગ માર્ગ તો અનેકાન્ત છે. અનંત ધર્મોને સિદ્ધ કરે એવું તત્ત્વ છે. તો જ્ઞાનમાત્ર કહેતામાં અનેક ધર્મ તો અનેક ક્યાંથી આવ્યા? ત્યારે આ ચૌદ બોલ કહ્યા એમાં એ આવી ગયું. જો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ જ જ્ઞેયસ્વરૂપે જાણવા યોગ્ય પદાર્થરૂપે નથી. જુઓ! તત્-અતત્ ધર્મ થઈ ગયો અંદર. સમજાણું કાંઈ? આમાં તત્-અતત્ શું? એ.. 'નેમીદાસભાઈ'! આમાં દયા પાળવી એ તત્ હોય, ન પાળવી અતત્ તો તો સમજ્યા. આ વળી તત્, અતત્ શું હશે?

એને વસ્તુ શું છે? આ વસ્તુ છે. આત્મા શરીર, કર્મથી ભિન્ન એક વસ્તુ છે એને અહીંયાં ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ અનંત ધર્મવાળી કહી છે. અનેક એટલે અનંત ને અંત એટલે ધર્મ. ધર્મ એટલે સ્વભાવ, ધર્મ એટલે સ્વભાવ. ધર્મ એટલે આ સમ્યગ્દર્શન ને જ્ઞાન એ અહીંયાં વાત નથી.

અહીં તો વસ્તુ જે છે એને જ્ઞાનમાત્ર ભગવાને કીધી. આત્મા જ્ઞાન સ્વરૂપ છે. ત્યારે શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે, ભગવાન તો એમ કહેવા માગે છે કે, દરેક વસ્તુમાં અનંત ગુણ અને ધર્મ છે. તો જ્ઞાનમાત્ર કહેતા એકાન્ત નથી આવી જતું? સમજાય છે કાંઈ? તો ઉત્તર આપ્યો કે, ના, એકાન્ત આવતું નથી. જ્ઞાન વસ્તુ આત્મા ચૈતન્ય ધ્રુવ આત્મા છે એમ કહેતા જ એ કર્મ, શરીર આદિ અથવા રાગ-દ્વેષ આદિ જે જાણવા યોગ્ય જ્ઞેય છે તે પણે એ નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય સૂર્ય ભગવાનઆત્મા જ્ઞાન સૂર્ય એ આત્મા એમ કહેતા જ જ્ઞેય જે રાગ-દ્વેષ શરીર, વાણી, મન આદિ જણાવાયોગ્ય વસ્તુ એ પણે એ નથી. થઈ ગયા બે ધર્મ, જુઓ! જ્ઞાનપણે છે તત્ અને જ્ઞેયપણે અતત્. અને જ્ઞાનમાત્ર કહેતા પોતાનું દ્રવ્યપણે જ્ઞાન છે અને પરદ્રવ્યપણે એ નથી. જ્ઞાનમાત્ર કહેતા એ જ્ઞાન પોતાના સ્વક્ષેત્ર પ્રમાણમાં છે અને પરક્ષેત્રથી નથી. કારણ કે, વસ્તુ હોય એ દ્રવ્ય છે, એની પહોળાઈ છે, એની શક્તિ છે ને એની અવસ્થા છે. ત્યારે વસ્તુને જ્યારે જ્ઞાનમાત્ર કીધું તો એ જ્ઞાન દ્રવ્ય વસ્તુ, વસ્તુ તરીકે એકરૂપ જ્ઞાયક (છે). એ એમ કહેતા જ પરદ્રવ્ય શરીર, કર્મ આદિથી (નથી). દ્રવ્ય પોતાથી છે સત્ ને પરથી છે અસત્. એમ બે ધર્મ એમાં સિદ્ધ થાય છે.

એમ જ્ઞાનમાત્ર કહેતા પોતાનું જે ક્ષેત્ર–સ્વક્ષેત્રની પહોળાઈ છે એ પ્રમાણે છે, પરક્ષેત્રપણે એ નથી. એ બે ધર્મ થઈ ગયા. જ્ઞાનમાત્ર કહેતા એના ગુણોનો શક્તિરૂપ ભાવ તે છે અને બીજા દ્રવ્યોના શક્તિરૂપ ભાવપણે નથી, એ બે ધર્મ થઈ ગયા. આ સ્થૂળપણે કહીએ છીએ, અંદરમાં જરી બીજી વાત છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનમાત્ર કહેતા ત્રિકાળ એકરૂપ જ્ઞાન છે, પરની અવસ્થાના કાળરૂપે એ નથી. સમજાણું કાંઈ?

બીજી રીતે હવે. એના ચાર બોલ જે ઊતાર્યા છે એ રીતે લઈએ. જ્ઞાનમાત્ર આત્મા કહેતા એકરૂપ વસ્તુપણે આત્મા અસ્તિ છે અને એના ભેદ, ભેદનો અંશ એને સવિકલ્પ અવસ્થાથી જ્ઞાન અને જ્ઞાની એવો ભેદ વિચાર કરવો એ પરદ્રવ્ય છે. એ એકરૂપ જ્ઞાન તે પરદ્રવ્યથી નથી. એમ જ્ઞાનમાત્ર ક્ષેત્ર કહેતા, એકરૂપ ક્ષેત્ર જ્ઞાનનું છે એ રૂપે અસ્તિ છે. ઇ એક ક્ષેત્રના ભેદ લક્ષમાં લેવા કે આ ને આ, કે અસંખ્ય પ્રદેશ કે ભેદ, એ ભેદરૂપે વિકલ્પ કરતાં એ પરક્ષેત્ર થઈ ગયું. એકરૂપની અપેક્ષાએ ભેદ કરવો તે પરક્ષેત્ર થઈ ગયું. એ પરક્ષેત્રથી નથી અને સ્વક્ષેત્રથી છે. એમ આત્મા જ્ઞાનમાત્ર કહેતા ત્રિકાળ, ત્રિકાળ એકરૂપ જ્ઞાનસ્વરૂપ એ સ્વકાળે અસ્તિ છે અને એની એક સમયની અવસ્થાંતરનું લક્ષ લેતા એ પરકાળ થઈ ગયો. પરકાળનો ભેદ થઈ ગયો તે પરકાળરૂપે નથી. એ પણ બે ધર્મ થઈ ગયા. અને આત્મા જ્ઞાનમાત્રમાં અનંત ગુણ માત્ર ભાવરૂપે છે એમ કહેતા એકરૂપ છે અને એ ભાવના ભેદના વિકલ્પ વિચાર કરવા કે જ્ઞાનરૂપ છે કે દર્શનરૂપ છે એવો ભેદરૂપની અપેક્ષાએ એકરૂપ ભાવ તે ભેદની અપેક્ષાએ, ભેદની અપેક્ષાએ આ તો કહો. આ હવે ચાર બોલમાં આવ્યા તે આમાં શું કહેવું? ભેદની અપેક્ષાએ નથી. આ વાત આટલી ચાલ્યા પછી પૂછીએ છીએ. પણ મૂંઝાઈ જાય છે. કહો, સમજાણું આમાં? એ 'નેમિદાસભાઈ'! 'ધર્મચંદભાઈ' તો આમ થઈ જાય છે. કોણ જાણે શું હશે સામે? કેમ આવશે? પણ આટલા બોલ કીધા પછી પૂછ્યું.

ભાવ... ભાવ... ભાવ... સ્વરૂપે એકરૂપે છે. એ ભાવના બે પ્રકારે વિકલ્પથી ભેદ પાડવો એ રૂપે એ નથી. અને એ જ્ઞાનમાત્ર વસ્તુ કહેતા, જ્ઞાનમાત્ર કહેતા એ ધ્રુવ પણ જ્ઞાન

જ્ઞાન છે અને જ્ઞાનમાત્ર કહેતા જાણવાની જે દશા છે, જાણવાની દશા છે તે અનિત્ય છે. જ્ઞાનમાત્ર કહેતા વસ્તુ તરીકે ધ્રુવ છે પણ જ્ઞાનમાત્ર કહેતા જે જાણે છે અવસ્થા એ અનિત્ય છે. સમજાણું કાંઈ? આ ચૌદ બોલ કેટલા દિ' થયા? ૨૨ દિ'. આ ૨૨ દિ'નું થોડામાં કીધું આટલું, લ્યો!

**'इति अनेकान्तः'** હવે આવ્યું જુઓ! શું કીધું? **'इति अनेकान्तः स्वयम् अनुभूयते एव' 'इति'** નામ **'પૂર્વોક્ત પ્રકારે...'** આ કહ્યું અત્યારે એ રીતે. કહો, 'જમુભાઈ'! ઘરની વાત યાદ ઘણી રહે એને. આ ચૌદ બોલો કહ્યા એ આદિ. **'इति'** એ પૂર્વોક્ત. પૂર્વે ઉક્ત નામ કહ્યા પ્રકારે. **'अनेकान्तः'** એટલે **'સ્યાદ્વાદ...'** એટલે જ્ઞાનમાત્ર એમ કહેતા જ એમાં અનંત–અનેક ધર્મ સિદ્ધ થઈ જાય છે. આ કીધા એ અપેક્ષાએ. એ **'स्वयम् अनुभूयते' 'પોતાના પ્રતાપથી બલાત્કારે જ અંગીકારરૂપ થાય છે,...'** એ જ્ઞાનમાત્ર ભગવાનઆત્મા કહેતા એમાં બલાત્કાર અનેકરૂપ એ જ્ઞાનમાત્ર કહેતા સ્વયં અનેકાન્ત ધર્મો સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

વસ્તુ પોતાના પ્રતાપથી સ્વયં. ચૈતન્ય છું, ચૈતન્ય છું એમ કહેતા ચૈતન્ય છું એના સ્વભાવથી એના પ્રતાપથી, અસ્તિત્વના બળથી અનેક ધર્મો એમાં સિદ્ધ થઈ જાય છે. ધર્મ એટલે સ્વભાવ, શક્તિ. **'અંગીકારરૂપ થાય છે, અવશ્ય.'** એમ કહ્યું. જરૂર. ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપે છે એમ કહેતા એ જ્ઞાન સ્વરૂપનું કથનનો ભાવ જ્યાં કહ્યો એમાં જ અનંત ધર્મ સહેજે એમાં આવી ગયા છે. ત્યારે જ્ઞાન સ્વરૂપ છે એમ સાબિત થાય છે.

**'અંગીકારરૂપ થાય છે, અવશ્ય. કોને અંગીકાર થાય છે?'** એમ કહે છે. એવું જ્ઞાનમાત્ર સ્વરૂપ ભગવાનઆત્મા અનંત અનેકાન્ત ધર્મવાળું, સ્વભાવવાળું તત્ત્વ કોને અંગીકાર થાય છે? કે, **'अज्ञानविमूढानां' 'પૂર્વોક્ત એકાન્તવાદમાં મગ્ન થયા છે જે મિથ્યાદૃષ્ટિ જીવો તેમને.'** જે કોઈ એમ માને કે, જ્ઞાનમાત્ર છે, એ જ્ઞાનમાત્ર છે એ જ્ઞેયથી, પરથી પણ છે. જ્ઞાનમાત્ર છે એકલું ધ્રુવ જ છે ને અધ્રુવ નથી. જ્ઞાનમાત્ર છે એ ધ્રુવ અનિત્ય જ છે, નિત્ય નથી. જ્ઞાનમાત્ર છે એ અસ્તિ છે, સ્વથી અસ્તિ છે ને પરથી નાસ્તિ એમ નથી માનતા એવા એકાન્તવાદીઓને આ રીતે જ્ઞાનમાત્ર કહેતા એના સ્વભાવોની સિદ્ધિ અનેકપણે કરતાં અજ્ઞાનીને અંગીકાર થાય છે. અજ્ઞાની પણ એને કબુલે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'अज्ञानविमूढानां' 'પૂર્વોક્ત એકાન્તવાદમાં...'** વિમૂઢ. જોયું? **'મગ્ન થયા છે...'** એમ. વિમૂઢ થઈ ગયા, મગ્ન થઈ ગયા. આત્મા તો એક સમય પૂરતો જ છે કાં એકલો ધ્રુવ જ છે કાં તત્ સ્વરૂપે જ છે, પર સ્વરૂપે નથી કાં પર સ્વરૂપે નથી અને તત્ સ્વરૂપે (છે). તત્ સ્વરૂપે નથી તો નથી જ. એમ જે એકાન્ત માનતા હતા એવા અજ્ઞાનીઓને પણ તે જ્ઞાનમાત્ર વસ્તુ કહેતા સ્વયં અનંત ધર્મવાળું તત્ત્વ અજ્ઞાનીને સિદ્ધ થાય છે. અજ્ઞાની પણ અંતર દૃષ્ટિએ કબુલ કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે સ્યાદ્વાદ એવો પ્રમાણભૂત છે...'** સ્યાદ્વાદ એવું કોઈ પ્રમાણ છે. અપેક્ષાથી દરેક ધર્મોને સિદ્ધ કરવાની કથન શૈલી અથવા અનેકાન્ત એનો સ્વભાવ એવું પ્રમાણ છે કે, **'જેને સાંભળતાં માત્ર જ એકાન્તવાદી પણ અંગીકાર કરે છે.'** સાંભળવામાત્રથી એને ખ્યાલ આવે કે, ઓહો..! આ તો વાત અનેકાન્ત છે. સમજાણું કાંઈ? આમાં મહા સિદ્ધાંત છે. જ્ઞાનમાત્ર કહેતાં જ એ રાગ-દ્વેષ અને શરીર, કર્મપણે નથી એવો સ્વભાવ અજ્ઞાનીને પણ સિદ્ધ થઈ જાય છે. જ્ઞાનમાત્ર કહેતા જે જ્ઞાન જે વડે જણાણું એ અનિત્ય સિદ્ધ થાય છે અને જણાવાયોગ્ય વસ્તુ આખી તે નિત્ય સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– .. કહેવું પડશે ને કે સાંભળવાથી અંગીકાર કરી લેવું?

ઉત્તર :– ઇ અંગીકાર કરે છે ત્યારે સાંભળ્યું કહેવાય છે. એ... 'ભીખાભાઈ'!

અહીં તો એમ કહે છે કે, આ આત્મા જ્ઞાનસ્વરૂપ જે એક પક્ષી એકાન્ત માનતો હતો એને એમ જ્યાં કહ્યું... જ્ઞાનમાત્ર, જ્ઞાનમાત્ર. એટલે કોનાથી રહિત? જ્ઞાનમાત્ર એટલે શું? ત્યારે કોનાથી તું નહિ? પરથી નહિ. એમ કહેતા એના ખ્યાલમાં એ વાત આવી જાય છે. એના ખ્યાલમાં આવે છે ત્યારે એણે સાંભળ્યું કહેવાય છે. કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે કે, વસ્તુ જ એવી છે એમ સિદ્ધ કરે છે અહીં તો. જુઓ! માથે એમ કહ્યું હતું ને? એ વસ્તુ સ્વયં પોતાના પ્રતાપથી અંગીકાર થાય છે એમ કીધું છે. સાંભળવાથી નહિ એમ પાછું. પહેલું તો ઇ કીધું હતું. શું (કહ્યું હતું)? વાંચો પહેલા. **'પૂર્વોક્ત પ્રકારે સ્યાદ્વાદ અનેકાન્ત પોતાના પ્રતાપથી બલાત્કારે જ અંગીકારરૂપ થાય છે. અવશ્ય.'** જરૂર. એ વસ્તુ જ એવી છે, વસ્તુ એમ પોકાર કરે છે કે આ આત્મા જ્ઞાનસ્વરૂપ (છે) એમ કહેતા જ પરસ્વરૂપે નથી. એમ એને જ્ઞાનમાત્રનું જ્ઞાન થતાં જ એવો આશ્રય થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાન સ્વરૂપ (છું) એમ નક્કી કરે છે ત્યાં પર સ્વરૂપથી હટી જાય છે. એટલે પરસ્વરૂપે નથી એમ એમાં નક્કી થઈ જાય છે. એ વસ્તુ એમ નક્કી કરાવે છે એમ કહે છે. 'નેમીદાસભાઈ'! શું કીધું?

સ્વયં. જ્ઞાનમાત્ર કીધું. સાંભળનારને એમ થાય કે, ઓહો..! જ્ઞાન ધ્રુવ છે કાયમ અને હું જાણું છું એ તો પર્યાય છે, કાર્ય છે. એટલે પર્યાય સિદ્ધ થાય છે અને જણાવાયોગ્ય આખી ચીજ છે એ સિદ્ધ થઈ જાય છે. એ પોતે જ્ઞાનમાત્ર વસ્તુ કહેતા એ વસ્તુ એમ પોકારે છે એટલે એને સિદ્ધ થઈ જાય એમ કહે છે. 'ભીખાભાઈ'! એમ નથી કહ્યું પહેલું. લ્યો! જુઓ!

**'इति अनेकान्तः स्वयम् अनुभूयते एव'** પછી તો નિમિત્તથી કથન કર્યું છે. **'इति अनेकान्तः स्वयम् अनुभूयते एव'** એમ આત્મા પોતે જ્ઞાનમાત્ર જ્યાં જાણે છે એ જાણે છે, ઇ જાણે છે, જાણે છે કે, જ્ઞાનમાત્ર છું એમ કહેતા જ એ વસ્તુ એમ થઈ જાય છે કે જ્ઞાનમાત્ર છું એ જણાવા યોગ્ય જ્ઞેયથી નથી. એ જ્ઞાનમાત્ર છું એમ નક્કી કરતાં વસ્તુ પોકારે

છે કે, હું પરથી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાત્ર છું એમ કહેતા જ, જ્ઞાનમાત્ર કહેતા જ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તે રીતે છે ને બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપણે નથી. એ જ્ઞાનમાત્ર વસ્તુ એમ પોકારે છે, સ્વયં પોકારે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાનમાત્ર કહેતા છેલ્લા બે બોલ રહી ગયા ને? પહેલાં તત્-અતત્ કીધા. જ્ઞાનસ્વરૂપ ભગવાન, હું જ્ઞાનસ્વરૂપ છું. એ વસ્તુ પોતે જ્ઞાનસ્વરૂપ છું એમ જ્યાં જાણવાની પર્યાય થઈ તો એને ખ્યાલમાં આવ્યું કે, ઓ..હો..! આ તો પર્યાય તો અનિત્ય છે. સમજાય છે? પહેલી જાણવામાં નહોતું આવતું ને આ જાણવામાં આવ્યું તે પર્યાય પલટી ગઈ અને જાણવું આવ્યું કે જ્ઞાન ત્રિકાળ ધ્રુવ છે. એ જ્ઞાનમાત્ર કહેતા નિત્યાનિત્ય વસ્તુ પોતે સિદ્ધ કરી દે છે, સ્વયં વસ્તુ પોતે સિદ્ધ કરી દે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આ તો વીતરાગના શાસનના કાયદા છે. વિજ્ઞાનઘન, વિજ્ઞાન કેવળીનું વિજ્ઞાન છે. લોકોને એ વસ્તુ સાંભળવા મળે નહિ એટલે આમ કહે કે, અમે જ્ઞાન છીએ, અમે આત્મા છીએ. પણ આત્મા તું છો એમ શી રીતે તેં નક્કી કર્યું? શે વડે નક્કી કર્યું? શું લક્ષમાં લઈને નક્કી કર્યું? સમજાય છે? શેમાં રહીને નક્કી કર્યું? થઈ રહ્યું. શેમાં રહીને નક્કી કર્યું? શે વડે નક્કી કર્યું? પર્યાય વડે. શેમાં રહીને? કે, મારામાં રહીને. પરમાં રહીને નહિ, પરથી નહિ, પરદ્રવ્યથી નહિ, પરભાવથી નહિ. એ વસ્તુ જ એમ સ્વયં પોકારે છે એમ કહે છે. આહાહા..! કેમ, 'દેવાનુપ્રિયા'? અમારે વકીલ છે ને ભાઈ! એને પૂછવું જોઈએ ને પાછું. જુવાન માણસ છે, જુવાન. આ વસ્તુ એમ પોકાર છે, કહે છે. વસ્તુ એવી છે. આહાહા..!

**'इति'** સમજાય છે? **'अनेकान्तः स्वयम् अनुभूयते एव'** જુઓ! **'एव'** એટલે જરૂર. એમ કીધું પાછું. શું કીધું? આહા..! અરે..! એણે જરી વિચાર-ભૂમિકામાં એ વસ્તુ શું છે કોઈ દિ' લ્યે તો ખ્યાલ આવે ને? અહીં તો ભગવાન એમ કહે છે કે, ભાઈ! એને જ્યાં ખ્યાલમાં આવ્યું કે, આ જ્ઞાન, આ જ્ઞાન. એ જ્ઞાન ખ્યાલમાં આવ્યું તો એનો અર્થ કે ક્યાંકથી હું ખસી ગયો છું એટલે જ્ઞેયમાં હું નથી, આમાં હું છું. સમજાય છે? એટલે જ્ઞેયથી નથી ને આનાથી છું. ક્યાંકથી ખસ્યો છું એના તરફના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી, આમાં છું. હું જ્ઞાનમાત્ર છું એ વસ્તુ પોકાર કરે છે. જાણવાની અવસ્થા પહેલી હતી એ બીજી, બીજી થઈ જાય ઇ જાણે કે, આ જ્ઞાન. એ જાણવાની અવસ્થા અનિત્ય છે, વસ્તુ ત્રિકાળ નિત્ય છે. એ જ્ઞાન સ્વયં પોતે પોતાના અનેકાન્ત ધર્મને સિદ્ધ કરે છે જરૂર... જરૂર... જરૂર. એમ કહે છે. જુઓ! **'પોતાના પ્રતાપથી બલાત્કારે જ 'अनुभूयत' અંગીકારરૂપ થાય છે, જરૂર.'** સમજાય છે? પછી એનો હજી સાંભળવામાં ખુલાસો કર્યો.

**'अज्ञानविमूढानां'** કોને? કોને? કે, **'પૂર્વોક્ત એકાન્તવાદમાં મગ્ન થયા છે...'** એક જ પક્ષમાં એને ખ્યાલ (છે). માને કે, આત્મા છું, આત્મા છું. પણ એ આત્મા છું એ કઈ

રીતે છે એનો એને ખ્યાલ નહોતો. આત્મા છું. છું, પરથી નથી. બસ! **'अज्ञानविमूढानां'** જીવને આત્મા જ્ઞાનમૂર્તિ એમ કહેતા જ એના ખ્યાલમાં વસ્તુ પોકારે છે. જ્ઞાનમાત્ર છું, પરરૂપે નથી. જુઓ તો ખરા કેટલું સિદ્ધ કરે છે! અહીં તો હજી આત્મા આત્મા કરે ને વળી પાછો રાગવાળો ને કર્મવાળો ને શરીરવાળો ને... એને કહે છે કે, સમજતો નથી. સમજાણું કાંઈ?

વસ્તુ આમ કહેતા, ભગવાનઆત્મા છે એમ કહેતા જ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પર વસ્તુ, બાયડી, છોકરા, કુટુંબ, બધા આત્માઓ, બધા રજકણો, ધૂળ, પુદ્ગલ એમાં નથી, એ વડે નથી, એના કાળે નથી, એના ક્ષેત્રે નથી, એની શક્તિએ નથી. સમજાણું કાંઈ? ભાઈ! જરીક મગજને કેળવવું તો પડે કે નહિ? કેળવ્યા વિના શી રીતે થાય? શું થાય એમાં? આ તો માર્ગ જ્ઞાનમાર્ગ છે. સમજાય છે? 'જ્ઞાન માર્ગ નિષેધતા તે ક્રિયાજડ અહીં' આવ્યું છે ને? વસ્તુનું સ્વરૂપ શું છે એની સમજણ કરે નહિ અને સમજણ વિના આ કરો, આ કરો. શું પણ? એ જેને કરવા માગે છે એ જડની ક્રિયા એની છે નહિ અને એ તરફનો જે વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપનો એ પણે આ જ્ઞાનસ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્યસૂર્ય (છે એમ) ભગવાનના મુખમાં નીકળ્યું. એમ નીકળ્યું ને પેલાને સામે સાંભળતા એમ થાય કે, ઓહો..! હું તો વસ્તુ છું, ચૈતન્યસૂર્ય છું. અને હું એ રાગ-દ્વેષરૂપી આસ્રવતત્ત્વ અને કર્મ શરીર આદિ અજીવતત્ત્વ એ પણે હું નથી, એ પણે હું નથી. મારામાં હું છું એ મારી વર્તમાન પર્યાયથી જ જાણવા લાયક થયો છું. કોઈ રાગથી કે સંયોગથી જાણવા લાયક નથી. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ ટૂંકા શબ્દોમાં એટલું ભર્યું છે! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ દેવ, એનો કહેલો પદાર્થ એ વસ્તુ તે અલૌકિક વસ્તુ છે. સમજાણું કાંઈ?

**'अज्ञानविमूढानां'** પરથી હું છું, મારાથી નથી એવા જે ભાવવાળો અજ્ઞાની જીવ એને પણ આમ એક વાર વિચારમાં જ્ઞાન ભગવાનઆત્મા છે એમ જ એના લક્ષમાં આવતા આ અનંત ધર્મવાળો એ સ્વયં દ્રવ્યમાં પડેલી શક્તિવાળું તત્ત્વ તેને જ્ઞાનમાં સિદ્ધ થઈ જાય છે અને દ્રવ્યને એ રીતે અંગીકાર કરે છે. અંગીકાર કરનાર પર્યાય છે, અંગીકાર કરવા લાયક ત્રિકાળ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

**'સ્યાદ્વાદ એવો પ્રમાણભૂત છે...'** એ સ્યાદ્વાદ એટલે વસ્તુ એવી કોઈ પ્રમાણ સિદ્ધ છે એમ કહે છે. સ્યાદ્વાદ તો કથન છે પણ વસ્તુ એવી કોઈ પ્રમાણ છે, પ્ર-માણ (અર્થાત્) માપમાં આવવા યોગ્ય દ્રવ્ય ને પર્યાય એવી જ કોઈ ચીજ છે **'કે જેને સાંભળતાં માત્ર જ એકાન્તવાદી પણ અંગીકાર કરે છે.'** સાંભળવામાત્રથી એને કહે છે કે, ઓહો..! આમ કહેતા હતા કે, અમે આત્મા બધા થઈને એક છીએ. અહીં તો આત્મા એનામાં એકાગ્ર દેખાય છે. સમજાણું કાંઈ? શું કીધું? આમ જ્ઞાનમાત્ર છે એમ કહેતા જ આમ એકાગ્ર (થયો) તો આટલા ક્ષેત્રમાં જ્ઞાન એકાગ્ર થાય છે. સમજાય છે? આમ એકાગ્ર થતો નથી. એટલે

પરક્ષેત્રથી નિરાળો આટલા ક્ષેત્રમાં છે એમ નક્કી થાય છે. આટલા ક્ષેત્રમાં અનંત શક્તિવાળું તત્ત્વ–ભાવ છે એમ નક્કી થઈ જાય છે. આટલા ક્ષેત્રમાં મારી પર્યાયનું પરિણમન એટલા જ ક્ષેત્રમાં પરિણમન ને એટલા જ ક્ષેત્રમાં ત્રિકાળ, બેય મારા આટલા ક્ષેત્રમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવો છે સ્યાદ્વાદ?'** **'आत्मतत्त्वम् ज्ञानमात्रं प्रसाधयन्'** લ્યો! **'એ જીવદ્રવ્યને...'** જીવદ્રવ્ય ભગવાનઆત્મા–આત્મતત્ત્વ. એને **'ज्ञानमात्र'** **'ચેતના-સર્વસ્વ...'** ભાષા જુઓ! માત્રની વ્યાખ્યા કરી. ચેતના જ્ઞાનમાત્ર. જ્ઞાન એટલે ચેતના, ચેતના, જાણવું-દેખવું... જાણવું-દેખવું... જાણવું-દેખવું... માત્ર સર્વસ્વ. એટલે શું કહ્યું? ભગવાન એકલો જ્ઞાનમાત્ર સર્વસ્વ. એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીર-વાણી બિલકુલ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? સર્વસ્વ આખું પોતે, આખું પોતે. ચૈતન્યમાત્ર જ્ઞાન એમાં બધા અનંત ગુણો ભલે સાથે (હોય). અહીં તો જ્ઞાન સર્વસ્વ બધું તે. એમ જીવદ્રવ્યને આ રીતે (પ્રમાણ કરે છે). જીવ છે એ દ્રવ્ય અને ચેતના છે એનો સ્વભાવ. સમજાણું કાંઈ? **'आत्मतत्त्वम् ज्ञानमात्रं'** બે બોલ લીધા ને? ભગવાનઆત્મા એ જીવદ્રવ્ય એ ચેતના-સર્વસ્વ. જ્ઞાન, જ્ઞાન–જાણનાર તે સર્વસ્વ. **'प्रसाधयन्'** **'એમ પ્રમાણ કરતો થકો.'** એમ નક્કી કરતો થકો વસ્તુ પ્રમાણ સિદ્ધ કરી દે છે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ થઈ ગયો.

ઉત્તર :– પ્રત્યક્ષ થઈ ગયો. આહાહા..! 'જુગરાજજી'! શેઠિયા આવે તો રાજી થાય છે ને! હવે લોટરી લાગી છે, કહે. આ વસ્તુ દેખો! આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરની કથનપદ્ધતિ જ એવી કોઈ છે કે એક શબ્દનો ધ્વનિ ઉઠે કે–આત્મા. એ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ. એટલે એનો અર્થ થઈ ગયો કે પુણ્ય-પાપ સ્વરૂપ નહિ. દયા, દાન ને વિકલ્પ ઉઠે એ રૂપે નહિ, કર્મ, શરીરરૂપે નહિ, બીજા આત્માઓ પણે નહિ. આહાહા..! આચાર્યોની પદ્ધતિ પણ ગજબ કરી છે! સંતો દિગંબર સંતો, દિગંબર મુનિઓએ વસ્તુની પ્રાપ્તિ કરીને વિકલ્પ દ્વારા પણ કથનની પદ્ધતિ એવી પૂર્ણ સ્વરૂપને સિદ્ધ કરે એવી પદ્ધતિ છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા એટલે તું કોણ? કહે છે કે, **'ચેતના સર્વસ્વ...'** તું કોણ? હું **'ચેતના સર્વસ્વ...'** આખું જ્ઞાન ને દર્શન સ્વરૂપ તે મારું બધું હું. એમ કહેતા જ એમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વ્યવહાર વિકલ્પ આદિ (એ હું નહિ). જુઓ! વ્યવહાર આદિ એમાં નથી એમ કીધું. આહાહા..! ગજબ શૈલી છે કોઈ! આ વ્યવહારના વિકલ્પ જેને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે ને? એ વ્યવહાર છે એ પર થઈ ગયો. એ આત્માના જ્ઞાન સર્વસ્વમાં નથી. એના નિર્ણયમાં પણ એ વ્યવહાર નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસૂર્ય, આમ મહાન પદાર્થ ચૈતન્ય સર્વસ્વ, આત્મા એટલે ચૈતન્યસર્વસ્વ. એમ લક્ષ જતાં એને વ્યવહારના વિકલ્પો શરીર, એનો એની પર્યાયમાં પણ અભાવ છે.

દ્રવ્યમાં અભાવ છે પણ નિર્ણય કરેલી પર્યાયમાં પણ એનો અભાવ છે એવું અનેકાન્ત ત્યાં સિદ્ધ થઈ ગયું છે. આહા..! એ વ્યવહારથી પણ થાય ને નિશ્ચયથી થાય એ અનેકાન્ત નહિ, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- બેય ન રહ્યું.

ઉત્તર :- બેય ન રહ્યું. સિદ્ધ કાંઈ ન થયું, ભાઈ! શું થાય? પણ એ વાત જ જ્યાં એવી ઊંધે રવેડે ચડી ગઈ છે.

મુમુક્ષુ :- સાંભળ્યું પણ નથી.

ઉત્તર :- સાંભળ્યું નથી. ઠીક કહે છે. સાંભળવાની લાયકાત નહોતી માટે સાંભળ્યું નથી. અમારે પંડિતજી દાંત કાઢે છે, લ્યો! પેલા કહે છે આમ, ત્યારે આ કહે છે આમ. એ અનેકાન્ત પોતે કહે છે, વસ્તુ એમ કહે છે. આ આત્મા.. આ આત્મા. અહો..! જાણગ... જાણગ... જાણગ... જાણગ... સ્વભાવ તે આત્મદ્રવ્ય. એમ સિદ્ધ થતાં અનેકાન્ત સિદ્ધ થઈ ગયું. એટલે? કે એમાં અનંત શક્તિઓ પર શક્તિથી નથી. એ તત્ત્વ વિકારપણે પુણ્ય-પાપથી નથી. એ પોતે પરક્ષેત્રમાં રહેલું નથી. એમ સર્વસ્વ ચૈતન્યમાત્રમાં કહેતા એ પ્રમાણ કરતો થકો. કહો! એ '**आत्मतत्त्वम् ज्ञानमात्रं प्रसाधयन्**'. એ પ્રમાણજ્ઞાનમાં સિદ્ધ થઈ ગયું. જ્ઞાનના પ્રમાણમાં વસ્તુ ને પર્યાય બેય ખ્યાલમાં આવી (ગયા). સમજાણું કાંઈ? વસ્તુની પર્યાય તો નિર્મળ, હોં! પેલીની અહીં વાત નથી. આહાહા..! જે નિર્મળ જ્ઞાન પર્યાય દ્વારા નિશ્ચય થયો તો પર્યાય સિદ્ધ થઈ ગઈ, નિત્ય સિદ્ધ થઈ ગયું. એ નિર્મળ પર્યાય ને નિર્મળ જ્ઞાનાનંદમાં રાગ ને વિકલ્પનો અભાવ આવી ગયો. કર્મ, શરીરનો અભાવ આવી ગયો એમ.

મુમુક્ષુ :- ભગવાનપણે સિદ્ધ થઈ ગયો.

ઉત્તર :- ભગવાન ત્યાં અંદર નિશ્ચયમાં સિદ્ધ થઈ ગયો, અંદર આત્મા નક્કી થઈ ગયો. ઓહો..! જ્ઞાનપુંજ તે આત્મા એમ પર્યાયે નિશ્ચય કર્યો. તે પર્યાય નિર્મળ દ્વારા નિશ્ચય થયો. એ પર્યાય નિર્મળ દ્વારા નિશ્ચય થયો એમાં રાગ ને શરીર આદિ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**એમ પ્રમાણ કરતો થકો.**' શું? સ્યાદ્વાદ કેવું છે? એટલે અનેકાન્ત તત્ત્વ કેવું છે? કે જ્ઞાનમાત્ર સિદ્ધ કરતાં જ પોતે અનેકાન્ત સિદ્ધ થઈ ગયું. '**ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે એમ સ્યાદ્વાદ સાધી શકે છે,...**' સ્યાદ્વાદમાં અપેક્ષીત બોલવું છે પણ એમાં વાચ્યને અહીં સિદ્ધ કરવો છે. જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વસ્વ આત્મા જ્ઞાન સ્વરૂપ છે. એનું સર્વ પોતાનું, એનું સર્વ પોતાનું પૂરું એ જ્ઞાન સ્વરૂપ છે. એમ સ્યાદ્વાદ જે વસ્તુને સિદ્ધ કરે છે. સંભળાય છે બરાબર? તાણીને અત્યારે બોલી ને એટલે સંભળાય. '**એકાન્તવાદી સાધી શકતો નથી.**' એકાન્ત આત્માને સ્વથી માનનાર પરથી નહિ માનનાર, પરથી નહિ માનનાર, સ્વથી નહિ માનનાર બેમાંથી કોઈ પક્ષને એકાન્ત માનનાર એ આવી વસ્તુને સાધી

શકશે નહિ. ઓહોહોહો..! સમજાણું?

બીજી રીતે એમ કહ્યું, કે આ વસ્તુ એવી છે, કે સર્વસ્વ જેનો જ્ઞાન સ્વભાવ છે. જ્ઞાનપ્રધાનતાથી વાત લીધી છે. એમાં અનંત આનંદ સર્વસ્વ એનું સ્વરૂપ છે, એનું અનંત અનંત પ્રભુતા એનું સર્વ સ્વરૂપ છે. એ પછી શક્તિ આમાં આવશે. સમજાણું? એ પછી આવશે એ ૨૬૪ થી. એ બે ગાથાઓ પણ હજી અનેકાન્તનો જ ભાગ છે.

ભગવાનઆત્મા જ્ઞાન અનંત સ્વરૂપે છે, દર્શન અનંત સ્વરૂપે છે, શક્તિઓ પ્રભુતા સર્વસ્વ આ છે, શાંતિ સર્વસ્વ આ છે, કર્તા આત્મા પોતાના ગુણની પર્યાયનો તે કર્તા, તે સર્વસ્વ આત્મા છે. ભોક્તા આનંદનો, પર્યાયનો એ ભોક્તા આત્મા સર્વસ્વ છે. એ પ્રભુતા પોતાની સામર્થ્યતા, પ્રભુતા, પરમેશ્વરતા, સ્વતંત્રતા, એ પ્રભુતા તે આત્મા, પ્રભુતા તે સર્વસ્વ છે. સમજાણું કાંઈ? એમ એને આત્મામાં આ પ્રમાણ સિદ્ધ થતાં આ રીતે અનેકાન્ત (સિદ્ધ થાય છે). એની ઢળે છે પર્યાય દ્રવ્ય ઉપર. એટલે દ્રવ્ય અને પર્યાય બેયને સિદ્ધ કરે છે. આહાહા..! અને રાગ ને દ્વેષ ને નિમિત્ત ને સંયોગ બધા જ્ઞેયમાં ગયા. આની પર્યાયમાંય નહિ ને એના દ્રવ્યમાં તો છે નહિ. કહો, 'પ્રેમચંદભાઈ'! સમજાય છે આ? માંડ માંડ સમજાય એવું છે આ તો. ઘણી 'હિંમતભાઈ'ને પૂછે જરી એને પૂછે તો થાય. આ વાત ક્યાંય ન મળે, માણસને બિચારાને ઊંધે રસ્તે ચડાવી દીધા છે. ક્યાંય પત્તો ખાય નહિ. રળીને, રખડીને મરી જાય.

કહે છે કે, અજ્ઞાનને **'એકાન્તવાદી સાધી શકતો નથી.'** એટલે જે કોઈ રાગ ને શરીર સહિતવાળો આત્મા માને છે અને એકલો જ્ઞાન સર્વસ્વ પ્રભુતાની શક્તિવાળો માનતો નથી એવા જીવને આ વસ્તુ પ્રતીતમાં–શ્રદ્ધામાં સાધી શકતો નથી. સમજાણું કાંઈ? એ શ્લોક થયો ૨૬૨.

---

**( અનુષ્ટુપ )**

**एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन्।**
**अलंध्यशासनं जैनमनेकान्तो व्यवस्थितः।।१७-२६३।।**

**ખંડાન્વય સહિત અર્થ :– "एवं अनेकान्तः व्यवस्थितः" ( एवं ) આટલું કહેવાથી ( अनेकान्तः ) અનેકાન્તને અર્થાત્ સ્યાદ્વાદને ( व्यवस्थितः ) કહેવાનું આરંભ્યું હતું તે પૂર્ણ થયું. કેવો છે અનેકાન્ત? "स्वं स्वयम् व्यवस्थापयन्" ( स्वं ) અનેકાન્તપણાને ( स्वयम् ) અનેકાન્તપણા વડે ( व्यवस्थापयन् ) બળજોરીથી પ્રમાણ કરતો થકો. શાના સહિત ?**

**"तत्त्वव्यवस्थित्या" જીવના સ્વરૂપને સાધવા સહિત. કેવો છે અનેકાન્ત ? "जैनम्" સર્વજ્ઞવીતરાગપ્રણીત છે. વળી કેવો છે? "अलंध्यशासनं" અમિટ (-અટળ) છે ઉપદેશ જેનો, એવો છે. ૧૭-૨૬૩.**

---

**( અનુષ્ટુપ )**

**एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन्।**
**अलंध्यशासनं जैनमनेकान्तो व्यवस्थितः।।१७-२६३।।**

અહો..! **'एवं अनेकान्तः व्यवस्थितः' 'આટલું કહેવાથી અનેકાન્તને અર્થાત્ સ્યાદ્વાદને કહેવાનું આરંભ્યું હતું...'** વસ્તુને અનેક ધર્મવાળી કહેવાનું જે શરૂ કર્યું હતું. ભગવાનઆત્મા સ્વથી છે, પરથી નથી, તત્‌રૂપ છે, અતત્‌રૂપ નથી, નિત્ય છે, અનિત્ય છે. નિત્ય છે તે અનિત્ય નથી પણ અનિત્ય પણ છે અને નિત્ય પણ છે, એમ બેય છે. એવું જે શરૂ કર્યું હતું. **'તે પૂર્ણ થયું.'** એ વાત પૂર્ણ કરી. પૂર્ણ તો ખરેખર બે શ્લોક કહેતા કરશે પણ અહીં અનેકાન્તની જે ચીજ કરીને એ રીતે પૂર્ણ કરી છે.

**'કહેવાનું આરંભ્યું હતું...'** લ્યો! **'કહેવાનું આરંભ્યું હતું...'** લોકો નથી કહેતા કે, ભાઈ! આ મકાનની શરૂઆત કરી હતી તે આ છ મહિને પાર પડ્યું. એમ કહે છે ને કાંઈક? આ દુકાન-બુકાનના ધંધા ને આ બધી મજુરી કરે છે કે નહિ? આટલા મહિનાથી કરતાં હતા હવે પાર પડ્યું. હવે કાંઈક ઠેકાણે પડ્યું. અહીં કહે છે કે, અમે આત્માની વાત જ્ઞાનમાત્ર કહેતા પણ અનંત ધર્મ એમાં સિદ્ધ થાય છે એ વાત શરૂ કરી હતી એ અહીંયાં પૂરી કરવામાં આવી.

**'કેવો છે અનેકાન્ત?' 'स्वं स्वयम् व्यवस्थापयन्'** દેખો! **'અનેકાન્તપણાને અનેકાન્તપણા વડે બળજોરીથી પ્રમાણ કરતો થકો.'** લ્યો! ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપે ભગવાન છે, આનંદ સ્વરૂપે પ્રભુ આત્મા છે, અસ્તિ સત્તા હોવાવાળું પોતાથી હોવાવાળું તત્ત્વ છે એવા જે અનંત ધર્મો એવા અનેકાન્તપણાને, અનંત ધર્મોને સ્વયં અનંત ધર્મ દ્વારા, અનંત ધર્મ દ્વારા **'બળજોરીથી પ્રમાણ કરતો થકો.'** એના સ્વભાવનું સામર્થ્ય એવું છે એ રીતે સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? વાત એવી લાગે. જાવ આને આમ કરો, જાવ આને પાળો, એ સમજાય પણ ખરું, અજ્ઞાન. લ્યો! ભાઈ! એક મંદિર બનાવી દ્યો, એક ઉપાશ્રય બનાવી દ્યો, પાંચ હજાર, પચ્ચીસ હજાર રૂપિયા આપો. ધૂળમાંય નથી, સાંભળને! એ રૂપિયા ને પૈસા એ તારા નથી માટે તારાથી એમાં કાંઈ થાતું નથી ને એ વડે તારામાં કાંઈ થાતું નથી એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવું સાંભળવું ને પાછું મંદિર કરાવવું એવો વિકલ્પ...

ઉત્તર :– કોણ કરે છે? એની મેળે થવાના થાય છે એમ કહે છે અહીં તો. એ વિકલ્પ ઉઠ્યો ઈ એમાં ક્યાં છે? એમ કહે છે અહીં તો. એ..ઇ..! રૂપિયાની પર્યાયથી આ આત્મા છે? અને આત્માની પર્યાયથી એની મંદિરની પર્યાય છે? અહીં વિકલ્પ ઉઠ્યો એને લઈને મંદિરની પર્યાય છે? અને વિકલ્પ ઉઠ્યો માટે અહીં આત્માની અંદરમાં એ વસ્તુ છે? આહાહા..! ગજબની વાત! સર્વજ્ઞ પરમાત્માએ વસ્તુને જોઈ અને એવી છે. એને સિદ્ધ કરવાની રીત પણ ગજબની! આહા..!

કહે છે, એ વસ્તુ એમ પોકાર કરે છે. **'व्यवस्थापयन्'** પોતાને સ્વયં અનેકાન્તપણે વડે. એટલે જ્યાં જ્યાં આત્મા છે ઇ પોતે પ્રગટ સિદ્ધ કરે છે કે, હું અહીંયાં એ પરની અવસ્થા દ્વારા નથી, પરનો વિકલ્પ ઉઠ્યો એ દ્વારા પણ હું નથી, હું મારા દ્વારા, મારા ક્ષેત્રમાં, પરક્ષેત્રથી નથી. એમ અનેકાન્ત વસ્તુ અનેકાન્તપણાથી સિદ્ધ કરે છે. આહાહા..! એ મંદિરને ટાણે પણ જે વિકલ્પ ઉઠ્યો એ પણે હું નથી એમ વસ્તુ સિદ્ધ કરે છે, કહે છે. કહો, સમજાણું? એક જણો કહે કે, આવું જો સમજી જાય તો અમારે અપાસરાને તાળા દેવા પડે, એમ કહે છે. 'પ્રેમચંદભાઈ'! તમારા ગામમાં કહેતા. પેલા 'રતિભાઈ' નહોતા? વોરા વોરા છે ને? છે ને? માસ્તર. એક ફેરી કહેતા કે, આ મહારાજ કહે છે ને હું સમજતો નથી, સમજીએ તો તાળા દેવા પડે. પણ કોને તાળા દે? સાંભળને! અજ્ઞાનને તાળા દેવા પડે, કહે. વસ્તુની ખબરું ન મળે અને ચાલી નીકળ્યા.

અહીં તો કહે છે, આ છ કાયના જીવો છે એ જીવમાં, આ જીવ આત્મામાં નથી. આ એને દયા પાળવાનો વિકલ્પ ઉઠે એ પણ આત્મામાં નથી. આહાહા..! સમજાય છે? અને આત્મા જ્ઞાન ને આનંદથી સર્વસ્વ પરિપૂર્ણ તત્ત્વ ભરેલું છે. ઓહોહો..! રાડ નાખે બિચારા, હોં! પંડિતો ભણી ભણીને પોથા. 'પંડિતા પીયો ઘર પાણી' કોને ઘરે આ પાણી? કોનું છે? પણ પીધા પહેલા પૂછવું હતું ને? ઢેઢનું છે, લે. હવે શું કરીશ? કહે. સમજાણું? પહેલું પી લીધું પછી કહે કોનું ઘર છે આ? પેલો કહે કે, છે તો ભાઈ! ચંડાળનું છે. આવું ઘર કેમ? પૈસાવાળા છીએ, પાંચ લાખ રૂપિયા છે મારે. હાય.. હાય..! હવે શું કરવું? ભાઈસાહેબ કહીશ નહિ હોં કોઈને. એમ સમજ્યા વિના પાધરા પીવા માંડ્યો. એમ સમજ્યા વિના ધર્મ કરવા માંડ્યો, ધર્મ. ક્યાં પણ ધર્મ હતો?

એવું બનેલું અમારે, હોં! એક હતા. સમજ્યા ને? વ્હોરવા ગયા હતા. સથવારા ને કોળી ને ઘરેથી લઈ આવેલા. કોળીના ઘરેથી છાસ (લાવેલા). ઉતાવળીયા માણસ ને સારું ઘર દીઠું તો કોળીમાંથી છાસ લઈ આવ્યા. હવે ગામ મોટું ને ઘરે આવીને (થયું કે), ગામમાં ખબર પડશે, હોં! કે, મને .. કોળીને ન્યાંથી લઈ આવ્યો છું. હું તો જાણે સથવારાનું ઘર હશે. ઓલા સથવારા નથી આવતા? ખેડુ. હું લઈ આવ્યો છું. તું કોઈ રીતે વાત પાછી

દાબી દેજે. કીધું, વાંધો નહિ, વાંધો નહિ. (સંવત) ૧૯૮૦ ની સાલની વાત છે. 'બોટાદ'. સમજાણું? ઉતાવળા થઈને દિશાએ જઈને આવે ને? વચમાં કોળીનું ઘર (હતું તો) ગરી ગયા અંદર, પાત્રા લઈને. લાવો છાસ છે? તો કહે છે. ઘર સારું દેખ્યું. નાખી દસ શેર છાસ. લાવ્યા અપાસરે. પછી પૂછ્યું, કોનું ઘર છે? કોળીનું. પણ હવે શું કરશો? પછી મને વાત કરી કે, આ વાતનો ખ્યાલ આવે. કાંઈ વાંધો નહિ, તમે મુંઝાશો નહિ. આંહીં અમે છીએને. એમ ધર્મ કરવા પહેલા આત્મા શું છે એ સમજ્યો નહિ. અમે ધર્મ કરીએ છીએ. પણ કેવો છે આત્મા? અમને ખબર નથી. ક્યાં રહેતો હશે આત્મા? રાગ-દ્વેષમાં? શરીરમાં? કર્મમાં? ઇ કાંઈ ખબર નથી, આત્મા છે. બસ!

મુમુક્ષુ :– કેવળી ભગવાન જાણે.

ઉત્તર :– કેવળી ભગવાન તો જાણે પણ તને ખબર છે કે નહિ? સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય મહારાજ કહે છે કે, **'અનેકાન્તપણા વડે બળજોરીથી પ્રમાણ કરતો થકો.'** **'व्यवस्थापयन्'** છે ને? વિશેષે પોતે વસ્તુ જ એવી પ્રસિદ્ધ કરે છે. આહાહા..! **'શાના સહિત?'** **'तत्त्वयवस्थित्या'** **'જીવના સ્વરૂપને સાધવા સહિત.'** તત્ત્વ એટલે જીવ સ્વરૂપ અનેકાન્ત પોતે સિદ્ધ કરે છે. આ જીવ આવો છે. સમજાણું? આ જીવને વિકાર અને શરીર ને કર્મ સાથે અભાવ સ્વરૂપ છે. એમ ચૈતન્ય પોકાર (કરે છે), જ્ઞાયક છું એમ પોકાર કરતું તત્ત્વ જ પોતાને અનેકાન્તપણે તત્ત્વને વ્યવસ્થાપણે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ છે. એમ સિદ્ધ થતાં એ પોતે પોતાના અનેકાન્તપણાને એટલે પરપણે નથી અને સ્વપણે છું એ પોતે જ તત્ત્વની વ્યવસ્થા કરી શકે છે, કહે છે. ઓહોહો..!

**'જીવના સ્વરૂપને સાધવા સહિત. કેવો છે અનેકાન્ત?'** **'जैनम्'** **'સર્વજ્ઞ વીતરાગ પ્રણીત છે.'** ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ સો ઇન્દ્રના પૂજ્ય, જેના તળીયા ચાટતા ઇન્દ્રો એવા સર્વજ્ઞદેવ જેની વાણી સમવસરણમાં નીકળી. સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં, કરોડો દેવો ને બાર સભા. વાઘ અને સિંહ જેની સભામાં બેઠા હતા એવા ભગવાને તે વાણીથી આમ કહ્યું હતું. **'जैनम्'** **'સર્વજ્ઞ વીતરાગ પ્રણીતમ.'** આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સમવસરણમાં વર્તમાન બિરાજે છે આમ. વર્તમાન બિરાજે છે. એવા અનંત તીર્થંકરો બિરાજતા હતા અને એ બિરાજે છે એમનું કહેલું આ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

કેવળીઓ તો અનંત કાળથી થતાં આવે છે કે નહિ? કે કેવળીનો વિરહ હશે જગતમાં? શું કીધું? અનંત કાળ છે અનાદિ, એમ મિથ્યાદૃષ્ટિઓ અનાદિ (છે), એમ કેવળીઓ પણ અનાદિના છે. કેવળજ્ઞાની પરમાત્મા એની સ્થિતિ પ્રમાણે અનાદિના (છે). એક નાશ થાય તો બીજા થાય. એવા સર્વજ્ઞનો આ જગતમાં અનંત કાળમાં કોઈ સમયે વિરહ હોઈ શકે નહિ. મનુષ્યપણે કેવળજ્ઞાની, હોં! સિદ્ધની વાત નથી આ. પ્રણીત શબ્દ છે ને? ભાઈ! એટલે

જરીક (લીધું).

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એક જ્ઞાનની પૂર્ણ દશા પ્રાપ્ત પરમાત્મા વીતરાગ અનંત કાળમાં કોઈ એક સમયે સર્વજ્ઞ વીતરાગ ન હોય એમ બને નહિ. અનાદિ કાળથી સર્વજ્ઞ થતાં આવે છે. એક સર્વજ્ઞ જાય, લાખો સર્વજ્ઞ સદાય હોય, લાખો સર્વજ્ઞ સદાય હોય. મહાવિદેહક્ષેત્રમાં પણ અત્યારે લાખો સર્વજ્ઞ અને વીસ તીર્થંકર વીતરાગ પરમેશ્વર તીર્થંકર. એ પુણ્ય સહિત સર્વજ્ઞ હોય, બીજા સામાન્ય પુણ્ય વિનાના સર્વજ્ઞ હોય. પણ એવા સર્વજ્ઞ વીતરાગ પ્રણીત છે. એવો ભગવાનઆત્મા જેણે ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જોયા છે. આહાહા..! વીતરાગ જ્યાં સર્વજ્ઞ દશા છે ત્યાં ઇચ્છા હોતી નથી. વીતરાગ પૂર્ણાનંદ પ્રભુ છે. એની પ્રણીત એના મુખમાંથી નીકળેલું આવું તત્ત્વ છે. એમણે જોયેલું ને એમણે જાણેલું એવું એની વાણીમાં આવેલું એમ કહે છે. સર્વજ્ઞ છે ને? એટલે જાણ્યું, વીતરાગ ભાવે જાણ્યું અને જાણીને એ તત્ત્વ આવું છે એમ જોયું એમ એણે પ્રણીતમ–કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

ઘડીકમાં એને એમ થવું જોઈએ કે, જાણે અમે બીજા દેશમાં છીએ. આહાહા..! આ સર્વજ્ઞ, એ વીતરાગ, વીતરાગ હોય તે સર્વજ્ઞ હોય જ. વીતરાગ તો બારમે હજી હોય. પણ એ વીતરાગ હોય એ સર્વજ્ઞ હોય જ. એટલે સર્વજ્ઞ થયું ત્યાં વીતરાગ થયા વિના હોય નહિ. ઇચ્છાનો નાશ થઈને જ્યાં સર્વજ્ઞ થયા, સર્વજ્ઞ, સર્વજ્ઞ એટલે? ત્રણકાળ, ત્રણલોકના તળિયા જેણે એક સમયમાં જોયા. ભૂતકાળમાં જે જગતની દશાઓ થઈ, વર્તમાન થાય ને ભવિષ્યમાં થશે એ સહિતના દ્રવ્ય-ગુણને ભગવાને એક સમયમાં જોયા. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ. અને પછી વીતરાગ લીધું છે ને? એટલે વીતરાગ તો પહેલા થયેલા ત્યારે સર્વજ્ઞ થયા. એમણે પ્રણીત–એમણે કહેલો આત્મા. એ તત્ત્વ આવું જ છે. સમજાય છે?

**'કેવો છે અનેકાન્ત?'** તે **'સર્વજ્ઞ વીતરાગ પ્રણીત છે.'** ભગવાનનું કહેલું. એ વસ્તુનું સ્વરૂપ છે એવું ભગવાને કહ્યું છે અને વસ્તુનું સ્વરૂપ છે એવું ભગવાને જાણ્યું છે. જાણ્યું છે એવું છે, છે એવું કહ્યું છે. ચોપડામાં ત્રણ નામા હોય કે નહિ? જમે આટલી રકમ છે ૭૦૩૫ અહીં છે. ચોપડીમાં જુઓ! ૭૦૩૫ નીકળે છે? જ્ઞાનમાં એમ આવે છે. એમ ચૌદ બ્રહ્માંડમાં તત્ત્વો કોથળીમાં પડ્યા છે. એને કેવળજ્ઞાનીએ જોયું, જાણ્યું એ વાણી દ્વારા કહ્યું અને વસ્તુમાં છે. સમજાણું કાંઈ? એમ કહે છે. આવું તત્ત્વ જ છે એવું તો સર્વજ્ઞ ભગવાને જ કહ્યું છે. એ સિવાય અજ્ઞાનીને પત્તો ખાધો નથી.

**'વળી કેવો છે?' 'अलंघ्यशासनं'** એ ભગવાનનો ઉપદેશ અમિટ છે. એ ઉપદેશ ત્રણકાળમાં મટે નહિ. **'अलंघ्यशासनं'** ભગવાનની શીખામણ તે **'अलंघ्य'** છે–કોઈ ઓળંગી શકે નહિ. ત્રણકાળ(માં) ઇન્દ્ર, નરેન્દ્ર કોઈ સમર્થ કોઈ એના શાસનના ન્યાયને ઓળંગી શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનના દરબારમાં ભગવાન આમ કહેતા હતા, કહે છે. ભગવાનનો દરબાર જામ્યો હતો. સમવસરણમાં દરબાર જામે છે ને? આહાહા..! લાખો કરોડો

દેવો, ગણધરો, ઇન્દ્રો, સિંહ ને વાઘના ટોળા અરે..! નાગ, મોટા નાગો જંગલમાંથી, વનમાંથી આમ હરરરરર કરતાં કરતાં સમવસરણમાં આવે, બેસે. એમાં ભગવાનની વાણી નીકળે. સર્વજ્ઞ પ્રણીત છે. સમજાય છે કાંઈ?

**'વળી કેવો છે?' 'અલંઘ્યશાસનં'** એની શિખામણને ઓળંગી શકાય નહિ. વસ્તુનું સ્વરૂપ જ એવું છે, અમિટ છે. **'અલંઘ્ય'**નો અર્થ કર્યો અમિટ–મટે નહિ એટલે ઓળંગી શકાય નહિ. **'શાસનં'** એટલે ઉપદેશ. સર્વજ્ઞ ભગવાન વીતરાગનો એ ઉપદેશ છે. અનેકાન્ત તત્ત્વ વસ્તુ છે એટલે કે... જુઓ! આનો ઉપદેશ થયો, ભાઈ! ભગવાન જ્ઞાન સ્વરૂપ છે એવો અલંઘ્ય ઉપદેશ ભગવાને કીધો છે. એ રાગરૂપે નથી, કર્મરૂપે નથી, શરીરરૂપે નથી એવું અનેકાન્ત તત્ત્વ ભગવાનના શાસનમાં કહેલું છે. આહાહા..! એને કોઈ તોડી શકે, ઓળંગી શકે... સમજાય છે? વિરોધ કરી શકે એવી વસ્તુ છે નહિ. આહા..!

**'અમિટ (-અટળ) છે ઉપદેશ જેનો, એવો છે.' 'અમિટ (-અટળ) છે ઉપદેશ જેનો,...' 'જૈનમ્' 'વીતરાગ પ્રણીત છે, એવો છે સ્યાદ્વાદ'** અનેકાન્ત વીતરાગ સર્વજ્ઞ સિવાય, પરમાત્મા સિવાય આ વાત ત્રણકાળમાં, ત્રણલોકમાં બીજે હોઈ શકે નહિ. અનેક પ્રકારના ધર્મના નામે પંથો ચાલે છે પણ સર્વજ્ઞ વીતરાગે કહેલા તત્ત્વ સિવાય આ તત્ત્વ બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભાઈ! સર્વજ્ઞ વીતરાગ કોણ છે એની એને ખબર ન મળે. વાંધા ઉઠ્યા સર્વજ્ઞના અત્યારે તો પહેલા. આહાહા..!

સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ જાણે? હા. તો કેવા જાણે? કે, કોઈ વખતે ક્રમસર પર્યાય થાય એમ જાણે ને કોઈ વખતે સંયોગ આવે તો આવી થાય ને સંયોગ ન આવે તો આવી ન થાય. એલા.. ઇ સર્વજ્ઞ શેના પણ? સમજાણું કાંઈ? સર્વ..જ્ઞ... ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય એક સમયમાં જેને આ સમયે, આ અવસ્થા આ જીવની થશે, એ વખતે આ નિમિત્ત હશે, આ ક્ષેત્રે હશે એ બધું ભગવાનના જ્ઞાનમાં પહેલેથી જણાઈ ગયું છે. સમજાણું કાંઈ? એવો સર્વજ્ઞ સ્વભાવી ભગવાન, જેને સર્વજ્ઞ પ્રણીત તત્ત્વ આવું છે એવો જેને સર્વજ્ઞનો નિર્ણય કરેલ હોય એને સર્વજ્ઞ પર્યાય પ્રગટી છે સર્વજ્ઞ દ્રવ્યમાંથી. એવા સર્વજ્ઞ દ્રવ્યની શક્તિ નક્કી કરતાં અનેકાન્તપણું સિદ્ધ થતાં એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગમાં છે.

લ્યો! બે શ્લોક થયા. નાના નાના હતા ને! તોય વચ્ચે વળી થોડુંક આવ્યું. 'સાધ્ય-સાધક અધિકાર' કહે છે પણ ખરેખર હજી અનેકાન્તના જ બે શ્લોક ચાલે છે. હજી આ ૬૪ ને ૬૫ અનેકાન્તના બે શ્લોક છે. ૬૬થી સાધ્ય-સાધકનું શરૂ થશે. પણ આને કહેવાની અપેક્ષા છે, કે અહીં સુધી વસ્તુ આવી છે એમ અમે સિદ્ધ કરી. જે શ્રદ્ધા કરવા લાયક, જ્ઞાન કરવા લાયક વસ્તુ છે આવી અમે સિદ્ધ કરી, એમ. સમજાય છે? વસ્તુ જે છે આત્મા જે શ્રદ્ધા કરવા લાયક, જ્ઞાન કરવા લાયક, જ્ઞેય કરીને જાણવા લાયક એ વસ્તુ આવી છે

એવી અમે વસ્તુને (કહીશું). કહેશે અર્થમાં સમજ્યા ને? પ્રથમ સાધ્યરૂપ વસ્તુનું સ્વરૂપ કહ્યું. છેલ્લી લીટી. સાધ્ય એટલે આવી ચીજ છે એમ અમે સિદ્ધ કર્યું. બાકી સાધ્ય તે મોક્ષ અને સાધક તે મોક્ષનો ઉપાય એ પછી ૨૬૬મી ગાથાથી શરૂ કરશે. સમજાણું કાંઈ?

**ધર્મની વ્યાખ્યા :– વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. સ્વભાવ તો ત્રિકાળ છે અને ધર્મ તો વર્તમાન ક્ષણિક પર્યાય છે છતાં અહીં ત્રિકાળ સ્વભાવનો નિર્ણય કરીને એમાં વળીને અભેદ થાય છે. તેથી સ્વભાવને પણ ધર્મ કહ્યો છે. બધા આત્માને ત્રિકાળ સ્વભાવ તો છે પણ વસ્તુસ્વભાવને ધર્મ કેમ કહ્યો ? કે પર તરફનું લક્ષ છોડાવી સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એમ બતાવીને વસ્તુસ્વભાવમાં ધર્મની પર્યાય અભેદ થાય છે. માટે એને ધર્મ કહ્યો છે. ધર્મ બહારની ક્રિયામાં તો નથી પણ દયા, દાન ભક્તિ, પૂજાનાં શુભભાવ થાય એમાં પણ નથી. આખા જગતના જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું તે આત્માનો ધર્મ છે. એમ નિર્ણય થયો એ જ ધર્મ છે. અભેદની અપેક્ષાએ ત્રિકાળી સ્વભાવને ધર્મ કહ્યો છે. પર્યાયમાં ધર્મ થાય છે. એ ધર્મની વાત નથી. કેમકે તે ભેદ-વિવક્ષામાં જાય છે. જેમ ગોળનો ગળપણ, મીઠાનો ખારો, અફીણનો કડવો અને લીંબુનો ખાટો સ્વભાવ છે એમ આત્માનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે. (પરમાગમસાર–૮૧૩)**

— ૧૨ —

# સાધ્ય-સાધક અધિકાર

( વસન્તતિલકા )

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।१-२६४।।

ખંડાન્વય સહિત અર્થ :– ''इह तत् चिद् वस्तु द्रव्यपर्ययमयं अस्ति'' ( इह ) વિદ્યમાન ( तत् ) પૂર્વોક્ત ( चिद् वस्तु ) જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય ( द्रव्यपर्ययमयं अस्ति ) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યનું દ્રવ્યપણું કહ્યું. કેવું છે જીવદ્રવ્ય ? ''एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं'' ( एवं ) પૂર્વોક્ત પ્રકારે ( क्रम ) પહેલો વિનશે તો આગળનો ઊપજે અને ( अक्रम ) વિશેષણરૂપ છે પરન્તુ ન ઊપજે, ન વિનશે,–એ રૂપે છે ( विवर्ति ) અંશરૂપ ભેદપદ્ધતિ તેનાથી ( विवर्त ) પ્રવર્તી રહ્યો છે ( चित्रं ) અચંબો જેમાં, એવું છે. ભાવાર્થ આમ છે કે ક્રમવર્તી પર્યાય, અક્રમવર્તી ગુણ; - એ રીતે ગુણ-પર્યાયમય છે જીવવસ્તુ. વળી કેવું છે તે અર્થાત્ કેવી છે જીવવસ્તુ ? ''यः भावः इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरः अपि ज्ञानमात्रमयतां न जहाति'' ( यः भावः ) જ્ઞાનમાત્ર જીવવસ્તુ ( इत्यादि ) દ્રવ્ય-ગુણ-પર્યાય ઇત્યાદિથી માંડીને ( अनेकनिजशक्ति ) અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, સપ્રદેશત્વ, અમૂર્તત્વ-એવું છે અનંત ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય તેના વડે ( सुनिर्भरः ) સર્વ કાળ ભરિતાવસ્થ છે; ( अपि ) એવી છે તોપણ ( ज्ञानमात्रमयतां न जहाति ) જ્ઞાનમાત્ર ભાવને ત્યાગતી નથી. ભાવાર્થ આમ છે કે જે ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે, તેથી ચેતનામાત્ર જીવવસ્તુ છે, પ્રમાણ છે. ભાવાર્થ આમ છે કે પૂર્વે હૂંડી લખી હતી કે ઉપાય તથા ઉપેય કહીશું; ઉપાય એટલે જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન, ઉપેય એટલે સાધ્યવસ્તુ; તેમાં પ્રથમ જ સાધ્યરૂપ વસ્તુનું સ્વરૂપ કહ્યું, સાધન કહે છે. ૧-૨૬૪.

( વસન્તતિલકા )

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।१-२६४।।

અહીંયાં દ્રવ્ય અને પર્યાય ભેગીવાળી વસ્તુ લેવી છે હોં! પ્રમાણ. આ અધિકાર પછી ૪૭ શક્તિનું વર્ણન છે. ૪૭ શક્તિનું વર્ણન આપણે પહેલું છપાઈ ગયું છે. 'આત્મપ્રસિદ્ધિ' નામનું, 'આત્મપ્રસિદ્ધિ' ને? ૪૭ શક્તિનું બહુ સરસ! એ સિવાય હમણાં ૪૭ શક્તિનું વર્ણન છે પણ હજી પડ્યું છે અંદર. રેકોર્ડિંગમાં. સમજાણું? એનું ૪૭ શક્તિનું વર્ણન બહુ સરસ છે. પણ હવે આવે ત્યારે ખરું. હજી સાત વ્યાખ્યાન આવ્યા નથી, ચાર સવા ચાર મહિના થયા તોપણ. ૪૭ શક્તિ તો વળી ક્યારે આવશે હજી? કહો, સમજાણું કાંઈ? એ એવી શક્તિનું વર્ણન છે શાસ્ત્રમાં એ સમયસારમાં પાછળ આ અધિકારની અનેકાન્તનું પૂરું કરવા પહેલા અલૌકિક વાત! ૪૭ શક્તિ એટલે અલૌકિક વાત!! એ કેમ છે કેટલીક એ થોડી આના પછી લઈશું.... ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૫, મંગળવાર તા.૨૮.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૬૪. પ્રવચન - ૨૮૩**

આ પહેલો શ્લોક ચાલે છે. છે તો અનેકાન્તના ઉપસંહારનો એટલે અહીં એ રીતે લીધું છે. ૨૬૪ 'સાધ્ય-સાધક અધિકાર'ના શરૂઆતના બોલો છે.

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।१-२६४।।

શું કહે છે? કે, આ આત્મા શું છે? '**इह तत् चिद् वस्तु द्रव्यपर्ययमयं अस्ति**' આ '**વિદ્યમાન...**' આત્મા પદાર્થ, અસ્તિવાળો પદાર્થ છે આત્મા. સત્ છે એટલે અસ્તિવાળું તત્ત્વ હોવાવાળો પદાર્થ ભગવાનઆત્મા દેહ, વાણી, કર્મથી ભિન્ન અને પુણ્ય-પાપના વિકલ્પના

રાગથી પણ ભિન્ન એવો આત્મા **'પૂર્વોક્ત...'** પૂર્વે કહ્યા એ પ્રકારે **'જ્ઞાનમાત્ર જીવદ્રવ્ય,...'** જ્ઞાનમાત્ર આત્મા ભગવાન ચૈતન્યપ્રકાશનો સૂર્ય એવું આત્મતત્ત્વ છે. સમજાય છે કાંઈ? એ **'द्रव्यपर्ययमयं अस्ति'** એ આત્મા દ્રવ્યરૂપે એટલે કાયમ વસ્તુ રહેનારી અને ગુણ-પર્યાય એટલે એની શક્તિઓ ને અવસ્થારૂપે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય. સમજાણું કાંઈ?

આ દેહમાં રહેલું આત્મતત્ત્વ કેવડું? કોને, કેમ આત્મા કહેવો? કે, જેને આત્મા કહેતા જ એની અંદરની ચીજો આત્માના અંદરમાં સમાય હોય છે. પરથી ભિન્ન એવો જે આત્મા એ જ્ઞાનમાત્ર કહ્યો, દ્રવ્ય-પર્યાયમય છે. જ્ઞાનમાત્ર કહ્યો છતાં એ દ્રવ્ય એટલે વસ્તુ છે એના ગુણો એટલે જ્ઞાન આદિ અનંત ગુણ છે. થોડા નામ અંદર લેશે. અને પર્યાય એટલે એની અવસ્થા છે, અવસ્થા. દ્રવ્ય–શક્તિવાન, શક્તિ અને અવસ્થા–એ ત્રણમય છે તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ **'द्रव्यपर्ययमयं'**નો અર્થ થઈ ગયો ને? **'द्रव्यपर्ययमयं'** એનો અર્થ કર્યો ને દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ દ્રવ્ય સામાન્ય શબ્દ છે એમાં ગુણ અનંત છે એમ એમાં આવી જાય છે, એમ. દ્રવ્ય એ સામાન્ય વસ્તુ છે એમાં ગુણો અનંત છે એ શક્તિ આવી જાય છે. એટલે એમાં દ્રવ્ય, ગુણ અને વર્તમાન એની દશા (ત્રણે આવી જાય છે). વિકાર અહીંયાં લેવો નથી, વિકાર એ આત્મા નથી. સમજાય છે કાંઈ? જેમ શરીર, વાણી, આ કર્મ જડ એ આત્મા નથી, તેમ પુણ્ય-પાપના વિકલ્પો વિકાર એ આત્મા નથી. અંદર આત્મા એને કહીએ કે, જે વસ્તુ ત્રિકાળ રહેનાર છે અને એમાં ત્રિકાળ જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિ છે. સમજાણું કાંઈ? અને એ અનંત શક્તિની વર્તમાન એની નિર્મળ દશારૂપી પર્યાય (થાય છે). એ દ્રવ્ય-ગુણ-પર્યાયમય ત્રણ થઈને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યનું દ્રવ્યપણું કહ્યું.'** અત્યાર સુધી જીવનું જીવપણું કોને કહેવું એની વાત કરી. ભાઈ! તું આત્મા છો. આત્મા છે એ અંતર અનંત ગુણો અને એની નિર્મળ પર્યાયવાળું (તત્ત્વ છે) તેને આત્મા કહેવામાં આવે છે. એ આત્માને તું અંદર ઓળખ ને શ્રદ્ધા કર, એનો અનુભવ કર તો તને શાંતિ ને સ્વતંત્રતાના આનંદનો અનુભવ થાય. સમજાણું કાંઈ?

**'કેવું છે જીવદ્રવ્ય?'** હવે સામાન્ય જે વાત કરી હતી, દ્રવ્ય ને પર્યાયમય એની વિશેષ વ્યાખ્યા કરે છે. જુઓ! પેલો 'ગુણ' શબ્દ પડ્યો હતો ને? એ 'દેવાનુપ્રિયા'! એ કાઢ્યો આમાં, જુઓ! હવે આમાંથી કાઢ્યો. કેવો છે જીવ પદાર્થ? ભગવાન આ એક એક પોતાનો આત્મા, હોં! **'एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं' 'પૂર્વોક્ત પ્રકારે પહેલો વિનશે તો આગળનો ઊપજે...'** એટલે શું? ભગવાનઆત્મામાં એક દશા–જ્ઞાનની વર્તમાન અવસ્થા–હાલત વ્યય થાય, નવી અવસ્થા ઊપજે એને પર્યાય કહેવાય છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એની એક સમયની અંદર જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિઓ–ગુણ છે. તેની એક સમયની

અંદર જુની અવસ્થા જે થયેલી હોય એ અભાવ થાય અને નવી અવસ્થા ઊપજે એને વિનાશ ને ઉત્પાદ કહેવામાં આવે છે, એને વ્યય અને ઉત્પાદ કહેવામાં આવે છે. વ્યય ને ઉત્પાદ એ પર્યાયનું સ્વરૂપ છે. આહાહા..! શું હશે આમાં? આત્મા પોતે ક્યાં એની એને ખબર ન મળે. સમજાય છે કાંઈ? કહો 'ધર્મચંદજી'! વળી વ્યય ને ઉત્પાદ શું હશે? ઉત્પાદ થાતો હશે આ?

ભાઈ! તું પદાર્થ છો, પ્રભુ! તું આત્મા છો અને આત્મામાં અનંત અક્રમ (ગુણો) એ પછી લેશે, પહેલી પર્યાયથી વાત લીધી છે. કારણ કે, પર્યાયથી જાણવામાં આવે છે તે પર્યાયનો પહેલો સમયનો પર્યાય જ્યાં જ્ઞાનની અવસ્થા જાણવાની ઉત્પન્ન થઈ એ બીજે સમયે તેનો નાશ થઈ જાય છે, નવી અવસ્થા ઊપજે છે. એમ આત્મામાં જે આનંદ છે એ આનંદની પણ એક સમયની અવસ્થા પહેલી જે ઉત્પન્ન હોય એનો વ્યય થાય છે. નવા આનંદની પર્યાય વ્યય-ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

એમ આત્મામાં અસ્તિત્વ આદિ અનંત ગુણો જે છે એની એક સમયમાં પર્યાય એટલે અવસ્થા–હાલત (થાય છે). આ જેમ પરમાણુમાં નવી નવી અવસ્થા થાય ને જૂની જાય. સમજાય છે? લોઢુ છે એમાં કાટ છે એ કાટનો નાશ થાય ને પ્રકાશનો ઉત્પાદ થાય એને પર્યાય કહેવાય છે. લોઢુ એને દ્રવ્ય કહેવાય છે, લોઢામાં જે શક્તિરૂપ કાયમ પ્રકાશ આદિ અસ્તિરૂપે પડ્યા એ શક્તિ કહેવાય છે અને એક અવસ્થાનું જવું ને નવું થવું એને પર્યાય–અવસ્થા કહેવાય છે. એમ ભગવાનઆત્મામાં અનંત જે ગુણો છે એની એક સમયની અંદર પોતાને કારણે, પોતામાં થયેલી પૂર્વની વર્તમાન અવસ્થા, પૂર્વની અવસ્થા એ વર્તમાનમાં તેનો નાશ થાય છે. સમજાય છે? અને **'આગળનો ઊપજે...'** આગળની એટલે પછીની અવસ્થા ઊપજે છે. સમજાય છે કે નહિ આમાં? 'જમુભાઈ'! આહાહા..! અરે..! દુનિયાની ખોળ ખોળ કરીને મરી ગયો. પોતે કોણ છે એની ખબર ન મળે.

આ રજકણો પણ છે ને? જુઓને! આ રજકણો છે ને આ? માટી કાયમની. આ રજકણ છે એ તો કાયમના છે. પહેલી આની અવસ્થા એક દાળ, ભાત ને રોટલીની હતી. હવે અત્યારે અવસ્થા લોહીની છે. આ જુઓને. અવસ્થા છે કે નહિ? એ દાળ, ભાત, રોટલીની જે અવસ્થા હતી એ વ્યય થઈ ગઈ અને આ લોહીપણાની અવસ્થા ઉત્પન્ન થઈ અને રજકણપણે રજકણ કાયમ રહ્યા ને રજકણમાં અસ્તિત્વ રંગ, ગંધ, ગુણ છે એ પણ કાયમ વિશેષણરૂપે રહ્યા છે. સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે કાયમની ચીજ છે. એ અનંત ગુણોથી દ્રવે છે–ક્ષણે ક્ષણે નવી અવસ્થા ઉત્પન્ન કરે, જૂની અવસ્થાથી વ્યય થાય. નિર્મળ પહેલી અવસ્થા થઈ તેનો વ્યય થાય, નિર્મળ બીજી અવસ્થા નવી નવાપણે ઉત્પન્ન થાય. એને પહેલાનો વિનાશ અને પછીનું ઊપજવું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! એને

ક્રમ કહે છે. સમજાણું કાંઈ? પગને ક્રમ કહે છે. આ પગ છે ને? એને શાસ્ત્રમાં ક્રમ કહે છે. તો જે એક પગ છે આમ જમણો પગ ઉઠાવ્યો, આમ મુક્યો. ત્યાં ઉઠાવ્યો ને ડાબો મુક્યો. એ ક્રમ એક પછી એક પગ જેમ પડે એ પગને ક્રમ કહે છે શાસ્ત્ર. સમજાણું કાંઈ?

એમ આત્માની અંદર ગુણ અનંત છે એની એક સમયમાં જે અવસ્થા છે તેનો બીજે સમયે નાશ થાય છે. એ અવસ્થાનું ક્રમપણું એનો સ્વભાવ છે. ભારે! ભાષા પણ બીજી ને વાતેય બીજી. કોણ જાણે આ (શું હશે)? ભાઈ! ધર્મ સાંભળવા જાતા હોય ત્યાં તો એકઇન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય હોય, ચોવિહાર કરો, કંદમૂળ ન ખાવ (એવી વાત હોય). આ વળી કેવી વાત હશે? 'ડાહ્યાભાઈ'! આ તો ડાહપણ કરવાની વાત છે. ઊંધા અજ્ઞાન કરીને મરી ગયો એમ ને એમ કરીને. માન્યું અમે આ ખાધું નહિ ને આ ન પીધું ને આ કર્યું. કહે છે કે, એ ખાધા-પીધાની ક્રિયા તારી છે નહિ. એ તો જડની છે, તારી દશામાં એ નથી. શું કીધું?

આ શરીર, વાણી, આ ડાચા હાલે, દાળ, ભાત પડે ને આમ જાય એ બધી દશાઓ તારી પર્યાયમાં નથી. 'ડાહ્યાભાઈ'! એ તો જડની પર્યાયમાં, જડના ઉત્પાદ-વ્યયમાં, માટીમાં આ તો થાય છે. આહાહા..! તારી પર્યાયમાં એ નથી. સમજાણું કાંઈ? પર્યાય એટલે અવસ્થા. એમ આ દાળ, ભાત ખાધા, આ છોડ્યું ને મુક્યું એ બધી અવસ્થા તારી પર્યાયમાં નથી, અવસ્થામાં નથી. તારા ગુણમાં તો નથી, દ્રવ્યમાં તો નથી પણ અવસ્થામાં પણ નથી. તારી અવસ્થા એ જે ક્રિયાઓ જડની ઉત્પાદ-વ્યય અંદર થાય એના અને પોતાના જાણવાપણે જે જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થાય એ પર્યાયની અવસ્થા તારામાં છે. અને એ પર્યાય પહેલાની છે તે નાશ થઈ જાય છે ને બીજા સમયે નવી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક રાગ આવ્યો. ધ્યાન રાખજો! એ રાગ છે એ પહેલો હતો તીવ્ર, પછી થયો મંદ. એ તીવ્ર-મંદ (થાય) એ તારી દશામાં નથી. એ તીવ્રનું પહેલું જ્ઞાન હતું સ્વના લક્ષ સહિતનું કે, આ તીવ્ર છે એવું જ્ઞાન. એ જ્ઞાન પર્યાય જ્યારે મંદ કષાય થયો તો જ્ઞાન પર્યાય પલટીને મંદને જાણવારૂપે સ્વસહિત પરિણમ્યું. એવી પર્યાય તારામાં છે–જ્ઞાનનું ઊપજવું, વિનશવું. એ પરવસ્તુ તારામાં છે નહિ. ભારે વાત, ભાઈ! અહીં તો દ્રવ્ય-પર્યાયમય જીવ કીધો એમ કહેવું છે ને અહીંયાં? તો કોની પર્યાય? પરની? વિકારની? નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન તારા હોવાપણામાં, તારા હોવાપણામાં શું છે? તું છો એ તારા હોવાપણામાં શું છે? કે, તારા હોવાપણામાં આ શરીર, વાણી, મનને આ બધું જે આમ ચાલે છે, આમ થાય છે એની અવસ્થા તારા હોવાપણામાં નથી. તારા દ્રવ્યમાં તો નથી, તારા ગુણમાં પણ નથી, તારી વર્તમાન અવસ્થાના હોવાપણામાં પણ એ હોવાપણું નથી. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આહાહા..! ત્યારે તારા હોવાપણામાં શું છે? કે, એ પુણ્ય ને પાપના વિકલ્પ ઉઠે એ પણ તારી દશાના હોવાપણામાં, જેને આત્મદ્રવ્ય, આત્મગુણ અને આત્માની પર્યાય કહીએ એમાં

એ રાગ-દ્વેષનું, પુણ્ય-પાપનું હોવાપણું એની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ?

છે શું ત્યારે કે તારા હોવાપણામાં? કે, ક્ષણે ક્ષણે પલટતી અવસ્થાના હોવાપણામાં, ત્રિકાળ રહેનારા દ્રવ્ય ને ગુણ તો ત્રિકાળ છે, પણ ક્ષણે ક્ષણે ગુણની અવસ્થા પલટે એના હોવાપણામાં એ રાગ નથી, પરની અવસ્થા તારા હોવાપણામાં નથી. અને તારું હોવાપણું તારામાં છે. એનું હોવાપણું વર્તમાન અવસ્થાનું હોવાપણું જ્ઞાનનું, દર્શનનું, આનંદનું એ હોવાપણું નથી રાગમાં, એ હોવાપણું નથી શરીરની અવસ્થામાં. સમજાણું કાંઈ? કહો 'જમુભાઈ'!

મુમુક્ષુ :– એનો સ્વાદ લે છે.

ઉત્તર :– ધૂળમાંય સ્વાદ લેતો નથી, ઇ કહે છે અહીં. જડના સ્વાદ લેતા હશે? આ ગોળ છે, ગોળ સાકર. કેરી લીધી, કેરી ચીર આમ. એ કેરીની ચીરની અવસ્થા છે ખાટી કે ગળી. એ ગળી અવસ્થા છે જડની અવસ્થા જડના હોવાપણામાં છે, આત્માના હોવાપણામાં નથી. અને એ જડનું જ્ઞાન થયું કે આ જડ છે એ જ્ઞાનનો પર્યાય આત્માના હોવાપણામાં છે. એ ગળી અને ખાટી એ પર્યાય આત્માની દશામાં નથી. આહા..! અરે..! ગળી ને ખાટીના લક્ષે થયેલો વિકલ્પ (કે) 'આ ઠીક છે' એવો વિકલ્પ પણ ખરેખર તારા જ્ઞાનની પર્યાયમાં એ નથી. આહાહા..! આ આત્મા કોને કહેવો એમ કહ્યું છે ને અહીં તો? ભાઈ! આહાહા..! ભારે! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મોઢુ તો ગળ્યું ખાટું થાય છે.

ઉત્તર :– મોઢુ પણ ગળ્યું, ખાટુ થાતું નથી. મોઢુ મોઢામાં છે, ગળ્યું-ખાટુ ગળ્યા-ખાટાની દશામાં છે. ગળ્યું-ખાટુ અહીં હોય તો તો ગળ્યું-ખાટુ સદાય રહેવું જોઈએ. અરે..! તત્ત્વ શું છે? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોકનું જેને જ્ઞાન હતું એ ભગવાનના મુખમાં તત્ત્વની વ્યવસ્થા આ રીતે જોવાણી છે. આ રીતે છે એ રીતે દેખાણી છે. એ રીતે તું દેખ તો તને સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા...! કહે છે, કે **'एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं' 'પહેલો વિનશે તો આગળનો ઊપજે...'** ભગવાનઆત્મામાં પહેલો પર્યાય જ્ઞાનનો થયો કે, હું આત્મા છું એમ જ્ઞાનનો પર્યાય છે અને પરમાં આ શરીર આદિ જડની અવસ્થા છે એ સંબંધીનું જ્ઞાન પોતાના પોતાને કારણે સ્વ-પરપ્રકાશની જ્ઞાન પર્યાય જે પહેલી થઈ એ એનામાં છે. પરપદાર્થની અવસ્થા એનામાં નથી અને આ સ્વ-પરપ્રકાશની પર્યાય જડની અવસ્થામાં ગઈ નથી. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞનું વિજ્ઞાન છે. અજ્ઞાનીના વિજ્ઞાન શીખવા માટે તો બહુ જાય છે, માથા ફોડે છે. 'અમેરીકા' સુધી જાય.

એમના દીકરા ગયા હતા માથા ફોડવા, જુઓ! ક્યાં ગયા? આવ્યા નથી 'મનોજભાઈ'? એ ક્યાં ગયા હતા? 'અમેરીકા', 'અમેરીકા' ગયા હતા ને ક્યાં ગયા હતા? 'અમેરીકા'!

ત્યારે પૂછ્યું હતું, કેટલો પગાર? તો કહે, અગિયાર હજાર રૂપિયાનો. માળે! ૩૫ વર્ષની ઉંમર હશે, નાની હતી. અગિયાર હજારનો પગાર. એમાં પાંચ હજાર, સાડા ચાર હજાર લઈ જાય સરકાર. આઠ દિ'માં ત્રણ દિ' સરકારની નોકરી કરવી. હતા, સવારમાં હતા, ચાલ્યા ગયા હશે. આ એમના પણ દીકરા ન્યાં ગયા હતા ને? આ પણ ગયા હતા. ત્યારે આ કહે, શું કરવા ન્યાં જા છો હેરાન થવા? 'સુમનભાઈ'. કૂચે મરવા કીધું, લ્યો! દસ હજારનો પગાર એને અત્યારે 'અમેરીકા'માં છે. આને તો વળી ચાર, સાડા ચાર (હજાર) ભરવા પડે છે. પેલાને બહુ ભરવું પડતું (નથી). એવું કો'ક કહે છે, આપણને ક્યાં ખબર છે? કો'ક વાતું કરે એ સાંભળીએ. સમજ્યા? એને જાજા રહે છે, એમ કહેતું હતું કો'ક, હોં! 'અમેરીકા'માં બહુ ન રહે. રહે કોને ને જાય કોને? સાંભળને! ઇ ભણવા માટે ત્યાં મોથા ફોડે પણ આ આત્મા શું ચીજ છે? હું કોણ છું? કેટલામાં છું? ને કેમ છું? એની એને ખબર નથી. બેખબરો અનાદિથી ચાર ગતિમાં રખડી રહ્યો છે. જ્યાં છું ત્યાં પ્રતીતિ નથી અને જ્યાં નથી ત્યાં પ્રતીતિ ઊંધી કરી છે. 'ડાહ્યાભાઈ'! આહાહા..! શું કહે છે?

ભગવાન! ભગવાન ભગવાનને કહે છે. આ આત્મા ભગવાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં મહાવિદેહક્ષેત્રમાં અત્યારે ભગવાન બિરાજે છે – 'સીમંધર પ્રભુ'. એ મહાવિદેહક્ષેત્રમાં દિવ્યધ્વનિ દ્વારા આ ઉપદેશ એ જાતનો કરી રહ્યા છે. એની પાસે આ 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. બે હજાર વર્ષ પહેલાં આઠ દિ' ત્યાં રહ્યા હતા. વર્તમાન ભગવાન બિરાજે છે. ત્યાંથી આવીને આ બધા શાસ્ત્રો રચાયા છે અને એ શાસ્ત્રની પછી આ ટીકા (થઈ). મહા સંત મુનિ 'અમૃતચંદ્રાચાર્ય' થયા આ એમના કરેલા કળશ છે એમ નિમિત્તથી (કહેવાય છે). સમજાય છે? આહા..!

કહે છે, એને કોણ નિમિત્ત હતું એ બતાવવા એમણે કર્યા એમ કહેવાય (છે). બાકી શાસ્ત્રની રચના પરમાણુથી થાય છે. આત્માની પર્યાયથી એ રચના થતી નથી. કારણ કે, આત્માની પર્યાયમાં એ પરમાણુની પર્યાયની હયાતી નથી. આ અક્ષરો છે, અક્ષરો છે. આ શું છે આ? પુદ્ગલ છે ને? રજકણો કાયમ રહીને એની રૂપાંતર, અવસ્થાંતર થાય છે. એ અવસ્થા જડની દશામાં રહેલી છે. એ કાંઈ આત્માની, જ્ઞાનની દશામાં એ અવસ્થા નથી રહી તે આત્માથી તે થાય. આરે...! ભારે વાત, ભાઈ! એ... 'ભિખાભાઈ'! આહાહા..! ભાઈ! તારાથી શું થાય ને તારામાં શું નથી એની ખબરું વિના પરથી ભેદજ્ઞાન શી રીતે કરશે? આ ભેદજ્ઞાનને માટે વાત છે.

કહે છે, ભાઈ! ભગવાન! તું તો આત્મા છો ને! અને આત્મામાં તો અનંતા, અનંતા ગુણ-શક્તિઓ પડી છે ને! એની વર્તમાન અવસ્થા–દશાનું થવું એ તારામાં છે. એ તારામાં નથી કાળા, પીળાની દશા, નથી રાગ-દ્વેષની દશા, નથી શરીર, બાયડી, છોકરાની એ દશા અહીં આમાં નથી. સમજાણું કાંઈ? આ આમાં નથી એમાં માનવું એનું નામ મિથ્યાદૃષ્ટિ

મૂઢ જીવ છે.

મુમુક્ષુ :– રાગ-દ્વેષ પણ પ્રભુ આમાં જ થાય છે.

ઉત્તર :– એ રાગ-દ્વેષનો જ્ઞાન કરનાર છે, ખરેખર એમાં નથી. અહીં એ વાત છે. એને આત્મા કહીએ. રાગ-દ્વેષ થાય છે એનું જ્ઞાન કરનારો જ્ઞાતા તેને આત્મા કહીએ. રાગમય જીવને આત્મા ન કહેવાય એ તો આસ્રવતત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? શરીર, માટી, ધૂળ, કર્મ, અવાજ, આ અવાજ આદિ માટી. અંદર કર્મ પણ માટી–ધૂળ એ બધા અજીવ તત્ત્વો છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ આસ્રવ તત્ત્વ છે, મેલ તત્ત્વ છે, જે બંધનનું કારણ અને દોષ છે. એ આત્માનું સ્વરૂપ નથી, આત્માનું સ્વરૂપ હોય તો કાયમ એમાં રહેવા જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? એની દશામાં એ ખરેખર નથી.

એની દશા તો જ્ઞાન અવસ્થામાં થતું તેનું જ્ઞાન. આસ્રવ છે એનું જ્ઞાન, પરવસ્તુ છે એનું જ્ઞાન, હું વસ્તુ છું એનું જ્ઞાન એ આત્માની અવસ્થામાં છે. એ અવસ્થા પહેલે સમયે થાય છે, એ બીજે સમયે આગલે (સમયે) નવી ઊપજે છે. બીજે રાગ ઊપજે છે કે બીજે શરીરની અવસ્થા ઊપજે છે ને ઊપજાવે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એનું સત્‌પણું ત્રણમાં વ્યાપ્યું છે. સત્‌પણું એટલે હોવાપણું. દ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિઓ– ગુણ અને એની દશા. ત્રણમાં એનું હોવાપણું વ્યાપેલું છે. એ ત્રણ સિવાય આગળ જઈને બીજામાં વ્યાપી જાય છે એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આહા..! કહે છે, હજી તો અહીં ક્રમમાં... મારે તો પાછું બીજું નાખવું હતું હજી કે, પગનું નાખીને જે સમયે જે પર્યાય ઊપજે એ બીજે સમયે બીજી જ હોય અને બીજી પણ જે આવવાની હોય તે જ હોય, આડી અવળી હોય નહિ. સમજાણું કાંઈ? 'ડાહ્યાભાઈ'!

**'પહેલો વિનશે તો આગળનો ઊપજે...'** ભગવાનઆત્મામાં અનંત... અનંત... શક્તિઓનું સત્ત્વ પ્રભુ આત્મા, એની એક સમય નામ નાનામાં નાના કાળમાં એ અનંત ગુણની પહેલી અવસ્થા જે પોતામાં નિર્મળપણે જાણવા, દેખવાની, શ્રદ્ધાની, સ્થિરતાની, આનંદની જે ઉત્પન્ન થઈ એ પહેલી ઊપજી તે બીજે સમયે નાશ થઈ જાય. બીજે સમયે આગળનો (પર્યાય) ઊપજે છે, આગલી ઊપજે છે. પહેલા વિનશે છે, જે પહેલી હતી તે જાય છે, આગલી ઊપજે એટલે જે આગળ થવાની તે ઊપજે છે. આગલી ઊપજે છે તો આગલી એટલે હવે પછી જે છે એ થવાની તે ઊપજે છે. એ..ઇ...! 'દેવાનુપ્રિયા'!

મુમુક્ષુ :– આ વાત ખેંચીને છે.

ઉત્તર :– એમ જ છે, ખેંચીને નથી. આ હતી તે ગઈ અને હવેની આગલી જે થવાની તે ઊપજી. વસ્તુ જ એમ છે. નહોતી થવાની એ ઊપજી છે? તે કાળની નહોતી ને ઊપજી છે? પછી કાળની થવાની છે એમ ઊપજી છે? એમ વસ્તુ કોઈ દિ' હોઈ શકે?

મુમુક્ષુ :– નિશ્ચિત ન હોઈ શકે.

ઉત્તર :– નિશ્ચત જ છે. 'જમુભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– થયા કરે એમ નથી કીધું. એથી ઉપરાંત કાંઈક કહ્યું. ભાઈ! આગલી જ ઊપજે. જુઓ! અમારે જજ છે ને ઇ જજ છે. લ્યો! આ તમારા એક જજ ગયા. ઇ કાંઈક જજ છે ને? 'કનુભાઈ' તમારી નીચે છે. ગયા. ઇ કહેતા હતા કે 'ડાહ્યાભાઈ' આવવાના છે. સમજાણું કાંઈ? આ તો ભગવાન કેવળજ્ઞાની જજ છે. જેનો ન્યાય ત્રણકાળ, ત્રણલોકમાં ફરે નહિ. આ બધા જજ તો લોકોએ કરેલા કાયદા એ પ્રમાણે હાંકે રાખે ગાડા. કહે છે કે, ભાઈ! આ તો સર્વજ્ઞ પરમાત્મા, એની કોર્ટમાં જે જ્ઞાનમાં પદાર્થો દેખાણા એમાં તારું તત્ત્વ આ રીતે ભગવાને જોયું છે. સમજાણું કાંઈ?

**'પહેલા વિનશે...'** પહેલા વિનશે એટલે પહેલા કોઈ અસ્તિત્વ, કોઈ અવસ્થા હતી કે નહિ? **'આગળનો ઊપજે...'** પછીની ઊપજે. પછીની ઊપજે એટલે જે પછીની છે તે ઊપજે. એ પર્યાયની વાત થઈ. પર્યાય સમજાય છે? પર્યાય એવી. કેટલાક તો જૈનમાં જન્મ્યા (પણ) પર્યાય શું એ ખબર નથી. જે જૈનનું એકડાનું મીંડુ પહેલું. પર્યાય. ઇ શું હશે? પર્યાય શું હશે?

હવે એક જણો કહેતો હતો. પેલો નહિ બિચારો કેટલા વર્ષનો મૂંડાયેલો જૈન. કે, પર્યાય તો સિદ્ધ થાય તોપણ હજી વળગી છે? કીધું, આ બિચારા જૈનમાં જન્મ્યા ને દાઢા રાખે ને ભાષણો આપે મોટા મોટા. ગૃહસ્થ માણસ મોટા, ઘણા લાખોપતિ છે. દરિયાવી આવે છે ને? ઘણા લાખોપતિ. આમ ઠરેલ માણસ, શાંત માણસ પણ વસ્તુની ખબર ન મળે. એમ ને એમ ગાડા હાંકે રાખ્યા ગાંડપણે. ગાંડપણે ગાડા હાંક્યા એ ગાડા ક્યાં જાય? દારૂ પીધેલો બેસે પેલામાં તો ક્યાંક ને ક્યાંક મોટર અથડાવે છે. શું કહેવાય એ? ડ્રાઈવર દારૂ પીધેલો બેઠો હોય છે ને? જાય સામે ક્યાંક સામે અથડાય. આમ ચાર કોશ છેટે રાખવી જોઈએ એને ખ્યાલ ન રહે તો આમ બેય અથડાય. એમ અહીંયાં સમ્યક્ ચીજ શું છે, પરવસ્તુ શું છે એના ભેદજ્ઞાન વિના આત્માને ક્યાંય ઊંડો ઊંધે ઉતારી નાખે ચાર ગતિમાં રખડવા. સમજાણું કાંઈ?

કહે છે કે, **'પહેલા વિનશે તો આગળનો ઊપજે...'** ક્યાંક આવ્યું હતું. ક્રમમાં શબ્દ નહોતો આવ્યો? એક ઊપજે ને એક જાય એમ ક્યાંક આવ્યું હતું, ભાઈ! એક ક્યાંક આવ્યું હતું. ક્યાંક આવ્યું હતું ખરું, ભાઈ! આ ભક્તિ વખતે જરીક નહોતું ગાયું? **'કોઈ પર્યાય થાય છે, કોઈ પર્યાય વિનશે છે...'** **'वृत्तिक्रमात्'** છે ને? ૨૬૧ શ્લોક, ૨૬૧ શ્લોકની નીચેથી ત્રીજી લીટી. ૨૬૧ શ્લોક, પંદરમો શ્લોક. **'वृत्तिक्रमात्'** પર્યાય કે ક્રમાત્ એમ શબ્દ છે ને? પર્યાય કે ક્રમાત્. **'કોઈ પર્યાય થાય છે, કોઈ પર્યાય વિનશે છે...'** સમજાણું કાંઈ?

અહીં એમ કહ્યું, ક્રમ એટલે શું? અર્થ છે એટલું જ કીધું છે અહીં તો. પેલી તો **'वृत्तिक्रमात्'**

છે ને? અને અહીં તો ક્રમની વ્યાખ્યા કરી કે, ભગવાનઆત્મામાં આમ જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની, શાંતિની, આનંદની, શાંતિ એટલે ચારિત્ર જે પર્યાય પહેલે, આગલે પહેલી ઊપજી હતી (એ) પછી નાશ થઈ જાય અને બીજી ઊપજે છે. એને પર્યાય કહીએ, એને અવસ્થા કહીએ.

હવે **'अक्रम', 'अक्रम' 'અને વિશેષણરૂપ છે...'** શું કીધું? આત્મામાં એ વિશેષણ છે. આત્મા વિશેષ છે તો જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, પ્રભુત્વ એ એના વિશેષણરૂપ ગુણ છે. સમજાણું કાંઈ? આહાહા..! પેલા વિશેષણ, વિશેષણ આવતા હતા કે નહિ? ભણવામાં તો આવતું હશે, ચોપડીઓમાં. આખરમાં ન્યાં ને ન્યાં રાખ્યું. એમાં શું કાંઈ અર્થ? આ આત્મા વસ્તુ છે ને એ વિશેષ કહેવાય, વિશેષ. ત્યારે એના ગુણો છે એ એના વિશેષણ કહેવાય. પેલું વિશેષ અને આ વિશેષણ. જ્ઞાન, દર્શન ત્રિકાળ રહેનાર હોં! ત્રિકાળ.

જેમ સોનું એ કાયમ રહેનાર એ દ્રવ્ય કહેવાય. અને પીળાશ, ચીકાશ, વજન એ એના ગુણ કહેવાય અને કુંડળ, કડા, વીંટી એની પર્યાય કહેવાય. સમજાણું કાંઈ? ગુણ કાયમ રહે, પર્યાય પલટતી જાય, દ્રવ્ય કાયમ રહે. એમ ભગવાનઆત્મા એ દ્રવ્ય છે. એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ છે. એ ગુણ છે તે અક્રમ છે, અક્રમ નામ એકસાથે છે. સમજાણું કાંઈ? આ શું વળી? અક્રમ એટલે ગુણ ને ગુણ એટલે એક સાથે ને... આ ગુણ એટલે પર્યાય નહિ, હોં! શક્તિ ત્રિકાળ.

વસ્તુ ભગવાનઆત્મા એના વિશેષણરૂપ છે. કોણ? વસ્તુ ભગવાનઆત્મા એનો કાયમ રહેનારો જ્ઞાન ગુણ, દર્શન ગુણ, આનંદ ગુણ, એવા અનંત ગુણ કહેશે. આત્મા વસ્તુ છે એમાં આનંદ ગુણ કાયમ રહેનાર છે, પ્રભુત્વ ગુણ કાયમ રહેનાર છે. એ આગળ નીચે નવ નામ આપશે, નવ નામ આપશે પણ એવા અનંતા ગુણો એક સમયની અંદર સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મા વસ્તુ એમાં અનંતા ગુણો વિશેષણરૂપે કાયમ રહે છે. એ વિશેષણ એટલે ગુણરૂપ કાયમ છે, એને અક્રમ કહેવામાં આવે છે. વસ્તુમાં ગુણો એક પછી એક ન હોય, ગુણ એકસાથે હોય અને પર્યાય એક પછી એક હોય. સમજાણું કાંઈ?

સોનું એ વસ્તુ. એમાં પીળાશ, ચીકાશ, તોલ એકસાથે હોય છે. એથી સોનું એ વિશેષ છે તો ગુણો તે વિશેષણ છે. એ કાયમ રહે છે એમ પીળાશ, ચીકાશ, વજન કાયમ રહે છે અને પછી કુંડળ, કડા, વીંટી, બાજુબંધ અવસ્થા થવી એ પર્યાય કહેવામાં આવે છે. એમ ભગવાનઆત્મા કાયમ રહીને એનામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણો વિશેષણ કાયમ છે, અક્રમ છે, એકસાથે અનંતા ગુણ છે. કોણ જાણે ક્યાં રહેતા હશે? થપ્પી મારી હશે ન્યાં? અનંતા ગુણની એકસાથે થપ્પી મારી છે એમ કહે છે. આહાહા..! સમજાણું કે નહિ?

આ એક ભગવાનઆત્મા સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાનીએ એવો જોયો છે અને એમ એ છે અને એમ કહ્યો છે. એમ જોયો છે, એમ છે, એમ કહ્યો છે. આ આત્મા વસ્તુ તરીકે

દ્રવ્ય છે એના વિશેષણ તરીકે અનંત ગુણો છે, એકસાથે ગુણો છે. જ્ઞાન પહેલું ને દર્શન પછી ને આનંદ પછી એવો ગુણ હોઈ શકે નહિ. એની અવસ્થા બદલે એમાં એક પછી એક હોય. પહેલી અવસ્થા થાય, (તે અવસ્થા જાય) બીજી અવસ્થા થાય પછી બીજી અવસ્થા જાય ને વળી ત્રીજી અવસ્થા ઉત્પન્ન થાય. સમજાય છે કાંઈ?

એવા '**વિશેષણરૂપ છે પરન્તુ ન ઊપજે, ન વિનશે,...**' પર્યાયથી વિરુદ્ધ લેવું છે ને? ભગવાનઆત્મા જ્ઞાન ગુણ સંપન્ન ત્રિકાળ, આનંદ સંપન્ન ત્રિકાળ, અસ્તિત્વ સંપન્ન હોવાપણે ત્રિકાળ, શક્તિપણે ત્રિકાળ, વસ્તુપણે ત્રિકાળ, આનંદ પ્રભુતાપણે ત્રિકાળ, જીવતર શક્તિ જીવવું, જીવવું, ટકવું, ટકવું એવા ગુણપણે ત્રિકાળ. સમજાય છે કાંઈ?

એ '**વિશેષણરૂપ છે પરન્તુ ન ઊપજે, ન વિનશે,...**' આ ભગવાનઆત્મામાં ગુણો જે શક્તિ છે એ શક્તિ કાંઈ ઊપજે ને શક્તિ કાંઈ નાશ થાય એમ હોતું નથી. એની વર્તમાન અવસ્થા પલટે. પર્યાય ઊપજે ને વિનશે થાય. ગુણ તો એવા ને એવા એકરૂપ સદૃશ્ય અનાદિ અનંત છે. કહો, સમજાણું કાંઈ? કેવું છે જીવદ્રવ્ય? '**પહેલો વિનશે તો આગળનો ઊપજે...**' એનું નામ ક્રમ પર્યાય કહેવાય અને અક્રમ એકસાથે અનંતા ગુણો તેને વિશેષણરૂપ કહેવાય, એ ઊપજે, વિનશે નહિ.

એ '**विवर्ति**' '**અંશરૂપ ભેદપદ્ધતિ...**' વસ્તુમાં એ અનંત ગુણરૂપ ભેદ અને અનંતી પર્યાયરૂપ ભેદ છે. સમજાણું કાંઈ? એકરૂપ વસ્તુ છે એમાં ગુણનો ભેદ પડ્યો ને? અને પર્યાયનો ભેદ પડ્યો. એકરૂપ આત્મા ભગવાન વસ્તુ, વસ્તુ એમાં ગુણનો ભેદ. સાથે રહેનારી શક્તિઓ એ એકમાં ભેદ પડ્યો ગુણ ભેદ અને અવસ્થાનું પલટવું એ અવસ્થા ભેદ. એ બેય અંશરૂપ ભેદ પદ્ધતિ, બેય અંશરૂપ ભેદની રીત '**તેનાથી પ્રવર્તી રહ્યો છે...**' એ રીતે ભગવાનઆત્મા પ્રવર્તી રહ્યો છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ દ્રવ્ય. કેવું છે દ્રવ્ય? એમ કીધું ને? કેવો છે પદાર્થ? કે, પહેલી ઉપજે, પહેલી વિનશે ને પછી ઊપજે એવી પર્યાયમાં વર્તી રહ્યો છે. અને અનંતાગુણો એકસાથે છે એ રીતે વર્તી રહ્યો છે. એ પરમાં વર્તી રહ્યો નથી. પોતાના ગુણ ને પર્યાયમાં– વિશેષણરૂપ ગુણ ને ક્રમરૂપ પર્યાયમાં આત્મા પ્રવર્તી–વર્તી રહ્યો છે. એને મુકીને એક અંશ પણ શરીરની પર્યાયમાં, ધંધાની પર્યાયમાં, ખાવા-પીવાની પર્યાયમાં અંશમાત્ર પણ પ્રવર્તી રહ્યો નથી, પ્રવર્તી રહ્યો નથી. ધ્યાન બીજે હતું ને? જરીક આમ થઈ જાય તો કાંઈક બીજું થઈ જાય. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**विवर्त**' '**પ્રવર્તી રહ્યો છે...**' '**चित्रं**' '**પરમ અચંબો જેમાં, એવું છે.**' શું કહે છે? અહો..! વસ્તુ એક, અભેદ એમાં અનંતા ગુણોનો ભેદ અને અનંતી પર્યાયનું ઊપજવું-વિનશવું (એવો) ભેદ પ્રવર્તી રહ્યો (છે), અચંબો છે.

'**चित्रं**'ની વ્યાખ્યા કરી. '**પરમ અચંબો જેમાં, એવું છે.**' ભગવાનઆત્મામાં અનંતા

એકસાથે ગુણો રહ્યા એ અચંબો છે. અને એકસાથે પર્યાય અનંતી પહેલી ઊપજી એ જાય અને નવી થાય. એ વસ્તુનો સ્વરૂપ અચંબો છે, આશ્ચર્યકારી વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પરને લઈને નહિ. સમજાય છે આમાં? આ સંભળાય છે માટે જ્ઞાનની પર્યાય ઊપજે છે? કે, ના. એમ કહે છે. શું એમાં કહ્યું?

ભગવાનઆત્મા પોતાના અનંત ગુણમાં ને અનંતી પર્યાય ઊપજાવીને એમાં વર્તી રહ્યો છે. એ પરની અવસ્થાને લઈને વર્તી રહ્યો છે એમ નથી, તેમ પરની અવસ્થામાં વર્તી રહ્યો છે એમ નથી. ક્ષણે ક્ષણે આ તો ભેદજ્ઞાનની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? કહો, બરાબર છે? આહા..!

**'પરમ અચંબો જેમાં,...'** એટલે શું? વસ્તુ એક ને અનંત... અનંત... ગુણ. કેટલા ગુણો? કે, એણે તો સાંભળ્યા નથી. કેટલા ગુણોની સંખ્યા? કે, આકાશના પ્રદેશ જેનું માપ નથી. આકાશ છે ને આકાશ ખાલી? આ આકાશ ન કહેવાય, હોં! જ્યાં કાળું વાદળા જેવું દેખાય એ આકાશ નથી. આકાશ તો અરૂપી સર્વ વ્યાપક છે આમ બધેય. આખા લોકમાં અને ખાલી ભાગ. આ લોક – ચૌદ બ્રહ્માંડ છ દ્રવ્યવાળું છે અને એ સિવાય ખાલી... ખાલી... ખાલી... (જગ્યા છે) જેને અલોક કહે છે. એ ખાલી આકાશ છે. એ આકાશ ક્યાં સુધી હશે? પછી ક્યારે નહિ હોય?

આકાશ ક્યાં અસ્તિપણાની હયાતીનો અભાવ હશે આકાશનો? ચારે બાજુ દશે દિશા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એટલા આકાશના એક એટલામાં અસંખ્ય પ્રદેશ છે. આટલા અંગૂલના અસંખ્યમાં (ભાગમાં) અસંખ્ય પ્રદેશ છે. ઘણાં છે હોં! ઘણાં છે. એવા એવા અનંત... અનંત... પ્રદેશી એમ ને એમ આકાશ ચાલ્યો જાય છે. ખાલી ખાલી ચારે બાજુ. એમ તો માનવું પડશે કે નહિ કે, આ ખાલી પછી, પછી શું હશે? પાછળ ભીંત હશે? પછી વાડ હશે? પછી શું હશે? ઇ એમ ને એમ અમાપ જેનું માપ નહિ એમ આકાશ ચાલ્યો જ ગયો છે, બાપુ! એ ક્ષેત્રનો એવો સ્વભાવ છે. કહે છે કે, એટલા જે અંશો એના પડે એટલામાંના અસંખ્ય છે એટલા અંશો બધા પડે આખાના એથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. સમજાણું કાંઈ? મોટો ભગવાન (છે) પણ એને બેસતો નથી, રાંકો થઈને બેઠો છે. બીડી વિના ચાલે નહિ, બાયડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. શું છે પણ? ક્યાં તારામાં એ હતું તે ચાલ્યું ગયું છે?

મુમુક્ષુ :– કર્મનું જોર છે.

ઉત્તર :– કોના કર્મના જોર? ધૂળમાં. એ તો એને ઘરે ચીજ હતી. તારી પાસે હતી જ કે દિ'? તારી પાસે હતી શું? 'આ મારા' એ મમતા. તારી પાસે હતું શું? 'આ મારા' એ મમતા. એ ચીજ તારી પાસે નહોતી, તારામાં નહોતી, તારી હયાતીમાં નહોતી. એની હયાતીમાં તું નહોતો, એની હયાતીમાં ઇ છે. ગાંડા થઈ ગયા. 'જેચંદભાઈ'! સાચી વાત

છે. મૂર્ખો છે કહે છે. ગાંડો થાય તો. એમ અહીં કહે છે. તારામાં એ નહોતું ને તારામાં છે એ કોઈ દિ' ક્યાંય ગયું નથી. શેનો તું મરી ગયો, મરી ગયો હાય.. હાય..! હું ગરીબ માણસ થઈ ગયો.

મુમુક્ષુ :– પેલું કોઈ દિ' આવે એવું નથી.

ઉત્તર :– પેલું કોઈ દિ' અહીં આવે એવું નથી અને આ અનંતા ગુણ કોઈ દિ' બહાર જાય એવા નથી. ભાન કે દિ' છે એને કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અર્ધ લોકના ઇન્દ્રો સ્વામી પાસે આ વાત કરતાં હતા. સમજાય છે કાંઈ? અને ગણધર ચાર જ્ઞાનના ધણી જેને ચૌદ પૂર્વ ને બાર અંગની રચના કરવાની અંતર્મુહૂર્તમાં તાકાત છે. એની પાસે ભગવાનની વાણી આમ નીકળી અરે..! આત્મા! તારામાં અનંતા અનંતા ગુણોથી ભરેલું તું તત્ત્વ છો ને, ભાઈ! એમાં તું વર્તી રહ્યો છો. તું ક્યાં વર્તે છે બીજે? શું કીધું?

**'પ્રવર્તી રહ્યો છે પરમ અચંબો જેમાં, એવું છે.'** આહાહા..! સમજાણું કાંઈ? તારો એક ગુણ ઓછો થયો નથી અને એક ગુણની વર્તમાન અવસ્થા 'આત્મા છે' એમ નક્કી કરતાં વર્તમાન નિર્મળ અવસ્થામાં કાંઈ ઓછું થતું નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે ક્રમવર્તી પર્યાય, અક્રમવર્તી ગુણ; - એ રીતે ગુણ-પર્યાયમય છે જીવવસ્તુ.'** લ્યો! સરવાળો કર્યો. ભગવાનઆત્મા એની અનંતી અવસ્થાઓ શક્તિની–ગુણની અનંતી અવસ્થા પહેલી હતી એ બીજે ક્ષણે જાય ને બીજી થાય અને અનંતા ગુણો. એ ક્રમ અને અક્રમ ગુણનું સ્વરૂપ તે આત્મા છે. એને જીવવસ્તુ કહેવામાં આવે છે. એને જીવવસ્તુ કહેવામાં આવે છે. આહાહા..! સર્વજ્ઞ સિવાય આવું બીજે હોય નહિ. બીજા બધા વાતું કરતા હોય કે આમ કરો ને ઢીકણું કરો ને... નથી કરતાં? સમજાય છે? વિકલ્પ છોડી દ્યો (એમ કહે). શું છોડે? પણ છે શું ઇ? છોડી દ્યો પણ શું છે પણ છોડી દેવું? એમાં છે શું? ઇ કહે છે. અસ્તિ શું છે? કે, જેમાંથી રાગ છૂટી જાય. એ તો નાસ્તિ થઈ.

અસ્તિ જીવદ્રવ્ય એવો છે કે વિશેષણરૂપ અનંત ગુણો છે અનંતા અનંત અને એક સમયની અવસ્થા નિર્મળ ક્રમે ઊપજે એમાં એ આત્મા વર્તી રહ્યો છે એ એનું અસ્તિપણું છે. એવું અસ્તિપણું નક્કી કરતાં એ સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં એને વિકલ્પ ને રાગનો અભાવ થઈ જાય છે. આમ થઈ જાય છે. આમ કરે કે આ વિકલ્પ તોડો. શું તોડે? ધૂળ તોડે. સમજાણું કાંઈ? આહાહા..!

આવી જીવવસ્તુ છે. જોયું? **'ક્રમવર્તી પર્યાય અને અક્રમવર્તી ગુણ; - એ રીતે ગુણ-પર્યાયમય છે જીવવસ્તુ.'** મય (કીધું), જોયું? અભેદ કીધું. ભગવાનઆત્મામાં અનંતા ગુણો અને એની અનંતી અવસ્થામય આત્મદ્રવ્ય છે. આહાહા..! એને અંતરમાં અનુભવમાં, દૃષ્ટિમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. એનું નામ ધર્મની શરૂઆત કહેવામાં આવે

છે. આહાહા..! આવો ધર્મ તે કઈ જાતનો છે? વીતરાગનો જૈન પરમેશ્વરનો ધર્મ આવો હશે? જૈનમાં તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય જીવરા ઓવરીયા તસ્સૂતરી લ્યો! તાવકાંય જાણેણં માણેણં આપ્પાણં ઓસરી જાવ. આત્મા આખો વોસરાવ્યો. આત્મા કોને કહેવો ભાન કાંઈ (ખરું)? સમજાણું કાંઈ? ક્યાં તું? ધર્મ કોને થાય? ધર્મ શું હશે? ધર્મ ક્યાં થાતો હશે? ધર્મ કેવી રીતે થાતો હશે? ધર્મ કરીએ છીએ. શું કરે છે? પણ ધૂળ કરે છો. ભગવાનઆત્મા અનંત ગુણમય અને એની વર્તમાન પર્યાયમય છે એવા દ્રવ્યને દૃષ્ટિમાં ન લે ત્યાં સુધી એને રાગનો અને મિથ્યાત્વનો અભાવ થાય નહિ. અહીં તો પર્યાય સહિત લેવું છે ને? સમજાણું કાંઈ?

**'વળી કેવું છે તે?'** કેવો છે ભગવાનઆત્મા? **'અર્થાત્ કેવી છે જીવવસ્તુ?'** **'यः भावः इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरः अपि ज्ञानमात्रमयतां न जहाति'** કેવો છે ભગવાન? **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ...'** ભાવ જાણવું... જાણવું... જાણવું... જાણવું... એકલો સમજનો પિંડ, ચૈતન્ય સૂર્ય, ચૈતન્ય સૂર્ય પ્રકાશ ચૈતન્ય પ્રકાશનો સૂર્ય એવો ભગવાનઆત્મા એમ કહેતા છતાં **'દ્રવ્ય-ગુણ-પર્યાય ઇત્યાદિથી માંડીને...'** દેખો! ન્યાંથી ઉપાડ્યું ને! દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. **'ઇત્યાદિથી માંડીને...'** **'अनेकनिजशक्ति'** એ ૪૭ શક્તિનું વ્યાખ્યાન આપણે આવી ગયું છે, પહેલાં પણ આવી ગયું છે. 'આત્મપ્રસિદ્ધિ' નામનું પુસ્તક બહાર પડ્યું છે. ફરીને હમણાં ૪૭ શક્તિનું વર્ણન થયું છે પણ ટેપ રેકોર્ડિંગમાં પડ્યું છે. શબ્દપણાની વાત છે, હોં! પડ્યું છે તો આત્મામાં નિજ શક્તિઓ બધી. એના વાચક શબ્દોપણે જે વ્યાખ્યાન થયા એ અત્યારે ટેપરેકોર્ડિંગમાં પડ્યા છે, હજી બહાર નીકળે ત્યારે ખરા. કહો, સમજાણું આમાં? એ ૪૭ શક્તિનું વર્ણન છે. ૪૦-૪૧ વ્યાખ્યાન છે. ૪૭ના ૪૦-૪૧ વ્યાખ્યાન છે. ઇ આમાં નથી. મૂળ પાઠમાં લીધું છે. અહીં તો શક્તિ કહીને પછી એને સંકેલી લીધું છે. કેવું?

ભગવાનઆત્મા એક એક પોતાનો આત્મા **'દ્રવ્ય-ગુણ-પર્યાય ઇત્યાદિથી માંડીને અસ્તિત્વ,...'** હોવાપણાનો એનામાં ગુણ છે. હોવાપણું સત્તા સત્... સત્... સત્... નામનો હોવાપણું નામનો ગુણ આત્મામાં છે. એ વિશેષણ છે. એની પર્યાય પણ સત્રૂપની અસ્તિત્વની પર્યાય છે. **'વસ્તુત્વ...'** પ્રયોજનભૂત પોતાને સિદ્ધ કરે એવો વસ્તુત્વ નામનો આત્મામાં અનાદિ આત્મામાં–પોતામાં ગુણ છે. એ વસ્તુનું વસ્તુપણું પોતામાં ગુણ છે. એ વસ્તુનું વસ્તુપણું પરવસ્તુને લઈને નથી. ભાઈ! અમારી વસ્તુ અમારે સાચવવી છે. તારી વસ્તુ ક્યાં છે? બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, મકાન, ધૂડ એ તારી વસ્તુ છે? કે વસ્તુપણું ત્યાં તું માને છો.

મુમુક્ષુ :– વ્યવહારે માને છે ને?

ઉત્તર :– વ્યવહારે શું પણ વ્યવહારે માને? મૂઢ. વ્યવહાર હતો કે દિ'? કહેવામાં નિમિત્ત તરીકે જાણવામાં આવે. એ તો આમ બોલાય છે, આમ કહેવાય છે. વસ્તુમાં છે નહિ. વસ્તુપણું તો પોતામાં છે. પોતાનો ગુણ વસ્તુપણાનો, વસ્તુ અનંત ગુણ વસેલા, આત્મા છે એમાં અનંત

ગુણ વસેલા છે. એનું પણું ભાવપણું પોતામાં છે. સમજાણું કાંઈ? એ વસ્તુનું હોવાપણું, અનંત ગુણનું વસ્તુનું વસ્તુપણું આત્મામાં છે. એનું વસ્તુપણું આત્મા સિવાય રાગમાં નથી, કર્મમાં નથી, શરીરમાં નથી, બાયડી-છોકરા-કુટુંબમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ?

**'પ્રમેયત્વ,...'** એનામાં, આત્મામાં બીજાના જ્ઞાનમાં અથવા પોતાના જ્ઞાનમાં પ્રમેયપણે થાય એવો એક ગુણ છે. પ્રમેયત્વ મેય એટલે માપમાં આવે. જ્ઞેય જ્ઞેય. આત્મા પ્રમેય એટલે જ્ઞેય. પ્રમેય = પ્ર-વિશેષે મેય–માપમાં આવવું. આત્મા કેવો છે એવો માપમાં આવે એવો એક પ્રમેય નામનો આત્મામાં ગુણ છે. આ શું હશે? પ્રમેય સમજાણું? આ પરમેય થાય ઇ નહિ, હોં! આ. આહાહા..! પ્રમેય. ભગવાનઆત્મામાં જેમ જ્ઞાન અનાદિઅનંત છે એમ પ્રમેય નામનો ગુણ–શક્તિ અનાદિઅનંત છે કે જે પ્રમેય–જે પોતાના જ્ઞાનમાં આ કેવડો છે એમ માપ-જ્ઞાનમાં આવી જાય એવો એક એનો ગુણ છે. આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયમય કેવડો છે એવું જ્ઞાનમાં (આવી જાય). જ્ઞાન પ્રમાણ છે અને એમાં જ્ઞાનની સાથે પ્રમેય ગુણ બીજો છે એ પ્રમેયને લઈને જ્ઞાનમાં આખો આત્મા કેવડો (એ) જ્ઞાનમાં આવી જાય. આહાહા..! સમજાય છે કાંઈ?

એ આત્મા પોતાના જ્ઞાનમાં આખો મપાય જાય એવો એનામાં ગુણ છે. માપનારો ગુણ છે ને મપાવાયોગ્ય છે એવો પણ ગુણ છે. માપનું હોય ને? આ કાટલા આદિ. તો દાણા આદિ મપાય કે નહિ? આકાશ આદિ મપાતા હશે? એટલે મપાવા યોગ્ય વસ્તુ છે અને માપનાર તોલા, કાટલા છે. એમ આત્મા પોતે પોતાના જ્ઞાનમાં માપવા લાયક છે અને મપાવા લાયક છે. અરે.. અરે..! આ ભારે વાત, ભાઈ! પોતે પોતાના જ્ઞાનથી પ્રમાણ કરે ને પોતે પોતાનું પ્રમેય થઈને પોતે પ્રમાણમાં આખો આવડો છે એમ જાણી શકે. સમજાય છે કાંઈ? એ દરેક ગુણની પર્યાય છે. અહીં તો અત્યારે ગુણ વર્ણવવા છે ને? પણ ગુણને નક્કી કરનાર, ગુણીનો આ ગુણ છે એમ નક્કી કરનાર ગુણી ઉપર દૃષ્ટિ જતાં એ દરેક ગુણની વર્તમાન પર્યાયમાં કાર્ય થયા વિના રહે નહિ.

આત્મામાં આ ગુણ છે, એમ ગુણીનો આ ગુણ છે એમ ગુણી ઉપર દૃષ્ટિ, જ્ઞાન વસ્તુ ઉપર જતાં એ પ્રમેયત્વ ગુણનું પર્યાયમાં કાર્ય થયા વિના રહે નહિ. શું કહે છે આ વાત? એ વસ્તુની સ્થિતિ છે એવી વાત કહેવાય છે. અલૌકિક વાત છે. ક્યાં કોઈ દિ' સાંભળ્યું નથી, દરકારેય કરી નથી. માથા ફોડીને મરી ગયો, મજૂરી કરી કરીને હેરાન (થઈ ગયો) મજૂરીયું કરી કરીને. એમ હશે કે નહિ? અજ્ઞાનીઓએ મજૂરીયું કરી. શેની? રાગ-દ્વેષની. પરની નહિ, બાયડી-છોકરા માટે નહિ, શરીરની નહિ, તોલા-બોલા ઉપાડ્યા નહિ. એણે મજૂરી (કરી) રાગ ને દ્વેષ... રાગ ને દ્વેષ... રાગને દ્વેષ... બસ! આની મજૂરી કરી. આ સિવાય એણે અનંત કાળમાં કાંઈ કર્યું નથી. કરવું હોય તો આ કર તો તારા કાર્ય સિદ્ધ થાય, કહે છે. સમજાય છે કાંઈ?

પ્રમેયત્વ નામનો (ગુણ), ભગવાનઆત્મા પ્રમેયત્વપણું, **'અગુરુલઘુત્વ,...'** જેટલા ગુણ છે એટલા પોતાની પર્યાય ને એટલામાં રહી શકે, ઓછા-વત્તા થાય નહિ, હીણા થાય નહિ, ઓછા થાય નહિ એવો એક ગુણ છે એનામાં. એ અનાદિઅનંત ગુણ છે, હોં! **'સૂક્ષ્મત્વ,...'** સૂક્ષ્મ છે ને? ઝીણો ગુણ. સૂક્ષ્મ છે ને? ઇન્દ્રિયગ્રાહ્ય છે આત્મા? એ સૂક્ષ્મત્વ એનો ગુણ છે એ અતીન્દ્રિય ગ્રાહ્ય છે. એવો જ એનો ગુણ છે. જ્ઞાન અતીન્દ્રિય એનાથી ગ્રાહ્ય થાય એવો સૂક્ષ્મ ગુણ એનામાં છે. માણસ કહે, બહુ સૂક્ષ્મ વાતું (છે). પણ બાપા! સૂક્ષ્મ તો તારો ગુણ છે. વાત બહુ ઝીણી છે, હોં! એટલે બહુ સૂક્ષ્મ. પણ સૂક્ષ્મ તો તારો ગુણ છે. પછી સૂક્ષ્મત્વ ગુણની વાત હોય કે નહિ? આહાહા..! આ મોટા માથા હાડકા એને, આ તો માટી, ધૂળ છે, જગતના માટીના ઢેલા, ઢેફા ભેગા થયા છે આ તો. આ ક્યાં આત્મા હતો? વાણી ક્યાં આત્મા હતી? આ જડ છે, માટી-ધૂળ છે. અંદર કર્મ માટી-ધૂળ છે, તૈજસ કાર્માણ એ ધૂળ-માટી છે.

ભગવાનઆત્મા તો સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે. એ એનો અનાદિનો ગુણ છે. સમજાય છે? એવા એવા અનંત ગુણો પડ્યા છે એવા ગુણને વિશેષણ કહીને અક્રમ છે, પર્યાય ક્રમ (સર છે). એ ત્રણેનું એકરૂપ તેને આત્મા કહે છે. એવો આત્મા એણે અનુભવમાં નક્કી કરવો ત્યારે એને સમ્યગ્દર્શન થાય. વિશેષ કહેશે...( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૬, બુધવાર તા.૨૯.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૬૪, ૨૬૫. પ્રવચન - ૨૮૪**

આ 'સ્યાદ્વાદ અધિકાર'નો ઉપસંહાર છે. ૨૬૪ કળશ છે. અહીં સાધ્ય-સાધક નામ આપ્યું છે પણ એ શરૂઆત છે. અહીં સુધી આવ્યું, જુઓ! **'यः भावः'** **'જ્ઞાનમાત્ર જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય ઇત્યાદિથી માંડીને...'** શું કહે છે? આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહ્યું છતાં એના દ્રવ્ય-ગુણ-પર્યાય ઇત્યાદિ લઈને. દ્રવ્યે દ્રવ્ય વસ્તુ છે જ્ઞાન સ્વરૂપ, ગુણે અનંત ગુણ છે, પર્યાયમાં પણ કાળક્રમે અનેક અવસ્થા થાય છે. એવા દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત વસ્તુ છે.

એમાં અનાદિ અસ્તિત્વ નામનો ગુણ છે. ભલે જ્ઞાનમાત્ર કહ્યું પણ હોવાપણા નામનો પણ એમાં ગુણ છે. વસ્તુત્વ નામનો ગુણ છે, પ્રમેયત્વ નામનો ગુણ છે. પોતાના જ્ઞાનમાં અથવા બીજાના જ્ઞાનમાં જણાવું એવો એનામાં–આત્મામાં એક પ્રમેત્વ ગુણ છે. જ્ઞાનમાત્ર કહેતા એમાં અનેક ધર્મોનો નિષેધ થઈ જતો નથી. પરનો એમાં નિષેધ થઈ જાય છે, પરવસ્તુ એમાં નથી. **'અગુરુલઘુત્વ,...'** આ ભગવાનઆત્મા અગુરુલઘુ. જેટલા ગુણો અને પર્યાય છે એમાં કાંઈ ઓછા-વત્તું થાય નહિ. **'સૂક્ષ્મત્વ,...'** સૂક્ષ્મપણું એનામાં ગુણ છે. જ્ઞાનસ્વરૂપ છે

એમ સૂક્ષ્મપણું પણ એનામાં છે. અહીં સુધી કાલ આવ્યું હતું.

**'કર્તૃત્વ,...'** આત્મામાં પોતાના અનંત ગુણની નિર્મળ પર્યાયને કરે એવો એનામાં ગુણ છે. સમજાય છે કાંઈ? જુઓ! આમાં કર્તૃત્વ લીધું. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પદાર્થ (છે) એમાં જેમ જ્ઞાન-ગુણ છે, હોવાવાળો ગુણ છે ત્રિકાળ યુગપદ્. યુગપદ્ એટલે બધી શક્તિઓ એકસાથે છે. એમાં એક કર્તા નામનો પણ ગુણ છે. એ કર્તા ગુણ અનંતા ગુણની વર્તમાન પર્યાયને કરે એવો એનામાં ગુણ છે. એની પર્યાય રાગથી થાય કે નિમિત્તથી થાય એવું છે નહિ. સમજાણું કાંઈ? એનો એક ગુણ છે અને ગુણનો ગુણ (શું)? કર્તૃત્વ નામનો ગુણ છે એનો ગુણ (શું)? કે, પોતાના અનેક ગુણની પર્યાયનું રચવું, કરવું એ એનો ગુણ છે.

આત્માને અંદર નિમિત્ત આવે તો ન્યાં નિર્મળ પર્યાયનું કાર્ય થાય એવો ગુણ નથી. તેમ રાગાદિના પરિણામ પુણ્ય-પાપના છે તો ત્યાં મોક્ષના માર્ગની (પર્યાય થાય એમ નથી). અહીં તો નિર્મળ પર્યાયની જ વાત છે એને જ આત્મા કહે છે. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એમાં કર્તૃત્વ નામનો ગુણ છે કે જે અનંતા ગુણની વર્તમાન નિર્મળ અવસ્થાને કર્તાપણે કરે. એમાં પુણ્ય-પાપના વિકલ્પ હોય તો એ કર્તા થઈને અહીંયાં સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયને કરે એવો એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? ઝીણું બહુ ઝીણું. માટે આ બધા ચલાવી દે છે ને!

અરે..! ભાઈ! પ્રભુ! તું તારો સ્વતંત્ર પદાર્થ છે ને ભાઈ! અનંત... અનંત... ગુણથી ભરેલો પદાર્થ છે. કહેશે અનંત. એના અનંત ગણનારૂપ કહેશે ને? અનંત ગણનારૂપ ગુણ, હોં! આમ અનંત કાળરૂપ એમ નહિ. અનંત કાળ તો રહે. એ કાળ કૃત તો એમાં અનંત ગુણની કાળકૃત ક્રમે ક્રમે પર્યાય થાય એ તો કાળકૃત ક્રમે ક્રમે પણ એના યુગપદ્ એકસાથે અનંતા ગુણ છે. આમ અનંત કાળ રહે માટે અનંતા એમ નહિ. સમજાણું કાંઈ? એવો છે ને?

**'અનંત ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય...'** છે ને એનામાં પછી? ગણનારૂપ (એટલે) આમ સંખ્યા. એક, બે, ત્રણ, ચાર... અનંત. આત્મામાં અનંત ગુણ માહ્યલો એક કર્તૃત્વ નામનો ગુણ છે કે પોતાના ગુણને કરે. એમ એની સાથે, અહીં ભલે લીધું નથી પણ ૪૭ માં લીધો છે, અકર્તૃત્વ નામનો એક ગુણ છે. સમજાણું કાંઈ? આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ છે કે, એ રાગાદિ કર્મના નિમિત્તે થયેલા વિકારને કરે એવો એનામાં ગુણ નથી. એને ન કરે એવો ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં?

આ આત્મદ્રવ્ય વસ્તુ ભગવાનઆત્મા, એમાં અનંતા ગુણની ગણતરીવાળા અનંત સંખ્યામાં ગુણમાં એક અકર્તા નામનો ગુણ છે કે જે વિકારને ન કરે. વિકારને કરવું એવો કોઈ ગુણ નથી. આ કર્તૃત્વે ગુણ કીધો એ તો અવિકારીને કરે એવો કર્તૃત્વ ગુણ કીધો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

વિકારને કરે એવો ગુણ, આ ગુણની વાત નથી. એવો ગુણ છે જ નહિ. એક સમયની અવસ્થામાં, અંશમાં વિકૃતપણું નવું ઊભું કરે એવો પર્યાયનો, અજ્ઞાનભાવે એવો પર્યાયનો સ્વભાવ છે. જ્ઞાનભાવે પણ એવું પરિણમન એક અંશમાં થાય એમ જ્ઞાની જાણે પણ એનો ગુણ કોઈ વિકાર કરવાનો ત્રિકાળી છે એવો ગુણ છે નહિ. પણ એનામાં ગુણ એવો ત્રિકાળી છે કે, વિકારનું ન કરવું એવો ત્રિકાળી ગુણ છે. સમજાણું કાંઈ? આ સમજવું એને એવું (કઠણ લાગે છે). પણ એ વસ્તુ એવી છે એમ એને જાણવી ને માનવી, અનુભવવી એનું નામ ધર્મ છે. ધર્મ કોઈ બીજી ચીજ નથી. સમજાણું કાંઈ? એ કર્તૃત્વ સામે અકર્તૃત્વ (લીધું).

**'ભોક્તૃત્વ...'** આત્મામાં નામનો ગુણ છે. ક્યો? વિકારને અનુભવવું, શરીરને ભોગવવું એ તો એનામાં છે નહિ, પણ વિકારને અનુભવવું એવો ગુણ નથી. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા, એનામાં એવો એક ગુણ અનંત ગણતરી માહ્યલો એક ગુણ છે, કે જે આત્માના આનંદને ભોગવે એવો એનામાં ભોક્તૃત્વ ગુણ છે. સમજાય છે કાંઈ? દુઃખને ભોગવે એવો ગુણ નથી. આહાહા..!

મુમુક્ષુ :– ... ક્યાંથી આવ્યો?

ઉત્તર :– એ અજ્ઞાનમાંથી ઊભું કર્યું અંશમાં. અજ્ઞાનથી ઊભું કર્યું અંશમાં, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? ક્યાં કોઈ દિ' વિચાર કર્યા છે. એમ ને એમ બળદની જેમ એણે અજ્ઞાનથી મહેનતું જ કરી છે. 'મલૂકચંદભાઈ'! આહાહા..!

અરે..! આ આત્મા આમ કહે છે હવે જો તો ખરો, ભાઈ! આહાહા..! કાલે 'તિલોય પણ્ણત્તી'માંથી નરકના દુઃખનું વર્ણન વાંચ્યું. ઓહોહો..! ભાઈ! તેં એવા દુઃખો અનંત વાર સહન કર્યાં, નિજ દ્રવ્ય-ગુણના ભાન વિના. સમજાય છે કાંઈ? નિજ દ્રવ્ય શું ને નિજ ગુણ શું એના ભાન વિના. આહાહા..! 'તિલોય પણ્ણત્તી'માંથી લઈને એનું વર્ણન કર્યું છે. ક્યાંય મોટો રાજા-મહારાજા હોય અને એ પાધરો નરકમાં ઊપજે. એ મધપુડાના જેવા એના કાણા હોય અને ન્યાં એટલા તીખા ઝીણા શસ્ત્ર ભર્યા હોય એમાં ઊપજે. ચક્રવર્તી અહીં મોટા રેશમી ગાદલે સૂતો હોય. પહેલે સમયે આ ને બીજે સમયે નરકે. અને ત્યાં ઊપજવું.. ભાઈ! આમ સુંવાળા શરીર ને આમ આમ જરી આમ થાતું હોય, આમ થાતું હોય એ મરીને બીજે સમયે ન્યાં, હોં! એણે પોતાના દ્રવ્ય ને ગુણની મહિમા જાણી નહોતી. આહાહા..!

એથી ત્યાં અજ્ઞાનીને દુઃખનું વર્ણન કેવું હોય એમ વર્ણન (કર્યું છે). એ ન્યાં ઊપજે ઉપરમાં. મધપુડા જેમ હોય ને? માંખીઓ, મધ. આમ ઊપજે ઉપર. તો એવું સહન ન થાય તો પડે હેઠે, નારકીના જીવ પડે હેઠે અને હેઠે છત્રીસ પ્રકારના શસ્ત્રો પડ્યા હોય. કોઈ જમૈયા ને તરવાર ને ભાલા ને આમ એના ઉપર પડે ઉપરથી. છત્રીસ પ્રકારના શસ્ત્રો! પડે એની પીડા (થાય).. હાય.. હાય..! સાત જોજન ઊંચો થાય. એટલી પીડાથી આમ સાત જોજન ગતિ કરે. આ અનંતવાર જઈ આવ્યો છે ત્યાં, હોં! આ કો'કની વાત નથી.

સમજાણું કાંઈ?

આમ ઉછળે વળી પાછો એટલેથી પડે શસ્ત્રો ઉપર. છત્રીસ પ્રકારના આમ શસ્ત્રો અનેક ઝીણા ઝીણા તીખા ને આમ ભાલા ને આડા ને અવળા ને કો'ક આડા ગરી જાય, આડા ગરી જાય, આમ આડા ગરી જાય ત્યાંથી કૂદે. બહુ પીડા થાય. આમ આડા ગરી જાય, આમ ગરી જાય. ઉછળે. ઇ પડે. કેટલી વાર પડે! અધમુવા જેવો થાય. અધમુવા જેવો થાય એટલે બીજા નારકીઓ મારફાડ આવે. આહાહા..! એ પીડા સહન ન થાય એને. ભાગે ત્યાંથી. વૈતરણી નદીએ જાય. ત્યાં કોઈ નથી લાગતું. ઇ વૈતરણી નદીમાં પડે. એ પાણી ધગધગતા લોઢાના રસ જેવા પાણી. તીખા ધાર જેવા એમાં (પડે). હાય.. હાય..! રે...! એ બળતરા ને એમાં પાછા એવા જમડા પરમાધામીઓ આમ મોટા મોઢા કરીને પડ્યા હોય મગરમચ્છ ને આદિ. આમ ગળી જાય, આ ગળી જાય.

એમાંથી ભાગે ને જ્યાં કાંઠે આવે ત્યાં વનના ઝાડ (હોય). કાંઠે જ્યાં નીકળે ત્યાં માથે પડે. આવા ઝાડના પાન. ડાળ્યું પડે પાંચસો-પાંચસો, હજાર-હજાર મણની લોઢા જેવી. આમ ભૂકો (થઈ જાય). અને ફળ પડે મોટા પાંચ-પાંચ મણના મોટા આવડા લોઢાના. હાય.. રે..! ક્યાંય હખ ન મળે. આવું આવું એણે સાગરોપમ (સુધી સહન કર્યું). અસંખ્યાતા અબજ વર્ષનો પલ્યોપમ. એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો સાગરોપમ. એવા એવા તેત્રીસ સાગર સુધી દુઃખ ભોગવ્યા છે. પણ ભૂલી જાય છે ને! યાદ આવે છે કાંઈ? એ જણાયું છે જ્ઞાનમાં કે, બાપુ! તારી આવી રીતે દશા થઈ છે, ભાઈ! આવા ચાર ગતિના દુઃખોના દુઃખ તેં બહુ વેદ્યા, ભાઈ! સમજાણું?

એમાં પાછા પેલા નારકી આવીને ગીધડા ઉપર હોય ને? જમડાએ ગીધ અને પંખી કર્યા હોય. મારે કૂટે. એટલા પ્રહાર થઈ ગયા, કટકા થયા (હોય). બીજા નારકી આવીને ઊના ઝળઝળતા ખારના પાણી કરી છાંટે. હાય.. હાય..! રે..! શું છે આ? ક્યાં જાઉં? ક્યાં જા, બાપા! તને ખબર નથી, ભાઈ! આત્મા અનંત ગુણનો ઠામ ત્યાં ઠરવાનું ઠેકાણું એ તને સૂઝતું નથી. સમજાય છે કાંઈ? એ દુઃખ સાંભળ્યા ન જાય, હોં! એ કેવળી જાણે ને એણે વેદ્યા એવું છે. આહાહા..! એમાં જ્યાં માણસ થયો ત્યાં તો આંખ્યું વડે જાય, આમ કર્યું ને તેમ કર્યું, મેં કર્યું, આ કર્યું. શું છે પણ? ભાઈ!

મુમુક્ષુ :– દુઃખ સહન કરવાની શક્તિ છે?

ઉત્તર :– શક્તિ એવી છે. અવળું વેર્યું એટલે શું કરે? જાય ક્યાં? પારા જેવા જુદા કટકા થઈ જાય. આયુષ્ય પૂરું થયા વિના મરે નહિ (એટલે) પાછા શરીર ભેગા થઈ જાય. પાછા એ બીજી વાર. એમ અસંખ્યવાર, અસંખ્ય અબજવાર (ભેગા થાય). અરે..! એણે ક્યાં નરકના દુઃખ પણ સાંભળ્યા છે. નથી આત્મા સાંભળ્યો કે આત્મા કેવો છે. આહાહા..!

એ માટે અહીં કહે છે કે, બાપુ! તારામાં અનંતા ગુણો એટલા છે કે એક ભોક્તા–

આત્માના આનંદને ભોગવવું એવો ગુણ છે. એની સામું તેં કોઈ દિ' જોયું નથી. સમજાણું કાંઈ? આ પુણ્ય ને પાપના ભાવ કરી એના ફળમાં ચાર ગતિમાં ગયો. સામું જોઈને વેદન... વેદન... વેદન... બાપુ! ક્યાંય હખ નથી, હોં! આ પૈસાવાળા કે આ રાજા ઇ ભલે માને. સોજાના દુઃખ. અંદર દુઃખીયા, દુઃખીયા બધા સળગી ઉઠ્યા છે.

પેલો કહે છે કે, સમકિતીને ન્યાં સુખ છે, મિથ્યાદષ્ટિને દેવલોકમાં દુઃખ છે, એવું લખ્યું છે. માટે કોઈ કહે કે, પુણ્યના ફળ આવે છે. અરે..! સમકિતદષ્ટિને... નથી આવ્યું સમકિતદષ્ટિને? દેવલોકના દુઃખ ક્લેશ ભોગવીને. હવે એમાં ના પાડે છે કે, ના સમકિતી નહિ. ભગવાન! પણ શું તારે કરવું છે? બાપા! સમ્યગ્દષ્ટિ રાગથી અંગારામાં શેકાય છે, એવો પાઠ છે. સમ્યગ્દષ્ટિને પણ જેટલું પુણ્ય બંધાણું એમાં જે દેવનું ફળ મળ્યું એ અંગારાએ શેકાય છે, ભાઈ! 'અમૃતચંદ્ર આચાર્ય' કહે છે. અહીં ના પાડે છે, જુઓ! નહિ. સમ્યગ્દષ્ટિ તો સુખ માણે છે, મિથ્યાદષ્ટિ માને છે. દાખલા આપે ને? ન્યાં સમકિતી હોય ન્યાં જાય, પછી સમકિતની દઢતામાં કાળ ગળે. એ તો પણ અનુકૂળની વાત છે પણ પેલા વિષય સુખમાં શેકાય છે ઇ? આત્માના આનંદમાંથી નીકળીને એ વિષય સુખ ઉપર લક્ષ જાય છે એ શેકાય, અંગારામાં શેકાય છે. અગ્નિમાં જેમ શક્કરીયા શેકાય એમ ત્યાં આગળ જ્ઞાની પણ એટલા વિકારથી શેકાય છે, ભાઈ! એને ખબર નથી. શું થાય? આહાહા..! સમજાણું કાંઈ? એનો નિષેધ (કરે). પુણ્યને લઈને નિષેધ (કરે). પુણ્ય બતાવવા, અરે..! ભગવાન!

ભાઈ! પુણ્ય તો વર્તમાન રાગ છે બાપુ! આકુળતા. એના ફળ તરીકે બંધાય કર્મ. એ પણ વિષ તરુવર–ઝેરના ઝાડ છે અને એના ફળ તરીકે મળે એ બધા સંયોગ માટીના પિંડલા છે. આહાહા..! એના ઉપર લક્ષ જતા ક્લેશ થાય, આકુળતા થાય, બાપા! આ અનાકુળનો પિંડ પ્રભુ (છે) એની સામું તો નજર તારે કરવી નથી. જ્યાં આનંદ પડ્યો છે, જેમાં અતીન્દ્રિય આનંદ શાંત છે એવા સ્વભાવની શાંતિનો સાગર ભગવાન એની સામું જોવું નથી અને આમ જોઈને બધા કકળાટ, કકળાટ કર્યો છે. અરે..! પુણ્યમાં મજા (છે). અરે..! સુખી નથી, બાપા! પુણ્યમાં મજા હોય તો પુણ્ય છોડીને શાંતિમાં કેમ આવે ધર્માત્મા? આહાહા..!

આ તો આ જરીક આ 'છ ઢાળા'નું એક જોયું પહેલું નરકનું દુઃખનું એવું વર્ણન કર્યું. એક ચોપડીમાં છે, હોં! જૂની કો'કની ચોપડી છે. 'તિલોય પણ્ણત્તી'માંથી લીધું છે. ઓહોહો..! નીકળ્યો તે ઊપજ્યો તે ઊપજ્યો તે કેટલો કાળ રહે! આવા અસંખ્ય અબજ વર્ષનો તો એક પલ્યોપમ થાય. અને એવા એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય. એવા એક સાગરનું પહેલી નરકમાં આયુષ્ય છે. એવું એવું ત્રણ ને પાંચ ને સાત ને દસ ને સત્તર ને બાવીસ ને તેંત્રીસ. સાતમી નરકમાં તેંત્રીસ સાગર. બાપા! તેં કાળ કેવા ગાળ્યા? આહા..!

એક રાતે ઓછાડમાં બે પચીસ-પચાસ માંકડ આવ્યા હોય.. આમ પગ ફરે તો ત્યાં કરડે અને આમ ફરે તો અહીં કરડે. અરે..! આ કોણે પાથર્યું છે આવું? ભાન નથી. આ આવો ખાટલો કોણે (પાથર્યો)? રાડ નાખી જાય. પચીસ, પચાસ, બે, ચાર, દસ નીકળે. આહાહા..! એક જણો પછી માંકડ નીકળે ને? પછી ઊની ધગધગતી હોય ને? આ ચીમની, ચીમની. આમ માંકડ ઉપર ફેરવે. ઊંઘ આવવા માટે. 'રાણપુર'માં એક શેઠ હતો ને? પેલી કોર પાછળ દુકાન હતી. આહાહા..! અરે..! ભાઈ! તને આવી ગયું બાપા! અહીં રાગ આવી ગયો. જાણે આમ... ભાઈ! શેકાય ગયો છો ત્યાં, બાપા! ભાઈ! તને ખબર નથી, હોં! એ આત્માની દૃષ્ટિ તેં કરી નથી એટલે દુઃખી છો, એ સંયોગને લઈને દુઃખી નથી. આહાહા..! એ સંયોગમાં તો દૃષ્ટિ છે અને એના ઉપર રાગ-દ્વેષ (કરે છો) એટલે દુઃખી થા છો. સંયોગથી દુઃખી નથી. ભગવાનઆત્મા ઉપર નજર કરી નથી, નજરું કરી પરમાં ને રાગ-દ્વેષ ને સંયોગમાં, એના એને દુઃખ છે. કહો, 'ભીખાભાઈ'! આહાહા..!

એક નિંદ્રા બે, ચાર કલાક ન આવે ત્યાં સળવળાટ આમથી આમ ને આમથી આમ (કરે). અરે..! આજ હખ નથી. શું કાંઈ ખાવા ફેર પડ્યો? કાંઈ ખબર પડતી નથી. દવા ફેર થયો, પાણી ફેર થયું. એ..ઇ..! ત્યારે રાત્રે ચાર પહોર કોણ બેઠું હતું? સૌને ઊંઘ હોય કે નહિ? એકલા અમે તરફડીએ છીએ, કોઈ સામું જોતું નથી. અરે..! સ્વાર્થના સગા બધા ને માંડે પાછી. સમજાણું? ભાઈ! એ દુઃખી થયો એ સંયોગને કારણે નથી. ભાઈ! તારા સ્વભાવના બેભાનને કારણે દુઃખી છો.

માટે અહીં આચાર્ય કહે છે, બાપા! તારામાં એવો ગુણ છે, કે આનંદને ભોગવાય એવો ગુણ (છે). ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ભોક્તા નામનો ગુણ છે. છે ને? ભોક્તૃત્વ–ભોગવવાપણું. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે). એમાં આનંદ અતીન્દ્રિય છે એને ભોગવે. જ્ઞાનાનંદ આદિ અનંત ગુણની પર્યાયને (ભોગવે) એવો એનામાં ગુણ છે. રાગ ને હરખને ભોગવે એવો ગુણ નથી. એણે દ્રવ્યદૃષ્ટિ કરી નથી. પર્યાયમાં ઊભું કરેલું એ કુતુહલ અજ્ઞાનનું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ એનામાં અભોક્તૃત્વ ગુણ છે. હરખ-શોકનું નહિ ભોગવવું એવો ગુણ છે એનામાં. સમજાણું કાંઈ?

આત્મા–ભગવાનઆત્મા જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ એનામાં ભગવાન સર્વજ્ઞે જોયેલો અભોક્તા ગુણ તારામાં છે, ભાઈ! એ અભોક્તા ગુણવાળા દ્રવ્યની જો દૃષ્ટિ કર તો એ અભોક્તા ગુણ વિકારને ભોગવે એવું એનામાં (છે નહિ). દુઃખને ભોગવવું, ચાર ગતિના દુઃખને ભોગવવું એવો ગુણ નથી. આહાહા..! પણ એ આત્મા આવો છે ને આવડું સ્વરૂપ છે (એ) એને પ્રતીતમાં આવતું નથી. આહાહા..!

એ પરનો કર્તા માને તો આચાર્યોના વચન સાચા માન્યા કહેવાય, એમ વળી (કોઈક) કહે છે. અરે..! ભગવાન! ભાઈ! એ તારા રાજ નહિ ચાલે. બાપા! ખરે ટાણે ત્યાં પોકાર

કરી બેસીશ. આહાહા..! અત્યારે અંદર ખબર પડતી નથી એટલે પોકાર દેખાતો નથી. પણ પરના રજકણના કામ આત્મા કરે એવો કોઈ ગુણ છે નહિ. અરે..! પર્યાયનો ધર્મ છે નહિ. આત્માની પર્યાયનો ધર્મ છે કે પરનું કરે? આહા..! અને રાગાદિનું કરે એવો તો કોઈ ગુણેય નથી અને હરખ-શોકને ભોગવે એવો કોઈ ગુણ નથી. પરને ભોગવે એવો તો કોઈ ગુણ ને પર્યાય પણ નથી. સમજાણું કાંઈ? આ બાયડી, પૈસા, હજીરા ને મકાન ને આ મખમલ ને આ મેવા ને.. એને ભોગવે એવો તારામાં ગુણ તો નથી પણ તારી પર્યાયમાંય એવો ધર્મ નથી. ધર્મ એટલે લાયકાત, ભાઈ! આહાહા..!

ભાઈ! એ ભોગવવાનો ગુણ તારામાં નથી અને પર્યાયમાં દુઃખને ભોગવવાનો પર્યાય તેં ઊભો કર્યો છે. તારા ગુણમાં ક્યાંય અંકુરો એવો નથી. આહાહા..! પણ દુઃખને ન ભોગવવું એવો ભગવાન તારામાં ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા.. આત્મા માને એમ આત્માને માનવામાં તો ઘણી એની જવાબદારીઓ છે. સમજાય છે કાંઈ? એ દુઃખને ભોગવે એવો એનામાં ગુણ નથી. આહાહા..! સમજાય છે?

એમ આત્મામાં સુખ નામનો ગુણ છે, આનંદ પડ્યો છે. દુઃખ કોઈ ગુણ નથી. પેલા વળી દુઃખ ગુણ કહે. ક્યાંના ક્યાં કાઢ્યું. તેરાપંથી કહે, દુઃખ નામનો ગુણ છે, દુઃખ નામનો ગુણ છે. અરે..! ભગવાન! આ શું થયું જૈનદર્શનમાં? આ જૈનદર્શન એટલે કે વસ્તુ સ્વરૂપ છે. એ કોઈ વાડો, સંપ્રદાય નથી. ભગવાનઆત્મા એમાં વળી એક સુખ ગુણ ને દુઃખ ગુણ બે ઠરાવ્યા છે. તેરાપંથ તુલસી કહે છે. કહો, એ મોટા કેટલા.... સમજાય ને? એ... 'જુગરાજજી'! 'તુલસી' છે ને?

આત્મામાં સુખ ગુણ છે અને દુઃખ ગુણ (છે). દુઃખ ગુણની પર્યાય અનંતી, દુઃખ ગુણની પર્યાય અનંતી. દુઃખ-ગુણ ને અનંતી પર્યાય કઈ રીતે? કે અનંતા પુદ્ગલને, અનંતા પુદ્ગલને વેદે માટે અનંતી પર્યાય. અરે..! ભગવાન! આ શું કર્યું તેં? પુદ્ગલને વેદે એવો તો પર્યાયમાં ધર્મ નથી ને. એ..ઇ..! 'હિંમતભાઈ'! શું કહ્યું? દુઃખને ગુણ કીધો. ઠીક લાગે એમ કરે, વાત સાચી છે. આહા..! અરે..! આંધળું ખાતુ કેટલું થઈ ગયું! એક આચાર્ય નામ ધરાવે મોટા 'તુલસી'! અમે ધર્મના ધોરી, ધર્મના ખરા માર્ગના ચલાવનારા. પ્રભુ! પણ તું દુઃખને ગુણ કહી અને દુઃખની અનંતી પર્યાય ને અનંતા પરમાણુને અશાતાને વેદે ને માટે અનંત પર્યાય. આ પર્યાય ક્યાંથી આવી પણ? એ તો એના રજકણની પર્યાય ન્યાં ગઈ. અહીં પર્યાય અનંતી ક્યાંથી થઈ? અને પર્યાય તો કાળક્રમે હોય. એ સમયે તું કહેતો હોય તો એ પર્યાયના અનંતાઅવિભાગ પ્રતિચ્છેદ લેવાય એના પણ પર્યાય ક્યાંથી આવી એની ગુણની? ઓહોહો..! સમજાણું કાંઈ?

આત્મામાં આનંદ નામનો સુખ નામનો ગુણ છે. આત્મામાં અનાદિ સુખ પડ્યું છે, હોં! એને જોવા નવરો થતો નથી. કહે છે કે, આત્મા માને એને આનંદ માનવામાં આવે

અને આનંદ માનવામાં આવે તો એની પર્યાયમાં આનંદનો અનુભવ થાય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મામાં પરમેશ્વર નામનો એક ગુણ છે. પરમેશ્વર–પ્રભુતા! પરમેશ્વર એવો આત્મામાં પ્રભુતા નામનો ગુણ છે કે જેની પર્યાયમાં પ્રભુતા જ વસે. પર્યાયમાં પામરતા(માં) વસવું (એવો) એનામાં કોઈ ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ ગુણ છે, સર્વદર્શી ગુણ છે. આહાહા..! સમજાણું? એનામાં પોતે પોતામાં એક એવો ગુણ છે કે, જે પોતાના ગુણને સંભાળતા એનામાં આનંદનું દાન પોતે આપે ને આનંદનું દાન લે એવો એનામાં ગુણ છે. પરને દાન આપે ને લે (એવો) એનામાં કોઈ ગુણ નથી. તેમ પર્યાયમાં પરનું દાન લે એવો પર્યાયનો ધર્મ નથી. તેમ પરને પૈસા આપે એવો પર્યાયમાં ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે આકરી વાત, ભાઈ! અભયદાન, દ્યો! અભયદાન એટલે શું? કે, ન મારવાનો એક વિકલ્પ. પણ એ વિકલ્પ એ કાંઈ ગુણ વસ્તુ નથી. અરે..! ભગવાન! બાપુ! તારા ગુણના સામર્થ્યમાં પરને અભય દેવો એવો ગુણ નથી. પર્યાયમાં એ તાકાત છે કે પરને અભય દઈ શકે? વિકલ્પ આવે એ એનો ગુણ નથી. વિકલ્પનું કરવું ને ભોગવવું એવો ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા એવા એવા અનંત ગુણ સંપન્ન છે. એક છેલ્લામાં છેલ્લો ગુણ એવો વર્ણવ્યો પ્રભુએ કે, ભાઈ! તારામાં એવો ગુણ છે કે અનંતા ગુણ ને નિર્મળ પર્યાય તારી ને તું એનો સ્વામી એવો ગુણ છે. પણ તારામાં એવો ગુણ નથી પણ પર્યાય એવી નથી, કે વિકાર ને પર તારા ને તું એનો સ્વામી થા એવો કોઈ પર્યાયના અંશમાંય ધર્મ નથી. માને છે એ જુદી વાત છે. સમજાય છે કાંઈ?

એ કર્મ મારા ને હું એનો, શરીર મારા ને હું એનો, પૈસા મારા ને હું એનો, પુણ્ય-પાપ મારા ને હું એનો એવો કોઈ આત્મામાં ગુણ નથી કે એ તારું સ્વ ને તું એનો સ્વામી. શું કરવું પણ? ત્યારે આવ્યું આ બધું ક્યાં નાખી દેવું? ક્યાં આવ્યું છે? ભાઈ! કહે ને! ક્યાં આવ્યું છે તારી પાસે? એ તો એની પાસે પડ્યા છે, એની પાસે. વિકલ્પ ઉઠાવ્યો છે એ પણ ગુણ નથી, કોઈ વિકાર થવાનો ગુણ નથી. સમજાય છે?

ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ અનંત ગુણનો પિંડ એ સ્વ એનું ધન છે અને એનો એ સ્વામી છે એવો એનામાં ગુણ છે. પર એનું સ્વ ને પરનો એ સ્વામી થાય એવો આત્મામાં ત્રણકાળમાં કોઈ ગુણ નથી. આહાહા..! 'જુગરાજજી'! રાત્રે લાવ્યા હતા ને? કેટલાને ભોગવે એવો પાઠ છે. કીધું, વાત સાચી, હોં! શાસ્ત્રમાં એવા એના લખાણ કે બિચારાને હાથ આવે નહિ. કર્મને આધારે આત્મા ને ફલાણાને આધારે ને વીર્ય શરીરથી પ્રવહે ને વીર્યથી આ થાય એવા પાઠ એટલે બિચારા મૂંઝાઈને મરી જાય એમાં. આત્મા કર્મને ભોગવે, આહારને ભોગવે આવા આવા પુદ્‌ગલો આત્મા ભોગવે. 'જુગરાજજી'! રાત્રે લાવ્યા હતા. અહીં તો

કહે છે કે, એ ભોગવે એવો તો પર્યાયમાંય ધર્મ નથી. અને વિકાર પર્યાય ભોગવે એવો ગુણ નથી એનામાં. આહાહા..! અરે..! આત્મા તે કોને કહેવો? કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– પંડિત કોને કહેવા? બાપા! એને બિચારાને બેઠું હોય એ પ્રમાણે (કહે). શું કરે? એને મળ્યું નથી. એના શાસ્ત્રમાં કેટલું છે? હવે ૭૧૦૦૦ શ્લોક. બે વર્ષમાં જરી બુદ્ધિવાળો હોય તો પંડિત થઈ જાય એવું છે. એમાં કંઈ બહુ લાંબુ છે નહિ. સમજાણું કાંઈ? છે શું એમાં? એમાં તો પંડિત, બે વર્ષમાં મોટો પંડિત, મોટો જ્ઞાની થઈ જાય. એક પાંચ વર્ષમાં મોટો પંડિત થઈ ગયો હતો. પછી શંકા પડી ગઈ (કે), કોઈ ઈશ્વર હોવો જોઈએ. છોડી દીધું. પંડિત થયો હતો સાધુ. 'જવાહરલાલજી' પાસે થયો હતો. તમે નામ નહિ સાંભળ્યું હોય, ભાઈ! 'જુગરાજજી'! શું નામ હતું નહિ? 'ત્રિલોકચંદજી'. એક 'ત્રિલોકચંદજી' હતો તે 'જવાહરલાલજી' પાસે સાધુ થયો. બુદ્ધિવાળો માણસ, પાંચ વર્ષમાં ભણી ગયો બધું. ન્યાં સાધુમાં પંડિત કહેવાણો. પછી પડી શંકા. આ કર્મનો ઉદય આવે ત્યારે આ બળદનું શીંગડુ મારે તો બળદના શીંગડાને ક્યાં ખબર પડી ગઈ કે, આને ઉદયે આવ્યો? અને ઉદયે ક્યાં એને ખેંચ્યું? કાંઈક નક્કી જોઈએ, વચમાં ઈશ્વર જોઈએ. સમજાય છે? આવ્યો હતો, અહીં અમારી પાસે આવ્યો હતો. મુકી દઈને, સાધુપણું મુકી દઈને (સંવત) ૧૯૯૨માં આવ્યો હતો.

મને એણે પ્રશ્ન કર્યો હતો. સાધુપણું મુકી દીધું પછી પરણ્યો હતો, બાયડી પરણ્યો હતો. પછી પંડિત કહેવાણો મોટો. પછી પ્રશ્ન કર્યો કે, કેવળીએ બધું દીઠું હોય તો પછી પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો? એના વાંધા ઉઠ્યા. કેવળજ્ઞાનીએ દીઠું હોય તો પુરુષાર્થ કરવાનો ક્યાં આપણા હાથમાં રહ્યો? કીધું, કેવળીને તમે માનો છો? તો કહે, એમ નહિ. કેવળીએ દીઠું વળી પહેલો તો પ્રશ્ન કરો છો તમે. તો કેવળજ્ઞાન છે કે નહિ? વાંધા જ બધા એમાં છે આખા. કેવળજ્ઞાનનો પર્યાય છે એમ જો સાબિત કરો, ન હોય તો સિદ્ધ કરો કેવળજ્ઞાન હોઈ શકે કે ન હોઈ શકે. કેવળજ્ઞાનીએ દીઠું એમાં ફરે નહિ. તો કીધું, કેવળજ્ઞાન માનો છો તમે? પછી દીઠું, પછી પ્રશ્ન. કાંઈ ઠેકાણા ન મળે. વાત કેવળજ્ઞાનને ઉડાડવું. કેવળજ્ઞાન ન હોઈ શકે એમ કહે. એક સમયમાં ત્રણકાળ જાણે તો પછી જેવું જાણે એવું થાય તો અંદર આત્મા રહે છે... પણ તને કેવળજ્ઞાનની જ ખબર નથી હજી. સમજાણું કાંઈ? 'જવાહરલાલજી'નો સાધુ થયો હતો, હોં! આ 'જવાહરલાલજી' છે ને? આ 'ગણેશલાલ'ના ગુરુ હતા એ. કાંઈ ખબર ન મળે. એક એકડાની પણ. આ તો વીતરાગ શાસન છે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એનું આ તત્ત્વ છે. કોઈ એના ઘરની વાતું કરે તો એમાં ચાલે નહિ. સમજાણું કાંઈ?

આત્મામાં એવો એક ગુણ છે... સમજાણું? કે, સ્વ-સ્વામીસંબંધ થવાનો ગુણ છે. તું પરનો સ્વામી ને પર તારું થવા જાય એવો તો તારામાં ગુણ નથી. મૂઢપણે, મિથ્યાત્વપણે

માન. આવો આત્મા ન માને ત્યાં સુધી એણે આત્માને માન્યો નથી. આહા..! ભારે વાત!

**'સપ્રદેશત્વ,...'** એનામાં સપ્રદેશ ગુણ છે. છે ને અસંખ્ય પ્રદેશ છે ને? એક પ્રદેશ નથી કાંઈ. અન્યમતિઓ આદિ આત્માને કોઈ પ્રદેશ-પ્રદેશ માનતા નથી. એટલે ખાસ એનો એક ગુણ વર્ણવ્યો છે. ભગવાનઆત્મા જેટલામાં છે એમાં એક પોઈન્ટ મુકીએ આ રજકણ, રજકણ છે ને? છેલ્લો ટૂકડો જેટલામાં મુકીએ એક, બે, ત્રણ તો અસંખ્ય રજકણ પહોળો એટલો આત્મા છે. એ અસંખ્ય પ્રદેશી, સપ્રદેશી છે. સમજાણું કાંઈ? સોનાની હાસડી થાય છે ને? હાસડી સમજાય છે? અહીં નથી નાખતા કોળીને? એમ નથી આત્મા. આત્મા જેમ સોનાના મકોડાની સાંકળી હોય છે, સોનાના મકોડા હોય છે ને અહીં? હજાર મકોડાની સાંકળી. એમ આત્મા અસંખ્ય પ્રદેશી છે. મકોડાનો અર્થ આમ આમ છે એમ નથી આ. પણ એ જેમ અંશ છે એમ સપ્રદેશત્વ તેનો ગુણ છે. એ ગુણવાળો છે. કોઈ દિ' અપ્રદેશી થાય નહિ. આહાહા..! આ વળી શું કહે છે? સમજાણું કાંઈ?

**'અમૂર્તત્વ...'** એનામાં અમૂર્તત્વ ગુણ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ એનામાં નથી એવો અનાદિ ગુણ છે. પેલા કહે, મૂર્ત છે, ભાઈ! એમ કહે છે. નહીં. મૂર્ત અત્યારે કર્મના સંબંધે (છે). અરે..! મૂર્ત તો ઉપચારથી કહેવાય. મૂર્ત થાતા હશે? એમ કે મૂર્ત ન હોય તો બંધ ન પામે. સાંભળને હવે. ભાવબંધ પણ વ્યવહાર છે, દ્રવ્યબંધ પણ વ્યવહાર છે. બેનો સંબંધ પણ વ્યવહાર છે. અસદ્ભુત છે બધું. ભગવાનઆત્મા અમૂર્તગુણ એનો અનાદિ છે. અમૂર્તત્વ આવ્યું 'પરમાત્મ પ્રકાશ'માં નહિ?

**'એવું છે...'** લ્યો! એટલે આવી **'અનંત ગણનારૂપ દ્રવ્યનું સામર્થ્ય...'** સમજાય છે? **'अनेकनिजशक्ति'** એમ શબ્દ આવ્યો છે ને? **'अनेक'** એટલે અનંત લેવું. **'निज'** એટલે પોતાની **'शक्ति'** એટલે પોતાનો ગુણ છે ઇ. આવા બધા એમાં પોતાના ગુણ છે. ગણતરીએ અનંતા છે, ગણતરીએ અનંતા છે, રહેવાવાળા અનંત કાળ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંસાર કેવી રીતે રીઝે?

ઉત્તર :- રીઝે ક્યાં? એ એમ માને છે એટલે રીઝે છે. માન્યા છે કે દિ'? માને ત્યારે રીઝે કે માન્યા વિના રીઝે? કહો. સમજાણું કાંઈ? એક માણસ આવ્યો (એ કહે), માનવું નથી. તું ખુશી થા. શી રીતે ખુશી થાય પણ એ? એમ જેટલા અનંત ગુણ છે એને માને તો એ રીઝે, રીઝે એટલે પરિણમે. માનતો નથી ને ખબર નથી તો રીઝે ક્યાંથી? એ... 'ભીખાભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ગણતરીએ અનંતા ગુણવાળું એ તત્ત્વ છે. કહ્યું નહોતું કાલે? આકાશના પ્રદેશ છે એનાથી અનંતગુણા ગુણ છે. આમ ગણતરીએ અનંત, હોં! રહેનારા તો ત્રિકાળ. યુગપદ્ યુગપદ્ અનંત ગુણ રહેનારા ત્રિકાળ પણ ગણતરીએ વર્તમાન અનંત છે. આહાહા..! અરે..! એને ક્યાં ભગવાનઆત્મા કોણ હું કેવડો હું એની

ખબર ન મળે. હવે ખબર ન મળે એને લાભ થાય, એને રીઝે શી રીતે કહેવું? સમજાણું કાંઈ?

સગેસગા મળ્યા હોય. એમ એક ઠેકાણે વાત થઈ હતી, હોં! માસીનો દીકરો હશે ને ઘણા વર્ષથી ભેગા નહિ થયા હોય. એમાં બાય 'મુંબઈ'ની બહુ ફરવા જતા હશે ઘણી વાર. કેટલાક એવા હોય ને માસી ક્યાંક હોય ને પેલો ક્યાંક. એમાં કોઈ વખતે વાત નીકળતા નીકળતા નીકળી કે, અમે તો ફલાણી બાયના દીકરા છીએ. એ તો અમારી બાના બેન એક રહે છે ત્યાં 'ખંભા'માં. (તો ઇ કહે), ઇ અમે. હું એનો દીકરો છું. અરે..! સમજાણું કાંઈ? અમારે એક માસીબા થાય, અમારે બાપના માસીબા હતા એની એક દીકરી હતી અને એ ત્યાં હતા પણ ઘણા વર્ષથી સાંભળતા, અમારા મા કહેતા પણ ક્યાંય મેળ (ખાતો નહોતો). એનો હું દીકરો છું. હેં! તું 'શામબા'નો દીકરો? અરે..! આહાહા..! ઓળખાણ થઈ ત્યાં રાજી થયો કે નહિ? સમજાણું કાંઈ? એટલે 'શામબા' યાદ કેમ આવ્યા? 'મોહનભાઈ'ના બા હતા ને? એ 'શામબા' અમારા બાપને સગા થાતા હતા. ત્રણ પેઢીએ. એવું કાંઈક કહેતા ખરા, આપણને કાંઈ ખબર નથી. એણે કીધું, આ સગા થાય. હશે, ભાઈ! સમજાણું કાંઈ? આ તો બધું બનેલાની વાતું હોય છે ને અંદર?

એમ આત્મામાં અનંત (ગુણ) છે, ખબર નથી પડતી. આત્મા રાગનો અકર્તા છે એવો ગુણ છે. એવા ગુણવાળો એ આત્મા છે. સમજાણું કાંઈ? આ એની ઓળખાણ થઈ એ આત્મા અનંતા ગુણમાં પરિણમે ને રાજી થાય છે.

**'એવું છે અનંત ગણનારૂપ...'** અનંત સંખ્યાએ, એમ. ગણના એટલે સંખ્યાએ. **'દ્રવ્યનું સામર્થ્ય...'** શક્તિ છે ખરીને? દ્રવ્યની શક્તિ તેના વડે **'सुनिर्भरः'** જોયું? **'સર્વ કાળ ભરિતાવસ્થ છે;...'** ત્રણે કાળે ભરેલો ભગવાન અનંત ગુણથી ભરેલો છે. ભરેલો છે. આમ ઘરે જેમ વખેરીમાં માલ ભર્યા હોયને? કે, અમારે તો પછી માલ ખુટે એવું નથી. પેલો નથી કહેતો તમારો? કે, સો વર્ષ સુધી આ ખાણ નીકળે તોપણ અમારે ખુટે એવું નથી. હવે ધૂળેય નથી. તું કેટલો અહીં રહેવાનો છો? મેંગેનીઝ. સમજાણું કાંઈ? એ..ઇ..! તમારે તો રળે છે ને આને તો ખાણુ નીકળી છે. ઇ બોલે છે, કો'ક કહેતું હતું. આના મામાનો દીકરો નહિ? 'શાંતિલાલ ખુશાલ'! એટલી ખાણુ છે અમારે, કે સો વર્ષ સુધી કુટુંબને ખુટે નહિ. એક દિવસની લાખની પેદાશ અત્યારે. એમાં પચાસ હજાર જાય મજુરીમાં. અત્યારે ચાલીસ કરોડ રૂપિયા (છે) અને કુટુંબના કુટુંબ ખાય (તોપણ ખૂટે નહિ). કારણ કે જમીન અમારી ઘરની છે એમાંથી લોઢુ નીકળ્યા કરે છે. પણ તું કેટલો અહીં રહેવાનો? ને ક્યાં નીકળે? અને હજી શું થાશે કોણ જાણે પાંચ વર્ષ પછી શું સરકાર કરશે? શેનું થાશે શી ખબર પડે? એ..ઇ..! ભાડાનું વ્યાજ આવ્યા કરે.

બાપા! આ તો આત્મા અનાદિ **'सुनिर्भरः'** જેની ખાણમાં આવા અનંતા ગુણ છે. કાઢવા માંડ ક્રમે, કાળક્રમે પર્યાય તો ખુટે એવી નથી એમ કહે છે. કાળક્રમે એમાંથી પર્યાય કાઢ

તો એ ગુણ ખુટે એવા નથી. સાદિઅનંત નીકળ્યા જ કરે, નીકળ્યા જ કરે એવી ખાણ છે. હવે બહારની ધૂળની ખાણમાં શું હતું? આહા..! દુઃખી થઈને ટાંગા ટળવળીને મરવાના. અરે..! આટલું ન થયું, હોં! આટલું ન થયું, આટલું સંભળાયું નહિ, આટલું બોલાણું નહિ, આ ગળુ એકદમ બંધ થઈ ગયું ખબર ન રહી, બોલાવો ડૉક્ટરને! ત્યાં તો ઉં...ઉં.. જાવ ઉપડો. 'ભાવનગર' દરબાર લ્યોને! કેટલા કરોડ રૂપિયા! આમ સાંભળતા હતા, બેઠા હતા પેલા શું કહેવાય? જેસલ-તોરલ. તોરલ ને જેસલનું ભજન સાંભળતા હતા. 'પાપ તારા પ્રકાશ જાડેજા ધર્મ તારો સંભાળ' રાણી કહે છે. ધણી બહુ પાપી હતો. બહુ મારેલા. મોડબંધ રાજા. રાણી હતી. અરે..! રાજા. આમ રાડ નાખી જાય છે. અરે..! રાણી મારું શું થાશે? રાજા! પાપ પોકાર તારા. કાઢ, બહાર કાઢ. તારી બેડલીને બૂડવા નહિ દઉં. દરિયામાં જતો હશે ને કહે, મેં બહુ પાપ કર્યા છે. ... માર્યા છે, હરણીયા માર્યા છે, ગર્ભપાત કર્યા છે, મેં કાળા કેર કર્યા છે, હોં! રાણી! એવું સાંભળ્યું. જરીક ઉભા થયા ત્યાં આમ કાંઈક થવા માંડ્યું. સૂવા ગયા ત્યાં... રાણી ગયા એના ઓલામાં ને આ ગયા પોતાના સુવામાં. મને અસુખ છે, મને અસુખ છે બસ આટલું બોલ્યા. અસુખ છે એમ કહે છે ને? બહાર નીકળી ગયા. રાણીને બોલાવો. બહાર નીકળ્યા આમ પડ્યા ત્યાં રાણી બોલાવે ત્યાં રાણી આમ આવી ત્યાં ડૉક્ટરને કહેવા જાય ત્યાં ખલાસ! મને અસુખ છે. આ 'કૃષ્ણકુમાર' 'ભાવનગર' દરબાર, લ્યો! સમજાણું કાંઈ? ધૂળમાંય ન્યાં એક પરમાણુનો પર્યાય જે વખતે પૂરો થાય એને રોકે કોણ? તારો ડૉક્ટર આવે, ઇન્દ્ર ઉપરથી આવે તો કોણ રોકે? સમજાણું કાંઈ?

કહે છે, અહો..! તારામાં આવા અનંતા ગુણ **'सुनिर्भरः'**. ભાષા જુઓ! **'सुनिर्भरः'** પાછું એમ. અતિશય વિશેષપણે ભરેલા સર્વ કાળ ભરિતાવસ્થ. ભરિતાવસ્થા એટલે વસ્તુમાં ભરેલા છે. સમજાય છે કાંઈ? માળો પણ કોઈ દિ' જોવાય નવરો કર્યો નહિ, માનવા નવરો થયો નહિ, ખોજવા તો ક્યાંથી થાય? માન્યા પછી ખોજે ને? ખોજે એટલે સ્થિર થાય. સમજાણું કાંઈ?

આ ખાણમાં અહીં સોનું છે તો પછી નક્કી થાય તો ખોદવા માંડે. એમ આ ભગવાનની ખાણમાં અનંતા ગુણો એક સમયમાં ભરિતાવસ્થ પડ્યા છે. એમ જો અનુભવ પ્રતીત કરે તો ખોજવા માંડે–સ્થિર થાય. સ્થિર એટલે ચારિત્ર. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન ધ્રુવ, ભગવાન ધ્રુવ. અનંતા ગુણ ધ્રુવ, હોં! યુગપદ્, યુગપદ્. કાળ ક્રમે નહિ. પર્યાય–અવસ્થા છે એ કાળક્રમે થાય. આ યુગપદ્–એકસાથે. અનંતા ગુણોથી ભગવાન ભરેલો, એના (ગુણની) સંખ્યાનો પાર ન મળે, આવો આત્મા (છે). સમજાય છે?

**'ભરિતાવસ્થ છે; એવી છે...'** એવો ભગવાન છે. **'તોપણ...'** **'ज्ञानमात्रमयतां न जहाति'** **'જ્ઞાનમાત્ર ભાવને ત્યાગતી નથી.'** છોડતો નથી. એમ કે, આવા અનંત ગુણ છે પણ જ્ઞાનમાત્ર ભાવને છોડતો નથી. બધામાં જ્ઞાન વ્યાપક છે. અનંતા ગુણમાં જ્ઞાન વ્યાપક છે, અનંતા

ગુણમાં સુખ વ્યાપક છે, અનંતા ગુણમાં વિભૂતા વ્યાપક છે, અનંતા ગુણમાં કર્તૃત્વ વ્યાપક છે, અનંતા ગુણમાં અભોક્તા વ્યાપક છે, અનંતા ગુણમાં ભોક્તા વ્યાપક છે. એમ અનંતા ગુણો વ્યાપ્તપણે પ્રસરેલા છે. સમજાણું કાંઈ?

એ ચૈતન્ય રત્નાકર છે. એક અંગ સારું થાય તો એને અભિમાન લાગે છે. મોઢુ એક જરીક ચંદ્રમાના આકાર જેવું સરખું હોય તો સવારમાં જોયા કરે ને ચાંદલો અહીં કરવો ને બરાબર હાથ સરખો લાગે. જ્યાં કરવું હોય ત્યાં કરતા હશે ને? આમ કરું તો સરખો લાગે, અહીં ન થઈ જાય, અહીં ન થઈ જાય. નહિતર શીંગડીયું થઈ ગયું. ન્યાં સરખું જોવા માંડે, આ કોણ છે? આને ક્યાં ચાંદલો કરવો આખા આત્માને? સમજાય છે કાંઈ? એના ગુણથી ભરેલો ભગવાન એની દૃષ્ટિ કરતાં એને બહુમાન આવતા જ એને અનુભવમાં અનંત ગુણ આવે છે. છતાં કહે છે કે, અનંતા ગુણ હોવા છતાં જ્ઞાનમાત્ર ભાવથી કાંઈ જુદો પડતો નથી. અનેકાન્ત છે એમ કહે છે.

**'ભાવાર્થ આમ છે કે જે ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે,...'** જુઓ! અહીં ચેતના એને લેવી છે, હોં! અહીં તો એકલા ગુણ નહિ. એ અનંતા ગુણોનું ભરેલું તત્ત્વ એની કબુલાત દૃષ્ટિમાં, અનુભવમાં આવતા એ અનંતા ગુણની વર્તમાન પર્યાયપણે પરિણમન થાય, એ પર્યાય સહિતનો આત્મા તેને આત્મા કહે છે. સમજાણું કાંઈ?

**'ગુણ છે અથવા પર્યાય છે તે સર્વ ચેતનારૂપ છે,...'** જોયું? એ અનંતા ગુણોમાં ચેતના વ્યાપી છે અને એની પર્યાય એક સમયની અનંતી પર્યાયો. વિકારની અહીં વાત નથી. એ અનંતા ગુણની વર્તમાન નિર્મળ કાર્યરૂપી પર્યાય, એમાં પણ ચેતના વ્યાપી છે. અનંતા ગુણ. આનંદમાં, શ્રદ્ધામાં, શાંતિ-ચારિત્રમાં, કર્તૃત્વમાં, ભોક્તામાં અનંતી પર્યાય, વર્તમાન ગુણની પર્યાયરૂપી કાર્ય એમાં ચેતનાની પર્યાય વ્યાપેલી છે. સમજાય છે કાંઈ આમાં? આહાહા..! **'સર્વ ચેતનારૂપ છે...'** કોઈ વિકારરૂપ કે જડરૂપ કે ચેતનાની ખાલી (નથી) એમ કહેવું છે. અનંતા ગુણો અને એની પર્યાય અનંતી કોઈ ચેતનાથી ખાલી નથી. ચેતના વ્યાપે છે. સમજાણું કાંઈ?

**'તેથી ચેતનામાત્ર જીવવસ્તુ છે, (એ) પ્રમાણ છે.'** લ્યો! એ માટે ચેતનામાત્ર ભગવાનઆત્મા છે એ સાચું છે, એ જ પ્રમાણ છે. પ્રમાણ એટલે સાચું છે. ભગવાનઆત્મા વસ્તુ એના અનંતા ગુણો અને એની અનંતી પર્યાય એમાં ચેતનામાત્ર જે કહ્યો કારણ કે, એમાં એ વ્યાપક છે માટે ચેતનામાત્ર આત્મા છે એ વાત પ્રમાણ છે, એ વાત બરાબર છે, એ વાત યથાર્થ છે એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે પૂર્વે હૂંડી લખી હતી...'** આમાં હૂંડી આવી 'જુગરાજજી'! પૂર્વે કહ્યું હતું, એમ. હૂંડી એટલે પૂર્વે મેં કહ્યું હતું, આગળ કહ્યું હતું, એમ કહેવાય ને? તમારે વાણિયામાં એમ કહેવાય છે કે નહિ? ભાઈ! હૂંડી પૂર્વે તમે લખી હતી. અમને પાંચ હજારની

આપી છે. સમજાય છે? સ્વીકારાણી કે નહિ? આ પાંચ હજારનો ચેક છે, આ લાખ, બે લાખ, ચાર લાખનો ચેક. સમજાણું કાંઈ? ચાર લાખના ચેકનું સપનું આવ્યું હતું ખબર છે ને એક ફેરી? 'ચેલા' માં નહિ? એ..ઇ..! શું ભૂલી ગયા? શું સાંભળ્યું આ? 'ચેલા'માં નહિ ચાર લાખના ચેકનું સપનું આવ્યું હતું. આ સપનામાં ચાર લાખનો ચેક (આવ્યો હતો). લ્યો! માગશર સુદ દસમ હતી, નોમ દીક્ષાનો દિવસ હતો. સમજ્યા ને? કઈ સાલ? એ ૧૯૮૯, રાત્રે સપનું આવ્યું કે, ચાર લાખનો ચેક. આ દુકાને વટાવાય એવો નથી, બીજી દુકાને જશે. કહ્યું હતું ને? યાદ છે ને? યાદ નથી? કહ્યું હતું એક ફેરી. 'ચેલા'માં હતા ને? ૧૯૮૯ના માગશર સુદ નોમ ને દીક્ષાનો દિવસ હતો. 'જામનગર'વાળા બધા ઘણાય શેઠિયા આવ્યા હતા. 'વીરજીભાઈ' હતા, 'તારાચંદભાઈ' હતા. બધા હતા, ઘણા હતા. માણસ તો બહુ આવતું ને! 'જામનગર'થી બસ્સો, બસ્સો, પાંચસો, પાંચસો માણસ આવે દરરોજ વ્યાખ્યાન સાંભળવા આવે. સપનું આવ્યું ચાર લાખના ચેકનું અંદર. પણ આ દુકાને વટાવવા જેવું નથી એમ આવ્યું છે અંદર, કીધું. કહો, સમજાણું કાંઈ? આ હૂંડી, હૂંડી. પૂર્વે લખી હતી હૂંડી. આહાહા..! કહો, સમજાણું?

પૂર્વે કહે છે અમે કહ્યું હતું **'કે ઉપાય તથા ઉપેય કહીશું;...'** ઉપાય એટલે કે મોક્ષનો માર્ગ. સમજાય છે? ઉપેય એટલે મોક્ષ–એનું ફળ. **'ઉપાય એટલે જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન,...'** જુઓ! છે ને? **'ઉપાય એટલે જીવવસ્તુની પ્રાપ્તિનું સાધન, ઉપેય એટલે સાધ્યવસ્તુ;...'** અહીં એને એટલું કહેવું છે કે, મેં આ વસ્તુ આત્મા કીધી. સાધ્યનો અર્થ કે, આત્મા કેવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો એવો કીધો. હવે સાધ્ય એટલે મોક્ષને અમે પછી કહીશું. ઇ સાધ્ય પછી એમાં કહેશે. સાધ્ય એમાં કહેશે પણ અહીં તો સાધ્ય આવો લીધો. અનંતા ગુણવાળો, નિર્મળ પર્યાયવાળું દ્રવ્ય એને એમ કરી સાધ્ય કીધું. બાકી હવે જે સાધ્ય કહેશે એ તો મોક્ષની પર્યાય તે સાધ્ય અને મોક્ષનો માર્ગ તે સાધન એમ કહેશે. સમજાણું કાંઈ? **'તેમાં પ્રથમ જ સાધ્યરૂપ વસ્તુનું સ્વરૂપ કહ્યું,...'** એટલે કે જે સાધવાની પર્યાય છે, નિર્મળ થવાની એવો આત્મા કેવો છે એ વાત કરી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના આ તો વસ્તુ આવી કીધી. હવે એક વસ્તુમાં સાધ્યની પર્યાય ને સાધનની પર્યાય બે થાય એ હવે કહીશું. સમજાણું કાંઈ? હૂંડીમાં કેટલો આંકડો લખ્યો હતો? એમ કે, ભાઈ! આંકડો ચાર લાખનો લખ્યો હતો ચેકનો, ચાર લાખ છે. એમ આ આત્મા કહ્યો હતો એમાં આ આત્મા સાધવા જેવો છે. કેવો? કે, આવા અનંત ગુણવાળો ને અનંતી પર્યાયવાળો એવો આત્મા સાધવા જેવો છે એ વસ્તુ છે. એમ કરીને એને સાધ્ય કહી. બાકી જે સાધ્ય-સાધન કહેશે એ તો ભગવાનઆત્મા આવો જે છે એની નિર્મળ મુક્તની પર્યાય થાય તેને સાધ્ય કહેશે અને એને આત્માને આત્મામાં એ અધૂરી નિર્મળ પર્યાયનું સાધન

એ મોક્ષમાર્ગ કહેશે. સમજાય છે કાંઈ?

એમ કહીને આ વર્ણવ્યું શું કરવા? કે, વચમાં પછી મોક્ષમાર્ગમાં વિકાર જે આવે એ સાધન છે એમ નહિ. કારણ કે આત્મા જ આવો છે, ભાઈ! સમજાણું? આત્મા જ આવો છે એ આત્માની અંદરના બે પ્રકાર પડશે. એક અપૂર્ણ નિર્મળ પર્યાય અપૂર્ણ, નિર્મળ. આવો આત્મા છે માટે. નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવા આત્માની શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા એ મોક્ષનો માર્ગ છે. રાગાદિ વિકલ્પ એ મોક્ષમાર્ગ નથી. એની પરિપૂર્ણ પર્યાય, આવાની પરિપૂર્ણ પર્યાય થવી તે મોક્ષ છે. આહાહાહા..! સમજાણું કાંઈ? **'સાધન કહે છે.'**

---

( વસન્તતિલકા )

**नैकान्तसंगतदृशा स्वयमेव वस्तु-**
**तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः**
**स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो**
**ज्ञानीभवन्ति जिननीतिमलंघयन्तः ।।२-२६५।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'सन्तः इति ज्ञानीभवन्ति' ( सन्तः ) સંતો અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવો ( इति ) આ રીતે ( ज्ञानीभवन्ति ) - અનાદિ કાળથી કર્મબંધ સંયુક્ત હતા - સામ્પ્રત (હવે) સકળ કર્મોનો વિનાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે સન્તો? 'जिननीतिमलंघयन्तः' ( जिन ) કેવળીનો ( नीतिम् ) કહેલો જે માર્ગ ( अलंघयन्तः ) તે જ માર્ગ પર ચાલે છે, તે માર્ગને ઉલ્લંઘીને અન્ય માર્ગ પર ચાલતા નથી. શું કરીને ? 'अधिकाम् स्याद्वादशुद्धिम् अधिगम्य' ( अधिकाम् ) પ્રમાણ છે એવો જે ( स्याद्वादशुद्धिम् ) અનેકાન્તરૂપ વસ્તુનો ઉપદેશ, તેનાથી થયું છે જ્ઞાનનું નિર્મળપણું, તેની ( अधिगम्य ) સહાયતા પામીને. કેવા છે સન્તો ? 'वस्तुतत्त्वव्यवस्थितिम् स्वयम् एव प्रविलोकयन्तः' ( वस्तु ) જીવદ્રવ્યનું ( तत्त्व ) જેવું છે સ્વરૂપ, તેનાં ( व्यवस्थितिम् ) દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપને ( स्वयम् एव प्रविलोकयन्तः ) સાક્ષાત્ પ્રત્યક્ષપણે દેખે છે. કેવા નેત્ર વડે દેખે છે? 'नैकान्तसङ्गतदृशा' ( नैकान्त ) સ્યાદ્વાદ સાથે ( सङ्गत ) મળેલા ( दृशा ) લોચન વડે. ૨-૨૬૫.**

---

( વસન્તતિલકા )

नैकान्तसंगतदृशा स्वयमेव वस्तु-
तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः
स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो
ज्ञानीभवन्ति जिननीतिमलंघयन्तः ।।२-२६५।।

ઓહોહો..! **'सन्तः इति ज्ञानीभवन्ति'** સમ્યગ્દૃષ્ટિ જીવ. સંતની વ્યાખ્યા-સમ્યગ્દૃષ્ટિ જીવ. સત્‌ના આવા સ્વભાવને અનુભવે, દૃષ્ટિ કરે તેને સંત કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આવા અનંત ગુણથી યુગપદ્ શક્તિએ ભરેલો એક અને એની શક્તિનું પરિણમન ક્રમ કાળે થવું. એવો જે ભગવાન એને જેણે અંતર દૃષ્ટિમાં-પ્રતીતમાં, અનુભવમાં લીધો એને અહીંયાં સંત એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ (કહે છે). **'इति'** નામ **'આ રીતે...'** **'ज्ञानीभवन्ति'** **'અનાદિ કાળથી કર્મબંધ સંયુક્ત હતા - સામ્પ્રત (હવે) સકળ કર્મોનો વિનાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે.'** લ્યો! આવો જે આત્મા એને પ્રતીત કરનારો જ્ઞાની, એ અનાદિ કાળનો કર્મનો સંબંધ છે એનો અભાવ કરીને મોક્ષની પર્યાયને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? મોક્ષની પર્યાયને પ્રાપ્ત કરે તે સાધ્ય છે. હવે સાધ્ય-સાધન ૨૬૬ માં કહેશે, હોં!

**'કેવા છે सन्तो?'** **'जिननीतिमलंघयन्तः'** **'કેવળીનો કહેલો જે માર્ગને...'** ઉલ્લંઘ્યા વિના. અહીં વાત છે. સર્વજ્ઞ ભગવાને ત્રિલોકનાથ પરમેશ્વરે જે આત્મા કહ્યો એવો એ માને છે એના માર્ગને ઓળંગતો નથી. સમજાણું કાંઈ? **'जिननीति'** દેખો! **'કેવળીનો...'** **'नीतिम्'** **'કહેલો જે માર્ગ...'** નીતિનો અર્થ કર્યો-કહેલો માર્ગ. **'अलंघयन्तः'** **'તે જ માર્ગ પર ચાલે છે,...'** **'अलंघयन्तः'**નો અર્થ પછી કરશે. ખરેખર તો ભગવાને આવો આત્મા કહ્યો એ માર્ગમાં ચાલે છે. સમજાણું કાંઈ? કેવળી ભગવાને આવો આત્મા કહ્યો. 'કેવળી પણત્તો ધમ્મો શરણં' આવે છે ને માંગલિકમાં? બોલે છે તો બહુ. 'ભગવાનભાઈ'! કહે છે કે, ભગવાન વીતરાગે કહેલો નીતિએ એટલે જાણેલો પણ નીતિએ એટલે આમ કહેલો. એની નીતિ છે કહેવું. આવું જ સ્વરૂપ છે એવું એણે કહ્યું છે.

**'તે માર્ગને ઉલ્લંઘીને અન્ય માર્ગ પર ચાલતા નથી.'** આવો ભગવાનઆત્માનો સ્વભાવ એનાથી જ્ઞાની બીજી રીતે માનતા નથી ને બીજી રીતે ચાલતા નથી. બીજો માર્ગ એવું સ્વરૂપમાં છે નહિ. વીતરાગે કહેલો આવો આત્મા એવો આત્મા બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ દેવાધિદેવ એમણે કહેલો, જાણેલો, જોયેલો એવો જે માર્ગ એના ઉપર ચાલે છે. એ માર્ગે-વીતરાગના માર્ગે ચાલે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ ત્રિકાળ જ્ઞાયક અનંત ગુણનો પિંડ એની દૃષ્ટિ કરીને પોતાના નિર્મળ માર્ગે ચાલે છે. એ માર્ગને ઉલ્લંઘન કરતો નથી. આહાહા..! **'શું કરીને?'** કેમ કરીને? એ વાતનો શ્લોક-૫૬ છે. ( શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ! )

પોષ સુદ ૭, ગુરૂવાર તા.૩૦.૧૨.૧૯૬૫
કળશ - ૨૬૫, ૨૬૬. પ્રવચન - ૨૮૫

'સાધ્ય-સાધક' (અધિકારની) શરૂઆત છે. અનેકાન્તની પૂર્ણાહૂતી સાધ્ય-સાધકની શરૂઆતમાં છે. બીજો શ્લોક છે ૨૬૫. ફરીને, જુઓ! **'सन्तः इति ज्ञानीभवन्ति' 'સમ્યગ્દૃષ્ટિ જીવો આ રીતે...'** **'ज्ञानीभवन्ति'** ક્યા પ્રકારે? **'અનાદિ કાળથી કર્મબંધ સંયુક્ત હતા - સામ્પ્રત (હવે) સકળ કર્મોનો વિનાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે.'** સમ્યગ્દૃષ્ટિ કેવી રીતે? કેવી રીતે મોક્ષની નિર્મળ આનંદની પર્યાયરૂપ મોક્ષને કેમ સમકિતી પામે છે? **'जिननीतिमलंघयन्तः' 'કેવળીનો કહેલો જે માર્ગ...'** (તેને) છોડ્યા વિના. સર્વજ્ઞ ભગવાને આત્મા નિત્ય કહ્યો, પર્યાયે અનિત્ય કહ્યો. સ્વથી અસ્તિ કહ્યો, પરથી નાસ્તિ કહ્યો. જ્ઞાનથી છે અને જ્ઞેયથી નથી. એવું જે વસ્તુનું સ્વરૂપ વીતરાગ પરમેશ્વરે કહ્યું એવા માર્ગને ધર્મી સમ્યગ્દૃષ્ટિ–આત્માના લક્ષ ને દૃષ્ટિ કરનાર એ વીતરાગ માર્ગને ઓળંગતો નથી. ત્યાં સુધી કાલે આવ્યું હતું.

**'શું કરીને?' 'अधिकाम् स्याद्वादशुद्धिम् अधिगम्य' 'પ્રમાણ છે એવો જે અનેકાન્તરૂપ વસ્તુનો ઉપદેશ,...'** પામીને. **'अधिकाम्'** એટલે પ્રમાણ. વસ્તુ, વસ્તુનું સ્વરૂપ સ્વ જ્ઞાનથી છે, પર જ્ઞેયથી નથી. પોતાની વસ્તુ, ક્ષેત્ર, અવસ્થા કે ભાવ એનાથી છે ને પર, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. અને કાયમરૂપે નિત્ય છે, અવસ્થાએ ક્રમે ક્રમે પલટે છે. એવી વસ્તુની પ્રમાણબુદ્ધિથી યથાર્થ સ્યાદ્વાદનો **'અનેકાન્તરૂપ વસ્તુનો ઉપદેશ પામીને તેનાથી થયું છે જ્ઞાનનું નિર્મળપણું, જ્ઞાનનું નિર્મળપણું તેની સહાયતા પામીને.'** શુદ્ધ દ્રવ્ય સ્વભાવ અનંત ગુણરૂપ અસ્તિ છે એની પર્યાયમાં પરિણમન અનિત્યપણે થાય છે. એમ આત્મામાં સમ્યગ્જ્ઞાનને નિર્મળ કરીને સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગને ઓળંગ્યા વિના પોતાના અંતર મોક્ષમાર્ગને આશ્રયે છે.

કેવા છે સમ્યગ્દૃષ્ટિ? એ 'સન્ત' શબ્દ વાપર્યો છે. **'वस्तुतत्त्वव्यवस्थितिम् स्वयम् एव प्रविलोकयन्तः' 'જીવદ્રવ્યનું...'** ભગવાન જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ, ધ્રુવરૂપે હોવા છતાં અવસ્થામાં એનું પરિણમન ક્ષણે ક્ષણે બદલાય છે. પરથી અભાવરૂપ અને સ્વથી સ્વભાવરૂપ એવું જે જીવદ્રવ્યનું સ્વરૂપ. **'જેવું છે સ્વરૂપ, તેનાં દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપને...'** બેય લીધું. વસ્તુ જ્ઞાયક ત્રિકાળ જ્ઞાયકરૂપ છે, અવસ્થામાં એનું પરિણમન આમ પર્યાયરૂપે પરિણમવું થાય છે. એવા જ્ઞાનની નિર્મળતાને પામી અથવા વસ્તુની સ્થિતિને તેમ જાણી.

**'स्वयम् एव प्रविलोकयन्तः' 'સાક્ષાત્ પ્રત્યક્ષપણે દેખે છે.' 'स्वयम्'**નો અર્થ કર્યો સાક્ષાત્. **'प्रविलोकयन्तः' 'પ્રત્યક્ષપણે દેખે છે.'** સ્વયં એટલે સાક્ષાત્ પ્રત્યક્ષ. અંતર પોતાના જ્ઞાન નેત્રથી, અંતરના જ્ઞાન નેત્રથી વર્તમાન નિર્મળ પરિણતિ દ્વારા આ પૂર્ણ સ્વરૂપ છે તેને અવલોકે

છે. કહો, સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપી પ્રભુ નિત્ય જ્ઞાન અને વર્તમાન પરિણમતું જ્ઞાન એવા દ્રવ્ય-પર્યાયમય તત્ત્વની વસ્તુને અંતર સમ્યગ્જ્ઞાન દ્વારા પર્યાયથી પૂર્ણ સ્વરૂપ છે તેને અવલોકે છે. સમજાણું આમાં? લ્યો! ક્યાં ગયા? 'જમુભાઈ'! ક્યાં પણ કોઈ દિ' ચડે ત્યારે ને! પગથીયે ચડે નહિ તો શું સમજાય?

આ આત્મા જ્ઞાનમૂર્તિ ધ્રુવ અનંત ગુણનો પિંડ ધ્રુવ છે અને એનું વર્તમાનમાં પરિણમન પલટવું અવસ્થાનું થાય છે. એમ એણે સમ્યગ્જ્ઞાનથી દ્રવ્યના લક્ષે નિર્મળ પરિણતિ પ્રગટ કરી બરાબર આત્માને દ્રવ્ય ને પર્યાયરૂપે અવલોકવો. હવે ન્યાં એના સંચામાં આવે નહિ, ચોપડામાં આવે નહિ, કોઈ દિ' નવરા થાય નહિ. 'જેચંદભાઈ'!

જેને આત્માની શાંતિ પ્રગટ કરવી હોય એણે આત્માને કર્મના સંબંધ વિનાનો, વિકાર વિનાનો પણ પૂર્ણ અનંત ગુણવાળો અને પરિણમનવાળો. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા આ સ્યાદ્વાદથી નિર્મળ જ્ઞાન પ્રણીત નિર્મળ થયેલું (જ્ઞાન) આવા આત્માને એ અવલોકે છે. કર્મ, શરીર અભાવ તો કહ્યું પહેલું. પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અભાવ છે. અને તે જ્ઞેય છે એનો પણ એમાં અભાવ છે. એ પહેલો બોલ ને પેલા ચાર બોલ થયા. હવે એ આત્મા એક સમયમાં અનંત ગુણ ભાવરૂપ તત્ત્વ છે. અનંત જ્ઞાન-દર્શન-આનંદ એવા ભાવરૂપ તત્ત્વ છે. એ અને એનું વર્તમાન નિત્યના લક્ષે અથવા નિત્ય રહેતું થકું વર્તમાનમાં નિર્મળ પર્યાયપણે પરિણમે છે, નિત્ય રહે છે પરિણમે છે, સ્વભાવ રહે છે (અને) પરપણે અભાવરૂપે પરિણમે છે. એવું એનું સ્વરૂપ છે એમ એને શ્રદ્ધા, જ્ઞાનમાં બરાબર લઈ અને એ આત્માને નિર્મળ સ્વભાવ અને નિર્મળ પર્યાય અવલોકવી, જોવી, જાણવી. કહો, સમજાણું આમાં?

જેણે ધર્મની દશા પ્રગટ કરવી હોય અથવા સુખી થવું હોય એણે પરમાં હું છું એ માનવું છોડી દઈ અને હું મારામાં છું ને પરપણે હું નથી, આ સ્યાદ્વાદ. અને હું મારાપણે છું છતાં ધ્રુવપણે (રહેતો) છતાં પર્યાયમાં પરિણમન બદલો પણ થાય છે. નિત્ય ને અનિત્ય સ્વરૂપ સ્વથી હોવાપણે ને પરથી નહિ હોવાપણે એમ આત્માને શ્રદ્ધા-જ્ઞાન દ્વારા આત્માને અવલોકવો, જોવો, જાણવો ને ઠરવું, આ એનું નામ મોક્ષનો માર્ગ છે. સુખી થવાનો એ રસ્તો છે. કહો, સમજાણું આમાં? દુઃખી થવાનો એ રસ્તો કે, પરમાં હું છું ને મારાપણું મારામાં નથી. પુણ્ય-પાપપણે છું અને જ્ઞાતાપણે, વસ્તુપણે નથી. એ પુણ્યપણે વિકલ્પમાં પર્યાયમાં છે, વસ્તુપણે નથી. વસ્તુ તો એ પુણ્યનો જાણનાર વસ્તુ પર્યાય છે ઇ. એવી વાત છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સંયોગ પણ પાછો કાઢ્યો ત્યારે જાય ક્યાં પણ? કાઢ્યો ક્યારે કહેવાય? અહીંથી હટ્યો કર્મ, શરીર, વાણી, મન એમાં હું નહિ, એ વડે હું નહિ, એ વડે હું નહિ. આ પુણ્ય ને પાપના વિકલ્પ ને રાગ એમાં હું નહિ, એ વડે હું નહિ. કહો, સમજાય છે કે નહિ હવે આમાં? 'કાન્તિભાઈ'! હા તો પાડવી પડે શું કરે?

જેને સુખી થવું હોય તો આત્મા સુખ સ્વરૂપ છે અને દુઃખની વર્તમાન વિકૃતદશારૂપે એ નથી. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન સ્વરૂપે છે અને એ જણાવાયોગ્ય બીજા જ્ઞેયો તે પણે એ નથી. આ ચૌદ બોલનું પૂરું સમાપ્ત તો થાય છે ને આમાં? સમજાણું કાંઈ? અને એ આત્મા કાયમ રહીને વર્તમાનમાં કાર્યરૂપે–પર્યાયરૂપે પરિણમે છે એમ બેય પડખાથી એને જ્ઞાનથી જોવું એ સુખી થવાનો રસ્તો છે. સમજાણું કાંઈ? એને જોવું કહ્યું ને અહીંયાં? આમ જોવું નથી કહ્યું હવે. આમ જે જોતો શરીર ને વાણી ને મન ને પુણ્ય ને પાપ ને એ, એ જોતો એમાં એટલું જ્ઞાનમાં આવ્યું. પણ એ જોતો એ એનું ક્યાં છે એ? સમજાણું કાંઈ?

જેને જોવો છે એ કોણ છે? પોતે જોનાર પોતે કોણ છે? જે જ્ઞાનની દશામાં આમ જણાતું રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શરીર, મન એ જણાતું એ તો જ્ઞાનમાં એક અંશનો પરપ્રકાશક ભાવ થતો, એ કાંઈ વસ્તુ નથી. એ જ્ઞાનનો પર્યાય પરપ્રકાશકનો એકલો હતો એને આ બાજુ (વાળી) એ ચીજ મારામાં નથી (એમ જોવે). શુભ-અશુભ રાગ, કર્મ-શરીર આદિ મારા દ્રવ્યમાં નથી, ગુણમાં નથી એથી મારી પર્યાયમાં પણ એ નથી. આ સુખનો આ માર્ગ છે. બાકી બધા રઝળવાના રસ્તા છે. આહા..! પુણ્ય-પાપમાં સુખ છે? શરીર, કર્મ, પૈસા, આબરુ, ધૂળમાં સુખ છે? એમાં હું છું એમ માને, જેમાં નથી એમાં માને તો એ તો દુઃખનું નિમિત્ત કારણ થાય છે. જેમાં અને જેવો હું છું એ આત્મા તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીતરાગ સ્વભાવ એટલે શાંતિ–ચારિત્ર. એવો જે આત્મસ્વભાવ એ હું છું, પરરૂપે નહિ. એ હું છું એવા શુદ્ધપણે પરિણમનાર મારી પર્યાય છે.

એવું સ્યાદ્વાદ જ્ઞાન દ્વારા નિર્મળ પર્યાયથી આત્માને જોતા **'જીવદ્રવ્યનું જેવું છે સ્વરૂપ, તેનાં દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપને...'** જુઓ! **'स्वयम् एव प्रविलोकयन्तः'** પોતે જ પોતાના જ્ઞાન દ્વારા **'સાક્ષાત્...'** ચૈતન્ય ભગવાન જ્ઞાનને **'પ્રત્યક્ષપણે...'** એટલે શું કીધું ઇ? પુણ્ય-પાપના વિકલ્પનો પણ આશ્રય નહિ, મનનું અવલંબન નહિ. અહીં પર્યાય અવલોકવી એટલે કે પેલી રાગ એ પર્યાય એની નથી.

શુભરાગથી મોહનીય કર્મ નાશ થાય, લ્યો! (એમ અજ્ઞાની કહે છે). સર્વજ્ઞતાનો મોટો ગોટો વાળ્યો છે. બહુ શિખામણ આપી છે, હોં! તમે ભૂલ કરો છો આ બધી. સર્વજ્ઞ ને સર્વજ્ઞના જ્ઞાન અનુસાર અહીં પરિણમે. અને એને અનુસાર અહીં પરિણમે. કેટલી વાર કહીએ પણ તમે સાંભળતા નથી, વિચાર કરતાં નથી. સાચી વાત, બાપા! એને બિચારાને (બેઠું હોય તેમ કહે). અરે..! ભગવાન! સર્વજ્ઞ તે પોતે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે છે. એથી પરિણમે છે એમ નથી કાંઈ. પરિણમે છે જગતની પર્યાય એને કારણે. આ તો કહે છે કે, તમે એમ કહો છો કે, કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય, અહીં કેવળજ્ઞાન થાય તો કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય, આહા..! પછી નાશ થાય. પછીનું કોણે કીધું? અહીં જ્ઞાન થાય અને એ વખતે નાશ થાય. એણે પછી નાખ્યું છે. અમે તો કહીએ છીએ, શાસ્ત્ર

તો કહે કે, જ્ઞાનાવરણીયનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય. આહા..! એલા પણ એની મેળે ક્ષય થાય શું કરવા ઇ? તારામાં, એનામાં નિમિત્ત દેવાની લાયકાત જ્યાં સુધી રહે ત્યાં સુધી જાય શી રીતે? કેવળજ્ઞાનાવરણીય જે પ્રકૃતિ છે એને નિમિત્ત દેવાની કે હીણી જ્ઞાનની પર્યાય પરિણમવાની લાયકાત છે ત્યાં સુધી એને નિમિત્ત કેવળજ્ઞાનાવરણીયમાં પરિણમનમાં નિમિત્ત થાય છે. એ કેવળજ્ઞાન આત્માના આશ્રયે જ્યાં પરિણમે છે ત્યારે નિમિત્ત રહેતું નથી તો એનું પરિણમન કેવળજ્ઞાનાવરણીયપણે રહેતું નથી. એમ છે. વસ્તુ તો આમ છે. કોણ જાણે વાતુંના ખોટા મોટા મોટા બંગલા ઉઠાવે. આહાહા..! અરે..! લોકોને ન ભરમાવો, હોં! એમ (લખ્યું) છે. આહાહા..! સમજાણું?

અહીં કહે છે કે, ભાઈ! કેવળજ્ઞાનનો પર્યાય જે થયો... પછી હવે એ લેશે. સાધ્ય-સાધક. અહીં તો વસ્તુની વ્યવસ્થા અનંત અનેક ધર્મ સ્વરૂપે છે એને સિદ્ધ કરીને સાધ્ય-સાધક ભાવ હવે કહેશે. ભગવાનઆત્મા અનંત... અનંત... જ્ઞાન, દર્શન, આનંદનો કંદ પ્રભુ આત્મા છે. છતાં એની દશામાં એકરૂપતા નથી. ધ્રુવરૂપે એક છે, પર્યાયરૂપે પરિણમનમાં અનેકપણાની અવસ્થા થાય છે. અનંત ગુણની અનેક અવસ્થા થાય છે એ વિકારની નહિ. વિકારનો તો એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં અભાવ. આહાહા..!

અહીં તો એમ કહ્યું ને કે, '**દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપને સાક્ષાત્ પ્રત્યક્ષરૂપપણે દેખે છે.**' તત્ત્વની વ્યવસ્થા. સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ તો એણે કોઈ દિ' જોયો નથી એટલે એને એવું લાગે કે, આ શું કહે છે આ? પણ ભાઈ! તું જોનાર છો કે નહિ? પરને જોનાર પણ તારી ભૂમિકામાં પર દેખાય છે કે નહિ? ખરેખર તો તારી પર્યાય દેખાય છે. શું કીધું? આ... આ... આ... આમ જે કહે છો ખરેખર તો તારી પર્યાય જ્ઞાનની એમાં એ દેખાય એટલે પર્યાય દેખાય છે. હવે એ પર્યાય જેટલો નથી અને પર્યાયમાં જે દેખે છે એમાં એ નથી. સમજાણું કાંઈ? શું કીધું?

આ વર્તમાન જ્ઞાનની અવસ્થાનો કણ ક્ષયોપશમરૂપે વર્તમાન વિકાસ છે કે નહિ? એમાં આ જણાય, આ જણાય, આ લાકડા, આ ફલાણું, આ ધૂળધમાહા... એટલે ખરેખર તો એ પર્યાય પર્યાયને જ દેખે છે પણ એ પર્યાય આ દ્રવ્યની છે એના ઉપર લક્ષ નથી એથી એ પર્યાય આને દેખે છે એમ એને ભાસી જાય છે. સમજાણું કાંઈ? અનંતી વસ્તુ એક સમયમાં જ્ઞાનની પર્યાયમાં જણાય એવો પર્યાયનો ધર્મ છે. એ અનંત જ્ઞેય છે માટે નહિ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાનગુણનો સૂર્ય પ્રભુ આત્મા! એમાંથી કિરણ નીકળે. પ્રગટ વર્તમાન એક અંશ કિરણ છે. હવે એ કિરણ જેનું છે એને અંશને આ.... આ... આ.... આ... એમાં જણાય. પણ આ.. આ.. એ એના પર્યાયમાંય નથી અને એ પર્યાય દ્રવ્યની જેની છે એને પર્યાય જોતું નથી. સમજાણું કાંઈ? એથી એને એમ લાગે છે કે, હું તો આ અવસ્થા ને

આવડો છું. આ દેખું એ છું... આ દેખું એ છું... આ દેખું એ છું... સમજાણું કાંઈ? તો કહે છે કે, ભાઈ! જે વસ્તુ તને પર્યાયમાં દેખાય છે એ ચીજો તારી પર્યાયમાં નથી. આહાહા..! એ ક્યારે તને ખબર પડે? કે, એ જ્ઞાનની પર્યાયનો ધરનાર આખું દ્રવ્ય ધ્રુવ છે. એ ધ્રુવ રહીને વર્તમાન પરિણમે છે. એમ જ્યારે ધ્રુવ અને વર્તમાન જ્ઞાનની પર્યાયને અવલોક તો તું તેને જોયો એમ કહેવામાં આવે છે, તે પેલું જોયું એ ન્યાં નહિ રહે પછી. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો મોક્ષના માર્ગ છે, ભાઈ! એણે અનંત કાળના.. હમણાં એ વાંચ્યું, ભાઈ! નરકનું. 'તિલોય પણ્ણત્તી'માં એ બધું છે, હોં! કાલે કીધું હતું ને? હેઠે ૩૬ હથિયાર છે. મેં કીધું, આ ૩૬ ક્યાંથી કાઢ્યા? અંદર છે. નારકી ઊપજે છે ને? પડે ત્યારે હેઠે છત્રીસ પ્રકારના હથિયારો સજ્જ થયેલા તૈયાર છે. ઉપરથી પડે... હાય.. હાય..! અહીં રાજાનો કુંવર હોય ને મરીને ન્યાં ગયો. ક્ષણમાં હાર્ટફેઈલ થઈ ગયું હોય. આમ લહેરમાં બેઠો હોય ન્યાં ક્ષણમાં જાય ઇ. આહાહા..! એવો અથડાય... હથિયાર ૩૬ પ્રકારના છે. ઉછળે. એ બધુ એમાં છે, ગાથાઓ છે. 'તિલોય પણ્ણત્તી' કાલ પેલામાં વાંચ્યું હતું ને? ઇ આમાં બધી ગાથાઓ જોઈ. ઓહો..! ભગવાન!

એ દુઃખ કેમ થયું છે? પોતાને ન જોયો ને પરને જોતા ત્યાં એકાગ્ર થયો માટે, એમ કહે છે. એ પરને જોતા 'એ મારા છે ને મારા હતા' એ જ્ઞાનમાંથી ચાલ્યા ગયા. જે મારા પોતાના અનંત જ્ઞાન ગુણ મારો, આનંદ ગુણ મારો એ ગયો એના જ્ઞાનની દશામાંથી. એ જ્ઞાનની દશામાં આ મારા ભળાય. આમ (અંદર) જોયું નહિ, આમ (બહાર) જોયું. આ શરીર, આ ઇન્દ્રિય, આ રાગ, આ કર્મ, આ... આ... આ... આ... આ. આ એના નથી ને આ એના માન્યા એ મિથ્યાત્વ ને કષાયનું જોર થયું, આ એનું એને દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો સંયોગથી શાસ્ત્રકાર (વર્ણન કરે). સંયોગથી જોનારની ટેવ પડી છે ને અજ્ઞાનીને કે આમ અગ્નિ આવે તો હાય.. હાય..! એમ થઈ જાય. એ અગ્નિનું દુઃખ નથી. ખરેખર અગ્નિને દેખતા કષાય (થાય છે), હાય.. હાય..! એ કષાય છે એનું એને વેદન છે. પણ અજ્ઞાનીને આમ સંયોગ દેખે ત્યારે દુઃખ લાગે અને જરીક કાંઈક મીઠુ, સાકર આવી હોય કે ફલાણું આવ્યું હોય તો હા..શ.. એમ લાગે. એની દૃષ્ટિ અનાદિની સંયોગ ઉપર પડી છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાની નિજ નિધિની ખાણ ધ્રુવરૂપે છે એનું વર્તમાન પરિણમન એની પર્યાય છે. પણ એ પર્યાયમાં આ... આ... આ... આ... આ... આ... આ... આ... જ્યારે હું એ પ્રતીતમાં ન આવ્યો ત્યારે ક્યાંક પ્રતીતમાં તો લેવું પડશે કે નહિ એને? આહાહા..! ક્યાંક હોવાપણે તો ઇ અર્પાશે કે નહિ? આ હું, ઇન્દ્રિય હું, પુણ્ય-પાપનો રાગ થયો એ હું. એ હું એ તો મિથ્યાબુદ્ધિ થઈ. મિથ્યાબુદ્ધિ એટલે મિથ્યાત્વ થયું, મિથ્યાત્વ થયું એટલે

તીવ્ર અકષાયભાવનો વિરોધ કષાય થયો, બસ! એ કષાય તેને દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, હવે સુખી થવું હોય તો આમ જો. જોનાર પરિણમનની દશા એ પરિણમનારો ધ્રુવ અનંત ગુણનો પિંડ પ્રભુ છે. આ કાયમ રહે છતાં પરિણમે, પરિણમે છતાં કાયમ રહે એવો એનો ધર્મ સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

**'स्वयम् एव प्रविलोकयन्तः' 'પ્રત્યક્ષપણે દેખે છે.'** જુઓ! આમાંથી આ બધું નીકળ્યું. આમ પરોક્ષ આમ આમ દેખે છે ને? હવે કહે છે કે, ભાઈ! એક સમયની દશા એ પરિણમન છે. મારો ધ્રુવ ત્રિકાળ છે, અનંત ગુણનો પિંડ છે એને પરિણમનથી દેખ. પરિણમન દ્વારા એને દેખ. એટલે પરિણમન અને વસ્તુ બેય એના જ્ઞાનમાં આવી ગયા. દ્રવ્ય-પર્યાયરૂપને એમ કીધું છે ને? **'स्वयम् एव प्रविलोकयन्तः' 'સાક્ષાત્ પ્રત્યક્ષપણે દેખે છે.'** દ્રવ્યરૂપને ને પર્યાયરૂપને પોતે પોતાને દેખે છે પછી. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો, બાપુ!

ભાઈ! માર્ગ તો વીતરાગ સ્વભાવે માર્ગ હોય ને? વીતરાગનો માર્ગ તો વીતરાગ ભાવથી જણાય કે બીજી રીતે જણાય? સમજાણું? એ વીતરાગ ભાવ મોંઘો પડે કે જેમ પડે, પણ વસ્તુ તો જેમ છે એમ છે. અભ્યાસ નહિ કોઈ દિ'. આ ચીજ મોટી પ્રભુ બિરાજે છે. એના એને માહાત્મ્ય આવ્યા નહિ, એનો એને ચૈતન્ય ચમત્કાર દેખાણો નહિ, આ ચૈતન્ય! આહાહા..! જેની એક સમયની દશામાં ત્રણકાળ ત્રણલોક વર્તમાન રાગ સહિત પર્યાયમાં જણાય. આવો ચૈતન્ય પ્રકાશમય મૂર્તિ આ તો એક સમયનો આવો. એવો આખો ભગવાન જેમાં રાગ નથી, ગંધ નથી અને જે એક સમયની અવસ્થા જેટલો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આમ જુઓને! આ પાંડવો જ્યારે 'શેત્રુંજય' (ઉપર) બિરાજતા હશે. રાજના કુંવર હતા, રાજા મોટા! લડાઈઓ જેને કૌરવો સાથે મોટી થઈ. ઠરી ગયા અંદર, હિમમાં પડ્યા અંદર. 'હિમાલય' ગયા. અન્યમતિઓ કહે છે ને? એ હિમાળો એ નહિ. એ 'શેત્રુંજય' પાંચે મુનિઓ ગયા હતા. પાંચેય મુનિઓ હોં! સમજાય છે? શ્વેતાંબરમાં તો એવું આવે છે કે, મુનિઓ માસખમણના પારણા કરીને આનંદકંદમાં વિચરતા હતા. ભગવાન નેમિનાથ ગીરનાર પધારવાના છે એમ કરીને દર્શન કરવા નીકળ્યા હતા. ભાઈ! આમાં .. એ વાત તે દિ' બહુ..

અહો..! મહા સંત! અરે..! મને તીર્થંકર ભગવાનના દર્શન થાય. નીકળ્યા ને ત્યાં આવ્યા ને હજી ત્યાં સાંભળ્યું, ભગવાન નિર્વાણને પામ્યા. 'ગીરનાર' પર પ્રભુ મોક્ષને પામ્યા. એટલે પાંચે મુનિઓને મહિના મહિનાના ઉપવાસ, હોં! આનંદમાં ઝુલતા ધીમે.. ધીમે.. ધીમે.. માથે ચડી ગયા. ધ્યાનમાં ઉભા રહી ગયા. એમાં એક કૌરવનો ભાણેજ આવી લોઢાના ધગધગતા દાગીના હાથમાં પહેરાવ્યા, ભાઈ! હોં! હાથમાં, માથે મુગટ, પગમાં તોડા લોઢાના ધગધગતા (પહેરાવ્યા). ભગવાનઆત્મા શીતળનો સાગર હિમાળો ભગવાનઆત્મા, એમાં અંતર એકાગ્ર થયા ને કર્મ ગળી ગયા બધા. સમજાણું કાંઈ? એ આ 'શેત્રુંજય' ઇ. આહા..!

જેને સુતા આ રૂની ગાદલીમાં દોરો કથણ હોય તો આમ ચામડીમાં લોહી નીકળતા આમ બહાર, એવા સુંવાળા શરીર. અરે..! અમે આત્મા. આ શું કર્યું આ? કોની સાથે લડાઈ અને આ શું થયું? ભગવાન 'નેમિનાથ' પ્રભુએ કેવળજ્ઞાન સાધ્યું, મોક્ષ પધાર્યા. વર્તમાન સાક્ષાત તીર્થંકરના ભેટા કરવા 'ગીરનાર' નીકળ્યા .. હવે અમે મોક્ષમાં સીધા જાશું. આહાહા..!

અગ્નિ નાખી ને? એક વિકલ્પ નહિ, હોં! કે આ શું કરે છે? શું કરે છે? દેહની અવસ્થા જે થવાની તે થવાની છે. અમારી અવસ્થા પણ સ્વભાવને અવલંબે શાંતિને વેદે છે એ થવાની છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેને અગ્નિના અંગારા જેવા લોઢાની ખબર પણ નથી, ખબરુંય નથી. એ ખબરું અહીં અંદર પડી છે. શીતળતાની ધારાએ એ શીતળમય ભગવાનઆત્મામાં અંદર ઠરી ગયા છે. સમજાણું કાંઈ? ત્યારે એનું નામ મોક્ષનો માર્ગ (કહેવાય). આ એણે કેવળજ્ઞાન લીધું ત્યાં. ત્રણ જણાએ કેવળ લીધું, બે જણાને વળી જરી વિકલ્પ રહી ગયો. 'સહદેવ', 'નકુલ'. અરે..! ધર્મરાજા! 'અર્જુન', 'ભિમ' અમારા મોટા ભાઈ એને આવું હશે? શું હશે? વિકલ્પ રહી ગયો (તો) પુણ્ય બંધાઈ ગયું (અને) સ્વર્ગમાં ગયા. સર્વાર્થસિદ્ધિમાં ગયા. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! તારા શીતળમય પ્રભુ સ્વભાવને જોને, ભાઈ! એમાં નજર કર તો તારી પર્યાય ને આખું તત્ત્વ જોવામાં સ્વયં પ્રત્યક્ષ... પ્રત્યક્ષ... પ્રત્યક્ષ... સાક્ષાત્ કોઈના અવલંબન વિના દેખે છે. **'કેવા નેત્ર વડે દેખે છે?'** કઈ આંખોથી દેખે છે અંદર? **'नैकान्तसङ्गतदृशा' 'સ્યાદ્વાદ સાથે મળેલા લોચન વડે.'** અનેકાન્ત એટલે દ્રવ્યપણે છે, પર્યાયપણે પણ છે, નિત્ય છે, અનિત્ય છે, સ્વપણે છે અને પરપણે નથી એવા અનેકાન્ત લોચનથી પોતાને અંતરમાં દેખે છે. આહાહા..! લ્યો! એ અનેકાન્તની પૂર્ણાહૂતી ત્યાં થઈ. હવે સાધ્ય-સાધક (અધિકાર). આમ ત્રીજો શ્લોક, આમ 'સાધ્ય-સાધક'નો પહેલો શ્લોક.

**( વસન્તતિલકા )**

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२-२६६।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'ते सिद्धाः भवन्ति' ( ते ) એવા છે જે જીવો તે ( सिद्धाः भवन्ति ) સકળ કર્મકલંકથી રહિત મોક્ષપદને પામે છે. કેવા થઈને 'साधकत्वम् अधिगम्य' શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણરત્નત્રય, તે-રૂપ પરિણમ્યો**

**છે આત્મા, એવા થઈને. વળી કેવા છે તે? 'ये ज्ञानमात्रनिजभावमयीम् भूमिं श्रयन्ति' ( ये ) જે કોઈ ( ज्ञानमात्र ) ચેતના છે સર્વસ્વ જેનું એવો ( निजभाव ) જીવદ્રવ્યનો અનુભવ ( मयीम् ) તે-મય અર્થાત્ જેમાં કોઈ વિકલ્પ નથી એવી ( भूमिं ) મોક્ષના કારણભૂત અવસ્થાને ( श्रयन्ति ) પ્રાપ્ત થાય છે - એકાગ્રપણે તે ભૂમિરૂપ પરિણમે છે. કેવી છે ભૂમિ ? 'अकम्पां' નિર્દ્વન્દ્વરૂપ સુખગર્ભિત છે. કેવા છે તે જીવો ? 'कथमपि अपनीतमोहाः' ( कथम् अपि ) અનંત કાળ ભમતાં કાળલબ્ધિ પામીને ( अपनीत ) મટ્યો છે ( मोहाः ) મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ જેમનો, એવા છે. ભાવાર્થ આમ છે કે આવા જીવો મોક્ષના સાધક થાય છે. 'तु मूढाः अमूम् अनुपलभ्य परिभ्रमन्ति' ( तु ) કહેલા અર્થને દઢ કરે છે - ( मूढाः ) જીવવસ્તુનો અનુભવ જેમને નથી એવા જે કોઈ મિથ્યાદષ્ટિ જીવો છે તે ( अमूम् ) શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ અવસ્થાને ( अनुपलभ्य ) પામ્યા વિના ( परिभ्रमन्ति ) ચતુર્ગતિસંસારમાં ભટકે છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષનો માર્ગ છે, બીજો માર્ગ નથી. ૩-૨૬૬.**

---

**( વસન્તતિલકા )**

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२-२६६।।**

બે સવળી-અવળી વાત. અહીં તો મૂઢાનું નાખ્યું છે, ભાઈ! પેલા કહે સાધક એટલે તેરમે, ચૌદમે. સાધ્ય એટલે સિદ્ધ. આજે લખાણ આવ્યું. ... આ સાધક.. પેલું આવે છે ખરું ને? વ્યવહાર કરીને પછી નિશ્ચયમાં જાય છે. ગદ્યમાં, ગદ્યમાં.. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર .. એ તો એક વિકલ્પની વાત કરી. બારમાં સુધી વ્યવહાર ને તેરમાં સુધી.. તેરમે, ચૌદ સાધક ને સિદ્ધ છે તે સાધ્ય. આ અલૌકિક રહસ્ય તમને કહું છું. એમને સમજાવવા આવતા હતા પણ આવ્યા નહિ. શું થયું? આહા..! અરે..! ભગવાન! એને પણ કોઈ પાછું ના પાડનાર નથી. આ આમાં લખે છે પણ શું તું કહે છે? તેરમું ને ચૌદમું સાધક.

અહીં તો સાધક ચોથે ગુણસ્થાનથી શરૂ છે. સમજાણું કાંઈ? સાધ્ય એ તેરમું ને સિદ્ધ એ સાધ્ય છે. કેવળજ્ઞાન આત્માની દશા તે સાધ્ય છે, મોક્ષ છે અને સાધક ચોથા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાન સુધી અંતરઆત્મા તે સાધકપણે પરિણમે છે. એ શું સાધક ને સાધ્ય એની વ્યાખ્યા કરશે, હોં! આ તો કળશો છે ને!

**'ते सिद्धाः भवन्ति' 'એવા છે જે જીવો તે...' 'ते' 'એટલે એવા છે જે જીવો તે સકળ**

**કર્મકલંકથી રહિત મોક્ષપદને પામે છે.'** **'सिद्धाः भवन्ति'** **'તે કેવા થઈને?'** એમ **'તે सिद्धाः भवन्ति'** તે જીવો આત્માના આનંદની શુદ્ધતાની પૂર્ણ દશાને (પામે છે). કોણ? **'કેવા થઈને?'** કઈ રીતે થઈને? એમ. તે જીવ આત્માની પૂર્ણ આનંદની દશાને પ્રાપ્ત થાય છે, તે પ્રાપ્ત થાય છે. **'કેવા થઈને?'** **'साधकत्वम् अधिगम्य'** લ્યો! **'શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણરત્નત્રય, તે - રૂપ પરિણમ્યો છે આત્મા, એવા થઈને.'** લ્યો! શું કીધું? ભગવાનઆત્મામાં અનંત... અનંત... અનંત... બેહદ ગુણો શુદ્ધ સ્વરૂપનું ધામ ભગવાન (છે). એની પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ શુદ્ધતા અવસ્થામાં પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ નિર્મળતા, પૂર્ણ જ્ઞાન, આનંદની દશા આ એનું નામ સાધ્ય, એનું નામ સિદ્ધ.

એ સિદ્ધ કેવા થઈને થાય? કેવા હોયને થાય? શું કરીને થાય? **'साधकत्वम् अधिगम्य'** એ સાધકપણું અંગીકાર કરીને. એવા મોક્ષની પર્યાયના સાધ્યને કેમ પ્રાપ્ત થાય? કે, સાધકપણું અંગીકાર કરીને. સાધકપણું અંગીકાર કરીને એટલે શું? કે, **'શુદ્ધ જીવના અનુભવગર્ભિત...'** દેખો! ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ, શુદ્ધ સ્વભાવનો અનુભવ. એ અનુભવગર્ભિત એટલે ત્રણે એમાં અનુભવમાં સાથે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ જ્ઞાનાનંદનો અનુભવ, શુદ્ધ જીવનો અનુભવ એમ કીધું ને? શુદ્ધ જીવ પૂર્ણ વસ્તુ ભગવાનઆત્મા એનો અનુભવ એને અનુસરીને નિર્મળ આનંદના અનુભવપણે પરિણમતો એવા **'અનુભવગર્ભિત છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણરત્નત્રય,...'** શું કહ્યું આ? કે, પેલા વ્યવહાર રત્નત્રય શુભ ઉપયોગ ને વિકલ્પ છે એ નહિ એમ સિદ્ધ કરવું છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાનઆત્મા પોતાના મોક્ષરૂપી નિર્મળ શુદ્ધ પર્યાયને તે જીવ પ્રાપ્ત કરે છે, કે જે સાધકપણાને અંગીકાર કરે છે. સાધકપણાને અંગીકાર કરે છે એટલે શું? ભગવાન શુદ્ધ સ્વરૂપનો અનુભવ, શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શુદ્ધ સ્વરૂપની સ્થિરતા. એ ત્રણેયને અનુભવગર્ભિતમાં ત્રણેય રત્ન નાખ્યા. કોઈ એમ રત્નત્રય કહે કે, શુદ્ધ ઉપયોગ ને વિકલ્પપણે ત્રણ રત્ન છે એ સાધકપણે થાય છે એનો નિષેધ કરવા આ વાત સમજાવી છે. સમજાણું કાંઈ? આહાહા..! પેલો કહે, વ્યવહાર સાધક છે ને નિશ્ચય કેવળજ્ઞાન શુદ્ધ ઉપયોગ તે સાધ્ય છે. એ તો વળી સાધન કીધું. આ તો વ્યવહાર સાધન અહીં. નિશ્ચય સાધન કેવળી. ઓહોહો..!

કહે છે, સાધ્યને કેમ પમાય છે? સાધકપણું અંગીકાર કરવાથી. સાધકપણું અંગીકાર કરવાથી એની વ્યાખ્યા શું? કે, ભગવાન નિર્મળાનંદ પ્રભુ, એનો અનુભવ, એ શુદ્ધનો અનુભવ.

**અનુભવ રત્નચિંતામણી અને અનુભવ હૈ રસકૂપ,**
**એ અનુભવ માર્ગ મોક્ષનો અને અનુભવ મોક્ષ સ્વરૂપ.**

આ બેય એમ કહેવા માગે છે અહીં. મોક્ષસ્વરૂપ જે છે પૂર્ણ; અહીં તો મોક્ષમાર્ગને

મોક્ષસ્વરૂપ કહ્યું પણ પૂર્ણ અનુભવ એ મોક્ષ છે. અહીંયાં આત્માના અનુભવની શરૂઆત, આનંદની શરૂઆત, દર્શન, જ્ઞાન, ચારિત્ર ગર્ભિત અંદરમાં રહેલો શુદ્ધ અનુભવ એ મોક્ષની પર્યાયનું સાધકપણું છે. એ ઉપાય છે. વચમાં એ શુભ વિકલ્પો આદિ વ્યવહાર રત્નત્રય આદિ (આવે) એ ઉપાય નથી, એ સાધક નથી. આહાહા..! છતાં વ્યવહાર રત્નત્રય સાધક, નિશ્ચય રત્નત્રય સાધ્ય જે કહેવામાં આવ્યું એ તો એની જોડે આવું નિમિત્ત હોય છે એમ ગણીને જે સાધક નથી તેને સાધક કહેવું એનું નામ વ્યવહારનયનું લક્ષણ છે. સમજાણું કાંઈ? કહે છે, ભગવાનઆત્મા પોતાનો શાંતરસ સ્વભાવ, એનો અનુભવભાવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ શુદ્ધ અનુભવગર્ભિત છે એમાં ત્રણેય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોઈ અનુભવથી જુદી ચીજ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનુભવ કેવો હોય?

ઉત્તર :– આ કીધું ને! અનુભવની વ્યાખ્યા શું કરી છે? શુદ્ધ સ્વરૂપ એને અનુસરીને શાંત, આનંદ, અનાકુળ પરિણતિ, અરાગી પરિણતિએ પરિણમવું એનું નામ શુદ્ધ અનુભવ. એમાં ગર્ભિત પેટામાં પડ્યા છે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. આહાહા..! સમજાણું કાંઈ?

આ અનુભવ વિકારનો. એ વિકારના અનુભવમાં મિથ્યાત્વ, અવ્રત ને પ્રમાદ ને કષાય પડ્યા છે. ત્યાં મિથ્યાત્વ, અજ્ઞાન ને કષાય પડ્યા છે. સમજાય છે કાંઈ? વિકારનો અનુભવ... અહીં શુદ્ધની સામે મગજમાં પ્રશ્ન ઉઠ્યો. અશુદ્ધપણાના વિકારનો અનુભવ 'એ વિકાર તે હું' એવો મિથ્યાત્વ ભાવનો અનુભવ અને એનું જ્ઞાન, એનું જ્ઞેય કરીને જ્ઞાન-અજ્ઞાનનો અનુભવ અને એમાં ઠરવું એ રાગ-દ્વેષનો અનુભવ. એ સંસારના સાધ્યનું સાધકપણું છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? 'વજુભાઈ'! આત્મા હોય એને સમજાય એવી વાત છે. આહાહા..!

સંસાર ક્યાં છે, કેમ છે એનીયે ખબર નથી. સમજાણું કાંઈ? સંસાર એટલે ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા એમાંથી 'સંસરણં ઇતિ સંસાર'--એમાંથી ખસીને વિકારમાં ટકવું એનું નામ સંસાર. સંસાર આવે છે ને? 'પ્રવચનસાર'માં છે ને? સંસાર એટલે સંસરણની ક્રિયા... 'પ્રવચનસાર'માં (એવો) પાઠ આવે છે. સમજાણું કાંઈ? સંસાર એટલે? સંસાર કોઈ કર્મમાં નથી રહેતો, સંસાર બાયડી, છોકરામાં નથી રહેતો, જીવનો સંસાર ક્યાંય બહારમાં રહેતો નથી. ભગવાન અનંત ગુણનો પિંડ ચૈતન્યધામ ભગવાન એમાંથી ખસીને એ પુણ્ય-પાપ ને વિકારમાં એકત્વ થઈને રહેવું એનું નામ સંસાર કહેવામાં આવે છે. એ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષની એકતા એનું નામ સંસાર. એ સંસારનો અનુભવ છે. આ સંસારના ડાહ્યાની આ વાત નથી, હોં! આ સંસારનો બહુ ડાહ્યો છે. આ કહેવાય બધા, આ 'ફુલચંદભાઈ'ને આ બધા કહેવાયને? હોંશિયાર માણસ કહેવાયને બધા. 'કાંતિભાઈ'ને લગાવો, ભાઈ! કાંઈક હશે તો ખરું ને? આ તો કોઈ પણ ક્યાંય આ તો દાખલાની વાત છે. સંસારના ડાહ્યા નહોતા કહેવાતા?

આ તો વાત છે કે, ભાઈ! સંસાર એટલે શું? સંસાર ક્યાં રહે છે? સંસાર એટલે આત્મામાં અનંત ગુણના ધામથી જેણે નજરને ખસેડી છે. અનંત ગુણના ધામના હોવાપણાની નજર જેણે ખસેડી છે અને જેણે પુણ્ય ને પાપના વિકલ્પમાં એકત્વ છું, એવડો છું એવી દૃષ્ટિ ત્યાં સ્થાપી છે. ખરેખર તો મિથ્યાત્વ તે સંસાર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ એટલે આ, કે પુણ્ય-પાપના વિભાવ પરિણમનનું તત્ત્વ તે હું છું. એની એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ ને તે સંસાર. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ છે એમ અંદરમાં સ્વભાવની પર્યાયથી અંતરમાં એકત્વ થવું એનું નામ સમ્યગ્દર્શન ને એનું નામ મોક્ષ. એક ન્યાયે એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સંસાર વધારે જોરદાર હશે?

ઉત્તર :– ધૂળમાંય નથી. જોરદાર પોતે કરે છે. પરમાં હતું કે દિ'? પણ એ તો ના પાડી નહિ? સંસાર પરમાં નથી. મોક્ષસ્વરૂપ એવો ભગવાનઆત્મા મોક્ષસ્વરૂપ જ છે. અત્યારે હોં! આ પર્યાયના મોક્ષની વાત ચાલે છે. આ ધ્રુવ આત્મા તો મોક્ષ સ્વરૂપ છે. કારણ કે, મુક્ત છે ને? રાગ-દ્વેષ કર્મથી મુક્ત સ્વરૂપ તે આત્મા છે. સમજાણું કાંઈ?

આ આત્મા એટલે કે, આત્મા એટલે કે જડ, કર્મ, શરીર અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવું તત્ત્વ તેને આત્મા કહીએ. એ આત્મા તો વિકાર ને કર્મથી રહિત છે એટલે મુક્ત સ્વરૂપ જ છે. આહાહા..! એ મુક્ત સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા કરવી એનું નામ પૂર્ણ મુક્તની પર્યાયનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ છન્નું, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યા ચક્રવર્તીઓ. જેની નજરું નોંધાય ગઈ છે દ્રવ્યમાં. સમજાય છે કાંઈ? એ આમ દેખાય. જાણે આમ છન્નું હજાર સ્ત્રી ને પલંગો ને આમ પુણ્યના વૈભવો.. પણ જેની નજરું નજરબંધી પડી છે દ્રવ્ય ઉપર. આહાહા..! એ સમજાણું આમાં? એ નજર બાંધી છે દ્રવ્ય ઉપર. એને કોઈ લલચાવવા તાકાત ત્રણકાળમાં છે નહિ. એ ભોગના કાળે રાગમાં પણ લલચાઈને પ્રેમ છે (એમ) જ્ઞાનીને છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અજ્ઞાની જંગલમાં એકલો બેઠો હોય. આખા ચિદાનંદ નિધાનનો અનાદર કરી અને ફક્ત વિકલ્પના, પુણ્યના ભાવનો જ આદર કરીને એકત્વે પડ્યો છે એણે નજરું બાંધી છે મિથ્યાત્વમાં. હવે તારા રાગની મંદતા ગમે એટલી ક્રિયા કર, લે! એ બધા અજ્ઞાન. અજ્ઞાનરૂપી પાડો તારી ક્રિયા ખાઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે **'साधकत्वम् अधिगम्य'**ની વ્યાખ્યા તો જુઓ! **'ते सिद्धाः'**, **'ते सिद्धाः भवन्ति'** એ જીવો સિદ્ધ સ્વરૂપે શક્તિરૂપે છે એ પર્યાયરૂપે સિદ્ધ થશે. સમજાણું કાંઈ? પર્યાયમાં **'साधकत्वम् अधिगम्य'** જેણે ભગવાન શુદ્ધ ચૈતન્યને દૃષ્ટિ-જ્ઞાનમાં લીધો છે અને શુદ્ધ સ્વભાવનો જેણે અનુસરીને અનુભવ કર્યો છે. સંસાર તો અહીંથી ખસીને વિકારનો અનુભવ

હતો, આ સ્વભાવનો અનુભવ કર્યો. હું જ્ઞાનસ્વરૂપ છું અતીન્દ્રિય આનંદનો કૂંપો, અતીન્દ્રિય આનંદનો કૂંપો છું. એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન (થયા), એવા અનુભવગર્ભિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણમ્યા છે. જુઓ! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કારણરત્નત્રય, કારણ છે ને? શેના? મોક્ષના. **'અનુભવગર્ભિત છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણરત્નત્રય, તે-રૂપ પરિણમ્યો છે આત્મા,...'** જોયું? એના રૂપે થયો છે આત્મા જેનો, પરિણમ્યો છે આત્મા જેનો. જેની દશામાં અનુભવગર્ભિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયમાં પરિણમ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..! મોટા ભણી ભણીને... અરે..! ભગવાન! પણ આ તો જો તું અહીં. મહા સાગર...

મુમુક્ષુ :– શુભમાંથી નવરો કે દિ' થાય છે.

ઉત્તર :– શુભમાં તો હજી ક્ષાયિકસમકિત માને છે. શુભથી તો દસમાં ગુણસ્થાન સુધી શુભ જાય. અરે..! ભગવાન! શું તું કહે છો? આહા..! તારા સંયમ ને એ બધા નિર્જરાના કારણ છે. અરે..! ભગવાન! ભાઈ! તને રાગને હેય માનવો કઠણ પડે છે. એ ભગવાન વીતરાગ સ્વભાવે ઉપાદેય કેમ માની શકીશ? સમજાણું કાંઈ? આ તો પહેલી નજરુંના નિશાન છે અહીં. સમજાણું કાંઈ? નજરુંના નિશાનમાં વીતરાગભાવ વર્તે છે. નજરુંના નિશાનમાં રાગ ન હોય જ્ઞાનીને, હોં! આહાહા..! સમજાણું કાંઈ? આહા..! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! વીતરાગ માર્ગ છે, હોં! આહાહા..! એ..ઇ..! તમારા ડોહા કેમ નથી આવતા? શું થયું?

મુમુક્ષુ :– વાગ્યું છે.

ઉત્તર :– વાગ્યું છે, કાલે કહેતા હતા. મને યાદેય ન રહ્યું, આજે યાદ આવ્યું. ઓલી બાયને લઈને યાદ આવ્યું. રામ! ભાઈ! આ કષાયની મંદતા કેવી રબારી, રબારી કે ભરવાડ? ભરવાડ. ભરવાડ બાઈ. જોમા નામની. એનો દીકરો હતો ગયો હતો ઢોર ચરાવવા. દુકાળ પડ્યો હતો. એકલો ગયો હશે ત્યાં સર્પ કરડ્યો ને મરી ગયો. આને કાંઈ ખબર આપતા વાર લાગે. ન્યાં એક માણસ એની જોડે નીકળ્યો હતો, બા! તમને ખબર આવી છે કે નહિ? તમારો દીકરો મરી ગયો. 'રામ' ભાઈ! ઈશ્વરની લીલા છે. ઠીક! એ કષાયની મંદતાની પણ કેટલી અંદર ઠરી ગયેલી લાગે! મિથ્યાભ્રાન્તિ સહિત. 'રામ' ભાઈ! પણ હજી સ્નાનનું આવ્યું નથી, કાગળ પોગ્યો નથી.. ત્યાં તમને હેં! અર..ર..ર..! કાંઈ ? 'રામ' ભાઈ! 'જમુભાઈ'! આ વાણિયાને જ્યાં એક મરે (તો) અરે..રે..! આ મરી ગયો. શું છે પણ? એકનો એક દીકરો એમ કાંઈક હતું. વાત સાંભળી હતી. 'હરજીવન માસ્તર' પાસેથી સાંભળી હતી. કોઈ ઢોર ચારવા ગયો ને મરી ગયો. સમાચાર ન મળે. પેલો કહે, બા! તમને ખબર પડી છે કે નહિ? ભાઈ! તમારો (દીકરો) ત્યાં ગુજરી ગયો. 'રામ' ભાઈ! રોવું નહિ ને કકળાટ નહિ. જે થવાનું હોય તે થાય છે ને. ભગવાનની લીલા છે. ઓહો..!

એમ અહીં ધર્મીને તો કહે છે કે, ગમે તેવી પ્રતિકૂળતા હોય તો આત્મરામ જેને યાદ

આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનુકૂળતામાંય આત્મરામ ને પ્રતિકૂળતામાંય આત્મરામ. એ અનુકૂળ ને પ્રતિકૂળતામાં હું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! એક આ ગૃહસ્થ પણ આવા અર્થ ભરે છે. તે આચાર્યના હૃદય છે એવા. આ 'રાજમલ'. સમજાણું? પણ એ તો સમ્યક્ છે. એ તો ગમે તે રીતે કેવળી જાણે એને દર્શનમાં યથાર્થમાં કાંઈ ફેર નથી. સ્થિરતામાં ફેર છે, ચારિત્રમાં ફેર છે, એ વાત જુદી છે. સમજાય છે કાંઈ? એનો જ આધાર લઈને ભાઈ! આ 'બનારસીદાસે' નાખ્યું. સાધકપણું એને લઈને, ચોથે સાધક કીધું. ચોથે થી બારમાં સુધી શ્લોક આમાંથી મુક્યો. એ બધાય ખોટા? આ પણ બધા નીકળ્યા 'પન્નાલાલ'ને 'અજીતકુમાર' ને.. 'અજીતકુમારે' પણ નાખ્યું છે. શુભનું નાખ્યું છે ને? આમ થાય ને તેમ થાય ને.. બાપુ! કાંઈ વાંધો નહિ, ભાઈ! આહાહા..! ભાઈ! તને ચૈતન્યના ઘરની કેટલી કિંમત છે એ નથી આવડતી, બાપા! એ શુભરાગની કિંમત કરવા જાઈશ તો એ રત્ન નીકળશે, હીરા ખોટા. એ ખોટા નીકળશે એ કામ નહિ આવે. આહાહા..! હીરા નીકળશે ખોટા. શું કહેવાય છે આ? 'સુરત' ના કાંઈક કહે છે ને? ઇમિટેશન. નકલી નકલી નીકળશે. હીરા નીકળશે શું, છે.

ભગવાન ચૈતન્ય જુઓ! અહીં વળી કોની સામે આવ્યું? અહીં સામે રત્ન આવ્યું ને? જુઓ! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એની અંતરમાં અનુભવની દૃષ્ટિ, અનુભવમાં જ્ઞાન, અનુભવમાં સ્થિરતા, અનુભવગર્ભિત પેટામાં ત્રણ પડ્યા છે એવો કારણરત્નત્રય. આ કારણરત્નત્રય. એ મોક્ષની પર્યાયને આ મૂડીએ લેવાય, આવા રત્નથી એ લેવાય. બાકી કાળા કોલસાથી નિલમણિ મળતા હશે? પુણ્યના પરિણામથી મોક્ષ-રત્ન મળતું હશે? આહાહા..! આ સાચું રત્ન લ્યોને, લૌકિકનું. કોથળા ભરીને કોલસા લઈને જાય અને કહે કે, એક રત્ન આપો. તો મળતું હશે?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ તો ઠગારા બે કરીને પાછા બે હજાર લઈ જાય. કરે શું ધૂળ ન્યાં? એક બે કરીને ... પછી કહે દસ હજાર લાવો, પચાસ હજાર કરી દઉં. જાઓ, ગુમ. શું કરે?

અહીં તો કહે છે કે, બાપુ! ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચિદાનંદ સ્વભાવ, એનો અનુભવ. જોયું ને? ભાષા અહીંયાં છે. શુદ્ધ જીવનો અનુભવ. પેલો અશુદ્ધનો અનુભવ તો અનાદિ મિથ્યાત્વ છે. શુભરાગનો અનુભવ પણ એ અનાદિનો છે, એમાં નવું શું તે કર્યું? સમજાણું કાંઈ? આહા..! અરે..! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર એના ફરમાન શું છે એનીયે ખબર ન મળે અને અમે વીતરાગના દાસ છીએ અને વીતરાગને માનનારા છીએ. બાપુ! ક્યાંથી લાવ્યો? ભાઈ! અમે વીતરાગધર્મના રક્ષક છીએ, રખોપીયા છીએ. આહા..! રાક્ષસના રક્ષક (છે).

કહે છે, '**તે - રૂપ પરિણમ્યો છે આત્મા,...**' જોયું? પર્યાય તન્મય થઈ ગઈ છે આત્મામાં. એમ. ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ તેનો અનુભવ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ગર્ભિત

એવો જે અનુભવ એ રૂપે થયો છે, પરિણમ્યો છે આત્મા. એ સાધકપણે થયો છે. સમજાય છે? **'વળી કેવા છે તે?'** એ હવે કહેશે. એ શું છે સ્વરૂપ એની વ્યાખ્યા આવશે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૮, શુક્રવાર તા.૩૧.૧૨.૧૯૬૫**
**કળશ - ૨૬૬-૨૬૭ પ્રવચન - ૨૮૬**

આ 'સાધ્ય-સાધક અધિકાર' છે, 'સમયસાર-કળશ'નો ત્રીજો કળશ. આમાં સળંગરૂપ તરીકે ગણ્યો છે, આમ 'સાધ્ય-સાધક'નો પહેલો છે. **'ते सिद्धाः भवन्ति'** ફરીને, જુઓ! **'એવા છે જે જીવો તે સકળ કર્મકલંકથી રહિત મોક્ષપદને પામે છે.'** તે જીવો મોક્ષપદને પ્રાપ્ત થાય છે એટલી વ્યાખ્યા પહેલી કરી. કેમ? એ પછી કહેશે. કેવું થઈને મોક્ષને પ્રાપ્ત કરે છે? **'साधकत्वम् अधिगम्य' 'શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણરત્નત્રય, તે-રૂપ પરિણમ્યો છે આત્મા, એવા થઈને.'** કાલે અહીં સુધી આવ્યું હતું. શું કહે છે? આ આત્માની પૂર્ણ મોક્ષ દશા એ સિદ્ધ દશા. પૂર્ણ આત્માની દશા પરમાનંદ અને જ્ઞાનનું પૂર્ણ શુદ્ધ થવું. જ્ઞાનનું પૂર્ણ શુદ્ધ થવું, એકરૂપ થવું, આનંદનું એકરૂપ થવું, પૂર્ણ વીર્યની પૂર્ણતા થવી એવી શુદ્ધની પૂર્ણતા થવી એનું નામ મોક્ષ, એનું નામ સર્વ કર્મ કલંક રહિત દશા. કલંક રહિત દશા અને નિષ્કલંક પૂર્ણ દશાની પ્રાપ્તિ. સમજાય છે કાંઈ? એનું નામ સાધ્ય–સિદ્ધ દશા. સાધ્ય સાધવા યોગ્ય સિદ્ધ દશા, મોક્ષ દશા. કેમ પમાય?

**'साधकत्वम् अधिगम्य' 'શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે...'** શુદ્ધ જીવ જ્ઞાન સ્વરૂપ છે. એનો જ્ઞાનનો અનુભવ. એ જ્ઞાન સ્વરૂપનો અનુભવ. એમાં ભેગું રહેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. જ્ઞાન સ્વરૂપ આત્મા એનું જ્ઞાનરૂપ, શ્રદ્ધારૂપ જ્ઞાનનું પરિણમન તે સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? અહીં રાગની વાત નથી. રાગ તો બંધનું કારણ (છે), એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. જ્ઞાન સ્વરૂપ જે સર્વજ્ઞ શક્તિ સ્વરૂપ આત્મા એવા સર્વજ્ઞ સ્વભાવી આત્માનું જ્ઞાનરૂપે, શ્રદ્ધામાં જ્ઞાનરૂપે પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

શુદ્ધ જ્ઞાનમૂર્તિ આત્મા છે. એ પુણ્ય-પાપના વિકલ્પ ને શરીર, કર્મથી રહિત તત્ત્વ છે. એવા તત્ત્વનું જ્ઞાનરૂપ સત્ત્વ જે આત્મા છે એનું જ્ઞાનરૂપ સમ્યગ્દર્શન. એવા શુદ્ધ જ્ઞાનનું નિર્વિકલ્પરૂપે પરિણમવું જ્ઞાનનું, એનું નામ અનુભવગર્ભિતમાં સમ્યગ્દર્શન દશા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અહીં અનુભવગર્ભિત કીધું. અનુભવમાં હોય છે એમ કીધું. પેલામાં અનુભવ વિના હોય નહિ એમ કીધું.

બીજી ભાષાએ કહીએ તો એ જ્ઞાન સ્વરૂપ આત્મા વસ્તુ જ્ઞાન ચિદ્‌ઘન છે. એમાં

અનુભવ એટલે એનો જ્ઞાનનો અનુભવ. એ જ્ઞાનનો અનુભવ એટલે કે જ્ઞાનની સમ્યક્ પ્રતીતિ એ જ્ઞાનનું સમ્યગ્જ્ઞાન, એ જ્ઞાનનું સ્વરૂપ રમણ–એ ત્રણેય જ્ઞાનની દશા છે, એ અનુભવની ત્રણ દશા છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

શરીર, કર્મ ને એ તો ભિન્ન રહી ગયા, રહ્યો અંદર પુણ્યનો વિકલ્પ રાગ, એ પણ ભિન્ન તત્ત્વ, આસ્રવ તત્ત્વમાં ગયું. રહ્યું ચૈતન્ય તત્ત્વ જ્ઞાયકમૂર્તિ શુદ્ધ. એ શુદ્ધ સ્વભાવનો અંતરમાં સ્વભાવનો અનુભવ, સ્વભાવ સન્મુખનો સ્વભાવનો અનુભવ. એનો અર્થ કે, જ્ઞાનનો અનુભવ, એનો અર્થ કે, જ્ઞાનનું સમ્યગ્દર્શનરૂપ પરિણમન, જ્ઞાન સ્વરૂપનું સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમન, જ્ઞાન સ્વરૂપનું સ્વરૂપ આચરણરૂપ જ્ઞાનનું સ્થિરતારૂપ પરિણમન. એ અનુભવગર્ભિતમાં ત્રણ દશા આવે છે. સમજાણું કાંઈ?

**'साधकत्वम् अधिगम्य' 'શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે...'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એને અંતર્મુખની શક્તિના વિકાસ, જે શક્તિનો વિકાસ અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(નો) થયો એ શુદ્ધ જીવનો અનુભવગર્ભિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું. રાગનું પ્રગટ થવું એ તો વિકાર ને બંધમાં જાય છે, એ કાંઈ માર્ગમાં છે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– કર્મનું શું કેવી રીતે?

ઉત્તર :– ઇ અહીં વાતેય ક્યાં છે કર્મ, ફર્મની? કર્મ હતા જ કે દિ'? એમાં તો પહેલી વાર ના પાડી. એમાં કર્મ નથી, એમાં વિકાર પુણ્ય-પાપનો વિકલ્પ વસ્તુમાં નથી. શું કીધું? આત્મા કહીએ એમાં પુણ્ય-પાપના વિકલ્પ રાગ નથી, એમાં કર્મ ને શરીર નથી. એ તો વસ્તુ પૂર્ણ જ્ઞાનઘન સત્ત્વ છે. એ સત્વની શક્તિનું સમ્યગ્દર્શનરૂપ જ્ઞાન સ્વરૂપ છે એટલે સમ્યગ્દર્શનનું જ્ઞાનરૂપે પરિણમન (થવું), જ્ઞાનસ્વરૂપનું સમ્યગ્જ્ઞાનરૂપે સ્થિરતાનું પરિણમન એ અનુભવગર્ભિતમાં ત્રણેય નિર્વિકલ્પ દશા આવે છે. આહાહા..! અહીંથી મોક્ષમાર્ગ શરૂ થાય છે. સમજાણું કાંઈ? એ સંવર-નિર્જરા શરૂ થઈ. મોક્ષ તે સાધ્ય છે અને આ એનો ઉપાય નામ સાધન છે. તેથી કહ્યું ને? **'साधकत्वम्'** એમ કીધું ને? સાધકપણું **'अधिगम्य'** પ્રાપ્ત કરીને પરિણમ્યો છે આત્મા, એમ. **'साधकत्वम् अधिगम्य'** પણે પરિણમ્યો છે આત્મા. સમજાણું કાંઈ? શું કીધું?

**'साधकत्वम् अधिगम्य'** સાધકપણે પરિણમ્યો છે આત્મા. ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય એકલું તત્ત્વ. એને સાધકપણું પરિણમ્યું છે. એ દ્રવ્ય પોતે, સ્વદ્રવ્ય પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રના અનુભવગર્ભિતના પરિણમનપણે પરિણમવું, એ આત્મા પોતે સાધકપણે પરિણમ્યો છે. અહીં તો આમાં નથી ને? પહેલામાં લીધુ હતું ને? કે, આત્મા જ્ઞાન સ્વરૂપ છે એ એક જ્ઞાનના બે ભાગ શી રીતે? ઉપાય અને ઉપેય એકના બે (ભાગ) શી રીતે? એમાંથી આ સાધ્ય-સાધક ઉપાડ્યું છે. સમજાણું કાંઈ? એક ભગવાનઆત્મા એકલો શરીર, વાણી, કર્મ રહિત ને પુણ્ય-પાપના રાગ રહિત એવું જ્ઞાનનું ચૈતન્યમૂર્તિ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ

(છે). ઇ એક રૂપના બે પ્રકાર શા? કે, એક ઉપાયપણે થાય ને એક ઉપેયપણે પરિણમે. ઉપેય સમજાણું? ઉપેય એટલે શું? ઠીક છે, એ સાધ્ય કીધું ઠીક છે.

ઉપેય નામ પૂર્ણ દશાની પ્રાપ્તિ. સાધ્ય એટલે પૂર્ણ દશાની પ્રાપ્તિ. અને સાધકપણું એટલે એ જ જ્ઞાન સ્વરૂપે ભગવાન આનંદ સ્વરૂપે આત્મા, એનું સાધકપણે, અપૂર્ણપણે શુદ્ધતાનું પરિણમવું એનું નામ અહીંયાં મોક્ષનો માર્ગ ને ઉપાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'તે-રૂપ પરિણમ્યો છે આત્મા, એવા થઈને.'** લ્યો! સાધકપણું અંગીકાર કર્યું છે. અંગીકાર કર્યું એટલે પરિણમ્યો છે, એમ. સમજાણું આમાં? પોતે આખી ચીજ જ્ઞાનની મૂર્તિ, આનંદની મૂર્તિ, અનાકુળ શાંતરસનું સ્વરૂપ (છે). એ પોતે જ અંતર્મુખ દૃષ્ટિ કરીને પોતે **'अधिगम्य'** આત્મા પોતે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમન થાય તે આત્મા જ પોતે સાધકપણે પરિણમ્યો, અંગીકાર કર્યો છે. એનો અર્થ થયો કે, પુણ્યનો ભાવ જે વ્યવહાર રત્નત્રય તે આસ્રવ છે. સમજાય છે? એ સાધકપણે એમાં સાધકપણું છે નહિ. પણ ત્યાં કહ્યું છે એ નિમિત્તને ગણીને કહ્યું છે. 'પંચાસ્તિકાય'માં કહ્યું ને? સાધક ને સાધ્ય ને આમ બધી વાત કહી. એ બધું ભિન્ન સાધ્યનો અર્થ પેલો વિકલ્પ ઉઠ્યો છે એની ભૂમિકા યોગ્યનો ગણીને નિમિત્ત કહેવામાં આવ્યું છે. આ વસ્તુ તો આ જ છે. સમજાણું કાંઈ?

**'વળી કેવા છે તે?'** એટલે કોણ તે? ત્રણ. દર્શન-જ્ઞાન ને ચારિત્ર. **'ये ज्ञानमात्रनिजभावमयीम् भूमिं श्रयन्ति'** **'એ જે કોઈ ચેતના છે સર્વસ્વ જેનું...'** જુઓ! શું કીધું? જે આત્મા અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ અરાગી પર્યાય, જેને અહીંયાં શુદ્ધ અનુભવગર્ભિત કહ્યા છે એ શું ચીજ છે? કે, **'એ ચેતના સર્વસ્વ જેનું છે એવો જીવદ્રવ્યનો અનુભવ તે-મય અર્થાત્ જેમાં કોઈ વિકલ્પ નથી...'** એટલે? એ ચૈતન્ય સ્વરૂપ જે શુદ્ધ (છે) એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિનું પરિણમવું **'એ ચેતના સર્વસ્વ જેનું છે...'** એમાં ચેતનાનો જ બધો પર્યાય છે, રાગનો કે વિકલ્પનો કંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'ચેતના સર્વસ્વ જેનું એવો જીવદ્રવ્ય...'** એમ. શું કીધું? કેવો છે મોક્ષમાર્ગ? અનુભવગર્ભિત સમ્યગ્દર્શન-જ્ઞાન (કેવા છે)? **'ચેતના છે સર્વસ્વ જેનું એવો જીવદ્રવ્ય...'** એમ. જીવદ્રવ્ય શું છે? કે જેમાં સર્વસ્વ ચેતના જ છે. એનો અનુભવ, એ ચેતનાનો અનુભવ એમ કહેવું છે. ચેતનાનો અનુભવ એટલે જ્ઞાનનો અનુભવ એનું જ્ઞાનનું સમકિત, જ્ઞાનનું જ્ઞાન ને જ્ઞાનની સ્થિરતા. કહો, સમજાય છે આમાં કાંઈ? પુસ્તક-બુસ્તક લઈ ગયા છે કે નહિ 'મોરબી'? 'કાન્તિભાઈ'! હા પાડવામાં પણ મુશ્કેલ પડે. શું કરે? વાંચ્યું ન હોય તો પડ્યું હોય ન્યાં. ક્યાં ગયા 'ફુલચંદભાઈ' ગયા? કહો, સમજાણું આમાં?

શું કીધું? વ્યાખ્યા કરી **'ये ज्ञानमात्रनिजभावमयीम् भूमिं श्रयन्ति'** કહે છે કે, ભાઈ! આ મોક્ષમાર્ગ કહ્યો એ શું છે? કે, ચેતના જેનું સર્વસ્વ એવો ભગવાનઆત્મા. એનું જ આ પરિણમન (થયું) એમાં એ ચેતના જ એકલી આવી, એમ. સમજાણું કાંઈ? એકલું સર્વસ્વ

ચેતના– જાણવું-દેખવું સ્વરૂપ ભગવાન જીવદ્રવ્ય. એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં એ ચેતનાનો જ અંશ પરિણમ્યો છે. શુદ્ધ શક્તિરૂપે જે ચેતના છે શક્તિરૂપે, એવું જે જીવદ્રવ્ય એ જ વર્તમાન અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અનુભવગર્ભિત ચેતનાની જ પર્યાયરૂપે પરિણમ્યું છે. સમજાય છે કાંઈ?

આ તો વાત એવી છે ને વાસ્તવિક તત્ત્વની સત્ય વાત છે. એકલો ચેતના જેનું સર્વસ્વ છે. એમાં ક્યાંય વિકલ્પ કે આસ્રવ કે કર્મ-ફર્મ છે નહિ. આખું ચેતના સર્વસ્વ, સ્વ આખું ચેતન સ્વરૂપ. એ ભગવાન ચેતન સ્વરૂપ એવો જીવદ્રવ્ય, એનો જે અનુભવ એટલે ચેતનાનો અનુભવ, એ ચેતનાનો જ અનુભવની ચેતનાની જ પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમી છે. સમજાણું કાંઈ? શક્તિનું આખું સત્ત્વ જે છે, ચેતના સર્વસ્વ જે જીવદ્રવ્ય છે એ શક્તિરૂપ છે. એની અંદર શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરી વ્યક્તરૂપ ચેતનાનો અંશ નિર્મળપણે પરિણમ્યો. એટલે એનો જે ચેતન સર્વસ્વ એનો જે અનુભવ એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? 'રજનીભાઈ'! પુસ્તક લીધું છે ને? ક્યાં ગયા? 'મૂળજીભાઈ' ગયા? કહો, સમજાણું આમાં? ભારે વાત, ભાઈ!

કહે છે **'કોઈ વિકલ્પ નથી...'** દેખો! **'એવી...'** **'ભૂમિં'** **'મોક્ષના કારણભૂત અવસ્થાને પ્રાપ્ત થાય છે...'** આશ્રયનો અર્થ પ્રાપ્ત થાય છે. **'એકાગ્રપણે તે ભૂમિરૂપ પરિણમે છે.'** બહુ વ્યાખ્યા સ્પષ્ટ, ઘણી સ્પષ્ટ. સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાનમાત્ર જે નિજભાવ, જ્ઞાનમાત્ર જે નિજ ભાવ એનો અનુભવ, ભાવનો અનુભવરૂપ, એમ. મય કીધી ને? મય એટલે અભેદ કીધી. રૂપે એટલે કોઈ વિકલ્પ નહિ, એમ. એમાં વિકલ્પ પુણ્યનો, વ્યવહાર શ્રદ્ધાનો કે વ્યવહાર જ્ઞાનનો કે વ્યવહાર ચારિત્રનો વિકલ્પ નહિ. એવો એકલો નિજ ભાવ ચૈતન્ય સ્વરૂપ ભગવાન પોતે જ એમાં એકાકાર થઈને ચૈતન્યમયપણે પરિણમ્યો તે મોક્ષનું કારણ. સમજાણું કાંઈ? આ મોક્ષનો માર્ગ. આહાહા..!

પેલા રાડેરાડ નાખે છે. અરે..! પુણ્યથી મોક્ષ ઠેઠ સુધી દસમા ગુણસ્થાન સુધી થાય. અરે..! ભગવાન! શું કરે છે? બાપા! કેવળજ્ઞાનની ભૂલ મોટી, હવે અહીંથી આ ભૂલ મોટી. ક્યાંય મેળ ખાતો નથી. અને પછી દયા કરે છે, હોં! એ..ઇ..! તમે આ સમજો, હવે સમજો. એ ભૂલ કાઢી નાખો, એટલી કાઢી નાખો. આહાહા..! બાપુ! ખોટા-સાચા... આ વસ્તુ આમ છે એમાં પછી પ્રશ્ન શું છે? વસ્તુ જ આવી છે.

ચૈતન્ય પદાર્થ છે એ ચેતનાભાવ સ્વરૂપ વસ્તુ (છે). હવે એમાં પુણ્ય, પાપ, શરીર, કર્મ કયાંય આવ્યું નહિ. હવે એવી ચૈતન્યમય વસ્તુ એની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ એટલે ચારિત્ર એ અનુભવગર્ભિત ચેતનાની નિર્મળ શુદ્ધ પર્યાય છે. એ ચેતનાના દ્રવ્ય સ્વભાવની શુદ્ધ પર્યાય પરિણતિ છે. 'છોટાભાઈ'! છે એમાં? જુઓ! એમાં છે? આહાહા..! પાછી ભાષા કેવી રીતે કરી? કે, જીવદ્રવ્યનો અનુભવરૂપ **'કોઈ વિકલ્પ નથી...'** એમ. એમાં કોઈ વિકલ્પનો

અંશ, રાગનો અંશ નથી, જેમાં રાગના અંશનો ભેળસેળ નથી. એવો ભગવાનઆત્મા અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતામાં ચૈતન્યની શક્તિની વ્યક્તતાના અંશપણે પરિણમવું એનું નામ મોક્ષ. પૂર્ણ શક્તિની વ્યકતતા થવી એનું નામ મોક્ષ. આ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ?

આ પૈસા કામ ન આવે, શરીર કામ ન આવે. આમાં કહે છે કે, પુણ્યનો વિકલ્પ પણ કામ ન આવે એમ કહે છે અહીં તો. દયા-દાનનો વિકલ્પ કામ ન આવે. પેલા કહે, દયા-દાનથી મોક્ષ થાય. અરે..! ભગવાન! ભાઈ! ઇ પોતે મોક્ષ સ્વરૂપ છે એની વ્યક્તતાનું નામ મોક્ષ પર્યાય. એ મોક્ષ સ્વરૂપ જે શક્તિ ચૈતન્ય સર્વ છે એની જ એકાગ્રતા એટલે ચૈતન્યની એકાગ્રતા એ ચૈતન્યનો નિર્મળ પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! બીજો માર્ગ નથી. કેવી રીતે અંદરથી નીકળે? આહાહા..! આ સિદ્ધ, સિદ્ધ થવાની પાર્લામેન્ટના ઉપાયની વાત છે. આ બધા રાજાઓ મરીને નરકમાં પાર્લામેન્ટ ભરાય છે ને? એ એકલી દુ:ખની વેદનાની પાર્લામેન્ટ. આ એકલી આનંદની લહેરની પાર્લામેન્ટ–સિદ્ધ દશા! આહાહા..!

ભાઈ! તું અનાકુળ આનંદ સ્વરૂપ છો ને! અહીં ચેતનાની વાત કરી છે પણ ચેતના સર્વસ્વ એટલે ચેતના સર્વસ્વમાં દુ:ખ ન હોઈ શકે. એમાં તો આનંદ જ હોય. સર્વસ્વ ચેતના એમાં દુ:ખ કેવું? (શું) કીધું સમજાણું? ભગવાનઆત્મા ચેતના સર્વસ્વ જેનું છે. એટલે કે જેમાં સર્વસ્વ આનંદ છે, જેમાં સર્વસ્વ શાંતરસ, ચારિત્રનો શાંતરસ પૂર્ણ પડ્યો છે. જેમાં શુદ્ધ એકલી શ્રદ્ધાનું સ્વરૂપ પડયું છે. ત્રિકાળ હોં! શુદ્ધ જ્ઞાન છે, શુદ્ધ શાંતરસ છે, શુદ્ધ આનંદ છે એવું સર્વસ્વ જીવદ્રવ્ય એને અંતરમાં એકાગ્ર દ્વારા એ ચેતનાની જ પરિણતિને વહન કરવી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિરૂપે ઇ એક જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઇ ભૂમિ છે. **'મોક્ષના કારણભૂત અવસ્થા...'** ઠીક! એ મોક્ષની કારણરૂપ અવસ્થા છે, એ ભૂમિ છે. એ મોક્ષમાર્ગને અહીંયાં ભૂમિ કીધી છે. સમજાય છે? એને **'પ્રાપ્ત થાય છે–એકાગ્રપણે...'** જુઓ! શું કહે છે? વસ્તુ જે ચેતના ભગવાનઆત્મા, એમાં એકાગ્ર થઈને મોક્ષના કારણરૂપ ભૂમિને પ્રાપ્ત કરે છે. જેને **'साधकत्वम् अधिगम्य'** કીધું હતું એની વાત આમાં લઈ લીધી પાછી. જ્ઞાનમય કહેવું છે ને પાછું? વસ્તુ જ્ઞાનમય છે ને એટલે જ્ઞાનમયનું સ્વરૂપ જ્ઞાનમય પરિણમ્યું, એમ કહેવું છે. સમજાણું કાંઈ?

**'કેવી છે ભૂમિ?' 'अकम्पां'** હવે ભેગું લીધું. જુઓ! આનંદ લેવો છે ને પાછો? **'કેવી છે ભૂમિ?' 'अकम्पां' 'નિર્દ્વન્દ્વરૂપ સુખગર્ભિત છે.'** શું કીધું? ભગવાનઆત્મા ચેતન સર્વસ્વ વસ્તુ છે, એમાં આનંદ પણ સર્વસ્વ પડ્યો છે. એની અંદર શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિનું વેદન પ્રગટવું એ નિર્દ્વન્દ્વ છે, એમાં આનંદ ભેગો છે. ચેતનાની ચેતન પરિણતિની જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ એ ભેગો આનંદ ભેગો છે. શું સમજાણું કાંઈ?

ત્રણ બોલ તો કહ્યા હતા. અનુભવગર્ભિત દર્શન-જ્ઞાન-ચારિત્ર. પણ સાથે હવે આનંદ, શાંતિ થોડી લીધી, શાંતિ. જ્ઞાનનું જ્ઞાન એ તો આવે છે ને નહિ? 'સમયસાર'. એ જ્ઞાનનું

જ્ઞાનનો અર્થ ઇ જ્ઞાનનું સમકિત ને જ્ઞાનનું ચારિત્ર. એ રાગનું ચારિત્ર ને રાગનું જ્ઞાન ને રાગની શ્રદ્ધા એ નહિ. ભગવાનઆત્મા આખો જ્ઞાનનો પિંડ પ્રભુ એની અંતરની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની રમણતા અનુભગર્ભિત દશા. કહે છે કે, એ દશા ભૂમિ એમાં સુખગર્ભિત છે ઇ. શું કીધું? એમાં સુખગર્ભિત છે, જુઓ! પેલામાં કીધું હતું ને? અનુભવગર્ભિત છે કીધું હતું, ત્રણ બોલ. ભેગો આનંદ ભેગો છે એમાં એમ હવે કહે છે. એમાં ચોથો બોલ નાખ્યો. સમજાણું કાંઈ?

નિર્દ્વન્દ્વ ભૂમિ છે એટલે ભગવાન ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એનું ચૈતન્યરૂપ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિનું પરિણમન એમાં નિર્દ્વન્દ્વપણું છે. એમાં દુઃખનો અભાવ છે એટલે સુખગર્ભિત એ દશા છે, આનંદગર્ભિત દશા છે, અતીન્દ્રિય આનંદની ગર્ભિત એમાં દશા છે. અરે..! મોક્ષના માર્ગમાં આનંદ છે એમ કહે છે. આ સહન કરવું પડે ને અમારે આ કરવું પડે ને વેઠ પરિષહ વેઠવા પડે, એમ નથી. પરિષહનો અર્થ આ છે. આનંદ ભૂમિ અંદર પ્રગટી છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'अकम्पां'** એટલે કમ્પ નામ આકુળતા નથી. દ્વંદ્વપણું– બે પણું નથી. એકપણું એટલે આનંદ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમાં છે કે નહિ પણ?

ભાઈ! પણ તારો આનંદ તારા સિવાય હોય ક્યાં? ધૂળમાં આનંદ હોય તારો? આ પૈસા, બાયડી, છોકરા, હજીરા, આ મકાન ને આબરુ ધૂળ છે. એનામાં તું છો કે ન્યાં તારો આનંદ હોય? અને પુણ્ય-પાપના ભાવ થાય એમાં તારો આનંદ હોય? એ તો વિકાર છે. વિકારમાં આનંદ હોય? તારો આનંદ તારામાં છે એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિમાં આનંદ પ્રગટે, વ્યક્ત પ્રગટે છે એમ કહે છે. આહાહા..! કહો, 'કાન્તિભાઈ'! સમજાય છે આમાં? શું કહેવું? માંડ વખત કો'ક દિ' મળે એમાં આવી ઝીણી વાતું આવે. આહાહા..! એ અનાદિકાળનો બળ્યો, ઝળ્યો, રખડતો દુઃખી થયેલો, માંડ એને વિસામાના ટાણા મનુષ્યમાં મળ્યા. એમાં આ રીતે જો વિસામો ન કરે (તો) ક્યાંય એને સુખના સાધન પ્રગટશે નહિ.

મુમુક્ષુ :– આપ કહો છો એવું નક્કી થાય તો પ્રગટે ને?

ઉત્તર :– માટે તો કહે છે કે, હવે નક્કી તો કર, બાપા! હવે ક્યારે કરીશ તું? આહાહા..! 'ભીખાભાઈ'! ક્યારે કરીશ? ભાઈ! તેં પરમાં બહુ ઝાંવા નાખ્યા, હોં! જ્યાં નથી ત્યાં ધૂંમાડાના બાચકામાં હાથ નાખ્યા. ન્યાં હાથ ભરાણો. તારો કાળ મફતનો ગયો. આહાહા..! શરીર, બાયડી, છોકરા, પૈસા, કુટુંબ, હજીરા, આબરુ, ધૂળમાં સુખ છે. મરી ગયો, મરી ન્યાં નથી ક્યાંય. હેરાન થઈને મરી ગયો ચોરાશીના અવતારમાં, ભાઈ! જ્યાં આનંદ છે ત્યાં તેનો તારો વિશ્વાસ નથી. જ્યાં આનંદ છે ત્યાં તારો વિશ્વાસ નથી, જ્યાં આનંદ નથી ત્યાં તારો વિશ્વાસ ગયો. હવે એનું શું કરવું? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન અતીન્દ્રિય આનંદથી સર્વસ્વ ભરેલો પ્રભુ છે, ભાઈ! એ આત્મા છે ને? આત્મા એ કાંઈ સ્વભાવથી ખાલી હોય? એનો સ્વભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ એનો સ્વભાવ છે. એવા સ્વભાવથી ભરેલો પ્રભુ, એની અંતરમાં વિશ્વાસ-દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરવી એમાં આનંદ ભેગો આવે છે. એને મોક્ષનો માર્ગ અને મોક્ષના કારણરૂપ દશા–ઉપાય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને ધર્મ કહેવામાં આવે છે, લ્યો! ભારે ધર્મ, ભાઈ! ધર્મી એવો આત્મા, સર્વસ્વ ચૈતન્ય ને આનંદથી ભરેલો પદાર્થ. એની શુદ્ધતાનું પરિણમન (થાય) તેને ધર્મ કહે છે. કારણ કે પોતે તો શુદ્ધ છે. અશુદ્ધનું પરિણમન તો પરને લક્ષે છે, એ કાંઈ વસ્તુની સ્થિતિ નથી. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, ભાઈ! એ નિર્દ્વન્દ્વ છે. એ મોક્ષનો માર્ગ નિર્દ્વન્દ્વ છે. મોક્ષના માર્ગમાં સુખ છે. એમાં દ્વંદ્વ નથી, ક્લેશ નથી, ડરવાનું નથી, એમાં આનંદ છે, એમ કહે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? **'કેવા છે તે જીવો?'** કોણ? જેણે મોક્ષમાર્ગને અંગીકાર કર્યો છે અને સમ્યગ્દર્શન-જ્ઞાનપણે પરિણમે છે, જેની ભૂમિ સુખરૂપ થઈ છે ઇ જીવ કેવા છે? આહાહા..!

**'કથમપિ અપનીતમોહાઃ'** **'અનંત કાળ ભમતાં...'** આ અનંત... અનંત... કાળ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, નિગોદ, નારકી(ના) ભવ કરી કરીને ... આહાહા..! નજરું નાખે નહિ એટલો કાળ, નજર ન પડે એટલો કાળ. અનંત કાળ કીધો ને? ક્યાં નજર નાખે? કેટલો કાળ ગયો અનંત? આત્મા ઉપર અનંત કાળ કેટલો ગયો પરિભ્રમણમાં? સમજાય છે કાંઈ? એ પરિભ્રમણની દુઃખ દશામાં કેટલો કાળ ગયો? એ ભ્રમણ કરતો થકો. એ તો નારકી આદિના દુઃખો સંયોગથી, નિમિત્તથી વર્ણન કર્યા છે. સમજાણું કાંઈ? સંયોગથી કહો કે નિમિત્તથી વર્ણન કર્યા છે. બાકી તો એના આત્માના સ્વભાવની વિપરીત શ્રદ્ધા-જ્ઞાન ને આચરણ એવા દુઃખની દશામાં પરિભ્રમણ કરતાં, ભાઈ! તારો કેટલો કાળ ગયો? અહીં સુલટી અવસ્થાથી ઉલટી અવસ્થાનું પરિભ્રમણ કહે છે. સમજાણું કાંઈ? અનંતકાળ ભ્રમણ કરતો થકો. ભગવાનઆત્મા તરફની નજરું કર્યા વિના એ પરના લક્ષના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં ભ્રમણ કરતાં અનંત દુઃખમાં તારો કાળ ગયો, પ્રભુ! આહાહા..!

**'કાળલબ્ધિ પામીને...'** એમાં કોઈ તારા પુરુષાર્થની યોગ્યતા ને સ્વકાળમાં શાંતિની પ્રાપ્તિનો કાળ (પામીને). સમજાય છે કાંઈ? એ સ્વભાવ જોવાનું સામર્થ્ય અને એને પ્રાપ્તિનો એ કાળ. પર સામું જોવાનો કાળ દુઃખનો તને અનંતવાર ગયો, ભાઈ! એમ કહે છે. સમજાણું કાંઈ? કાળલબ્ધિને એટલે તારા સામું જોવાનો તારો કાળ પાકીને. સમજાણું? ઇ કાળ આ કીધો. સામું આમ જોયું એ કાળ પાકી ગયો, એમ કહે છે. આમ (બહાર) જોવામાં કાળ અનંત ગયો પ્રભુ! આમ (અંદર) જોવાનો કાળ હવે પાકી ગયો, એમ કહે છે. સમજાણું કાંઈ? એ ભગવાનની સામું તેં કોઈ દિ' જોયું નહિ અને ભગવાનના વિરોધી વિકાર ને સંયોગમાં તેં જોયું. એની સામું મો તાકીને બેઠો કે, આમાં મને મજા, આમાં મને સુખ.

અનાદિકાળથી... શું કીધું? પેલી ભાષા નથી? મોં તાકીને.. શું? મુખ તાકીને. નિમિત્તનું મોં તાકીને બેઠું છે, ઉપાદાન મોં તાકીને બેઠો. અરે..! ભગવાન! એમ આ અનાદિકાળથી પર સામું મો તાકીને (બેઠો છે), ક્યાંય અહીંથી સુખ... ક્યાંય અહીંથી સુખ... ક્યાંય અહીંથી સુખ (મળશે). કહે છે એમાં તારો કાળ ભગવાન અનંત ગયો, ભાઈ! આહાહા..! એ અંતર(માં) ભગવાનને જોવાનો કાળ તારો આવ્યો છે હવે.

(કાળલબ્ધિ) '**પામીને મટ્યો છે મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ જેમનો,...**' દેખો! સ્વભાવ સન્મુખના કાળે મટ્યો છે મિથ્યાત્વના ભાવનો નાશ, જેને. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– સારું ચોઘડીયું...

ઉત્તર :– ઇ ચોઘડીયું જ છે, એ સામું જોયું ત્યાં એનું ચોઘડીયું પાકી ગયું. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ...**' જોયું? '**मोहाः**'નો અર્થ જ આટલો, હોં! ભ્રાન્તિ, ભ્રમ ગયો અને ભગવાન ભાળ્યા. ભગવાન ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એની સાવધાનીમાં દૃષ્ટિ થઈ (તો) ભ્રાન્તિ ગઈ. એવા કાળમાં પાકવાનો કાળ તને આવ્યો. સમજાય છે? એવા જીવ. '**જેમનો, એવા છે.**' લ્યો, સમજાણું? '**મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ જેમનો, એવા છે.**' જેનો મટ્યો છે વિભાવરૂપ પરિણામ એવા જીવ.

'**ભાવાર્થ આમ છે કે આવા જીવો મોક્ષના સાધક થાય છે.**' એવા જીવ પૂર્ણાનંદની દશારૂપ મોક્ષ એના સાધકરૂપે પરિણમે છે એમ કહે છે, લ્યો! અહીં તો મિથ્યાત્વના નાશથી સાધક કીધું પાધરું. પેલો કહે, સાધક તેરમે હોય, ચૌદમે હોય. કોણ જાણે શું કાઢે છે ને? જે બાજુ દોરાણા એ બસ! અખંડ પર્યાય જોઈએ, અખંડ પર્યાય. રાગનું ઓલું છે ને માટે વ્યવહાર. એકલી અરાગી પર્યાય થઈ માટે એ નિશ્ચય. સ્વદ્રવ્ય આશ્રય થયો નિશ્ચય ને પર આશ્રય વ્યવહાર થયો ત્યાગ છે. સમજાણું કાંઈ? માર્ગ તો એવા છે, ભાઈ! આહાહા..!

કહે છે '**तु मूढाः**' હવે એની સામે લે છે, એની સામે લે છે. આ સવળી વાત લીધી. જે જીવો પોતાના શુદ્ધ ભગવાન આત્મસ્વભાવની સન્મુખ થયા છે એને કાળ પાકી ગયો છે અને એના સન્મુખમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-અનુભવ પર્યાય થઈ છે. એવા જીવો સાધકપણે પરિણમ્યા છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**तु मूढाः अमूम् अनुपलभ्य परिभ्रमन्ति**' એની સામે ગુલાંટ ખાય છે. '**કહેલા અર્થને દઢ કરે છે...**' '**मूढाः**' '**જીવવસ્તુનો અનુભવ જેમને નથી એવા જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવો છે તે...**' એક જ વાત છે. ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપી અનુભવ દશા જેને નથી એ મૂઢ. જીવના અનુભવરૂપ અવસ્થાને પામ્યા વિના. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની અનુભવરૂપ દશાને પ્રાપ્ત કર્યા વિના મૂઢ '**શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ અવસ્થાને પામ્યા વિના...**' સમજાણું? '**परिभ्रमन्ति**' '**ચતુર્ગતિસંસારમાં ભટકે છે.**' લ્યો! વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય (છે) એને અનુભવની પર્યાયની પ્રાપ્તિ કર્યા વિના

એકલા વિકારના અનુભવથી ચાર ગતિના અવતારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. કહો, સમજાણું આમાં? પછી સાધુ નામ ધરાવતો હોય, રાજા હો, નારકી હો પણ એ સ્વરૂપના અનુભવ દશા સિવાય જે દશા કરે છે એમાં એ અનંત કાળથી ફેરવ્યા ફેરવ પરિભ્રમણ કરી રહ્યો છે. સમજાણું કાંઈ? **'परिभ्रमन्ति' 'ચતુર્ગતિસંસારમાં ભટકે છે.'** ચારગતિ. પરિ કાઢ્યું ને? બધામાં રખડે છે, એમ. પરિભ્રમણથી બધામાં જાય, રખડે છે. પરિ – સમસ્ત પ્રકારે. નિગોદમાં પણ રખડે છે. બધું નિગોદ જાવ, દેવ જાવ, ઢોર જાવ, નારકી જાવ બધું એક પ્રકારના દુઃખમાં રખડે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષનો માર્ગ છે,...'** લ્યો! ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપે બિરાજમાન પરમાત્મા પોતે જ છે. એનો અંદર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનો અનુભવ (થાય) એ એક જ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? **'બીજો માર્ગ નથી.'** બે માર્ગ નહિ ને બીજો માર્ગ નહિ. શક્તિ જેમાં પડી હોય એને અવલંબે માર્ગ હોય કે જેમાં નથી એને અવલંબે માર્ગ હોય? પુણ્યના પરિણામમાં શક્તિ પડી છે આત્માની? શક્તિની વ્યક્તતા કરવી છે તે રાગમાં પડી છે આ શક્તિ? શક્તિ તો અહીં (છે). આખું સત્ત્વ જ્ઞાન, દર્શન, આનંદનું આખું શક્તિ સત્ત્વ છે, ભંડાર છે. એનો અનુભવ તે મોક્ષમાર્ગ એક છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. સ્વદ્રવ્ય આશ્રય મોક્ષમાર્ગ, પરદ્રવ્ય આશ્રય બંધમાર્ગ છે, એ મોક્ષમાર્ગ નહિ. સમજાણું કાંઈ? એ શ્લોક થયો. સાધ્ય-સાધકની શરૂઆતનો પહેલો શ્લોક (થયો).

**( વસન્તતિલકા )**

**स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां**
**यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।**
**ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-**
**पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।।४-२६७।।**

**ખંડાન્વય સહિત અર્થ :– આવી અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે તે કહે છે - 'सः एकः इमां भूमिम् श्रयति' ( सः ) આવો ( एकः ) આ જ એક જાતિનો જીવ ( इमां भूमिम् ) પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના ( श्रयति ) અવલંબનને યોગ્ય છે અર્થાત્ એવી અવસ્થારૂપ પરિણમવાનો પાત્ર છે. કેવો છે તે જીવ ? 'यः स्वम् अहरहः भावयति' ( यः ) જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ ( स्वम् ) જીવના શુદ્ધ સ્વરૂપને ( अहरहः भावयति ) નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે. શાનાથી અનુભવે છે?**

'स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां' ( स्याद्वाद ) દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ વસ્તુના અનુભવનું ( कौशल ) કૌશલ્ય અર્થાત્ વિપરીતપણાથી રહિત - વસ્તુ જે પ્રમાણે છે તે પ્રમાણે - અંગીકાર, તથા ( सुनिश्चलसंयमाभ्यां ) સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ, - એ બંનેની સહાયતાથી. વળી કેવો છે ? 'इह उपयुक्तः' ( इह ) પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં ( उपयुक्तः ) સર્વ કાળ એકાગ્રપણે તલ્લીન છે. વળી કેવો છે? 'ज्ञानक्रियानयपरस्पर-तीव्रमैत्रीपात्रीकृतः' ( ज्ञाननय ) શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે, ( क्रियानय ) રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે તે સમસ્ત જૂઠો છે, અનુભવ નથી, કોઈ એવો જ અનુભવનો ભ્રમ છે, કારણ કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ અશુદ્ધ રાગાદિ પરિણામને મટાડીને થાય છે; - આવા છે જે જ્ઞાનનય તથા ક્રિયાનય, તેમનું છે જે ( परस्परतीव्रमैत्री ) પરસ્પર અત્યંત મિત્રપણું - શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તે રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે, રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવ સહિત છે, એવું અત્યંત મિત્રપણું - તેનો ( प्रात्रीकृतः ) પાત્ર થયો છે અર્થાત્ જ્ઞાનનય-ક્રિયાનયનું એક સ્થાનક છે. ભાવાર્થ આમ છે કે બંને નયોના અર્થ સહિત બિરાજમાન છે. ૪-૨૬૭.

---

( વસન્તતિલકા )

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।।४-२६७।।

સંસ્કૃતમાં વર્ણવ્યો છતાં શુદ્ધ ઉપયોગ, હોં! એક ઠેકાણે. બધે ત્રણ ઠેકાણે, ત્રણ ઠેકાણે. ત્રણ ઠેકાણે શુદ્ધ ઉપયોગ (કહ્યું છે). ભૂમિને શુદ્ધ ઉપયોગ કહે છે. સમજાણું? જુઓ! અહીંયાં ભૂમિ કીધી હતી ને? જુઓને! નિવૃત્તમ ભૂમિ, શુદ્ધ ઉપયોગ ભૂમિ કીધી છે. લ્યો! જુઓ! સંસ્કૃત. ભૂમિ કીધી છે ને આ? એ **'ज्ञानमात्र निजभाव अकम्पां भूमि'** છે ને? એ ભૂમિની વ્યાખ્યા જ શુદ્ધ ઉપયોગ ભૂમિ **'श्रयन्ति भजन्ते'** એમ લીધું છે. એ આ અનુભવગર્ભિત શબ્દ લીધો છે, અહીં શુદ્ધ ઉપયોગ (લીધો છે). એ જ વાત છે. શુદ્ધ ઉપયોગ ભૂમિને **'श्रयन्ति'** અનુભવ એટલે શુદ્ધ ઉપયોગ. કર્યો? એ ન્યાં એને સાધક કીધું છે અને આમાં ભૂમિ શુદ્ધ ઉપયોગ **'स्थानम्'** છે ને? **'भूमिमिमां'** છેલ્લો શબ્દ આવ્યો ને? **'भूमिमिमां'** એ પણ એ આવ્યું છે. શુદ્ધ ઉપયોગ **'स्थानम् श्रयन्ति'**. સમજાણું? પછી પણ આવશે. પેલો

શ્લોક છે ને **'चित्पिण्ड'** ત્યાં પણ **'तस्य एव'** શુદ્ધ ઉપયોગ ભૂમિ. **'स्तत्यैव'** ત્રણમાં નાખ્યું આ તો. જોયું હતું થોડું. પેલામાં આવ્યું ને? જ્ઞાનાનંદમાં ચાર, પાંચ ઠેકાણે આવે છે. સમજાણું કાંઈ? શું કીધું? એ અહીં ભૂમિ આવી હતી ને અહીંયાં? ૨૬૬ શ્લોકમાં. મોક્ષની કારણરૂપ અવસ્થા **'श्रयन्ति'** ત્યાં અર્થ આવ્યો છે શુદ્ધ ઉપયોગરૂપી દશાને પ્રાપ્ત કરે છે. છે અંદર? અમારા શેઠને નજર ક્યાં છે? શું કીધું?

આવીને પણ અત્યારે ક્યાં આવી નજરમાં? એમ નથી આવી. ઓલી કોર આવી છે. **'જીવદ્રવ્યનો અનુભવ તે-મય અર્થાત્ જેમાં કોઈ વિકલ્પ નથી...'** એવી ભૂમિ. એટલે જુઓ! કેટલા પરિણામ કીધા? શુદ્ધ જીવનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર લીધું, એ જીવનો ચૈતન્ય સર્વસ્વનો અનુભવ તે અભેદ છે અને એ જ ભૂમિ મોક્ષના કારણરૂપ અવસ્થાને શુદ્ધ ઉપયોગ કીધો. સમજાણું કાંઈ?

**'भूमि श्रयन्ति'** છે ને? 'ભૂમિ' શબ્દ છે ને? બીજી લીટી, નહિ? સમજાણું? એ શુદ્ધ ઉપયોગ તે મોક્ષનો માર્ગ એમ અહીં કહ્યું છે. શુભાશુભ પરિણામ જે થાય તે બંધનો માર્ગ. ઇ છે ને અંદર? શુભાશુભ નહિ, એનો અર્થ થઈ ગયો ને? સમજાણું કાંઈ? એક જ અહીં તો અસ્તિથી વાત કરી છે એટલે પેલાનું કાંઈ કામ નથી. જે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એને આશ્રયે, અવલંબે જે નિજ પરિણામ શુદ્ધ અનુભવગર્ભિત દર્શન-જ્ઞાન-ચારિત્ર જેનું પરિણમન (થયું) એ મોક્ષમાર્ગ અસ્તિ તરીકે. પેલાની વાત નથી કરી.

મુમુક્ષુ :–

ઉત્તર :– ઇ જ્ઞાનનો વિષય, એ તો જાણવામાં આવે. એ કાંઈ આદરવાનો વિષય નથી એટલે વાત કરી નહિ. સમજાણું કાંઈ? પહેલેથી ઉપાડ્યું હતું ને? નમઃ સમયસારાય. અસ્તિથી ઉપાડ્યું હતું, નાસ્તિથી સમજી લે તારે સમજવું હોય તો.

અહીં તો જીવ, સંવર, નિર્જરા ને મોક્ષ ચાર બોલ કહ્યા હતા. જીવ–જીવનો સ્વભાવ. ભાવાય–ચિત્ સ્વભાવાય. અનુભૂતિ–સર્વભાવાંતરચ્છિદે–મોક્ષ. ચાર કીધું હતું. હવે એની સામે સમજ ને! અજીવ ને બંધ ને આસ્રવ ને ફલાણું, ઢીંકણું બધું. એવી શૈલી છે. અહીં તો એક વાત કરી. સમજાણું કાંઈ? ખુલાસો અર્થમાં કર્યો કે બીજો માર્ગ નથી. અર્થકાર (ખુલાસો) કરે.

**'भूमिमिमां स एकः'** આમાં. પેલામાં ભૂમિ આવ્યો હતો બીજા પદનો પહેલો શબ્દ. આમાં **'भूमिमिमां स एकः'** એ છેલ્લો આવ્યો. સમજાણું કાંઈ? **'આવી અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે...'** દેખો! આવો જે ભગવાનઆત્મા વસ્તુ શુદ્ધ સ્વરૂપને અનુભવ ભૂમિકા, શુદ્ધ ઉપયોગની **'ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે...'** અનુભવને કોણ યોગ્ય છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કોણ યોગ્ય છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી ચેતનારૂપ ચૈતન્યની પરિણતિને કોણ યોગ્ય છે? કહો, સમજાણું કાંઈ? **'તે કહે છે...'**

'स एकः इमां भूमिम् श्रयति' **'આવો આ જ એક જાતિનો જીવ...'** આ જ એક જાતિનો જીવ. જોયું? સમજાણું? **'પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના અવલંબનને યોગ્ય છે...'** એક જાતિ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એવા એ જ એક જાતિવાળા જીવ કે જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અવલંબે તે એક જાતિવાળા જીવ બધા, બીજો કોઈ જીવ એમાં નથી. **'આ જ એક જાતિનો જીવ...'** એક જાતિના જીવનો જે સમુદાય છે એ. ના, ના. મોક્ષના માર્ગપણે પરિણમેલા જીવની એક જાત છે, એમ કહે છે. એક જીવ વળી બીજે પણે પરિણમે સ્વને આશ્રય ને બીજો વળી પરને આશ્રયે (પરિણમે) એમ કાંઈ નથી. બધા એક જાતના જીવો એ સ્વને આશ્રયે મોક્ષમાર્ગમાં પરિણમે છે, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

**'એક જાતિનો જીવ...' 'इमां भूमिम्' 'પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના અવલંબનને યોગ્ય છે...'** એ જ શુદ્ધ સ્વરૂપ અનુભવ અવસ્થાને આલંબન યોગ્ય છે. સમજાણું કાંઈ? ભગવાન! કેવા પછી કહેશે. હજી દરેક શબ્દો ઉતારશે. **'કેવો છે તે જીવ?'** કે પ્રત્યક્ષ **'इमां भूमिम्'** એમ કીધું ને? **'इमां'** શબ્દ પડ્યો છે ને? એટલે પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપ અનુભવ. પ્રત્યક્ષ શબ્દમાંથી ત્યાં ભૂમિનો શુદ્ધ ઉપયોગ (અર્થ) કાઢ્યો છે. સમજાણું? **'इमां'** શબ્દ પડ્યો છે ને? **'भूमिमिमां स एकः'** **'इमां'** એટલે શું હશે આ? આ ઇમામ થાતા હશે ઇ? **'इमां'** એટલે આ ભગવાનઆત્મા. આ ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપનો પ્રત્યક્ષ સ્વરૂપનો અનુભવ. તે આ પ્રત્યક્ષ સ્વરૂપનો અનુભવ અવસ્થા. એટલે આ ભૂમિ એટલે પ્રત્યક્ષ શુદ્ધરૂપ અવસ્થા એટલે શુદ્ધ ઉપયોગરૂપી અવસ્થા. ઓહોહો..!

ચૈતન્યમૂર્તિની અંદર શુદ્ધ સ્વરૂપે; શુદ્ધ ઉપયોગ ઇ ત્રિકાળ છે, એનું વર્તમાન શુદ્ધ ઉપયોગરૂપે પરિણમવું. **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।'** ('સમયસાર' ગાથા–૨૪). ભગવાન સર્વજ્ઞે તો એ દીઠો છે ને, ભાઈ! એ તો ઉપયોગ, શુદ્ધ ઉપયોગ સ્વરૂપનો પિંડ એ તો આત્મા ભગવાને દીઠો છે. એને તું એમ કહી દે કે પુણ્ય-પાપ ને શરીરવાળો થઈ ગયો. એ ક્યાંથી થયો એ? સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર, જેણે આત્માને ઉપયોગમય દીઠો છે. એકલો જ્ઞાન શુદ્ધ ઉપયોગમય વસ્તુ શુદ્ધ જ્ઞાન કહો, શુદ્ધ ઉપયોગ કહો, એકરૂપ ઉપયોગ કહો, એક ચૈતન્ય સર્વસ્વ કહો એ શુદ્ધ ઉપયોગમય આત્મા છે, એમ ભગવાને દીઠો છે. એવો આત્મા રાગ ને પુણ્ય ને વિકલ્પમય કઈ રીતે થાય? એવું ચૈતન્ય દ્રવ્ય તે અજીવપણે કેમ થાય? આવો જે જીવ એ અજીવપણે કેમ થાય? સમજાણું કાંઈ?

એવો ભગવાન શુદ્ધ ઉપયોગ સ્વરૂપ ચૈતન્ય દ્રવ્ય, એને અવલંબનારા એક જાતના બધા જીવો શુદ્ધ ઉપયોગરૂપે પરિણમનારા છે. મોક્ષના માર્ગની જાતની એક જાતનું પરિણમન છે એમ કહે છે. મોક્ષમાર્ગમાં કો'કને શુદ્ધ ઉપયોગનું પરિણમન, કો'કને શુભનું પરિણમન (હોય એમ નથી). અહીં તો એ નથી એમ (પણ નથી કહ્યું), અહીં તો એક જાતનું આ

છે, બસ! કહો, 'ભગવાનભાઈ'! કોઈ દિ' ક્યાંય શબ્દ પણ કાને પડ્યા નહોતા. આ કરો જીવ ઓવરીયા તસ્સ્ મિચ્છામિ દુક્કડમ્, જાઓ! તાવકાઉ જાણેણં માણેણં અપ્પાણં ઓસરી આહાહા..! ભગવાન! એ તો શ્રીમદ્દે કહ્યું છે કે, આત્માને ઓસરાવી દે છે આખો. આત્મા કેવડો છે એની ખબર નથી. વિકલ્પના આદરમાં આખા આત્માને ઓસરાવે છે. એ.. 'કાન્તિભાઈ'! એ કર્યું હતું કે નહિ? તસ્સૂતરીના શબ્દો કર્યા હતા? કર્યા તો હશે ને પહેલા?

ભગવાનઆત્મા અનંત... અનંત... શુદ્ધ ચૈતન્યમૂર્તિનો પિંડ પ્રભુ આત્મા (છે). એ બધા જીવની, મોક્ષના માર્ગની જાતના જેટલા જીવો (છે) એ બધા આ પ્રત્યક્ષરૂપ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાને આશ્રયે છે. કહો, સમજાણું? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' એમ કહે છે. આહાહા..! નારકીના જીવોને બીજો માર્ગ હોય, ધનાઢ્યને બીજો માર્ગ હોય, ગરીબને બીજો માર્ગ હોય, ઇન્દ્રોને ત્રીજો માર્ગ હોય એમ હશે કાંઈ? સાધન જેના થોડા એનો બીજો માર્ગ, ઘણા સાધન એને એના સાધન દ્વારા માર્ગ મળે. પૈસા ઘણા બધા હોય પાંચ, પચીસ લાખ આપે તો એને ઇ માર્ગે માર્ગ મળે, એવું હશે? આ પૈસાને માર્ગે, એને માર્ગે. ના. એક જ માર્ગે અનાદિ કાળના જેટલા જીવોની જાત મોક્ષમાર્ગે પરિણમ્યા તે શુદ્ધ ઉપયોગીનો આશ્રય લીધો છે. આહાહા..! સમજાણું કાંઈ? એક જ પ્રકારના મોક્ષમાર્ગનું પરિણમન. શુદ્ધ ભગવાનઆત્મા એના અનુભવની અવસ્થાને આશ્રયે છે.

**'અર્થાત્ એવી અવસ્થારૂપ પરિણમવાનો પાત્ર છે.'** સમજાણું કાંઈ? **'કેવો છે તે જીવ?'** **'यः स्वम् अहरहः भावयति'** **'यः'** **'જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...'** **'यः'** **'જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...'** **'स्वम्'** **'જીવના શુદ્ધ સ્વરૂપને...'** દેખો! **'स्वम्'**ની વ્યાખ્યા. **'स्वम्'** પોતાનું ધન, **'स्वम्'** **'જીવના શુદ્ધ સ્વરૂપને...'** એ **'स्वम्'** જીવનું શુદ્ધ સ્વરૂપ તે સ્વ. એ પુણ્ય ને પાપ ને શરીર, વાણી, ફાણી એના સ્વ નથી. આહાહા..! અહીં તો ક્યાંય બહારમાં ચોંટ્યો. ક્યાં નો ક્યાં લાંબું કરીને મરી ગયો. આ સાધન, સારા શિષ્યો હોય તો સાધન થાય, સારા પુસ્તકના પુસ્તકો હોય તો સાધન થાય. પુસ્તક-બુસ્તક ઘણાં હોય તો સાધન થાય કે નહિ? કેમ બેઠા બેઠા આમ ચારે કોર લખાણ હોય તો ધ્યાન રહે, બીજે ભાવ ન જાય, લ્યો! એ સાધન ન થાય? બધા લેખો આમ લખી રાખો, એ..ઇ..!

અહીં કહે છે **'જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...'** તે **'स्वम्'** **'જીવના શુદ્ધ સ્વરૂપને...'** **'अहरहः भावयति'** **'નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે.'** જુઓ ભાષા! જુઓ! ભાવની સ્થિતિ. **'अहरहः, अहरहः'** નિરંતર–આંતરો પડ્યા વિના, ક્યાંય વચ્ચે વિકલ્પમાં વિસામો લઈએ (એમ નહિ). કેટલાક કહે છે ને? પેલા નહોતા કહેતા? વચ્ચે શુભભાવ આવે (એ) વિસામાંનું સ્થાન છે. પછી ન્યાંથી અંદરમાં આવી જાય છે. એને માટે વ્યવહાર કહ્યો છે. એ વળી એક જણો કો'ક કહેતો હતો. 'ઇન્દોર'ના. 'ઇન્દોર'ના કો'ક બ્રહ્મચારી. સમજાણું? વ્યવહાર છે, શુભરાગ છે એ વિસામો છે. થાક્યો હોય ન્યાં વિસામો આવે ને? પછી વળી થાક ઉતરે

ને પછી વળી અંદર અનુભવ થાય.

મુમુક્ષુ :– આવે છે ને? પુણ્યમાં વિશેષ રહેવું.

ઉત્તર :– અરે..! ક્યાં હતો ભાઈ!

કહે છે, એ વસ્તુ જ પોતે વિશ્રામનું ઠામ છે. શુદ્ધ જ્ઞાનઘન, આનંદઘન પ્રભુ પૂર્ણાનંદ પ્રભુ એ પોતે જ વિશ્રામનું ઠામ છે. એના વિશ્રામની નિરંતર એની ભાવના સમકિતીને હોય છે. નિરંતર અખંડ. નિરંતરની વિશેષ વ્યાખ્યા કરી. સમજાણું? ધારાપ્રવાહરૂપ. એ ત્રણેય શબ્દ એક કર્યા. '**अहरहः**'ની વ્યાખ્યા કરી. સમ્યગ્દૃષ્ટિ જીવ જેની દૃષ્ટિમાં શુદ્ધ આત્મા જ આવ્યો છે, જેની દૃષ્ટિમાં શુદ્ધ આત્મા જ ધ્યેયમાં વર્તે છે. એનું ધ્યેય પુણ્ય-પાપ, વિકલ્પ, નિમિત્તમાં ધ્યેય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ સાતમી નરકમાં પડ્યો એ નારકીને નિરંતર અખંડ ધારાવાહી ચૈતન્ય ધ્યેય પડ્યો, એમ કહે છે. સંયોગ ગમે તે હો, પ્રતિકૂળ હો, અનુકૂળ હો એ તો બધા જ્ઞેયમાં જાય છે. એ કાંઈ જ્ઞાનમાં દખલ કરે કે સાધનમાં મદદ–અનુકૂળ કરે એવી કોઈ ચીજ છે નહિ જગતમાં. સમજાણું કાંઈ? ભાઈ! નિરોગતા ને આ સરખા સાધન હોય તો આત્માને ઉપયોગ શુદ્ધ થવાને અનુકૂળ પડે. બિલકુલ ખોટી વાત છે. આહાહા..! અને પ્રતિકૂળતામાં હાહ લેવાનો અવસર હોય થોડો તો કાંઈક ઠીક પડે. ના. આહાહા..!

નારકીને પરમાધામી જમ બાંધે આમ કચડીને-મચડીને આમ. અહીં નાખે ખીલા. ઇ તો હજી થોડું હું તો કહું છું, એ શાસ્ત્રમાં તો બહુ છે. શાસ્ત્રમાં તો એવા (લખાણ) છે કે, લોઢાના એક હજાર મોટા ખીલા ધગધગતા કરી આમ કાઢે, આમ કાઢે, આમ કાઢે ને આમ કાઢે, આમ કાઢે ને આમ કાઢે... 'દેવાનુપ્રિયા'! સાંભળ્યું છે ક્યાં એણે? આહાહા..! એક હજાર વીંછી, લાખ વીંછી થાય તો એકેય આંતરો નહિ. એ ઠાકરીયા વીંછી, હોં! મોટા કડક. જેને કરડે માથા ફાટી જાય માણસમાં. એવા વીંછી બનાવીને એ રાજાના મહારાજા મોટા હતા એ નરકે પેઠા છે, અત્યારે છે. એના ડંખ તે ડંખ. આ વીંછીના ડંખ કરતાં એ વીંછીનો ડંખનો અનંતગુણો ત્રાસ. સમજાણું કાંઈ? આહાહા..! શું બાંધીને શું બાંધ્યાં?

**પોષ સુદ ૯, શનિવાર તા.૦૧.૦૧.૧૯૬૬**
**કળશ–૨૬૭. પ્રવચન–૨૮૭**

'સાધ્ય-સાધક અધિકાર' છે. આમાં ચોથો કળશ છે. 'કળશ-ટીકા'. '**જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...**' ત્યાંથી લઈએ. જુઓ! છઠ્ઠી લીટી. એટલે શું? કે, આ આત્મા પવિત્ર સુખનું ધામ શુદ્ધ ચૈતન્ય છે એવી અંતરમાં સ્વભાવ સન્મુખની દૃષ્ટિ કરીને જ્ઞાનના ભાન સહિત પ્રતીત

કરી છે એવો સમ્યગ્દૃષ્ટિ જીવ. સમજાણું કાંઈ? કેવો છે ઇ? કે, **'જીવના શુદ્ધ સ્વરૂપને...'** આત્મા શુદ્ધ છે. અનાદિથી પુણ્ય ને પાપની અશુદ્ધતાનો એકલો અનુભવ હતો એ મિથ્યાદૃષ્ટિ હતો. સમજાણું કાંઈ?

એણે અનાદિકાળથી અનંતકાળમાં શું અનુભવ્યું છે? અશુદ્ધ પરિણામ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના શુભાશુભભાવ એનું એને પરિણમનનું વેદન (અનુભવ્યું છે). એણે નરકથી માંડીને નિગોદ કે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય નવમી ગ્રૈવેયક, એવા અનંતભવમાં મલિન પરિણામનું જ જેને અનાદિનું નિરંતર ધારાવાહી વેદન હતું. સમજાણું કાંઈ? એનું નામ સંસાર. એનું નામ એ સંસારના પરિભ્રમણનો સાધક. સમજાણું કાંઈ? પોતાનો જે સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, પવિત્ર જ્ઞાનાનંદ ધામ આત્મા છે. એના સ્વભાવ સન્મુખની દૃષ્ટિ કર્યા વિના અનાદિથી એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો તોપણ એણે વિકારના ભાવને કર્યા ને વિકારને અનુમોદયા ને ભોગવ્યા. સમજાય છે કાંઈ? જ્યારે ધર્મ દૃષ્ટિ થાય છે ત્યારે એ વેદન પલટી જાય છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે, જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મા શુદ્ધ પવિત્ર અનંત ગુણનું શાંતરસ ધામ આત્મા છે. એવી અંતરમાં દૃષ્ટિનો અનુભવ થયો એ નિરંતર જીવના શુદ્ધ સ્વરૂપને (અનુભવે છે). સ્વ એટલે જોયું? સ્વ. પેલું પર કહ્યું અનાદિથી. મિથ્યાદૃષ્ટિ જીવ સ્વ નહિ એવું પર, પુણ્ય-પાપ અશુદ્ધ મલિન પરિણામને ભોગવે, વેદે છે, એ દુઃખનું વેદન અનાદિનું છે. ચાહે તો રાજા હો, રંક હો, નારકી હો કે નવમી ગ્રૈવેયકનો મિથ્યાદૃષ્ટિ દેવ હો. બરાબર હશે? 'નેમિદાસભાઈ'! અશુદ્ધ પરિણામનું, દુઃખનું વેદન એને અનાદિનું છે. સમજાય છે કાંઈ? એ અધર્મ દૃષ્ટિ એટલે કે મિથ્યાદૃષ્ટિ એટલે કે વાસ્તવિક ચૈતન્યમૂર્તિના ભાન વિના એકલા વિકારને પોતાનું સ્વરૂપ જાણી, કરી, માનીને ભોગવ્યું. એ મિથ્યાદૃષ્ટિમાં અશુદ્ધતાનું વેદન (હતું) એ વેદન સમ્યગ્દૃષ્ટિમાં ગુલાટ ખાઈ જાય છે. સમજાય છે કાંઈ?

કહે છે કે, સમ્યગ્દૃષ્ટિ **'स्वम्' 'જીવના શુદ્ધ સ્વરૂપને...'** મિથ્યાદૃષ્ટિમાં જીવનું સ્વરૂપ નહોતું એવા વિકારી પરિણામનું વેદન કરતો. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ **'स्वम् अहरहः भावयति'** ભગવાનઆત્મા આનંદનું રૂપ, આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા છે એવી અંતર્મુખ સ્વભાવનો અનુભવ ને દૃષ્ટિ થઈ હતી, થઈને લઈ, નિરંતર એક ધારા **'નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે.'** શુદ્ધ સ્વભાવના ધ્યેયમાં પડેલી દૃષ્ટિ આનંદ ને શુદ્ધતાને એકરૂપે ખંડ પડ્યા વિના ધારાપ્રવાહે નિરંતર શાંતિનું વેદન ધર્મીને હોય છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? કહો, 'જમુભાઈ'!

**'શાનાથી અનુભવે છે?'** અહીં સુધી કાલે આવ્યું હતું. અહો..! ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ આત્મા, એની સામું અનંત કાળમાં કોઈ દિ' જોયા વિના પર સન્મુખમાં જ જેણે ભાવ ઉત્પન્ન કરીને ભ્રમણા અને રાગ-દ્વેષને અનુભવ્યા. એ જ જીવ સ્વ સ્વભાવની સન્મુખની

દૃષ્ટિ કરતાં સ્વભાવની શુદ્ધતામાં દૃષ્ટિ પડતાં એને શુદ્ધતાનું, અનુભવનું વેદન થાય છે. સમજાય છે કાંઈ?

**'શાનાથી અનુભવે છે?' 'स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां' 'દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ વસ્તુના અનુભવનું...'** વસ્તુ ધ્રુવ નિત્ય શુદ્ધ છે એવી જ પર્યાયમાં શુદ્ધતાનો, પર્યાયનો અનુભવ છે. દ્રવ્ય અને પર્યાય બેય શુદ્ધનો અનુભવ છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! વસ્તુ શુદ્ધ સ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુ એ દ્રવ્ય. એનો પર્યાય તે નિર્મળ એનો પર્યાય. એક દ્રવ્યરૂપ જ છે એમ નહિ, તેમ પર્યાયરૂપ છે એમ પણ નહિ. એનું નામ સ્યાદ્વાદ. વસ્તુ શુદ્ધ ચિદાનંદ આનંદનો કંદ ધ્રુવ દ્રવ્ય (છે) એવી અંતર દૃષ્ટિ અને જ્ઞાન થયું તે પર્યાય છે. સમજાણું કાંઈ?

વસ્તુ આનંદ અને શુદ્ધ ચૈતન્ય પ્રભુ (છે) એમ જ્યાં દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું, લીનતા થઈ એ પણ શુદ્ધ પર્યાય થઈ. એ અંશ અને ત્રિકાળી અંશી એ બેયને લક્ષમાં લઈને સ્યાદ્વાદ (અર્થાત્) પર્યાયરૂપે છે ને દ્રવ્યરૂપે પણ છે. **'એમ વસ્તુના અનુભવનું કૌશલ્ય અર્થાત્ વિપરીતપણાથી રહિત - વસ્તુ...'** કૌશલ્ય એમ કહેવું છે. **'જે પ્રમાણે છે તે પ્રમાણે – અંગીકાર,...'** કૌશલ્ય એટલે જેવું દ્રવ્યનું સ્વરૂપ છે (તે પ્રમાણે અંગીકાર કરે છે). અનાદિ તો વિકારી પરિણામ એક જ પર્યાયને માનેલા. સમજાણું કાંઈ? વિકારી શુભ ને અશુભ પરિણામ અને તે મારા એવી ભ્રાન્તિ, એને એકને જ માનેલા, જાણેલા, અનુભવેલા. ઇ એકાન્ત થઈ ગયું, ઇ એકાન્ત દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? અનેકાન્ત દૃષ્ટિ ન થઈ.

અનેકાન્ત દૃષ્ટિ એટલે એક સમયમાં શુદ્ધ આનંદ જ્ઞાયકમૂર્તિ ધ્રુવ (છે) એની દૃષ્ટિ કરતા જે પર્યાય પ્રગટી તે અધ્રુવ. સમજાણું કાંઈ? અનેકાન્ત બેય વાત. આ ધ્રુવ અને પર્યાય બેય આવી ગયા. એકાન્તમાં તો ધ્રુવપણું બિલકુલ દૃષ્ટિમાં હતું નહિ. એકલા વર્તમાન પુણ્ય-પાપના ભાવ ને મલિન ભાવનું વેદન ને એકલો એ હું. એકાન્ત દૃષ્ટિ દુઃખના વેદનમાં જે હતો એ અનેકાન્ત દૃષ્ટિ શાંતના વેદનમાં આવ્યો.

વસ્તુ ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા એવી દૃષ્ટિ થતાં; દૃષ્ટિ છે એ પર્યાય છે પણ દૃષ્ટિ પર્યાયનો વિષય છે એ દ્રવ્ય છે. એમ સ્યાદ્વાદ એટલે દ્રવ્ય ને પર્યાયમાં કૌશલ્ય છે. કૌશલ્ય નામ નિપુણ છે, જાણનાર છે. સમજાણું કાંઈ? કૌશલ્ય લીધું છે ને? **'તેના અંગીકાર...'** અંગીકારનો અર્થ કે, એને જાણવાનો આદર કર્યો છે. એકલો જે અશુદ્ધપણાનો આદર અનાદિથી એકરૂપે મલિનપણાનો એક અંશનો જ એકાન્ત હતું એ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ થતાં વસ્તુ ધ્રુવ રહી અને એનું પરિણમન અધ્રુવ, અનિત્ય, ક્ષણિક પર્યાય રહી. એવો એનો અનુભવ. કહે છે કે, એમાં એ દ્રવ્યને અને નિર્મળ પર્યાય બેયને અનેકાન્તપણે જેણે અંગીકાર કરી છે. ભારે વાત, ભાઈ! 'જુગરાજજી'! આહાહા..! રાજા દુઃખી, રાંક દુઃખી, નારકી દુઃખી, દેવ દુઃખી. કેને લઈને? અંતર્મુખની દૃષ્ટિના અભાવને લઈને. એને એમ કે, શરીરે રોગ છે. ન્યાં એને રોગ ક્યાં છે? એમ. પણ શું કહ્યું? આ સાંભળ્યું શું? આ પા કલાક હમણાં કીધું ઇ.

આત્મા પોતે સચ્ચિદાનંદ સત્ શાશ્વત આનંદ ને જ્ઞાનની મૂર્તિ છે. વસ્તુ પોતે ભગવાનઆત્મા. વસ્તુ... વસ્તુ..., દ્રવ્ય... દ્રવ્ય... નામ તત્ત્વ. એ આત્મા તત્ત્વ જ્ઞાન ને શાશ્વત સત્ આનંદમૂર્તિ આત્મા છે. એની સન્મુખ જોયા વિના એણે પરમાં આમ જોયું. પછી દેવની સામગ્રી હોય કે નારકીની હો, ઢોરની હો, કીડો હોય, કાગડો હોય કે રાજા હોય કે દેવ હો. એણે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સત્ ચિદાનંદ સ્વરૂપ આત્મા પોતે છે એનું ધ્યેય–લક્ષને છોડી દઈને એણે બનાવ્યું એકલા પુણ્ય-પાપ ને નિમિત્તને ધ્યેય. એથી એ પ્રાણી એકાન્ત દુઃખી છે. બરાબર હશે? શેઠિયા પણ દુઃખી? ધૂળમાંય સુખ ક્યાં હતું ત્યાં ધૂળમાં?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ તેમાં જ્યાં આનંદ પડ્યો છે ત્યાં દૃષ્ટિ નથી અને જેમાં દુઃખ છે તેમાં દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પૈસાના આંકડે દુઃખ-દુઃખનો વધારો નથી, સંયોગના પ્રસંગે દુઃખનું, સુખનું માપ નથી. ભગવાનઆત્મા અતીન્દ્રિયનો કંદ એની દૃષ્ટિનો અભાવ અને વિકારી વર્તમાન પુણ્ય-પાપના ભાવ થાય એટલો હું એવા મિથ્યાત્વ ભાવ અને અશુદ્ધ ભાવ એ દુઃખનું મૂળ છે, એ દુઃખ છે. સંયોગો અનુકૂળ હો, પ્રતિકૂળ હો એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એથી આમાં લીધું કે, સમ્યગ્દૃષ્ટિ દ્રવ્ય અને પર્યાય બેયને અનુભવે એમાં એનું ડહાપણ છે. પેલાને એકલી પર્યાયનું યથાર્થ તો જ્ઞાન નહોતું પણ એક સમયની પર્યાય ઉપર વિકાર ને પુણ્ય-પાપ ને શુભ-અશુભભાવ, અશુદ્ધભાવનું લક્ષ, એની દૃષ્ટિ, એનું ધ્યેય, એનું વેદન, એનું કર્તાપણું એ બધું સર્વસ્વ. એ બધો સંસાર, દુઃખરૂપ દશાવાળો સંસાર.

મુમુક્ષુ :– શુદ્ધ શક્તિમાં તો છે.

ઉત્તર :– શક્તિમાં શુદ્ધ છે એને ક્યાં ભાન છે? શક્તિમાં શુદ્ધ છે એમાં એને ક્યાં ભાન છે કે, શક્તિમાં શુદ્ધ છે. શક્તિ શુદ્ધ છે તો પર્યાય નિર્મળ થઈ ગઈ. દ્રવ્ય શુદ્ધ પણ લક્ષમાં આવ્યું, બેય આવી ગયું, એમ અહીં કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ વીતરાગના ગજ છે. એ ગજના માપ દુનિયાથી જુદી જાતના છે. આંધળાઓ સમજ્યા-દેખ્યા વિના માપ કરે એના માપ સાચા હોય નહિ.

અહીં તો વસ્તુ સ્વરૂપ એક સમયમાં પ્રભુ! અનંત આનંદ ને જ્ઞાનરસનું તત્ત્વ આત્મા છે. અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનરસનું તત્ત્વ છે. એને લક્ષ ને ધ્યેયમાં ન લેતા એકલા સંયોગને લક્ષમાં લઈ અને પછી અનુકૂળ-પ્રતિકૂળ વસ્તુમાં નથી એ તો જ્ઞેય છે, કલ્પના કરી કે, આ મને અનુકૂળ, આ મને પ્રતિકૂળ એવા ભાવના ભ્રમણાથી ઉત્પન્ન કરેલા ઇષ્ટ-અનિષ્ટના વિકારી ભાવ, બસ! એ દુઃખ છે. એ પ્રાણી ગમે તે સંયોગમાં હો એ દુઃખી જ છે. સમજાણું કાંઈ?

હવે અનેકાન્તી. અહીં તો એકાન્તી દુઃખી ને અનેકાન્તી સુખી એમ સિદ્ધ કરવું છે. આહાહા..! ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદનું દ્રવ્ય તત્ત્વ શુદ્ધ ચૈતન્ય છું, એમ વર્તમાન દૃષ્ટિએ જ્યાં સ્વભાવનો સ્વીકાર કર્યો ત્યારે દૃષ્ટિ ક્ષણિક રહી,

વસ્તુ ત્રિકાળ રહી અને અનેકાન્ત થઈ ગયું. ધ્રુવ છે તે જ પર્યાયરૂપ છે ને પર્યાયરૂપ છે તે ધ્રુવરૂપ છે દ્રવ્ય. સમજાણું કાંઈ? આહાહા..!

**'એ વિપરીતપણાથી રહિત...'** એકલો જ પર્યાય માનવો કે એકલું જ દ્રવ્ય માનવું. દ્રવ્ય એકલું માને એ તો ભ્રમણાથી માને છે. કાંઈ ખરું દ્રવ્ય માને તો પર્યાય એની યથાર્થ થયા વિના રહે નહિ. એ બધું કહ્યું હતું ને? એકાન્ત દ્રવ્ય માનવું, એકાન્ત પર્યાય માનવી, એકાન્ત નિત્ય માનવું, એકાન્ત અનિત્ય માનવું. સમજાણું કાંઈ? દ્રવ્ય પર્યાયમાં જ બધું આવી ગયું. ભાઈ! તારા પંથ અલૌકિક છે, બાપા! અને તારા ઊંધા માર્ગના પણ અંત ન આવે એવા વેદન તેં કર્યા. આહાહા..!

એ શાસ્ત્રકારે નરકના (દુઃખના વર્ણન કર્યા છે). હમણા તો આ 'તિલોય પણ્ણત્તી' થોડું જોયું, આજે થોડું જોયું. મૂળ ગાથા જોઈ, વળી આચાર્ય શું કહે છે? આહા..! આચાર્ય કહેતા તો એમ કહી ગયા, અરે..રે..! ભાઈ! તારા દુઃખની વાત શું કરવી? આહાહા..! એ તારા દુઃખ તેં વેદ્યા ને ભગવાન જાણે, ભાઈ! અત્યારે તું મોજમાં બેઠો છો ને, કંઈ અમારે નથી, બાપા! બધી હોળી તારે અંદરમાં સળગી છે. આહાહા..!

મુમુક્ષુ :– ક્ષીલકમાં બધું પડ્યું છું.

ઉત્તર :– ક્ષીલક બધું વિકારનું વેદન પડ્યું છે. તને ખબર નથી, નજરું નથી. સમજાય છે કાંઈ? એ તો નારકીના દુઃખનું વર્ણન શાસ્ત્રકાર નિમિત્તથી કરે છે. કારણ કે, લોકોનું નિમિત્તનું લક્ષ છે ને? બાકી નિમિત્ત દુઃખ નથી. એ તાડ પડવા ને વૈતરણી પડવી એ દુઃખ નથી. પણ લોકોની દૃષ્ટિ સંયોગ ઉપર છે એટલે સંયોગથી દુઃખની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? અને દેવમાં સુખ–આ ઇન્દ્રાણીઓ છે ને આવા મહેલ છે. એ કાંઈ સુખ નથી. પણ દુનિયાને નિમિત્તના કારણે સુખનો ભાવ અંદર ઉત્પન્ન કરે છે એથી નિમિત્તથી તેને સમજાવે છે. આ લૌકિક સુખ એટલે કે દુઃખ. ઓહોહો..!

કરોડો ઇન્દ્રાણીઓમાં પડેલો દેવ જેના વૈક્રિયક શરીર અને જિંદગીમાં રોગ ન આવે જેને અને અસંખ્ય અબજ વર્ષનું (આયુષ્ય). ઓહોહો..! કેટલો આંકડો (છે)? એ..ઇ..! કાલે રાત્રે થયું કે, પૂછીએ 'હિંમતભાઈ'ને. સીત્તેર લાખ કરોડ છપ્પન હજાર કરોડ વર્ષમાં અબજ કેટલા થાતા હશે? એવો પ્રશ્ન ઉઠ્યો હતો, ભાઈ! આપણને પ્રશ્ન ઉઠે ઇ કહીએ છીએ ને! સીત્તેર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. કેટલા અબજ થયા? છપ્પન હજાર અબજ. એ અમારે ગણતરીમાં હોશિયાર માણસ છે. એક પૂર્વનું આયુષ્ય હોય છે ને પૂર્વનું?

ભગવાનને અત્યારે મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યનું પૂર્વનું આયુષ્ય છે. એક કરોડ પૂર્વનું. તો કરોડ પૂર્વમાં એક પૂર્વમાં એટલા વર્ષ જાય છે, સીતેર લાખ કરોડ ને છપ્પન હજાર કરોડ વર્ષનો એક પૂર્વ. એવા કરોડ પૂર્વ. કેટલા અબજ થયા હવે પાછા? ગણ્યું હતું તો

ખરું. સીતેર લાખ કરોડ. સો હજારે લાખ થાય ને સો લાખે કરોડ થાય, સો લાખે કરોડ થાય તો સીતેર લાખે સીતેર કરોડ. પણ સીતેર લાખ કરોડ પાછા. અને એવા પૂર્વ પાછા કરોડ પૂર્વ. એક કરોડ પૂર્વમાં કેટલા અબજ વર્ષ જાય? એટલું આયુષ્ય તો મહાવિદેહક્ષેત્રમાં ભગવાન તીર્થંકર આદિ અથવા બીજા પણ મનુષ્યઓનું હોય છે, અત્યારે. એ કાંઈ મોટું નથી.

જ્યાં નારકીના આયુષ્ય જ્યાં સાગરોપમના, એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમમાં અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ (જાય). એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય કરોડ પૂર્વ જાય. સમજાય છે કાંઈ? આહા..! અરે..! ભાઈ! એ નરકમાં તું અનંતવાર રહ્યો પણ એને ખબર ક્યાં છે? શું કીધું? 'જમુભાઈ'! શું કીધું હતું? એક ફેરી કાંઈક કીધું હતું ને? ખબર નથી, યાદ આવતું નથી. ભાઈ! પણ આત્મા છે કે નહિ? છે તે કે દિ'નો નથી? કે દિ' નહોતો? એમ ને એમ છે, એમ ને એમ છે. નરકમાં હતો ત્યાં પહેલી નરકનું આયુષ્ય એક સાગરનું છે. સાતમી નરકનું તેત્રીસ સાગરોપમનું છે. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય છે. દસ ક્રોડાક્રોડ પલ્યોપમ. એકલા દસ કરોડ નહિ, દસ ક્રોડાક્રોડ પલ્યોપમ. એનો એક પલ્યોપમ, એનો અસંખ્યમો ભાગ, એમાં અસંખ્ય કરોડ પૂર્વ જાય છે. આહાહા..!

ભાઈ! બાપા! તારા કાળની શી વાત કરવી? એ કરોડ પૂર્વ તો સંખ્યાતું છે. પલ્યોપમ અસંખ્ય છે અને એ સાગરોપમ પણ અસંખ્ય વર્ષનો છે અને અવસર્પિણી-ઉત્સર્પિણી પણ અસંખ્ય વર્ષની છે. એવી અનંતી અવસર્પિણી-ઉત્સર્પિણીનો એક પુદ્‌ગલ પરાવર્તન છે. એવા અનંતા પુદ્‌ગલ પરાવર્તન એક એક નરકની અંદર અનંતા જીવે કર્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ? કોણ સ્મરણ કરે છે ન્યાં? સમકિતી જીવ કોઈ સમકિત પામ્યા પછી આત્માનું ભાન હોય છે. બાકી તો આ સમકિત વિનાની વાત ચાલે છે ને? આ તો અનાદિના (મિથ્યાદૃષ્ટિની વાત ચાલે છે). ન્યાં ક્યાં ભગવાન ભાળતો હતો? ભગવાન કેવો ન્યાં? એ મફતનો રાડું પાડે છે, અમસ્તો. ભગવાન ભગવાન ક્યાં કરે છે? ભગવાનને નામે જાણે કે મારું દુઃખ ઓછું થાય એમ. આહાહા..!

કાંઈ ન મળે. મિથ્યાદૃષ્ટિ જીવ તો આવા અનંતવાર... કોઈ વાર ભગવાન ભગવાન કર્યું, શુભભાવ હોય તો પણ એથી મિથ્યાદૃષ્ટિ હતો. એના આત્માને કાંઈ પણ લાભ થયો નથી. આહાહા..! અરે..! ભાઈ! અનાદિનો જ છો એમ જ્યારે નક્કી કર, અનાદિ... અનાદિ.. અનાદિ... અનાદિ.. આહાહા..! ક્યાંય આદિ ન મળે એના કાળનું માપ કેટલું? અનંતા અનંતા પુદ્‌ગલ પરાવર્તન, અનંતા અનંતા પુદ્‌ગલ પરાવર્તન. એના એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીસીયું જાય. સમજાય છે કાંઈ?

ભાઈ! એણે અનાદિની નિત્યતા, આત્મા નિત્ય છે અનાદિનો એણે ક્યાં દીર્ઘ વિચાર

કર્યા છે? સમજાણું કાંઈ? એવો આત્મા, એને ત્યાં સાગરોપમ ને તેત્રીસ, તેત્રીસ સાગરના દુઃખો ભગવાન વર્ણવે છે. ભાઈ! એ વર્ણવવાનો હેતુ હવે તું લક્ષને ફેરવી દે. સમજાય છે કાંઈ? આવા દુઃખના વેદનમાં ભગવાન તેં અનંત કાળ ગાળ્યા, ભાઈ! ક્યાંય સુખની ગંધ નથી, હોં! એ પૈસાવાળા ને ધૂળ-ધાણી ને શરીર રૂપાળા દેખાય. એ અંદર દૃષ્ટિ પડી છે પરમાં એ દુઃખના જ વેદનમાં પડ્યો છે. આહાહા..! એ કડાયામાં જેમ ચણો શેકાય છે એમ એ કષાયની અગ્નિમાં શેકાણો છે, ભાન ન મળે. શું થાય? આહાહા..! અને દાંત કાઢે ને હરખ કરે, ભાઈ! એ તને હરખ સનેપાત વળગ્યા, બાપા! સમજાણું કાંઈ? અરે..!

એને દીર્ઘકાળના તત્ત્વની પણ કાળ કેટલો એની ખબર ન મળે. એ કાળ તે ક્યાં ગાળ્યો? ભાઈ! સમજાય છે? એ અનંત... અનંત વાર ભગવાન નરકમાં તેં કાળ ગાળ્યા છે. આહાહા..! મનુષ્યની સંખ્યા કરતા ભવ તો અનંતા નરકના કર્યા છે. સમજાણું? એવા દુઃખો (ભોગવ્યા છે). એનો અર્થ ઇ કે, ચિદાનંદ ભગવાનઆત્માની આનંદની રુચિ એણે ન કરી. એણે ભગવાન સામું જોવું જોઈએ એણે જોયું નહિ, બસ! આ વાત. જેના સામું જોવે એનો આદર કર્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આમ ચિત્તને ચોંટાડ્યા છે અનાદિથી. શુભભાવ ને અશુભભાવ ને રાગભાવ ને દયા-દાન ને વ્રત ને પુણ્ય ને પાપ. ભાઈ! એ મલિન પરિણામ તારા સ્વરૂપમાં જ નથી. એમાં તેં ચિત્તને ચોંટાડ્યું, ભગવાન! એ તો દુઃખરૂપ છે.

અહીં કહે છે કે, સમ્યગ્દૃષ્ટિ **'स्वम्'** સ્યાદ્વાદમાં કૌશલ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્મા અનાકુળ આનંદનો કંદ છે, પ્રભુ! ધ્રુવ પણ અંતર અતીન્દ્રિય આનંદનો અપાર અપાર સ્વભાવ પડ્યો છે. એવી અંતર દૃષ્ટિમાં... દૃષ્ટિ છે અનિત્ય, દૃષ્ટિ છે ક્ષણિક, દૃષ્ટિ છે પર્યાય પણ એનો વિષય છે ધ્રુવ દ્રવ્ય. એટલે બેયના નિર્મળપણામાં સ્યાદ્વાદ સમ્યગ્દૃષ્ટિ કુશળ છે. અશુદ્ધપણું થોડું છે એ પણ એના જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– .... એનો આદર એ તો એનો એ છે. સ્વભાવનો અનાદર કર્યો માટે આ થયું છે. સ્વભાવનો આદર કરતા આ આનંદ થાય છે, અહીં વાત આ છે. આહા..! સમજાણું કાંઈ? પ્રભુ! તારી પાસે હરિ નથી વેદવા. તારો આનંદકંદ ભગવાન તો તું છો ને, પ્રભુ! ભાઈ! આહાહા..! એવી દૃષ્ટિ કર્યા વિના એને અનેકાન્તપણાનું ભાન થતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! કોને આમાં વખોડવા ને કોને આમાં આ સારા કામ કર્યા ને શુભાશુભ કર્યા એમાં. ભાઈ! વાતું બીજી છે કોઈ.

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરની ઉપસ્થિતિમાં સમવસરણમાં મોટા ઇન્દ્રો, અર્ધલોકના સ્વામી આવતા, હોં! અર્ધલોકના સ્વામી દક્ષિણાર્ધના સ્વામી, સુધર્મ ઉત્તરાર્ધનો સ્વામી ઇશાનેન્દ્ર. એની પાસે ભગવાન આમ કહેતા હતા કે, હે જીવો! હે આત્મા! એ તો

સમ્યગ્દૃષ્ટિ જીવ છે, ઇન્દ્રો સમ્યગ્દૃષ્ટિ જીવ છે. સ્વભાવસન્મુખ દૃષ્ટિ થઈ ગઈ છે. એ પણ ભગવાનની વાણી સાંભળવા જ્યાં આવે છે વારંવાર, દિવ્યધ્વનિમાં એ આવતું. આમ લોકના સ્વામી, આખા લોકના બાદશાહ! આ તો હવે ધૂળના સાધારણ રાજા-ફાજા કહે છે એ તો. પેલા તો લોકના, અર્ધલોકના ને અર્ધલોકનો આ બે બાદશાહ. જેના વૈમાનમાં અસંખ્ય દેવો મોટા. સમજાય છે? અરે...! આ નહિ, હોં! આ નહિ. અમે આ નહિ. ત્યારે (કોણ)? અમે તો અંતરમાં અતીન્દ્રિય આનંદની મૂર્તિ તે આત્મા છીએ, હોં! એવા આત્માના આદર થયા છે એને આવી ૠદ્ધિનો આદર એક અંશમાં દૃષ્ટિમાં રહ્યો નથી. સમજાણું કાંઈ?

દુનિયા સંયોગને લઈને સુખી છે એમ કહે છે, તારી દૃષ્ટિ ખોટી છે. એના સ્વભાવની દૃષ્ટિને લઈને સુખી છે, સંયોગને લઈને એ સુખી માનતા નથી ને એમ છે નહિ. આમ જ્યાં વાત આવે કે એને નિરોગતા બહુ. ત્યાં એમ થઈ જાય કે, સુખ (છે). અરે..! મૂઢ તારી દૃષ્ટિ ક્યાં ગઈ? એને આહાર નહિ, એને પાણી લેવાની જરૂર નહિ, એને તેત્રીસ તેત્રીસ સાગરોપમના આયુષ્ય. તેત્રીસ હજાર વર્ષે એને આહારની ઇચ્છા થાય ને હજાર વર્ષે શ્વાસ લે. શું કહે છે? બાપુ! એવા સંયોગોથી તું સુખનું માપ કરે છો તને દૃષ્ટિમાં ભ્રમ પડ્યો છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ જીવ છે એને ધારાવાહી ચૈતન્યની દૃષ્ટિ વર્તે છે માટે શુદ્ધનો અનુભવ (છે) માટે સુખી છે. સમજાણું કાંઈ? આહાહા..!

**‘स्याद्वाद’ ‘દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ વસ્તુના અનુભવનું કૌશલ્ય અર્થાત્ વિપરીતપણાથી રહિત - વસ્તુ જે પ્રમાણે છે તે પ્રમાણે - અંગીકાર,...’** દ્રવ્યરૂપ ધ્રુવ છે, પર્યાયરૂપે અનિત્ય છે. બેય રીતે જ્ઞાનીએ અંતરમાં આત્માને જાણ્યો છે. સમજાણું કાંઈ?

**‘सुनिश्चलसंयमाभ्यां’** જ્ઞાન કહ્યું, હવે સંયમ કહે છે, એ શું કહ્યું? **‘स्याद्वाद’ ‘कौशल्य’** એ જ્ઞાન કહ્યું. **‘सुनिश्चलसंयमाभ्यां’** હવે બીજો બોલ લે છે. સમજાય છે કાંઈ? જ્ઞાન અને સંયમ બે, ભાઈ! લેવા છે અહીંયાં. આહાહા..! કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! આમ વસ્તુ... વસ્તુ... વસ્તુ... એ અનંત... અનંત... આનંદથી છલોછલ ભરેલો આત્મા સાગર આનંદનો સાગર છે. જેના એક સમયના આનંદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો જ્યાં સડેલા તરણા ભાસે. એવું જ્યાં અંતરમાં સમ્યગ્જ્ઞાન દ્રવ્ય ને પર્યાયનું થયું છે–એક વાત.

**‘सुनिश्चलसंयमाभ्यां’** અને **‘સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ,...’** વસ્તુના અસ્તિત્વનું આવું ભાન છે કે હું દ્રવ્ય છું, શુદ્ધ આનંદ (છું). અને એની દૃષ્ટિ આદિ પર્યાય છે એ ક્ષણિક છે. એ બેયનું ભાન વર્તે છે એનું નામ જ્ઞાન. હવે એની સાથે, જુઓ! શુદ્ધ પર્યાય છે ને? એમાં અશુદ્ધ પર્યાયનો ત્યાગ એમ લેવાનું છે, ભાઈ! આહાહા..! શુદ્ધ દ્રવ્ય છે, વસ્તુ શુદ્ધ દ્રવ્ય છે, પદાર્થ છે અને શુદ્ધ દૃષ્ટિ થઈ છે, એવું શુદ્ધ યથાર્થ જ્ઞાન થયું. હવે એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાંથી અશુદ્ધ રાગાદિનો ત્યાગ થયો એનું નામ સંયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વાત પણ ભારે આ તે!

અરે..! આઠ વર્ષની દીકરીઓ, ચક્રવર્તીની દીકરી સમજતી. સમજાય છે? આત્મા એની ચીજ છે, ઘરમાં છે. ક્યાં કો'કની લેવા જાવી છે. આહાહા..! સમજાણું કાંઈ? આઠ વર્ષની દીકરી નાની, હોં! નાની.. આ જ્યાં સમજે ને જ્યાં વાત કરે તો લોકોને ઓહોહો..! સમજાણું? અને એક પાંચ વર્ષની (છોડીને) જાતિસ્મરણ વાત થઈ તો લોકોને આમ આમ થાય.. આ..હા..! આ..હા..! હવે એ તો ગ્રહીત મિથ્યાત્વમાં ધારણાના થોડા સંસ્કાર વર્તમાન ખ્યાલમાં આવ્યા એમાં એને વિસ્મય થઈ જાય છે. આહાહા..! આહાહા..! શું આહાહા..? ભાઈ! જ્યાં આમ આઠ વર્ષની બાળીકા (એને) આમ વસ્તુ (અને) આ ભાન (થયું છે). એ સહિત અહીં તો હવે સંયમ લેવો છે ને? આગળ વધીને. સમજાણું કાંઈ? આ કહે, હું 'ગીતા' છું. આ કહે, અમે આનંદમય આત્મા છીએ. સમજાય છે કાંઈ? અમારી પર્યાયમાં શાંતિ ને આનંદ છે એ અમે છીએ. રાગ ને વિકાર ને શરીર આદિ અમે નથી. આહાહા..! એ આઠ વર્ષની કન્યા પછી કદાચિત્ લગ્ન પણ કરે પણ એમાં ક્યાંય આમાં હું છું એ માનતી નથી. આહાહા..! આ તે અજર પ્યાલા છે ને ખેલના! એ રાગાદિના ભાવમાં અમે છીએ? ના. ત્યારે કેમ અહીં થાય છે? શું થાય છે? કાંઈ નથી. અમે તો રાગથી ભિન્ન છીએ. સમજાણું કાંઈ? તો આ દેહની ક્રિયા? એ તો જડની ક્રિયા છે, અમારા પર્યાયને તો અડી પણ નથી. આહાહા..! 'ભીખાભાઈ'!

કહે છે, **'सुनिश्चलसंयमाभ्यां'** ભાગ્યા, ભાગ્યા. સંતો વનમાં ચાલ્યા ગયા. આત્માના ભાન થયા, પાછા ભાગ્યા. છન્નું હજાર સ્ત્રી જંટીયા તાણતી રહી ગઈ, ચાલ્યા ગયા. અમે અમારા સ્વરૂપમાં ઠરવા માગીએ છીએ. અમે જે તત્ત્વ જાણ્યું ને માન્યું છે એમાં હવે અમે ઠરવા માગીએ છીએ. રોકશો નહિ, રોક્યા અમે રહેશું નહિ. સમજાણું કાંઈ? અને તમારે કારણે અમે નહોતા રહ્યા, હોં! અમને જરી રાગ હતો (એટલે) અટક્યા હતા. તમારી લાલચ ને તમારા મામણા શબ્દો ને લલચાવવાને કારણે અમે તમારા સંગમાં આવતા એ વાતમાં હરામ વાત છે. સમજાણું કાંઈ? અમને જરી રાગની આસક્તિ હતી એટલે આવતા. એ અમારી આસક્તિ હવે તૂટી ગઈ છે. હવે અમને લલચાવવાનો ભાવ બીજો તો નહોતો કરતો પણ જે રાગ હતો એ હવે અમારો જાય છે. સમજાણું કાંઈ? આમ સંયમ લે એનું નામ સંયમ છે. આહાહાહા..!

છ ખંડના રાજ છોડી ચાલી નીકળે છે. જુઓને! આ કેવા શું કહેવાય આ? 'લવ' ને 'કુશ'. 'રામચંદ્રજી'. જુઓને! 'લક્ષ્મણ' ગુજરી ગયા. 'રામચંદ્રજી' મોક્ષગામી જીવ છે. સમજાય છે? 'લક્ષ્મણ' ગુજરી ગયા. બે રાજકુમારો, હોં! જુવાન જોધ જેવા. ઘરે રાણીઓ અપ્સરા જેવી બેઠી છે. અરે..! આ સંસાર, આ સંસાર! કાકાના દેહ છૂટી ગયા વાસુદેવ, પિતાજીના મગજ કાકાના મડદા ઉપર ચોટ્યા. નહિ રાજ, નહિ પાટ, શું છે આ? પિતાજી અમે દીક્ષિત થશું. 'રામ' ને ભાન પણ નથી (કે) આ શું કહે છે? આમ મોઢું ફાડ્યું છે.

જુઓને! છે ને એમાં? પિતાજી અમે આત્માના સંયમમાં જશું હવે, હોં! અમને રજા આપો. પ્રભુ! ખબર નથી. ચાલી નીકળે છે. સમજાણું કાંઈ? ચાર ગતિના દુઃખથી ત્રાસેલા, એ આનંદના ધામ જ્યાં દૃષ્ટિમાં જોયા ત્યાં હવે પેસવા માગે છે.

એવો **'सुनिश्चलसंयमाभ्यां'** એટલે શું? સંયમની વ્યાખ્યા? કે, **'સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ,...'** અશુભ રાગ કે શુભ રાગ બેય, હોં! તેથી તો 'સમસ્ત' શબ્દ વાપર્યો છે. **'सुनिश्चलसंयमाभ्यां'** શુભ કે અશુભ રાગ રહિત અંદરમાં ઠરવું એનું નામ સંયમ છે. સમજાણું કાંઈ? એ લેવા નીકળ્યા. એ કાંઈ વાતું કરવા નીકળ્યા? નાગા શરીર (કરી નાખ્યા), એમ નહિ. વીતરાગ પરિણતિએ પરિણમવા નીકળ્યા છે. અરે..! પણ આ ગામમાં કેટલા ..., કેટલી સગવડતા. અરે..! અમારી સગવડતા તો અંદરમાં છે ને. કોણ એ સગવડતાને માનતું હતું? અમારો જરી રાગ હતો. અરે..! આ દશા! પિતાજીની આ દશા! કાકાની આ દશા! સંસાર આ દશા! દુનિયાથી પાગલ થઈને જાઈએ છીએ હવે. રાગ ને શુભ ને અશુભ બેયથી હટી અને સ્વરૂપમાં ઠરે છે એને **'सुनिश्चलसंयमाभ्यां'** શબ્દ વાપર્યો છે. સમજાય છે કાંઈ? એનું નામ ચારિત્ર છે ને એનું નામ સંયમ છે ને એ ચારિત્ર સાક્ષાત મોક્ષનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો પછી ખ્યાલમાં તો છે ને! એમ તો ખ્યાલમાં છે. પણ તે પેલા રાગમાં નથી, બાકી બધો ખ્યાલ તો છે ને એમ તો. સમકિતી છે ને ઇ પણ. પણ જરી ચારિત્ર મોહનો રાગ છે ને જરીક ગુલાટ ખવરાવે. દૃષ્ટિમાં નથી. ઓહો..! ભાન થયું ત્યારે (ખબર પડી કે) છોકરાઓએ સંયમ લીધો. ધન્ય અવતાર! મારે પણ એ જ કરવું છે, મારે પણ એ જ કરવું છે. સમજાય છે?

માતા-પિતા આ તો પેલામાં હતા. નહિતર તો મોટા રાણી ને રાજા હોય. માતા! રજા આપો, માતા! ભાઈ! સુખે જા, બાપા! અમને એ રસ્તો હજો, એમ બોલે પાછળ. બાપા! તારા રસ્તા તેં લીધા એ અમને હજો, હોં! (તને) તો અનુમોદન આપ્યું, બાપા! જા. ભાઈ! એ સ્મશાનના દુઃખો છોડવા સ્મશાનમાં ચાલ્યો જા. આહાહા..! અમને આ હજો, અમને આ હજો એમ કહે છે, હોં! પછી પાછળ જોતા નથી. અમને આ રસ્તો હજો. આહાહા..! એ વીતરાગના કાળ હતા, ચોથા કાળ. એ ટોળે ટોળા નીકળતા, હોં! હેં? આહાહા..!

અઢાર-અઢાર વર્ષના ભરતના પુત્રો શું નામ કીધું? 'રવિકીર્તિ' આદિ ૧૮. કેટલા હતા? ૧૦૮? ૧૦૦ રાજકુમાર, હોં! આમ ગેડી-દડે રમતા, રત્નની ગેડી, રાજકુમાર ઇન્દ્રના અવતાર જેવા! પણ ૭૨ કળાના જાણનાર, હોં! અઢાર-અઢાર વર્ષની ઉંમરના રમતા હતા. એમની માતાએ એક એક માણસ સાથે મોકલેલા. રત્નની તલવારો લઈને. અબજોની, હોં! એક એકની (કિંમત). રમવા નીકળ્યા હતા ને રમતા રમતા 'ભરત'ના આખા સેનાપતી 'જયકુમાર'

મહા વૈભીશ્વર જેનું નામ હતું. મહા એની સ્ત્રી... શું કીધું? 'સુલોચના' શું? 'સુલોચના'. એ આમ છોડીને દીક્ષિત થયા છે. માણસો નીકળ્યા (અને કહ્યું), 'જયકુમારે' ભગવાન પાસે સંયમ ધારણ કર્યો. એમ ને એમ ન્યાંથી નીકળી ગયા, એમ ને એમ, હોં! ભગવાન પાસે ચાલ્યા ગયા. ન્યાં જઈને એ તલવારો અને એ જરીના કપડા બહાર મૂકી પોલીસને (કહ્યું), માએ સોંપેલો માણસ (એને કહ્યું), બાપુ! અમે તો દીક્ષા લેવા આવ્યા છીએ. અર..ર..ર..! અત્યાર સુધી અમે શું કર્યું? ભાઈ! અમે તો દીક્ષિત થવા આવ્યા છીએ. અમે પ્રભુ પાસે પ્રભુ થવા આવ્યા છીએ. છોડીને અંદર ચાલ્યા જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કષાયની અગ્નિથી સળગેલા એ (ત્યાંથી) છૂટીને શાંતિમાં પેસવા માગે છે. એને સંયમ કહે છે, ભાઈ! જ્યાં ઠરીને હિમ થાય છે અંદરમાં વીતરાગ પરિણતિ ઉભી થાય છે. સમજાણું કાંઈ?

એવો જ્યાં, સમસ્ત રાગાદિ શબ્દ વાપર્યો ને? 'સુ' શબ્દ પડ્યો છે ને? 'સુ' એટલે બધાય. નિશ્ચળ સંયમમાં પાકો સંયમ થયો એટલે? **'સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ, - એ બંનેની સહાયતાથી.'** બેની સહાય એટલે? સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ સંયમ. આ સ્યાદ્વાદ કીધું ને? સમજાણું કાંઈ? **'વળી કેવો છે?' 'इह उपयुक्तः' 'પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સર્વ કાળ એકાગ્રપણે તલ્લીન છે.'** પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં, ભગવાનઆત્માના આનંદમાં, શુદ્ધમાં અશુદ્ધ રાગની પરિણતિને છોડીને... જુઓ! આ મુનિપણું, આ સંયમ અને આ ચારિત્ર. આહાહા..! 'ભગવાનભાઈ'! આ તો ચારિત્ર કેવું સાંભળ્યું કે, ઓહોહો..! એ **'સ્વરૂપના અનુભવમાં સર્વ કાળ એકાગ્રપણે તલ્લીન છે.'** જોયું? ભાષા કેવી છે? **'उपयुक्तः'** પોતામાં તલ્લીન છે.

એવો શુદ્ધ ઉપયોગ જામ્યો છે જેને **'વળી કેવો છે?' 'ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्रीपात्रीकृतः' 'શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે,...'** શું? જ્ઞાન. જુઓ! જ્ઞાનનો અર્થ કર્યો. જ્ઞાનનય એટલે શું? કે, શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ એ મોક્ષમાર્ગ, એ જ્ઞાનનય. સમજાણું? શું કીધું? જુઓ! અંદર છે. વાંચો તો ખરા જુઓ! એ ભાષા અર્થ તો કેવો કર્યો છે! જ્ઞાનનય ને ક્રિયાનયના અર્થ કરશે.

જ્ઞાનનય એટલે **'શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે,...'** ભગવાનઆત્માના શુદ્ધનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ (છે). એ સિવાય પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે એ બિલકુલ મોક્ષમાર્ગ નહિ. આહા..! જ્ઞાનનય એટલે શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ તે મોક્ષમાર્ગ. અને **'શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા...'** દયા, દાન, વ્રતનો વિકલ્પ **'સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે,...'** એ રાગમાં મોક્ષમાર્ગની શૂન્યતા છે. આહાહા..! કાયરના તો કાળજા કંપે એવું છે ને અંદરથી. સમજાણું કાંઈ?

કહે છે, હવે **'क्रियानय'**, આ **'क्रियानय'**. **'રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત**

**થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે તે સમસ્ત જૂઠો છે,...'** ભગવાનઆત્માનું જ્ઞાન અને રાગાદિ અશુદ્ધનો અભાવ એ વિના અનુભવ કહે કે, નાના અશુદ્ધ પરિણામ પણ એવા ને એવા રહ્યા અને આત્માનો અનુભવ થયો, તો એ જૂઠો છે. આહાહા..! સમજાણું કાંઈ? **'રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થયા વિના...'** ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાનંદ એનું જ્ઞાન નિર્મળ પર્યાય, એનાથી રાગાદિ મોક્ષમાર્ગથી શૂન્ય (છે). અને સાથે રાગનો અશુદ્ધ પરિણામ જેટલો શુભાશુભ એનો અભાવ. એ તો 'ત્યાગ' શબ્દ વાપર્યો છે એટલે કે એનો અભાવ.

એવો **'પ્રાપ્ત થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે...'** ભગવાનઆત્માની દૃષ્ટિ શુદ્ધ થઈ અને શુદ્ધનો અનુભવ થયો અને એમ કહે કે, અશુદ્ધ પરિણામનો ત્યાગ થયો નથી તો એ એને અનુભવનો ભ્રમ છે. કેમકે શુદ્ધ સ્વરૂપનો અનુભવ શુદ્ધની પર્યાયમાં અશુદ્ધતાની પર્યાયનો ત્યાગ હોયા (થયા) વિના શુદ્ધ અનુભવ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અધ્યાત્મની વાત તો એવી સૂક્ષ્મ છે અને સંવર ને સીધી અને મોક્ષના પંથને આપનારી. આહાહા..! યાહોમ કરે છે માણસો, જુઓને! દેશને માટે કેટલા યાહોમ કરે છે, લ્યો! પચ્ચીસ પચ્ચીસ વર્ષના, ત્રીસ-ત્રીસ વર્ષના યાહોમ કરે છે કે નહિ? આહાહા..! એવું નહોતું સાંભળ્યું? એક મોટો સંચો હતો. ન્યાં પડીને તોડે, મરે ત્યારે જ એ તૂટે. એવો મોટો એ હતો. છેટેથી તૂટે જ નહિ. ન્યાં જઈને તોડે તો જ તૂટે અને ન્યાં જાય એટલે મરે જ ત્યાં. ખબર છે કાંઈ? મરી જઈશ. તોય તોડીને પડ્યા આખા શરીર. અરે..! ભગવાન! આ આત્મા માટે કર્યું કોઈ દિ'? યાહોમ.. ચિદાનંદ આનંદકંદના ડુંગરમાં પડવું છે હવે.

એ તો ઠીક હવે સમજવા જેવું. આ તો વાત છે, આ તો દાખલો શું અર્પણતાની અપેક્ષાનો. સમજાય છે? વીરરસ તો એને કહીએ કે, સ્વરૂપની દૃષ્ટિ કરીને સ્વરૂપમાં ઠરે એને વીરરસ કહીએ. વીરોચિતનો અર્થ આપે છે, જુઓ! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો રસ છે. એના ભાનમાં અંદર ઠરી જાય એને વીરરસ કહે છે, બાકી બધા બાળકરસ છે. સમજાણું કાંઈ? બાપુ! 'સંસાર મોક્ષ વિપક્ષ ભોયા' સંસાર ને મોક્ષનો માર્ગ બેય વિપક્ષ–વિરોધ પક્ષવાળા છે, ક્યાંય બેનો મેળ ખાય એવો નથી. એકનો સરવાળો નિગોદ જાય છે ને એકનો સરવાળો સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, **'જ્ઞાનનય'**નો અર્થ શું કર્યો? **'શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે,...'** એવું જે જાણ્યું તે શુદ્ધ જ્ઞાનનય. એ સિવાય રાગથી બિલકુલ મોક્ષમાર્ગ નથી એમ જે જાણવું તેનું નામ જ્ઞાનનય, એમ હજી તો. એ તો પછી. આ તો હજી શુદ્ધ જીવનો અનુભવ મોક્ષમાર્ગ (છે) એમ જાણવું અને રાગથી મોક્ષમાર્ગ નહિ એમ જાણવું એનું નામ જ્ઞાનનય (છે). એનું નામ તો હજી જ્ઞાનનય કીધી. સમજાણું કાંઈ? છે ને? જુઓને! અર્થ બહુ સરસ ભર્યા છે. 'પાંડે રાજમલ જૈન ધર્મી સમયસાર નાટકનો મર્મી' આહાહા..! નામ રાખ્યા છે ને એણે!

આત્મામાં, હોં!

કહે છે જ્ઞાનનય કોને કહેવી? કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે. રાગાદિનો વિકલ્પ એનાથી વિરુદ્ધ અનુભવથી બિલકુલ (વિરુદ્ધ) રાગ એમાં બિલકુલ મોક્ષમાર્ગ નથી એવું જે જ્ઞાન તેને જ્ઞાનનય કહેવામાં આવે છે. હજી તો જ્ઞાનનય એને કીધી. પછી ન્યાંથી ખસવું ને ઠરવું એ તો વળી ક્રિયાનય આવશે.

ક્રિયાનય–પુણ્ય-પાપના અશુદ્ધ પરિણામનો અભાવ, અભાવરૂપી પ્રાપ્તિ, એના ત્યાગરૂપી પ્રાપ્ત હોવું. પુણ્ય-પાપના વિકલ્પો છે એના અભાવરૂપ પ્રાપ્ત હોવું એનું નામ ક્રિયાનય. કેમકે એના **'પ્રાપ્ત થયા વિના કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે તે સમસ્ત જૂઠો છે, અનુભવ નથી, કોઈ એવો જ અનુભવનો ભ્રમ છે,...'** આત્મા શુદ્ધ જ્ઞાનનયથી જાણ્યો એવો જ્યાં શુદ્ધનો, (પુણ્યપાપના) અભાવરૂપ પરિણમન ન હોય તો એ અનુભવ શૂન્ય છે, એ અનુભવનો ભ્રમ છે એને. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે એ જાણ્યા ભેગો એને શાંતિ ને અશુદ્ધતાનો અભાવ પરિણમવો જોઈએ. સમજાણું કાંઈ? અસ્તિપણે આખો ભગવાન આવો છે એમ જ્યાં શ્રદ્ધા-જ્ઞાનમાં અનુભવ્યો એને રાગથી પડખું છૂટીને સ્થિર થયો છે તો તેને અનુભવ કહેવામાં આવે, નહિતર અનુભવ કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે વાત, ભાઈ! જીવના મોક્ષમાર્ગનો તોલ થાય છે, માપ થાય છે, તોળાય છે. સમજાય છે?

ક્રિયાનયનો અર્થ કે, પુણ્ય-પાપના પરિણામનો ત્યાગ એનું નામ ક્રિયાનય. અંદરમાં શુભાશુભ પરિણામ, મલિન પરિણામનો ત્યાગ એનું નામ ક્રિયાનય. આ વિકલ્પ ઉઠે ને? આ દયા ને વ્રત એ ક્રિયાનય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ' કહે છે ને? એ આ.

મુમુક્ષુ :– પંચાસ્તિકાય સાથે મેળવાળું છે?

ઉત્તર :– હા, 'પંચાસ્તિકાય' સાથે મેળવાળું છે ઇ. સાધક કહ્યું છે ને. એ તો વ્યવહારનયથી વાત (કરીને) નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પંચાસ્તિકાયમાં આવે છે ને? સાધક, સાધક ને સાધ્ય એમ કહે છે. સમજાણું આમાં? એમ કે, 'પંચાસ્તિકાય'માં આવે છે ને? આ વ્યવહાર કરે ત્યારે આમ થાય. એ તો એમ તો પહોંચેલ માણસ છે ને! વ્યવહાર કરતા સમયે સમયે આમ થાય ઢીકણું ઢીકણું આમ થાય. જીકે પછી ધોતિયાને સાબુમાં લઈને જીકે, થાપ ખાય, જીકે સમજાય ને? પછાડે. ત્યારે વ્યવહારથી એમાં થાપ થાય ને પછી આમ થાય ને... એ તો એક નિમિત્ત આવું હોય એનું જ્ઞાન કરાવ્યું, ભાઈ! સમજાણું કાંઈ? જ્ઞાન પ્રધાન કથન છે ને 'પંચાસ્તિકાય'માં? આહાહા..!

કહે છે, કે ભગવાનઆત્મા જ્ઞાનનયમાં શુદ્ધપણું તે અનુભવ તે મોક્ષમાર્ગ અને રાગાદિમાં અંશમાં પણ મોક્ષમાર્ગ નહિ એવું જ્ઞાન તેને જ્ઞાનનય કહે છે. અને ક્રિયાનય એ તો ફક્ત

રાગમાં મોક્ષમાર્ગ નહિ એટલું. હવે ક્રિયાનય એ અશુદ્ધ રાગાદિના ત્યાગરૂપ પરિણમન તેને ક્રિયાનય કહે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ 'સોગનચંદજી'! આ ક્રિયા આવી. ઘંટીમાં લોટ દળવો, ન દળવો એ કે દિ' આવશે આમાં? સમજાણું કાંઈ? આહાહા..! એ તો એ શુભ વિકલ્પ હો અને થવાનું હોય તે થાય પણ એ વિકલ્પ પોતે ક્રિયાનયનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એ તો રાગાદિના અભાવરૂપ પરિણમન તેને ક્રિયાનય કહે છે. આહાહા..! અરે..! વીતરાગના માર્ગ એ નપુંસકે તો સાંભળ્યા જાય એવા નથી. વીર્ય હિનને આમ હાય.. હાય..! (થઈ જાય). અરે..! આમ (કહે છે). અરે..! સાંભળ તો ખરો!

મહા ચિદાનંદ પ્રભુ મોટો બિરાજે (છે). વિકલ્પ તો ક્યાં? એ તો તોડી નાખવાની આંગળી છે. એ તો લટકતી છઠ્ઠી આંગળીએ તોડી નાખવા માટે છે, કાપી નાખવા માટે છે. એ આત્માને મદદ કરતી હશે? અહીં તો એના અભાવરૂપ પરિણામ જે છે એનું નામ ક્રિયાનય. **'અનુભવ નથી, કોઈ એવો જ અનુભવનો ભ્રમ છે, કારણ કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ અશુદ્ધ રાગાદિ પરિણામને મટાડીને થાય છે;...'** દેખો! શુદ્ધ સ્વરૂપનો અનુભવ અશુદ્ધ રાગાદિની એકતા તૂટી, એકતા એટલે અસ્થિરતા તૂટીને **'પરિણામને મટાડીને થાય છે; – આવા છે જે જ્ઞાનનય તથા ક્રિયાનય, તેમનું છે જે પરસ્પર અત્યંત મિત્રપણું...'** લ્યો! સમજાય છે? એવા જ્ઞાનનય ને ક્રિયાનયના મેળ એને મુક્તિમાર્ગ કહે છે. વિશેષ વાત કરશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૧૦, રવિવાર તા.૦૨.૦૧.૧૯૬૬**
**કળશ - ૨૬૭, ૨૬૮. પ્રવચન - ૨૮૮**

પાનું છે ૨૪૧, નીચે છે નીચે, જુઓ! **'આવા છે જે જ્ઞાનનય તથા ક્રિયાનય, તેમનું છે જે પરસ્પર અત્યંત મિત્રપણું...'** છે? 'શાંતિભાઈ'! નીચે. એમાં શું સમજ્યા આ શબ્દમાં? **'આવા છે જે જ્ઞાનનય તથા ક્રિયાનય, તેમનું છે જે પરસ્પર અત્યંત મિત્રપણું...'** એટલે **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તે રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે, રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવ સહિત છે, એવું અત્યંત મિત્રપણું - તેનો પાત્ર થયો છે...'** હવે એનો અર્થ. આ તો શબ્દો વાંચ્યાં.

જ્ઞાનનય એટલે શું? કે, આ આત્મા જે છે શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ છે. એની પર્યાયમાં પણ વર્તમાન અવસ્થા દશા છે એ રાગ ને પુણ્ય-પાપ રહિત એની અવસ્થા (છે). ઝીણી વાત છે. અનંતકાળથી એણે આત્માની પ્રાપ્તિ કરી નથી અને કરવાની રીત પણ એણે અનંતકાળમાં વાસ્તવિક રીતે જાણી નથી.

કહે છે કે, આત્મા સ્યાદ્વાદ કૌશલ્ય. આત્મા એક સમયમાં ધ્રુવ ચૈતન્યમૂર્તિ અનંત... અનંત... ગુણનો પિંડ વસ્તુ આત્મા છે. એ દ્રવ્ય કહેવાય છે, દ્રવ્ય એટલે વસ્તુ. અને એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી જે ખ્યાલમાં આવે ચીજ એને પર્યાય કહેવાય છે. સમજાય છે કાંઈ? આ શુદ્ધ દ્રવ્ય છે એવી શ્રદ્ધા, આ શુદ્ધ દ્રવ્ય છે એવું જે જ્ઞાન અને શુદ્ધ દ્રવ્ય છે એવી જે વર્તમાન લીનતા એને પર્યાય કહેવાય છે. પર્યાય સમજાય છે? અવસ્થા. એવો આત્મા દ્રવ્યરૂપ વસ્તુ છે, છે એની વાત છે અહીં સત્તા છે અને એક સમયની અવસ્થા પણ છે. એનું વાસ્તવિક જ્ઞાન થવું એને જ્ઞાનનય કહે છે. 'વલ્લભદાસભાઈ'! આહાહા..! જગતના જ્ઞાન નહિ, શાસ્ત્રનાય જ્ઞાન નહિ. અહીં તો એ વાત છે.

વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ! આત્મા સત્ શાશ્વત એમાં જ્ઞાન ને આનંદનો ભંડાર આત્મા છે. એવું જે દ્રવ્ય છે એનું જ્ઞાન અને એની વર્તમાન પર્યાય–અવસ્થા છે એનું જ્ઞાન. 'શાંતિભાઈ'! બહુ ઝીણું છે, હોં! આ. ઝીણું પણ તરત ક્ષણમાં સમજાય એવું છે પણ દરકાર કરે તો. કહે છે કે, એવો આત્મા છો, ભાઈ! એ વસ્તુ છે ત્રિકાળ શાશ્વત રહેનારી અનંત ગુણ સ્વરૂપ અને એને પકડનારી વર્તમાન પર્યાય એટલે પરિણતિ એટલે અવસ્થા છે. એ અવસ્થા છે અને દ્રવ્ય પણ છે. ક્ષણિક અવસ્થા પણ છે અને ત્રિકાળી તત્ત્વ પણ છે. બેનું વાસ્તવિક દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન થવું એનું નામ જ્ઞાનનય કહેવામાં આવે છે અને એ જ્ઞાનનયની સાથે... જુઓ! છે ને?

જ્ઞાનનય ને ક્રિયાનય. ક્રિયાનય એટલે કે અશુદ્ધ પુણ્ય-પાપના ભાવ મેલા જે છે એનાથી રહિત આત્માની દશાનું થવું એનું નામ ક્રિયાનય સહિત કહેવામાં આવે છે. ક્યારે? અત્યારે હોં! સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્રની દશામાં. 'વલ્લભદાસભાઈ'! આહાહા..! વસ્તુ અનંત અનંત શાંતરસ ને આનંદનો કંદ આત્મા છે. જે અતીન્દ્રિય આનંદથી અને પૂર્ણ જ્ઞાનથી ખાલી નથી એવું તત્ત્વ એ છે. એનું જ્ઞાન અને તેની વર્તમાન દશા થવી, તે ત્રિકાળનું જ્ઞાન અને વર્તમાન અવસ્થા થવી, હાલત ચાલે છે એનું જ્ઞાન. એ બરાબર જ્ઞાન થવું એનું નામ જ્ઞાનનય અને તે જ કાળે પુણ્ય-પાપના અશુદ્ધ ભાવ છે એનાથી રહિત થવું એ જ્ઞાન થયું જે વર્તમાન દશામાં એ જ્ઞાન દશાના કાળમાં પુણ્ય-પાપના અશુદ્ધ મલિન પરિણામ છે એનાથી રહિત થઈને શુદ્ધરૂપે પરિણમન થવું એ ક્રિયાનય કહેવાય છે. આ જ્ઞાન ને ક્રિયાનયની બેની મૈત્રી છે. એ બે આ રીતે થાય ત્યારે એને આત્માનું કલ્યાણ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનનય તથા ક્રિયાનય, તેમનું છે જે પરસ્પર અત્યંત મિત્રપણું...'** એટલે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે. હું શુદ્ધ ચૈતન્ય છું, પવિત્ર છું એવી વર્તમાન દશામાં શુદ્ધનો અનુભવ જે છે **'તે રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે,...'** એ વિકલ્પ જે મલિન પરિણામ છે એનાથી રહિત (છે). જેમ પાણી છે એ નિર્મળ છે પણ એ પાણીને કિનારે મેલ જે માથે

જે શું કહેવાય? શેવાળ, શેવાળને દૂર કરીને નિર્મળ પાણી પીવે છે. એમ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એકલો આનંદનો દરબાર આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય શાંતિ-ચારિત્ર એવા અનંત ગુણનો ભગવાનઆત્મા દરબાર આત્મા છે. 'શશીભાઈ'! એવા આત્મદ્રવ્યનું જ્યાં સ્વસન્મુખ થઈને જ્ઞાન થયું ત્યારે તે જ્ઞાનમાં પુણ્ય-પાપના મેલ જે શેવાળ જેવા છે એનાથી અભાવરૂપે પરિણમન થયું. આના સદ્ભાવના જ્ઞાનપણે, આના અભાવપણે (પરિણમન થયું). એનું નામ જ્ઞાનનય ને ક્રિયાનયની મૈત્રી કહેવામાં આવે છે. બે થઈને આત્માના મોક્ષને સાધે છે. સમજાણું કાંઈ? કહો, 'જુગરાજજી'! આહાહા..! તો આ દેહની ક્રિયા ક્યારે સાધે આત્માને? તો આ દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ એ ક્રિયા નહિ, એમ કહે છે. એ તો પુણ્યબંધના કારણ છે. એ આત્માના અબંધ સ્વભાવનું કારણ નથી. એને નિર્ણય ન મળે. આવો કાળ અનંત કાળે મળ્યો. અહો..! સંસારમાં જન્મ વર્તમાન સંસારથી તરવા માટેનો આ અવતાર છે. સમજાય છે કાંઈ?

સંસાર એટલે આત્માની દશામાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, મલિન ભાવ એને સંસાર કહે છે. એ સંસારથી તરવાનો ઉપાય આત્મા શુદ્ધ વસ્તુ (છે). સંસાર મેલ છે વસ્તુ ત્રિકાળ નિર્મળ છે એવી શ્રદ્ધા-જ્ઞાન કરીને વર્તમાનમાં એ પુણ્ય-પાપના પરિણામથી દૂર હટી જેટલું રાગથી રહિત એનું પરિણમન થાય એ જ્ઞાનનય અને ક્રિયાનય એક સમયમાં સાથે હોય છે. 'સોભાગમલજી'! આ બધી ક્રિયા, આ દાન ને પૂજા ને ભક્તિ ને વ્રત ને એ ક્રિયા કરવાથી મોક્ષ કે દિ' થતો હશે? એ તો પુણ્ય પરિણામ છે, એ તો પુણ્યથી એને આ પાછી ધૂળ આદિ મળે. એમાં કાંઈ આત્માની શાંતિ ને ધર્મ ને મળે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એ વસ્તુનો પોતે સ્વભાવ જ શુદ્ધ ચૈતન્ય છે એની શ્રદ્ધા-જ્ઞાન કરીને તે કાળે પુણ્ય-પાપના રાગના મલિન પરિણામથી રહિત સ્વભાવ સન્મુખ થયો એટલે વિભાવથી રહિત થઈને જે સ્થિરતા થઈ એ શુદ્ધ સ્વરૂપનો અનુભવ અને રાગાદિ અશુદ્ધ પરિણતિનું મટવું. એ રાગથી, અશુદ્ધથી ખસી શુદ્ધતા તરફની નિર્મળ પરિણતિ **'તે રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવ સહિત છે,...'** અશુદ્ધ પરિણતિ ટળે નહિ અને શુદ્ધનો અનુભવ થાય એમ બે બને નહિ. શુદ્ધનો અનુભવ હોય ને અશુદ્ધ ટળ્યું ન હોય એમ બે બને નહિ. સમજાણું કાંઇ?

આ તો મોક્ષના માર્ગના ખેલની વાત છે. જેને દુઃખથી મુક્ત થવું હોય એને આ એક રીત છે. બાકી ચાર ગતિના જીવો દુઃખમાં પચ્યા છે. સમજાણું કાંઈ? શેઠ હોય, રાજા હોય, નારકી હો, ભિખારી હો કે કરોડો-અબજોપતિ શેઠિયા (હો) એ બધા પરદ્રવ્યના લક્ષે કરેલા વિકારમાં, દુઃખમાં પચી રહ્યા છે. 'શાન્તિભાઈ'! શેમાં? 'પ્રેમાભાઈ'! પૈસાથી (દુઃખી) નહિ. એ મારા ને હું એનો, એવી જે અંતર મમતાના રાગ ને દ્વેષના ભાવ એમાં દુઃખમાં પચી

રહ્યા છે. એને ભાન નથી, ભાન નથી કે, અમે દુઃખી છીએ એવી એને ખબર નથી. સમજાય છે કાંઈ?

મોટા દેવતાઓ જેના સંયોગની અનુકૂળતા એટલી કે છતાં એ સંયોગના લક્ષે... શાસ્ત્ર તો કહે છે, કે સમ્યગ્દૃષ્ટિ ધર્મી એ આત્માના અંતર દૃષ્ટિ ને અનુભવ કર્યો, રાગાદિ ઘણા ઘટાડ્યા પણ કંઈક રાગ બાકી રહી ગયો એને લઈને સ્વર્ગમાં જાય. એ સ્વર્ગમાં દેવતાના ક્લેશના દુઃખથી શેકાશે. આહાહા..! સમજાણું કાંઈ? એ દેવ સ્વર્ગના દેવોમાં એ ઇન્દ્રાણીઓનો સગવડતાનો પાર ન મળે, પણ એના લક્ષે રાગમાં શેકાશે, બળશે એ સમકિતી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પૈસાની જરૂર પડે એવું નથી ત્યાં. ધૂળ તમારી ન્યાં શું અહીં તમારે જરૂર પડે એને જરૂર નથી. ન્યાં તો બધું આમ હજાર વર્ષે આમ અમુક જાતની થાય એટલે ફટ કંઠમાંથી અમૃત ઝરે અને ક્યાંય શરીરમાં રોગ નહિ, આમ અપ્સરાઓનો પાર ન મળે દેવલોકના બધા (સંયોગોમાં)... કહે છે કે, એ ભગવાનઆત્મા તરફની જેટલી દૃષ્ટિ, સ્થિરતા નથી એટલો પર તરફનો વિકલ્પ જે ઉઠે છે એ અગ્નિના અંગારામાં શેકાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ આ રોગ છે અને એ દુઃખ (છે) એમ નથી, દુઃખની વ્યાખ્યા એ નથી. રોગ તે દુઃખ છે, નિર્ધનતા તે દુઃખ છે, વાંઢાપણું દુઃખ છે, વાંઝિયાપણું દુઃખ છે. નિરોગ તે સુખ છે, પૈસા તે સુખ છે, અનુકૂળતા સુખ (છે)... એ વ્યાખ્યા જ સુખ-દુઃખની નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના. એ વાત જ ખોટી છે અહીં કહે છે, અજ્ઞાનીએ માની છે.

મુમુક્ષુ :– કોઈને નથી?

ઉત્તર :– બિલકુલ નથી.

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન કરીને રાગ રહિત ઠરવું એ જ આનંદ અને એ જ સુખ છે, બાકી સુખ છે જ નહિ. જેટલા પરમાં, રાગમાં, પરની મીઠાશમાં પડ્યા છે, ભલે પુણ્યનો ભાવ હોય કે પાપનો હો, એ બધા આત્માના અમૃત અતીન્દ્રિય આનંદનું અમૃત એને લુંટીને શુભ ને અશુભભાવ ઉત્પન્ન થાય છે. એ શુભ ને અશુભભાવ અગ્નિના અંગારા જેમ શેકાય છે. શાસ્ત્ર તો કહે છે કે, મહા મુનિ થઈને અહીંયાં (રહેતા) હતા. આત્મજ્ઞાન મુનિપણું છઠ્ઠું ગુણસ્થાન વીતરાગતા ઘણી, પણ રાગ થોડો હજી રહી ગયો. પૂર્ણ વીતરાગ હોય તો તો કેવળ થઈ જાત પણ થોડો રાગ પુણ્યનો રહ્યો (તો) પુણ્ય બંધાય ગયા (અને) સ્વર્ગમાં અવતર્યા. અહીંના લક્ષ ન કરતાં એ તો ધાનના ઢીંગલા નથી, આ તો ધાન હોય તો શરીર રહે, નહિ તો સુકાઈ જાય બે

ઘડી ન રહે તો. એના શરીર તો હજારો સૂર્યના તેજ કરતાં વિશેષ તેજ છે. એવા દેવ પણ એ સામગ્રીના લક્ષના રાગે બળી ઉઠ્યા છે, સળગી ગયા છે. 'શાન્તિભાઈ'!

મુમુક્ષુ :– નરકની વેદના કેવી હશે?

ઉત્તર :– ઇ વેદના સંયોગની નથી. ન્યાં પણ કષાયની અગ્નિથી સળગી રહ્યા છે. સમજાણું કાંઈ? નરકની શું વાત કરવી? એની વેદના.. આ..હા..! એ તો શાસ્ત્રકાર સંયોગથી વાત કરે છે. અહીંનો પડ્યો નરકમાં અનંત વાર ગયો. જેના એક ક્ષણની વેદના (અકથ્ય છે). (અહીંના) રાજા-મહારાજા માંસને ખાનારા, દારૂ પીનારા, પરસ્ત્રીનો લંપટી જ્યારે થયો ત્યારે નરકમાં ગયો. એ ગયો ભેગો... એને શાસ્ત્ર તો એમ કહે છે, એના જે ઊપજવાના બિલ છે, આ મધપૂડા જેવા (હોય છે) એમાં ઊપજે. ત્યાં હજારો તીખાશ શસ્ત્રમાં અંદર ઊપજે. ઊપજે ત્યાંથી ભાગે અંદરથી. હેઠે પડે ને ફડાક.. (ઉછળે). હાય.. હાય.. આ શું? સમજાય છે કાંઈ? છત્રીસ પ્રકારના તીખા શસ્ત્રો હેઠે હોય ત્યાં ઉપરથી પડે. હજી જન્મે ત્યાં. અહીં હજી રાજાનું મડદુ ન કાઢ્યું હોય. સમજાણું કાંઈ? આહા..!

પછી એક એક અંગે કાળા ઠાકોરીયા વીંછી હજારો આમ ચારેકોરથી ચોંટે. વીંછી-વીંછી જેનો એક વીંછીનો ડંખ રાડ નખાવે એવા હજારો ચોંટે આખા (શરીરે). હાય.. આ.. એમ કરે. સમજાય છે કાંઈ? અરે..! ભાઈ! એણે ક્યાં ગયા ભવમાં શું હતું જોયું છે કે દિ'? સમજાણું કાંઈ? અનંત ભવ કર્યા. એને ભવમાં ક્યાંય આત્માના ભાન વિના બધે દુઃખી થયો છે. આહાહા..! એમાં અંદર જમડા આવી મારે. લોઢાના મોટા ધગધગતા (હથિયાર લાવે). ઓલા વીંછી કરડતા હોય (અને આ) જીભ ખેંચે, ટાંગાના કટકા કરે, બાળે, ચુલામાં શેકે પણ એ પાછા શરીરના કટકા ભેગા થઈ જાય. આયુષ્ય જે બંધાણું છે એનું ઓછું થાય નહિ. થોડામાં થોડું નાનું પાપ કર્યું હોય તો દસ હજાર વર્ષે જાય. દસ હજાર વર્ષથી ઓછી સ્થિતિ નહિ નરકની. અને જાજું જાય તો એક સાગરોપમ (જાય). અસંખ્યાતા અબજ વર્ષનો એક પલ્યોપમ, અસંખ્યાતા અબજ વર્ષનો એક પલ્યોપમ, એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ એટલો કાળ ત્યાં પહેલી નરકે રહે. નીચે સાત નરક (છે) ત્યાં અનંતવાર રહ્યો છે. ભાન ન મળે. અનાદિનો છે એ રહ્યો ક્યાં પણ? મોક્ષ થયો હતો? જે ચણ્યો બળે એ ફરીને ઊગે? એમ આત્માની દશા મોક્ષ થઈ હોય એ ફરીને અવતરે? ચાર ગતિમાં નરકના દુઃખો, ઢોરના દુઃખો, વીંછી આમ કરડે, મારી નાખે, ઢોરને જુઓને કાપે, ચીરે. મનુષ્યપણામાં એવા દુઃખો, દેવમાં પણ દુઃખો, બધે દુઃખ જ છે. સમજ્યા?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ધૂળમાંય નથી મનુષ્ય, કોણ કહે છે મનુષ્ય પણ શું છે? એ તો વાત કરી. જેટલો આમ પર ઉપરનો વિકલ્પ ઉઠે; નિર્વિકલ્પ આત્માની તો ખબર નથી, એને આમ જ્યાં પર ઉપર (નજર જાય છે તો) આ મને મળ્યું, આ મને મળ્યું, આ મને ગયું, આ

થયું. એ બધા વિકલ્પો રાગ ને વિકાર ને અગ્નિ છે. સમજાય છે કાંઈ? શું હશે આ? 'વલ્લભભાઈ'! એને ખબર નથી. આ બાજુ એક આનંદનો ધામ પડ્યો છે પ્રભુ. એ આનંદનું ધામ આત્મા એની ખબરું વિના એ આમ ઝાપટ મારે છે જ્યાં હોય ત્યાં. એ શુભ ને અશુભ વિકલ્પ, રાગ એ બધા વિકાર ને કષાયની અગ્નિ છે. સમજાણું કાંઈ? એ હરખ સનેપાતીયા દુઃખી છે ને દાંત કાઢે છે. દાંત નથી કાઢતા? (એ) સુખી છે? જોડેવાળા (જોવે છે કે), અરે..! બે કલાકે કે ત્રણ કલાકે ઠરી જશે. સમજાણું? બત્રીસ વર્ષનો જુવાન. અમે તો ન્યાં લીમડે હતા ને અંદરમાં સનેપાત થયેલો. વાણિયાનો છોકરો, જુવાન પરણેલો અને રાત્રે ઝાલ્યો રહે નહિ. બહાર અમે લીમડે તાકડે ગયેલા. ઝાલ્યો રહે નહિ અને દાંત કાઢે. હાય.. હાય..! સવાર નહિ પડે હવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ડૉક્ટર ન મળ્યા.

ઉત્તર :– હવે ડૉકટર શું હાલ નાખતા હતા? આ ડૉકટર બેઠા. એને ઇન્જેકશન નાખ્યું તો ઉં..ઉં.. ઉં થઈ ગયું, ફટ દઈને. ડૉકટર પોતે એં..એં... થઈ જાય. મોટો સર્જન ડૉકટર અહીં 'ભાવનગર'નો વૈધ સર્જન. બીજાને કાંઈક દેવા ગયો આમ (અને કહ્યું), મને કાંઈક થાય છે. ઓપરેશન કરતાં (કહે), મને કાંઈ થાય છે. આમ થઈ ગયું... ખલાસ..! એની સ્થિતિ દેહની સંયોગી સ્થિતિ (છે). આ ક્યાં સ્વભાવ વસ્તુ છે એની? સ્થિતિ લઈને આવ્યો સ્થિતિ પૂરી થઈ ફડાક ગાદલા છૂટી ગયા. એવા અનંતવાર છૂટ્યા, એમાં નવાઈ શું હતી પણ? આહાહા..! એને નથી સંયોગની ચીજની ખબર, સંયોગને લક્ષે થતાં વિકારોના દુઃખની ખબર, એને વિકાર વિનાની ચીજ કોણ છું એની તો ખબર શેની જ હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ત્યાં મુદત છે ને! આ બાજુ કાઢે તો મુદત હટી જાય. એના માટે તો આ વાત માંડી છે. જ્યાં જ્યાં પૈસા, લક્ષ્મી, આબરુ, કીર્તિ, શરીર, માંસ, હાડકા, મકાન ધૂળ બધી માટી, ઝેર માટી. એના ઉપર લક્ષ કરીને જ્યાં પોતે છે એની નજર કરતો નથી. જ્યાં પોતે નથી ત્યાં પોતાની નજર કરી થંભાવી છે એ દુઃખની દશા છે. સમજાણું કાંઈ? એ દુઃખને ટાળવું હોય તો કહે છે કે, આ ઉપાય ભગવાન બતાવે છે. સમજાણું કાંઈ? દુઃખ તો અનંતકાળથી ભોગવી જ રહ્યો છે. કોણ કહે છે જગતમાં સુખી છે? સમજાણું કાંઈ? અબજોપતિ, કરોડોપતિ, રાજા, શેઠિયા દુઃખી.. દુઃખી.. દુઃખી.. હાય.. હાય..! અરે..! મારું શું થશે? છેલ્લે એમ થઈ જાય, હાય.. હાય.. શું થશે? એક જણો વાણિયો ડાહ્યો હતો, મરવા પડ્યો ને કાંઈ કર્યું નહિ. જોવા બધા જાય તો આંખમાંથી આંસુ (ચાલ્યા જાય), રોવે. ખબર પડી કે હવે થઈ રહ્યું, જાશું ક્યાં? હાય.. હાય..! જિંદગીમાં ડાહ્યા કહેવાણા ને અને ડાહ્યાને લઈને ગામમાં વખત ગાળ્યો. જ્યાં હોય ત્યાં બેસવા આવો, આવો બેસવા. શું કહેવાય તમારે આ મરી જાય ત્યારે બેસાડવામાં? બેસણું, એમાં બેસણામાં બધે લઈ ગયા હતા બધેય.

તમારી સભામાં કામ છે. બેસણા છે બધાય. મરી ગયો પણ એને પરના લક્ષના રાગના હરખે મરી ગયો, સળગી ગયો, કહે છે. સમજાય છે કાંઈ?

જો ભાઈ! તને સુખ જોતું હોય તો આ દુઃખને મૂકવાનો ઉપાય એક છે. આ વસ્તુ ભગવાનઆત્મા છે એ તો આનંદ સ્વરૂપ છે ને પ્રભુ! એ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ જ તે આત્મા છે, નિત્યાનંદ પ્રભુ છે. એનું અંતર જ્ઞાન કર... જ્ઞાન કર... જ્ઞાન કર... એ વિના તને કોઈ દિ' દુઃખ ટળશે નહિ. અને જ્ઞાન કાળે રાગના અભાવરૂપ પરિણમન કર એ જ આત્માને મુક્તિ અને સુખનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ એમ શ્રદ્ધા કર. સમજાણું કાંઈ? એ ક્રિયાનય અને જ્ઞાનનય.

આ ધર્મને બહાને મરી ગયા છે એમ ને એમ. ધર્મને બહાને આ દયાઓ પાળી ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજા કરી એ તો રાગ છે, એ રાગ પુણ્ય છે, ધર્મ નહિ. એ તો પાપથી બચવા માટે જ્યારે ભાવ ન હોય તો એવો ભાવ હોય છે. એ દુઃખરૂપ છે. એ કષાયનો કણ છે, એ આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ ભગવાનઆત્મા પુણ્ય ને પાપના રાગ વિનાની ચીજ છે એની દૃષ્ટિ ને જ્ઞાન કરીને આમ જ્ઞાન ને દૃષ્ટિ કરી એટલે રાગથી હટ્યો. એવો અનુભવ એ અશુદ્ધ રાગના નાશ વિના ન હોય અને પોતાનો અનુભવ અશુદ્ધ રાગ ટળ્યા વિના હોય નહિ. અશુદ્ધ રાગ ટળ્યા વિના અનુભવ નહિ અને અનુભવ વિના અશુદ્ધ રાગ ટળે નહિ. સમજાણું કાંઈ? આ 'જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ'. લ્યો! આ જ્ઞાન ને ક્રિયા. આહાહા..! ભારે આકરી વાત.

મુમુક્ષુ :– આત્માનું જ્ઞાન અને શરીરની ક્રિયા.

ઉત્તર :– શરીરની ક્રિયા? રાગની ક્રિયા નહિ, શરીર તો ધૂળ છે, આ તો ક્યાં ગઈ? આહાહા..! અરે..! એ તો (સંવત) ૧૯૯૦ ની સાલમાં મેં વાત કરી હતી 'ગુલાબચંદજી' હતા ને? આ 'રતનચંદજી'ના ગુરુ હતા ને? 'ગુલાબચંદજી' હતા. પછી 'ચોટીલા' મળ્યા હતા ને! હજી તો ૧૯૯૦ માં ભેગા હતા ને? કોઈ દિ' ઉતરતા નહિ. (એ વખતે) ભેગા ઉતર્યા. મેં ખાનગી વાત કરી. કીધું, જ્ઞાનક્રિયા એટલે શું ખબર છે? આત્માનું જ્ઞાન ને રાગનું ટળવું એનું નામ જ્ઞાનક્રિયા. વાત સાચી લાગે છે. એમ કીધું ભાઈ! હોં! વાત સાચી પણ આ કોઈ કહેતું નથી, કોઈ ન કહે એટલે શું કાંઈ વસ્તુ ફરી જાય? કીધું.

આ 'રતનચંદ'ના ગુરુ નહોતા? 'ગુલાબચંદજી' ને 'વિરજી' બે હતા. ૧૯૯૦ માં જ્યારે ચોમાસુ જવાનું હતું. 'રાજકોટ'. ત્યારે મળ્યા. ત્યારે બહુ આદર કર્યો હતો. આમ ખાનગી વાત કરી હતી મૂર્તિની વાત કરી હતી. શાસ્ત્રમાં મૂર્તિ છે, કીધું. આ મૂર્તિ ઉથાપી છે. વાત સાચી લાગે છે. અમે એમ જાણીએ છીએ કે, મૂર્તિ છે, એમ કહેતા. સમજાણું? પણ જાવું ક્યાં? શું કરે? પચાસ-પચાસ વર્ષ જ્યાં મુંડાણા હોય એમાં એક વાત ફેરવે તો કહે શું થઈ ગયું? મહારાજ એ..ઇ..! 'શાન્તિભાઈ'! મારે આ બે વાત થઈ હતી, હોં! ૧૯૯૦

ની સાલમાં જ્યારે 'સદર' માં ચોમાસુ જાવું હતું. તમે હતા ને? 'કેવળચંદજી' હમણાં ગુજરી ગયા બિચારા, હોં! એ 'રૂપચંદજી' હતા ને 'કેવળચંદજી' હતા. જુવાન હતો તે દિ'. બત્રીસ વર્ષ થઈ ગયા ને? 'કેવળચંદ' જુવાન હતો. 'કચ્છ' માં ગુજરી ગયા. તે દિ' વાત થઈ હતી. કીધું, જુઓ! માર્ગ આવો છે. પણ શું કરે? ક્યાં જાવું ક્યાં? પચાસ-પચાસ વર્ષ પ્રરૂપણા કરી મનાવ્યા, માન્યા. ગુરુપણા માન્યા હોય. નીકળી વાત બીજી. 'શાન્તિભાઈ'!

આમાં બીજા દેવલા તો નથી કામ કરતાં, એમ કહે છે. પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતાનો ભાવ પણ શુભરાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની માન્યતાનો ભાવ તો મિથ્યાત્વ ને તીવ્ર રાગ છે. એ તો મહાપાપ ને દુઃખરૂપ છે પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી, આવ્યા વિના રહેતો નથી. એવો શુભરાગ પણ પુણ્યભાવ છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે, ધર્મ એને કહીએ... અરે..! એક વાર એને સાંભળ. એને પચાસ હજાર કે લાખની પેદાશનું કોઈ કહે તો એને સડકો નાખીને સાંભળે. ક્યાં (મળે છે)? ધૂળમાં હવે શું છે? સાંભળને હવે. કેમ 'પ્રેમાભાઈ'! એના છોકરાને જુઓને કરોડો રૂપિયા છે. બે-અઢી કરોડ. 'પુનમચંદ' આહા..! બધા બોલાવે. હવે ન્યાં હકમાં ધૂળમાંય નથી. જ્યારે પેલું લોહી ચડે છે, શું કહેવાય એ? બ્લડપ્રેશર. એં..એં.. થઈ જાય. પણ હવે બ્લડપ્રેશર જ ચડ્યું છે સદાય. સુખ ક્યાં ન્યાં એકે સમયમાં છે? એનો બાપ મળવા જાય તોપણ નવરા નથી ત્યાં. બેસો બાપા! હમણાં અમારે ઘણા કામ છે. દુઃખી... દુઃખી... દુઃખી... છે. રાગ ને દ્વેષ, વિકલ્પ, પુણ્ય ને પાપના ભાવ. પુણ્ય તો કો'ક દિ' કરતો હશે, બાકી તો પાપ આખો દિ'. આહાહા..! અરે..! આત્મા! ભાઈ! (તને) આવો અવતાર મળ્યો, બાપુ! આ દુઃખમાંથી નીકળવાના, ભવભ્રમણ ટાળવાના અવતાર મળ્યા. એ સમયે તારી જ્ઞાનની કળા નહિ સમજ તો કે દિ' સમજીશ? સમજાય છે કાંઈ? મરી ગયો. એ વખતે એમ થયું છે કે, આહા..! અરે..! અહીંથી ક્યાંક જાઉં ને હવે ક્યાંક રસ્તો નીકળે ને તો કરું, હોં! જ્યારે નીકળવાના ટાણા આવ્યા તો ન્યાં ને ન્યાં ગરી ગયો પાછો.

(અહીંયાં) કહે છે, '**રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવ સહિત છે, એવું અત્યંત મિત્રપણું...**' ભગવાનઆત્મા..! ભલે શરીર હો, અરે..! કેટલો રાગ પણ હોય પણ અંતરના સ્વભાવની દૃષ્ટિ કરીને રાગથી પૃથક થઈને આત્માનો અનુભવ કરવો એ જ આનંદદાયક અને આનંદનું કારણ, પૂર્ણ આનંદનું કારણ છે. કહો, સમજાણું આમાં? '**તેનો પાત્ર થયો છે...**' લ્યો! એનું નામ એ પાત્ર થયો, લાયક થયો, મોક્ષને માટે હવે પાત્ર થયો.

'**જ્ઞાનનય-ક્રિયાનયનું એક સ્થાનક છે.**' ભગવાનઆત્મા પોતાના તરફના લક્ષે જે જ્ઞાન થયું અને રાગના લક્ષ છૂટ્યા ને અસ્થિરતા ટળી એવો જે જ્ઞાન અને શુદ્ધતાનો માર્ગ તે જ્ઞાન ને ક્રિયાનયનું એક સ્થાનક છે. એ બેનું એક સ્થાનક છે એમ કહે છે. જ્ઞાનનય-

ક્રિયાનયનું એક સ્થાનક છે એમ કહે છે. બે નહિ. એ જ્ઞાન સ્વરૂપનું જાણવું અને રાગનું-અસ્થિરતાનું ટળવું, બે થઈને એક સ્થાનક છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે બંને નયોના અર્થ સહિત બિરાજમાન છે.'** અહો..! સંસારમાં રહ્યા છતાં બહારમાં દેખાય, છ ખંડના રાજ દેખાય. એ 'ભરત' ચક્રવર્તી આદિ કે ઇન્દ્રો આદિ અંતરમાં દૃષ્ટિમાં આત્મા છે. અમે આત્મા છીએ, અમે આત્મા છીએ, અમે શુદ્ધ ચૈતન્ય છીએ, હોં! આ રાજ અમારા નહિ, આ છન્નું હજાર ઇન્દ્રાણી, દેવીઓ અમારી નહિ, હોં! અમે એના નહિ ને એ અમારા નહિ. સમજાણું કાંઈ? આ દેહ જડનો છે, અમારામાં નહિ, રાજમાં પડ્યા એની દૃષ્ટિ ફરી ગઈ. 'જુગરાજજી'! આહાહા..!

આમ રાજકુંવર, હોં! રાજકુંવર. અમે અમારા સ્વરૂપની સાધન દૃષ્ટિમાં છીએ. આ શરીર, વાણી, મન તો અમારા ત્રણકાળમાં નથી. અમારા હોય એ જુદા કેમ પડે? અને જુદા એ અમારા કેમ હોય? અને પુણ્ય ને પાપના ભાવ પણ અમારી કાયમની ચીજ નથી. એ નવી કરેલી છે, એ નવું કરેલું એ અમારું સ્વરૂપ નહિ. એ રાગ-દ્વેષ અમારા હોય તો ટળે નહિ અને અમારા જો નથી તો એ અમારા સ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? અરે..! આઠ આઠ વર્ષની દીકરીઓ આવું સમજતી. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ?

આત્મભાન. આ તો એક સાધારણ એક જાતિસ્મરણ થયું તો લોકો કેટલા જોવા નીકળતા! આપણા 'વજુભાઈ'ના દીકરાની દીકરી. અહીં આવી હતી ને? પાંચ વર્ષની. કહે, 'જુનાગઢ'ની છું, 'ગીતા' છું. ત્યાં તો લોકો જાણે કે, આહાહા..! હું આ રહ્યો. 'ગીતા' ક્યાં છે? કીધું. આ રહ્યો. ન્યાં 'ગીતા' એના શરીરને તો બાળી મુક્યું. હજી તો ભાન વિના, હોં! આ જ્ઞાન વિના. એક જાતિ ફક્ત ભવની. ત્યાં હું 'ગીતા' હતી, 'ગીતા'ની બા કહેતી કે, તને ઓરી થયા હતા. 'ગીતા'ની બા કહેતી. મને એમ ખબર છે કે, હું તાવમાં મરી ગઈ છું. એમ બોલતી હું તાવમાં મરી ગઈ. 'ગીતા'ની બા કહેતા કે, ઓરી થયા હતા, એમ બોલતા.

અહીં તો 'રાજુલ' નામ થઈ ને? અહીં આવી હતી. આઠ દિ' રહી હતી. સમજાણું કાંઈ? હવે આ તો એક ભવની સાધારણ વાત (થઈ). આ ભગવાનઆત્મા જે એવા અનંતા ભવને ભૂલીને પોતાનો સ્વભાવ શું છે એની જાતને જાણે, એની સાચી જાત (જાણે) એ સાચું જાતિસ્મરણ કહેવાય. સમજાણું કાંઈ? એવા તો અનંતા અવતાર કર્યા. લ્યો! તીથીએ તીથી મળી રહી, હોં! ન્યાં પાછી જે વખતે મરી ગઈ હતી (સંવત) ૧૯૧૬ની સાલમાં, મ્યુનસીપાલિટીમાં જોયું. 'ગીતા ગોકુળદાસ' અહીં નવ મહિના ને સત્તર દિ' એ અહીં જન્મી. ન્યાં માતાના પેટમાં. તરત અઢી વર્ષે યાદ આવ્યું. અઢી વર્ષે, ન્યાં અઢી વર્ષે મરી ગઈ. અઢી વર્ષે કહે, હું 'ગીતા' છું. ફઈબા હું 'ગીતા' છું, ફઈબા તમારા જેવા મારી બા ત્યાં છે. છોકરું કરીને કાઢી નાખ્યું. પછી આ ફેરી જઈને નક્કી (કર્યું).

અમારા 'હિંમતભાઈ' આ રહ્યા, જુઓ! 'હિંમતભાઈ'એ બધી વાત (નક્કી કરી). આ

તો હોશિયાર માણસને! એ તો એની ત્યાં સુધી પરીક્ષા કરી કે, ત્યાં તું જઈશ તો તું તારી બાને ઓળખીશ? તારા બાપુને ઓળખીશ? તારા કાકાને ઓળખીશ? તું ત્યાં 'ગીતા'ને ઓળખીશ? 'ગીતા'ને ઓળખીશ શું કહો છો? 'ગીતા' તો હું છું. 'શાન્તિભાઈ'! આ પંડિતજીએ એવું પૂછ્યું. તું ત્યાં તારા પપ્પાને ઓળખીશ? તારી બા ને? તારા કાકાને? તારી દુકાનને? હા. 'ગીતા'ને ત્યાં ઓળખીશ? 'ગીતા'ને ઓળખીશ શું કહો છો? 'ગીતા' તો હું છું. ન્યાં ક્યાં ગીતા હતી તે હવે ઓળખું. કહો, સમજાણું કાંઈ? પાંચ વર્ષે જવાબ આપ્યો, ફડાક! એમ નહિ કે, એં.. એં.. કરતા (જવાબ આપ્યો). એટલું તો એક સાધારણ ભવનું (જાતિસ્મરણ). અહીં 'જુનાગઢ'ની લુહાણાની દીકરી. અહીં 'વજુભાઈ'ના દીકરાની દીકરી થઈ, લ્યો! બેય બાજુના આપણા મુમુક્ષુઓ છે. એની મા પણ 'વિંછિયા'ની છે. 'મણીલાલ માણેકલાલ'. બેય અહીંના મુમુક્ષુ છે ને! કહો, સમજાણું? આવું તો એક સાધારણ અજ્ઞાનમાં મિથ્યાત્વમાં (થાય છે). સમજાય છે? વૈષ્ણવમાંથી આવી છે, મિથ્યાદૃષ્ટિ છે. ન્યાં તો છોડી હતી ને અહીં છોડી થઈ છે. માયાનો ભાગ ભેગો હતો ત્યારે સ્ત્રી થાય, છોડી થાય નહિતર થાય નહિ. છતાં એને અઢી વર્ષે યાદ આવી ગયું. હું અહીં હતી. આ આત્માની સાધારણ ભવની આટલી ખબર પડે છે એ કાંઈ જન્મ-મરણને ટાળવાનું જ્ઞાન નથી, એ કાંઈ ધર્મનું જ્ઞાન નથી. આહાહા..!

ઉત્તર :– પણ આસ્તિત કરે એને આસ્થા થાય. પણ આસ્થા થાય એમાં કાંઈ ધર્મ થયો? ધર્મ તો આત્મા અખંડાનંદ ત્રિકાળ એ હું છું. આ રખડવાના વિકારમાં પણ હું તો એવો ને એવો ત્રિકાળ શુદ્ધ રહ્યો છું. સમજાણું કાંઈ?

આમ પ્રત્યક્ષ દેખે છે કે, આ ભવ છે અહીંથી આવે છે, અહીંથી જાય છે આ બધું. 'શાન્તિભાઈ'! આંખો મીંચીને મંડ્યો છે એ તો. ક્યાં ગયા 'કાન્તિભાઈ'? આહા..! ભાઈ! તું તો સત્ શાશ્વત વસ્તુ છો. એ કાંઈ આટલા સંયોગમાં આવ્યો એટલો તું નથી. આવા તો અનંતવાર શરીર આવ્યા ને ગયા. અનંતવાર નરકના, ઢોરના, કીડીના, કાગડાના, કુતરાના, દેવના, શેઠિયાના ને રાજાના અનંતવાર આવ્યા ને ગયા પણ તારી ચીજ તો એનાથી તદ્દન જુદી છે. એવા આત્માને ઓળખી અને અંદરમાં રાગ-દ્વેષના વિકારી ભાવને પણ એમાંથી ખસેડી અને સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ કરવો આ એક જ મુક્તિ અને ધર્મનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? એ ૨૬૮ (શ્લોક પૂરો થયો). ચોથો શ્લોક હતો ને?

( વસન્તતિલકા )

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।५-२६८।।

ખંડાન્વય સહિત અર્થ :– 'तस्य एव आत्मा उदयति' ( तस्य ) પૂર્વોક્ત જીવને ( एव ) અવશ્ય ( आत्मा ) જીવપદાર્થ ( उदयति ) સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે, અનંતચતુષ્ટયરૂપ થાય છે. વળી કેવો પ્રગટ થાય છે? 'अचलार्चि' સર્વ કાળ એકરૂપ છે કેવળજ્ઞાન-કેવળદર્શન તેજપુંજ જેનો એવો છે. વળી કેવો છે? 'चित्पिण्डचण्डिमविलासि-विकासहासः' ( चित्पिण्ड ) જ્ઞાનપુંજના ( चण्डिम ) પ્રતાપની ( विलासि ) એકરૂપ પરિણતિ એવું જે ( विकास ) પ્રકાશસ્વરૂપ તેનું ( हासः ) નિધાન છે. વળી કેવો છે? 'शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः' ( शुद्धप्रकाश ) રાગાદિ અશુદ્ધ પરિણતિ મટાડીને થયેલો જે શુદ્ધત્વરૂપ પરિણામ તેની ( भर ) વારંવાર જે શુદ્ધત્વરૂપ પરિણતિ, તેનાથી ( निर्भर ) થયો છે ( सुप्रभातः ) સાક્ષાત્ ઉદ્યોત જેમાં, એવો છે. ભાવાર્થ આમ છે કે જેમ રાત્રિસંબંધી અંધકાર મટતાં દિવસ ઉદ્યોતસ્વરૂપ પ્રગટ થાય છે, તેમ મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ મટાડીને શુદ્ધત્વપરિણામે બિરાજમાન જીવદ્રવ્ય પ્રગટ થાય છે. વળી કેવો છે? 'आनन्दसुस्थितसदास्खलितैकरूपः' ( आनंद ) દ્રવ્યના પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે ( सुस्थित ) જે આકુળતાથી રહિતપણું, તેનાથી ( सदा ) સર્વ કાળ ( अस्खलित ) અમિટ (-અટળ) છે ( एकरूपः ) તદ્રૂપ સર્વસ્વ જેનું, એવો છે. ૫-૨૬૮.

---

સુપ્રભાત. બેસતા વર્ષને દિવસે આ ઘણીવાર વાંચીએ છીએ.

( વસન્તતિલકા )

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।५-२६८।।

બે વાત છે. સમ્યગ્દર્શનની પણ આમાં વાત છે અને કેવળજ્ઞાનની બેય વાત છે. બેય છે. 'સમયસાર નાટક' આમાં સમ્યગ્દર્શનથી ઉતાર્યું છે. 'સમયસાર નાટક'માં આમાં સમ્યગ્દર્શન

ઉતાર્યું છે. પેલામાં ચતુષ્ટય લખ્યું છે. સમજાણું કાંઈ? 'બનારસીદાસે' આ શ્લોકને સમ્યગ્દર્શનમાં જ ઉતાર્યું છે. **'चित्पिण्ड'** છે ને? **'चित्पिण्ड'** જુઓ! સમ્યક્ત્વની મહિમા. એમ જ ઉતાર્યું છે. આ શ્લોકનો અર્થ (એમ જ કર્યો છે).

**'જાકે ઘટ અંતર મિથ્યાત્વ અંધકાર ગયૌ'** જેના ઘટમાં રાગ ને પુણ્ય ને શરીર હું એવો મિથ્યાત્વ ટળી ગયો અને હું જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છું એવો સમ્યગ્દર્શન સૂર્ય ઉગ્યો. એને સુપ્રભાત ઉગ્યો એને પરોઢીયું, પરોઢીયું થયું હવે. આહાહા..! નવું વર્ષ બેઠું હવે એને મોક્ષની શરૂઆત થઈ, એનું નામ નવું વર્ષ બેઠું. **'જાકે ઘટ અંતર મિથ્યાત્વ અંધકાર ગયૌ, ભયૌ પરગાસ સુદ્ધ સમકિત ભાન કૌ'** અંદર આત્મા ચૈતન્યનું નૂર–ચૈતન્યસૂર્ય છે, ચૈતન્યનો સૂર્ય ભગવાન છે. એમ અંતરમાં ભાન થયા તે શુદ્ધ સમકિત ભાનુ ઉગ્યો, સૂર્ય ઉગ્યો. શુદ્ધ સમકિતરૂપી સૂર્ય ઉગ્યો. સમજાણું કાંઈ?

લોકોય નથી કહેતા? આ તમારે લગન-બગન થાય ત્યારે. 'સોના સામો રે સૂરજ ઉગ્યો' એમ નથી કહેતા? ધૂળમાંય નથી સોનું. છે તો સૂર્ય એનો એ છે. અજ્ઞાનમાં હરખના ગાણામાં હરખ-સનેપાતમાં બધા બોલી રહ્યા છે. બરાબર હશે? હરખ-સનેપાતનો બાપ છે ન્યાં. લાખ, બે લાખ ખરચવા હોય ને હરખાયનો છોકરો હોય એકનો એક હોય ને સાંઈઠ વર્ષે થયો હોય ને એમાંય પાછા લગન એના હોય ને પોતાની એંશી વર્ષની ઉંમર ને એની વીસ વર્ષની અને સારે ઘરે આવ્યો હોય તો બે, પાંચ કરોડની કન્યા, જોઈ લ્યો! એ તો હું પહોળો ને શેરી સાંકડી. 'શાન્તિભાઈ'! કહે છે, એ એના સૂર્ય એ ટાણે આથમી ગયા છે. શેના હરખ તને થાય છે? શેના હરખ આવ્યા તને?

આ તો આત્મા અંદરમાં શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનું ભાન (થયું તો) હરખ સૂર્ય ઉગ્યો, કહે છે. ભાનુપ્રકાશ થયો. ચૈતન્ય સૂર્ય આત્મા છે. શરીર, વાણી, મન રહિત છે. પુણ્ય-પાપના મેલના ભાવથી પણ (ભિન્ન છે) એવું ભાન (થયું). **'જાકી મોહનિંદ્રા ઘટી'** એ મોહનીની રાત નિંદ્રા ઘટી ગઈ, **'મમતા પલક ફટી'** આંખો આમ ફાટી, મમતાની પલક ફાટી ગઈ. **'જાન્યૌ જિન મરમ'** જેણે પોતાનો **'મરમ અવાચી ભગવાનકૌ'** ભગવાનઆત્માનો મર્મ જાણ્યો. આ તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ જ છે એવું સમ્યગ્દર્શન જ્યાં ભાન થયું. **'જાકૌ ગ્યાન તેજ બગ્યૌ'** જેનું જ્ઞાન તેજ અંદર જણાણું, વધ્યું.

**'ઉદ્દિમ ઉદાર જગ્યૌ'** વીર્ય જાગ્યું. ચારેય આમાં ઉતાર્યા છે. **'લગૌ સુખ પોખ'** હવે આત્માના આનંદનું પોષણ કરવા લાગ્યો. શ્રદ્ધા આત્માની થઈ કે, હું તો આનંદ છું. એમાં સ્થિરતા કરવા લાગ્યો. **'લગૌ સુખ પોખ સમરસ સુધા પાનકૌ'** આત્માના નિર્વિકલ્પ આનંદના પાન કરવા લાગ્યો. **'તાહી સુવિચ્છનકૌ સંસાર નિકટ આયૌ'** એવા સમકિતી વિચિક્ષણ જીવ, એને વિચિક્ષણ કહીએ, એને ડાહ્યા કહીએ બાકી બધાને પાગલ કહીએ. 'શાન્તિભાઈ'! એ બધા વકીલાતના ભણેલા ને બધા આ શું કહેવાય તમારા? ભણતરની કળાઓ ને સોના-

પન્ના-હીરા-માણેકની કળાઓ ને એ બધા પાગલ છે. આહાહા..!

મુમુક્ષુ :– પાગલની સલાહ લેવા માણસ આવતા હશે?

ઉત્તર :– પાગલની સલાહ ગાંડામાં ગાંડા ન આવે તો કોણ આવે? ગાંડાની ઇસ્તિપાલમાં ગાંડા જ બધા ભેગા થયા હોય. સમજાણું કાંઈ? શું હશે આમાં? 'બાલચંદભાઈ'! ઇ ભાઈ હોશિયાર માણસ કહેવાય છે, જુઓ! એના ઘરમાં.

**'લગૌ સુખ પોખ સમરસ સુધા પાનકૌ. તાહી સુવિચ્છનકૌ સંસાર નિકટ આયૌ,'** હવે એને એક બે ભવે મોક્ષ થવાની તૈયારી છે. **'પાયૌ તિન મારગ સુગમ નિરવાનકૌ.'** જુઓ! એ નિર્વાણનો માર્ગ પામ્યો. એનું નામ સૂર્ય ઉગ્યા. આ બહારના ધૂળના સૂર્ય નથી. ન્યાં પાંચ લાખ પેદા થાય તો (કહે), મુકો લાપસીમાં આંધણ. એમાં શું થયું પણ તારે ઘરે? તારી ઘરે આવી મમતા. પૈસા તો ત્યાં રહેશે. કાંઈ તારી પાસે આવવાના છે? ગરી જવાના છે અંદર? મને આવ્યા એ મમતા તારી પાસે આવી. મમતા આવી એમાં લાપસીના આંધણ શેના મુક્યા તેં? સમજાણું કાંઈ? ઓહો..! આત્મા ચૈતન્ય સ્વરૂપ. મારી નિધિ મેં મારી પરખી. એમ જ્યાં ભાન થયા એને ઘરે લાપસીના આંધણ મુકાણા. 'વલ્લભભાઈ'! દુનિયાથી ભાઈ! રીત આ તો ભગવાનની બીજી છે. સમજાણું કાંઈ?

કહે છે **'तस्य एव आत्मा उदयति'** શબ્દ છે ને? **ખંડાન્વય સહિત અર્થ :– 'तस्य एव आत्मा उदयति' 'પૂર્વોક્ત જીવને...'** પૂર્વે કહ્યું એને કે જેને આત્મા જ્ઞાન સ્વરૂપ છે એમ ભાન થયું છે અને વિકાર રહિત છે એવી શુદ્ધ પરિણતિ શરૂ થઈ છે. એવા ધર્મી જીવને **'અવશ્ય જીવપદાર્થ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે,...'** એને કેવળજ્ઞાન થાય છે એમ અહીંયાં લેવા માગે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા...! ઢોરને, ઢોર–પશુ હોય છે એને સમ્યગ્દર્શન થાય. પશુ! સમજાણું? ભગવાનના સમવસરણમાં સિંહ ને વાઘ ને નાગ જાય છે એને આમ ભાન થઈ જાય છે. આ..હા...! અમે તો ચૈતન્યના તેજ અમારા જુદા છે. આ વિકાર અંધારા (છે). દેહ, વાણી પણ પર જડ. એની ગુફામાં નિરાળું ચૈતન્યતત્ત્વ બિરાજે છે. એવા સિંહ અને વાઘ, નાગને પણ સમવસરણમાં ભાન થઈ જાય છે. સમજાણું કાંઈ? જુઓ! હાથી, જુઓ! હાથી છે ને? હાથી જુઓ! 'રામચંદ્રજી', 'લક્ષ્મણજી', 'ભરત' ને 'શત્રુઘન' એ ચાર હાથી ઉપર જાય છે. એ 'રાવણ'નો ત્રિલોકમંડન હાથી (છે). જેને... સમજાણું? શું કહેવાય? મધુવન. આ છે ને 'સમ્મેદશિખર' એનું મધુવન છે ને? એમાંથી 'રાવણ'ને આ હાથી મળેલો. ત્રિલોકમંડન! જેને ઘરે ચોરાશી લાખ હાથી. એનો આ મોટો હાથી નાયક હતો, પટ્ટહાથી.

'રામચંદ્રજી' ને 'લક્ષ્મણે' જ્યારે 'રાવણ'ને જીત્યા અને 'સીતા'ને ઘરે લાવ્યા ત્યારે આ હાથી ન્યાંથી 'અયોધ્યા' લાવેલા. 'લંકા'માં આ હાથી હતો એ 'અયોધ્યા'માં લાવેલા. 'રામચંદ્રજી', 'લક્ષ્મણજી'. સમજાય છે? ત્યારે એ હાથી ઉપર બેસીને મુનિઓના દર્શન કરવા

જાય છે, જુઓ! એના ઉપર 'ભરત' આદિ, એમાંથી 'ભરત' હેઠે ઉતરી.. 'ભરત'ને વૈરાગ્ય થઈ જાય છે. 'રામ', 'લક્ષ્મણ', 'ભરત' ને 'શત્રુઘન' ચાર ભાઈઓ છે. 'ભરત'ને વૈરાગ્ય થઈને મુનિ થઈ જાય છે.

હાથીને જાતિ સ્મરણ થાય છે, અરે..! હું ને આ 'ભરત' પૂર્વ ભવમાં બેય મિત્રો હતા. આ 'ભરત' દીક્ષીત છે. અરે..! મને તિર્યંચનો અવતાર મળ્યો. મેં માયા કરેલી, કપટ કર્યું (તો) આ અવતાર (મળ્યો). પૂર્વ ભવનું જાતિસ્મરણ થાય છે. જુઓ! જાય છે ત્યારે ને પાછા ફરે ત્યારે બધો હેઠે ઉતરે અહીં જુઓ! એ શણગાર-બણગાર ઉતારી નાખીને. હાથી એ નો એ છે. હાથી આની કોર. એ હાથીની પાછળ છે ને? હાથી આની કોર. એ જ હાથી છે. લુગડા (આદિ) બધું કાઢી નાખ્યું. પંદર પંદર દિ'ના અપવાસ ને આત્માના આનંદમાં, ધ્યાનમાં રહે છે. અરે..! અમે ખરે ટાણે કામ ન કર્યાં, હવે હાથીના ભવ મળ્યા. આ રાજકુમાર દીક્ષીત થાય છે ને મોક્ષે જશે. અમે આ હાથીના ભવ.. આહા..!

પછી બધા માણસો પંદર પંદર દિવસે ત્યાં આગળ 'અયોધ્યા'માં લાડવા ને ચુરમા લઈને હાજર થાય છે. પંદર દિ'ના અપવાસે હોય ત્યારે લે છે. આત્માના આનંદમાં મસ્ત રહે છે, આત્માના આનંદમાં મસ્ત રહે છે. સમજાય છે કાંઈ? આ ઢોરના ભવમાં, હોં! આહાહા..! કોને કામ હતા? શું કામ કરતો હતો? ધૂળેય કરતો નથી, ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ આત્મા એક સળી પણ ફેરવી શકતો નથી. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ કરે બાકી કાંઈ સળી ફેરવવાની તાકાત નથી. પરદ્રવ્યને શું કરે? પરવસ્તુ એને કારણે હરે-ફરે ને આવે-જાય. મૂઢ માનીને બેસે કે, મેં આમ કર્યાં ને મેં ફેરવ્યા ને મેં ઉથલ-પાથલ કર્યાં. માનને ગાંડાની જેમ ઉકરડા ઉઠાવ્યા તેમ માન ને.

મુમુક્ષુ :– ઉકરડા...

ઉત્તર :– માને. ઉઠાવે કોણ? માને છે એ. સમજાણું કાંઈ? એમ હશે કે નહિ? 'પ્રવિણભાઈ'! ભારે ભાઈ! બાયડી બહુ હોશિયાર હોય તો ઘરમાં આમ કર્યું ને મેં આમ કર્યું ને ચાકળા કર્યાં, ઢીકણું કર્યું, આ સમું કર્યું. ધૂળેય કર્યું નથી, સાંભળને! કર્યું છે તે મિથ્યા ભ્રમ ને રાગ-દ્વેષ, લ્યો! એ સિવાય એ સામગ્રી બધી તેં વસાવી નથી ને તેં રાખી નથી ને તારી છે નહિ. એને કારણે આવી ને એને કારણે રહી, હરામ તારાથી કાંઈ આવ્યું હોય તો. સમજાણું કાંઈ? પણ ભાન (નથી), પાગલ થયો છે ને પાગલ! આહાહા..!

કહે છે, ભાઈ! તું આત્મા છો ને પ્રભુ! તું તો આત્મા છો ને! એ આત્મામાં શું હોય? આત્મામાં શું હોય? આત્મામાં તો જ્ઞાન હોય, આનંદ હોય, શાંતિ હોય, શ્રદ્ધા હોય, વીતરાગતા હોય, અવિકારી હોય એ આત્મામાં હોય. શું આત્મામાં આ ધૂળ હોય? અને આત્મામાં રાગ-દ્વેષ હોય? રાગ-દ્વેષ તો વિકાર કૃત્રિમ ઉપાધિ છે. સમજાણું કાંઈ? કહે છે, એવો જીવ પદાર્થ જ્યાં જ્ઞાનનય ને ક્રિયાનયથી તૈયાર થયો (તો) **'સકળ કર્મનો વિનાશ...'** બસ! ક્રમે

ક્રમે વિકાર અને કર્મનો અભાવ થઈ અને આત્મા પ્રગટ થાય છે.

**'અનંતચતુષ્ટયરૂપ થાય છે.'** સમ્યગ્દર્શનની અપેક્ષાએ કહીએ તો આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, વીર્ય છે એનો શ્રદ્ધા, અનુભવ કરનારો થાય છે. એમ જે અનાદિથી માન્યું હતું, કે હું તો આ શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના ભાવ અને અલ્પજ્ઞ દશા (છું) એમ જે માન્યું હતું એ સમ્યક્ આત્માનું ભાન થતાં હું તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્યવાળો છું. આહાહા..! સમજાણું કાંઈ? હું આ રાગવાળો નહિ, શરીરવાળો નહિ ને અલ્પજ્ઞ દશા ઓછી દેખાય એટલો પણ હું નહિ. સમજાણું કાંઈ? આહા..! અરે..! પણ એને રસ્તાની ખબરું ન મળે, સાંભળ્યા ન મળે. હેરાન થઈ થઈને મરી જાય અને પાછા કહે કે અમે સુખના રસ્તે છીએ.

મુમુક્ષુ :– મજામાં હોય તો એમ ન કહે?

ઉત્તર :– ધૂળમાંય મજામાં નથી, શું મજામાં છે? કોને કહેવી મજા? રાગ થાવો એને મજા કહેવી? વિકલ્પ ઉઠવો એને મજા કહેવી? મજા તો ભગવાનઆત્મા છે અંદરમાં. એની તો એને શ્રદ્ધાની ખબર નથી. શ્રદ્ધાની ખબર ન મળે, ભાન ન મળે ક્યાં પડ્યો છું હું? ક્યાં મારો આનંદ છે એની તો ખબર નથી. મજા શેની પણ થઈ એને? આહા..!

કહે છે કે, આત્મા પ્રગટ્યો. આમાં બે જ શ્રદ્ધા લેવી છે. આત્મા પ્રગટ્યો એટલે સમ્યક્ ભાન થયું ત્યાં આત્મા પ્રગટ્યો. જે શ્રદ્ધાના રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને અલ્પજ્ઞ ને આ હું માન્યું હતું એ શ્રદ્ધાએ ગુલાટ ખાઈને આત્માને જાણ્યો (તો) આત્મા પ્રગટ્યો. અરે..! હું તો અનંત જ્ઞાન, બેહદ દર્શન ને બેહદ આનંદ ને બેહદ વીર્યવાળો છું. મારામાં તો અનંત અપાર આનંદ આદિ પડ્યો એ હું છું. સમજાય છે કાંઈ? આહાહા..! અને એવું સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી સ્વરૂપમાં સાવધાનીપણે જ્યાં લીનતા વધી એને પછી કેવળજ્ઞાનરૂપી અનંત ચતુષ્ટય પ્રગટ્યા. જે શક્તિના સત્ત્વના સ્વભાવમાં માન્યા હતા એ માન્યતામાં અને એકાગ્ર થતાં દશામાં કેવળજ્ઞાન થયું. એક સમયમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ. સમજાણું કાંઈ?

કાલનો કઠિયારો આજનો કેવળી થાય. લાકડા વેંચતો હોય. આમ જ્યાં ભગવાનનું સાંભળ્યું, ભાઈ! તું કઠિયારો નહિ, તું કર્મવાળો નહિ, તું રાગવાળો પણ નહિ. ત્યારે (કોણ છો)? કે, તું તો અનંત જ્ઞાન, દર્શન, આનંદવાળો છો. સમજાણું કાંઈ? એમ જ્યાં સમવસરણમાં સાંભળે (છે), આ..હા..! મારી શુદ્ધિ આવડી!! મારી વાત ભગવાનના મુખમાં નીકળે છે. એ સાંભળતા અંદર ઉતરે છે. ભાન થઈને અંતર્મુહૂર્તે કેવળ પામી જાય છે. સમજાય છે કાંઈ? આને તો ખબર ન મળે. હજી તો ખબર ન મળે કે, ક્યાં મારે રહેવું ને ઠરવું? શું મારે કરવાથી મારું હિત થાય?

અહીં તો કહે છે હિતનું ભાન થયું છે, હિતને પંથે દોરાણો છે એને અનંત ચતુષ્ટય પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં અનંત ચતુષ્ટય સ્વરૂપ હું છું, અનંત

જ્ઞાન, બેહદ દર્શન, આનંદ (હું છું). એને અલ્પજ્ઞાનનું પણ જ્યાં અભિમાન નથી, અલ્પજ્ઞાનનો વિકાસ છે એનું અભિમાન નથી. આખી ચીજ જ્યાં દૃઢતામાં બેઠી એને આના અભિમાન શા? તો પછી રાગ મારો ને સંયોગ મારો એ તો અભિમાન સમકિતીને હોય નહિ. આહાહા..! અને અજ્ઞાનીને તો ક્ષણે ને પળે હું... હું... હું... હું... હું... હું... હું... ક્યાં પણ તું? જ્યાં પોતે નથી ત્યાં હું. રાગ હું, વિકાર હું, શરીર હું, બાયડી હું, આ દેશ હું, આ ગામ હું, આ દીકરા હું, બાયડી હું, છોકરા હું,.. શું છે પણ આ? કેટલા વાળા રાખ્યા તેં? હું બાયડીવાળો, છોકરાવાળો, શરીરવાળો, રાગવાળો, વાળા બધાય. એક ભગવાનઆત્મા અનંત જ્ઞાનવાળો એટલે સ્વરૂપ જ્ઞાનમય (છું) એમ જ્યાં ભાન થયું તેને સમ્યગ્દર્શન કહે છે. એ જીવ પ્રગટ્યો. એ જીવ અંધારામાં હતો એ પ્રગટ્યો. આહાહા..! એ પ્રગટ્યો એની એકાગ્રતા થતાં કેવળજ્ઞાનપણે સિદ્ધપદ પ્રગટ્યું. કેવળજ્ઞાન, કેવળદર્શન (અનંત ચતુષ્ટય પ્રગટ્યા). સમજાય છે કાંઈ?

**'વળી કેવો પ્રગટ થાય છે?' 'અચલાર્ચિઃ' 'સર્વ કાળ એકરૂપ છે કેવળજ્ઞાન-કેવળદર્શન તેજપુંજ જેનો એવો છે.'** એ જ્યાં કેવળજ્ઞાન પ્રગટ્યું (હવે) એવી ને એવી દશા અનંત કાળ રહે. કેવળજ્ઞાન પ્રગટ્યા એ ફરીને પાછા ફરે નહિ. ઝળહળ જ્યોતિ ચૈતન્યની શક્તિમાંથી પ્રગટી. પીપરના દાણામાં ચોસઠ પ્હોરીની તીખાશ જે ભરી હતી ઇ જ્યાં બહાર આવી (તે) એમ ને એમ રહેશે. એમ ભગવાનઆત્મામાં કેવળજ્ઞાન પૂર્ણ પૂર્ણ પડ્યું હતું એની પ્રતીત ને રમણતા દ્વારા દશા પ્રગટ થઈ. ઝળહળ જ્યોતિ સાદિ અનંત કેવળજ્ઞાનમાં રહેનારા. એનું નામ મોક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કેવળદર્શનના તેજ જેને પ્રગટ્યા, કહે છે. પહેલું શરૂઆતમાં શક્તિમાં કેવળજ્ઞાન ને કેવળદર્શન જે શ્રદ્ધામાં લીધુ હતું એમાં સ્થિર થતાં એની દશામાં કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ્યું. એ સાધકનો સિદ્ધ થઈ ગયો. આ સાધક-સાધ્ય (અધિકાર) છે ને? એ સાધક સ્વરૂપનો થતાં એ સાધ્ય નામ સિદ્ધ દશા એને પ્રગટ થઈ ગઈ. પણ આ રીતે સાધક થાય તેને સિદ્ધ થાય, એ સિવાય બીજી રીતે સિદ્ધ થવાનો ઉપાય નથી. એની વિશેષ વાત આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૧, સોમવાર તા.૦૩.૦૧.૧૯૬૬**
**કળશ - ૨૬૮, ૨૬૯. પ્રવચન - ૨૮૯**

'સાધ્ય-સાધક અધિકાર' 'સમયસાર-કળશ' પાંચમો કળશ ચાલે છે. ફરીને જુઓ! **'तस्य एव आत्मा उदयति' 'પૂર્વોક્ત જીવને અવશ્ય જીવપદાર્થ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે,...'** શું કહે છે? જે કોઈ આ આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર અખંડ આનંદ છે એવી જેણે અંતર દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા કરી છે. પૂર્વોક્ત એમ. પૂર્વે જે કહેલું સાધકપણું. સમજાણું કાંઈ? આત્મા પુણ્ય-પાપના વિકલ્પ, કર્મ, શરીરથી રહિત એકલો શુદ્ધ અખંડ આનંદ છે એવી દૃષ્ટિ ને જ્ઞાન ને લીનતા કરી છે એવા સાધકભાવ દ્વારા જરૂર જીવ પદાર્થ પ્રગટ થાય છે. જીવ પદાર્થની પૂર્ણ દશા પ્રગટ જરૂર થાય છે.

**'અનંતચતુષ્ટયરૂપ થાય છે.'** એ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય એ રૂપે થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન તરીકે કહીએ તો આત્મા શુદ્ધ છે એવી દૃષ્ટિ કરતાં અંતરમાં અનંત ચતુષ્ટયમય આત્મા છે એમ શ્રદ્ધા, જ્ઞાનમાં પ્રતીત થાય છે. સમજાણું કાંઈ? **'વળી કેવો પ્રગટ થાય છે?' 'अचलार्चिः' 'સર્વ કાળ એકરૂપ છે...' 'अचल', 'अर्चिः'** એટલે **'કેવળજ્ઞાન-કેવળદર્શન તેજ...' 'अचल'** એટલે એકરૂપ ત્રણે કાળ. વસ્તુ દેખો તો એકરૂપ ત્રિકાળ છે એવું સમ્યગ્દર્શન થતાં ભાન થાય છે અને સ્વરૂપમાં સાધકપણે જતાં પૂર્ણાનંદમાં અનંત ચતુષ્ટય વર્તમાન દશામાં કાયમ રહે એ રીતે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? **'કેવળજ્ઞાન-કેવળદર્શન તેજપુંજ...'** એ **'अर्चिः'**ની વ્યાખ્યા કરી. **'अचल'** રહે છે એટલે સર્વ કાળ રહે છે એમ. સમજાણું કાંઈ? એ ત્યાં સુધી આવ્યું હતું. ખબર છે? ક્યાં સુધી આવ્યું હતું?

**'વળી કેવો છે?'** કાલે અહીં સુધી આવ્યું હતું. **'चित्पिण्डचण्डिमविलासिविकासहासः' 'જ્ઞાનપુંજના પ્રતાપની...'** કેવો છે આત્મા? જ્ઞાનપુંજ છે આત્મા. સમજાણું કાંઈ? એકલો પ્રકાશ ચૈતન્ય જ્ઞાનનો પુંજ આત્મા છે. એનો પ્રતાપ **'चण्डिम'** એટલે એનો પ્રતાપ. એનાથી **'એકરૂપ પરિણતિ...' 'विलासि'** એકરૂપ અવસ્થા **'એવું જે 'विकास' પ્રકાશસ્વરૂપ...'** એવી જે પ્રગટ દશા એનું નિધાન આત્મા છે એવો આત્મા પર્યાયપણે પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? દૃષ્ટિમાં લઈએ તો આત્મા કેવળ એકલો જ્ઞાન અને આનંદરૂપ છે એમ નિધાન દૃષ્ટિમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? અને એની પરિણતિ વર્તમાન પ્રગટ લઈએ તો એકરૂપ અવસ્થા શુદ્ધ સ્વભાવના સાધકપણાથી પૂર્ણની એક અવસ્થા પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે, એવો એ **'નિધાન છે.'** કહો, સમજાણું કાંઈ?

**'વળી કેવો છે?' 'शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः' 'રાગાદિ અશુદ્ધ પરિણતિ મટાડીને થયેલો જે શુદ્ધત્વરૂપ પરિણામ...'** ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ જેવી સર્વજ્ઞ પરમાત્માએ જોઈ છે એવી અંતરમાં સમ્યગ્દર્શનના અનુભવમાં લેતા શુદ્ધ પરિણમન થાય છે અને એ શુદ્ધ પરિણમનને કારણે આગળ વધતા પૂર્ણ કેવળજ્ઞાન આદિ શુદ્ધ પરિણતિ એકલી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

**'રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને...'** જુઓ! એ પુણ્ય-પાપના મલિન પરિણામને મટાડીને. પુણ્ય-પાપનો લેખ આવ્યો છે, ઠીક લખ્યું છે. આમાં... શું કહેવાય? 'જૈન સંદેશ' માં ઠીક લખ્યું છે. એને વિષ્ટા કહેતા કોઈને નારાજ થતું હોય તો 'કાનજીસ્વામી' એમ કહે કે, પુણ્ય છે એ સંખલાબંધ છે એમ. એટલું જરીક કો'કે લખ્યું છે. ભાઈ! આ 'ચક્રવર્તી કી સંપદા ઇન્દ્ર સરીખા ભોગ કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક' એને કોઈ ... ભાઈ! વાત તો આમ છે. સમજાય છે ને? એમાં ઘણા દાખલા ઠીક આપ્યા છે. ભાઈ! 'પરમાત્મ પ્રકાશ'નો આપ્યો છે. પુણ્યથી વૈભવ ને વૈભવથી ... એ આપ્યું છે. એટલે પુણ્ય તો શાસ્ત્રમાં હેય તો કહ્યું છે. અશુભ ટાળવાની અપેક્ષાએ શુભનો ભલે આશ્રય હોય પણ એ હેય થયા વિના... એમાં નાખ્યું છે કે, કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે પુણ્ય-પાપને હોમ કરીએ છીએ. પુણ્ય-પાપને... પૂજામાં કાંઈક પાઠ છે.

શુભ છે એ હેય છે, છોડવા જેવું છે, બંધન છે એમાં તો કાંઈ બીજી રીતે વાત છે નહિ. પેલો કહે, પુણ્યથી પવિત્રતા થાય, આણે તો પુણ્યનો બંધ કીધું છે. આ તમારો લેખ છે એની સામે ભાઈ 'જગનમોહનલાલે' લખ્યું છે, એ ઠીક લખ્યું છે. નોટ. પુણ્ય હેય છે એ તો શાસ્ત્રમાં લખ્યું છે એમાં કાંઈ બીજુ ચાલે એવું નથી. પણ છોડવા જેવું છે. પુણ્ય-પાપ ને છોડ્યા વિના... સમ્યગ્દષ્ટિ એને છોડવા યોગ્ય અને માને તો એ સમ્યગ્દષ્ટિ થાય નહિતર થાય નહિ. પેલો કહે કે, પુણ્યને આદરવા માંડે ને પાપને તોડવા ને... પુણ્ય ને કેવળજ્ઞાન બન્ને એક છે. ભારે પણ... આહાહા..!

અહીં તો કહે છે કે, આત્મા રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને (કહ્યું ને)? આત્મા પહેલેથી જ પુણ્ય-પાપની મલિનતા રહિત મારું સ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં જ તેને શુદ્ધ પરિણતિરૂપ સમ્યગ્દર્શન થાય છે અને પછી પણ શુદ્ધ પરિણતિમાં આગળ વધતાં અસ્થિરતાના શુભાશુભભાવને મટાડીને શુદ્ધ વીતરાગ દશા થાય છે. સમજાણું કાંઈ? રાગાદિ અશુદ્ધ પરિણતિ એટલે અશુદ્ધમાં પુણ્ય-પાપ બેય આવી ગયા. એને મટાડીને.

**'શુદ્ધત્વરૂપ પરિણામ તેની...' 'भर' 'વારંવાર જે શુદ્ધત્વરૂપ પરિણતિ, તેનાથી...' 'निर्भर' 'થયો છે...' 'सुप्रभातः'** એ સમ્યગ્દર્શન એ સુપ્રભાત થયો. આત્માના ચૈતન્ય શુદ્ધ સ્વભાવની પુણ્ય-પાપના વિકલ્પ રહિત નિર્વિકલ્પ અંતર દૃષ્ટિ થતાં આત્માને સુપ્રભાત થયો. જઘન્ય સુપ્રભાત. આટલા વર્ષથી સાંભળે છે, શું સાંભળો છો આ?

મુમુક્ષુ :– પુણ્યથી ધર્મ નથી થતો, એમ કહે છે. પુણ્ય તો કરોને ખુબ, પણ ધર્મ માનશો નહિ.

ઉત્તર :– કરે નહિ, કરવો નહિ, આવે હોય જુદી વાત છે. કરે શું? કરે ક્યાંથી? હજી પાપ કરે છે એમાં પુણ્ય ક્યાં... પુણ્યનો ભાવ પાપભાવથી બચવા માટે આવ્યા વિના રહે નહિ. હોય ખરો ને કરો એમ પણ વ્યવહારે કહેવાય એ પણ (હેય) કરીને. છતાં એ આત્માને ધર્મનું કારણ નથી. નહિતર ત્યાં સુધી આ હોળી–ચાર ગતિના ભવ નહિ ઘટે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'शुद्धप्रकाशभर'**, **'शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः'** સમ્યગ્જ્ઞાન ચૈતન્યમાં પુણ્ય-પાપના શુભાશુભભાવની રુચિ છોડીને શુદ્ધ સ્વભાવ પ્રકાશમયની દૃષ્ટિ, અનુભવ થતાં એ શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે. એને સાક્ષાત્ એને સુપ્રભાત કહેવામાં આવે છે. સુપ્રભાતની વ્યાખ્યા **'સાક્ષાત્ ઉદ્યોત જેમાં,...'** સમજાણું કાંઈ? જ્યાં સુધી એને ભોગમાં મીઠાશ, પુણ્યના ભાવમાં મીઠાશ, પાપભાવ કરીને હરખ (થાય છે) એવી મિથ્યાબુદ્ધિ છે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય નહિ. એક પણ રાગનો મંદ કણ કે જડનો રજકણ એને આશ્રયે કે એમાં કાંઈક મને ઠીક છે એવી જ્યાં સુધી બુદ્ધિ છે ત્યાં સુધી એને મિથ્યાદૃષ્ટિપણું ટળશે નહિ. સમજાણું કાંઈ?

હોય, સામગ્રી હોય ભલે રાગ પણ હોય. ઇ ક્યાં પ્રશ્ન છે? પણ ચૈતન્ય તદ્દન વિકલ્પ વિનાની ચીજ છે. એમાં તો વસ્તુમાં તો વિકાર છે જ નહિ. પુણ્ય હો કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આત્મામાં ક્યાં હતો? સમજાણું કાંઈ? એવો શુદ્ધ ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ! એની અંતર સમ્યગ્દર્શનની અનુભવદૃષ્ટિ થતાં એને અશુદ્ધ પરિણતિની રુચિ છૂટી જાય છે. સમજાણું કાંઈ? ત્યાં ઇન્દ્ર સરીખાના ભોગમાં પણ જેને મીઠાશ રહેતી નથી. પછી શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં રમણતા કરતાં કરતાં એકાગ્ર થઈને તદ્દન જ્ઞાનપ્રકાશ પૂર્ણ કેવળજ્ઞાનપણે પ્રગટ થાય છે એ મહા સુપ્રભાત છે. મહા સુપ્રભાત આત્મા દિવસ ઉગ્યો એને, એ ઉગ્યો ઇ ઉગ્યો હવે એને આથમે નહિ. સમજાણું કાંઈ?

**'भर'** **'વારંવાર જે શુદ્ધત્વરૂપ પરિણતિ, તેનાથી થયો છે સાક્ષાત્ ઉદ્યોત જેમાં,...'** શું કીધું? કેવળજ્ઞાન કેમ થાય છે? કે, વારંવાર શુદ્ધ પરિણતિથી કેવળજ્ઞાન થાય છે. એમાં કોઈ વાર પણ શુભ પરિણામ આવ્યા એની મદદથી થાય છે એમ નથી. તેથી **'भर'**ની વ્યાખ્યા એમ કરી. સમજાણું કાંઈ? ભર નથી ભરતા? કોને ભર કહે છે? ગાડાને ભર ભરે. મોટા ખડના ભર ભરે, મોટા ખડ. એમ અહીંયાં ભરોતા. એમ અહીંયાં શુદ્ધ પરિણતિનો ભર. ભરોતું વારંવાર શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એની અંતરમાં એકાગ્ર થતાં જ, વારંવાર શુદ્ધ દશાની પરિણતિ થતાં જ કેવળજ્ઞાન થાય છે, શુભથી બિલકુલ થતી નથી એમ કહેવા માટે અહીં 'ભર' શબ્દ છે. સમજાણું કાંઈ?

**'निर्भर'** જોયું? એ શુદ્ધ પરિણતિથી થયો, થયો એમ. પેલી શુદ્ધ પરિણતિ હતી એનાથી

નિર્ભર–વિશેષ અવસ્થા થઈ, એમ. જે શુદ્ધ પરિણતિ વારંવાર કરી એનાથી નિર્ભર એટલે શુદ્ધ પરિણતિ પૂર્ણ થઈ ગઈ. સમજાણું કાંઈ? **'भरनिर्भर'** વાહ..! ભાષા પણ કેવી! ભગવાનઆત્મા એકલો શુદ્ધ ચૈતન્યનો ગંજ છે. એની અંતરમાં અનુભવની દૃષ્ટિ ને સ્થિરતા શુદ્ધતા વારંવાર કરતાં એ **'भर'** અને **'निर्भर'** થઈ ગયો. એનાથી પૂર્ણ કેવળજ્ઞાન થઈ ગયું. પૂર્ણ કેવળજ્ઞાનનું **'भर'** ભરાય ગયું આખું. સમજાણું કાંઈ? આહાહા..!

કણબી હોય એને ખબર પડે પેલા ભરની. ભર મોટા ભર ભરે. ભર બાંધો ભર. એમ અહીં સુપરિણતિને સરખી બાંધ, કહે છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એને પુણ્ય-પાપના અશુદ્ધ પરિણતિથી રોકી, શુદ્ધ પરિણતિને પ્રગટ કર તો તારો સરખો ભર ભરાય અને એનાથી નિર્ભર થા (તો) કેવળજ્ઞાન પ્રગટે. બાકી કોઈ વિકલ્પ ને શુભ ને સંઘયણ સાચું ને સારું ને મનુષ્ય દેહ એ કોઈ કારણ છે નહિ. અહીં તો એ નથી જે નિમિત્ત છે એને કારણ જ નવું ઉઠાવી દીધું છે. સમજાણું કાંઈ? જેનાથી થતું નથી એને કારણ જ કહ્યું નથી. પછી જ્ઞાન કરાવવા કહે કે, આ નિમિત્ત કારણ છે, સંઘયણ ને મનુષ્યદેહ ને વ્યવહાર રત્નત્રય એ નિમિત્તકારણ (છે). સમજાણું?

**'ભાવાર્થ આમ છે કે જેમ રાત્રિસંબંધી અંધકાર મટતાં દિવસ ઉદ્યોતસ્વરૂપ પ્રગટ થાય છે,...'** રાત્રિનો અંધકાર મટવાથી દિવસનો પ્રકાશ સવારમાં સુપ્રભાત થાય છે. એમ **'મિથ્યાત્વ રાગ-દ્વેષ અશુદ્ધ પરિણતિ મટાડીને...'** વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષની મલિન અવસ્થાને છોડીને **'શુદ્ધત્વપરિણામ બિરાજમાન જીવદ્રવ્ય પ્રગટ થાય છે.'** આહાહા..! ભગવાનઆત્મા જેવો શક્તિએ શુદ્ધ સ્વરૂપે છે એવી જ એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાની પરિણતિ દ્વારા એની પર્યાયમાં શુદ્ધપણે પ્રગટ થાય છે, બિરાજમાન થાય, પોતાની પર્યાયમાં પોતે બિરાજમાન થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'શુદ્ધાત્મપરિણામ બિરાજમાન જીવદ્રવ્ય...'** પોતાની નિર્મળ પર્યાયમાં પ્રગટ બિરાજમાન એના આસનમાં થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા જ જુદી જાતની છે. કથન પણ જુદી જાતના. **'વળી કેવો છે?'** **'आनन्दसुस्थितसदास्खलितैकरूपः'** **'દ્રવ્યના પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે...'** જુઓ! દ્રવ્ય આત્માના પરિણામ તો એને કહીએ કે, અતીન્દ્રિય આનંદ સુખરૂપ (હોય). શુભાશુભ પરિણામ એ આત્માના પરિણામ નહિ, આત્મજાતના પરિણામ નથી. આહાહા..! જેમાં શુભ-અશુભ રાગ છે એ દુઃખરૂપ છે, એ આત્મપરિણામ નથી, અનાત્મપરિણામ છે. સમજાણું કાંઈ?

આનંદ દ્રવ્યના–વસ્તુના **'પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે જે આકુળતાથી રહિતપણું,...'** **'सुस्थित'** આકુળતાથી રહિત છે **'તેનાથી સર્વ કાળ અમિટ (-અટળ) છે...'** એથી સર્વ કાળ મટતા નથી એવા જ્ઞાન, દર્શન ને આનંદ છે. **'તદ્રૂપ સર્વસ્વ જેનું, એવો છે.'** એ રૂપે બધું છે એવું છે. ચાર બોલ નાખ્યા. એક તો આત્માનું કેવળજ્ઞાન છે એમાંથી

કેવળજ્ઞાન પ્રગટ્યું એક. બીજું, કેવળદર્શન શક્તિ છે એમાંથી પ્રગટ્યું કેવળદર્શન. એક આનંદ સ્વરૂપ છે એમાંથી પ્રગટી આનંદ દશા. એક વીર્ય શક્તિ છે એમાંથી પ્રગટ્યું આ છેલ્લું. સદા સર્વ કાળ '**अस्खलित**' એવી વીર્ય રચના થઈ કે, જેમાં કોઈ દિ' ફરે નહિ. કહો, સમજાણું? અનંતચતુષ્ટય પ્રગટ થઈ ગયા. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત બળ ને અનંત વીર્ય એ રૂપે સુપ્રભાત આત્મામાં પ્રગટ થયો. કેવળજ્ઞાન થતાં, કેવળદર્શન થતાં, સાધ્યદશા થતાં અતીન્દ્રિય આનંદ અને વીર્ય (પ્રગટ થયા) એ સુપ્રભાત (થયો). પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ... સાદિ અનંત (રહેશે). એ સાધ્ય દશા સાદિ અનંત રહે છે. અસંખ્ય સમય દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી શુદ્ધ એમાં અસંખ્ય સમય એની શુદ્ધતાની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાની એકાગ્રતા કરતાં અનંત કાળ રહે એવો સુપ્રભાત કેવળજ્ઞાન આદિ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

વસ્તુ તો આખી અનંત કાળથી પડી છે અને એમ ને એમ એ દ્રવ્ય–શુદ્ધ વસ્તુ પણ અનંત કાળ રહેશે પણ એ શુદ્ધની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાનો કાળ અસંખ્ય સમયનો છે. એ ત્રિકાળ દ્રવ્ય ને સાધકની પર્યાય પ્રગટ કરવાના સમય તો અસંખ્ય જ છે. પછી એને સિદ્ધપદ અસંખ્ય સમય પછી પ્રગટ થયા વિના રહે નહિ. એ સિદ્ધ પ્રગટ થાય એ સુપ્રભાત કીધો. કેમ? કે અનંત કાળ એમ ને એમ રહેશે. વાત શું કહે છે આ? લોકો નથી કહેતા? કે, ભાઈ! આ બે મહિના રળીએ બાર મહિના ખાઈએ.

મુમુક્ષુ :– મોસમ છે.

ઉત્તર :– મોસમ કહે ને? બે મહિમા રળીએ પછી બાર મહિના નિરાંતે ખાઈએ. અહીં કહે છે અસંખ્ય સમય રળે તો અનંત કાળ અનુભવને ખાય.

ભગવાનઆત્મા પરમાનંદ શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપના વિકલ્પ રહિત એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાના, રમણતાના બીજ રોપ્યા એના ફળ અસંખ્ય સમયમાં અનંત કાળ રહે એવા ફળ એના આવશે. ઓહો..હો..! શુભભાવ તો અમુક (કાળ) સુધી રહી સ્વર્ગમાં આવી પાછું એને અશુભ થયા વિના રહે જ નહિ. આ તો પોતાની જાતના પરિણામ છે. અસંખ્ય સમય સેવ્યા (એથી) જાત પ્રગટી તો અનંત કાળે એમ ને એમ રહે. એને ફરવાનું હોય નહિ, પાછું પડવાનું હોય નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

શુભભાવ હોય તો એનાથી આ સ્વર્ગમાં જાય. એ સ્થિતિ પૂરી થાય ત્યાં તો આમ હાય.. હાય..! રાડ નાખે છે, શાસ્ત્રમાં તો એવું આવે છે. મિથ્યાદૃષ્ટિ દેવને ખબર પડે કે, અરે..! અહીંથી ક્યાં જવું? માણસમાં જવાનું છે. ઘણા ઢેઢગરોળીના કુંખમાં (જાય), ગધેડીના કુંખમાં. રાજાની સારી મોટી ઘોડી હોય, લ્યોને! પછી ત્રાસ પામે છે, હોં! અરે...રે..! આ કરતાં તો એકેન્દ્રિયમાં હોય ને તો આવા દુઃખ (તો સહન ન કરવા પડે) એમ કરીને એકેન્દ્રિયમાં જાય છે. મિથ્યાત્વ છે ને? અજ્ઞાન છે, ભાન નથી. પુણ્ય થોડા હતા એ થોડા ભલે અસંખ્ય અબજ વર્ષના હોય પણ મર્યાદિત છે ને? આમ જ્યાં માળા છે કરમાય છે... હેં..? છ મહિનામાં

પૂરું. જાશો ક્યાં? દેવ મરીને બીજે ક્યાં જાય? માણસ ને ઢોર એના કુંખમાં અરે..રે..! નવ નવ મહિના સુધી ઊંધે માથે લટકવું. આહાહા..! આ સુખ ને આ સાહેબી, રોવે. બીજા દેવ આવે (અને કહે), અહીં તો એવું થતું આવે છે, શું કરવા રોવે છે? સમાધાન થાય નહિ. સમજાય છે? સ્વરૂપનું ભાન નથી. એણે પુણ્ય કરેલા (એટલે) સ્વર્ગમાં ગયા. હાય.. હાય..! હશે શું? ઇ છ મહિને એ જુઓ! આ ઢેઢડીના કુંખમાં અથવા પશુના કુંખમાં, માણસના કુંખમાં જાવું છે. એમ કરતાં મગજમાં એવું થઈ જાય કે, આ કરતાં તો એકેન્દ્રિયમાં એવું તો ન હોય. એ નિદાન કરે (એટલે) જાય એકેન્દ્રિયમાં. એ પૃથ્વીમાં જાય, હીરામાં ઊપજે, ફૂલમાં જાય અને કોઈ સુંગધી પાણીના... શું કહેવાય? કુંડ, ન્યાં જઈને ઊપજે. એકેન્દ્રિયપણે અવતરે. અરે..! બાપા! એ કાંઈ દ્રવ્યની જાત હતી તે એના પુણ્યમાં લાંબો કાળ રહીને પાછું પણ એને રહ્યા કરે?

અહીં તો આત્માની શ્રદ્ધા ને જ્ઞાન ને શાંતિ કરી એ દશા એવી ને એવી અનંત કાળ રહ્યા કરે એમ કહે છે. છેલ્લી ગાથાઓ છે ને? આહાહા..! પણ એ એને રુચતું નથી, પેલા પુણ્ય-પાપ રુચે છે. ક્ષણિક નાશવાન  છે ને? એના ફળ આવે ને જાણે ભોગવ્યા. ધૂળમાંય ન્યાં સુખી નથી. એની મીઠાશ એને ખસવા દેતી નથી.

**'सदा, अस्खलित'** એકરૂપ, લ્યો! **'सदा, अस्खलित'** ભગવાનઆત્મા..! જુઓ! એના તો આવા પુણ્ય હતા એ ફરી ગયા, લ્યો! સમકિતી દેવ છે એને તો ખબર છે, હોં! કે, અમે અહીંથી મનુષ્યમાં જવાના છીએ (પછી) ત્યાંથી નીકળીને મુનિ થવાના છીએ. મારે તો મુનિપણું લઈને કેવળજ્ઞાન પામવાનું છે, મારે બીજું છે નહિ. જ્ઞાનમાં ભાસે છે કે, હવે આગળ દેહ નથી. અવધિજ્ઞાનમાં બીજો દેહ દેખાતો નથી, ... દેખાતો નથી. આપણે તો અહીં છીએ. એ રાગ થઈ ગયો હતો એટલે થોડું પુણ્ય આવ્યું હતું. મીઠાશ ભાવે ભોગવ્યા નથી, દુઃખભાવે ક્લેશ ભોગવ્યો છે. આદર કર્યો નથી એટલે એ સારા ઊંચા કુળમાં જ અવતરે. સમ્યગ્દષ્ટિ જીવ સારા કુળમાં (જ અવતરે). આવે છે ને પેલામાં શું કહેવાય?

'રત્નકરંડ શ્રાવકાચાર' તેજ ને ઓજ ને શું કહે છે? છ બોલ. હીન કુળમાં અવતરે નહિ. એય 'શુકનચંદજી'! શું છે? બોલો ને! તમારા શબ્દ નથી આવડતા તમને? ઇ એમ ત્યારે. ઓજ, તેજ, વિદ્યા એમાં એ અવતરે અને પછી એને છોડી મુનિપણું અંગીકાર કરે છે. કેવળજ્ઞાન પાછળ હોય, એની પાછળ કેવળજ્ઞાન હોય અને આની પાછળ અંધારા હોય. પુણ્યના એકલા પ્રેમમાં પડ્યા એ મિથ્યાદૃષ્ટિને પાછળ અંધારા (છે), એકેન્દ્રિયમાં જાય. હાય.. હાય..! સમજાય છે? એમાંય કો'ક વળી માણસ થાય, કોઈ ઢોર થાય. અર..ર..ર..! આ નવ મહિના (આમાં) રહેવું? બીજાના ગર્ભને વિભંગજ્ઞાનથી દેખે ને? આમ સંકોચ થઈને (પડ્યા રહેવાનું), એક આખો શ્વાસ પણ લેવાય નહિ, ચારે કોર બંધ ને આઠ, નવ મહિના આમાં જાશે કેમ? ઇ કરતાં એકેન્દ્રિયમાં જાઈએ તો કાંઈ વાંધો તો નહિ, આવું ન થાય.

મુમુક્ષુ :– ત્યાં તો ઘણું દુઃખ છે.

ઉત્તર :– ઇ તો એને ક્યાં ભાન છે? એ દુઃખનો તો એને ખ્યાલ નથી. આ સંયોગ દુઃખને (જોવે છે). કારણ કે સંયોગી સુખમાં પ્રીતિ હતી. સંયોગ સુખની પ્રીતિ એટલે સંયોગનું દુઃખનું એને ભાસે છે. એકેન્દ્રિયને અંદરનું પેલું દુઃખ થાય છે એ દુઃખની ખબર નથી. સમજાણું કાંઈ?

આ તો સ્વભાવી સુખના ભાનની દૃષ્ટિએ જે આત્માનું સાધકપણું પ્રગટ કર્યું એને પૂર્ણ સ્વભાવ એવો પ્રગટે (કે) અચળ (છે). વીર્ય એવું છે કે, અનંત જ્ઞાનાદિની રચના કરી એ રચના ફરે નહિ. લ્યો! એનું નામ સુપ્રભાત. એ આત્મા સૂર્યપણે પ્રકાશ થયો. પહેલો ભાનુ સમ્યગ્દર્શનપણે પ્રગટ્યો ને પછી કેવળજ્ઞાનપણે પ્રગટ્યો. આ એનું નામ સુપ્રભાત (છે). બાકી અંધારા કહેવાય છે. એ પાંચમો, ૨૬૮ શ્લોક થયો.

---

**( વસન્તતિલકા )**

**स्याद्वाददीपितलसन्महसि प्रकाशे**
**शुद्धस्वभावमहिमन्युदिते मयीति।**
**किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-**
**र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।૬-૨૬૯।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'अयं स्वभावः परम् स्फुरतु' ( अयं स्वभावः ) વિદ્યમાન છે જે જીવપદાર્થ ( परम् स्फुरतु ) તે જ એક અનુભવરૂપ પ્રગટ હો. કેવો છે? 'नित्योदयः' સર્વ કાળ એકરૂપ પ્રગટ છે. વળી કેવો છે? 'इति मयि उदिते अन्यभावैः किम्' ( इति ) પૂર્વોક્ત વિધિથી ( मयि उदिते ) હું 'શુદ્ધ જીવસ્વરૂપ છું' એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં ( अन्यभावैः ) અન્ય ભાવોથી અર્થાત્ અનેક છે જે વિકલ્પો તેમનાથી ( किम् ) શું પ્રયોજન છે? કેવા છે અન્ય ભાવ? 'बन्धमोक्षपथपातिभिः' ( बन्धपथ ) મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે, ( मोक्षपथ ) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે, - એવા જે પક્ષ તેમાં ( पातिभिः ) પડનારા છે અર્થાત્ પોતપોતાના પક્ષને કહે છે, એવા છે અનેક વિકલ્પરૂપ. ભાવાર્થ આમ છે કે એવા વિકલ્પો જેટલા કાળ સુધી હોય છે તેટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી; શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા, વિચાર કોનો કરવામાં આવે ? કેવો છું હું ? 'स्याद्वाददीपितलसन्महसि' ( स्याद्वाद ) દ્રવ્યરૂપે તથા પર્યાયરૂપે ( दीपित ) પ્રગટ થયું છે ( लसत् ) પ્રત્યક્ષ ( महसि ) જ્ઞાનમાત્ર સ્વરૂપ**

જેનું. વળી કેવો છું ? 'प्रकाशे' સર્વ કાળ ઉદ્યોતસ્વરૂપ છું. વળી કેવો છું ? 'शुद्धस्वभावमहिमनि' ( शुद्धस्वभाव ) શુદ્ધપણાના કારણે ( महिमनि ) પ્રગટપણું છે જેનું. ૬-૨૬૯.

---

( વસન્તતિલકા )

स्याद्वाददीपितलसन्महसि प्रकाशे
शुद्धस्वभावमहिमन्युदिते मयीति।
किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-
र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।६-२६९।।

**'अयं स्वभावः परम् स्फुरतु'** આચાર્ય ભાવના કરે છે. ભાવના કરીને જગતને આ ભાવના સમજાવે છે.

મુમુક્ષુ :– પોતે પોતાની?

ઉત્તર :– પોતાની વાતથી કરે છે ને બધી વાત? પરની (વાત) તો અંદર ભેગી આવી જાય છે. આ **'अयं' 'વિદ્યમાન છે જે જીવપદાર્થ...'** ભગવાન વિદ્યમાન હયાતીવાળો મહાન આનંદનો સાગર પ્રભુ, એ **'परम् स्फुरतु', 'परम् स्फुरतु' 'તે જ એક અનુભવરૂપ પ્રગટ હો.' 'परम्' 'તે જ એક અનુભવરૂપ પ્રગટ હો.'**

હા, એક. પરમ ઉત્કૃષ્ટ, એમ.

પરમ **'એક અનુભવરૂપ પ્રગટ હો.' 'કેવો છે?' 'नित्योदयः' 'સર્વ કાળ એકરૂપ પ્રગટ છે.'** વસ્તુ તો એકરૂપ ત્રિકાળ છે. વિદ્યમાન પદાર્થ મહા અનંત... અનંત... સત્ત્વનો રસનો સાગર, એ પર્યાયમાં અમને પ્રગટ હો. **'તે જ એક અનુભવરૂપ...'** એક અનુભવરૂપ. ભંગરૂપ થોડો ને એકરૂપ આખો પ્રગટ હો. સમજાય છે કાંઈ?

**'વળી કેવો છે?' 'इति मयि उदिते अन्यभावैः किम्' 'इति मयि उदिते अन्यभावैः किम्'** અહો..! **'પૂર્વોક્ત વિધિથી...' 'मयि उदिते' 'હું 'શુદ્ધ જીવસ્વરૂપ છું' એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં...'** ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપે, આનંદરૂપે અંતરમાં દૃષ્ટિ ને જ્ઞાનમાં પ્રત્યક્ષ થયો. એ રીતે **'હું 'શુદ્ધ જીવસ્વરૂપ છું' એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં...'** જેવો શુદ્ધ સ્વરૂપ હું **'એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં અન્ય ભાવોથી અર્થાત્ અનેક છે જે વિકલ્પો તેમનાથી શું પ્રયોજન છે?'** મારે બીજા વિકલ્પથી શું પ્રયોજન? કહો, પરદ્રવ્યથી તો નહિ, પરદ્રવ્યથી તો પ્રયોજન મારે કાંઈ નથી, પરદ્રવ્ય મને અડતા નથી, હું એને અડતો નથી. એ કાંઈ મને કામના બિલકુલ નથી અને હું એને કામનો નથી. પણ વિકલ્પથી શું પ્રયોજન છે? એમ કહે છે અહીં તો. અંદર અસ્થિરતાના વિકલ્પ છે ને! એવા શુભ આદિ (વિકલ્પો). અહીં તો શુભ વિકલ્પની વાત છે, હોં! જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય પ્રભુ અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાનમાં,

વેદનમાં આવ્યો એવો જે છે એવો અનુભવમાં આવ્યો. હવે કહે છે કે, અન્યભાવે (વર્તતા) બીજા વિકલ્પથી શું પ્રયોજન છે? સમજાણું કાંઈ?

અહીં તો હજી ઘણાં સાથે કામ પાડવા છે ને ઘણાં સાથે કામ લેવા છે. મૂઢ છે. કોઈથી કામ લઈ શકતો નથી ને કોઈને કામમાં આવતો નથી. કાંઈ સાધન સારા મળ્યા હોય તો ઘણાને કામ આવે ને? શરીર સારું હોય તો કામ આવે કે નહિ? સદ્‌ઉપયોગ થાય કે નહિ? ધર્મ કરી શકે, લ્યો! એમ માણસ માને. અહીં તો કહે છે કે, શરીરથી ત્રણકાળમાં ધર્મ થાય નહિ, સામગ્રી અનુકૂળ હોય તો ધર્મ થાય નહિ, થાય નહિ.

એક જણો શેઠિયો કહેતો હતો કે, ઓહો..! સગવડતા તો બહુ મળી છે પણ ઉપયોગ થઈ શકતો નથી. એમ કરીને અમારો દીકરો બહુ પૈસાવાળો ને અમારે સગવડતા (ઘણી છે) એમ બહારમાં ફૂંક્યાં કરે. સગવડતા તો બહુ છે, સગવડતા તો બહુત છે પણ સદ્‌ઉપયોગ થતો નથી, સદ્‌ઉપયોગ થતો નથી. શું કહેવું છે આને? કે, ભાઈ! વારંવાર કહે છે તો શું કહેવું છે આ? પૈસા એના છોકરાને થયા એટલે બહુ સગવડતા છે. છોકરાને, હોં! એની પાસે નહિ પાછા. એ..ઇ..! તમારી વાત નથી, પૂર્વની વાત છે. 'મલૂકચંદભાઈ' એમ બોલતા નથી. આ તો જુદી જાત છે. પેલી તો આખી જાત ફેર. જરીક થોડા રૂપિયા થયા ને દસ લાખ છોકરાને થયા, પંદર-વીસ લાખ થયા (તો) ઘણી સગવડતા, બહુ સગવડતા, મકાનની સગવડતા, છોકરાની સગવડતા, બધી સગવડ (પણ) સદ્‌ઉપયોગ (થાતો નથી). પણ શું સદ્‌ઉપયોગ કરવો (છે)? ઇ સાધનનો સદ્‌ઉપયોગ થાય છે? મૂઢ તે પણ કેવો મૂઢ! અંતર આત્મા છે એને મળ, આ કાળ મળ્યો એનો ઉપયોગ કર હવે અંદર દૃષ્ટિ ને જ્ઞાનમાં. ધૂળનાય સાધનના ઉપયોગ નથી.

પાછા આ એ એમ હોય છે ને? જ્યારે સારા સાધન હતા ત્યારે અરે..રે..! ઉપયોગ ન કર્યા, હવે સાધન (સારા ન રહ્યા). પણ સાધન સારા ને નરસા છે જ કે દિ'? જ્યારે સરખાય હતી પચાસ-પચાસ વર્ષની અંદર ઉંમરમાં બધી ત્યારે કાંઈ (કર્યું નહિ), આ બધા સાધન બગડ્યા હવે કરવું (છે પણ) હવે શી રીતે કરવું? હાયહોય આડે વખત મળે નહિ. પણ કહે છે કે, એ પરના સાધન પહેલા હતા કે અત્યારે પછી એ સાધન કામના જ નથી આત્માને, બિલકુલ કામના નથી. કામનો એક ભગવાન શુદ્ધ આત્મા એક જ કામનો છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કેટલાકને એમ થાય ને કે, હવે કરશું. ત્યાં સાંઈઠ ને પાંસઠ થાય. ત્યાં પગ-ટાંગો ભાંગે, કાં કાંઈક કડ ભાંગે, કાં પક્ષઘાત થાય, કાં ખાટલે પડે. પછી કરશું, પછી કરશું ત્યાં આ થયું. હવે (શું)? કર્યા. હવે આ થયું હવે શું કરું? પણ એનાથી ક્યાં થાય છે તારે અત્યારે પણ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– એ માને છે. એ જ કહે છે ને? આ મૂઢતા આ માને છે. નરકની અંદરમાં

આમ... ઓહોહો..! જમ કે બીજો નારકી એને પોટલું બાંધે, એવા લોઢાના ધગધગતા સળિયાથી બાંધે, નાક બંધ કરે, આંખો બંધ કરે... પોટલું બાંધે. માથેથી મારે. ઉંહકારો કરે નહિ, કાંઈ બોલાય નહિ. એમાં અંદરમાં વિચાર કરતાં સમ્યગ્દર્શન પામી જાય. શું છે પણ? સમજાણું કાંઈ? ... કચડી-મચડી આમ પોટલું બાંધે અને સળિયા ખોસે અને પછી માથે લોઢાના ઘણ મારે. એ ન કરી શકે ઉંહકારો, ન કરી શકે હલચલ. કાંઈ હલે નહિ, બધું આમ બધ. એમાં શું થયું પણ? અમસ્તુ પણ આમ હતું તો પણ શું થયું? અને આમ હતું તોપણ શું થયું? એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? આમ હતો તોપણ શું એને સગવડતા હતી? અને આમ થયું તો એને શું અગવડતા થઈ ગઈ? આરે.. આરે..! ભારે વાત, ભાઈ!

ઇ શાસ્ત્રમાં એમ આવે છે, હોં! એવા બાંધે, એવા બાંધે. ખીલા મારે. પોટલું પાછું આખો લોચો. એમાં ઓલા લોઢા (મારે), વીસ વીસ મણનું લોઢું જમડો હાથમાં લઈ ભડાક ભડાક (મારે). ઉંહકારો ક્યાં કરે? મોઢા બાંધ્યા, આંખો બંધ કરી, નાક (બંધ કર્યા હોય). સમજાણું કાંઈ? એમાંથી અંદર વિચાર ફાટે છે એને.. અરે..! સંતોએ કહ્યું હતું. અરે..! શુદ્ધાત્મા... શુદ્ધાત્મા... શુદ્ધાત્મા... એમ ભણકાર અમને મુનિઓએ કહ્યા હતા. એમાં ને એમાં એ ત્યાં આગળ અંદરમાં સમકિત પામી જાય. શું છે પણ? ક્યા સાધન અનુકૂળ હોય તો આ થાય? એક અનુકૂળ આત્મા. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! આ અહીં કીધું ને બીજા સાથે મારે પ્રયોજન શું છે? અહીં તો કહે છે, વિકલ્પનું પ્રયોજન શું છે? આવા સાધન ભલે આમ હોય એનું મારે શું કામ છે? મને ક્યાં એ નુકશાન કરે છે? આહાહા..!

મુમુક્ષુ :– આવી રીતે જાગૃત કરવા માટે...

ઉત્તર :– ના, ના. આમ અનંતવાર થયું છે. જાગૃત નહિ, થયું છે એને અને હજી ભાન નહિ કરે તો એવું અનંતવાર થાશે.

અહીં તો બીજુ કહેવું હતું, અહીં તો કહે છે મારે બીજા વિકલ્પથી શું કામ છે? શું કહે છે? બંધ-મોક્ષના પંથનો, આ બંધમાર્ગ ને આ મોક્ષમાર્ગ એવા વિકલ્પથી પણ મારે શું કામ છે? એમ કહે છે. બીજુ બંધ નહિ, જડનું બંધ, આ બંધ એ વાત તો એક કોર મૂક. સમજાણું કાંઈ? અરે..! હું છૂટો એકલો હોત ને તો શ્વાસ લઈ શકત તો કાંઈ કરી શકત. રહેવા દે, એ વાત રહેવા દે. એની સાથે કાંઈ સંબંધ નથી.

આ તો 'બંધ-મોક્ષ' શબ્દ પડ્યો છે ને? એમાં કહે છે કે, મારે તો આ બંધન–ભાવબંધ છે અને મુક્તિ થશે એવા વિકલ્પનું પણ મારે શું કામ છે? એ મને સહાયક છે નહિ. આહાહા..! બહારના અવયવો બંધાણા છતાં પંચેન્દ્રિય છે, એકેન્દ્રિય નથી. એને ક્ષયોપશમનો વિકાસ છે. એ એકેન્દ્રિય નથી. એને ઉઘાડનું–ક્ષયોપશમનું સાધન છે, એ સાધન બંધાયેલું નથી, ભાઈ! આહાહા..! ઉઘાડનો અંશ છે, ગમે તે આમ થયું હોય એમાં તને શું? ત્યાં આમ હોય કે આમ હોય એ બધું તારે માટે અનુકૂળ-પ્રતિકૂળ નથી. આહાહા..! દષ્ટિને

ફેરવી નાખ્યા વિના એનો છૂટકો નથી. સમજાણું કાંઈ?

એનો અર્થ એમ થાય કે, કાંઈક આપણને સરખું હોય ને તો આપણને વિચારનો અવકાશ રહે. એટલે આ બધા સરખાય હોય તો વિચારનો અવકાશ રહે. એટલે બધા સાધન થતાં હશે મદદગાર? આહાહા..! ભારે વાત ભાઈ! આ તો બંધ-મોક્ષ આવ્યું ને? વિકલ્પ શેના? કે બંધ-મોક્ષના. આમ બંધ થાય ને આ વિકલ્પ આવો કરે તો બંધ થાય, આવી રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કરે તો મોક્ષ થાય. એ સંબંધીના વિકલ્પોથી પણ મારે શું કામ છે? તો આ શરીરની અનુકૂળતા ને પ્રતિકૂળતા એની સાથે તો મારે કાંઈ કામ જ નથી. આહાહા..! ભગવાન એ ટાણે છૂટો જ પડ્યો છે, એમ કહે છે. ભારે વાત, ભાઈ! આ તે નેવાના પાણી ઉપર મોભે ચડાવવા લાગે એને, હોં! પણ ભાઈ! તું આત્મા છો કે નહિ? આત્મા છે ને એ તો પોતાના વિકલ્પથી બંધાયેલો ભાસે છે. બાકી એને બંધન નથી. એટલે બાહ્યના શરીરના અવયવો આમ હોય કે આમ હોય કે તુટ્યા હોય કે આમ હોય કે બાંધ્યા હોય કે ફુટ્યા હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ છૂટો જ છે. એની સાથે સંબંધ નથી. અહીં તો એ સિદ્ધ કરવું છે. આમાંથી જરીક મને છૂટો કરે ને તો મને (કામ કરવામાં અનુકૂળતા રહે). પણ ક્યાંથી તારે છૂટું થવું છે? આહાહા..! જરીક આ શ્વાસ લે એવું થાય, અરે..! મને આમ (થાય છે). આ તો માર વાગે છે એમાં બોલાય નહિ અંદર ને અંદર. સમજાણું? બોલે નહિ ને ઉંહકારો કરે નહિ. ઉંહકારો ક્યાંથી કરે? પણ એથી શું થયું? કહે છે, ભાઈ! તારી દૃષ્ટિમાં ફેર છે.

એ સંયોગોમાં શરીરનું સાધન આવું થયું એ તને બંધન નથી. વસ્તુ તો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ મૂર્તિ પ્રભુ આત્મા એ કાળે છૂટો પડ્યો (છે). એને તું આમ દૃષ્ટિમાં લે એટલે બીજા વિકલ્પનું પણ કામ નથી તો આ બંધનને છૂટવાનું તારે શું કામ છે? આ ભાવબંધન ને ભાવમુક્તિના વિકલ્પનું કામ નથી. આહાહા..! એ..ઇ..! છૂટું તત્ત્વ છે ઇ તત્ત્વ છે એ આખો અનંત જ્ઞાનનો પુંજ, ગંજ છે. એની કલ્પનામાં એણે આમ મોટું કરી મુક્યું છે. આમ હોય તો આમ થાય ને આમ હોય તો આમ થાય. અહીં તો બંધના ભાવબંધ, હોં! એના વિકલ્પથી આવો બંધ કહેવાય ને આનું નામ મુક્તિ કહેવાય ને એવા વિકલ્પથી મારે શું કામ છે? એ વિકલ્પ તો હું ઉઠાવું તો થાય છે. એવા (વિકલ્પનું) મારે શું કામ છે? હું તો જ્ઞાયક સ્વરૂપ છું ને! આહાહા..! સમજાણું કાંઈ? આ છેલ્લા કળશો છે ને? ભાવનાના મુદ્દાના કળશો છે.

'તિલોય પણ્ણત્તી' માં છેલ્લા કળશો બહુ સારા મૂક્યા છે, ભાઈ! છેલ્લા બધા બહુ સારા. 'પ્રવચનસાર'ના કેટલાક 'સમયસાર'ના. એ બધા પુણ્ય ને એ પુણ્યથી વૈભવ (મળે), વૈભવ મટી ને... ન્યાં 'તિલોય પણ્ણત્તી' માં બધું મૂક્યું છે. મૂળ તો ઠેઠથી (ચાલ્યું આવે છે). મૂળ તો આ (આચાર્ય) પછી થયા છે ને? 'કુંદકુંદાચાર્ય' પહેલા થયા છે. પછી

'યતિવૃષભઆચાર્ય' (થયા). એમાંથી આ લીધું છે. 'કુંદકુંદાચાર્ય' પહેલા થયા? 'કુંદકુંદાચાર્ય' પહેલા થયા ને પછી 'યતિવૃષભ' થયા ને? એમ જ હોય ને! આ તો બે હજાર વર્ષ થયા ને! એટલે લખ્યું છે કે, આ બધી ગાથાઓ 'સમયસાર' માંથી લીધી લાગે છે. ભલે એમણે નાખી છે, પણ લીધી છે આમાંથી. સમજાણું? અઢારસો વર્ષ ને લગભગ? કેટલા કહે છે? આ બે હજાર વર્ષ થયા. ગાથાઓ બધી ઘણી મુકી છે, હોં!

'નોકર્મ કર્મ...' આ પુણ્યના વૈભવની, 'हिण्डति संसार' પુણ્ય-પાપમાં ફેર માને ઇ સંસારમાં રખડશે. બહુ ઘણી ગાથા છે, ઘણી ગાથાઓ (લીધી છે). છેલ્લે આચાર્યે લોકનું બધું વર્ણન કરીને પછી ભાવના ભાવી છે. પછી પોતાની ભાવના ભાવી છે કે, વસ્તુ આ છે, આ બધું જાણીને. સમજાણું કાંઈ? ઇ છે. અંદર છે, જુઓ! ગાથા એણે ક્યાંક મુકી છે. મેં મોઢા આગળ વાંચ્યું હતું. આ ગાથાઓ એની લાગે છે. સમજ્યા ને? ૮૦૦ ને કેટલામો? નવમો છે ને? જુઓ! અહીં છે. બધી ગાથાઓ બહુ ઊંચી, હોં! તે દિ' હમણાં ભાઈ! આવ્યા હતા ને? 'વિમલચંદજી' તે દિ' વાંચી હતી. સમજાણું? ('તિલોય પણ્ણત્તી' અંતિમ અધિકાર, ગાથા–૨૨)

**जह चिर-संचिदमिंधणमणलो पवणाहदो लहुं दहइ।**

ઘણા કાળના ઇંધણા ભેગા કર્યાં હોય એ પવનથી આયુક્ત અગ્નિ દ્વારા શીઘ્ર બાળી મુકે છે.

**तह कम्मिंधणमहियं, खणेण झाणाणलो दहइ।**

એમ કર્મના ઇંધણા આત્માની એકાગ્રતારૂપી ધ્યાન અગ્નિથી બાળી મુકે છે. બધી ગાથાઓ એવી છે, હોં! જો બધી ગાથાઓ એવી છે, હોં!

**जो खविद मोह-कलुसो, विसय-विरत्तो मणो णिरुंभित्ता।**
**समवट्ठिदो सहावे, सो पावइ णिव्वुदिं सोक्खं।।**

**जस्स ण विज्जदि रागो, दोसो मोहो व जोग-परिकम्मो।**
**तस्स सुहासुह - दहण -ज्झाणमओ जायदे अगणी।।**

**दंसण-णाण-समग्गं, झाणं णो अण्ण-दव्व-संसत्तं।**
**जायदि णिज्जर-हेदु, सभाव - सहिदस्स साहुस्स।।**

**णाणम्मि भावणा खलु, कादव्वा दंसणे चरित्ते य।**
**ते पुण आदा तिण्णि वि, तम्हा कुण भावणं आदे।।**

**अहंमेक्को खलु सुद्धो, दंसण-णाणपग्गो सदारूवी।**
**ण वि अत्थि मज्झि किंचि वि, अण्णं परमाणुमेत्तं पि।।**

એવી ઘણી ગાથાઓ આપી છે, ઘણી ગાથા. ૧૮ થી માંડીને ૭૭, ૭૭ ગાથાઓ છે. બધી ભાવનાની છે. છેલ્લે આચાર્ય (વર્ણવે છે). વસ્તુ તો આ છે ને પાછી. બધું લખ્યું, ભલે લોકનું જણાવ્યું પણ વસ્તુ પાછી આ નાખી. 'સમયસાર' આદિ (શાસ્ત્રની) ઘણી ઘણી હોં! બહુ ગાથાઓ નાખી છે.

**णाहं देहो ण मणो, ण चेव वाणी ण कारणं तेसिं।**
**एवं खलु जो भाओ, सो पावइ सासयं ठाणं।।**

'**कारणं तेसिं**' હું એનું કારણ નથી. હજી પેલો કહે છે, કારણ છે. આ તો 'તિલોય પણ્ણત્તી' છે. હું કારણ નથી. જુઓને! '**णाहं देहो**'.

**देहो व मणो वाणी, पोग्गल-दव्वं परोत्ति णिदिट्ठं।**

એ મેં કર્યું નથી.

**पोग्गल-दव्वं पि पुणो, पिंडो-परमाणु-दव्वाणं।।**

દ્રવ્યનો આ પિંડ મેં કર્યો જ નથી, એ તો પરમાણુથી ભેગો થયો. સમજાણું?

**णाहं पुग्गलमइओ, ण दे मया पुग्गला कदा पिंडं।**
**तम्हा हि ण देहो हं, कत्ता वा तस्स देहस्स।।**

પેલી ગાથા આવી. 'પ્રવચનસાર'ની નથી? ૯૨ મી.

**एवं णाणप्पाणं, दंसण-भूदं अदिंदियमहत्थं।**
**धुवममलमणालंबं, भावेमं अप्पयं सुद्धं।।**

એ બધી ગાથાઓ છે.

**णाहं होमि परेसिं, ण मे परे संति णाणमहमेक्को।**
**इदि जो झायदि झाणे, सो अप्पाणं हवदि झादो।।**

એ બધી ગાથાઓ બહુ સરસ છે. એ બધું મૂળ તો વસ્તુ તો ઇ છે ને! ભાઈ! લાખ જાણ ને, લોક જાણ્યા ને આ જાણ્યા.. પછી આની ભાવના શું? કરણાનુયોગમાં પણ આ નાખ્યું, લ્યો! સમજાણું? ઇ જાણીને તો એણે આ કરવાનું છે ને? હું પુણ્ય નથી, પાપ નથી. પુણ્યને લઈને વૈભવ મળે, વૈભવથી મતિમોહ થાય, મતિમોહથી મૂઢ થઈ અભિમાન કરીને

પાપ બાંધે. એ પુણ્ય અમારે જોતા નથી, આચાર્ય કહે છે એ પુણ્ય અમારે જોતા નથી.

અહીં હવે પુણ્યને માથે તો મોટા... (એમ કહે છે કે) પુણ્યથી પવિત્રતા ને પુણ્યથી કેવળજ્ઞાન (થાય). ભગવાન! તારી બલિહારી છે ને! ઇ ઊંધો પડે તો નિગોદની દશા એ આરાધે ને કેવળજ્ઞાન પણ એ આરાધે. આહાહા..! એક શરીરમાં અનંતા ચાલ્યા જાય અને એક જીવને પણ અનંતી અનંતી હીણી દશા થઈ જાય. ક્યાં કેવળજ્ઞાનનો વિકાસ અને ક્યાં હિણી દશા! એ પણ એને આરાધ્યું છે કે નહિ?

(અહીંયાં) કહે છે, અરે..! અમને તો બંધ-મુક્તના વિકલ્પથી શું કામ છે? આહાહા..! આમ આમ થાવ કે આમ ન થાવ બહારનું એનું તો અમારે કામ નથી. સમજાણું કાંઈ? જરીક નિરોગતા બે વર્ષ રહે ને તો હું ધર્મસાધન કરી લઉં. સમજાણું કાંઈ? ઇ શેની ભાવના ભાવી તેં? એ તો તેં જડની ભાવના ભાવી. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈક પાંચ વર્ષ રોટલા રળી લઈએ અને કાંઈક સરખું થાય ને પછી નિરાંતે ધર્મ કરશું.

મુમુક્ષુ :– છોકરા મોકલે..

ઉત્તર :– છોકરા મોકલે તો સરખું થાય. તમારે તો છોકરો ને ભાઈ બેય ન્યાં ગયા છે. ઇ બે જણા રળે ન્યાં ને થોડુંક ભેગું કરીને પૈસા ન્યાંથી અહીં મોકલે. આહાહા..!

અહીં તો કહેવું છે જરી ખ્યાલ શું આવ્યો? બંધ ને મોક્ષના વિકલ્પથી શું કામ છે? આવ્યું છે ને? **'बन्धमोक्षपथपातिभिः'** **'શું પ્રયોજન છે? કેવા છે અન્ય ભાવ?'** **'કેવા છે અન્ય ભાવ?'** કેવા ભાવ, ક્યા માટેના ભાવ? એમ કહે છે. **'મોક્ષમાર્ગ છે, –એવા જે પક્ષ તેમાં પડનારા છે અર્થાત્ પોતપોતાના પક્ષને કહે છે એવા છે અનેક વિકલ્પરૂપ.'** લ્યો! સમજાણું કાંઈ? મોહ ને રાગ-દ્વેષ બંધના કારણ છે અને **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે,– એવા જે પક્ષ તેમાં પડનારા છે...'** વિકલ્પ હોં! વિકલ્પ. આહાહા..! માટે આમ બે ઘડી, પાંચ વર્ષ દેહને આમ સરખું રહે ને.. છોકરા સરખા રહે, કાંઈક નિરોગતા રહે. એ પર જડની પર્યાય તને સાધન થશે? અહીં તો બંધ-મોક્ષમાં પડેલા વિકલ્પ પણ સાધન નહિ થાય. આહાહા..! વસ્તુ તે વસ્તુ છે ને!

ભાઈ! તારી વસ્તુ તો એમાં છૂટી પડી છે ને! એ છૂટીને છૂટવા માટે બાહ્યના કોઈ સાધનની જરૂર નથી. આહાહા..! એ તો નહિ પણ આ બંધમાં આમ હોય ને મોક્ષમાં આમ હોય ને માર્ગનો પક્ષ આવો હોય, એવા વિકલ્પોની પણ ત્યાં શું જરૂર છે? કારણ કે, વિકલ્પ પણ ત્યાં છૂટું તત્ત્વ છે એને છૂટા કરવામાં બિલકુલ મદદ નથી. (ત્યાં તો) અટકે છે ઇ તો, કહે છે. આહાહા..! એ..ઇ..! ભાઈ! એક જણો કહેતો હતો, કીધું ને? પેટમાં ભૂખ્યા હોય એને તમે આ ધર્મ બતાવો છો. પેટમાં કુરકુરીયા બોલે અને કહે, ધર્મ કરો. કાંઈક રોટલો-બોટલો પડે. રોટલા પડ્યા પછી તમે એમ કહેશો કે, આ પચ્યા પછી અમે ધર્મ કરશું, પચ્યા પછી સરખો દસ્ત થાય ત્યાં સુધી મને ધર્મ ન થાય, જ્યાં પચીને દસ્ત નીકળ્યો

ત્યાં બીજી ભૂખ લાગી. કરવું છે કે દિ' હવે તારે?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ધૂળમાંય હકમાં જાતો નથી આ. એની માટે તો આ વાત મુકી. ભાઈ! કેવા? 'કીરચંદભાઈ' એ તો પછી બિચારા ઓલા થઈ ગયા. 'કીરચંદભાઈ' 'સુરેન્દ્રનગર' (સંવત) ૧૯૯૦ સાલમાં. બહાર જંગલમાં બેય જણા બેઠા હતા. આ શું કહેવાય? 'જાગનાથ પ્લોટ'. તે દિ' ખેતર હતા ને? તે દિ' મકાન નહોતા. ખાલી ખેતર. જ્યાં હોય ત્યાં તમે ધર્મ ધર્મ કરો છે પણ રોટલો પેટમાં પડે નહિ ત્યાં સુધી એને ધર્મ (થાય કેવી રીતે)? હવે તમારે ધર્મ કે દિ' કરવો છે? કીધું. રોટલો પેટમાં પડે ત્યારે કહે, એ સરખું પચ્યું નહિ, જાડું થઈ ગયું, આ થઈ ગયું, આ થઈ ગયું. એ પછી પચવા મંડ્યું પછી કહે દસ્ત સરખો થાય નહિ, દસ્ત થઈ જાય હવે મારે શું કરવું? દસ્ત થઈ જાય પછી કહે, મને પાછી ભૂખ લાગી. હવે ક્યારે કરવું છે તારે? 'જેચંદભાઈ'!

મુમુક્ષુ :– હવે એની મૂંઝવણનું કાંઈક કરો.

ઉત્તર :– પણ શેની મૂંઝવણ? એની તો માંડી છે આ. આ પેલો આટલામાં બંધાય ગયો તો પણ કે મારે શું છે? એની સાથે મારે સંબંધ નથી. આહાહા..!

કહે છે કે, **'અનેક છે જે વિકલ્પો તેમનાથી શું પ્રયોજન છે?...'** મારે. આહાહા..! મારા તત્ત્વના શુદ્ધ તત્ત્વનું છૂટેલું સ્વરૂપ એને પર્યાયમાં છૂટવા માટે મને આવા વિકલ્પનું શું કામ છે? આહાહા..! આ બંધ-મોક્ષના વિકલ્પ તો શુભ છે, હોં! હા. આમ બંધ થાય. ન્યાં બંધ થાય તોપણ વિચાર શુભ છે. આમ મોક્ષ થાય, આ સમ્યગ્દર્શન આમ હોય ને સમ્યગ્જ્ઞાન આમ હોય ને એવો જે પક્ષરૂપ વિકલ્પ, હોં! આહાહા..!

બાપુ! આ તો માર્ગ છે અને માર્ગ તે આત્માનો. આત્મા તે તદ્દન છૂટું (તત્ત્વ), જ્ઞાનનો ભંડાર ભરેલો છે. આહાહા..! એને નથી રોકતું કર્મ, એને નથી રોકતું શરીર, એને નથી રોકતી બહારની પ્રતિકૂળતાનો સંબંધ–પ્રતિબંધ. સમજાણું? અને નથી તેને સગવડતા આપતી શરીરની નિરોગતા, નથી કાંઈ બહારના સાધન ખાવા-પીવાના, રહેવાના મકાન એ કાંઈ સાધન એને ધર્મ ને આત્માની મુક્ત દશાને સાધક થવામાં એ કાંઈ મદદગાર નથી. આહાહા..! અહીં તો આ પુણ્યના વિકલ્પનો નિષેધ કરે છે. આમ આ બંધાશે ને આનાથી આમ થાશે ને શુભરાગ હોય તો બંધાય છે ને આ ફરી ત્યારે આમ થાય છે એવા જે વિકલ્પો.

**'बन्धमोक्षपथपातिभिः'** **'बन्धपथ'** અને **'मोक्षपथ'** બે લેવું ને સાથે ? **'बन्धमोक्षपथ'** બંધનો માર્ગ **'મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે,...'** બંધનું કારણ શું? મોહ-રાગ-દ્વેષ. અને મોક્ષનું કારણ શું? **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે, એવા જે પક્ષ...'** એના પક્ષના વિકલ્પો ઉઠે **'તેમાં પડનારા છે અર્થાત્ પોતપોતાના પક્ષને કહે છે, એવા છે અનેક વિકલ્પરૂપ.'** આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે એવા વિકલ્પો જેટલા કાળ સુધી હોય છે તેટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી;...'** બહારના આ સાધન બગડેલા હોય તો શુદ્ધ અનુભવ ન થાય એમ નથી. બહારની અગવડતા ન હોય ને સગવડતા હોય ત્યારે અનુભવ થાય એમ નથી પણ આવા વિકલ્પો હોય ત્યાં સુધી અનુભવ ન થાય. એમ કહે છે. આમ કહેવાનો આશય એ કે, તારા કરેલા વિકલ્પો છે એ તને રોકે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સવારમાં માંડ પૂજા થાય.

ઉત્તર :– માંડ પૂજા થાય, લ્યો! ઇ કહે છે કે, એવો શુભ વિકલ્પ માટે આવા સાધન હોય તો થાય એવું છે નહિ. અને અહીં તો મુક્તિ માટે આવા વિકલ્પની પણ જરૂર નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! આ તો છેલ્લા શ્લોકો છે ને? એમાં **'लस' 'लस'** તો મુકયું છે ને ક્યાંક? નહિ? આમાં. **'लसत्'** શબ્દ છે કે નહિ? મૂળમાં શું છે? આપણે હમણાં એ વાંચ્યું નથી. લ્યો! ઇ નીકળ્યું. જુઓ! 'સ્યાદ્વાદ વડે પ્રદિપ કરવામાં આવેલું લસલસતું જેનું તેજ છે. **'लसत्'** શબ્દ છે ને? ઇ આપણે મુકયું છે.

જુઓ! ઇ નીકળ્યું, હોં! સ્યાદ્વાદ વડે પ્રદિપ કરવામાં સમ્યગ્જ્ઞાન વડે પ્રગટ કરવામાં તે ચૈતન્ય જેનું ઝગઝગાટ લસલસતું તેજ છે, જેમાં શુદ્ધ સ્વભાવનો મહિમા છે. એવો પ્રકાશ મારામાં ઉદય પામ્યો છે. લ્યો! ત્યાં બંધમોક્ષના માર્ગમાં પડનારા અન્ય ભાવોથી મારે શું પ્રયોજન છે? જોયું? સમજાણું કાંઈ? પોતાની દશામાં પોતાની વાત કરે ને એમ કરીને બીજાને સમજાવે છે. આહાહા..! હવે એ શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં શું થાય છે? (વિકલ્પ) હોય ત્યાં સુધી અનુભવ થતો નથી. એની વિશેષ વાત કહેશે...( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૧૨, મંગળવાર તા.૦૪.૦૧.૧૯૬૬**
**કળશ - ૨૬૯, ૨૭૦. પ્રવચન - ૨૯૦**

'સાધ્ય-સાધક અધિકાર' આ 'કળશ-ટીકા'નો અધિકાર છે, છઠ્ઠો કળશ છે. અહીં સુધી આવ્યું, જુઓ! ભાવાર્થ, ભાવાર્થ થોડો આવ્યો હતો, ફરીને (લઈએ). છે ને ભાવાર્થ? **'ભાવાર્થ આમ છે કે એવા વિકલ્પો જેટલા કાળ સુધી હોય છે તેટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી; શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા, વિચાર કોનો કરવામાં આવે?'** શું કહે છે? એમ વાંચે કાંઈ એક-બે લીટીમાં સમજાય એવું નથી. કહે છે કે, આ આત્મા જે છે એ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આ દેહમાં આત્મા જે છે એ આ શરીર, માટી આદિ, આ કર્મ આદિ, વાણીથી જુદી ચીજ છે. આ તો માટી છે ને? જડ છે આ તો, વાણી જડ છે, અંદર કર્મ જડ છે એનાથી આત્મતત્ત્વ જુદું છે.

એ આત્મતત્ત્વમાં અનંત શાંતિ, આનંદ આદિ અનંત ગુણ ભર્યા છે. એનો જ્યારે અંતર અનુભવ દૃષ્ટિ કરતાં, જેને ધર્મ કરવો હોય એને એ આત્મા અનંત ગુણનો પિંડ શુદ્ધ ચૈતન્ય છે એની અંતરમાં દૃષ્ટિ કરતાં જે અનુભવ થાય એને ધર્મ કહે છે. એ ધર્મના અનુભવ કાળે કહે છે, આ હું આ શુદ્ધ છું કે અશુદ્ધ છું કે આ રાગાદિ હતા ને ટાળું છું એવા વિચારના વિકલ્પની મારે શું જરૂર છે? ઝીણી વાત છે. હજી તો પૂર્વ ભવની ને આ ભવની વાતુંમાં વાંધા. મોટા મોટા લાખો રૂપિયા પેદા કરતાં હોય બહાર અને બબ્બે, પાંચ પાંચ લાખ 'જુગરાજજી'!

મુમુક્ષુ :– અમારા જૈનસમાજના આગેવાન છે.

ઉત્તર :– આગેવાન કોને કહેવા? કાંઈ પૈસા ઝાઝા થઈ ગયા ને મોટો થઈ ગયો? આગેવાન થઈ ગયો?

અહીં તો વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર તીર્થંકર જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન પોતાના સ્વરૂપના પૂર્ણ વિકાસમાં જણાણું. એણે કહેલા તત્ત્વોનું ભાન કરી અને આ આત્માની અંતર દૃષ્ટિ કરે એને અગ્રેસર ને મોટો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી બધા મીંડા–ચકરડા કહેવામાં આવે છે. શું કહે છે? જુઓ! અહીં તો બહુ છેલ્લી વાત આવી છે.

મુમુક્ષુ :– મોટપ દેખાય...

ઉત્તર :– મોટપ ધૂળમાં દેખાતી નથી. કોને કહેવી મોટપ? પાંચ-પચ્ચીસ લાખ ભેગા થયા, કરોડ ભેગા થયા ને મરતા (વખતે) એં..એં..એ..! આમ કરીને પડ્યો હોય. લાખ તારા લાવને ડૉકટર ને! હાય.. હાય..! હવે આ રોગ મટતો નથી. શું થાતું હશે? 'મલૂકચંદભાઈ'! મંત્ર, તંત્ર, જંત્ર ને આવે છે ને? ભાઈ! 'છ ઢાળા'માં. કેટલા મંત્ર, તંત્ર, જંત્ર કર ને મરી જાય. આ દેહ છે એ જુદી ચીજ છે, આત્મા અનાદિની જુદી ચીજ છે. એને આને લઈને શું છે? અને આ કાંઈ રાખ્યા રહે એવા છે? આ તો માટી-ધૂળ છે. જગતના દાળ, ભાત, શાક અહીં ખડકાયેલા એનું આ શરીર બન્યું છે. એ આત્માને મરણ ટાણે, દેહ છૂટવા ટાણે છે શરણ કોઈ? લાખ રૂપિયા આપે ને મંત્ર, જંત્ર ભણાવે, હા..હો.. હા..હો.. કરે, મરી જાય.

મુમુક્ષુ :– અત્યારે તો છે ને?

ઉત્તર :– ધૂળેય નથી અત્યારે, માને છે મૂઢ થઈને. 'જેચંદભાઈ'!

મહા ચૈતન્ય પદાર્થ અંદર છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જેણે આત્મા જોયો છે અને એવા જ આત્મા જગતની અંદર અનંત છે. એ આત્મા અનાદિ કાળથી છે એ કાંઈ નવો નથી અને કોઈ દિ' એનો નાશ થઈને રાખમાં ભળી જાય એવી એ ચીજ નથી. જ્ઞાનમૂર્તિ ચિદાનંદ સ્વરૂપ આત્મા એની વર્તમાન દશામાં એનામાં વિકાર છે, કર્મનો, જડનો સંબંધ છે. એ હોવા છતાં જેને ધર્મ કરવો ને આત્માની પ્રાપ્તિ કરવી છે. આત્મા જેને

પ્રાપ્તિ (કરવો છે) એટલે જે પોતાની ચીજ છે તેને મેળવવી છે એણે શું કરવું? કે, એણે આત્માની પહેલી ઓળખાણ કરી અને એવા અનંત ગુણના પિંડ તરફની દૃષ્ટિ કરી અને વિકલ્પ પુણ્ય-પાપના ઉઠે એનાથી પણ ભિન્ન છું અને મોક્ષમાર્ગ ને બંધમાર્ગના વિચારના વિકલ્પથી પણ ભિન્ન છું. સમજાણું કાંઈ?

બધા મોટા મોટા હતા ભાઈ એની સાથે. મોટા મોટા ડૉક્ટર. ભણસાલી ને પેલો મોટો ને ત્રીજો મોટો ને ચોથો મોટો. હશે કીધું મોટા બધા. ત્રણ લાખની મોટી મોટર સાથે હતી. તે દિ' મોટર લઈને આવ્યા હતા એ મોટર હતી. ઇ કહેતા હતા, કો'ક કહેતું હતું, મેં જોઈ નથી. કો'ક કહેતું હતું. લાવ્યા હશે, ઠીક છે. જે હોય તે ધૂળની હોય. લાખની હોય, બે લાખની (હોય). માટી છે ને? એમાં આત્માને શું છે અંદર?

મુમુક્ષુ :– ભાડે લાવ્યા હતા.

ઉત્તર :– એ પણ કો'કની. પણ પેલો તો કાંઈક લાવ્યો હતો ને? કાલે નહોતો એક મોટો આવ્યો? એ પણ કો'કની. સરકારની હોય એની ક્યાં હતી? એને શું? એ તો સરકાર તરફથી નક્કી કરવા આવ્યા હતા ને? આ જાતિસ્મરણનું કાલે નક્કી કરવા આવ્યા હતા. 'જયપુર'નો મોટો પ્રોફેસર હતો ને? આવ્યા હતા ને તમારે ત્યાં? ઇ વાત થોડી નીકળી હતી. એ કહે, આત્મા હશે? પુનર્જન્મ હશે? પણ તમે આ જૈન નામ ધરાવીને મોટા મોટા, એટલી ખબર નથી કે, આત્મા આ દેહથી પહેલા હતો... પહેલા હતો... પહેલા હતો... પહેલા હતો... આવા દેહના થોથા તો અનંતવાર આવ્યા ને ગયા, આત્મા તો ઇ ની ઇ ચીજ છે. ક્યાં પણ નવરાશ ન મળે. આ પાપના ધંધા આડે આખો દિ'. શું કાંઈ કોઈ પણ નિવૃત્તિ કરીને વિચાર કર્યો છે કે, હું કોણ છું?

મુમુક્ષુ :– ઇ શું કરવા નિવૃત્તિ કરે? પૈસા મળે છે...

ઉત્તર :– ધૂળમાંય પૈસામાં નથી, મરી જાશે ત્યારે રાંકની જેમ ગલુડીયા મરે એમ મરી જાશે. હાય.. હાય..! લ્યો, અમે કોઈ નથી. તારા પાંચ, બે પાંચ લાખ, પચાસ લાખ હોય તે પડ્યા રહેશે. સાથે આવશે? નહિ આવે? કહો, સમજાણું આમાં?

અહીં કે દિ' પણ એની પાસે હતા? અહીં તો જુદા પડ્યા છે. જડ માટી, ધૂળ છે. એની પાસે તો 'આ મારા' એમ મમતા એની પાસે પડી છે. 'મોહનભાઈ'! એ મમતાનો ભાવ છે એની પાછળ ભગવાન ચિદાનંદ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? જે અનાદિ અનંત સત્ સત્ ચિદાનંદ સ્વરૂપ છે. સત્... સત્... સત્... શાશ્વત, સત્ હોવાવાળો પદાર્થ જ્ઞાન ને આનંદથી ભરેલું તત્ત્વ છે.

કહે છે કે, ધર્મી જીવ પોતાના આત્માની દૃષ્ટિ કરીને અનુભવે છે, કે હું તો શુદ્ધ આનંદ આત્મા છું. છે ને? **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા,...'** હું મોક્ષમાર્ગ સાધુ છું કે બંધમાર્ગથી હટુ છું એવા વિકલ્પ પણ અંતર દૃષ્ટિના

અનુભવ કાળમાં હોતા નથી. સમજાણું કાંઈ?

**'વિચાર કોનો કરવામાં આવે?'** પ્રભુ પોતે ચૈતન્યમૂર્તિ અંદરમાં સાક્ષાત્કાર થયો. બધી વિકલ્પની લાગણી છોડી શરીર, વાણી(થી જુદુ) અંતર ચૈતન્ય છૂટું તત્ત્વ છે. એના સન્મુખના અનુભવમાં ગયો. વિચાર કોના રહે હવે? કોનો વિચાર કરે? જે વિચાર કરનારો વિકલ્પ છે એ તો છૂટીને અંદર ઠર્યો.

મુમુક્ષુ :– ... પ્રયોગ કરે છે એ ક્યાં...

ઉત્તર :– આ નોખો દેખાડીએ છીએ ને! આ શું દેખાડે છે? આ જાણનાર કોણ છે? જડથી જુદો છે. આ બતાવ્યું. શું બતાવીએ છીએ આ? જાણનાર આનાથી જુદો છે. આ ને બે એક નથી. અને એ જાણનારમાં જેટલા પુણ્ય-પાપના રાગ થાય એ કૃત્રિમ વિકાર છે એનાથી જુદો છે.

મુમુક્ષુ :– એમાં શું દેખાડ્યું?

ઉત્તર :– આ દેખાડ્યું શું? એની આંખ્યું જોઈએ ને એને! આંખ્યું વિના શી રીતે દેખશે એ? આમ આંખ્યું મીંચે તો પણ જે જાણનાર છે અને પાંચ-પચીસ વર્ષની યાદગીરી કરે છે એ યાદ કરનાર તત્ત્વ ચૈતન્ય તે અનાદિઅનંત નિત્ય અને ધ્રુવ છે. 'જમુભાઈ'! હવે એને નથી વિચારવું, નથી એને નિર્ણય કરવો, શું આત્માની મહત્તા (એને) જાણવી નથી. એમ ને એમ અનંતકાળથી મરીને રખડીને રાજા થયો, રંક થયો, દેવ થયો ને ભૂતડા થયા ને ઢોર થયો. એવા અનંતા અવતાર ધારણ કર્યા. એમાં ધૂળમાંય ક્યાંય એ સુખી નહોતો. એ દુઃખના દાળીયામાં બધે ઠેકાણે શેકાય ગયો છે. સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે કે, ભાઈ! તારી ચીજ છે ને પ્રભુ! અંદર જ્ઞાનાનંદની જ્યોત સર્વજ્ઞ પરમેશ્વરે, કેવળી તીર્થંકરદેવે તારો આત્મા આવો જોયો છે. સમજાણું કાંઈ? કેવો છે? જુઓ! **'કેવો છું હું?'** ધર્મી અંતર વિચાર કરે છે. **'स्याद्वाददीपितलसन्महसि'** **'દ્રવ્યરૂપે તથા પર્યાયરૂપે પ્રગટ થયું છે પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું.'** લ્યો!

મુમુક્ષુ :– સ્યાદ્વાદનો અર્થ જ દ્રવ્ય-પર્યાય કરે છે.

ઉત્તર :– સ્યાદ્વાદનો અર્થ દ્રવ્ય-પર્યાય જ કરે છે ઇ. એકાન્તે નથી ને.

**'કેવો છું હું?'** વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે ત્રિકાળ છું અને અવસ્થા બદલવા તરીકે ક્ષણિક મારી દશા છે. વિચારનો પલટો ખાય છે, જ્ઞાન-દર્શન આદિ પર્યાય-દશાનો (પલટો ખાય છે) એ પલટારૂપ પર્યાય છે અને ત્રિકાળ ધ્રુવ છે, એ હું આત્મા છું. શરીર, વાણી, મન ને પુણ્ય-પાપના રાગ એ આત્મા નથી. સમજાય છે કાંઈ? **'દ્રવ્યરૂપ...'** દ્રવ્ય એટલે કોણ? આ પૈસો હશે દ્રવ્યરૂપ ને? 'ફુલચંદભાઈ'! શું હશે? ત્યારે દ્રવ્ય એટલે શું? આમાં શું પણ દ્રવ્ય? આત્મા નહિ. દ્રવ્યરૂપ ને પર્યાયરૂપ બેમાં દ્રવ્યરૂપ શું? એમ પૂછું છું. ત્રિકાળી વસ્તુ કાયમ રહેનારું તત્ત્વ તે દ્રવ્ય. અહીંયાં ફેંફેં થઈ જાય એવું છે. અને એક સમયની અવસ્થા બદલાય

છે વિચારની, શ્રદ્ધાની એને અવસ્થા કહે છે, પર્યાય કહે છે. કાયમ ટકે એને દ્રવ્ય કહે છે. દ્રવ્ય ને પર્યાય સ્વરૂપે આત્મા છે. દ્રવ્ય ને પર્યાય કોને ખબર શું હશે આ?

જૈનમાં જન્મે એને એના તત્ત્વની ખબર ન મળે. વીતરાગ શું કહે છે ને વીતરાગ નામે ભગત. શેના ભગત છે? જડના ભગત છે. આવ્યું હતું ને સવારમાં? '....' રયણસે ભક્તો ધર્મી તો રત્નત્રયનો ભક્ત છે. અજ્ઞાની તો પુણ્ય ને પાપ, શરીર, વાણી મારાનો, જડનો ભગત છે, જડનું ભજન કરે છે. સમજાણું કાંઈ? ધર્મી જીવ પોતાના આત્માને દ્રવ્ય નામ ત્રિકાળરૂપે તત્ત્વ જાણે છે અને પર્યાય એટલે અવસ્થા બદલતો પણ જાણે છે.

**'પ્રગટ થયું છે...'** એવો આત્મા હું પ્રગટ થયો છું. કાયમ ટકતું તત્ત્વ ને વર્તમાન પર્યાયમાં પરિણમતો આત્મા એવો હું છું. **'પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું.'** રાગના વિકલ્પ વિનાનો આત્મા પ્રત્યક્ષ પોતાથી જ્ઞાનથી પ્રત્યક્ષ પર્યાય ને દ્રવ્યનું ભાન થાય એવો હું પ્રત્યક્ષ છું. કહો, સમજાણું આમાં? જ્ઞાનના તેજ ચૈતન્યનો સૂર્ય પ્રભુ આત્મા છે. ચૈતન્ય તેજ લસત, લસલસતું તેજ કહે છે ને? ઝગમગાટ. આપણે તો એવો અર્થ કર્યો છે ને પેલામાં? લસતનો અર્થ. આ તો બધા આંધળા માટી ધૂળ છે. દાળ, ભાત, રોટલામાંથી બનેલા ને મસાણમાં રાખ થઈને ઉડી જશે, આ કાંઈ આત્મા નથી. સમજાણું કાંઈ?

આત્મા તો ચૈતન્યના તેજથી–નૂરથી ને આનંદથી ભરેલો પદાર્થ છે. એની અંતરમાં દૃષ્ટિ કરતાં ધર્મી જીવને–સમ્યગ્દૃષ્ટિ જીવને પોતાનું દ્રવ્ય કાયમ છે એમ ભાન થાય છે અને અવસ્થાએ નિર્મળ પર્યાય ક્ષણે ક્ષણે બદલાય છે એમ ભાન થાય છે. એ બધું જ્ઞાનનું રૂપ છે. કાયમ ટકે તોય જ્ઞાન અને પલટે તોય જ્ઞાન. રાગ ને પુણ્ય ને વિકલ્પ એ મારા સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

એક જણો બહુ પૂછતો હતો. એક જણો કો'ક હતો. એ છોડી આમ કહે છે? છોડી આમ કહે છે? કહે છે. તમે હવે મફતમાં કીધું મોટા ભણેલા પૂછડા વળગ્યા આવડા અને પાંચ, પચાસ હજાર પેદા કરતાં હોય. ધૂળમાંય નથી કીધું. કહે છે છોડી કીધું. છોડીએ બધું બતાવ્યું? કીધું, હા, બતાવ્યું. કો'ક પૂછતો હતો. એને હજી આત્મા પરલોકમાં હતો ત્યાંથી અહીં આવ્યો અને અહીંથી પાછો પરલોકમાં જાશે એટલી ખબર ન મળે. તમને આત્મા શું એની ખબર ક્યાંથી લાવવી? એ તો કીધું, બધાને એ વખતે ખંખેર્યા હતા. બધા મોટા મોટા હતા સાત, આઠ, દસ જણા. 'ભણસાલી' ને બાર મહિનાના લાખ, સવા લાખ મળે છે. 'અમેરીકા'ની કંપની. 'ભણસાલી' ડૉકટર. લાખ, બે લાખ એને પોતાની છે ને? ત્યાં ગયા હતા ને અમે? (સંવત) ૨૦૧૩ ની સાલ. ધૂળમાં આવે ને જાય. કેમ હશે? 'મલૂકચંદભાઈ'! એવા પાંચ, દસ લાખ, વીસ લાખ, કરોડ, પાંચ કરોડ પુણ્ય હોય તો આવે ને ન હોય તો ન આવે, કાંઈ તમારા ડહાપણને લઈને આવતા નથી. એ બરાબર હશે? 'જેચંદભાઈ'! એની અંદરમાં રહ્યું શું પણ? એમાં તને સોજા બધા થયા ઝાઝા.

હું એક આત્મા અનાદિઅનંત ક્યાં રખડું છું? શું છે આ? મારે પરની વિના ચાલે નહિ ને મારી ચીજ એની મને ખબર પડે નહિ. આ તે ભિખારી જેવો રાંકો ઓશીયાળ આ તે આત્મા કહેવાય એને? ભગવાન કહે છે, એને અમે આત્મા કહેતા નથી. કેમકે પુણ્ય ને પાપનો ઓશીયાળો ભિખારી, એ પુણ્ય-પાપ વિકાર છે એને આત્મા અમે કહેતા નથી. સમજાણું કાંઈ? અને એના ફળની માગણી કરનારો એને પણ અમે આત્મા કહેતા નથી. 'સોભાગમલજી'! આરે! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં ઇન્દ્રોની મધ્યમાં ભગવાનની વાણી આવતી હતી, જે કોઈ આત્મા પોતાની ચિદાનંદની સંપદા છોડી દઈને પુણ્ય ને પાપના ભાવને ભાવે છે અને એના ફળને ઇચ્છે છે એને અમે આત્મા કહેતા નથી. એ જડને ભાવનારો એ આત્મા નથી. કહો 'જમુભાઈ'!

મુમુક્ષુ :– એ ધર્મ કરતો હોય તો સુખી જ છે.

ઉત્તર :– કયો ધર્મ પણ? કાગળમાં લખે એ મેલામાં? મેલામાં લખે કે, આ મરી ગયો. ધર્મ કરે એ સુખી, અમારે કાંઈ લેવા-દેવા ન મળે. એમ કાગળમાં લખે. પણ ધર્મ કોને કહેવો એને લખનારને ભાન ન મળે. એમ હશે ને? 'મણિભાઈ'! આ આત્મામાં અંદર ધર્મ થાય એવો છે, બાહ્ય ક્યાંય ધર્મ છે નહિ. એ આત્મા જ્ઞાનાનંદ ચિદાનંદની મૂર્તિ છે, જ્ઞાનાનંદ સ્વરૂપ છે. ત્રિકાળ જેમાં જ્ઞાનનો સૂર્ય છે અને અતીન્દ્રિય આનંદનો જેનામાં–આત્મામાં રસ પડ્યો છે. એની અંતરમાં દૃષ્ટિ મુકીને એનો અનુભવ કરવો, આ એનું નામ આત્મા ને એનું નામ ધર્મી કહેવાય છે. સમજાણું કાંઈ?

પ્રત્યક્ષ **'लसत्'** નો અર્થ ઇ કર્યો, જુઓ! ઝગઝગાટ, લસલસાટ. **'महसि'** **'महसि'** જ્ઞાનનો પુંજ. જ્ઞાનમાત્ર હું છું. **'વળી કેવો છું? સર્વ કાળ ઉદ્યોતસ્વરૂપ છું.'** હું તો સર્વ કાળ જ્ઞાનના તેજ સ્વરૂપે છું. મારામાં શરીર, વાણી, મન પણ નથી, કર્મ પણ નથી, પુણ્ય ને પાપના ભાવ ઉઠે એ મારી ચીજમાં નથી. મારી ચીજમાં હોય તો જુદા પડે નહિ ને જુદા પડે એ મારી ચીજમાં છે નહિ. એમ અંતરમાં આત્માને અનુભવવો એનું નામ ધર્મ ને આત્મા કહેવાય છે. સમજાણું કાંઈ?

ગમે એટલા પૈસા હોય ને જ્યાં શરીરમાં રોગ ઉઠ્યો હાય.. હાય..! ડૉકટર કહે છે કે, કેન્સર છે. હવે? કહેશો નહિ, ભાઈસાહેબ, હોં! એક જણાને કેન્સર થયું. ૪૮ વર્ષે નવી પરણેલો. દસ લાખ રૂપિયા. ભાઈસાહેબ કહેશો નહિ, હોં! મને કીધું, હું નવી બાઈ પરણ્યો છું. આ તમે કહેશો નહિ કોઈને. સમજાણું? અંતે મરી ગયા. પછી તો ખબર પડ્યા વિના રહે? ભાઈસાબ કહીશ નહિ, હોં! હું તો સહન કરીશ. (મને) તો વાંધો નથી. પણ નવી પરણ્યા છીએ, છોકરા હજી નાના છે અને જ્યાં કેન્સર કહેશો તો બધા રાડ નાખી જશે. એમાં કાંઈ બીજુ થાય એવું છે?

એમ આત્માને અનાદિથી આ કેન્સર વળગ્યું છે. પુણ્ય ને પાપના ભાવ, શરીર મારા

એ ક્ષય રોગ વળગ્યો છે એને. સમજાણું કાંઈ? એ ક્ષય રોગ ટાળવો હોય અને આત્માને નિરોગી કરવો હોય તો એને ચિદાનંદ પ્રભુ આત્માનું માહાત્મ્ય કરીને દૃષ્ટિ કરવી, એનો અનુભવ કરવો, એને પ્રકાશમાં પર્યાયમાં લાવવો એનું નામ એના ક્ષય રોગના નાશનો ઉપાય છે. આત્માની પ્રાપ્તિ અને મુક્તિનો ઉપાય એ છે. **'સર્વ કાળ ઉદ્યોત...'** હવે પ્રગટ્યો એ પ્રગટ્યો એમ કહેવું છે. ચૈતન્યજ્યોત જ્યાં ભાનમાં આવ્યો ને પ્રગટ થયો (તો હવે) એમ ને એમ અનંતકાળ રહેશે. એને હવે રાગ-દ્વેષ ને પરિભ્રમણ થાય નહિ. સમજાય છે?

મુમુક્ષુ :– કેન્સરનું નામ પડ્યું ત્યાં ફફડાટ થાય છે, એમ ... થાતું નથી.

ઉત્તર :– નથી થાતો એને ભાન નથી ને! એ જ કહું છું. આ કેન્સરનો ફફડાટનો પાર નથી પણ એને ભાન કે દિ' છે? આહાહા..! આમ નરકમાં, ઢોરમાં જુઓ ને! આમ સિંહ પકડે હરણને. સેંકડો હરણ હોય સાથે, પણ એક હરણનો જ્યાં ટાંગો પકડ્યો... એમ કાળની મુદત જ્યાં આવી ત્યાં દેહને પકડ્યો. છોડ દેહ. તારા બાયડી, છોકરા ને લાખ તારા બંગલા હજીરા પડ્યા રહેશે, બધા તારા નથી.

મુમુક્ષુ :– એમ કાળ કહેતો હશે?

ઉત્તર :– કાળ કહે છે ને એને! ભાન નથી કરતો એને? છૂટ્યા હવે હાય.. હાય..! જાશું ક્યાં? જાશું ક્યાં? કીધું ને મરતા એક જણો રોતો હતો. આખી જિંદગી ડાહ્યા કહેવાણા, ગામમાં મોઢા આગળ મોટા કહેવાણા અને સાંભળેલું ખરું કે, ધર્મ નહિ કરે એ જાશે ચાર ગતિમાં રખડવા. મરવા (ટાણે) રોવે. બીજા પૂછે કે, તમે શું કરવા (રોવો છો)? તમારે દીકરા છે, પૈસા છે. પણ કહેવું શું એને? હાય.. હાય..! હવે અહીંથી ક્યાં જાશું? થઈ રહ્યું, ગઈ ઉંમર. મેં આત્માનું કાંઈ કર્યું નહિ. હેઠે જાય ઢોરમાં. મરીને કીડા, કાગડામાં અવતાર થાય. અહીં કહેવાય વાણીયા ને શેઠિયા, ન્યાં મરીને કીડા ને કાગડા થાય.

મુમુક્ષુ :– વાણિયા ને શેઠિયા થાય?

ઉત્તર :– હા વાણીયા ને શેઠિયા મરીને ન્યાં જાય. જાય ક્યાં બીજે જાતો હતો? 'અમરચંદભાઈ'! કહ્યું નહોતું? મેં જ કહ્યું હતું નહિ? (સંવત) ૧૯૬૬ ની સાલમાં. અમારી દુકાને મેં તો કહ્યું હતું, દુકાનમાં કહ્યું હતું. અમારા 'કુંવરજીભાઈ'ને કહ્યું હતું. એ 'ગુલાબચંદભાઈ'! ૧૯૬૬ની સાલમાં બધાની દુકાન (હતી). મારી દુકાન આ હતી ને એની દુકાન બેય જુદા હતા. ૧૯૬૬ની વાત છે, હોં! ૧૯૭૦ માં દીક્ષા લીધી એની પહેલા. ન્યાં દુકાને ગયો (અને કહ્યું), પણ એલા આખો દિ' આ? ગામમાં કોઈ સાધુ આવે, કોઈ સાંભળવું નહિ ને આ ધંધો... ધંધો... ધંધો... તે દિ' ખુબ કહ્યું હતું. અમારા ભાઈ 'ખુશાલભાઈ' ને બેય બેઠા હતા. હું તો 'ભગત' કહેવાતો. એટલે કોઈ મારી સામું બોલે નહિ. એલા મરીને ક્યાં જાશો તમે? કીધું. અહીં આખો દિ' (ધંધા આડે નવરાશ લેતા નથી). ઢોરમાં જાશો, કીધું હોં! એમ કહ્યું હતું. તે દિ' ૧૯૬૬ ની સાલમાં. એ... 'ગુલાબચંદભાઈ'! આ

'કુંવરજીભાઈ' ને તમારા વેવાઈને કીધું હતું.

મુમુક્ષુ :– આપ તો બધાયનો કહો છો, ... નથી કહેતા.

ઉત્તર :– આ તો હજી તે દિ' તો ઉંમર નાની ને! વીસ વર્ષની ઉંમર હતી તે દિ'. આખો દિ' આ? કોણ આત્મા? સાધુ ગામમાં આવે સાંભળવા જાવું નહિ. રાતે આઠ વાગે દુકાન બંધ કરવી અને રાતડીયા. તમે મોઢું એનું ન દેખો, એ મોઢા તમારા ન દેખે. પછી ભાઈએ નામ પાડ્યું હતું, 'રાતડીયા' નામ પાડ્યું હતું. આ અહીંના 'પાલેજ'ના રાતડીયા શ્રાવક. આખો દિ' (ધંધા આડે) સામું કોઈ જોવે નહિ. શું કરવું છે પણ આ જીવીને રળી રળીને? શું આત્મા છે? શું ધર્મ છે? એનો તો કાંઈ વિચાર નથી. મરીને ઢોરમાં જાશો, કીધું. મૂર્છા મૂર્છા આખો દિ' આ તમારી હોળી સળગે છે.

મુમુક્ષુ :– જે કામ ઉપર બેઠા હોય એ કામ પૂરું કરવું પડે ને!

ઉત્તર :– કામ શેનું પૂરું કરતો હતો? કે દિ' (કર્યા)? કોઈના પૂરા થયા નથી ને પાછળ અધુરા રહ્યા નથી. લોકો નથી કહેતા? 'મરતા સુધી કોઈના કામ પૂરા થયા નથી અને પાછળ અધુરા રહ્યા નથી' એમ લોકો વાતું તો કરે છે ભાન વિના પણ. કેમ 'ભગવાનભાઈ'! શું કરે? આમ મોઢા ફાટીને ચાલ્યા જાય. એલા તું કોણ છો એની કિંમત તો કર. દુનિયાની કિંમત કરવા ગયો પણ તારી કિંમત તને આવડતી નથી.

અહીં તો કહે છે કે, **'शुद्धस्वभावमहिमनि'** જુઓ! અહો **'શુદ્ધપણાના કારણે...'** એ મારી મહિમા છે. કોઈ શરીર, વાણીની મહિમા મારી નથી, પુણ્ય-પાપના વિકલ્પો એ મારી મહિમા નથી. ધર્મીને **'શુદ્ધપણાના કારણે...'** **'महिमनि'** **'પ્રગટપણું છે જેનું.'** એ **'महिमनि'**ની વ્યાખ્યા કરી. મારો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એ મારી મહિમા અને પ્રગટપણું છે. બહાર પૈસા મળ્યા ને પુણ્ય-પાપના ભાવ કર્યા એ કોઈ મારુ પ્રગટપણું નથી, એ મારુ પ્રગટપણું નથી, એ તો વિકારનું પ્રગટપણુ છે. સમજાણું કાંઈ? શુભ ને અશુભભાવ એ તો પાપ ને પુણ્યના ભાવ વિકાર છે. તું ક્યાં એમાં આવ્યો? મારો શુદ્ધ સ્વભાવ પૂર્ણાનંદ જ્ઞાયક એ મારી મહિમા ને એમાં હું પ્રગટપણે છું, બીજામાં છું નહિ. એમ આત્માનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ધર્મ કહેવાય છે. એ ધર્મ તે મુક્તિનો ઉપાય છે.

**( વસન્તતિલકા )**

**चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा**
**सद्यः प्रणश्यति नयेक्षणखण्डयमानः।**
**तस्मादखण्डमनिराकृतखण्डमेक-**
**मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।७-२७०।।**

ખંડાન્વય સહિત અર્થ :– 'तस्मात् अहं चित् महः अस्मि' ( तस्मात् ) તે કારણથી ( अहं ) હું ( चित् महः अस्मि ) જ્ઞાનમાત્ર પ્રકાશપુંજ છું; વળી કેવો છું ? 'अखण्डम्' અખંડિતપ્રદેશ છું; વળી કેવો છું? 'अनिराकृतखंडम्' કોઈના કારણે અખંડ નથી થયો, સહજ જ અખંડરૂપ છું; વળી કેવો છું ? 'एकम्' સમસ્ત વિકલ્પોથી રહિત છું; વળી કેવો છું ? 'एकान्तशान्तम्' ( एकान्त ) સર્વથા પ્રકારે ( शान्तम् ) સમસ્ત પરદ્રવ્યોથી રહિત છું; વળી કેવો છું ? 'अचलं' પોતાના સ્વરૂપથી સર્વ કાળે અન્યથા નથી; - આવો ચૈતન્યસ્વરૂપ હું છું; કારણ કે 'अयम् आत्मा नयेक्षणखण्डयमानः सद्यः प्रणश्यति' ( अयम् आत्मा ) આ જીવવસ્તુ ( नय ) દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એવા અનેક વિકલ્પરૂપ (ईक्षण ) અનેક લોચન તેમના દ્વારા ( खण्डयमानः ) અનેકરૂપ જોવામાં આવતી થકી ( सद्यः प्रणश्यति ) ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી - નાશ પામે છે. આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે ? ઉત્તર આમ છે : કેમકે આવું છે જીવદ્રવ્ય - 'चित्रात्मशक्तिसमुदायमयः' ( चित्र ) અનેક પ્રકારે - અસ્તિપણું, નાસ્તિપણું, એકપણું, અનેકપણું, ધ્રુવપણું, અધ્રુવપણું ઇત્યાદિ અનેક છે એવા - જે ( आत्मशक्ति ) જીવદ્રવ્યના ગુણો તેમનું જે ( समुदाय ) દ્રવ્યથી અભિન્નપણું ( मयः ) તે-મય અર્થાત્ એવું છે જીવદ્રવ્ય; તેથી એક શક્તિને કહે છે એક નય, પરંતુ અનંત શક્તિઓ છે તેથી એક એક નય કરતાં અનંત નય થાય છે. એ પ્રમાણે કરતાં ઘણા વિકલ્પો ઊપજે છે, જીવનો અનુભવ ખોવાઈ જાય છે. તેથી નિર્વિકલ્પ જ્ઞાનવસ્તુમાત્ર અનુભવ કરવા યોગ્ય છે. ૭-૨૭૦.

न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि,
न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रभावोऽस्मि ।*.

ખંડાન્વય સહિત અર્થ :– 'भावः अस्मि' હું વસ્તુસ્વરૂપ છું. વળી કેવો છું ? 'ज्ञानमात्रः' ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું. 'एकः' સમસ્ત ભેદ-વિકલ્પોથી રહિત છું. વળી કેવો છું ? 'सुविशुद्धः' દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિથી રહિત છું. વળી કેવો છું ? 'द्रव्येण न खण्डयामि' જીવ સ્વદ્રવ્યરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; 'क्षेत्रेण न खण्डयामि' જીવ સ્વક્ષેત્રરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; 'कालेन न खण्डयामि' જીવ સ્વકાળરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; 'भावेन न खण्डयामि' જીવ સ્વભાવરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું. ભાવાર્થ આમ છે કે - એક જીવવસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવરૂપ ચાર પ્રકારના ભેદો દ્વારા કહેવાય છે તોપણ ચાર સત્તા નથી, એક સત્તા છે. તેનું દૃષ્ટાન્ત - જેમ એક આમ્રફળ ચાર પ્રકારે છે એમ તો ચાર સત્તા નથી. તેનું વિવરણ - કોઈ અંશ રસ છે, કોઈ અંશ છોતરું છે, કોઈ અંશ ગોટલી છે, કોઈ અંશ મીઠાશ છે; તેમ એક જીવવસ્તુ (વિષે) કોઈ અંશ જીવદ્રવ્ય છે, કોઈ અંશ જીવક્ષેત્ર

**છે, કોઈ અંશ જીવકાળ છે, કોઈ અંશ જીવભાવ છે, - એ પ્રમાણે તો નથી, એવું માનતાં સર્વ વિપરીત થાય છે. તેથી આ પ્રમાણે છે કે જેમ એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન પુદ્‌ગલનો પિંડ છે, તેથી સ્પર્શમાત્રથી વિચારતાં સ્પર્શમાત્ર છે, રસમાત્રથી વિચારતાં રસમાત્ર છે, ગંધમાત્રથી વિચારતાં ગંધમાત્ર છે, વર્ણમાત્રથી વિચારતાં વર્ણમાત્ર છે; તેમ એક જીવવસ્તુ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવે બિરાજમાન છે, તેથી સ્વદ્રવ્યરૂપે વિચારતાં સ્વદ્રવ્યમાત્ર છે, સ્વક્ષેત્રરૂપે વિચારતાં સ્વક્ષેત્રમાત્ર છે, સ્વકાળરૂપે વિચારતાં સ્વકાળમાત્ર છે. સ્વભાવરૂપે વિચારતાં સ્વભાવમાત્ર છે. તેથી એમ કહ્યું કે જે વસ્તુ છે તે 'અખંડિત' છે. 'અખંડિત' શબ્દનો આવો અર્થ છે.**

( વસન્તતિલકા )

चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा
सद्यः प्रणश्यति नयेक्षणखण्डयमानः।
तस्मादखण्डमनिराकृतखण्डमेक-
मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।७-२७०।।

જુઓ! ધર્મી પોતાના આત્માને આવો ભાવે છે. **'तस्मात् अहं चित् महः अस्मि' 'તે કારણથી હું જ્ઞાનમાત્ર પ્રકાશપુંજ છું;...'** હું તો ચૈતન્ય જ્ઞાનનો પુંજ છું. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવો ચૈતન્યસૂર્ય તે આત્મા છે. કહો, સમજાણું આમાં? **'વળી કેવો છું?' 'अखण्डम्' 'અખંડિતપ્રદેશ છું;...'** અસંખ્ય પ્રદેશ છે ને? અસંખ્ય. અખંડ છું. પ્રકાશનો પુંજ છું અને અખંડ છું. **'વળી કેવો છું?'** અખંડ. સમજ્યા? એકરૂપે છું. વિકલ્પો, ભેદ આદિ મારામાં નથી. એવો આત્મા અંદરમાં દૃષ્ટિમાં લેવો એને આત્મા કહેવાય છે. સમજાણું કાંઈ?

**'અખંડિતપ્રદેશ છું; વળી કેવો છું?' 'अनिराकृतखंडम्' 'કોઈના કારણે અખંડ નથી થયો, કોઈના કારણે અખંડ નથી થયો, સહજ જ અખંડરૂપ છું;...'** એવો અર્થ કર્યો. પેલામાં એમ આવ્યું હતું ને? ખંડ ખંડ નિરાકૃત થતો નથી છતાં... આના અર્થ જ જુદી જાતના છે. **'કોઈના કારણે અખંડ નથી થયો,...'** હું તો મારાથી અખંડાનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ છું, એકરૂપ અભેદ વસ્તુ છું. સમજાણું કાંઈ? ભારે પણ ભાવ! પ્રકાશનો પુંજ આત્મા છું. ચૈતન્ય પુંજ અનાદિઅનંત ધ્રુવ છું અને અખંડ છું, એકરૂપ છું. **'વળી કેવો છું? કોઈના કારણે**

---

* શ્રી સમયસારની આત્મખ્યાતિ ટીકામાં આ ભાગ કળશરૂપ પદ્ય નથી, પરંતુ ગદ્ય છે; તેથી તેને કળશ તરીકે નંબર આપવામાં આવ્યો નથી.

**અખંડ નથી થયો,...'** સહજરૂપે અખંડ છું. મારો સ્વભાવ જ અખંડ છે. અખંડ છે એટલે સમજાય છે? શરીર, વાણી, મનમાં તો નથી, પુણ્ય-પાપમાં પણ હું નથી પણ મારામાં જે અનંત ગુણ છે, અનંત શક્તિ છે એથી એક એક શક્તિ ખંડ ખંડ નથી એમ કહે છે. હું તો બધી શક્તિનો પિંડ અખંડ છું. હવે એમાં ને એમાં દ્રવ્યની અંદર વાત લે છે. શું કીધું?

વસ્તુ જે આત્મા છે મહાન પદાર્થ, એમાં એ પુણ્ય-પાપ, શરીર, વાણી, કર્મ તો નથી એ તો એક વાત રહી. હવે એ વસ્તુમાં અનંત શક્તિ છે. આમાં શક્તિની બીજી વાત લે છે થોડી ઘણી, ધ્રુવ ને અધ્રુવ એવી લે છે. ટીકાકારે ૪૭ લીધી. 'પરમઅધ્યાત્મ તરંગિણી'. એ તો પહેલી લે છે ને એક શક્તિ પણ આમાં નાખી છે. શું કહે છે? આ આત્મપદાર્થ છે ને? જેમ બરફની ઠંડી પાટ (હોય) એ પાટ એ પોતે જોડે કોઈ તણખલા, લાકડાનો ભુકો ઉપર હોય છે ને? અથવા પેટીમાં રહ્યો હોય, એ પેટીથી પણ પાટ ભિન્ન છે અને એમાં જીણા ભુકા લાકડાના હોય છે. મોટી મોટી શીલા હોય છે બબ્બે, ચાર, ચાર મણની? એ ભુકો લાકડાનો (છે) એનાથી જુદી છે. હવે એ શીલા (છે) એમ આ આત્મા (છે). આ પેટી લાકડાની આ જડની એનાથી જુદી ચીજ છે. એમાં જેમ લાકડાના જીણા ભુકા (છે) એમ પુણ્ય ને પાપના મેલ વિકાર છે એનાથી જુદી ચીજ છે. હવે એ અખંડ પાટ છે બે મણની, પાંચ મણની આવે છે ને? મોટી પાંચ પાંચ મણની મોટી પાટ આવે છે. 'મુંબઈ'માં તો મોટી (પાટ હોય છે). એમ આ દેહમાં એ શીતળ ચિદાનંદની પાટ છે.

આ હાડકાથી જુદો અંદર શીતળ શાંત આત્મા જેનો જ્ઞાન પુંજ અને શીતળ શાંત સ્વભાવની પાટ પોતે આખી પડી છે. એની અંદરમાં કહે છે કે, એ પુણ્ય-પાપ ને શરીર-વાણી તો નથી પણ એ પાટમાં આ ઠુંઠું છે ને આ કઠણ છે ને આ ભારે છે ને... સમજાય છે? એવી જે શક્તિઓનો ભાગ પડે છે એ શીતળ પાટમાં એવા ભાગ જ નથી. એ વસ્તુ જ અખંડ છે. સમજાણું કાંઈ? અહીં તો ગુણમાં અનેકપણે (હોવા) છતાં હું તો એકરૂપે છું એમ સિદ્ધ કરવું છે. હવે આઘી વાત (લે છે). છેલ્લા શ્લોકો છે. સમજાણું કાંઈ?

વસ્તુ અંદર આત્મા જેને કહીએ એ તો ચૈતન્યપિંડ શાંતરસનો કંદ પડ્યો છે. એ વસ્તુમાં આ ધૂળ નથી, વાણી નથી, કર્મના જડ રજકણ એ એમાં નથી અને પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે દયા, દાન, કામ, ક્રોધ, રળવું, કામભોગની વૃત્તિઓ એ વિકાર એ સ્વરૂપમાં નથી, રખડવા માટે નવા ઉભા કરે છે. એ વિનાની ચીજ છું. હવે એ ચીજમાં પણ અનેક શક્તિઓ છે. પાટમાં પણ શક્તિ ઘણી છે ને? ઠંડી છે, તોલદાર છે. સમજાણું? રસ, ગંધ, વર્ણ છે. બધું છે કે નહિ એમાં? એમ આત્મા શરીરથી જુદો, વાણીથી જુદો, કર્મથી જુદો એ પુણ્ય-પાપના વિકલ્પથી જુદો. મારામાં અનંત શક્તિ છે. પણ કહે છે કે, અનંત શક્તિ હોવા છતાં હું ખંડ નથી. એક એક શક્તિનું લક્ષ કરીને ખંડ થાઉં એવો નથી. અનંત શક્તિનો પિંડ એકરૂપ છું. સમજાણું?

**'કોઈના કારણે અખંડ નથી થયો, સહજ જ અખંડરૂપ છું; વળી કેવો છું? સમસ્ત વિકલ્પોથી રહિત છું;'** હું જ્ઞાન છું ને હું દર્શન છું ને હું આનંદ છું ને એવા ગુણો છે છતાં એવા અનંત ગુણમાંથી આવો છું, આવો છું એવો જે રાગ વિકલ્પથી પણ ભિન્ન છું. **'સમસ્ત વિકલ્પોથી રહિત છું; વળી કેવો છું?' 'एकान्तशान्तम्'** દેખો! **'સર્વથા પ્રકારે સમસ્ત પરદ્રવ્યોથી રહિત છું;...'** શાંત શાંત અકષાય સ્વભાવ છે. આત્મસ્વભાવ તદ્દન અકષાય શાંત સ્વરૂપ છે. જેમ પેલી બરફની પાટ શીતળ છે એમ આ આત્માનો અંતર સ્વભાવ શીતળ, અવિકારી, વીતરાગ સ્વભાવ છે. વીતરાગ સ્વભાવ કહો, શીતળ સ્વભાવ કહો, અકષાય સ્વભાવ કહો કે શાંત સ્વભાવ કહો. કહો, સમજાણું કાંઈ?

**'एकान्तशान्तम्'**. એકાન્તની વ્યાખ્યા સર્વથા પ્રકારે કરી. એકાન્ત એટલે એક જ સર્વથા પ્રકાર, એમ. વ્યાખ્યા એવી કરીને? શાંત છું એટલે સમસ્ત પરદ્રવ્યથી રહિત છું એમ અર્થ કર્યો. આ આત્મા તદ્દન નિરાળી ચીજ રજકણ ને રાગથી જુદી ચીજ છે. એમ ધર્મીની દૃષ્ટિમાં આવો આત્મા આવે અને એ દૃષ્ટિનો અનુભવ કરે એને ધર્મ કહેવાય છે, બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ? વાતું કર્યા કરે કે, અમે ધર્મ કરીએ છીએ, આ દયા પાળીએ છીએ, વ્રત કરીએ, ભક્તિ કરીએ. વાતું કરો! એમાં કાંઈ વાતે વડા મળે એવું નથી. સમજાણું કાંઈ? ત્યાં સંભળાય છે ને? 'નરસિંહભાઈ'! સંભળાય છે બરાબર? શું કહે છે?

ભગવાનઆત્મા અહીં સંતો, મુનિઓ કહે છે ઇ કેવળી કહે છે ઇ કહે છે. ભાઈ! તું આત્મા કોને કહેવો? આત્મા એ કાંઈ શરીરરૂપ છે? કર્મરૂપ છે? પુણ્ય-પાપના વિકારરૂપ છે? ના, એનાથી રહિત છે. હવે એનાથી રહિત છે તો એનું એકરૂપ કેવું છે? એમાં અનંત શક્તિઓ છે ને? અને પરદ્રવ્ય રહિત છે ને? પરદ્રવ્યમાં વિકલ્પ આદિ બધાથી રહિત, ભેદથી રહિત. એવો ચૈતન્ય સ્વભાવ શાંત સર્વથા એક સ્વરૂપ પરથી નિરાળી ચીજ છે. એમાં ભલે અનંત ગુણ હો. સમજાણું કાંઈ?

**'વળી કેવો છું?' 'अचलं' 'પોતાના સ્વરૂપથી સર્વ કાળે અન્યથા નથી;...'** મારી ચીજ જે જ્ઞાન સ્વરૂપ આનંદ છે, કોઈ કાળે અન્યથારૂપે હું થયો નથી. વિકારરૂપે આત્મા થયો જ નથી. એની અવસ્થામાં એ ઉભા કરીને એ વસ્તુ માને (પરંતુ) વસ્તુ વિકારરૂપ થઈ નથી. સમજાણું કાંઈ? **'સર્વ કાળે અન્યથા નથી;...'** વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અનંત અનંત આનંદની મૂર્તિ આત્મા સર્વ કાળે અન્યથારૂપે હું થયો નથી. જે રૂપે, જ્ઞાનરૂપે, આનંદરૂપે, અનંત સ્વરૂપે હું છું એ રૂપે હું અખંડ એકરૂપ જ છું. સમજાણું કાંઈ?

એણે આત્મા સાંભળ્યો નથી. કોને કહેવો આત્મા? હજી તો પરલોકમાંથી નક્કી કરવા જાય તો આહાહા..! એમ થઈ જાય. પુનર્જન્મ! અહીંથી અહીં આવે? હવે આવે શું તું અનંતવાર આવ્યો, હવે સાંભળને! તું ક્યાંયથી મરીને આવ્યો છો, આ દેહ નવો છે. આત્મા ક્યાંક બીજે ભવે હતો, ત્યાંથી અહીં આવ્યો છે. આ પૂરું થાશે એટલે જાશે બીજે. એ ક્યાં ન્યાં

કાયમની ચીજ છે? આ તો સંયોગી ચીજ છે. પાંચ, પચાસ વર્ષ રહીને ન્યાંથી ચાલ્યો. લબાચા ભર્યા એણે વિકારના પરિણામના, એ સાથે લઈને ચાલ્યો. સમજાણું કાંઈ? પુનર્જન્મની વાત. આવું થઈ ગયું! ઓ..હો..! (એમ લોકોને થઈ જાય). મોટા મોટા અભ્યાસી કહેવાય, લ્યો! એ વાતના અભ્યાસી. એ વાતના અભ્યાસી ધૂળમાંય નથી કાંઈ.

આવો હું છું. કહે છે કે, હું તો જ્ઞાનમૂર્તિ અરૂપી નિત્યાનંદ પ્રભુ એકરૂપે કોઈ દિ' અન્યથા થયો જ નથી એને હું આત્મા અનુભવું છું એમ ધર્મી કહે છે. સમજાણું કાંઈ? **'આવો ચૈતન્યસ્વરૂપ હું છું;...'** લ્યો! જુઓ! એવો ચૈતન્યસ્વરૂપ હું છું. કેટલા વિશેષણ આપ્યા? આવો ચૈતન્ય હું છું. એકાન્ત શાંત સર્વથા પરથી ભિન્ન, અચળ, અખંડ, ચૈતન્યનો પુંજ એવો હું છું, એને આત્મા કહેવામાં આવે છે. એવો અંતરમાં દૃષ્ટિમાં લઈ અને સ્થિર થાવું એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? બાકી બધી બહારની વૃત્તિઓ ને ક્રિયાકાંડ, રાગ ને એ કોઈ ધર્મ-બર્મ છે નહિ, એમ કહે છે.

**'કારણ કે...' 'अयम् आत्मा नयेक्षणखण्डयमानः सद्यः प्रणश्यति' 'આ જીવવસ્તુ દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એવા અનેક વિકલ્પરૂપ અનેક લોચન...'** કહે છે, આત્મા કાયમ છું એવી દ્રવ્યાર્થિક–દ્રવ્ય એટલે વસ્તુ એને લક્ષે જોઈએ તો દ્રવ્ય છે, વર્તમાન અવસ્થા પલટતાની લક્ષે જોઈએ તો પર્યાય છે. એવા જ્ઞાનના લોચનથી દ્રવ્ય ને પર્યાય આદિથી દેખો તો અનેક **'અનેક લોચન તેમના દ્વારા અનેકરૂપ જોવામાં આવતી થકી ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી - નાશ પામે છે.'** ભાષા જોઈ? મૂળથી શોધી જડતી નથી. શોધવાનું મટી ગયું, કહે છે. જરી શું કહે છે?

કહે છે, ભગવાનઆત્માને શરીર, વાણી, મનમાં ને પુણ્યમાં ખોજવા જા, ત્યાં તો એ નથી. પણ જ્યાં ખોજવા જા તો એક એક ગુણે ખોજવા જા તો ખોજ મટી જશે એટલે વસ્તુ હાથમાં આવશે નહિ. સમજાણું કાંઈ? શોધી જડતી નથી એટલે નાશ પામે છે, એમ કહે છે. એનો હેતુ છે. અખંડ છે એને તું એક એક ગુણથી જો જુદો પાડવા જાઈશ તો એ અખંડ હાથ આવશે નહિ એટલે તારું ખોજવું નાશ પામી જાશે, એમ કહે છે. વાત બરાબર કરી છે. સમજાણું કાંઈ?

**'આ જીવવસ્તુ દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એવા અનેક વિકલ્પરૂપ અનેક લોચન...'** એટલે જ્ઞાનની આંખ્યું, **'તેમના દ્વારા અનેકરૂપ જોવામાં આવતી...'** અનેકરૂપ જોતા જોતા **'ખંડખંડરૂપ થઈને...' 'सद्यः प्रणश्यति'** એટલે **'નાશ પામે છે.'** એનો અર્થ કર્યો કે, **'ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી...'** મૂળથી વસ્તુ મટી જશે, એમ કહે છે. શું કહ્યું સમજાણું? વસ્તુ છે, જેમ બરફની પાટ કીધી. એને એકરૂપ જોવા જાય તો તો એને હાથ આવશે. પણ એ બરફની પાટમાં એને આ ખુંણો છે ને આ ખાંચ છે ને આ જાડી છે ને આ પહોળી છે ને આ ઠંડી છે ને આ સ્પર્શવાળી છે ને રંગવાળી છે (એમ) એના એક એક ગુણથી,

એક એક શક્તિથી જોવા જશે તો આખી ચીજ શોધી શકાશે નહિ. સમજાણું કાંઈ?

આમ તો કહે છે, શરીર ને રાગ દ્વારા તો હાથ નહિ આવે પણ આત્મામાં અનંતી શક્તિઓ છે એને એક એક શક્તિએ ગોતવા જાય તો હાથ નહિ આવે એમ કહે છે. કઈ શૈલી એણે ઉપાડી છે! સમજાણું કાંઈ? 'જમુભાઈ'! આહાહા..! આવું તત્ત્વ એને કાને પડતું નથી. શું છે એને વિચાર કરવાની ધારા તો ક્યાંથી ચાલે?

કહે છે, ભાઈ! પ્રભુ! તું કેવડો છો? ક્યાં છો? કેમ છો? તો ધર્મી વિચારે છે કે, હું તો એકરૂપ અનંત ગુણનો પિંડ એકરૂપ છું. એવા આત્માને પરદ્રવ્યથી શોધવા જાય તો એ ક્યાંથી મળશે? પુણ્ય-પાપના વિકલ્પનું અવલંબન લઈને ગોતવા જાય તો ક્યાંથી મળશે? એ તો પહેલેથી નહિ. એ તો વાત ના કહી. પણ એ વસ્તુ જે એકરૂપ અખંડ છે એમાં અનંત ગુણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુતા, આનંદ આદિ. કહે છે કે, વસ્તુ એક અખંડ છે એમાંથી એક ગુણથી શોધવા જાય તો એ દ્રવ્ય જ તારી દૃષ્ટિમાંથી મટી જશે. સમજાણું કાંઈ? ભેદ દ્વારા શોધવા જાઈશ તો અભેદ નહિ મળે આમ વાત કરે છે. લ્યો! આહા..! પુણ્ય-પાપના રાગથી તો આત્મા નહિ હાથ આવે પણ નયના ભેદના વિકલ્પથી પણ હાથ આવશે નહિ, તારું ખોજવું મટી જશે, શોધવું મટીને આંધળો થઈ જાઈશ એમ કહે છે. ભારે વાત, ભાઈ!

ફરીને, કહે છે એ આત્મા વસ્તુ જે છે એમાં અનંત શક્તિ તો છે. થોડી બીજી જાતની ઉતારશે. ધ્રુવ ને અધ્રુવ ને એ પણ એ ધ્રુવ, અધ્રુવ થઈને આખો ગુણ લેવો. સમજાણું? એક, અનેક ને એ બધી શક્તિઓ છે, એવી અનંત શક્તિ છે. જીવતર શક્તિ, ચિતિ શક્તિ, દૃશિ શક્તિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ વગેરે. એવી અનંત શક્તિઓ. શક્તિ એટલે ગુણ. પણ એ એક વસ્તુ છે એમાં અનંત ગુણ છે.

જુઓ! આ લાકડું છે. હવે આ લાકડું છે એને અહીં બહારના આ બીજા હાથથી, આંગળીથી જોવા જાય કે, આ મેલ હોય એનાથી જોવાય તો હાથ નહિ આવે. એ તો બરાબર છે? એમ આત્માને શરીર, વાણીની ક્રિયાથી જોવા જાય તો હાથ નહિ આવે. અંદર પુણ્ય-પાપનો મેલ છે, વિકલ્પ ઉઠે એનાથી જોવા જાય તો હાથ નહિ આવે, એક વાત. હવે આ લાકડું છે એ સુખડનું છે. છે ને 'મુંબઈ'માં આવે છે ને? પેલા ચીની.. ચીની લાકડા વેચે. એ સુંગધ છે, સુંવાળુ છે, આ આવું છે, આવું છે. કહે છે કે, એનું અખંડપણું જો જોવા જાય તો તો એકસાથે હાથ આવશે પણ એનો આ ખુણો આવો પડે છે ને આ પણું આવે છે ને સુવાળુ છે ને... (એમ) એક એક શક્તિને જોવા જતાં એ આખી ચીજ જ દૃષ્ટિમાં નહિ આવે. સમજાણું કાંઈ? આ ભારે વાત, ભાઈ! 'છોટાભાઈ'! હજી પેલા તો ક્યાં રાડ નાખે છે. હજી તો કહે છે, પુણ્ય કરશો તો મળશે. દયા, દાન, ભક્તિ, વ્રત કરતાં કરતાં આત્માની પ્રાપ્તિ થાશે. ધૂળમાંય નહિ થાય, સાંભળને હવે! એ તો વિકલ્પ છે, રાગ છે.

આ વસ્તુ છે એ આ વસ્તુ તો વસ્તુરૂપ છે. આમ પાટ, જુઓ! એકરૂપ છે, અખંડ છે. એમાં એની શક્તિઓ સુંવાળી, આવી... આવી... આવી... તોલદાર વગેરે શક્તિઓ અનંત છે પણ એક શક્તિથી શોધવા જાઈશ તો એકરૂપ હાથમાં નહિ આવે, તારું શોધવું ટળી જાશે. સમજાણું કાંઈ? કારણ કે, એક શક્તિમય આત્મા નથી. એ તો અનંત શક્તિનો એકસાથે પિંડ છે. આહા..! આ એને ખબર પડે છે પણ આ આત્મા મોટો (એની ખબર પડતી નથી). આ તો સાધરણ લાકડું છે, ધૂળ. આ તો મોટો ચૈતન્ય પિંડ છે અંદર અરૂપી મહાન પદાર્થ. આહાહા..! આહાહા..!

આખો ચૈતન્ય શરીર વ્યાપક મહાન પ્રભુ! જેમ મણી રત્નનો દીવો હોય અને ઉપર એક સ્ફટિક પડ્યું હોય.. સમજાય છે? એમ આ મણિરત્નનો ચૈતન્યમણિ રત્નનો દીવો આખો શરીરમાં ભિન્ન છે. આ તો બધા અંદર લાકડા છે. સમજાણું કાંઈ? ચૈતન્યરૂપી મણિરત્ન એવો ભગવાનઆત્મા. કહે છે કે, એને પરથી તો હાથ આવે એવો નથી પણ એના અનંતા ગુણો છે. જ્ઞાન ને દર્શન ને શુદ્ધ ને એક ને અનેક ને આનંદ ને પ્રભુતા ને... (એમ) એક ગુણથી જોવા જાઈશ તો ખંડ ખંડ થતાં અખંડનું ખોજવું તારું મટી જશે. ભાઈ! ઢબ કહેવાની કેવી છે પણ જુઓ તો! ઓહોહો..! એ ક્ષણ.. કહે છે, ભાઈ! અનેક લોચનથી એકરૂપ વસ્તુને જોવા જાઈશ તો અનેકપણાને આશ્રયે એકપણું નહિ પ્રાપ્ત થાય. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ભીખાભાઈ'! કહે છે, ખ્યાલમાં રાખું છું એમ કીધું ને? એટલે ન્યાં આવ્યું નિમિત્તની અપેક્ષા એમ કહે છે. અમારા પંડિતજી કહે ઠીક બોલે છે આ.

અહીં તો કહે છે, આત્મા કોને કહેવો? કે, એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણનું રૂપ એક તેને આત્મા કહેવો. અખંડ કીધું ને એને? હવે એક અખંડ વસ્તુ છે આત્મા પદાર્થ મહાન. આ તો ક્યાંય રહી ગયું. હવે એક આત્મા છે એમાં પણ અનંત શક્તિ છે એનું રૂપ એક છે. એમાંથી એક એક શક્તિનો વિચાર કરવા જાઈશ ને ગોતવા જાઈશ તો વસ્તુ હાથ નહિ આવે. કારણ કે, એ વસ્તુ આની એક શક્તિના ખંડરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'જમુભાઈ'! માર્ગ તો એવો છે. બીજી રીત માર્ગ હોય એમ થાય કે કાંઈક બીજું થાતું હશે? આહાહા..!

**'અનેક લોચન તેમના દ્વારા અનેકરૂપ જોવામાં આવતી થકી, અનેકરૂપ જોવામાં આવતી...'** દેખો! અનેક પક્ષથી **'અનેકરૂપ જોવામાં આવતી થકી ખંડખંડરૂપ થઈને...'** દેખો! ભાષા જુઓ! વસ્તુ ચૈતન્યનો પ્રકાશ એક સ્વરૂપે (છે). અનંત શક્તિ હો પણ વસ્તુ તો એક છે, અખંડ છે. ભાઈ! એની પ્રાપ્તિ એના અનંત ગુણમાંથી એક એક ગુણને શોધતા એની પ્રાપ્તિ થઈ શકતી નથી. એ આખો આત્મા એ ખોજવું તારું મટી જશે. એક ગુણમાં એક ગુણ આવો ને એક ગુણ આવો (એમ થયું) ત્યાં તો વિકલ્પમાં પડ્યો. સમજાણું કાંઈ? એ ખંડ ખંડ વસ્તુ નથી, વસ્તુ તો અખંડ છે. આહાહા..! એવી અખંડ વસ્તુને એક ગુણના ભંગ દૃષ્ટિથી

દેખતા અખંડ હાથ આવશે નહિ અને ખંડ ખંડમાં રોકાય તારું શોધવું જ મટી જશે. આહાહા..!

મુમુક્ષુ :– ખોજવું મટી જશે એ દોષના અર્થમાં છે?

ઉત્તર :– ખોજવું મટી જશે એ દોષના અર્થમાં છે. ખોજવું મટી જશે એટલે? જેને ગોતવા જાય છે એ આમ હાથ નહિ આવે, એમ કહે છે. ઓહોહો..! આવો વીતરાગ માર્ગ.. ત્રણકાળ, ત્રણલોકમાં બીજે વાત હોઈ શકે નહિ. અનંત ગુણ છતાં કહે છે કે, એ અનંત ગુણરૂપ એક એને ગુણભેદથી ગોતવા જાઈશ તો અભેદ હાથ નહિ આવે. એનો અર્થ કે, એના ઉપર દૃષ્ટિ એકરૂપે નહિ થાય. તારું ખોજવું મટીને રખડીશ ક્યાંક, એમ કહે છે. આહાહા..! શું કહે છે એ એને પકડાવું, અંદર ભેજામાં આવવું મુશ્કેલ (પડે). આ શું કહે છે? સમજાણું કાંઈ?

એક વસ્તુને એકરૂપે જો (તો) હાથ આવશે. એક વસ્તુને અનંત ગુણના ભેદથી જો (તો) હાથ નહિ આવે. સમજાણું કાંઈ? આ વાત હવે માણસને બિચારાને ન પકડાય (એટલે) પછી બીજે રસ્તે ચડી ગયા. એમ કહે, જાવ આ કરો... આ કરો... આ કરો... જાવ જિંદગી નાશ, બરબાદ. જાવ ચાર ગતિમાં રખડવા. આહાહા..!

કહે છે, જ્ઞાનના લોચન કીધા ને? એ અનેક લોચને એકને જોવા જાઈશ તો એક હાથ નહિ આવે. સમજાણું? **'सद्यः प्रणश्यति'** એ તારું શોધવું નાશ થઈ જશે એમ કહે છે. ભાષા એવી છે. ચમત્કારો એનો અર્થ છે. શોધવાનું મટી જશે, શોધવું મટી જશે એટલે હાથ આવી જશે? એમ. ભાઈ! કહે છે, જ્યાં ચીજ પડી છે ત્યાં ખોજવા ન જા અને બીજે ખોજવા જા તો ન્યાં મળશે? તારું ખોજવું બધું નાશ થશે અને વખત જાશે બધો તારો.

અહીં નથી કહેતા કે, ભાઈ! ક્યાં ખોવાયું છે? ભાઈ! પડી ગયું ખરું પણ અહીંથી રસ્તામાં ક્યાં પડ્યું (ખબર નથી). પણ ક્યાં તું ક્યાં ગોતવા જાઈશ તું? આ ઠેકાણે સ્થાન હોય તો ત્યાં ગોત. સ્થાનની તો ખબર ન મળે. ગોતવા ક્યાં જાઈશ તું? એમ આ આત્મા અનંત અનંત આનંદ, જ્ઞાન, શાંતિનો પિંડ એકરૂપ અખંડ વસ્તુ (છે). એને તું એક એક ગુણના ભેદવાળા ગોતવા જઈશ તો અભેદ ક્યાંથી હાથ આવશે? તારું શોધવું મટીને ન્યાં અટકી જાઈશ. ઓહોહો..! સમજાણું કાંઈ? હવે બહારના તો ક્યાંય થોથા રહી ગયા. સમજાણું?

**'આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે?'** દેખો! ભાષા જુઓ આવી. વસ્તુ એક છે આમ જ્ઞાયકમૂર્તિ પ્રભુ અભેદ (છે) એમાં આટલા બધા નયોથી શી રીતે હાથ આવશે? શી રીતે ઘટિત થશે? સમજાણું કાંઈ? પ્રભુના રૂપે તો ચૈતન્ય અખંડાનંદ પ્રભુ છે ને! એને આ દ્રવ્યે નિત્ય છે ને પર્યાયે અનિત્ય છે ને આથી એક છે ને આથી ગુણભેદે અનેક છે ને એવા બધા ભેદના લક્ષથી જોવા જાય તો **'આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે?'** એટલા બધા ભંગ એકરૂપ ચૈતન્યમાં કેમ ઘટશે?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– શાસ્ત્રો શું કરે? એનું સ્વરૂપ આવા ગુણરૂપ છે એમ બતાવ્યું પણ કીધું કે, એકરૂપ છે એમ બતાવ્યું પાછું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એકરૂપ કહ્યું છે કે નહિ સાથે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ ખોજવા માટે નહિ, એ તો જાણવા માટે કે, આટલા ગુણ છે એટલું. ખોજવા માટે તો અભેદ છે. સમજાણું કાંઈ? એ તો એને પહેલું નક્કી કરવા (કહ્યું) કે, દ્રવ્ય નિત્ય છે, પર્યાય અનિત્ય છે, શુદ્ધ છે, અશુદ્ધ છે પર્યાય, એવું એનું (સ્વરૂપ) નક્કી કરવા (કહ્યું). એ નક્કી (કરવા) એટલે રાગ સહિતનું નક્કી ભૂમિકામાં પહેલા (કરે). પણ એને શોધવા માટે આટલા નયો કામ આવતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો અજ્ઞાનીઓ જે આત્મતત્ત્વ કહેતા હોય એનાથી ભગવાન જેવું કહે છે એટલું એને નક્કી કરાવવા આ વાત કહે છે પણ એટલું નક્કી કરાવવા એ તો અજ્ઞાનીઓનું કહેવાથી વિરુદ્ધ વાત એમ નથી એટલું. પણ વસ્તુ કેવી છે? વસ્તુ અનંત ગુણનું એકરૂપ છે એને તું એકરૂપે શોધ તો એકાકર થઈશ તો હાથ આવશે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

**'આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે?' 'ઉત્તર આમ છે : કેમ કે આવું છે જીવદ્રવ્ય...'** **'चित्रात्मशक्तिसमुदायमयः, चित्रात्मशक्तिसमुदायमयः'** **'અનેક પ્રકારે - અસ્તિપણું, (અસ્તિ પણ છે) નાસ્તિપણું,..'** (પરથી નાસ્તિ પણ છે) વસ્તુ એક છે, ગુણથી અનેક છે, નિત્યથી ધ્રુવ છે, અનિત્યથી અસ્થિર છે, નિત્યથી સ્થિર છે, અનિત્યથી અસ્થિર છે, હોં! વસ્તુ એવી છે. **'ઇત્યાદિ અનેક છે...'** સમજાણું કાંઈ? ઇત્યાદિ એવી અનંત શક્તિઓ છે. ભલે હો, પણ એ વસ્તુમાં ભેદરૂપ નથી, વસ્તુ એકરૂપ છે. એ તો એના ગુણોની શક્તિના ભેદથી કહ્યું. વસ્તુ જે છે એનું રૂપ તો એક જ છે બધા ગુણનું એક. બધાના ગુણના અનંત રૂપ છે દ્રવ્યમાં? દ્રવ્ય અનંતરૂપે છે? સમજાણું કાંઈ? વસ્તુ એક છે.

**'એવા - જે જીવદ્રવ્યના ગુણો...'** એટલી અપેક્ષાથી લીધું છે, હોં! બે ભેગું થઈને એક શક્તિ–ગુણ લેવો. સમજાય છે? 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તંસત્' કીધું છે ને? ... વસ્તુ તરીકે ધ્રુવ, પર્યાય તરીકે અધ્રુવ ઉત્પાદ-વ્યય. એવી એક શક્તિ, એવી બીજી શક્તિ, અસ્તિત્વ નાસ્તિ એવી અનેક શક્તિ હોવા છતાં એ **'દ્રવ્યથી અભિન્નપણું...'** છે. એ બધી શક્તિનો સમુદાય એક છે. અહીં વજન સમુદાય ઉપર છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ તો નહિ, શરીર-વાણી તો નહિ, એ ગુણભેદ પણ નહિ. ગુણનો સમુદાય તે દ્રવ્ય છે. આહાહા..! હવે આને ક્યાં લઈ જવો ને ક્યારે પોગાડવો? હજી તો આત્મા છે કે નહિ એ એને નક્કી કરવું પડે. પછી હજી આત્મા આવા અનંત ગુણવાળો નક્કી કરે, પુણ્ય-પાપ વિનાનો નક્કી કરે, શરીર, કર્મ વિનાનો નક્કી કરે પછી અનંત ગુણનો સમુદાય તે એક છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ખબર નથી એ અજ્ઞાનના પડ્યા છે એ અનાદિના, મૂઢના કલાસમાં પડ્યા છે એમાં એ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, **'એવા - જે જીવદ્રવ્યના ગુણો તેમનું જે 'समुदाय' દ્રવ્યથી અભિન્નપણું...'** એ બધી શક્તિનું દ્રવ્યથી તો એકરૂપ છે. **'मयः' 'તે-મય અર્થાત્ એવું છે જીવદ્રવ્ય;...'** એ અનંત શક્તિમય જીવદ્રવ્ય છે. એમાં એક શક્તિમય ને આ બે શક્તિ એમ ક્યાં છે ઇ? આહા..! પાછળ લેતા લેતા ન્યાં લઈ જવું છે ને? ગુણભેદ નહિ, ગુણી એકલો સમુદાયની દૃષ્ટિ કરતાં અભેદ છે. સમજાણું?

**'તેથી એક શક્તિને કહે છે એક નય, પરંતુ અનંત શક્તિઓ છે તેથી એક એક નય કરતાં અનંત નય થાય છે.'** એક એક ગુણથી એક એક નય થાય છે. **'એ પ્રમાણે કરતાં ઘણા વિકલ્પો ઊપજે છે,...'** એમ કરતાં તો વિકલ્પ ઘણા થાય. **'જીવનો અનુભવ ખોવાઈ જાય છે.'** એ જીવનો અનુભવ ખોવાઈ જાય છે. **'તેથી નિર્વિકલ્પ જ્ઞાનવસ્તુમાત્ર અનુભવ કરવા યોગ્ય છે.'** લ્યો! સરવાળો. એકરૂપ ભગવાન અનંત ગુણનો એક સમુદાય, એનો અનુભવ કરવા લાયક છે. એ દૃષ્ટિનો વિષય ને અભેદ છે. એનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. વિશેષ કહેશે... ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ સુદ ૧૩, બુધવાર તા.૦૫.૦૧.૧૯૬૬**
**કળશ - ૨૭૦, ૨૭૧. પ્રવચન - ૨૯૧**

**'सुविशुद्ध एको ज्ञानमात्रभावोऽस्मि'** જુઓ! માથે શું ગયું? હવે છેલ્લા કળશ છે ને (એટલે) એકદમ અભેદના પડખાઓના પ્રકાર બતાવે છે. માથે ૭૦ માં ગયું. હા. આ તો થોડું લઈએ. આ તો આની સાથે સંધી કરતાં.

આત્મા વસ્તુ સ્વરૂપે પુણ્ય-પાપના ભાવ શરીર, કર્મથી રહિત (છે) પણ અનંત શક્તિ સહિત (છે) પણ એવી અનંત શક્તિ સહિતને એક એક શક્તિને એક એક નયે ખોજવા જતાં ખોજ ખોવાઈ જાય છે એમ આવ્યું હતું. **'सद्यः प्रणश्यति'** નો અર્થ જ એનો કર્યો. **'सद्यः प्रणश्यति'** છે ને? **'सद्यः प्रणश्यति'** ચોથી લીટીમાં (છે). **'ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી - નાશ પામે છે.'** એટલે કે આત્મા એક સમયમાં અનંત શક્તિ સંપન્ન અનંત ગુણરૂપ છે છતાં એક એક શક્તિને એક નયે શોધતા એનો ખોજ નાશ થઈ જાય છે. ખોજ એટલે એકરૂપ વસ્તુનો અનુભવ એમાં થઈ શકતો નથી. સમજાણું કાંઈ?

એ વસ્તુ પોતે અનંત શક્તિ ગુણ સંપન્ન વસ્તુ ભલે (હોય) અને વિકાર શરીર, કર્મથી

તો એ પ્રાપ્ત થાય નહિ. પુણ્ય-પાપના વિકલ્પથી કે શરીરની અવસ્થાના આશ્રયે એ વસ્તુની પ્રાપ્તિનો અનુભવ હોય નહિ પણ એનામાં અનંત ગુણ છે એ અનંત ગુણમાં એક એક ગુણનું લક્ષ કરવા જાય તો તે ખંડખંડ થતાં તેનો અનુભવ સિદ્ધ થતો નથી. કેમકે વસ્તુ એકરૂપ છે, એકરૂપ દૃષ્ટિ થતાં એનો અનુભવ થાય. અનંતપણાની દૃષ્ટિ કરતાં એનો અનુભવ થાય નહિ એમ અહીંયાં આ ગાથામાં કહ્યું.

હવે અહીંયાં ચાર બોલનો નિષેધ કરે છે. પેલામાં અનંત ગુણના અનંત નયોનો નિષેધ કર્યો, હવે ચારનો નિષેધ (કરે છે), પછી કરશે ત્રણનો નિષેધ. જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન. પણ આ પહેલો ચારનો નિષેધ કરે છે.

પહેલો છેલ્લો બોલ લે છે **'सुविशुद्ध एको ज्ञानमात्रभावोऽस्मि'** કેવો છું હું? કે, **'ज्ञानमात्रभावोऽस्मि' 'भावः अस्मि' 'भावः अस्मि'** ભાવ એટલે વસ્તુ. **'હું વસ્તુસ્વરૂપ છું, હું વસ્તુસ્વરૂપ છું.' 'વળી કેવો છું?' 'ज्ञानमात्र'** એ વસ્તુનો સ્વભાવ **'ચેતનામાત્ર છે...'** જાણવું-દેખવું એવો જ એનો સ્વભાવ છે. **'ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું.'** બધું સર્વસ્વ એ ચેતનામાત્રમાં બધું સમાય ગયું. એ પુણ્ય-પાપ, શરીર, કર્મ એમાં નથી. નથીની અહીં વાત કરી નથી. હવે અહીં છે આ ચેતનામાત્ર સર્વસ્વ... સર્વસ્વ... સર્વ પોતાનું. સર્વસ્વ–સર્વ પોતાનું. ચેતનામાત્ર એ વસ્તુ છું.

એક છું. **'एको'** છે ને અંદર? **'સમસ્ત ભેદ-વિકલ્પોથી રહિત છું.'** એક છું એટલે શુદ્ધ છું, શુદ્ધ છું એટલે એક છું, એક છું એટલે કોઈ પણ ભેદના વિકલ્પ વિનાનો છું. **'વળી કેવો છું?' 'सुविशुद्ध'** જુઓ! અનુભવની દૃષ્ટિ થતાં આ હોય છે એમ અહીંયાં કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્માનો અનુભવ થવામાં એકલી વસ્તુ ચેતનામાત્ર સર્વસ્વ એક અને સુવિશુદ્ધ, સુવિશુદ્ધ એટલે હવે એમાં નાખ્યું **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિથી રહિત છું.'** એવો આત્મા (છું).

**'વળી કેવો છું?' 'द्रव्येण न खण्डयामि'** આ વ્યાખ્યા જુદી રીતે કરે છે. પેલામાં દ્રવ્યથી ખંડિત થતો નથી એટલો અર્થ આપણે 'જયચંદજી પંડિત'માં આવે છે. અહીં તો કહે છે જીવદ્રવ્ય **'સ્વદ્રવ્યરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...'** એમ. હું સ્વદ્રવ્યરૂપ છું, સ્વદ્રવ્યરૂપ છું એમ છતાં એ એક ભાગ એમાં નથી આવતો એમ કહે છે. ક્ષેત્ર, કાળ અને ભાવ એવા ચાર ભંગમાં હું સ્વદ્રવ્યરૂપ છું એથી એના બીજા ત્રણ બોલ ભેગા નથી આવતાં એમ નથી. હું એકરૂપે અખંડ દ્રવ્યમાં અખંડ જ છું. સમજાણું કાંઈ?

**'જીવ સ્વદ્રવ્યરૂપ છે...'** વસ્તુ તરીકે, વસ્તુ. **'એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...'** એક દ્રવ્યરૂપ છું એમ કહેતા કાંઈ દ્રવ્યનો ભાગ–ખંડ થયો છે અને ક્ષેત્ર, કાળ, ભાવનો ભંગ કાંઈક રહી ગયો છે એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? આ તો હવે બધી ઊંચી ઝીણી વાત છે. 'જમુભાઈ'!

મુમુક્ષુ :– ઊંચી ને ઝીણી બેય એટલે?

ઉત્તર :– ઝીણીમાં ધ્યાન રાખવાનું હોય, ઊંચીમાં સાચી છે, એમ. સમજાણું કાંઈ?

દ્રવ્ય સ્વદ્રવ્ય, જોયું? ભાષા પણ પાછી કેવી (કરી છે)! સ્વદ્રવ્ય. **'द्रव्येण'** એટલે જીવ સ્વદ્રવ્યરૂપ છે. એમ કહેવામાં બીજા દ્રવ્યરૂપે તો નથી પણ એ સ્વદ્રવ્ય કહેવામાં એક અંશ આવી જાય છે એમ નથી. હું સ્વદ્રવ્યરૂપ છું એટલે કે ક્ષેત્ર, કાળ, ભાવનો બીજો અંશ પણ અંદર બાકી કોઈ રહી જાય છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એક દ્રવ્ય ચેતનામાત્ર વસ્તુ. હું સ્વદ્રવ્યરૂપ છું, સ્વદ્રવ્યરૂપ છું. એમ કહેતા **'અનુભવતાં પણ હું અખંડિત છું;...'**

**'क्षेत्रेण न खण्डयामि' 'જીવ સ્વક્ષેત્રરૂપ છે...'** બીજો બોલ. જીવ સ્વ, સ્વક્ષેત્રરૂપ છે. એમ કહેતા છતાં એક અંશ નથી. એમાં પણ બધા દ્રવ્ય, કાળ, ભાવનું અખંડ એકપણું આવી જાય છે, એમ કહે છે. ભારે ઝીણી વાત, ભાઈ! આ જીવનું આ અખંડપણું એમ દૃષ્ટિમાં આવવું એનું નામ ધર્મ ને સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? કહે છે, હું જીવ સ્વક્ષેત્રરૂપ છું. પોતાના ક્ષેત્ર પહોળો એટલો એ રીતે હું જીવ સ્વક્ષેત્ર છું **'એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...'** એટલા સ્વક્ષેત્રરૂપ, હું સ્વક્ષેત્રરૂપ છું એમ છતાં છું તો અખંડ જ. કોઈ ભાગ એમાં, સ્વક્ષેત્રમય છું એમાં કોઈ અંદર ભાવોનો કે, સ્વકાળનો કે દ્રવ્યનો ભાગ બાકી રહી જાય છે, એમ નથી. સમજાય છે કાંઈ? આવો ધર્મ ભારે, ભાઈ! હવે આમાં નવરાશ ક્યાં માણસને? બહારથી હજી તો વિકલ્પથી, દયા, દાન ને ભક્તિથી ધર્મ કરવો છે. એનાથી ધર્મ થાય ને એનાથી કલ્યાણ થાય.

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– રખડવા ટાણે. અનંત કાળથી રખડે છે એમાં છે રખડવું. ચોરાશી અવતારનું રખડવું છે એ એનાથી માને છે કે, મારુ કલ્યાણ થાશે. વસ્તુ પોતે અખંડાનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે એ વસ્તુના જે ચાર ભાગ, એમાં એક ભાગમાં બીજા ભાગ રહી જાય છે એમ કરીને અહીં નિષેધ કરે છે. બીજી તો વાત શી કરવી? સમજાણું કાંઈ? પુણ્ય-પાપ, દયા-દાન તો વિકલ્પ રાગ છે, વિકાર છે એનાથી ધર્મ-બર્મ છે નહિ, એનાથી આત્માનો અનુભવ થતો નથી. શરીરની ક્રિયાથી તો ક્યાંય રહી ગયું. કોણ જાણે ક્યાંનું ક્યાં નાખે છે! ઓહોહો..! શરીરની ક્રિયા સચેત જીવથી ધર્મ થાય, લ્યો! અરે..રે..! શું કહ્યું? અરે..! આવો કાળ મળ્યો, બાપા! ભાઈ! માંડ તરવાના કાળમાં બુડવાના ક્યાં રસ્તા લીધા? આહાહા..!

કહે છે, અહીં તો હું પોતે ચાર અંશપણે છું એમાં એક અંશમાં ત્રણ અંશ રહી જાય છે એવો હું નથી એમ કહે છે અહીં તો. આહાહા..! રાગપણે તો નહિ, પુણ્યપણે નહિ, પાપપણે નહિ, શરીર, વાણીપણે નહિ, કર્મપણે નહિ પણ એક અંશમાં હું સ્વક્ષેત્રપણે છું તો વળી બીજા અંશો એમાં બાકી રહી જાય એમ નહિ, બધું એમાં જ આવી જાય છે.

આહાહા..! એક અસંખ્ય પ્રદેશી એક વસ્તુ સ્વક્ષેત્રપણે એ પોતે દ્રવ્ય છે. એમાં એની અવસ્થા આદિનો કાળ છે ને એનામાં રહેલા ગુણ બધું એકમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ કળશ છે?

ઉત્તર :– આ કળશ નથી, ગદ્ય છે ગદ્ય. પણ ગદ્ય છે 'અમૃતચંદ્રાચાર્ય'નું. કહો, સમજાણું કાંઈ? કળશ નથી પણ 'અમૃતચંદ્રાચાર્ય'નું છે આ, કો'કનું કરેલું નથી, 'હિંમતભાઈ'એ એમાં ઉપરથી નથી નાખ્યું. આ તો ભાઈએ નાખ્યું છે–'રાજમલ પંડિતે' આ અર્થ કર્યો છે. સમજાણું કાંઈ?

હું એક સ્વરૂપે, સ્વક્ષેત્રે છું તોપણ તેમાં ખંડ નથી પણ અખંડ છું. સ્વક્ષેત્રનો ભાગ એક અને સ્વભાવ ને કાળ ને દ્રવ્યનો ભાગ બીજો એમ એમાં રહેતું નથી. સમજાણું કાંઈ?

**'कालेन न खण्डयामि' 'જીવ સ્વકાળરૂપ છે...'** ભગવાન પોતાના સ્વકાળે, ત્રિકાળ છે. અનંત ગુણ ને દ્રવ્ય ને ક્ષેત્ર બધું એમાં સમાય જાય છે. સ્વકાળ ત્રિકાળ, સ્વકાળ એટલે પોતાનો કાળ એટલે પોતાથી ત્રિકાળ એમ ને એમ છે. વસ્તુ જે અનંત ગુણનો પિંડ દ્રવ્યરૂપ, ક્ષેત્રરૂપ, ભાવરૂપ એવો સ્વકાળમાં બધું આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'कालेन न खण्डयामि' 'જીવ સ્વકાળરૂપ છે...'** પણ કાળથી ન કરતાં અહીં દરેકમાં સ્વ નાખ્યો છે. વળી કો'ક કાળ બીજાનો લે ને બીજાનું દ્રવ્ય લે. **'એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...'** ભલે હું સ્વકાળ એક છું, સ્વકાળ એકરૂપ છું. ત્રિકાલરૂપ સ્વકાળે એક છું એમ કહેતા હું અખંડિત જ છું. એમાં કોઈ ખંડ, ભેદ-ભંગ છે નહિ. સમજાણું?

**'भावेन न खण्डयामि' 'જીવ સ્વભાવરૂપ છે...'** જીવ સ્વ, સ્વ એમ લેવું. જીવ સ્વભાવરૂપ પણ જીવ સ્વ-ભાવરૂપ છે એમ લેવું. સમજાણું કાંઈ? હું એક સ્વ-ભાવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વ-ભાવ. એ મારા સ્વભાવરૂપ છું એમ કહેતા પણ અખંડ જ છું. સ્વભાવ કહેતા કોઈ કાળ, દ્રવ્ય ને ક્ષેત્ર કોઈ બાકી રહી જાય છે એમાં એમ છે નહિ. સમજાય છે? **'એમ અનુભવતાં પણ હું અખંડિત છું.'**

**'ભાવાર્થ આમ છે કે - એક જીવવસ્તુ, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવરૂપ ચાર પ્રકારના ભેદો દ્વારા કહેવાય છે...'** એક જ ભગવાનઆત્મા એની દ્રવ્ય એટલે ગુણ પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે અસંખ્ય પ્રદેશ, કાળ એટલે ત્રિકાળ રહેવાવાળો કાળ, ભાવ એટલે અનંત શક્તિ–ગુણ એમ ચાર પ્રકારના ભેદે એક ચીજને કહેવામાં આવે છે. **'તોપણ ચાર સત્તા નથી,...'** સત્તા તો ચારમાં એક જ છે. દ્રવ્યનું સત્ હોવાપણું જુદું, ક્ષેત્રનું હોવાપણું જુદું, કાળનું હોવાપણું જુદું ને ભાવનું હોવાપણું જુદું એમ છે નહિ. સત્તા તો એક જ છે. દ્રવ્ય સત્તા કહો તો તે, ક્ષેત્ર સત્તા કહેતા તે, કાળ ત્રિકાળરૂપ એકરૂપ સત્તા કહો તો તે, સ્વભાવરૂપ કહો તો તે. સમજાણું કાંઈ? **'તોપણ ચાર સત્તા નથી, એક સત્તા છે. તેનું દૃષ્ટાન્ત -'** ચાર સત્તા એ પ્રમાણે તો નથી. ચાર પ્રકારનું હોવાપણું આ પ્રકારે તો નહિ. ક્યા પ્રકારે (છે

એનો) દાખલો આપે છે. આ ભગવાનઆત્મા આ શરીર, વાણી, કર્મથી તો જુદો (છે), આ માટી છે આ તો, કર્મથી જુદો, પુણ્ય-પાપના વિકલ્પ વિકાર ઉઠે એથી જુદો. તો કહે છે એને ચાર પ્રકારે વહેંચીને કહીએ તો સત્તા ચાર છે? કોની પેઠે? એમ કહે છે.

**'જેમ એક આમ્રફળ...'** એક આંબો, આંબો–કેરી **'ચાર પ્રકારે છે એમ તો ચાર સત્તા નથી. તેનું વિવરણ - કોઈ અંશ રસ છે;...'** કેરીમાં એક ભાગ રસ છે, મીઠો. **'કોઈ અંશ છોતરું છે,...'** માથેની છાલ છે. એક રસ છે, એક છાલ છે. કેરી એક છે આમ એના ચાર ભાગ. એક રસ છે, એક છાલ છે, **'કોઈ અંશ ગોટલી છે, કોઈ અંશ મીઠાશ છે;...'** સમજાય છે? કોઈ અંશ રસમાહ્યલો પાછો અંશ મીઠો જુદું છે, એમ. સમજાય છે? રસ સાધારણ લીધો એમાં મીઠાશ લીધી. ચાર ભાગ છે એમ નથી. સમજાય છે? આ ચાર ભાગ છે એમ આત્મામાં નથી, એમ કહે છે. શું કીધું? રસની વિશેષ પર્યાય છે. રસ સામાન્ય છે એની મીઠાશ એક ભાગ છે. સમજાય છે કાંઈ?

**'કોઈ અંશ રસ છે, કોઈ અંશ છોતરું છે, કોઈ અંશ ગોટલી છે, કોઈ અંશ મીઠાશ છે;...'** એમ નથી. શું કીધું? એક કેરીમાં ચાર ભાગ. એક રસ, છાલ, ગોટલી ને મીઠાશ એ ચાર ભાગ છે. એમ આત્મામાં ચાર ભાગ નથી. **'તેમ એક જીવવસ્તુ (વિષે) કોઈ અંશ જીવદ્રવ્ય છે,...'** જુઓ! **'કોઈ અંશ જીવક્ષેત્ર છે, કોઈ અંશ જીવકાળ છે અને કોઈ અંશ જીવભાવ છે,...'** સમજાણું કાંઈ? રસ ભાવરૂપે લીધો અને મીઠાશ કાળરૂપે લીધી, ભાઈ! ભેદ પાડવો ને? ભેદ. ભાઈ! રસ અને મીઠાશ, કાળ અને ભાવ અને છોતરું અને ગોટલી એનું ક્ષેત્ર, એ દ્રવ્ય આખું. એક વસ્તુ ભગવાનઆત્મા જેમ એ કેરીના ચાર ભાગ છે એમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નથી. સમજાણું? તો કેવા છે?

**'એવું માનતાં સર્વ વિપરીત થાય છે. તેથી આ પ્રમાણે છે કે જેમ એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન પુદ્‌ગલનો પિંડ છે,...'** જુઓ! હવે શું કીધું? એક કેરી એ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ... ઉપાડ્યું સ્પર્શથી. સ્પર્શ – કેરી, કેરી છે એ સ્પર્શ છે તો તે, રસ છે તો તે, ગંધ છે તો તે, વર્ણ છે તો તે. કે જુદા ચાર બોલ છે? વર્ણ એક આ ઠેકાણે રહ્યો, ગંધ આ ઠેકાણે રહી, આ ઠેકાણે સ્પર્શ રહ્યો, એમ છે? કેરીના ચાર તો જુદા કહ્યા. રસ, છોતરું એટલે છાલ, ગોટલી ને મીઠાશ. એમ આત્મામાં નથી, આત્મા વસ્તુ એક સ્વરૂપ દેહથી તદ્દન ભિન્ન. જેમ પરમાણુમાં **'સ્પર્શ, રસ, ગંધ અને રંગ બિરાજમાન પુદ્‌ગલનો પિંડ છે,...'** **'તેથી સ્પર્શમાત્રથી વિચારતાં સ્પર્શમાત્ર છે,...'** શું કીધું? એ કેરીને સ્પર્શમાત્રથી વિચારતા આખું સ્પર્શ સ્વરૂપ જ છે કેરીનું. સમજાય છે કે નહિ આમાં? કેરીનો દાખલો તો ચોખ્ખો સ્પષ્ટ આપ્યો છે.

મુમુક્ષુ :– કેરીનો દાખલો જ સમજાતો નથી.

ઉત્તર :– લે! એ..ઇ..! કેરી છે ને? એના ઉપર આત્માને સમજાવવા દાખલો આપ્યો

કે, ભાઈ! કેરીમાં એક રસ છે, એક છાલ છે, ગોટલું છે ને મીઠાશ છે. એમ આત્મામાં એવા ચાર ભાગ છે એમ નથી. એક રહી ગયું દ્રવ્ય જુદું, ક્ષેત્ર જુદું, કાળ જુદો ને ભાવ જુદો, એમ નથી. ત્યારે (કેમ છે)? જેમ કેરીમાં એ કેરીને સ્પર્શપણે દેખો તો આખો સ્પર્શ જ છે, રસપણે દેખો તો રસ જ આખો છે, ગંધપણે દેખો તો ગંધ જ છે, રંગપણે દેખો તો રંગ પીળી તે આખી પીળી છે. સમજાય છે કે નહિ? એમ આત્મામાં.. આ કોઈ દિ' આત્મા શું એને ખબર ન મળે.

કહે છે **'ગંધમાત્રથી વિચારતાં ગંધમાત્ર છે, વર્ણમાત્રથી વિચારતાં વર્ણમાત્ર છે; તેમ એક જીવવસ્તુ સ્વદ્રવ્ય...'** એને દ્રવ્ય તરીકે જોઈએ તો તે જ આખી ચીજ છે. સ્વક્ષેત્રથી જોઈએ તો આખું પોતે એક જ છે. વળી સ્વક્ષેત્રમાં કોઈ દ્રવ્ય બીજું છે, કાળ, ભાવ જુદો (છે) એમ છે નહિ. કેરીમાં સ્પર્શથી દેખો તો એકલો સ્પર્શ જ છે, આખી કેરી સ્પર્શ(માત્ર છે).. રસથી દેખો તો રસમય જ છે, રંગથી દેખો તો રંગમય છે, ગંધથી દેખો તો ગંધમય છે. સુંગધ આવે છે ને એની? એમ ભગવાનઆત્મા વસ્તુથી દેખો તોય તે, એના સ્વક્ષેત્રથી દેખો તોય તે, એના સ્વકાળથી દેખો તોય તે અને તેના સ્વભાવથી દેખો તો તે. આ દાખલો 'પંચાધ્યાયી'માં આપ્યો છે. એના કર્તા 'રાજમલજી' છે ને? 'પંચાધ્યાયી' ના કર્તા પણ 'રાજમલજી' છે. એ કેરીનો દાખલો 'પંચાધ્યાયી' માં આપ્યો છે. આ રીતે છે.

મુમુક્ષુ :– ચાર ભાગમાં કેરી કેવી રીતે સમજાય?

ઉત્તર :– ચાર ભાગમાં કટકે કટકે સમજાય છે. કેરી ન્યાં એક કટકો આવ્યો, ન્યાં આખું ન આવ્યું આમ એકમાં. રસ આવ્યો ત્યાં ગોટલું ન આવ્યું ને ગોટલું આવ્યું ત્યાં છીલકું ન આવ્યું ને છીલકુ આવ્યું ત્યાં રસ ન આવ્યો. ઇ વળી પેલામાં પછી નાખ્યું, ઇ ન બોલ્યો, ખ્યાલમાં છે. કહો, સમજાણું કાંઈ? કેરીની છાલ જોઈ ત્યાં ગોટલું ન આવ્યું, ગોટલું જોયું ત્યાં છાલ ન આવી ને છાલ જોઈ તો રસ ન આવ્યો, રસ જોવે ત્યાં એની મીઠાશની પર્યાય ન આવી. એમ નથી આત્મામાં. આત્માને દ્રવ્ય દેખો તો કાંઈ જુદું છે, જેમ છીલકું દેખે તો એમાં ગોટલું ન આવ્યું. એમ આ દ્રવ્ય દેખો તો ક્ષેત્ર, કાળ, ભાવ જુદા પડ્યા છે એમ નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા દેહથી ભિન્ન તત્ત્વ (છે). સમજાણું કાંઈ? એ સત્ ચિદાનંદ સ્વરૂપ, સત્ શાશ્વત, જ્ઞાન ને આનંદ (સ્વરૂપ છે). કહે છે કે, એને વસ્તુથી જુઓ તો એ છે. જેમ કેરીને સ્પર્શથી દેખો તો સ્પર્શમાત્ર આખી છે, એમ આને સ્વક્ષેત્રથી દેખો તો એ છે, એને આખા રસથી દેખો તો એ છે, આને સ્વકાળથી દેખો તો એ છે, એને રંગથી દેખો તો એ છે.

કેરીમાં રંગનો ભાગ જુદો પડતો હશે ને સ્પર્શનો જુદો પડતો હશે એમ છે? ભાઈ! કેરીમાંથી રસ કાઢી નાખો એકલો. સ્પર્શ, ગંધ ને રંગ રાખો. કેમ હશે? એમાંથી રસ કાઢી

નાખો અને સ્પર્શ, ગંધ અને રંગ રાખો. એમાંથી રંગ કાઢી નાખો અને ગંધ, રસ ને સ્પર્શ રાખો. ન કહેવાય? (શ્રોતા :- છૂટું પડે જ નહીં ને.) એમ આ દેહમાં ભગવાનઆત્મા છે એમાંથી કહે છે કે, એનું દ્રવ્ય કાઢી નાખો અને એકલું ક્ષેત્ર રહે. પણ શું રહે? એ દ્રવ્ય જ પોતે અનંત ગુણનો પિંડ પોતે જ આત્મા છે. એને ક્ષેત્રથી દેખો તો તે તે જ છે. જેમ કેરીને રસથી દેખો તો આખી એક છે, રસ જુદો કાઢી નાખો ને આ રહે એમ જુદું તો શું રહે? કેરી જ ન રહે. એમ આત્મામાં વસ્તુ દેખો તો એ રૂપે છે, એનું ક્ષેત્ર દેખો તો તે જ રૂપે એ છે. એ દ્રવ્ય ને કાળ, ભાવ જુદા રહી જાય છે એમ નથી. કાળે છે છે, એમ સ્વકાળે છે. સ્વકાળે છે એમાં બધું આવી ગયું. ભાવ, દ્રવ્ય ને ક્ષેત્ર. કંઈ બીજુ જુદું રહી જતું નથી. જેમ કેરી ને રસ લેતા બધું આવી જાય છે. 'જુગરાજજી'! આહાહા..!

આત્માને સમજવો એને (કઠણ પડે). એને એના મકાનના ધૂળના ઢગલાની જો વાતું કરે ને એને ચાર દિશાની વાત યાદ આવે. એક મકાનને ચાર દિશા બાંધે છે કે નહિ? શું કહેવાય ત્યાં કોર્ટમાં? ચતુર્સીમા–ચાર સીમા, પણ ઘર તો એક છે. ચાર સીમા બાંધે તો ચાર ઘર છે? સમજાણું કાંઈ? વસ્તુ તો એની એ છે. આની કોરથી કહો તોય એ છે, આની કોરથી કહો તોય એ છે. આની કોરથી કહો તો એ છે, આનીકોરથી કહો તો એ છે. કે ચાર ઘર છે?

એમ ભગવાનઆત્મા દેહમાં બિરાજમાન પ્રભુ એને કહે છે, ગોટલીની પેઠે કે છાલની પેઠે જો જુદી-જુદી ચીજ (જુઓ) તો એમાં દેખાશે, જુદી-જુદી ચીજ દેખાશે. કેરી આખી નહિ દેખાય. એમ આત્માને એક એક ભાગ (છે) ગોટલી, આ છાલા એમ નથી. દ્રવ્ય આ, ક્ષેત્ર આ, કાળ આ ને ભાવ આ, એમ નથી. ભગવાનઆત્મા ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. વિકાર નહિ, કર્મ નહિ, શરીર નહિ. એ અસંખ્ય પ્રદેશી જે ક્ષેત્ર પહોળું છે તે જ આત્મા છે, એ જ આખો છે. એને સ્વકાળ લ્યો. કાળ–ત્રિકાળરૂપ કાળ, હોં! એનો ત્રિકાળ. એક સમયની પર્યાયની વાત નથી. સ્વકાળ પોતે કાળ છે. એમાં દ્રવ્ય પણ આવી ગયું, ક્ષેત્ર પણ આવી ગયું ને ભાવ પણ આવી ગયો. સ્વકાળથી જુઓ તો એ આખું છે.

સ્વભાવ–ભગવાનઆત્માને જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ–ભાવ છે. એ ભાવથી જુઓ તો એક આખી ચીજ છે. ભાવથી જુઓ તો કોઈ દ્રવ્ય જુદું રહી જાય છે, ક્ષેત્ર જુદું રહી જાય ને કાળ જુદો રહી જાય છે એમ નથી. સમજાણું કે નહિ? કેરીમાં ગોટલી કહેતા છાલ, રસ ને મીઠાશ જુદી રહી જાય છે. એમ આનું દ્રવ્ય કહેતા કોઈ ક્ષેત્ર, કાળ, ભાવ જુદા રહી જાય છે, એમ નથી. કેરીને જ્યાં સ્પર્શ કહેતા ચાર ભેગા આવી જાય છે, ભેગું જ છે બધું. સમજાણું કાંઈ? અહીં તો ચાર બોલ પણ નહિ, એકરૂપ છે એમ સિદ્ધ કરવું છે. ચારમાંથી એક. પેલા અનંતમાંથી એક, માથે અનંતમાંથી એક, આ ચારમાંથી એક. પછી ત્રણમાંથી એક કહેશે. સમજાણું કાંઈ?

શું કરવા આ વાત ચાલે છે? કે, આ આત્માની જેને દૃષ્ટિ પ્રાપ્ત કરવી છે એટલે કે ધર્મરૂપે પરિણમવું છે, જેને અનંતકાળમાં આત્મજ્ઞાન થયું નથી અને આત્મદૃષ્ટિ થઈ નથી એને આત્મદૃષ્ટિ કરવી હોય તો એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એણે જુદા પાડવા નહિ. એમ જુદા પડી શકતા નથી માટે.

વસ્તુ છે, લ્યો! આ વસ્તુ છે, જુઓ! આ સુખડ છે કે નહિ? આ સુખડનું લાકડું. એ સુગંધ કહો તો ઇ છે, સુવાળું કહો તો ઇ છે, ભારે કહો તોય ઇ છે અને રંગે આ જાતની પીળાશ કહો તોય ઇ છે. એમાં પીળાશ કાઢી નાખો, સુગંધ કાઢી નાખો તો બીજી શું ચીજ રહે? એ તો ઇ જ ચીજ છે. સુગંધ, ભારે, સુંવાળપ... સમજાય છે? બધી ઈ જ ચીજ છે.

મુમુક્ષુ :– તે દિ' જુદું કહ્યું' તું.

ઉત્તર :– ક્યાં કહ્યું જુદું તે દિ' ..

મુમુક્ષુ :– જુદું કહીને એક ચીજ.

ઉત્તર :– પણ ઇ જુદું કહીને શું કહે છે? એની સ્થિતિ બતાવે છે. ગુણ-પર્યાયનો પિંડ તેને દ્રવ્ય કહીએ. એ ચીજને પહોળાઈની અપેક્ષાએ તેને ક્ષેત્ર કહીએ. એને ત્રિકાળ રહેવાની અપેક્ષાએ કાળ કહીએ. એમાં રહેલી શક્તિઓ ને ગુણની અપેક્ષાએ ભાવ કહીએ. સમજાણું કાંઈ? નિજ ઘરના વાંધા. બીજી બધી પડ કરી લાંબી. પોતે કોણ ને કેવો હશે એની કોઈ દિ' ખબર કરી નહિ. એના વિના રખડી મર્યો ચોરાશીના અવતારમાં.

અહીં કહે છે કે, તારે જો આત્મા પ્રાપ્ત કરવો હોય તો આત્મા ચાર બોલે ભલે તને સમજાવ્યો. વિકાર રહિત સમજાવ્યો, કર્મ રહિત સમજાવ્યો, શરીર રહિત સમજાવ્યો. હવે એને ચાર બોલે સમજાવ્યો માટે ચાર બોલમાં એક બોલમાં બધા ભેગા આવી ગયા. ચારના ચાર બોલ નથી, ખાના ચાર નથી કે, એક ખાનામાં દ્રવ્ય રહે, એક ખાનામાં ક્ષેત્ર રહે, એક ખાનામાં કાળ રહે ને એક ખાનામાં ભાવ રહે. કેરીમાં ખાનું છે. એક ભાગમાં ગોટલું રહે, એક ભાગમાં છાલ રહે, એક ભાગમાં રસ રહે, એક ભાગમાં મીઠાશ રહે એમ ચાર ખાના છે એમાં. સમજાય છે? એમ આમાં નથી.

કેરીમાં જેમ સ્પર્શ આખા ભાગમાં રહે, રસ આખા ભાગમાં રહે, ગંધ આખા ભાગમાં રહે, રંગ આખા ભાગમાં રહે, રસ આખા ભાગમાં રહે. એમ ભગવાનઆત્મા દેહ એટલે માટીથી જુદો, કર્મથી જુદો. એ દ્રવ્યરૂપે તો એ, વસ્તુરૂપે તો એ, ચેતનામાત્ર વસ્તુ તો એ, એ અસંખ્ય પ્રદેશી, એ અસંખ્ય પ્રદેશી (કહ્યું પણ) નિશ્ચયથી એક પ્રદેશ છે. અખંડની અપેક્ષાએ એક પ્રદેશી છે ઇ. સમજાણું કાંઈ? તોય ઇ છે. અને સ્વકાળ એમ ને એમ ત્રિકાળ રહેનારું તત્ત્વ સત્ત્વ કહો તો એનું એ છે અને એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવ, અનંત ભાવ, અનંત શક્તિ, અનંત ગુણ, એ અનંત ગુણ તો ઇનું ઇ છે. કોઈ ભાવ જુદો રહી જાય,

ક્ષેત્ર જુદું પડી જાય, દ્રવ્ય જુદું પડી જાય એમ નથી. આ કેરીનો દાખલો બહુ સરસ આપ્યો છે. સમજાણું કાંઈ? દાખલો આપીને સમજાવે તોય નો સમજે એને કઠણ લાગે. કહો 'જમુભાઈ'! દાખલો તો ટેકો છે પેલું સમજવા માટે. દાખલો તો એક અંશ છે.

જો ભાઈ! આ કેરી છે ને જો કેરી એક રસ, એક ગોટલી, એક છાલ, એક મીઠાશ (એમ) ચાર જુદા છે. એમ આત્મામાં એક દ્રવ્ય, એક ક્ષેત્ર, એક કાળ અને એક ભાવ જુદા નથી. પણ કેરીમાં જેમ સ્પર્શ, રસ, ગંધ, રંગ એક સાથે બધું છે. એમ આત્મામાં વસ્તુ જુઓ તોય તે આત્મા. એની પહોળાઈનું ક્ષેત્ર જુઓ તો તે જ દ્રવ્ય, કાળ ને ભાવ છે. એનો કાળ એમ ને એમ રહેનાર કાળ દેખો તો એનો એ ભાવ, દ્રવ્ય ને ક્ષેત્ર છે. એના ગુણો દેખો અનંત જ્ઞાન, દર્શન, આનંદ-જ્ઞાન, દર્શન, આનંદ એની પહોળાઈ, એનો કાળ ને એ દ્રવ્ય એ બધું એનું એ છે. સમજાણું કે નહિ આમાં? એવા ચતુષ્ટયમાં એકરૂપે આત્માને દેખવો એનું નામ અભેદ દૃષ્ટિ ને સમ્યગ્દર્શન છે. આહાહા..! 'भूदत्थमस्सिदो' ની બીજી રીતે વાત કરે છે. 'ચંદુભાઈ'! આહાહા..! ઇ એકરૂપ નજર પડ્યા વિના એક આત્મા હાથમાં નહિ આવે એમ કહે છે. બે, ચાર નજર કરવા જાઈશ તોય આત્માને ખોઈ બેસીશ, એમ માથે કહી ગયા છે. સમજાણું કાંઈ? માથે કીધું હતું,

**'શોધી જડતી નથી...'** એમ ભાષા કરી છે. **'सद्यः प्रणश्यति'** **'सद्यः'** નામ એકદમ નાશ થઈ જાય એવો અર્થ છે એનો. પણ એનો અર્થ જ બીજી ઢબનો આ કરનાર છે. ભગવાનઆત્મામાં જે અનંત શક્તિ છે, એમાં એક એક શક્તિને ખોજવા જઈશ ત્યાં અનંત શક્તિનું એકરૂપ ખોવાઈ જશે. છે? ભાઈ! 'ચંદુભાઈ'! **'सद्यः प्रणश्यति'** **'ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી,...'** શોધી જડતી નથી એટલે અનુભવ નહિ થાય. તારા ખોજવામાં આત્મા ગોતવા ગયા ત્યાં એક એક નયથી એક ગુણને જોવા જાય ત્યાં શોધ્યું જડશે નહિ. ખોજ તારી મટી ગઈ, અનુભવ મટી ગયો, એમ. સમજાણું કાંઈ? નીચે પણ કર્યું છે, જુઓ! સારમાં નીચે કર્યું છે. **'જીવનો અનુભવ ખોવાઈ જાય છે.'** છે ને? છેલ્લી લીટી, છેલ્લી લીટી એમ કરતાં **'પરંતુ અનંત શક્તિઓ છે તેથી એક એક નય કરતાં અનંત નય થાય છે. એ પ્રમાણે કરતાં ઘણા વિકલ્પો ઊપજે છે, જીવનો અનુભવ ખોવાઈ જાય છે.'** છે ને? નીચેથી બીજી લીટી. **'જીવનો અનુભવ ખોવાઈ જાય છે.'** ખોવાઈ જાઈશ તું, એમ કહે છે. એકરૂપ અનંત ગુણનો પિંડ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ એકરૂપે છે એને બે ત્રણ રૂપે ને અનંતરૂપે જો જોવા જાઈશ તો ખોવાઈ જાઈશ તું. 'ચંદુભાઈ'! આહાહા..! શૈલી કેવી કરી જુઓને!

ભગવાન! તારું સ્વરૂપ તો એકરૂપ અખંડાનંદ પ્રભુ છે. એમાં એકરૂપનો અનુભવ કરીશ તો એક હાથમાં આવશે. એ એવી ચીજને અનેક ગુણ વડે જોવા જાઈશ તું એકરૂપ ખોવાઈ જાઈશ. એટલે કે એકરૂપ અનુભવમાં નહિ આવે. આહાહા..! આની ભાષા જ બીજી ઢબની, જાતની! 'રતિભાઈ'!

નિર્વિકલ્પ થવું છે ને? વસ્તુ નિર્વિકલ્પ અભેદ છે. હવે પર્યાયમાં નિર્વિકલ્પ ન થાય ત્યાં સુધી એ અભેદ વસ્તુ દૃષ્ટિમાં આવે શી રીતે? તું ભેદ પાડવા જાઈશ કે, આ વસ્તુ દ્રવ્ય, આ ક્ષેત્ર. તો ક્ષેત્ર કાંઈ જુદું છે? જુદું કરવા જાઈશ ત્યાં વિકલ્પ ઉઠશે, અભેદ ખોવાઈ જશે. આહાહા..! અરે..! એના પંથની રીતની એને ખબર ન મળે એ ખોજવા ક્યાં જાય? અહીં તો કહે છે, ખોજવા જાઈશ, અનંત ગુણમાંથી એક એક નયના એક એક ગુણને ખોજવા જાઈશ (તો) હાથ નહિ આવે, ખોવાઈ જાઈશ તું, એમ કહે છે. આહાહા..! એ... 'રતિભાઈ'! આત્માને અને શાંતિને, ધર્મને રાગમાં ને પુણ્યમાં ને શરીરમાં ને ધૂળમાં ગોતવા જાઈશ (તો) ત્યાં પણ તું અનાદિનો ખોવાઈ ગયો છો. આહાહા..! 'ભીખાભાઈ'! આહાહા..! ભારે વાત!

એકરૂપ પ્રભુ. (એમાં) ભલે અનંત ગુણ હો, પણ દ્રવ્ય તો એકરૂપ છે ને! ભલે ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ હો, વસ્તુ તો એકરૂપ છે કે નહિ? ત્રિકાળ હો, પણ એક સમયે એકાકાર અભેદ છે કે નહિ? અનંત ગુણ હો, વસ્તુ તો એકરૂપ છે કે નહિ? એકરૂપને અંતર જોતા નિર્વિકલ્પતા આવે ને એની દૃષ્ટિમાં નિર્વિકલ્પ ચીજ અનુભવમાં આવે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! બીજી રીત હોઈ શકે નહિ એમ અહીં કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાનની એકાગ્રતામાં એકરૂપ દૃષ્ટિમાં આવ્યા વિના એની એકાગ્રતા કોઈ દિ' થાય નહિ. અંતર એકાગ્રતા થયા વિના દૃષ્ટિ આવે નહિ અને એકમાં દૃષ્ટિ આવ્યા વિના એકાગ્રતા થાય નહિ. જ્યાં સુધી એને એમ માન કે, આ રાગવાળો છું ને શરીરવાળો છું ને કર્મવાળો એવો તો એ છે જ નહિ, એવો તો એ છે જ નહિ. એ કર્મવાળો ને પુણ્ય-પાપવાળો ને દેહવાળો એ તો છે જ નહિ. પણ ઇ જે છે અનંત ગુણવાળો, અસંખ્ય પ્રદેશવાળો, ત્રિકાળ રહેનારો એમાં પણ ભંગ પાડીને ગોતવા જાય તો અભેદ વસ્તુ હાથ નહિ આવે. 'નવરંગભાઈ'! આહાહા..!

બાપુ! તું એકરૂપ પ્રભુ છો ને! એકરૂપની દૃષ્ટિમાં બેરૂપ ક્યાંથી લાવ્યો તું? બેરૂપમાં તો ખોવાઈ જશે. બેરૂપમાં તો તું રાગમાં સલવાઈ જાઈશ. આહાહા..! સમજાણું કાંઈ? 'રતિભાઈ'! આવી વાતું ભારે, ભાઈ! કહે છે કે, પ્રભુને ગોતવો હોય તો એકમાં ગોતજે, બેમાં ગોતવા જાઈશ (તો) પ્રભુ હાથ નહિ આવે, એમ કહે છે. 'ચંદુભાઈ'! ઇ પ્રભુ તું, હોં!

મુમુક્ષુ :– દોરો બાંધી આપો.

ઉત્તર :– આ દોરો કીધો ને આ.

મુમુક્ષુ :– એકવાર દોરો બાંધી લેવો.

ઉત્તર :– આ દોરો એનો જ કહેવાય છે, આ ફરીને વાત સમજાવવા.

જ્યાં નજર નાખવી છે તે એકરૂપે વસ્તુ છે. એ નજરમાં એકરૂપતા ક્યારે આવે?

કે, એક ઉપર નજર જાય તો. એકરૂપતા નજરમાં ક્યારે આવે? કે, અહીં વિકલ્પ તૂટી ને એકતા પર્યાયમાં કરે તો. આહાહા..! સમજાણું કાંઈ? આ અનુભવની વાત છે, આ અનુભૂતિ કરવાની વાત છે, વાતની વાત નથી. આહાહા..!

ભાઈ! તારો અનુભવ કરવો હોય, તારી વસ્તુને પ્રાપ્ત કરવી હોય, ભગવાન જે અનાદિનો એકરૂપ સ્વભાવે છે એને તારે મેળવવો હોય તો એના અનંત ગુણમાં ભેદ પાડીને પણ તું નહિ મેળવી શકીશ. તો વળી દયા-દાનના રાગ વડે મેળવી શકીશ એ તો વસ્તુમાં હોય જ નહિ. એના એકરૂપમાં ભેદ પાડવા જાય તો એક નહિ મળે તો એનામાં નથી એનાથી મળે ભાઈ! નહિ મળે. આહાહા..! હવે અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી આત્મા મળશે (એમ અત્યારે કહે છે).

મુમુક્ષુ :– વ્યવહાર સાધન છે.

ઉત્તર :– ધૂળમાંય સાધન નથી. એ તો નિમિત્ત તરીકે જ્ઞાન કરાવ્યું, સાધન-ફાધન કેવા? આહા..! સાધન ને નિશ્ચય સાધ્ય. એ તો નિમિત્તનું જ્ઞાન (કરાવ્યું). એ વખતે એવા જ વિકલ્પો હોય છે એમ બતાવ્યું છે. સમજાણું કાંઈ? સવારની ચર્ચા પણ એમાં છે, હોં! તે કાળે ને સ્વકાળે બે શબ્દ પડ્યા છે. તે કાળે છે ને? તે કાળે, તે કાળે.

અહીં તો નિશ્ચય-વ્યવહારની સાથે મેળવવું છે. એ તો નિશ્ચય થાય ત્યારે પૂર્વનો વિકલ્પ છે એને કહેવાય કાં સાથે વિકલ્પ છે એને વ્યવહાર કહેવાય. બાકી વાતમાં બીજો માલ કાંઈ નથી.

લાખ વાતની વાત નિશ્ચય એક ઉર આણો,
તોડી સકળ દ્વંદ્વ-ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.

કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ '**જીવવસ્તુ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવે બિરાજમાન છે, તેથી સ્વદ્રવ્યરૂપે વિચારતાં સ્વદ્રવ્યમાત્ર છે,...**' દેખો! સ્વદ્રવ્યમાત્ર છે. સ્વદ્રવ્યમાત્રમાં વળી કો'ક ક્ષેત્ર, કાળ, ભાવ જુદા રહી જાય છે, એમ નથી. કેરીને સ્પર્શથી જોવાતા સ્પર્શમાત્ર છે. એમાં રસ ગુણ કોઈ ટુકડો બીજો ક્યાંય આઘો રહી જાય છે (એમ નથી). એમાં સમાય ગયા છે એમાં જુદા નથી. સમજાણું કાંઈ?

'**સ્વક્ષેત્રરૂપે વિચારતાં સ્વક્ષેત્રમાત્ર છે,...**' આમ અંતર સ્વક્ષેત્ર જોતા ભગવાન સ્વક્ષેત્રમાત્ર જ છે. સ્વક્ષેત્રમાત્ર જ છે એટલે એમાં દ્રવ્ય જુદું રહી ગયું, કાળ જુદો રહી ગયો અને શક્તિ જુદી રહી ગઈ એવું કાંઈ છે નહિ. એ તો સ્વક્ષેત્રમાત્ર જ છે, સ્વક્ષેત્રમાત્ર જ છે. આહાહા..! એક તો ચાર બતાવે છે, આવી સ્થિતિ વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. સર્વજ્ઞ સિવાય વસ્તુના આવા ચાર ભાગ ક્યાંય હોય નહિ અને છતાં એ ચાર ભાગમાં એકરૂપે છે. આ તો એની કથન શૈલી! એવી વ્યાખ્યા વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એણે જોયો આત્મા,

એણે કહ્યો આત્મા એ સિવાય બીજે આત્મા આવો હોય શકે નહિ. વસ્તુની સ્થિતિ આવી છે.

એ તો એકવાર 'શ્રીમદ્દે' પત્રમાં લખ્યું હતું. 'સૂર્યરામ ત્રિપાઠી' હતા ને? એ વખતમાં હતા, વેદાંતમાં બહુ હોંશિયાર. 'સૂર્યરામ ત્રિપાઠી' એમના ઉપર પત્ર (છે). એક ફેરી લખ્યું હતું કે, એક વ્યાખ્યા આ રીતે પણ કહી શકાય. વસ્તુને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપે આપ વિચારશો. એમ કરીને (લખ્યું હતું). એક પત્રમાં એવા ચાર બોલા મૂક્યા છે. કેમકે આ રીતે વિચારે તો એણે એક વસ્તુ આટલા ક્ષેત્રમાં છે, આટલા જ કાળમાં, આ ગુણમાં, આ દ્રવ્ય છે એમ કરતાં બધું ફૂ... તારું થઈ જાશે. એક દ્રવ્ય આમ આખા લોકમાં વ્યાપક છે ને ત્રણકાળ ભેગા થઈને આમ થાય... એ બધું (કાંઈ નહિ). કાળ પણ અહીં, ક્ષેત્ર અહીં ને ભાવ અહીં એટલામાં અહીં છે. એવો એક પત્ર છે, ભાઈ! 'સૂર્યરામ ત્રિપાઠી'. એ વખતે વેદાંતમાં બહુ હોંશિયાર હતા. એમણે પુનર્જન્મની પણ વાત કરી છે. પુનર્જન્મ છે એ હું મારા અનુભવથી કહું છું. અને તમે વૃદ્ધ છો પણ એક દ્રવ્યની વ્યાખ્યા આ રીતે પણ થઈ શકે. નહિતર વસ્તુ દ્રવ્ય એની પહોળાઈ કેટલી, એનો કાળ કેટલો, એની શક્તિ કેવી. એના વર્ણન વિના વસ્તુની સ્થિતિ પરથી ભિન્ન સમજી શકાશે નહિ.

અહીં તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પણ એકને જોતા બધું ભેગું આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વિકલ્પ રહેશે. આ દ્રવ્ય ને આ ક્ષેત્ર, એમ જુદું જુદું તો છે નહિ. તારામાં વિકલ્પ રહેશે, રાગ ઉભો રહેશે. પેલો એક ઉભો નહિ થાય. આહાહા..! વિકલ્પ ઉભો થાશે, દૃષ્ટિમાં એક ઉભો નહિ થાય. આહાહા..!

**'સ્વકાળરૂપે વિચારતાં સ્વકાળમાત્ર છે.'** ભગવાન તો પોતાના કાળ ... વસ્તુ છે. પોતે જ સ્વકાળ છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... અને **'સ્વભાવરૂપે વિચારતાં સ્વભાવમાત્ર છે.'** કહો સમજાણું? **'તેથી એમ કહ્યું કે જે વસ્તુ છે તે 'અખંડિત' છે.'** એ કારણે એમ કહ્યું કે, જે પદાર્થ ભગવાનઆત્મા છે અહીંયાં અખંડિત છે. એક એક પોતે અખંડિત (છે). એક એક હોં! અહીંયાં. **''અખંડિત' શબ્દનો આવો અર્થ છે.'** લ્યો! **'खण्डयामि'** હતું ને? **'न खण्डयामि'**. **'न खण्डयामि'** એટલે અખંડ. અખંડનો અર્થ આવો છે એમ કહે છે, લ્યો! છેલ્લો શબ્દ ઇ કર્યો. સમજાણું કાંઈ? હવે ચારમાંથી એકરૂપ કર્યું ને હવે ત્રણમાંથી એકરૂપ કરે છે. જ્ઞાતા પણ હું, જ્ઞેય પણ હું ને જ્ઞાન પણ હું. જાણનાર હું ને જ્ઞેય પર એમ નહિ. આહાહા..! ભગવાનઆત્મા હું જાણનાર જ્ઞાતા અને છ દ્રવ્ય જ્ઞેય, એનું જ્ઞાન. ના. એટલો પણ હું નથી, એવો પણ હું નથી. એટલો પણ હું નથી ને એવો પણ હું નથી.

( શાલિની )

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।૮-૨૭૧।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે -'अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि' ( अहम् ) હું ( अयं यः ) જે કોઈ ( ज्ञानमात्रः भावः अस्मि ) ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું 'सः ज्ञेयः न एव' તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી? 'ज्ञेयज्ञानमात्रः' ( ज्ञेय ) પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના ( ज्ञानमात्रः ) જાણપણામાત્ર. ભાવાર્થ આમ છે કે - હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય - એમ તો નથી. તો કેમ છે ? આમ છે - 'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः' ( ज्ञान ) જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, ( ज्ञेय ) જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ, ( ज्ञातृ ) જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર, - એવા ત્રણ ભેદ ( मद्वस्तुमात्रः ) મારું સ્વરૂપમાત્ર છે ( ज्ञेयः ) એવા જ્ઞેયરૂપ છું. ભાવાર્થ આમ છે કે - હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા; - એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. કેવો છું ? 'ज्ञानज्ञेयकल्लोलवल्गन्' ( ज्ञान ) જીવ જ્ઞાયક છે, ( ज्ञेय ) જીવ જ્ઞેયરૂપ છે, એવો જે ( कल्लोल ) વચનભેદ તેનાથી ( वल्गन् ) ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે - વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી. ૮-૨૭૧.

---

( શાલિની )

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।૮-૨૭૧।।

છેલ્લા શ્લોકો છે ને? એકદમ વસ્તુનું અભેદપણું વર્ણવતા વર્ણવતા અનંત ગુણમાંથી એક સાર (કહ્યો). જ્ઞાતા-જ્ઞાનમાંથી એક (કહ્યો). જે શૈલી 'भूदत्थमस्सिदो' લીધી છે એ શૈલીને બહુ સંકોચતા સંકોચતા આમ ચાલ્યા જાય છે. આહાહા..! આ તો વસ્તુની સ્થિતિ, હોં! પુણ્ય, પાપ ને શરીર, કર્મની તો વાત આમાં છે જ નહિ. એમાં એ છે નહિ એટલે પછી એના ભંગ-ભેદની શું વાતું કરવી? કહે છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે. એ વસ્તુમાં ક્યાં છે? એનાથી પ્રાપ્તિ થાય કે એ આત્માની ચીજ છે એ બે વાત તો અહીં છે જ નહિ. પણ રહ્યો ભગવાનઆત્મા વિકાર વિનાનો નિર્વિકારી વસ્તુ. એના જે અનંત ગુણ છે એનાથી એક એક ગુણને એક એક નયે જોવા જતા એકરૂપ હાથમાં નહિ આવે. પછી કહે છે કે, ચારપણે વસ્તુ કહીએ છતાં એણે ચારપણામાં એકપણે ગોતવા જા ને ત્રીજા ત્રણ બાકી રાખવા જા તો એ હાથ નહિ આવે. (કારણ કે) એમ વસ્તુ નથી.

હવે કહે છે, **'ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે,...'** અહીંથી ઉપાડ્યું છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી' જ્ઞેય બે પ્રકારના–સ્વજ્ઞેય અને પરજ્ઞેય. એમાં વચનના ભેદે લોકોને ભ્રમ ઊપજે છે કે, આ જ્ઞેય હું. હું જ્ઞેય કે જ્ઞાન. હું જ્ઞાન અને આ જ્ઞેય. એમ નહિ, એમ નહિ. એ છ દ્રવ્યનું જે જ્ઞેયપણું તો એક સમયની પર્યાય જાણે. એટલું એ જ્ઞાન ને એવડો એ આત્મા નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે, જ્ઞેય-જ્ઞાયક સંબંધમાં (અર્થાત્) જાણનાર અને જણાવા યોગ્યમાં ઘણા વચનના ભ્રમ ઉત્પન્ન થાય છે. **'તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે;...'** એમ કોઈ સમજશે કે, જીવવસ્તુ તો જાણનાર છે અને એનાથી છ દ્રવ્ય જુદા તે તેને જ્ઞેય છે. જણાવાયોગ્ય તે છ દ્રવ્ય છે અને જાણનારો તે આત્મા જ્ઞાયક છે, એમ કોઈ કહે તો એમ છે નહિ. આવ્યું છે ને? **'ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव'** બીજી લીટી. સમજાણું કાંઈ?

**'જીવવસ્તુ જ્ઞાયક, પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો...'** ભિન્ન એટલે અનંતા સિદ્ધો, અનંતા નિગોદો એ બધાય એક સમયની પર્યાયમાં બધા જ્ઞેય તરીકે એ જ્ઞેય અને એ જ્ઞાન? કે, ના. એ મારો પર્યાય જે જ્ઞાન અને હું જે જ્ઞેય અનંત દ્રવ્ય, ગુણ ને પર્યાયને જ્ઞેય કરનારો હું. એકલા છ દ્રવ્યને જ્ઞેય કરું એટલું જ્ઞાન નહિ, એમ. સમજાણું કાંઈ? એ જ્ઞેય નહિ પણ એક એના જ્ઞાનનું પરિણમન એક સમયનો પર્યાય એટલુંય જ્ઞેય નહિ. વર્તમાન જ્ઞાનનું એટલું પણ જ્ઞેય નહિ. જ્ઞેય તો આખું દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે થઈને એનું જ્ઞેય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આ તો બહુ ઊંચી વાત છે. એટલે કે એના સત્‌ના ઘરની વાત છે.

એક સમયે એના જ્ઞાન પૂરતો પર્યાય એ હું જ્ઞાન છું? જ્ઞાયક છું? એટલો જ્ઞાયક છું? એટલું જ જ્ઞેય છે? ને એટલું જ જ્ઞાન છે? **'પરંતુ એમ તો નથી,...'** ભગવાન જ્ઞાયક અને

છ દ્રવ્યો એનું જ્ઞેય એવું તો નહિ. અનંતા સિદ્ધો હું જાણનાર અને અનંતા સિદ્ધો મારા જ્ઞેય એમ તો નહિ. અનંતા કેવળીઓ મારા જ્ઞેય એમ તો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મેળવીએ છીએ ને, હળવે હળવે આવે છે.

**'તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્ય...'** હોં! બધા આત્મા, હોં! અનંતા નિગોદ, અનંતા કેવળીઓ. એ બધા **'જ્ઞેય છે; પરંતુ એમ તો નથી,...'** હોં! આહાહા..! **'જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે...'** **'अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि'** **'अहम्'** **'હું જે કોઈ...'** **'यः ज्ञानमात्रः भावः'** **'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું...'** હું તો **'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું...'** સમજાય છે? એ **'सः ज्ञेयः न एव'** **'તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી?'** **'ज्ञेयज्ञानमात्रः'** શું કહે છે?

**'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું...'** પણ **'सः ज्ञेयः न एव'** **'તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી?'** **'ज्ञेयज्ञानमात्रः'** **'પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** એટલું જ્ઞેય એમ તો નથી. આહા..! **'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું...'** આખું ચેતના વસ્તુ દ્રવ્ય, ગુણ ને પર્યાય આખી એવો જે જ્ઞેય તે હું જ્ઞેય છું. સમજાણું કાંઈ? **'તે હું જ્ઞેયરૂપ છું,...'** જોયું? આ છ દ્રવ્ય જ્ઞેય ને હું જ્ઞાયક એમ નહિ પણ આખું ચેતનામાત્ર સર્વસ્વ વસ્તુ આખી, એક વસ્તુ આખી મારી એ જ્ઞેય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'જે કોઈ...'** **'ज्ञानमात्रः भावः अस्मि'** એમ કહેવું છે ને? **'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું...'** **'सः ज्ञेयः न एव'** **'તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી?'** **'ज्ञेयज्ञानमात्रः'** તે જ્ઞેયોને જાણવામાત્ર જ્ઞાનરૂપ જ્ઞેય એવું નથી.

**'હું જ્ઞાયક સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય - એમ તો નથી.'** હું જાણનાર ને છ દ્રવ્ય જાણવા યોગ્ય એટલો તો નહિ. જાણવા યોગ્ય એટલો એમ નહિ. આખો દ્રવ્ય, ગુણ, પર્યાય મારો જાણવા યોગ્ય અને હું જ્ઞાયક, એમ છે. સમજાણું કાંઈ? હું પોતે જ આખો જ્ઞાયક ને હું જ્ઞેય આખો છું. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ છેલ્લા શ્લોકો છે ને! ઇ ઉતારશે અમુક અમુક તરીકે. શક્તિએ જ્ઞેય શક્તિ અને જ્ઞાન શક્તિ, જ્ઞાતા ને અનંત શક્તિ લેશે. પણ એક જ્ઞેય શક્તિમાં અનંત આવી ગયા, આખું બધું આવી ગયું. સમજાણું કાંઈ?

આ આત્મા ને આત્માની અંદરની વાત ચાલે છે. રાગ-દ્વેષથી માંડીને અનંત સિદ્ધો એ બધા જ્ઞેય, એનું જ્ઞાન એટલો જ્ઞાયક ને એ મારા જ્ઞેય એમ નહિ. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપથી માંડીને અનંત કેવળીઓ કે અનંત નિગોદો, અનંત છ દ્રવ્ય એટલું જ્ઞેય અને હું જ્ઞાન એમ નહિ. પણ હું તો આખો સર્વસ્વ ચેતનામાત્ર આખી ચીજ છું એ જ્ઞેય. સમજાણું કાંઈ? એ મારું જ્ઞેય. **'सः ज्ञेयः न एव'** **'હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય–એમ તો નથી. તો કેમ છે? આમ છે–'** **'ज्ञानज्ञेयज्ञातृम'** **'ज्ञानज्ञेयज्ञातृम'** જુઓ! ત્રણથી

પાછો ચોથો બોલ લેશે. **'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः'** એમ. **'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः'** સમજાણું કાંઈ? હું જ્ઞાન, હું જ્ઞેય ને હું વસ્તુ એ ત્રણેય હું જ્ઞેય, ત્રણ થઈને જ્ઞેય આખું. 'ચંદુભાઈ'! ઝીણું છે ભઈ આ. આ જ્ઞાન, આ જ્ઞેય અને જ્ઞાતૃ–એ ત્રણેય જ્ઞેય છે. ત્રણરૂપ હું આખું જ્ઞેય છું. આખું જ્ઞાન છું, આખું જ્ઞેય છું ને આખો જ્ઞાયક-જ્ઞાતા છું. એ ત્રણ ભેદ પાડવામાં એવો ભેદ મારામાં નથી. એની વિશેષ વાત કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૪, ગુરૂવાર તા.૦૬.૦૧.૧૯૬૬**
**કળશ - ૨૭૧, ૨૭૨. પ્રવચન - ૨૯૨**

'સાધ્ય-સાધક અધિકાર' 'કળશ-ટીકા'નો આઠમો શ્લોક ચાલે છે, ભાવાર્થ છે.

**'ભાવાર્થ આમ છે કે - હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું...'** શું અધિકાર છે આ? જ્ઞેય, જ્ઞાતા ને જ્ઞાન ત્રણેય હું એક જ છું. હું જાણનાર અને છ દ્રવ્ય જણાય એવો હું નથી, એટલો હું નથી. સમજાય છે કાંઈ? વસ્તુ એકરૂપ નિર્વિકલ્પ અભેદ છે એમ અહીંયાં સિદ્ધ કરવી છે. હું જાણનાર અને છ દ્રવ્ય જણાય એવું, એટલું એ મારું જ્ઞેય નથી. જણાવા યોગ્ય વસ્તુ જણાય ને હું જાણનાર એટલો હું જ્ઞેય નથી અને એટલા જ્ઞાનમાત્ર પણ હું નથી, એમ. શું કીધું? સમજાણું?

છ દ્રવ્ય જણાય જ્ઞેય, એટલો જ્ઞેયમાત્ર હું નથી. એને જાણનાર જ્ઞાન એટલા જ્ઞાનમાત્ર હું નથી અને (જ્ઞેય) જે જણાય એ જ્ઞેય જણાતું નથી એ જ્ઞાન મારો પર્યાય જ્ઞેય થઈને મને જણાય છે. ન સમજાણું? એ જ્ઞાનના પર્યાયમાં જે જ્ઞેય જણાય છે એ જ્ઞેય નહિ, એ તો મારો જ્ઞાન પર્યાય છે અને એ જ્ઞાન પર્યાય મારો સારા દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયને જાણે છે. એકલા સ્વજ્ઞેય પરને જાણે છે એમ નથી. અને તે જ્ઞેય પર છે એટલો નહિ હું તો જ્ઞાન, જ્ઞેય ને જ્ઞાયક ત્રણ થઈને હું જ્ઞેય છું. જાણનાર પણ હું, જણાવા યોગ્ય પણ હું અને જાણનાર જ્ઞાન એ (પણ) હું. જાણનાર જ્ઞાયકભાવ પણ હું, જાણનાર જ્ઞાન પણ હું, જણાવા યોગ્ય ત્રણેય જ્ઞેય પણ હું. ઝીણું છે, 'ફૂલચંદભાઈ'!

મુમુક્ષુ :– જ્ઞેય ક્યાં રહ્યા?

ઉત્તર :– ક્યાં એ જ્ઞેય એનામાં ગયા. અહીં શું છે? આની એક સમયની પર્યાયમાં જણાણા એ તો જ્ઞાનની પર્યાય થઈ અને એ જ્ઞાન પર્યાય જેટલો પણ નહિ ને એ જ્ઞેયને જાણે એ ખરેખર એને જાણવું એ પણ હું નહિ. કહે છે, જુઓ! ત્રણ આવ્યું કે નહિ? છેલ્લો શબ્દ શું આવ્યો?

**'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः'** એવો જ્ઞેય છું. છેલ્લા શબ્દ છે ને? ભાઈ! ત્રીજી લીટીનો પહેલો જ્ઞેય. સંસ્કૃત. અને છેલ્લો **'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः'** એવો જ્ઞેય. સમજાણું કાંઈ? હું તો જ્ઞાન, હું જ્ઞાતા, હું જ્ઞેય એ ત્રણે થઈને હું જ્ઞેય. બહુ વાત (ઝીણી). એ કીધું ને? જુઓ! **'હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું...'** ધર્માત્મા પોતાના આત્માને પરથી ભિન્ન કરીને જણાવા યોગ્ય પણ હું અને જાણનાર પણ હું. જણાવા યોગ્ય પણ હું ને જાણનાર પણ હું એમ વેદ્યવેદકરૂપે જાણું છું. મને **'વેદ્યવેદકરૂપે જાણું છું...'** પર જણાવા યોગ્યને જાણું એમ નહિ. કહો, સમજાણું આમાં? એ અભેદ વસ્તુ છે એ નિર્વિકલ્પ અવસ્થા થતાં એ જ્ઞેય, જ્ઞાયક ને જ્ઞાતા ત્રણ ત્યાં દૃષ્ટિમાં ભેદ રહેતો નથી એમ બતાવવું છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન–દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શનની દૃષ્ટિ થતાં દૃષ્ટિના વિષયમાં આ જ્ઞેય, આ જ્ઞાતા ને જ્ઞાન એવા ત્રણ ભેદ રહેતા નથી. સમજાણું કાંઈ? પોતે જાણનાર, પોતે જણાવા યોગ્ય, પોતે જ્ઞાયક–ત્રણેય તે એક જ છે. જાણનાર જ્ઞાન, જણાવા યોગ્ય જ્ઞેય ને આખો જ્ઞાયક એ બધું એક જ છું. ભારે વાત, ભાઈ!

ભૂતાર્થ વસ્તુ એક સ્વરૂપે (છે) એવી અંતર જ્ઞેય... બીજા તો પ્રશ્ન ક્યાંય રહ્યા કે, નિમિત્તને જાણું છું કે નિમિત્ત મને જણાય છે એ નહિ. અહીં તો હું જાણું છું ને હું જણાવા યોગ્ય છું એવો અભેદ અને જ્ઞાયક પણ હું છું. એવી અભેદ દૃષ્ટિ અંતરમાં કરવી આ એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ?

દૃષ્ટિમાં... પહેલા કીધું હતું ને? બંધ અને મોક્ષના પડતા વિકલ્પો તો દૂર રહો પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભંગ પણ દૂર રહો અથવા શક્તિના–અનંત ગુણની શક્તિના ભેદ દૂર રહો પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભંગ-ભેદ દૂર રહો, હવે જ્ઞેય, જ્ઞાયક ને જ્ઞાતાના ત્રણ ભેદ પણ મારામાં નથી. અરે! વાત કહો 'નેમિદાસભાઈ'! બહારથી જોતા કેટલું અંદર જોવાય?

જેમ હું જોનાર છું અને આ જણાય છે એમ નજર કરીને કરે છે કે નહિ? એમ હું જોનાર છું ને આ જણાય છે એવો ભેદ પણ એમાં નહિ એમ કહે છે અંદરમાં. આ તો વાત બહિર્બુદ્ધિમાં ગઈ, કે આ જ્ઞેય જણાય ને હું જાણનાર, એ વાત તો બહિર્બુદ્ધિમાં ગઈ. પણ હું એક જણાવા લાયક ને હું જ્ઞાન દ્વારા જાણું અને જ્ઞાયક એવા ત્રણ પ્રકાર પણ વસ્તુ ઉપર દૃષ્ટિ પડતા ત્રણ પ્રકાર ભેદ દૃષ્ટિ રહેતી નથી. ઓહોહો..!

મુમુક્ષુ :– અદ્વૈત બ્રહ્મ..

ઉત્તર :– અદ્વૈત બ્રહ્મ એ પોતે એકલો છે, આખા બધા આત્માની અહીં વાત નથી. દ્વૈતમય ભાસતું નથી, નથી આવી ગયું પહેલું? (કળશ–૯). **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'** વસ્તુ તો વસ્તુ છે, ગુણ છે, પર્યાય છે. પણ બધું જ્ઞેય છે, બધાનો જાણનાર જ્ઞાન છું ને આખો થઈને હું જ્ઞાયક છું. ઓહોહો..! ભારે વાત, ભાઈ! કારણ કે, સામા છ દ્રવ્ય જ્ઞેય

છે એ તો જ્ઞાનની એક પર્યાય–બહિર્મુખ પર્યાયના વિષયમાં એટલું જ્ઞાન તો આવી જાય છે. શું કીધું? છ દ્રવ્ય છે, અનંતા સિદ્ધો છે, નિગોદ છે એ તો જ્ઞાનની એક બહિર્મુખ પરલક્ષી પર્યાયમાં એટલું તો જ્ઞાન આવી જાય છે. એટલો હું નથી. હું તો એ પર્યાય સહિત આખું દ્રવ્ય ને ગુણનો પર્યાયનો પિંડ તે મારું જ્ઞેય છે, તેનો હું જાણનાર છું અને જ્ઞાયકપણ એ હું જ છું. કહ્યું ને?

'**તેથી મારું નામ જ્ઞાન,...**' કેમ કહે છે? વેદ્યવેદકરૂપે જાણું છું (તેથી) મારું (નામ) જ્ઞાન (છે). જ્ઞેયને જાણું, પરજ્ઞેયને જાણું માટે મારું નામ જ્ઞાન, એમ નહિ. શું કીધું? '**હું પોતાના સ્વરૂપને વેદ્ય...**' નામ જણાવાલાયક અને વેદક નામ જાણવા લાયક એમ '**જાણું છું તેથી મારું નામ જ્ઞાન,...**' છે. મને જ હું જણાવાયોગ્ય ને જાણનાર છું બીજું કોઈ છે નહિ. એવી અંતર્મુખમાં વસ્તુ સ્વરૂપમાં દૃષ્ટિ થતાં, એને દેખતા, એને દેખતા ને દેખનાર એવો પણ ભેદ ન રહેતા, આને–વસ્તુને દેખું છું અને હું દેખનાર જ્ઞાન છું એવો ભેદ પણ ન રહેતા, સ્વજ્ઞેયને હું જાણનાર પોતે વેદવા લાયક ને વેદનાર પોતે જ્ઞાયક પણ હું છું. એવી એકરૂપ અંતર દૃષ્ટિ થવી તેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો વિષય કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'**હું પોતા વડે જણાવાયોગ્ય છું...**' હું મારા દ્વારા જાણવાયોગ્ય છું, હું પર દ્વારા જાણવાયોગ્ય એમ છું નહિ. '**હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય,...**' છે. દેખો! '**હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય...**' છે. જ્ઞાન પણ હું છું, વેદ્યવેદકરૂપે જાણનાર હું જ્ઞાન, મારા દ્વારા હું મને જાણું છું માટે હું જ્ઞેય છું. આહાહા..! હજી તો તકરારું બહારમાં રહી ગઈ બધી. દેહની ક્રિયા ને વાણીની ક્રિયાથી ધર્મ થાય અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ધર્મ થાય. એ તો ક્યાંય બહાર રહી ગયા. આ એનું જ્ઞાન (થાય) એટલો પણ હું નહિ, એમ કહે છે. એની સામું મારે જોઈને મને જ્ઞાન થાય એમ નહિ. આહાહા..! વ્યવહારના જ્ઞાનને હું જાણું, વ્યવહાર જ્ઞેય તરીકે છે એને જાણું એટલો જ્ઞેય પણ હું નહિ અને એટલો જાણનાર જ્ઞાનનો પર્યાય એટલો પણ હું નહિ, એમ કહે છે. આહા..! સમજાણું કાંઈ? જ્ઞાયક સ્વભાવ ચિદાનંદમૂર્તિ એ જણાવાયોગ્ય, એ જાણનાર જ્ઞાન અને હું મારા દ્વારા જણાઉં છું માટે હું જ્ઞેય. સમજાણું?

'**એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;...**' આહાહા..! આમ ને આમ અનંતવાર રઝળી મર્યો છે. પોતે કોણ છે એને જોવા નવરો થતો નથી. બહારને જોવામાં વિકલ્પ છે અને બંધનું કારણ છે, દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ? અહીં તો એમ સિદ્ધ કરે છે, કે રાગ-દ્વેષ તો હું નહિ પણ રાગ-દ્વેષને જાણવાની પર્યાય થાય એટલો પણ હું નહિ અને રાગ-દ્વેષ જ્ઞેય એ ખરેખર જ્ઞેય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ વ્યવહાર જે વિકલ્પ ઉઠે દયા, દાન, ભક્તિ એ તો વિકલ્પનું ઉત્થાન વૃત્તિઓ

છે, એ ચૈતન્ય સ્વરૂપ નથી. એ વૃત્તિઓ ઉઠે એને જાણું અને એ વૃત્તિઓ તે જ્ઞેય એમ નહિ. અને એને જાણવું એવો પર્યાય થાય એટલું જ્ઞાન એમ નહિ. આહાહા..! ભારે ઝીણું, ભાઈ! આત્મતત્ત્વને પહોંચવા માટે અભેદપણું થવું જોઈએ એને ઠેકાણે ક્યાં ને ક્યાં લાળે ચડાવી દીધા બિચારાને. મરી જાય, હેરાન થઈને ચાલ્યો જાય. સમજાણું કાંઈ?

વસ્તુ અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મા એ તો સત્ શાશ્વત જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ છે. એના સ્વરૂપમાં કહે છે પરને લઈને હું જાણું એમ નહિ, પરને જાણવાનો પર્યાય એટલો હું નહિ પણ મારો સ્વભાવ હું પોતે જ મારા જ્ઞેયને જાણું છું, જાણનાર હું છું અને જણાવાયોગ્ય હું છું એ આદિ શક્તિનું અનંત શક્તિનું સત્ત્વ તે જ્ઞાયક તે પણ હું છું. એવા ચૈતન્ય દ્રવ્યમાં અભેદપણે આત્મામાં અનુભવ કરવો, આ એનું નામ અનુભવ ને સમ્યગ્દર્શન છે. આહાહા..! માથું ફરી જાય એવું છે ને આમાં તો!

મુમુક્ષુ :– આમાં તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા પણ ન રહી.

ઉત્તર :– ધૂળમાંય હવે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા તો ક્યાંય રહી ગઈ રાગમાં. આ એના જ્ઞાન ને જ્ઞેય, જ્ઞાન નહિ ને એ જ્ઞેય નહિ એમ અહીં તો કહે છે. દેવ-ગુરુ છે, વસ્તુ છે, છ દ્રવ્ય છે, બધું છે એમાં દેવ-ગુરુ ન આવ્યા? સિદ્ધ આવ્યા, ગુરુ આવ્યા, દેવ આવ્યા બધું આવ્યું એમાં. શાસ્ત્ર ન આવ્યા એમાં? બધું આવ્યું. પણ એ છ દ્રવ્ય જે આત્મા સિવાય છે એટલું જ મારું જ્ઞેય છે એમ નહિ. હું તો આખા મારા આત્મા વડે મને જાણું એ હું જ્ઞેય છું. આહાહા..! અને છ દ્રવ્યને જાણવાની પર્યાય જેટલું જ્ઞાન હું નહિ. હું તો આખા દ્રવ્ય, ગુણ, પર્યાયને આખાને જાણું એવું એ જ્ઞાન મારું છે. આહાહા..! સમજાણું કાંઈ? 'વજુભાઈ'! બહુ ઝીણું પણ માળું. સંચામાં તો ફટ દઈને કરે ને ત્યાં દસ હજાર, વીસ હજાર પેદા થાય, ચાલો ચાલો. આંકડો ભેગો કરી નાખીએ.

એની એક સમયની પર્યાયમાં લોકાલોક જણાય બહિર્મુખે એટલું પણ મારું જ્ઞાન નહિ, એટલું એ મારું જ્ઞેય નહિ, એમ અહીં તો કહે છે. શું કહે છે? આ જગત ચૌદ બ્રહ્માંડ છે અને ખાલી ભાગ છે. અનંત ખાલી ભાગ છે ને? ખાલી... ખાલી... ખાલી... ખાલી... અનંત અનંત.. એ મારા જ્ઞેય અને હું એને જ્ઞાનની અવસ્થામાં જાણું એટલું એ જ્ઞેય નહિ અને એને જાણવાવાળો પર્યાય એટલો એ જ્ઞાન પણ નહિ. 'છોટાભાઈ'! હું તો આખા દ્રવ્ય, ગુણ મારા અનંત ગુણનો પિંડ જ્ઞાયક. એને હું જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણું અને જ્ઞાયક પણ હું. એવા ત્રણ પ્રકારના ભેદ પણ મારી ચીજમાં નથી. એવી વસ્તુની અનુભૂતિ થવી, આ એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ આત્માનો સાક્ષાત્કાર, આ એનું નામ મુક્તિનો ઉપાય. 'ધરમચંદજી'! આવું બધું કરવા જશે તો પછી આ કોઈ કરશે નહિ. આ મંદિર, મંદિરની પૂજા એક તો જુવાનીયા કરતાં નથી અને વળી આવું જો એની પાસે મુકશો તો જુવાનીયા નાસ્તિક થઈને ભાગશે. અરે..! સાંભળને હવે. એને કરવા કાળે એવો વિકલ્પ આવ્યા વિના

રહે નહિ. ભક્તિ આદિ હો પણ એ શુભભાવ છે. એ હો એની કોણે ના પાડી છે. પણ એ શુભભાવ એ આત્માનું એટલું જ જ્ઞેય છે એમ નહિ, આખા લોકાલોકનું જ્ઞેય પણ એટલું જ જ્ઞેય છે એમ નહિ અને આખા લોકાલોકને જાણવાનો પર્યાય એટલું જ્ઞાનમાત્ર છું એવો પણ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા અનંત અનંત જેના એક જ્ઞાનગુણમાં અનંત કેવળજ્ઞાન સમાય ગયા. એક સમયમાં લોકાલોક જાણે એ મતિ-શ્રુતમાં પણ જણાય ને કેવળમાં પણ જણાય પણ એવા એવા તો અનંતી પર્યાયો જેના એક ગુણમાં સમાય જાય, એવા એવા અનંતા ગુણોનું એકરૂપ એ મારું જ્ઞેય, એને જાણનારું જ્ઞાન તે જ્ઞાન, એ આખો જ્ઞાયક તે હું એક છું. સમજાણું કાંઈ?

આ લાકડું નથી જણાતું એમ અત્યારે તો કહે છે. લાકડું જણાતું નથી, જ્ઞાનનો પર્યાય એ પણે પરિણમ્યો છે તે જાણે છે. છતાં એ જ્ઞેય છે તેટલું જ જ્ઞેય મારું છે એમ નથી આ લાકડાનો દાખલો આપ્યો એમ લોકાલોક. મારું જ્ઞેય જણાવાયોગ્ય લોકાલોક છે એટલું મારે જ્ઞેય નથી. મારું જ્ઞેય તો અનંત ગુણનો પિંડ આખો જ્ઞાયક ને દ્રવ્ય, ગુણ, પર્યાય આખો એ મારું જ્ઞેય છે. અને આ લોકાલોકને જાણવા જેટલી જ્ઞાનની પર્યાય–અવસ્થા એટલું મારું જ્ઞાન નથી. મારું જ્ઞાન તો અનંતા દ્રવ્ય, ગુણનો પિંડ એવો ભગવાનઆત્મા, એના ગુણપર્યાય એને જાણવાનું જ્ઞાન એવા જ્ઞાનવાળો હું. એ તો હું નો હું થયો. જણાવાયોગ્ય પણ હું, જાણનાર પણ હું અને જ્ઞાયક પણ હું. 'ધર્મચંદજી'! ભારે વાત, ભાઈ! આવી વાત! આ આત્મવિદ્યા છે. સમજાય છે?

મુમુક્ષુ :– બહારમાં તો બધું ઉડી ગયું.

ઉત્તર :– બહારમાં ઉડી ગયું છે ને! અંદરમાં છે જ કે દિ'? હતું ત્યારે ઉડે ને? બહારનું રહેશે. જ્યાં સુધી રાગ છે, રાગ છે ત્યાં સુધી હો, દેખાશે. ક્રિયા પણ શરીરની થવાની હોય એ થશે, પૂજા, ભક્તિ જે થવાની (તે થશે), પણ એના સ્વરૂપમાં જુઓ તો મૂળ દૃષ્ટિમાં એ વિકલ્પ અને એનું જ્ઞાન અને એનું સામે જ્ઞેય એટલો આત્મા નથી. એમ દૃષ્ટિમાં આત્માને ન લે ત્યાં સુધી પેલા વિકલ્પ ને પેલાને વ્યવહાર પણ કહેવાતો નથી, એમ કહે છે. રાડ નાખે છે. જુવાનિયા નાસ્તિક થઈ જશે. બાપુ! સત્ વસ્તુ છે એ સત્ સમજતા એ સત્‌થી ભ્રષ્ટ થશે? સમજાય છે? આમ તો અનાદિથી ભ્રષ્ટ છે જ. વસ્તુની સ્થિતિ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ કંદ આત્મા એના અનંત ગુણનો એક રસકંદ, એનાથી તો પતીત છે જ. રાગને પોતાનો માને છે, શરીરને પોતાનું માને છે અથવા અલ્પજ્ઞ દશા વર્તમાન એની પોતાને એવડી છે એમ માને છે, એ પતીત તો છે. સમજાણું કાંઈ?

મહા ચૈતન્ય સાગર ભગવાનઆત્મા અનંત ગુણનો સાગર ચૈતન્ય રત્નાકર, જેના એક એક ગુણમાં આખા લોકાલોકને જાણે એવી એક એક પર્યાય, એવી અનંતી પર્યાય જેના

એક ગુણમાં પડી છે. એવા અનંતા ગુણનો (પિંડ) ભગવાનઆત્મા તે મારું જ્ઞેય છે, લોકાલોક એ જ્ઞેય નહિ, એમ કહે છે. એને જાણવું એ મારું જ્ઞાન છે અને એ બધું થઈને આખો તે હું જ્ઞાયક છું. આહાહા..! સમજાણું કાંઈ? 'રવજીભાઈ'! સમજાય છે આ? આ સમજાય છે એમ કહીએ ને, પેલું બહારનું તો બધું સમજાય છે ને! ભારે વાત, ભાઈ! આવી.

'**જ્ઞાતા; એવા નામભેદ છે, વસ્તુભેદ નથી.**' શું કહે છે? મારામાં એવું જણાવા યોગ્ય, જાણનાર બધું શક્તિનો પિંડ તે જ્ઞાયક એવા નામ ભેદ વચનમાં, બોલવામાત્ર હો, વસ્તુમાં ભેદ નથી. વસ્તુ અખંડાનંદ પ્રભુ ચૈતન્ય હીરો આખો અખંડ છે. એને અંતરમાં નજરમાં લેવો અને એમાં અભેદમાં અનુભવ કરવો એનું નામ ધર્મ ને શાંતિ છે. એ વિના ધર્મ ને શાંતિ ક્યાંય ત્રણકાળમાં બીજે છે નહિ. સમજાણું કાંઈ?

જગતની ચીજ હોય તો જોવા માટે નજર રાખીને આમ ઝીણવટથી જોવે પણ જોનાર એને એ જોનાર પોતાને કેમ જોવો એની એને ખબર ન મળે. જે નજરે પરને ટગ ટગ કરીને જોવા માગે એ નજરે પોતે કોણ છે એમ જોવાની નજર કરતો નથી.

મુમુક્ષુ :– એમ કેમ થાતું નથી?

ઉત્તર :– કરતો નથી માટે થાતું નથી. કેમ હશે? 'મલૂકચંદભાઈ'! આહાહા..! બહારમાં પાંચ, પચાસ લાખના રૂપિયા(નો) દરોડો પડતો હોય ન્યાં નજર ટગ ટગ કર્યા કરે. આ પૈસા આવ્યા, આ પેદા થયા, આ વધ્યા. શું વધ્યું પણ તને, ધૂળ વધી?

મુમુક્ષુ :– પણ આટલી વાતનું સુખ કેટલું છે!

ઉત્તર :– દુઃખનો ઢગલો છે એ વખતે. 'એ મને મળ્યા' એવો ભાવ દુઃખનો ઢગલો છે. મૂઢ થઈને માને કે, સુખ છે. એ તો કોણ ના પાડે? કહો, એ નક્કી કરવું પડશે ને? શું કહે છે? શું હશે? 'મલૂકચંદભાઈ'! હમણાં અનુભવ થાય છે કે નહિ થોડો થોડો? એ તો અનાદિનો એમ જ છે, ધૂળમાંય કાંઈ નથી, મફતનો માનીને બેઠો છે. આહાહા..!

ભગવાન આનંદમૂર્તિ છે આત્મા. આત્મામાં નિત્ય અતીન્દ્રિય આનંદરસ પડ્યો છે એને આત્મા કહીએ. આ પુણ્ય-પાપના વિકલ્પ છે એ આત્મા નથી, એ તો વિકાર છે. શરીર, વાણી, મન તો માટી, જડ છે. અતીન્દ્રિય આનંદ છે એટલો પણ હું જ્ઞેય નથી એમ અહીં તો કહે છે. આહાહા..! અને એનું જ્ઞાન કરું એટલું પણ મારું જ્ઞાન નથી અને અતીન્દ્રિય આનંદ એક એટલો પણ હું જ્ઞાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અતીન્દ્રિય આનંદ પ્રભુ એવા તો અનંતા અનંત ગુણ આત્મામાં છે. સ્વભાવ છે ને? સ્વભાવ ને ક્ષેત્રની મર્યાદાની જરૂર નથી એના સામર્થ્યની જરૂર છે. એક એક અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય પ્રભુતા એવા અનંત ગુણરૂપ એક, એનું જે જ્ઞાન તે જ્ઞાન અને એ જ્ઞાયક તે હું અને તે મારું જ્ઞેય, બીજું જ્ઞેય એમ નહિ. પણ એ ત્રણના ભેદ પણ વચનમાત્ર છે એમ અહીં તો કહે છે. પોતામાં જ્ઞાન,

જ્ઞેય ને જ્ઞાતા એ વચનનો કલ્લોલ છે, વિકલ્પનો કલ્લોલ છે, વસ્તુમાં એ નથી એમ કહે છે. જુઓ!

**'ज्ञानज्ञेयकल्लोलवल्गान्'** એ વસ્તુના ત્રણ નામ ભલે પડ્યા મારામાં ને મારામાં, હોં! પરની સાથે કાંઈ નહિ. હું અનંત ગુણનો પિંડ જ્ઞાયક, હું પોતે જ્ઞાન બધાને જાણું એવો હું જ્ઞાન અને હું મને મારા દ્વારા જણાઉં એવો હું જ્ઞેય. એ નામભેદ હો. સમજાય છે? વસ્તુભેદ નથી. વસ્તુમાં એ ત્રણ પ્રકાર નથી. વસ્તુ તો એકાકાર બધું છે. જ્ઞાન, જ્ઞેય ને જ્ઞાયક એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ? 'છ ઢાળા'માં આવે છે, આવે છે કે નહિ? જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. એ બધું અહીંથી લીધું છે. **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'**. ભગવાન સ્વરૂપમાં જ્યાં અંતરમાં અનુભવમાં આવે (ત્યાં) નયની લક્ષ્મી સંતાય જાય છે, નિક્ષેપ કાંઈ દેખાતો નથી, પ્રમાણ-બ્રમાણ બધું આથમી જાય છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે - વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.'** સમજાણું? ગોળ કહો, ગળપણ કહો અને ગળપણની મીઠાશ કહો બધું એક જ છે. એમ જ્ઞેય કહો તોપણ હું, જણાવા યોગ્ય હોય તોપણ હું, જાણનાર હોય તોપણ હું અને એવી અનંત શક્તિનો પિંડ જ્ઞાયક હોય તોપણ હું. કહો, હવે આમાં ઉડી જાય છે કે નહિ બધું? અંદરની દૃષ્ટિમાં એ કાંઈ છે જ નહિ. જ્યારે અંતર દૃષ્ટિમાં સ્થિર ન રહી શકે ત્યારે એવો શુભ વિકલ્પ હોય છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિ હોય છે. એટલું પણ જ્ઞેય તરીકે છું એમ એ વખતે જ્ઞાની માનતો નથી. અને એના જ્ઞાન તરીકે એનું જ્ઞાન એટલું જ્ઞાન છું એમ પણ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ ચૈતન્યના અંતરના રહસ્ય અને મર્મ એણે કોઈ દિ' જોયા નથી. અનંત કાળ ઢસરડા કાઢીને મરી ગયો. ત્યાગી થયો, સાધુ થયો, બાવો થયો મરી ગયો દીક્ષા લીધી, દક્ષા સમજાય ને? લોંચ કર્યા, મુંડાવ્યા અનંતવાર પણ આ આત્માનું આવું ભાન (કર્યા) વિના એ બધું અલેખે ગયું. આહાહા..!

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ;<br>
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.

આ આતમજ્ઞાનની વાત છે. સમજાણું કાંઈ? લ્યો! એ શ્લોક પુરો થયો. હવે સ્યાદ્વાદની વિવિધતા બતાવે છે. એકાકાર છું, એક છું, અશુદ્ધ છું, શુદ્ધ છું બધું એક સાથે હોય છે. એવો જ કોઈ વસ્તુનો (સ્વભાવ છે). સાધકની વાત છે ને અહીંયાં? સાધક સ્વભાવની વાત છે ને?

( પૃથ્વી )

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं
क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।
तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः
परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।९-२७२।।

ખંડાન્વય સહિત અર્થ :– ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે, તેથી જેમ નાટકમાં એક ભાવ અનેકરૂપે દેખાડવામાં આવે છે તેમ એક જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે. 'मम तत्त्वं' મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે. કેવો છે ? 'क्वचित् मेचकं लसति' કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે. 'पुनः' એકાન્તથી આવો જ છે એમ નથી; આવો પણ છે - 'क्वचित् अमेचकं' એક વસ્તુમાત્રરૂપ જોતાં શુદ્ધ છે. એકાન્તથી આવો પણ નથી. તો કેવો છે ? 'क्वचित् मेचकामेचकं' અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે; - એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે. એવું કેમ છે ? ( सहजं ) સ્વભાવથી એવું જ છે. 'तथापि' તોપણ 'अमलमेधसां तत् मनः न विमोहयति' ( अमलमेधसां ) સમ્યગ્દષ્ટિ જીવોની ( तत् मनः ) તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ તે ( न विमोहयति ) સંશયરૂપ થતી નથી - ભ્રમને પ્રાપ્ત થતી નથી. ભાવાર્થ આમ છે કે - જીવનું સ્વરૂપ શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે, શુદ્ધ-અશુદ્ધ પણ છે - એમ કહેતાં અવધારવામાં ભ્રમને સ્થાન છે, તોપણ જેઓ સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે તેમને સુગમ છે, ભ્રમ ઊપજતો નથી. કેવી છે વસ્તુ ? 'परस्परसुसंहतप्रकटशक्तिचक्रं' ( परस्परसुसंहत ) પરસ્પર મળેલી છે ( प्रकटशक्ति ) સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમનો ( चक्रं ) સમૂહ છે જીવવસ્તુ. વળી કેવી છે? 'स्फुरत्' સર્વ કાળ ઉદ્યોતમાન છે. ૯-૨૭૨.

---

( પૃથ્વી )

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं
क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।
तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः
परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।९-२७२।।

જરી, વસ્તુનો સ્વભાવ પર્યાયનો ધર્મ, ગુણ ધર્મ, દ્રવ્ય ધર્મ એવો બધોય છે એને સાધકપણે બધું જણાય છતાં જ્ઞાની એમાં મૂંઝાતો નથી. એ વાત અહીંયાં સિદ્ધ કરે છે જરી. **'ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે,...'** જુઓ! 'સમયસાર નાટક'. **'તેથી જેમ નાટકમાં એક ભાવ અનેકરૂપે દેખાડવામાં આવે છે...'** નાટકમાં ઘણા પ્રકારે દેખાડે છે ને? રાજા, કોઈ રાણી, વીરરસ ને કોઈ શૃંગાર રસ ને.. **'તેમ એક જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે.'** અનેક ભાવો દ્વારા આત્માનું સિદ્ધપણું – સાબિતપણું કરી શકાય છે, એમ. અનેક ભાવો દ્વારા વસ્તુને સિદ્ધ કરી શકાય છે એમ કહેવું છે. સિદ્ધપણું પ્રાપ્ત થાય એમ અહીં પ્રશ્ન નથી અત્યારે. સાબિતી કરે છે.

એક ભગવાનઆત્મા... આ શરીર, વાણી, મન, હાડકા તો પર છે. અંદર પ્રારબ્ધ જડ જે બંધાણું એ પણ પર છે. જે ભાવે પ્રારબ્ધ બંધાય એ ભાવ પણ વિકારી (છે), આત્માથી ખરેખર પર છે. પણ એમાં અંદરમાં સાધક જીવ જ્યાં સુધી છે ત્યાં સુધી મલિન ને નિર્મળ આદિ અનેક પ્રકારો જ્ઞાનમાં જણાય છે. જુદા કહ્યા હતા. અહીં તો આ ત્રણને કાઢી નાખ્યું પાછું. વળી પાછું હવે એમાં જરી મેળવે છે. જ્ઞાન કરાવે છે, ભાઈ! શું કહે છે?

**'मम तत्त्वं' 'મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે.'** જુઓ! **'मम तत्त्वं'** જ્ઞાન પ્રકાશ સૂર્ય પ્રભુ ચૈતન્યસૂર્ય આત્મા, ચૈતન્યના નૂરનું તેજ ભરેલો ભગવાનઆત્મા છે. એ **'આવો છે. કેવો છે?' 'क्वचित् मेचकं लसति'** આમ જોઈએ તો કહે **'કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.'** ભાષા જુઓ! પાછું કેટલું ફેરવી નાખ્યું આખું! એકલો અભેદ કર્યો દૃષ્ટિમાં પહેલો બતાવ્યો. હવે એના જ્ઞાનમાં સાધક છે એટલે બધું અનેક પ્રકારે જણાય છે છતાં જ્ઞાની મૂંઝાતો નથી. ક્યાં સુધી વાત લઈ ગયા! સમજાણું કાંઈ?

દૃષ્ટિમાં વસ્તુ જ્ઞાન, જ્ઞેય, જ્ઞાયક એમ ત્રણ ભેદ પણ નહિ એવી વસ્તુ. એવી વસ્તુને દૃષ્ટિમાં લીધી (ત્યારે) અનુભવ થયો. છતાં જ્યાં સુધી પૂર્ણ પરમાત્મદશા, કૈવલ્યદશા ન થાય ત્યાં સુધી જ્ઞાનીને જ્ઞાનમાં કેવું ભાસે છે અંદર? એ વર્ણન કરે છે. કહે છે કે, આમ જોઈએ ભાન હોવા છતાં હું જ્ઞાન, હું જ્ઞાયક ને જ્ઞેય બધું અભેદ છું એવું ભાન હોવા છતાં **'કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે...'** એવો અનેક આકારરૂપ **'मेचकं'** છે ને? મેલો એટલે અશુદ્ધ એટલે અનેક આકારે વિકલ્પમાં દેખાય છે. જ્ઞાન જાણવાનું કામ કરે છે એમ કહે છે. પેલો દર્શનનો વિષય ભાઈ! ત્યાં આ પ્રમાણે પૂરો કર્યો. હવે એ દર્શનમાં, સમ્યગ્દર્શનમાં જે જ્ઞાન થયું એ જ્ઞાન આવી રીતે ભાળે છતાં એ જ્ઞાનનો સ્વભાવ છે એમ ઇ જાણે છે. એમાં જ્ઞાની મૂંઝાતો નથી.

એકકોર ભેદ નથી, વસ્તુને એમ જોવે છે. છતાં એની સાથેનું થયેલું જ્ઞાન એકકોર આમ જોવે તો અંદર રાગ સહિત મલિન પર્યાય દેખાય છે. અહીંયાં સાધકની વાત છે

ને? વિકલ્પ ઉઠે છે એ રાગ-દ્વેષવાળો વિભાવ **'પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.'** અનેક આકારરૂપ રાગ થાય છે એવો મેલો આસ્વાદ આવે છે. પૂર્ણ અનુભવનો આનંદ સર્વજ્ઞને જે થાય એવો નથી હજી એમ કહે છે. આત્મા પૂર્ણાનંદને સર્વજ્ઞપદને પામે ત્યારે આ ભાવ હોતા નથી પણ સાધકમાં આવા ભાવ હોય છે. આટલું બધું અભેદપણું દૃષ્ટિનો વિષય કહ્યા છતાં જ્ઞાનમાં સાધકપણે જોવે તો આમ રાગાદિ પણ દેખાય છે. અને રાગનો સ્વાદ મેલો છે, મલિન છે, દુઃખરૂપ છે એમ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! આવ્યું આ.

મુમુક્ષુ :– બધા સાધક આવી ગયા?

ઉત્તર :– હા, સાધકની જ વાત ચાલે છે. કોની ચાલે છે આ? અજ્ઞાનીની વાત જ ક્યાં છે અહીં. સમજાણું કાંઈ? પૂર્ણ દશા નથી એટલે વસ્તુ ભલે આવી છે, દૃષ્ટિ થઈ પણ જ્ઞાન તે કાળે રાગથી મેલું છે એમ પણ દેખાય છે. જો (મલિનતા) ન હોય તો સર્વજ્ઞ થઈ ગયો હોય, અહીં તો શ્રુતજ્ઞાન અને સાધક જીવની વાત છે. સમજાણું કાંઈ? ક્યાં કાઢી નાખ્યું, પાછું નાખ્યું કે, એની પર્યાયમાં જ્ઞાનીને રાગનો સ્વાદ આવે છે. એકકોર કાઢી નાખ્યું કે, રાગનો સ્વાદ નહિ, જ્ઞાનીને એકલો આનંદનો સ્વાદ આવે છે એમ પહેલા કહ્યું હતું. સમજાણું કાંઈ?

નારકી કીધું નહિ? 'નારકી બાહિરકૃત દુઃખ ભોગત અંતર સુખરસ ગટાગટી.' બેય છે. નરકનો નારકી જીવ છે મહા પાપી ત્યાં પણ આત્મજ્ઞાન પામે છે. સમજાય છે? રાજા, મહારાજા અબજોપતિ (હોય). અહીં મુનિઓએ સંતોએ કીધું હોય, બાપુ! આત્મા આનંદકંદ છે. સાંભળ્યું પણ જાણ્યું નહિ અને ખોટા પાપ કરીને નરકમાં ગયા. એ પહેલી નરક, બીજી નરક છે, હોં! ઇ બધું હંબક નથી. અંદર છે. એ ગયા ને એ પીડા... પીડા... પીડા... પીડા... પીડા... અરે..! આ શું છે? એમાં પૂર્વનું (સાંભળેલું) કોઈ યાદ આવી જાય. અરે..રે..! સંતોએ, મુનિઓએ કહ્યું હતું. અરે..! કરવા કાળે કર્યું નહિ તેં, હોં! સમજાય છે? આહાહા..! બધા સાધન હતા અને જ્ઞાનનો ક્ષયોપશમ વિકાસ પણ હતો પણ મેં મારામાં જોવાનો પ્રયત્ન કોઈ દિ' કર્યો નહિ. આમ ને આમ મારો કાળ ગયો. એમ અંદરમાં ઓરતો થતાં કોઈ સમ્યક્ પામી જાય છે. ત્યાં અભેદપણાની દૃષ્ટિ થઈ જાય છે. સાતમી નરકે થાય છે ને!

સાતમી રવ રવ નરક હેઠે છે. આહાહા..! એની પીડાની શું વાત? એ તો જ્ઞાની કહે ને જાણે વેદનારો વેદે. એટલી પીડા. બાપુ! ભાઈ! અનાદિનો આત્મા છો ને, બાપુ! કાંઈ આત્મા નવો નથી, નવો ન થાય. આત્મા વસ્તુ કાંઈ નવી થાય? એ તો છે, છે ને છે. અનાદિની છે. રહ્યો ક્યાં? આહા..! અરે..! ભાઈ! તું નરકમાં અનંતવાર રહ્યો છો, તને ખબર નથી.

માતાના પેટમાં રહ્યો હતો એની ખબર નથી. ખબર છે? સવા નવ મહિના કેમ રહ્યો

હતો ઇ? ઇ સવા નવ મહિના ઉંધે માથે માતાના પેટમાં (કેમ રહ્યો હતો)... આહાહા..! એની ખબર છે? આપણે આમાં ચિત્ર ચીતર્યું છે. 'છ ઢાળા' માં ઠીક ચિત્ર રાખ્યા છે. આમ સંકડાશમાં એટલામાં સવા નવ મહિના રહ્યો. ઇ સાચી વાત હશે કે નહિ? કે બીજો આત્મા હતો ત્યાં? આહાહા..! ભગવાનઆત્મા તો એનો એ છે. એને શરીર આવડુ હતું ન્યાં અંદર. બહાર આવ્યો ત્યાં મૂર્છા.. મૂર્છા.. કહે છે, ભાઈ! ઇ તને યાદ નથી માટે નહોતું એમ છે કાંઈ?

એમ અનંત કાળમાં નરકના ભવો તેં અનંત કર્યા એ યાદ ન આવે એટલે કાંઈ નહોતા એમ છે કાંઈ? આહાહા..! એ નરકની અંદર પણ એ ચૈતન્યની રમતું કરી લે છે, આનંદનો સ્વાદ લઈ લે છે. સમજાણું કાંઈ? એ દુઃખના દહાડાના સંયોગ જોવો તો, આમ સાંભળો ત્યાં આમ થઈ જાય કે, અર..ર..ર..! આ? એને સોળ રોગ જન્મતા હોય. કંઠમાળ, ભગંદર ને શ્વાસ ને દમ ને કફ ને શૂળ ને... આ તમારે એક રોગ આવે તો રાડ નાખે છે. શું કહેવાય પેલું? કેન્સર. એવા એવા તો કેટલા રોગ નારકીને રુંવાટે રુંવાટે (હોય). ખાવા-પીવાનો રોગ એક કણ મળે નહિ ને તૃષાનો પાર ન મળે. ખાય તો રોગ થાતા હશે? ખાવાને લઈને થાતા હશે? ઇ ઠીક કહે છે. પણ ખાવાનો તો એક કણ મળતો નથી. અનંતા અનંતા આખો મોટો આખો લોક અનાજનો હોય (એનો) કોળીયો કરીને આપો તો આમ તરત પચી જાય. એક કણ મળે નહિ ને એટલી પીડા! એ ક્ષુધા કેટલી હશે? સ્વયંભૂરમણનું પાણી આપો તો ઊના કડાયામાં જેમ એક ટીપું પડે એવું સ્વયંભૂરમણ પાણી એ તૃષા (આગળ) એક ટીપા જેવું લાગે. (પણ) ટીપું મળતું નથી.

અરે..! ભાઈ! ભગવાનઆત્મા પોતાને ભૂલી અને એ પરમાં, આકુળતામાં અમાપ આકુળતાએ ગયો. અમાપ આનંદ છે એનાથી ગુલાંટ ખાઈ ગયો (તો) અનંતા આકુળતામાં ગયો. અહીં તો કહેવું છે કે, એ કાળે પણ સમજી જાય છે એટલું કહેવું છે. સમજાય છે? ફડાક.. અંદર (ચાલ્યો જાય). આમ જોવે (તો) રાગાદિ જરી દુઃખ પણ લાગે છે. આમ જોવે (તો) આનંદ પણ લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ માણસપણું ને આ જ્યાં શરીર કાંઈક મળ્યું, આ ધૂળ (મળી) એમાં તો 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ (જાય). એમાં એક મોટર હોય ને લાખ રૂપિયાની, લાંબી આમ... શું એનું નામ? લોકો કહે છે ને? નામ પણ આપણને ખબર નથી. એક હમણાં મોટર નહોતી આવી? મોટી ઊંચી હતી. લાખ રૂપિયાની મોટર હતી, કહે છે. પેલો આવ્યો હતો ને અહીં? 'જયપુર'નો પ્રોફેસર. પેલી છોડીના જાતિસ્મરણ માટે આપણા પંડિતજી પાસે (આવ્યા હતા). એના ભત્રીજાની દિકરી(ને) જાતિસ્મરણ છે ને? મોટી મોટરમાં અંદર બેઠો હતો.

મુમુક્ષુ :– કેવી મજા આવે!

ઉત્તર :– ધૂળમાંય મજા નથી. હોળી સળગે છે ન્યાં.

મુમુક્ષુ :– મજા પડી જાય એવું.

ઉત્તર :– હા, પણ ઊંચી કેવડી? જાણે ઘર જેવડું મોટું. આમ એક એની બાયડી બેઠી હતી અંદર, એક કો'ક માણસ બેઠો હતો. બે ટોપાવાળા નીકળ્યા ઢાંકીને બહાર. 'હિંમતલાલ શાહ'. શું છે કીધું. કોણ છે? 'જયપુર'ના પ્રોફેસર છે. છોડીનું 'રાજુલ'નું તપાસવા આવ્યા છે. ઠીક! મેં તો 'હિંમતલાલ શાહ' પહેલો સમજ્યો આ ભાઈ તમારે. 'હિંમતલાલ શાહ' 'વાંકાનેર'થી આવ્યા છે. છોડીનું પૂર્વ જન્મનું જ્ઞાન થયું છે એમનું પૂછવા આવ્યા છે. કીધું, આમ છે, જાઓ! 'ધર્મચંદભાઈ' હતા કે નહિ? લાગે એવું. ટોપા-બોપા ને લુગડા-બુગડા.. એ જાણે આમાં બીજું કાંઈ હશે જ નહિ. આ જ બધું છે એમ લાગતું હોય માણસને. એવો સલવાય ગયો, એવો સલવાય ગયો હોય. આહાહા..! પૂછવા આવ્યો હતો જાતિસ્મરણનું. એની એક મોટી સંસ્થા છે ને? પૂર્વ જન્મનું જ્ઞાન થયું હોય ને એ બધાના રેકોર્ડ એની પાસે હોય છે. ૨૧૦ કે એટલા કહેતા હતા. પેલો ગુજરાતી બોલતો હતો. આપણે સમજતા. હું જાણે ગુજરાતી છું લ્યો. હું પણ ગુજરાતી બોલ્યો પણ પેલો હિન્દી હતો, પ્રોફેસર મોટો. અરે..! આ ભવ પહેલા ભવ હતો એ તપાસવા આવે એને ભવનો વૈરાગ્ય ન મળે.

મુમુક્ષુ :– એને પોતાને ખાતરી ક્યાં થાય છે?

ઉત્તર :– પ્રત્યક્ષ નથી દેખાતું આ? એક શરીર આવું પામ્યો, એક સાધારણ પામ્યો, એક ગરીબ પામ્યો એ કાંઈ પૂર્વના કારણ વિના આ બધો ફેર પડે છે? પ્રત્યક્ષ દેખાય છે કે નહિ? સો વાર માંગે તો રોટલો મળતો નથી ને એક આમ હુકમ સાધારણ કરે ત્યાં આમ રૂપિયાના દરેડા પચાસ પચાસ લાખ, કરોડના થઈ જાય. કાંઈક પૂર્વનું દેખાય છે કે નહિ? આત્મા તો એ નો એ છે. પૂર્વના એવા પુણ્ય-પાપના પરિણામથી બંધન હોય એના સંયોગો આવા દેખાય ધૂળના. એમાં એને આત્મામાં ક્યાં એ લાભ હતો અંદરમાં? પણ કાર્ય ફેરે, ફળ ફેરે કારણ ફેર દેખાય છે કે નહિ? પૂર્વ ભવ નથી? આ પહેલા, એ પહેલા, એ પહેલા અનાદિના આવા તો થોથા અનંતવાર શરીર કર્યા.

અહીં તો કહે છે કે, જ્યાં આત્માનું ભાન અભેદ કરીને થયું તોપણ જ્ઞાનીને મલિનતાનો ભાગ રહે છે એને જાણે (છે), મૂંઝાતો નથી એમ કહેવું છે. હોં! રાગ દેખાય મલિનતા થાય (તો) એ મૂંઝાતો નથી કે આ શું વળી? એકકોર આ શુદ્ધનો પિંડ પ્રભુ ને આ મલિનતા શી પર્યાયમાં? મૂંઝાતો નથી. હું સાધક છું. મારી પૂર્ણ દશા નથી, રાગાદિથી મલિન પર્યાય દેખાય છે.

**'પુનઃ' 'એકાન્તથી આવો જ છે એમ નથી;....'** અનેકાન્ત સ્યાદ્વાદ કરે છે ને? **'આવો પણ છે.' 'क्वचित् अमेचकं' 'એક વસ્તુમાત્રરૂપ જોતાં શુદ્ધ છે.'** આમ વસ્તુ દેખે તો પવિત્ર આનંદ છે. પદાર્થ આત્મા દેખે તો આનંદ છે, શુદ્ધ છે અથવા એકરૂપ છે અથવા અમેચક છે. આમ જોવે ત્યાં રાગની મલિનતા પર્યાયમાં હજી બાકી દેખાય છે. હો, વસ્તુમાં એ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધ છે. એકાન્તથી આવો પણ નથી.'** શું કહ્યું અહીંયાં? એમ ન કહ્યું કે, આની કોર મને આમ સુખ દેખાય છે ને આમ સુખ દેખાય એમ નથી. આમ દેખાય છે ત્યાં અશુદ્ધતા દેખાય છે એટલે દુઃખ દેખાય છે. જેટલો અંદરમાં રાગ ને દ્વેષનો પર્યાય ઉભો થાય છે, રાગનો ઉભો થાય એટલો અશુદ્ધ ને દુઃખ છે. એમ જ્ઞાની રાગને દુઃખરૂપ જાણે (છે) અને આમ આત્માને આનંદ જાણે છે. પર્યાયમાં એટલી મલિનતાને દેખે છે, આમાં આનંદને દેખે છે. છતાં એ મૂંઝાતો નથી કે, આ શું? તે તો વસ્તુની સ્થિતિની સાધક દશામાં એવું જ હોય. પૂર્ણ થઈ ગયા એને પૂર્ણ આનંદ, ભાન નથી એને પૂર્ણ દુઃખ (છે). ભાન નથી એને પૂર્ણ દુઃખ, પૂર્ણ થઈ ગયા એને પૂર્ણ આનંદ. હું સાધનારો હજી પૂર્ણ થયો નથી માટે આમ જોઈએ તો આનંદ છે, આમ જોઈએ તો રાગનું જરી દુઃખ પણ દેખાય છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વાહ..! જ્ઞાન પણ પાછું કરાવ્યું એનું. જ્ઞાન કરે છે કે, આ થોડી આકુળતા છે. અશુદ્ધ **'मेचकं'** અશુદ્ધ એક આકારરૂપ ન થવું એવી પણ એક દશા છે. આમ જોવે ત્યાં એકાકારરૂપ શુદ્ધ આનંદ (છે). બેય છે.

**'તો કેવો છે?' 'એકાન્તથી આવો પણ નથી.'** લ્યો! ત્યારે **'क्वचित् मेचकामेचकं' 'અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે; - એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે.'** બે ભેદ ઘટિત થાય છે, બે ભેદ ઘટિત થાય છે. શું કહે છે? ભગવાનઆત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદ (છે) એવું ભાન થયું, અનુભવ થયો છતાં હજી પૂર્ણ દશા પ્રગટ થઈ નથી. એથી ધર્મીને આમ દશા તરફ જોવે તો અશુદ્ધ પણ દેખાય, આમ જોવે ઉપયોગ આમ જોવે તો અશુદ્ધ દેખાય, આમ ઉપયોગ ઠરી જાય તો આનંદ દેખાય. એક ક્ષણે બેય સાથે દેખાય. સમજાણું કાંઈ? આહાહા..!

**'क्वचित् मेचकामेचकं' 'અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;...'** ઓહોહો...! ક્યાંથી ક્યાં લઈ ગયા વાત! સમજાણું કાંઈ? **'એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે.'** ધર્મીને, સમ્યગ્દષ્ટિને, સાધકજીવને એક ક્ષણમાં બેય ઘટિત થાય છે. થાય છે કે નહિ? કેમ ઘટિત થાય છે? શું કરવા? શું કરવા? આ સાધક છે માટે. પૂર્ણ સિદ્ધ થઈ ગયો નથી અને એકલું દુઃખ છે એમ પણ નથી. અહીં સાધક છે એમાં વસ્તુની સ્થિતિ આવી જણાય છતાં સમ્યગ્દષ્ટિ મૂંઝાતો નથી. વસ્તુની સ્થિતિ જ એવી છે. મારું સ્વરૂપ આનંદ છે એવું ભાન થયું છતાં આનંદની પૂર્ણ દશા હજી મને થઈ નથી. માટે પૂર્ણ નથી એટલે આ મલિનતા છે ને દુઃખ છે. આ શું? હોય. આ શું? એ કાળે હોય. પૂર્ણ ક્યાં થયો છે? સમજાણું કાંઈ? આવી ચીજ સ્યાદ્વાદ વિના અજ્ઞાનીને બેસતી નથી.

**'क्वचित् मेचकामेचकं' 'અશુદ્ધ પરિણતિરૂપ...'** એક કોર મલિન પરિણામ છે. આમ જુએ તો **'વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;...'** કહો, સમજાણું? **'અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ**

**છે; એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે.' 'એવું કેમ છે?' 'सहजं' 'સ્વભાવથી એવું જ છે.'** ભાષા જુઓ! એવો સ્વભાવ જ છે. પૂર્ણ દશા થઈ નથી ત્યાં સુધી સાધકને એવો જ સ્વભાવ છે. ભાષા કેવી છે! સહજ સ્વભાવ છે. એટલે શું કીધું? મલિન પરિણામ પણ સહજ સ્વભાવ એટલે પર્યાયનો એ મલિનતાનો ધર્મ છે, એમ. એ કાંઈ કો'કથી થયેલો છે એમ નથી અને કો'કમાં છે એમ નથી. ધર્મનું ભાન થયા છતાં વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એનો અનુભવ ને દૃષ્ટિ થયા છતાં પૂર્ણાનંદ જ્ઞેય, જ્ઞાયક, જ્ઞાન આદિ ભેદ ટાળીને ધ્યાન છતાં પાછો પર્યાયમાં રાગાદિનો મલિનભાવ એને જોવે (અને) આ આનંદ છે એને જોવે. એક સાથે બેય છે એને પણ જોવે. સમજાણું કાંઈ આમાં?

**'સ્વભાવથી એવું જ છે.'** સ્વભાવથી એટલે? પર્યાયનો ધર્મ પણ એવો જ છે પૂર્ણ ન હોય ત્યાં સુધી એક પર્યાયના બે ભાગ થોડો આનંદ ને થોડું દુઃખ. શું કીધું? આમ આનંદ છે, આમ દુઃખ છે. એક અવસ્થામાં આમ ભાન થયું એટલો આનંદ પણ છે, આમ છે એટલું દુઃખ છે. ઓહોહો..! વસ્તુની સ્થિતિ (એવી જ છે).

બીજી રીતે કહીએ તો જેટલો શુભ વિકલ્પ ઉઠે છે એટલો એ અશુદ્ધ ભાળે છે, અશુદ્ધ જોવે છે. સમજાણું કાંઈ? આમ શુદ્ધ છે, વસ્તુ શુદ્ધ નિર્મળ છે. બેય એનો ધર્મ છે. એનો સ્વભાવિક સહજ સ્વભાવ છે. સ્વભાવ એટલે? કોઈથી થયેલો નથી, અશુદ્ધતા પણ એનાથી થયેલી છે અને શુદ્ધ સ્વરૂપ તો છે એનું ભાન પણ પોતાથી થયેલું છે. સમજાણું કાંઈ? આ શું પણ કોણ જાણે? 'ભીખાભાઈ'! કેટલી ગૂંચ જાણે!

મુમુક્ષુ :– બધા સુખી હોય તો ...

ઉત્તર :– કોઈને સુખ નથી, બધાને દુઃખના ઢગલા છે. કો'કને પૈસાનું, કો'કને છોકરાનું. ઠીક! બધા હોળીમાં સળગ્યા છે. છોકરાવાળા ને પૈસાવાળા ને રૂપાળા એ બધા માટીના ઢગલા પર છે. એમાં સુખ ક્યાંથી આવ્યું ધૂળમાં? મૂઢ માને છે. મૂઢને અંદર મૂઢમાર વાગે છે. ભાન નથી, ભાન નનુરને. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, આ ભાન થયા એને દુઃખ છે એનું જ્ઞાન કરતાં એ મૂંઝાતો નથી. આ શું વળી? અરે..! હું તો આનંદ છું, અભેદ થઈને ભાન થયું. વળી આ દુઃખની દશા વળી ક્યાંથી દેખાય થોડી? **'अमलमेधसां तत् मनः न विमोहयति' 'अमलमेधसां'** જોયું? જેની મેલ વિનાની બુદ્ધિ છે, મેલ વિનાની એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ. **'अमलमेधसां'** મેલ વિનાની બુદ્ધિ છે. એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ, એમ. નિર્મળ બુદ્ધિ સમ્યગ્દૃષ્ટિ. ભગવાનઆત્મા પૂર્ણાનંદ છે એમ સાચું જ્ઞાન થયું છતાં સમ્યગ્જ્ઞાનમાં એ રાગાદિ જણાય એમાં એ મૂંઝાતો નથી. મારી પ્રયત્નની નબળાઈ છે, મારો પુરુષાર્થ એટલો કમજોર કામ કરે છે. એથી ત્યાં અશુદ્ધતા ભાસે છે, છે, છે એના અસ્તિત્વમાં એમ અહીં કહે છે.

**'तत् मनः' 'તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ...'** જોયું? 'तत् मनः', **'अमलमेधसां तत् मनः'**

**'बुद्धि ते...'** **'न विमोहयति'** **'સંશયરૂપ થતી નથી - ભ્રમને પ્રાપ્ત થતી નથી.'** ભ્રમ ન થઈ જાય કે, અરે..! પણ આ શું? આ એકલો આનંદ, વળી આ અશુદ્ધતા, વળી એક સમયે બે ભેગા. અશુદ્ધતા ને શુદ્ધતા બે ભેગા આ શું? ઇ વસ્તુની સાધક દશામાં એવું જ હોય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિનું મન **'न विमोहयति'**–મૂંઝાતું નથી. આવો આત્મા આખો પૂર્ણ દષ્ટિમાં આવ્યો છતાં વળી આ મેલ ક્યાંથી દેખાણો? એ પણ પર્યાયની અવસ્થાનો ધર્મ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગભાવે ન પરિણમે ત્યાં સુધી હોય છે. **'ભ્રમને પ્રાપ્ત થતી નથી.'** સંશય થતો નથી (કે), આ શું વળી આવ્યું? માટે દ્રવ્ય અશુદ્ધ હશે? એમ ભ્રમ પડતો નથી. આ પર્યાય અશુદ્ધ છે તે બીજાની હશે? એમ ભ્રમ પડતો નથી. વાત ફેરવીને ક્યાં વાત લીધી, સ્યાદ્વાદની સાધકની લીધી. છેલ્લા શ્લોક છે ને!

**'ભાવાર્થ આમ છે કે - જીવનું સ્વરૂપ શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે, શુદ્ધ-અશુદ્ધ પણ છે - એમ કહેતાં અવધારવામાં ભ્રમને સ્થાન છે,...'** એવું કહેવામાં અજ્ઞાનીને ભ્રમનું સ્થાન છે. **'તોપણ જેઓ સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે તેમને સુગમ છે, ભ્રમ ઊપજતો નથી.'** લ્યો! સમજાણું કાંઈ? **'કેવી છે વસ્તુ?'** **'परस्परसुसंहतप्रकटशक्तिचक्रं'** દેખો! **'પરસ્પર મળેલી છે...'** **'प्रकटशक्ति'** **'સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ...'** દેખો! **'સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમનો સમૂહ છે...'** અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે. એ બધી શક્તિઓનો સમૂહ આત્મા છે. મલિનતા થવાની યોગ્યતા પણ એક શક્તિ છે, એક પર્યાયધર્મ (છે). સમજાય છે?

**'સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમનો સમૂહ છે જીવવસ્તુ.'** એનો સમૂહ છે જીવવસ્તુ. **'વળી કેવી છે?'** **'स्फूरत्'** **'સર્વ કાળ ઉદ્યોતમાન છે.'** એનું સ્વરૂપ જ એવું છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગપણે પરિણમે નહિ ત્યાં સુધી પર્યાયનો ધર્મ પણ મલિન છે, દ્રવ્ય સ્વભાવ નિર્મળ આનંદ છે, બેય એકસાથે દેખાય છે છતાં જ્ઞાની મૂંઝાતો નથી. એવું સ્યાદ્વાદ એટલે વસ્તુના સ્વરૂપની સ્થિતિ છે એમ જ્ઞાની બરાબર જાણે છે. વિશેષ કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

---

**( પૃથ્વી )**

**इतो गतमनेकतां दधदितः सदाप्येकता-**
**मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।**
**इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-**
**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।।१०-२७३।।**

**ખંડાન્વય સહિત અર્થ :–** ‘अहो आत्मनः तत् इदम् सहजम् वैभवम् अद्‌भुतं’ ( अहो ) ‘અહો’ સંબોધન વચન છે. ( आत्मनः ) જીવવસ્તુની ( तत् इदम् सहजम् ) અનેકાન્તસ્વરૂપ એવી ( वैभवम् ) આત્માના ગુણસ્વરૂપ લક્ષ્મી ( अद्‌भुतं ) અચંબો ઉપજાવે છે. શા કારણથી એવી છે ? ‘इतः अनेकतां गतम्’ ( इतः ) પર્યાયરૂપ દૃષ્ટિથી જોતાં ( अनेकतां ) અનેક છે એવા ભાવને ( गतम् ) પ્રાપ્ત થયેલી છે; ‘इतः सदा अपि एकताम् दधत्’ ( इतः ) તે જ વસ્તુને દ્રવ્યરૂપે જોતાં ( सदा अपि एकताम् दधत् ) સદાય એક છે એવી પ્રતીતિને ઉપજાવે છે. વળી કેવી છે ? ‘इतः क्षणविभङ्‌गुरं’ ( इतः ) સમય સમય પ્રતિ અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે એવી દૃષ્ટિથી જોતાં ( क्षणविभङ्‌गुरं ) વિનશે છે, ઊપજે છે; ‘इतः सदा एव उदयात् ध्रुवम्’ ( इतः ) સર્વ કાળ એકરૂપ છે એવી દૃષ્ટિથી જોતાં, ( सदा एव उदयात् ) સર્વ કાળ અવિનશ્વર છે એમ વિચારતાં, ( ध्रुवम् ) શાશ્વત છે. ‘इतः परमविस्तृतं’ ( इतः ) વસ્તુને પ્રમાણદૃષ્ટિથી જોતાં ( परमविस्तृतं ) પ્રદેશોથી લોકપ્રમાણ છે, જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ છે; ‘इतः निजैः प्रदेशैः धृतम्’ ( इतः ) નિજ પ્રમાણની દૃષ્ટિથી જોતાં ( निजैः प्रदेशैः ) પોતાના પ્રદેશમાત્ર ( धृतम् ) પ્રમાણ છે. ૧૦-૨૭૩.

---

પોષ વદ ૬, બુધવાર તા.૧૨.૦૧.૧૯૬૬
કળશ - ૨૭૩ પ્રવચન - ૨૯૩

‘સાધ્ય-સાધક અધિકાર’ ‘કળશ-ટીકા’ દસમો શ્લોક છે, (સળંગ) ૨૭૩.

**( વસન્તતિલકા )**

इतो गतमनेकतां दधदितः सदाप्येकता-
भितः क्षणविभङ्‌गुरं ध्रुवमितः सदैवोदयात्।
इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-
रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।।१०-२७३।।

ઇ ચોથું પદ છે એનો પહેલો અર્થ છે. ચોથા પદનો પહેલો અર્થ છે. **‘अहो आत्मनः तत् इदम् सहजम् वैभवम् अद्‌भुतं’** કહે છે કે, સમ્યક્ ભાન થઈને આ વાત છે. સમજાણું કાંઈ? આ ‘સાધ્ય-સાધક અધિકાર’ છે ને? આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ દૃષ્ટિમાં આવ્યો છે, જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવું ભાન થયું છે છતાં એ કાળે આ પ્રકારના વૈભવ એટલે દ્રવ્યનું સામર્થ્ય છે એમ જ્ઞાની જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? આ જ્ઞાન થયા પછીની વાત છે,

અજ્ઞાનીની આ વાત નથી. સાધ્ય-સાધક (અધિકાર) છે ને? આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ (સ્વરૂપ છે) એની અંતર દૃષ્ટિ થઈને જે સાધકપણે દશા થઈ છે એ સાધક જીવને સાધકપણાના કાળમાં દ્રવ્ય અને પર્યાય કેવી જણાય છે એની આ વ્યાખ્યા ને સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કહે છે, **'અહો'** સંબોધન વચન એમણે લખ્યું છે. 'અહો' મહા આશ્ચર્યકારી વસ્તુ છે. વસ્તુ જ આશ્ચર્યકારી છે. દૃષ્ટિમાં ચૈતન્ય સ્વરૂપ દ્રવ્યે આનંદ ને જ્ઞાનનું ભાન થયું છે અને પર્યાયમાં પણ નિર્મળ અનેક અવસ્થાઓ દેખાય છે. વસ્તુ તરીકે દૃષ્ટિમાં ત્રિકાળ આનંદ અને ધ્રુવ જણાય છે અને પર્યાય તરીકે અશુદ્ધતાના અનેક અંશો પર્યાયમાં જણાય છે. આવું વસ્તુનું સ્વરૂપ સાધક જીવને ભાસ્યું એની અહીંયાં આશ્ચર્યતા પોતે વર્ણવે છે. સમજાણું કાંઈ?

ઇ આશ્ચર્યકારી **'आत्मनः'** **'જીવવસ્તુની...'** ભગવાનઆત્મા જીવવસ્તુ પદાર્થ આત્મા **'तत् इदम् सहजम्'** ભાષા તો એ છે. 'તે આ સહજ' એમ શબ્દ છે. તે આત્મા સહજ, આ તે સહજ છે. એટલે શું કહ્યું? **'અનેકાન્તસ્વરૂપ...'** એમ. કારણ કે દ્રવ્ય અને પર્યાય, ગુણ અભેદ અને ભેદ આદિ એનો સ્વભાવ અનેકાન્ત છે તેથી અર્થ એવો કર્યો કે, **'तत् इदम् सहजम्'** આ-આ સહજ નામ અનેકાન્ત સ્વરૂપે આત્મા છે. સમજાણું કાંઈ?

**'तत् इदम् सहजम्'** એટલે કે **'અનેકાન્તસ્વરૂપ...'** આ. એમ. આ આત્મા અનેક અંત એટલે અનંત ધર્મવાળી ચીજ છે. કેવી રીતે? **'એવી આત્માના ગુણસ્વરૂપ લક્ષ્મી...'** **'वैभवम्'** એટલે એનું સામર્થ્ય. ભગવાનઆત્મા એક સમયમાં અંતર શુદ્ધ ચૈતન્ય પણ ભાસે છે, પર્યાયમાં ધ્રુવ સ્વભાવે ભાસે છે, પર્યાયે શુદ્ધતાના અંશો પણ ભાસે છે. સમજાણું કાંઈ? એવો એનો વૈભવ એટલે સામર્થ્ય છે. દ્રવ્યરૂપ શુદ્ધ સામર્થ્ય છે, પર્યાયરૂપ અંશે નિર્મળ પણ સામર્થ્ય એનું એ છે. 'શાન્તિભાઈ'! આ ઘરના વૈભવ જાણ્યા એની વાત છે. પારકા ઘર અનંતવાર જોયા એમાં આત્મા કાંઈ છે નહિ.

અહીં તો આત્મા ચિદાનંદમૂર્તિ ધ્રુવ અખંડ આનંદકંદ (છે) એવી અંતરમાં દૃષ્ટિ થઈ, જીવે જીવને જોયો. પોતે પોતાને નિરખ્યો, પોતે પોતાને જોયો, ભગવાનને ભગવાનના ભેટા થયા. સમજાણું કાંઈ? આત્મા તે સમ્યક્ સાધક દશામાં કેવો ભાસે છે? કેવા સામર્થ્યવાળો ભાસે છે? અથવા કેવો તેનો વૈભવ છે? લ્યો! આ એનો વૈભવ. પોતાના અનેક ગુણ આદિથી લક્ષ્મીવાળો છે. ગુણ આદિમાં પર્યાય (આદિ) બધું લઈ લેવું. એના અનેક ગુણ આદિ લક્ષ્મી અને પર્યાય આદિથી તે આત્મા શોભિત છે.

**'अद्‌भुतं'** **'અચંબો ઉપજાવે છે.'** ચીજ જ કોઈ આશ્ચર્ય ઉપજાવે છે, કહે છે. એ વસ્તુ જ અચંબાવાળી ચીજ છે. ભગવાન ધ્રુવપણે પણ એનો એ શુદ્ધ અખંડ અને અવસ્થામાં શુદ્ધની પર્યાય નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદની એક સમયની અવસ્થા અને ધ્રુવ એવી

એ અચંબાવાળી ચીજ જ વસ્તુ એવી છે. **'अद्‌भुतं'**ની વ્યાખ્યા **'અચંબો ઉપજાવે છે.'** એટલે વિસ્મય ઉપજાવે છે, એમ. કાયમ ટકતું શુદ્ધ અને અવસ્થાએ પલટતું પણ શુદ્ધ. સમજાણું કાંઈ? ત્રિકાળ આનંદ પણ ધ્રુવ અને વર્તમાન અંશની અવસ્થામાં પણ આનંદનું અધ્રુવ એટલે ક્ષણિકપણું, અંશપણું. અંશી ધ્રુવ પણ શુદ્ધ અને અંશ પણ શુદ્ધ. સમજાણું આમાં? એ આત્માનો વૈભવ નામ સામર્થ્ય છે.

**'શા કારણથી** (વસ્તુ) **એવી છે?'** **'इतः अनेकतां गतम्'** આ તરફથી જોઈએ એટલે પર્યાયથી જોઈએ – વર્તમાન અવસ્થાની નિર્મળતાના અંશોથી જોઈએ. સમજાય છે કાંઈ? નિર્મળતાના અંશથી (અર્થાત્) શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ એવા નિર્મળતાના અંશથી જોઈએ તો અનેક દેખાય છે. પર્યાયો શુદ્ધ અનેક દેખાય છે. સમજાણું કાંઈ? વસ્તુ એક છે, પર્યાય શુદ્ધ અનેક છે. એવી વસ્તુની સ્થિતિ છે. પોતાની સ્થિતિ સાધકપણે આવી ભાસી છે એમ અહીંયાં પોતાનું સાધકપણું સાબિત થાય છે. સમજાણું કાંઈ?

**'પર્યાયરૂપ દૃષ્ટિથી જોતાં અનેક છે એવા ભાવને પ્રાપ્ત થયેલી છે;...'** નિર્મળપણાની અવસ્થાથી પણ વસ્તુ પ્રાપ્ત છે. વસ્તુ તરીકે ભલે ધ્રુવ શુદ્ધ છે પણ પર્યાયપણે તેની શુદ્ધતાની પ્રાપ્તિ, પર્યાયમાં અનેકતાની પ્રાપ્તિ પણ છે. સમજાણું આમાં? દ્રવ્યપણે એકની પ્રાપ્તિ છે, પર્યાયપણે અનેક શુદ્ધ દશાની પણ પ્રાપ્તિ છે. આવી જ વસ્તુ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં સાધક જીવને ભાસ્યમાન થાય છે. એવો એ વસ્તુનો અદ્‌ભુત સ્વભાવ છે.

**'इतः सदा अपि एकताम् दधत्'** વળી બીજી બાજુ અંતર જોઈએ **'તે જ વસ્તુને દ્રવ્યરૂપે જોતાં...'** **'सदा अपि एकताम् दधत्'** **'સદાય એક છે એવી પ્રતીતિને ઉપજાવે છે.'** જોયું ત્યાં ઇ શબ્દ લીધો છે. સમજાણું કાંઈ? પેલામાં એમ લીધું ને અનેક ભાવને પ્રાપ્ત થાય છે, ભાઈ! એમ જાણે છે. અને આમ જ્યાં જોવે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... **'इतः सदा अपि एकताम् दधत्'** એક ધ્રુવ ધ્રુવ શુદ્ધ ધ્રુવ (દેખાય છે). **'તે જ વસ્તુને દ્રવ્યરૂપે જોતાં સદાય એક છે એવી પ્રતીતિને ઉપજાવે છે.'** ત્યાં 'પ્રતીતિ' શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? .... વસ્તુ આ બધું આ દેશ ને પાદર ને આ બધું.

અહીં તો આત્મા ભગવાનઆત્મા પોતે આ છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એની પર્યાયની અવસ્થાથી જોવો. અહીં શરીર, કર્મની વાત અત્યારે નથી, મલિનતાની પણ અત્યારે વાત નથી. મલિનતા(ની વાત) પછીના શ્લોકમાં આવશે. સમજાણું કાંઈ? અહીં તો એકરૂપે ભગવાનઆત્મા વસ્તુથી જુઓ (તો) શુદ્ધ ધ્રુવ એ પ્રતીતિનો વિષય (છે), પ્રતીતિ શુદ્ધની કરાવે, ધ્રુવની કરાવે છે. સદા એકરૂપ ધ્રુવ છું, એકરૂપ ધ્રુવ શુદ્ધ છું, એકરૂપ જ્ઞાયક છું. સમજાણું કાંઈ? એ... 'કાન્તિભાઈ'! 'વિરજીભાઈ'ને કહ્યું, જ્ઞાયક, જ્ઞાયક એમ બોલ્યા. ભાષા એમ બોલ્યા. બસ! એમ બોલ્યા હતા. જ્ઞાયક, બસ! થઈ રહ્યું, છૂટી ગયું. એમ. આ વસ્તુ છે. સમજાણું કાંઈ?

એકરૂપ જ્ઞાયક જોતા સદા એકરૂપ છે ધ્રુવ એમ પ્રતીતિ કરાવે છે. અને પર્યાયમાં અનેક શુદ્ધતાના અંશો છે તેમ જ્ઞાન પણ કરાવે છે. સમજાણું કાંઈ? **'પ્રતીતિને ઉપજાવે છે. વળી કેવી છે ?'** ઇ પહેલા બે બોલ કહ્યા. ધર્મી જીવને ધર્મની દશા પ્રગટ થતાં, ધર્મી જીવને ધર્મી એવો ભગવાનઆત્મા અનંત અનંત શાંત રસનો કંદ જેના સ્વભાવમાં અનંત શાંતિ ને આનંદ છે એવો દષ્ટિમાં આવતા એને પર્યાયમાં અનેકપણાની શુદ્ધતા ભાસે. વસ્તુ તરીકે એક શુદ્ધપણે પ્રતીતમાં આવે. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્જ્ઞાન, આનું નામ જીવની સાધક દશા, આનું નામ મોક્ષનો માર્ગ. ભારે ભાઈ! મોક્ષનો માર્ગ આ. સમજાણું કાંઈ? શરીર, વાણી, કર્મનું અહીં કાંઈ કામ નથી. આ તો એક વસ્તુ પોતે કેવી, પોતાના સત્તામાં, અસ્તિત્વમાં ભાસી છે એ કેવી ભાસે છે એની વાત છે. સમજાણું કાંઈ?

**'વળી કેવી છે?' 'इतः क्षणविभङ्गुरं, क्षणविभङ्गुरं' 'સમય સમય પ્રતિ અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે...'** સમજાણું કાંઈ? પેલી અનેક હતી. શુદ્ધતાના અંશો વર્તમાન અનેક હતા અને ધ્રુવ સદા એક હતું એમ વાત લીધી હતી. આ પ્રકારમાં સમય સમય પ્રત્યે અખંડ ધારાપ્રવાહ (પરિણમે છે). જેના અનંતા ગુણો સમય સમય એક ધારાપ્રવાહપણે પરિણમે છે. સમજાણું કાંઈ? પરિણામી પદાર્થ ભગવાનઆત્મા એક એક સમય એટલે સેકન્ડના અસંખ્ય ભાગમાં... અહીં જુઓ! **'સમય સમય પ્રતિ અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે એવી દષ્ટિથી જોતાં...'** સમય સમયની દષ્ટિ શી રીતે દેખવી? સમજાણું કાંઈ?

એ જ્ઞાનમાં એમ ભાસે કે, આ વસ્તુ અખંડ જ્ઞાનનો પિંડ પ્રભુ ચૈતન્ય છે એની એક એક સમયમાં એની પર્યાય સમય સમયમાં થાય છે. ભલે એનો ઉપયોગ અસંખ્ય સમયે લાગુ પડે પણ એના જ્ઞાનમાં એમ (ભાસે છે) કે, આ સમયે સમયે એની પર્યાય એક ધારા અખંડ વહે છે તે હું આત્મા છું. સમજાણું કાંઈ? હું કર્મ કે શરીર કે એ મારામાં છે જ નહિ. મારામાં છે તો આ છે અને એ હું છું.

સમય સમય પ્રત્યે અખંડ ધારા. જુઓ! ભાષા શું વાપરી છે? જે પર્યાય વહે છે, અવસ્થા બદલે છે એમાં ખંડ નથી, વિસામો નથી. એ તત્ત્વ પોતે ટકીને ધારાવાહીપણે પરિણમી રહ્યું છે એટલે ઇ કાંઈ મારામાં નથી, મારામાં આ છે એટલી વાત એને લક્ષમાં ને જ્ઞાનમાં લેવા લાયક છે. એટલે પરના જ્ઞાનની અહીં વાત નથી પાછી એમ. પરનું કરવાનું, સુધારવાનું નહિ પણ પરના જ્ઞાનની અહીં વાત નથી. અહીં તો આત્મા ભગવાન એક સમયની અંદર એની પર્યાય નામ વસ્તુ છે એમાં બદલવું થાય છે, પલટવું થાય છે. જ્ઞાનાનંદ અનંત ગુણનો પિંડ પ્રભુ સમય સમયમાં, કોઈ એક સમયમાં વિરહ પડ્યા વિના અખંડ ધારાએ પરિણતિ વહે છે. એને કોઈ અટકાવી શકે નહિ, એને કોઈ ફેરવી શકે નહિ, એને કોઈ તોડી શકે નહિ, એને કોઈ વધારી શકે નહિ, પોતે પણ ન ફેરવી શકે. વસ્તુ એવી છે એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુ એકરૂપ અખંડ ધ્રુવ અવિનાશી (છે એમ) ત્યાં કહેશે. આ નાશવાન છે ને? એટલે. નાશવાન પણ સમય સમયની ધારાવાહી (પ્રવાહ છે). જુઓ! **'ધારાપ્રવાહરૂપ પરિણમે છે એવી દૃષ્ટિથી જોતાં...'** **'क्षणविभङ्गुरं'** છે. એમ. ભગવાનઆત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ એની એક સમયની પર્યાયમાં જે પરિણતિ – પર્યાય થઈ એ બીજે સમયે બીજી (થાય), એમ અખંડ ધારાવાહી **'क्षणविभङ्गुरं'** એક સમયે થાય બીજે (સમયે) નાશ થાય, એક સમયે થાય બીજે (સમયે) નાશ થાય. એ પણ બીજે (સમયે) નાશ થાય ને બીજી ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? સમય સમય પ્રતી પાછી ભાષા એમ લીધી છે ને? અખંડ ધારાપ્રવાહ. વસ્તુ મારી, મારા પર્યાયથી અખંડ ધારાએ પરિણમે છે એમ જ્ઞાની પોતાની પર્યાયને એકરૂપે ધારાવાહી પરિણમે એમ જાણે છે, વ્યવસ્થિત પરિણમે છે એમ જાણે છે. લ્યો! સમજાણું આમાં?

**'એવી દૃષ્ટિથી જોતાં વિનશે છે, ઊપજે છે;...'** **'क्षणविभङ्गुरं'** એનો અર્થ કર્યો **'વિનશે છે, ઊપજે છે;...'** એક સમયમાં અવસ્થા થાય બીજે સમયે તેની અવસ્થાનો નાશ થાય. છતાં તે બીજે સમયે નવી થાય. એમ ધારાવાહી ચાલે છે. આત્મામાં અનંતા ગુણોનું વર્તમાન પર્યાય–અવસ્થારૂપે થવું (એમ) અખંડ ધારા ચાલે છે. એને હું આમ કરું ને આમ પરિણમાવું એવું છે નહિ, એમ કહે છે. એ વસ્તુ જ અખંડ ધારાપણે પરિણમતી પરિણમે છે એને હું આમ પરિણમાવું એમ પણ એમાં નથી. શું કીધું સમજાણું કાંઈ?

પોતાની વસ્તુને, હોં! અહીં પોતાની વાત ચાલે છે. અત્યારે આમાં પરની અહીં વાત છે જ નહિ. પોતાની વસ્તુને પણ જ્ઞાની એમ જાણે છે કે, સમય સમય પ્રત્યે એકરૂપે અખંડ ધારાવાહી જે પર્યાય પરિણમે છે તે અપેક્ષાએ તેને ઉત્પત્તિ અને વિનાશ અથવા વિનાશ અને ઉત્પત્તિ, ક્ષણભંગુર છે ને એટલે વિનાશથી શબ્દ લીધો છે, વિનાશ અને ઉત્પત્તિ એમ ધારાવાહી પર્યાય ચાલી જાય છે. એને મારે ઊપજાવવી છે એવો વિકલ્પ નથી તેમ ઉપજેલીને નાશ કરું એવો પણ વિકલ્પ જ્ઞાનીને નથી. આહાહા..! સમજાણું કાંઈ? બીજાને ઉપજાવવું ને વિણસાવવું ને બોલું એ તો વસ્તુમાં છે જ નહિ. ભારે વાતું, ભાઈ!

ભગવાનઆત્મા એક સ્વરૂપે વસ્તુ શુદ્ધ અવિનાશી હોવા છતાં, અવિનાશી પછી કહેશે, એની વિનાશીક અવસ્થા પણ એક ધારાએ ચાલે, નાશ થનારી ને ઉત્પન્ન થનારી એક ધારાએ ચાલે. એને ઉપજાવવું અને વિનાશવું એવું પણ જ્ઞાનીના જ્ઞાનમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ આમાં? કેમ? પહેલા તો કહ્યું હતું કે, એ તો વસ્તુનો જ સ્વભાવ એવો છે, એ વસ્તુનો સ્વભાવ જ એવો છે. એમાં કરવું છે કે આ પરિણમવું આમ તો પર્યાય ધારાવાહી ચાલે એવો કાંઈ વિકલ્પ પણ નથી ને એવું કાંઈ વસ્તુમાં (પણ) છે નહિ. સમજાણું કાંઈ?

જુઓ! આ સમ્યગ્દૃષ્ટિ જીવ અથવા જ્ઞાની જીવ પોતાના સાધક સ્વભાવમાં સાધેલો આત્મા... સમજાણું કાંઈ? સાધકભાવે સાધેલો–સિદ્ધ કરેલો આત્મા સમ્યગ્દર્શન ને જ્ઞાનથી આ આત્મા શુદ્ધ ચિદાનંદ અખંડ જ્ઞાયક છું એને સિદ્ધ કરેલો આત્મા, એની પર્યાય ધારાવાહી

ચાલે છે ક્ષણ વિનાશ... ક્ષણ વિનાશ... ક્ષણ વિનાશ... ક્ષણ વિનાશ..., ક્ષણ વિનાશે... ઉત્પત્તિ વિનાશ... ઉત્પત્તિ વિનાશ... ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? 'જમુભાઈ'! તો કોનું કરવું હવે આમાં? પરિણતિ થાય છે એને કરું એમ રહેતું નથી, એમ. પરિણતિ થાય છે એને કરું એમ રહેતું નથી. કર્તાપણે પરિણતિ થયા કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

એ કર્તાપણે પરિણતિ એક ધારાવાહી ચાલે છે એને હું ધારાવાહી કરું એવું કરવાનો વિકલ્પ જ જ્યાં નથી. ચાલે છે ધારાવાહી એને પછી કરવું શું? આહા..! સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે. પોતે એકરૂપ ત્રિકાળ વસ્તુ છે એમ જ્યાં દૃષ્ટિમાં આવી તો એ દૃષ્ટિ આદિ જે પર્યાય છે તે સમયે સમયે પલટતી છે. સમજાય છે કાંઈ? એ સમયે સમયે પરિણમવું અખંડ ધારાએ એ તો એનો પર્યાય સ્વભાવ છે. એ જ એની અદ્ભુતતા છે એમ કહે છે. અદ્ભુતતા એનો એ સ્વભાવની લક્ષ્મીની સ્થિતિ જ આવી છે, એ લક્ષ્મી છે એની. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આ વસ્તુ શુદ્ધ ચૈતન્ય છે એમ સાધકના જ્ઞાનમાં આવ્યું તો કહે છે કે, એ પરિણતિ અખંડ ધારા વહે છે એમ એ જાણે છે, બસ! સમજાણું કાંઈ? આહા..!

**'इतः सदा एव उदयात् ध्रुवम्' 'इतः सदा एव उदयात् ध्रुवम्' 'इतः'** નામ **'સર્વ કાળ...'** ઇ તો ખુલાસો પહેલેથી કરે છે. પેલો સદાની વ્યાખ્યાનો. **'इतः'** એટલે પહેલા **'इतः'**નું ઇ કરતાં આ **'इतः'**નું જુદું છે એમ બતાવવા. **'इतः'** તો બેય ઠેકાણે છે, પણ પેલું **'इतः'** જુદું હતું ને આ **'इतः'** જુદું છે. એથી જરીક શબ્દને પહેલેથી જ વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? **'इतः'** એટલે કે બીજી અપેક્ષાથી એમાં જોઈએ તો **'સર્વ કાળ એકરૂપ છે...'** વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ..., ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પેલી વિનાશીક છે તો આ અવિનાશીક એમ કહેવું છે. પેલું અનેક હતું તો પેલું એક છે એમ કીધું હતું. શુદ્ધતાની પર્યાયો અનેક છે ત્યારે શુદ્ધરૂપે એ ધ્રુવ એક છે. આ વિનાશીક છે, પર્યાયે અખંડ ધારાએ વિનાશીક છે આમ ને આમ, ત્યારે પેલો અવિનાશી ધ્રુવ છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો છેલ્લા શ્લોકો એકલા સાધકના સાધ્યપણે પ્રગટ થવાની દશા કેવી હોય એનું વર્ણન છે. દાખલા દલિલ આમાં ન આવે (એટલે) ઝીણું પડે. દાખલો પોતે દાખલો. બીજો દાખલો શું છે? તું આ છો ને પર્યાયે પરિણમે છે એ તારો દાખલો. સમજાણું કાંઈ?

**'સર્વ કાળ એકરૂપ છે એવી દૃષ્ટિથી જોતાં,...'** જોતા, અહીં તો જોતા, જાણવાથી, પ્રતીત કરવાથી એમ છે ને બધું? ભગવાનઆત્મા એકરૂપે અવિનાશી જોતાં સર્વ કાળ એકરૂપ (છે). પેલું અનેકરૂપ હતું ને? વિનાશીક, વિનાશીકની અપેક્ષાએ અનેક, હોં! પેલી પર્યાયની ધારામાં અનેક હતું. આ તો આમ ધારાવાહી પરિણતિની અપેક્ષાએ વિનાશીક હતું. આમ ભગવાનને અંદરથી જોઈએ તો **'એવી દૃષ્ટિથી જોતાં,...' 'सदा एव उदयात्'** જેમ પેલો ક્ષણભંગુર છે ત્યારે (આ) **'सदा एव उदयात्'** એવો ને એવો છે એમ કહે છે. સદાય ઉદયમાન છે.

એને વળી આથમવું કે ઉગવું નથી. આથમવું એટલે વિનશવું, ઉગવું એટલે ઉપજવું. પર્યાયમાં– અવસ્થામાં નવી જ્ઞાન સમ્યક્ અવસ્થા ઊપજે, બીજે સમયે તેનો નાશ થાય. એમ સમ્યક્ શ્રદ્ધાનો પર્યાય ઊપજે, બીજે સમયે નાશ થાય. સમ્યક્ આનંદનો પર્યાય ઊપજે, બીજે સમયે નાશ થાય. એ પર્યાય ધારાવાહી ચાલે એ વિનાશીક છે તો આ સદા '**उदयात्**' છે. સદા ઉદયરૂપ છે, સૂર્ય જેમ ઉદયરૂપ એક રહે તેમ.

'**સર્વ કાળ અવિનશ્વર છે...**' '**उदयात्**'નો અર્થ એ કર્યો. '**सदा**' એટલે સર્વ કાળ, '**उदयात्**' એટલે ઉદયરૂપે એટલે પ્રગટરૂપ છે એમ ને એમ. અવિનશ્વર '**सदा एव उदयात्**' '**સર્વ કાળ...**' '**एव**' નિશ્ચયથી '**उदयात्**' અવિનશ્વર. સમ્યગ્જ્ઞાનમાં વસ્તુ તરીકે જોતા સદા ઉદયરૂપ છે, સદા પ્રગટરૂપ છે, સદા એકરૂપ છે, સદા અવિનાશી છે. પર્યાયરૂપથી વિનાશી પરિણમે છે. એવો જ વસ્તુનો સ્વતઃ સ્વયં સ્વભાવ છે. એમ સમ્યગ્જ્ઞાની પોતાના આત્માને આ રીતે જોવે ને જાણે ને પ્રતીત કરે છે. સમજાણું કાંઈ?

આમાં કરવાનું શું આવ્યું? એ માણસને ... એક જણો કહે, આ વાતું બધી કરે પણ કરવું શું અમારે આમાં? આ કરવાનું નથી? ગુણોની દશાને રાગ ને પરમાં એકતા છે તેને સ્વભાવ તરફ વાળવી એ કરવાનું કાર્ય નથી? સમજાણું કાંઈ? કરવું એટલે શું? બીજું કરવું (એટલે) કાંઈ આમ ઉથલ-પાથલ કરવું છે કાંઈ? વસ્તુ જે અવિનાશી ત્રિકાળ છે તેની પ્રતીત કરીને પર્યાયમાં અનેકપણાનું વિનાશીક ઉત્પાદ, ઉત્પાદ વિનાશ, ઉત્પાદ-વિનાશ થાય એવું કાર્ય થાય એને જાણવું એનું નામ કાર્ય છે. એનું નામ જાણવું એનું કાર્ય છે. સમજાણું કાંઈ? એમ શ્રદ્ધવું એનું કાર્ય છે, એમ સ્વરૂપમાં ઠરવું એનું કાર્ય છે. એ કાર્યની તો સૂઝ પડતી નથી. બહારની ધમાલ કરતો હોય ને આ કરતો હોય ને આ કરતો હોય તો કાંઈક કર્યું કહેવાય. પાંપણે ફેરવી શકતો નથી, ખબર નથી? સમજાણું આ? દુઃખાવો ઉપડ્યો છે. જાઓ, ઉપડો! થયું કાંઈ? આમાં કાંઈ બહુ ઢીલું પડી ગયું, ઢીલું પડી ગયું, શરીરમાં ફીકું પડી ગયું છે. તું કરી દે ને હવે કાંઈ. આ બધા ડૉક્ટર ડંફાસ ખાય છે તે. એ..ઇ..!

હતો ને 'સીકન્દર'? મોટા મોટા હકીમો. ગામમાં મોટા મોટા હતા ને? બદશાહ હતો તે. આ કોઈ મારો રોગ મટાડી શક્યા નહિ. હું વરખાસન તો બહુ આપતો હતો. વરખાસન તો બહુ આપતો હતો, આ ટાણે તો કાંઈ ન કર્યું. જનાજો એને ખંભે ઉપડાવજો. લાખોના વરખાસન મેં આપ્યા. હું 'દિલ્હી'નો બાદશાહ અને આ મરવા ટાણે આ...આ એલા તમે શું કર્યું મને? તમે લાખોના વરખાસન પચાસ પચાસ વર્ષથી ખાવ છો. ઉપડાવજો હવે એને. 'મારો જનાજો એ જ હકીમોને ખંભે ઉપડાવજો.' લોકો યાદ કરે કે, ભાઈ! કોઈથી કાંઈ થાતું નથી. મોટા બાદશાહ પણ એમ ચાલ્યા જાય છે. નાશવાન વસ્તુ છે એનો નાશ થાય જ તે. શું તારાથી રોકાય એવું છે? સમજાણું કાંઈ?

અહીં તો તારી પર્યાય ધારાવાહી થાય એને રોકી શકાય નહિ એની વાત ચાલે છે

અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? એ શરણભુત તો આત્મા છે. જ્યાં શરણ છે ત્યાં નજર નાખતો નથી અને જ્યાં શરણ નથી ત્યાં નજર નાખીને ચોંટ્યો નિધાન ભાળીને ધૂળમાં ને શરીરમાં ને વાણીમાં ને બાયડી ને છોકરા આ ધૂળ-ધમાહા.. તારામાં એક સમયમાં પણ નથી. એક સમયમાં પણ એ ચીજ નથી. દેશ મારા, ધૂળેય તારી નથી. સાંભળને હવે. દેશ મારા, કુટુંબ મારા, આ મારા, આ મારા... હોળી (સળગે છે), કાંઈ નથી તારું. તારું તો આ દ્રવ્ય ને પર્યાય બે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, હું મને મારામાં જોતા ક્ષણે, ક્ષણે અવસ્થાનું ઉપજવું ને વિણસવું એવો જ પર્યાયનો પરિણામી દ્રવ્યનો ધારાવાહી સ્વભાવ છે એને હું જાણું. અને અંતર વસ્તુ **'उदयात्'** એવી ને એવી ઉદયરૂપ વસ્તુ ધ્રુવ પડી (છે), અવિનાશી છે. એમ પણ હું જાણું. સમજાણું કાંઈ? કહો, 'ભિખાભાઈ'! કોનું કરવું આ? આહાહા..!

સવારે સાડા છએ બહાર નીકળ્યા ને ત્યાં કહે, 'લાલબહાદુર' ગુજરી ગયા. 'લાલબહાદુર' ક્યા વળી ગુજરી ગયા? કીધું, આવો મોટો એકદમ કાંઈ રોગ નહોતો ને... 'લાલબહાદુર' વળી બીજો કોઈ હશે, એમ પહેલાં થઈ ગયું. કોઈ કીધું ને? બારણામાં નીકળતા. આ શાસ્ત્રી. એ તો બધાય દેહની સ્થિતિ પૂરી થાય (એટલે) ચાલ્યા જાય. બાપા! એ ક્યાં દેહ એનો હતો? દેહ ને દેશ આત્માના નથી. દેહ ને દેશ બેય? આહાહા..! તારા હોય એ તારાથી જુદા હોય? બાપુ!

તારા તો દ્રવ્ય ને પર્યાય બેય. સમજાણું કાંઈ? એ પલટતી પર્યાય તારી અને ટકતું તત્ત્વ તે તું. બેય તું તારામાં છો. એ સિવાય તારું બીજું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? **'सदा एव उदयात्'** સદા સર્વકાળ. **'उदयात्'** એવો ને એવો છે એમ કહે છે. **'उदयात्'** ક્ષણભંગુર હતો ને? એની સામે **'उदयात्'** કહ્યું છે. **'એમ વિચારતાં,...'** **'ध्रुवम्'** **'सदा एव उदयात् ध्रुवम्'** એમ. એવો ને એવો શાશ્વત ધ્રુવ ભગવાન પડ્યો છે. આદિ અંત વિનાની ચીજ ધ્રુવ, અણ કરેલી, અણ નાશ પામે, અણ ઉપજતી, અણ નાશ પામતી એવી આત્મચીજ ધ્રુવ અનાદિ એવી ને એવી છે. એને નજર કરતાં તે ધ્રુવ છે **'सदा एव उदयात् ध्रुवम्'** ક્ષણે ક્ષણે અખંડ ધારાએ પરિણમતી. આમ અખંડ ધારાએ આમ પરિણમતી. આ **'सदा एव उदयात् ध्रुवम्'**. સમજાણું કાંઈ?

**'उदयात् ध्रुवम्'** શબ્દ પાછો વાપર્યો છે. સદાય ઉદયરૂપ ધ્રુવ, સદાય પ્રગટરૂપ ધ્રુવ, એમ. એ પ્રગટ છે, એનો અર્થ ઇ. સમજાણું કાંઈ? જુઓને! એણે (અર્થ) કર્યો છે એકરૂપ કર્યો છે. **'उदयात्'** નો અર્થ જ એકરૂપ કર્યો છે. એકરૂપ દેખતા એ એવો ને એવો છે ભગવાન. સત્... સત્... સત્... શાશ્વત જ્ઞાયકમૂર્તિ ધ્રુવ અવિનાશી એવો ને એવો છે. એમ જ્ઞાની પોતાના જ્ઞાનમાં એવો ને એવો દેખે છે. પર્યાયથી પરિણતિ અખંડધારાએ જાણે છે. બીજાને પરિણમાવતો જાણે છે કે પરથી પરિણમે છે, જાણે છે એમ ન આવ્યું, ભાઈ! મારી

પર્યાય અખંડ ધારાએ પરિણમે છે એ પરથી પરિણમે છે, કર્મ અટકે તો અહીં શુદ્ધ પરિણતિ પરિણમે એમ નથી. પરિણતિ શુદ્ધ ધારાપણે, અખંડપણે વિસામો લીધા વિના (પરિણમે છે). વિસામા શું હોય? જેને પરિણમવું તેને સમય બે કેમ ભેગા થાય? એ અખંડ ધારાપણે ચાલે છે. અહીં સદા એક ઉદયરૂપે ધ્રુવ છે, પ્રગટરૂપ ધ્રુવ છે. કહો, સમજાણું કાંઈ? આવી જ આત્માની ચીજ છે. આ કોઈ સંપ્રદાયની વાત નથી, આ કોઈ વાડાની વાત નથી કે, અમારે જૈનનો આવો આત્મા અને તમારો બીજો આત્મા. સમજાય છે? વસ્તુ જ આવી છે, સ્વતઃ પદાર્થ જ આવો છે.

ભગવાનઆત્મા અવિનાશી ધ્રુવ દૃષ્ટિને ધ્રુવથી જોઈએ તો અવિનાશી છે, પરિણમતી દશાએ અખંડ ધારાવાહીથી જોઈએ તો તે વિનાશીક ને ઉપજતી છે. જાણે નવી અવસ્થા ઊપજે ને વિણસે, ઉપજે ને વિણસે. આ ઉપજે ને વિણસે નહિ, એવી ને એવી (રહે). બેયરૂપે ભગવાનઆત્મા પોતે છે. સમજાણું કાંઈ? પેલા કહે કે, ભાઈ! આ આત્મા..

જુઓ! સાધક એમ જોવે છે કે, હું અવિનાશી વસ્તુ છું અને અહીં પરિણતી ધારાએ હું પરિણમતો અખંડ ધારા. હવે એમાં આ આવ્યું તો પરિણમ્યું ને આ ગયું તો આ થયું એ વાત છે ક્યાં એમાં? સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાની જીવ... વસ્તુના સાધ્ય-સાધકની વાત ચાલે છે, ભાઈ! આ તો સાધકની વાત ચાલે છે. કેવળીને શું છે? કેવળી તો પૂર્ણ થઈ ગયા. આહાહા..! સમજાણું કાંઈ? ૭૨ (કળશથી) શરૂ થયું છે. પહેલી સાધારણ વાત કરી નાખી છે. જ્ઞાન, જ્ઞેય. જ્ઞાતા પણ હું ને જ્ઞાન પણ હું. સમજાય છે? જ્ઞેય પણ હું.

'વીરજીભાઈ'ને વાત કરી હતી, ત્યાં કરી હતી. એને વહાલું હતું ને (એટલે) કરી હતી. જ્ઞાતા પણ આત્મા, જ્ઞાન પણ આત્મા અને જ્ઞેય એ પોતે છે. ત્યારે કાંઈક કહ્યું હતું, જવાબ આપ્યો હતો, નહિ? કીધું, જ્ઞાન, જ્ઞાન ને જ્ઞાતા જ્ઞેય એક વસ્તુ છે. જ્ઞાયક બસ! એવું કાંઈક બોલ્યા હતા. પહેલેથી એને વ્હાલું છે. હું જ્ઞાન મને દેખું છું. એ ઘોડાનો દાખલો પહેલેથી આપતા. ખબર છે ને? ઘોડો જાય છે. ઘોડાને દેખતો નથી, આત્મા જ્ઞાનની પર્યાયને દેખે છે. કારણ કે, એનું લક્ષ ત્યાં કરે ત્યારે એ તો જ્ઞાનની પર્યાય થઈ. લક્ષમાં હોય તો આમ ચાલી જતી હોય તોપણ લક્ષ નથી એટલે જ્ઞાન થતું નથી. એનો અર્થ થયો કે, પોતાના લક્ષનું જ જ્ઞાન એ કરે છે. પોતાના લક્ષની પર્યાયનું જ જ્ઞાન કરે છે. એ પર્યાય ધારાવાહી ચાલે તેનું જ્ઞાન કરે છે અહીં તો એમ કહેવું છે પાછું. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મી જીવ પોતાના આત્મ ભગવાનને ત્રિકાળ તરીકે અવિનાશી જુએ છે અને ધારાવાહી પર્યાય સાધકપણે એની પર્યાય અખંડધારા પરિણમે છે એમ જોવે છે. એ પર્યાયમાં કોઈને લઈને આમ પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ? કે, ભાઈ! આ કર્મ ખસવા માંડ્યું એટલે અહીં શુદ્ધતાની પરિણતિ થઈ એમ નહિ. મારા તે જ ક્ષણના શુદ્ધ પરિણતિનો એ ક્ષણ ક્ષણ ઉત્પાદ-વિનાશ, ઉત્પાદ-વિનાશ થવાનો પર્યાયધર્મ (છે) એ પણે હું પરિણમી જાઉં છું.

આહાહા..! સમજાણું કાંઈ? પરદ્રવ્યની સાથે અહીં સંબંધની વાતેય કાંઈ નથી. અહીં તો દ્રવ્ય ને પર્યાય, દ્રવ્ય ને પર્યાય, વિનાશીક ને અવિનાશી, બસ! સાધક જીવ, ધર્મી જીવ એ આત્માને શોધનારો સાધક જીવ. શોધનારનો અર્થ આત્મા લક્ષમાં ને દૃષ્ટિમાં તો આવ્યો છે, હવે અંતર એકાગ્ર થવા માંગે છે, એ એકાગ્ર થતાં થતાં આવું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ?

અજ્ઞાની શોધે છે જડને, પરને અને બહુ તો વિકારના ભાવને શોધે છે. એ છે અજ્ઞાની આત્માના સ્વભાવનો બાધક. આત્માના સ્વભાવને વિઘન કરનારો, પોતે પોતાને વિઘન કરનારો. એ શોધે છે પરદ્રવ્યને આનું આમ થયું ને આનું આમ કર્યું ને આનું આમ કર્યું ને પરનું આ કર્યું ને દેહનું આમ કર્યું ને દેશનું આમ કર્યું ને કુટુંબનું આ કર્યું ને આ દયા પાળી ને આને મારી નાખ્યો. એ શોધે છે જડને ને પરને. એનું જ્ઞાન પરને શોધવા જાય છે ત્યારે વિકારને શોધે છે. એવું અજ્ઞાન એને આત્માના સ્વભાવનો બાધક કહેવામાં આવે છે. આત્માને શાંતિની સાધક દશાનો અભાવ કરનારો છે ઇ. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

અહીંયાં આત્મા પોતાની પર્યાયની પરિણતિને ધારાવાહી થતી જોવે છે, અવિનાશી તરીકે જોવે છે. આ સાધક. સમજાણું આમાં? એમ કહ્યું ને? પોતે એમ જાણે છે, જાણે છે. આ વૈભવ પોતાનો છે એમ કહ્યું ને એને? આહાહા..! છોડીને વળાવે ત્યારે નથી મુકતા? શું કહેવાય? કરીયાવર. શું કહેવાતું હશે હિન્દીમાં? એ..ઇ..! દહેજ. એને ખબર નથી, મૂંઝાય જાય છે. એને એમ કે મહારાજ પૂછે છે એટલે કાંઈક અંદર હશે, હોં! આ તો છોડીને વળાવવાની વખતે નથી આપતા? પાંચ-પચાસ હજાર આપે ને? કપડા, બપડા ને આ વીંઝણા-ફીંઝણા ને આવા... દહેજ. પછી જુઓ આ ઢોલીયા ઉપર પાથરે. અહીં અમારી વાતની ખબર છે. ઢોલીયા ઉપર પાથરે પછી કુટુંબીને બોલાવે, જુઓ! ભાઈ! આ છોડીને વળાવવી છે ને આ આટલું આપવું છે. આ પાંચ હજારના કપડા, આટલું આ છે, આ વીંઝણા છે આ વીંઝણાને સોનાનો મોઢા આગળ પેલો છે... શું કહેવાય? હાથો. આમ છે, તેમ છે, ઢીકણું છે. તમારે તો ક્યાં હતું કાંઈ? આ તો જેને હોય એને. પણ તમારે કુટુંબમાં તો હોય ને! કુટુંબમાં હોય ને! તમારે ભાઈના છોકરા ને છોકરીઓ જાય ને! જાય નહિ, દેવું પડે ન્યાં હવે મોટા થયા હોય તો શું કરે?

કહે છે કે, એ વૈભવ એ ખોટા, મસાણના મડદા એ તો છે. એ તારા વૈભવ નથી, બીજાને શું જોવા બેસાડ્યો? જોવા લાવે છે. આ તારા વૈભવને તું જો ને! એમ કહે છે અહીં તો. એ મોક્ષના પંથે ચાલનાર પોતાની સામગ્રીને જોતો, વૈભવને જોતો મોક્ષને પંથે ચાલે છે એમ કહે છે. એ વળાવો થાય છે, હવે સિદ્ધમાં જાય છે ઇ. સમજાણું કાંઈ? દીકરી જાય છે ને સાસરે? હવે આ આત્મા જાય છે મોક્ષ. એ મોક્ષ ઘરે પોતાને જાય છે. ઘરમાં આવો આવો વૈભવ જોતો જોતો ચાલ્યો જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

આ વસ્તુની સ્થિતિ સર્વજ્ઞે જોઈ એવું એ જોવે છે, ભાઈ! એમ કહેવું છે. સર્વજ્ઞ પરમેશ્વર

જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણકાળનું જ્ઞાન છે એ સાધક જીવને એવો જોવે છે ઇ. સર્વજ્ઞ પરમેશ્વર સાધક જીવને એવો જોવે છે એટલે સાધક પણ એવો જ પોતાને જોવે છે. આહાહા..! શું કીધું સમજાણું આમાં? સર્વજ્ઞ પ્રભુ ત્રણકાળનું જેને એક સમયમાં જ્ઞાન છે પરમાત્મા અરિહંત કેવળી એ આ આત્મા સાધકને કેમ જોવે છે? કે, ઇ સાધક જેવો પોતાને જોવે છે એવો ભગવાન એને જોવે છે. અને ભગવાન જેમ એને જોવે છે એવો સાધક પોતાને જોવે છે. એટલે શું કીધું આમાં? સમજાણું કે નહિ આમાં? 'શાન્તિભાઈ'!

કેવળજ્ઞાની પ્રભુ પોતાના જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનથી પરનું આવું છે એમ જોવે છે, સાધક પોતામાં આવું છે એ ભગવાન જેવું ભાળે છે એવું જ પોતે પોતાને ભાળે છે. ભગવાન જાણે છે કે, આ શુદ્ધ દ્રવ્ય છે તો એ શુદ્ધ દ્રવ્ય જાણે છે. પર્યાયમાં સાધકપણું નિર્મળપણું છે એ પોતે જાણે અને ભગવાન પણ એને એમ જાણે છે. સમજાય છે? અને પરિણતિ પર્યાય અખંડ ધારાએ વહે છે એમ આ જાણે છે, એમ ભગવાન પણ એમ જાણે છે એને.

મુમુક્ષુ :– અમારો કરિયાવાર તો ભગવાને દેખાડ્યો.

ઉત્તર :– ઇ ભગવાન જોવે છે એવો તમે જોવો છો અંદરમાં એમ કહે છે અહીં તો. ભગવાનનું જ્ઞાન ને આ જ્ઞાન બેય એક થઈ ગયા એ અપેક્ષાએ. સમજાણું કે નહિ? આહાહા..! જ્ઞાન આમ જોવે છે એ સ્વપરની બધી દશા ત્રણકાળ, ત્રણલોકની ધારાવાહી એમ ધારાવાહી બધાની દેખે છે. આ પોતાની ધારાવાહીને દેખે છે. એણે પણ એમ દેખ્યું છે કે, એની ધારાવાહી પર્યાય અખંડધારા આમ પરિણમે છે એમ ભગવાન જોવે છે આ પણ એમ જોવે છે. સમજાણું કે નહિ?

ઇ વળી ન્યાં કાલ એમ આવ્યું હતું ને? .. એના પ્રમાણમાં દેવાયને? કે, આ નવ તત્ત્વ ભગવાને આમ જોયા છે. ત્યારે પેલા કહે, આ જોયું લાગે છે નહિંતર મહારાજ ફરી ગયા હશે? બીજું કાંઈક હશે? માણસને બિચારાને જૈનનું તત્ત્વ વીતરાગ શું કહે છે? સમજ્યા ને? કાંઈ વેશ ને બેશને જ્યાં ફરે ને એનો માનેલો વેશ જ્યાં ફરે ત્યારે જૈનનું બીજું હોય ને આ આપણે માનેલું જૈન એવું થઈ જાય એને, ભ્રમ. અરે..! ભગવાન! બાપુ! તને જૈનની ખબર નથી. જૈન કોઈ સંપ્રદાય નથી, ભાઈ! જૈન તો વસ્તુનો આત્માનો પૂર્ણાનંદ સ્વભાવ છે. એને વિકાર ને અલ્પજ્ઞતાને સ્વભાવના સાધન દ્વારા જીતે તેને જૈન કહેવામાં આવે છે. એ તો વસ્તુનો સ્વભાવ ને વસ્તુની મર્યાદા જ એવી છે. એ કોઈએ કરેલી ને કરાવેલી છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..!

**'એમ વિચારતાં, શાશ્વત છે.' 'इतः' 'વસ્તુને પ્રમાણદૃષ્ટિથી જોતાં....' 'परमविस्तृतं' 'પ્રદેશોથી લોકપ્રમાણ છે,...'** ક્ષેત્રથી વાત કરે છે. ક્ષેત્ર અને જ્ઞાન બેથી વાત કરે છે. આમ બે વાત કરે છે. આ આત્માને જુઓ તો પ્રદેશોથી લોકના–આ લોક છે ને ચૌદ બ્રહ્માંડ, એમાં આકાશના અસંખ્ય પ્રદેશ છે. અહીં રજકણ ગોઠવો મુકો તો એટલા ભાગને પ્રદેશ

કહે છે. એવા એવા અસંખ્ય પ્રદેશ આખા લોકમાં છે. એટલા અસંખ્ય પ્રદેશ સંખ્યાએ આ જીવના છે. એટલા સંખ્યાએ (છે). કહે છે **'પ્રદેશોથી લોકપ્રમાણ...'** લોકપ્રમાણ વિસ્તાર થઈને રહે એમ વાત નથી અત્યારે. સમજાણું કાંઈ? ભગવાન આ આત્માને અસંખ્ય પ્રદેશી દેખે છે એમ જ્ઞાની પોતાના લોકના પ્રદેશ અસંખ્ય પ્રદેશ છે એમ પોતાને દેખે છે. સર્વજ્ઞ સિવાય આવી વાત ક્યાં બીજે હોય?

**'પ્રદેશોથી લોકપ્રમાણ છે,...'** એક વાત લીધી. સમજાણું કાંઈ? કોણ? આ આત્મા. સાધક ધર્મી જીવ પોતાના અસંખ્ય પ્રદેશ લોકના પ્રદેશની સંખ્યા જેટલા છે એમ પોતાને જાણે ને માને છે. સમજાણું કાંઈ? લોકપ્રમાણે ભલે હું પહોળો વિસ્તારપણે ન વિસ્તર્યો હોઉં પણ એના પ્રદેશની સંખ્યા પ્રમાણે વિસ્તારવાળો હું અહીંયાં છું. આહાહા..! સમજાણું કાંઈ? એવું જ આત્મદ્રવ્યનું સ્વરૂપ છે. એક વાત ઇ (થઈ).

**'જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ છે;...'** વિસ્તારની બીજી વાત લીધી. જ્ઞાન જેટલું જ્ઞેય છે તેને બધાને જાણે છે એ અપેક્ષાએ જ્ઞાન જ્ઞેય પ્રમાણે વિસ્તાર છે એમ પણ જાણવામાં, કહેવામાં આવે છે. વિસ્તૃતના અર્થમાં બે વાત લીધી. ક્ષેત્ર અને ભાવ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આમાં આખી ચીજની વસ્તુ, વસ્તુ આવી જાય છે. વસ્તુનું જે સ્વરૂપ છે ક્ષેત્રનું, ગુણનું, દ્રવ્યનું, પર્યાયનું, અનેક ધારાવાહી એ બધું આ ચીજમાં આવી જાય છે. એમાં કાંઈ બાકી રહેતું નથી. આહાહા..! સમજાણું આમાં? એમ કહીને શું કહ્યું? કે, સાધક જીવ પોતે અસંખ્ય પ્રદેશ અહીંયાં છે એટલે પોતાનું ક્ષેત્ર નજર કરવામાં, આમ નજર કરવામાં ક્ષેત્ર અહીં જ છે. આમ નજર કરવા ક્ષેત્ર આટલામાં જ છે. આમ બહારમાં નજર કરીને એકાગ્ર થાય એવું ક્ષેત્ર એને માનતો નથી. સમજાણું કાંઈ?

આમ એમ કે, બધું આમ લાંબું આમ નજર કરે ને (તો એકાગ્ર થાય). એમ નથી, કહે છે. અસંખ્ય પ્રદેશ લોકના ક્ષેત્રના જે પ્રદેશ છે એટલી સંખ્યાએ હું અહીં છું એટલે મારું આ ક્ષેત્ર છે, મારા નજરમાં આ ક્ષેત્ર લેવા લાયક છે. મારી નજર આ ક્ષેત્રમાં એકાગ્ર થાય છે, મારી નજર કોઈ પરક્ષેત્રમાં એકાગ્ર થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ કહીને આત્માને શરીર પ્રમાણ ભિન્ન અસંખ્ય પ્રદેશી એક છે એમ વર્ણવ્યો. શરીરની બહાર બીજા કહેતા હોય આત્મા બધો થઈને વ્યાપક છે એમ વસ્તુના સ્વરૂપમાં ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ. સમજાણું કાંઈ?

**'જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ...'** એ પણ શું કહ્યું? કે, જ્ઞાન જ્ઞેય પ્રમાણ એટલે એકલો નિજ જ્ઞેય તો ઠીક પણ બીજા બધા જ્ઞેયને ભેગા લીધા, ભાઈ! એટલે કોઈ જ્ઞેય બાકી ન રહે. હું જ એકલો જ્ઞેય છું એમ નહિ. મારું જ્ઞાન જેટલા જ્ઞેયો ક્ષેત્રમાં ને કાળમાં બધા જેટલા છે (એ) બધાને જાણવામાં વ્યાપી જાય એવું મારું જ્ઞાન છે. સમજાણું કાંઈ? પહેલું આવ્યું હતું કે, હું જ્ઞાન, હું જ્ઞેય ને હું જ્ઞાતા. પણ અહીં બીજી વાત લેવી છે જરીક. જ્ઞાન છે

તો હું નો હું અહીંયાં પણ એ જ્ઞાન જ્ઞેયપ્રમાણે છે. જ્ઞેય એટલે જણાવા યોગ્ય પદાર્થ. જણાવા યોગ્ય પદાર્થ લોક ને અલોક એવા ક્ષેત્રથી અને અનંત અનંત સંખ્યાથી દ્રવ્યો ને અનંત ગુણોથી સંખ્યાએ છે એનું જ્ઞાન કરનારો અહીં રહીને કરનાર એટલે મારું જ્ઞાન જ્ઞેયપ્રમાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ પોતાનો વૈભવ બતાવ્યો.

આ એનો વૈભવ છે, સામર્થ્ય છે. વૈભવ એટલે સામર્થ્ય. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનને જોવા કોઈ દિ' નવરો ન થયો.

મુમુક્ષુ :– નામ તો હંમેશાં લે છે.

ઉત્તર :– નામ ભગવાન એટલે આ આત્મા. બીજી વસ્તુને જોવાને નવરો આખો દિ'. આ કર્યું ને આ કર્યું ને આ લેવું ને... ધૂળમાંય નથી સાંભળને એમાં. આહાહા..! એમ ને એમ અનંતા અવતાર ફૂ... થઈને ચાલ્યા ગયા. ધૂળેય એમાં આત્માને કાંઈ લાભ નથી.

આ ભગવાનઆત્મા સાધક જીવ આવો આત્મા જોવે, જાણે છે તેને શાંતિ થાય છે ને તેને સિદ્ધપદની અલ્પકાળમાં પ્રાપ્તિ થાય છે ને નિજ પદ મળે છે. પર પદ તો કોઈ મેળવી શકતું નથી. સમજાણું કાંઈ? આહા..! અર્થ પણ જુદી જુદી જાતના કેવા કર્યા છે! જોયું? જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ છું. મારું જ્ઞાન એટલું મોટું છે, છે ભલે અસંખ્ય પ્રદેશમાં અહીં, પણ એટલું મોટું (કે) જેટલા જ્ઞેય છે એ બધાને પહોંચી વળે એટલું મારું જ્ઞાન છે. એ અપેક્ષાએ સર્વવ્યાપક વ્યવહારે પણ કહેવામાં આવ્યું છે. આહાહા..! બે વાત લીધી ને પછી એમાંથી ક્ષેત્ર ને ભાવ. એમ સાધક જીવ પોતાના ગુણને આટલો મોટો વ્યાપક થાય એવો જાણે છે. અને અસંખ્ય પ્રદેશમાં રહેલો અહીં છું એવો એને જાણે છે. આહા..!

'**इतः निजैः प्रदेशैः धृतम्**' બીજો છેલ્લો બોલ હવે. '**इतः**'ની વ્યાખ્યા જ એ પોતે કહેવું હોય એ પહેલેથી કરી નાખે છે, ઇ પહેલેથી કરી નાખે છે. '**નિજ પ્રમાણની દૃષ્ટિથી જોતાં...**' એટલે પોતાનું પ્રમાણ અંતર જોવાથી. કે, આ ક્ષેત્ર અહીં છે ને જ્ઞાન પણ અહીં છે. '**નિજ પ્રમાણની દૃષ્ટિથી જોતાં...**' '**निजैः प्रदेशैः**' '**પોતાના પ્રદેશમાત્ર, પોતાના પ્રદેશમાત્ર પ્રમાણ છે.**' પેલામાં જ્ઞેય પ્રમાણે વ્યાપક કહ્યું હતું ને? એમ નથી. અહીંયાં નિજ પ્રદેશમાત્ર છે. પેલામાં સંખ્યા કીધી હતી લોકપ્રમાણ જેટલી. સમજાય છે? અહીં તો કહે છે, પોતાના પ્રદેશમાત્ર અહીંયાં છે. '**निजैः प्रदेशैः**' અસંખ્ય પ્રદેશી નિજ પ્રદેશ પોતાના. નિજ પ્રદેશમાં જ જ્ઞાન છે, નિજ પ્રદેશમાં જ આનંદ છે, નિજ પ્રદેશમાં જ ગુણ ને દ્રવ્ય ને પર્યાય છે. દ્રવ્ય એટલે અનંત ગુણના પિંડરૂપી શક્તિનું સત્ત્વ તે દ્રવ્ય, અનંત શક્તિઓ–સ્વભાવ તે ગુણ અને એની સમય ધારાવાહી નાશવાન કે અખંડ પર્યાય, અનેક આદિ એનું ક્ષેત્ર નિજ પ્રદેશ પ્રમાણે છે. સમજાણું કાંઈ? આ ભાષા કઈ જાતની! એ... 'મોહનભાઈ'! સંસાર એવો ને સાલવી નાખે. સંસાર સાલવતો હશે કે પોતે (સલવાય છે)? ઇ જ અંદર કહેતા હતા

કે, આ થઈ ગયું. કોને લઈને? તમારા મોહને લઈને. કોઈ છોડી રોકતી નથી ને ધૂળેય રોકતું નથી. ઇ કરતાં ટાંગો ઓછો થયો તો કીધું સાંભળવા તો અહીં બેસે છે. એમ કહ્યું હતું હોં! મેં અંદરમાં. આ જરી સારું નથી, આને કારણે રોકાવું પડે છે. એમ હશે? કે, મોહને કારણે? આહાહા...!

કહે છે, **'निजैः प्रदेशैः'** આમ વ્યાપક કીધો હતો ને? અહીં તો આ જોઈએ તો અસંખ્ય પ્રદેશ શુદ્ધ નિજ પ્રદેશમાં જ પોતે છે. અનંતા ગુણો, દ્રવ્ય અને પર્યાય નિજ પ્રદેશમાં જ છે. આવી રીતે સમ્યગ્દૃષ્ટિ સાધક જીવ સાધ્યને પહોંચી વળવા આવી રીતે સાધન કરે છે અને આવી રીતે જાણે તેને સાધક જીવને ધર્મી કહેવામાં આવે છે.

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**( પૃથ્વી )**

**कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।।११-२७४।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'आत्मनः स्वभावमहिमा विजयते' ( आत्मनः ) જીવદ્રવ્યનો ( स्वभावमहिमा ) સ્વભાવમહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ ( विजयते ) સર્વથી ઉત્કૃષ્ટ છે. કેવો છે મહિમા ? 'अद्भुतात् अद्भुतः' આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે. તે શું છે આશ્ચર્ય ? 'एकतः कषायकलिः स्खलति' ( एकतः ) વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં ( कषाय ) મોહ-રાગ-દ્વેષનો ( कलिः ) ઉપદ્રવ થઈને ( स्खलति ) સ્વરૂપથી ભ્રષ્ટ થઈ પરિણમે છે, એવું પ્રગટ જ છે; 'एकतः शान्तिः अस्ति' ( एकतः ) જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ( शान्तिः अस्ति ) ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી. વળી કેવું છે ? 'एकतः भवोपहतिः अस्ति' ( एकतः ) અનાદિ કર્મ-સંયોગરૂપ પરિણમેલ છે તેથી ( भव ) સંસાર-ચતુર્ગતિમાં ( उपहतिः ) અનેક વાર પરિભ્રમણ ( अस्ति ) છે; 'एकतः मुक्तिः स्पृशति' ( एकतः ) જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ( मुक्तिः स्पृशति ) જીવવસ્તુ સર્વ કાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે. વળી કેવું છે ? 'एकतः जगत्त्रितयम् स्फुरति' ( एकतः ) જીવનો સ્વભાવ સ્વ-પરજ્ઞાયક છે એમ વિચારતાં ( जगत् ) સમસ્ત જ્ઞેય-વસ્તુના ( त्रितयं ) અતીત-અનાગત-વર્તમાનકાળગોચર પર્યાય ( स्फुरति ) એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે; 'एकतः चित् चकास्ति' ( एकतः ) વસ્તુને સ્વરૂપસત્તામાત્ર**

**વિચારતાં ( चित् ) 'શુદ્ધ જ્ઞાનમાત્ર' ( चकास्ति ) એમ શોભે છે. ભાવાર્થ આમ છે કે - વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે, નિશ્ચયથી જાણતું નથી, પોતાના સ્વરૂપમાત્ર છે, કેમકે જ્ઞેય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી. ૧૧-૨૭૪.**

---

પોષ વદ ૭, ગુરુવાર તા.૧૩.૦૧.૧૯૬૬
કળશ - ૨૭૪, ૨૭૫. પ્રવચન - ૨૯૪

અગિયારમો શ્લોક.

**( પૃથ્વી )**

**कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।।११-२७४।।**

જુઓ! સાધક જીવ પોતાના આત્મામાં આવા વિવિધ પ્રકારની અદ્ભુતતા જાણે છે. **'आत्मनः स्वभावमहिमा विजयते' 'आत्मनः' 'જીવદ્રવ્ય...'** જીવવસ્તુ એની **'સ્વભાવમહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ...'** સ્વરૂપની વિશેષતા. એ જીવદ્રવ્યના સ્વરૂપની ખાસ વિશેષતા **'સર્વથી ઉત્કૃષ્ટ છે.'** બધાથી ઉત્કૃષ્ટ. આત્મદ્રવ્યની બધાથી ઉત્કૃષ્ટ મોટપ છે. બીજા બધા જડ પદાર્થ આદિથી.

મુમુક્ષુ :– જડની મહિમા ...

ઉત્તર :– જડની મહિમા જડની અપેક્ષાએ એમાં છે. એનાથી પણ આની મહિમા મોટી છે.

**'સર્વથી ઉત્કૃષ્ટ...' 'विजयते'** જુઓ! સ્વભાવમહિમા જીવદ્રવ્યની સ્વરૂપની મહિમા **'विजयते' 'સર્વથી ઉત્કૃષ્ટ...' 'विजयते' 'સર્વથી ઉત્કૃષ્ટ...'** કારણ કે, જાણનાર ચેતન જ પોતે છે. બીજા પદાર્થો કાંઈ એવા નથી. **'કેવો છે મહિમા ?' 'अद्‌भुतात् अद्‌भुतः' 'આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે.'** આશ્ચર્ય ઉપજાવે એવી એની મહિમા છે, કહે છે. **'તે શું છે આશ્ચર્ય?'** હવે ઇ કહે છે. આશ્ચર્યથી તે આશ્ચર્ય છે, એ કેવો પણ આશ્ચર્ય? ક્યા પ્રકારનો અદ્ભુતથી અદ્ભુત આશ્ચર્ય છે? અને તેની સર્વોત્કૃષ્ટતા વિજય વર્તે છે.

**'एकतः कषायकलिः स्खलति' 'એક બાજુ દેખો તો વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં...'** શક્તિ જાણે વિકારની પર્યાયમાં વિકારરૂપે પરિણમન દેખાય છે. પર્યાયમાં વિકારથી જુઓ તો વિભાવનું પરિણમન રાગ-દ્વેષ વિકારથી પરિણમેલું દેખાય છે, છે. **'વિભાવપરિણામશક્તિરૂપ**

**વિચારતાં મોહ-રાગ-દ્વેષનો...**' મોહ અને રાગ-દ્વેષ એનો '**ઉપદ્રવ થઈને...**' મલિનતા થઈને '**સ્વરૂપથી ભ્રષ્ટ થઈ પરિણમે છે,...**' મિથ્યાદષ્ટિ સર્વથા સ્વરૂપથી ભ્રષ્ટ થઈને પરિણમે છે. સાધક પોતાના સ્વરૂપમાં પર્યાયમાં જરીક રાગ-દ્વેષ આદિથી પરિણમે છે. જુઓ! એટલો ઉપદ્રવ છે. '**कलिः, कलिः**' એટલે ઉપદ્રવ. પર્યાયમાં એટલો રાગ-દ્વેષનો ઉપદ્રવ છે. સાધક છે ને? પૂર્ણ દશા નથી એટલે એ દ્રવ્યની એવી જ કોઈ અદ્ભુત અદ્ભુત વિશેષતા છે.

મુમુક્ષુ :– એને મહિમા માને છે.

ઉત્તર :– એ મહિમામાં, એ મહિમામાં છે કે નહિ? એકકોર વિકારનું પરિણમન દેખે અને એકકોર શાંત ચિદાનંદ સ્વરૂપ દેખે. એક જ વસ્તુમાં બે ભાગ. અદ્ભુત આવો વિસ્મય બીજી ચીજમાં હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**ઉપદ્રવ થઈને સ્વરૂપથી ભ્રષ્ટ થઈ પરિણમે છે,...**' એટલી વિકારી અવસ્થાપણે સમ્યગ્દષ્ટિ પણ થોડો રાગાદિથી પરિણમે છે. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિ સ્વરૂપથી સર્વથા ભ્રષ્ટ થઈને પરિણમે છે. સમ્યગ્દષ્ટિ સાધક પોતાના સ્વરૂપમાં શુદ્ધતા, શાંત, પવિત્રતા દષ્ટિમાં હોવા છતાં પર્યાયમાં જરી રાગ-દ્વેષરૂપે ભાવ થાય છે, એટલો સ્વરૂપથી પર્યાયમાં ભ્રષ્ટ છે. કહો, સમજાણું કાંઈ? કોઈ કહે કે, સ્વરૂપ ત્રિકાળ એકરૂપ છે એમાંથી કોઈ દિ' ભ્રષ્ટ હોય જ નહિ. એ તો ત્રિકાળી વસ્તુની અપેક્ષાએ વાત છે. પર્યાયમાં એવી અવસ્થા (છે). જે દ્રવ્યમાં નથી, ગુણમાં નથી છતાં એક સમયની દશામાં એ વિકાર–રાગ-દ્વેષનો ભાવ ઉત્પન્ન થાય છે. એમ જ્ઞાની જાણે છે, કે આ રાગ આદિ ઉત્પન્ન થયો એમ જાણે છે. સમજાણું કાંઈ? એકકોર એ દેખાય.

'**પરિણમે છે, એવું પ્રગટ જ છે;...**' એમ કહે છે. એ વિકારરૂપે થવું એ પ્રગટ પર્યાયનો સ્વભાવ છે. ઇ કેવો? દ્રવ્યમાં વિકાર નહિ, ગુણમાં વિકાર નહિ, દષ્ટિનો વિષય શુદ્ધ છે એમાં વિકાર નહિ અને પર્યાયમાં વિકાર. કહે છે એ કોઈ એની લીલા જ એવી જીવની છે. અજ્ઞાનીને એ વાત બેસે નહિ. '**एकतः शान्तिः अस्ति**' '**एकतः**' (એટલે) '**જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં...**' શુદ્ધ જીવ જોતા અંદર પવિત્રતા (છે). એકલું ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ જોતા '**ચેતનામાત્ર સ્વરૂપ છે,...**' એ તો ચેતનામાત્ર છે, એમાં અશુદ્ધતા છે નહિ. એકલી શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ. એક બાજુ દષ્ટિથી જુએ તો વસ્તુ (છે). એક બાજુ જુએ તો વિકારની પરિણતિ (છે). આ કેવી લીલા કહે છે. એ જીવની જ અદ્ભુતતા એ પ્રકારે સ્વભાવમાં છે. એ જાતનો સ્વભાવ છે એનો.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– બધાનો આશ્ચર્ય તે આશ્ચર્ય થયો ને એક એક, એક એક આશ્ચર્ય થયો. એક કોર શાંત, એકકોર વિકાર, એમ. એક કોર શાંત જુઓ તો વિકારની ગંધ નથી. એક કોર વિકાર જુઓ તો એમાં શુદ્ધતા નથી. એમ બેય આશ્ચર્ય થયા ને? શું કહ્યું? એક કોર

જુઓ શાંત અવિકારી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જોતા એકલો ચૈતન્યરસ શુદ્ધ છે. એ વિસ્મય. જેના એક સમયમાં પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ શુદ્ધતા, એકરૂપ શુદ્ધતા, અખંડ શુદ્ધતા. એક કોર જુઓ તો પર્યાયમાં વિકાર. વિકલ્પ રાગ આદિનો દેખાય છે, થાય છે. એ પણ વિસ્મય. અહીં શાંત અને આ વિકાર! અહીં વિકાર ને અહીં શાંત! એમ કહે છે. સમજાણું કાંઈ? એવું જ વસ્તુનું સ્વરૂપ છે. અજ્ઞાનીને એનો પત્તો નથી. જે શુદ્ધ છે એ અશુદ્ધ ક્યાંથી થયો? વળી એમ કેટલાક કહે છે ને ઘણા? અમારે એકસાથે છ દિ' પ્રશ્ન આવ્યા. એકસાથે ખુબ પ્રશ્ન ઉઠ્યા. એક ક્ષુલ્લક આવ્યા હતા. બીજા પણ એમ કહે, દ્રવ્ય-ગુણમાં શુદ્ધતા છે ને પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? કર્મને લઈને આવી. એ અહીં ના પાડે છે. સમજાણું કાંઈ? કર્મને લઈને પર્યાયમાં અંશમાં અશુદ્ધતા આવી એ વાત ખોટી છે. એ પોતાના જ પર્યાયનો ધર્મ છે તો અશુદ્ધતારૂપે પરિણમે છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

વસ્તુ ચેતના તરીકે શુદ્ધ છે. ચેતનામાત્ર લીધું ને? એટલે કે **'અશુદ્ધપણું વિદ્યમાન જ નથી.'** એટલે શાંતિમાત્ર છે, એમ. ચેતના એટલે શાંત... શાંત... અકષાય, ચેતના એટલે અકષાય, ચેતના એટલે શાંતરસ સ્વભાવ દ્રવ્ય, જેમાં બિલકુલ અંશે રાગ ને મલિનતા નથી. એક કોર પર્યાયમાં અંશમાં રાગ, દ્રવ્ય-ગુણમાં ન મળે ને પર્યાયમાં રાગ. કહો, અજ્ઞાનીને આ વાત ગળે ઉતરતી નથી. પણ વસ્તુનો જ એવો સ્વભાવ છે એમ કહે છે અહીં તો. પેલો કહે, વિકારનો જો સ્વભાવ હોય તો વિકાર સ્વભાવ (થઈ જાય). હવે સાંભળને! એ તો અત્યારે પર્યાયની અપેક્ષાએ વાત છે. દ્રવ્યનો પોતાનો જ પર્યાયમાં વિકારનું પરિણમવું ચેતના સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જઈ રાગરૂપે થાય, વિકારરૂપે થાય એવો જ એનો પર્યાયનો સ્વભાવ છે. એવું ન હોય તો આ સંસાર ક્યાં રહે? સંસાર ન હોય તો તો સિદ્ધ જ હોય અને પૂરો શુદ્ધ જ હોય. સિદ્ધ અને શુદ્ધ પૂર્ણ હોય. એવું તો છે નહિ. ત્યારે છે ખરું ને? એમ સિદ્ધ કરે છે. એ કોને લઈને છે એમ સિદ્ધ કરે છે. પોતાના આત્માની વિચિત્રતા ને અદ્ભુતતાને લઈને એ છે એમ કહે છે. આહાહા..!

પહેલામાં અદ્ભુત આવ્યું હતું, આમાં **'अद्भुतात् अद्भुतः विजयते स्वभावमहिमा आत्मनः'** છેલ્લા શબ્દનો પહેલો અર્થ કર્યો છે, છેલ્લી કડીનો. સમજાણું? શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાથી તો ચેતનામાત્ર છે, શુદ્ધ જ છે. એક કોર શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એક બાજુ અહીં પર્યાયથી દેખો તો અશુદ્ધતા (છે). બેય એકસાથે? હા, વસ્તુનો સ્વભાવ એવો છે. એમાં તર્કને અવકાશ નથી અને કર્મને અવકાશ નથી. કર્મને અવકાશ નથી (કે) કર્મ છે માટે વિકાર છે. જુઓ! અહીં તો એ વાત લીધી જ નથી.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– શું કરવા પણ? એનું કામ શું અહીં છે? પરદ્રવ્યનું અહીં કામ જ નથી એમ

સિદ્ધ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ? પછી એમાં મોટા તકરાર વાંધા ઉઠાવે છે. કર્મને લઈને વિકાર, કર્મને લઈને વિકાર. પેલાએ વળી કાલે નાખ્યું હતું, 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' એ સૂત્ર અમને બહુ મહા ઉપકારી થયું છે, એમ ભાઈએ લખ્યું છે. 'વખારીયા'એ. સમજાણું?

(અહીંયાં) કહે છે, એક બાજુ જુઓ તો શુદ્ધ ચેતન દેખાય છે. વસ્તુ, વસ્તુ. અને એક બાજુ જોઈએ તો વિચારમાં વર્તમાન વિકાર સ્વરૂપથી ભ્રષ્ટ થયેલો, સ્વરૂપથી ખસી ગયેલો એવો વિકાર પણ ભાસે છે. સાધક છે ને? સમજાણું? એકલા અજ્ઞાનીને તો એકલી અશુદ્ધતા ભાસે છે. વસ્તુ તેને દેખાતી (નથી), શુદ્ધ છે એ દેખાતી નથી. સમજાણું કાંઈ? એટલો મોહ છે ને એટલો રાગાદિનો? એમ. એકકોર સ્વરૂપની સાવધાની જોવો તો શુદ્ધ છે, આમ સાવધાની જોવો તો અશુદ્ધ છે થોડી. આ ક્યાંથી આવી? આવી ક્યાં, એ પર્યાયનો ધર્મ છે. એ વસ્તુનો જ એવો અદ્‌ભુત ધર્મ છે. એ પણ એક આશ્ચર્યકારી ધર્મ છે, એમ. સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' અહીં તો કર્મને યાદેય નથી કર્યા.

રાગ જ્ઞાનીને થાય, ધર્મીને થાય. આમ જોવે તો રાગમાં જરીક મચક ખાય છે, આમ જોવે તો શુદ્ધતા દેખાય છે. સમજાણું કાંઈ? કહો! જ્ઞાની લડાઈમાં ઉભો હોય. રાગ હોય છે એટલી વાસના અંદર દેખાય છે, પર્યાયમાં હોય છે, વસ્તુમાં નથી. એક સમયમાં બે આવું? કહો! અંતરની ખાણમાંથી વિકાર થાય નહિ અને પર્યાયમાં વિકાર થયા વિના રહે નહિ. સમજાણું આમાં? અંતર ખાણમાં વિકાર છે નહિ કે જેથી એમાંથી દોરાયને આવે શુદ્ધ શક્તિમાંથી. અને પર્યાયમાં વિકાર થયા વિના રહેતો નથી. ત્યારે આ શું છે? કહે છે આ. એવો જ કોઈ આત્માનો અદ્‌ભુતાત્ અદ્‌ભુત પર્યાય ધર્મ, દ્રવ્ય ધર્મ એવો એક સમયે (સાથે) રહે છે. સમજાણું કાંઈ? ભ્રષ્ટ થાઉં, કરું એવું નથી પણ પર્યાયમાં એવું સ્વરૂપ હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે. એક તો કર્તા કાઢી નાખ્યું પહેલા. સમજાય છે?

જ્ઞાની રાગનો કર્તા નથી, અશુદ્ધનો કર્તા નથી. હું કરું ને કરવા જેવું છે એમ ભાવ નથી પણ અશુદ્ધતા થયા વિના રહેતી નથી. પૂર્ણ વીતરાગ નથી. અને પોતાનો જ એ પર્યાયને કારણે છે. પૂર્વની પર્યાયને કારણે નહિ, કર્મને કારણે નહિ, દ્રવ્ય-ગુણને કારણે નહિ. સમજાણું કાંઈ? લ્યો! ઇ તો પર્યાયનું કારણ પર્યાય આવ્યું. વિકાર પર્યાયમાં થાય એને કારણે. પર્યાયને કારણે વિકાર થાય. કર્મને કારણે નહિ, પરદ્રવ્યને કારણે નહિ, દ્રવ્ય-ગુણમાં છે નહિ. સમજાય છે?

એટલે કહે છે, સ્ખલિત થાય છે એક બાજુ ને એક બાજુ એવો ને એવો શાંત દેખાય છે. જેમાં **'રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી.'** એમ. જેમાં વિકાર તો છે જ નહિ, એમ કહે છે. શાંત ચેતનામાત્ર ભગવાનઆત્મા જોતા વિકાર ત્રણકાળમાં એમાં નથી. અહીં જુઓ તો વિકાર પાછો પર્યાયમાં (છે). સમજાણું કાંઈ? કોને લઈને એ હશે?

મુમુક્ષુ :– પોતાની ભૂલને લઈને.

ઉત્તર :– પણ ભૂલ વિનાનો ભૂલ કરે શું કરવા? કહો! ભૂલ વિનાનું તો દ્રવ્ય છે. ગુણ ભૂલ વિનાનો છે પણ પર્યાયમાં ભૂલ ન હોય તો આ રાગ કોનો છે કહે છે. તારા અસ્તિત્વમાં જ છે, તારાથી થયેલો છે. એ પર્યાયના કારણે પર્યાયનો ધર્મ છે માટે થયો એમ સિદ્ધ કરે છે. જુઓને! કેટલો સાર (લે છે)! છેલ્લે શ્લોકમાં આખા શાસ્ત્રનો સાર કહી દેશે. સમજાણું? જુઓ ઓલી ૪૭ નયો લીધી હતી. કર્તૃત્વધર્મ, અકર્તૃત્વધર્મ. 'પ્રવચનસાર'માં. આ રીતે લઈને દ્રવ્યનું આ વસ્તુ આવી છે. નહિતર આ તો દ્રવ્યદૃષ્ટિનું 'સમયસાર' (છે). પણ પાછી એની પર્યાયમાં આ જાતની સાધક દશા છે એને આવો વિકાર પણ બાધકપણે છે. કહો, સમજાણું?

**'વળી કેવું છે?' 'एकतः भवोपहतिः अस्ति'** એક બાજુ જુઓ તો **'भव उपहतिः अस्ति' 'અનાદિ કર્મ-સંયોગરૂપ પરિણમેલ છે...'** કર્મ-સંયોગરૂપ પરિણમ્યો છે, હોં! કર્મ પરિણમાવે છે એમ નહિ. એ કર્મના સંયોગમાં પોતે પરિણમ્યો છે. **'તેથી સંસાર-ચતુર્ગતિમાં...'** લ્યો! એ કારણે ભવની ચાર ગતિ **'उपहतिः' 'અનેક વાર પરિભ્રમણ છે;...'** અજ્ઞાનીને અનેક વાર એ પરિભ્રમણ છે. જ્ઞાનીને પણ હજી જ્યાં સુધી રાગાદિ છે એને પણ નરક ગતિ આદિ હોય છે. હોય છે ને 'શ્રેણિક' રાજા આદિને? કહો, સમજાણું? ઢોર ગતિ ન હોય. મનુષ્ય ને દેવ. સમ્યગ્દૃષ્ટિને મનુષ્ય ને દેવ બે જ હોય. પહેલું આયુષ્ય બંધાય ગયું હોય તો નરક હોય. સમજાય છે? બાકી અજ્ઞાનમાં ચાર ગતિ હોય. એકલો સાધકભાવ ન લ્યો તો. હવે અહીં સાધક-સાધ્યને સાથે સમજાવ્યું છે.

**'અનાદિ કર્મસંયોગરૂપ...'** સંયોગરૂપ. કર્મના સંયોગરૂપ પરિણમ્યો છે, એમ. પરિણમ્યો છે એમ કહ્યું છે ને? પરિણમ્યો છે. સંયોગે પરિણમાવ્યો છે એમ નથી. **'અનાદિ કર્મસંયોગરૂપ પરિણમેલ છે તેથી સંસાર-ચતુર્ગતિમાં...' 'भव उपहतिः' 'અનેક વાર પરિભ્રમણ (કરે) છે;...'** ભવને પ્રાપ્ત થાય છે, એમ. **'उपहतिः'** એટલે પ્રાપ્ત થાય છે. કહો! ભવ વિનાનો સ્વભાવ એ ભવને પ્રાપ્ત થાય છે. ભવ વિનાનો સ્વભાવ એ ભવને પ્રાપ્ત થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એનું સ્વરૂપ તો મુક્ત જ છે એમ કહેશે. ભવ વિનાનું સ્વરૂપ છે, સ્વરૂપમાં ભવ કેવા? દ્રવ્ય-ગુણમાં ભવ કેવા અને ભવનો ભાવ કેવો? ભવના અભાવસ્વરૂપ જ છે. આમ પર્યાય જુએ તો ભવવાળો છે એવું પણ પરિણમવું એનું કર્મ-સંયોગમાં થાય છે. **'અનેક વાર પરિભ્રમણ છે;...' 'एकतः'** અનેક વાર કહ્યું. **'उपहतिः'** પ્રાપ્ત થાય છે.

**'एकतः मुक्तिः स्पृशति' 'જીવવસ્તુ સર્વ કાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે.'** એમ અહીં લીધું છે. પેલામાં જરી સ્પર્શ પર્યાયમાં લીધી છે. આમ મુક્ત છે એમ પર્યાયમાં ભાસે છે. આ વસ્તુ જ ત્રિકાળ મુક્ત છે. અહીં તો **'જીવવસ્તુ સર્વ કાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે.'** એ વસ્તુ તરીકે જોવો તો ભગવાન જીવ ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે.

એકકોર ભવનો ભાવ હોવા છતાં, ભવનો ભાવ હોવા છતાં વસ્તુ તરીકે મુક્તસ્વરૂપ જ છે. આ ભારે વાત! એક કોર ભવનો ભાવ અને એક કોર મુક્ત સ્વરૂપ. એક સાથે બે? એવી વસ્તુની સ્થિતિ છે, કોઈને કારણે નથી. ત્યારે કહે છે ને કે, જીવ કર્મને લઈને પરિભ્રમણ કરે. સમજાણું? ત્રિલોકનાથ તીર્થંકરે મહા ઉપકારીએ કહ્યું, આઠ કર્મને લઈને રખડે છે. તમે કહો છો કે, પોતાની ભૂલને લઈને રખડે છે. ભગવાને એમ કહ્યું. આ શું કહ્યું? જુઓને! ભવ અને ભવને પ્રાપ્ત થાય છે એ તારી પર્યાયામાં તારે કારણે છે.

મુમુક્ષુ :– એ જ જીવની અદ્ભુતતા બતાવે છે.

ઉત્તર :– એ જ વસ્તુ છે. તું પોતે એક કોર ભવ વિનાનો મુક્ત સ્વભાવ એ જ પર્યાયમાં ભવને પ્રાપ્ત થાય. આ જ અદ્ભુત ખુબી છે. જેનામાં ભવની ગંધ નથી. વસ્તુ જુઓ તો જેમાં ભવ ને રાગની ગંધ નથી. એ જ જીવ પર્યાયમાં ભવને પ્રાપ્ત થાય છે. ભવ વિનાની ચીજ એટલે મુક્ત ચીજ ભવને પ્રાપ્ત થાય આ જ એની વિશેષતા, વિસ્મયતા છે. સમજાણું કાંઈ? એ કર્મને લઈને નહિ. કર્મ તો સંયોગ કીધો છે. સંયોગમાં પોતે પરિણમે છે, સ્વભાવ જુએ તો મુક્ત છે. સ્વભાવ જોવો તો મુક્ત છે ને એકકોર ભવમાં પણ કર્મના નિમિત્તમાં પરિણમે છે એવો પણ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**‘સર્વ કાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે.’** એમ છે ને? અહીં તો જુઓને એ વાત લીધી છે. એ વસ્તુ એવો અનુભવમાં આવે છે એમ કીધું. મુક્ત... મુક્ત... મુક્ત... મુક્ત... દ્રવ્ય એકલું. વીતરાગ સ્વભાવ સ્વરૂપ એકલો ચૈતન્ય મુક્ત સ્વરૂપ છે. **‘વળી કેવું છે ?’ ‘एकतः जगत्त्रितयम् स्फुरति’** એક બાજુથી જુઓ તો **‘જીવનો સ્વભાવ સ્વ-પરજ્ઞાયક છે એમ વિચારતાં...’** જીવનો સ્વભાવ સ્વ-પરજ્ઞાયક છે, લ્યો! સ્વ-પર જાણનાર છે, સ્વ-પરપ્રકાશક છે, જીવનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. **‘એમ વિચારતાં સમસ્ત જ્ઞેય વસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળગોચર પર્યાય એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે;...’** જુઓ! આત્માનો આ સ્વભાવ. એના વાંધા અત્યારે મોટા. સ્વ-પરજ્ઞાયકનો સ્વભાવ (છે) માટે પર્યાયમાં સ્વનું અને પરનું ત્રણકાળની પર્યાય સહિત દ્રવ્યનું જેમાં પ્રતિબિંબ ઝળકે છે. કહો! ગયા કાળની પર્યાય, વર્તમાન અવસ્થા અને ભવિષ્યની અનંત અવસ્થા. **‘त्रितयम्’** છે ને? ત્રણકાળની. સમસ્ત જ્ઞેય વસ્તુની છે ને?

સ્વ-પરજ્ઞાયક **‘સમસ્ત જ્ઞેયવસ્તુના અતીત-અનાગત-વર્તમાનકાળગોચર પર્યાય...’ ‘स्फुरति’** એટલા શબ્દ પડ્યા છે. કહો! ભગવાનના જ્ઞાનમાં આ જીવ સમકિત આ કાળે પામશે એવું જ્ઞાનમાં આવતું હશે કે નહિ પહેલું? તો નિશ્ચય થઈ ગયું. ના પાડે છે. આજે એમાં આવ્યું છે. ભગવાને કાંઈ કોઈ કાળ એવો નથી સમકિતનો દીઠો કે આ સમયે સમકિત (થાશે). જ્યારે સમકિત પુરુષાર્થથી પામે તો અર્ધ પુદ્ગલ ગણી નાખે. બસ! અર્ધપુદ્ગલ હોય ત્યારે સમકિત પામે એવું કાંઈ નથી. અરે..! ઊંધું આમથી આમ માર્યું. એ લખ્યા જ કરે છે.

આમાં આવ્યું છે. એક સમયનો જે સમકિતનો પુરુષાર્થ કરે બસ! અર્ધપુદ્ગલ કરી નાખે અને મોક્ષ નજીક કરી નાખે. બહુ દૂર મોક્ષ હતો એ નજીક કરી નાખે. એમ છે, છે એમાં, છે એમાં છે. સમજાણું કાંઈ? એવું લખ્યું છે અંદર. કો'કે સાધારણ પૂછ્યું હોય એમાંથી ખેંચીને વાતું કરે છે.

'અર્ધપુદ્ગલ પરાવર્તન સંસારકાલ રહના સમ્યગ્દર્શન કો કાલ નહિ હૈ. કિન્તુ તીન કરણીયા સમ્યગ્દર્શન કે દ્વારા અનંત સંસારકાલ છેદ કર અર્ધપુદ્ગલ પરાવર્તન માત્ર કર દીયા જાતા હૈ.' જોયું? 'ઇસસે યહ સિદ્ધ હોતા હૈ પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શનરૂપ પર્યાય પ્રાપ્ત કરને કે લીએ કોઈ કાળ નિયત નહીં હૈ. અનંત કાળરૂપ સંસારપર્યાય છેદકર અર્ધપુદ્ગલ પરિવર્તનમાત્ર રહ જાતી હૈ. મુક્ત પર્યાય તો અનંતાઅનંત કાળ પશ્ચાત્ પડી હુઈ થી.' દેખો! એ નજીક આવી ગઈ. પંડિત પંડિતમાં ફેર છે ને? 'મુક્ત પર્યાય જો અનંતાઅનંત કાળ પશ્ચાત્ પડી હુઈ થી વહ અબ નિકટ આ જાતી હૈ.' એવી વાત છે, ભાઈ! આહાહા..! હવે આ કાળા કેર આગમથી તત્ત્વથી વિરુદ્ધ કરે એનું નહિ અને અહીં કહે, તમે નિશ્ચયને (મુખ્ય કરો છો). 'બંસીધરજી' એ એવું લખ્યું છે, બધા તમે ઠગો આવા જવાબ આપો છો એમાં તમારું બધું ખોટું છું. એ તો આપતા નથી. અમે તો એમની સાથે વાત કરવા માગીએ છીએ. એ તો કરતાં નથી ને તમે બધા વકીલાત કરવા નીકળ્યા છો.

જુઓ! આ પણ કેવું (લખે છે), જોયું? સમ્યગ્દર્શનના કાળે અર્ધપુદ્ગલ થઈ જાય, અનંત પુદ્ગલ પરાવર્તન હતા એના અર્ધપુદ્ગલ થઈ જાય. અર્ધપુદ્ગલ હોય ત્યારે સમકિત પામે એમ નિશ્ચય નથી. કહો, આ વાત તો હમણાં બહાર આવી. આવી વાત તો હમણાં ક્યાંય કોઈ કહેતું નહિ. અત્યારે તો એ બધા એમ કહેતા, એ... 'છોટાભાઈ'! સાંભળતા કે નહિ? કે, અર્ધપુદ્ગલ સંસાર હોય તો સમકિત પામે.

મુમુક્ષુ :- સમકિતનો કાળ નિશ્ચિત નથી.

ઉત્તર :- નિશ્ચિત જ નથી ને. કારણ કે, તો તો પછી નિશ્ચય થઈ જાય. 'અબ નિકટ આ જાતી હૈ. ઇસ પ્રકાર નિયતિવાદ ક્રમબદ્ધપર્યાય એકાન્ત મત કા ખંડન હો જાતા હૈ' આ 'હિંમતભાઈ'નું ખંડ ખંડ કરી નાખ્યું, લ્યો! 'હિંમતભાઈ' ને મોઢા આગળ નાખો ને. પંડિતની સામે પંડિત. આહાહા..! અરે..! ભગવાન! ભારે પણ ભાઈ! 'ઔર શ્રી અકલંકદેવ...' ભાઈ! 'કાળ અનિયમાત'. 'મોક્ષ જાનેકા કોઈ કાળ નિયત નહિ હૈ ઇસ સૂત્રકી પુષ્ટી હો જાતી હૈ.' એની પુષ્ટી થઈ જાય છે. કેટલું ઊંધુ મારે છે, કાંઈ મેળ નથી. અને આ બધા માન્ય રાખે છે. કોણ જાણે શું છે? સમજાણું?

કહે છે, ભગવાનઆત્માનો સ્વભાવ... બે વાત લીધી. સ્વ-પરજ્ઞાયક છે, જુઓ! **'સ્વ-પરજ્ઞાયક છે...'** તેથી **'એમ વિચારતાં...'** ભગવાનઆત્માનો સ્વ અને પરને જાણવાનો સ્વભાવ છે એવો વિચાર કરવાથી જગત એટલે **'સમસ્ત જ્ઞેય વસ્તુના...'** (આખું) જગત. ત્રણકાળ,

ત્રણલોકની જેટલી ચીજ છે ઇ. **'ત્રિતયં'** **'અતીત-અનાગત-વર્તમાનકાળગોચર પર્યાય એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે;...'** એવો એનો સ્વભાવ છે. એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોકની જે પર્યાય જ્યાં જેમ થવાની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં એ બધું ભગવાનના જ્ઞાનમાં પ્રતિબિંબ થાય છે એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં?

અર્ધપુદ્‌ગલ રહે ત્યારે મોક્ષ થાય તો પછી સમકિત થાય તો પછી પુરુષાર્થ રહેતો નથી, એમ. પુરુષાર્થથી સમકિત પામે ત્યારે અર્ધપુદ્‌ગલ રહે અને અનંતાઅનંત કાળ પછી મુક્તિ થવાની નજીક આવી જાય છે, એનો અર્થ શું પણ? કોણ જાણે ક્યાં કેવી રીતે મોટા ડિંગ હલવે છે મોટા. આખા ઊંધાના ઊંધા મેરૂ ચલાવે છે. આહા..! અને આ સાંભળતા નથી, સોનગઢીયાવાળા. આવી આવી દલીલ કરીએ છીએ, શાસ્ત્ર આધાર આપીએ છીએ, ઊંધા. આહાહા..! આમાં તારી એક વાત સાચી છે. સર્વજ્ઞની પર્યાય સ્વ-પરજ્ઞાયક એક વાત. તો પરમાં બધું જગત આવ્યું. બાકી રહ્યું કાંઈ? સ્વ ને પર બધું આવી ગયું. અને બધું આવતા **'ત્રિતયં'** આવી ગયું, કાળ પણ બધા આવી ગયા. સ્વ-પરજ્ઞાયક, બધા દ્રવ્યો અને બધી ત્રણકાળની પર્યાય. કહો, સમજાણું આમાં? આવો તો એનો એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયનો આવડો ધર્મ છે. હવે એવા ધર્મને પણ હજી નક્કી કરતાં ન આવડે અને આડુંઅવળું થાય ને આમ થાય ને તેમ થાય... મિથ્યાત્વની દૃષ્ટિનું ઘણું બળવાનપણું છે. કહો, સમજાણું?

(એમ કહે છે), મુક્તિ બહુ દૂર હતી (એ) નજીક આવી ગઈ. કારણ કે, અનંતા પુદ્‌ગલ પરાવર્તન રખડવાના હતા ને? અનંતા પુદ્‌ગલ પરાવર્તન રખડવાના હતા ને? (એ) સમકિત પામ્યો એટલે અર્ધપુદ્‌ગલ થઈ ગયું. એ અનંતાઅનંત પુદ્‌ગલ પરાવર્તન દૂર મુક્તિ હતી એ અહીં નજીક આવી ગઈ. અરે..! ભાઈ! નજીક જ છે, સાંભળને! આ મુક્ત સ્વરૂપની દૃષ્ટિ જેણે કરી અને એક સમયમાં સ્વ-પરજ્ઞાયક જગતને ત્રણકાળની પર્યાય જાણનારો સ્વભાવ છે એવો પર્યાયનો જેણે નિર્ણય કર્યો એને દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ થતાં એને સંસાર રહેતો નથી. સંસાર જ નથી. એક, બે ભવ આ ભવ આદિ હોય. કીધું ને? થોડી અશુદ્ધતા (હોય). એ જ્ઞાનનું જ્ઞેય રહી જાય છે એટલું. જાણનાર જાણવાયોગ્ય એટલું રહી જાય છે. સર્વજ્ઞ ને વર્તમાન એની દશામાં નથી અને તે બધું જાણે છે. આની દશામાં છે એમ એ જાણે છે અને આ પણ જાણે છે. સમજાણું કાંઈ? આ વાંધા આખા.

કોઈ કહે કે, અર્ધપુદ્‌ગલ સંસાર રહે ત્યારે સમકિત કાળલબ્ધિ થાય. ત્યારે કોઈ કહે કે, કાળલબ્ધિ છે જ નહિ. સમજ્યા ને? પુરુષાર્થથી થાય ઇ સિદ્ધ કરવા કાળલબ્ધિ નથી. ભાઈ! બેય છે સાંભળને! એક સમયે છ એ દ્રવ્યની કાળલબ્ધિ છે, ભાઈ! છ એ દ્રવ્યને સમય સમયની પર્યાયની પ્રાપ્તિ તે સમયની તે કાળલબ્ધિ (છે). એ વખતે 'ટોડરમલ્લ'નો દાખલો આપે. કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ છે જ નહિ. પણ ઠેક ઠેકાણે કાળલબ્ધિ

કીધી એનું શું? શી રીતે તું અર્થ કરીશ? કાળલબ્ધિ આદિ પાંચેય બોલ છે. એક સમયમાં પાંચેય છે. એકલું નિયત જ છે એમ છે નહિ. તે સમયનો નિયત છે, તે સમયનો પુરુષાર્થ છે, તે સમયનો તે જાતનો જે જડ-ચૈતન્યનો સ્વભાવ તે એ હોય છે, ભાવ પણ એ હોય છે, કાળ પણ એ હોય છે અને તે વખતે નિમિત્ત જે સદ્‌ભાવ, અસદ્‌ભાવ હોય એ પ્રમાણે હોય છે. સમજાણું કાંઈ? ભારે ડહોળ્યું પણ, ભાઈ! આવું તો પાંચ વર્ષ કે અમુક વર્ષ પહેલાં આવું નહોતા સાંભળતા.

(અહીંયાં) કહે છે, એક બાજુ જોઈએ તો એક સમયમાત્રમાં **'જીવનો સ્વભાવ સ્વ-પરજ્ઞાયક છે,...'** સમસ્ત જ્ઞેયવસ્તુના ત્રણકાળના પર્યાયને એક સમયમાત્ર કાળમાં **'જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે;...'** જ્યારે જગતની પર્યાય ભવિષ્યની થશે ત્યારે અહીં જણાશે એમ છે? કે એક સમય કાળમાં ત્રણકાળ, ત્રણલોક બધું જણાય છે? એક સમયમાત્રમાં, કાળમાં પાછું એક સમયમાત્ર કાળમાં એમ. કાળનો કેટલો કાળ? એક સમય. **'એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે;'** પ્રતિબિંબ શબ્દ કેમ કહ્યો છે? કે જે સામે ચીજ છે એવું અહીં જ્ઞાન થાય છે. એમ. પેલા બિંબ છે અહીં પ્રતિબિંબરૂપ થઈ જાય. એવો જ પર્યાય પરિણમે છે. જ્ઞેયને લઈને પરિણમે છે એમ નહિ. પ્રતિબિંબ કીધું ને? બિંબ છે એ માટે એ પ્રમાણે પરિણમે છે. એ પરિણમે છે તો પોતાને કારણે, પણ જેવી દ્રવ્યની પર્યાય ગયા કાળની, વર્તમાન, ભવિષ્યની છે... ઓહોહો..! એવા જ્ઞાનનો પર્યાય બધાને સ્વ-પરને જાણે એવો જ એનો એક બાજુથી જુઓ તો સ્વભાવ છે. એટલે જાણે કે, સ્વ-પર બધામાં આમ વ્યાપી ગયું એમ. સમજાણું?

**'एकतः चित् चकास्ति'** એક બાજુ જુઓ તો એમાં સમાયેલો અહીં ને અહીં છે. **'વસ્તુને સ્વરૂપસત્તામાત્ર વિચારતાં...'** વસ્તુની સત્તા. હોવાપણાનો અહીં વિચાર કરવાથી વસ્તુના સ્વરૂપની સત્તા એટલે હોવાપણું એ **'સત્તામાત્ર વિચારતાં 'શુદ્ધ જ્ઞાનમાત્ર' એમ શોભે છે.'** કહો, સમજાય છે? એકલું શુદ્ધ જ્ઞાનમાત્ર શોભીત થાય છે, એમાં પરની અપેક્ષા નથી એમ કહેવું છે. એકકોર જોવે તો સ્વ-પર બધું જાણે, એકકોર પોતાની સત્તામાં એકલા ચૈતન્યમાં છે એમ છે. ભારે અદ્‌ભુત! આ અદ્‌ભુતાત્ અદ્‌ભુત કહે છે. આહાહા..!

સાધ્ય-સાધક ભાવની વ્યાખ્યા છે ને? અનેકાન્ત. ઉપાય-ઉપેય, આ ઉપાય-ઉપેયની વ્યાખ્યા છે. ઓહો..! એક બાજુ **'एकतः चित् चकास्ति'** પેલું હતું ને? કે, **'एकतः जगत्त्रितयम्'** **'एकतः जगत्त्रितयम्'** એમ. એમ થયું ને? એક બાજુ જોવે તો જગતનું ત્રણકાળનું જ્ઞાન છે, એક બાજુ જોવે તો શુદ્ધ ચેતનામાત્ર એકલો છે અહીં. એકલો જ્ઞાનમય પોતે જ છે એમ. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે - વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** જુઓ! પરને જાણે એમ કહેવું એ વ્યવહારમાત્ર છે. એટલે કે એમાં તન્મય થતો નથી. ત્રણકાળ, ત્રણલોકની

પર્યાય જ્ઞાન જાણે પણ એની સાથે એક છે નહિ એટલું અહીં સિદ્ધ કરવું છે. **'વ્યવહારમાત્રથી જ્ઞાન...'** પાછું વ્યવહારમાત્ર શું? પરને જાણવું એ વ્યવહાર છે એટલે ખોટું છે, એમ નથી. વ્યવહાર અભૂતાર્થ છે, જૂઠો છે માટે પરને જાણવું એ ખોટું છે એમ નથી. પરમાં તન્મય થાય છે એમ નથી. પરનું જાણવું તો સાચું છે, સ્વ-પરજ્ઞાયક તો એનો સ્વભાવ છે. પણ પરને આમ જાણે છે એટલે તન્મય થઈને જાણે એમ કહેવું તે ખોટું છે. જાણવું નથી એમ નહિ. એને અડ્યા વિના, એના આશ્રય વિના સ્વ-પરના જ્ઞાનપણે પરિણમવું એવો તો ચૈતન્યનો સ્વભાવ ગુણ છે, સ્વભાવ ગુણ છે. એ ચેતનામાત્રમાં સમાય જાય છે અને આમ જાય તો આમ બધે જાણે પરને જાણે છે એમ પણ એમાં દેખાય છે. **'નિશ્ચયથી જાણતું નથી,...'** લ્યો! છે? એ લોકો કહે છે કે, નિશ્ચયથી સર્વજ્ઞ નથી. તમે જે સર્વજ્ઞને કારણે ક્રમબદ્ધ સિદ્ધ કરવા જાવ તો (સર્વજ્ઞ) નિશ્ચયથી જાણતા જ નથી. પણ નિશ્ચય વ્યવહારનો એક જ સ્વ-પર જ્ઞાયકનો સ્વભાવ એકરૂપ પોતાનો અહીં છે એમ કહેવું છે. સત્તામાત્ર એકરૂપ અહીં છે અને આમ જે કહેવું કે આને જાણે છે એટલો વ્યવહાર છે એમ કહેવું છે. સમજાણું? નિશ્ચય વ્યવહારનું જે જ્ઞાન પોતાનું એકરૂપ છે એને જાણે છે. એ જાણે છે એ નિશ્ચય છે, આમ જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે, એટલી વાત. સમજાણું કાંઈ?

પરસંબંધીની ત્રણકાળની પર્યાયનું અહીં જ્ઞાન નથી થયું એમ નહિ. સમજાણું કાંઈ? પર અપેક્ષા આવી એટલે વ્યવહાર કીધો. એ અપેક્ષાએ તન્મય થયા વિના પોતામાં તન્મય થઈને જાણે છે. જાણે છે આમ પરને એમ કહેવામાં આવે છે. જ્ઞેય-જ્ઞાયક-અદ્વૈત અને જ્ઞેય-જ્ઞાયક-દ્વૈત. નય લીધી છે ને? એના એ આચાર્ય 'અમૃતચંદ્રાચાર્યે' લીધી. વ્યવહારમાત્રથી જ્ઞાન બધા જ્ઞેયને જાણે છે.

કોઈ કહે કે, જુઓ! માથે કીધું હતું ને? એ કીધું છે ઇ સાચું કીધું છે. વળી પાછો વ્યવહાર કરી નાખ્યો એટલે? એમાં એકમેક થઈને જાણતો નથી એ અપેક્ષાએ વ્યવહાર કહ્યો છે. ઘણા તકરાર અત્યારે, ભાઈ! વાંધા... વાંધા... વાંધા... વ્યવહારને જૂઠો ઠરાવો. આમાં નિશ્ચય-વ્યવહારનું બહુ આવ્યું છે, હોં! ઓલા 'કલકત્તા'વાળાએ લખ્યું હતું ને? કે, અમે નિશ્ચય-વ્યવહાર માનીએ છીએ. માટે તમારે તો એમ કહેતા હતા કે, સાપેક્ષ બેય માનો તો આપણે બીજી તકરારોનું ત્યાં જઈને સમાધાન કરશું. પણ એ બધા વકીલાત ખોટી કરે છે. નિશ્ચયમાં વ્યવહારની અપેક્ષા ક્યાં આવી? વ્યવહારને તો ખોટો ઠરાવો છો તમે, ફલાણું કરો છો, ઢીંકણું (કરો છો). પણ ખોટો પણ છે ને? એ બધાને ઉડાવ્યું છે ખોટું કહીને. એ ભાઈએ 'લાલબહાદુર'! કહો, સમજાણું?

**'પોતાના સ્વરૂપમાત્ર છે,...'** લ્યો! શું કહે છે? જુઓ! વ્યવહારથી પરને જાણે છે એનો અર્થ એ છે કે, પરમાં વ્યાપ્ય-વ્યાપક થઈને જાણતો નથી એમ સિદ્ધ કરવું છે. પોતાનું વ્યાપકપણું પ્રસરીને પરની અવસ્થાને વ્યાપ્ય કરે છે એમ છે નહિ. જુઓ! **'નિશ્ચયથી જાણતું નથી,**

**પોતાના સ્વરૂપમાત્ર છે, કેમકે જ્ઞેય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી.**' આ સિદ્ધાંત સિદ્ધ કર્યો લ્યો! તન્મય એકમેક નથી. વ્યાપ્ય-વ્યાપક એટલે એ અવસ્થા થઈ ગઈ છે બધી ચીજની અને અહીં અવસ્થા થઈ ગઈ છે અને અવસ્થા એ આત્માની અને એ (જ્ઞેય) અવસ્થા એમ નથી. એ સંબંધીનું ને પોતા સંબંધીનું જ્ઞાન પોતાનું તેમાં એ વ્યાપ્ય અને પોતે વ્યાપક છે. એમાં વ્યાપ્ય ને આ વ્યાપક છે એમ નથી. શું કીધું સમજાણું? વ્યાપ્ય-વ્યાપક કહો કે કર્તા-કર્મ કહો. એ તો એકાકાર છે. વ્યાપક પોતે ને પોતે વ્યાપક થઈને વ્યાપ્ય–પ્રસરીને પોતાની પર્યાયમાં સ્વ-પરનું પૂરું છે તેને કર્મને જાણે છે, એ કર્મ પોતાનું કાર્ય છે, કર્તાનું એ કર્મ છે. કર્તાનું એ કાર્ય છે એમ છે નહિ. સમજાણું આમાં?

નિશ્ચયથી જાણતું નથી એટલે? '**પોતાના સ્વરૂપમાત્ર છે, કેમ કે જ્ઞેય સાથે...**' જાણવા યોગ્ય જે પરવસ્તુ છે એની સાથે. એમ પરની સાથે, હોં! સમજાણું? '**વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી.**' બીજા સાથે પ્રસરીને એકરૂપ થઈ ગયો નથી. એવું ચૈતન્યનું સ્વતઃ અદ્ભુતાત્ અદ્ભુત આશ્ચર્ય છે. પરને જાણે છતાં પરને વ્યાપ્ય કરે નહિ. સમજાણું? પરને જાણે છતાં પોતાના સ્વરૂપમાત્રમાં રહે. લોકાલોકને અડે નહિ છતાં લોકાલોકના જ્ઞાનની અવસ્થારૂપે વ્યાપ્ય થઈને પરિણમે. સમજાણું આમાં? આ તો સાધ્ય-સાધકના બોલો ઊંચા-ઝીણા (છે). એકદમ તત્ત્વનો માલ ગોઠવ્યો છે. પરની અપેક્ષા આમાં બીજી છે જ નહિ. લ્યો! એ ૨૭૪ થયો, અગિયારમો શ્લોક થયો, અગિયારમો.

એના સ્વરૂપની એ બધાથી ઉત્કૃષ્ટતા, ઉત્કૃષ્ટ અદ્ભુતતા એ છે કે, એક બાજુ વિકારરૂપ થાય, એક બાજુ શાંત રહે. એક બાજુ ભવ દેખાય, એક બાજુ મુક્તિ દેખાય. એક બાજુ લોકાલોક અને બધાને જાણે એવું દેખાય અને એકકોર સ્વરૂપમાં રહેલો દેખાય. આ છ બોલ લીધા છે. સમજાણું કાંઈ? એ છએ એનું સ્વરૂપ પોતાનું પોતામાં છે, પરને લઈને નથી. એ પરને જાણે છે એ પરને લઈને નહિ, એમ કહે છે. પરને જાણે છે એ પોતાને લઈને પોતામાં એ પર્યાયરૂપે પરિણમે છે. લોકાલોક બધું જણાય. જ્ઞાયક એકલો ચૈતન્યસ્વરૂપ, એકલો છું... એકલો છું... એકલો છું... બીજું કોઈ છે જ નહિ.

હવે સાધ્ય. છેલ્લે કેવળજ્ઞાનની વાત કરે છે, લ્યો! આ સાધ્ય-સાધકની વ્યાખ્યા ઘણી કરી, ભિન્ન ભિન્ન શબ્દથી વાત કરી. વસ્તુની સ્વતંત્રતા એની પર્યાયની, એના દ્રવ્યની વાત કરી. હવે કેવળજ્ઞાન. આવું સાધકપણું પ્રગટ થતાં એને સાધ્ય જે કેવળ દશા, સિદ્ધ દશા થાય, કેવળ દશા થાય. આવું સાધકપણું પ્રગટે, આવું જાણે એને સિદ્ધ દશા થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન, કેવળજ્ઞાન લેવું છે ને અહીંયાં? 'માલિની' જુદા-જુદા શબ્દો છે.

( માલિની )

जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-
स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः
प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।।१२-२७५।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'एषः चिच्चमत्कारः जयति' અનુભવ-પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વ કાળ જયવંત પ્રવર્તો. ભાવાર્થ આમ છે કે સાક્ષાત્ ઉપાદેય છે. કેવી છે? 'सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकीस्खलदखिलविकल्पः' ( सहज ) દ્રવ્યના સ્વરૂપભૂત ( तेजःपुञ्ज ) કેવળજ્ઞાનમાં ( मज्जत् ) જ્ઞેયરૂપે મગ્ન જે ( त्रिलोकी ) સમસ્ત જ્ઞેયવસ્તુ, તેના કારણે ( स्खलत् ) ઊપજ્યા છે ( अखिलविकल्पः ) અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં, એવી છે જ્ઞાનમાત્ર જીવવસ્તુ; 'अपि' તોપણ 'एकः एव स्वरूपः' એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે. વળી કેવી છે? 'स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः' ( स्वरस ) ચેતનાસ્વરૂપની ( विसर ) અનંત શક્તિથી ( पूर्ण ) સમગ્ર છે, ( अच्छिन्न ) અનંત કાળ પર્યન્ત શાશ્વત છે, - એવા ( तत्त्व ) જીવવસ્તુસ્વરૂપની ( उपलम्भः ) થઈ છે પ્રાપ્તિ જેને, એવી છે. વળી કેવી છે ? 'प्रसभनियमितार्चिः' ( प्रसभ ) જ્ઞાનાવરણકર્મનો વિનાશ થતાં પ્રગટ થયું છે ( नियमित ) જેટલું હતું તેટલું ( अर्चिः ) કેવળજ્ઞાનસ્વરૂપ જેનું, એવી છે. ભાવાર્થ આમ છે કે પરમાત્મા સાક્ષાત્ નિરાવરણ છે. ૧૨-૨૭૫.**

( માલિની )

जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-
स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः
प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।।१२-२७५।।

લ્યો! છેલ્લો ચિત્‌ચમત્કાર, એમ કરીને મોટું માંગલિક કર્યું છે. કહે છે **'एषः चिच्चमत्कारः जयति'** લ્યો! પહેલો શબ્દ આવ્યો ઇ. છેલ્લાનો પહેલો. અહો! ભગવાનઆત્મા પોતાના ચૈતન્ય સ્વરૂપનું સાધકપણું શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રને પ્રગટ કરી અલ્પ રાગાદિ હોય તેને જાણતો, ભવના ભાવને જાણતો, નિર્મળ પર્યાયના અંશપણે પણ પરિણમતો, ત્રિકાળ એકરૂપે રહેતો એમ સાધકપણે પરિણમતા **'एषः चिच्चमत्कारः जयति' 'અનુભવ-પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વ કાળ જયવંત પ્રવર્તો.'** લ્યો! આવો જે ભગવાનઆત્મા **'અનુભવ-પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર**

**જીવવસ્તુ...'** એમ પાછું. કેવી વસ્તુ છે? **'અનુભવ-પ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવવસ્તુ...'** જ્ઞાનમાં, જીવ ચૈતન્ય પ્રત્યક્ષ જ્ઞાનમાં આવે એવી અનુભવ વસ્તુ છે ઇ. સમજાણું કાંઈ?

**'एषः'**ની વ્યાખ્યા. અને **'चिच्चमत्कारः' 'एषः'** એટલે **'અનુભવ-પ્રત્યક્ષ,...' 'चिच्चमत्कारः' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુ...'** **'जयति'** એટલે **'સર્વ કાળ જયવંત પ્રવર્તો.'** એમ ત્રણના અર્થ આવા કર્યા. માંગલિક કર્યું, માંગલિક મહા માંગલિક! કળશકારે શરૂઆત(માં) નમઃ સમયસારાયમાં માંગલિક કર્યું હતું. મધ્યમાં સંવરમાં માંગલિક કર્યું હતું (કે), શુદ્ધનય એક જ આદરણીય (છે) બાકી બધું હેય છે. ગ્રંથનો નિચોડ આવ્યો હતો ને? પરમ રસતોષ. એક શુદ્ધનય ગ્રહે મોક્ષે, શુદ્ધનય ત્યાગે બંધ હૈ, શુદ્ધનય ગ્રહે મોક્ષ, એ સંવરમાં કહ્યું હતું. મોટો સાર, આ સાર મહા માંગલિક પૂર્ણ કરતાં ગ્રંથનો ઉપસંહાર કરતાં કરે છે.

**'एषः' 'एषः'** પ્રત્યક્ષ અનુભવમાત્ર આત્મા, એમ. **'एषः'** આ જ્ઞાનના અનુભવમાત્ર **'एषः'** એટલે આ જ્ઞાનના અનુભવમાત્ર. અનુભવમાત્ર, અનુભવ-પ્રત્યક્ષ **'एषः'**નો અર્થ છે. **'चिच्चमत्कारः' 'જ્ઞાનમાત્ર જીવવસ્તુ...'** એમ. **'चिच्चमत्कारः'** જેનો જ્ઞાનમાત્ર ચમત્કાર છે. એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એનો એ ચમત્કાર છે. લ્યો! આ ચમત્કાર! ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો એનામાં ચમત્કાર છે. એવી જે વસ્તુ. જ્ઞાનમાત્ર જીવવસ્તુ એક જ વાત. વસ્તુ જે છે જ્ઞાનમાત્ર એકલી વસ્તુ. અનંત ગુણો ભલે હોય. એકલી જ્ઞાન પુંજ વસ્તુ, જ્ઞાનમાત્ર આત્મા. રાગાદિ, વિકલ્પાદિ, ભવ રહિત એકલી જ્ઞાનમાત્ર વસ્તુ.

સર્વ કાળમાં **'जयति'**ની વ્યાખ્યા છે. **'સર્વ કાળ જયવંત પ્રવર્તો.'** એ પ્રગટ થઈ દશા એમ ને એમ સદાય રહો, સદાય રહો, વિજય થાઓ, વિજય વિજય. એ આત્માનો વિજય થઈ ગયો. જેવું સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાત્ર સ્વરૂપ હતું એને પ્રત્યક્ષ કર્યું. પ્રત્યક્ષ કરીને પૂર્ણ દશા થઈ એટલે પ્રત્યક્ષ થઈ ગયો, જ્ઞાનમાં આખો આત્મા પ્રત્યક્ષ થઈ ગયો. એવો **'જયવંત પ્રવર્તો, સર્વ કાળ જયવંત પ્રવર્તો.'**

**'ભાવાર્થ આમ છે કે સાક્ષાત્ ઉપાદેય છે.'** એમ પાછો એનો અર્થ કર્યો. આ પ્રકારે, **'સાક્ષાત્ ઉપાદેય છે.'** એ વસ્તુ જ એકલી અખંડાનંદ જ્ઞાન તે જ આદરણીય છે. સમજાણું કાંઈ? **'કેવી છે?' 'सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकीस्खलदखिलविकल्पः' 'દ્રવ્યના સ્વરૂપભૂત...'** દ્રવ્યનું સ્વરૂપભૂત **'सहज'** એટલે દ્રવ્યનો સ્વભાવ ભાવ. **'तेजःपुञ्ज' 'કેવળજ્ઞાનમાં...' 'मज्जत्' 'જ્ઞેયરૂપે મગ્ન જે...'** જોયું? ભગવાનઆત્માનો સ્વભાવ જે કેવળજ્ઞાન દ્રવ્યના સ્વરૂપભૂત તેજ પુંજ કેવળજ્ઞાન–એકલું જ્ઞાન. **'मज्जत्' 'જ્ઞેયરૂપે મગ્ન જે...'** બધા જ્ઞેયો એમાં મગ્ન થઈ ગયા.

**'સમસ્ત જ્ઞેયવસ્તુ, તેના કારણે...'** જ્ઞાનમાં બધી જ્ઞેય વસ્તુ મગ્ન થઈ ગઈ. **'તેના કારણે...' 'स्खलत्' 'ઊપજ્યા છે...' 'अखिलविकल्पः' 'અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં, એવી છે...'** શું કહે છે? ભગવાનઆત્મા પોતાના જ્ઞાનમાત્ર વસ્તુથી એકલો અનુભવથી જ્યાં પર્યાયે પૂર્ણ પ્રગટ્યો એમાં સમસ્ત જ્ઞેયવસ્તુ જ્ઞાનમાં પ્રગટી છે, જ્ઞેયરૂપે પર્યાયમાં મગ્ન થઈ ગઈ. એવું

જે જ્ઞાન ઉત્પન્ન થયું. **'અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં,...'** પર્યાયના ભેદ અનેક પ્રકારે છે. સમજાય છે? **'એવી છે જ્ઞાનમાત્ર જીવવસ્તુ;...'** અનેક ભેદ હોવા છતાં જ્ઞાનમાત્ર જીવવસ્તુ એવી છે. તોપણ એક છે એમ કહેશે.

પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં ભેદરૂપે, અનેકરૂપે, અનંતરૂપે પરિણમન છે. છતાં **'अपि' 'તોપણ...' 'एकः एव स्वरूपः' 'એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે.'** વસ્તુ તો એકરૂપ છે. એ તો અનંત પર્યાયરૂપે ભલે ભેદ છે પણ વસ્તુ તો એકરૂપ છે. સમજાણું કાંઈ? જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતા કેવળીઓ ને અનંતા નિગોદ ને બધું જણાય. એવી પર્યાયમાં અનંતપણું હોવા છતાં જ્ઞાનપણે તો એક છે. ઓહોહો..! એકમાં અનેક ને અનેકમાં ઇ એક. આ કોની વાત ચાલે છે? આત્માની.

કહે છે કે, જેનું **'तेजःपुञ्ज'** ચૈતન્યનો પુંજ ભગવાન. છે ને? **'तेजःपुञ्ज'**નો અર્થ જ કેવળજ્ઞાન કર્યું. એમાં જ્ઞેય બધા મગ્ન થઈ ગયા છે, મગ્ન–ડૂબી ગયા છે બધાય. લોકાલોક ત્રણકાળ, ત્રણલોક બધા ડૂબી ગયા છે, જ્ઞાનમાં મગ્ન થઈ ગયા છે. એ ટીકા પણ એમની છે ને? ૨૦૦ ગાથાની. 'અમૃતચંદ્રાચાર્ય'ની 'પ્રવચનસાર'ની. ભારે પણ! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા એકલા અધ્યાત્મ રસથી ભરેલી!

કહે છે, **'स्खलत्'**, **'स्खलत्'** એટલે? અનેકરૂપે થઈ છે, સમસ્ત જ્ઞેયરૂપે થઈ છે, એમ. **'स्खलत्'** છે ને? **'स्खलत्'** એક વસ્તુ અનેક પર્યાયપણે થઈ છે, પર્યાયપણે થઈ છે, એમ. **'स्खलत्'** એટલે સ્ખલના થઈ એમ નહિ. વસ્તુ જ્ઞાન સ્વરૂપ એક સમયનો અનેક ત્રણકાળ, ત્રણલોકની પર્યાયપણે થઈ છે, એમ. પર્યાયપણે ઉત્પન્ન થઈ છે. સમજાણું? આ પર્યાયની વાત છે, હોં! આ સાધ્ય પ્રગટ્યું. સાધકપણાના સાધને સાધ્ય પ્રગટ્યું પૂરું.

**'અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં, એવી છે જ્ઞાનમાત્ર જીવવસ્તુ;...' 'अपि' 'તોપણ...'** એમ કહે છે ને પાછું? આવા એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પર્યાયમાં અનેકપણે જણાણા ને અનેકપણે જ્ઞાન પરિણમ્યું છે છતાં એક સમયનું જ્ઞાન તો અખંડ છે, ખંડ ખંડ થયું નથી. **'एकः एव स्वरूपः' 'એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે.'** સમજાણું? **'एकः एव स्वरूपः'** જ છે, હોં! બીજા પદમાં છે. **'अपि एकः एव स्वरूपः'** અનંત અનંત કેવળજ્ઞાનીઓ ને અનંત અનંત નિગોદના જીવને ને ત્રણકાળ, ત્રણલોકની પર્યાયને એક સમયમાં જાણતું અનેકરૂપે પરિણમ્યું છે છતાં જ્ઞાનપણે તો એ એક જ છે. ઓહોહો..! અનંત અનંતપણે પરિણમવા છતાં જ્ઞાનપણું તો એકપણું છે, એમાં જ્ઞાનપણામાં કાંઈ ખંડ છે નહિ. સમજાણું કાંઈ? આ પર્યાયની વાત છે, હોં! દ્રવ્ય તો અખંડ છે એની વાત ક્યાં? આહાહા..!

કહે છે કે, આવો એક સમયનો આત્મા ત્રણકાળ, ત્રણલોકના જ્ઞાન(માં) જ્ઞેયો મગ્ન થઈ ગયા એથી જાણે અનંતરૂપે થયું છતાં એકરૂપે રહ્યું, અનંતરૂપે થયું છતાં એકરૂપે રહ્યું. અજ્ઞાનીને તો બેસે નહિ. એક જણો કહે કે, આવા ગાડા ના ગાડા ક્યાં ભર્યા હશે જ્ઞાનની

પર્યાયમાં? અરે..! ભગવાન! બાપુ! ભાઈ! જેનો સ્વભાવ જાણવું તેને માપ ને હદ શું હોય? અને તે નાના કાળમાં–નાનામાં નાના કાળમાં બધું એકરૂપ રહીને અનંતું ન જાણે તો તેનો પર્યાય ધર્મ પૂરો કેમ કહેવાય? સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વિસ્મયતાનો વિસ્મય છે આ તો. એ વસ્તુ એવી છે. આહાહા..! એક પરમાણુ ચૌદ બ્રહ્માંડમાં ચાલ્યો જાય, જુઓ! એ જડની પણ ગતિની કેવી વિસ્મયતા છે. કોઈની સહાય વિના, હોં! કાળ, કરણ એ તો નિમિત્ત-નૈમિત્તિકથી છે. એલા પણ ચૈતન્ય નથી ને? ચૈતન્ય નથી પણ વસ્તુ છે કે નહિ? વસ્તુ છે કે નહિ? એક પરમાણુ સાતમી નરકે નીચે હોય તો સિદ્ધ ઉપર ચાલ્યો જાય, એની મેળે એક સમયમાં ગતિ કરીને ચાલે. કહો! હવે એ પણ વિસ્મય નથી? આ તો એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે, અહીં તો જાણે. આમાં ગતિની વિશેષતા નથી. આહાહા..! ત્રણકાળની જેટલી પર્યાયો થઈ ગઈ ભૂતમાં, વર્તમાનમાં અનંતી... અનંતી... અનંતી... અનંતા દ્રવ્યની, ભવિષ્યમાં અનંતી... અનંતી... અનંતા દ્રવ્યની થશે, બધી એક સમયમાં (જણાય જાય છે). જ્ઞાન મગ્ન થઈ ગયું છે. સમજાણું? આહાહા..!

એક સ્વરૂપ એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ એવી. **'વળી કેવી છે?'** **'स्वरसविसरपूर्णाच्छिन्न-तत्त्वोपलम्भः'** **'स्वरस'** **'ચેતનાસ્વરૂપની...'** **'स्वरस'** એટલે ચેતના શક્તિ–ચેતનાસ્વરૂપ પર્યાય, હોં! અહીં પર્યાયની શક્તિ છે. **'स्वरस'** પોતાની ચેતના પર્યાયની સ્વરસ શક્તિ. **'विसर'** **'અનંત શક્તિથી...'** **'विसर'** એટલે અનંત અનંત એમ. **'विसर'** એટલે અનંત અનંત જેની શક્તિ. **'विसर'** **'पूर्ण'** છે. જેનો જ્ઞાનનો એક સમયનો પર્યાય સાધ્ય જે પ્રગટ્યું સાધકનું ફળ એવું જ્ઞાન એક સમયનું અનંત અનંતને જાણતું એકરૂપે રહેતું **'અનંત શક્તિથી સમગ્ર છે,...'** પૂરું છે. અનંત શક્તિથી એક સમયનું જ્ઞાન પૂરું છે. સમજાણું કાંઈ? **'अच्छिन्न'** **'અનંત કાળ પર્યન્ત શાશ્વત છે,...'** લ્યો! એ અનંત કાળ એમ ને એમ રહેશે, કહે છે. **'अच्छिन्न'** એ ધારા છૂટશે નહિ, એક સમયની કેવળજ્ઞાન દશા. આહાહા..!

મુમુક્ષુ :– નમૂનો જોવો હોય તો કેવી રીતે જોવો?

ઉત્તર :– ઇ નમૂનો જોવો હોય તો જ્ઞાનમાં જોવે એક સમયમાં. જ્ઞાનની પર્યાય એક સમયમાં અનંત ક્ષેત્ર ને અનંત કાળને અત્યારે ખ્યાલમાં લઈ લે છે. કહો! આ ક્ષેત્રની હદ નથી, એ ખ્યાલ નથી આવતું? કેટલા ખ્યાલમાં આવે છે? કેટલા કાળમાં? એક સેકન્ડમાં. સેકન્ડમાં તો અસંખ્ય સમય છે. અનંતું એટલું અસંખ્ય સમયમાં આવ્યું તો એક સમયમાં અનંતું થઈ ગયું. સમજાણું કે નહિ? ત્રણકાળ ખ્યાલમાં આવી ગયા કે, આમ છે, આમ છે. આદિ વિનાનો, અંત વિનાનો અંત વિનાનો, નાશ વિનાનો છે. એમ છે ખ્યાલમાં આવી ગયું કે નહિ? રાગ સહિત સેકન્ડ કાળમાં ખ્યાલમાં આવે છે કે નહિ? રાગ રહિત એક

સમયમાં પરિણમે એવો એનો સ્વભાવ છે. અનુમાન થાય છે કે નહિ? થાય છે પણ એનું એને માહાત્મ્ય બેસતું નથી. થાય છે તો ખરું એને. છે, છે, આ છે, કાળ છે, અનંત દ્રવ્ય છે. એના એક એકના અનંતા અનંતા ગુણો છે. એવા એવા અનંતા ગુણો. એવું વિકલ્પવાળું જ્ઞાનની પર્યાય અસંખ્ય સમયમાં તે કાર્ય કરે છે એમ જણાય છે. બસ! એમાંથી રાગ કાઢી નાખો તો પેલો અસંખ્ય કાળ ચાલ્યો જાય અને બધાને જાણવાનો એક સમય રહે. સમજાણું કાંઈ?

એવી વસ્તુ **'अच्छिन्न' 'અનંત કાળ પર્યન્ત શાશ્વત છે, - એવા જીવવસ્તુસ્વરૂપની...' 'उपलम्भः' 'થઈ છે પ્રાપ્તિ જેને,...'** લ્યો! એવી એક સમયની પર્યાય પ્રાપ્તિ થઈ જેને સાધ્ય ને કેવળજ્ઞાન. આહાહા..! સમજાણું? આ એને સાધ્ય-સાધકનું ફળ કહેવામાં આવે છે. એને કેવળજ્ઞાન કહેવામાં આવે એવી એક પર્યાયના આટલા માહાત્મ્યને વર્ણવે છે. વિશેષ કહેશે...

( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**પોષ વદ ૮, શુક્રવાર તા.૧૪.૦૧.૧૯૬૬**
**કળશ - ૨૭૫, ૨૭૬. પ્રવચન - ૨૯૫**

'સાધ્ય-સાધક અધિકાર' બારમો કળશ ચાલે છે. શું અધિકાર છે આ? જુઓ! જેણે આત્માને... આ આત્મા છે, આત્મા એ અનંત જ્ઞાન, દર્શન, આનંદ સંપન્ન તત્ત્વ છે. આ આત્મા. એ અનંત બેહદ જ્ઞાન, આનંદ આદિ સ્વભાવનું તત્ત્વ આત્મા (છે) એની જેણે અંતર્મુખ દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા સાધકપણે કરી છે. સમજાય છે? વસ્તુ જે છે મહા સાગર આનંદનો, જ્ઞાનનો પૂર્ણ સ્વરૂપ એવો જે આત્મપદાર્થ એની અંતર્મુખ દૃષ્ટિ, અંતર્મુખ જ્ઞાન ને અંતર્મુખ રમણતા એવું સાધકપણું જેણે પ્રગટ કર્યું છે એને સાધ્ય નામ કેવળજ્ઞાન પ્રગટ પર્યાયમાં પ્રગટ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ?

ઉપાય ને ઉપેય પોતે છે એમ કહે છે. વસ્તુ જ પોતે અનંત જ્ઞાન, શાંતિથી ભરેલો પદાર્થ (છે). એની અંતરમાં-દૃષ્ટિમાં, પ્રાપ્તિ થવી એ જ મૂળ ચીજ છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં એ ચીજ વસ્તુ જે અખંડ અનંત ગુણનો પિંડ પ્રભુ (છે) એની દૃષ્ટિમાં પ્રાપ્તિ થવી એ જ અપૂર્વ ને એનું નામ જ સાધકપણું કહેવાય છે. એવું સાધકપણું પ્રગટ થતાં ક્રમે કરીને સાધક પૂર્ણ થાય ત્યાં એને સાધ્ય કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ ને અનંત વીર્યની પૂર્ણતા પ્રગટે છે. તેને સાધ્ય કહો કે તેને મોક્ષ કહો, એ બેય દશાપણે આત્મા જ થાય છે. સમજાય છે કાંઈ? બેય દશાપણે–સાધકપણે કે સાધ્યપણે, એમાં પર વસ્તુનો કે પુણ્ય-પાપના વિકલ્પનો લગાવ સંબંધ કાંઈ નથી. સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા... છે ને? નામ પણ શું છે? 'સાધ્ય-સાધક અધિકાર' એટલે કે સાધક અને સાધ્ય એ ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનઘન છે, વસ્તુ પૂર્ણાનંદ અનાકુળ શાંત ને આનંદ ને જ્ઞાનનું સત્ત્વ એકલું છે એને અંતર દૃષ્ટિમાં, ધ્યેયમાં પકડી અને જેણે એનું જ્ઞાન કર્યું અને એમાં જેની લીનતા થઈ એને સાધક આત્માની નિર્મળ પરિણતિ વડે આત્મા પોતાથી સાધક થાય છે. સમજાણું કાંઈ? અને પોતે જ આત્મા પૂર્ણ શુદ્ધ શાંતિ અને જ્ઞાન ને આનંદ વડે થાય છે એ સાધ્ય છે એ પણ પોતે જ સાધ્યરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? એમાં શરીર, સંઘયણ કે પુણ્ય-પાપના વિકલ્પો કાંઈ એને મદદ કરનારા, સહાય કરનારા છે નહિ. સમજાણું આમાં કાંઈ?

જુઓ! એ કહ્યું **'स्वरस' 'ચેતનાસ્વરૂપની અનંત શક્તિથી સમગ્ર છે, અનંત કાળ પર્યન્ત શાશ્વત છે, - એવા જીવવસ્તુસ્વરૂપની થઈ છે પ્રાપ્તિ જેને,...'** અહીંયાં પર્યાયની વાત છે, હોં! જીવ ભગવાનઆત્મા બેહદ (સામર્થ્યવંત પદાર્થ છે) પણ એ વસ્તુના સ્વભાવની મહિમા અને એની શક્તિનું કેટલું માપ છે એ જ્યાં સુધી એને દૃષ્ટિમાં ન આવે તો આવડો આત્મા આ ક્ષેત્રમાં રહ્યો એ કેવડો અને એનું કેટલું માહાત્મ્ય છે? કે અપાર માહાત્મ્ય છે. અંદર એનો અનંત અનંત બેહદ સ્વભાવ છે. એની પર્યાયમાં બેહદ સ્વભાવની પ્રાપ્તિ થવી એનું નામ જીવવસ્તુની પ્રાપ્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'એવા જીવવસ્તુસ્વરૂપની થઈ છે પ્રાપ્તિ જેને, એવી છે. વળી કેવી છે? કે, જ્ઞાનાવરણકર્મનો વિનાશ થતાં પ્રગટ થયું છે...'** આત્મામાં નિરાવરણ એવું ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનજ્યોત સૂર્ય ધ્રુવ એક સ્વભાવરૂપ અખંડ અનંત ગુણનો પિંડ, (એમાં) અંતરમાં એકાગ્ર થતાં જેને જ્ઞાનાવરણીય કર્મનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? એને જ્ઞાનાવરણીય કર્મનો **'વિનાશ પ્રગટ થયું છે...'** પ્રગટ થયો છે. કોણ? **'नियमित'** અર્થ કરનારની ભાષા જુઓ! **'જેટલું હતું તેટલું...' 'अर्चिः' 'કેવળજ્ઞાનસ્વરૂપ જેનું, એવી છે.'** જેવી જ્ઞાન સ્વરૂપે અંદર પરિપૂર્ણ વસ્તુ છે એવી જ જેની પર્યાયમાં, દશામાં કેવળજ્ઞાનની તે જ શક્તિ **'अर्चिः'** પરિપૂર્ણ પ્રાપ્ત થાય છે. કહો, સમજાય છે. 'શશીભાઈ'! આ ભારે ભાઈ! આવડો આત્મા એને દુનિયાની કિંમતું કરતાં આવડે છે. આની કિંમત આ ને આની કિંમત આ ને આની કિંમત આ પણ તારી કિંમત કેટલી એની એને ખબર ન મળે. અનંત કાળથી જો એનું રઝળવું થયું હોય તો એ વસ્તુના અનંત ગુણના માહાત્મ્યની દૃષ્ટિ વિના (થયું છે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એક જ કારણે?

ઉત્તર :– એક જ કારણ છે. ભગવાન મહાન ચૈતન્ય પદાર્થ ધ્રુવ બેહદ અચિંત્ય અનંત સ્વભાવનું ભરેલું તત્ત્વ આત્મા (છે). એક સમયની ક્ષણિક પર્યાય લક્ષમાં ન લ્યો તો એ વસ્તુ બેહદ ચૈતન્ય સ્વભાવથી ભરેલો પદાર્થ (છે). એની દૃષ્ટિ, દૃષ્ટિ ભલે પર્યાય હોય પણ એ દૃષ્ટિનો વિષય જે અમાપ અમાપ ધ્રુવ એને પકડ્યા વિના એની અપૂર્વ દૃષ્ટિ ને શાંતિ

કોઈ દિ' પ્રગટશે નહિ. એનો એક જ આ ઉપાય છે. એણે જેને પ્રાપ્ત કર્યું એણે જૈન ધર્મને પ્રાપ્ત કર્યો. સમજાણું કાંઈ? જિન ધર્મને પ્રાપ્ત કર્યો એટલે? જિન એટલે વીતરાગી પરમાનંદ સ્વરૂપ એને દૃષ્ટિમાં લઈને 'વસ્તુ આ' એમ પ્રાપ્ત પ્રતીત જ્ઞાનમાં કર્યો એણે જૈન ધર્મની પ્રાપ્તિ કરી. જૈન ધર્મ એટલે કે વસ્તુની પ્રાપ્તિ. અહીં તો શબ્દ વાપર્યો છે. એ વસ્તુનું સ્વરૂપ જ એટલું ને એવડું છે. આહાહા..!

મહાન પદાર્થ ચૈતન્ય ભગવાન, જેની ખાણમાં અનંત અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે એવો આત્મા છે. આહાહા..! જેના ગર્ભમાં, જેના પેટમાં અનંતા સિદ્ધ પાકે એવો એ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એવું ચૈતન્ય ધ્રુવ સત્ત્વ તત્ત્વ બેહદ શક્તિથી ભરેલું એને જેણે અંતર દૃષ્ટિમાં આત્મા આવો પ્રાપ્ત કર્યો એણે સાધકપણું પ્રાપ્ત કરી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય એને હાથ આવ્યો. સમજાણું કાંઈ? શું આ કહેવાય છે? ઉપાય હાથ આવ્યો. કોનો? કેવળજ્ઞાન પૂર્ણ દશા પ્રાપ્ત કરવાનો, વીતરાગ પરમાત્મા પૂર્ણ થવાનો.

જિનેશ્વરદેવ પૂર્ણ જે થયા એની પૂર્ણ પર્યાય પોતાની પ્રાપ્ત કરવાનો. પૂર્ણ વસ્તુની દૃષ્ટિ કરી અને દૃષ્ટિમાં લબ્ધ આત્માને પ્રાપ્ત કર્યો એણે પૂર્ણ પર્યાય પ્રાપ્ત કરવાનો ઉપાય કરી લીધો. એ ઉપાયથી પૂર્ણ પર્યાય જેટલી હતી શક્તિ **'नियमित'** **'જેટલું હતું તેટલું...'** પ્રગટ થઈ ગયું. જેટલી અંદર શક્તિ હતી બેહદ જ્ઞાનની એટલી પર્યાયમાં બેહદ જ્ઞાન પ્રગટ થઈ ગયું. સમજાણું કાંઈ? વાત જ બીજી જાણે આ તો કોની હશે? વીતરાગની હશે? જૈન પરમેશ્વરનો આવો માર્ગ હશે? પણ બીજું અંદર ચાલે તો એનો માર્ગ કહે, માણસ એમ માને.

મુમુક્ષુ :– ફોટા પડતા હશે?

ઉત્તર :– ફોટા પડે હા, ફોટા પડે અંદર પર્યાયમાં. આહાહા..! સમજાણું કાંઈ?

એ ચારે કોરથી દૃષ્ટિને વાળી અને સ્વભાવમાં મેળવી દેવી. આહાહા..! એનાથી જે પ્રગટેલો સાધકભાવ એનાથી પ્રગટ્યો જે પૂર્ણ કેવળજ્ઞાન. આ **'नियमित'** એમ કીધું છે. ભાષા કેવી કરી છે! ખરેખર તો **'नियमित'** એટલે જેવું નિશ્ચય સ્વરૂપ છે તેવું જ પર્યાયમાં નિશ્ચય પ્રગટ થઈ ગયું એમ કહેવું છે. આચાર્યને એમ કહેવું છે, જેવું એનું પૂર્ણ સ્વરૂપ જ્ઞાન ને આનંદ આદિ શક્તિનું પૂર્ણ (સ્વરૂપ) છે એટલું જેની પર્યાયમાં–અવસ્થામાં પૂર્ણ સ્વરૂપ એવું પ્રગટ થઈ ગયું. એને સાધ્ય દશા અથવા મોક્ષ દશા અથવા ઉપાયનો ઉપેય ફળ દશા કહેવામાં આવે છે. બહુ ટૂંકી વાત. મહાન જેના ફળ. સમજાણું કાંઈ? કહે છે કે, એ આઠેય કર્મનો નાશ થઈ અથવા ચાર કર્મ આદિનો નાશ થઈ... એ તો ચાર કર્મ નાશ થાય તોપણ મોક્ષ જ છે.

**'જેટલું હતું તેટલું કેવળજ્ઞાનસ્વરૂપ જેનું, એવી છે.'** પ્રગટ થયું છે. કેવું? જેવું જ્ઞાન સ્વરૂપ અંદર છે એવું જ અંતરની દૃષ્ટિ એકાગ્ર થવાથી જેવું સામર્થ્ય શક્તિમાં પર્યાયનું છે તેવું જ પર્યાયમાં પ્રગટ થઈ ગયું. શક્તિમાં જે અનંતતા છે એવી જ પર્યાયમાં કેવળજ્ઞાનની

અનંતતા પ્રગટ થઈ ગઈ. સમજાણું કાંઈ? અહીં તો સાધક ને સાધ્ય બેય વાત આમાં સમાડી દીધી.

**'ભાવાર્થ આમ છે કે પરમાત્મા સાક્ષાત્ નિરાવરણ છે.'** વસ્તુ જેમાંથી મોક્ષ દશા પ્રગટ થાય એવો જે ભગવાનઆત્મા એમાં એકાગ્ર થતાં પરમાત્મા પોતે નિરાવરણપણે પરિણમી જાય છે. શું સમજાણું આમાં? એ બારમો શ્લોક થયો. પહેલું તો ઘણું આવ્યું હતું, પહેલું આવ્યું હતું ને?

મુમુક્ષુ :– જેટલું હતું તેટલું કે...

ઉત્તર :– હા, જેટલી હતી સ્વભાવની શક્તિ એટલી પર્યાયમાં પૂર્ણ પ્રગટી, એમ. બધું એ આખું પૂર્ણ પ્રગટ્યું. અધૂરું ન રહ્યું એનું નામ પૂર્ણ પ્રગટ્યું, એમ. શક્તિ અનંત બેહદ જ્ઞાન હતું એટલું બેહદ જ્ઞાન પર્યાયમાં (પ્રગટ્યું). ભલે એક સમયની પર્યાય જાય ને બીજી આવે પણ એ બધી શક્તિ પૂર્ણ હતી એવી જ આવે છે. સમજાણું કાંઈ? એમ કે ઓલો એક સમયનો પર્યાય... ઈ છે... જેટલો હતો એનો અર્થ ઇ નિશ્ચયમાં જેટલું સત્ત્વ હતું પૂર્ણ થવાનું એવું પૂર્ણ પર્યાયમાં પ્રગટ થઈ ગયું. એનું નામ સિદ્ધ દશા, મોક્ષ દશા ને કેવળજ્ઞાન દશા કહે છે. એ કેવળજ્ઞાન ને મોક્ષ દશા એ આત્મા અંદર પૂર્ણાનંદ ભગવાન છે અનંત બેહદ સ્વરૂપી એના અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા દ્વારા તે પ્રગટ થાય છે. બીજો કોઈ એનો ઉપાય ત્રણકાળ, ત્રણલોકની અંદર વિનિત વીતરાગ માર્ગમાં નથી. અન્ય માર્ગમાં તો માર્ગ હોઈ શકે નહિ, અન્યમાં તો એ માર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ?

પૂર્ણ હતો એ પર્યાયમાં પૂર્ણ પ્રગટ્યો એમ કહેવાનો આશય છે. કેવળ **'अर्चिः'**. **'अर्चिः'** છે ને? જ્યોતિ **'अर्चिः'** એટલે જ્યોત પ્રગટી. ભગવાન ચૈતન્યજ્યોત પૂર્ણ જે અંદર છે એની અંતર સમ્યગ્દર્શન-જ્ઞાનની એકાગ્રતા દ્વારા **'अर्चिः'** પર્યાયમાં પૂર્ણ **'अर्चिः'** પ્રગટ થઈ ગઈ, ઝબકી ઉઠી કેવળ દશા. આહાહા..! સમજાણું કાંઈ?

હજી કેવળજ્ઞાનના વાંધા કાઢે. એની શક્તિ ખરી અનંત ગુણી પણ અનંતા જ્ઞેયો નથી માટે જાણતા નથી. જુઓ! એ નિમિત્ત પ્રધાનતા આવી. એમ કહે, લ્યો! એને સામર્થ્ય બતાવવા પણ જ્ઞેયો ન મળે એટલે કોને જાણે? માટે જ્ઞેય કારણ છે ને આ કાર્ય છે, એમ. અરે..! ભગવાન! પણ એની બલિહારી છે ને! આહાહા..! અરે..! તારું માપ બેહદનું છે. નિમિત્ત હોય ને ન હોય એનો પ્રશ્ન નથી. એવી તાકાત, એવી તાકાત પૂર્ણ જેટલો તે પ્રગટ થઈ ગયો.

જેણે દૃષ્ટિમાં આત્મા લીધો, જેણે વિકલ્પ રહિત નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા, સમ્યક્ દ્વારા આત્મા પકડ્યો એને સમ્યક્ પહેલું તો કેવળજ્ઞાન શ્રદ્ધામાં પ્રગટી ગયું. એકલું જ્ઞાન છે એમ શ્રદ્ધામાં પ્રગટ્યું. એકલું જ્ઞાનનો અર્થ જ કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન છે અને પ્રગટશે તે એકલું જ્ઞાન પૂર્ણ રહેશે, અપૂર્ણ અધુરું રહેશે નહિ. એમ શ્રદ્ધામાં જ કેવળજ્ઞાન પહેલું પ્રગટ્યું. સમજાણું કાંઈ?

જ્ઞાને પણ એમ જાણ્યું કે, આ પૂર્ણ છે. માટે જ્ઞાને પણ કેવળજ્ઞાનને નક્કી કર્યું કે, કેવળજ્ઞાનમય જ હું છું. ચારિત્ર પણ એની ઇચ્છામાં વર્તે છે કે, આ પૂર્ણ થાય, પૂર્ણ થાય. પૂર્ણ છું એવું શ્રદ્ધા-જ્ઞાનમાં છે, ઇચ્છામાં ઇ જ વર્તે છે કે, પૂર્ણ પ્રગટ દશા થાય. સમજાણું કાંઈ?

કહે છે, એવો ભગવાન જેવો છે એવો બહાર આવ્યો, પડદા બહાર. પડદા તોડીને બહાર આવ્યો. નાટકમાં આવે છે કે નહિ? વેશ અંદર પહેર્યો હોય ને એ પડદો કાઢે આમ તોડે કાં આખો ઊંચો કરે ને કાં બે કટકા કરે. બે કરે છે ને? કાં ઊંચો કરે આમ. કાં આમ બે ફાડે. એમ આ જ્ઞાનાવરણીય આદિ પડદો તોડી ભગવાન અંદરમાં હતો એટલો એવો પ્રગટ થઈ ગયો. સમજાણું કાંઈ? આ 'સમયસાર નાટક' કહેવાય છે. નાટકની ઉપમા આપી છે ને? ભગવાન અંદર બિરાજે છે, બાપા! આહાહા..! કહે છે કે, એનું ભાન કરતાં એ પડદા તૂટીને પડદા બહાર કેવળજ્ઞાનપણે બહાર આવી ગયો. બસ! કૃત્યકૃત્ય થઈ ગયો. જે કાર્ય કરવાનું હતું તે થયું. એ કાર્ય હવે અનંત કાળ એમ ને એમ રહ્યા કરશે. એનું નામ મોક્ષ દશા કહેવાય છે. તેરમો, ૨૭૬.

---

( માલિની )

अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-
न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहः।
उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।।१३-२७६।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'एतत् अमृतचन्द्रज्योतिः उदितम्' ( एतत् ) પ્રત્યક્ષપણે વિદ્યમાન ( अमृतचन्द्रज्योतिः ) 'અમૃતચંદ્રજ્યોતિ'; - આ પદના બે અર્થ છે. પહેલો અર્થ - ( अमृत ) મોક્ષરૂપી ( चन्द्र ) ચંદ્રમાનો ( ज्योतिः ) પ્રકાશ ( उदितम् ) પ્રગટ થયો. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો. બીજો અર્થ આમ છે કે ( अमृतचन्द्र ) અમૃતચંદ્ર નામ છે ટીકાના કર્તા આચાર્યનું, તેમની ( ज्योतिः ) બુદ્ધિના પ્રકાશરૂપ ( उदितम् ) શાસ્ત્ર સંપૂર્ણ થયું. શાસ્ત્રને આશીર્વાદ દેતા થકા કહે છે - 'निःसपत्नस्वभावम् समन्तात् ज्वलतु' ( निःसपत्न ) નથી કોઈ શત્રુ જેનો એવું, ( स्वभावम् ) અબાધિત સ્વરૂપે ( समन्तात् ) સર્વ કાળ સર્વ પ્રકારે ( ज्वलतु ) પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન હો. કેવું છે? 'विमलपूर्णं' ( विमल ) પૂર્વાપર વિરોધરૂપ મળથી રહિત છે તથા ( पूर्णं ) અર્થથી ગંભીર છે. 'ध्वस्तमोहम्' ( ध्वस्त ) મૂળથી ઉખાડી નાખી છે ( मोहम् )**

**ભ્રાન્તિ જેણે, એવું છે. ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રમાં શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે. વળી કેવું છે ? 'आत्मना आत्मनि आत्मानम् अनवरतनिमग्नं धारयत्' ( आत्मना ) જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે ( आत्मनि ) શુદ્ધ જીવમાં ( आत्मानम् ) શુદ્ધ જીવને ( अनवरतनिमग्नं धारयत् ) નિરંતર અનુભવગોચર કરતું થકું. કેવો છે આત્મા ? 'अविचलितचिदात्मनि' ( अविचलित ) સર્વ કાળ એકરૂપ જે ( चित् ) ચેતના તે જ છે ( आत्मनि ) સ્વરૂપ જેનું, એવો છે. નાટક સમયસારમાં અમૃતચંદ્રસૂરિએ કહેલો જે સાધ્ય-સાધક ભાવ તે સંપૂર્ણ થયો. નાટક સમયસાર શાસ્ત્ર પૂર્ણ થયું. - આ આશીર્વાદ વચન છે. ૧૩-૨૭૬.**

---

**( માલિની )**

**अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-**
**न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहः।**
**उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-**
**ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।।१३-२७६।।**

પોતે પણ પોતાનું નામ નાખ્યું અને ભગવાન 'અમૃતચંદ્રે' જ્યોતિ આપી આત્માનું નામ. **'एतत् अमृतचन्द्रज्योतिः उदितम्'** 'અમૃતચંદ્રાચાર્ય' આ ટીકા કરનારા દિગંબર સંત મુનિ કેવળજ્ઞાનના કાળજા ખોલી નાખ્યા એવા છે. સમજાણું કાંઈ? અ-મૃત–મરે નહિ એવી મોક્ષ લક્ષ્મી જેને પ્રગટ થાય, જેનું મૃત્યુ નથી એટલે પૂર્ણ દશા પ્રાપ્ત (થયા) પછી જેને પાછું પડવું નથી. સમજાણું કાંઈ?

**'પ્રત્યક્ષપણે વિદ્યમાન 'અમૃતચંદ્રજ્યોતિ';...'** આ પ્રત્યક્ષરૂપે વિદ્યમાન 'અમૃતચંદ્રજ્યોતિ'. ભગવાનઆત્મા પૂર્ણ દશા પ્રગટ થતાં 'અમૃતચંદ્રજ્યોતિ' મરે નહિ એવી પ્રકાશરૂપ જ્યોત વિદ્યમાન એમ ને એમ પર્યાય વર્તે છે. જુઓ! **'આ પદના બે અર્થ છે. પહેલો અર્થ - ' 'अमृत'** એટલે **'મોક્ષરૂપી...'** અમૃત એટલે મોક્ષ, અમૃત એટલે મોક્ષ. **'चन्द्र'** એટલે **'ચંદ્રમાનો પ્રકાશ પ્રગટ થયો.'** મોક્ષરૂપી ચંદ્રમાનો પ્રકાશ પ્રગટ થયો. ભગવાનઆત્મામાં અંતર મોક્ષરૂપી લક્ષ્મી ચૈતન્યની અંદર શક્તિમાં પડી હતી, શક્તિના સત્ત્વમાં જોરદાર લક્ષ્મી પડી હતી. સમજાણું કાંઈ?

જુઓ ને આ હીરાની ખાણું ને માણેકની ખાણું ને ફલાણાની ખાણું ને એવું બહુ લખાણ આવે છે. કાંઈ નીકળ્યું છે ને આમ નીકળે છે. ખુશી.. ખુશી (થઈ જાય). ધૂળેય–પાઈ પણ તારી સાથે આવે એમ નથી. આહાહા..! આહાહા..! અહીં તો ખાણું હીરાની નીકળી, માણેકની નીકળી, ઢીંકણાની નીકળી જે નીકળતું હોય. એવું આવે છે. આમ રાજી રાજી (થઈ જાય). અરે..! બાપા! આ ખાણુંનો દેખનારો મહા ખાણવાળો એને તો જો! ધૂળમાંય નથી. મરી

જાય એં.. એં... થઈને ચાલ્યો જશે. મરતા મડતા ઉપર માથે હીરા માથે ખડકે તો? ઢગલા પડ્યા હોય એની પાસે. આહાહા..! અરે..! ભગવાન! મોટો ચૈતન્ય શરણ બહારની ભીડે ભીંસાય નહિ એવું એ તત્ત્વ છે. આહાહા..! એ બંધાયેલું નથી. સમજાણું કાંઈ? જેમાં દેહ, દેશ અને વેશ રાગનો પણ જેમાં નથી. આહાહા..! શું કીધું?

જે ભગવાનઆત્મા એને દેહ પણ નથી ને દેહમાં આ દેશ જેમાં રહ્યો એ દેશ પણ એને નથી. કોને માનવા મારા દેશ ને કોને માનવા મારા દેહ? દેહાતીત, દેશાતીત, વચનાતીત, રાગાતીત (છે). આહાહા..! સમજાણું કાંઈ? એક રાગનો વિકલ્પ, એક ક્ષણનો ભેખ માથે વિકાર છે. એના મૂળ સ્વરૂપમાં એ વિકારનો પણ ભેખ નથી. 'શશીભાઈ'! આહાહા..! કોને મારા માનવા ને કોને તારા ટાળવા? સમજાણું?

ભગવાનઆત્મા 'અમૃતચંદ્રજ્યોતિ'. આ તો વળી પહેલો અર્થ મગજમાં આવ્યો છે– દ્રવ્યનો. એ અમૃત છે પોતે. મરે નહિ એવું. એની શક્તિઓ એવી ને એવી અનાદિ પડી છે. અમૃત એવો ચંદ્ર પ્રકાશની જ્યોત દ્રવ્ય સ્વભાવ છે. અહીં ભલે મોક્ષલક્ષ્મી લીધી. સમજાણું કાંઈ? ઇ એમાં છે તે એવી પ્રગટી છે એમ કહે છે. આહાહા..! એ આવરણથી અવરાય નહિ, રાગથી ઢંકાય નહિ એવો ભગવાનઆત્મા 'અમૃતચંદ્રજ્યોતિ' છે. ટીકા કરનાર પણ 'અમૃતચંદ્ર' મળ્યા, જુઓને! છે? અહીં તો પર્યાય લીધી છે, હોં! હું તો વાત કરું દ્રવ્યની હમણા પહેલી. કેમકે જે કહેવાય છે આ મોક્ષરૂપી ચંદ્રનો પ્રકાશ ઉદિત થાય છે, પ્રગટ થાય છે. પ્રગટ થાય છે પણ શેમાંથી?

ભગવાનઆત્મા શરીર, કર્મ ને દેશ વિનાની ચીજ આ હું છું એવો વિકલ્પ રાગ એના વેશના ભેખથી પણ ભિન્ન, એ રાગમાં અટકવું એવું એનું સ્વરૂપ જ, સ્વભાવ જ નથી. સમજાય છે? ઇ એક સમયની પર્યાય અટકી એ તો એક સમયનો અંશ... અંશ... અંશ... અંશ... અટકેલો છે. વસ્તુનો સ્વભાવ, રાગમાં કોઈ વસ્તુનું સ્વરૂપ જ નથી. આ શું અર્થ થાય છે? 'અમૃતચંદ્રજ્યોતિ'નો અર્થ થાય છે. ભગવાનઆત્મા મરે નહિ. એ રાગથી અવરાય નહિ એવી ચીજ છે એમ કહેવું છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? કર્મથી તો ઢંકાય નહિ, વિકારથી ઢંકાય (નહિ). વિકાર તો એક સમયનો કોઈ એક ગુણનો એક અંશ વિકૃત છે. વસ્તુ સ્વરૂપ આખું કોઈથી ઢંકાય નહિ એટલે આચ્છાદાય નહિ એટલે કે મરે નહિ એટલે કે હિણું થાય નહિ. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા મોક્ષરૂપી લક્ષ્મીથી ભરેલો એટલે મુકાયેલું તત્ત્વ છે એમ કહેવું છે અહીં જરીક. સમજાણું? એ રાગથી, પરથી મુકાયેલું તત્ત્વ છે. ક્યારે? આહાહા..! જો એનાથી એકમેક હોય તો કોઈ દિ' જુદું પડે નહિ. જુદું છે તો જુદું થાય છે, જુદું છે તો જુદું થાય છે. આહાહા..!

એ ભગવાનઆત્મા એના મહિમાની વાત શું કરે! બાર અંગ પણ કહે છે કે, વાતમાં સ્થૂળતા વર્ણવે છે. બાર અંગમાં પણ શાસ્ત્ર આત્માની વાતની સ્થૂળતા વર્ણન કરે છે. સ્થૂળ

કથન છે સૂક્ષ્મ તો અનંતગુણું બહુ રહી ગયું છે, કહે છે. એ ચૌદ પૂર્વ ને બાર અંગમાં સ્થૂળ કથન છે. ઓહોહો..! પૂર્વ જ્ઞાન ને બાર અંગ કહેવાયને મોટું! અરે..! ભાઈ! તારી મોટપ વાણીમાં કોઈ દિ' પૂરી આવે નહિ. આહાહા..! એવો ભગવાનઆત્મા અમર તત્ત્વથી, અમર શક્તિથી ભરેલો અમર આત્મા. સમજાણું કાંઈ? એવો ભગવાન અમર અમૃત મોક્ષ સ્વરૂપ ચંદ્રમા પ્રગટ ઉદિત થયો. જેવો છે એવો પ્રગટ થાય છે. એવા સ્વરૂપનું ભાન કરીને એના ઉપર મીટ માંડીને, આવા આત્મા ઉપર મીટ માંડીને છે એવો પ્રગટ થાય છે.

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.'** જુઓ! શું કહે છે? ભાવાર્થમાં જુઓ! આ નાખ્યું, જોયું? **'શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.'** શું કીધું? ભગવાનઆત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ એવો સ્વભાવ એવો મોક્ષમાર્ગ, એ જ મોક્ષમાર્ગ છે. એ શુદ્ધ જીવ સ્વરૂપની પ્રતીત, જ્ઞાન, રમણતા એ શુદ્ધ જીવની પરિણતિ એ મોક્ષમાર્ગ છે એમ કહે છે. ઉપાય-ઉપાય. શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ, **'શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો.'** ભગવાનાત્મા શુદ્ધ જીવસ્વરૂપ, શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ. એ મોક્ષમાર્ગ પર્યાય શુદ્ધ જીવસ્વરૂપ જ છે. જેવું શુદ્ધ સ્વરૂપ શક્તિનું સત્ત્વ છે એવી જેની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ શુદ્ધ જીવસ્વરૂપ જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ કોઈ રાગસ્વરૂપ, નિમિત્તસ્વરૂપ, વિકારસ્વરૂપ મોક્ષમાર્ગ નથી, એમ કહે છે. આહાહા..!

માણસને ભારે લાગે છે, હોં! આ તો એકાંત છે. ભગવાન! સાંભળ બાપુ! એ એકાન્ત માર્ગ એકાન્ત કેવળ પ્રગટે છે, ભાઈ! આહાહા..! પણ એને ઓલો વ્યવહાર એવું ખટકે છે. એવું એને ખટકે છે. ભાઈ! એમની ભૂલને અમને ખબર નહિ ત્યાં સુધી અમે કાંઈક કહ્યું હશે. હવે તો ક્રમબદ્ધ સ્થાપે છે. ભગવાન! ક્રમબદ્ધનો અર્થ સાક્ષીસ્વરૂપ તું ત્રિકાળ છો.

જોનાર-જાણનાર શક્તિથી ભરેલું તત્ત્વ એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ શુદ્ધ જીવસ્વરૂપ જ મોક્ષમાર્ગ છે. જેવું શુદ્ધ સ્વરૂપ છે વસ્તુ એવો જ એનો મોક્ષમાર્ગ શુદ્ધ જીવસ્વરૂપ જ મોક્ષમાર્ગ છે. શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગમાં શું કહ્યું? કે, શુદ્ધ જીવ વસ્તુ જે શુદ્ધ ત્રિકાળ ધ્રુવ છે એવો જ સમ્યગ્દર્શન, એનો શુદ્ધ જીવસ્વરૂપ સમ્યગ્દર્શન છે. ભાઈ! આ ત્રણને જુદું પાડીએ તો. શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એટલે? રાગાદિ, મન આદિ કાંઈ ન મળે. એવો શુદ્ધ જીવસ્વરૂપ એનું જે સમ્યગ્દર્શન એ શુદ્ધ જીવસ્વરૂપ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન શુદ્ધ જીવસ્વરૂપ છે. ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ દ્રવ્ય વસ્તુ છે એવું જ સમ્યગ્દર્શન એ શુદ્ધ જીવસ્વરૂપ છે. એ પર્યાય પણ શુદ્ધ જીવસ્વરૂપે પ્રગટી છે. આહાહા..! સમજાણું કાંઈ? વિકલ્પ જે શુભ વ્યવહાર આદિ છે એ રૂપે એ જીવસ્વરૂપ નથી માટે એ રૂપે મોક્ષમાર્ગ પણ નથી. પેલા કહે, વ્યવહાર જ્યાં આવે છે ત્યાં તિરસ્કાર કરે છે, નિશ્ચય આવે તો ગળું પકડે છે. એ કહેતા હતા ને? કોણ? પંડિતજી. ભગવાન! સાંભળ, બાપા! ભાઈ! જેને છોડવું છે એને પકડવું શું? જે છૂટી જાય છે એને પકડવું શું? જે રહે, રાખેલું રહે તેને પકડવું છે. સમજાણું

કાંઈ? અરે..! આહાહા..!

જુઓને કાંઈ તરણા તોલની ગણતરી છે મૃત્યુકાળ. આ લાખો માણસ હોય આમ. જાવ... થઈ રહ્યું, હાય.. હાય..! આમાં ઈશ્વર ક્યાં ગયો? આવા બધા કામ સારા કર્યા માટે ઈશ્વર એને થોડું વધારે જીવાડે તો. શું હતું પણ ક્યાં હતી? એ તો ત્રિકાળ ચૈતન્યમૂર્તિ વસ્તુ છે એની ભૂલને લઈને ભમી રહ્યો છે. ઇ એની ભૂલને લઈને ભમી રહ્યો (છે). ભગવાન ભૂલમાં પડ્યો ભમે છે. એને કોઈ ભગવાન તારે છે, કોઈ બુડાડે છે એવું નથી. ઈશ્વર-બિશ્વર કોઈ છે (નહિ). હોય પણ શી રીતે? આહાહા..!

પોતે જ ઈશ્વરની મૂર્તિ છે. આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, જ્ઞાનેશ્વર, દર્શનેશ્વર, આનંદેશ્વર, અસ્તિત્વઈશ્વર, શાંતિઈશ્વર, પ્રભુતાઈશ્વર એ એક એક ગુણના ઈશ્વરપણે અનંત ઈશ્વરની મૂર્તિ જ આત્મા છે. એનું જેવું શુદ્ધ સ્વરૂપ એવો જ એનો શુદ્ધ જીવ સ્વરૂપ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? જુઓ! આ કાઢ્યું જોયું એમાંથી? આ માર્ગનું કાઢ્યું પહેલું. પછી વળી નામકર્તાનું કાઢશે. ભાવનું કાઢ ને પહેલું. છે ને? બીજો અર્થ પછી કહેશે.

'અમૃતચંદ્રજ્યોતિ' ભગવાન 'અમૃતચંદ્રજ્યોતિ' આત્મા એનો માર્ગ પણ 'અમૃતચંદ્રજ્યોતિ' શુદ્ધ જીવસ્વરૂપ, એમ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ સમ્યગ્દર્શન પણ શુદ્ધ જીવસ્વરૂપ, સમ્યગ્જ્ઞાન પણ શુદ્ધ જીવસ્વરૂપ અને ચારિત્ર પણ શુદ્ધ જીવસ્વરૂપ. ભગવાન પોતે શુદ્ધપણે પરિણમ્યો એ શુદ્ધ જીવસ્વરૂપ જ એનો મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? બહુ નાખ્યું. આ શાસ્ત્રજ્ઞાન ને વ્યવહાર શ્રદ્ધા ને પંચ મહાવ્રતના પરિણામ ને બધું ક્યાંય નાખી દીધું. જીવનું સ્વરૂપ ક્યાં હતું ઇ? આહાહા..!

ભાઈ! તને તારા સ્વરૂપની માહાત્મ્ય દૃષ્ટિ નથી એટલે બીજા ઉપર એને માહાત્મ્ય દે છે કે, આ હોય ને તો ઠીક પડે, હોં! આ હોય ને તો ઠીક પડે. વિકલ્પ ઉઠે તો આ હોય ને તો મને સાધન પડે. પણ ભાઈ! તારા સ્વરૂપમાં કોઈ બહારના સાધનની જરૂર નહિ એવો સાધન સ્વભાવ શુદ્ધ સ્વરૂપ તું પડ્યો છો. આહાહા..!

એવો ભગવાનઆત્મા પુણ્ય-પાપની મલિનતાના અંશથી પણ જુદું તત્ત્વ જે શુદ્ધ સ્વરૂપે પ્રભુ. સ્વ-રૂપ–શુદ્ધ પવિત્ર સ્વરૂપ. એવો જ એનો મોક્ષમાર્ગ શુદ્ધ સ્વરૂપે જીવ તે મોક્ષમાર્ગ. શુદ્ધ જીવનું સ્વરૂપ તે જ મોક્ષનો માર્ગ. વાહ! સમજાણું કાંઈ? ઉપાય પણ એ ને ઉપેય પણ એ એમ સિદ્ધ કરવું છે. એનો એ ભગવાન શુદ્ધ સ્વરૂપે છે એવું શુદ્ધ સ્વરૂપે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, સ્થિરતા એ જીવનું શુદ્ધ સ્વરૂપ એ જ મોક્ષમાર્ગ છે. એ પૂર્ણ થાય છે જીવનું શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ છે, પૂર્ણ થયો તે મોક્ષ છે. સમજાણું કાંઈ? કહો, આ તો ગુજરાતી છે, આમાં સમજાય એવું છે કે નહિ?

અરે..! કહે છે કે, તારા આત્માની અનાદિ અનંતતાની અચિંત્યતા કોઈ વાણી દ્વારા ન આવે એવડો તું. માટે તારે કોઈ શરીરના વર્ષની આયુષ્યની જરૂર નથી, શરીરના વર્ષની

આયુષ્યની જરૂર નહિ, નિરોગતાની જરૂર નહિ. સમજાણું કાંઈ? આહાહા..! પાંચ ઇન્દ્રિયની પરવડાની જરૂર નહિ. આહાહા..! જરૂર એક તારા પૂર્ણાનંદ પરમાત્માની દૃષ્ટિ કરવાની એક. એ વિના તારા કોઈ મોક્ષમાર્ગમાં લેખે લાગે એવું નથી. સમજાણું કાંઈ?

એને મોહ ન બતાવ 'પરમાત્મ પ્રકાશ'માં આવ્યું હતું. એને હીણો ન કહે. એ પૂરો તેને પૂરો છે એને પૂરો કહીને એને સંભળાવ. સમજાણું કાંઈ? એવી કાંઈક શૈલી એક ઠેકાણે આવી હતી. એ ભગવાન પૂરો પરમાત્મ સ્વભાવે ભરેલો એને હીણો કરીને તું નહિ સમજી શકે, તારાથી નહિ થાય, એમ રહેવા દે કહે છે. કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે એવી તાકાત ને તું આટલું સમજી શકે નહિ એમ કેમ કહેવું એને? તને લાંછન લાગે છે, બાપા! આહાહા..! એને પેલો શોભા કહે છે. ન સમજી શકાય, હોં! મને એ સમજાય નહિ... સમજાય નહિ... સમજાય નહિ. સંસાર સમજાય. આ બધું સમજાય ધૂળ ને ધમાહા. તું પોતે? એ આપણને સમજાય નહિ. અરે..! ભગવાન! તું તને ન સમજાય? આ તે શું તને કહે છે? કહે છે કે, તારો માર્ગ જ શુદ્ધ જીવસ્વરૂપે છે. સમજાણું કાંઈ? શુદ્ધ જીવસ્વરૂપ તું છો અને શુદ્ધ જીવસ્વરૂપ તારો માર્ગ છે. માર્ગ આ છે. એ માર્ગમાં આવી શકાય નહિ એમ કેમ કહે છે?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઇ નો ઇ જો રહ્યો હોય તો અહીં ને ત્યાં બે ફેર કેમ પડે? ઇ નો ઇ જો રહ્યો હોય તો. તો ઇ નો ઇ રહે છે કે નહિ આત્મા? શેમાં? આહાહા..!

કહે છે, તું જોનારને જો! એ જોનારની એવી તાકાત એની છે કે, જેના જોવામાં જ શુદ્ધ જીવસ્વરૂપ પર્યાય પ્રગટ થાય છે. બીજાને જોવાથી અશુદ્ધપણું પ્રગટ થાય છે. એ કાંઈ તારા મોક્ષના માર્ગમાં કામ આવતા નથી. આહાહા..! **'એવા અર્થનો પ્રકાશ થયો.'** કહે છે, એવો સાધકપણાનો પ્રકાશ થયો, એક તો ન્યાં એમ કહ્યું. સમજાય છે?

**'બીજો અર્થ આમ છે કે અમૃતચંદ્ર નામ છે ટીકાના કર્તા આચાર્યનું,...'** આચાર્ય ટીકાના કરનારનું નામ 'અમૃતચંદ્રાચાર્ય' સંત મુનિ છે. **'તેમની બુદ્ધિના પ્રકાશરૂપ શાસ્ત્ર સંપૂર્ણ થયું.'** લ્યો! વાચક પૂર્ણ થયું એમ કહે છે. શબ્દ હવે જે કહેવાના હતા એ પૂરા થાય છે. 'સમયસાર' એમ. સમજાણું કાંઈ? **'अमृतचन्द्रज्योतिः उदितम्'** એમ. ઓલામાં કીધું હતું **अमृतचन्द्रज्योतिः उदितम्' 'મોક્ષરૂપી ચંદ્રમાનો પ્રકાશ પ્રગટ થયો.'** અહીં એમ કહ્યું કે, 'અમૃતચંદ્ર' ટીકાના કર્તા ભગવાન 'અમૃતચંદ્ર' એના બુદ્ધિનો પ્રકાશ એ શાસ્ત્ર સંપૂર્ણ થયું. બુદ્ધિના પ્રકાશે જે આ ટીકા થઈ છે ને એ શાસ્ત્ર પૂરું થાય છે. ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય'ની બુદ્ધિ..! સમજાણું છે? એની ટીકા..!

**'શાસ્ત્રને આશીર્વાદ દેતા થકા કહે છે...'** શાસ્ત્રને આશીર્વાદ દેતા કહે છે. **'निःसपत्नस्वभावम् समन्तात् ज्वलतु' 'निःसपत्न' 'નથી કોઈ શત્રુ જેનો એવું, અબાધિત સ્વરૂપે...'** પ્રતિપક્ષ કોઈ છે નહિ. **'સર્વ કાળ સર્વ પ્રકારે પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન**

**હો.'** એક તો શાસ્ત્ર છે ને એક તો શાસ્ત્રે કહેલા ભાવ, એ પ્રમાણે આશીર્વાદ આપે છે. પોતાને પોતે (આશીર્વાદ આપે છે). આ પ્રગટેલા ભાવ એમ ને એમ રહો. ઓહો..! ભગવાનઆત્મા ચૈતન્ય પરમાત્મ સ્વરૂપ જે દ્રવ્ય છે એનો મોક્ષમાર્ગ જે પ્રગટ્યો એ એમ ને એમ **'ज्वलतु'** રહો. આશીર્વાદ એટલે પોતાની અપ્રતિહત દશા એમ ને એમ રહો. એમ એક તો આશીર્વાદ કહે છે. પોતે પોતાને આશીર્વાદ આપે છે. બીજાના આશીર્વાદ શું કામના?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ગુરુ પોતે જ આત્મા ગુરુ છે મોટો. એમાંથી જ એને આ વાણી નીકળી એવું વાચ્ય પણ એમાંથી નીકળેલું છે. કહો, સમજાણું કાંઈ?

**'નથી કોઈ શત્રુ જેનો એવું, અબાધિત સ્વરૂપે...' 'स्वभावम्' 'समन्तात्' 'સર્વ કાળ સર્વ પ્રકારે પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન હો.'** ભગવાનઆત્મા સંપૂર્ણ એ રીતે પ્રગટ થાવ. સર્વ કાળ સર્વ પ્રકારે એવો ને એવો ભગવાન જેવો શુદ્ધ સ્વરૂપે હતો એવો જે પર્યાયમાં જણાણો એવો પ્રગટ રહો. એમ ને એમ સદાય રહો. એવો આત્મા પોતે પોતાને પોકારે છે. આહાહા..! આની આ દશાએ કેવળજ્ઞાન લઈને એમ ને એમ અમે રહેશું એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ? આ જે સ્વભાવ (છે) એને પકડી શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો તે એમ ને એમ **'પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન હો.'** જેના પ્રતાપ આગળ કોઈ શત્રુ હોય નહિ, છે નહિ.

પ્રભુતા શક્તિ વર્ણવી છે ને? સ્વતંત્ર પ્રભુતા જેની શક્તિ છે. પ્રભુતા પ્રતાપ જેનો અખંડિત સ્વતંત્ર શોભે છે. એવો ભગવાનઆત્મા મોક્ષમાર્ગે સ્વતંત્ર પ્રતાપે શોભે, વસ્તુએ તો શોભે છે પણ મુમુક્ષુની પર્યાય પણ પરિપૂર્ણ થઈને પ્રતાપવંત શોભે છે. એમ ને એમ રહો, એમ ને એમ રહો. ઓહોહો..! જેને હવે વિકલ્પ આવીને તોડી શકે ને ઘટાડી શકે એવું છે જ નહિ એમ કહે છે. શુદ્ધ સર્વકાળ **'समन्तात्'** છે ને? સમસ્ત પ્રકાર. સર્વ કાળ ને સર્વ પ્રકારે **'પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન હો.'** શાસ્ત્ર પણ એવું છે ને આત્મા પણ એવો છે, બેય લઈ લેવું.

**'विमलपूर्ण' 'પૂર્વાપર વિરોધરૂપ મળથી રહિત છે...'** સમજાણું કાંઈ? એ શાસ્ત્ર પણ પૂર્વાપર વિરોધ રહિત છે અને કહેલો સમયસાર ભાવ પણ પૂર્વાપર વિરોધ રહિત એમાં કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? **'विमलपूर्ण' 'પૂર્વાપર વિરોધરૂપ મળથી રહિત છે...'** પહેલા કંઈ કહ્યું હોય ને પછી કંઈ ભાવ આવે એમ હોતું નથી. તેમ વાણીમાં પહેલા કંઈ કહ્યું ને એનાથી વિરુદ્ધ આવે વાણીમાં પણ એવું હોતું નથી. સમજાણું કાંઈ? ભાઈ! આ તો કોઈ ભારે વાત! જાણે મોક્ષમાં બેઠા હોય ને સાંભળે ને એવી વાત છે આ તો!! દેહ અને દેશને ભૂલે, દેહ અને દેશને ભૂલે અને સ્વદેશને યાદ કરે એની આ વાત છે. આહા..! સમજાણું કાંઈ? આ સ્વદેશી થવાની વાત છે, લ્યો! કહો, 'રતિભાઈ'!

કેવો છે ભગવાનઆત્મા? **'તથા અર્થથી ગંભીર છે.'** વસ્તુથી પણ ગંભીર અને શબ્દોથી પણ ગંભીર 'સમયસાર'. આ શાસ્ત્ર અર્થથી મહા ગંભીર છે. આત્મા પદાર્થથી પણ મહા ગંભીર જેના દ્રવ્ય, ગુણ ને પર્યાય મહા ગંભીર અને કહેનારા શબ્દો... શબ્દો... શબ્દો... અર્થ એ મોટા મહા ગંભીર છે. એ સાધારણ શબ્દોનો પત્તો લાગે એવા એ શબ્દો નથી, એમ કહે છે. આ 'સમયસાર' સર્વજ્ઞથી કહેલું તત્ત્વ સંતોએ અનુભવ ચારિત્રની દશામાં રહીને વાણી દ્વારા આવ્યું. એ વાણીમાં અર્થ ગંભીર છે. એટલો ગંભીર અર્થ છે, કે સાધારણ પ્રાણી એના અર્થનો પાર પામી શકે નહિ. સમજાણું કાંઈ?

આ તો ભાગવત શાસ્ત્ર છે. પેલા ભાગવત શાસ્ત્ર કહે છે ને? ઇ નહિ. આ તો ભગવાનનું ભાગવત શાસ્ત્ર છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેને એક સમયમાં પૂરી પર્યાય પ્રગટ થઈને પૂરું જણાણું. કહે છે કે, એમાંથી નીકળેલી વાણી એ અમારા મુખમાંથી એ જ નીકળી છે, એમ કહે છે. આહાહા..! મહા અર્થથી (ગંભીર છે). દિવ્યધ્વનિમાં જેમ પદાર્થની કથન શૈલી મહા ગંભીર છે એમ આ શાસ્ત્રની પદ્ધતિ કથન શૈલી મહા ગંભીર છે. શબ્દોની ગંભીરતા છે તો વસ્તુની ગંભીરતાનું તો કહેવું જ શું!! આહાહા..! કેટલા અર્થો કઈ અપેક્ષાથી એમાં ભર્યા છે, કહે છે. સમજાણું કાંઈ?

**'ધ્વસ્તમોહમ્' 'મૂળથી ઉખાડી નાખી છે ભ્રાન્તિ જેણે,...'** લ્યો! ભાષા જ એકલી ભ્રાન્તિ ઉપર વચન લીધું છે. 'સમયસાર' વાણીમાં એવું જોર અર્થ ગંભીર છે કે, જે સાંભળનારને મિથ્યાભ્રમનો નાશ થઈ જાય એવી વાણી છે. એ વાણી એવી છે એમ કહે છે. આહાહા..! એ ભ્રાન્તિ ટાળે એને વાણીનો પ્રભાવ એવો છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ઊંચો ઉપાડે છે કહે છે. વાણીમાં ઊંચો ઉપાડવાની તાકાત અંદર ગંભીર અર્થ ભર્યો છે. પેલો ઊંચો ઉપડે છે, આમ ઉપડે છે અંદરથી આમ ઊંચો ઉછળે. એવી એમાં અર્થની ગંભીરતા વાણીમાં પડી છે. આહાહા..! ક્યાંય હું વિકારી છું, કર્મવાળો છું, કાયર છું, અલ્પજ્ઞ (છું) એ વાત એનામાં ન ઉભી રહે એવા અર્થથી ગંભીર વાણી છે, કહે છે. સમજાણું કાંઈ? **'ધ્વસ્તમોહમ્'**ની વ્યાખ્યા જ મિથ્યાભ્રાન્તિ ગઈ. એ ભગવાન થઈ ગયો. કહો! **'મૂળથી 'ધ્વસ્ત' 'ઉખાડી નાખી છે ભ્રાન્તિ જેણે, એવું છે.'** જુઓ! ભાવાર્થ કરે છે.

**'ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રમાં શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે.'** નિઃસંદેહરૂપે કહ્યું છે. આમ હશે ને આમ હશે એમ નહિ. સમજાણું કાંઈ? આ 'સમયસાર' શાસ્ત્ર પૂરું થવામાં કહે છે કે, પણ એમાં એટલું બધું ભર્યું છે. શુદ્ધ જીવસ્વરૂપ આવું છે, એનો માર્ગ આ છે, એનું ફળ આ છે ઇ નિઃસંદેહરૂપથી કહ્યું છે. ભ્રાન્તિ ટળી, નિભ્રાન્ત થઈ જે વસ્તુ છે તેવી આમાં કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? આમ હોવું જોઈએ, આમ હશે એમ નહિ એમ કહે છે. આમ છે, વસ્તુ આમ છે. એના દૃષ્ટિ, જ્ઞાન થયા એ શુદ્ધ જીવસ્વરૂપે મોક્ષમાર્ગ છે, એના ફળ તરીકે પૂર્ણસ્વરૂપ જ્યોતિ પ્રગટ થાય એ પ્રમાણે મોક્ષ છે. એમાં

કાંઈ સંદેહ ને આમ હશે, તેમ હશે (એમ છે નહિ). જુઓ! અસ્તિપણાની સિદ્ધિ કરી. અસ્તિપણું એનું પૂર્ણ શુદ્ધ રૂપે છે, એનો શુદ્ધ સ્વરૂપે મોક્ષમાર્ગ છે અને એનો મોક્ષ પૂર્ણ શુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય છે. એ વાત જે રીતે છે તે નિઃસંદેહપણે કહેવાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? 'અમૃતચંદ્રાચાર્ય' ની ટીકા (અને) 'કુંદકુંદાચાર્ય' બેય એમ કહે છે, અમે જે પંથે ચાલ્યા છીએ ને એ પંથ અમને નિઃસંદેહપણે જણાય ગયો છે અને નિઃસંદેહપણે અમને મોક્ષ થવાનો છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિઃસંદેહપણે અમને કેવળજ્ઞાન પ્રગટ થવાનું છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વળી કેવું છે?'** **'आत्मना आत्मनि आत्मानम् अनवरतनिमग्नं धारयत्'** શું કહે છે? **'જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે...'** જુઓ! આ કહ્યું છે આ રીતે. ભગવાન જ્ઞાનમાત્ર ચૈતન્ય જાણક સ્વભાવ એવો શુદ્ધ જીવ, એના દ્વારા. જુઓ! એના દ્વારા (કહ્યું છે). વિકલ્પ દ્વારા, નિમિત્ત દ્વારા, સંયોગ દ્વારા નહિ એમાં એ આવી જાય છે. આ દ્વારા, આ દ્વારા નહિ એમાં અનેકાન્ત આવી જાય છે. એકાન્ત સમ્યક્ અસ્તિથી અહીં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? 'નમઃ સમયસાર'થી ઉપાડ્યું હતું ને? અસ્તિથી. ઇ સમયસાર **'चितस्वभावायभावाय'** **'भावाय'** વસ્તુ **'चितस्वभावाय सर्व भावान्तरच्छिदे'**. પૂર્ણ જાણવાની તાકાતથી પ્રગટ થાય છે. **'स्वानुभूत्या चकासते'** પોતાના શુદ્ધ જીવસ્વરૂપની અનુભવની ક્રિયાથી તે પ્રગટ થાય છે. બસ! પેલાથી (રાગથી) નથી થાતું એ અનેકાન્તમાં આવી ગયું. સમજાણું કાંઈ? ગરીબને ગોળ મળે ને પછી બહુ સસવાળે આમ આમ કરે. આ કહે છે કે, અમને જે આનંદ મળ્યો છે ને એ એવો છે કે, વારંવાર એનો જ અનુભવ છે. નિઃસંદેહપણે એનું ફળ કેવળજ્ઞાન જ આવવાનું છે, એમ કહે છે. આહા..! સમજાણું? પેલા વારંવાર (ચાટે), એમ આ વારંવાર ભાવના કરે છે. પેલો વારંવાર ઓગાળે છે, ઝટ ન ઓગળી જાય. આહાહા..!

**'आत्मना'**ની વ્યાખ્યા કરી, **'आत्मना'** એટલે આત્મારૂપ. શું? કે શુદ્ધ જીવ એના દ્વારા, એમ. ભગવાન ચૈતન્ય જ્યોતસ્વરૂપ છે એ જ્ઞાન સ્વરૂપ દ્વારા એટલે જ્ઞાન દ્વારા. પેલા રાગ ને વિકલ્પ એ કાંઈ આત્મા નથી. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત **'જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ...'** જ્ઞાનમાત્ર કહેતા શું? કે, રાગાદિ બીજું નહિ. એકલું જ્ઞાન સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ પ્રકાશબિંબ ચૈતન્યના તેજ આગળ ભગવાન એકલો જ્ઞાનરૂપી પ્રભુ, એના દ્વારા. **'શુદ્ધ જીવમાં...'** એ આધાર લીધો. એમાં રમતા-આધાર. જ્ઞાનમાત્ર દ્વારા જ્ઞાનમાં રમતા, જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય એમાં રહેતા. સમજાણું કાંઈ? **'શુદ્ધ જીવને, શુદ્ધ જીવમાં શુદ્ધ જીવને...'** **'आत्मानम्'** એનું કાર્ય **'નિરંતર અનુભવગોચર કરતું થકું.'** આહાહા..! બહુ થોડા શબ્દમાં ઘણું ઘણું ભર્યું છે!

કહે છે કે, ભગવાનઆત્મા એ શુદ્ધ જ્ઞાનમાત્ર સ્વરૂપ દ્વારા શુદ્ધ જ્ઞાન આત્મામાં શુદ્ધ જ્ઞાન એવા જીવને **'अनवरतनिमग्न'** **'નિરંતર અનુભવગોચર કરતું થકું.'** **'अनवरतनिमग्नं धारयत्'** **'अनवरत'** એટલે નિરંતર, **'निमग्नं'** એટલે એકાકાર, **'धारयत्'** એટલે ધારી રાખીને.

એ શુદ્ધ જીવ જ્ઞાનાનંદ પ્રભુ (એમાં) દૃષ્ટિ, જ્ઞાન ને ચિત્ત એકાકાર રાખીને. નિરંતર એના ધ્યેયમાં એકાકાર થઈને. સમજાણું કાંઈ? સમયમાત્રમાં કોઈ દિ' ન્યાં વ્યવહારનો વિકલ્પ એમાં થોડું અટકીએ તો લાભ થાય, બળ મળે (એમ નથી). થાક લાગે ને અંદરમાં એકાકારમાં? એવાય અર્થ કરનારા નીકળ્યા છે અત્યારે, લ્યો! આહાહા..! કેટલા વર્ષથી ભણેલા! અહીં આવીને કબુલ કરેલું, વાત તો સાચી. એ પાછા બધા ફરી ગયા. જરીક કંઈક છે, શુભભાવમાં કાંઈક વ્યવહારમાં છે. થાક લાગે તો ન્યાં વિસામો લે તો થોડુંક શુદ્ધનું બળ મળે. અરે..! આહાહા..! એમાં બળ હતું ક્યાં શુભમાં? એ તો નબળાઈનો વિકલ્પ છે. સમજાણું કાંઈ?

**'अनवरत' 'નિરંતર અનુભવગોચર...' 'निमग्नं'**ની વ્યાખ્યા. **'धारयत्'** એટલે કરતું થકું એમ. નિરંતર ભગવાન જ્ઞાનસ્વરૂપમાં લીન રહેતો થકો. ભગવાન જ્ઞાનમૂર્તિ પોતાના જ્ઞાન દ્વારા પોતામાં નિરંતર નિમગ્ન શુદ્ધ જીવસ્વરૂપમાં રહેતો થકો. સમજાણું કાંઈ? **'કેવો છે આત્મા?' 'अविचलितचिदात्मनि' 'સર્વ કાળ એકરૂપ જે ચેતના તે જ છે સ્વરૂપ જેનું, એવો છે.'** એ સર્વ કાળ એકરૂપ પર્યાય પ્રગટ થઈ ગઈ હવે. સમજાણું કાંઈ? પેલામાં આવ્યું હતું ને? જ્ઞાન અનંત છતાં એકરૂપ. એકરૂપ આવ્યું હતું ને? ત્યાં પર્યાય છે. એકરૂપ, અનંતને જાણે છતાં એકપણું, જ્ઞાનપણું એકરૂપ પર્યાય છે. **'त्रितयं' 'अपि एकः एव स्वरूपः'** મૂળ તો એ પર્યાયની વાત છે, હોં! ત્રિકાળ છે એ તો છે જ. આ તો ભગવાનઆત્મા પોતાનો ચૈતન્યમૂર્તિ પ્રભુ એનો નિરંતર અનુભવ કરતાં કરતાં એવી દશા પ્રગટ થઈ કે, **'સર્વ કાળ એકરૂપ જે ચેતના તે જ છે...'**

**( શાર્દૂલવિક્રીડિત )**

**यस्माद्द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं**
**रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।**
**भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्नं क्रियायाः फलं**
**तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।।१४-२७७।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'किल तत् किञ्चित् अखिलं क्रियायाः फलं अधुना तत् विज्ञानघनौघमग्नम् खिन्नं न किञ्चित्' ( किल ) નિશ્ચયથી ( तत् ) જેનો અવગુણ કહીશું એવો જે, ( किञ्चित् अखिलं क्रियायाः फलं ) કોઈ એક પર્યાયાર્થિક નયથી મિથ્યાદૃષ્ટિ જીવને અનાદિ કાળથી નાના પ્રકારની ભોગ સામગ્રીને ભોગવતાં મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિના કારણે, કર્મનો બંધ અનાદિ કાળથી થતો હતો તે ( अधुना ) સમ્યક્ત્વની ઉત્પત્તિથી**

માંડીને ( तत् विज्ञानघनौघमग्नम् ) શુદ્ધ જીવસ્વરૂપના અનુભવમાં સમાયો થકો ( खिन्नं ) મટી ગયો; તે ( न किञ्चित् ) મટતાં કાંઈ છે જ નહિ; જે હતું તે રહ્યું. કેવું હતું ક્રિયાનું ફળ? 'यस्मात् स्वपरयोः पूरा द्वैतम् अभूत्' ( यस्मात् ) જે ક્રિયાના ફળના કારણે ( स्वपरयोः ) 'આ આત્મસ્વરૂપ, આ પરસ્વરૂપ' એવું ( पुरा ) અનાદિ કાળથી ( द्वैतम् अभूत् ) દ્વિવિધાપણું થયું. ભાવાર્થ આમ છે કે મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની - એમ માન્યું. વળી ક્રિયાફળથી શું થયું ? 'यतः अत्र अन्तरं भूतं' ( यतः ) જે ક્રિયાફળના કારણે ( अत्र ) શુદ્ધ જીવવસ્તુના સ્વરૂપમાં ( अन्तरं भूतं ) અંતરાય થયો. ભાવાર્થ આમ છે કે જીવનું સ્વરૂપ તો અનંતચતુષ્ટયરૂપ છે; અનાદિથી માંડીને અનંત કાળ ગયો, જીવ પોતાના સ્વરૂપને ન પામ્યો, ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો; તે પણ ક્રિયાના ફળના કારણે. વળી ક્રિયાફળથી શું થયું? 'यतः रागद्वेषपरिग्रहे सति क्रियाकारकैः जातं' ( यतः ) જે ક્રિયાના ફળથી ( रागद्वेष ) અશુદ્ધ પરિણતિરૂપ ( परिग्रहे ) પરિણામ થયા, એમ ( सति ) થતાં ( क्रियाकारकैः जातं ) 'જીવ રાગાદિ પરિણામોનો કર્તા છે તથા ભોક્તા છે' ઇત્યાદિ જેટલા વિકલ્પો ઊપજ્યા તેટલા ક્રિયાના ફળથી ઊપજ્યા. વળી ક્રિયાના ફળના કારણે શું થયું ? 'यतः अनुभूतिः भुञ्जाना' ( यतः ) જે ક્રિયાના ફળના કારણે ( अनुभूतिः ) આઠ કર્મોના ઉદયનો સ્વાદ ( भुञ्जाना ) ભોગવ્યો. ભાવાર્થ આમ છે કે આઠેય કર્મોના ઉદયથી જીવ અત્યંત દુઃખી છે, તે પણ ક્રિયાના ફળના કારણે. ૧૪-૨૭૭.

પોષ વદ ૯, શનિવાર તા.૧૫.૦૧.૧૯૬૬
કળશ - ૨૭૭ થી ૨૭૮ પ્રવચન - ૨૯૬

૨૭૭ શ્લોક. 'સાધ્ય-સાધક અધિકાર' અધિકાર પૂરો કરે છે.

( શાર્દૂલવિક્રીડિત )

यस्माद्द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।
भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्नं क्रियायाः फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।।१४-२७७।।

શું કહે છે જુઓ! '**किल**' નામ '**નિશ્ચયથી જેનો અવગુણ કહીશું...**' જેનો એટલે પર્યાય

દૃષ્ટિ થઈને મિથ્યાદૃષ્ટિમાં અનાદિકાળથી અજ્ઞાન ઊભું કરીને રાગ-દ્વેષ કર્યા ને હરખ-શોકને ભોગવ્યા. અનાદિકાળથી અજ્ઞાનભાવથી પોતાના શુદ્ધ આનંદ સ્વભાવને ભૂલી અને રાગ ને દ્વેષની ક્રિયા અને એનું ફળ ભોગવીને અનંતકાળથી જે દુઃખી થયો છે એના અવગુણ કહીશું. એનો અવગુણ કહીશું. **'એવો જે, કોઈ એક પર્યાયાર્થિક નયથી મિથ્યાદૃષ્ટિ જીવને...'** અનાદિથી રાગ અને વિકાર ઉપર જેની દૃષ્ટિ હતી. સમજાણું કાંઈ? અનાદિથી શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિથી ભ્રષ્ટ થયેલો. પુણ્ય ને પાપની લાગણીની વિકૃત દશા એના ઉપર દૃષ્ટિ હતી એવો મિથ્યાદૃષ્ટિ અનાદિનો અજ્ઞાની પર્યાયબુદ્ધિ જીવ. સમજાણું કાંઈ?

**'અનાદિકાળથી નાના પ્રકારની ભોગ સામગ્રીને ભોગવતાં...'** સામગ્રી ઉપર લક્ષ કરીને 'ભોગ સામગ્રીને ભોગવતા' એ તો નિમિત્તથી કથન છે. અનુભવને ન ભોગવવાથી ભોગ સામગ્રીને ભોગવતો એનો અર્થ જે કાંઈ બાહ્ય સાધન મળ્યા એમાં લક્ષ રાખીને રાગ ને દ્વેષની ક્રિયાને વિકારને ભોગવ્યા. સમજાણું કાંઈ? અનાદિથી એણે એ ભોગવ્યું. **'મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિના કારણે,...'** રાગ-દ્વેષ અને સામગ્રી મારી છે એવી મિથ્યાભ્રાન્તિ અને અનુકૂળ-પ્રતિકૂળતામાં ઇષ્ટ-અનિષ્ટની રાગ-દ્વેષ લાગણી, એને કારણે **'કર્મનો બંધ અનાદિ કાળથી થતો હતો...'** જુઓ! આ અનાદિકાળથી કર્મબંધન એને કારણે હતું. એક શ્લોકમાં અનાદિ અનંત બધી વાત કરી દેશે. એક જ શ્લોક એવો છેલ્લો છે કે, એમાં બધીય વાત (કરી દેશે).

**'તે...'** **'અધુના'** અનંતકાળથી વિકારની લાગણી કરી અને ભોગવી અને એના ઉપરની દૃષ્ટિથી અનંતકાળમાં ચોરાશીના અવતારમાં રખડતો આવ્યો. **'અધુના'** હવે **'સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને...'** હવે આત્મા આનંદ શુદ્ધ જ્ઞાયક છું એવી દૃષ્ટિની–સમ્યગ્દૃષ્ટિની ઉત્પત્તિથી લઈને. સમજાય છે કાંઈ? કહો, આ છોકરાઓને સમજાય એવું છે. છોકરાઓ રાખો પુસ્તક અહીં ઘણા પડ્યા, હવે કાલથી બંધ થાશે. મોટા મોટા હોય ઇ તો રાખે...

આત્મા તો આ છે એ છે અનાદિનો સચ્ચિદાનંદ અનંત ગુણ સંપન્ન પ્રભુ, પણ એને ભૂલી અને અનાદિથી વિકાર અને પુણ્ય-પાપના લાગણીની અવસ્થાદૃષ્ટિમાં આવી એણે ભોગની સામગ્રીને ભોગવવાના લક્ષે રાગ-દ્વેષ ને મોહને ભોગવ્યા. કહો, બરાબર છે? ક્યાં ગયા 'મોહનભાઈ'? ગયા પાછા? શું થયું? શું થયું? નથી ખબર? આ આત્મા વસ્તુ તો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ વસ્તુ છે તે છે પણ એની અનાદિ નિગોદથી માંડીને, નિગોદથી માંડીને અને નવમી ગ્રૈવેયક સુધીના ભવ કર્યા એમાં એણે પર્યાયબુદ્ધિ એટલે વિકારની બુદ્ધિ પુણ્ય ને પાપ ને ભોગ સામગ્રી ઉપર લક્ષ કરી હરખ-શોકને ભોગવ્યા અને રાગ-દ્વેષને કર્યા, મિથ્યાત્વ ભાવને લઈને, બસ! આ સંસાર, આ રખડવાનો, ઉપાધિનો આ સંસાર. એ હવે સમકિતની ઉત્પત્તિ લઈને, દેખો! અનાદિથી અંત લઈને સાદિ અનંત મોક્ષની ક્રિયા હવે શરૂ થઈ ગઈ. એ રાગ અને દ્વેષ ને વિકલ્પ એ હું નહિ, હું તો જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ આનંદકંદ છું.

એવી દૃષ્ટિની ઉત્પત્તિથી લઈને **'શુદ્ધ જીવસ્વરૂપના અનુભવમાં સમાયો થકો...'** વિકાર ને પુણ્ય-પાપનો ભાવ, હરખ-શોકનો અનુભવ એને ટાળી અને સ્વરૂપની દૃષ્ટિ થતાં એ અજ્ઞાન ને વિકાર (નાશ પામી) **'અનુભવમાં સમાયો થકો...'** એ દશાનો નાશ થઈ ગયો. એ દશા અંદરમાં સમાય ગઈ. આત્માનું ભાન થતાં અજ્ઞાન અંદરમાં સમાઈ ગયું. આત્મા પોતે જ અજ્ઞાનરૂપે, રાગ-દ્વેષરૂપે પરિણમ્યો હતો, એ જ્ઞાનરૂપે પરિણમતા અજ્ઞાનનો નાશ થઈ ગયો. કહો, સમજાય છે આમાં? જુઓ! આમાં ક્યાંય કર્મને લઈને એ કાંઈ નાખ્યું નથી. એમ છે નહિ. પોતે જ પોતાને ભૂલીને વિકારની લાગણીની દૃષ્ટિમાં પડ્યો, નિર્વિકારી આત્મસ્વભાવને ભૂલ્યો. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ જીવ. શેઠ કે રાજા, દેવ કે નારકી બધા આત્માને ભૂલેલા. અનાદિથી પોતાની નિધિ ચિદાનંદને ભૂલી વિકારને કર્યા ને વિકારને ભોગવ્યા, એ હવે સમાય છે. અરે..! હું આત્મા છું. હું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ચૈતન્યસ્વરૂપ છું. એવી દૃષ્ટિ થતાં એ બધા **'અનુભવમાં સમાયો થકો મટી ગયો;...'** વિકારી ક્રિયા ને વિકારી ફળ બધું મટી ગયું. સમજાણું કાંઈ?

અહીં સામગ્રીની કાંઈ વાત નથી. સંયોગ તો એને ઘરે એને કારણે પરિણમે છે. ફક્ત પોતાની ચૈતન્યની આનંદની જાતને ભૂલી અને રાગ અને દ્વેષને કરી અને હરખ-શોકને ભોગવ્યા. બસ! આ એણે અનાદિથી મિથ્યાદૃષ્ટિમાં, અંશ બુદ્ધિમાં, વિકાર બુદ્ધિમાં, અસત્ય બુદ્ધિમાં, અજ્ઞાનભાવમાં આ કર્યું ને એ ભોગવ્યું. પરનું કર્યું ને ભોગવ્યું એ વાત છે નહિ. સમજાણું કે નહિ? ડૉકટરનો ધંધો-બંધો કર્યો નથી એમ કહે છે. એ... 'રતિભાઈ'! શું આ તમારા ધંધા? એ કાંઈ કર્યા નથી કહે છે. આ સંચા 'હિંમતભાઈ'ના લ્યોને! કાંઈ કર્યું નથી કોઈ દિ' એણે. એણે કર્યું હોય તો આત્માને ભૂલીને રાગ ને દ્વેષ. બરાબર હશે? અને ભોગવ્યો હોય તો હરખ ને શોક. દુકાન-બુકાનનું કાંઈ કર્યું નથી. ખોટી વાત છે ને? સમજાણું કાંઈ? અનાદિથી એણે આત્માને ભૂલીને ભૂલ ભાવને કર્યો. ભૂલ ભાવને કર્યો ને ભૂલ ભાવને ભોગવ્યો. એક રજકણને પણ કર્યું નથી ને એક રજકણને કોઈ દિ' એણે ફેરવ્યું કે ભોગવ્યું નથી. કહો 'મગનલાલજી'! સાચી વાત હશે આ? આ બધા સંચા-બંચા હલવે છે ને? આ હમણાં નાખી દુકાન મોટી નાખશે. કહો, સમજાણું આમાં? આખા 'સમયસાર'નો છેલ્લો એક શ્લોકમાં સાર મુકી દે છે, લ્યો! એવી કોઈ શૈલી (છે). આહાહા..!

**'અધુના'** ભગવાનઆત્મા જ્ઞાનસાગર છે. એ આનંદનો સાગર જ્ઞાતા-દૃષ્ટા (છે) એનામાં રાગ કે કાંઈ છે નહિ. એવું સ્વરૂપનું ભાન થયે તે અજ્ઞાન જ્ઞાનમાં સમાઈ ગયું. **'મટી ગયો; તે મટતાં કાંઈ છે જ નહિ;...'** સમજાય છે કાંઈ? આ દોરીમાં ગાંઠ હતી ઇ ગાંઠ નીકળી ગઈ પછી ગાંઠ કાંઈ છે જ નહિ. દોરી હોય ને દોરી? ગાંઠ વાળે ને? એમ પુણ્ય ને પાપના એકત્વબુદ્ધિની ગાંઠ હતી એ સ્વભાવની દૃષ્ટિ થતાં ગાંઠ-બાંઠ છે નહિ, કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે ભાઈ! મોટી ભૂલ અનાદિની કરીને પાછી તરત મટાડી.

મટાડી તે એક ક્ષણમાં, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'મટતાં કોઈ છે જ નહિ; જે હતું તે રહ્યું.'** જે હતું તે રહ્યું. ભગવાન જ્ઞાનમૂર્તિ અનાકુળ આનંદનો કંદ જે હતો તે રહ્યો. વિકાર ને લાગણીનો ભોગવટો ને કર્તાપણું ને એ બધું ગયું. કહો, 'રતિભાઈ'! સમ્યક્ત્વની ઉત્પત્તિને લઈને, હોં! ત્યારથી બધું ગયું.

**'કેવું હતું ક્રિયાનું ફળ ?' 'यस्मात् स्वपरयोः पूरा द्वैतम् अभूत्' 'જે ક્રિયાના ફળના કારણે 'આ આત્મસ્વરૂપ, આ પરસ્વરૂપ' એવું અનાદિ કાળથી દ્વિવિધાપણું થયું.'** એકનો બે થયો અનાદિનો. જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એને ભૂલીને થઈ ગયો રાગ ને વિકારવાળો. એકનો બે થયો. અનાદિનું બેપણું અંગીકાર થયું. જુઓ! આ ખુબી દ્વૈતપણું કહેવામાં. વસ્તુ તો સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ મૂર્તિ વસ્તુ આત્મા છે. એ એક. એને ભૂલીને વિકાર ને પુણ્ય-પાપ બીજા એને પોતાના કર્યા. એક ફીટીને બે થયો અનાદિનો. સમજાય છે કાંઈ? શરીર, વાણી, મન ને બાયડી, છોકરાવાળો બે થયો એમ ન કીધું. આહાહા..!

**'પરસ્વરૂપ એવું...'** આત્મા વસ્તુ જ્ઞાનજ્યોત ચૈતન્યદ્રવ્ય અનાદિ અનંત અને રાગ-દ્વેષ ક્ષણિક વિકાર પુણ્ય-પાપની વિકલ્પ વૃત્તિઓ એ દ્વિવિધાપણું એણે અંગીકાર કર્યું. અનાદિનું એકરૂપ ફીટીને બેપણું એણે માન્યું. જે બેપણું એના વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું આમાં? આમાં તો સમજાય એવું છે, હોં! આમાં કાંઈ બહુ એવા ભણતર નથી. ક્યાં ગયું આમાં? 'બીપીન' છે કે નહિ? બધાએ લીધું? પુસ્તક ક્યાં ગયું? રાખ્યું છે કે નહિ પુસ્તક? શું છે? રાખ્યું છે? સમજાણું આમાં? શું કહે છે?

આ આત્મા અંદર વસ્તુ છે ને? એ પદાર્થ છે. મહાન શાંત રસ ને આનંદનો કંદ વસ્તુ છે. એવી વસ્તુની દૃષ્ટિ છોડી અને એણે એમાં નહોતું એવા વિકાર પુણ્ય-પાપ, હરખ-શોક ને રાગ-દ્વેષને ઉત્પન્ન કરી એકનો બે થયો. એક હતો એનો બે થયો. એક હતો ને શરીર ને બાયડી ને છોકરા ને કર્મ બે થયા એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'દ્વિવિધાપણું થયું.'**

**'ભાવાર્થ આમ છે કે મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની-એમ માન્યું.'** લ્યો! માન્યું. હું એક જ્ઞાનસ્વરૂપ આનંદ છું એવું માનવું ભૂલી અને રાગ અને દ્વેષ ને પુણ્ય-પાપના વિકલ્પો તે હું છું, એ જ હું છું, સ્વચેતના એ જ હું છું આ આ. રાગ-દ્વેષરૂપી સ્વચેતના એમ. પુણ્ય-પાપ ને મિથ્યાત્વરૂપી મારી ચેતનાપરિણતિ એ જ જીવની છે એમ માન્યું. કહો, સમજાણું આમાં? સમજાય છે કે નહિ? એ..ઇ..! 'સૂર્યકાંત'! પેલા થોથામાં કાંઈ નથી, હોં! આ બધું સમજવા જેવું છે. ભણતી ભણી ભણીને મોટા જાણે શું ભણવું હશે! કહે છે કે, આ ભણ્યા વિના બધા ચક્કર છે ચક્કર. આહાહા..!

**'વળી ક્રિયાફળથી શું થયું?' 'यतः अत्र अन्तरं भूतं' 'જે ક્રિયાફળના કારણે...'** ક્રિયાફળ એટલે? ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગ-દ્વેષની ક્રિયા વિનાનો છે એવો ન જાણતા એણે

પુણ્ય-પાપના રાગની ક્રિયાઓ ચક્કર ફેરવ્યા. શુભ-અશુભ... શુભ-અશુભ... શુભ-અશુભ... એવા વિકલ્પોની લાગણી રાગની ક્રિયામાં (ચક્કર) કર્યા. એ '**ક્રિયાફળના કારણે શુદ્ધ જીવવસ્તુના સ્વરૂપમાં અંતરાય થયો.**' ભગવાનઆત્મામાં અનુભવનો આંતરો પડ્યો. શુદ્ધ સ્વરૂપ શુદ્ધ વસ્તુ અને આ વિકાર ક્રિયા, એ વિકાર ક્રિયાના ફળને ભોગવતો શુદ્ધ સ્વરૂપનો આંતરો પડી ગયો, વિરહ પડી ગયો, અનાદર થઈ ગયો, વસ્તુ રહી ગઈ એકકોર. આ વિકાર એકકોર ભોગવવા મંડ્યો. સમજાણું કાંઈ?

એ પોતાના શુદ્ધ સ્વરૂપના સ્વભાવમાંથી ખસી ગયો અને પુણ્ય-પાપ, રાગ-દ્વેષની ક્રિયામાં ગયો, શુદ્ધ સ્વરૂપનો પડી ગયો વિરહ એને. આંતરો પડી ગયો આંતરો, આ એકનો જ અનુભવ રહી ગયો. કહો, સમજાય છે કે નહિ? આ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રેઇન્દ્રિય અહીં બધી વાતું આમાં ક્યાંય નથી આવતી. 'ભગવાનભાઈ'! 'જીવ્યા ઓરવીયા..' આ 'જીવ્યા ઓરવીયા' કીધું. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ તેને જીવ્યાઓ--જીવતર તેનું શુદ્ધ, એને ભૂલીને વિકારને પોતાના માન્યા એણે 'જીવ્યાઓ ઓરવીયા' કર્યા. એણે જીવના સ્વભાવને છોડી દીધો અને વિકારની ક્રિયાને ભોગવતા શુદ્ધ સ્વરૂપનો અનુભવ અંતરમાં પડી ગયો, આંતરો પડી ગયો, એક બાજુ રહી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? '**શુદ્ધ જીવવસ્તુના સ્વરૂપમાં અંતરાય થયો.**' અંતરાય થઈ. પેલાનો અનુભવ થયો, ભગવાનના અનુભવનો અંદરમાં અંતરાય પડ્યો. કહો, 'રતિભાઈ'! એ અંતરાય નાખી એણે, એમ કહે છે.

મુમુક્ષુ :– માથે નાખી કર્મે -

ઉત્તર :– કર્મની ક્યાં વાત કરી છે અહીં? એ વિકારના પરિણામ પોતે કૃત્રિમ ઉભા કરી જે જાતની ભાતમાં ગંધ નથી એને એક સમયની દશામાં ઉભા કરી એની ક્રિયાના ફળના ભોગવવામાં પડ્યો (તો) ભગવાનઆત્માના આનંદનો એને અંતરાય પડી ગયો. આહાહા..! ભાષા તો જુઓ આચાર્યની. સમજાય છે કાંઈ? આ અંતરાય પડી તને એમ કહે છે. તારા શુદ્ધ સ્વરૂપના અનુભવનો તને અંતરાય પડ્યો, બાપા! એ વિકારની દશા રાગ ને દ્વેષ, હરખ-શોકને ભોગવતા એ ક્રિયા, એ વિકારની ક્રિયાને ભોગવતા નિર્વિકારી આત્માના અનુભવનો તને અંતરાય પડ્યો છે. આહાહા..! એ અંતરાય કર્મને કારણે નહિ.

જુઓ! આ શ્લોક કેટલો સ્પષ્ટ છે! આખા 'સમયસાર'નું સ્વરૂપ એક શ્લોકમાં સારમાં મુકી દેશે. આ તો અનાદિ અનંત સંસાર એમાં સમાડી દીધો. અનાદિ અનંત જીવનું સ્વરૂપ, અનાદિ શાંત મિથ્યાત્વ ને સાદિ અનંત મોક્ષના માર્ગથી મોક્ષ. સમજાણું કાંઈ? નાટક પણ બતાવે તો થોડા વખતમાં બતાવતા હશે કે નહિ? કે બધું એટલું જોતું હશે? ત્રણ લાખ માળવાનો અધિપતિ 'ભર્તૃહરિ' ૯૨ વર્ષ કે કેટલા વર્ષ જીવ્યો હશે? હોય એ ખરા. પણ એટલા વર્ષ નાટક પાડતા હશે? નાટક તો દસ થી બે. ચાર કલાકમાં સો વર્ષનું બતાવી દે એને. એમ આ એક શ્લોકમાં બધું બતાવી દે છે. આહાહા..!

ભાઈ! તારા અનુભવમાં તને આંતરા પડ્યા, પ્રભુ! કેમ? તું અનુભવ કરવા માંડ્યો વિકારનો. શરીર, વાણી, મન, ધૂળનો ને પૈસાનો લાડવાનો નહિ. તેં આત્મામાં નથી એવી વિકલ્પની દશાઓ ઉત્પન્ન (કરી). વિકાર દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, ભક્તિ, પુણ્ય-પાપ ઉભા કરી અને રાગ-દ્વેષ કર્યા ને એને તેં ભોગવ્યા. ભગવાનના ભોગનો, ભગવાનના ભોગનો અંતરાય પડી ગયો તને. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે જીવનું સ્વરૂપ તો અનંતચતુષ્ટયરૂપ છે;...'** જુઓ! ભગવાનઆત્માનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન ને અનંત બળ છે. આત્મા કેવો છે બધાનો? એ આત્મા અંદર કેવો છે આ? અનંત જ્ઞાનવાળો, અનંત આનંદવાળો, અનંત આનંદરૂપ, અનંત જ્ઞાનરૂપ, અનંત દર્શનરૂપ, અનંત વીર્ય ને બળરૂપ એવો આત્મા છે. છે અંદર? લખાણ છે? કેટલામી લીટીમાં છે? પાંચમી. એમ બોલ ત્યારે ખબર પડે ને! જુઓ! પાંચમી છે જુઓ! **'જીવનું સ્વરૂપ તો અનંતચતુષ્ટયરૂપ છે;...'** ભગવાનઆત્માનો સ્વભાવ–સ્વરૂપ, એનું સત્વ, એનો માલ, આત્માનો માલ તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય ને અનંત આનંદ દર્શન છે. વસ્તુ તો એનો માલ આ છે, એ જીવનું સ્વરૂપ છે, એ જીવની સત્તા છે, એ જીવનો સ્વભાવ છે, એ જીવપણું એટલું છે.

**'અનાદિથી માંડીને અનંત કાળ ગયો,...'** અનાદિથી લઈને અનંતકાળ ગયો, હોં! હવે અનંતકાળ જશે એનો પ્રશ્ન નથી. અનાદિથી લઈને અનંતકાળ અત્યાર સુધી ગયો, કહે છે. જ્યાં સુધી સમ્યક્ પામ્યો નથી ત્યાં સુધી. અનાદિકાળથી અનંતકાળ. અનાદિકાળમાં અનંતકાળ ગયો. **'જીવ પોતાના સ્વરૂપને ન પામ્યો,...'** પોતાના આનંદ સ્વરૂપને એણે એક સમય પણ પ્રાપ્ત કર્યું નથી. કહો, બરાબર છે આ? આહાહા..! **'ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો;...'** જુઓ! અહીં તો ચારેય ગતિ લીધી. નારકી, મનુષ્ય, ઢોર ને દેવ બધેય ઠેકાણે એણે દુઃખ ભોગવ્યા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાંય સુખ (નથી), કોણ કહે છે સુખી? કોણ કહે છે સુખી છે? રાજા, રંક, નારકી ને દેવ બધા ચૈતન્યના આનંદ સ્વરૂપને ભૂલી અને વિકારને ભોગવવા ચાર ગતિમાં પડ્યા છે, વિકારને ભોગવવા ચાર ગતિના દુઃખમાં પડ્યા છે. આહાહા..! કહો, 'જેચંદભાઈ'! શું હશે?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુજી :– ના ના એ ખોટી વાત છે. દુઃખમાં શરીર માટે નહિ. આ બધા દુઃખીના જીવડા છે, કહે છે. આત્માના આનંદમાંથી ખસી ગયા છે અને વિકારના વેદનમાં આવ્યા એ ચાર ગતિના જીવડા બધા દુઃખી છે.

મુમુક્ષુ :– શું કામ?

ઉત્તર :– એ રાગ ને દ્વેષને કારણે.

મુમુક્ષુ :– શરીરની બિમારીને કારણે?

ઉત્તર :– બિમારીની ખોટી વાત, જૂઠી વાત છે. બિમારીની ખોટી વાત છે. બિમારી લઈને દુઃખી છે એ વાત (ખોટી છે). બિમારી બિમારીમાં (રહી). બિમારી કોને કહેવી પણ? એ તો પર્યાયનો એવો ધર્મ છે. બિમારી કહેવી કોને? શરીરનો પર્યાય આ રૂપે પરિણમવો એ તો એનો પર્યાય ધર્મ છે. એને બિમારી કહેવી કેમ? અને રોગ કહેવો કેમ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– રોગ ક્યાં છે? રોગ કોને કહેવો? પરમાણુ એની પર્યાયે પરિણમ્યા એને રોગ કેવો? એની પર્યાયપણે એ પરિણમ્યા છે. એનો પર્યાય ધર્મ છે એ પણે પરિણમ્યા છે. એ પરિણમનને સારું નહિ એમ કહેવું કેમ? સમજાય છે કાંઈ? એ સારું નહિ એવી કલ્પના ઉભી કરી છે અને એ કરે ને ભોગવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! અને આ સારું. સારું છે નહિ કાંઈ, આત્મા સિવાય. પણ આ સારું એવી કલ્પના કરીને કલ્પનાને ભોગવે તે કલ્પના ભોગવનારો દુઃખી છે. એ સારું એમ માનીને પણ કલ્પના કરી એ દુઃખી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, કીધુંને! સમ્યગ્દર્શન થાય એટલે વિપત્તી અવધિ કહે છે ને! એ તો પહેલી કીધી. એ પહેલા કહીને વાત ઉપાડી છે. વિસ્તારથી કરી છે. આહાહા..!

કહે છે કે, **'વળી ક્રિયાફળથી શું થયું?'** દેખો! **'ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો; તે પણ ક્રિયાના ફળના કારણે.'** એ રાગ-દ્વેષની ક્રિયાને કારણે. સંયોગને કારણે નહિ એમ કહે છે. પુણ્ય ને પાપ, રાગ-દ્વેષની ક્રિયાને કારણે દુઃખી થયો છે એમ કહે છે. શરીરને કારણે ને બહારના સંયોગને કારણે દુઃખી એમ વાત છે જ નહિ. ભાષા શું મુકી છે? ક્રિયાના ફળને કારણે. કહો, સમજાય છે કે નહિ? એ..ય..! 'નરેન્દ્ર'! એ તો ધ્યાન રાખે છે. કહો, સમજાણું?

જિનેન્દ્ર છે આત્મા. આહાહા..! કહે છે કે, જિનેન્દ્રને ભૂલી અને રાગ-વિકાર જે જિનેન્દ્ર સ્વરૂપમાં નથી એને કરી અને એની ક્રિયા વિકાર ને ફેરવીને એને ભોગવે છે. આહાહા..! **'વળી ક્રિયાફળથી શું થયું?' 'यतः रागद्वेषपरिग्रहे सति क्रियाकारकैः जातं'** એ ક્રિયાના ફળમાં શું થયું? **'જે ક્રિયાના ફળથી અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ થયા,...'** એ પુણ્ય ને પાપ અશુદ્ધ ભાવને એણે પકડ્યો. શુદ્ધ સ્વરૂપને છોડી દીધો. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ એને છોડી દઈને એણે પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિને પકડી. આ એણે કર્યો પરિગ્રહ. અહીંયાં પૈસા-બૈસાના પરિગ્રહની વાત નથી. બરાબર હશે 'મણિભાઈ'? તમને બધા પૈસાવાળા કહે છે. ખોટી વાત છે? ભાઈ! 'મણિભાઈ'નું નામ પડે ત્યાં બધા પૈસાવાળા પચાસ લાખ ને. આ 'જેચંદભાઈ' કહેતા હતા, 'મુંબઈ'ના સિંહ હતા. હવે સિંહ-બિંહ ક્યાં? ભાઈ! આહાહા..!

દુનિયાની દૃષ્ટિ સંયોગ ઉપર છે કહે છે. સ્વભાવ દૃષ્ટિની ખબર નથી એટલે સંયોગી

વિકારની લાગણીને ઉત્પન્ન કરીને તેના ફળને ભોગવે છે એ ક્રિયા રાગને કારણે, સંયોગને કારણે નહિ, બહારના નિમિત્ત કારણે નહિ. આનંદમૂર્તિને ભૂલીને દુઃખની ક્રિયા, રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા એવી ક્રિયાના કારણે તે દુઃખી છે. બીજા કોઈ કારણે દુઃખી છે નહિ. આહાહા..! એક શ્લોકમાં તો નિમિત્તને ઊડાવ્યું, વ્યવહારને ઉડાવ્યું. પાછું સમકિત ને સ્વરૂપ પ્રાપ્ત થઈ ગયું એમ કહી દીધું પાધરું. ઓહોહો..!

**'અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ થયા,...'** એમ પરિગ્રહનો અર્થ કર્યો. પરિગ્રહનો અર્થ કર્યો. ભગવાનઆત્મા પોતાના પરમાનંદ શુદ્ધને ભૂલી અને પુણ્ય-પાપના શુભ-અશુભ અશુદ્ધ પરિણામનો એને પરિગ્રહ થઈ ગયો, પકડ થઈ ગયો. અહીં પક્કડ ગયો એટલે આ પક્કડ થયો. કહો બરાબર છે? ગયા તમારા 'જેઠાભાઈ'? **'એમ થતાં...'** **'क्रियाकारकैः जातं'** શું કહે છે? એ પુણ્ય-પાપના રાગને પકડવાથી **'જીવ રાગાદિ પરિણામોનો કર્તા છે તથા ભોક્તા છે...'** આહાહા..! ભગવાનઆત્મા એ પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ અશુદ્ધ પરિણતિ, વિકારની લાગણીનો કર્તા અને એનો ભોક્તા (થયો). **'ઇત્યાદિ જેટલા વિકલ્પો ઊપજ્યા તેટલા ક્રિયાના ફળથી ઊપજ્યા.'** લ્યો! એ રાગ-દ્વેષનું પરિણમન થયું ને એનાથી બધા કારકો ઉભા થયા છે, કહે છે. કર્મને કારણે નહિ, સ્વભાવને કારણે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ નાટકનો પડદો હવે બંધ થાય છે. આહાહા..! ન્યાંય પડદો બંધ કરે ને? બે વાગ્યા પછી કરે ને? પૂરું નાટક થયું, જાવ. આ નાટક પૂરું થાય છે, 'સમયસાર નાટક'.

કહે છે, **'વળી ક્રિયાના ફળના કારણે શું થયું?'** **'यतः अनुभूतिः भुञ्जाना'** **'જે ક્રિયાના ફળના કારણે આઠ કર્મોના ઉદયનો સ્વાદ ભોગવ્યો.'** એ આઠ કર્મનો સ્વાદ એટલે વિકાર એ આઠ કર્મનો સ્વાદ છે એમ કહે છે. એ કાંઈ આત્માનો સ્વાદ નથી. એમ એ માટે આઠ કર્મનો સ્વાદ (કહ્યું). જડનો સ્વાદ એમ નહિ. એ જડનો નહિ. આઠ કર્મનું ફળ એટલે ચૈતન્યના આનંદનું ફળ નહિ. એટલે આઠ કર્મના લક્ષે ઉત્પન્ન કરેલું ફળ એ દુઃખને એણે ભોગવ્યું. '.....' ઇ ભાવ. આઠેય કર્મનું ફળ એના લક્ષમાં જતાં વિકાર જ આવે ને દુઃખ જ હોય એનામાં. આત્મા વસ્તુ તરફમાં દુઃખ ક્યાં છે? બે જાત છે–એક આત્મા તરફ જાય તો આનંદ આવે, કર્મ તરફ જાય તો દુઃખ આવે. સમજાણું કાંઈ?

**'આઠ કર્મોના ઉદયનો સ્વાદ...'** એમ લીધું છે ને? આઠ કર્મનો જે ઉદય આવ્યો એમાં જોડાણો એનો એને સ્વાદ આવ્યો. ચૈતન્યમાં ન જોડાણો ને કર્મમાં જોડાણો, એમ કહે છે. બરાબર છે? ફરી જાય છે. આ ફરી જાય છે ને! અનાદિનો એ કર્મને ભોગવે છે એમ નહિ પણ કર્મના સ્વાદને તે નિમિત્તમાં ઝેર સ્વાદ છે. એના તરફ લક્ષ કરીને એના સ્વાદને ભોગવે. જડને શું ભોગવે? રજકણને કોઈ ભોગવતો હશે? માટીની વાત તો દૂર કીધી. પોતાના રાગ-દ્વેષની ક્રિયા ફેરવતો... ફેરવતો... ફેરવતો... આઠ કર્મના લક્ષે દુઃખને ભોગવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

એની ને એની પર્યાયમાં રમતું કરે છે, અહીં તો એમ કહે છે, લ્યો! બાકી બધા પદાર્થ ભલે સામે હો. પણ મૂઢ પોતાની જાતને ભૂલીને વિકારની ક્રિયા કરતો, વિકારને ભોગવતો એ આઠ કર્મના ફળને જ ભોગવે છે, ચૈતન્યના ફળને ભોગવતો નથી. કહો, સમજાણું આમાં? કહો, આ છોકરાઓને આ રમત થાય ને મજા? દડા ઉઠે ને ફલાણું થાય. એમાં શું થાતું હશે? રાગ થાય. લ્યો ભાઈ! છોકરો કહે છે. રાગ, એ રાગને ભોગવે છે, દડાને નહિ. શું હશે? 'સૂર્યકાંત'! રાગ? આહાહા..! રાગની મજા એટલે દુઃખની. હરખ સનેપાત છે ને? દાંત કાઢે છે કે નહિ? કેટલા સોજા ચડ્યા હોય ને આમ મરવા તૈયારી હોય તો દાંત કાઢે છે. એમ છે આ બધું. રમતમાં રાગને મજા માને છે. આહાહા..! પેલો થડે બેઠો પૈસાનું લક્ષ કરીને મજા માણે છે. આ પાંચ, દસ લાખ આવ્યા ત્યાં. આહાહા..! લાભ થયો. એ રાગને મજા માને છે. ધૂળને કોણ માને છે? કેમ હશે? 'મોહનભાઈ'! કાગળ-બાગળ આવે સરખો 'ચંદુભાઈ'ને ન્યાંથી કે, ભાઈ! આ બાપા! આ ફેર આપણને ઠીક છે, હોં! વ્યાજ-બ્યાજ સરખા ઊપજે છે ને ઠીક છે. એ કાગળને ભોગવે છે? અહીં કોને ખબર છે? પણ આ તો એ નવરા એકલા શું કરે બીજું? તો આ કરે. સારું બાપા! 'પ્રકાશ' પેદા કરે તો ઠીક કરે તો સારું. મફતના બેઠા બેઠા પાપ કરે. હવે ઓલો કોઈકનો છોકરો, કો'કનો આત્મા, કો'કના રજકણ અને કો'કના રજકણ આવે ત્યાં કહે, એ હોય તો ઠીક. એવા રાગના ભાગને મજા માનીને મૂઢ દુઃખને ભોગવે છે. ભાઈ! તું તારા ભાવને ભૂલી અને વિકાર ભાવની ક્રિયા કરતો તેના ફળને તું દુઃખરૂપે ભોગવે છે, બીજું કાંઈ છે નહિ. આહાહા..!

**'ઉદયનો સ્વાદ ભોગવ્યો. ભાવાર્થ આમ છે કે આઠેય કર્મોના ઉદયથી જીવ અત્યંત દુઃખી છે, તે પણ ક્રિયાના ફળના કારણે.'** જોયું? એ રાગ-દ્વેષની ક્રિયા કરે એના કારણે દુઃખી છે એમ કહે છે. ક્રિયા વિનાનો એટલે પુણ્ય-પાપના રાગની ક્રિયા વિનાનો ભગવાનઆત્મા એવા અક્રિય ચિદાનંદ સ્વભાવને ભૂલીને શુભ-અશુભ અશુદ્ધ પરિણતિ રાગની ક્રિયાને કરતો તેના ફળને એટલે આઠ કર્મના ફળને ભોગવે છે. એ ક્રિયાનું ફળ ઇ છે એનું. સમજાણું કાંઈ?

આ નવમી ગ્રૈવેયક ગયેલા જીવ સુધીની વાત લીધી, ભાઈ! મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયક ગયો (તો) શું કર્યું હતું એણે? શુભભાવ કર્યો હતો, પંચ મહાવ્રત ને આ. તો કહે છે કે, અશુદ્ધ પરિણતિ પકડી હતી એણે, અશુદ્ધ પરિણતિનું ફળ, ક્રિયાનું ફળ તો દુઃખ છે, દુઃખને ભોગવ્યું છે એણે. નિગોદનો જીવ પણ દુઃખને ભોગવે છે, મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયક ગયો દિગંબર જૈન સાધુ એણે પણ રાગ-દ્વેષની ક્રિયાના ફળને જ ભોગવ્યા છે. સમજાણું કાંઈ? બન્ને એક જ હરોળમાં એક જ નાતના બેય છે એમ કહે છે. અનાદિની એક વાત કરી કે નહિ? શુદ્ધ આનંદ પ્રભુ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ છોડી, દ્રવ્યદૃષ્ટિ છોડી, વસ્તુની દૃષ્ટિ છોડી પર્યાયદૃષ્ટિ એટલે વિકલ્પ પુણ્ય-પાપની લાગણી ઉપર અસ્તિમાં આવ્યો, એની ક્રિયા ફેરવી. રાગાદિનું એનું ફળ તો દુઃખ છે. પછી નિગોદનો જીવ હોય કે નવમી ગ્રૈવેયક(નો) મિથ્યાદૃષ્ટિ

જીવ હોય, દિગંબર સાધુ બહારથી હોય, પંચ મહાવ્રતના પરિણામ હોય પણ એ રાગની ક્રિયાને જ કરે ને રાગની ક્રિયાને જ ભોગવે છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં આવી ગયું આમાં. કેમ 'રતિભાઈ'! ન્યાયથી આવે છે કે નહિ આમાં? કે ઘચડપચડીને છે?

એણે ને એણે આત્માની દૃષ્ટિને ગુલાટ મારી છે તે વિકારને પકડીને વિકારની ક્રિયા કર્તા-ભોક્તા થઈને દુ:ખી છે, બસ! આ વાત છે. સમજાણું કાંઈ? એક હતો ને બે થયો એ પોતે. ક્રિયા રાગ-દ્વેષની કરી. વીતરાગ સ્વરૂપે આત્મા એને રાગરૂપે માની રાગમાં બધો વિકાર આવી જાય છે. વીતરાગ સ્વરૂપે ભગવાનઆત્મા અનાદિ અનંત એની ચીજ તો એ છે. એ ચીજમાંથી ખસીને એણે પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિરૂપી રાગની ક્રિયાને પકડી એકનો બે થયો અને એને લઈને આ સ્વરૂપના આનંદનો અંતર પડી ગયો, એને લઈને રાગની ક્રિયા ફરવા માંડી, એના ફળ તરીકે સુખ-દુ:ખના ભોગ એણે (ભોગવ્યા). સુખ-દુ:ખ એટલે આ દુ:ખ. એ દુ:ખને ભોગવ્યા અને આત્માનો અનુભવ ત્યાં રહી ગયો. સમજાણું કાંઈ?

આમ સમજાતું નથી બહુ, આ તો ટૂંકી વાત છે. એને સંસાર છે કે નહિ? કે મોક્ષ છે? તો સંસાર એટલે શું? આ તો સંસરણ ઇતિ ક્રિયા સંસાર એમ ખ્યાલમાં આવ્યું. શુદ્ધ ચિદાનંદ ભગવાનઆત્મા એમાંથી ખસીને વિકારના અશુદ્ધભાવને પરિણમ્યો તે સંસાર છે, એ ક્રિયા સંસારની છે. ચાહે તો પંચ મહાવ્રતના પરિણામ હોય ને ચાહે તો મિથ્યાત્વના, અવ્રતના પરિણામ હો એ બધી અશુદ્ધ પરિણામની ક્રિયા છે, એ સંસારની ક્રિયા છે. એ સ્વરૂપના શુદ્ધ સ્વરૂપથી ખસીને 'સંસરણ ઇતિ સંસાર:' એ ક્રિયાને કરીને તેના રાગ-દ્વેષના ફળને તે ભોગવે છે. અનાદિથી એણે એમ કર્યું છે.

એ જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે... પહેલી વાત કહી ગયા એ તો, પહેલી કહી ગયા. **'સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને...'** આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છું. વસ્તુમાં રાગ ને દ્વેષ, વિકલ્પ અને અપૂર્ણતા બિલકુલ નથી. એવી પૂર્ણ શુદ્ધ વસ્તુની દૃષ્ટિ જ્ઞાયકની અંતર તત્ત્વ છે એવી જે થાય એવી દૃષ્ટિ અંતર થતાં એ અજ્ઞાન અને અજ્ઞાનની ક્રિયા એમાં સમાય ગયા. એકલો જ્ઞાયક ભાવ જેવો હતો એવો રહી ગયો. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ મોક્ષ. એ 'જમુભાઈ'! આમાં સમજાય એવું છે કે નહિ? આમાં ચાર ચોપડીનો ભણ્યો હોય એ સમજે એવું છે આ તો. ક્યાં ગયા? 'ધર્મચંદભાઈ'! પાંચમું હોય તો ચાર ચોપડીનું ભણેલું જોઈએ. આમાં તો વાંચે એની પણ જરૂર પડે એવું નથી. એ કંઈક સમજાય એવું છે, આમ ગુલાટ ને સવળું. એમાં સુખ-દુ:ખ, સંયોગ તરફના લક્ષ, સ્વભાવનું લક્ષ નહિ બધી વાતું એમાં કહી દીધી. આહાહા..! પણ એણે કોઈ દિ' દરકાર કરી નથી. આહાહા..!

જુઓને! એક ક્ષણમાં 'શાસ્ત્રીજી' (ચાલ્યા ગયા). જરીક કાંઈ હતું નહિ. કેટલા તોપના ગોળા.. શું કહેવાય? મોટું વિમાન કંઈક લઈને આવ્યું હતું. મોટુ ઊંચું કાંઈક હતું. વિમાન જીવતું લેવા આવ્યું હતું, મડદું લઈ ગયું. આ સંસાર તે પણ કઈ જાતનો? આહા..! હાય..

હાય..! આ કર્યું... આ કર્યું... આ કર્યું... છેલ્લી ઘડી સુધી આમ કર્યું. આમ બરાબર કર્યું, આપણે આમ કર્યું, આપણે આમ કર્યું છે, આપણે આમ કર્યું છે. 'રતિભાઈ'! આહાહા..! ભગવાને પણ ભેટા કર્યા છે ને! પથરા સાથે માથા ફોડ્યા. આહાહા..!

ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા શાંતરસનો સાગર જેમાં નજરું પડતા શાંતિ ઝરે એવા ભગવાનને અનાદિથી ભૂલી જેમાં પુણ્ય ને પાપના વિકારમાં દુઃખ એકલું છે એને એણે કરીને ભોગવ્યું છે. આહાહા..! ક્ષણમાં ક્યાં, ક્ષણમાં ક્યાં. આહાહા..! ક્યાં ભવ પલટ્યા, ભાવ પલટ્યા, ક્ષેત્ર પલટ્યું, કાળ પલટ્યો, બધું પલટ્યું. ક્યાં આત્મા ... એ રાગ-દ્વેષના પરિણામ પલટીને બીજી દશા થઈ ગઈ. ઓહોહોહો..! અંધેર પછેડો. વિકારની લાગણીમાં પડ્યો અંધાર પછેડો લાગી ગયો એને, ચૈતન્યના અંજવાળા નજરે પડ્યા નહિ.

મુમુક્ષુ :– ...તમારી અધ્યાત્મનગરીમાં એની શું અસર થઈ?

ઉત્તર :– અધ્યાત્મનગરીમાં આ અસર થઈ. જુઓને! આ કહે છે અહીં. આહાહા..! ને બહાર પગલું જ્યાં મુક્યું, સાડા છ થયા (તો કોઈએ કહ્યું), 'લાલબહાદુર શાસ્ત્રી' ગુજરી ગયા, મંગળવારે સવારમાં. ત્યાં ઓરડામાં સુતા હતા ને ઇ 'મૂળજી જેઠા'ની ધર્મશાળા, ધર્મશાળા. કો'ક આવ્યું, કહે, 'લાલબહાદુર શાસ્ત્રી' (ગુજરી ગયા). કીધું 'લાલબહાદુર શાસ્ત્રી' કોણ વળી? આ મોટો ... હાર્ટ ફેઈલ. ઓલવેલ કરે છે ને? શું કરે છે ત્યાં? આલબેલ આપ્યું, એ આપ્યું છે ન્યાં. પડદાને આલબેલ આપે છે ને? મોટા પોલીસ... ઓલબેલ. આ હાર્ટફેઈલ. જાવ, અહીંથી છૂટીને. મરણે આલબેલ આપ્યું. અરે..! ભગવાન! આહાહા..! જગતના અંધારા, અંધારા જ ઉલેચ્યા છે, એણે કોઈ દિ' ચૈતન્યને જોવાની દરકાર કરી નથી. આહાહા..! એક સમયમાત્રમાં મૃત્યુ. ક્યાંય ફેરફાર, ફેરફાર. ત્યાં કોઈ રાજ નહિ, કોઈ પોલિસ નહિ, કોઈ માણસ નહિ, કોઈ એ શરીરનું ઠીંગણું નહિ એ બધું બધું ગયું. એ બાયડી નહિ ને એની મા નહિ ને છોકરા નહિ. આહાહા..! એ રાગ અને દ્વેષની અશુદ્ધ પરિણતિમાં પરિણમતો, પરિણતિ ક્રિયા તેમાં ઉભો ઉભો ફર્યા કરે છે.

મુમુક્ષુ :– આ પણ બધું ભૂલી ગયો હશે ને?

ઉત્તર :– બધું બધું ભૂલી ગયા. બીજું ક્યાં હતું એને? રાગ ને દ્વેષ છે એમાં છે, એમાં ને એમાં. આહાહા..! એના કર્યા ને એના ભોગવ્યા, એનામાં લતપત થઈ ગયો.

છેલ્લો શ્લોક. આચાર્ય કહે છે કે, અમે આ શાસ્ત્ર નથી કર્યું, હોં! આહાહા..! અમે આ શાસ્ત્ર કર્યું નથી, હોં! અહીં તો કહે છે અમે દુનિયાના બધા કામ કર્યા. 'મલૂકચંદભાઈ'! 'મલૂકચંદભાઈ' તો બહુ કરે છે, નહિ? એનો છોકરો બહુ કરે છે એમ કહે છે, માણસ કહે છે. ઇ એ ક્યાં કરે છે ને ઇ એ ક્યાં કરે? ભાવ કરે. આહાહા..!

( ઉપજાતિ )

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-
र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति
कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।१५-२७८।।

ખંડાન્વય સહિત અર્થ :– 'अमृतचन्द्रसूरेः किञ्चित् कर्तव्यम् न अस्ति एव' ( अमृतचन्द्रसूरेः ) ગ્રંથકર્તાનું નામ અમૃતચંદ્રસૂરિ છે, તેમનું ( किञ्चित् ) નાટક સમયસારનું ( कर्तव्यम् ) કરવાપણું ( न अस्ति एव ) નથી. ભાવાર્થ આમ છે કે નાટક સમયસાર ગ્રંથની ટીકાના કર્તા અમૃતચંદ્ર નામના આચાર્ય પ્રગટ છે, તોપણ મહાન છે, મોટા છે, સંસારથી વિરક્ત છે, તેથી ગ્રંથ કરવાનું અભિમાન કરતા નથી. કેવા છે અમૃતચંદ્રસૂરિ ? 'स्वरूपगुप्तस्य' દ્વાદશાંગરૂપ સૂત્ર અનાદિનિધન છે, કોઈએ કરેલ નથી - એમ જાણીને પોતાને ગ્રંથનું કર્તાપણું નથી માન્યું જેમણે, એવા છે. એમ કેમ છે ? કારણ કે 'समयस्य इयं व्याख्या शब्दैः कृता' ( समयस्य ) શુદ્ધ જીવસ્વરૂપની ( इयं व्याख्या ) નાટક સમયસાર નામક ગ્રંથરૂપ વ્યાખ્યા ( शब्दैः कृता ) વચનાત્મક એવા શબ્દરાશિ વડે કરવામાં આવી છે. કેવો છે શબ્દરાશિ ? 'स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैः' ( स्वशक्ति ) શબ્દોમાં છે અર્થ સૂચવવાની શક્તિ, તેથી ( संसूचित ) પ્રકાશમાન થયો છે ( वस्तु ) જીવાદિ પદાર્થોનો ( तत्त्वैः ) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા હેય-ઉપાદેયરૂપ નિશ્ચય જેના વડે, એવો છે શબ્દરાશિ. ૧૫-૨૭૮.

( ઉપજાતિ )

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-
र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति
कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।१५-२७८।।

આ બધા વાંધા. કોઈ કહે, એ તો અહંકાર છોડવા માટે કહ્યું છે. એમાં આવશે. એમાંથી કાઢે, વળી એમાંથી પેલા અર્થમાં કાઢ્યું હતું અમારે 'મૂળશંકર' જુઓ! આ નિમિત્તથી કર્તા છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ કર્તા પણ એ તો કહેવાણો છે. કરે કોણ? ઇ ના ઇ શબ્દમાં

આવે છે ને? નિમિત્ત-નિમિત્ત સંબંધથી કર્તા છે. એ તો એનો નિમિત્ત છે તે ઉપકારીને ઉપકાર ગણવા માટે કહ્યું છે. કર્તા-બર્તા કે દિ' રજકણનો હતો? એક રજકણની પર્યાય ફરે નહિ, બાપા! તારાથી થાય નહિ. આહાહા..!

**'अमृतचन्द्रसूरेः किञ्चित् कर्तव्यम् न अस्ति एव'** કહે છે આ **'ગ્રંથકર્તાનું નામ અમૃતચંદ્રસૂરિ છે,...'** આ શ્લોકના કર્તા ટીકા–આ કળશો. **'તેમનું નાટક સમયસારનું 'किञ्चित्' કરવાપણું નથી.'** એમ લેવું. **'किञ्चित्'**ની વ્યાખ્યા 'નાટક સમયસાર' કર્યું છે પણ **'किञ्चित्'** એટલે આ સમયસાર નાટકનું કાંઈ પણ કરવું 'અમૃતચંદ્રાચાર્ય'ને નથી. એ શ્લોક મેં બનાવ્યા નથી. મોટા પતરાના પતરા ઘડી નાખે છે. એમ 'ફુલચંદભાઈ' કરતાં હતા ન્યાં. 'રાજકોટ'માં. અમે ગયા હતા, પતરા પાથર્યા હતા પતરા. કોથળા પાથરે. જેને ઘરે કોથળા હોય તો કોથળા પાથરે. આ પતરા પાથર્યા હતા. પીતળના હતા? શેના હતા? પીતળના. કોણ પાથરે ને કોણ કરે? કહે છે, ભાઈ! તને ખબર નથી, ભગવાન! એ તો પુદ્‌ગલની પર્યાયો ત્યાં ફરે તારાથી કાંઈ થાય નહિ. આહાહા..!

એ 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ ફરમાવે છે, મારું આમાં કર્તવ્ય કિંચિત નથી, હોં! જરીએ નથી. અકિંચિત એનો અર્થ થઈ ગયો. **'ભાવાર્થ આમ છે કે નાટક સમયસાર ગ્રંથની ટીકાના કર્તા અમૃતચંદ્ર નામના આચાર્ય પ્રગટ છે, (નિમિત્ત તરીકે) તોપણ મહાન છે, મોટા છે, સંસારથી વિરક્ત છે, તેથી ગ્રંથ કરવાનું અભિમાન કરતા નથી.'** મેં કર્યું એમ માનતા નથી, એમ. મેં કર્યું એવું માનતા નથી. સમજાણું કાંઈ? કહો, 'મગનલાલજી'! શું છે? જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, પુસ્તક મેં બનાવ્યું નથી. હવે અહીં 'મગનલાલજી' તો કેટલા પુસ્તક છપાવે છે. નામ કોનું? ભાત કોના? રૂપ કોના?

અહીં તો કહે છે, **'કેવા છે અમૃતચંદ્રસૂરિ?' 'स्वरूपगुप्तस्य' 'દ્વાદશાંગરૂપ સૂત્ર અનાદિનિધન છે,...'** સ્વરૂપગુપ્તની વ્યાખ્યા કરતાં બીજી વ્યાખ્યા કરીને પેલી કરશે. એ દ્વાદશાંગ સૂત્ર અનાદિનિધન છે, બાર અંગની વાણી કોઈએ કરી નથી, **'કોઈએ કરેલ નથી-એમ જાણીને...'** એમ. નહિતર પાઠ તો સ્વરૂપ ગુપ્ત જ છે, પણ બાર અંગની વાણીનો ધ્વનિ અનાદિથી વાણીરૂપે પરિણમી રહેલો છે. એનો કર્તા કોઈ આત્મા-બાત્મા છે નહિ. આહાહા..! **'કોઈએ કરેલ નથી, એમ જાણીને પોતાને ગ્રંથનું કર્તાપણું નહિ માન્યું જેમણે,...'** એ શાસ્ત્રની બાર અંગની રચના વાણી દ્વારા અનાદિથી બની આવી છે.

**'सिद्धो वर्णम समाम्नाय'** ... છે ને? સૂત્ર છે ને? અમારે નિશાળમાં ભણતા પહેલું એ આપ્યું હતું અમને માસ્તરે. ધૂળી નિશાળે ભણવા ગયા હતા પહેલા, ૬૯ વર્ષ પહેલા ધૂળી નિશાળમાં 'નથુ માસ્તરે' પહેલું આપેલું. 'નથુ માસ્તર' હતા એણે. **'सिद्धो वर्णम समाम्नाय'** આપણને ક્યાં કે દિ' ખબર હતી? આ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું ત્યારે (ખબર પડી). એવું પહેલું શીખવતા, એકડો પણ શીખ્યા પહેલા. **'सिद्धो वर्णम समाम्नाय'** વર્ણની

આમ્નાય અનાદિની છે, અમે એના કર્તા કે કોઈ કર્તા નથી. એવું પહેલું સૂત્ર પહેલે વર્ષે ગયા ને સંભળાવ્યું હતું, ગોખ્યું હતું, મોઢેથી ગોખ્યું હતું. 'રતિભાઈ'! એ ડેલા પાસે નિશાળ હતી. ડેલો છે ને ત્યાં? આ બાજુ નિશાળ હતી. ત્યાં ગયા. બધી ખબર છે. હોં! **'सिद्धो वर्णम समाम्नाय'** 'નથુ માસ્તર' એનો એક દીકરો હતો 'મણિલાલ'. ભોળા જેવો, ભટ્ટ જેવો બિચારો સાધારણ. આ ભણનારા બધા લોટ લઈ જાય એનાથી એનો નભાવ (થાય). અને કોઈ દાડો હોય તો... શું કહેવાય? ... લગન હોય તો આપે, આઠ આના, રૂપિયો આપો. એના ઉપર નભે. ભણતરના પૈસા-બૈસા નહિ. **'सिद्धो वर्णम समाम्नाय'** છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? વર્ણ નામ અક્ષરની આમ્નાય રચના અનાદિની થઈ રહી છે, એનો કોઈ કર્તા-હર્તા પરનો હોઈ શકે નહિ. આહાહા..!

આચાર્ય કહે છે, અમે ગ્રંથનું કર્તાપણું માન્યું નથી. **'એમ કેમ છે? કારણ કે...'** **'समयस्य इयं व्याख्या शब्दैः कृता'** જુઓ! અહીં ચોખ્ખું કહ્યું છે. એમ નહિ કે અભિમાન એમ નહિ. બસ! માન્યું નથી એમ અભિમાનનો અર્થ છે. **'શુદ્ધ જીવસ્વરૂપની નાટક સમયસાર નામક ગ્રંથરૂપ વ્યાખ્યા વચનાત્મક એવા શબ્દરાશિ વડે કરવામાં આવી છે.'** એ શબ્દરાશિ આ વર્ગણા, શબ્દથી આ બન્યું છે, અમે એના કર્તા નથી. કહો, બરાબર હશે આ? આ શબ્દની રચના કોણ કરતું હશે? એ..ય 'સૂર્યકાંત'! શું કીધું? શું કીધું? ભાષાવર્ગણા. એમ બોલને! ભાષાવર્ગણા છે, આત્મા એને કરતો નથી. ઇ આવે છે નહિ? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે. એ ભાષાવર્ગણા, વચનવર્ગણા જડના રજકણોથી આ ભાષા બને છે, આત્મા એનો કર્તા નથી. આચાર્ય કહે (છે), અમે શાસ્ત્ર બનાવ્યું નથી. આહાહા..! આ મોટી દુકાનો બનાવી હતી ને? 'જેચંદભાઈ'! માથા ફોડીને 'અમેરીકા' ગયા હતા ને! ના ના. કહે છે, બધું અભિમાન હતું. આહાહા..! આવી ટીકા આમ આત્માના ભાવને ખોલીને (કરી છે, તો કહે છે), શબ્દે ખોલેલી છે, હોં! મેં નહિ. આહાહા..! ત્રણેય વાત કરશે છેલ્લે, હોં!

એ સમયસારની વ્યાખ્યા **'शब्दैः कृता'** એ સમયસારની શબ્દે **'વચનાત્મક એવા શબ્દરાશિ...'** શબ્દના પરમાણુના ઢગલા પડ્યા છે એમાંથી બને છે, કહે છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાન જડને રચે? પરમાણુને રચે? સમજાણું કાંઈ? **'કેવો છે શબ્દરાશિ?'** દેખો! **'કેવો છે શબ્દરાશિ?'** **'स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैः'** આટલું વજન આપ્યું છે. **'શબ્દોમાં છે અર્થ સૂચવવાની શક્તિ,...'** એ દ્રવ્ય, ગુણ, પર્યાય. સમજાય છે? હેય, ઉપાદેય ને ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એવું બધું કહેવાની (તાકાત) શબ્દની શક્તિમાં છે, અમારામાં નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– અભિપ્રાય શું છે? અભિપ્રાયનું કામ છે? અભિપ્રાય હોય તો જ વસ્તુ જગતમાં હોય? પરિણામ છે, શબ્દના પરિણામ છે, પરિણામ છે, ભાવ છે, પર્યાય છે. એ પરિણામ તો જડના પરિણામ છે. સમજાણું કાંઈ? આહા..! અહીં તો (અત્યારે કોઈક) કહે છે કે,

પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિ. અરે..! પ્રભુ! ગજબ કર્યો તેં. આહાહા..! એ જૈનદર્શનને આખું ઉલટ માર્યું.

આચાર્ય પોકાર કરે (છે), ભગવાન! એ વાણીની રચના અમે કરી એ મોહ ન કરતો, હોં! આહાહા..! એ ટીકાને અમે કરી, મહા અમારી વિચિક્ષણતા હતી માટે આવી વાણી થઈ અથવા એ વાણી થવામાં આમારું આવું વાણીનું મહા ક્ષયોપશમનું નિમિત્ત હતું એટલે વાણી એમ રચાણી એમ ન માનશો, હોં! આહાહા..! પાછળ જ્ઞાનનો એટલો વિકાસ છે તો વાણી એવી થઈ છે કે નહિ? ના, ના. કેવળજ્ઞાન છે માટે દિવ્યધ્વનિની વાણી થાય છે ના ના. ઓહોહો..! એ વખતે રજકણોના પરિણામરૂપી પર્યાય પરિણમતી તે દિવ્યધ્વનિરૂપે થાય છે. ભગવાનઆત્મા એ દિવ્યધ્વનિના કર્તા નથી, હોં! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– દિવ્ય નામ ઊંચી ધ્વનિ. એમાં શું? ઊંચી એટલે ઊંચી વાણીની દશા. એમાં શું થયું? ઇ તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવે છે કે, કોણ હતું નિમિત્ત? જ્ઞાન, કેવળજ્ઞાન. પણ કેવળજ્ઞાને કરી છે એમ નથી. આહાહા..! અરે..! પણ એ વખતે રજકણોનો પર્યાયનો ધર્મ જ એવો હતો. નૈમિતિકરૂપે પરિણમવું (એવો ધર્મ હતો). કેવળજ્ઞાન નિમિત્ત (છે), નિમિત્ત તે કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનનો પર્યાય ક્યાં અડે કોને? વાણીને અડે? વાણીની રચના કરે? કે, પોતે જ્ઞાન સ્વરૂપની જાણવાની રચના કરે? બે રચના કરે એક સાથે? એમ કેમ બને? કહે છે કે, એ શબ્દે... શું કીધું?

**'શબ્દોમાં છે અર્થ સૂચવવાની શક્તિ, તેથી...'** **'સંસૂચિત, સંસૂચિત'** **'પ્રકાશમાન થયો છે...'** એટલો શબ્દ પડ્યો છે થોડો. **'સંસૂચિત'** છે અહીંયાં. સમ્યક્ પ્રકારે જે રીતે ભાષાનો પર્યાય નીકળવાનો છે એ રીતે શબ્દે નીકળ્યો છે. એટલે કેમ કહ્યું ઇ? કે, અમે આવો જ્ઞાનનો અમારો ભાવ પાછળ (છે) માટે ભાષાની પર્યાય આવી પરિણમી છે એમ ન જાણશો, હોં! એ **'સંસૂચિત'** છે. શબ્દની પર્યાયમાં જ એવી યોગ્યતાથી તે શબ્દો પરિણમ્યા છે. આહાહા..!

**'જીવાદિ પદાર્થોનો...'** તે જીવાદિ પદાર્થોના **'સંસૂચિત'** **'પ્રકાશમાન થયો છે...'** **'દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ,...'** ષટ્ દ્રવ્ય, એના અનંતા ગુણો ને એની પર્યાય એ શબ્દે સૂચવ્યું છે, શબ્દમાં **'સંસૂચિત'** ક્રિયાનો ભાવ છે, અમારો નહિ, હોં! આહા..! **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ...'** સમયે સમયે પર્યાય ઉત્પન્ન થઈ, વ્યય થઈ, ધ્રુવ થાય એવું અમારું જ્ઞાન જાણે માટે શબ્દની પર્યાયમાં એવું ઉત્પાદ-વ્યય-ધ્રુવનું (સ્વરૂપ) આવ્યું એમ નહિ. શબ્દની પર્યાયમાં જ એવી તાકાત છે (કે તે) ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યને સુચવે છે. આહાહા..!

**'અથવા હેય-ઉપાદેયરૂપ નિશ્ચય જેના વડે, એવો છે શબ્દરાશિ.'** જુઓ! એવી છે શબ્દરાશિ. જ્ઞાનરાશિ આત્મા એવો નથી. શબ્દરાશિ એવી છે. આ હેય છે, આ ઉપાદેય, વ્યવહાર હેય છે, નિશ્ચય ઉપાદેય છે. એ વાણીની તાકાતથી નીકળેલી એ વાણી છે. સમજાણું

કાંઈ? એમ કરીને આચાર્ય (કહે છે), જ્ઞાનસ્વરૂપ અમે તો છીએ. એ જ્ઞાનમાં રજકણની રચનાની તાકાત કેમ હોઈ શકે? માટે તેના કર્તા અમે નથી પણ એ શબ્દરાશિ એના કર્તા છે. એમ કરીને એનું અભિમાન છોડી અથવા માન છોડીને જ્ઞાનસ્વરૂપમાં રમે છે. એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. ( શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ! )

**વર્તમાન જ્ઞાન–દર્શન, વીર્યનો અંકુર છે તે ત્રિકાળનો અંશ છે. તે અંશદ્વારા ત્રિકાળી આત્મતત્ત્વનો નિર્ણય થાય છે. જેમ આંબાનાં બે પાંદડા જમીનની બહાર દેખાતાં હોય તેના ઉપરથી નક્કી થાય કે આનું બીજ આંબાનો ગોટલો છે. તે બીજ અવ્યક્ત હોવા છતાં પાંદડાં વડે તેનો નિર્ણય થાય છે. એમ જ્ઞાન-દર્શન-વીર્યનો અંશ છે તે ચૈતન્યનો અંશ છે, તેનાથી ચૈતન્યસ્વભાવી આત્માનો નિર્ણય થાય છે. કેમકે તે રાગ-દ્વેષ કે પુણ્ય-પાપનો અંશ નથી, તે ઔપાધિકભાવ નથી. આમ આત્માનો નિર્ણય કરવો તે માંગલિક છે.**

**(પરમાગમસાર–૮૫૧)**

# સ્યાદ્વાદ દ્વાર

### સ્વામી અમૃતચન્દ્ર મુનિની પ્રતિજ્ઞા (ચોપાઈ)

अदभुत ग्रंथ अध्यातम वानी।
समुझै कोऊ विरला ग्यानी।।
यामैं स्यादवाद अधिकारा।
ताकौ जो कीजै बिसतारा।।१।।
तो गरंथ अति सोभा पावै।
वह मंदिर यहु कलस कहावै।।
तब चित अमृत वचन गढि खोले।
अमृतचंद्र आचारज बोले।।२।।

### વળી - (દોહરા)

कुंदकुंद नाटक विषै, कह्यो दरब अधिकार।
स्यादवाद नै साधि मैं, कहौं अवस्था द्वार।।३।।
कहौं मुकति-पदकी कथा, कहौं मुकतिकौ पंथ।
जैसैं घृत कारज जहां, तहां कारन दधि मंथ।।४।।

### (ચોપાઈ)

अमृतचंद्र बोले मृदुवानी।
स्यादवादकी सुनौ कहानी।।
कोऊ कहै जीव जग मांही।
कोऊ कहै जीव है नांही।।५।।

(દોહરા)

एकरूप कोऊ कहै, कोऊ अगनित अंग।
छिनभंगुर कोऊ कहै, कोऊ कहै अभंग।।६।।
नै अनंत इहबिधि, कही मिलै न काहू कोइ।
जो सब नै साधन करै, स्यादवाद है सोई।।७।।

### સ્યાદ્વાદ સંસાર-સાગરથી તારનાર છે (દોહરા)

स्यादवाद अधिकार अब, कहौं जैनकौ मूल।
जाके जानत जगत जन, लहैं जगत-जल-कूल।।८।।

### નય સમૂહ વિષે શિષ્યની શંકા અને ગુરુનું સમાધાન (સવૈયા એકત્રીસા)

शिष्यकहै स्वामी जीव स्वाधीन कि पराधीन,
जीव एक है किधौं अनेक मानि लीजिए।
जीव है सदीव किधौं नांही है जगत मांहि,
जीव अविनश्वर कि नश्वर कहीजिए।।
सतगुरु कहै जीव है सदीव निजाधीन,
एक अविश्वर दरव-द्रिष्टि दीजिए।
जीव पराधीन छिनभंगुर अनेक रूप,
नांही जहां तहां परजै प्रवांन कीजिए।।९।।

---

अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।
अपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिंत्यते।।१।।

ब्राह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्
विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।
यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-
र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।।२।।

પદાર્થ સ્વ-ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિત્વરૂપ અને પર-ચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે.

(સવૈયા એકત્રીસા)

दर्व खेत काल भाव च्यारौं भेद वस्तुहीमैं,
अपने चतुष्क वस्तु अस्तिरूप मानियै।
परके चतुष्क वस्तु नासति नियत अंग,
ताकौ भेद दर्व-परजाइ मध्य जानियै।।
दरब तौ वस्तु खेत सत्ताभूमि काल चाल,
स्वभाव सहज मूल सकति बखानियै।
यादी भांति पर विकलप बुद्धि कलपना,
विवहारद्रिष्टि अंस भेद परवांनियै।।१०।।

સ્યાદ્વાદના સાત ભંગ (દોહરા)

है नांही नांही सु है, है है नांही नांहि।
यह सरवंगी नय धनी, सब मानै सबमांहि।।११।।

એકાન્તવાદીઓના ચૌદ નય-ભેદ (સવૈયા એકત્રીસા)

ग्यानकौ कारन ज्ञेय आतमा त्रिलोकमय,
ज्ञेयसौं अनेक ग्यान मेलन ज्ञेय छांही है।
जौलौं ज्ञेय तौलौं ग्यान सर्व दर्वमैं विग्यान,
ज्ञेय क्षेत्र मान ग्यान जीव वस्तु नांही है।
देह नसै जीव नसै देह उपजत लसै,
आतमा अचेतना है सत्ता अंस मांही है।
जीव छिनभंगुर अग्यायक सहजरूपी[१] ग्यान,
ऐसी ऐसी एकान्त अवस्था मूढ पांही है।।१२।।

પ્રથમ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ मूढ कहै जैसैं प्रथम सवांरी भींति,

पाछैं ताकै ऊपर सुचित्र आछ्यौ लेखिए।
तैसें मूल कारन प्रगट घट पट जैसौ,
तैसौ तहां ग्यानरूप कारज विसेखिए।।
ग्यानी कहै जैसी वस्तु तैसौ ही सुभाव ताकौ,
तातैं ग्यान ज्ञेय भिन्न भिन्न पद पेखिए।
कारन कारज दोऊ एकहीमें निहचै पै,
तेरौ मत साचौ विवहारदृष्टि देखिए।।१३।।

### બીજા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ मिथ्यामती लोकालोक व्यापि ग्यान मानि,
समुझै त्रिलोक पिंड आतम दरब है।
याहीतें सुछंद भयौ डोलै मुखहू न बोलै,
कहै या जगतमैं हमारोई परब है।।
तासौं ग्याता कहै जीव जगतसौं भिन्न पै,
जगतकौ विकासी तौही याहीतें गरब है।
जो वस्तु सो वस्तु पररूपसौं निराली सदा,
निहचै प्रमान स्यादवादमैं सरब है।।१४।।

### તૃતીય પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ पसु ग्यानकी अनंत विचित्राई देखै,
ज्ञेयके अकार नानारूप विसतरयौ है।
ताहीको विचारि कहै ग्यानकी अनेक सत्ता,
गहिकै एकंत पच्छ लोकनिसौं लस्यौ है।।

---

विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्ट्वा स्वतत्त्वाशया
भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।
यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-
र्विश्वाद् भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।।३।।

ताकौ भ्रम भंजिवेकौ ग्यानवंत कहै ग्यान,
अगम अगाध निराबाध रस भर्‍यो है।
ज्ञायक सुभाइ परजायसौं अनेक भयौ,
जद्यपि तथापि एकतासौं नहिं टर्‍यो है।।१५।।

ચતુર્થ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ कुधी कहै ग्यान मांहि ज्ञेयकौ अकार,
प्रतिभासि रह्यौ है कलंक ताहि धोइयै।
जब ध्यान जलसौं पखारिकै धवल कीजै,
तब निराकार सुद्ध ग्यानमय होइयै।।
तासौं स्यादवादी कहै ग्यानकौ सुभाउ यहै,
ज्ञेयकौ अकार वस्तु मांहि कहां खोइयै।
जैसे नानारूप प्रतिबिंबकी झलक दीखै,
जघपि तथापि आरसी विमल जोइयै।।१६।।

પંચમ પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ अज्ञ कहै ज्ञेयाकार ग्यान परिनाम,
जौलौं विद्यमान तौलौं ग्यान परगट है।

---

बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लसद्-
ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुट्यन्पशुर्नश्यति।
एकद्रव्यतया सदा व्युदितया भेदभ्रमं ध्वंसय-
न्नेकं ज्ञानबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।४।।

ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय-
न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।
वैचित्र्यऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं
पर्यायैस्तदनेकतां परिमृशन्पश्यत्यनेकान्तवित्।।५।।

ज्ञेयके विनास होत ग्यानकौ विनास होइ,
ऐसी वाकै हिरदै मिथ्यातकी अलट है।।
तासौं समकितवंत कहै अनुभौ कहानि,
पर्जय प्रवांन ग्यान नानाकार नट है।
निरविकलप अविनस्वर दरबरूप,
ग्यान ज्ञेय वस्तुसौं अव्यापक अघट है।।१७।।

### છઠ્ઠા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ मंद कहै धर्म अधर्म आकास काल,
पुदगल जीव सब मेरो रूप जगमैं।
जानै न मरम निज मानै आपा पर वस्तु,
बांधै द्रिढ़ करम धरम खोवै डगमैं।।
समकिती जीव सुद्ध अनुभौ अभ्यासै तातैं,
परकौ ममत्व त्याग करे पग पगमैं।
अपने सुभावमैं मगन रहै आठौं जाम,
धारावाही पंथक कहावै मोख मगमैं।।१८।।

### સાતમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ सठ कहै जेतौ ज्ञेयरूप परवांन,
तेतौ ग्यान तातैं कहूं अधिक न और है।

---

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता
स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।६।।

सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः
स्वद्रव्यभ्रमतः पशुःकिल परद्रव्येषु विश्राम्यति।
स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां
जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।।७।।

तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै,
आपा न पिछानै ऐसी मिथ्यादग दौर है।।
जैनमती कहै जीव सत्ता परवांन ग्यान,
ज्ञेयसौं अव्यापक जगत सिरमौर है।
ग्यानकी प्रभामैं प्रतिबिंबित विविध ज्ञेय,
जदपि तथापि थिति न्यारी न्यारी ठौर है।१९।

આઠમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ सुंनवादी कहै ज्ञेयके विनास होत,
ग्यानकौ विनास होइ कहौ कैसे जीजिये।
तातैं जीवतव्यताकी थिरता निमित्त सब,
ज्ञेयाकार परिनामनिकौ नास कीजिये।।
सत्यवादी कहै भैया हूजे नांहि खेद खिन्न,
ज्ञेयसौ विरचि ग्यान भिन्नमानि लीजिये।
ग्यानकी सकती साधि अनुभौ दसा अराधि,
करमकौं त्यागिकै परम रस पीजिये।।२०।।

નવમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,
जब देह नसैगी तबही जीव मरैगो।

---

भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा
सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।
स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन -
स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।।८।।

स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्
तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां
त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।।९।।

छायाकौसौ छल किधौं मायाकौसौ परपंच,
कायामैं समाइ फिरि कायाकौ न घरैगौ।
सुधी कहै देहसौं अव्यापक सदीव जीव,
समै पाइ परकौ ममत्व परिहरैगौ।
अपने सुभाई आइ धारना धरामैं धाइ,
आपमैं मगन ह्वैके आप सुद्ध करैगौ।।२१।।

વળી - (દોહરા)

ज्यौं तन कंचुक त्यागसौं, विनसै नांहि भुजंग।
त्यौं सरीरके नासतैं, अलख अखंडित अंग।।२२।।

દસમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ दुरबुद्धी कहै पहले न हुतौ जीव,
देह उपजत अब उपज्यौ है आइकै।
जौलौं देह तौलौं देहधारी फिर देह नसै,
रहैगौ अलख जोति जोतिमें समाइकै।।
सदबुद्धि कहै जीव अनादिकौ देहधारी,
जब ग्यानी होइगौ कबहूं काल पाइकै।
तबहीसौं पर तजि अपनौ सरूप भजि,
पावैगौ परमपद करम नसाइकै।।२३।।

---

पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्
सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।
अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः
पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि।१०।

अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि -
र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।
नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन -
स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।।११।।

અગિયારમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ पक्षपाती जीव कहै ज्ञेयकै अकार,
परिनयौ ग्यान तातैं चेतना असत है।
ज्ञेयके नसत चेतनाकौ नास ता कारन,
आतमा अचेतन त्रिकाल मेरे मत है।।
पंडित कहत ग्यान सहज अखंडित है,
ज्ञेयकौ आकार धरै ज्ञेयसौं विरत है।
चेतनाकौ नास होत सत्ताकौ विनास होइ,
यातैं ग्यान चेतना प्रवांन जीव तत है।।२४।।

બારમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ महामूरख कहत एक पिंड मांहि,
जहांलौ अचित चित अंग लहलहै है।
जोगरूप भोगरूप नानाकार ज्ञेयरूप,
जेते भेद करमके तेने जीव कहै है।।
मतिमान कहै एक पिंड मांहि एक जीव,
ताहीके अनंत भाव अंस फैलि रहै है।
पुग्गलसौं भिन्न कर्म जोगसौं अखिन्न सदा,
उपजै विनसै थिरता सुभाव गहै है।।२५।।

---

विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु
नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।
सर्वस्मान्नियतस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्
स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः।१२।

अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः
सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।
स्याद्वादी तु विशुद्द एव लसति स्वस्य स्वभावं भरा -
दारूढः परभावभावविरहव्यालोकनिष्कम्पितः।।१३।।

तेरमा पक्षनुं स्पष्टीकरण अने खंडन (सवैया एकत्रीसा)

कोऊ एक छिनवादी कहै एक पिंड मांहि,
एक जीव उपजत एक विनसत है।
जाही समै अंतर नवीन उतपति होइ,
ताही समै प्रथम पुरातन बसत है।।
सरवांगवादी कहै जैसै जल वस्तु एक,
सोई जल विविध तरंगनि लसत है।
तैसै एक आतम दरब गुन परजैसौं,
अनेक भयौ पै एकरूप दरसत है।।२६।।

ચૌદમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન (સવૈયા એકત્રીસા)

कोऊ बालबुद्धी कहै ग्यायक सकति जौलौं,
तौलौं ग्यान असुद्ध जगत मध्य जानियै।
ज्ञायक सकति काल पाइ मिटि जाइ जब,
तब अविरोध बोध विमल बखानियै।।
परम प्रविन कहै ऐसी तौ न बनै बात,
जैसैं बिन परगास सूरज न मानिये।
तैसैं बिन ग्यायक सकति न कहावै ग्यान,
यह तौ न परोच्छ परतच्छ परवांनियै।।२७।।

---

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना
निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं
टङ्कोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवत् जीवति।।१४।।

ट्ङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मत्त्वाशया
वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।
ज्ञानं नित्यनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।।१५।।

### સ્યાદ્વાદની પ્રશંસા (દોહરા)

इहि विधि आतम ग्यान हित, स्यादवाद परवांन
जाके वचन विचारसौं, मूरख होइ सुजान।।२८।।
स्यादवाद आतम दशा, ता कारन बलवान।
सिवसाधक बाधा रहित, अखै अखंडित आन।।२९।।

णाणाधम्मजुदं पि य एंव धम्मं पि वच्चदे अत्थं।
तस्सेयविक्खादो णत्थि विवक्खाहु सेसाणं।।२६४।।

सो चिय इक्को धम्मो वाचयसद्दो वि तस्स धमस्स।
तं जाणादि तं णाणं ते तिण्णि विणय विसेसा य।।

सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो।
उप्पण्णो य विणट्ठो देवो मणुसुत्ति पज्जाओ।।१८।।
(પંચાસ્તિકાય પૃ-૩૮)

एवं भावमभावं भावाभावं अभावभावं च।
गुणपज्जयेहिं सहिदो संसरमाणो कुणदि जीवो।।२१।।
(પંચાસ્તિકાય પૃ-૪૫)

ते साविक्खा सुणया णिरविक्खा ते वि दुण्णया होंति।
सयलववहारसिद्धी सुणयादो होदि णियमेण।।

---

इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्
आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।१६।।
एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन्स्वयम्।
अलंध्यं शासनं जैनमनेकान्तो व्यवस्थितः।।१७।।
इति स्याद्वादधिकारः।

# સાધ્ય-સાધક દ્વાર

પ્રતિજ્ઞા (દોહરા)

स्याद्वाद अधिकार यह, कह्यौ अलप विसतार।
अमृतचंद मुनिवर कहै, साधक साध्य दुवार।।१।।

(સવૈયા એકત્રીસા)

जोई जीव वस्तु अस्ति प्रमेय अगुरुलघु,
अभोगी अमूरतीक परदेसवंत है।
उतपतिरूप नासरूप अविचलरूप,
रतनत्रयादि गुनभेदसौं अनंत है।।
सोई जीव दरब प्रमान सदा एकरूप,
ऐसौ सुद्ध निहचै सुभाउ निरतंत है।
स्यादवाद मांहि साध्य पद अधिकार कह्यौ,
अब आगै कहिवेकौं साधक सिद्धंत है।।२।।

જીવની સાધ્ય-સાધક અવસ્થાઓનું વર્ણન (દોહરા)

साध्य सुद्ध केवल दशा, अथवा सिद्ध महंत।
साधक अविरत आदि बुध, छीन मोह परजंत।।३।।

---

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।१।।

### સાધક અવસ્થાનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जाकौ अधौ अपूरब अनिवृति करनकौ,
भयौ लाभ भई गुरुवचनकी बोहनी।
जाकै अनंतानुबंधी क्रोध मान माया लोभ,
अनादि मिथ्यात मिश्र समकित मोहनी।।
सातौं परकिति खपीं किंवा उपसमी जाके,
जगी उर मांहि समकित कला सोहनी।
सोई मोख साधक कहायौ ताकै सरवंग,
प्रगटी सकति गुन थानक अरोहनी।।४।।

### (સોરઠા)

जाके मुकति समीप, भई भवस्थिति घट गई।
ताकी मनसा सीप, सुगुरु मेघ मुकता वचन।।५।।

### સદ્‌ગુરુને મેઘની ઉપમા (દોહરા)

ज्यौं वरषै वरषा समै, मेघ अखंडित धार।
त्यौं सदगुरु वानी खिरै, जगत जीव हितकार।।६।।

### ધન-સંપત્તિથી મોહ દૂર કરવાનો ઉપાય (સવૈયા તેવીસા)

चेतनजी तुम जागि विलोकहु,
लागी रहे कहा मायाके तांई।
आए कहींसौं कहीं तुम जाहुगे,
माया रमेगी जहांकी तहांई
माया तुम्हारी न जाति न पांति न,
वंसकी वेलि न अंसकी झांई।
दासी कियै विनु लातनि मारत,
ऐसी अनीति न कीजै गुसांई।।७।।

વળી - (દોહરા)

माया छाया एक है, घटै बढ़ै छिन मांहि।
इन्हकी संगति जो लगैं, तिन्हहिं कहूं सुख नांहि।।८।।

कुटुम्बी वगेरेनो मोह दूर करवानो उपदेश (सवैया तेवीसा)

लोकनिसौं कछु नातौ न तेरौ न,
तोसौं कछु इह लोककौ नातौ।
ए तौ रहै रमि स्वारथके रस,
तू परमारथके रस मातौ।।
ये तनसौं तनमै तनसे जड़,
चेतन तू तिनसौं नित हांतौ।
होहु सुखी अपनौ बल फेरिकै,
तोरिकै राग विरोधकौ तांतौ।।९।।

ઇન્દ્રાદિ ઊંચ પદની ઇચ્છા અજ્ઞાન છે (સોરઠા)

जे दुरबुद्धि जीव, ते उतंग पदवी चहैं।
जे समरसी सदीव, तिनकौं कछू न चाहिये।।१०।।

માત્ર સમતાભાવમાં જ સુખ છે (સવૈયા એકત્રીસા)

हांसीमैं विषाद बसै विद्यामैं विवाद बसै,
कायामैं मरन गुरु वर्तनमैं हीनता।
सुचिमैं गिलानि बसै प्रापतिमैं हानि बसै,
जैमैं हारि सुंदर दसामैं छबि छीनता।।
रोग बसै भोगमैं संजोगमैं वियोग बसै,
[१]गुनमैं गरब बसै सेवा मांही हीनता।

૧.'પ્રીતિમાં અપ્રીતિ' એવો પાઠ પણ છે.

और जग रीति जेती गर्भित असाता सेती,
साताकी सहेली है अकेली उदासीनता।।११।।

જે ઉન્નતિની પછી અવનતિ (આવે) છે તે ઉન્નતિ નથી. (દોહરા)

जिहि उतंग चढ़ि फिर पतन, नहि उतंग वह कूप।
जिहि [1]सुख अंतर भय बसै, सो सुख है दुखरूप।।१२।।
जो विलसै सुख संपदा, गये तहां दुख होइ।
जो धरती बहु तृनवती, जरै अगनिसौं सोइ।।१३।।

શ્રીગુરુના ઉપદેશમાં જ્ઞાનીજીવ રુચિ કરે છે અને મૂર્ખ સમજતા જ નથી. (દોહરા)
(દોહરા)

सबद मांहि सतगुरु कहै, प्रगट रूप निज धर्म।
सुनत विचच्छन सद्दहै, मूढ़ न जानै मर्म।।१४।।

ઉપરના દોહરાનું દૃષ્ટાંત દ્વારા સમર્થન (સવૈયા એકત્રીસા)

जैसैं काहू नगरके वासी द्वै पुरुष भूले,
तामैं एक नर सुष्ट एक दुष्ट उरकौ।
दोउ फिरैं पुरके समीप परे ऊटवमैं,
काहू और पथिकसौं पूछैं पंथ पुरकौ।।
सो तौ कहै तुमारौ नगर है तुमारे ढिग,
मारग दिखावै समुझावै खोज पुरकौ।
एतेपर सुष्ट पहचानै पै न मानै दुष्ट,
हिरदै प्रवांन तैसे उपदेस गुरुकौ।।१५।।

जैसैं काहू जंगलमैं पासकौ समै पाइ,
अपनै सुभाव महामेघ बरषतु है।

---

૧ 'સુખમૈં ફિર દુખ બસૈ' એવો પણ પાઠ છે.

आमल कषाय कटु तीखन मधुर खार,
तैसौ रस बाढै जहां जैसौ दरखतु है।।
तैसैं ग्यानवंत नर ग्यानकौ बखान करै,
रसकौ उमाहू है न काहू परखतु है।
वहै धुनि सुनि कोऊ गहै कोऊ रहै सोइ,
काहूकौ विखाद होइ कोऊ हरखतु है।।१६।।

(દોહરા)

गुरु उपदेश कहा करै, दुराराध्य संसार।
बसै सदा जाकै उदर, जीव पंच परकार।।१७।।

પાંચ પ્રકારના જીવ (દોહરા)

डूंघा प्रभु चूंघा चतुर, सूंघा रुंचक सुद्ध।
ऊंघा दुरबुद्धि विकल, घूंघा घोर अबुद्ध।।१८।।

ડૂંઘા જીવનું લક્ષણ (દોહરા)

जाकी परम दसा विषै, करम कलंक न होइ।
डूंघा अगम अगाधपद, वचन अगोचर सोइ।।१९।।

ચૂંઘા જીવનું લક્ષણ (દોહરા)

जो उदास है जगतसौं, गहै परम रस प्रेम।
सो चूंघा गुरुके वचन, चूंघै बालक जेम।।२०।।

સૂંઘા જીવનું લક્ષણ (દોહરા)

जो सुवचन रुचिसौं सुनै, हियै दुष्टता नांहि।
परमारथ समुझै नहीं, सो सूंघा जगमांहि।।२१।।

ઊંઘા જીવનું લક્ષણ (દોહરા)

जाकौं विकथा हित लगै, आगम अंग अनिष्ट।
सो ऊंघा विषयी विकल, दुष्ट रुष्ट पापिष्ट।।२२।।

घूंघा જીવનું લક્ષણ (દોહરા)

जाकै वचन श्रवन नहीं, नहि मन सुरति विराम।
जड़तासौं जड़वत भयौ, घूंघा ताकौ नाम।।२३।।

ઉપર્યુક્ત પાંચ પ્રકારના જીવોનું વિશેષ વર્ણન (ચોપાઈ)

डूंघा सिद्ध कहै सब कोऊ।
सूंघा ऊंघा मूरख दोऊ।।
घूंघा घोर विकल संसारी।
चूंघा जीव मोख अधिकारी।।२४।।

ચૂંઘા જીવનું વર્ણન (દોહરા)

चूंघा साधक मोखकौ, करै दोष दुख नास।
लहै मोख संतोषसौं, वरनौं लच्छन तास।।२५।।

(દોહરા)

कृपा प्रसम संवेग दम, अस्तिभाव वैराग्य।
ये लच्छन जाके हियै, सप्त व्यसनकौ त्याग।।२६।।

સાત વ્યસનના નામ (ચોપાઈ)

जूवा आमिष मदिरा दारी।
आखेटक चोरी परनारी।।
एई सात विसन दुखदाई।
दुरित मूल दुरगतिके भाई।।२७।।

### વ્યસનોના દ્રવ્ય અને ભાવરૂપ ભેદ (દોહરા)

दरवित ये सातौं विसन, दुराचार दुखधाम।
भावित अंतर कलपना, मृषा मोह परिनाम।।२८।।

### સાત ભાવ-વ્યસનોનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

अशुभमैं हारि शुभजीति यहै दूत कर्म,
देहकी मगनताई यहै मांस भखिवौ।
मोहकी गहलसौं अजान यहै सुरापान,
कुमतिकी रीति गनिकाकौ रस चखिवौ।।
निरदै ह्वै प्रानघात करवौ यहै सिकार,
परनारी संग परबुद्धिकौ परखिवौ।
प्यारसौं पराई सौंज गहिवेकी चाह चोरी,
एई सातौं विसन बिडारैं ब्रह्म लखिवौ।।२९।।

### સાધક જીવનો પુરુષાર્થ (દોહરો)

विसन भाव जामैं नहीं, पौरुष अगम अपार।
किये प्रगट घट सिंधुमैं, चौदह रतन उदार।।३०।।

### ચૌદ ભાવરત્ન (સવૈયા એકત્રીસા)

लक्ष्मी सुबुद्धि अनुभूति कउस्तुभ मनि,
वैराग कलपवृच्छ संख सुवचन है।
ऐरावत उद्दिम प्रतीति रंभा उदै विष,
कामधेनु निर्जरा सुधा प्रमोद धन है।।
ध्यान चाप प्रेमरीति मदिरा विवेक वैद्य,
सुद्धभाव चन्द्रमा तुरंगरूप मन है।
चौदह रतन ये प्रगट होंहि जहां तहां,
ग्यानके उदोत घट सिंधुकौ मथन है।।३१।।

### ચૌદ રત્નોમાં કયું હેય અને કયું ઉપાદેય છે (દોહરા)

किये अवस्थामैं[1] प्रगट, चौदह रतन रसाल।
कुछ त्यागै कछु संग्रहै, विधिनिषेधकी चाल।।३२।।
रमा संख विष धनु सुरा, वैद्य धेनु हय हेय।
मनि रंभा गज कलपतरु, सुधा सोम आदेय।।३३।।
इह विधि जो परभाव विष, वमै रमै निजरूप।
सो साधक सिवपंथकौ, चिद वेदक चिद्रूप।।३४।।

### મોક્ષમાર્ગના સાધક જીવોની અવસ્થા (કવિત્ત)

ग्यान द्रिष्टि जिन्हके घट अंतर,
निरखैं दरव सुगुन परजाइ।
जिन्हकैं सहजरूप दिन दिन प्रति,
स्यादवाद साधन अधिकाइ।।
जे केवलि प्रनीत मारग मुख,
चितैं चरन राखै ठहराइ
ते प्रवीन करि खीन मोहमल,
अविचल होहिं परमपद पाइ।।३५।।

### શુદ્ધ અનુભવથી મોક્ષ અને મિથ્યાત્વથી સંસાર છે. (સવૈયા એકત્રીસા)

*चाकसौ फिरत जाकौ संसार निकट आयौ,
पायौ जिन सम्यक मिथ्यात नास करिकै।

---

૧. સાધક દશા. नैकान्तसङ्गतदशा स्वयमेव वस्तु -
तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।
स्याद्वादशुद्धिधिमधिकामधिगम्य सन्तो
ज्ञानीभवन्ति जिननीतिमलंधयन्तः।।२।।
(આ શ્લોક ઈડરની પ્રતિમાં નથી.)

* ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां
भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।
ते साधकत्वमधिगम्य भवन्ति सिध्धा
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।३।।

निरदुंद मनसा सुभूमि साधि लीनी जिन,
कीनी मोखकारन अवस्था ध्यान धरिकै।।
सो ही सुद्ध अनुभौ अभ्यासी अविनासी भयौ,
गयौ ताकौ करम भरम रोग गरिकै।
मिथ्यामती अपनौ सरूप न पिछानै तातैं,
डोलै जगजालमैं अनंत काल भरिकै।।३६।।

### આત્મ-અનુભવનું પરિણામ (સવૈયા એકત્રીસા)

जे जीव दरबरूप तथा परजायरूप,
दोऊ नै प्रवांन वस्तु सुद्धता गहतु हैं।
जे असुद्ध भावनिके त्यागी भये सरवथा,
विषैसौं विमुख ह्वै विरागता बहतु हैं।।
जे जे ग्रह्यभाव त्यागभाव दोऊ भावनिकौं,
अनुभौ अभ्यास विषै एकता करतु हैं।
तेई ग्यान क्रियाके आराधक सहज मोख,
मारगके साधक अबाधक महतु हैं।।३७।।

### જ્ઞાનક્રિયાનું સ્વરૂપ (દોહરા)

विनसि अनादि असुद्धता, होइ सुद्धता पोख।
ता परनतिको बुध कहैं, ग्यान क्रियासौं मोख।।३८।।

### સમ્યકત્વથી ક્રમે ક્રમે જ્ઞાનની પૂર્ણતા થાય છે (દોહરા)

जगी सुद्ध समकित कला, बगी मोख मग जोइ।
वहै करम चूरन करै, क्रम क्रम पूरन होइ।।३९।।

---

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री -
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।।४।।

जाके घट ऐसी दसा, साधक ताकौ नाम।
जैसै जो दीपक धरै, सो उजियारौ धाम।।४०।।

## સમ્યક્ત્વનો મહિમા (સવૈયા એકત્રીસા)

जाके घट अंतर मिथ्यात अंधकार गयौ,
भयौ परगास सुद्ध समकित भानकौ।
जाकी मोहनिद्रा घटी ममता पलक फटी,
जान्यौ जिन मरन अवाची भगवानकौ।।
जाकौ ग्यान तेज बग्यौ उद्दिम उदार जग्यौ,
लगौ सुख पोख समरस सुधा पानकौ
ताही सुविचच्छनकौ संसार निकट आयौ,
पायौ तिन मारग सुगम निरवानकौ।।४१।।

## સમ્યગ્જ્ઞાનનો મહિમા (સવૈયા એકત્રીસા)

जाके हिरदैमैं स्याद्वाद साधना करत,
सुद्ध आतमाकौ अनुभौ प्रगट भयौ है।
जाके संकलप विकलपके विकार मिटि,
सदाकाल एकीभाव रस परिनयौ है।।
जिन बंध विधि परिहार मोख अंगीकार,
ऐसौ सुविचार पच्छ सोऊ छांड़ि दयौ है।

---

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।
आनन्दसुस्थितसदास्खलितैकरूप -
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।५।।
स्याद्वाददीपितलसन्महसि प्रकाशे
शुद्धस्वभावमहिमन्युदिते मयीति।
किं बन्धमोक्षपथपातिभिरन्यभावै -
र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।६।।

ताकौ ग्यान महिमा उदोत दिन दिन प्रति,
सोही भवसागर उलंघि पार गयौ है।।४२।।

અનુભવમાં નયપક્ષ નથી. (સવૈયા એકત્રીસા)

अस्तिरूप नासति अनेक एक थिररूप,
अथिर इत्यादि नानारूप जीव कहियै।
दीसै एक नैकी प्रतिपच्छी न अपर दूजी,
नैको न दिखाइ वाद विवादमैं रहियै।।
थिरता न होइ विकलपकी तरंगनिमैं,
चंचलता बढ़ै अनुभौ दसा न लहियै।
तातैं जीव अचल अबाधित अखंड एक,
ऐसौ पद साधिकै समाधि सुख गहियै।।४३।।

આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અખંડિત છે (સવૈયા એકત્રીસા)

जैसें एक पाकौ आंबफल ताके चार अंस,
रस जाली गुठली छीलक जब मानियै।
यौंतौ न बनै पै ऐसे बनै जैसै वहै फल,
रूप रस गंध फास अखंड प्रमानियै।।
तैसै एक जीवकौ दरव खेत काल भाव,

---

चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा
सद्यः प्रणश्यति नयेक्षणखण्ड्यमानः।
तस्मादखण्डमनिराकृतखण्डमेक -
मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।७।।

न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रभावोऽस्मि।। -

- આ સંસ્કૃત અંશ મુદ્રિત બન્ને પ્રતિઓમાં નથી, પણ ઈડરની પ્રતિમાં છે.

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयोज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।८।।

अंस भेद करि भिन्न भिन्न न बखानियै।
दर्वरूप खेतरूप कालरूप भावरूप,
चारौंरूप अलख अखंड सत्ता मानियै।।४४।।

### જ્ઞાન અને જ્ઞેયનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

कोऊ ग्यानवान कहै ग्यान तौ हमारौ रूप,
ज्ञेय षट दर्व सो हमारौ रूप नाहीं है।
एक नै प्रवांन ऐसे दूजी अब कहूं जैसै,
सरस्वती अक्खर अरथ एक ठाहीं हैं।।
तैसै ग्याता मेरौ नाम ग्यान चेतना विराम,
ज्ञेयरूप सकति अनंत मुझ पांही है।
आ कारन वचनके भेद भेद कहै कोऊ,
ग्याता ग्यान ज्ञेयकौ विलास सत्ता मांही है।।४५।।

### (ચોપાઈ)

स्वपर प्रकासक सकति हमारी।
तातैं वचन भेद भ्रम भारी।।
ज्ञेय दशा दुविधा परगासी।
निजरूपा पररूपा भासी।।४६।।

### (દોહરા)

निजरूपा आतम सकति, पररूपा पर वस्त।
जिन लखि लीनौं पेंच यह, तिन लखि लियौ समस्त।४७।

### સ્યાદ્વાદમાં જીવનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

करम अवस्थामैं असुद्धसौ विलोकियत,
करम कलंकसौं रहित सुद्ध अंग है।

उभै नै प्रवांन समकाल सुद्धासुद्ध रूप,
ऐसौ परजाइ धारी जीव नाना रंग है।
एक ही समैमैं त्रिधारूप पै तथापि याकी,
अखंडित चेतना सकति सरवंग है।।
यहै स्यादवाद याकौ भेद स्यादवादी जानै,
मूरख न मानै जाकौ हियौ दगभंग है।।४८।।

निहचै दरवद्रिष्टि दीजै तब एक रूप,
गुन परजाइ भेद भावसौं बहुत है।
असंख्य परदेस संजुगत सत्ता परमान,
ग्यानकी प्रभासौं लोका लोक मानयुत है।।
परजै तरंगनिके अंग छिनभंगुर है,
चेतना सकतिसौं अखंडित अचुत है।
सो है जीव जगत विनायक जगतसार,
जाकी मौज महिमा अपार अदभुत है।।४९।।

विभाव सकति परनतिसौं विकल दीसै,
सुद्ध चेतना विचारतैं सहज संत है।
करम संजोगसौं कहावै गति जोनि वासी,

---

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं
क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।
तथापि न विमोहयत्य.मलमेधसां तन्मन :
परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।९।।

इतो गतमनेकतां दधदितः सदाप्येकता-
मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।
इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-
रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।।१०।।

निहचै सुरूप सदा मुकत महंत है।।
ज्ञायक सुभाउ धरै लोकालोक परगासी,
सत्ता परवांन सत्ता परगासवंत है।।
सो है जीव जानत जहान कौतुक महान,
जाकी किरति [1]कहां न अनादि अनंत है।।५०।।

### સાધ્યસ્વરૂપ કેવળજ્ઞાનનું વર્ણન (સવૈયા એકત્રીસા)

पंच परकार ग्यानावरनकौ नास करि,
प्रगटी प्रसिद्ध जग मांहि जगमगी है।
ज्ञायक प्रभामैं नाना ज्ञेयकी अवस्था धरि,
अनेक भई पै एकताके रस पगी है।।
याही भांति रहेगी अनंत काल परजंत,
अनंत सकति फोरि अनंतसौं लगी है।
नरदेह देवलमैं केवल सरूप सुद्ध,
ऐसी ग्यानज्योतिकी सिखा समाधि जगी है।।५१।।

### અમૃતચન્દ્ર કળાના ત્રણ અર્થ (સવૈયા એકત્રીસા)

अच्छर अरथमैं मगन रहै सदा काल,
महासुख देवा जैसी सेवा कामगविकी।

---

૧. 'કહાન' એવો પણ પાઠ છે. કહાન = કહાણી-વાર્તા

कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो
भवोपहरिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।
जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः
स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।।११।।
जयतिसहजतेजः पुञ्जमज्जत्त्रिलोकी -
स्खलदखिलविकल्पोऽप्येक एकस्वरूपः।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः
प्रसभनियमितार्च्चिश्चिच्चमत्कार एषः।।१२।।

अमल अबाधित अलख गुन गावना है,
पावना परम सुद्ध भावना है भविकी।।
मिथ्यात तिमिर अपहारा वर्धमान धारा,
जैसी उभै जामलौं किरण दीपैं रविकी।
ऐसी है अमृतचन्द्र कला त्रिधारूप धरै,
अनुभौ दसा गरंथ टीका बुद्धि कविकी।।५२।।

(દોહરા)

नाम साध्य साधक कह्यौ, द्वार द्वादसम ठीक।
समयसार नाटक सकल, पूरन भयौ सटीक।।५३।।

ગ્રન્થના અંતમાં ગ્રન્થકારની આલોચના (દોહરા)

अब कवि निज पूरब दसा, कहैं आपसौं आप।
सहज हरख मनमैं घरै, करै न पश्चाताप।।५४।।

(સવૈયા એકત્રીસા)

जो मैं आपा छांड़ि दीनौ पररूप गहि लीनौ,
कीनौ न बसेरौ तहां जहां मेरौ थल है।
भोगनिकौ भौगी ह्वै करमकौ करता भयौ,

---

अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म -
न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहः।
उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।।१३।।

यस्माद्द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।
भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्नं क्रियायाः फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।।१४।।

हिरदै हमारे राग द्वेष मोह मल है।।
ऐसी विपरीत चाल भई जो अतीत काल,
सो तो मेरे क्रियाकी ममताही कौ फल है।
ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी वह,
मिथ्या मोह निद्रामैं सुपनकोसौ छल है।।५५।।

(દોહરા)

अमतचंद्र मुनिराजकृत, पूरन भयौ गिरंथ।
समयसार नाटक प्रगट, पंचम गतिको पंथ।।५६।।

---

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैर्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।१५।।
इती समयसारकलशाः समाप्ताः।।

## વાંચકોની નોંધ માટે

## કલશામૃત ભાગ-૮માં આવેલી દાનરાશિની યાદી

| | | |
|---|---|---|
| ૦૧ | સ્વ. શ્રી દામોદરભાઈ ચત્રભુજભાઈ લાખાણી તથા | |
| | સ્વ. જયાબેન દામોદરભાઈ લાખાણીના સ્મરણાર્થે | ૫૦,૦૦૦/- |
| ૦૧ | શ્રી બલુભાઈ ચુનીલાલ શાહ, મુંબઈ | ૫૦,૦૦૦/- |
| ૦૨ | હીરાબેન ગોવિંદલાલ કામદાર, હ. ભારતીબેન ગોવિંદલાલ કામદાર | ૫૦,૦૦૦/- |
| ૦૩ | શ્રી રતીલાલ મોહનલાલ ઘીયા | ૬,૧૦૦/- |
| ૦૪ | સ્વ. ઉમેદલાલ ગોકળદાસ શાહના સ્મરણાર્થે હ. મોહનલાલ | |
| | વાઘજીભાઈ મહેતા પરિવાર. | ૫,૪૦૦/- |
| ૦૫ | શ્રી ઉમેદલાલ ગોકળદાસ શાહ | ૨,૫૦૨/- |
| ૦૬ | શ્રી પ્રતાપરાય પ્રભુદાસ શાહ | ૧,૧૦૦/- |
| ૦૭ | અરૂણાબેન તુરખીયા | ૧,૧૦૦/- |
| ૦૮ | મનુભાઈ ખારાની પુણ્યતીથી નિમિત્તે. હ. ધીરજબેન | ૧,૦૦૧/- |
| ૦૯ | નીતાબેન પટેલ | ૧,૦૦૦/- |
| ૧૦ | શ્રી રાજેશભાઈ વોરા | ૧,૦૦૦/- |
| ૧૧ | મુક્તાબેન જમનાદાસભાઈ સંઘવી | ૧,૦૦૦/- |
| ૧૨ | શ્રી જમનાદાસભાઈ વિક્રમશીભાઈ સંઘવી | ૧,૦૦૦/- |
| ૧૩ | શ્રી મોહનલાલ ડોસાભાઈની પુત્રી. સ્વ. બ્ર. હેમલતાબેનના | |
| | સ્મરણાર્થે હ. બ્ર. અનુબેન તથા બ્ર. નિર્મળાબેન | ૫૦૧/- |
| ૧૪ | શ્રી રાજેશભાઈ નંદાણી | ૫૦૧/- |
| ૧૫ | શ્રી નવિનભાઈ શાહ | ૫૦૧/- |
| ૧૬ | મંજુલાબેન હસમુખલાલ શેઠ | ૫૦૦/- |
| ૧૭ | શ્રી મોહનલાલ ડોસાભાઈની પુત્રી ચંદનબેનના સ્મરણાર્થે | ૨૫૧/- |
| | | **૧,૭૩,૪૫૭/-** |